ॐ

नमः परमात्मने।

પરમ પૂજ્ય પરમ ઉપકારી શાસનસમ્રાટ અધ્યાત્મયોગી સદ્ગુરુદેવ

## શ્રી કાનજીસ્વામીના

શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત

# શ્રી
# સમયસારશાસ્ત્ર પર પ્રવચનો

## ભાગ : ૧–૨

: પ્રકાશક :

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**

**સોનગઢ–૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)**

ભગવાન શ્રી કુંદકુંદ-કહાન જૈનશાસ્ત્રમાળા પુષ્પ–૨

ૐ

પરમ પૂજ્ય પરમ ઉપકારી શાસનસમ્રાટ
અધ્યાત્મયોગી સદ્‌ગુરુદેવ

## શ્રી કાનજીસ્વામીના

શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત

## શ્રી

# સમયસારશાસ્ત્ર પર પ્રવચનો

## ભાગ : ૧–૨

: પ્રકાશક :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)


શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦

| | | | |
|---|---|---|---|
| પ્રથમ આવૃત્તિ | પ્રત-૧૫૦૦ | વિ.સં. ૨૦૦૧ | ઈ.સ. ૧૯૪૫ |
| દ્વિતીય આવૃત્તિ | પ્રત-૫૦૦ | વિ.સં. ૨૦૪૫ | ઈ.સ. ૧૯૮૯ |
| તૃતીય આવૃત્તિ | પ્રત-૩૦૦૦ | વિ.સં. ૨૦૫૪ | ઈ.સ. ૧૯૯૮ |

**કિંમત રૂા. ૬૫/-**

**Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

ॐ

नमः श्रीसद्गुरुदेवाय ।

# પ્રસ્તાવના

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी ।
मंगलं कुंदकुंदार्यो जैनधर्मोऽस्तु मंगलम् ।।

આજથી ★૧૪૭૦ વર્ષ પહેલાં આ ભરતક્ષેત્રની પુણ્યભૂમિમાં જગત્પૂજ્ય પરમ ભટ્ટારક ભગવાન શ્રી મહાવીરસ્વામી મોક્ષમાર્ગનો પ્રકાશ કરવા માટે સમસ્ત પદાર્થોનું સ્વરૂપ પોતાની સાતિશય દિવ્યધ્વનિ દ્વારા પ્રગટ કરતા હતા. તેમના નિર્વાણ પછી કાળદોષથી ક્રમે ક્રમે અપાર જ્ઞાનસિંધુનો ઘણો ભાગ તો વિચ્છેદ થયો અને અલ્પ છતાં બીજભૂત જ્ઞાનનો પ્રવાહ આચાર્યોની પરંપરાથી ઉત્તરોત્તર વહેતો રહ્યો, જેમાંથી આભના થોભ જેવા કેટલાક આચાર્ય ભગવંતોએ શાસ્ત્રો ગૂંથ્યાં. તે આચાર્યોમાંના એક ભગવાન કુંદકુંદાચાર્યદેવ હતા, જેમણે સર્વજ્ઞ ભગવાન મહાવીરથી ચાલ્યું આવતું જ્ઞાન ગુરુપરંપરાએ પ્રાપ્ત કરીને, તેમાંથી પંચાસ્તિકાય, પ્રવચનસાર, સમયસાર, નિયમસાર, અષ્ટપાહુડ આદિ શાસ્ત્રો ગૂંથ્યાં અને સંસારનાશક શ્રુતજ્ઞાનને ચિરંજીવ કર્યું.

સર્વોત્કૃષ્ટ આગમ શ્રી સમયસારના કર્તા ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા છે. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. સર્વજ્ઞ ભગવાન શ્રી મહાવીરસ્વામી અને ગણધર ભગવાન શ્રી ગૌતમસ્વામી પછી તુરત જ ભગવાન કુંદકુંદાચાર્યનું સ્થાન આવે છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યની પરંપરાના કહેવરાવવામાં ગૌરવ માને છે. ભગવાન કુંદકુંદાચાર્યદેવનાં શાસ્ત્રો સાક્ષાત્ ગણધરદેવના વચનો જેટલાં જ પ્રમાણભૂત મનાય છે. તેમના પછી થયેલા ગ્રંથકાર આચાર્યો પોતાના કોઈ કથનને સિદ્ધ કરવા માટે કુંદકુંદાચાર્યદેવનાં શાસ્ત્રોનું પ્રમાણ આપે છે એટલે એ કથન નિર્વિવાદ ઠરે છે. ખરેખર ભગવાન કુંદકુંદાચાર્યે પોતાનાં પરમાગમોમાં તીર્થંકરદેવોએ પ્રરૂપેલા ઉત્તમોત્તમ સિદ્ધાંતોને જાળવી રાખ્યા છે અને મોક્ષમાર્ગમાં ટકાવી રાખ્યો છે. વિ.સં. ૯૯૦માં થઈ ગયેલા શ્રી દેવસેનાચાર્યવર તેમના દર્શનસાર નામના ગ્રંથમાં કહે છે કે ''વિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકર સીમંધરસ્વામીના સમવસરણમાં જઈને શ્રી પદ્મનંદિનાથે (કુંદકુંદાચાર્યદેવે) પોતે પ્રાપ્ત કરેલા જ્ઞાન વડે બોધ

★ આજથી આશરે ૨૫૧૫ વર્ષ પહેલાં

ન આપ્યો હોત તો મુનિજનો સાચા માર્ગને કેમ જાણત?'' બીજો એક ઉલ્લેખ આપણે જોઈએ, જેમાં કુંદકુંદાચાર્યદેવને કળિકાળસર્વજ્ઞ કહેવામાં આવ્યા છે. 'પદ્મનંદી, કુંદકુંદાચાર્ય, વક્રગીવાચાર્ય, એલાચાર્ય, ગૃધ્રપિચ્છાચાર્ય એ પાંચ નામોથી વિરાજિત, ચાર આંગળ ઊંચે આકાશમાં ગમનની જેમને ઋદ્ધિ હતી, જેમણે પૂર્વવિદેહમાં જઈને સીમંધરભગવાનને વંદન કર્યું હતું અને તેમની પાસેથી મળેલા શ્રુતજ્ઞાન વડે જેમણે ભારતવર્ષના ભવ્ય જીવોને પ્રતિબોધ કર્યો છે એવા જે શ્રીજિનચંદ્રસૂરિભટ્ટારકના પટ્ટના આભરણરૂપ કળિકાળસર્વજ્ઞ (ભગવાન કુંદકુંદાચાર્યદેવ) તેમણે રચેલા આ ષટ્પ્રાભૃતગ્રંથમાં.....સૂરીશ્વર શ્રી શ્રુતસાગરે રચેલી મોક્ષપ્રાભૃતની ટીકા સમાપ્ત થઈ,' આમ ષટ્પ્રાભૃતની શ્રી શ્રુતસાગરસૂરિકૃત ટીકાના અંતમાં લખેલું છે. ભગવાન કુંદકુંદાચાર્યદેવની મહત્તા બતાવનારા આવા અનેકાનેક ઉલ્લેખો જૈન સાહિત્યમાં મળી આવે છે; શિલાલેખો પણ અનેક છે. આ રીતે આપણે જોયું કે સનાતન જૈન સંપ્રદાયમાં કળિકાળસર્વજ્ઞ ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન અજોડ છે.

ભગવાન કુંદકુંદાચાર્યના રચેલાં અનેક શાસ્ત્રો છે. જેમાંથી થોડાંક હાલમાં વિદ્યમાન છે. ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના મુખમાંથી વહેલી શ્રુતામૃતની સરિતામાંથી ભરી લીધેલાં તે અમૃતભાજનો હાલમાં પણ અનેક આત્માર્થીઓને આત્મજીવન અર્પે છે. તેમનાં સર્વ શાસ્ત્રોમાં શ્રી સમયસાર મહા અલૌકિક શાસ્ત્ર છે. આચાર્ય ભગવાને આ જગતના જીવો પર પરમ કરુણા કરીને આ શાસ્ત્ર રચ્યું છે, તેમાં મોક્ષમાર્ગનું યથાર્થ સ્વરૂપ જેમ છે તેમ કહેવામાં આવ્યું છે. અનંતકાળથી પરિભ્રમણ કરતા જીવોને જે કાંઈ સમજવું બાકી રહી ગયું છે તે આ પરમાગમમાં સમજાવ્યું છે. પરમ કૃપાળુ આચાર્યભગવાન સમયસારશાસ્ત્ર શરૂ કરતાં પોતે જ કહે છે :—'કામભોગબંધની કથા બધાએ સાંભળી છે, પરિચય કર્યો છે, અનુભવી છે, પણ પરથી જુદા એકત્વની પ્રાપ્તિ જ કેવળ દુર્લભ છે. તે એકત્વની—પરથી ભિન્ન આત્માની—વાત હું આ શાસ્ત્રમાં સમસ્ત નિજ વિભવથી (આગમ, યુક્તિ, પરંપરા અને અનુભવથી) કહીશ.' આ પ્રતિજ્ઞા પ્રમાણે આચાર્યદેવે શ્રી સમયસારમાં આત્માનું એકત્વ—પરદ્રવ્યથી અને પરભાવોથી ભિન્નપણું—સમજાવ્યું છે. યથાર્થ આત્મસ્વરૂપની ઓળખાણ કરાવવી તે શ્રી સમયસારનો મુખ્ય ઉદ્દેશ છે. તે ઉદ્દેશને પહોંચી વળવા આચાર્યભગવાને તેમાં અનેક વિષયોનું નિરૂપણ કર્યું છે, આત્માનો શુદ્ધ સ્વભાવ, જીવ અને પુદ્ગલને નિમિત્તનૈમિત્તિકપણું હોવા છતાં બંનેનું તદ્દન સ્વતંત્ર પરિણમન, નવ તત્ત્વોનું ભૂતાર્થ સ્વરૂપ, જ્ઞાનીને રાગ—દ્વેષનું અકર્તા—ભોક્તાપણું, અજ્ઞાનીને રાગ—દ્વેષનું કર્તાભોક્તાપણું, સાંખ્યદર્શનની એકાંતિકતા, ગુણસ્થાન—આરોહણમાં ભાવનું અને દ્રવ્યનું નિમિત્તનૈમિત્તિકપણું, વિકારરૂપે પરિણમવામાં અજ્ઞાનીનો પોતાનો જ દોષ, મિથ્યાત્વાદિનું

જડપણું તેમ જ ચેતનપણું પુણ્ય અને પાપ બંનેનું બંધસ્વરૂપપણું, મોક્ષમાર્ગમાં ચરણાનુયોગનું સ્થાન–ઇત્યાદિ અનેક વિષયો શ્રી સમયસાર શાસ્ત્રમાં પ્રરૂપ્યા છે એ બધાનો હેતુ જીવોને યથાર્થ મોક્ષમાર્ગ બતાવવાનો છે. શ્રી સમયસારની મહત્તા જોઈને ઉલ્લાસ આવી જતાં શ્રીજયસેન આચાર્યવર કહે છે કે 'જયવંત વર્તો તે પદ્મનંદી આચાર્ય અર્થાત્ કુંદકુંદાચાર્ય કે જેમણે મહતત્ત્વથી ભરેલો પ્રાભૃતરૂપી પર્વત બુદ્ધિરૂપી શિર પર ઉપાડીને ભવ્ય જીવોને સમર્પિત કર્યો છે.' ખરેખર આ કાળે શ્રી સમયસારશાસ્ત્ર મુમુક્ષુ ભવ્યજીવોનો પરમ આધાર છે. આવા દુષમ કાળમાં પણ આવું અદ્‌ભુત અનન્ય–શરણભૂત શાસ્ત્ર–તીર્થંકર દેવના મુખમાંથી નીકળેલું અમૃત વિદ્યમાન છે તે આપણું મહાસદ્‌ભાગ્ય છે. નિશ્ચયવ્યવહારની સંધિપૂર્વક યથાર્થ મોક્ષમાર્ગની આવી સંકલનાબદ્ધ પ્રરૂપણા બીજા કોઈ પણ ગ્રંથમાં નથી. પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવના શબ્દોમાં કહીએ તો– 'આ સમયસાર શાસ્ત્ર આગમોનું પણ આગમ છે; લાખો શાસ્ત્રોનો નિચોડ એમાં રહેલો છે; જૈન શાસનનો એ સ્થંભ છે; સાધકની એ કામધેનું છે; કલ્પવૃક્ષ છે; ચૌદ પૂર્વનું રહસ્ય એમાં સમાયેલું છે. એની દરેક ગાથા છઠ્ઠા, સાતમા ગુણસ્થાને ઝૂલતા મહામુનિના આત્મઅનુભવમાંથી નીકળેલી છે.'

શ્રી સમયસારમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ પર આત્મખ્યાતિ નામની સંસ્કૃત ટીકા લખનાર (લગભગ વિક્રમ સંવતના ૧૦મા સૈકામાં થઈ ગયેલા) શ્રીમાન્ અમૃતચંદ્રાચાર્યદેવ છે. જેમ શ્રીસમયસારના મૂળ કર્તા અલૌકિક પુરુષ છે તેમ તેના ટીકાકાર પણ મહાસમર્થ આચાર્ય છે. આત્મખ્યાતિ જેવી ટીકા હજી સુધી બીજા કોઈ જૈન ગ્રંથની લખાયેલી નથી. તેમણે પંચાસ્તિકાય તથા પ્રવચનસારની પણ ટીકા લખી છે અને તત્ત્વાર્થસાર, પુરુષાર્થસિદ્ધિઉપાય આદિ સ્વતંત્ર ગ્રંથો પણ લખ્યા છે. તેમની એક આત્મખ્યાતિ ટીકા વાંચનારને જ તેમની અધ્યાત્મરસિકતા, આત્માનુભવ, પ્રખર વિદ્વતા, વસ્તુસ્વરૂપને ન્યાયથી સિદ્ધ કરવાની તેમની અસાધારણ શક્તિ અને ઉત્તમ કાવ્યશક્તિનો પૂરો ખ્યાલ આવી જાય છે. અતિ સંક્ષેપમાં ગંભીર રહસ્યોને ગોઠવી દેવાની તેમની અજબ શક્તિ વિદ્વાનોને આશ્ચર્યચકિત કરે છે. તેમની આ દૈવી ટીકા શ્રુતકેવળીનાં વચનો જેવી છે. જેમ મૂળ શાસ્ત્રકર્તાએ સમયસારશાસ્ત્ર સમસ્ત નિજ વૈભવથી રચ્યું છે તેમ ટીકાકારે પણ અત્યંત હોંશપૂર્વક સર્વ નિજ વૈભવથી ટીકા રચી છે એમ ટીકા વાંચનારને સહેજે લાગ્યા વિના રહેતું નથી. શાસનમાન્ય ભગવાન કુંદકુંદાચાર્યદેવે આ કળિકાળમાં જગદ્‌ગુરુ તીર્થંકરદેવ જેવું કામ કર્યું છે અને શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે, જાણે કે તેઓ કુંદકુંદભગવાનના હૃદયમાં પેસી ગયા હોય તે રીતે તેમના ગંભીર આશયોને યથાર્થપણે વ્યક્ત કરીને, તેમના ગણધર જેવું કામ કર્યું છે. આત્મખ્યાતિમાં આવતાં કાવ્યો

(—કળશો) અધ્યાત્મરસથી અને આત્માનુભવની મસ્તીથી ભરપૂર છે. શ્રી પદ્મપ્રભદેવ જેવા સમર્થ આચાર્યો પર તે કળશોએ ઊંડી છાપ પાડી છે અને આજે પણ તે તત્ત્વજ્ઞાનથી ને અધ્યાત્મરસથી ભરેલા મધુર કળશો અધ્યાત્મરસિકોના હૃદયના તારને ઝણઝણાવી મૂકે છે. અધ્યાત્મકવિ તરીકે શ્રી અમૃતચંદ્રાચાર્યદેવનું સ્થાન જૈન સાહિત્યમાં અદ્વિતીય છે.

સમયસારમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવે ૪૧૫ ગાથાઓ પ્રાકૃતમાં રચી છે. તેના પર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે આત્મખ્યાતિ નામની અને શ્રી જયસેનાચાર્યદેવે તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખી છે. તે આચાર્યભગવંતોએ કરેલા અનંત ઉપકારના સ્મરણમાં તેમને અત્યંત ભક્તિભાવે વંદન કરીએ છીએ.

થોડાં વર્ષો પહેલાં પંડિત જયચંદ્રજીએ મૂળ ગાથાઓનું અને આત્મખ્યાતિનું હિંદીમાં ભાષાંતર કર્યું અને તેમાં પોતે થોડો ભાવાર્થ પણ લખ્યો. તે પુસ્તક ‘સમયપ્રાભૃત’ના નામે વિ.સં. ૧૯૬૪માં પ્રકાશિત થયું હતું. ત્યારપછી પંડિત મનોહરલાલજીએ તે પુસ્તકને પ્રચલિત હિંદીમાં પરિવર્તિત કર્યું અને શ્રી પરમશ્રુતપ્રભાવક મંડળ દ્વારા ‘સમયસાર’ના નામે વિ.સં. ૧૯૭૫માં પ્રકાશન પામ્યું. આ રીતે પંડિત જયચંદ્રજીનો, પંડિત મનોહરલાલજીનો અને શ્રી પરમશ્રુતપ્રભાવક મંડળનો મુમુક્ષુ સમાજ પર ઉપકાર છે.

શ્રી પરમશ્રુતપ્રભાવક મંડળ દ્વારા પ્રકાશિત હિંદી સમયસારનો અધ્યાત્મયોગી શ્રી કાનજીસ્વામી પર પરમ ઉપકાર થયો. વિ.સં. ૧૯૭૮માં તે મહાત્માના કરકમળમાં એ પરમ પાવન ચિંતામણિ આવતાં તે કુશળ ઝવેરીએ એને પારખી લીધો. એના સર્વ પાસા નિહાળતાં તેમના હૃદયમાં પરમ ઉલ્લાસ થયો, આત્મભગવાને વિસ્મૃત થયેલી અનંતગુણગંભીર નિજ શક્તિ સંભાળી અને અનાદિકાળથી પર પ્રત્યે ઉત્સાહપૂર્વક દોડતી વૃત્તિ શિથિલ થઈ, પર સંબંધથી છૂટી, સ્વરૂપમાં મગ્ન થઈ. આ રીતે ગ્રંથાધિરાજ સમયસારની કૃપાથી બાળ—બ્રહ્મચારી શ્રી કાનજીસ્વામીએ ચૈતન્યમૂર્તિ ભગવાન સમયસારનાં દર્શન કર્યાં. જેમ જેમ તેઓ સમયસારમાં ઊંડા ઊતરતા ગયા, તેમ તેમ તેમાં કેવળજ્ઞાની પિતાથી વારસામાં આવેલાં અદ્ભુત નિધાનો તેમના સુપુત્ર ભગવાન કુંદકુંદાચાર્યદેવે ચીવટથી સંઘરી રાખેલાં તેમણે જોયાં. ઘણા વર્ષો સુધી શ્રી સમયસારનું ઊંડું મનન કર્યા પછી, ‘કોઈ પણ રીતે જગતના જીવો સર્વજ્ઞ પિતાના આ અણમૂલ વારસાની કિંમત સમજે અને અનાદિ કાળની દીનતાનો અંત લાવે!’ એવી કરુણાબુદ્ધિને લીધે તેમણે સમયસાર પર અપૂર્વ પ્રવચનોનો પ્રારંભ કર્યો. કાઠિયાવાડના હજારો ભવ્ય જીવોએ તે પ્રવચનો ગુરુમુખેથી શ્રવણ કર્યા અને યથાશક્તિ આત્મલાભ મેળવ્યો. આજ

સુધીમાં પરમ પૂજ્ય ગુરુદેવે છ વખત શ્રી સમયસાર પર પ્રવચનો પૂરાં કર્યાં છે અને હમણાં સોનગઢમાં [1]સાતમી વખત તે અમૃતવર્ષા વરસી રહી છે. સં. ૧૯૯૯–૨૦૦૦ની સાલમાં જ્યારે નવ મહિના સુધી ગુરુદેવની સ્થિતિ રાજકોટમાં હતી ત્યારે સમયસારના કેટલાક અધિકારોપકાર તેઓશ્રીનાં (છઠ્ઠી વખતનાં) પ્રવચનો થયાં હતાં એ વખતે શ્રી સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટને લાગ્યું કે 'આ અમૂલ્ય મુક્તાફળો ખરી જાય છે તે જો ઝીલી લેવામાં આવે તો તે અનેક મુમુક્ષુઓને દરિદ્રતા ટાળી સ્વરૂપલક્ષ્મી પ્રાપ્ત કરાવે.' એમ વિચારી તે ટ્રસ્ટે પુસ્તકાકારે પ્રકાશિત કરવાના હેતુથી પ્રવચનોની નોંધ કરાવી લેવાનો પ્રબંધ કર્યો હતો. તે નોંધનું લખાણ છ સાત પુસ્તકોમાં (ભાગોમાં) બહાર પડશે. પ્રથમ ભાગ ગયા ફાગણ માસમાં બહાર પડ્યો હતો. તેમાં પહેલી ૧૩ ગાથાનાં પ્રવચનો છપાયાં હતાં. બીજો ભાગ હજુ છપાય છે–જેમાં ૧૪ થી ૨૨ ગાથાનાં પ્રવચનો આવશે. આજે આ ત્રીજો ભાગ બહાર પડે છે–જેમાં ૨૩ થી ૬૮ ગાથાનાં પ્રવચનો છપાયાં છે. પ્રથમના બે ભાગથી આ ત્રીજા ભાગની અને ત્યાર પછીના ભાગોની એ વિશિષ્ટતા છે કે તે ભાગોનાં પ્રવચનો બે મહાપવિત્ર આત્માઓએ–પરમપૂજ્ય ભગવતીબેન શ્રી ચંપાબેન તથા પરમ પૂજ્ય બેન શાન્તાબેને–ઝીલેલાં છે. પરમ પૂજ્ય બેનોએ પ્રવચન પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈ. આ ગંભીર પ્રવચનોની અતિ સાવધાનીપૂર્વક નોંધ કરી અને તેમાંથી અતિશય પરિશ્રમપૂર્વક પાકું લખાણ તૈયાર કરી મુમુક્ષુઓ પર મહા ઉપકાર કર્યો છે. આ [2]પ્રવચનોની નોંધમાં કોઈ ન્યાયવિરુદ્ધ ભાવ ન આવી જાય તેની કાળજી રાખવામાં આવી છે.

જેમ શ્રી સમયસાર શાસ્ત્રના મૂળ કર્તા અને ટીકાકાર અત્યંત આત્મસ્થિત આચાર્યભગવંતો હતા તેમ તેના પ્રવચનકાર પણ સ્વરૂપાનુભવી, વીતરાગના પરમ ભક્ત, અનેક શાસ્ત્રોના પારગામી અને આશ્ચર્યકારી પ્રભાવનાઉદયના ધારક યુગપ્રધાન મહાપુરુષ છે. તેમનાં આ સમયસાર–પ્રવચનો વાંચતાં જ વાંચકને તેમનો આત્મ–અનુભવ, ગાઢ અધ્યાત્મપ્રેમ, સ્વરૂપ તરફ ઢળી રહેલી પરિણતિ, વીતરાગભક્તિન રંગે રંગાયેલું ચિત્ત, અગાધ શ્રુતજ્ઞાન અને પરમ કલ્યાણકારી વચનયોગનો ખ્યાલ આવ્યા વિના રહેતો નથી. તેમનો સંક્ષિપ્ત જીવનપરિચય આ પુસ્તકમાં અન્યત્ર આપ્યો હોવાથી તેમના ગુણો વિષે અહીં વિશેષ કહેવાની આવશ્યકતા નથી. અત્યંત આશ્ચર્યજનક પ્રભાવનાઉદય ગુરુદેવને

૧. હવે અત્યાર સુધીમાં ૧૯ વખત વ્યાખ્યાનો થયા.

૨. ગુરુદેવની પ્રેરણાથી સમયસરનો ગુજરાતી અનુવાદ વિ.સં. ૧૯૯૭માં 'સમયસાર'ના નામે પ્રકાશિત થયો છે, તે ગુજરાતી ગ્રંથ પર આ પ્રવચનો થયાં છે. આ પ્રવચનો વાંચતાં તે ગુજરાતી સમયસાર પોતાની પાસે રાખવાથી વાચકને પ્રવચનો સમજવામાં વિશેષ સુગમતા થશે.

વર્તતો હોવથી, તેઓશ્રીએ છેલ્લાં દશેક વર્ષોમાં સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, ષટ્ખંડાગમ, પદ્મનંદિપંચવિંશતિ, તત્ત્વાર્થસાર, ઈષ્ટોપદેશ, પંચાધ્યાયી, મોક્ષમાર્ગપ્રકાશક, અનુભવપ્રકાશ, આત્મસિદ્ધિશાસ્ત્ર, આત્માનુશાસન વગેરે શાસ્ત્રો પર આગમરહસ્યપ્રકાશક સ્વાનુભવમુદ્રિત અપૂર્વ પ્રવચનો કરી કાઠિયાવાડમાં આત્મવિદ્યાનું અતિપ્રબળ આંદોલન ફેલાવ્યું છે. માત્ર કાઠિયાવાડમાં જ નહિ, પરંતુ હમણાં હમણાં તો તેમનો પવિત્ર ઉપદેશ પુસ્તકો દ્વારા અને 'આત્મધર્મ' નામના માસિક પત્ર દ્વારા પ્રકાશિત થતો હોવાથી આખા ★ભારતવર્ષમાં અધ્યાત્મવિદ્યાનું આંદોલન વેગપૂર્વક વિસ્તરતું જાય છે. આ રીતે, સ્વભાવે સુગમ છતાં ગુરુગમની લુપ્તપ્રાયતાને લીધે અને અનાદિ અજ્ઞાનને લીધે અતિશય દુર્ગમ થઈ પડેલા જિનાગમના ગંભીર આશયોને યથાર્થપણે અને અતિશય સ્પષ્ટપણે પ્રગટ કરી, ગુરુદેવે વીતરાગ વિજ્ઞાનની ઝંખાતી જતી જ્યોતને સતેજ કરી છે. પરમ પવિત્ર જિનાગમોમાં તો ઘણુંય ભરેલું છે—પરમ નિધાનો ભર્યાં છે; પરંતુ એ નિધાનો જોઈ શકવાની દૃષ્ટિ, પરમ—કૃપાળુ ગુરુદેવના સમાગમ વિના અને તેમણે પરમ કરુણાપૂર્વક કરેલા પ્રવચન—અંન વિના અમ અલ્પબુદ્ધિઓને કેમ પ્રાપ્ત થાત? પંચમ કાળમાં ચતુર્થ કાળની સુવાસ ફેલાવનાર, પરમ શાસનપ્રભાવક ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ આગમના રહસ્યો ખોલી અમ સમા હજારો જીવો પર જે અપાર કરુણા વરસાવી છે તેનું વર્ણન કરવા જતાં વાણી મૌનપણાને ભજે છે.

જેમ પરમોપકારી ગુરુદેવનો પ્રત્યક્ષ સમાગમ અનેક વાર જીવો પર અપાર ઉપકાર કરી રહ્યો છે, તેમ તેમનાં આ પવિત્ર પ્રવચનો પણ આ કાળના અને ભાવિ કાળના હજારો જીવોને યથાર્થ મોક્ષમાર્ગ દર્શાવી અત્યંત ઉપકારી થશે. આ દુષમ કાળમાં જીવો પ્રાયઃબંધમાર્ગને જ મોક્ષમાર્ગ માની પ્રવર્ત્યે જાય છે. જે સ્વાવલંબી પુરુષાર્થ વિના—નિશ્ચયનયના આશ્રય વિના—મોક્ષમાર્ગની શરૂઆત પણ થતી નથી. તે પુરુષાર્થની જીવોને ગંધ પણ નથી, અને પરાવલંબી ભાવોને જ—વ્યવહારાભાસના આશ્રયને જ—મોક્ષમાર્ગ માની તેને સેવી રહ્યા છે. સ્વાવલંબી પુરુષાર્થનો ઉપદેશ કરનારા જ્ઞાની પુરુષોની દુલર્ભતા વર્તે છે અને તેનું નિરૂપણ કરનારા શ્રી સમયસાર—પરમાગમનો અભ્યાસ અતિ ન્યૂન થઈ ગયો છે. કદાચ કોઈ જીવો તેનો અભ્યાસ કરે છે તોપણ તેમને ગુરુગમ વિના માત્ર તેના અક્ષરોનું જ્ઞાન થવા જેવું જ થાય છે. શ્રી સમયસારના પુરુષાર્થમૂલક ગહન સત્યો મિથ્યાત્વ મૂઢ હીનવીર્ય જીવોને અનાદિ—અપરિચિત હોવાથી, જ્ઞાનીપુરુષના પ્રત્યક્ષ સમાગમ વિના અથવા તેમણે કરેલા વિસ્તૃત વિવેચન વિના જીવોને તે સત્યોનો પરમાર્થ સમજાવવો અત્યંત કઠિન પડે છે. શ્રી સમયસારની પ્રાથમિક ભૂમિકાની વાતોને પણ

★ હવે તો ભારતવર્ષ તેમ જ વિદેશોમાં પણ અધ્યાત્મવિદ્યાનું આંદોલન વેગપૂર્વક વિસ્તર્યું છે.

હીનસત્ત્વ જીવો બહુ ઊંચી ભૂમિકાની કલ્પી બેસે છે. ચતુર્થ ગુણસ્થાનના ભાવોને તેરમા ગુણસ્થાનના માની લે છે અને નિરાલંબન (સ્વાવલંબી) પુરુષાર્થ તો કોઈ અનાવશ્યક કથનમાત્ર જ વસ્તુ હોય એમ તેની ઉપેક્ષા કરી સાલંબન (પરાવલંબી) ભાવો પ્રત્યેનો આગ્રહ છોડતા નથી. આવી કરુણાજનક સ્થિતિમાં જ્યારે સમ્યક ઉપદેષ્ટાઓની અતિશય ન્યૂનતાને લીધે મોક્ષમાર્ગ આવરણસ્થિતિમાં પડ્યો છે ત્યારે—શાસનોદ્ધારક યુગપ્રધાન સત્પુરુષ શ્રી કાનજીસ્વામીએ શ્રી સમયસારના વિસ્તૃત વિવેચનરૂપ આ પ્રવચનો દ્વારા જિનાગમોના મર્મો ખોલી, મોક્ષમાર્ગને અનાવૃત કરી, વીતરાગ દર્શનનો પુનરુદ્ધાર કર્યો છે, મોક્ષના મહામંત્ર સમી સમયસારની પ્રત્યેક ગાથાને સર્વ તરફની છણીને એ સંક્ષિપ્ત સૂત્રોના વિરાટ અર્થોને ગુરુદેવે આ પ્રવચનોમાં પ્રગટ કર્યા છે. સૌને અનુભવમાં આવ્યા હોય એવા ઘરગથ્થુ પ્રસંગોના અનેક ઉદાહરણો વડે, અતિશય સચોટ છતાં સુગમ એવા અનેક ન્યાયો વડે અને અનેક યથોચિત દૃષ્ટાંતો વડે કુંદકુંદભગવાનના પરમ ભક્ત શ્રી કાનજીસ્વામીએ સમયસારના અત્યંત અર્થગંભીર સૂક્ષ્મ સિદ્ધાંતોને અતિશય સ્પષ્ટ અને સરળ બનાવ્યા છે. જીવને કેવા ભાવ રહે ત્યારે જીવ—પુદ્‌ગલનું સ્વતંત્ર પરિણમન સમજાવ્યું કહેવાય, કેવા ભાવ રહે ત્યારે નવતત્ત્વોનું ભૂતાર્થ સ્વરૂપ સમજાયું કહેવાય, કેવા કેવા ભાવ રહે ત્યારે નિરાલંબન પુરુષાર્થનો આદર, સમ્યગ્દર્શન, ચારિત્ર, તપ, વીર્યાદિકની પ્રાપ્તિ થઈ કહેવાય—વગેરે બાબતો મનુષ્યોના જીવનમાં બનતા સેકંડો પ્રસંગોના દાખલા આપીને એવી સ્પષ્ટ કરવામાં આવી છે કે મુમુક્ષુને તે તે વિષયનું સ્પષ્ટ સૂક્ષ્મ જ્ઞાન થઈ અપૂર્વ ગંભીર અર્થો દૃષ્ટિગોચર થાય અને તે બંધમાર્ગને વિષે મોક્ષમાર્ગની કલ્પના છોડી, યથાર્થ મોક્ષમાર્ગને સમજી, સમ્યક પુરુષાર્થમાં જોડાય. આ રીતે શ્રી સમયસારના મોક્ષદાયક ભાવોને, સોંસરી ઊતરી જાય એવી અસરકારક ભાષામાં અને અતિશય મધુર, નિત્ય—નવીન, વૈવિધ્યપૂર્ણ શૈલીથી અત્યંત સ્પષ્ટપણે સમજાવી ગુરુદેવે જગત પર અથાગ ઉપકાર કર્યો છે. સમયસારમાં ભરેલાં અણમૂલ તત્ત્વ—રત્નોનાં મૂલ્ય જ્ઞાનીઓના હૃદયમાં ગુપ્ત રહ્યાં હતાં તેને ગુરુદેવે જગતવિદિત કર્યાં છે.

કોઈ પરમ મંગળ યોગમાં દિવ્યધ્વનિના નવનીતસ્વરૂપ શ્રી સમયસાર—પરમાગમની રચના થઈ; એ રચના પછી હજાર વર્ષ જગતના મહાભાગ્યોદયે શ્રી સમયસારનાં ગહન તત્ત્વોને ખીલવનારી ભગવતી આત્મખ્યાતિની રચના થઈ; અને ત્યારપછી હજાર વર્ષે જગતમાં ફરી પાછો મહાપુણ્યનો જુવાળ આવતાં, મંદબુદ્ધિઓને પણ સમયસારના મોક્ષદાયક તત્ત્વો સુગ્રાહ્ય કરાવનારાં પરમ કલ્યાણકારી સમયસાર—પ્રવચનો થયાં. જીવોની બુદ્ધિ મંદતાને પામતી જતી હોવા છતાં પંચમકાળનાં અંત સુધી સ્વાનુભૂતિનો માર્ગ અવિચ્છિન્ન રહેવાનો છે તેથી જ સ્વાનુભૂતિના ઉત્કૃષ્ટ નિમિત્તભૂત શ્રી સમયસારજીના

ગંભીર આશયો નિશેષ વિશેષ સ્ફુટ થવાના પરમ પવિત્ર યોગો બનતા રહે છે. અંતર્બાહ્ય પરમ પવિત્ર યોગોમાં પ્રગટેલા, જગતના ત્રણ મહાદીપકો—શ્રી સમયસાર, શ્રી આત્મખ્યાતિ અને શ્રી સમયસાર પ્રવચનો—સદા જયવંત રહો અને સ્વાનુભૂતિના પંથને પ્રકાશ્યા કરો!

આ પરમ પુનિત પ્રવચનો સ્વાનુભૂતિના પંથને અત્યંત સ્પષ્ટપણે પ્રકાશિત કરે છે એટલું જ નહિ, પણ સાથે સાથે મુમુક્ષુ જીવોના હૃદયમાં સ્વાનુભવની રુચિ અને પુરુષાર્થ જાગ્રત કરી, કંઈક અંશે સત્પુરુષના પ્રત્યક્ષ ઉપદેશ જેવું ચમત્કારિક કાર્ય કરે છે. પ્રવચનોની વાણી એટલી સહજ, ભાવાર્દ્ર, ચેતનવંતી અને જોરદાર છે કે ચૈતન્યમૂર્તિ ગુરુદેવના ચૈતન્યભાવો જ જાણે મૂર્તિમંત બની વાણીપ્રવાહરૂપે વહી રહ્યા ન હોય! આવી અત્યંત ભાવવાહિની—અંતરવેદનને અતિ ઉગ્રપણે વ્યક્ત કરતી, શુદ્ધાત્મા પ્રત્યે અનહદ પ્રેમથી ઊભરાતી, હૃદયસ્પર્શી જોરદાર વાણી સુપાત્ર વાંચકના હૃદયને હલાવી નાખે છે અને તેની વિપરીત રુચિને ક્ષીણ કરી શુદ્ધાત્મ—રુચિને જાગ્રત કરે છે. પ્રવચનોના પાને પાને શુદ્ધાત્મમહિમાનું અત્યંત ભક્તિમય વાતાવરણ ગુંજી રહ્યું છે અને એના શબ્દે શબ્દમાંથી મધુર અનુભવરસ નીતરી રહ્યો છે. એ શુદ્ધાત્મભક્તિરસથી અને અનુભવ રસથી મુમુક્ષુનું હૃદય ભીંજાઈ જાય છે. તેને શુદ્ધાત્માની લય લાગે છે, શુદ્ધાત્મા સિવાય સર્વ ભાવો તેને તુચ્છ ભાસે છે અને પુરુષાર્થ 'ઊપડું, ઊપડું' થઈ રહે છે. આવી અપૂર્વ ચમત્કારિક શક્તિ પુસ્તકારૂઢ વાણીમાં ક્વચિત્ જ જોવામાં આવે છે.

આ રીતે દિવ્ય તત્ત્વજ્ઞાનનાં ગહન રહસ્યો અમૃત—ઝરતી વાણીમાં સમજાવી અને સાથે સાથે શુદ્ધાત્મરુચિને જાગૃત કરી, પુરુષાર્થને પડકારી, પ્રત્યક્ષ સત્સમાગમની ઝાંખી કરાવનારાં આ પ્રવચનો જૈન સાહિત્યમાં અજોડ છે. પ્રત્યક્ષ સત્પુરુષના વિયોગે વર્તતા મુમુક્ષુઓને અથવા તેમનો નિરંતર સંગ દુષ્પ્રાપ્ય હોય એવા મુમુક્ષુઓને આ પ્રવચનો અનન્ય—આધારભૂત છે. નિરાવંલન પુરુષાર્થ સમજાવવો અને પ્રેરવો તે જ આ શાસ્ત્રનો પ્રધાન ઉદ્દેશ હોવા છતાં તેનું સર્વાંગ સ્પષ્ટીકરણ કરવા જતાં આ પ્રવચનોમાં સમસ્ત શાસ્ત્રોનાં સર્વ પ્રયોજનભૂત તત્ત્વોનું સ્પષ્ટીકરણ આવી ગયું છે; શ્રુતામૃતનો પરમ આહ્લાદજનક મહાસાગર જાણે આ પ્રવચનોમાં હિલોળી રહ્યો છે. આ પ્રવચનગ્રંથ હજારો પ્રશ્નોના ઉકેલનો મહાકોષ છે. શુદ્ધાત્માની રુચિ ઉત્પન્ન કરી, પર પ્રત્યેની રુચિ નષ્ટ કરવાનું પરમ ઔષધ છે. સ્વાનુભૂતિનો સુગમ પંથ છે. ભિન્ન ભિન્ન કોટિના સર્વ આત્માર્થીઓને એ અત્યંત ઉપકારક છે. પરમ પૂજ્ય ગુરુદેવે આ અમૃતસાગર સમા પ્રવચનોની ભેટ કરી ભારતવર્ષના મુમુક્ષુઓને ન્યાલ કર્યા છે.

સ્વરૂપસુધાને પ્રાપ્ત કરવા ઈચ્છતા જીવોએ આ પરમ પવિત્ર પ્રવચનોનું વારંવાર મનન કરવા યોગ્ય છે. સંસારવિષવૃક્ષને છેદવાનું તે અમોઘ શસ્ત્ર છે. ડાળે—પાંખડે વળગ્યા વિના તે મૂળ પર જ ઘા કરે છે. આ અલ્પાયુષી મનુષ્યભવમાં જીવનું પ્રથમમાં પ્રથમ કાંઈ કર્તવ્ય હોય તો તે શુદ્ધાત્માનું બહુમાન, પ્રતીતિ અને અનુભવ છે. તે બહુમાનાદિ કરાવવામાં આ પ્રવચનો પરમ નિમિત્તભૂત છે. મુમુક્ષુઓ અતિશય ઉલ્લાસપૂર્વક તેનો અભ્યાસ કરી, ઉગ્ર પુરુષાર્થથી તેમાં રહેલા ભાવોને સંપૂર્ણ રીતે હૃદયમાં ઊતારી, શુદ્ધાત્માની રુચિ, પ્રતીતિ તથા અનુભવ કરી, શાશ્વત પરમાનંદને પામો.

વૈશાખ વદ ૮

વિ.સં. ૨૦૦૧

રામજી માણેકચંદ દોશી
પ્રમુખ,
**શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,**
સોનગઢ.

સહજ ચિદાનંદ.

## પ્રકાશકીય

## (તૃતીય આવૃત્તિ પ્રસંગે)

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીએ ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ અને શ્રી અમૃતચંદ્રાચાર્યદેવનાં હૃદયને પ્રવચનોમાં ખોલ્યાં છે.

વિ.સં. ૧૯૯૯--૨૦૦૦માં પૂજ્ય ગુરુદેવે આપેલાં સમયસાર ઉપરનાં આ ભાવવાહી સુંદર પ્રવચનો ઘણા વખતથી અપ્રાપ્ય હતાં, અને ઘણાય મુમુક્ષુ ભાઈ--બહેનોની આ અંગે માંગ હતી; તેથી આ પ્રવચન--રત્નો ભવ્ય જીવોને અત્યંત લાભનું કારણ જાણી ફરીથી પ્રકાશિત કરવામાં આવ્યાં છે.

સાહિત્યપ્રકાશન સમિતિ,
**શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,**
સોનગઢ.

# શ્રી સમયસારજી–સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરિણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

*રચયિતા : હિંમતલાલ જેઠાલાલ શાહ*

### અધ્યાત્મયોગી શ્રી કાનજીસ્વામીનો

# સંક્ષિપ્ત પરિચય

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી શ્રી કાનજીસ્વામીનો શુભ જન્મ વિ.સં. ૧૯૪૬ના વૈશાખ સુદ બીજને રવિવારના દિવસે કાઠિયાવાડના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી જૈન સંપ્રદાયમાં થયો હતો. તેઓશ્રીનાં માતુશ્રીનું નામ ઉજમબાઈ અને પિતાશ્રીનું નામ મોતીચંદભાઈ હતું. જ્ઞાતિએ તેઓ દશા શ્રીમાળી વણિક હતા. બાળવયમાં તેઓશ્રીના વિષે કોઈ જોષીએ કહ્યું હતું કે આ કોઈ મહાપુરુષ થશે. બાળપણથી જ તેઓશ્રીના મુખ પર વૈરાગ્યની સૌમ્યતા અને નેત્રોમાં બુદ્ધિ ને વીર્યનું તેજ દેખાતું. તેઓશ્રીએ ઉમરાળા જ નિશાળમાં અભ્યાસ કર્યો હતો. જોકે નિશાળમાં તેમ જ જૈનશાળામાં તેઓશ્રી પ્રાયઃ પ્રથમ નંબર રાખતા તોપણ નિશાળમાં અપાતા વ્યાવહારિક જ્ઞાનથી તેમના ચિત્તને સંતોષ થતો નહિ અને તેમને ઊંડે ઊંડે એમ રહ્યા કરતું કે 'હું જેની શોધમાં છું તે આ નથી.' કોઈ કોઈ વાર આ દુઃખ તીવ્રતા ધારણ કરતું; અને એક વાર તો, માતાથી વિખૂટા પડેલા બાળકની જેમ, તે બાળ મહાત્મા સત્‌ના વિયોગે ખૂબ રડ્યા હતા.

નાની વયમાં જ માતાપિતા કાળધર્મ પામવાથી તેઓશ્રી આજીવિકા અર્થે તેમના મોટા ભાઈ ખુશાલભાઈ સાથે પાલેજમાં ચાલુ દુકાનમાં જોડાયા. ધીમે ધીમે દુકાન સારી જામી. વેપારમાં તેમનું વર્તન પ્રમાણિક હતું. એક વાર (લગભગ ૧૬ વર્ષની વયે) તેમને કોઈ કારણે વડોદરાની કોર્ટમાં જવું પડ્યું હતું. ત્યાં તેઓશ્રીએ અમલદાર સમક્ષ સત્ય હકીકત સ્પષ્ટતાથી જણાવી દીધી હતી. તેમના મુખ પર તરવરતી નિખાલસતા, નિર્દોષતા ને નીડરતાની અમલદાર પર છાપ પડી અને તેમણે કહેલી સર્વ હકીકત ખરી છે એમ વિશ્વાસ આવવાથી બીજા આધાર વિના તે સર્વ હકીકત સંપૂર્ણપણે માન્ય રાખી.

પાલેજમાં તેઓશ્રી કોઈ કોઈ વખત નાટક જોવા જતા; પરંતુ અતિશય આશ્ચર્યની વાત તો એ છે કે નાટકમાંથી શૃંગારિક અસર થવાને બદલે કોઈ વૈરાગ્યપ્રેરક દૃશ્યની ઊંડી અસર તે મહાત્માને થતી અને તે કેટલાય દિવસ સુધી રહેતી. કોઈ કોઈ વખત તો નાટક જોઈને આવ્યા પછી આખી રાત વૈરાગ્યની ધૂન રહેતી. એક વાર નાટક જોયા પછી 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ' એ લીટીથી શરૂ થતું કાવ્ય તેમણે બનાવ્યું હતું. સાંસારિક રસનાં પ્રબળ નિમિત્તોને પણ મહાન્ આત્માઓ વૈરાગ્યના નિમિત્ત બનાવે છે!

આ રીતે પાલેજની દુકાનમાં વેપારનું કામકાજ કરતાં છતાં તે મહાત્માનું મન વેપારમય કે સંસારમય થયું નહોતું. તેમનો અંતર્વ્યાપાર તો જુદો જ હતો. તેમના અંતરનો સ્વાભાવિક ઝોક હંમેશા ધર્મ અને સત્યની શોધ પ્રતિ જ રહેતો. ઉપાશ્રયે કોઈ સાધુ આવે કે તેઓ તે સાધુની સેવા તેમ જ તેમની સાથે ધાર્મિક વાર્તાલાપ માટે દોડી જતા અને ઘણો સમય ઉપાશ્રયે ગાળતા. ધાર્મિક અભ્યાસ પણ ચાલુ હતો. તેમનું ધાર્મિક જીવન અને સરળ અંતઃકરણ જોઈને તેમના સંબંધીઓ તેમને 'ભગત' કહેતા. તેમણે તેમના મોટા ભાઈ ખુશાલભાઈને સ્પષ્ટ જણાવી દીધું હતું કે 'મારું વેવિશાળ કરવાનું નથી; મારા ભાવ દીક્ષા લેવાના છે.' ખુશાલભાઈએ તેમને ઘણું સમજાવ્યું કે—'ભાઈ, તું ન પરણે તો ભલે તારી ઈચ્છા, પરંતુ તું દીક્ષા ન લે. તારે દુકાને ન બેસવું હોય તો ભલે તું આખો દિવસ ધાર્મિક વાંચનમાં ને સાધુઓના સંગમાં ગાળ, પણ દીક્ષાની વાત ન કર.' આમ ઘણું સમજાવવા છતાં તે મહાત્માના વૈરાગી ચિત્તને સંસારમાં રહેવાનું પસંદ પડ્યું નહિ. દીક્ષા લીધા પહેલાં તેઓશ્રી કેટલાય મહિનાઓ સુધી આત્માર્થી ગુરુની શોધ માટે કાઠિયાવાડ, ગુજરાત ને મારવાડમાં અનેક ગામો ફર્યા, ઘણા સાધુઓને મળ્યા પણ ક્યાંય મન ઠર્યું નહિ. ખરી વાત તો એ હતી કે પૂર્વ ભવની અધૂરી મૂકેલી સાધનાએ અવતરેલા તે મહાત્મા પોતે જ ગુરુ થવાને યોગ્ય હતા. આખરે બોટાદ સંપ્રદાયના હીરાચંદજી મહારાજના હાથે દીક્ષા લેવાનું નક્કી થયું અને સં. ૧૯૭૦ના માગશર સુદ ૯ને રવિવારને દિવસે ઉમરાળામાં મોટી ધામધૂમથી દીક્ષા મહોત્સવ થયો.

દીક્ષા લઈને તુરત જ મહારાજશ્રીએ શ્વેતાંબર શાસ્ત્રોનો સખત અભ્યાસ કરવા માંડ્યો; તે એટલે સુધી કે આહારાદિ શારીરિક આવશ્યકતાઓમાં વખત જતો તે પણ તેમને ખટકતો. લગભગ આખો દિવસ ઉપાશ્રયના કોઈ એકાંત ભાગમાં અભ્યાસ કરતા તેઓ જોવામાં આવતા. ચારેક વર્ષમાં લગભગ બધા શ્વેતાંબર શાસ્ત્રો તેઓ વિચારપૂર્વક વાંચી ગયા. તેઓ સંપ્રદાયની રીત પ્રમાણે ચારિત્ર પણ કડક પાળતા. થોડા જ વખતમાં તેમની આત્માર્થિતાની, જ્ઞાનપિપાસાની અને ઉગ્ર ચારિત્રની સુવાસ કાઠિયાવાડમાં ફેલાઈ. તેમના ગુરુની મહારાજશ્રી પર બહુ કૃપા હતી. મહારાજશ્રી પ્રથમથી જ તીવ્ર પુરુષાર્થી હતા. કેટલીક વખત તેમને કોઈ ભવિતવ્યતા પ્રત્યે વલણવાળી વ્યક્તિ તરફથી એવું સાંભળવાનો પ્રસંગ બનતો કે 'ગમે તેવું આકરું ચારિત્ર પાળીએ પણ કેવળી ભગવાને જો અનંત ભવ દીઠા હશે તો તેમાંથી એક પણ ભવ ઘટવાનો નથી.' મહારાજશ્રી આવાં પુરુષાર્થહીનતાના મિથ્યા વચનો સાંખી શકતા નહિ અને બોલી ઉઠતા કે 'જે પુરુષાર્થી છે તેના અનંત ભવો કેવળી ભગવાને દીઠા જ નથી. જેને પુરુષાર્થ ભાસ્યો છે તેને અનંત ભવ હોય જ નહિ. પુરુષાર્થીને ભવસ્થિતિ આદિ કાંઈ નડતું નથી, તેને પાંચ સમવાય

આવી મળ્યાં છે.' 'પુરુષાર્થ, પુરુષાર્થ ને પુરુષાર્થ' એ મહારાજશ્રીનો જીવનમંત્ર છે.

દીક્ષાના વર્ષો દરમ્યાન મહારાજશ્રીએ શ્વેતાંબર શાસ્ત્રોનો ખૂબ મનનપૂર્વક અભ્યાસ કર્યો. ભગવતી સૂત્ર તેઓશ્રીએ ૧૭ વાર વાંચ્યું છે. દરેક કાર્ય કરતાં તેમનું લક્ષ્ય સત્યના શોધન પ્રતિ જ રહેતું.

સં. ૧૯૭૮માં શ્રી વીર શાસનના ઉદ્ધારનો, અનેક મુમુક્ષુઓના મહાન્ પુણ્યોદયને સૂચવતો એક પવિત્ર પ્રસંગ બની ગયો. વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્ય વિરચિત શ્રી સમયસાર નામનો મહાન્ ગ્રંથ મહારાજશ્રીના હસ્તકમળમાં આવ્યો. સમયસાર વાંચતાં જ તેમના હર્ષનો પાર ન રહ્યો જેની શોધમાં તેઓ હતા તે તેમને મળી ગયું. શ્રી સમયસારજીમાં અમૃતનાં સરોવર છલકાતાં મહારાજશ્રીના અંતરનયને જોયાં. એક પછી એક ગાથા વાંચતાં મહારાજશ્રીએ ઘુંટડા ભરી ભરીને તે અમૃત પીધું. ગ્રંથાધિરાજ સમયસારજીએ મહારાજશ્રી પર અપૂર્વ, અલૌકિક, અનુપમ ઉપકાર કર્યો અને તેમના આત્માનંદનો પાર ન રહ્યો. મહારાજશ્રીના અંતર્જીવનમાં પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજ ઘર દેખ્યું. ઉપયોગ ઝરણાનાં વહેણ અમૃતમય થયાં. જિનેશ્વરદેવનાં સુનંદન ગુરુદેવની જ્ઞાન–કળા હવે અપૂર્વ રીતે ખીલવા લાગી.

સં. ૧૯૯૧ સુધી મહારાજશ્રીએ સ્થાનકવાસી સંપ્રદાયમાં રહી બોટાદ, વઢવાણ, અમરેલી, પોરબંદર, જામનગર, રાજકોટ વગેરે ગામોમાં ચાતુર્માસ કર્યાં અને શેષ કાળમાં સેંકડો નાનામોટાં ગામોને પાવન કર્યાં. કાઠિયાવાડના હજારો માણસોને મહારાજશ્રીના ઉપદેશ પ્રત્યે બહુમાન પ્રગટ્યું. અંતરાત્મધર્મનો ઉદ્યોત ઘણો થયો. જે ગામમાં મહારાજશ્રીનું ચાતુર્માસ હોય ત્યાં બહારગામનાં હજારો ભાઈ–બહેનો દર્શનાર્થે જતાં અને તેમની અમૃતવાણીનો લાભ લેતાં. મહારાજશ્રી શ્વેતાંબર સંપ્રદાયમાં રહ્યા હોવાથી વ્યાખ્યાનમાં મુખ્યત્વે શ્વેતાંબર શાસ્ત્રો વાંચતા (જોકે છેલ્લા વર્ષોમાં સમયસારાદિ પણ સભા વચ્ચે વાંચતા હતા.) પરંતુ તે શાસ્ત્રોમાંથી, પોતાનું હૃદય અપૂર્વ હોવાથી, અન્ય વ્યાખ્યાતાઓ કરતાં જુદી જ જાતના અપૂર્વ સિદ્ધાંતો તારવતા. વિવાદના સ્થળોને છેડતા જ નહિ. ગમે તે અધિકાર તેઓશ્રી વાંચે પણ તેમાં કહેલી હકીકતોને અંતરના ભાવો સાથે મીંઢવીને તેમાંથી એવા અલૌકિક આધ્યાત્મિક ન્યાયો કાઢતા કે જે ક્યાંય સાંભળવા ન મળ્યા હોય. 'જે ભાવે તીર્થંકરનામકર્મ બંધાય તે ભાવ પણ હેય છે.....શરીરમાં રોમે રોમે તીવ્ર રોગ થવા તે દુઃખ જ નથી, દુઃખનું સ્વરૂપ જુદું છે.....વ્યાખ્યાન સાંભળી ઘણા જીવો બૂઝે તો મને ઘણો લાભ થાય એમ માનનાર વ્યાખ્યાતા મિથ્યાદૃષ્ટિ છે.....આ દુઃખમાં સમતા નહિ રાખું તો કર્મ બંધાશે–એવા ભાવે સમતા રાખવી તે પણ

મોક્ષમાર્ગ નથી......પાંચ મહાવ્રત પણ માત્ર પુણ્યબંધનાં કારણ છે.' આવા હજારો અપૂર્વ ન્યાયો મહારાજશ્રી વ્યાખ્યાનમાં અત્યંત સ્પષ્ટ રીતે લોકોને સમજાવતા. દરેક વ્યાખ્યાનમાં મહારાજશ્રી સમ્યગ્દર્શન પર અત્યંત અત્યંત ભાર મૂકતા. તેઓશ્રી અનેક વાર કહેતા કે— 'શરીરનાં ચામડા ઉતરડીને ખાર છાંટનાર ઉપર પણ ક્રોધ ન કર્યો—એવાં વ્યવહાર ચારિત્રો આ જીવે અનંત વાર પાળ્યાં છે, પણ સમ્યગ્દર્શન એક વાર પણ પ્રાપ્ત કર્યું નથી. લાખો જીવોની હિંસાના પાપ કરતાં મિથ્યાદર્શનનું પાપ અનંતગણું છે....સમકિત સહેલું નથી. લાખો કરોડોમાં કોઈક વિરલ જીવને જ તે હોય છે. સમકિતી જીવ પોતાનો નિર્ણય પોતે જ કરી શકે છે સમકિતી આખા બ્રહ્માંડના ભાવોને પી ગયો હોય છે. આજકાલ તો સૌ પોત—પોતાના ઘરનું સમકિત માની બેઠા છે. સમકિતીને તો મોક્ષના અનંત સુખની વાનગી પ્રાપ્ત થઈ હોય છે. સમકિતીનું તે સુખ, મોક્ષના સુખના અનંતમાં ભાગે હોવા છતાં, અનંત છે.' અનેક રીતે, અનેક દલીલોથી, અનેક પ્રમાણોથી, અનેક દૃષ્ટાંતોથી સમકિતનું અદ્ભુત માહાત્મ્ય તેઓશ્રી લોકોને ઠસાવતા. મહારાજશ્રીની જૈન ધર્મ પરની અનન્ય શ્રદ્ધા, આખું જગત ન માને તોપણ પોતાની માન્યતામાં પોતે એકલા ટકી રહેવાની તેમની અજબ દૃઢતા અને અનુભવના જોરપૂર્વક નીકળતી તેમની ન્યાયભરેલી વાણી ભલભલા નાસ્તિકોને વિચારમાં નાખી દેતી અને કેટલાકને આસ્તિક બનાવી દેતી. એ કેસરીસિંહનો સિંહનાદ પાત્ર જીવોના હૃદયના ઊંડાણને સ્પર્શી તેમના આત્મિકવીર્યને ઉછાળતો. સત્યના જોરે આખા જગતના અભિપ્રાયો સામે ઝૂઝતા એ અધ્યાત્મયોગીની ગર્જના જેમણે સાંભળી હશે તેમના કાનમાં હજુ તેનો રણકર ગુંજતો હશે.

આવી અદ્ભુત પ્રભાવશાળી અને કલ્યાણકારિણી વાણી અનેક જીવોને આકર્ષે એ સ્વાભાવિક છે. સાધારણ રીતે ઉપાશ્રયમાં કામધંધાથી નિવૃત્ત થયેલા વૃદ્ધ માણસો મુખ્યત્વે આવે છે, પરંતુ કાનજી મહારાજ જ્યાં પધારે ત્યાં તો યુવાનો, કેળવાયેલા માણસો, વકીલો, દાક્તરો, શાસ્ત્રના અભ્યાસીઓ વગેરેથી ઉપાશ્રય ઉભરાઈ જતો. મોટાં ગામોમાં મહારાજશ્રીનું વ્યાખ્યાન પ્રાયઃ ઉપાશ્રયમાં નહિ પણ કોઈ વિશાળ જગ્યામાં રાખવું પડતું. દિવસે દિવસે તેમની ખ્યાતિ વધતી જ ગઈ. વ્યાખ્યાનમાં હજારો માણસો આવતાં. આસપાસનાં ગામોમાંથી પણ માણસો આવતાં. આગળ જગ્યા મળે એ હેતુથી સેંકડો લોકો કલાક—દોઢદોઢ કલાક વહેલા આવીને બેસી જતા. કોઈક જિજ્ઞાસુઓ વ્યાખ્યાનોની ટૂંકી નોંધ કરી લેતા. જે ગામમાં મહારાજશ્રી પધારે તે ગામમાં શ્રાવકોના ઘરે ઘરે ધર્મની ચર્ચા ચાલતી અને સર્વત્ર ધર્મનું જ વાતાવરણ જામી રહેતું. શેરીઓમાં શ્રાવકોનાં ટોળાં ધર્મની વાતો કરતાં નજરે પડતાં. સવાર, બપોર ને સાંજ ઉપાશ્રયના રસ્તે જનસમુદાયની ભારે અવરજવર રહ્યા કરતી. ઉપાશ્રયમાં લગભગ આખો દિવસ તત્ત્વજ્ઞાનચર્ચાની શીતળ

લહરીઓ છૂટતી. કેટલાક મુમુક્ષુઓનું તો વેપારધંધામાં ચિત્ત ચોંટતું નહિ ને મહારાજશ્રીની શીતળ છાયામાં ઘણોખરો વખત ગાળતા. એ રીતે ગામોગામ અનેક સુપાત્ર જીવોના હૃદયમાં મહારાજશ્રીએ સત્‌ની રુચિનાં બીજ રોપ્યાં. મહારાજશ્રીના વિયોગમાં પણ તે મુમુક્ષુઓ મહારાજશ્રીનો બોધ વિચારતા, ભવભ્રમણ કેમ ટળે, સમ્યક્ત્વ કેમ પ્રાપ્ત થાય તેની ઝંખના કરતા, કોઈ વાર ભેગા મળીને તત્ત્વચર્ચા કરતા, મહારાજશ્રીએ કહેલાં પુસ્તકો વાંચતા વિચારતા.

સ્થાનકવાસી સાધુઓમાં મહારાજશ્રીનું સ્થાન અજોડ હતું. 'કાનજી મહારાજ શું કહે છે'—એ જાણવા સાધુ—સાધ્વીઓ ઉત્સુક રહેતાં. કેટલાક સાધુ—સાધ્વીઓ મહારાજશ્રીનાં વ્યાખ્યાનની નોંધ મુમુક્ષુ ભાઈબેનો પાસેથી મેળવી વાંચી લેતાં.

મહારાજશ્રીએ ઘણાં વર્ષો સુધી સ્થાનકવાસી સંપ્રદાયમાં રહી આત્મધર્મનો ખૂબ પ્રચાર કર્યો અને સાધુ તથા શ્રાવકોને વિચારતા કરી મૂક્યા.

મહારાજશ્રી સં. ૧૯૯૧ સુધી સ્થાનકવાસી સંપ્રદાયમાં રહ્યા. પરંતુ અંતરંગ આત્મામાં વાસ્તવિક વસ્તુસ્વભાવ અને વાસ્તવિક નિર્ગ્રંથમાર્ગ ઘણા વખતથી સત્ય લાગતો હોવાથી તેઓશ્રીએ યોગ્ય સમયે કાઠિયાવાના સોનગઢ નામના નાના ગામમાં ત્યાંના એક ગૃહસ્થના ખાલી મકાનમાં સં. ૧૯૯૧ના ચૈત્ર સુદ ૧૩ ને મંગળવારના દિને 'પરિવર્તન કર્યું—સ્થાનકવાસી સંપ્રદાયનું ચિહ્ન જે મુહપતિ તેનો ત્યાગ કર્યો. સંપ્રદાય ત્યાગનારાઓને કેવી કેવી અનેક મહાવિપત્તિઓ પડે છે. બાળ જીવો તરફથી અજ્ઞાનને લીધે તેમના પર કેવી અઘટિત નિંદાની ઝડીઓ વરસે છે. તેનો તેમને સંપૂર્ણ ખ્યાલ હતો પણ તે નીડર ને નિસ્પૃહ મહાત્માએ તેની કાંઈ પરવા કરી નહિ. સંપ્રદાયના હજારો શ્રાવકોના હૃદયમાં મહારાજશ્રી અગ્રસ્થાને બિરાજતા હતા તેથી ઘણા શ્રાવકોએ મહારાજશ્રીને પરિવર્તન નહિ કરવા અનેક પ્રકારે પ્રેમભાવે વિનવ્યા હતા. પરંતુ જેના રોમે રોમમાં વીતરાગપ્રણીત યથાર્થ સન્માર્ગ પ્રત્યે ભક્તિ ઉછળતી હતી તે મહાત્માએ પ્રેમભરી વિનવણીની અસર હૃદયમાં ઝીલી રાગમાં તણાઈ, સત્‌ને કેમ ગૌણ થવા દે? સત્ પ્રત્યેની પરમ ભક્તિમાં સર્વ પ્રકારની પ્રતિકૂળતાનો ભય ને અનુકૂળતાનો રાગ અત્યંત ગૌણ થઈ ગયા. જગતથી તદ્દન નિરપેક્ષપણે, હજારોની માનવમેદનીમાં ગર્જતો સિંહ સત્‌ને ખાતર સોનગઢના એકાંત સ્થળમાં જઈને બેઠો.

મહારાજશ્રીએ જેમાં પરિવર્તન કર્યું તે મકાન વસતિથી અલગ હોવાથી બહુ શાંત હતું. દૂરથી આવતા માણસનો પગરવ ક્યાંયથી સંભળાતો. થોડા મહિનાઓ સુધી આવા નિર્જન સ્થળમાં માત્ર (મહારાજશ્રીના પરમ ભક્ત) જીવણલાલજી મહારાજ સાથે અને

કોઈ દર્શનાર્થે આવેલા બે ચાર મુમુક્ષુઓ સાથે સ્વાધ્યાય, જ્ઞાન–ધ્યાન વગેરેમાં લીન થયેલા મહારાજશ્રીને જોતાં હજારોની માનવમેદની સ્મૃતિગોચર થતી અને તે જાહોજલાલીને સંપર્કચુકવત્ છોડનાર મહાત્માની સિંહવૃત્તિ, નિસ્પૃહતા અને નિર્માનતા આગળ હૃદય નમી પડતું.

જે સ્થાનકવાસી સંપ્રદાય કાનજીસ્વામીના નામથી ગૌરવ લેતો તે સંપ્રદાયમાં મહારાજશ્રીના 'પરિવર્તન'થી ભારે ખળભળાટ થાય એ સ્વાભાવિક છે. પરંતુ મહારાજશ્રી ૧૯૯૧ની સાલ સુધીમાં કાઠિયાવાડમાં લગભગ દરેક સ્થાનકવાસીના હૃદયમાં પેસી ગયા હતા. મહારાજશ્રી પાછળ કાઠિયાવાડ ઘેલું બન્યું હતું. તેથી 'મહારાજશ્રીએ જે કર્યું હશે તે સમજીને જ કર્યું હશે' એમ વિચારીને ધીમે ધીમે ઘણા લોકો તટસ્થ થઈ ગયા. કેટલાક લોકો સોનગઢમાં શું ચાલે છે તે જોવા આવતા, પણ મહારાજશ્રીનું પરમ પવિત્ર જીવન અને અપૂર્વ ઉપદેશ સાંભળી તેઓ ઠરી જતા, તૂટેલો ભક્તિનો પ્રવાહ ફરીને વહેવા લાગતો. કોઈ કોઈ પશ્ચાત્તાપ કરતા કે 'મહારાજ, આપના વિષે તદ્દન કલ્પિત વાતો સાંભળી અમે આપની ઘણી આશાતના કરી છે, ઘણાં કર્મ બાંધ્યાં છે. અમને ક્ષમા આપજો.' આ રીતે જેમ જેમ મહારાજશ્રીના પવિત્ર ઉજ્જવળ જીવન તેમ જ આધ્યાત્મિક ઉપદેશ વિષે લોકોમાં વાત ફેલાતી ગઈ, તેમ તેમ વધારે ને વધારે લોકોને મહારાજશ્રી પ્રત્યે મધ્યસ્થતા થતી ગઈ અને ઘણાને સાંપ્રદાયિક મોહને કારણે દબાઈ ગયેલી ભક્તિ પુનઃપ્રગટતી ગઈ. મુમુક્ષુ અને બુદ્ધિશાળી વર્ગની તો મહારાજશ્રી પ્રત્યે પહેલાનાં જેવી જ પરમ ભક્તિ રહી હતી. અનેક મુમુક્ષુઓના જીવનાધાર કાનજીસ્વામી સોનગઢમાં જઈને રહ્યા, તો મુમુક્ષુઓનાં ચિત્ત સોનગઢ તરફ ખેંચાયાં. ધીમે ધીમે મુમુક્ષુઓનાં પૂર સોનગઢ તરફ વહેવા લાગ્યાં. સાંપ્રદાયિક મોહ અત્યંત દુર્નિવાર હોવા છતાં સત્ના અર્થી જીવોની સંખ્યા ત્રણે કાળે અત્યંત અલ્પ હોવા છતાં, સાંપ્રદાયિક મોહ તેમ જ લૌકિક ભયને સોનગઢ તરફ વહેતાં સત્સંગાર્થી જનોના પૂર દિન પ્રતિદિન વેગપૂર્વક વધતાં જ જાય છે.

પરિવર્તન કર્યા પછી પૂ. મહારાજશ્રીનો મુખ્ય નિવાસ સોનગઢમાં જ છે. મહારાજશ્રીની હાજરીને લીધે સોનગઢ એક તીર્થધામ જેવું બની ગયું છે. બહારગામથી મુમુક્ષુ ભાઈ–બેનો મહારાજશ્રીના ઉપદેશનો લાભ લેવા સોનગઢ આવે છે. દૂર દેશોથી ઘણા દિગંબર જૈનો, પંડિતો, બ્રહ્મચારીઓ વગેરે પણ આવે છે. બહારગામના માણસોને જમવા તથા ઉતરવા માટે ત્યાં એક જૈનઅતિથિગૃહ છે. કેટલાક ભાઈઓ તથા બેનો ત્યાં ઘર કરીને કાયમ રહ્યાં છે. કેટલાક સત્સંગાર્થીઓ થોડા મહિનાઓ માટે પણ ત્યાં ઘર કરી અવારનવાર રહે છે. બહારગામના મુમુક્ષુઓનાં ★હાલમાં ત્યાં આગળ વીસેક ઘર છે.

પૂ. મહારાજશ્રીએ જે મકાનમાં પરિવર્તન કર્યું તે મકાન નાનું હતું, તેથી જ્યારે

ઘણા માણસો થઈ જતાં ત્યારે વ્યાખ્યાન વાંચવાની અગવડ પડતી. પર્યુષણમાં તો બીજે સ્થળે વ્યાખ્યાન વાંચવા જવું પડતું. આ રીતે મકાનમાં માણસોનો સમાવેશ નહિ થતો હોવાથી ભક્તોએ સં. ૧૯૯૪માં એક મકાન બંધાવ્યું અને તેનું નામ 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર' રાખ્યું. મહારાજશ્રી હાલમાં ત્યાં રહે છે. તેમની સાથે જીવણલાલજી મહારાજ ઉપરાંત બીજા બે ભક્તિવંત સાધુઓ સત્સંગાર્થે રહ્યા છે. ત્યાં લગભગ આખો દિવસ સ્વાધ્યાય જ ચાલ્યા કરે છે. સવારે તથા બપોરે ધર્મોપદેશ અપાય છે, બપોરના ધર્મોપદેશ પછી ભક્તિ થાય છે. રાત્રે ધર્મચર્ચા ચાલે છે. ધર્મોપદેશમાં તથા તે સિવાયના વાંચનમાં ત્યાં ભગવાન કુંદકુંદાચાર્યના શાસ્ત્રો, તત્ત્વાર્થસાર, ગોમ્મટસાર, ષટ્ખંડાગમ, પંચાધ્યાયી, પદ્મનંદિપંચવિશંતિ, દ્રવ્યસંગ્રહ, મોક્ષમાર્ગપ્રકાશક, શ્રીમદ્ રાજચંદ્ર વગેરે પુસ્તકો વંચાય છે. ત્યાં આવનાર મુમુક્ષુનો આખો દિવસ ધાર્મિક આનંદમાં પસાર થઈ જાય છે.

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી ગુરુદેવને સમયસારજી પ્રત્યે અતિશય ભક્તિ છે તેથી જે દિવસે સ્વાધ્યાય મંદિરનું ઉદ્ઘાટન થયું તે જ દિવસે એટલે સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ રવિવારના રોજ સ્વાધ્યાય મંદિરમાં શ્રી સમયસારજીની પ્રતિષ્ઠા કરવામાં આવી છે. શ્રી સમયસારજી પ્રતિષ્ઠાના મહોત્સવ પર બહારગામથી લગભગ ૭૦૦ માણસો આવ્યાં હતાં. મહારાજશ્રી સમયસારજીને ઉત્તમોત્તમ શાસ્ત્ર ગણે છે. સમયસારજીની વાત કરતાં પણ તેમને અતિ ઉલ્લાસ આવી જાય છે. સમયસારજીની પ્રત્યેક ગાથા મોક્ષ આપે એવી છે. એમ તેઓશ્રી કહે છે. ભગવાન કુંદકુંદાચાર્યના બધાં શાસ્ત્રો પર તેમને અત્યંત પ્રેમ છે. 'ભગવાન કુંદકુંદાચાર્યદેવનો અમારા પર ઘણો ઉપકાર છે, અમે તેમના દાસાનુદાસ છીએ' એમ તેઓશ્રી ઘણી વાર ભક્તિ—ભીના અંતરથી કહે છે. શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્ય મહાવિદેહ ક્ષેત્રમાં સર્વજ્ઞ વીતરાગ શ્રી સીમંધરભગવાનના સમવસરણમાં ગયા હતા અને ત્યાં તેઓશ્રી આઠ દિવસ રહ્યા હતા એ વિષે મહારાજશ્રીને અણુમાત્ર શંકા નથી. તેઓશ્રી ઘણી વાર પોકાર કરીને કહે છે : 'કલ્પના કરશો નહિ. ના કહેશો નહિ, એ વાત એમ જ છે; માનો તોપણ એમ જ છે, ન માનો તોપણ એમ જ છે, યથાતથ્ય વાત છે, અક્ષરશઃ સત્ય છે, પ્રમાણસિદ્ધ છે. શ્રીસીમંધરપ્રભુ પ્રત્યે ગુરુદેવને અપાર ભક્તિ છે. કોઈ કોઈ વખત સીમંધરનાથના વિરહે પરમ ભક્તિવંત ગુરુદેવનાં નેત્રોમાંથી અશ્રુની ધારા વહે છે.

વીતરાગના પરમ ભક્ત ગુરુદેવ કહે છે કે—'જૈન ધર્મ એ કોઈ વાડો નથી. એ તો વિશ્વધર્મ છે. જૈન ધર્મનો મેળ અન્ય કોઈ ધર્મ સાથે છે જ નહિ. જૈન ધર્મનો ને અન્ય ધર્મનો સમન્વય કરવાનો પ્રયત્ન રેશમનો કે કંતાનનો સમન્વય કરવાના પ્રયત્ન જેવો વૃથા છે.' દિગંબર જૈન તે જ વાસ્તવિક જૈન ધર્મ છે અને આંતરિક તેમ જ બાહ્ય દિગંબરના વિના કોઈ જીવ મોક્ષ પામી શકે નહિ એમ તેમની દૃઢ માન્યતા છે. તેઓશ્રીની મારફત

સમયસાર, પ્રવચનસાર, પંચાધ્યાયી, મોક્ષમાર્ગપ્રકાશક વગેરે અનેક દિગંબર પુસ્તકોનો ઘણો ઘણો પ્રચાર કાઠિયાવાડમાં થઈ રહ્યો છે. સોનગઢના પ્રકાશન ખાતામાંથી ગુજરાતી સમયસારની ૨૦૦૦ નકલો છપાઈ ને તુરત જ ખપી ગઈ. તે સિવાય સમયસાર ગુટકો, સમયસાર હરિગીત, અનુભવપ્રકાશ વગેરે ઘણા પુસ્તકો ત્યાં છપાયાં અને કાઠિયાવાડમાં ફેલાયાં. તે ઉપરાંત આત્મસિદ્ધિશાસ્ત્રની હજારો પ્રતો ત્યાંથી પ્રકાશિત થઈ પ્રચાર પામી છે. ગુજરાત કાઠિયાવાડના અધ્યાત્મપ્રેમી મુમુક્ષુઓને ગુજરાતી ભાષામાં આધ્યાત્મિક સાહિત્ય સુલભ થયું છે. કાઠિયાવાડના હજારો મુમુક્ષુઓ તેનો અભ્યાસ કરતા થયા છે. કેટલાક ગામોમાં પાંચ દશ પંદર મુમુક્ષુઓ ભેગા થઈને ગુરુદેવ પાસેથી ગ્રહણ કરેલા રહસ્ય અનુસાર સમયસારાદિ ઉત્તમ શાસ્ત્રોનું નિયમિત વાંચન–મનન કરે છે. આ રીતે પરમ પૂજ્ય ગુરુદેવની કૃપાથી પરમ પવિત્ર શ્રુતામૃતના ધોરિયા કાઠિયાવાડના ગામેગામમાં વહેવા લાગ્યા છે. અનેક સુપાત્ર જીવ એ જીવનોદકનું પાન કરી કૃતાર્થ થાય છે.

પરમ પૂજ્ય મહારાજશ્રીનું મુખ્ય વજન સમજણ પર છે. 'તમે સમજો; સમજ્યા વિના બધું નકામું છે;' એમ તેઓશ્રી વારંવાર કહે છે. 'કોઈ આત્મા–જ્ઞાની કે અજ્ઞાની–એક પરમાણુમાત્રને હલાવવાનું સામર્થ્ય ધરાવતો નથી. તો પછી દેહાદિની ક્રિયા આત્માના હાથમાં ક્યાંથી હોય? જ્ઞાની ને અજ્ઞાનીમાં આકાશ–પાતાળના અંતર જેવડો મહાન તફાવત છે, અને તે એ છે કે અજ્ઞાની પરદ્રવ્યનો તથા રાગ–દ્વેષનો કર્તા થાય છે અને જ્ઞાની પોતાને શુદ્ધ અનુભવતો થકો તેમનો કર્તા થતો નથી. તે કર્તૃત્વ છોડવાનો મહા પુરુષાર્થ દરેક જીવે કરવાનો છે તે કર્તૃત્વબુદ્ધિ જ્ઞાન વિના છૂટશે નહિ માટે તમે જ્ઞાન કરો.'—આ તેઓશ્રીના ઉપદેશનો પ્રધાન સૂર છે. જ્યારે કોઈ શ્રોતાઓ કહે કે પ્રભુ! આપ તો મેટ્રિકની ને એમ.એ.ની વાત કરો છો; અમે હજુ એકડિયામાં છીએ, અમને એકડિયાની વાત સંભળાવો;' ત્યારે ગુરુદેવ કહે છે; 'આ જૈન ધર્મનો એકડો જ છે. સમજણ કરવી તે જ શરૂઆત છે. મેટ્રિકની ને એમ.એ.ની એટલે કે નિર્ગ્રંથદશાની ને વીતરાગની વાતો તો આઘી છે. આ સમજણ કર્યે જ છૂટકો છે. એક ભવે, બે ભવે, પાંચ ભવે કે અનંત ભવે આ સમજ્યે જ મોક્ષમાર્ગની શરૂઆત થવાની છે.

પરમ પૂજ્ય મહારાજશ્રીના જ્ઞાનને સમ્યક્પણાની મહોર તો ઘણા વખતથી પડી હતી, તે સમ્યગ્જ્ઞાન સોનગઢના વિશેષ નિવૃત્તિવાળા સ્થળમાં અદ્‌ભુ સૂક્ષ્મતાને પામ્યું; નવી નવી જ્ઞાનશૈલી સોનગઢમાં ખૂબ ખીલી. અમૃતકળશમાં જેમ અમૃત ઘોળાતાં હોય તેમ ગુરુદેવના પરમ પવિત્ર અમૃતકળશસ્વરૂપ આત્મામાં તીર્થંકરદેવના વચનામૃતો ખૂબ ઘોળાયાં–ઘૂંટાયાં. એ ઘૂંટાયેલાં અમૃત કૃપાળુદેવ અનેક મુમુક્ષુઓને પીરસે છે ને ન્યાલ કરે છે. સમયસાર, પ્રવચનસાર વગેરે ગ્રંથો પર પ્રવચન કરતાં ગુરુદેવના શબ્દે શબ્દે એટલી

ગહનતા, સૂક્ષ્મતા અને નવીનતા નીકળે છે કે તે શ્રોતાજનોના ઉપયોગને પણ સૂક્ષ્મ બનાવે છે અને વિદ્વાનોને આશ્ચર્યચકિત કરે છે. જે અનંત આનંદમય ચૈતન્યઘન દશા પ્રાપ્ત કરીને સર્વજ્ઞ તીર્થંકરદેવે શાસ્ત્રો પ્રરૂપ્યાં, તે પરમ પવિત્ર દશાનો સુધાસ્યંદી સ્વાનુભૂતિસ્વરૂપ પવિત્ર અંશ પોતાના આત્મામાં પ્રગટ કરીને સદ્‌ગુરુદેવ વિકસિત જ્ઞાનપર્યાય દ્વારા શાસ્ત્રમાં રહેલાં ગહન રહસ્યો ઉકેલી, મુમુક્ષુને સમજાવી અપાર ઉપકાર કરી રહ્યા છે. સેંકડો શાસ્ત્રોના અભ્યાસી વિદ્વાનો પણ ગુરુદેવની વાણી સાંભળી ઉલ્લાસ આવી જતાં કહે છે; 'ગુરુદેવ! અપૂર્વ આપનાં વચનામૃત છે; તેનું શ્રવણ કરતાં અમને તૃપ્તિ જ થતી નથી. આપ ગમે તે વાત સમજાવો તેમાંથી અમને નવું નવું જ જાણવાનું મળે છે. નવ તત્ત્વનું સ્વરૂપ કે ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યનું સ્વરૂપ, સ્યાદ્વાદનું સ્વરૂપ કે સમ્યક્ત્વનું સ્વરૂપ, નિશ્ચયવ્યવહારનું સ્વરૂપ કે વ્રતનિયમનું સ્વરૂપ ઉપાદાન નિમિત્તનું સ્વરૂપ કે સાધ્ય સાધનનું સ્વરૂપ દ્રવ્યાયોગનું સ્વરૂપ કે ચરણાનુયોગનું સ્વરૂપ. ગુણસ્થાનનું સ્વરૂપ કે બાધક–સાધકભાવનુ સ્વરૂપ, મુનિદશાનું સ્વરૂપ કે કેવળજ્ઞાનનું સ્વરૂપ–જે જે વિષયનું સ્વરૂપ આપના મુખે અમે સાંભળીએ છીએ તેમાં અમને અપૂર્વ ભાવો દ્રષ્ટિગોચર થાય છે. અમે શાસ્ત્રોમાંથી કાઢેલા અર્થો તદ્દન ઢીલા, જડ–ચેતનના ભેળસેળવાળા, શુભને શુદ્ધમાં ખતવનારા, સંસારભવને પોષનારા, વિપરીત અને ન્યાયવિરૂદ્ધ હતા; આપના અનુભવમુદ્રિત અપૂર્વ અર્થો ટંકણખાણ જેવા–શુદ્ધ સુવર્ણ જેવા, જડ–ચેતનન ફડચા કરનારા, શુભ ને શુદ્ધનો સ્પષ્ટ વિભાગ કરનારા, મોક્ષભાવને જ પોષનારા, સમ્યક અને ન્યાયયુક્ત છે. આપના શબ્દે શબ્દે વીતરાગદેવનું હૃદય પ્રગટ થાય છે; અમે વાક્યે વાક્યે વીતરાગદેવની વિરાધના કરતા હતા. અમારું એક વાક્ય પણ સાચું નહોતું. શાસ્ત્રમાં જ્ઞાન નથી, જ્ઞાનપર્યાયમાં જ્ઞાન છે–એ વાતનો અમને હવે સાક્ષાત્કાર થાય છે. શાસ્ત્રોએ ગાયેલું જે સદ્‌ગુરુનું માહાત્મ્ય તે હવે અમને સમજાય છે. શાસ્ત્રોનાં તાળાં ઉઘાડવાની ચાવી વીતરાગદેવે સદ્‌ગુરુને સોંપી છે. સદ્‌ગુરુનો ઉપદેશ પામ્યા વિના શાસ્ત્રોનો ઉકેલ થવો અત્યંત કઠિન છે.'

પરમ કૃપાળુ ગુરુદેવનું જ્ઞાન જેવું અગાધ ને ગંભીર છે તેવી જ તેમની વ્યાખ્યાનશૈલી ચમત્કૃતિભરેલી છે. તેઓશ્રી કહેવાની વાતને એવી સ્પષ્ટતાથી, વિવિધતાથી, અનેક સાદા દાખલાઓ આપીને, શાસ્ત્રીય શબ્દોનો ઓછામાં ઓછા પ્રયોગ કરીને સમજાવે છે કે સામાન્ય મનુષ્યને પણ તે સહેલાઈથી સમજાય છે. અત્યંત ગહન વિષયને પણ અત્યંત સુગમ રીતે પ્રતિપાદિત કરવાની ગુરુદેવમાં વિશિષ્ટ શક્તિ છે. વળી મહારાજશ્રીની વ્યાખ્યાનશૈલી એટલી રસમય છે કે જેમ સર્પ મોરલી પાછળ મુગ્ધ બને છે તેમ શ્રોતાઓ મંત્રમુગ્ધ બની જાય છે; સમય ક્યાં પસાર થઈ જાય છે તેનું ભાન પણ

રહેતું નથી. સ્પષ્ટ અને રસમય હોવા ઉપરાંત મહારાજશ્રીનું પ્રવચન શ્રોતાઓમાં અધ્યાત્મનો પ્રેમ ઉત્પન્ન કરે છે. મહારાજશ્રી પ્રવચન કરતાં અધ્યાત્મમાં એવા તન્મય થઈ જાય છે. પરમાત્મદશા પ્રત્યેની એવી ભક્તિ તેમના મુખ પર દેખાય છે કે શ્રોતાઓને તેની અસર થયા વિના રહેતી નથી. અધ્યાત્મની જીવંત મૂર્તિ ગુરુદેવના દેહના અણુએ અણુમાંથી જાણે અધ્યાત્મરસ નીતરે છે, એ અધ્યાત્મમૂર્તિની મુખમુદ્રા, નેત્રો, વાણી, હૃદય બધાં એકતાર થઈ અધ્યાત્મની રેલંછેલ કરે છે અને મુમુક્ષુઓનાં હૃદયો એ અધ્યાત્મરસથી ભિંજાઈ જાય છે.

ગુરુદેવનું વ્યાખ્યાન સાંભળવું એ એક જીવનનો લ્હાવો છે. તેમનું વ્યાખ્યાન સાંભળ્યા પછી અન્ય વ્યાખ્યાતાઓના વ્યાખ્યાનોમાં રસ પડતો નથી. તેમનું વ્યાખ્યાન સાંભળનારને એટલું તો સ્પષ્ટ લાગે છે કે 'આ પુરુષ કોઈ જુદી જાતનો છે, જગતથી એ કાંઈક જુદું કહે છે, અપૂર્વ કહે છે. એના કથન પાછળ કોઈ અજબ દ્રઢતા ને જોર છે. આવું ક્યાંય સાંભળ્યું નથી.' મહારાજશ્રીના વ્યાખ્યાનમાંથી અનેક જીવો પોતપોતાની પાત્રતા અનુસાર લાભ મેળવી જાય છે. કેટલાકને સત્ પ્રત્યે રુચિ જાગે છે, કોઈ કોઈને સત્સમજણના અંકુર ફૂટે છે અને કોઈ વિરલ જીવોની તો દશા જ પલટાઈ જાય છે.

અહો! આવું અલૌકિક પવિત્ર અંતર્પરિણમન—કેવળજ્ઞાનનો અંશ અને આવો પ્રબળ પ્રભાવનાઉદય—તીર્થંકરત્વનો અંશ, એ બેનો સુયોગ આ કળિકાળમાં જોઈને રોમાંચ થાય છે. મુમુક્ષુઓનાં મહાપુણ્ય હજુ તપે છે.

અહો! એ પરમ પ્રભાવક અધ્યાત્મમૂર્તિની વાણીની તો શી વાત, તેનાં દર્શન પણ મહાપુણ્યના થોક ઊછળે ત્યારે પ્રાપ્ત થાય છે. એ અધ્યાત્મયોગીની સમીપમાં સંસારના આધિ—વ્યાધિ—ઉપાધિ ફરકી શકતાં નથી. સંસારતપ્ત પ્રાણીઓ ત્યાં પરમ વિશ્રાંતિ પામે છે અને સંસારના દુઃખો માત્ર કલ્પનાથી જ ઊભાં કરેલાં તેમને ભાસવા માંડે છે. એ વૃત્તિઓ મહા પ્રયત્ને પણ દબાતી નથી તે ગુરુદેવના સાન્નિધ્યમાં વિના પ્રયત્ને શમી જાય છે એ ઘણા ઘણા મુમુક્ષુઓનો અનુભવ છે. આત્માનું નિવૃત્તિમય સ્વરૂપ, મોક્ષનું સુખ વગેરે ભાવોની જે શ્રદ્ધા અનેક દલીલોથી થતી નથી તે ગુરુદેવનાં દર્શનમાત્રથી થઈ જાય છે. ગુરુદેવનાં જ્ઞાન ને ચારિત્ર મુમુક્ષુ પર મહા કલ્યાણકારી અસર કરે છે. ખરેખર કાઠિયાવાડને આંગણે શીતળ છાંયવાળું, વાંછિત ફળ દેનાર કલ્પવૃક્ષ ફળ્યું છે. કાઠિયાવાડના મહાભાગ્ય ખીલ્યાં છે.

હવે, સોનગઢમાં પરિવર્તન કર્યા પછીના, મહારાજશ્રીના જીવનવૃત્તાંત સાથે સંબંધ રાખતા કેટલાક પ્રસંગો કાળાનુક્રમે સંક્ષેપમાં જોઈ જઈએ.

સોનગઢથી બાર માઈલ દૂર આવેલા શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરવાની ઘણા વખતથી મહારાજશ્રીની ભાવના હતી. તે સં. ૧૯૯૫ના પોષ વદ તેરશે પૂર્ણ થઈ, લગભગ ૨૦૦ ભક્તો સહિત મહારાજશ્રીએ તે તીર્થરાજની યાત્રા અતિ ઉત્સાહ ને ભક્તિપૂર્વક કરી.

રાજકોટના શ્રાવકોના બહુ આગ્રહને લીધે સં. ૧૯૯૫માં મહારાજશ્રીનું રાજકોટ પધારવું થયું. ત્યાં દશેક માસની સ્થિતિ દરમ્યાન મહારાજશ્રીએ સમયસાર, આત્મસિદ્ધિ અને પદ્મનંદિપંચવિંશતિ પર અપૂર્વ પ્રવચનો કર્યાં. ગુરુદેવના આગળ વધેલા જ્ઞાનપર્યાયોમાંથી નીકળેલા જડ—ચેતનની વહેંચણીના, નિશ્ચય—વ્યવહારની સંધિના તેમ જ બીજા અનેક અપૂર્વ ન્યાયો સાંભળી રાજકોટના હજારો લોકો પાવન થયા અને અનેક સુપાત્ર જીવોએ પાત્રતા અનુસાર આત્મલાભ મેળવ્યો. દશ માસ સુધી 'આનંદકુંજ'માં (મહારાજશ્રી ઊતર્યા હતા તે સ્થાનમાં) નિશદિન આધ્યાત્મિક આનંદનું વાતાવરણ ગુંજી રહ્યું.

રાજકોટથી સોનગઢ પાછાં ફરતાં મહારાજશ્રી ગિરિરાજ ગિરનારતીર્થની યાત્રા કરવા પધાર્યા અને પવિત્ર નેમગિરિ ઉપર લગભગ ૩૦૦ ભક્તો સાથે ત્રણ દિવસ રહ્યા. ત્યાં એ સમવસરણના દેરાસરજીમાં તથા દિગંબર દેરાસરજીમાં ઊછળેલી ભક્તિ, એ સહસ્રામ્રવનમાં જામી ગયેલી સ્તવનભક્તિની ધૂન અને એ સમશ્રેણીની પાંચમી ટૂંકે પૂ. ગુરુદેવશ્રી 'હું એક, શુદ્ધ, સદા, અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે!' વગેરે પદો પરમ અધ્યાત્મરસમાં તરબોળ બની ગવરાવતા હતા તે વખતે પ્રસરી ગયેલું શાંત આધ્યાત્મિક વાતાવરણ—એ બધાંના ધન્ય સ્મરણો તો જીવનભર ભક્તોના સ્મરણપટ પર કોતરાઈ રહેશે.

રાજકોટ જતાં તથા ત્યાંથી પાછાં ફરતાં પરમ પૂજ્ય ગુરુદેવ રસ્તામાં આવતાં અનેક ગામોમાં વીતરાગપ્રણીત સદ્ધર્મનો ડંકો વગાડતા ગયા અને અનેક સત્પાત્રોના કર્ણપટ ખોલતા ગયા. ગામે ગામ લોકોની ભક્તિ ગુરુદેવ પ્રત્યે ઉછળી પડતી હતી અને લાઠી, અમરેલી વગેરે મોટા ગામોમાં અત્યંત ભવ્ય સ્વાગત થતું હતું. ગુરુદેવનો પ્રભાવના ઉદય જોઈ, જે કાળે તીર્થંકરદેવ વિચરતા હશે તે ધર્મકાળમાં ધર્મનું, ભક્તિનું, આધ્યાત્મનું કેવું વાતાવરણ ફેલાઈ રહેતું હશે તેનો તાદશ ચિતાર કલ્પનાચક્ષુ સમક્ષ ખડો થતો.

સં. ૧૯૯૬ના વૈશાખ માસમાં ગુરુદેવનાં પુનિત પગલાં ફરી સોનગઢમાં થયા.

ત્યાર પછી તુરત જ શેઠ કાળિદાસ રાઘવજી જસાણીના ભક્તિવંત સુપુત્રોએ શ્રી

સ્વાધ્યાય મંદિર પાસે શ્રી સીમંધરભગવાનનું જિનમંદિર બંધાવવા માંડ્યું, જેમાં શ્રી સીમંધર ભગવાનના અતિ ભાવવાહી પ્રતિમાજી ઉપરાંત શ્રી શાન્તિનાથ આદિ અન્ય ભગવંતોનાં ભાવવાહી પ્રતિમાજીની પ્રતિષ્ઠા પંચકલ્યાણકવિધિપૂર્વક સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના માંગલિક દિને થઈ. પ્રતિષ્ઠામહોત્સવમાં બહારગામના લગભગ ૧૫૦૦ માણસોએ ભાગ લીધો હતો. પ્રતિષ્ઠાના આઠે દિવસ પરમ પૂજ્ય ગુરુદેવના મુખમાંથી ભક્તિરસભીની અલૌકિક વાણી છૂટતી હતી. લોકોને પણ ઘણો ઉત્સાહ હતો, પ્રતિષ્ઠાદિન પહેલાં થોડા દિવસે શ્રી સીમંધર ભગવાનના પ્રથમ દર્શને પરમ પૂજ્ય ગુરુદેવની આંખોમાંથી આંસુ વહ્યાં હતાં. સીમંધર ભગવાન મંદિરમાં પ્રથમ પધાર્યા ત્યારે ગુરુદેવને ભક્તિરસની ખુમારી ચડી ગઈ અને આખો દેહ ભક્તિરસના મૂર્ત સ્વરૂપ જેવો શાંત શાંત નિશ્ચેષ્ટ ભાસવા લાગ્યો. ગુરુદેવથી સાષ્ટાંગ પ્રણમન થઈ ગયું અને ભક્તિરસમાં અત્યંત એકાગ્રતાને લીધે દેહ એમ ને એમ બે ત્રણ મિનિટ સુધી નિશ્ચેટપણે પડી રહ્યો. આ ભક્તિનું અદ્‌ભુત દૃશ્ય, પાસે ઊભેલા મુમુક્ષુઓથી જીરવી શકાતું નહોતું; તેમનાં નેત્રોમાં અશ્રુ ઊભરાયાં અને ચિત્તમાં ભક્તિ ઊભરાઈ. ગુરુદેવે પોતાના પવિત્ર હાથે પ્રતિષ્ઠા પણ ભક્તિભાવમાં જાણે દેહનું ભાન ભૂલી ગયા હોય એવા અપૂર્વભાવે કરી હતી.

આ જિનમંદિરમાં બપોરના વ્યાખ્યાન પછી દરરોજ પોણો કલાક ભક્તિ થાય છે. ભક્તિમાં પરમ પૂજ્ય ગુરુદેવ પણ હાજર રહે છે. બપોરનું પ્રવચન સાંભળતાં આત્માના સૂક્ષ્મ સ્વરૂપના પ્રણેતા વીતરાગ ભગવંતનું માહાત્મ્ય હૃદયમાં સ્ફુર્યું હોય છે તેથી પ્રવચનમાંથી ઊઠી તુરત જ જિનમંદિરમાં ભક્તિ કરતાં વીતરાગદેવો પ્રત્યે પાત્ર જીવોને અદ્‌ભુત ભાવ ઉલ્લસે છે. આ રીતે જિનમંદિર જ્ઞાન ને ભક્તિના સુંદર સુમેળનું નિમિત્ત બન્યું છે.

શ્રી જિનમંદિર બંધાયા પછી એક વર્ષે થોડા મુમુક્ષુભાઈઓ દ્વારા જિનમંદિરની પાસે જ શ્રી સમવસરણ મંદિર બંધાયું. તેમાં શ્રી સીમંધર ભગવાનનાં અતિ ભાવવાહી ચતુર્મુખ પ્રતિમાજી બિરાજે છે. સુંદર આઠ ભૂમિ, કોટ (મુનિઓ, અર્જિકાઓ, દેવો, મનુષ્યો, તિર્યંચો વગેરેની સભાઓ સહિત), શ્રીમંડપ, ત્રણ પીઠિકા, કમળ, ચામર, છત્ર, અશોકવૃક્ષ, વિમાનો વગેરેની શાસ્ત્રોક્ત વિધિથી તેમાં અતિ આકર્ષક રચના છે. મુનિઓની સભામાં શ્રી સીમંધર ભગવાન સામે અત્યંત ભાવપૂર્વક હાથ જોડીને ઊભેલા શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યના અતિ સૌમ્ય મુનવંત પ્રતિમાજી છે. પ્રતિષ્ઠામહોત્સવ સં. ૧૯૯૮ના વૈશાખ વદ ૬ના માંગલિક દિવસે થયો હતો અને તે પ્રસંગે બહારગામથી લગભગ ૨૦૦૦ માણસો આવ્યાં હતાં. શ્રી સમવસરણના દર્શન કરતાં, શ્રીમદ્‌ ભગવત્કુંદકુંદાચાર્ય સર્વજ્ઞ વીતરાગ શ્રી સીમંધર ભગવાનના સમવસરણમાં ગયા હતા તે

પ્રસંગ મુમુક્ષુનાં નેત્રો સમક્ષ ખડો થાય છે અને તેની સાથે સંકળાયેલા અનેક પવિત્ર ભાવોમાં હૃદયમાં સ્ફુરતાં મુમુક્ષુનું હૃદય ભક્તિ ને ઉલ્લાસથી ઊછળી પડે છે. શ્રી સમવસરણ મંદિરમાં થતાં, મુમુક્ષુઓને તેમના અંતરનો એક પ્રિયતમ પ્રસંગ દૃષ્ટિગોચર કરવાનું નિમિત્ત પ્રાપ્ત થયું છે.

સં. ૧૯૯૮ના અષાઢ વદ એકમના રોજ શ્રી સોનગઢમાં શ્રી ગુરુરાજે સભા સમક્ષ શ્રી પ્રવચનસારનું વાંચન શરૂ કર્યું હતું તેમાંથી જ્ઞેય અધિકાર ઉપડતા અનેક વર્ષોમાં જોયેલ તેનાથી પણ કોઈ અચિંત્ય ને આશ્ચર્યકારક ગુરુદેવના અંતર આત્મમાંથી નિર્મળ ભાવશ્રુતજ્ઞાનની પર્યાયમાંથી સુક્ષ્મને ગહન એવો શ્રુતનો ધોધ વહેવા લાગ્યો તે ધોધ જેણે માણ્યો હશે ને બરાબર શ્રવણ કર્યો હશે તેને ખ્યાલ હશે બાકી તો શું કહી શકાય?

શ્રવણ કરતાં એમ થતું હતું કે આ તે કોઈ આશ્ચર્યકારી આત્મવિભૂતિ જોવાનું સુભાગ્ય પ્રાપ્ત થયું! કે કોઈ અચિંત્ય શ્રુતની નિર્મળ શ્રેણી જોવાનું સુભાગ્ય પ્રાપ્ત થયું? ખરેખર આત્મસ્વરૂપવૃદ્ધિરૂપ તે ધન્ય પ્રસંગ સદાયને માટે હૃદયના જ્ઞાનપટ પર કોતરાઈ રહેશે. ને ફરી ફરી આવા અનેક તરહના સુપ્રસંગો સંપ્રાપ્ત થશે.

સં. ૧૯૯૮ના ભાદરવા સુદ પાંચમના રોજ સોનગઢમાં શ્રી સનાતન જૈન બ્રહ્મચર્યાશ્રમ સ્થાપવામાં આવ્યું છે. તેમાં ત્રણ વર્ષનો અભ્યાસક્રમ રાખવામાં આવ્યો છે. દશેક બ્રહ્મચારીઓ તેમાં જોડાયા છે. તેમાં જોડાનાર બ્રહ્મચારી ત્યાં ત્રણ વર્ષ સુધી રહી દરરોજ ત્રણેક કલાક નિયત કરેલા ધાર્મિક પુસ્તકોનું શિક્ષણ પ્રાપ્ત કરે છે, તે પ્રાપ્ત થયેલા શિક્ષણને એકાંતમાં સ્વાધ્યાય દ્વારા દૃઢ કરે છે અને મહારાજશ્રીનાં પ્રવચનો, ભક્તિ વગેરેમાં ભાગ લે છે; એમ આખો દિવસ ધાર્મિક પ્રવૃત્તિમાં ગાળે છે.

પરમ પૂજ્ય ગુરુદેવ ફરીને પાછા રાજકોટના શ્રાવકોના આગ્રહને લીધે અને પ્રભાવનાઉદયને લીધે સં. ૧૯૯૮ના ફાગણ સુદ પાંચમના રોજ સોનગઢથી વઢવાણ રસ્તે રાજકોટ જવા માટે વિહાર કર્યો છે. અમૃત વરસતા મહામેઘની જેમ રસ્તામાં આવતા દરેક ગામમાં ગુરુદેવ પરમાર્થ—અમૃતનો ધોધમાર વરસાદ વરસાવતા જાય છે અને અનેક તૃષાવંત જીવોની તૃષા છિપાવતા જાય છે. હજારો ભાગ્યવંત જીવો—જૈનોને જૈનેતરો—એ અમૃતવર્ષાને ઝીલી સંતુષ્ટ થાય છે. જૈનેતરો પણ ગુરુદેવનો આધ્યાત્મિક ઉપદેશ સાંભળી દિંગ થઈ જાય છે. જૈન દર્શનમાં માત્ર બાહ્ય ક્રિયાનું જ પ્રતિપાદન નથી પણ તેમાં સૂક્ષ્મ તત્ત્વજ્ઞાન ભરપૂર ભરેલું છે એમ સમજાવતાં તેમને જૈન દર્શન પ્રત્યે બહુમાન પ્રગટે છે. ગામેગામ બાળકો, યુવાનો ને વૃદ્ધોમાં, જૈનો ને જૈનેતરોમાં મહારાજશ્રી આત્મવિચારનાં પ્રબળ આંદોલનો ફેલાવતા જાય છે અને 'આ મોંઘા મનુષ્યભવમાં જો જીવે દેહ, વાણી

અને મનથી પર એવા પરમ તત્ત્વનું ભાન ન કર્યું, તેની રુચિ પણ ન કરી, તો આ મનુષ્યભવ નિષ્ફળ છે' એમ દાંડી પીટીને જાહેર કરતા જાય છે.

એ અમૃતસિંચક યોગિરાજ કાઠિયાવાડની બહાર વિચર્યા નથી જો તેઓશ્રી હિંદુસ્તાનમાં વિચરે તો આખા ભારતવર્ષમાં★ ધર્મની પ્રભાવના કરી હજારો તૃષાવંત જીવોની તૃષા છિપાવી શકે એવી અદ્ભુત શક્તિ તેમનામાં દેખાય છે.

આવી અદ્ભુત શક્તિના ધરનાર પવિત્રાત્મા કાનજીસ્વામી કાઠિયાવાડની મહા પ્રતિભાશાળી વિભૂતિ છે. તેમના પરિચયમાં આવનાર પર તેમના પ્રતિભાયુક્ત વ્યક્તિત્વનો પ્રભાવ પડ્યા વિના રહેતો નથી. તેઓશ્રી અનેક સદ્ગુણોથી અલંકૃત છે. તેમની કુશાગ્ર બુદ્ધિ દરેક વસ્તુના હાર્દમાં ઊતરી જાય છે. તેમની સ્મરણશક્તિ વર્ષોની વાતને તિથિવાર સહિત યાદ રાખી શકે છે. તેમનું હૃદય વજ્રથીયે કઠણ ને કુસુમથીયે કોમળ છે. તેઓશ્રી અવગુણ પાસે અણનમ હોવા છતાં સહેજ ગુણ દેખતાં નમી પડે છે. બાળબ્રહ્મચારી કાનજીસ્વામી એક અધ્યાત્મમસ્ત આત્માનુભવી પુરુષ છે. અધ્યાત્મમસ્તી તેમની રગેરગમાં વ્યાપી ગઈ છે. આત્માનુભવ તેમના શબ્દે શબ્દમાં ઝળકે છે. તેમના શ્વાસે શ્વાસે 'વીતરાગ! વીતરાગ!'નો રણકાર ઊઠે છે. કાનજીસ્વામી કાઠિયાવાડનું અદ્વિતીય રત્ન છે. કાઠિયાવાડ કાનજીસ્વામીથી ગૌરવવંત છે.

વૈશાખ સુદ ૨,
વિ.સં. ૧૯૯૯

**હિંમતલાલ જેઠાલાલ શાહ**
**(બી.એસ.સી.)**

★ હવે તો તેઓશ્રી ઉત્તર--દક્ષિણ ભારતના તીર્થોની બે--બે વખત યાત્રા કરીને કાઠિયાવાડની બહાર તથા વિદેશમાં પણ વિચર્યા છે અને સમસ્ત ભારત તેમજ વિદેશમાં લાખો તૃષાવંત જીવોની તૃષા છિપાવી છે.

ॐ

# ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ

વિષે

## ઉલ્લેખો

*

वन्द्यो विभुर्भुवि न कैरिह कौण्डकुन्दः
कुन्द-प्रभा-प्रणयि-कीर्ति-विभूषिताशः ।
यश्चारु-चारण-कराम्बुजचञ्चरीक-
श्चक्रे श्रुतस्य भरते प्रयतः प्रतिष्ठाम् ।।

[ચંદ્રગિરિ પર્વત પરનો શિલાલેખ]

અર્થ :—કુન્દપુષ્પની પ્રભા ધરનારી જેમની કીર્તિ વડે દિશાઓ વિભૂષિત થઈ છે, જેઓ ચારણોનાં—ચારણઋદ્ધિધારી મહામુનિઓનાં—સુંદર હસ્તકમળોના ભ્રમર હતા અને જે પવિત્રાત્માએ ભરતક્ષેત્રમાં શ્રુતની પ્રતિષ્ઠા કરી છે, તે વિભુ કુંદકુંદ આ પૃથ્વી પર કોનાથી વંદ્ય નથી?

*

................कोण्डकुन्दो यतीन्द्रः ।।
रजोभिरस्पृष्टतमत्वमन्त-
र्बाह्येपि संव्यञ्जयितुं यतीशः ।
रजःपदं भूमितलं विहाय
चचार मन्ये चतुरङ्गुलं सः ।।

[વિંધ્યગિરિ–શિલાલેખ]

અર્થ :—યતીશ્વર (શ્રી કુંદકુંદસ્વામી) રજઃસ્થાનને—ભૂમિતળને—છોડીને ચાર આંગળ ઊંચે આકાશમાં ચાલતા હતા તે દ્વારા હું એમ સમજું છું કે, તેઓશ્રી અંદરમાં તેમ જ બહારમાં રજથી (પોતાનું) અત્યંત અસ્પૃષ્ટપણું વ્યક્ત કરતા હતા (—અંદરમાં તેઓ રાગાદિક મળથી અસ્પૃષ્ટ હતા અને બહારમાં ધૂળથી અસ્પૃષ્ટ હતા).

*

जइ पउमणंदिणाहो सीमंधरसामिदिव्वणाणेण।
ण विबोहइ तो समणा कहं सुमग्गं पयाणंति ।।

[दर्शनसार]

અર્થ :—(મહાવિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકરદેવ) શ્રી સીમંધરસ્વામી પાસેથી મળેલા દિવ્ય જ્ઞાન વડે શ્રી પદ્મનંદિનાથે (શ્રી કુંદકુંદાચાર્યદેવે) બોધ ન આપ્યો હોત તો મુનિજનો સાચા માર્ગને કેમ જાણત?

*

હે કુંદકુંદાદિ આચાર્યો! તમારાં વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયાં છે. તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું.

[શ્રીમદ્ રાજચંદ્ર]

*

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવનો અમારા પર ઘણો ઉપકાર છે, અમે તેમના દાસાનુદાસ છીએ. શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહક્ષેત્રમાં સર્વજ્ઞ વીતરાગ શ્રી સીમંધર ભગવાનનાં સમવસરણમાં ગયા હતા અને ત્યાં તેઓશ્રી આઠ દિવસ રહ્યા હતા એ વિષે અણુમાત્ર શંકા નથી. એ વાત એમ જ છે; કલ્પના કરશો નહિ, ના કહેશો નહિ; માનો તોપણ એમ જ છે, ન માનો તોપણ એમ જ છે. યથાતથ્ય વાત છે, અક્ષરશઃ સત્ય છે, પ્રમાણસિદ્ધ છે.

[ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી ]

*

ૐ

## ✻ જિનજીની વાણી ✻

[રાગ-આશાભર્યા અમે આવિયા]

સીમંધર મુખથી ફૂલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
જિનજીની વાણી ભલી રે.

વાણી ભલી, મન લાગે રળી,
જેમાં સાર-સમય શિરતાજ રે,
જિનજીની વાણી ભલી રે......સીમંધર૦

ગૂંથ્યાં પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,
જિનજીની વાણી ભલી રે.

ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર,
ગૂંથ્યો સમયનો સાર રે,
જિનજીની વાણી ભલી રે.......સીમંધર૦

સ્યાદ્વાદ કેરી સુવાસે ભરેલો
જિનજીનો ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.

વંદું જિનેશ્વર, વંદું હું કુંદકુંદ,
વંદું એ ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.......સીમંધર૦

હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
જિનજીની વાણી ભલી રે.

જિનેશ્વરદેવની વાણીના વાયરા
વાજો મને દિનરાત રે,
જિનજીની વાણી ભલી રે.......સીમંધર૦

*રચયિતા : હિંમતલાલ જેઠાલાલ શાહ*

# ગુરુદેવ ઉપકાર

(મંદાક્રાન્તા)

જ્યાં જોઉં ત્યાં નજર પડતાં રાગ ને દ્વેષ હા! હા!
જ્યાં જોઉં ત્યાં શ્રવણ પડતી પુણ્ય ને પાપ ગાથા;
જિજ્ઞાસુને શરણ સ્થળ ક્યાં? તત્ત્વની વાત ક્યાં છે?
પૂછે કોને પથ પથિક જ્યાં આંધળા સર્વ પાસે.

(શાર્દૂલવિક્રીડિત)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી, ગગનથી ઓ કહાન! તું ઊતરે,
અંધારે ડૂબતા અખંડ સતને તું પ્રાણવંતું કરે.
જેનો જન્મ થતાં સહુ જગતનાં પાખંડ પાછાં પડે,
જેનો જન્મ થતાં મુમુક્ષુહૃદયો ઉલ્લાસથી વિકસે;
જેના જ્ઞાનકટાક્ષથી ઉદય ને ચૈતન્ય જુદાં પડે,
ઈન્દ્રો એ જિનસુતના જનમને આનંદથી ઊજવે.

(અનુષ્ટુપ)

ડૂબેલું સત્ય અંધારે, આવતું તરી આખરે;
ફરી એ વીરવાક્યોમાં પ્રાણ ને ચેતના વહે.

ॐ

नमः सिद्धेभ्यः।

અધ્યાત્મયોગી શ્રી કાનજીસ્વામીનાં

# શ્રી સમયસારશાસ્ત્ર પર પ્રવચનો[1]

## પ્રારંભિક મંગલાચરણ

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः।।

### શ્રી પંચપરમેષ્ટિને નમસ્કાર.

પ્રથમ ''ૐ'' શબ્દ છે. જ્યારે આત્મા સર્વજ્ઞ વીતરગ ભગવાન અર્હંત પરમાત્મા થાય છે ત્યારે પૂર્વ બંધાયેલાં તીર્થંકર નામકર્મ પ્રકૃતિના પુણ્ય પ્રારબ્ધના કારણે દિવ્યવાણીનો યોગ હોવાથી હોઠ બંધ છતાં આત્માના સર્વ પ્રદેશોથી ૐકાર એકાક્ષરી(અનક્ષરી) દિવ્યવાણી છૂટે છે (તેને વચન ઈશ્વર અર્થાત્ વાગીશ્વરી કહેવાય છે, તે શબ્દ બ્રહ્મરૂપ છે). અર્હંત પરમાત્મા તદ્દન અકષાય શુદ્ધ ભાવે પ્રણમેલા છે, તેથી તેનું નિમિત હોવાથી વાણી પણ એકાક્ષરી થઈ જાય છે ને તે વાણી ૐકારપણે ઈચ્છા વિના છૂટે છે; એવો ૐકાર દિવ્ય ધ્વનિ—સરસ્વતીરૂપે તીર્થંકરની વાણી સહજ છૂટે છે.

---

૧. આ પ્રવચનો વાંચનકારે ગુજરાતી સમયસાર સાથે રાખી વાંચવા.

*ૐકારમય ધ્વનિ—તીર્થંકર ભગવાનની અખંડ દેશના સાંભળનાર ભવ્ય જીવ,

અંદરથી અપૂર્વ ભાવે ઉછળીને સહજ હા લાવે કે હું પૂર્ણ કૃતકૃત્ય અવિનાશી શુધ્ધ આત્મા છું આવો—આવડો જ છું, એવી સહજ હા લાવનાર લાયક જીવ અવિનાશી મંગળ પર્યાયને પામે છે. નિત્ય સ્વભાવ ભાવે, નિત્ય મંગળ પર્યાયે જે જીવ પરિણમ્યો છે, તે ભવ્ય જીવ પરમાર્થના આશ્રયવાળો નૈગમનયે થઈ ચૂક્યો છે. પૂર્ણતાના લક્ષે પુરુષાર્થ ઉપાડીને અલ્પકાળમાં પૂર્ણ પવિત્ર પરમાત્મદશા જે શક્તિપણે છે, તેને તે પ્રગટ કરે છે.

અહીં ૐકારથી શુદ્ધ સ્વરૂપને નમસ્કાર કરે છે. ઉત્કૃષ્ટ આત્મસ્વભાવ પૂર્ણ વીતરાગ સ્વભાવમય શુદ્ધ સિદ્ધદશા જેને પ્રગટ છે, તેને ઓળખીને જે નમસ્કાર કરે છે તે જ નિશ્ચય સ્તુતિ છે. પરમાત્માને નમસ્કાર કરનાર પોતાના ભાવે પોતાના ઈષ્ટ સ્વભાવને નમે છે, તેમાં જ ઢળે છે.

સ્વાધ્યાય શરૂ કરતાં પ્રથમ ભગવાનની દિવ્યવાણીને નમસ્કારરૂપ મંગળ કર્યું છે.

સ્વાધ્યાય એટલે સ્વસન્મુખ જવું, સ્વભાવના અભ્યાસે જ પરિણમવું. અધિ—સન્મુખ; આય=જોડાવું; સ્વરૂપમાં જ જોડાવું તે સ્વાધ્યાય છે. મંગળ એટલે પાપને ગાળે અને પવિત્રતાને પમાડે તે. પૂર્ણ પવિત્ર સર્વજ્ઞ સ્વભાવ પ્રગટ છે એવા ત્રિલોકનાથ તીર્થંકરદેવની અખંડ દેશના જે ભવ્ય જીવ અંતરમાં શ્રુતગણ કરી, અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને નિશ્ચયથી જાણી, ''હું પણ આવો જ છું'' એમ પૂર્ણ સ્વાધીન સ્વભાવદૃષ્ટિપણે અભેદ લક્ષ કરે છે, તે પોતે અવિનાશી મંગળિક થઈ પુણ્ય-પાપ ઉપાધિમય સર્વ કર્મનો નાશ કરે છે.

**ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः ।**
**कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः ।।१।।**

**ભાવાર્થ :**—ૐકાર—વાચક છે, તેનો વાચ્યભાવ ૐકાર શુદ્ધ આત્મા છે. તે શુદ્ધ આત્મસ્વરૂપની ઓળખાણ અને રુચિ પરમાત્મપદરૂપ પૂર્ણ પવિત્ર ઈષ્ટને દેનારી છે. યોગીપુરુષો તે શુદ્ધાત્માનું નિત્ય ધ્યાન કરે છે, તેના ફળરૂપે મોક્ષ પામે છે અને કંઈક દશા અધૂરી હોય તો સ્વર્ગ પામી પછી મનુષ્ય થઈ મોક્ષ પામે છે; તેવા ૐને વારંવાર નમસ્કાર હો!

---

* અ=અરિહંત; અ=અશરીરી સિદ્ધ પરમાત્મા;
આ=આચાર્ય; ઉ=ઉપાધ્યાય; મ=મુનિ.
અ + અ + આ + ઉ + મ = ૐ; આ મહામંત્રમાં પંચપરમેષ્ઠિપદ, સર્વશાસ્ત્રનો સાર, સર્વગુણસંપન્ન શુદ્ધ આત્મસ્વરૂપનો ભાવ સમાય છે.

**अविरलशब्दघनौघप्रक्षालितसकलभूतलमलकलङ्का ।**
**मुनिभिरुपासिततीर्था सरस्वती हरतु नो दुरितान् ।।२।।**

**ભાવાર્થ :—**જેમાં છિદ્ર નથી એવા એકાક્ષરી ૐકાર દિવ્યધ્વનિની દિવ્યધારારૂપી તીર્થંકર ભગવાનની અખંડ દેશના, સત્‌બોધ સરસ્વતી, તે સમ્યગ્જ્ઞાનને કહેનારી છે; તે કેવી છે? તો કહે જેમ મઘવર્ષા પૃથ્વીના મેલને ધોઈ નાખે છે તેમ વીતરાગ ભગવાનની દિવ્યવાણીરૂપી સરસ્વતીને અખંડ જ્ઞાનધારાપણે ઝીલીને ભવ્યજનોએ દોષ—દુઃખરૂપ મળ મેલ પાપને ધોઈ નાખ્યા છે. અશુદ્ધ પરિણતિનો નાશ કર્યો છે અને સંત—મુનિઓ તે વડે તરી ગયા છે.

હવે બીજા મંગળમાં શ્રી ગુરુદેવને નમસ્કાર કરે છે :—

**अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया ।**
**चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ।।३।।**

**ભાવાર્થ :—**એવા શ્રીગુરૂને હું નમસ્કાર કરું છું. કેવા છે શ્રી ગુરુ? કે સ્વરૂપમાં ભ્રાંતિરૂપ રાગ-દ્વેષ-મોહનો નાશ કરી શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરાવનારા છે અને સત્ પુણ્યને દેનારા છે. જ્ઞાનીનું વચન લાયક જીવને પ્રતિબોધ પમાડે છે, તેની નિર્દોષ વાણી સાવધાન થઈ શ્રુતગત કરો, એટલે મોહનો અભાવ કરી સ્વરૂપમાં સાવધાન રહો, નિત્ય સ્વાધ્યાય કરો.

શુદ્ધ સાધ્યના યથાર્થ નિશ્ચયરૂપ શુદ્ધતત્ત્વદૃષ્ટિ વડે અસંગ, નિર્મળ જ્ઞાયક સ્વભાવને જાણીને તેમાં ઠરવું—ટકવું, તે જ આ પરમ આગમ શાસ્ત્રનો સાર છે.

ભાષાંતર કર્તાના મંગલાચરણના કોઈ કોઈ અર્થ :—

શારદા=જ્ઞાન અને સતબોધ કહેનાર સરસ્વતી=વાણી. નિયોગ=સંબંધ; મેળ. ધર્મધનભોગ=વીતરાગ ધર્મરૂપી ધનનો ભોગવટો. શુભવાર=શુભ પ્રકાર. શુભ=પવિત્ર. કાળ=સ્વકાળ. નયનસાર=નવા નવા ન્યાયોનો સાર. જ્ઞાનના પવિત્ર અંશો વડે સ્વાધ્યાય વધતાં, સ્વકાળનો અકષાય પુરુષાર્થનો સાર વધતો જાય છે.

પદ પદ માર દહે દુઃખકાર=પર્યાયે પર્યાયે અંતરજ્ઞાનના તર્કના બળ વડે પાપરૂપી દુઃખકારી મરણ—ભાવમરણનો નાશ કરે છે. લય લય પાર ગ્રહે ભવધાર—સ્વરૂપની લીનતા ગ્રહતો ગ્રહતો કર્મભાવરૂપ ભવને ધારણ કરવાનું કારણ બંધભાવ એટલે ભવનો ભાવ, તેનો નાશ કરે છે. શિષ્ટાચાર=શ્રેષ્ઠ આચાર. જિન=વીતરાગ. રાજ=શોભાયમાન. મુદ્રા=મહોરછાપ. ચેન=આનંદ.

દ્રવ્યકર્મ એટલે જ્ઞાનાવરણ આદિ આઠ કર્મ. (તેના પેટા ભેદ ૧૪૮ પ્રકૃતિ છે. વિશેષ માટે જુઓ ગાથા ૧૯મી કર્મ-નોકર્મ) ભાવકર્મ એટલે રાગ-દ્વેષ અને રાગ-દ્વેષ એટલે દ્રવ્યકર્મનું નિમિત પામી, એક એક સમય જેવડી ક્ષણિક વિકારી અવસ્થાનું કાર્ય, અથવા ચારિત્ર ગુણનો વિકાર. કર્મચેતના=હું રાગ, હું મોહ એવા શુભ–અશુભ ભાવ કરવામાં ચેતનાનું જોડાવું. કર્મફળ ચેતના=હરખ શોકના ભોગવટામાં ચેતનાનું જોડાવું; અગ્નિની ઉજળાઈમાં ઊણપ થાય છે, તે લીલા લાકડાનું નિમિત પામી ધૂમાડો ઊઠે છે તે કારણે છે તે ઉણપ–અગ્નિનું મૂળ સ્વરૂપ (અસલી સ્વાભાવિક સ્વરૂપ) નથી. તેમ ચૈતન્ય આત્મા સ્વભાવે શુદ્ધ છે પણ પર નિમિતે વર્તમાન અવસ્થાની કચાશના કારણે (અવગુણરૂપ ઊણપના કારણે) ભૂલ કરે તો રાગ-દ્વેષરૂપ ધૂમાડો ઊઠે છે; તે ભાવકર્મ અથવા કર્મભાવ કહેવામાં આવે છે, તે આત્માનું અસલી–મૂળ સ્વરૂપ એટલે કે સ્વાભાવિક સ્વરૂપ નથી. સમ્યક્દૃષ્ટિ ભાવકર્મને પરજ્ઞેય માને છે, તેનો સ્વામી થતો નથી, કારણકે જ્ઞાન ચેતનાનો તે સ્વામી રહે છે. દૃષ્ટિના બળ વડે ભાવકર્મને નિમિતમાં નાખે છે.

ભાવકર્મ=શુભ-અશુભ ભાવમાં જોડાણ; પોતે વિકારી થઈ ઉદયકર્મને વશ થતો પુણ્ય-પાપરૂપ કર્મભાવમાં ઢળતી વિકારી અવસ્થા; કોઈ પણ પદાર્થમાં ઠીક–અઠીકપણું નથી છતાં તેનાથી ઠીક–અઠીકપણાની કલ્પના ઉત્પન્ન કરવી, તે ભાવકર્મ છે, તે જ રાગ-દ્વેષ છે. કર્મભાવ, બંધભાવ, વિકારીભાવ, વિભાવભાવ, અસ્થિરતા, ઉંધો પુરુષાર્થ, ચંચળતા, દુઃખરૂપી, આકુળીતભાવ, કલુષતા વિગેરે શબ્દો એકાર્થ છે.

પરના નિમિતે, પોતાની યોગ્યતાના કારણે જીવ ભૂલ કરે તો રાગ-દ્વેષરૂપ ધૂમાડો ઊઠે છે તે અશુદ્ધ ઉપાદાન આશ્રિત જીવની અરૂપી અવસ્થા છે તે સ્થિર વીતરાગ સ્વભાવ નામનો ચારિત્રગુણ જીવમાં છે તેની વિકારરૂપ ઊંધી અવસ્થા છે.

આ ક્ષણિક વિકારી અવસ્થાનો ચૈતન્ય સ્વભાવમાં પ્રવેશ નથી. તેનો (આત્માનો) સ્વભાવ તો પરનિમિત રહિત ત્રિકાળ શુદ્ધ જ છે, કારણકે વિકાર થવામાં કર્મના નિમિતની હાજરી હોય છે. જો પરનિમિત્ત વિના જ વિકાર થાય તો દોષપૂર્ણ સ્વભાવ થઈ જાય, તો તે ટળે નહિ; પણ આ ભૂલ ક્ષણિક અવસ્થા પૂરતી છે, તે ત્રિકાળી સ્વભાવના ભાન વડે ટળે છે; તેથી જે ટળે તે સ્વભાવના ઘરનું કેમ કહેવાય? જે ત્રિકાળ સાથે રહે તે જ પોતાનું ગણાય, માટે તે ક્ષણિક વિકારી અવસ્થાનો સ્વભાવમાં પ્રવેશ નથી.

દૃષ્ટાંતઃ—અગ્નિનો સ્વભાવ ધૂમાડાવાળો નથી તોપણ વર્તમાન અવસ્થાની

કચાશના કારણે, લીલાં લાકડાનાં નિમિતે ધૂમાડો ઉઠે છે, તેથી અગ્નિની ઉજળાઈમાં ઊણપ દેખાય છે. નિમિત્તનો અભાવ થતા ધૂમાડો બંધ થઈ જાય છે, તેથી તે અગ્નિનું મૂળ સ્વરૂપ નથી; ''તેમ ચૈતન્ય સ્વભાવે શુદ્ધ છે.'' ભાવકર્મ તે, જીવમાં કર્મના નિમિત્તને વશ પોતાથી કરવામાં આવતો વિકારી ભાવ છે. તે પર્યાય દૃષ્ટિની અપેક્ષાએ 'અભિન્ન' અને સ્વભાવની અપેક્ષાએ 'ભિન્ન એકાકાર' છે. તેનું દૃષ્ટાંતઃ—પાણી સ્વભાવે શીતળ છે અને અગ્નિના નિમિતે પાણીની વર્તમાન અવસ્થા ઉષ્ણ થઈ છે તે સાચી છે, પાણીની જ તે અવસ્થા છે; તાત્પણ તે અવસ્થા ટળી શક છે, તેથી ક્ષણિક છે. તે લાંબો કાળ ટકી શકે નહીં. પાણી સ્વભાવે શીતળ છે. ગમે તેટલા અગ્નિના ભડકા હોય છતાં તેની ઉપર ઉષ્ણ અવસ્થાવાળું પાણી નાખવામાં આવે તો ચૂલા નીચેની અગ્નિના ભડકાને ઓલવી નાખવાનો પાણીનો શીતળ સ્વભાવ ટળ્યો નથી.

માટે આચાર્ય ભગવાન વિકારી અવસ્થાને ગૌણ કરીને, તથા ઉઘડતી નિર્મળ પર્યાયના ભેદને લક્ષને પણ ગૌણ કરીને, શુદ્ધનયને મુખ્ય કરી એકલા ત્રિકાળી શુદ્ધ સ્વભાવનો જ આશ્રય કરાવે છે; સામાન્ય નિર્મળ સ્વભાવને લક્ષે દરેક સમયે થતી નિર્મળ પર્યાય સામાન્યમાં ભળે છે; સામાન્યના વલણમાં પુરુષાર્થનું જોર વધતાં પૂર્ણ કેવળ—પર્યાય ઉઘડે છે; તે જ સાધ્યની સિદ્ધિ છે, પ્રાપ્તિની પ્રાપ્તિ છે.

નોકર્મઃ—ઔદારિક, તૈજસ, વૈક્રિયક, આહારાક શરીર આદિ, તથા મન-વચન-કાયા, ધન-ધાન્ય, સ્ત્રી, ઘર આદિ તથા અન્ય નોકર્મરૂપી પરજ્ઞેયો તે નોકર્મ છે.

गुणाः स्वभावा भवंति, स्वभावा गुणा न भवंति ।

**અર્થ :**—ગુણને વસ્તુના સ્વભાવરૂપ કહેવામાં આવે તો સ્વભાવ કહેવાય; પણ અપેક્ષિત સ્વભાવ અથવા ધર્મોને ગુણ ન કહેવાય. જેમ કે :—ટકવાની અપેક્ષાએ 'નિત્ય' સ્વભાવ (ધર્મ) છે; અવસ્થાઓ બદલવાની અપેક્ષાએ 'અનિત્ય' ધર્મ; પરથી નાસ્તિત્ત્વપણાની અપેક્ષાએ 'નાસ્તિ' ધર્મ; એ રીતે અપેક્ષિત ધર્મોને સ્વભાવ કહેવાય છે પણ ગુણ નહીં.

૧. સંપૂર્ણ સ્વભાવોનો આધાર એક દ્રવ્ય હોવાથી દ્રવ્ય કથંચિત્ એક સ્વભાવવાળું છે.

૨. એક જ દ્રવ્યને અનેક સ્વભાવોની પ્રાપ્તિ હોવાથી અનેક સ્વભાવોની અપેક્ષાથી દ્રવ્ય અનેક સ્વભાવવાળું છે.

૩. ગુણ—ગુણી આદિ સંજ્ઞા, સંખ્યા, લક્ષણ અને પ્રયોજનના ભેદની અપેક્ષાથી દ્રવ્ય ભેદ સ્વભાવવાળું છે.

૪. ગુણ–ગુણીમાં પ્રદેશભેદ ન હોવાથી દ્રવ્ય એક સ્વભાવવાળું હોવાથી અભેદ સ્વભાવવાળું છે.

**नमः समयसाराय स्वानुभूत्या चकासते ।**
**चित्सस्वभावाय भावाय सर्वभावांतरच्छिदे ।।१।।**

**અર્થ :**—સમયસાર=શુદ્ધ આત્મા સર્વ પદાર્થોમાં સારરૂપ છે; સાર=દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી રહિત છે, એવા પરમાર્થ સ્વરૂપ શુદ્ધ આત્માને નમસ્કાર હો! શુદ્ધ સ્વરૂપને ઓળખીને, ભાવથી નમીને, અંતર સ્વરૂપમાં ઢળીને, શુદ્ધ નિર્મળ સ્વરૂપનો આદર કરું છું.

દ્રવ્યકર્મ=રજકણ, ઝીણી ધૂળ, જ્ઞાનાવરણાદિ આઠકર્મ તે, જડરૂપી કર્મ પ્રકૃતિ છે.

ભાવકર્મ રાગ-દ્વેષ વિકારરૂપ વિભાવિક ભાવશક્તિ, દ્રવ્યકર્મનું નિમિત્ત પામી જીવમાં વિકાર થાય છે તે અશુદ્ધ ઉપાદાન આશ્રિત છે, પણ સ્વભાવમાં નથી.

ભાવ=અવસ્થા; પરિણામનું કાર્ય અને રાગરૂપકાર્ય તે ચિદ્‌વિકાર છે, ભૂલરૂપ ક્ષણિક વિકારીભાવ છે.

વિભાવરૂપ= કર્મભાવપણે ઢળતી વિકારી અવસ્થા.

નોકર્મ=શરીર, ઈન્દ્રિય વગેરે સ્થૂળ પુદ્‌ગલપિંડ.

ભાવાય=સતરૂપ; હોવારૂપ અવિનાશી વસ્તુ. જે 'છે' તે પર નિમિત્ત રહિત, પરના આધાર રહિત, ત્રિકાળી સહજ સ્વભાવરૂપ સ્વાધીન પદાર્થ છે, પરથી અસંયોગી વસ્તુ છે, તેને સત્ એટલે ત્રિકાળ ટકનાર શુદ્ધ પદાર્થ કહેવાય છે. તેને આદિ-અંત નથી, સ્વતંત્ર શુદ્ધ છે. 'છે' તેને નામરૂપ સંજ્ઞા વડે, ગુણ-ગુણી અભેદ સ્વતંત્ર પદાર્થનું લક્ષ કરીને (વાચક શબ્દ ઉપરથી તેના વાચ્યને–(પદાર્થને)) જ્ઞાને જાણ્યું છે. ત્રિકાળી અખંડ જ્ઞાયક સ્વરૂપ અસંગ નિર્મળ સ્વભાવ છે, તેની ઓળખાણ કરી પરથી જુદાપણાના સમ્યગ્જ્ઞાન વડે સમજીને [૧]નમસ્કાર કરું છું.

પદાર્થ કોઈ અપેક્ષાએ ભાવરૂપ છે ને કોઈ અપેક્ષાએ અભાવરૂપ છે, તે આ રીત છે. આત્મા પોતાપણે ભાવરૂપ છે, સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવપણે છે; અને પરપણે નથી તે અપેક્ષાએ અભાવપણું છે.

સ્વાધીનપણે ભાવરૂપ થવું એટલે કે હોવું,—થવું,—પરિણમવું—સાધકભાવમાં અંશે

૧ નમસ્કાર—નમવું; ઢળવું; સ્વભાવમાં પરિણમવું.

નિર્મળ પર્યાય ઉઘડી છે તે ભાવરૂપ છે—પૂર્ણ નથી ઉઘડી તેટલી અભાવરૂપ છે. નિત્ય દ્રવ્ય સ્વભાવે ભાવરૂપ છે. (દ્રવ્ય=વસ્તુ) ક્ષણવર્તી પર્યાયનો વ્યય તે અભાવરૂપ છે. (પર્યાય=અવસ્થા) 'ભાવાય' શુદ્ધ સત્તાસ્વરૂપ શાશ્વત વસ્તુ છે. હું સહજ ચિદાનંદ ત્રિકાળી જ્ઞાયક જ છું, એવા અસલી સ્વભાવને ભૂલીને, હું રાગી-દ્વેષી છું, ક્ષણિક કષાય વેગની વૃત્તિઓ ઠીક છે. પુણ્યાદિ, દેહાદિમાં સુખ—બુદ્ધિ વડે એ ઠીક રહો, ટકી રહો, એવી બહિરાત્મ દૃષ્ટિવાળા, પોતાના સ્વાધીન એકત્વ વિભક્તપણાની ના પાડે છે; તેથી તેઓ નાસ્તિક છે. જ્યારે આસ્તિક્ય ગુણવાળો સ્વાધીનપણે અવિનાશી સહજ સ્વભાવની હા પાડી, પૂર્ણ કૃતકૃત્ય સ્વભાવની જાતના અનુભવથી, નિશ્ચયથી સ્વીકાર કરી, દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ હું નહીં, એમ પરભાવનો નિષેધ કરી, અસંયોગી અખંડ જ્ઞાયક સ્વભાવમાં એકત્વપણે ટક્યો એઠલે સ્વભાવમાં પરિણમ્યો, નમ્યો, ઢળ્યો; એટલે નાસ્તિક મતરૂપ વિપરીત દશાનો (વિકારી પર્યાયનો) અભાવ થયો.

ચિત્ સ્વભાવાય :—જ્ઞાનચેતના જેનો મુખ્ય—ખાસ ગુણ છે, તેથી પૂર્ણ ચૈતન્ય સ્વભાવ ત્રિકાળી સ્વાધીનપણે છે. 'છે' તેને જ ઓળખવાથી ભેદ વિકલ્પ (રાગ)નું લક્ષ છૂટી જવાથી તે અખંડ ગુણમાં એકાગ્ર સ્થિરતા થતાં શુદ્ધ સ્વભાવની પ્રાપ્તિ થાય છે. જ્ઞાન ચેતનાની અનુભૂતિ વડે પ્રાપ્તની પ્રાપ્તિ થાય છે. પર નિમિત્ત રહિતપણે, અંતરમાં સ્થિર સ્વભાવમાં સ્થિર થવાથી તે પ્રગટ થાય છે. બાહ્ય લક્ષ કરવાથી તે સ્વરૂપ પ્રગટ થતું નથી. 'હું અખંડિત ચૈતનરૂપ બેહદ અનંત સામર્થ્યથી પૂર્ણ છું, પરથી જુદો એકલો પૂર્ણ અને સ્વાધીન છું' એવી જાતની શ્રદ્ધા અંતર એકાગ્રતાથી પ્રગટે છે. પોતાનો ગુણ કોઈ બાહ્ય નિમિત્તથી આવતો નથી, પણ પોતાના સ્વભાવમાંથી જ પ્રગટે છે.

અધૂરી અવસ્થા આખા દ્રવ્યને એક સાથે પ્રત્યક્ષ લક્ષમાં ન લઈ શકે; પણ પોતાના ત્રિકાળી અખંડ દ્રવ્યને ઓળખવા માટે ગુણ-ગુણીમાં વ્યવહારદૃષ્ટિએ ભેદ પાડીને, અભેદને લક્ષે એકેક ગુણને લક્ષમાં લઈને નિર્ણય કરી શકાય છે, તેથી કંઈ વસ્તુ સ્વભાવનો સ્વાધીનપણે નિર્ણય કરી શકાય છે; તે અસલી સ્વભાવ કેમ પ્રગટે? ''**स्वानुभूत्या चकासते**'' પોતાના જ અનુભવથી પ્રગટે છે. પરથી ભિન્ન શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનો અનંતજ્ઞાની, સર્વજ્ઞે જેવો નિર્ણય કહ્યો છે તેવો જ નિશ્ચય કરવાથી—સ્વાધીન અનુભૂતિરૂપ શુદ્ધ નિર્મળ અવસ્થા, અંતર પરિણતિરૂપ જ્ઞાનક્રિયા વડે, શુદ્ધ સ્વભાવની પ્રાપ્તિ એટલે શુદ્ધ સ્વભાવદશા પ્રગટે છે. (અંતર સ્થિતિ માટે અભ્યંતર જ્ઞાન—ક્રિયામાં સક્રિય છે; પરથી અક્રિય છે.) પુણ્યાદિ વિકારી ભાવથી રાગ (વિકલ્પ)થી અવિકારી સ્વભાવ પ્રગટે નહીં.

નિશ્ચયથી એટલે સાચી દ્રષ્ટિએ, પોતે પોતાને પોતાથી જ જાણે છે, કોઈ નિમિત્તનો આધાર નથી. પોતાની સહજ શક્તિથી જ પોતે પરિણમે, જાણે, પ્રગટ પ્રકાશે છે. જ્ઞાન સ્વ-પર પ્રકાશક છે. સ્વાધીન સત્તામાં ભાનમાં પોતે પ્રત્યક્ષ છે, પરોક્ષ નથી. અજ્ઞાની પણ પોતાને જ જાણે છે પણ તેવું નહિ માનતાં વિપરીતપણે માને છે. ખરી રીતે આત્મા જ પ્રત્યક્ષ છે; ''હું છું'' એમ બધા પ્રત્યક્ષ જાણે છે. જેનો આત્મ અભિપ્રાય પરાશ્રિત છે તે માને છે, કે મારું જ્ઞાન નિમિત્ત આધીન છે. મન, ઈન્દ્રિય, પુસ્તક, પ્રકાશ આદિ નિમિત્તનો મને સાથ હોય તો જ તેને આધારે હું જાણું છું એમ માનનાર પોતાને જ નથી માનતો; વળી કોઈ માને કે પૂર્વનું સ્મરણ થાય તો જાણી શકું, વર્તમાન સીધું ન જાણી શકું, તે પણ જુઠ્ઠું છે. વર્તમાન પુરુષાર્થ દ્વારા ત્રિકાળી અખંડ જ્ઞાન સ્વરૂપનું લક્ષ કરી શકાય છે. પોતાના આધારે વર્તમાનમાં જ્ઞાનની નિર્મળતામાં સીધું જણાય છે. વળી કોઈ એમ માને છે કે પૂર્વનું પ્રારબ્ધ હોય તો ધર્મ થાય; તેને જ્ઞાની કહે છે. તું અત્યારે જાગ, ને તું તને જો! અનંત જ્ઞાન, દર્શન, સુખ અને અનંત બળસ્વરૂપ ધર્મ તો આત્માના સ્વભાવમાં જ છે; પણ જ્યારે ભાન કરે ત્યારે વર્તમાન પુરુષાર્થથી ત્રિકાળ સ્વભાવ જાણી શકાય છે; જો પુરુષાર્થ માટે પૂર્વ સ્મરણ, તથા કોઈ નિમિત્તના આધારે જ્ઞાન–ધર્મ થતો હોય તો, એક ગુણ માટે બીજા પર ગુણનો આધાર તથા બીજા પર પદાર્થનો આધાર જોઈએ; અને તેને માટે વળી ત્રીજાનો આધાર જોઈએ, એમ પરંપરાએ તો પરાશ્રિતપણાનો મોટો દોષ આવે; પરાશ્રિત સત્તાને નિત્ય સ્વભાવ માની શકાય નહીં, માટે ગુણ સર્વથા જુદા નથી, ત્રિકાળ એકરૂપ છે; અવસ્થાએ શક્તિ-વ્યક્તિનો ભેદ છે પણ વસ્તુમાં–ગુણમાં ખંડભેદ નથી; ગુણીને આધારે ત્રિકાળી ગુણ સાથે જ રહે છે. વસ્તુ ત્રિકાળી એકરૂપ છે, તેને વર્તમાન નિર્મળતાથી–પુરુષાર્થથી સ્વાનુભવથી પ્રત્યક્ષપણે જાણી શકાય છે. પોતાના આધારે પોતે પોતાને જ જાણે છે માટે પ્રત્યક્ષ છે.

વળી કેવો છે?

સર્વભાવાન્તરચ્છિદે :–પોતાને તથા અનેરા સર્વ જીવ-અજીવ, સચરાચર વિશ્વમાં સ્થિત ત્રિકાળી સર્વ વસ્તુને એકસાથે સર્વથા જાણવાનું એકએક જીવમાં સ્વાધીન સામર્થ્ય છે. એવો ચૈતન્ય સ્વરૂપ સમયસાર આત્મા છે; તેને ઓળખીને નમું છું. આવો આવડો જ આત્મા છે. તેની હા પાડનાર જ્ઞાયક પોતે એકલો મહિમાવંત છે, મોટો છે, પૂર્ણ સ્વભાવમાં ત્રિકાળ ટકનારો છે, અનંત બેહદને જાણનાર, બેહદ અનંતપણાને ખ્યાલમાં લેનારની કોથળી (જ્ઞાન–સમજણ–શક્તિરૂપી કોથળી) ભાવમાં (ગંભીરતામાં) અમાપ છે, અનંત ગંભીર ભાવયુક્ત છે. એવું માપ કરનાર પોતે જ શક્તિપણે પૂર્ણ પરમાત્મદશા સ્વરૂપ, સર્વજ્ઞ સ્વભાવને ઓળખીને નમસ્કાર કરનાર પોતે જ પરમાત્મા છે; તે શુદ્ધ

સાધ્યના લક્ષે પ્રગટ પરમાત્મા થઈ જાય છે; જેનું બહુમાન છે, રુચિ છે તે રૂપે થાય છે—થઈ જાય છે.

પૂર્ણ સ્વાધીન સ્વરૂપના ભાન વિના પરમાત્માની ભક્તિ થઈ શકે નહીં; પરમાત્માની ઓળખાણ વિના રાગનું–વિકારનું–સંસાર પક્ષનું બહુમાન કરશે. સ્વરૂપ ભાનવાળો તો નિશંકપણે પૂર્ણને (સાધ્યને) નમસ્કાર કરતો અખંડપણે; અખંડ સત્‌ના બહુમાન (ભક્તિ)વડે પૂર્ણને પહોંચી જાય છે. એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણવાનું સામર્થ્ય શક્તિરૂપે એક-એક આત્મામાં છે; એવા અનંત આત્મા છે. દરેક આત્મા પરથી જુદો, એકલો પૂર્ણ સર્વજ્ઞ છે. ત્રિકાળી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમય અનંત પદાર્થને સર્વરીતે જાણે એવું દરેક જીવ દ્રવ્યનું સામર્થ્ય છે. એક-એક સમયમાં ત્રણેકાળ, ત્રણેલોક કેવળજ્ઞાનમાં સહેજે જણાય છે. અનંતનો વાચ્યરૂપ ભાવ ભવ્ય એટલે લાયક જીવ શ્રવણ કરીને અનંતનો ખ્યાલ સેકન્ડમાં કરી લે છે. અનંતજ્ઞાન સામર્થ્ય, સર્વજ્ઞ સ્વભાવની હા પાડનાર બધા શક્તિએ સર્વજ્ઞ છે, ના પાડનાર 'નાસ્તિક' પણ શક્તિએ સર્વજ્ઞ છે. ના કહેનારો પણ બેહદ અનંતને ખ્યાલમાં લેનારો તો ઠર્યો; તેથી ના પાડી તેમાં ગર્ભિત હા આવી. માટે દેહ દીઠ એકેક આત્મા પૂર્ણ પવિત્ર સર્વજ્ઞ જ છે. હું પૂર્ણ અખંડ આનંદઘન ત્રિકાળી છું, એમ જાતથી હા પાડી, સર્વોત્કૃષ્ટ અનુપમ સ્વભાવને ઓળખીને, પોતાનો અપૂર્વ મહિમા લાવી પોતાને દેખનારો, અપૂર્વ મહિમા લાવી નમ્યો તે તેવો જ છે; પૂર્ણ સ્વભાવને માન્યો–જાણ્યો તેમાં નમ્યો તે પૂર્ણ જ છે; વચ્ચે પુરુષાર્થના કાળનું અંતર ભાવથી કાઢી નાખે છે. પૂર્ણ પરમાત્માને દેખતો પૂર્ણ સ્વભાવની મોટાઈ ગાય છે, સંસારની મોટાઈ દેખતો નથી બાહ્ય ઈન્દ્રિયોને આધીન બાહ્યદૃષ્ટિ કરનારો પોતાને ભૂલીને બીજાની મોટાઈ આંકે છે, પણ પૂર્ણ શક્તિ જણાવનારી એવી જે દિવ્ય દૃષ્ટિ તેનો વિશ્વાસ લાવી શકતો નથી અને વર્તમાનને માને છે.

અધૂરી દશામાં ત્રણ કાળ અને ત્રણ લોકને જાણવાનું શક્તિપણે પૂર્ણ સામર્થ્ય છે, પણ સીધું દેખાતું નથી, તોપણ તેનો યથાર્થ નિર્ણય પોતાથી થઈ શકે છે. ત્રણ કાળ, ત્રણ લોક એક સમયમાં જણાય એવા મારા ત્રિકાળી જ્ઞાનને જ હું જાણું છું, એમ સર્વજ્ઞ સ્વભાવની હા પાડનાર, વર્તમાન અધૂરા જ્ઞાન ઉપરથી આખાનો નિર્ણય નિઃસંદેહ તત્ત્વમાંથી લાવે છે.

હું પરને જાણુ તો જ હું મોટો, એમ નહીં પણ 'મારું બેહદ સામર્થ્ય, અનંતજ્ઞાન ઐશ્વર્યપણે હોવાથી પૂર્ણ જ્ઞાન–ઘન આત્મા છું' એમ પૂર્ણ સાધ્યને નક્કી કરી તેમાં જ એકત્વ–વિભક્ત ભિન્ન એકાકાર (પરથી ભિન્ન, પોતાથી અભિન્ન) પરિણતિ જોડીને ''આત્મખ્યાતિ ટીકા'' વડે પ્રથમ મંગળિક કર્યુ છે.

પૂર્ણ ઉત્કૃષ્ટ આત્મશક્તિને જાણીને નિશ્ચયથી નમ્યો, તે જ પોતાની શુદ્ધ પરિણતિરૂપ થઈને સ્વાધીન સ્વભાવરૂપે નમ્યો છે, તે જ પરમાત્માનો ભક્ત છે, ભાવ વિનાનો જીવ રાગને નમ્યો છે.

ગણધરાય નમઃ—આત્માના અનંત ગુણનો ધણી હું પૂર્ણ સાધ્ય શુદ્ધ આત્માને નમસ્કાર કરી નિશ્ચય પરમાત્માની, ભાવે પ્રતિષ્ઠા કરું છું.

**સર્વભાવાન્તરચ્છિદેઃ—** ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળ સંબંધી પર્યાય સહિત અનંત ગુણવાળા, અનેરા સર્વ જીવ–અજીવ પદાર્થોને, એક સમયમાં, એકસાથે પ્રગટપણે જાણનાર શુદ્ધ આત્મા તે જ સારરૂપ છે. તેને મારા નમસ્કાર છે. શુદ્ધ સ્વભાવમાં તન્મય અસ્તિરૂપે પરિણમ્યો, નમ્યો, એટલે અસારભૂત સંસારપણે ન થયો, હવે રાગ–દ્વેષરૂપ સંસારનો આદર કદી કરવાનો નથી, એવા કોલ-કરાર સહિત ભાવવંદન છે.

સર્વજ્ઞ વીતરાગ સ્વરૂપ શુદ્ધ આત્મા ઈષ્ટ છે, ઉપાદેય છે, તેની જ શ્રદ્ધા, રુચિ, પ્રતીતિ વડે સર્વજ્ઞના ન્યાયે જેણે ત્રિકાળી જ્ઞાયક સ્વભાવનો સ્વીકાર કર્યો તે સર્વ પદાર્થ, ત્રણકાળની પ્રતીતિ વડે જાણનારો થયો. હવે તે ભાવે ટકી રહે તો તેને રાગ-દ્વેષ, હર્ષ-શોક ઉત્પન્ન ન થાય. 'હું જાણનાર જ છું' એ ભાવે અશાંતિ, અસમતા ન થાય. જેમ કે સુંદર રૂપવાળી અવસ્થાપણે દેખાતી કેરી (કેરી નામનો પુદ્ગલનો પિંડ ) પ્રથમ વિષ્ટાના ખાતરમાંથી ઉપજી, વર્તમાન ક્ષણિક અવસ્થામાં સુંદર દેખાય છે. વળી તે ફરીને વિષ્ટારૂપે થવાની છે. એમ ત્રણકાળની અવસ્થાને જોનારને, સુંદર-અસુંદર દેખાતા કોઈપણ પદાર્થ પ્રત્યે રાગ-દ્વેષ, હર્ષ-શોક થતો નથી, એ રીતે કોઈ પ્રત્યે મોહ થતો નથી. નારકીમાંથી દેહ છોડીને મોટી મહારાણીપદે ઉપજેલો જીવ ૨૫ વર્ષ પછી ફરી નરકમાં જઈ ઉપજે છે; એમ પુદ્ગલની વિચિત્રતા જોનારને, ત્રિકાળી સળંગ જાણનારને રાગ–દ્વેષ, મોહમાં(મોહપણે) અટકવું થતું નથી. દેહાદિ અશુચિમય–દુઃખમય ક્ષણિક અવસ્થાવાળા પદાર્થ વર્તમાનમાં કદાચિત્ પુણ્યવાળા, સુંદર રૂપવાળા દેખાય કે કુરૂપ રોગરૂપે દેખાય છતાં તેમાં મોહ પામતો નથી, કારણકે ત્રણકાળના જ્ઞાનને જાણનારો તે વીતરાગ દૃષ્ટિ છે, સર્વજ્ઞ દૃષ્ટિ તે ધર્માત્મા છે.

અનેકાન્ત ધર્મસ્વરૂપ આત્મા છે. તેને ઓળખનાર અનેક અપેક્ષિત ધર્મને જાણીને (સમજીને) ગુણવાચક એવા ગમે તે નામથી સંબોધે છે.

જૈનધર્મ તે રાગ–દ્વેષ અજ્ઞાનને જીતનાર આત્મસ્વભાવ છે. (વાડો વેશ નહીં) આ રીતના શુદ્ધ સ્વભાવને માનનાર ધર્માત્મા જ્યાં જુએ ત્યાં ગુણને જ દેખે છે; ગુણને મુખ્ય કરે છે, વ્યક્તિને નહી. જેમ કે :—પંચપરમેષ્ઠિમાં પ્રથમ 'નમો અરિહંતાણં' એમ

ગુણવાચક પદને વંદન કર્યુ, પણ 'નમો મહાવિરાણં' એમ એક નામ લઈને કોઈ પ્રગટ છે, તેથી પૂજ્ય છે એવા.

જિનઃ—રાગ-દ્વેષ, અજ્ઞાનને સ્વરૂપ સ્થિરતા વડે જીત્યા એવા પૂર્ણ પવિત્ર વીતરાગને જિન કહીએ.

આપ્ત=અઢારદોષ રહીત, પરમ હિતોપદેશક, સર્વજ્ઞ.

ભગવાન—મહિમાવંત. સહજઆનંદ=પર નિમિત્ત રહિત નિરુપધિક (સ્વાભાવવિક) આનંદ.

હરિ :— હરતિ તે હરિ=પોતાના પૂર્ણ સ્વરૂપના ભાનવડે પૂણ્ય-પાપના રોગને હરી લ્યે તે હરિ; પરાધીનતાનો રાગાદિ મળ—મેલ, કર્મકલંકનો નાશ કરી પૂર્ણ પવિત્ર સ્વાધીનતા પ્રગટ કરે, પુણ્ય-પાપની ઉપાધિના ઓઘને હરે અને પવિત્રતાને પમાડે તે હરિ. એ રીતે જે જે ગુણનિષ્પન્ન નામ છે તે ગુણને લક્ષમાં મુખ્ય કરીને તે અપેક્ષાએ આત્માને કહેવામાં કોઈ વિરોધ નથી. (એકાન્ત પક્ષવાળાને નામાદિમાં વિરોધ આવે છે.) કોઈ 'પાપી' નામ આપે તો, પાપી એટલે પા+પી=બીજાને સત્‌બોધરૂપી ધર્મ, અમૃતરૂપી ઉપદેશ પાનાર અને પોતે પીનાર, એટલે પોતે પોતાના જ સહજ સમતા આનંદ ગુણને ધારણ કરનાર ધર્માત્મા ઠર્યો. આમ ગુણની દષ્ટિને જ મુખ્ય કરનાર અનેક અપેક્ષા સમજનારાને એટલે આ રીતે વિશાળ સમજણથી સ્યાદ્‌વાદ સ્વભાવ સમજનારને રાગ-દ્વેષ વિલય થાય છે.

રાજકોટ, તા. ૧૭-૬-૪૩. ગુરુ.

આ સમયસારમાં આત્માની શુદ્ધતાનો અધિકાર છે.

આત્મા દેહાદિ રાગાદિથી જુદો છે, એવું વાસ્તવિકપણું જ્યાં સુધી આત્મા ન જાણે, ત્યાં સુધી મોહ ઘટે નહી. જ્યારે યથાર્થપણું જાણવામાં આવે, ત્યારે જ અંતરથી પરપદાર્થનું માહાત્મ્ય જાય અને સ્વનું માહાત્મ્ય આવે. સર્વજ્ઞ ભગવાને જેવો આત્માને જોયો તેવો જ આત્મસ્વભાવ આ સમયસારશાસ્ત્રમાં વર્ણવ્યો છે.

હવે બીજો કળશ શરૂ થાય છે.

***अनंतधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः ।**
**अनेकांतमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम् ।।२।।**

---

✻ શ્રી સમયસારમાંથી કળશનો શબ્દાર્થ પાને ૩ થી જોઈ લેવો.

વ્યક્તિને વંદન કર્યું નથી. વ્યક્તિને જેમ હોય તેમ જાણે. વ્યક્તિભેદ પાડતાં રાગ આવે છે, માટે 'ગુણપૂજા' પ્રધાન છે. કોઈવાર ધર્માત્મા કોઈ ભગવાનનું નામ લઈને પણ વંદન કરે છે પણ ધર્માત્માનું લક્ષ તો ગુણીના ગુણ પ્રત્યે જ હોય છે, વ્યક્તિ પ્રત્યે હોતું નથી; માટે ગુણપૂજા પ્રધાન છે.

બ્રહ્મા=પોતાના સહજ આનંદ ગુણને બ્રહ્મા(જ્ઞાનસ્વરુપ આત્મા) ભોગવે; અથવા બ્રહ્મા=સર્જનહાર :—પોતાની સ્વાધીન સુખમય અવસ્થાને ઉત્પન્ન કરનાર. દરેક સમયે નવી-નવી પર્યાયને ઉત્પન્ન કરે છે, તેથી તે સ્વભાવ પરિણમનરૂપ સૃષ્ટિનો કર્તા જીવ છે. એ દૃષ્ટિએ દરેક જીવ સ્વતંત્ર પોતે બ્રહ્મા છે.

વિષ્ણુ=રાગ-દ્વેષ મોહરૂપ વિકાર રહિત પોતાના શુદ્ધ સ્વભાવને ટકાવે, અથવા વિભાવથી પોતાને બચાવે, નિજગિણની રક્ષા કરે તે; દરેક સમયે પોતાના અનંતગુણ સામર્થ્યની સત્તાથી નિજ ધ્રુવ શક્તિ (સદશ અંશ)ને સળંગ ટકાવી રાખનાર હોવાથી દરેક આત્મા સ્વભાવે વિષ્ણુ છે.

મહેશ=રાગ-દ્વેષ અજ્ઞાનનો ધ્વંશ કરે અથવા પૂર્વવતી ક્ષણિક પર્યાયનો નાશ(અભાવ) કરે તે મહેશ. અનુપમ :—બીજા કોઈની ઉપમા આપી શકાય નહી, પોતે જ બધા પદાર્થને જાણનારો, જ્ઞાન વડે માપનારો, બેહદજ્ઞાન ઐશ્વર્યવાળો છે માટે અનુપમેય છે, છતાં કથનમાં 'સિદ્ધ પરમાત્મા જેવો' કહી શકાય. જેમ કે :—શુદ્ધ આત્મા કેવો છે; કે જે શુદ્ધ બુદ્ધ મુક્ત પ્રગટ સિદ્ધ પરમાત્મા થયા છે તેવો. જેવો છે તેવો (શાશ્વત ટંકોત્કીર્ણ)

પર સત્તાથી ભિન્ન, સ્વસત્તામાં નિશ્ચલ છે.

પુરુષ :—અખંડ જ્ઞાન-દર્શન ઉપયોગમાં એકત્વપણું માનતો જાણતો, સઉપયોગપણે એકાકાર થઈ, પૂર્ણ પવિત્રદશાને પામી ઉત્કૃષ્ટ આનંદ રસરૂપી 'શિવરમણી' સાથે રમણ કરે, શુદ્ધ 'ચેતના સખી' સાથે નિરાકુળ, નિજાનંદ કેલી કરે, તે પુરુષ. પુરુષ=આત્મા.

સત્ય આત્મા=પોતાના પૂર્ણ સ્વરૂપને ઓળખનાર તથા શુદ્ધ સ્વરૂપમાં સુનિશ્ચિતપણે રહેનાર, ટકનાર, પરમાત્મદશાને પામેલા તે અને રાગ-દ્વેષ અજ્ઞાનભાવને પામેલા તે મૂઢાત્મા અથવા મિથ્યાદૃષ્ટિ છે.

અર્હંત—પૂજ્ય—ત્રણકાળના ઈન્દ્રો વડે ત્રિલોક પૂજ્ય છે, ત્રણે લોકમાં સર્વને વંદનીય છે. બધા ગુણો નિર્મળ ઉઘડી ગયા છે અને પરમ પૂજ્ય ગુણની મુખ્યતા જેનામાં અનંતકાળે, અનંત પ્રકારે મહાન્ દુર્લભ મનુષ્યપણું પામી અપૂર્વ આત્મસ્વભાવને

સત્‌સમાગમ વડે ન જાણે તો તેની કાંઈ કિંમત નથી અને જો પાત્રતા વડે જાણે તો તેનો મહિમા અપાર છે.

વસ્તુત્વ ગુણનો અર્થ, પ્રયોજનભૂત પોતાની ક્રિયાનું કરવાપણું થાય છે. દરેક વસ્તુ પોતાની પ્રવૃત્તિ પોતા વડે કરે છે. એ ન્યાયે આત્માની દરેક પ્રવૃત્તિ આત્મા કરે, જડ પરમાણુ વિગેરે પોતાની ક્રિયા પોતે કરે, તેમાં કોઈની મદદ નથી; માટે દેહની ક્રિયા જીવની મદદ વગર સ્વતંત્રપણે દેહ કરે છે. દેહની ક્રિયા દેહમાં રહેલાં દરેક પરમાણુ સ્વતંત્રપણે કરે છે, તેમાં આત્માનું કારણ નથી. એ રીતે આત્માની ક્રિયા આત્મા અને જડ દેહાદિની ક્રિયા જડ કરે છે પણ અજ્ઞાની માને કે, 'હું પરનું કાંઈ કરી શકું' તે કર્તાપણાનું અજ્ઞાન છે. પર ચીજની ક્રિયા ત્રણકાળ, ત્રણલોકમાં કોઈ આત્મા કરી શકે નહિ.

(૩) દરેક પદાર્થમાં 'પ્રમેયપણું' એટલે કોઈપણ જ્ઞાનનો વિષય થવાપણું છે. જણાવવાની યોગ્યતા છે. જ્ઞેય અથવા પ્રમેય=જ્ઞાનમાં જણાવા યોગ્ય. માટે જણાવાપણું જેમાં ન હોય તે વસ્તુ ન કહેવાય.

પ્રશ્નઃ—આંખેથી દેખાય?

ઉત્તરઃ—જ્ઞાન વડે જ દેખાય–જણાય. આંખ તો અનંત રજકણનો પિંડ છે, તેને ખબર નથી કે અમે કોણ છીએ; પણ તેને જાણનારો જુદો રહીને જાણ્યા કરે છે. જ્ઞાન વડે ટાઢું, ઊનું જણાય છે, જ્ઞાન, જ્ઞાનમાં જાણવાની ક્રિયા કરે છે, તે જ્ઞાનની ક્રિયામાં જ્ઞાન અર્થાત્ આત્મા પોતે પોતાને જાણે અને પર તેમાં ભિન્નપણે જણાય એવો જ્ઞાનનો સ્વભાવ છે; તે દરેક આત્માનો ગુણ છે. પોતે પોતાને જ્ઞેય કરે તો બધા ધર્મ જણાય છે.

આ દેહમાં રહેલો આત્મા 'દેહથી જુદો છે,' એમ ન જાણે તો અંતરમાં જુદાપણાના જ્ઞાનનું જે શાન્તિ તે થાય નહિ પણ અજ્ઞાનનું કાર્ય જે અશાન્તિ તે અનાદિથી કરી રહ્યો છે તે થાય.

આત્માનો ત્રિકાળી જ્ઞાન સ્વભાવ છે. તે અનંતપદાર્થને યુગપત્ જાણવાની શક્તિ ધરાવે છે, પણ અનાદિથી દેહ, ઈન્દ્રિયમાં નજર કરી પોતાને ભૂલીને રાગ?

અહીં સરસ્વતીને નમસ્કાર કર્યા છે, તે કેવી છે? ''અનંતધર્મણસ્તવં પશ્યન્તિ;'' તેમાં કહ્યું કે, દરેક પદાર્થ સત્ છે, તેના સ્વભાવરૂપ અનંતધર્મ એક બીજાથી જુદા છે, એવા સર્વ પદાર્થના સ્વરૂપને સરસ્વતીરૂપ સમ્યજ્ઞાન યથાર્થ પ્રકાશે છે. આત્મામાં અનંતધર્મ સ્વાધીનપણે ભર્યા છે તે, આત્માની ઓળખાણ અને સ્થિરતા વડે આત્માથી પ્રગટે છે.

કોઈ કહે ''હમણાં આ ન સમજાય.'' પણ આત્મા ક્યારે નથી? દેહ, ઈન્દ્રિય તો કાંઈ જાણતા નથી, જાણે છે તે જ પોતે છે, માટે જરૂર સમજાય. પોતાને સર્વજ્ઞ ન્યાય અનુસાર જાણે, તો તેમાં ઠરે અને અતીન્દ્રિય આનંદ આવે.

અનંતગુણ=બેહદગુણ; દરેક જડ, ચેતન પદાર્થમાં સ્વતંત્રપણે અનંતધર્મ છે. દેહ દેવળમાં ભગવાન આત્મા, ત્રિકાળી જ્ઞાનઆનંદ સ્વરૂપે, અનંતગુણ તત્ત્વ છે, તેને ઓળખી સ્થિરતા કરે તો શુદ્ધ સ્વરૂપે પ્રગટે છે તેનું નામ ધર્મ.

સર્વજ્ઞ ભગવાને આત્મા, પુદ્‌ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, કાળ અને આકાશ, એ દરેકમાં અનંતગુણ શાશ્વત જોયા છે. કોઈના ગુણ કોઈને આધીન નથી, પરવસ્તુ કોઈને મદદગાર નથી; માટે વસ્તુ અર્થાત્ પદાર્થના કોઈ ગુણ કોઈને આધિન હોતા નથી.

અહીં કેટલાક ગુણો હવે કહેવામાં આવે છે :—

(૧) દરેક પદાર્થમાં સત્‌પણું (અસ્તિપણું) એવો ગુણ અનાદિ–અનંત છે. માટે દરેક વસ્તુ પોતાવડે કરીને સત્ છે, કોઈને આધીન નથી. આ સમજવાથી સ્વાધીન સુખધર્મ પોતાથી પ્રગટે છે. એવું પોતાનું, પરથી ભિન્ન જ્ઞાન થાય તો પોતાનું સુખ પોતે પામે.

(૨) વળી દરેક પદાર્થમાં 'વસ્તુપણું' નામે ગુણ છે. દરેક પદાર્થ પોતાની મેળે પ્રયોજનભૂત ક્રિયા પોતે જ કરી શકે છે; આત્મા પરથી જુદો છે. મન, વાણી, દેહાદિ સર્વ સંયોગ આત્માથી ત્રણેકાળ જુદા છે. તેથી આત્મધર્મમાં કોઈ બીજા પદાર્થની મદદની જરૂર નથી. (કોઈ કહે, 'આવી ઝીણી વાત અમને ન સમજાય.' પણ ન સમજાય એમ કહે તો અનંતકાળે મહાદુર્લભ મનુષ્યપણું મળ્યું શું કામનું? આત્માના ભાન વિના જગતમાં કંઈક કૂતરાં, અળસિયાં જન્મે મરે છે, તેનો મહિમા નથી તેમ.

(૯) વળી દરેક વસ્તુમાં એકપણું છે, પોતપોતાના અનંત સ્વભાવ અર્થાત ગુણ વસ્તુરૂપે એક છે, માટે એકપણું છે.

(૧૦) અનંત ગુણનાં લક્ષણ, સંખ્યાદિ ભેદથી જોવામાં આવે તો દરેક વસ્તુમાં અનેકપણું થાય છે.

(૧૧) વસ્તુમાં ત્રિકાળી ટકી રહેવાની અપેક્ષાએ નિત્યપણું છે.

(૧૨) ક્ષણેક્ષણે અવસ્થાનું બદલવું, ને નવી અવસ્થાનું ઉપજવું એ અનિત્યપણું છે.

આ જાણવાની એ માટે જરૂર છે કે દરેક ચીજ સ્વતંત્ર છે, ત્રણેકાળે પરથી જુદાપણે

છે, તેમ ન માનો તો રાગ-દ્વેષ, અજ્ઞાનને ટાળી સ્વભાવને ઓળખી શકાય નહી.

(૧૩) 'ભેદપણું' દરેક વસ્તુમાં છે. વસ્તુ અનંત ગુણ સ્વરૂપે અભેદ છે, તોપણ ગુણ-ગુણીના ભેદથી નામ, સંખ્યા, લક્ષણ પ્રયોજન ભેદે ભેદ છે. જેમ :—ગોળ પદાર્થ છે, તેમાં ગળપણ, ગંધ, વર્ણ વગેરે ગુણ અનેક છે. તેમ આત્મા એક વસ્તુ છે, તેમાં જ્ઞાન, દર્શન, વગેરે ગુણ અનંતગુણ છે. ગુણ-ગુણી નામથી ભેદ તે સંજ્ઞા ભેદ છે. ગુણની સંખ્યા અનંત અને આત્મા એક તે સંખ્યાભેદ છે.

**લક્ષણભેદ:—**

આત્માનું લક્ષણ :—ચૈતન્ય આદિ ગુણ ધારણ કરવા તે.

જ્ઞાનનું ગુણનું લક્ષણ :—સ્વ પરને જાણવું તે.

ચારિત્ર ગુણનું લક્ષણ:—ઠરવું તે.

શ્રદ્ધા ગુણનું લક્ષણ:—પ્રતીતિ કરવી તે. એમ ગુણ—ગુણીમાં લક્ષણભેદ છે.

(૧૪) અભેદપણું :—બધા ગુણ એક વસ્તુરૂપ છે, તેથી અભેદપણું છે.

પોતાના સ્વાધીન સ્વભાવને સમજવાની આ વાત છે. ''સમજ પીછે સબ સરલ હૈ, બિન સમજે મુશ્કેલ'' અંધારૂ કાઢવા માટે સાંબેલા, સૂપડા ન જોઈએ પણ પ્રકાશ જ જોઈએ, તેમ અનંતકાળનું અજ્ઞાન ટાળવા માટે સાચું જ્ઞાન કરવાની જરૂર છે. જેમ :— અંધારે જોતા કોલસા, સોનું, કપડાં એ બધાં એક જેવાં દેખાય, છતાં પ્રકાશ વડે પરને જાણ્યા કરે છે. નજર કરનારો પોતે અને કિંમત આપે પરને. પોતામાં અનંત ગુણની મૂડી કેવી રીતે છે તે તો ન જાણે, પણ ઘરનાં નળિયાં, બારી, બારણાં કેટલાં છે, કેવા છે તે બરાબર જાણે છે. પણ બધાને જાણનાર પોતે કેવો; તે જાણતો નથી. દેહ, ઈન્દ્રિય પોતે કાંઈ જાણતો નથી પણ તેઓ ચૈતન્ય પદાર્થના જ્ઞાનમાં જણાવા યોગ્ય છે. જડ ન જાણે, કેમ કે તેમાં જ્ઞાન નથી પણ તે જ્ઞેય છે.

(૪) ચોથો ગુણ :—''પ્રદેશપણું''

દરેક પદાર્થ સદાય પોતાના આકારવાળો હોય, પર ક્ષેત્રના સંબંધ રહિત, પોતાના સ્વક્ષેત્રમાં સ્વ—ગુણરૂપે. ત્રિકાળ પોતાના સ્વરૂપે દરેક પદાર્થ છે. કોઈ★ પદાર્થ અસંખ્ય પ્રદેશી છે. કાલાણુ અને પરમાણુ એક પ્રદેશી છે. પરમાણુ ઘણા મળીને સ્કંધરૂપ થતાં સંખ્યાત. અસંખ્યાત અને અનંત થાય છે.

★ દરેક જીવ, ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય લોકપ્રમાણ અસંખ્યાત પ્રદેશી છે.

(૫) 'ચેતનપણું' :—આત્માનો જાણવા દેખવારૂપ ગુણ છે.

દેહના કોઈ ભાગમાં કોઈ ચીજનો સંયોગ થતાં ચેતના—ગુણ વડે આત્મા તેને જાણી લે છે. દેહ જડને જાણપણું નથી, કારણ કે સુખ-દુઃખની જડને લાગણી નથી. આખા દેહ આકારે દેહથી ભિન્ન ચૈતનઘન આત્મા છે, તે પોતે સ્વ આકારવાળો છે. રૂપ, ગંધ, સ્પર્શાદિને જાણનારો આત્મા છે સ્વ અને પરનું યથાર્થ સ્વરૂપ ન જાણે ત્યાં સુધી તેનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન ન કહેવાય.

નિરંજન=રાગ, દ્વેષ, રૂપ વગરનો; નિરાકાર=જડપુદ્‌લના આકાર વગરનો એવો આત્મા છે. શરીરના બધા ભાગમાં આત્મા છે, તે પોતાના અનંત ગુણનો પિંડ, દેહ આકારે, દેહથી જુદો છે.

(૬) 'અચેતનપણું' :—આત્મા સિવાયના પાંચ દ્રવ્યો અચેતન પદાર્થ છે. તેનો ગુણ અચેતનપણું (જડપણું) છે.

(૭) 'મૂર્તિકપણું' :—વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એ પુદ્‌ગલના ગુણ છે. તે પુદ્‌ગલમાં રૂપીપણું (મૂર્તિકપણું) છે, તે સિવાય પાંચ વસ્તુ અરૂપી (અમૂર્તિક) છે.

(૮) ''અમૂર્તિકપણું''— સ્પર્શ રસ, ગંધ,વર્ણ રહિતપણું.

તે તે ગુણોમાં સમયે-સમયે પરિણમન થવું, તે પર્યાય છે, જે અનંત છે. કારણકે દરેક આત્માના અનંત ધર્મો પોતપોતાના સ્વતંત્ર છે, તે બીજા ચેતન દ્રવ્યોમાં નથી. દરેક દ્રવ્યના પ્રદેશ જુદા હોવાથી કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યમાં મળી જતું નથી. આ ચેતનપણું પોતાના અનંત ધર્મોમાં વ્યાપક છે, તેથી તેને 'આત્માનું તત્ત્વ' કહ્યું છે.

વર્તમાન સમયમાત્ર કર્મોના નિમિત્તની ક્ષણિક ઉપાધિવાળી સ્થિતિ છે, તેને જે કોઈ પોતાનું સ્વરૂપ માને છે, તે જીવને સ્વતંત્ર સ્વતત્ત્વનું ભાન નથી. પણ પરથી જુદો, બરાબર જેમ છે તેમ પોતાને જાણે, રાગાદિ રહિત પૂર્ણ શુદ્ધ જ્ઞાન આનંદમય જેવું છે તેવું પોતાનું સ્વરૂપ જાણે તે, પોતાના સ્વાધીન સુખ-ગુણને પ્રગટ કરી શકે છે; માટે આત્માના અનંત ગુણ તે જ આત્માનું તત્ત્વ છે. રાગ, દ્વેષ, મન, વાણી અને દેહની પ્રવૃતિ તે આત્માનું તત્ત્વ નથી.

આત્મા સદાય પરથી જુદો રહી, પોતાના અનંત ગુણોથી અભેદ હોવાથી પોતામાં વ્યાપક છે અને તેથી પોતાના અનંત ગુણોમાં ફેલાયેલો છે. તેને તત્ત્વસ્વરૂપે, જેવો છે તેવો આ સરસ્વતીની મૂર્તિ દેખે છે અને દેખાડે છે અને એ રીતે સમજે તો એનાથી (આ સમ્યગ્‌જ્ઞાનની મૂર્તિથી—સરસ્વતીથી) સર્વ પ્રાણીઓનું કલ્યાણ થાય છે, માટે ''સદા

પ્રકાશરૂપ રહો’ એવું આશીર્વાદરૂપ વચન એકલું પરને નહિ, પણ પોતાના પરમ કલ્યાણ સ્વરૂપને લક્ષમાં રાખીને કહ્યું છે.

સમયસારજીમાં અપૂર્વ સત્‌શ્રુતની સ્થાપના કરી છે. આ સમયસારશાસ્ત્ર પરમ આગમ છે. તે પરમ વિશુદ્ધતાને પ્રગટ કરનાર છે. અજોડ સમ્યગ્જ્ઞાન દીવો (અદ્વિતીય જગત્ ચક્ષુ) પરમાત્મદશા પામવા માટે, સમ્યગ્‌જ્ઞાન દ્વારા ભેટણું છે. આચાર્ય મહારાજ કહે છે, કે ‘તેની ટીકા વડે હું તેનું સ્પષ્ટીકરણ કરીશ. તેની ટીકા કરવાનું ફળ મારી વર્તમાન દશાની નિર્મળતા ચાહું છું, પૂજા, સત્કારાદિ ચાહતો નથી.’

**परपरिणतिहेतोर्मोहनाम्नोऽनुभावादविरतमनुभाव्यव्याप्तिकल्माषितायाः ।**
**मम परमविशुद्धिः शुद्धचिन्मात्रनमूर्तेर्भवतु समयसारव्याख्ययैवानुभूतेः ।।३।।**

મારો જ્ઞાન વ્યાપાર નિર્મળ થાવ, મારો પૂર્ણ વીતરાગ ભાવ પ્રગટ થાવ, બીજી વાંછના નથી એમ મહિમાવંત ભગવાન અમૃતચંદ્રાચાર્ય કહે છે. ‘‘આ સમયસાર અર્થાત શુદ્ધાત્માની કથની તથા ટીકાથી જ મારી અનુભૂતિરૂપ પરિણતિની પરમ વિશુદ્ધિ થાઓ’’ એવી ભાવના ભાવી છે. લઈને જુઓ તો જેવાં જુદાં હતાં, તેવાં જુદાં દેખાય. તેમ દેહ, મન, વાણીને રાગ–દ્વેષ વડે જોતાં અજ્ઞાનના કારણે બધું એક જણાતું, રાગાદિ દેહાદિ સાથે આત્મા એક જેવો દેખાતો, તેને સમ્યગ્જ્ઞાન વડે જોતાં જુદો દેખાય છે. યથાર્થ જ્ઞાન સિવાય બીજા ઉપાય કરે તો શુદ્ધ સ્વરૂપનું ભાન ન થાય તેથી સાચા જ્ઞાન વડે, અનેક અપેક્ષા વડે, અનેક ધર્મને બરાબર સમજવા જોઈએ.

(૧૫) શુદ્ધપણું :—દ્રવ્યદષ્ટિએ–સ્વભાવની અપેક્ષાએ જીવને શુદ્ધાપણું છે. વર્તમાન વર્તતી એકેક અવસ્થામાં અશુદ્ધતાનો અંશ છે તેને જોવાની દષ્ટિ ગૌણ કરી, ત્રિકાળી નિર્મળ સ્વભાવ દષ્ટિથી જુઓ તો આત્માનો સ્વભાવ શુદ્ધ જ છે. શુદ્ધ-અશુદ્ધ બે ધર્મ એક આત્મામાં એક સાથે જ છે. જેમ પાણી સ્વભાવે શીતળ છે પણ વર્તમાન અગ્નિના નિમિત્તે ઉની અવસ્થા હોવા છતાં, વર્તમાન નિમિત્તે આધીન ઉની અવસ્થાને ન જોતાં ત્રિકાળી ઠંડા સ્વભાવને દેખો તો જળ સ્વભાવે શીતળ જ છે. તેમ દ્રવ્યદષ્ટિથી આત્મામાં સદાય શુદ્ધપણું જ છે.

(૧૬) અશુદ્ધપણું:— કામ, ક્રોધ, મોહની વૃતિ વર્તમાન અવસ્થામાં ક્ષણિક છે, તેનો (અશુદ્ધિનો) નાશ થઈ શકે છે અને સ્વભાવમાં નિર્મળતાપણે અનંતગુણ છે, તે રહી શકે છે. વર્તમાન અશુદ્ધ અવસ્થા પણ છે અને દ્રવ્ય સ્વભાવમાં પૂર્ણ શુદ્ધતા છે, તે બેઉ પડખાં જાણવા જોઈએ. જો આત્મા વર્તમાન અવસ્થામાં પણ શુદ્ધ જ હોય તો, સમજણ

અને પુરુષાર્થ કરી અશુદ્ધતા ટાળવાનું પ્રયોજન રહે નહિ.

કેટલાક ધર્મ કહેવાણા. તેમાં સામાન્ય ધર્મ તો વચનથી અપેક્ષા વડે કહી શકાય છે અને કેટલાક ધર્મ વચનમાં ન આવે, પણ જ્ઞાનમાં જાણી શકાય. જ્ઞાનમાં દરેક વસ્તુમાં ધર્મ સારી રીતે જાણી શકાય છે. દરેક વસ્તુમાં અનંતધર્મ છે તેમ આત્મામાં પણ અનંતધર્મ છે. તેમાં ચેતનપણું (જ્ઞાતાપણું) અસાધારણ ગુણ છે. તે ગુણ બીજા કોઈ પદાર્થમાં નથી. વળી બીજી સૂક્ષ્મ વાત એમ છે, કે આત્મામાં જ્ઞાન સિવાય બીજા અનંતધર્મ છે તે બધા નિર્વિકલ્પ છે, જાણપણાનું લક્ષણ તે ધર્મમાં નથી; એક જ્ઞાન ગુણ જ સવિકલ્પ એટલે કે સ્વ-પરને જાણનાર છે, જ્ઞાન-ગુણ પોતાને સ્વપણે જાણે અને પરને પરપણે જાણે. બાકીના ગુણ પણ સ્વતંત્ર છે તે પોતાને જાણતા નથી છતાં દરેક ગુણ સ્વતંત્રપણે પોતાની પ્રયોજનભૂત ક્રિયા કરી શકે છે. તે બધા ગુણને એક જ્ઞાન-ગુણ જાણે છે. તે જાણપણું બીજા અનંત અચેતન દ્રવ્યો છે તેમાં નથી. સજાતીય ચેતન, અર્થાત જીવ દ્રવ્યો અનંત છે તોપણ સહુનું ચેતનપણું જુદું જુદું છે.

શુદ્ધ આત્માને જણાવનાર જ્ઞાન, અભ્યાસની દઢતા વડે રાગાદિ કલુષિતતાનો અનુભવ ટળી ઉત્કૃષ્ટ નિર્મળ દશા પ્રગટ થાવ, એવી ભાવના પ્રગટ કરે છે. આવું પરમ આગમશાસ્ત્ર મારે હાથે આવ્યું અને તેની ટીકા કરવાનું મહાભાગ્ય આવ્યું, તેથી તેના વિશ્વાસના જોર વડે જાહેર કરે છે કે ''આ ટીકાથી મારી પરિણતિ પૂર્ણપણે નિર્મળ થઈ શકે જશે.''

જેમ પૈસાની પ્રીતિવાળો ધનવાનનાં ગાણાં ગાય છે, તે ખરેખર ધનવાનનાં ગાણાં ગાતો નથી; પણ પોતાનાં જ ગાય છે કારણ તેને ધનની રુચી છે, તે રુચીનાં જ ગાણાં ગાય છે. તેમ જેને પોતાના આત્માના અનંતગુણો ગોઠ્યા તે નિમિતમાં આરોપ કરી પોતાનાં જ ગુણ ગાય છે. વાણી તો જડ છે, પરમાણું છે; પણ પાછળ પોતાનો શુદ્ધ ભાવ તે જ હિતકર છે.

આચાર્ય મહારાજ પોતાની પરિણતિ સુધારવાની ભાવના કરે છે. મારી વર્તમાન દશા કેવી છે કે, મોહ વડે કિંચિત્ મેલી છે. પણ મારો ત્રિકાળી સ્વભાવ દ્રવ્ય—દષ્ટિએ મલિન નથી, માટે પૂર્ણ શુદ્ધ ચિદાનંદ બેહદ સુખરૂપે છે તેની પ્રતીતિના જોર વડે 'વર્તમાન અશુદ્ધતાનો અંશ ટળી જશે' તેની આચાર્ય મહારાજ ખાત્રી આપે છે. એ રીતે જે કોઈ લાયક જીવ સત્સમાગમ વડે સમજશે તે પણ પોતાની ઉત્કૃષ્ટ પવિત્ર દશાને પામશે.

રાજકોટ, તા. ૧૮-૬-૪૩.

સર્વજ્ઞ ભગવાને પ્રત્યક્ષ જ્ઞાનથી જેવો જાણ્યો તેવો આત્મસ્વભાવ કહ્યો. પૂર્ણ પવિત્ર સ્વતંત્ર સ્વરૂપ જેવું છે તેવું વાણીમાં આવ્યું છે, તે પરમ હિતોપદેશક સર્વજ્ઞ વીતરાગ છે, તેમને ઈચ્છા નથી, સહેજે દિવ્યવાણી છૂટે છે, તે સર્વજ્ઞ કથિત પરમ તત્ત્વ—(આત્માનું સાચું સ્વરૂપ) અત્રે કહેવામાં આવે છે. તે યથાર્થપણું જીવ ન જાણે તો કોઈ કાળે બંધનથી મુક્તિ અર્થાત સ્વતંત્રતા અને તેનો ઉપાય ન પ્રગટે. તે સમજ્યા વિના પુણ્ય, ક્રિયાકાંડ વગેરે અનંતવાર જીવ કરી ચૂક્યો, પણ તે પરાશ્રયથી આત્મધર્મ થયો નહિ.

આત્મા પરથી નિરાળો, નિર્મળ, પૂર્ણજ્ઞાન, આનંદઘન છે. મન, વાણી, દેહાદિના સંબંધ વિનાનો ત્રિકાળી તત્ત્વ છે. આચાર્ય મહારાજ આ સમયસારશાસ્ત્રની ટીકા કરતા કહે છે કે, 'આ ટીકાનું ફળ મારી વર્તમાન વર્તતી દશાની પરમ વિશુદ્ધિ થાઓ, એમ માગું છું.''

આચાર્યે મહાન ગંભીર અર્થવાળી સ્પષ્ટ ભાષા લખી છે. જેમ ઉઘાડા પોસ્ટકાર્ડની દોઢ લીટીમાં ''રૂની પાંચ હજાર ગાંસડી ૪૫૦ના ભાવે ખરીદો.'' એમ લખ્યું હોય તે વાંચનાર દોઢ લીટી પાછળનો બધો ભાવ અને સામા વેપારીની હિંમત વગેરે બધું, લખ્યું નથી છતાં કે દોઢ લીટી ઉપરથી જાણી લે છે. બજાર ભાવથી વધુ ભાવે ખરીદ કરનાર અને ખરીદ કરાવનાર, બન્ને જણા કેવા, કેવી હિંમતવાળા, તે બેઉને પરસ્પર ભરોસો છે. પણ અભણ હોય, અજાણ્યો હોય તેને ખબર પડે નહિ. પણ જાણનારો, ભણેલો, નજર રાખી વાંચે તો, તો બંને તરફની બેઉ પેઢીના બધા ભાવ જાણી લે છે ૪૪૦નો ભાવ ચાલે છે છતાં ૪૫૦ના ભાવથી મોટી ખરીદ લખે છે તેમાં શંકા પડતી નથી. જો કોઈ અજાણ્યો વાંચે તો તે વાત ન માને. દુકાન તો નાની લઈને બેઠો હોય, બધું ભેગું લઈને ન બેઠો હોય, છતાં તેમાં બધો વૈભવ સમાયો છે; એમ જો ભણેલો હોય તોપણ સમ્યગ્જ્ઞાની તેને બરાબર જાણી લે છે. આચાર્ય કહે છે કે, સર્વજ્ઞ ભગવાનની વાણી દ્વારા આવેલ શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ, તેની વ્યાખ્યા કરતાં શુદ્ધ આત્મા આવો છે, આમ જ છે એમ—શુદ્ધ આત્માની સાચી શ્રદ્ધાની દ્રઢતા દ્વારા મારી સ્વરૂપ રમણતા અર્થાત્ એકાગ્રતા થશે, પરમ વિશુદ્ધિ થશે તે માટે મારી ટીકા (તત્ત્વની વ્યાખ્યા) છે, તે દ્વારા પોતે (આચાર્ય) પોતાનો પરમ આનંદ પ્રગટ કરવા માગે છે.

યથાર્થ વક્તાની ઓળખ કરી, શ્રોતાઓએ ભરોસો રાખી ખૂબ શ્રવણ—મનન કરવું જોઈએ. સમજવાની પાત્રતા પ્રથમ જોઈએ. કોઈ કોઈને કાંઈ આપી શકે નહિ પણ

વિનયથી, ઉપચારે આપ્યું એમ બોલાય છે. આચાર્ય કહે છે કે :—વસ્તુસ્વરૂપ દ્રવ્ય–સ્વભાવથી જોતાં ત્રિકાળ શુદ્ધ જ છે; પણ વર્તમાન વર્તતી એકેક અવસ્થા ચારિત્ર મોહ વડે નિરંતર મલિન થઈ રહી છે, વર્તમાન અવસ્થામાં પૂર્ણ આનંદ નથી. (પૂર્ણદશા કૃતકૃત્ય થયા પછી પુરુષાર્થ કરવો રહેતો નથી.) કર્મના નિમિતમાં જોડાવાથી જેટલું પર વસ્તુ તરફ જોડાણનું લક્ષ કરે તેટલી વર્તમાન અવસ્થા મલિન દેખાય છે. અશુદ્ધતા વર્તમાન વર્તતી હાલતમાં ક્ષણ-ક્ષણ કરતાં અનંતકાળ ગયો છતાં તે અશુદ્ધતા અનંતગુણી થઈ ગઈ નથી. જેમ પાણી અનંતકાળ સુધી ઊનું થયું, તેથી ત્રિકાળ ઊનું થઈ ગયું નથી. તેમ આત્મા, દ્રવ્યસ્વભાવે નિત્ય શુદ્ધ જ છે, તેમાં વર્તમાન અવસ્થામાં ક્રોધ, માનાદિ વૃતિઓ ઉઠે છે તેટલો આત્મા નથી. માટે તે ક્ષણિક અશુદ્ધતાનો રક્ષક નથી, પણ નાશક છે અને અનંતગુણનો સ્વભાવે જ રક્ષક છે. તે ભુલીને ''હું રાગી, દ્વેષી, મમતાવાળો છું, દેહાદિ સંયોગવાળો છું'' એમ જીવ માને છે, પણ તેથી તેવો આખો થઈ ગયો નથી. પાણી વર્તમાન અવસ્થામાં અગ્નિના નિમિતે ઉષ્ણ થયું દેખાય છે પણ સ્વભાવે (તેનું નિત્ય શીતળતાપણું) ઉષ્ણ થયું નથી. કારણકે ઘણા કાળથી ઊનું છે તે છતાં તે જ સમયે તેનામાં શીતળ થવાનો સ્વભાવ હોવાથી, ઉષ્ણતાનો નાશ કરી શીતળ થઈ શકે છે; તેમ આત્મા પોતે પોતાથી ભૂલથી પોતાને દેહવાળો, ઉપાધિવાળો માને છે, છતાં ક્ષણમાં શુદ્ધ થઈ શકે છે.

આત્માનું સ્વરૂપ શી રીતે છે, સ્વભાવ—વિભાવ શું, પુણ્ય-પાપની લાગણી ઊઠે તે શું, મારો એકરૂપ સ્વભાવ શું? વગેરે સમજાય નહિ, તેથી એ અઘરું લાગે છે, પણ તે બધું અહીં ઘણી સહેલી રીતે કહેવાય છે. પાણીનો દાખલો સહેલો છે, પણ આત્માનો સિદ્ધાંત આત્મામાં અનુભવરૂપે બેસાડવો તે જરૂરનું છે. કાચા ચણામાં મીઠાશ ભરી છે, તેને શેકો તો અંદરમાં જે મીઠાશ ભરી છે તે પ્રગટ થાય છે, મીઠાશ હતી તે પ્રગટ દશામાં આવી છે. જો કડાયું તથા રેતી વડે સ્વાદ આવતો હોય તો કાંકરા શેકો તેમાંથી પણ મીઠાશ આવવી જોઈએ. કાચા ચણામાં વર્તમાન તુરાશ હોવાથી સ્વાદ આપે નહી અને ઉગે છે; પણ શેકી નાંખો તો ઉગે નહિ અને સ્વાદ પણ આપે. તેમ આત્મામાં શક્તિરૂપે પૂર્ણ આનંદ ભર્યો છે; તેમાં વર્તમાન અવસ્થામાં નિમિત્ત આધીન થઈ અજ્ઞાનના કારણે તુરાશરૂપી આકુળતાનો સ્વાદ આત્માને આવે છે. જેમ ચણા શેકવાથી કચાશનો નાશ થાય છે, તેમ જ્ઞાન–અભ્યાસ વડે, સ્વરૂપની દઢતા વડે અજ્ઞાનનો નાશ થાય છે. પોતાનું અભાન જ ખરેખર (પરમાર્થથી) બંધન છે. ''હું કર્મથી બંધાયો છું, પર વસ્તુ મને નડે છે'' એમ માનવાથી ''હું પોતે સ્વાધીન છું'' એમ માની પુરુષાર્થ કરવાનો અવકાશ રહેતો નથી.

બંધન ભાવ આત્મા પોતે જ પોતાના અબંધક ભાવને ચૂકીને કરે છે; અને પોતે જ પોતાને ઓળખીને અંતર સ્થિરતા વડે અશુદ્ધતા ટાળે છે. જેમ વસ્રનો મૂળ સ્વભાવ મેલો નથી, પણ પર સંયોગથી વર્તમાન અવસ્થામાં મેલું દેખાય છે. વસ્રના ઊજળા સ્વભાવનું જ્ઞાન કરે તો તે મેલના સંયોગનો અભાવ થઈ શકે છે. તેમ પ્રથમ શુદ્ધ આત્માનું પૂર્ણ પવિત્ર મુક્ત સ્વરૂપ જાણે તો અશુદ્ધતા ટાળી શકાય છે; માટે અહીં ટીકામાં મુખ્યપણે શુદ્ધ આત્માનું કથન આવશે. આમાં તો અચિંત્ય આત્મસ્વરૂપના ગાણાં આવે છે.

પરના આશ્રય, અવલંબન વિનાનું જેવું મારું શુદ્ધ સ્વરૂપ પૂર્ણ સિદ્ધ સમાન છે, તેનો દ્રઢ નિશ્ચય કરીને, હવે તમારી પૂર્ણ તાકાત જોઈને તમને પૂર્ણનો નિશ્ચય કરાવું છું, તેનો પ્રગટ મહિમા ગાઉં છું એમ આચાર્ય મહારાજ કહે છે. જગતમાં વખાણનારની દ્રષ્ટિ અને તેની કિંમત કેટલી છે તે જાણ્યા પછી તેના વખાણની કિંમત કરવી. કોઈ કોઈના વખાણ કરતું નથી, પણ તેને ગોઠતાનાં વખાણ કરે છે. તેમ નિંદા કરનાર પોતાના બૂરા ભાવની જાહેરાત કરે છે. તેમાં હર્ષ, શોક શો? સહુ સહુની ભાવનાનું ફળ પામે તેમાં બીજાને શું?

જામે જીતની બુદ્ધિ હૈ, ઉતનો દીયે બતાય;<br>
વાંકો બૂરો ન માનીએ, ઔર કહાંસે લાય.

પોતાની ભૂલથી પોતે દુઃખી થાય છે. 'આત્મા શું છે' તેની ખબર ન હોય, તેથી અજ્ઞાન ભાવે નિંદા કરે તોપણ તે વ્યક્તિનો દોષ નથી. તે વ્યક્તિ અર્થાત્ તે આત્મા ક્ષણમાં સવળો થઈ શકે છે.

આચાર્ય કહે છે કે, ''હું મારા અવિનાશી, શુદ્ધસ્વરૂપની શુદ્ધદશા પ્રગટ કરવા ચાહું છું, જગતની પૂજા, ખ્યાતિ ચાહતો નથી. કારણ કે કોઈ કોઈને કાંઈ આપી શકતું નથી. દરેક પદાર્થ પોતાની સર્વ શક્તિથી પૂર્ણ છે તે પૂર્ણતાના લક્ષે ધર્મની શરૂઆત થાય છે.

હવે મૂળ ગાથા સૂત્રકાર શ્રી કુંદકુંદાચાર્ય ગ્રંથની શરૂઆત કરતાં મંગળ સૂત્ર કહે છે.

**वंदितु सव्वसिद्धे धुवमचलणोवमं गइं पत्ते ।<br>
वोच्छामि समयपाहुडमिणमो सुयकेवलीभणियं ।।१।।**

**ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને,<br>
વંદી કહું શ્રુતકેવળી-કથિત આ સમયપ્રાભૃત અહો! ૧.**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**અર્થ :—**આચાર્ય કહે છે : હું ધ્રુવ, અચળ અને અનુપમ એ ત્રણ વિશેષતાથી યુક્ત ગતિને પ્રાપ્ત થયેલ એવા સર્વ સિદ્ધોને નમસ્કાર કરી, અહો ? શ્રુતકેવળીઓએ કહેલા આ સમયસાર નામના પ્રાભૃતને કહીશ.

આ મહામંત્રો છે. જેમ મોરલીના નાદથી સર્પ ડોલી ઉઠે, તેમ 'સમયસાર' એટલે શુદ્ધ આત્માનો મહિમા કહેનાર શાસ્ત્ર; તેના કથન વડે ''હું શુદ્ધ છું'' એમ આત્મા ડોલી ઉઠે છે.

દેહ, મન, વાણીરૂપી ગૂફામાં છૂપાયેલો આ આત્મા, પરમાર્થ સ્વરૂપ સર્વજ્ઞની દિવ્ય વાણીનો બોધ અને મધુરતા સાંભળી, ભગવાન આત્મા પોતાનો મહિમા જાણી સ્વરૂપને સંભાળવા અને સાંભળવા જાગૃત થાય છે. જેમ મંત્ર વડે સર્પનું વિષ ઉતરી જાય છે તેમ આત્મા, પરથી જુદો રાગાદિ સર્વ ઉપાધિ વિનાનો મુક્ત છે, એવા ભાન વડે અર્થાત્ સમ્યજ્ઞાન મંત્ર વડે અજ્ઞાનરૂપી વિષ ઉતરી જાય છે.

આ સમયસારની ગાથા ગુજરાતીમાં હરિગીતમાં થયેલ છે. હરિગીત એટલે હરિ અને ગીત એ બે પદથી થયેલ શબ્દ છે. તેનો અર્થ :—''પાપં અધં હરતિતી હરિ.'' 'પુણ્ય, પાપ મારા છે,' એવી પરમાં મમતા અને રાગ-દ્વેષ અજ્ઞાનરૂપી પાપના ઓઘને હરે તે ભગવાન=આત્મા, હરિ, તેના ગુણનાં ગાણાં તે ગીત. 'ધ્રુવ' સંસારની ચાર ગતિ અધ્રુવ છે; સિદ્ધગતિ પુર્ણ પવિત્ર આત્મદશા (૧) ધ્રુવ છે. (૨) અચળ છે. (૩) અનુપમ છે= આત્માની નિર્મળ દશાને પામ્યા તે સિદ્ધ પરમાત્માને જગતના કોઈ પદાર્થની ઉપમા આપી શકાય તેમ નથી. એમ ત્રણ વિશેષણો સહિત, ઉત્કૃષ્ટ ગતિને પ્રાપ્ત થયેલા એવા સર્વ સિદ્ધોને નમસ્કાર કરી, અહો ? શ્રુતકેળવીઓએ કહેલા આ શુદ્ધાત્માના અધિકારને કહીશ એમ આચાર્ય ભગવાન કહે છે. 'સર્વ'=''અનંત સિદ્ધ ભગવાન થઈ ગયા'' એમ કહેવાથી બધા મળી એક આત્મા થઈ ગયો, તેમ માનવું તે મિથ્યા છે.

''હું તેઓને નમું છું'' એનો અર્થ એવો છે, કે ''હું પૂર્ણ પવિત્ર દશાને જ નમું છું, અન્ય ભાવો તરફ ઢળતો નથી. સંસાર તરફ કોઈ ભાવે જોતો નથી.'' એમ પોતાના પૂર્ણ સાધ્યને નમસ્કાર કરી, પૂર્ણ શુદ્ધ સ્વરરૂપ અને તેની પ્રાપ્તિનો ઉપાય, સર્વજ્ઞ ભગવાન દ્વારા આવેલ તે જ કહેવા માગે છે.

શ્રુતકેળવી=અંદરના ભાવજ્ઞાનમાં પૂરા, સર્વ અર્થ સહિત આગમને જાણનારા, સમય=પદાર્થ અર્થાત્ આત્મા. પ્રાભુત=ભેટણું. જેમ રાજાને મળવા જતાં ભેટણું આપવું પડે તેમ શુદ્ધ આત્માને અંતરમાં મળવા માટે સમ્યગ્જ્ઞાનનું ભેટણું આપવું પડે છે. ટીકામાં 'અથ' શબ્દ મંગળતા સૂચક છે. 'અથ' સાધકપણું બતાવે છે. પૂર્ણતાના લક્ષે અપૂર્વ

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શરૂઆત જણાવે છે, એટલે કે પૂર્વે અનંતવાર બાહ્ય સાધનથી જે કરી ચૂક્યો તે જ હોય, તો તે અપૂર્વ શરૂઆત નથી. અહીં અપૂર્વ સાધકદશા પ્રગટ કરવાની વાત છે. સંસ્કૃતમાં 'અથ' નો અર્થ 'હવે' થાય છે. અનંતકાળથી જે માનતો આવે છે અને જે કાંઈ ભાવ કરતો આવે છે, તે નહિ પણ સર્વજ્ઞ જ્ઞાની જે કહે છે તે કહું છું.

આ અપૂર્વ શરૂઆત સમજ્યા વિના આ જીવ અનંતવાર નવમી ગ્રૈવેયકે પુણ્યના ફળથી ગયો. ''હું સ્વાધીન સ્વરૂપ છું, પરના આશ્રય વિનાનો છું'' એ ભૂલીને જૈનના મહાવ્રતાદિ પણ કર્યા, વસ્ત્રના તાણા વગર, નગ્ન દિગમ્બરદશા ધારી–ઉગ્ર શુભભાવ સહિત પંચમહાવ્રત અનંતવાર પાળ્યાં, ઉત્કૃષ્ટ તપ કર્યા, કોઈ અગ્નિથી બાળી નાંખે છતાં જરાપણ ક્રોધ ન કરે, તોપણ સર્વજ્ઞ ભગવાન કહે છે કે, ''એવું અનંતવાર કર્યું, પણ ધર્મ ન થયો. માત્ર તેવા ઊંચા પુણ્ય કરી અનંતવાર સ્વર્ગમાં ગયો. તેને આત્મા પરથી નિરાળો, પુણ્ય, પાપની વૃત્તિ ઉઠે તેનાથી હું પરમાર્થ જુદો જ છું, મનની સહાયતાથી હું શુદ્ધ દશા પ્રગટ કરી શકું નહિ, એમ સ્વરૂપની પૂર્ણ સ્વાધીનતાની વાત બેઠી નહિ''.

શાસ્ત્રની શરૂઆતમાં સર્વ સિદ્ધોને ભાવ તથા દ્રવ્ય સ્તુતિ કરીને પોતાના તથા પરના આત્માને સિદ્ધ સમાન સ્થાપીને તેનું વિવેચન કરે છે. ભાવસ્તુતિ એટલે મન, વાણી, દેહ તથા શુભાશુભવૃત્તિથી હું જુદો છું, એમ શુદ્ધાત્મા તરફ વળી રાગની વૃત્તિથી ખસી અંદરમાં ઠરવું ભાવસ્તુતિ છે. બાકી શુભ ભાવરૂપ સ્તુતિ તે દ્રવ્ય નમસ્કાર છે. તેમાં પ્રથમ પોતાનો આત્મા સિદ્ધ પરમાત્મા સમાન છે, તે પોતાને સ્થાપીને કહે છે કે, મારામાં સિદ્ધપણું–પૂર્ણપણું છે. કોઈને નાને મોઢે આ મોટી વાત લાગે, પણ પૂર્ણ સ્વરૂપ કબૂલ્યા વિના પૂર્ણની શરૂઆત કેમ થાય? લોકોને જ્ઞાની કહે ''તું પ્રભુ છો'' તે સાંભળતા ભડકી ઉઠે છે અને કહે છે કે અરે! આત્માને પ્રભુ કેમ કહ્યો? જ્ઞાની કહે છે, ''બધા આત્મા પ્રભુ છે.'' બાહ્ય વિષયકષાયમાં જેની દૃષ્ટિ છે તેઓ આત્માને પ્રભુ માનવાની 'ના' પાડે છે. પણ અહીં કહે છે, કે ''હું સિદ્ધ છું, એમ વિશ્વાસ કરી હા પાડો.'' 'પૂર્ણતાના લક્ષ વિના વાસ્તવિક શરૂઆત નથી.' ''હું પામર છું, ઊણો છું'' એમ માની જે કાંઈ કરે તેને પરમાર્થ કાંઈ શરૂઆત નથી. 'હું પ્રભુ નથી' તેમ કહેવાથી, 'ના' માંથી 'હા' નહિ આવે. અળસિયાને કોઈ દૂધ, સાકર પાય તો પણ નાગ ન થાય. તેમ પ્રથમથી હીણો માની પુરુષાર્થ કરવા માગે તો ન થાય. કણો અણશિયા જેવડો હોય છતાં ફૂંફાડા મારતો નાગ છે; કડક વીર્યવાળો હોય છે. નાનો નાગ પણ ફણીધર સાપ છે. તેમ આત્મા વર્તમાન અવસ્થામાં નબળાઈવાળો દેખાય છતાં સ્વભાવે તો સિદ્ધ જેવો પૂર્ણ દશાવાન છે, માટે આચાર્ય પ્રથમથી જ પૂર્ણસિદ્ધ સાધ્યપણાથી વાત શરૂ કરે છે. કેટલી હોંશ છે!!!

લોકો પણ પૂરું માગીને ગાણાં ગાય છે લગ્ન વખતે મમતાને લીધે ગાય છે કે, 'થાળ ભર્યો સગ મોતીયે' એમ ભાવના ભાવે છે. ઘરમાં ભલે એક પણ મોતી ન હોય. તેમ જ કહે છે કે, 'હાથી ઝૂલે આંગણે' પછી ભલે ઘરે સારું ઢોર પણ ન હોય. સંસારીને મમતાનાં ગોઠયાના ગાણાં છે. એ ન્યાયે આત્મા પોતે પરથી જુદો પૂરેપૂરો અખંડ છે તેથી પૂર્ણની ભાવના જાહેર કરે છે. બહારમાં ગુલાંટ ખાઈને વિકારમાં ઊભો છે, તેથી વિકારમાં પૂર્ણની તૃષ્ણા જાહેર કરે છે કે, 'થાળ ભર્યો સગ મોતીયે,' 'હાથી ઝૂલે આંગણે' એ અનંત તૃષ્ણાનો ભાવ અંદરથી આવ્યો છે પોતે અનંતગુણો વડે પૂર્ણ છે, તેની ગુલાંટ મારીને આવા અનંત તૃષ્ણાના ઊંધા ભાવ કરે છે. વળી કોઈવાર કહે છે કે, 'આજે સોનાનો સૂરજ ઊગ્યો.' રોજ નહિ અને આજે કેમ? જે વાતનો મહિમા જાણ્યો તેનો મહિમા કરે છે; તે સંસારની વૃતિ બદલાવીને પૂર્ણ પવિત્રતાની અહીં ભાવના છે. આચાર્ય કહે છે કે અપૂર્વ આત્મધર્મને જે ઈચ્છે છે તેણે 'હું સિદ્ધ પરમાત્મા છું' તેવી દઢતાની આત્મામાં સ્થાપના કરવી પડશે. પોતે પાત્ર થઈ પૂર્ણની વાત સાંભળતા જ હા પાડવી પડશે. પણ છીંકણીં અને બીડી વિના ચાલે નહિ તેને કહે 'તું પરમાત્મા છો, તે વાત ક્યે કાળજે બેસાડે? 'પુણ્યના સંયોગ પણ મારે ન જોઈએ, પરમાણુ માત્ર મારું નથી, રાગ, દ્વેષ, ઉપાધિ મારું સ્વરૂપ નથી,' એવા પૂર્ણ આત્માના નિર્ણય વડે પોતાના આત્મામાં અને પર આત્મામાં સિદ્ધ ભગવાનપણું સ્થાપીને સંભળાવે છે. ''હું જેને સંભળાવું છું તે બધા પ્રભુ છે. તેમ ભાળીને પ્રભુપણાનો ઉપદેશ આપું છું.'' આચાર્યદેવ પોકાર કરે છે કે ''હું તો પૂર્ણ પવિત્ર સિદ્ધ પરમાત્મા છું, ને તમે પણ સ્વભાવે પૂર્ણ જ છો;'' અમે તમે નિઃસંદેહ સમજો. આજે પૂર્ણિમા છે, પૂર્ણની વાત જાહેર કરીએ છીએ. દરેક આત્મામાં પૂર્ણ પ્રભુત્વ શક્તિ ભરી છે, તેની 'હા પાડ.' એમ જ્ઞાની કહે છે; તેની ના પાડનાર પ્રભુત્વ દશા કેમ કરી શકે?

**પ્રશ્ન :—**ઘણાય કહે છે કે 'અમે પરમાત્મા છીએ,' તો તેનું કેમ?

**ઉત્તર :—**એમ વાતો કર્યેથી અંતર અનુભવમાં મેળ ન બેસે, મનમા પલાંખે ધારી રાખ્યું હોય કે, સાત પંચા પાત્રીશ થાય પણ ખરે ટાણે પલાખુ સરખું ગોઠવી શકે નહિ, તો તેનું ધારેલું શા કામનું? તેમ હું રાગ, દ્વેષ, મોહ રહિત પૂર્ણ પ્રભુ છું, એમ નિરંતર અખંડ સ્વભાવનું ભાન ન રહે તો મનનું ધારેલું શા કામનું?

આચાર્ય કહે છે, કે 'હું પૂર્ણ પ્રભુ છું પૂર્ણ છું' એમ નક્કી કરીને તમે પણ પ્રભુત્વ માનજો અને તે, પૂર્ણ પવિત્ર દશા પ્રગટ કરવાનો ઉપાય જે રીતે અહીં કહેવાય છે તે રીતે યથાર્થ ગ્રહણ કરજો. 'પુત્રના લક્ષણ પારણામાંથી વર્તાય.' કહે છે કે

નાનપણથી વીર્યવાન હોય તે, ઘોડીયાં બે ચાર ફાડે ત્યારે મોટો થાય, કારણ કે ઘોડીયામાં પણ ઉછાળા મારે અને પુણ્ય હીન હોય તેનાં લક્ષણ પણ પ્રથમથી જ જણાય. અહીં આચાર્ય પ્રભુ કહે છે કે અમે પ્રભુ છીએ તેમ તમે પણ પ્રભુ છો. પ્રથમ જ આ વાતની 'હા' બેસે છે? કોઈ એમ કહે કે નાની કોથળીમાં મોટી કોથળીના રૂપિયા કેમ સમાય? પણ ભાઈ? તું અનંતજ્ઞાન, આનંદરૂપે છો તેથી, તું આવડો મોટો (પ્રભુ સ્વરૂપ) છો તેવી વાત સાંભળી બેસાડી અંદરથી હા જ લાવ. 'તું આટલું ધન લઈ ફલાણો ધંધો કર' એમ પુણ્યવંત પિતા પુત્રને કહે તો તે હા જ પાડે છે. તેમ સર્વજ્ઞ ભગવાન અને અનંતજ્ઞાની આચાર્યોએ બધા આત્માને પૂર્ણપણે જોયા છે. તું પણ પૂર્ણ છો, પરમાત્મા જેવો છો. જ્ઞાની સ્વભાવ જોઈને કહે છે કે તું પ્રભુ છો, કારણકે ભૂલ અને અશુદ્ધતા તારું સ્વરૂપ નથી. ભૂલને અમે ન જોઈએ, કારણ કે અમે ભૂલ રહિત પૂર્ણ આત્મસ્વભાવને જોનારા છીએ અને પૂર્ણ સ્વભાવને કબૂલ કરી, તેમાં સ્થિરતા વડે અનંત જીવો પરમાત્મ દશારૂપ થયા છે. તેથી તારાથી થઈ શકે તે જ કહેવાય છે.

તા. ૧૯–૬–૪૩.

કુંદકુંદાચાર્ય પ્રથમ સિદ્ધને નમસ્કાર કરી પહેલી ગાથાની શરૂઆત કરે છે. દરેક આત્મા સ્વભાવે સિદ્ધ સમાન છે, તેવો પોતાના આત્મામાં નિર્ણય કરી સમયસારનું સ્વરૂપ કહે છે. પરમાત્મા સ્વરૂપ સિદ્ધપદને પોતાના આત્મામાં અને પરનાં આત્મામાં સ્થાપીને કહીશ, એવો અર્થ ''વંદિત્તુ સવ્વ સિદ્ધે'' માંથી કહ્યો.

દરેક પ્રાણી સ્વતંત્ર સુખ લેવા માંગે છે, તેમાં કોઈ બાધા, ઉપાધિ, માગતું નથી. આત્મા સ્વભાવે શુદ્ધ છે, તેમાં મન, વચન, કાયા કે રાગ દ્વેષ નથી. મુક્ત સ્વભાવી આત્માનો ઓળખાણ સહિત મહિમા ગાવામાં આવે છે. નિર્ધન માણસ ધનવાનના વખાણ કરે છે, ત્યાં ધનવાનની મોટપનો ભાવ તેના હૃદયમાં બેઠો છે. લક્ષ્મીની મીઠાશ ગોઠી છે. તેથી ગોઠ્યાના ગાણાં ગાય છે. તૃષ્ણા અંતરમાં બેઠી છે તેના ગાણાં ગાયા કરે છે, સામી વ્યક્તિના વખાણ કોઈ કરતું નથી. રાજાને ઈશ્વરનો અવતાર કહે છે, તે ઉપમા રાજા કહેવાતા માણસને માટે નથી પણ તેના (વખાણ કરનારના) કાળજામાં રાજાના વૈભવનો ઝણઝણાટ છે, તે માટે વખાણ કરે છે. તેમ જેને સહજાનંદ પૂર્ણ પવિત્ર સિદ્ધ સ્વભાવનો આદર થયો છે તે સિદ્ધ ભગવાનના ગાણાં ગાય છે, એટલે કે પોતાના આત્મામાં પૂર્ણ સિદ્ધ સ્વભાવ જે ગોઠ્યો છે સ્થાપ્યો છે તેના ગાણા ગાય છે. આચાર્યે

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



અદ્ભુત મંગળિક કર્યું છે, અખંડ જિન શાસનને જીવતું રાખ્યું છે. જે સ્વતંત્રતા લેવા માગે છે તે, કોઈનો આશ્રય ન રહે તેવું પદ ઈચ્છે છે. સિદ્ધને વંદન તે જ કરી શકે કે જેને સ્વાધીન પરમાત્મપણું ગોઠ્યું, પોસાણમાં આવ્યું અને હૃદયમાં ઠર્યું તે જ ભાવવંદન કરી શકે છે. ''હું સિદ્ધ સ્વભાવ પૂર્ણ પવિત્ર પરમાત્મા છું'' એવી વાત સાંભળતા જ જેને અંદરથી જીજ્ઞાસા થઈને જે જીવ, ધર્મ સમજવા માંગે છે તેની આ વાત છે, શંકામાં અટકનારને માટે નથી. વસ્તુનો સ્વભાવ તે ધર્મ. અહીં વસ્તુ તે આત્મા; આત્માનો સ્વભાવ મન, વાણી, દેહ, રાગાદિ ઉપાધિ વિનાનો, એવો શુદ્ધ ચૈતન્ય આત્માનો સ્વભાવ તે ધર્મ છે. જેને તે સ્વભાવને પ્રગટ કરવો છે તે સિદ્ધને ઓળખીને વંદન કરે છે અર્થાત્ રાગથી જરા છૂટો પડી એકાગ્ર થાય છે.

**પ્રશ્ન :—** સિદ્ધ કોને કહેવાય?

**ઉત્તર :—**જેને પૂર્ણ કૃતકૃત્ય પરમાત્મદશા પ્રગટી છે, તેને સિદ્ધ કહેવાય છે.

ભાવવંદન એટલે ''હું પૂર્ણ જ્ઞાનઘન સ્વભાવે નિર્મળ છું'' એવા ભાવ સહિત રાગાદિ વિસ્મરણ કરી સ્વલક્ષે, રાગરહિત, અંદર ઠરવું તે અંતર–એકાગ્રતા અર્થાત્ ભાવવંદન છે.

શુભ વલણવાળો ભક્તિભાવ તે દ્રવ્ય–સ્તુતિ છે. તે દ્રવ્ય–સ્તુતિમાં અલ્પરાગનો ભાગ છે ખરો પણ તે ગૌણ છે. પ્રથમ પોતાના અને બીજાના આત્મામાં પણ, સિદ્ધપણું સ્થાપીને બધાને પ્રભુ સ્થાપ્યા છે. એ જ સર્વજ્ઞ વીતરાગનો જગજાહેર માર્ગ છે. અહો! અજબ વાત છે, અપૂર્વ ઉપદેશ છે, જેની પાત્રતા હોય તે હા પાડે. જો બીજામાં એટલે કે પુણ્ય-પાપમાં રોકાય ને પરનું અવલંબન કરે એમ પર તરફ જોવામાં અટકે, તેને સાચું હિત નહિ થાય. જે કોઈ સારું કરવા માગે, ઠીક કરવા માગે તે પૂરું સારું કરવા માગે કે અધરું? સૌ કોઈ પુરું જ સારું કરવા માગે માટે આત્મા પૂરો માન્યે જ પૂરો પ્રગટશે. સારું, ઠીક, પરમાર્થ, કલ્યાણ, આનંદ તે બધી આત્માની નિર્મળ નિરૂપાધિકદશા છે તે પોતામાં છે. જે સર્વોત્કૃષ્ટ સિદ્ધ પરમાત્મપણું યાદ કરે છે, આદર કરે છે તેની અંતરની કોથળી સિદ્ધ પરમાત્મા જેવડી જ છે. પૂર્ણ પરમાત્મ–સ્વભાવ તે જ મારે આદરણીય છે. બીજો પુણ્ય-પાપનો અંશ મારે ન જોઈએ. નિત્ય, નિરાલંબી પૂર્ણ સ્વભાવની શ્રદ્ધા આવ્યા પછી શુદ્ધ દૃષ્ટિ વડે તે બધો માર્ગ કરી લેશે. દૃષ્ટિ ખૂલ્યા પછી અલ્પ રાગ રહેશે પણ ગુણને રોકે તેવો રાગ નહિ રહે. આ વિશ્વાસ અને રુચિ કોણ કરે? જેને શરીર, વાણી અને મનની પ્રવૃત્તિ ઉપરથી અહંકાર ઉડી ગયો છે. તે ''પુણ્ય, પાપ, ઉપાધિ રહિત અસંગ, આત્મા જ છું, જ્ઞાતા જ છું'' એવું જેને જ્ઞાન છે તે સત્‌ની રુચિ જાહેર કરે છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

જેને અંતરમાં—આત્મામાં, પરમાત્માની વાત બેઠી તે ભવિષ્યનો, સાક્ષાત્ સિદ્ધ જ છે. મુક્તિની વાત સાંભળતાં પરસેવો ઉતરે, પ્રભુ કહેતાં અરેરાટી છૂટે—તેવાઓને જ્ઞાની કહે છે કે, ''અમે બધાને પૂર્ણ પ્રભુપણે ભાળીને કહીએ છીએ. ક્ષણિક ઉપાધિના ભેદ સાંભળી અટક નહિ.'' હું તને કહું છું કે, ''તું સિદ્ધ સમાન પ્રભુ છો'' એવો વિશ્વાસ તને તારાથી ન આવે ત્યાં સુધી સર્વજ્ઞ પરમાત્માએ કહેલી વાતો તારા અંતરમાં બેસે નહિ.

ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે કે પરમસત્ય હું તને સંભળાવીશ. તે તું શ્રવણ કરવાં છતાં પણ સાંભળવા સંબંધીનો રાગ મારો નથી, 'હું અરાગી, અખંડ, જ્ઞાયક પ્રભુ જ છું' એવી એકવાર અંતરથી હા લાવ. વળી, જેમ સિદ્ધને સાંભળવું વગેરે ઈચ્છા નથી તેમ મારે પણ નથી, જેવડો સિદ્ધ ભગવાનનો આત્મા તેવડો જ હું છું તેમ નિર્ણય લાવ. એમ આ સમયસારશાસ્ત્ર (આત્મસ્વભાવ)નું કથન છે. તે શાસ્ત્રને ભાવ વચનથી, એટલે અંતરએકાગ્રતાથી અને દ્રવ્ય વચનથી એટલે શુભભાવથી કહીશ. આગળ કહે છે કે, ''હું અનુભવ પ્રણામથી કહીશ તેની હા જ પાડજો, કલ્પના કરશો નહિ.''

અહીં દ્રૌપદીના પૂર્વભવ, વિષકન્યાનું દૃષ્ટાંત કહે છેઃ—

**દૃષ્ટાંત** :—દ્રૌપદીનો પૂર્વભવે એક ધનાઢ્ય શેઠને ત્યાં વિષકન્યારૂપે જન્મ થયો હતો. તે વિષકન્યાને કોઈ પતિપણે અડે તો તેના શરીરે ઝેરી દાહ ઉત્પન્ન થાય. અગાશીમાં તે વિષકન્યાનો ધનાઢ્ય પિતા વિચાર કરે છે કે, તે કન્યાને કોણ લેશે? ઈ સરખી જાતના તો આ કન્યાને લેશે નહિ.

રસ્તે પુણ્યહીન ભિખારી જતો હતો તેનાં લૂગડાં ફાટેલ, લાકડી તૂટેલ, ઘડો કાંઠે ભાંગેલ અને શરીરે માંખીઓ બણબણે છે, તે ભિખારીને ઘેર રાખી, સારા કપડાં વિગેરેથી શણગારી, ધન આપી, મારી પુત્રી તેની સાથે પરણાવું. એવો વિચાર કરી અગાશી ઉપરથી નોકરને તે પ્રમાણે કરવાની આજ્ઞા કરી.

નોકરે તે ભિખારીને ઘરમાં લાવી તેનો જુનો વેશ કઢાવી, સ્નાન કરાવી, સારા વસ્ત્ર, ઘરેણાં પહેરાવવા માટે, તેના ફાટેલા જુનાં લુગડાં, ઘડો, વિગેરે હાથમાંથી લઈ દૂર ફેંકે છે, ત્યાં ભિખારીએ રાડ નાંખી. જે નાખી દેવા જેવું હતું તે નોકરે નાખી દેવા માંડ્યું ત્યાં અજ્ઞાન ભિખારીએ ચીસ પાડી. શેઠે ચીસ પાડવાનું કારણ પુછ્યું, તો નોકરે જણાવ્યું કે તેનો જૂનો વેષ ઉતારું છું ત્યાં રાડ નાખે છે. પુણ્ય નથી તેથી પ્રથમ જ ઘરમાં પેસતા જ નકાર થાય છે, કે હાય હાય! મારાં લુગડાં, લાકડી વિગેરે લઈ લેશે તો! પણ સારા માણસનાં ઘરમાં બોલાવ્યો છે તેમાં કાંઈક કારણ હશે તેનો વિચાર પણ કરતો નથી. શેઠે જોયું કે ભિખારી પુણ્યહીન, અજ્ઞાન છે, તોપણ વિશ્વાસ લાવવા, એક ખુણામાં તેનો

જૂનો વેષ મુકવા કહ્યું. પછી નવરાવી સારાં વસ્ત્રાદિ પહેરાવી લગ્નમંડપમાં બેસાડ્યો. જ્યાં કન્યાને હાથ અડાડ્યો, ત્યાં તો વિષકન્યા વિષનો દાહ લાગ્યો.

ભિખારીને પુણ્ય તો નથી, ભિખારીએ વિચાર્યુ કે આ કન્યા હું રાખી શકું તેમ નથી, મધ્યરાત્રે ઉઠી પહેરેલા દાગિના લૂગડાં કાઢી, ખુણામાં રાખી મુકેલ પોતાની તૂટેલ લાકડી, તથા જૂના લૂગડાં લઈ, જેમ કસાઈના હાથથી કાગડો છૂટે તેમ ભાગ્યો. હવે એ દ્દષ્ટાંત ઉપરથી સિદ્ધાંત એમ નીકળે છે કે, સંસારની ચોરાસી લાખ યોનિમાં રખડતા ભિખારીઓને જોઈને (જેમ શેઠે નોકરને અગાશીમાંથી આજ્ઞા કરી તેમ) કેવળજ્ઞાની ભગવાને ધર્મસભામાંથી આજ્ઞા કરી કે, ''બધા આત્મા પ્રભુ છે, સિદ્ધસ્વરૂપ છે'' એમ મુનિઓ કહે છે કે, જગતને સંભળાવો. ''તમે પૂર્ણ છો, પ્રભુ છો તેથી તે પરની કાંઈ ઈચ્છા કરવી પડે તેવું તમારું સ્વરૂપ નથી.'' પરપદાર્થની ઈચ્છા કરવી માગણપણું છે. 'ઝાઝું માગે તે મોટો માગણ, થોડું માગે તે નાનો માગણ' એમ બધા પર વસ્તુના નાના–મોટા માગણ છે.

જ્યાં સુધી સંસારની આબરૂ જુએ છે. ધન, ઘર વિગેરેનો સંયોગ ઈચ્છે છે ત્યાં સુધી તે બધા ફુટેલા ઘડાવાળા પેલા ભિખારી જેવા માગણ છે. બહારમાં મોટાઈ શોધે છે કે 'કોઈ મારી આબરૂ ગાય, પ્રશંસા કરે, ગણતરીમાં ગણે,' વિગેરે માગે, એવા જે ચોરાસીના રખડતા ભિખારી તેને માટે શાશ્વત ઉદ્ધારનો ઉપાય બતાવવા તીર્થંકર પ્રભુએ સંતોને કહ્યું, કે 'જગતને કહો કે તમે પ્રભુ છો, તમારી પૂર્ણ સ્વાધીન તાકાતનો મહિમા સંભાળો, અમે તમને તમારી શુદ્ધ પરિણતિ સાથે લગ્ન (લીનતા) કરાવીએ.'

ભગવાન કુંદકુંદાચાર્યે મુનિઓએ કહ્યું કે, 'ચોરાશીના ભિખારીઓને બોલાવી, તેઓના હૃદયમાં તેમનું સિદ્ધપણું સ્થાપો કે, 'તમે દરેક આત્મા પ્રભુ છો, અનંત પુરુષાર્થ, અનંત જ્ઞાન, આનંદ સ્વરૂપ છો,' એમ સંભળાવો. આવી પૂર્ણ સ્વતંત્રતાની વાત સાંભળતા જેઓ આત્માર્થી છે, પુરુષાર્થી છે, તેને તો પહેલે ધડાકે પૂર્ણની શ્રદ્ધા આવે છે, પૂર્ણની અપૂર્વ રુચિ લાવી વિશેષ સમજવાની હોંશ બતાવે છે અને તેનો વિશ્વાસ કરે છે, તેઓ તો સ્વાધીન–સ્વ-ઘરમાં પેસે છે. પછી અલ્પ રાગરૂપ અસ્થિરતા રહી તેને કેમ ટાળવી તે પુરુષાર્થ સંભાળી લેશે અને નિરંતર પોતાના પૂર્ણ સાધ્યના ગાણાં ગાશે. જ્ઞાની પાસેથી સાંભળીને 'હા' પાડી, આત્મામાં નિર્ણય કરી કહેશે કે, 'હું પૂર્ણ સિદ્ધ સમાન પરમાત્મા છું પ્રભુ છું,' તો તેને પૂર્ણ સિદ્ધપદ શક્તિરૂપે છે, તેની નિર્મળતાની પરિણતિ પ્રગટ કરી મુક્તદશા સાથે પરિણમશે, અખંડ આનંદ લેશે. પણ ભિખારીને રખડવાની અનાદિની રુચિ છે, તેને જ્ઞાની સંભળાવે કે 'આત્મા પુણ્ય–પાપ વિનાનો પ્રભુ છે, તેને

શુભ વિકલ્પના મદદની જરૂર નથી.' તો તે સાંભળી હાય, હાય ! એ કેમ બને ? એમ રાડ નાખે છે.

પણ એકવાર તો શ્રદ્ધાથી કહે કે ''પુણ્યાદિ કાંઈ જોતું નથી, કારણકે સિદ્ધ પરમાત્મામાં કોઈ ઉપાધિનો અંશ નથી અને મારું સ્વરૂપ પણ તેવું જ છે.''

'પરને માટે લાગણી ઉઠે તે પણ વિકારીભાવ છે. મારો સ્વભાવ નથી' એમ અંતરથી એકવાર હા પાડવી જોઈએ; પણ સાંભળતા જ જે નકાર કરે છે, રાડ નાખે છે, તેને સંસારમાં પુણ્યાદિ પરાશ્રયની મીઠાશ વડે ભટકવું ગોઠે છે, મુક્ત થવાની વાત ગોઠતી નથી. તેથી કહે છે કે ''આટલા આટલા કાળનું અમારું કરેલું તે બધા ઉપર મીંડા વળે છે, માટે અમારા પુણ્યનું કર્તવ્ય રાખીને જો વાત હોય તો કહો.'' પણ જે રીતે માર્ગ હોય તેથી વિરુદ્ધ કેમ કહેવાય? આત્મા તો પરથી નિરાળો ચિદાનંદ સ્વરૂપ છે. પુણ્ય-પાપની વૃત્તિ કે દયા, હિંસાની વૃત્તિ તે તારું સ્વરૂપ નથી. પ્રથમ એવો વિશ્વાસ કર પછી તો શુભ વૃત્તિ પણ આવશે પણ તેમ સાંભળતાં જે રાડ નાખે છે, નકાર કરે છે તેને ભગવાનપણું માનવું બેસતું નથી. જેમ પેલાં ભિખારીને આગલા પુણ્ય નો'તા તેથી તેને શેઠની વાત ન બેઠી, તેમ જ્ઞાનીએ અનંત દુઃખથી છૂટી અનંત સુખનો ઉપાય બતાવ્યો, ત્યાં પહેલે ધડાકે નકાર આવે છે; કારણકે તેને પોતાની મહત્તા, પૂર્ણતાનો વિશ્વાસ નથી. અંતરમાં પુરુષાર્થ દેખાતો નથી, તેથી ભવિષ્યમાં અનંત સંસારનો ભિખારી રહેવા માગે છે. જેટલું વીર્ય પુણ્ય–પાપરૂપ બંધન ભાવમાં રોકાય છે, તે આત્માનો સ્વભાવ નથી. જેમ હિંસા, જૂઠ, અવ્રત આદિ અશુભ ભાવથી પાપબંધન છે તેમ દયા, સત્ય, વ્રત, આદિ શુભભાવથી પુણ્યબંધન છે, ધર્મ નથી. એકલા આત્માના શુદ્ધ ભાવથી જ ધર્મ થાય. આમ પહેલી વાત સાંભળતાં જ કકળાટ અને ઉકળાટ કરે છે અને કહે છે કે આમાં સ્વર્ગ કે, પુણ્ય પણ ન રહ્યું, અમારે શરૂઆતમાં તો જોઈએ જ ને ? પછી છોડવાનું ભલે કહો. પણ જ્ઞાની કહે છે કે શ્રદ્ધામાં પ્રથમથી જ છોડ; હું સિદ્ધ જેવો જ છું મારે કાંઈ જોઈતું નથી. એમ એકવાર તો હા પાડ ! પછી રાગ ટાળવાનો ઉપાય સમજાયા વિના નહીં રહે. તું મોક્ષ સ્વરૂપ છો તેની એકવાર હા પાડ, 'મોક્ષનું પસ્તાનું મૂક.' આચાર્ય પ્રભુ મોક્ષના માંડવા નાખી તારામાં મોક્ષપદ સ્થાપે છે. એકવાર ધર્મ એટલે સ્વભાવ નક્કી કર, તો પૂર્ણ પરમાત્મા છું એવો મહિમા તને તારાથી આવશે જ. જેવો સિદ્ધ પરમાત્મા તેવો જ તું છો; વર્તમાન ક્ષણિક અપૂર્ણતાને ન જોતાં, તારા અવિનાશી પૂર્ણ સ્વભાવને જો. એવો વિશ્વાસ અંતરથી લાવે અને તેનો મહિમા કર્યા કરે તે સિદ્ધ પરમાત્મા થયા વિના ન રહે. પણ જેણે પહેલેથી જ પ્રભુપણું નહીં એમ રાડ નાખી છે અને પુણ્ય વિના એકલો આત્મા નહિ એમ બેઠું છે, તેથી તે 'કેવળીને પાસે રહી ગયો

કોરો' ક્રિયા, કાંડ કરી થાક્યો, પુણ્યના ભાવમાં અટવાણો. પુણ્ય તો ક્ષણિક સંયોગોએ આપી છૂટી જશે તેમાં આત્માને શું? હું પરથી જુદો છું, પુણ્યાદિની સહાય વિના એકલો પૂર્ણ પ્રભુ છું. એ વિશ્વાસે જેણે અંતરમાં કામ લીધું નહીં, તે પુણ્યાદિમાં મીઠાશ માની બાહ્યમાં સંતોષ માની રોકાણો છે. મુક્તિની શ્રદ્ધા વિના પુણ્ય બાંધ્યું પણ ટાણું આવ્યે સાચું સાંભળતાં રાડ નાખે છે કે આવું ન હોય. પણ પુણ્યાદિ કે કાંઈ પરાવલંબન ન જોઈએ, પર વસ્તુ કોઈ ન જોઈએ એમ બેસતું નથી.

'જેને જેની રુચિ તેને તેની ભાવનામાં હદ ન હોય.' પૂર્ણ! પૂર્ણ! પૂર્ણ. તું અખંડાનંદ, એકલો પરમાત્મા પ્રભુ જ છો. ભગવાન આચાર્ય કહે છે કે, ''સાંભળો, ત્રિલોકનાથ તીર્થંકરદેવનો આ હુકમ છે કે, પૂર્ણની રુચિ, બેહદ સ્વભાવને સ્વતંત્રપણે જાહેર કરો. ભાવ અને દ્રવ્ય સ્તુતિથી મોક્ષ ઉપાયની શરૂઆત બતાવે છે. પરમ કલ્યાણ તારાથી જ તારા પૂર્ણ પદને માનવા જાણવાથી અને તેમાં એકાગ્ર થવાથી જ થાય છે.''

અજબ વાત કહી છે! આ વાત જેને બેસે તેને કજીયા, કંકાસ ટળી જાય છે. બધા આત્મા સિદ્ધ સમાન પ્રભુ એને સ્વતંત્ર જાણ્યાં તેમાં વિરોધ ક્યાં? જેણે સિદ્ધ પરમાત્મા સાથે પોતાનો મેળ કર્યો એટલે સિદ્ધ સમાન પોતે છે એમ જાણ્યું, પછી કોની સાથે વિરોધ કરે? સિદ્ધમાં જે નથી તે મારૂં સ્વરૂપ નથી અને સિદ્ધમાં જેવું છે તેવું મારૂં સ્વરૂપ છે; તેવો પરમાત્મભાવ દીઠો તેનાથી વિરૂદ્ધ એવા જે શુભાશુભ પરિણામ દેખવામાં આવે તેને કાઢી નાખવાનું એકલું પૂર્ણ સ્વરૂપ રહેશે. જેણે જેણે પોતાના પૂર્ણ પરમાત્માપદને ઓળખી પોતામાં તેની દઢતાનું સ્થાપન કર્યું છે તે પુણ્ય, પાપાદિ બીજાનું સ્થાપન નહિ કરે. જેમ સંસારમાં મમતાવાળા સુરધન, અંબિકા વગેરે દેવને ઘરના ગોખલામાં સ્થાપે છે. એમ લોકોત્તર સ્વરૂપના માહાત્મ્ય ખાતર સિદ્ધ અમારા ઈષ્ટ છે, તેમને અમે અમારા આત્મામાં સ્થાપીએ છીએ. અખંડ જ્ઞાયકરૂપ નિર્મળ, નિર્વિકલ્પ, સિદ્ધપણું મારૂ સ્વરૂપ છે, છે તે સદાય રહે છે. એ સિવાય જે કાંઈ શુભ, અશુભ રાગની વૃત્તિ ઉઠે તે પર છે, એમ જાણીને 'હું સિદ્ધ આત્મા અશરીરી છું' એમ જેણે સ્થાપન કર્યું તેણે પોતાના મહા માંગલીક મોક્ષની શરૂઆત કરી છે. પોતાને ભૂલીને પૂજા, વ્રત, દાન વિગેરેમાં શુભભાવ વડે જે કાંઈ પુણ્ય કર્યું તે ધણીપણે કર્યું હોવાથી પરનું બંધન અને અભિમાન કર્યું છે.

આત્મા શુદ્ધ જ્ઞાતા જ છે; તેમાં પૂર્ણ પ્રભુત્વ સ્થાપન કર્યા વિના બીજો કોઈ ઉપાય ત્રણકાળ, ત્રણલોકમાં મુક્તિ માટે નથી.

ભાવવચન એટલે અંતર એકાગ્રતા.

દ્રવ્યવચન એટલે શુભભાવ અથવા શુભ વિકલ્પ. એ બન્ને દ્વારા શુદ્ધાત્માનું કથન

કહેવાશે. આચાર્ય કહે છે કે, એ સિદ્ધ ભગવાન સાધ્ય જે શુદ્ધ આત્મા તેના પ્રતિછંદને સ્થાને છે. સાધ્ય એટલે સાધવા યોગ્ય. જે પૂર્ણ નિર્મળદશા તે સ્વરૂપ સાધ્ય છે. ધર્મીનું ધ્યેય હિતસ્વરૂપ એવું આત્માનું સિદ્ધ સ્વરૂપ, અશરીરી શુદ્ધ આત્મા તે તેનું લક્ષ છે. ધ્યેય એટલે નિશાન, સાધ્ય. પૂર્ણ પવિત્ર સિદ્ધસ્વરૂપી આત્માનું ધ્યેય આત્મા પોતે જ છે. એમ જેણે નક્કી કર્યું તેને સિદ્ધ ભગવંતો સિદ્ધપણાને લીધે શુદ્ધ આત્માના પ્રતિછંદના સ્થાને છે. હું શુદ્ધ ચિદાનંદ પૂર્ણ કૃતકૃત્ય પરમાત્મા છું તેમ જ્ઞાનમાં ઉઠતો જ્ઞાન ભાવ સ્વભાવની જાહેરાત વડે કહે છે, કે 'હે સિદ્ધ ભગવાન તમે પરમેશ્વર છો, ત્યાં સામેથી અવાજ આવે છે, કે તમે પરમેશ્વર છો' એમ પડઘા પડી જવાબ આવે છે. તે રીતે સિદ્ધ ભગવંતો પ્રતિછંદના સ્થાને છે.

પડઘા એટલે અવાજ પાછો સામો અથડાય તે; 'હે સિદ્ધ ભગવાન! તમે મારા સ્વભાવસ્વરૂપ છો' હે સિદ્ધ પરમાત્મા, તને વંદન કરું છું તેવો જ જ્ઞાનમાં પડઘો, પ્રતિછંદરૂપે સ્થપાઈ જાય છે.

સિદ્ધ એટલે કૃતકૃત્ય થયા તેને તો કાંઈ કરવા જેવું બાકી નથી. દ્રવ્ય સ્વભાવે સર્વ જીવ સિદ્ધ પરમાત્મા જેવાં ભાળું છું. સર્વજ્ઞ વીતરાગ જગતના બધા પ્રાણીને સ્વતંત્રતાની જાહેરાત કરે છે. પ્રથમ એ જ વાત કે, જે સિદ્ધ ભગવાનમાં ન હોય તે મારામાં નથી અને જે સિદ્ધ ભગવાનમાં હોય તે મારામાં છે. એ નિઃશંક દઢતા, કોઈ સાથે વાત કરતાં કે કોઈ પ્રસંગમાં ખસવી ન જોઈએ. કોઈ કાળે, કોઈ ક્ષેત્રે આત્માનો ભરોસો, આત્માથી જુદો એટલે કે વિસ્મરણરૂપ થાય નહિ, એવી રુચિ નિરંતર રહેવી જોઈએ.

વળી ધર્મી પોતાને નિશ્ચયથી એવો જ માને છે કે 'જેમ સિદ્ધ પરમાત્માને સંકલ્પ વિકલ્પ, રાગ આદિ કોઈ ઉપાધિ નથી, તેમ મારે પણ નથી.' અનંત=(બેહદ) જ્ઞાન અનંતસુખ, અનંતગુણ, અનંતબળ વડે સ્વાભાવિક તસ્રવ છું, કારણ કે હું સિદ્ધપરમાત્માની જાતનો છું. ''તેઓ અનંત જ્ઞાન–આનંદના રસકંદ છે, તેવો જ હું છું'' તેમ ઓળખીને, તેમનું ચિંતવન કરીને તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાવીને સંસારી લાયક જીવો તેમના જેવા થઈ જાય છે.

ધ્યાવીને એટલે શક્તિમાંથી ચૂસીને અંતર એકાગ્રતા વડે પોતાની પૂર્ણ પવિત્ર દશા પ્રગટ કરે છે.

આમાં પરથી ભિન્ન પોતાનું પરમાર્થ સ્વરૂપ તેનું ભાન તે નિશ્ચય અને પુરુષાર્થ વડે મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર એમ બંને કહ્યા. પ્રથમ હું સિદ્ધ સ્વરૂપ છું, પરમાત્મા જેવો જ હું છું તેવી દ્રવ્યદષ્ટિ તે નિશ્ચય અને તેમાં ભાવવંદનરૂપે સ્વભાવમાં એકાગ્ર

થઈને અનંત જીવો સિદ્ધ ભગવાન જેવા થઈ ગયા તે મોક્ષનો ઉપાય, તેને વ્યવહાર કહેવામાં આવે છે.

એ અંતરમાં ઠરવાની (એકાગ્ર થવાની) જ્ઞાનની ક્રિયા કહી. દેહાદિ બાહ્યની પ્રવૃતિ તે આત્માની ક્રિયા નથી, કારણ કે જ્યાં ગુણ હોય ત્યાં અવગુણદશા થઈ શકે છે અને તે પરાવલંબી ક્ષણિક વિકારી ભાવ છે. સ્વભાવની સ્થિરતા વડે તે ટાળી શકાય છે. ત્રણે કાળે એક જ ઉપાય એક જ રીત છે. અહો! કેટલી વિશાળ દૃષ્ટિ! પ્રભુપણું અને પ્રભુ થવાનો ઉપાય પોતામાં જ છે.

> ''હરતાં ફરતા પ્રગટ પ્રભુ દેખું રે,''
> ''મારું જીવ્યું સફળ તવ લેખું રે.''
> ''મુક્તાનંદનો નાથ બિહારી રે,''
> ''ઓધા જીવન દોરી હમારી રે,''

'પુણ્ય, પાપ વગેરે પર તે મારા છે પરનું કાંઈ કરી શકું છું' એવી માન્યતા તે પાપ; તેને હરે તે હરિ. (હરિ=આત્મા) વિશાળ દૃષ્ટિ એટલે સ્વતંત્ર સ્વભાવ જોવાની સાચી દૃષ્ટિ. 'હું એ પ્રભુ છું, તમેય પ્રભુ છો, બીજાને આધીન નથી' એમ સ્વતંત્ર પ્રભુત્વ સ્થાપન કર્યું, તેમાં કોની સાથે વેર, વિરોધપણું રહે છે? બધાને પવિત્ર પ્રભુપણે જોનારો આત્માના નિર્વિકારી સ્વભાવને દેખે છે, તેમાં મોટપ, હિણપના ભેદ પાડતો નથી. વેરી જગતમાં કોઈ જન્મ્યો નથી. વેર વિરોધ તો અજ્ઞાનભાવે કલ્પનાથી માનેલ છે.

ત્રિકાળી જ્ઞાનસ્વભાવમાં જાણવારૂપ ક્રિયા થાય છે તે ભૂલીને પરને ઠીક, અઠીક માની આકુળતા કેમ કરે છે? ઠર રે ઠર, ભાઈ! આવા અનંતકાળે દુર્લભ, મનુષ્ય જીવન, તેમાં મહા મોંઘપવાળા સત્–સમાગમ, શ્રવણ મળે અને તારો સ્વતંત્ર સ્વભાવ છે, તેને ન માને તે કેમ ચાલે?

બાપ, દિકરાને કહે કે, ''અરે! રળવાની મોસમ અને ન રળ તો પછી ક્યારે રળીશ? બે મહિનામાં બાર મહિનાના રોટલા નીકળે એમ છે.'' તે તો ધૂળ છે. અહીં ત્રિલોકનાથ વીતરાગ કહે છે કે, મનુષ્ય જીવન અને સાચું સાંભળવાનાં ટાણા આવ્યાં. મોક્ષના માંડવા નાખ્યા છે; તારો સિદ્ધ મુક્ત સ્વભાવ છે. તેમાં તને સ્થાપવામાં આવે છે, તેમાં ક્યાંઈ વેર, વિરોધ નથી, ચૈતન્ય આત્માના સ્વભાવમાં વિરોધ નથી માટે મારો સ્વભાવ પણ વેર, વિરોધ રાખનાર નથી પણ અવગુણનો નાશક છે, કારણ કે, સિદ્ધમાં અવગુણ નથી. પૂર્ણ થયા પહેલાં પૂર્ણનાં ગાણાં છે. જ્યાં શંકા છે ત્યાં રોણાં છે; જ્ઞાની તો પ્રભુતા જ ભાળે છે.

હરતાં ફરતાં પ્રગટ હરિ દેખું રે, મારૂં જીવ્યું સફળ થયું લેખું રે;
ભવનો છેડો આવ્યો રે, ઓધા જીવન દોરી હમારી રે.
ઓધા જીવન દોરી અમારી રે.

હવે મુક્તાનંદ=અંદરનો આનંદ સ્વભાવ જાગ્યો.

આત્માનું પૂર્ણ અવિકારી સ્વરૂપ લક્ષમાં લીધું, તે નિર્મળ પરિણામીની દોરીનું સાધ્ય (લક્ષ્ય, ધ્યેય) શુદ્ધાત્મા જ છે. બીજા પ્રત્યે લક્ષ્ય કરવાનું નથી. એવા નિર્ણય પછી અલ્પ અસ્થિરતા રહી, તેનાથી ગુણનો નાશ થવા દેશે નહી. સંસારી લાયક જીવને સિદ્ધ સમાન સ્થાપ્યા છે. તેનો આશ્રય કરનારને પછી તેમાં એકાગ્રતા વડે નિર્મળ ભાવ પ્રગટ કરીને અલ્પ કાળમાં સાક્ષાત્ સિદ્ધ થાશું એમાં તેને શંકા; સંદેહ રહે નહીં.

'સંકલ્પ, વિકલ્પ, ઈચ્છા મારૂં સ્વરૂપ નથી, પરથી હું જુદો છું,' એમ સ્વતંત્ર સ્વભાવને પ્રગટ કરી જાગ્યો, તેમાં કાળ અને કર્મ નડતા નથી. કર્મ તો જડ મૂર્તિક છે તે સ્વભાવમાં પેસી ગયા નથી; કારણકે આત્મા સદાય પોતાપણે છે, પરપણે નથી. જે તારામાં નથી તે, તને નુકશાન ત્રણ કાળ, ત્રણ લોકમાં કરે નહિ. દરેક પદાર્થ પોતાપણે છે, પરપણે નથી; તેથી કોઈ એક પદાર્થ, કોઈ બીજા પદાર્થને લાભ, નુકશાનનું કારણ નથી. છતાં ઊંધી કલ્પના કરી, ઊંધી માન્યતાએ ઘર ઘાલ્યાં કે, મને કર્મ નડ્યાં, જડ કર્મે મારી નાંખ્યા.'' તેમ કહેનારને સુધરવું નથી. તારી ભૂલના કારણે રાગ, દ્વેષ, વિકારરૂપ સંસાર છે. તારી મોટાઈ ભૂલી પરને મોટાઈ આપે છે. જાણે કે તારામાં માલ નથી. પર તને હેરાન કરે અથવા આપી દે તેમ તું માને છે છતાં તેમ કદી થતું નથી. પોતાને પૂર્ણ અને સ્વતંત્ર પ્રભુ ન માને, તોપણ પોતે તેવો છે જ. પોતાના સ્વભાવથી વિપરીત માને તેથી સ્વભાવ કાંઈ ફરી જતો નથી. જે કોઈ પોતાના આત્માને પરમાર્થ સિદ્ધ સમાન જાણી નિરંતર ધ્યાવે છે, તે તેના જેવા થઈ જાય છે. ત્રણે કાળના જ્ઞાની પ્રથમ જ શુદ્ધ આત્માની સ્થાપનાનો ઉપદેશ આપે છે. શાહુકાર હોય તે ૧૬ આની ચૂકવે છે, ૮ આની વાળાની ઓથ લેતો નથી. નબળાની વાત યાદ ન કરે. તેમ હું પૂર્ણ, નિર્મળ, સિદ્ધ સમાન છું, તેવો થવાનો છું, તેમાં વિઘ્ન ત્રણ કાળ, ત્રણ લોકમાં જોતો નથી. આત્માને કર્મ નડે છે એવી પોક મૂકનારને યાદ કરતો નથી અને જાણે છે કે આ રીતે સિદ્ધ સ્વરૂપ ને ધ્યાવીને અનંત જીવો સિદ્ધ થાય છે.

સિદ્ધગતિ કેવી છે? = સંસારની ચારે ગતિથી વિલક્ષણ (વિપરીત લક્ષણ) એવી પંચમગતિ અર્થાત્ મોક્ષ, તેને પામ્યા છે. જેની રુચિ તેનાં ગાણાં ગાવા ભેગા થાય; તેમ જ્ઞાની (ધર્માત્મા) જગતના લાયક જીવોને પોતા સમાન, સિદ્ધ જેવા બનાવે છે અને કહે

છે કે આવા ત્રિકાળી, અખંડ, સ્વાધીનતાની અંતર સ્વભાવમાંથી 'હા' પાડી તે વાત શ્રવણ કરનારા, કરાવનારા, બધા મોક્ષના મોતી છે. તીર્થંકર ભગવાને પણ અમારા તમારા, બધામાં સિદ્ધપણું સ્થાપ્યું છે.

અહો ! ટીકામાં પરમ અદ્ભુત, અલૌકિક વાત છે. અપૂર્વ સત્‌ની સ્થાપના કરી-કરાવીને પ્રથમ જ મોક્ષના મંગળિક ગાયા અને એ જ સર્વોત્કૃષ્ટ મંત્ર છે; તેનો ગુંજારવ કરી આચાર્ય મહારાજ સંસારમાં સૂતેલાને જગાડે છે. જેમ મોરલીના નાદે સર્પ જાગ્રત થઈ આનંદથી ડોલી ઊઠે તેમ, આ દેહરૂપી ગુફામાં ત્રિલોકીનાથ આત્મા છે, તારા મહિમાના ગાણા ગવાય છે, તો તું કેમ ન નાચે? તું પૂર્ણ છો, પ્રભુ છો, એ હોંશથી સાંભળી એકવાર ડોલીને 'હા' પાડ. કહે કે, એ પૂર્ણ સ્વભાવ સિવાય બીજું કાંઈ જોઈતું નથી. સર્વજ્ઞ વીતરાગે તો તારી સ્વતંત્રાની જાહેરાતના ઢંઢેરા પીટ્યા છે. જેમ રાજા ઢંઢેરો જાહેર કરે કે ''હવે અમારાં રાજ છે;'' તેમ જ્ઞાની થઈ તું આત્મામાં રાજી થઈ કહે કે, 'મારૂં સિદ્ધપદનું રાજ છે;' તેમાં સંસારપદનો નાશ છે. અમે પ્રથમ ગાદીએ બેઠા, જાહેરાત કરી, તને પણ તેમ જ કહીએ છીએ.

અહો ! પંચમકાળે કુંદકુંદાચાર્યે, અમૃતચંદ્રાચાર્યે અમૃત વરસાવ્યા છે. જેના શ્રવણની મીઠાશ, મધુરાશ ! જે સાંભળતાં જ તત્ત્વનું બહુમાન આવે કે, અહો ! આવી વાત કદી સાંભળી નથી, કેવી સ્પષ્ટ વાત ! નિર્મળ—ચોખ્ખી વાત જેને આત્મામાં બેઠી, તે પાછો ન પડે; હું ભાળીને કહું છું કે 'હું સિદ્ધ તું પણ સિદ્ધ;' તેની હા પાડે, એવા લાયક જીવને જ સાંભળાવે છે.

કેવી છે સિદ્ધગતિ ? સ્વભાવથી ઉત્પન્ન થઈ છે. તેને બાહ્ય આશ્રય—અવલંબન નથી. જે પર આશ્રયથી ઉપજે તે સ્વાભાવિક એટલે સ્વાધીન ન કહેવાય. માટે પર નિમિત્ત વિના સ્વભાવથી ઉત્પન્ન એવી તે સિદ્ધગતિ ધ્રુવ=ચોક્કસ છે, નિશ્ચલ છે, ચલાયમાન નથી. ચારે ગતિ પર નિમિત્તથી એટલે, પુણ્ય, પાપ, વિકારના કારણે સંયોગથી ઉત્પન્ન થાય છે, તેથી દેવ, ઈન્દ્ર આદિ પદ મળે તોપણ તે ધ્રુવ નથી; માટે ચારે ગતિ વિનાશક છે, તેથી આ પંચમગતિમાં, એ વિનાશિકતાનો અભાવ થયો.

વળી તે ગતિ કેવી છે ? અચળ છે. ચૈતન્ય ઉપયોગમાં અશુદ્ધતા, ચળતા જે પરનિમિત્તે પોતાની ભૂલ વડે હતી તે પોતાના સ્વભાવના ભાન વડે, પુરુષાર્થ વડે સર્વથા નાશ કરવાથી અચળગતિ પ્રાપ્ત થઈ છે, ફરીને અશુદ્ધતા આવવાની નથી; માટે તે ગતિ અચળ છે. જીવ પ્રથમ પરમાત્મદશામાં હતો પછી અશુદ્ધ થયો તેમ નથી. પણ અનાદિથી સંસારદશા આત્મામાં હતી, તે પોતાની ભૂલના કારણે હતી. તેનો અભૂલ સ્વભાવના

ભાન વડે સર્વથા નાશ કરવાથી સિદ્ધગતિ પ્રગટ થઈ છે. તે પાછી ફરવાની નથી માટે અચળ છે. દરેક આત્માનો સ્વભાવ ધ્રુવ, અચળ, શુદ્ધ જ છે. માટે સ્વભાવનું લક્ષ હોય તો, અશુદ્ધતા થાય નહિ. પણ પરલક્ષે વિકાર કરી ચાર ગતિમાં અનાદિનો ભમે છે, તે એકવાર સિદ્ધ, ધ્રુવ સ્વભાવનો આશ્રય કરે તો વિશ્રાંતિ મળે. પુણ્ય-પાપ તરફનું લક્ષ તે પરભાવ છે. તેના નિમિત્તથી ચોરાશીમાં ભ્રમણ થતું હતું તે હવે સ્વભાવના ઘરે આવે તો જ શાંતિ મળે. અજ્ઞાની જીવો પણ તેનું માનેલું કલ્પિત ઘર તેમાં આવવાથી શાંતિ માને છે. જેમ એક માણસ પરદેશમાં ધન કમાવા ગયો, એક ગામમાં ન ફાવ્યો, બીજે-ત્રીજે ગયો એમાં એકવાર ફાવ્યો, કમાઈને ઘરે આવ્યો, પછી ત્યાં વિશ્રાંતિ અનુભવે છે. પછી નક્કી થઈ ગયું કે, આ ઠેકાણે બંગલા, આ ઠેકાણે મારે જીવતાં સુધી રહેવાનું છે; પણ પછી ક્યાં ચાલ્યો જશે? ક્યારે આયુષ્ય પુરું થઈ જશે? તે તને ખબર નથી. જ્ઞાની કહે છે કે તે તેના વાણી, વિચાર, વર્તન અનુસાર બીજા ભવમાં જશે. વર્તમાનમાં ભવના અભાવનો નિર્ણય ન કર્યો તો જીવતર શા કામનું? પૈસા કમાણો અગર કદાચિત્ દેવપદ મેળવ્યું તોપણ શા કામનું? ધર્માત્મા ગૃહસ્થદશામાં રહી એકાવતારી થઈ ગયા છે. જે સિદ્ધ ભગવંતો આવી ગતિને પામ્યા, તે સિદ્ધપદને ઓળખીને, તે પૂર્ણ સિદ્ધપણું હૃદયમાં સ્થાપીને વંદન કરે છે, ઓળખ્યા વિના ઓઘે વંદન નથી.

સહજ ચિદાનંદ.

તા. ૨૦-૬-૧૯૪૩

સમયસાર=આત્મા શુદ્ધ સ્વરૂપે છે, પરનિમિત્તાધીન શુભાશુભ વૃત્તિ ઊઠે છે તે મૂળ સ્વભાવ નથી. જેમ પાણીનો મૂળ સ્વભાવ નિર્મળ છે તેમ આત્માનો મૂળ (અસલી) સ્વભાવ પવિત્ર જ્ઞાન, આનંદ સ્વરૂપ છે. ભૂલ, આકુળતા, તે આત્માનું સ્વરૂપ નથી. જ્ઞાતા દૃષ્ટા, સ્વતંત્રપણું શું છે તે બતાવવા માટે આ શાસ્ત્રનું વ્યાખ્યાન છે. પ્રથમ 'વંદિત્તુ સવ્વ સિદ્ધે' કહી શરૂઆત કરી. જેની પૂર્ણ પવિત્ર સ્વભાવદશા પ્રગટ થઈ તેને મુક્તદશા અર્થાત્ પરમાત્મભાવ કહેવાય છે; તેનો અંતરથી આત્મામાં આદર આપ્યો કે, જેવું પરમાત્માનું સ્વરૂપ છે તેવું જ મારૂં છે. તેનો આદર કરૂં છું, પુણ્ય-પાપ આદિનો આદર કરતો નથી, એવો અંતરથી નિર્ણય થવો તે જ શરૂઆતનો ધર્મ છે.

'હું બંધ વિકાર રહિત છું' એમ નક્કી કરતાં જ, 'હું પરમાત્મા સિદ્ધ સમાન છું'

એમ સ્થાપન કર્યું, એટલે સિદ્ધ પરમાત્માને ભાવથી પોતાના આત્મામાં સ્થાપ્યા. તેનો જ આદર કરી ''હું જ તેવો આત્મા છું'' એવો દઢ વિશ્વય તે જ પ્રથમમાં પ્રથમ ઉપાય છે. બંધનથી છુટવાનો માર્ગ છે. સિદ્ધ ભગવાન નીચે આવતા નથી, પણ જેના અંતઃકરણમાં (જ્ઞાનમાં) ''હું પરમાત્મા સિદ્ધ જેવો છું'' એવી દઢતા થઈ, એટલે તેનાથી વિરૂદ્ધ ભાવનો નાશ કર્યે જ છુટકો, અર્થાત્ નાશ થઈ જાય છે.

''શ્રદ્ધાથી હું પૂર્ણ પરમાત્મા અશરીરી અબંધ છું'' એવો મોક્ષ સ્વભાવનો નિર્ણય કર્યા પછી અલ્પ રાગ, દ્વેષ, અસ્થિરતા રહેશે, પણ તે ટાળવા માગે છે; તેથી રહેશે નહિ. પણ ટળી જ જશે પછી એકલો પૂર્ણ આનંદ રહી જશે. એમ સમજીને ધ્રુવ, અચળ, અનુપમ, ગતિને પોતામાં દેખીને ભાવમાં એકાગ્રરૂપ વંદન કરે છે.

સિદ્ધ ભગવાન પામ્યા તે મોક્ષગતિ કેવી છે? કે, અનુપમ છે એટલે કે જગતમાં જેટલા પદાર્થ છે, તેની ઉપમા રહિત છે. માટે જેમ તેમનામાં કોઈ ઉપાધિ કે ઊણપ નથી તેવો હું છું એમ સમજીને પરમાત્માને વંદન કરે છે, તેથી અપરમાત્મપણું=વિરોધપણું, રાગ, દ્વેષ, અજ્ઞાનપણું આદરવા માગતો નથી, એમ નિશ્ચય કરે છે. એક પદાર્થને બીજા પદાર્થ સાથે મેળવતાં, કિંચિત્ ઉપમા મળે પણ આત્મા ભગવાન તેને જગતની કોઈ વસ્તુની ઉપમા આપી શકાય નહિ, એવું એ પરમ અનુપમ પદ છે.

જડમાંથી આનંદ માન્યો છે તે કાંઈ જડમાંથી સુખ આવતું નથી, પણ કલ્પનાથી માન્યું છે; તે કલ્પનાથી જુદું પોતાનું શુદ્ધ ચિદાનંદરૂપે જ્ઞાતાપણું છે. તેનો જ આદર કરે અને તે સ્વરૂપમાં સ્થિરતા કરે ત્યારે અનુપમ મોક્ષદશા પ્રગટે છે, સંસારના પદાર્થની કોઈ ઉપમા તે દશાને આપી શકાતી નથી. જેમ ગાયનું તાજું ઘી કેવું? તે ઘીને બીજા પદાર્થ સાથે ઉપમા આપી શકાતી નથી, કારણ કે તાજાપણું અને તેની મીઠાશની ઉપમાને લાયક બીજો પદાર્થ મળતો નથી. ઘી, ગરીબોને પણ ગળથૂથીમાં મળેલ છે, તે અનંતવાર ચાખેલ છે, છતાં તેનો સ્વાદ વાણીમાં પૂરો ન કહી શકે; તો આત્મા પરમાનંદ સ્વરૂપ અતીન્દ્રિય છે તે વાણીમાં કેમ આવે?

આત્માનું સ્વરૂપ અનુપમ હોવાથી તેની પ્રાપ્તિ અને તેનો ઉપાય બાહ્ય સાધન વડે નથી; ''પુણ્યની પ્રવૃત્તિ કે મન, વાણી, દેહની પ્રવૃત્તિ, વગેરે કોઈ મારી ચીજ નથી, મને મદદગાર નથી, હિત—અહિતનું કારણ હું જ છું;'' એમ ધર્માત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને ઓળખી વંદન કરે છે, આદર કરે છે.

અજ્ઞાની જીવ સાધારણ રસ-પુરી, માવાનાં જાંબું ખાવા બેસે છે. તે ખાતાં-ખાતાં બચ-બચ થાય છે, તેમાં લીન થઈ, સ્વાદ માની, હરખાય છે. પણ તે માવાનાં જાંબું

મોઢામાં નાખી ચાવીને ગળે ઉતારવા પેલાં, અરિસામાં જોવે તો ખબર પડે કે હું શું ખાઉં છું, કુતરાની ઓક જેવો દેખાવ લાગશે. પણ રસનો લોલુપી સ્વાદ માને છે અને ગળે શું ઉતારૂં છું તે જોતો નથી. મીઠાશની ઉપમા આપી ગલગલીયાં કરે છે, ધૂળ જેવી પરમાણુની અવસ્થાનું તે રૂપાંતર છે. ક્ષણમાં મીઠાઈ, ક્ષણમાં એઠ, ક્ષણમાં વિષ્ટા થાય છે. એમ પરમાણુની ત્રિકાળી વસ્તુ સ્થિતિ જુએ તો તેને પરમાં સુખબુદ્ધિ થાય નહિ. વળી પરમાં સુખ છે એવી પોતાની માનેલી કલ્પના, સામેની વસ્તુમાંથી આવતી નથી પણ પોતાના સુખગુણનો વિકાર કરી પોતે હર્ષ, વિષાદ માને છે અને ઠીક–અઠીકની કલ્પના કરે છે. તે વિકાર કાઢી નાંખે તો પૂર્ણ આનંદરૂપ મોક્ષગતિ આત્મામાંથી પ્રગટે છે. તેને કોઈ ઉપમા લાગુ પડતી નથી. પ્રથમ શ્રદ્ધામાંથી, વિકાર કે ઉપાધિ રૂપે હું નથી, એમ વિકારનો ત્યાગ કરવો જોઈએ.

જેમ મરચાં અને મરી બંનેની તીખાશનો અનુભવ થાય, તેમાં કઈ જાતની તીખાશ જુદીજુદી છે તે જ્ઞાનમાં જાણે, પણ વાણી દ્વારા સંતોષકારક કહી શકે નહી; તેમ સિદ્ધપદ જ્ઞાનમાં જાણે, પણ રહી શકે નહીં. સર્વથી અનુપમ આત્માનું પવિત્ર સ્વરૂપ, તે અચિંત્ય પદ, સર્વથી 'વિલક્ષણ' છે. આ વિશેષણથી ચારે ગતિમાં જે, પરસ્પર કોઈ પ્રકારે સમાનપણું મળી આવે છે. તેવો કોઈ પ્રકાર આ પંચમગતિમાં નથી એમ બતાવ્યું. દેવ, મનુષ્ય, તિર્યંચ–(ઢોર) અને નારકી એ ચારે ગતિ સદાય છે, કલ્પીત નથી પણ જીવોના પરિણામનું ફળ છે. જેણે બીજાને મારી નાખવાના ક્રૂરભાવ કર્યા તેને, પોતાની સગવડતા સાધવામાં, વચ્ચે અગવડતા કરનારા કેટલા જીવો મારી નાખવા તે સંખ્યાની હદ નથી, તથા કેટલો કાળ મારૂં તે કાળની હદ નથી, તેથી તેનું ફળ માપ વિનાનું અનંત દુઃખ ભોગવવાનું જ હોય અને તે સ્થાન નર્ક છે. આ ''હંબગ નથી!'' જે કોઈ અગવડતા ટાળવા માગે છે તે જેટલા વિરોધી જણાય તે બધાને મારવા માગે છે, પછી મરનારા, અગવડતા કરનારા બે—પાંચ હોય, કે ઘણા હોય તે બધાને નાશ કરવાની ભાવના સેવે છે, તેના ફળમાં નરકગતિ છે. આ ગપ નથી! દેહાદિ, મકાન, લક્ષ્મી, આબરૂ મારાં છે એમ માને છે–તે, પરમાં મમત્વવાળો મહાહિંસાનો ભાવ સેવે જ છે; કારણ કે, તેના અભિપ્રાયમાં અનંતકાળ સુધી, અનંતભવ કરવાના ભાવ પડ્યા છે. તે ભવની અનંત સંખ્યામાં અનંત જીવ મારવાનો, સંહાર કરવાનો ભાવ છે, તેથી કારણમાં અનંતકાળ સુધી, અનંત જીવને મારવાના, અગવડતા દેવાના ભાવ સેવ્યા છે, તેના ફળમાં તીવ્ર દુઃખના સંયોગમાં જવું પડે છે અને તે નરકગતિ છે? લાખો ખૂન કરનારને લાખવાર ફાંસી મળે તેવું આ લોકમાં બનતું નથી. તેને તેના ક્રૂર ભાવ પ્રમાણે પૂરું ફળ મળતું નથી તો ઘણો કાળ અનંત—દૂઃખ ભોગવવાનું ક્ષેત્ર તે નરકસ્થાન નીચે શાશ્વત છે અને

યુક્તિપૂર્વક પણ સિદ્ધ કરી શકાય છે. ઢોર, તિર્યંચને વાંકા દેહ છે, તેણે પૂર્વે કપટ, વક્રતા, ઘણી કરેલી, તે મધ્યમ પાપ કરીને ઢોર થયા છે. મનુષ્યને પણ મધ્યમ પુણ્ય છે. દેવને ઘણા પુણ્યનું ફળ છે. તેથી મનુષ્ય સાથે કંઈક અંશે પુણ્યની ઉપમા મળે છે, પણ પુણ્ય, પાપ, વિકારભાવથી રહિત મોક્ષગતિને કોઈની ઉપમા મળતી નથી; માટે તે પંચમગતિથી વિરોધીભાવ પુણ્ય, પાપ, દેહાદિની જે ક્રિયા તેનાથી મુક્તિ ન મળે, કારણ કે જે ભાવ વડે બંધન મળે, તે જ ભાવે મુક્તિ ન મળે અને તે વડે શરૂઆત પણ ન થાય અને જે ભાવે મુક્તિ થાય, ધર્મની શરૂઆત થાય, તે વડે કિંચિત્ બંધન ન પડે. માટે મોક્ષના માર્ગને પણ કોઈ પુણ્યાદિની ઉપમા નથી, કારણકે પુણ્ય, પાપની મદદ વિના અંતરનો તે માર્ગ છે. બ્રાહ્ય ક્રિયાકાંડનો તે માર્ગ નથી, માટે આત્મ સ્વભાવમાં ધર્મ સાધવા માટે શરૂઆતમાં જ પુણ્ય, પાપની ઉપાધિ રહિત, પરિશ્રમ વિનાનો, સ્વતંત્ર સિદ્ધ પરમાત્મા સ્વભાવ જ એક ઉપાદેય છે, તેમ માનવું પડશે તેની શ્રદ્ધા, તેની સમજણ અને સ્વરૂપમાં સ્થિરતા કરવારૂપ, અંતરંગ ક્રિયા, એ જ સ્વતંત્ર ઉપાય છે, એમ સમજી અંતરમાં જામી જવું, એ અંદરની સ્વાભાવિક ક્રિયા છે. નિર્ણયમાં પૂર્ણ સ્થિરતા ઉપાદેય છે, પણ સાધક એક સાથે બધી સ્થિરતા ન કરી શકે તેથી ક્રમ પડે છે. મોક્ષમાર્ગને પણ બાહ્યની શુભ પ્રવૃત્તિની સાથે કાંઈ સમાનતા નથી. માટે મોક્ષ અને મોક્ષમાર્ગને પણ કોઈ ઉપમા આપી શકાતી નથી, કારણ કે બેઉ સ્વરૂપ, આત્માનાં પરિણામ, આત્મામાં જ છે. મોક્ષ અને મોક્ષનો ઉપાય બેઉ પરાશ્રય રહિત સ્વતંત્ર છે.

પરથી નિરાળું, મુક્તિ સ્વરૂપ, પોતામાં નક્કી કર્યું, તેમાં મન, ઈન્દ્રિય વગેરે બાહ્ય કોઈ ચીજ સાધન નથી, તેમ તેના ચારિત્રમાં પણ સમજવું, માટે મોક્ષના સાધનરૂપે, અંતરમાં તું અને સાધ્ય પૂર્ણ પદે પણ તું; તેની શ્રદ્ધા, તેનું અંતરજ્ઞાન અને તે રૂપ સ્થિરતાનું ચારિત્ર, તેની એકતા અને તેનું ફળ, તેને કોઈ ઉપમા લાગતી નથી.

વળી મોક્ષગતિનું નામ અપવર્ગ છે. ધર્મ, અર્થ, કામ એ વર્ગ છે તેથી રહિત, તે અપવર્ગ કહેવાય છે.

(૧) અહીં ધર્મ = 'આત્માના સ્વભાવ'ના અર્થમાં નથી પણ'પુણ્ય'ના અર્થમાં છે. દયા, દાન, વ્રત આદિ પુણ્યનો ભાવ છે. મોક્ષગતિ અને તેની શરૂઆતનો માર્ગ પુણ્યાદિ શુભથી પર છે. હિંસા, આદિ પાપ છોડવા માટે, શુભ ભાવ વડે પુણ્ય થાય છે તે પણ અંતરના ધર્મમાં મદદગાર નથી.

અર્થ=પૈસો; તે મમતાનો વર્ગ છે.

કામ=પુણ્યાદિની ઈચ્છા; તે બધા વર્ગ સંસાર સંબંધી છે. કામ, ભોગની વાસનાથી

મોક્ષગતિ જુદી છે. 'એવી વર્ગથી જુદી, મોક્ષરૂપ, શુદ્ધ–સિદ્ધ કૃતકૃત્ય પંચમગતિ છે.' એવું અંતરમાં નક્કી કરી ઠર્યા, તેવા અનંત આત્મા, તે ગતિને પામ્યા છે. માટે તમે પણ અંતઃકરણમાં એટલે (જ્ઞાન સ્વરૂપમાં) સિદ્ધ પરમાત્મપણું ઓળખી, તેનો આદર કરો, તો તેમાં સ્થિરતા વડે મોક્ષદશા પ્રગટે છે. પૈસાથી, પુણ્યથી, કે પરના આશ્રયથી વિકારી આત્માનો સ્વભાવ મળે નહિ; પણ જો કોઈ આત્માને સમજે, તો તેનાથી મળે. ''અહો! સંપૂર્ણ સ્વતંત્રતાની કેવી સુંદર વાત કરી છે.''

આવ સિદ્ધ પરમાત્માની ઓળખાણ કરાવી, સ્વપરના આત્મામાં સિદ્ધપણું સ્થાપીને, પુણ્ય, પાપ રહિત–પરના આશ્રય રહિત શુદ્ધ આત્માને જ આદર કરવાનું કહે છે. અહીં પ્રથમ નિર્ણય, શ્રદ્ધા કરવાની વાત છે. પછી રાગ, દ્વેષ ઘટાડવાનું કાર્ય અંતર સ્થિરતા એટલે ચારિત્ર શું છે તે પોતાને જ સમજાશે અને તેથી રાગ ટાળનાર જ્ઞાનની ક્રિયા થશે જ. પણ આત્માની સત્તા કેવી હોય, તેની ખબર ન હોય તેથી ઉપયોગ બીજે રખડતો હોય અને માને કે 'મેં આટલી ક્રિયા કરી છે, માટે મને ધર્મ થાય છે,' પણ જ્ઞાની ના પાડે છે અને કહે છે કે, ''ભાઈ રે ! પ્રથમ તું તને સમજ.'' આચાર્ય ભગવાને તો ઘણી અદ્‌ભુત શરૂઆત કરી છે.

'પ્રથમ સાચી સમજણ કરી, તારી સ્વતંત્રતાનો નિર્ણય કર.' એમ કહ્યું, તેમાં તારામાં પૂર્ણતાનું સ્થાપન કર્યુ. કોઈ કહે :–'નાના મોઢે મોટી વાત ! હજી અમારામાં કાંઈ પાત્રતા નથી, ને અમને ભગવાન બનાવી દેવા છે!' પણ 'હજી હા' પાડી આદર તો કરતો નથી, અહો! તું પરમ શુદ્ધ સ્વરૂપે છો : છતાં જુજ બાબતમાં (સારા-નરસામાં) અટકવાથી તને શુદ્ધ આત્માનો પ્રેમ ક્યાંથી આવે? ઘરમાં દાળ, શાક સારા ન થયા હોય તો વાટકા પછાડે, જરાય જતું ન કરી શકે. અમે દેશાદિમાં જેને ઘણી આશક્તિ છે, તેને આવો પવિત્ર, જ્ઞાતા, દૃષ્ટા, પૂર્ણ–આનંદસ્વરૂપ કેમ બેસશે? પણ હવે તો ગુલાંટ માર? સર્વજ્ઞ ભગવાને કહેલું સત્ય, સાંભળવા માગતો હો તો, જેવા પરમાત્મા પૂર્ણ પવિત્ર છે, તેવો તું પણ છો તેની 'હા' પાડ. 'ના પાડીશ નહીં'. ''પ્રથમ 'હા' માંથી 'હા' આવશે. પૂર્ણનો આદર કરનાર પૂર્ણ થઈ જશે.'' 'હું વિકાર રહિત છું, તું પણ વિકાર ઉપાધિ, વિનાનો જ્ઞાનાનંદ ભગવાન છો.' એમ તારા આત્મામાં સ્થાપીને—નિર્ણય કરાવીને, મોક્ષગતિ કેવી છે, તે સંભળાવતાં આચાર્યદેવ મોક્ષની મંડળી ઉપાડે છે. હવે 'પરમ પૂજ્ય સર્વજ્ઞ ભગવાનનું કહેલું કહું છું.' તે સાંભળોઃ—

સમયનો પ્રકાશક એટલે સર્વ પદાર્થ અથવા જીવ પદાર્થનું વર્ણન કરનાર એવું જે પ્રાભૃત એટલે અર્હત્‌પ્રવચનનો અવયવ (સર્વજ્ઞ ભગવાનના પ્રવચનનો અંશ) તેનું, મારા અને તમારા મોહ, કલુષિતતાનો નાશ કરવા માટે હું પરિભાષણ કરું છું.

જેમનામાં રાગ, દ્વેષ, અજ્ઞાન નથી તેઓ પૂર્ણ જ્ઞાની પરમાત્મા છે. તેમના મુખ કમળથી, (વાણીથી) સાક્ષાત્ અને પરંપરાથી જે પ્રમાણરૂપ મલ્યું છે તે જ હું કહીશ, ઘરનું કહીશ નહીં, એમ આચાર્યદેવ કહે છે. જેમ, કોઈ મકાન ખરીદી, દસ્તાવેજ લખાવે, તો તેમાં પૂર્વદિશામાં અમુક નિશાની છે, ઉત્તરમાં આમ છે, વિગેરે ચોક્કસ પ્રમાણ કરી નક્કી કરે છે. પણ અધ્ધરથી 'લખનાર અને મફતલાલ' ની સહી કરે તો ચાલે નહીં. તેમ અહી આચાર્ય કહે છે કે ''હું સર્વજ્ઞના આગમ પ્રમાણથી, આ 'સમયપ્રાભૃતશાસ્ત્ર' કહીશ. તે અધ્ધરથી, મફતમાં કહેવું નથી. પણ સાક્ષાત્ અને પરંપરાથી આવેલ, પરમાગમથી જ કહીશ. તેમાં બધી પ્રમાણતાથી સંપૂર્ણ સત્ય જણાવીશ. જેમ બીજનો ચંદ્ર ત્રણ પ્રકાર બતાવે છે. બીજની આકૃત્તિ બતાવે, આખા ચંદ્રની આકૃત્તિ બતાવે તથા વિકાસ થવો કેટલો બાકી રહ્યો તે બતાવે, તેમ આ પરમાગમ આત્માની પૂર્ણતાને, શરૂઆતના અંશને અને આવરણને બધાને બતાવે છે. કેવો છે તે પરમાગમ! અનાદિ, અનંત, શબ્દાબ્રહ્મથી પ્રકાશિત હોવાથી સર્વ પદાર્થને સાક્ષાત્ જાણનાર સર્વજ્ઞ પ્રણિત હોવાથી, અર્હત્ પરમાત્માના મુખથી નીકળેલ પૂર્ણ દ્વાદશાંગનો ભાગ તે જ પ્રમાણ કરીને અનુભવ પ્રમાણ સહિત કરીએ છીએ, તેથી સમૂળ છે. જેમાં જગતના સર્વ પદાર્થોનું વિશાળ વર્ણન છે એવી વાણી સાધારણ, અલ્પજ્ઞ પ્રાણીના મુખમાંથી નીકળે નહિ.

જ્યાં, બે, પાંચ કળશી અનાજ પાકતા હોય, તેના વસવાયાને વધારે અનાજ ન મળે, પણ જ્યાં લાખો મણ અનાજ પાકે, તેના વસવાયાને ઘણું ઘણું અનાજ મળે જ. તેમ જેને પૂર્ણ કેવળજ્ઞાનદશા પ્રગટી નથી, તેવા અલ્પજ્ઞ જ્ઞાની તો થોડું કહી શકે અને તેના વસવાયા=સાંભળનારને થોડું મળે, પણ બેઉને એક જ જાતનું મળે. તેમ ત્રિલોકનાથ તીર્થંકરદેવને કેવળજ્ઞાનનો પાક પાક્યો, ત્યાં અનંતભાવ, મહિમા લઈને વાણીનો ધોધ છૂટે છે. તેના સાંભળનારા વસવાયા ગણધરદેવ જેવા છે. તે (કળશી બંધ અનાજની જેમ) ઘણું ઘણું ગ્રહણ કરી લઈ જાય છે. સર્વજ્ઞ ભગવાન, તીર્થંકર, દેવાધીદેવનું પ્રવચન નિર્દોષ છે. સહજ વાણી ઉઠે છે, 'ઉપદેશ આપું' તેવી ઈચ્છા હોતી નથી. મેઘની ગર્જના જેમ સહજ ઉઠે છે તેમ ''ૐ'' પણ સહજ ધ્વનિ ઉઠે છે, તે દ્વાદશાંગ સૂત્રરૂપે રચાય છે. તેને જિનાગમ જિન પ્રવચન કહેવાય છે. તે શાસ્ત્રના ફળમાં અમે શું કહીએ છીએ? 'અનાદિ કાળથી ઉપજેલ મોહ, રાગ, દ્વેષ, તેનો નાશ થવાનું કહેશું.' ''સંસારમાં, પુણ્ય, દેહ, ઈન્દ્રિય, મારાં છે.'' એવો અનાદિનો અજ્ઞાનભાવ છે, પણ ''પ્રથમ શુદ્ધ આનંદરૂપે હતો અને પાછળથી અશુદ્ધ દશાવાળો થઈ ગયો'' એમ નથી. અવસ્થામાં પરમાં અહંપણા વડે અશુદ્ધતા છે અને ત્રિકાળી દ્રવ્ય સ્વભાવમાં પૂર્ણ શુદ્ધપણું પણ છે. તેનું વર્ણન અનેક

પ્રકારથી આગળ આવશે. તે વર્ણન સ્વ-પરના મોહના નાશ માટે છે. પૂજાવાના, માનાદિ તથા મતમંતાતર વાડા બાંધવાના અભિપ્રાય આ શાસ્ત્ર રચનામાં નથી. પરિભાષણ=જે યથાસ્થાનમાં અર્થ દ્વારા વસ્તુનું સ્વરૂપ સૂચવે તેવી શાસ્ત્ર રચના. ''પુરુષ પ્રમાણે વચન પ્રમાણ.'' કેવળજ્ઞાની ભગવાન કેવા છે! ''તેનું નિર્દોષ સ્વરૂપ છે?' તેમ નક્કી કર્યા પછી, તેના વચન ઉપરથી પરમાર્થ સત્યસ્વરૂપ જાણી શકાય છે. 'શબ્દ ઉપરથી અર્થ જણાય.' જેમ 'સાકર' નામે શબ્દ ઉપરથી, સાકર પદાર્થ જણાય છે તેમ સર્વજ્ઞ ભગવાનની વાણી દ્વારા વાચ્ય એવું પદાર્થનું સ્વરૂપ જણાય છે. આગમ=જ્ઞાનની મર્યાદારૂપ, પૂર્ણ સ્વભાવરૂપ હદ. તે જેમ છે તેમ જણાવે છે. આ સમયસારશાસ્ત્ર અનેક રીતે સર્વોત્તમ પ્રમાણતાને પામેલ છે.

પણ જેને 'બુદ્ધિમાં દોષ છે તેને શાસ્ત્રની વાત ન બેસે, તે 'ના' પાડે. વાદવિવાદ કે તર્કથી વસ્તુનું પૂરું પડે તેમ નથી. પથ્થરથી કસોટી હોય તો સોનાની કિંમત થાય, પણ કોલસાથી સોનાની પરીક્ષા ન આવે. તેમ સર્વજ્ઞના અપૂર્વ ન્યાય વચનો, પાત્ર જીવોને હૃદયની પરીક્ષા વડે નક્કી થાય છે. કદાગ્રહી, અપાત્રથી નક્કી થાય નહિ. આચાર્ય ભગવાન શાસ્ત્રનું બહુમાન કરે છે કે ''સર્વજ્ઞ ભગવાને આમ કહ્યું છે અને તે 'અનાદિ, અનંત, પરમાગમ શાસ્ત્ર ચાલ્યા આવે છે તેનો' આ ભાગ છે. માણસને સમજાવામાં ન આવે તો કહે, 'આ નવું છે' 'ખોટું છે.' પણ કોઈના કહેવાથી ખોટું થતું નથી.

પૂર્વે અનંત ભવો કર્યા તેમાં, ''આત્મા પરથી નિરાળો'' તે વાત અનંતકાળમાં સાંભળવા મળી નથી. કદી સારો સમાગમ મળે, સત્ય સાંભળવા મળે તો પહેલે ધડાકે નકાર કરે, જેમ 'લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોં ધોવા જાય' તેમ, ઊંચી વાત સાંભળી, મોક્ષની વાત સાંભળી પ્રથમ જ ના પાડે કે અમે પાત્ર નથી. પણ આચાર્ય ભગવાન બધાને 'અનંતજ્ઞાન સ્વરૂપી ભગવાન છો, સ્વતંત્ર છો.' કહીને પાત્રતા સંભળાવે છે.

જેમ ઘણા કાળથી પાણી ઊનું થયું હોય, તોપણ બધુંય ઊનારૂપે થઈ ગયું નથી. ઉંની અવસ્થા ટાણે શીતળ સ્વભાવ છે, કારણ કે ગુલાટ મારે તો 'જેનાથી ઊનું થયું તેનો ગારો કરે.' અગ્નિને ઓલવવાની તાકાત પાણીમાં કે'દી ન્હોતી? તેમ આત્મા ત્રિકાળી, પૂર્ણ જ્ઞાન, આનંદ સ્વરૂપે છે. દેહ, ઈન્દ્રિય, રાગ, દ્વેષ, પુણ્ય, પાપની ઉપાધિરૂપે નથી. જડ કર્મના નિમિત્ત આધીન વર્તમાન ક્ષણિક અવસ્થામાં રાગ, ઉકળાટનો ઊભરો જણાય છે. તેનો નાશ કરવાની તાકાત દરેક ક્ષણે આત્મામાં, સ્વાધીનપણે છે. દૃષ્ટાંતથી તે સમજાશે. પાણીના સ્વભાવનો ભરોસો આવે છે કે 'જેમ દેગડો ઊંધો થયે અગ્નિ

ઓલવાઈ પાણી ટાઢું થાય છે' એમ પરનો ભરોસો કરે છે. કોઈ કહે ''કર્મના સંયોગને વશે પડ્યા છીએ. શું કરીએ! તેનું જોર ઘણું છે! કર્મ હેરાન કરે છે; કોને ખબર કાલે કેવા કર્મનો ઉદય આવશે, માટે આપણે પૈસાની સંભાળ કરો !''

કર્મ દેખાય નહિ, તેનો ભરોસો ! અને પોતે બધાને જાણનારો, જાણવામાં નહિં અટકનારો હોવા છતાં પોતાનો ભરોસો નહિ! ભવિષ્યના ફળના કારણરૂપ શક્તિનો ભરોસો કરે છે; પરનો ભરોસો કરે, પોતાની દરકાર નહિ, તેથી સત્‌ની વાત સાંભળતા જ 'અમે હજી પાત્ર નથી' એમ કહે છે. તો, 'આત્મા ત્રિકાળી, પરથી જુદો પૂર્ણ છે, સિદ્ધ ભગવાન જેવો છે.' તેની હા પાડે એવાને જ આચાર્યદેવ સંભળાવે છે. પ્રથમ શ્રદ્ધામાં પૂર્ણનો આદર કરવાની વાત છે. અનંત જીવો તેની હા પાડી મોક્ષ ગયા. શાસ્ત્રમાં પાઠ છે કે 'કાલનો કઠિયારો અપૂર્વ ભાન કરી ૪૮ મિનિટમાં મોક્ષ ગયો.' એમ અનંત જીવો મોક્ષ ગયા તેને યાદ કરે નહિ અને ઢાંક્યા કર્મની કોને ખબર પડે એમ કર્મને યાદ કરે છે. તેવા અલાયકને અહીં લીધા નથી. જ્ઞાનીથી સાંભળીને જેણે ભાન કર્યું, અહો ! હું આવો શુદ્ધ, પૂર્ણ આત્મા છું? મારી ભૂલથી અનંત શક્તિ રોકી હતી. આવી શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા વડે ૪૮ મિનિટમાં અનંત જીવો મોક્ષ પામ્યા, તેના દ્રષ્ટાંત શાસ્ત્રમાં હજારો છે. તેનું સ્મરણ કરી હું પણ તેવો થઈ જાઉં, એમ ભરોસો લાવવો જોઈએ. પણ તેનો નિર્ણય કરતો નથી ને પરનો નિર્ણય કરી 'કોઠીએ રાખે દાણા' પણ 'તું મરી ગયો તો? દાણા સડી ગયા તો?' તે યાદ કરતો નથી. કારણ કે જે ગોઠ્યું તેના ભરોસાના જોરમાં, તેના વિઘ્નને યાદ કરતો નથી. 'પર ચીજનો ભરોસો પણ તેનાથી જુદું અખંડ જ્ઞાયક તત્ત્વ છો' તેમ સંભળાવે તોપણ તેનો ભરોસો કે રુચિ નહિં અને કહે કે 'અમે પાત્ર નથી.' છૂટવાની વાત સાંભળતાં હર્ષ કેમ ન આવે? લાયક જીવ તો તત્ત્વની વાત સાંભળતાં તેનું બહુમાન કરે છે. કે, 'જેટલા વખાણ, ગાણાં શાસ્ત્રમાં ગવાય છે, તે મારા ગાણાં ગવાય છે.' સૂક્ષ્મબુદ્ધિ કર્યા વિના સર્વજ્ઞના ન્યાય નહિ પકડાય જેમ 'જાડા સાણસે મોતી ન પકડાય' તેમ, પોતે જેવો છે તેવો સમજવાની રીત પણ સૂક્ષ્મ છે તે ભૂલીને બીજું બધું કર્યું પણ તેનું ફળ સંસાર(અવતાર) છે. આ અવતાર મળવા બંધ કરવા માટે અનંત તીર્થંકરોએ, પુણ્ય, પાપ રહિતની શ્રદ્ધા તેની સમજણ, તથા સ્થિરતાનો ઉપાય કહ્યો છે. તે ન સમજે અને કહે કે 'અમને ઝીણું પડે, નહિ સમજાય,' તો તે વાત સજ્જનને મુખે ન શોભે. માટે મુક્ત સ્વભાવનો જ આદર કર. મુક્ત સ્વભાવનો આદર કરનાર કર્મ કે કાલનું આંતરૂં ગમતો નથી. આ, સર્વજ્ઞ પ્રણીત શાસ્ત્ર છે. કેવળી ભગવંતોએ આ શાસ્ત્ર કહેલું છે અને તેમની પાસે રહેલા સાક્ષાત્ સાંભળનાર સંતમુનિઓથી પરંપરાએ આવેલું શાસ્ત્ર છે. તથા કેવળી ભગવાન પાસે રહી સાક્ષાત્

સાંભળનાર તથા પોતે જ અનુભવનારા શ્રુતકેવળી ગણધરદેવોએ કહેલ હોવાથી (જેવું સર્વજ્ઞ ભગવાને કહ્યું તેવું જ સાંભળેલું તેનાથી આવેલ પરમાગમ શાસ્ત્ર હોવાથી) આ આગમ પ્રમાણભુત છે. તેથી કેટલાક, જેમ પુરાણની અધ્ધરથી વાતો કરે તેવી કલ્પનાવાળું આ શાસ્ત્ર નથી. એમ પહેલી ગાથામાં આત્મસ્વભાવનું વર્ણન જે જે કર્યુ છે, તેની પ્રમાણતા બતાવી. તેમાં સાધ્ય-સાધક ભાવ, તથા અનંત આત્મા, દરેક પૂર્ણ પ્રભુ છે, સ્વતંત્ર છે. એમ સ્થાપ્યા વળી કોઈ કહે છે કે, 'આત્મા મોક્ષ ગયા પછી પાછા આવે તો? તે વાત જૂઠી છે. કારણ કે અહીં પણ અલ્પ પુરુષાર્થ વડે જેટલો રાગ છેદ્યો, તે રાગ ફરી ન થવા દે. તો પછી જેણે પૂર્ણ રાગ, દ્વેષ, નાશ કરી, અનંત શક્તિ પ્રગટ કરી તે ફરી રાગ કેમ થવા દે? રાગ નથી થતો તે પાછા કેમ આવે? પાછા જ આવે. એકવાર સાચો પુરુષાર્થ કર્યો, તેને ફરી પુરુષાર્થ કરવો પડતો નથી. માખણનું ઘી થઈ ગયા પછી ફરી તે ઘીનું માખણ ન થાય. તેમ એકવાર સર્વ ઉપાધિ, આવરણનો વિનાશ કર્યો, પછી સંસારમાં આવવું ન પડે, માટે ધ્રુવગતિ પામ્યા તેમાં ચાર ગતિથી વિલક્ષણપણું કહ્યું અને અચલપણું કહીને સંસાર ભ્રમણનો અભાવ કહ્યો. અનુપમ કહેતાં તેમાં સંસારની ઉપમા રહિત કહ્યા.

સહજ ચિદાનંદ.

તા. ૨૧-૬-૪૩.

પ્રાભૃત = પ્રકરણ; ભેટણુ; સાર.

આચાર્યદેવ કહે છે કે 'હું મારી કલ્પનાથી નહિ કહું પણ, ઠેઠ સર્વજ્ઞ વીતરાગથી આવેલું છે, તે મૂળ શાસ્ત્રનું રહસ્ય, પરંપરા આચાર્યથી આવેલું, સર્વજ્ઞથી કહેલું છે એવું, અર્થને યથાસ્થાનમાં જણાવનારું પરિભાષણ સૂત્ર કહીશ.'

આચાર્યે મંગલ અર્થે સિદ્ધોને નમસ્કાર કર્યા છે.

મંગલ (મંગ+લ) મંગ=પવિત્રતા, લ=લાવે, પવિત્રતાને લાવે તે મંગલ. આત્માની પૂર્ણ પવિત્રતા, જે આત્મભાવે પમાય તે ભાવ, મંગલિક છે. આત્મા જ્ઞાનાનંદ, અવિકારી છે. તેને ભૂલીને રાગાદિમાં અહંભાવ, મમકાર કરે છે, તો મમતારૂપી પાપને, આત્મ-સ્વભાવના ભાન વડે ટાળે અને પવિત્રતાને લાવે તે મંગલિક છે. જેમાં સર્વ ઉપાધિથી રહિત, પૂર્ણ શુદ્ધ, એવા સિદ્ધને જ, પૂર્ણ સાધ્યને જ નમું છું. એટલે તે વાસ્તવિક

સ્વભાવનો જ આદર કરૂં છું અને તેનાથી વિરુધ્ધભાવ (પુણ્ય-પાપ વિગેરે)નો આદર કરતો નથી.

ઈન્દ્રો પાસે ઘણો વૈભવ છે, છતાં વીતરાગી અને ત્યાગી મુનિનો આદર કરે છે, એના અર્થમાં 'અમને જે સંયોગી ચીજ મળી છે, તેનો અમને અંતરથી આદર નથી.' આમ સમજીને જે, શુદ્ધાત્માનો આદર કરે છે તે જ સાચું વંદન છે, બાકી તો રૂઢિગત વંદન છે. 'પરના સંબંધ રહિત અખંડ જ્ઞાનાનંદ પવિત્ર, એવું પરમાનંદ વીતરાગપણું સત્ય છે.' એવો નિર્ધાર કરી, તેનો આદર કરે છે તો જ તે વંદન કરનાર, એના ભાવે ખરું વંદન કરે છે અને શુભ, અશુભ, વિકાર, વિરોધભાવનો આદર કરતો નથી. એમ અવિરોધની 'અસ્તિમાં' વિરોધ ભાવની 'નાસ્તિ' આવી ગઈ.

સંસારમાં, ચોરાશીમાં રખડતા આત્મા ને જ શુદ્ધ આત્મા સાધ્ય છે. 'સંસાર શું છે? સંસાર ક્યાં છે?' સ્ત્રી, પુત્રાદિમાં સંસાર નથી, પણ આત્માની અજ્ઞાન, રાગ, દ્વેષરૂપ વર્તમાન એક અવસ્થામાં સંસાર છે. તે ઊંધી અવસ્થા જીવમાં થાય છે, તે વિકારી અવસ્થા છે. સંસારદશા અને સિદ્ધ નિર્મળદશા, બંને દશા આત્મામાં છે.

જડને સંસાર નથી, કારણ કે તેને સુખ-દુઃખની લાગણી, વેદના નથી અને જાણપણું નથી. માટે 'દેહાદિ, રાગાદિથી જુદો છું' એ સ્વરૂપ સમજ્યા વિના દેહ, ઈન્દ્રિય, પુણ્ય, પાપ વિગેરેમાં મારાપણાની દૃષ્ટિ થાય તે જ અજ્ઞાન ભાવને સંસાર પરમાર્થે કહ્યો છે, સંસારભાવ ક્યાં આવ્યો તે નક્કી કરો. જેમ 'સાકર' શબ્દ છે તે દ્વારા સાકર પદાર્થ જણાવાય છે. તેમ સંસાર શબ્દ 'વાચક' છે. તેનો 'વાચ્ય' ભાવ એ છે કે 'પર ચીજ મારી, પુણ્ય, પાપ, દેહાદિની ક્રિયા મારી છે. મારાપણાની માન્યતા તે જ સંસાર છે. એ વિકાર અવસ્થામાં શુદ્ધ આત્મા સાધ્ય છે. પાણી અગ્નિના નિમિત્તે ઉષ્ણ અવસ્થારૂપે થયું છે. તે ઉષ્ણ અવસ્થા વખતે પણ પાણીની શીતળતા પાણીમાં છે. સંસારી જીવને અજ્ઞાન–આકુળતા રહિત, નિરાકુળ શાંત સ્વભાવ સાધ્ય છે. જેમ તૃષાતુરને ઉષ્ણ જળમાંથી શીતળ સ્વભાવ પ્રગટ કરવો સાધ્ય છે તેમ, ઊના પાણીમાં ઠંડાપણાનો ગુણ માને તો પછી ઠંડુ પાણી કરવાનો ઉપાય કરી તૃષા તોડે. તેમ જે વર્તમાન–પર્યાયમાં અશુદ્ધતારૂપ ઉષ્ણપણું હોવા છતાં ચૈતન્ય દ્રવ્ય સ્વભાવે શુદ્ધ શીતળ છે, તેમ માને તો ઉષ્ણતા ટાળી શીતળતા પ્રગટ કરવાનો ઉપાય કરે.

પર નિમિત્ત ઉપર દૃષ્ટિ ન આપે તો અશરીરી, અવિકારી, અનાદિ, અનંત, પૂર્ણ, જ્ઞાન આનંદનો ઘન છે, તે શુદ્ધતાનું, બેહદ સામર્થ્યરૂપે આત્મ તત્ત્વ ભર્યું છે, તે શુદ્ધ આત્મા સાધ્ય છે. આત્મામાં ત્રિકાળી શક્તિએ શુદ્ધપણું છે અને વર્તમાન વર્તતી, એકેક

અવસ્થામાં પર નિમિત્ત આધીન વિકાર પણ છે. વિકાર કહેતાં જ અવિકારીનું જ્ઞાન કરાવે છે, કારણ કે આત્મા એકલો વિકારી જ હોય તો અવિકારી થઈ શકે નહિ. ભેંસ ખીલાનું દૃષ્ટાંત :—જેમ ભેંસ ખીલાના જોરે ફર્યા કરે છે તે ન જોતા ભેંસની ક્રિયાનું જોર ભાળે છે પણ અક્રિય ખીલો ધરબાઈ ને પડયો છે તેનું જોર જોતાં નથી; તેમ લોકો બાહ્યથી વર્તમાન ક્રિયાને જ જુએ છે. પુણ્ય, પાપની વૃત્તિ ઉઠી તે વિકારને જુએ છે, પણ અક્રિય, શુદ્ધ ત્રિકાળી આત્મા છે તેને જોતા નથી. આત્મા ત્રિકાળી વિકાર રહિત અક્રિય, 'ખીલાની જેમ' સ્વભાવરૂપે ધરબાઈને પડ્યો છે, તેને નહિ જોતા ક્ષણિક, પરાશ્રિત, વૃત્તિની ક્રિયાને જોવે છે. ત્રિકાળી એકરૂપ આત્મા શુદ્ધ શક્તિરૂપે છે તેને જોતો નથી. રાગ-દ્વેષ મોહ આધીન થતો ક્ષણિક વિકાર નાશવાન છે અને સર્વ ઉપાધિ રહિત, અબાધિત, જ્ઞાયક તત્ત્વ અવિનાશી છે, માટે તે જ આદરણીય છે. તેને સાધ્ય કરે તે સિદ્ધ થાય છે અને જે રાગ, દ્વેષની ક્ષણિક વૃત્તિ જેટલો આત્મા માને છે, તે વર્તમાન સક્રિયતા ઉપર અટકે છે, તે સંસારમાં રખડે છે; માટે પ્રથમ જ શુદ્ધતાનું સ્થાપના કરી તેને જ સાધ્ય બનાવવાનો ઉપદેશ છે. આ વાત અનંતકાળમાં જીવોએ સાંભળી નથી. બાહ્યક્રિયા, પુણ્યની ક્રિયામાં સંતોષાઈ ગયો. ધર્મના નામે બાહ્ય ક્રિયા તો અનંતવાર કરી છે, 'સૂકાઈ ગયો' શરીર સુકાઈ ગયું તેમાં આત્માને શું? પરના અવલંબનથી ધર્મ માન્યો, તેણે 'પરથી જુદો સ્વતંત્ર છું, એમ ન માન્યું. આત્મા અસંયોગી તત્ત્વ છે, અનાદિ અનંત છે. તેનો ભવિષ્યમાં અંત નથી. સંસારની વિકારી અવસ્થા ક્ષણિક છે, વર્તમાન એક સમય માત્રની અવસ્થામાં પર નિમિત્ત આધીન ભાવે જોડાય છે, તે ક્ષણિક અવસ્થા ઉત્પન્નધ્વંશી છે. તેનું લક્ષ્ય છોડી, ત્રિકાળી શુદ્ધ સ્વભાવી, પરમાત્મસ્વરૂપને સાધ્ય બનાવવાની જરૂર છે અને એ સંપૂર્ણ સુખ સ્વરૂપ હોવાથી સંસારી જીવોને ધ્યેયરૂપ છે.

જેમ, પાણીમાં ઉષ્ણ થવાની યોગ્યતાના કારણે, અગ્નિના નિમિત્તે વર્તમાન ઊનાપણું છે; તેમ સંસારી જીવમાં પોતાની યોગ્યતાને કારણે ક્ષણિક અશુદ્ધતા છે. તેનો અભાવ કરનાર 'સાધ્યરૂપ જે શુદ્ધાત્મા, તે જ ધ્યેય કરવા યોગ્ય છે અને સિદ્ધ સાક્ષાત્ શુદ્ધાત્મા છે, તેથી' તેમને નમસ્કાર કરવો વ્યાજબી છે. આત્માની પૂર્ણ, નિર્મળદશા પામેલાને ઓળખી તેને નમવું, ઢળવું, આદર કરવો ઊચિત છે. આત્મા પોતાના સ્વરૂપમાં રહે છે. 'આકાશમાં રહે છે,' એમ કહેવું તે ઉપચાર, કથન માત્ર છે, 'ગોળ થાળીમાં નથી, પણ ગોળમાં છે, થાળી થાળીમાં છે.' બંને જુદા જુદા છે. 'કોઈ ચીજ પર ચીજને આધારે રહે,' એમ કહેવું તે 'પાણીનો કળશો' કહેવા જેવો વ્યવહાર છે. તેમ ભગવાન આત્મા, રાગ, દ્વેષ, કર્મ આવરણ વિનાનો છે, તેને દેહવાળો, રાગી, દ્વેષી કહેવો તે વ્યવહાર છે.

પ્રશ્નઃ—'તપેલીનો આધાર ન હોય તો ઘી રહે નહિ'?

ઉત્તરઃ—ઘી અને તપેલી જુદા જ છે, ઘી ઘીના આધારે છે ને તપેલી તપેલીના આધારે છે, ઘી બગડતાં તપેલું બગડી જાતું નથી. દરેક પદાર્થ–વસ્તુ પોતપોતાના ક્ષેત્ર=(આકાર) કાળ=(પોતાની વર્તમાન વર્તતી અવસ્થા) ભાવ–(ત્રિકાળી શક્તિરૂપ ગુણ)થી પોતાપણે છે, પરપણે નથી, માટે સિદ્ધ ભગવાન દેહના આધાર વિના, પોતાના આત્માના આધારે જ છે. સિદ્ધોને 'સર્વ' એવું વિશેષણ આપ્યું છે, તેથી 'સિદ્ધો અનંતા છે,' એવો અભિપ્રાય=(નિર્ણય) બતાવ્યો છે. તેથી, 'જ્યોતિમાં જ્યોતિ મળી જાય છે, બધા આત્મા એક છે, અથવા શુદ્ધાત્મા એક જ છે' એમ કહેનાર અન્યમતિનો નિષેધ થયો. કારણ કે, જે સત્તા સંસારમાં પરાધીનતારૂપ, સુખ-દુઃખને સ્વતંત્રપણે સત્તા જુદી રાખી અનુભવે, તેમાં કોઈની સત્તા સાથે મળી જતો ન હતો અને તે વિકારનો નાશ કરી પૂર્ણ શુદ્ધોપયોગી થયા પછી પરસત્તામાં ભળી સ્વાધીન સત્તાનો નાશ થવા દે, તે કેમ બને? અહીંયા પણ જુદું તત્ત્વ છે. 'દુઃખ ભોગવવામાં જુદો રહ્યો અને અનંત સુખ સ્વાધીન આનંદદશા પ્રગટ કરીને પપરસત્તામાં ભળીને પરાધીન થઈ જાય, તે કેમ બને? એકને વીંછી કરડે તેની વેદના બીજો ભોગવી શકતો નથી. એ રીતે એકેક આત્માને દુઃખનું વેદન, દેહની પ્રીતિના કારણે સ્વતંત્રપણે થાય છે, પણ તે રાગ-દ્વેષ–અજ્ઞાનરૂપ સંસારી વિકારી અવસ્થાનો, આત્મભાન અને સ્થિરતા વડે નાશ કર્યા પછી, અવ્યાબાધ, શાશ્વત, સુખ, અનંતકાળ ભોગવ્યા જ કરે છે. તે સર્વ સિદ્ધો સ્વતંત્રપણે રહીને ભોગવે છે, માટે 'બધા એક જ શુદ્ધાત્મા છે' એવું કહેનાર અન્યમતિનો વ્યવચ્છેદ થયો.

'શ્રુતકેવળી' શબ્દના અથમાં શ્રુતનો અર્થ 'અનાદિ, અનંત પ્રવાહરૂપ આગમ' છે. શ્રુતકેવળી એટલે 'સર્વજ્ઞ ભગવાનના શ્રીમુખેથી નીકળેલી વાણી (સમસ્ત દ્વાદશાંગ)ના જાણનારા' ગણધરદેવ આદિ શ્રુતકેવળી છે, તેમનાથી આ સમયસાર શાસ્ત્રની ઉત્પત્તિ થઈ છે. આચાર્ય કહે છે કે, મેં કાંઈ કલ્પના કરી નથી પણ અનાદિ–અનંત શાસ્ત્રની, શબ્દરૂપ રચના ત્રિકાળી પ્રવાહરૂપ, આગમ જેમ છે તેમ કહ્યું છે. આ પરમાગમને સમજવા માટે અંતરનો અનુભવ જો'શે; વાદવિવાદે પાર પડે તેવું નથી. સૂક્ષ્મ જ્ઞાનનો અભ્યાસ જો'શે; બહારથી કાંઈ જાણી શકાય નહિ. શ્રુત–આગમશાસ્ત્ર; તેમાં 'સર્વજ્ઞથી આવેલી વાણી, તે શ્રુતથી ગુંથેલ સુત્ર.' એક વ્યક્તિએ નિમિત્તરૂપે જે વાણી કહી તે અપેક્ષાએ આદિ કહેવાય અને એક વ્યક્તિએ કહ્યા પહેલાં પણ આગમરૂપ શાસ્ત્રની વાણી હતી, એ અપેક્ષાએ પણ અનાદિની પ્રવાહરૂપ આગમ વાણી થઈ. કેવળી=સર્વજ્ઞ; તેમનાથી ઉપદેશરૂપે નીકળેલું શાસ્ત્ર, તે કેવળજ્ઞાનીનું કહેલું આગમ અનાદિકાળથી છે. સર્વજ્ઞ એટલે, નિરાવરણ જ્ઞાની. જેનો સ્વભાવ જ્ઞાન, તેમાં ન જાણવું તેમ ન બને; આવરણ–ઉપાધિ રહિત, નિર્મળ,

અખંડ જ્ઞાન પ્રગટ થયું તેમાં કિંચિત્ અજાણ્યું રહે નહિ. જેનો સ્વભાવ જાણવું, તેમાં ક્રમ રહિત, બેહદ જાણવું આવે; માટે જેને નિરાવરણ જ્ઞાયક સ્વભાવ પૂરો પ્રગટ છે તેને સર્વજ્ઞપણું છે. વળી શ્રુત–કેવળીએ જે સાંભળી, આત્માથી અનુભવ કરી જાણ્યું, તે પરંપરા આચાર્ય દ્વારા આવેલું શ્રુતજ્ઞાન છે અને તે સર્વ શ્રુતજ્ઞાનમાં પૂરા તે શ્રુતકેવળી છે. સર્વજ્ઞ વીતરાગ દશા પ્રગટ થયા પછી જેને વાણીનો યોગ હોય, તેને સર્વ અર્થ સહિત વાણી આવે છે. તેને સાક્ષાત્ ગણધરદેવ દ્વાદશાંગ સૂત્રમાં ગૂંથે છે. તે પણ, અંતરમાં ભાવજ્ઞાન–ભાવશાસ્ત્રજ્ઞાનના તર્કની બહોળાઈ, તેમાં પૂરા, તે છદ્મસ્થ જ્ઞાની દ્વાદશાંગના જાણનારા શ્રુતકેવળી કહેવાય છે. એ રીતે શાસ્ત્રની પ્રમાણતા બતાવી અને પોતાની બુદ્ધિથી કલ્પિત કહેવાનો નિષેધ કર્યો.

અન્યમતિ (અલ્પજ્ઞાની) પોતાની બુદ્ધિથી પદાર્થનું સ્વરૂપ ગમે તે પ્રકારે કહે છે, તેનું અસત્યાર્થપણું બતાવ્યું.

આ શાસ્ત્રમાં અભિધેય તથા સંબંધથી કહેવાશે. અભિધેય અર્થાત્ કહેવા યોગ્ય વાચ્યભાવ, પવિત્ર, નિર્મળ, અસંયોગી, શુદ્ધ આત્મસ્વભાવ કહેવા યોગ્ય છે તે વાચ્ય છે, તેને જણાવનારા શબ્દો તે વાચક છે. જેમ 'સાકર' શબ્દ વાચક છે, સાકર પદાર્થ વાચ્ય છે. તે વાચ્ય વાચક સંબંધથી આત્માનું સ્વરૂપ કહેવાશે તેમાં આત્મા કેવો છે, તે જણાવવા માટે શબ્દ નિમિત્ત છે, તેથી વસ્તુને તદ્દન અવાચ્ય નહીં કહેતાં જેવો ત્રિકાળી વસ્તુનો સ્વભાવ છે, તે જ ક્રમે કરીને કહેશું. ૧.

પ્રથમ ગાથામાં સમયનો સાર કહેવાની પ્રતિજ્ઞા કરી, ત્યાં શિષ્યને એવી આકાંક્ષા=જિજ્ઞાસા થાય છે કે ''સમય એટલે શું?'' તેથી હવે પ્રથમ, સમય=આત્માને જ કહેવો. જેને રુચિ(આદર) છે તેને કહે છે. જો આકાંક્ષા પરાણે કરાવાય તો સામો જીવ પરાધીન થયો કહેવાય; પણ તેવો નિયમ નથી. જેને અંતરથી સ્વરૂપ સમજવાની ધગશ લાગી તે પૂછે, તેને અમે શુદ્ધાત્મારૂપ સમયને કહીશું. માટે 'તે સમ શું છે?' તેને સમજવાની જિજ્ઞાસા જે શિષ્યને થઈ તે જ સમજવાને લાયક થયો છે કે, અહો ! જે સ્વાભાવિક આનંદમાં પરના અવલંબનની જરૂર નથી, પૂર્ણ પ્રભુ સ્વાધીન સ્વરૂપ છે તે કેમ હશે? વૈભવની અને રળવાની વાત સાંભળી જેમ પુત્ર, પિતાને પૂછે કે 'તે કેમ હશે'? તેમ શિષ્ય પ્રથમ તત્ત્વનો મહિમા સાંભળી આદર કરીને પૂછે છે. જેને સત્ય જોઈએ છે તેને પરાધીનતા દુઃખનું ભાન થવું જોઈએ. દુઃખ રહિત શું? તેના વિચાર સહિત, જેને પરાધીનતાનો ત્રાસ થયો છે કે 'અરે હું કોણ? મારૂં શું થશે? સંયોગી કોઈ ચીજ મારી નથી?' પણ એ ક્યાંથી સૂઝે? બાહ્ય વિષયમાં સુખ મનાણાં, આબરૂ પૈસા, રસ-રોટલીમાં સુખ મનાણાં પણ તેમાં સુખ નથી. હીંડોળે હિંચકવા–પોળીયા ફેરવવામાં

સ્વાધીનતા નથી, જેટલી પરાધીનતા તે દુઃખરૂપ છે. પરાધીનતાની વ્યાખ્યા કેટલી ! કે, એક અંશ રાગની વૃત્તિ ઉઠે, પરનો આશ્રય લેવો પડે તે સંપૂર્ણ સ્વાધીનતા નથી. સમ્યક્‌દષ્ટિ પણ વર્તમાન પર્યાયની નબળાઈની અપેક્ષાએ અસ્થિરતાના કારણે સંપૂર્ણ સ્વાધીન નથી. પરની જરૂર પડે તેટલું દુઃખ છે, માટે પરના અવલંબનમાં સ્વાધીનતા ન હોય. રાત, દિવસ, પરાધીનતા જીવ ભોગવે છે પણ તેને ગણકારતો નથી.

પરના આશ્રય વિનાનું સ્વાધિનતા સુખ સિદ્ધભગવાનને કેવું હોય તે કદી જાણ્યું નથી. એકવાર રુચિથી સાંભળે તો સંસારમાં બધું આકુળતામય, હળાહળ દુઃખ જ દેખાશે. એમ પરાધીનતાનું દુઃખ ભાળી, ‘સર્વ દુઃખ રહિત, સ્વાધીન સમયનું સ્વરૂપ, ‘હે પ્રભુ! કેમ હશે?’ પૂછનારની એવી અપૂર્વ જિજ્ઞાસા હશે, તે આ સમયસાર–શુદ્ધાત્માને બરાબર સમજી લેશે. જેને આકાંક્ષા નથી, તે તો પ્રથમ જ નકારથી વાતો કરે છે, ‘બસ; શુદ્ધ! શુદ્ધ! દેહ ઈન્દ્રિય વિનાનો આત્મા કહો છો, તે વળી શું?’ જ્ઞાની ‘શુદ્ધ આત્મા નિત્ય છે’ તેની અસ્તિ સ્થાપવા માગે છે. ત્યાં પ્રથમ જ શંકા કરી વિરોધ ભાવ જણાવે છે, ત્યારે લાયક જીવ હોય તો આદરથી બહુમાન લાવી ઊછળી જાય છે; ‘અહો!’ આ અપૂર્વ વાત છે એમ હા પાડીને પ્રશ્ન કરે છે, ન્યાયથી વાત કરે છે. ન્યાય શબ્દમાં ‘ની’ ધાતુ છે. ની=લઈ જવું; દોરી જવું. જેવો વાસ્તવિક સ્વભાવ છે, તે તરફ જ્ઞાનને દોરી જવું. જીજ્ઞાસા છે ત્યાં, એવી અપૂર્વ રુચિવાળી આકાંક્ષા થાય છે. ‘છે’ એમ આદરવાળી જિજ્ઞાસાથી સમજવા માગે તે સંપૂર્ણ સત્ય સમજી લેશે. પણ જો પ્રથમથી જ ના પાડે તો ‘નાસ્તિમાંથી અસ્તિ’ ક્યાંથી આવશે? પણ અસ્તિમાંથી જે અસ્તિ આવશે.

કોઈ કહે કે જ્ઞાનીઓએ આત્માનો બહુ મહિમા વર્ણવ્યો છે તો લાવ જોંઉ? એમ આંખો મીંચી, વિચાર કરી, જોવા જાય તો અંધારું, કાબર ચિતરું દેખાય અને બહાર જડ પદાર્થનો સ્થૂળ સમૂહ દેખાય. પણ તે અંધારાને, કાબરાને દેહ, ઈન્દ્રિય બધાને જાણનારો, નિત્ય ટકનારો કેવો છે, તેના વિચારમાં આગળ વધતો નથી. કારણ કે અતીન્દ્રિય આત્મા, આ દેહથી જુદો પરમાત્મા છે તેનો વિશ્વાસ કરતો નથી, પણ જેણે અંતરથી આદર કર્યો છે, તે શ્રોતાની પાત્રતાથી અહીં વાત લીધી છે. ‘હા’ પાડ્યા પછી આશંકાથી પૂછે તે જુદી વાત છે. અંતરથી આદરપૂર્વક આકાંક્ષાથી પ્રશ્ન થતાં ઉત્તર આવે છે. ‘ભેંસ પાસે ભાગવત જેવું નથી.’

**जीवो चरित्तदंसणणाणट्ठिउ तं हि ससमयं जाण ।**
**पुग्गलकम्मपदेसट्ठियं च तं जाण परसमयं ।।२।।**

**જીવ ચરિત–દર્શન–જ્ઞાનાથિત સ્વસમય નિશ્ચય જાણવો.**
**સ્થિત કર્મપુદ્‌ગલનો પ્રદેશે, પરસમય જીવ જાણવો. ૨.**

અર્થ :—હે ભવ્ય ! જે જીવ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિર થઈ રહ્યો છે, તેને નિશ્ચયથી સ્વસમય જાણ અને જે જીવ પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થયેલ છે, તેને પરસંય જાણ.

એમ ન કહ્યું કે 'હમણાં તું પાત્ર નથી, કર્મ નડે છે, પણ પાત્રતા સ્વીકારીને સમજાવે છે. પુણ્ય, પાપના ભાવ તે વિકાર છે, અપવિત્ર છે, આત્મભાવ પવિત્ર છે. તેથી અપવિત્ર ભાવ દ્વારા સમ્યદર્શન પ્રગટે નહિ. ચારિત્ર=અંતર સ્વરૂપમાં ઠરવું; ગુણની એકાગ્રતાના સ્વાદમાં જામી જવું. એવા શુદ્ધ ભાવને ભગવાન ચારિત્ર કહે છે. બાહ્યમાં એટલે ક્રિયાકાંડ, પુણ્ય, પાપ, લૂગડાં, વેશ વગેરેમાં આત્માનું ચારિત્ર હોય નહીં, બાહ્ય ક્રિયામાં તપ હોય નહિં; પણ ઈચ્છા રહિત, અતીન્દ્રિય જ્ઞાનમાં લીન થતાં, ઈચ્છાનો સહેજે નિરોધ થાય તેને ભગવાને 'તપ' કહ્યું છે. એવી શ્રદ્ધા પછી જેટલી લીનતા કરે તેટલી ઈચ્છા રોકાય છે; ક્રમે કરી સર્વ ઈચ્છા ટળી પૂર્ણ આનંદ પ્રગટે છે.

પાણીમાં વર્તમાન અગ્નિના સંબંધે, ઉષ્ણતા હોવા ટાણે પણ દરેક ક્ષણે અગ્નિને ઠારવાની તાકાત પાણીમાં ભરી છે. તેમ આત્મામાં દરેક ક્ષણે, વિકારનો નાશ કરવાની ત્રેવડ હાજર છે. જેમ અગ્નિના સંયોગની ક્ષણિક અવસ્થાનું લક્ષ છોડો, તો પાણી શીતળ સ્વભાવી જ છે તે દેખાય છે; એમ પુણ્ય, પાપ, પરના સંબંધનું લક્ષ છોડો તો આત્માનો શુદ્ધસ્વભાવ દેખાશે. ચૈતન્ય સ્વભાવ શુદ્ધ દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપે છે; તે સ્વસમયરૂપ છે, એમ હે શિષ્ય! તું જાણ. એમ અહીં કહે છે.

તારામાં શક્તિ છે, એમ જોઈને 'આત્મા આવો છે' એમ જાણ. એમ આચાર્ય ભગવાન કહે છે, તેથી કહ્યું કે નિત્ય શુદ્ધ દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપે છે તે આત્મા છે. જ્ઞાની જેનામાં ત્રેવડ ભાળે તેને કહે છે. કાંઈ પત્થરને, જડને કે પાડાને કહેતા નથી, કે તું જાણ !!! માટે 'અમે સમજીએ નહીં' એવો નકાર લાવશો નહીં. હું હમણા તૈયાર નથી, મારે માટે સારો અવસર કે સારો સંયોગ નથી, એમ ઓથ લેશો નહીં. બરાબર ન્યાય, યુક્તિ, પ્રમાણથી કહેવામાં આવશે, તેની હોંશ લાવી હા જ પાડજો. જેમ બૂંગિયો ઢોલ વાગે ત્યારે રજપૂત છૂપે નહીં, બૂંગિયો ઢોલ સાંભળીને સાડાત્રણ ક્રોડ રોમરોમમાં રજપૂતનું શૌર્ય ઊછળી જાય છે. તેમ, તસ્રવનો મહિમા સાંભળતા પાત્ર ચૈતન્યનું વીર્ય ઊછળી જાય છે.

સિદ્ધભગવાનનો પૂર્ણ નિર્મળ દશાને પામ્યા તેની નાત જાતનો વારસદાર હું છું. મેં મારી સ્વતંત્રતાનો બૂંગિયો સાંભળ્યો, એમ સ્વતંત્રતાની વાત સાંભળી મહિમા લાવ? શ્રી કુંદકુંદ ભગવાન, સમયસારના બૂંગિયા વગાડી ગાણા ગાય છે. તે સાંભળી તું ન ઊછળે એ કેમ બને?

જે જીવ પોતાના દર્શન, જ્ઞાન, ચારિત્રમાં સ્થિર થયો તેને સ્વસમય જાણ અને જે પુદ્‌ગલ, કર્મ પ્રદેશમાં સ્થિત થયો તેને પરસમય જાણ. જે જીવ પોતાના ગુણમાં સ્થિર ન રહેતાં પર દ્રવ્યના સંયોગોમાં એટલે કે, પુદ્‌ગલ કર્મના પ્રદેશમાં સ્થિત થઈ રહ્યો છે તેને અજ્ઞાની કહ્યો.

**પ્રશ્ન :**–શું અલ્પજ્ઞ જીવ સૂક્ષ્મ કર્મના પ્રદેશ ભાળે છે?

**ઉત્તર :**—ના; ભાળતો નથી. પણ મોહકર્મની ફળદાયી શક્તિના ઉદયમાં જોડાય, તો જ તે પર સમય સ્થિત કહેવાય છે. પોતામાં જોડાવાથી એટલે કે સ્થિર રહેવાથી વિકાર ઉત્પન્ન થાય નહીં. વિકાર પર નિમિત્તનો સંયોગ પામીને થાય છે, નિમિત્ત આધીન પોતે થતાં વિકાર ભાવ પોતાની અવસ્થામાં દેખાય છે, જો એકલા સ્વભાવથી વિકાર થાય તો વિકાર ટળે નહિં. કર્મ તે સંયોગી, વિકારી પુદ્‌ગલની અવસ્થા છે, તે તરફ વલણવાળો ભાવ તે વિકારી જીવ–ભાવ, પુદ્‌ગલ કર્મ પ્રદેશમાં જોડાવાથી ઉત્પન્ન થાય છે. જડકર્મ પરાણે વિકાર કરાવી શકે નહિ પણ પોતે પોતાને ભૂલી, પોતે પુદ્‌ગલ પ્રદેશમાં સ્થિત થાય છે. રાગદ્વારા પોતે પરાવલંબી ભાવ કરે છે. કર્મ જીવને બગાડ્યો નથી પણ પોતે અશુદ્ધતા ધારણ કરે, ત્યારે કર્મની હાજરીને નિમિત્ત કહેવાય. માટે બંધાવું કે મુક્ત થવું તે પોતાના ભાવને આધીન છે. પોતાની ત્રેવડ વિના બને નહિ. પુદ્‌ગલ કર્મ પ્રદેશ તરફ રોકાણો પોતે; તે વિકાર વડે પર સમયમાં સ્થિત, વ્યવહારથી કહેવાયો. સ્વભાવે પોતામાં જે ટકેલો છે પણ અવસ્થામાં જો સ્વરૂપ સ્થિત હોય તો 'આત્મા શું છે?' તે પૂછવાનો અવકાશ હોઈ શકે નહિ, માટે અવસ્થામાં વિકાર થયો છે. કોઈ કહે, કર્મ દેખાય નહિ તેને કેમ માનવાં? કારણ કે લૌકિકમાં કોઈનું દેખેલું તથા નજરે ભાળેલું તે માનીએ છીએ. **ઉત્તર :**—અજ્ઞાની જીવોએ બાહ્ય વિષયોમાં સુખ છે તે પરમાં નજરે ભાળીને નક્કી કર્યું નથી છતાં પણ પરમાં સુખ છે તેમ પોતાની કલ્પના વડે માન્યું છે. તેમ કર્મ સૂક્ષ્મ છે, તેથી આંખે ભલે નથી દેખાતાં, પણ તેનું ફળ અનેક રૂપે બહારમાં દેખાય છે. તે કાર્યનું કારણ પૂર્વકર્મ છે. જેમ સોનું એકલું–પોતા વડે, અશુદ્ધ હોત તો શુદ્ધ થઈ શકે નહીં. સ્વભાવે તો શુદ્ધ જ છે પણ વર્તમાન અશુદ્ધતામાં, બીજી ચીજનો સંયોગ છે, તેમ આત્માને વર્તમાન અવસ્થામાં નિમિત્ત થનાર, બીજી ચીજ વિકારમાં હાજર છે, તેને શાસ્ત્રમાં 'કર્મ' કહ્યું છે. બીજી વસ્તુ છે, તેથી બે ચીજનું યથાર્થ જ્ઞાન કર, કારણ કે આત્માનું જ્ઞાન સામર્થ્ય સ્વ-પર પ્રકાશક છે. જેને આ સમજવાની શક્તિનો વિકાસ છે, જે આદર લાવી સાંભળે છે, તેને સંભળાવે છે તે યથાર્થ સ્વરૂપને ગ્રહણ કરે છે. પણ જેને પર ઉપર નજર છે, હું જુદો છું તે ભાન નથી એવો જીવ કર્મની હાજરીની જ્યાં વાત આવી ત્યાં તો નિમિત્તને જ વળગ્યો અને બહારથી સાંભળીને કલ્પના કરી

લીધી કે કર્મ મને હેરાન કરે છે. શાસ્ત્રમાં કર્મને નિમિત્ત માત્ર કહ્યું છે, તે આત્માથી પર ચીજ છે. પર ચીજ કોઈનું બગાડવા સમર્થ નથી.

શાસ્ત્રના શ્રવણથી ખોટી કલ્પના કરી લીધી કે કર્મ મને અનાદિના નડે છે. રાગ, દ્વેષ, કર્મ કરાવે છે. દેહ, મન, વાણીની પ્રવૃત્તિ મારા વડે થાય છે, એ પ્રકારે ઊંધી માન્યતાથી–પરમાં ટક્યો તે પર–સમય છે અને જે પર આશ્રય રહિત, પુણ્ય, પાપ રહિત, શુદ્ધ દર્શન, જ્ઞાન અને સ્વરૂપ સ્થિરતાપણે આત્મામાં ટક્યો છે તે સ્વ–સમય છે એટલે સ્વસન્મુખ છે. પર વલણ વડે પર સાથે સંબંધ માન્યો છે, પરમાં અટક્યો છે તે પર સન્મુખ એટલે પર સમય છે.

તા. ૨૨-૬-૪૩

જેને જાતે જિજ્ઞાસા પ્રગટી છે તે વિચારે છે કે આ શું છે? અનાદિથી સ્વરૂપનું વિસ્મરણ કેમ છે, વિકાર અને જડનું જ અનાદિનું સ્મરણ કેમ છે, જો પોતાનું વાસ્તવિકપણે સ્મરણ થાય તો રખડવું ન થાય. જાણનારને જાણ્યા વિના, જાણનારમાં જણાય તેને મારૂં સ્વરૂપ છે, એમ જીવો માની લીએ છે. તેથી જાણનારો પરથી જુદો કેવો છે તે અહીં જણાવે છે, કે જેથી પરાધીનતા રહે નહીં. 'છે' તેને માટે પરના આશ્રયની જરૂર પડે તે સુખી જીવન કેમ કહેવાય? રાગનો આશ્રય લેવો પડે, તે પણ વાસ્તવિક જીવન નથી, એમ જેને અંતરમાં જિજ્ઞાસા થઈ તેને ગુરૂ મળ્યા વિના ન રહે. અંતરથી જીજ્ઞાસા હોય તે બરાબર સાંભળે. પાત્રતા થાય તેને ગુરુ મળે છે. જ્ઞાનમાં શુદ્ધ મુક્ત સ્વભાવનો જેને આદર થયો, તેની જિજ્ઞાસા થઈ, તેને વ્યવહારે શ્રદ્ધા, જ્ઞાન, આચરણ આવ્યું. પ્રથમ તો સાધારણ રીતે આર્ય જીવને અનીતિ તથા ક્રુરતાનો ત્યાગ હોય જ. સાધારણ આર્યપણું, લૌકિક સરળતા, તેમ જ પરસ્ત્રીનો ત્યાગ અંતરમાં બ્રહ્મચર્યનો રંગ, આજીવિકા માટે પરને છેતરપિંડીનો ત્યાગ, નીતિ, સત્યવચન, વિગેરે તો જીવનમાં વણાઈ જવું જોઈએ. દેહાદિ પર વિષયોમાં તીવ્ર આશક્તિનો ત્યાગ વિગેરે તો સાધારણ નિતીમાં હોય જ, પછી લોકોત્તર ધર્મમાં પ્રવેશ થઈ શકે છે. બીજી ગાથા શરૂ કરતાં કહ્યું કે, જે પુણ્ય-પાપ રહિત, આત્માના દર્શન, જ્ઞાન, ચારિત્ર ગુણમાં ટક્યો તે સ્વસમય છે અને પર મારાં, પુણ્ય, પાપ આદિ વિકાર હું છું એમ ટક્યો તે પર સમય છે. એમ કહેતા ગુરુએ

જાણેલ છે કે, સામા જિજ્ઞાસુ જીવને, બાહ્ય સાધારણ નીતિનું જીવન, મન દ્વારા વણાઈ ગયેલું હોવું જ જોઈએ અને સત્ય સમજવાની તેને ખરી આકાંક્ષા છે. તેથી તેને સત્ય જ સમજાય તેવું સમજાવનારા પણ છે. ક્રૂરતા, અનીતિ, અસત્ય, નથી જોતું, ત્યારે જે સત્ય છે તે જ તેને જોઈએ છે. 'છોડવું છે', એમ કહેતાં તે સંયોગ સંબંધ છે અને તેનાથી પોતાનું જુદાપણું પણ છે એમ આવ્યું. એક ચીજ બંધનમાં હોય તો તે બીજી ચીજના સંબંધે હોય, માટે પર ચીજ પણ છે એમ સિદ્ધ થયું, પોતાનો જે રીતે પારમાર્થિક સ્વભાવ છે તે રીતે પોતાના જાણવામાં ન આવે, તો પોતે ક્યાંક પોતાની હયાતિ માની ટકશે તો ખરો; એ રીતે રાગી દ્વેષી, પરવાળો હું છું એમ માની પરમાં હયાતિ માની જીવ ટક્યો છે, તેથી અનેક ગતિમાં ભવ ભ્રમણ થાય છે, તે દુઃખ જ છે અને સમસ્ત પ્રકારના દુઃખથી મારે છૂટવું જ છે, તો દુઃખ રહિત શું છે તે જ મારે જોઈએ છે; એવુ સાધારણ ભૂમિકાનું જ્ઞાન તો પ્રાથમિક શિષ્યે જાણેલું હોવુ જોઈએ, પછી વિશેષ ચોખવટ માટે પૂછવામાં આવતાં કહેવાય છે.

જેને સત્ય સમજણની કિંમત છે, તેને તત્ત્વનું માહાત્મ્ય સંભળાવે છે. જેને કાંઈ રળવાની કિંમત છે, તેની તાકાત જોઈને, રળવાની કોઈ વાત કહે તો તેને રળવાની, ધનવાન થવાની વાત સાંભળતાં કેટલો રસ આવે? રૂા. ૧૦૦૦૦) એક મહિને મળે? હે!!! એમ આશ્ચર્યથી, વૈભવનો મહિમા તેના હૃદયમાં હોવાથી તેની પ્રીતિ વડે બે કાન ધરી સાંભળે છે. તેમ, અનંત જન્મ-મરણના, અનંત દુઃખના નાશનો ઉપાય શુદ્ધાત્માને ઓળખવાથી, તેમાં ઠરવાથી થાય છે અને તેથી અલ્પકાળમાં, અનંત સુખ પ્રગટ થાય છે. તેમ શ્રી ગુરુ સંભળાવે છે અને પાત્ર શિષ્ય ઘણી હોંશથી સાંભળે છે. સ્વરૂપે સિદ્ધ ભગવાન જેવો તું જ છો એટલે કે આત્મા પરથી નિરાળો, અતીન્દ્રિય, આનંદ સ્વરૂપે છે; પુણ્ય, પાપ, ઉપાધિરૂપે નથી. ઊંધી દશાથી, કલ્પનાથી પરમાં આનંદ માની, સુખ ગુણને આકુળતારૂપ કર્યા હતો તેનાથી છૂટી અનંત સુખરૂપ, એવી દશા પ્રગટ કરવા માટે, શુદ્ધાત્માની વાત શ્રી ગુરુ ઘણી કરુણા કરી સંભળાવે છે. સાંભળનાર અને સંભળાવનાર બેઉ યોગ્ય હોવા જોઈએ.

'સમય' શબ્દનો અર્થ કહે છે. (સમ્ તો ઉપસર્ગ છે.) સમય=સમ્+અય, સમ= એકસાથે, એકકાળે; 'અય ગતૌ' ધાતુ છે તેનો 'ગમન' અર્થ થાય છે અને 'જ્ઞાન' અર્થ પણ થાય છે. ગમન એટલે કરવું અર્થાત્ ગમન થવું; તેથી સમ+અયન્ અર્થ, 'એક સાથે એકરૂપ રહીને જાણે અને એક અવસ્થાથી, એકેક સમયે બીજી અવસ્થારૂપ થવું તે 'સમય' છે. કોઈ આત્મામાં વર્તમાન વર્તતી અવસ્થાપણે બદલવાનો જો સ્વભાવ ન હોય તો કાંઈ વિશેષતા થઈ શકે નહિ. દોષ ટાળી ગુણ પ્રગટ કર એમ કહેવું વૃથા ઠરે. તીવ્ર રાગમાંથી

મંદરાગ થાય છે તથા વિકારી ભાવનો ફેરફાર એટલે બદલવું થાય છે, તે વિકાર કાઢી નાખો તો જ્ઞાન-ગુણ, વિગેરે ગુણનું નિર્મળપણે બદલવું થાય છે. બીજા પદાર્થથી આત્માનું લક્ષણ જુદું પડે તે માટે, જીવનું સ્વરૂપ એક સમયમાં જાણે અને પરિણમે, તે જીવ ચેતના સ્વરૂપ છે એમ જણાવ્યું.

જીવ સિવાય પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, કાળ, આકાશ એ પાંચે પદાર્થ અજીવ અચેતન પદાર્થ છે. તેની પણ પોત પોતાના કારણે સમયે સમયે અવસ્થા બદલે છે. પણ તેમાં જાણપણું નથી અને જીવમાં જાણપણું છે, માટે આ 'જીવ' નામનો પદાર્થ એક જ વખતે જાણે અને દરેક ક્ષણે નવી નવી અવસ્થાપણે, પોતાપણે બદલે છે; તેથી તે 'સમય' છે. (પરિણામ=વર્તમાન અવસ્થા;) હવે તે આત્મા કેવો છે તે ઓળખાવે છે. તેની બે દિશા બતાવવી છે. તેમાં જેને હિતરૂપ, આદરવા યોગ્ય જીવ માને, તેમાં વળે–ઢળે ને? જીવમાં બે અવસ્થા થાય છે. (૧) અનાદિની અશુદ્ધ અવસ્થા; તે પર વલણરૂપ છે. (૨) રાગ, દ્વેષ, અજ્ઞાન, રહિત સ્વાભાવિક શુદ્ધ અવસ્થા; તે સ્વભાવરૂપ છે એવી બે હાલત બતાવે છે. કારણકે આત્મા ત્રિકાળી છે, તેની 'સંસાર અને મોક્ષ' બે હાલત છે. સંસારપણું એ આખો આત્મા નથી તથા મોક્ષ તે આખો આત્મા નથી, બંને અવસ્થા મળીને ત્રિકાળી આત્મા છે. આત્મા વર્તમાનમાં છે, તે ત્રિકાળ છે. તેની બે પ્રકારની દશા—અવસ્થા, તેમાં અનાદિની, પોતાની કલ્પનારૂપ, રાગ-દ્વેષરૂપ અશુદ્ધ દશા એટલે સંસાર દશા. પરથી ભિન્ન પોતાનું શુદ્ધ સ્વરૂપ છે તેનું ભાન કરી, તેમાં સ્થિરતા વડે એકાગ્ર થઈ શુદ્ધતા પ્રગટ કરવી, તે શુદ્ધતારૂપ મોક્ષ અવસ્થા; બંને આત્માની અવસ્થા છે. આ વાત ઝીણી પડે તો પરિચય કરવો, પણ પ્રથમ 'નહીં સમજાય' એમ ના પાડીને અટકો નહિ. જિજ્ઞાસુ જીવને આત્મા ન સમજાય તેમ બને નહિ. જે કામ અનંત આત્માઓએ કર્યા તે કહેવાય છે, જે ન કરી શકે તે કહેવાતું નથી. ઓછું કરી શકે ઓછું જાણે તેનું કારણ વર્તમાન પોતાની નબળાઈ છે, પણ તે પરાશ્રિત થતી ક્ષણિક અવસ્થા, સ્વભાવના ભાન વડે કાઢી નાંખે તો, પરમાનંદ શુદ્ધ સ્વભાવ છે તે પૂર્ણ નિર્મળપણે પ્રગટ થાય છે. એટલે આત્મા જેવો સ્વતંત્ર સ્વભાવપણે છે, તેની સમજણ અને તેની શુદ્ધ દશા પ્રગટ કરવા માટે જ કહેવાય છે.

પ્રથમ તો 'આત્મા છે' તે નક્કી થવું જોઈએઃ આત્મા અનાદિ અનંત વસ્તુ છે, 'છે' તે સત્ છે. 'હોય તે જાય નહિ, જે ન હોય તે નવું થાય નહિ.' એટલે વસ્તુ નિત્ય છે, તેની અવસ્થા ક્ષણે-ક્ષણે બદલાય, પણ વસ્તુનું મૂળ વસ્તુપણું બદલાય નહિ. તે પરને આશ્રયે નથી, પણ અનાદિથી પર તરફ રુચિ અને પર વલણ વડે, અજ્ઞાનના કારણે, આત્મામાં રાગ-દ્વેષરૂપ મલિન ભાવ ભાસે છે. સંસાર તે આત્માની વિકારી અવસ્થા છે.

જડ દેહાદિનો સંયોગ, તેમાં સંસાર નથી. જેમ પાણીમાં તરંગ હોય, તેમાં અમુક તરંગમાં મેલપ હોય, બીજા તરંગ નિર્મળ હોય, પણ બધા તરંગ મળીને પાણી છે. તેમ આત્મામાં અનાદિથી અજ્ઞાનપૂર્વક વર્તતી અવસ્થા, કર્મના નિમિત્ત આધીન થાય ત્યાં સુધી મેલી છે અને રાગ, દ્વેષ, વિકારી અવસ્થાનો નાશ કરી, સાદિ–અનંત, પ્રગટ, નિર્મળ, મોક્ષ અવસ્થા પ્રગટે, તે બધી અવસ્થારૂપ આત્મા છે; પણ સ્વભાવને જુઓ તો બધી અવસ્થા વખતે શુદ્ધ જ છે, માટે આત્મા ન સમજાય એમ માનશો નહિ. આબાલગોપાળ બધામાં સમજવાની લાયકાત છે, બધા કેવળજ્ઞાનને પાત્ર છે.

હવે આ જીવ પદાર્થ કેવો છે તે સાત બોલથી કહેશે. વસ્તુની હયાતિ સિદ્ધ થયા સિવાય તેમાં બંધદશા, મોક્ષદશા શી રીતે જણાવવી? માટે આત્માનું સ્વતંત્ર વાસ્તવિક સ્વરૂપ કેવું છે તે પ્રથમ નક્કી કરાવે છે.

જીવને પદાર્થ ગણ્યો, કેમ કે 'જીવ' એવા પદ દ્વારા અર્થને જાણી શકાય છે. ('પદ' સાથે વ્યવહારે સંબંધ વાચક–વાચ્યપણે છે. તેથી;) જીવ પદાર્થ સદાય પરિણમન સ્વભાવવાળો છે. વિકારનો નાશ કરી, પૂર્ણ, અનંત, અક્ષય, આનંદ સ્વરૂપને પ્રગટ કરે, ત્યાં ત્રણે કાળનો સુખનો અનુભવ એક સમયમાં આવી જતો નથી. જો એક સમયમાં બધો આનંદ ભોગવાય જાય તો બીજે સમયે ભોગવવાનું બાકી શું રહે? પણ તેમ નથી. દરેક સમયે પમિણમન હોવાથી અનંતકાળ સુધી અનંત સુખનો અનુભવ છે. પોતે જ અનુભવ સ્વરૂપ છે.

એકેક વાત સમજવા જેવી છે, અતરમાં ખૂબ ઓગાળવા જેવી છે. અંતરનું તસ્ત્રવ બધાં પડખે યથાર્થરૂપે સમજીને તેમાં ઠરે તો સ્વાધીન શુદ્ધ દશા પ્રગટે. જેને જે વિષય સંબંધી (જે સાધ્યમાં) રુચિ છે તે તરફ, રાગ દ્વારા માનેલું પ્રયોજન સાધવા પ્રયત્ન તે કર્યા કરે છે. તે ન્યાયે લોકો ધર્મના નામે માનેલું પ્રયોજન સાધવા ઘણું કરે છે. પણ વાસ્તવિક ઓળખાણ વિના સાચો ઉપાય હાથ આવતો નથી. જેમ રાજા હોય તેને તેની સમૃદ્ધિ અને મોટાઈના પ્રમાણમાં માન આપી બોલાવો તો જ જવાબ આપે; નહિતર ન બોલે. તેમ ભગવાન આત્માને જે રીતે જાણવો જોઈએ, તે પ્રમાણે મેળ કરીને એકાગ્રતાનો સંબંધ કરે તો જવાબ મળે અર્થાત્ જાણી શકે. વળી આત્મા સદા પરિણમનસ્વભાવી છે, એ કારણે જેઓ આત્માને અવસ્થા વડે પરિણમનવાળો નથી માનતા, તેનો નિષેધ થયો. પરિણમનસ્વભાવી છે, એમ કહેતાં તું જે ભાવમાં ઊભો છે, તે ભાવને બદલી શકે છે. જે પહેલાં નહોતું જાણ્યું, તે જાણ્યું અને જાણનારો નિત્ય રહ્યો, તે ઊપરથી સિદ્ધ થયું કે ઉત્પાદ, વ્યય, ધ્રુવની અનુભૂતિ જેનું લક્ષણ છે તે સત્તા છે.

સત્તા તે લક્ષ્ય (જાણવા યોગ્ય) અને સત્તાનું લક્ષણ ઉત્પાદ, વ્યય, ધ્રુવ. સેકન્ડના અસંખ્યાતમાં ભાગમાં (સૂક્ષ્મ ક્ષણમાં) દરેક સમયે અવસ્થા બદલે છે. જેમ લોઢું ઘસતા ઘસતા કાટનો વ્યય, પ્રકાશ અથવા ઊજળાઈનો ઉત્પાદ અને લોઢું ધ્રુવ, એમ અકેક સમયમાં પોતાની પૂર્વ દશાનો વ્યય થાય છે, નવી અવસ્થા ઉપજે છે અને વસ્તુ વસ્તુરૂપે ટકી રહે છે. એ ત્રણે એક સમયે છે ઊપજવું, બદલવું અને ટકવું તેમાં કાળભેદ નથી, સાથે છે. જે અંતરમાં સમયે–સમયે બની રહ્યું છે તે વસ્તુસ્થિતિ અહીં જણાવાય છે. આ ધર્મની વાત ચાલે છે. તારો નિત્ય સ્વભાવ દરેક ક્ષણે અવસ્થાપણે ટકતો બદલે છે. આવું પરથી તદ્દન જુદાપણું જે ન સમજે અને વિરોધ કરે તે શેનો વિરોધ કરે છે તેની ખબર વિના વિરોધ કરે છે. જેમ બાળકે કોઈ કારણે રડવાનું શરૂ કર્યું, તેને ગમે તે ચીજ આપો તો પણ રડયા જ કરે છે. જે ચીજ માટે રડવા માંડ્યો તે ચીજ માટે આપતા પણ રડ્યા જ કરે છે; કારણકે 'મેં શા માટે કજિયો માંડ્યો છે' તે કારણને જ તે ભૂલી ગયો છે, તેથી શી રીતે સમાધાન થઈ શકે? પ્રથમ તેની ઈચ્છા તો ચૂસણીયાની હતી, જે ચૂસતો તે કોઈ લઈ ગયું તે ગોઠ્યું નહિ, ત્યાંથી રોણું શરૂ થયું, પછી તે વાત ભૂલી ગયો અને રડવાનું ચાલુ રહી ગયું. તેમ જ્ઞાની કહે છે કે હે ભાઈ! તેં અનાદિથી અજ્ઞાન ભાવે (બાળભાવે) રોણું શરૂ કર્યું છે તેથી તને ક્યાંય શાંતિ નથી. સાચી ચીજ જ્ઞાની બતાવે તોપણ તે ચીજ તું ગ્રહણ કરતો નથી અને પોતાના અજ્ઞાનનાં કારણે રડે છે. જ્યાં સુધી સાચી જિજ્ઞાસાથી સમજવા જેટલી ધીરજ અને મધ્યસ્થતા લાવે નહીં ત્યાં સુધી કોઈ ઉપાય નથી. તારી રુચિ હશે તેની તરફ તારી ભાવવાની ઉત્પતિ થશે.

પ્રથમ સ્વાધીન નિર્દોષ સત્‌ની રુચિ કર, તો અનાદિની પર વલણરૂપ જૂની અવસ્થાનો વ્યય, સ્વવલણરૂપ નવી અવસ્થાનો ઉત્પાદ અને સ્વભાવપણે ટકનારો તું ધ્રુવ છો, એમ તને સમજાશે. તારી અવસ્થાનું બદલવું–ઊપજવું તારા કારણે છે. પર આશ્રય વિના ટકનારો પણ તું છો, માટે મારા કારણે મારી ભૂલ હતી, તેને જ્ઞાનસ્વભાવ વડે ટાળનાર હું જ છું. એમ જાણી ખોટી માન્યતારૂપ અસત્યનો ત્યાગ, સાચી સમજણનો સદ્‌ભાવ અને નિત્ય જ્ઞાનસ્વભાવી આત્મા ધ્રુવ છું એવો નિશ્ચય તું કર. જેમ સુવર્ણ છે તે ટકી રહે છે, તેની આગલી અવસ્થાનો નાશ કરી, નવી અવસ્થા વીંટીં આકારે બનાવી, તેમાં સોનું તો બધી હાલતમાં ધ્રુવ રહ્યું તેમ ભગવાન આત્મા અનાદિ, અનંત, સ્વતંત્ર છે. તેમાં ત્રણ પ્રકાર (ઉત્પાદ-વ્યય-ધ્રુવ) એક જ સમયે છે. આ વાત પૂર્વે કદી સાંભળી નથી પણ સમજવા જેવી છે. 'છે' એવું સાંભળી તેમાં કંઈ સારૂં વલણ કરવા તરફ ઢળ્યો તેમાં આ ત્રણ પ્રકાર થયો. ઉત્પાદ, વ્યય, ધ્રુવ સ્વરૂપ દરેક વસ્તુ નિત્ય છે. અનાદિથી જેમ છે તેમ જીવે પોતાનું સ્વરૂપ જાણ્યું નથી. જેમ કડવા સ્વાદ ઊપરથી ગળ્યા

સ્વાદ તરફ લક્ષ જતાં, કડવો સ્વાદ હતો તેનો વ્યય, ગળ્યા તરફ લક્ષની ઉત્પત્તિ અને પોતે જ્ઞાનમાં સ્વાદ અને સ્વને જાણનારો ધ્રુવ–પણે ટકી રહ્યો છે; તે પ્રમાણે દરેક સમયે સ્વ અર્થ ક્રિયા કરવાનું સ્વાધીન લક્ષણ આત્મામાં છે. આત્મા પોતે ઊપજતો–બદલતો નથી, પણ આત્મામાં એકેક ક્ષણની હાલત બદલે છે એમ નવી ઉપજે છે. પોતાની અને પરની થતી દરેક અવસ્થા બદલે છે પણ તે બધાને જાણનારો પોતે એકરૂપ ટકી રહી છે. એમ પોતાના નિત્ય જ્ઞાનસ્વરૂપને જાણતાં પરથી ભિન્નપણાનો નિર્ણય કર્યો, તેમાં સમ્યક્‌દર્શન–જ્ઞાનનો ઉત્પાદ, પૂર્વની અજ્ઞાન અવસ્થાનો વ્યય અને જીવ ટકી રહેનારો ધ્રુવ છે. એમ ઉત્પાદ, વ્યય, ધ્રુવ એવી સત્તા સહિત આત્મા છે. આ વિશેષણની જીવની સત્તા નહિ માનનારા નાસ્તિકવાદીઓનો અભિપ્રાય ખોટો ઠર્યો અને પરિણમન સ્વભાવ કહેવાથી આત્માને અપરિણામી માનનારા સાંખ્યવાદીના મતનો નિષેધ થયો. સત્તા એકાંત નિત્ય જ છે અથવા એકાંત વસ્તુમાત્ર અનિત્ય જ છે, એમ માનનારા એકાંતવાદીઓનો પણ નિષેધ થયો. ‘આત્મા છે’ એમ કહેતા તેનાથી વિરોધભાવે ‘આત્મા નથી’ અથવા ‘સ્વતંત્ર નથી’ એમ કહેનાર પરમત (અજ્ઞાન)નું ખંડન થયું. કોઈ કહે કે ‘આત્મા છે જ નહિ’ પણ નથી એમ કોણે નક્કી કર્યું? પ્રથમ ‘આત્મા છે એ જેણે નક્કી કર્યું નથી, તેને આત્મા કેવો છે તેનો કેમ વિચાર આવે?’ વર્તમાન નજરે દેખાય તેટલું જ માનનારાઓ દશ્ય ને અદશ્ય અને દશ્ય અતીન્દ્રિય આત્માને દશ્ય કેમ કરી શકે? બધાને દેખનાર પોતે છે, જાણવા દેખવાનું કાર્ય, સ્વ-પરનો નિર્ણય, દેખનાર તત્ત્વની સત્તામાં થાય છે. દેહ, ઈન્દ્રિય પરને તથા પોતાને જાણતા નથી, પણ જાણનારો જાણ્યા જ કરે છે.

પુદ્‌ગલ નામે વસ્તુ નિત્ય છે તેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વગેરે સ્વતંત્ર ગુણો છે, તે વસ્તુની શક્તિ છે. તેમ સર્વ પર ચીજથી જુદો આત્મા છે, તેમાં જ્ઞાનાદિ શક્તિરૂપ અનંતગુણ છે, તેથી આત્માનું લક્ષણ ચૈતન્ય એટલે જાગ્રત સ્વભાવી છે.

પ્રભુ ? તું ચૈતન્ય, જાગ્રત સ્વરૂપ છો; તારા ગુણની ઉત્પતિ મન, વાણી, દેહાદિમાંથી નથી, તેમાં અંધારૂ નથી, અજાગ્રતિ, અજાણવું નથી. અંધારૂ છે, તેમ કોણે નક્કી કર્યું ? અષાઢી અમાસની મેઘલી મળેલી અંધારી રાત્રિ હોય, માથે ગોદડું ઓઢ્યું હોય, આંખે ચીપડા વળ્યા હોય, બંધ આંખો હોય છતાં પણ અંધારૂ છે એમ કોણે જાણ્યું ? માટે અંધારાનો જાણનાર અંધારારૂપે થતો નથી પણ તે અંધારાનો જાણનારો તે આત્મા અંધારાથી જુદો છે.

વળી આત્માનું સ્વરૂપ કેવું છે? નિર્મળ, સ્પષ્ટ, દર્શન, જ્ઞાનજ્યોતિ સ્વરૂપ છે. ભગવાન આત્મા જ્ઞાન–પ્રકાશ સ્વરૂપ, સદાય પ્રત્યક્ષ છે એમ યથાર્થ જ્ઞાન થવાથી જાણે

કે હું જ્ઞાતા દૃષ્ટા છું, હું જ જાણનાર દેખનાર છું, મારી સત્તા–(ભૂમિકા)માં જ જાણવા-દેખવાના ભાવ થયા કરે છે; પરમાં પેસીને જાણતો નથી પણ મારી સત્તામાં રહીને સ્વ-પરને જાણું છું. દર્શન=કોઈ પણ પદાર્થ જાણવા પહેલાં સામાન્ય વલણરૂપ, નિર્વિકલ્પ અંતર વ્યાપાર તે દર્શન (દૃષ્ટાગુણ) છે. પછી વિશેષ જાણવાનું કાર્ય તે જ્ઞાન–વ્યાપાર છે. જેમ સંસારની વાતો સહેલી થઈ પડે છે, તેમ જીવ આમાં પરિચય કરે તો સહેલું થઈ પડે છે. જડ, દેહ, ઈન્દ્રિયોના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ જડ સ્વભાવ છે; તે આત્મામાં પેસી ગયા નથી.

જ્ઞાનનો સ્વભાવ જાણવું છે, તેથી સ્વ-પરને જાણ્યા જ કરે છે. કોઈ કહે કે મોક્ષ થતાં સ્વ-પરનું જાણવું મટી જાય છે, જેમ દીવો=દીપક બુઝાતાં પ્રકાશક ક્રિયા બંધ પડે છે તેમ નિર્વાણમાં જાણવાની ક્રિયા બંધ પડે છે, એ માન્યતા ખોટી છે. કારણ કે જાણવું તે ગુણ છે, ગુણનો કદી નાશ થાય નહિ. જાણવું તે દુઃખદાયક નથી પણ જાણવામાં ઉપાધિ કલ્પવી તે દુઃખ છે. કોઈ કહે કે ઝાઝું જાણવું તે દુઃખ છે, પણ શું ગુણ તે દોષ અર્થાત્ દુઃખનું કારણ હોઈ શકે? ન જ હોઈ શકે. બાળકનો સ્વભાવ જાણ્યો કે બાળકે લાકડી મારી પણ તેનો ભાવ રમતનો હતો, એમ જ્ઞાનમાં સમજણ થતાં તે જતું કર્યું; યથાર્થ જ્ઞાનનું કાર્ય સમાધાન છે. આત્માનો સ્વભાવ 'જાણવું' છે તેને રોકી શકાય નહીં. જ્ઞાન ગુણનું કાર્ય જાણવું, જ્ઞાન કરવું તે છે; રાગ, દ્વેષ કરવાનું કાર્ય તો ઊંધા પુરુષાર્થરૂપ અવળાઈનું છે. માટે પુણ્ય, પાપના ભેદ રહિત, સ્વ-પરનો જાણક એવો પોતાના સ્વભાવરૂપ ધર્મ છે, તેમાં ટકવું તે સ્વસમય છે.

તા. ૨૩-૬-૪૩.

''जीवो चरितदंसणणाणठ्ठिउ'' એ પદમાં પ્રથમ શબ્દ 'જીવો' આવ્યો છે. જેણે આત્મા કેવો છે તે જાણવું હોય તેણે સંસારી અશુદ્ધ અવસ્થાને મોક્ષની નિર્મળ અવસ્થા, બન્ને થઈને એક અખંડ પૂર્ણરૂપ આત્માનો નિર્ણય કરવો પડશે. આત્મા મન, વાણી, દેહથી જુદો, અન્ય જીવ-અજીવ વસ્તુથી ત્રિકાળ જુદો, અનાદિ અનંત પદાર્થ છે. તેની ઊંધી માન્યતા વડે રાગ, દ્વેષ, પુણ્ય, પાપ, દેહ, ઈન્દ્રિય વિગેરે પર ચીજને જીવે પોતાની માની છે અને તે જ સંસાર છે. પર વસ્તુમાં સંસાર નથી. સંસાર તો જીવનો અવગુણ છે. તે જાણ્યા વિના ભવ તથા રાગ દ્વેષ વિનાનું સ્વતંત્ર તત્ત્વ શું તે સમજાય નહિ. જેમ મનુષ્યની ત્રણ અવસ્થા—બાળ, યુવાન, વૃદ્ધ. તેમ આત્માની ત્રણ અવસ્થા; અજ્ઞાન

અવસ્થા તે બાળ અવસ્થા, સાધકભાવરૂપ નિર્મળ દર્શન, જ્ઞાન, ચારિત્ર અવસ્થા તે ધર્મ અવસ્થા એટલે યુવાન અવસ્થા; અનુકૂળતામાં રાગ ને પ્રતિકૂળતામાં દ્વેષ આત્માને થાય છે, તેનો નાશ કરવા માટે હું શુદ્ધ છું, પરથી મને લાભહાનિ નથી, પુણ્ય, પાપ, રહિત અખંડ જ્ઞાયક છૂટો જ છું, એવા ભાન દ્વારા સ્થિર થવાથી રાગ-દ્વેષનો નાશ થઈ, પૂર્ણ નિર્મળ કેવળજ્ઞાન, અનંત આનંદ અવસ્થા પ્રગટે તે વૃદ્ધ અવસ્થા. આત્મા સદાય અરૂપી જ્ઞાન આનંદનો ઘન છે; તેમાં દરેક સમયે પૂર્વ પર્યાયને બદલીને નવી અવસ્થા ઊપજાવીને, ટકી રહેવાપણે ત્રણ અવસ્થારૂપ સત્તાપણું છે. હોવાપણે ચીજ છે તેમાં જ્ઞાતા દ્રષ્ટાપણું છે. પરને જાણવું તે ઉપાધિ નથી, પણ જાણવું-દેખવું તે તો આત્માનો ત્રિકાળી સ્વભાવ છે. સ્વ-પરને જાણવું તે જ્ઞાનગુણનું કાર્ય છે. રાગ, દ્વેષ કરવા તે દોષનું કાર્ય છે.

વળી તે આત્મા કેવો છે? અનંત ધર્મોમાં રહેલું જે એક ધર્મીપણું છે, તેથી તેને દ્રવ્યપણું છે નિત્ય વસ્તુપણું છે. આત્માનું સ્વતંત્ર સ્વરૂપ કેવું છે? પરના આધાર રહિત, પુણ્ય, પાપ રહિત સ્વરૂપે હોવાથી તેની શ્રદ્ધા, તેનું જ્ઞાન, તેનું આચરણ પણ પુણ્ય-પાપ રહિત છે, એમ જીવે કદી સાંભળ્યું નથી, માન્યું નથી; જો એક સેકન્ડ પણ આવા આત્મ—ધર્મનો આદર કર્યો હોય તો ફરી ભવ રહે નહિ. જેને સત્ સાંભળતા અપૂર્વ આત્મ—મહાત્મ્ય આવે, તેને તે તરફ પોતાના વીર્યનું વલણ થયા વિના રહે નહિ, કારણ કે જેમાં જેની રુચિ જણાય તેમાં તેનું વલણ થયા વિના રહે નહી એ નિયમ છે. જેમાં જરૂરિયાત જણાય તેમાં વીર્ય(પૂરૂષાર્થ) ફોરવ્યા વિના જીવ રહે નહી. જેની કિંમત થઈ, જરૂરિયાત જણાય, તેનો જ્ઞાનમાં ખ્યાલ કરી તેના તેનો આદર હોય, તેનાથી વિરોધીનો આદર ન હોય. તેથી જેમાં જેણે માન્યું તેમાં તેની કિંમત અને જરૂરિયાત તેને જણાતાં, તેમાં તેના વીર્યની ગતિ થયા વિના ન રહે.

પ્રથમ 'જીવ પદાર્થ છે' એમ કહ્યા પછી તેની બે પ્રકારે અવસ્થા કેવી છે તે જણાવે છે; કારણ કે પ્રથમ અસ્તિ='છે', તે વસ્તુપણું નક્કી કર્યા પછી, તે વર્તમાનમાં કઈ હાલતમાં છે તે જણાવી શકાય છે. વસ્તુ 'છે', તે અનાદિ અનંત છે, પરથી ભિન્ન છે માટે કોઈને આધારે કોઈનું પલટવું નથી એમ કહ્યું, વળી વસ્તુમાં અનંત ધર્મો પણ રહેલા છે; તેમાં દ્રવ્યત્વ, પ્રભુત્વ, સ્વચ્છત્વ, પ્રદેશત્વ, અગુરુલઘુત્વ, વસ્તુપણું, હોવાપણું (અસ્તિત્ત્વ), એકપણું, અનેકપણું, નિત્યપણું વગેરે વસ્તુમાંના ધર્મ અર્થાત્ગુણ તે વસ્તુના આધારે છે, પર ચીજના આધારે નથી. જેમ સોનું તે વસ્તુ, તે તેના અનંત ધર્મોને ધરનાર છે. તેમાં પીળાશ, ચીકાશ, વજન વગેરે શક્તિ છે, તેને ગુણ કહેવામાં આવે છે. તેમ આત્મામાં જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, અસ્તિત્વ, દ્રવ્યત્વ, વિગેરે અનંતગુણો છે. આત્મા

અનંત વસ્તુ સાથે રહ્યો છતાં અનંત વસ્તુથી જુદો છે. અનંત પર પદાર્થ હોવાથી અનંત 'અનેરાપણું' નામે અનંતગુણ આત્મામાં છે. 'આત્મા શું છે?' તે જાણ્યા વિના આત્માનો ધર્મ ક્યાંથી થાય? જે સત્તા ક્ષેત્રમાં અવગુણ થાય છે ત્યાં જ ગુણ છે. ગોળનું ગળપણ ગોળમાં હોય કે ડબામાં? તેમ દેહરૂપી ડબામાં અરૂપી જ્ઞાન–ઘન આત્મા છે, તેમાં તેના ગુણ હોય કે દેહાદિ પર સંયોગમાં? પર સંયોગી ચીજનો વિયોગ થતાં, આત્માનો સંબંધ મન, વાણી, દેહ, ઈન્દ્રિય વિગેરેમાં દેખાતો નથી; માટે આત્મા પરથી જુદો જ છે. આત્મા એક છે, તે શરીર તથા પર ચીજથી જુદો અનાદિથી છે તેવા અનંત શરીરના રજકણો તથા પર વસ્તુથી જુદો રહ્યો હોવાથી અનંત પરપણે નહીં થનારો આત્મા છે. તેમાં અનંત 'નાસ્તિપણું' નામે અનંત 'અન્યત્વ' નામે અનંતગુણો છે. આત્મા અનંતકાળથી, અનંત પુદ્ગલ સાથે, અનંત શરીર ભેગો રહ્યો છતાં, તેના કોઈ ગુણ પર્યાયપણે ન થયો, કોઈ સાથે ભળી ન ગયો, એમ અનંત સાથે એક ન થયો; માટે અનંત પરથી જુદો રહ્યો. રજકણમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શની અવસ્થા પલટે, પણ રજકણ પલટીને આત્મા ન થાય, તેમ આત્મા પલટી જડ ન થાય.

અનંત ધર્મોમાં રહેલું જે એક ધર્મીપણું છે તેને લીધે જીવને દ્રવ્યપણું પ્રગટે છે. અનંત ગુણોનું એકત્વ, અનાદિથી ભેગા રહેવું તે દ્રવ્યપણું છે. આ વિશેષણથી વસ્તુને ધર્મથી રહિત માનનાર અભિપ્રાયનો નિષેધ થયો. જેઓ ગુણો આત્માથી પ્રગટ થાય છે, એમ માનતા નથી, તેનો નિષેધ થયો. ખરી રીતે તો બહારથી ગુણ આવતા નથી, અંદરમાં છે તે પ્રગટ થાય છે. કારણ કે જો સિદ્ધ ભગવાનમાં અનંતગુણ નહોતા તો ક્યાંથી આવ્યા? જે ન હોય તે ક્યાંથી આવે નહિ. માટે દરેક આત્મામાં સ્વતંત્રપણે અનંતગુણ, સ્વભાવપણું છે. અરે! ધર્મને નામે બીજું બધું અનંતવાર આત્મામાં કરી ચૂક્યો, પણ આત્માને અનંત ધર્મસ્વરૂપ, સ્વતંત્ર યથાર્થપણે જેમ છે તેમ કદી જાણ્યો નથી. કહ્યું છે કે, 'જ્યાં લગી આત્માતત્ત્વ ચિન્યો નહીં, ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' એક સ્વને ન જાણ્યો તેથી પોતાને ભૂલી જગતને દેખે છે. એક સ્વને જ્યાં સુધી જાણ્યો નથી ત્યાં સુધી કાંઈ જાણ્યો નથી, એક જાણ્યે સર્વ જણાય છે.

જબ લગ એક ન જાનીયો સબ જાન્યે ક્યા હોય;
એક જાન્યે સબ હોત હૈ સબસે એક ન હોય.

બધાને જાણનાર છે તે પોતે છે, તેમ જાણ્યા વિના કોને ઓળખી–માનીને તેમાં ઠરવું? માટે પ્રથમ આત્માને યથાર્થ સ્વરૂપે નક્કી કરવો જોઈએ. વસ્તુના ખ્યાલ લીધા વિના શેમાં હયાતિ માની ટકશે? જેવો દેહદીઠ, દેહાદિથી જુદો અસંયોગી આત્મા સર્વજ્ઞ

ભગવાને જાણ્યો છે તેવો પૂર્ણ છું, એમ કબુલ થતાં બધાં સમાધાનો થાય છે.

વળી તે આત્મા કેવો છે? ક્રમરૂપ-અક્રમરૂપ પ્રવર્તતા અનેક ભાવો જેનો સ્વભાવ હોવાથી, જેણે ગુણ-પર્યાયોને ધારણ કરેલાં છે, તેવો ક્રમરૂપ=આત્મા ક્ષણેક્ષણે અવસ્થા બદલે છે. જેમ પાણીમાં એક પછી એક મોજાં ઊઠે છે, તેમ જીવમાં દરેક ક્ષણે નવી અવસ્થાઓ ક્રમે કરીને થાય છે. તેમાં રાગ હોય ત્યારે ગુણની નિર્મળ ગુણની દશા ન હોય અને વીતરાગતા હોય ત્યાં રાગ દશા ન હોય. રાગ, વિકાર, મારૂં સ્વરૂપ નથી. એમ અરાગી તત્ત્વનું લક્ષ કર્યુ ત્યાં રાગ મંદ પડ્યો, એટલે તીવ્ર રાગની અવસ્થા બદલી, એ રીતે ક્રમે ક્રમે અવસ્થા બદલાય છે. જેમ સોનામાં સાથે રહેનારા ગુણો એક સાથે હોય તે અક્રમરૂપ કહેવાય, તેમ આત્મામાં જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, આનંદ વગેરે ગુણો એક સાથે હોય છે. તેને અક્રમ અથવા સહભાગી ગુણ કહેવાય છે. બધા ગુણ ત્રિકાળી એકરૂપ આત્મામાં સાથે રહે છે, તેથી સહભાવી છે, અવસ્થા એક પછી એક બદલે છે' તેથી તે ક્રમભાવી છે. જ્યારે વિકારમાં જોડાય ત્યારે તે માની બેસે કે 'હું વિકારી છું;' જ્યારે અવિકારી જ્ઞાન સ્વભાવના લક્ષ વડે, 'વિકાર હું નહીં' તેમ માને છે ત્યારે 'હું અવિકારી છું, જેવો પરમાત્માનો સ્વભાવ પૂર્ણ છે તેવો હું છું' એવો અભ્યાસ વધતાં અવસ્થા ક્રમે ક્રમે બદલાતી જાય છે. પ્રથમ રાગ-દ્વેષ માનતો, પછી રાગરૂપે નથી એમ માન્યું, ત્યાં શ્રદ્ધા ગુણની અવસ્થા બદલાય છે, ટકીને બદલવું એ સ્વભાવ છે. 'નહીં સમજાય, ઝીણું પડે છે' એમ ના પાડશો નહિ. સમજણ સ્વરૂપ આત્મા કોણ છે તે સમજવું નથી અને ધર્મ કરવો છે, તે કેમ બને? અનાદિથી બાહ્ય દૃષ્ટિ રાખી બહારથી બીજું માન્યું છે તે બધું અજ્ઞાન છે, અસત્ય છે. જીવ અનાદિ અનંત વસ્તુ છે. 'છે' તેથી આત્મામાં અવસ્થા બદલાય છે. જેમ માણસના શરીરમાં અવસ્થા બદલાય છે તેમ, રાગ દશા બદલી નિર્મળ વીતરાગ દશા થાય છે અને ગુણ સદાય આત્મા સાથે ટકી રહે છે. જેમ સોનું અને તેના ગુણ સદા ટકી રહે છે અને અવસ્થા(આકાર) બદલે છે. તેમ આત્મરૂપી સોનું તેમાં જ્ઞાન, દર્શન, સુખ વિગેરે ગુણો કાયમ રહે છે, તેમાં પોતાપણું ભૂલી, પરમાં મારાપણું માની ઊંધી રુચિ કરી તે ગુણની ઊંધી અવસ્થા છે, તે બદલી સવળી દશા થઈ શકે છે અને ગુણ તો કાયમ સાથે રહે છે. એક સાથે શુદ્ધ, અશુદ્ધ, બન્ને અવસ્થા હોતી નથી. જ્યારે રાગ, દ્વેષ, અજ્ઞાનદશા હોય ત્યારે શુદ્ધ દશા ન હોય. જ્યારે શુદ્ધ વીતરાગ દશા હોય ત્યારે અશુદ્ધ દશા ન હોય. બહુ સહેલી રીતે સાદી ભાષામાં અહીં મુકાય છે. ઓગાળવું તો પોતાને પડશે.

વસ્તુનો મહિમા થવો જોઈએ, સંસારની રુચિ ખાતર. ચાર આનાની તારીખે રૂા. પાંચ લાખનું ચક્રવર્તી વ્યાજ ચડાવવું હોય તો બરાબર ધ્યાન રાખી, રોજે રોજનું વ્યાજ

ઉમેરી નવું વ્યાજ ઉમેર્યા કરે છે. તે તો સંસારમાં રખડવાની પ્રીતિમાં ઊંધાઈનું જોર છે. આઠ આનાની ભૂલ થઈ હોય તો ચાર આનાનું ઘાસલેટ બાળીને પૂરી તપાસ કરે, પણ અહીં ધર્મમાં કાંઈ દરકાર કે કિંમત નથી. મફતનો ધર્મ મળતો હોય તો લાવો લઈ લઈએ. પણ તે ક્યાંથી બને? ખાસ નિવૃત્તિ લઈ અભ્યાસ કરવો જોઈએ.

આત્મા એક નિત્ય વસ્તુ છે. પરથી ભિન્ન અને અનંત ગુણોથી અભિન્ન છે. તેમાં બધા ગુણો સાથે રહે છે, તે અક્રમ કહેવાય છે અને ગુણની અવસ્થા ક્રમે ક્રમે બદલ્યા કરે છે, તે ક્રમવર્તી કહેવાય છે. આ વિશેષણથી આત્માને નિર્ગુણ માનનારા સાંખ્યમતીનો નિષેધ થયો. નિર્ગુણ કઈ રીતે? કે રજોગુણ, તમોગુણ અને સત્વગુણ પ્રકૃતિના છે તે આત્મામાં નથી. વિકાર છે તે રાગભાવ છે, આત્માનો સ્વભાવ નથી. તેનો અભાવ થઈ શકે છે. પણ પોતામાં જ્ઞાન, દર્શન, સુખ, શાંતિ, વીર્ય, વગેરે સ્વાભાવિક ગુણ છે, તેનો અભાવ થતો નથી. આત્મા વસ્તુ છે, તેથી તેમાં અનંતશક્તિરૂપ જ્ઞાન, આનંદ વગેરે ગુણ છે, તેને ઓળખી તેમાં એકાગ્ર થયે તે પ્રગટે છે. કેરી પડી પડી ખાટીમાંથી મીઠી થાય છે, રસગુણ કેરીમાં કાયમ રહ્યો અને તેની અવસ્થા પલટી. ખાટીમાંથી મીઠી થાય તેમાં તેને જ્ઞાનની જરૂર નથી. કોઈની મદદની જરૂર નથી. તેમ આત્મા પોતાના કારણે પરમાં મમતા કરે છે અને મમતા રહિત થાય છે. તેમાં કોઈની મદદની જરૂર નથી. ખોટી રુચિને મિથ્યા રુચિ કહેવાય છે અને સાચો પુરુષાર્થ કરી ભાન થાય તેને સમ્યક્દર્શન કહેવાય છે. 'દર્શન' ગુણ આત્મા સાથે કાયમ રહે છે અને અવસ્થા બદલાય છે. સહેલુ કરી કહેવાય છે, પણ લોકોએ મહા અઘરૂં માની રાખ્યું છે. મને ન સમજાય, હું ન સમજી શકું તેમ માનવું તે પોતાને ગાળ દેવા જેવું છે. આત્માને અપાત્ર કહેવો તે કલંક દેવા જેવું છે. જે અનંત સિદ્ધ પરમાત્મા કરી શક્યા તેટલું જ કહેવાય છે. વધુ કહેવાતું નથી.

દરેક આત્મા સ્વમાં અનંતુ કરી શકે છે, પરમાં કઈ કરી શકતો નથી, કરું એમ માને ભલે! જેવું સ્વતંત્રપણું છે તે કહેવાય છે; તું ના પાડીશ નહિ, તારી પ્રભુતાના ગાણાં ગવાય છે. જેમ બાળકને સુવાડવા માતા હાલરડાં ગાય કે 'મારો દિકરો ડાહ્યો, પાટલે બેસી નાહ્યો.' વગેરે વખાણ સાંભળી બાળક સૂઈ જાય, તેમ આત્માને જાગ્રત કરવા માટે અહીં ડાહ્યો='તું પરમાત્મા જેવો છો, સદાય ચૈતન્ય જ્યોતિ છો' એમ કહે છે. બાળકને ઊંઘાડવા ઘોડીયામાં નાખે છે અને બાળક ગાણાં સાંભળી સૂઈ જાય છે. તેમ જ્ઞાની સંબોધે છે કે, ચોરાસીનાં ખોળીયા મારાં માની અજ્ઞાનરૂપે સૂતો છો, તને જાગ્રત કરવાના ગાણાં ગવાય છે, તારે જાગવું પડશે માતાના ગાણાં તો સુવાડવાના છે ને આ ગાણા તો જગાડવાના છે. સંસાર અને મોક્ષની રીતમાં ઉલટ પાલટ ફેર છે. બાળકનાં

વખાણ કરતાં ઊંઘી જાય છે, તેમાં ઊંડે ઊંડે મોટાઈની મીઠાશ ભરી છે, તેમાંથી મોટાઈનો આદર લાવી સંતોષાઈ જાય છે. એમ આ જીવ મિથ્યાબુદ્ધિનાં ખોળીએ અનાદિનો સૂતો છે. હવે તને તારા પ્રભુત્વનો મહિમા ગાઈને જાગ્રત કરે અને તું ના પાડે તે નહીં ચાલે. આ કોની માંડી છે? ત્રિલોકનાથ સિદ્ધ ભગવાન જે પદ પામ્યાં તેવો તું છો, એમ તારાં ગાણાં ગવાય છે. શાસ્ત્ર પણ તારાં ગાણાં ગાય છે, 'જાગ રે જાગ, ક્ષણ લાખેણી જાય છે' તને તું ન સમજ તે કેમ ચાલે?

સ્વાધીન જ્ઞાનાનંદસ્વરૂપને સ્વ માનીને-જાણીને તેમાં ટકે છે, તે સ્વસમય આત્મા છે. પરને પોતાનું માને, જાણે અને રાગ દ્વેષમાં પરવલણ વડે ટકે છે, તે પરસમયરૂપ થતો અજ્ઞાની આત્મા છે. એકની અવસ્થાનું વલણ સ્વ તરફ છે, બીજાનું પર તરફ છે. અવસ્થામાં ઊંધો ફર્યે સંસારમાર્ગ અને સૂલટો ફર્યે મોક્ષમાર્ગ છે.

વળી કેવો છે ભગવાન આત્મા? પોતાના અને પર દ્રવ્યોના આકારોને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી, જેણે એક સાથે વિશ્વનું સમસ્તરૂપ જાણવાપણું પ્રગટ કર્યુ છે. સર્વ પદાર્થનું સ્વરૂપ જણાય તેવા ગુણવાળો હોવાથી, લોકાલોકને ઝળકાવનારૂં એકરૂપ જ્ઞાન પ્રાપ્ત કર્યુ છે; અરીસામાં કોઈ ચીજ જણાય ખરી, પણ તેથી અરીસો તે લાખ ચીજ રૂપ થતો નથી. અરીસામાં કોઈ ચીજ પેસી નથી પણ તેની સ્વચ્છતાથી જ એમ જણાય છે; તેમ આત્માનો જ્ઞાનગુણ એવો સ્વચ્છ છે કે તેમાં જણાવા યોગ્ય અનંત પર ચીજો જણાય છે. જાણનારો પોતાની તાકાતને જાણે છે અને તે પરને જાણતાં પરરૂપે થઈ જતો નથી. પણ અજ્ઞાનીને પોતાના સ્વભાવની ખબર નથી. વળી કેટલાકનો એવો અભિપ્રાય છે કે કેવળજ્ઞાન થયા પછી આત્મા સ્વને જ જાણે, પરને ન જાણે. તેવા એકાકાર માનનારનો અહીં નિષેધ થયો તથા કોઈ કહે કે જ્ઞાન પોતાને નથી જાણતું પરને જ જાણે છે; એમ અનેક આકાર માનનારનો પણ નિષેધ થયો. જીવનું સ્વરૂપ જેમ છે તેમ, વિરોધ રહિત ન જાણે તો જીવ જાગ્રત થાય નહિ. વળી આત્મા કેવો છે? અન્ય દ્રવ્યોના જે ખાસ ગુણો તેનાથી વિલક્ષણ, અસાધારણ ગુણ ચેતના સ્વરૂપે છે. આત્મા સિવાય બીજા પદાર્થ છે, તેના વિશેષ ગુણો કહેવામાં આવે છે. જેમકે :—એક આકાશ નામે પદાર્થ છે, તેનો ખાસ ગુણ અવગાહના છે. એમ ગતિ સહાય, સ્થિતિ સહાય, વર્તના સહાય વગેરે લક્ષણ ધારણ કરનાર ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, કાલદ્રવ્ય તે પદાર્થ આત્માથી જુદા છે. દરેક આત્મા પોતાપણે ત્રિકાળ છે, પરપણે ત્રિકાળ નથી. છએ દ્રવ્યો જગતમાં છે; તેને યુક્તિ, આગમ અને અનુભવથી સિદ્ધ કરી શકાય છે; પણ કથન કરતાં વાર લાગે. રૂપીપણું પુદ્‌ગલ પરમાણુનો ગુણ છે. પાંચે પદાર્થના ગુણોનો આત્મામાં અભાવ છે. કોઈ સાથે સંબંધ નથી પણ ઊંધી માન્યતાએ ઘર ઘાલ્યાં છે. એકવાર પાત્ર થઈ પોતાનું અનંત કેવળજ્ઞાન સ્વરૂપ

કેવું છે તે સાંભળે અને જાણે તો તેનો મહિમા આવ્યા વિના રહે નહિ. અહીં અસ્તિ, નાસ્તિ બતાવે છે કે—પર વસ્તુના ગુણો તારામાં નથી, તારા ગુણો પરમાં નથી. તું જ્ઞાયક હોવાથી જાણવું એવું તારૂં ખાસ લક્ષણ છે તે તારાથી તારો ધર્મ પ્રગટે છે, પરથી ગુણ પ્રગટતો નથી. આત્માનો કોઈ ગુણ પરથી આવે તો આત્મા નમાલો ઠરે; પણ તું અનંતા ગુણ સ્વભાવથી ભરેલો પૂર્ણ તત્ત્વ, સત્ત્વ છો. તે ભૂલી પરનો આશ્રય કરે તો શું તું નમાલી ચીજ છો? નહિ; આત્મા પોતે જ સંપૂર્ણ સુખથી ભરેલો છે.

અસાધારણ ચૈતન્યરૂપતા, ચૈતન્યસ્વરૂપપણું=અરૂપી, જ્ઞાન=ઘનપણું એવા સ્વભાવની હયાતિને લીધે આત્મા અન્ય દ્રવ્યોથી ભિન્ન છે. આ વિશેષણથી 'એક બ્રહ્મ વસ્તુને જ' માનનારાનો નિષેધ થયો. જગતમાં પર ચીજ અનંત છે, જગત જગતમાં છે પણ આત્મામાં જગત નથી. આત્મા પરથી જુદો છે, પર ચીજ આત્માથી ત્રિકાળ જુદી છે, એમ જ્યાં સુધી નિર્ણય સહિત ન જાણે ત્યાં સુધી, જુદાપણાનો ભેદજ્ઞાન જ્યોતિનો પુરુષાર્થ જીવ ન કરી શકે.

વળી આત્મા કેવો છે? અન્ય અનંત દ્રવ્યો સાથે એક ક્ષેત્રાવગાહે વ્યાપીને (આકાશ ક્ષેત્રમાં) વ્યવહારે રહ્યો છે. નિશ્ચયથી દરેક આત્મા પરક્ષેત્રથી નાસ્તિરૂપ છે. દ્રવ્ય=અનંત ગુણપર્યાયરૂપ વસ્તુ; ક્ષેત્ર=આત્માના અસંખ્ય પ્રદેશરૂપ પહોળાઈ; કાળ=વર્તમાન વર્તતી અવસ્થા; ભાવ=ત્રિકાળપણે દ્રવ્યની શક્તિ અથવા ગુણ. એમ આત્મા સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવપણે પોતાપણે છે અને પરવસ્તુના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવપણે ત્રણ કાળમાં નથી. જેમ પાણી સાથે કાંકરા ઘણા કાળથી ભેગા છે, છતાં તે પાણીને કાંકરા જુદા છે; એમ એક જગ્યામાં દરેક વસ્તુ હોવા છતાં, કોઈ પોત પોતાના સ્વભાવમાંથી છૂટતી નથી, એમ હોવાથી આત્મા ટંકોત્કીર્ણ ચૈતન્ય એક સ્વભાવરૂપ છે. આ વિશેષણથી વસ્તુ સ્વભાવનો નિયમ બતાવ્યો. આવો જીવ નામનો પદાર્થ તે સમય છે. સમય=(સમ્+અય) એક સાથે જાણે અને બદલવાની ક્રિયા કરે તેને આત્મા કહીએ, અથવા જીવ કહીએ.

હવે મોક્ષમાર્ગ બતાવે છેઃ—જીવનું વલણ ક્યાં છે તે બતાવે છે; જ્યારે જીવને સવળું વલણ હોય ત્યારે ભેદવિજ્ઞાન જ્યોતિ પ્રગટ થાય છે એમ અહીં આવ્યું; અહીં સાધકભાવ વર્ણવ્યો છે. જ્યારે આ આત્મામાં, સર્વ પદાર્થના સ્વભાવને પ્રકાશવામાં, જાણવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદવિજ્ઞાનજ્યોતિનો ઉદય થાય છે ત્યારે સર્વ પરભાવોથી પોતાને જુદો જાણવા લાગે છે. 'હું પરથી નિરાળો, શરીર, મન, પુણ્ય, પાપરૂપે નથી, ચૈતન્ય જ્ઞાનજ્યોતિ સ્વરૂપ છું, રાગાદિરૂપ નથી એટલે પરથી ભેદ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



અથવા પરથી જુદો હું છું,' એવી ભેદવિજ્ઞાનજ્યોતિ વડે, પુણ્ય, પાપ, ઉપાધિ રહિત, પૂર્ણ જ્ઞાનઘન સ્વભાવના લક્ષે, પરથી જુદો, રાગ રહિત થવાની ક્રિયા સાધક જીવ કરે છે.

અગ્નિમાં—પાચક, પ્રકાશક અને દાહક ત્રણ ગુણ છે તેમ આત્મામાં દર્શન, જ્ઞાન અને ચારિત્ર એવા ત્રણ ગુણ છે. જેમ અગ્નિ પાચક ગુણ વડે અનાજને પકાવે છે તેમ આત્મા પોતાના દર્શન ગુણ વડે પોતાના આખા શુદ્ધ સ્વભાવને પચવી શકે છે, જીરવી શકે છે. જેમ અગ્નિ પોતાના પ્રકાશ ગુણ વડે સ્વ-પરને પ્રકાશે છે તેમ આત્મા પોતાના જ્ઞાન ગુણ વડે સ્વ-પરનો પ્રકાશક છે. જેમ અગ્નિ પોતાના દાહકગુણ વડે દાહ્યને બાળે છે, તેમ આત્માનો ચારિત્ર ગુણ વિકારીભાવનો સર્વથા નાશ કરે છે. અંધારામાં જઈ જુઓ તો બધી ચીજો એક લાગે, જુદાઈ જણાય નહીં, પણ દીપક વડે જોતાં જુદી હતી તેમ જ જણાય છે; તેમ આત્માને પરથી જુદો જાણવા માટે પ્રથમ જ સમ્યગ્જ્ઞાનરૂપ પ્રકાશ જોઈએ. આ પહેલામાં પહેલો આત્મધર્મનો એકડો છે તે સમ્યક્દર્શન, જ્ઞાન અને અંતર્ચારિત્રની એકતાથી જ ધર્મ છે અને તે અહીં કહેવાય છે.

તા. ૨૪-૬-૧૯૪૩.

'આત્માનો સ્વભાવ કેવો છે' તેમ શિષ્યે પૂછ્યું છે, તેનો જવાબ સાત બોલથી કહેવાયો છે.

ઊંધી દૃષ્ટિથી સંસાર અને સવળી દૃષ્ટિથી મોક્ષ થાય છે. ધર્મ કેમ થાય તે અહીં બતાવે છે માટે ધ્યાન રાખજો; ઝીણી વાત છે, અંતરની વાત છે. ભેદજ્ઞાન જ્યોતિ પ્રગટ કરવાથી જ બધા પદાર્થને જાણનાર કેવળજ્ઞાન પ્રગટે છે. કેવળજ્ઞાન એટલે પૂર્ણ નિર્મળ જ્ઞાનદશા. તે પ્રગટ કરવામાં સમર્થ પણ જીવ ત્યારે થાય છે કે ભેદજ્ઞાન જ્યોતિરૂપ મોક્ષમાર્ગ પ્રગટે ત્યારે. મોક્ષનો પ્રથમમાં પ્રથમ ઉપાય આત્મામાં ભેદજ્ઞાન જ્યોતિ પ્રગટ કરવી તે છે; તેને સમ્યક્જ્ઞાન જ્યોતિ કહે છે. જેમ અંધકારના કારણે બધી ચીજ જુદી જુદી જણાય નહિ તેમ અજ્ઞાનરૂપી અંધકારમાં મન, વાણી, દેહ, પુણ્ય-પાપ વગેરે આત્માથી જુદા છે તે જુદા જણાય નહીં. પણ ભેદજ્ઞાન પરથી જુદાપણાનો બોધનો ઉદય(પ્રગટ) થવાથી સર્વ પર દ્રવ્યોથી છૂટી નિરાવલંબી થઈ, દર્શનજ્ઞાન સ્વભાવમાં જીવ પ્રવર્તે છે. મન, વાણી, દેહ, પુણ્ય, પાપ, રાગ વગેરે હું નથી, એવી જે શ્રદ્ધા થાય ત્યારે

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રદ્ધામાં 'પરથી છૂટવું' થયું. અહીં તો હજી મોક્ષદશા કેમ પ્રગટ થાય તેની શ્રદ્ધા એટલે ઓળખાણ કરવાની વાત છે. પ્રગટ તો પછી થાય છે. જેમ સૂર્ય વડે અંધકારનો નાશ થતાં દરેક પદાર્થ જુદા જણાય છે તેમ, અંદર જ્ઞાન સ્વરૂપની જ્ઞાન જ્યોતિ વડે ઓળખાણ થતાં સ્વ-પર દરેક વસ્તુ જુદી જણાય છે. જેમ અગ્નિનો પ્રકાશ તેમ અહીં જ્ઞાનનો પ્રકાશ છે. પરમાણુ, દેહાદિ અને રાગનો અંશ મારો નથી, મનના સંબંધથી આત્માને રાગ, દ્વેષ ઊપજે છે, તે સંબંધથી રહિત અવિકારી આત્મધર્મ છે, એવી પ્રતીત અનુસાર પુણ્ય-પાપ રહિત અને દર્શન જ્ઞાન, સ્વરૂપસ્થિરતારૂપે આત્મતત્ત્વમાં એકાગ્ર લીન થઈ મોક્ષમાર્ગની પ્રવૃત્તિ થાય છે. આને મેં કરી પૂર્ણ વીતરાગ દશા પ્રાપ્ત થાય છે.

જેને મુક્ત થવું છે, તેને તેની વ્યાખ્યા શું તે જાણવું જોઈએ. બંધન ભાવરૂપ અશુદ્ધ દશાની મુક્ત થવું છે કે સ્વભાવથી મુક્ત થવું છે, તે નક્કી કરવું પડશે. અજ્ઞાની પરને પોતાનું માને છે, તેથી કદી બંધન ભાવથી છૂટી શકતો નથી. કોઈ કહે, 'પુણ્ય, પાપ, દેહાદિથી જુદો આત્મા અત્યારે કેમ મનાય?' તેને જ્ઞાની કહે છે કેઃ— હું પરમાર્થે મુકત છું, પરથી બંધાયેલો નથી. તે નિર્ણય તો પ્રથમ કરવો જ પડશે. પ્રથમ શ્રદ્ધામાંથી સર્વ પરદ્રવ્યોનો સંબંધ છોડતાં એમ જણાય છે કે અહો? પર ચીજ સાથે ત્રણકાળ-ત્રણલોકમાં કોઈ આત્માને સંબંધ નથી. માટે હવે મારૂં હિત મારામાં મારાથી થાય છે, તેમ અંતરથી દ્રઢતા થાય છે.

પ્રથમ પાત્રતા વડે ખૂબ શ્રવણ કરવું, સાંભળેલા ભાવનું મનન કરવું; કારણ કે 'પોતે કોણ' તેનું અનાદિનું વિસ્મરણ છે અને પર મારા, હું પરનું કામ કરી શકું છું, પર મને મદદ કરી શકે છે, એમ ઊંધી દૃષ્ટિ વડે અનાદિથી પરનું સ્મરણ છે. જગતમાં એવી વાતોનો પરિચય પણ ઘણો છે માટે પ્રથમ સત્ય સાંભળી સત્ય-અસત્યની તુલના કરતાં આવડવી જોઈએ; તે માટે ખૂબ શ્રવણ કરી, આદરપૂર્વક અંતરથી 'હા' પાડતાં શીખવું જોઈએ. સત્‌સમાગમે સાંભળીને 'હું સિદ્ધ પરમાત્મા છું' તેની સમજીને હા પાડતાં પાડતાં થઈ જાય. લત અને લતનો અભ્યાસ થતાં થતાં થઈ જાય. હાલત એટલે આત્મસ્વભાવની હાલત ઊઘડી જાય છે. વકીલાતનું ભણવામાં પ્રથમ વિશ્વાસ લાવી હા પાડી હતી, પછી તેની લતનો અભ્યાસ થતાં સહજ હાલત થઈ જાય છે. આત્મસ્વભાવ પરથી જુદો એવી વાત સાંભળતા જ, ભેદજ્ઞાન તૂરત જ ન થાય; પણ પરથી જુદો આત્મા કેવો છે, કેવો નથી, એની યથાર્થ ઓળખાણની વાત થતાં જે જે ન્યાય કહેવાય તે સાંભળતા મોક્ષ સ્વભાવનો પ્રેમ વધવો જોઈએ. જેને જેનો પ્રેમ તેની વાત શ્રવણ કરતા કંટાળો આવે નહિ, તેમ આત્માની સત્ય વાતનો પ્રેમ થતાં આત્મા પરનો કર્તા નથી, પરથી નિરાળો છે, એવી વાત શ્રવણ કરતાં કંટાળો આવે નહિ પણ રસથી સાંભળે.

સર્વજ્ઞે કહેલું સત્ય છે કે તારૂં તત્ત્વ પરથી ભરાળું છે, તેનું યથાર્થ સ્વરૂપ પૂર્વે કદી સાંભળ્યું નથી; તેથી એ સાંભળવા માટે પ્રતિથી એવો ભાવ આવે કે, અહો ! વાત તો અનંત કાળમાં નહિ સમજાયેલ અપૂર્વ છે.' સમજણ પૂર્વક આદર આવે પણ તેનાથી વિરુદ્ધ વાતનો આદર આવે નહિ. અનંત કાળમાં ધર્મના નામે જે કંઈ કર્યુ તે અપૂર્વ કર્યુ નથી. તેની સત્ય વાત પ્રથમ જ અંતરમાં રુચિગત થવી જોઈએ.

અસંયોગી જ્ઞાનઘનતત્ત્વ, તે રાગ અને પરમાણુથી પણ જુદું, પરના આશ્રય વિનાનું પૂર્ણ જ્ઞાન આનંદરૂપે છે. આત્મા સ્વાધીનપણે સદાય જાણનારો છે. જ્ઞાન માત્ર મારું સ્વરૂપ છે, ક્ષણિક મલિનતા દેખાય છે તે મારું સ્વરૂપ નથી, એમ પ્રથમ સમજણમાં સ્વીકાર થાય અને રાગ ટાળવા માટે સ્થિરતારૂપ ક્રિયા મારાથી મારામાં થઈ શકે; એવી શ્રદ્ધા થયા પછી સર્વ પરદ્રવ્યોથી પરાવલંબનથી છૂટી સ્વમાં એકાગ્ર, લીનતારૂપ ચારિત્ર થઈ શકે છે. પણ હજી સ્થૂળ મિથ્યાત્વરૂપ માન્યતા વડે, પરની પ્રવૃત્તિ હું કરી શકું, પર મને મદદ કરી શકે, પુણ્ય વડે ગુણ થાય, એનાથી હળવે હળવે ધર્મ પ્રગટ થશે, એમ અનાદિથી માનતો આવ્યો છે. દેહ મારો, પર મારાં એમ કલ્પના કર્યા કરે છે, તેને ધર્મ કયાંથી થાય? આત્મા ફીટીને જડ કદી થતો નથી અને જડ પદાર્થ આત્માના થતા નથી. પરદ્રવ્યને છોડવાની વાત વ્યવહારથી છે, પરને આત્માએ ગ્રહણ કર્યું જ નથી; પણ માન્યતામાં પરની પકડ હતી કે રાગ મારો, પુણ્ય મારું, જડ મારાં એમ જડની અવસ્થાનું ધણીપણું છે, એ ઊંધી માન્યતાથી છૂટવું છે. આત્મામાં કોઈ પેસી ગયું નથી; ભ્રમથી પરમાં કર્તાપણું માનતો કે જડ, દેહાદિની ક્રિયા મારા વડે થાય છે, પરથી મને લાભ–હાનિ થાય છે, એમ પરને અને પોતાને એક કરી માનતો હતો. તે ઊંધી માન્યતાનો, સ્વભાવના ભાન વડે ત્યાગ પ્રથમ કરવો જોઈએ. પછી વર્તમાનમાં પર વલણરૂપ થતી અસ્થિર અવસ્થાને સ્વરૂપસ્થિરતા વડે છોડી શકાય છે.

હું પરમાત્મા જેવો અનંત આનંદ, બેહદ સ્વભાવી છું. જેવા સિદ્ધ ભગવાન છે તેવો જ હું પરમાર્થ છું, એમ દૃઢ પ્રતીતિ થવાથી સમ્યક્દર્શન ગુણ પ્રગટે છે. ત્રિકાળી અવિકારી સ્વરૂપનું લક્ષ થયા પછી, વર્તમાન ક્ષણિક અવસ્થામાં થોડો રાગનો ભાગ રહ્યો તેને ગણે નહીં, જ્ઞાનની તીવ્ર એકાગ્રતા રૂપ ધ્યાનાગ્નિ વડે સર્વ રાગનો નાશ કરવાની શ્રદ્ધા છે, તેથી તેના જોર વડે રાગને ટળતો ભાળે છે. અગ્નિમાં પાચક, પ્રકાશક, દાહક, ત્રણ શક્તિ છે. તેમ આત્મામાં દર્શન, જ્ઞાન, ચારિત્ર, ત્રણ મુખ્ય ગુણ છે. આત્મા ત્રણેકાળ પરથી નિરાળો છે. તેની અનંત ચૈતન્યશક્તિ પણ શુદ્ધ છે.

વર્તમાન અવસ્થામાં કર્મનું નિમિત્ત છે. તે લક્ષમાં ન લેતાં, ત્રિકાળી જ્ઞાન–

સ્વભાવપણે જોઈએ તો તે શુદ્ધ જ છે. આત્મામાં અશુદ્ધ અવસ્થા થાય છે, તેની સ્થિતિ એક સમયમાત્રની છે. વિકારી ભાવ બીજે સમયે કરે, તો તે પણ તે સમય પૂરતો જ કરે છે. તે ક્ષણિક અવસ્થારૂપે હું નથી, હું તો નિત્ય છું. શુદ્ધતા કે અશુદ્ધતા વર્તમાન પર્યાયમાં થાય છે. દ્રવ્યદૃષ્ટિએ જોતાં દ્રવ્યમાં તે ભેદો નથી. આત્મા અનંત ગુણનો પિંડ છે. તેની વર્તમાન એક સમયની અવસ્થા પ્રગટ હોય છે અને બીજી ત્રિકાળી અવસ્થા અપ્રગટ હોય છે, એટલે કે શક્તિપણે હોય છે. સંસારી આત્મામાં પણ અનંતજ્ઞાન-દર્શન-સુખ-વીર્ય વગેરે ગુણ અપ્રગટ—શક્તિરૂપે છે.

આત્મામાં સમયે-સમયે થતી વિકારી અવસ્થા પ્રવાહે કરીને અનાદિની છે; તે અવસ્થા ક્ષણિક હોવાથી ટાળી શકાય છે. આત્માનો સ્વભાવ રાગ-દ્વેષનો નાશક છે પણ ઉત્પાદક નથી. ચૈતન્યનો સ્વભાવ તો અવગુણનો જાણનાર છે, પણ અવગુણરૂપે થઈ જનાર નથી. ન્યાયપૂર્વક વિચાર કરે તો જણાય કે જેને કાઢવા માંગુ છું તે મારો સ્વભાવ હોય નહિ. એટલે એમ અર્થ થયો કે પરથી જુદો એકલો રહ્યો તે પોતાનો સ્વભાવ છે અને હું પરમાં એકત્વબુદ્ધિ ટાળી સ્વમાં રહેવા ઈચ્છું છું. પૂર્ણ થયા પહેલા પૂર્ણ સ્વભાવની શ્રદ્ધા કરવી જોઈએ, કેમ કે તે વગર પૂર્ણ તરફનો પુરુષાર્થ આવી શકે નહિ.

હું ત્રિકાળી, અનંતગુણનો પિંડ છું. એક સમયમાત્રની સ્થિતિનો વિકાર છે તે મારો સ્વભાવ નથી. દોષ અને દુઃખનો જ્ઞાતા દોષ અથવા દુઃખરૂપ નથી. અવગુણને હું ટાળવા ઈચ્છું છું તો તે ટળી શકવા યોગ્ય છે અને મારામાં તેને ટાળવાનું સામર્થ્ય છે. આવું ભેદજ્ઞાન જેને ન હોય તેને વ્રત અને ચારિત્ર ક્યાંથી હોય? સમ્યગ્દર્શન પહેલાં સાચા વ્રતાદિ ન હોય, સમ્યગ્દર્શન વિના ભવભ્રમણ ટળે નહિ. કષાયની મંદતા હોય તો પાપાનુબંધી પુણ્ય બંધાય. સ્વતંત્ર, નિરાવલંબી તત્ત્વ સમજ્યા વિના ધર્મ ન થાય એવો નિયમ છે, સર્વજ્ઞ કથિત આ ત્રિકાળી નિયમમાં અપવાદ ન હોઈ શકે.

યથાર્થ આત્મસ્વરૂપને સમજ્યા વિના દેહાદિની ક્રિયાની વાતો અને તેના ઝઘડામાં જગત રોકાઈ રહે છે. આત્મમાર્ગ તો અંતર અનુભવમાં છે. અનાદિની ઊંધાઈથી જીવે જે માન્યું છે, તે સાચું નથી.

સુખ કે દુઃખ જડમાં નથી પણ પરવસ્તુના વલણવાળો ભાવ તે જ દુઃખરૂપ છે. તીવ્ર કષાય તે ઘણું દુઃખ અને મંદ કષાય તે થોડું દુઃખ, કે જેને લોકો સુખ માને છે પણ તે બન્ને આત્મગુણરોધક છે. જેમ ધુમાડો અગ્નિનો સ્વભાવ નથી, પણ લીલા લાકડાના નિમિત્તે વર્તમાન અવસ્થામાં ધુમાડો દેખાય છે, પણ તે અગ્નિનું સ્વરૂપ નથી; કારણ કે અગ્નિ ઉષ્ણ થતાં, ધુમાડો ટળી જાય છે. તેમ ચૈતન્ય સ્વભાવ રાગ-દ્વેષના ધુમાડાથી રહિત

છે. વર્તમાન અવસ્થામાં, કર્મના નિમિત્તે શુભ કે અશુભ વૃત્તિનો મેલ ઊઠે છે, પણ તે આત્મસ્વરૂપ નથી. ઓછો મેલ કે જેનું ફળ થોડું દુઃખ, તેને પુણ્ય કહેવાય છે અને વધારે મેલ, કે જેનું ફળ ઘણું દુઃખ, તેને પાપ કહેવાય છે. શુદ્ધ ચૈતન્ય સ્વભાવમાં જીવ એકાગ્ર થતાં, ધ્યાનરૂપ અગ્નિ ઉગ્ર થતાં તે મેલ ટળી જાય છે. શુભ-અશુભ બન્ને ભાવ વિકાર છે. બન્નેને કર્મના નિમિત્તે ઉત્પન્ન થયેલો મેલ જાણીને જે તેને ટાળવા ઇચ્છે છે તે ટાળનારો હું નિર્મળ છું, જેની દૃષ્ટિ હોય છે, તે તેને ટાળી શકે છે.

ત્રિકાળી, પૂર્ણ, નિર્મળ, નિરાકૂળ સ્વભાવના લક્ષે વર્તમાન ક્ષણિક શુભાશુભ આકુળતારૂપ ભાવ ટાળી શકાય છે, તેથી પ્રથમ જ પૂર્ણ સ્વભાવની પ્રતીતિ કરવાનું કહેવામાં આવ્યું છે. સંપૂર્ણદશા પ્રગટ્યા પહેલા, આત્મા બેહદ આનંદરૂપ, નિર્મળ, પવિત્ર છે, એવી સમ્યક્ પ્રતીતિ જે કરે છે તે સંપૂર્ણદશાને પ્રાપ્ત કરે છે જ. અહીં કોઈ કહે કે 'પ્રગટ થયા પછી માનું.' તો તેને કહેવાય કે ''પરમાત્મદશા પ્રગટ્યા પછી માનવાનું શું રહ્યું?''

હું પરમાત્મસ્વરૂપ જ છું, પુણ્ય-પાપ બંધનવાળો નથી, એવી સમ્યક્શ્રદ્ધામાં પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ કરવાનું સામર્થ્ય છે અને તેના જોરે તે પૂર્ણતાને પ્રગટ કરે છે. આથી અન્ય કોઈ ઉપાય બતાવે તો તે સત્ય નથી.

જે ચીજની પોતાને જરૂર હોય તે કેવી છે? કેમ મળે? ક્યાંથી મળે? વગેરે બાબતો જીવ પ્રથમથી જ નક્કી કરે છે. જેમ કે જેને સુખડી કે શીરો બનાવવો છે, તે તેના થયા પહેલાં અમુક વસ્તુઓમાંથી બનશે એમ પ્રતીતિ કરે છે અને પછી લોટ, ગોળ, ઘી, ગ્રહણ કરી બનાવવાની મહેનત કરે છે, તેમ આત્મા ચિદાનંદ ભગવાન, નિર્મળ, વીતરાગ છે, પરથી ત્રણેકાળ જુદો છે, તેને યથાર્થપણે ઓળખવાનો અભ્યાસ કરે, તેને માટે નિવૃત્તિ લઈ સત્સમાગમ, શ્રવણ, મનન કરે તો અપૂર્વ સત્ય સમજાય જ; પણ જેને આ વાતની રુચિ નથી, તેને તો આ વાત કાને પડતાં કહે કે અરર! આ વાત અમે માની શકતા નથી, કારણ કે જે ન દેખાય તે કેમ મનાય? પણ સ્વભાવનો ભરોસો કરી જુએ તો પૂર્ણ પરમાત્મ સ્વભાવ બધી વખતે છે. આત્મા મનુષ્ય પણ નથી એમ જાણી વર્તમાન વિકારી અવસ્થાનું લક્ષ છોડી, અખંડ જ્ઞાયકરૂપને માની, તેમાં ઠરે તો સંયોગ અને વિકાર ટળી જાય છે.

''હું પૂર્ણ પરમાત્મા છું, રાગ અને પુદ્ગલ પરમાણુ માત્ર મારાં નથી, મને પરનો આશ્રય નથી'' એવી શ્રદ્ધા તે સમ્યગ્દર્શન અને એવું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન અને એવા દર્શન જ્ઞાનથી જાણેલા સ્વરૂપમાં સ્થિરતારૂપ ક્રિયા તે ચારિત્ર છે.

જેમ વકીલાત કરનારને તેના અસીલનો જ પક્ષ પૃષ્ટ કરવાનો હોય છે, તેના વિરોધીનું ગમે તે થાય તે તે જોતો નથી; તેમ સર્વજ્ઞ ભગવાનના કાયદા આત્માના જ પક્ષમાં હોય, લૌકિક કાયદામાં તો દેશ, કાળ અનુસાર ફેરફાર થાય છે, પણ આત્મધર્મમાં તેમ નથી.

''એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ,
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહારે સમંત.''

(આત્મસિદ્ધિ–પદ ૩૬)

પૂર્ણ, અખંડ સ્વભાવનું જે લક્ષ તે પરમાર્થ છે, પુણ્ય-પાપ પરિણામ રહિત, પરાશ્રય રહિત, દર્શન, જ્ઞાન, ચારિત્રનું સાધકપણું તે પરમાર્થને સાધનાર વ્યવહાર તે પરમાર્થનો પંથ છે.

પૂર્ણ વીતરાગી તે દેવ, નિર્ગ્રંથ મુનિ તે ગુરુ અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મ, તે ત્રણેની ભક્તિરૂપ શુભ વિકલ્પ તેને પણ જ્ઞાનીઓએ વ્યવહાર કહ્યો છે.

જ્યારે આ જીવ ભેદજ્ઞાન જ્યોતિ પ્રગટ કરીને પરભાવથી છૂટી સ્વરૂપમાં સ્થિર થાય છે અર્થાત્ દર્શન, જ્ઞાન, ચારિત્રમાં અંતરથી એકત્વરૂપે લીન થઈ રમણતા કરે છે ત્યારે કેવળજ્ઞાન જ્યોતિ પ્રગટ થાય છે.

**પ્રશ્ન :—**મન મદદગાર ખરું?

**ઉત્તર :—**નહિ, કારણ કે દરેક દ્રવ્ય સ્વપણે છે, ને પરપણે નથી. આત્મા સ્વપણે સત્ છે અને પરપણે અસત્ છે. આત્મામાં પર વસ્તુ અસત્ છે. જે તેનામાં નથી તે તેને શું કરે? જે જુદી ચીજ છે તેને પરચીજની મદદ ત્રણ કાળ, ત્રણ લોકમાં હોઈ શકે નહિ, અર્થાત્ મન કે જે આત્માથી પર છે, તે તેને મદદગાર થઈ શકે જ નહિ.

જીવ નામનો પદાર્થ 'સમય' છે. જ્યારે જીવ સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાન જ્યોતિનો ઉદય થવાથી, પરદ્રવ્યોથી છૂટી દર્શન-જ્ઞાનસ્વભાવમાં નિશ્ચિત પ્રવૃત્તિરૂપ આત્મતત્ત્વ સાથે એકત્વરૂપ લીન થઈ પ્રવૃત્તિ કરે છે ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થવાથી પોતાના સ્વરૂપને એકતારૂપે એક જ વખતે જાણતો તથા પરિણમતો એવો તે ''સ્વસમય'' એમ શ્રદ્ધા કરવામાં આવે છે. આ મોક્ષમાર્ગ કહ્યો. હવે અનાદિનો બંધમાર્ગ કેમ છે, તે કહે છે :—

પ્રથમ સવળાઈનાં ગાણા ગાયાં. હવે અવળાઈની વાત કહેવાય છે. અનાદિ અવિદ્યારૂપી જે કેળ તેના મૂળની ગાંઠ જેવો જે (પુષ્ટ થયેલો) મોહ તેના ઉદય અનુસાર

પ્રવૃત્તિના આધીનપણાથી, દર્શન જ્ઞાનસ્વભાવમાં નિશ્ચિત પ્રવૃત્તિરૂપ આત્મતત્ત્વથી છૂટી પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન મોહરાગ દ્વેષાદિ ભાવોમાં એકતારૂપે લીન થઈ જીવ પ્રવર્તે છે ત્યારે પુદ્ગલકર્મનાં કાર્મણસ્કંધરૂપ પ્રદેશોમાં સ્થિત થવાથી પરદ્રવ્યને પોતાની સાથે એકપણે એક કાળમાં જાણતો અને રાગાદિરૂપ પરિણમતો એવો તે 'પરસમય' એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે.

અનાદિનો મોહ, તેના ઉદય અનુસાર, પરવસ્તુને પોતાની માનવારૂપ પરાશ્રિત ભાવ થાય છે, તે આત્મામાં કાયમ ટકી શકે તેમ નથી. અજ્ઞાન નિત્ય ટકે તેવું નથી, છતાં જીવમાં તે અનાદિથી છે, તેથી એમ નક્કી થયું કે જીવ પ્રથમ શુદ્ધ હતો અને પછી અશુદ્ધ થયો તેમ નથી.

**પ્રશ્ન :—**અનાદિનું અજ્ઞાન છે, તો નાશ કેમ થાય?

**ઉત્તર :—**જેમ ચણામાંથી ઝાડ થાય, ઝાડમાંથી ચણો થાય, એમ થયા જ કરે પણ ચણો શેકી નાખવામાં આવે તો ઊગે નહિ, તેમ રાગ-દ્વેષ અજ્ઞાનરૂપ અવસ્થા ક્ષણિક હોવાથી, તેનો એકવાર નાશ થયે ફરી ઉત્પન્ન થાય નહિ.

જેને અનાદિથી દેહાદિ ઉપર દૃષ્ટિ છે તેને કહેવામાં આવે કે તે તારાં નથી. તું પુણ્ય, પાપ, દેહાદિ સંયોગથી જુદો છો; તો તે તને રુચે નહિ. તોપણ જ્ઞાની કહે છે કે અમે જાતે અનુભવ કર્યા પછી કહીએ છીએ કે તું બેહદ સામર્થ્યવાળો અનંતગુણરૂપે છો; તેના તરફ દૃષ્ટિ કર. પરના આશ્રયથી થતો વિકાર ક્ષણિક છે, તે તારું સ્વરૂપ નથી. તું તો મુક્ત સિદ્ધ જેવો છો.

આવું સત્ય ક્યારેય પણ સાંભળ્યું નથી, તેથી હા પાડતાં મુશ્કેલ પડે છે. બાહ્યની વાત કરો તો તરત જ હા પાડે.

અનાદિ અવિદ્યા (પરને પોતાનું માનવું અને પોતાને ભૂલી જવું તે) ને કેળની ઉપમા અહીં કેમ આપવામાં આવી છે? જેમ કેળની ગાંઠમાંથી કેળનાં અનેક બચલાં ફૂટે છે, તેમ અજ્ઞાનરૂપી કેળમાંથી રાગ, દ્વેષ, તૃષ્ણારૂપ અનેક પ્રકારના બચલાં ફૂટે છે અને તેના ફળ ચોરાશી લાખના અવતાર થાય છે.

પોતાની માનેલી કોઈ વાત આવે તો તરત હા પાડે અને અન્ય માન્યતાથી જુદી વાત કહેવાય, તો પહેલે ધડાકે ના પાડે. પરની રુચિ હોવાથી અજ્ઞાન વૃક્ષ ફાલ્યું છે.

મોહ એટલે સ્વરૂપની અસાવધાની. તે વડે અનાદિથી પર ચીજ મારી, પુણ્ય-પાપ મારાં એમ જીવ માને છે. આમ પરાધીનદૃષ્ટિ હોવાથી તેને સ્વતંત્ર થવાની વાત ગમતી

નથી પણ તું પ્રભુ છો, પૂર્ણ છો, નિર્વિકારી છો તેની શ્રદ્ધા કર, સ્વભાવની હા પાડતાં અંદરથી અનંતુ જોર આવશે.

'રાગ માત્ર હું નહિ, શુભભાવ પણ આત્મસ્વભાવને મદદગાર નથી,' એવી સમજણ વિના માત્ર પુણ્યની ક્રિયા કરી, ને તેથી અનંતવાર નવમી ગ્રૈવેયક સુધી જે જીવ ગયો તેની શ્રદ્ધા વ્યવહારે તો બહુ ચોખ્ખી હોય છે, કેમ કે સંપૂર્ણ વ્યવહાર શુદ્ધિ વિના નવમી ગ્રૈવેયક સુધી જઈ શકાય નહિ; પણ અંતરમાં પરમાર્થ શ્રદ્ધાન ન હતું, તેથી તેનું ભવભ્રમણ ટળ્યું નહિ.

જેમ કોઈએ પહેલો ઘડો ઊંધો મૂક્યો હોય, તો તેની ઉપર રાખવામાં આવેલ બધા ઘડા ઊંધા જ રહે, તેમ જેની શ્રદ્ધા ઊંધી તેના જ્ઞાન, ચારિત્ર પણ ઊંધા હોય છે. માટે પ્રથમથી જ સાચું સ્વરૂપ સમજવું ખાસ જરૂરનું છે, સાચું સમજતા વાર લાગે તેથી નુકશાન નથી પણ ઉતાવળ કરી ઊંધું માની લ્યે તો નુકશાન છે.

બાહ્યની માન્યતાએ ઘર ઘાલ્યાં, તેથી જીવને લૌકિક પ્રવૃત્તિમાં મીઠાશ લાગે છે અને પુણ્ય-પાપ રહિત શુદ્ધ આત્મધર્મની મીઠાશ લાગતી નથી. ઊલટા તેવી વાત સાંભળતાં બાહ્યદૃષ્ટિ જીવો નિંદા ને દ્વેષ કરે છે. સૌ સ્વતંત્ર છે, સંસાર અનંતકાળ રહેવાનો છે.

જેટલો કાળ પર માટે ગાળે છે તેટલો કાળ જો સ્વને માટે ગાળે તો કલ્યાણ થયા વિના રહે નહિ. ભાઈ રે! અનંતકાળે મહાદુર્લભ મનુષ્યપણું મળ્યું, તેમાં કલ્યાણ ન કર્યું તો ક્યારે કરીશ?

પુણ્યને ધર્મ માનવાનો નિષેધ છે, પણ પાપથી બચવા પુણ્ય કરવાનો નિષેધ હોય નહિ. પુણ્યથી ધીમે ધીમે આત્મગુણ પ્રગટ થશે, એવી અનાદિની ઊંધી માન્યતાનો નિષેધ મોક્ષમાર્ગમાં છે. રાગની પ્રવૃત્તિને કર્તવ્ય માન્યું છે. પુણ્ય-પાપના ભાવ મને મદદ કરશે, શરીર, મન, વાણી મને મદદ કરશે, પરંતુ હું કરી શકું છું, પર મારું કરી શકે છે, એમ પરમાં એકત્વપણાની માન્યતાથી પુષ્ટ થયેલ મોહરૂપ ભ્રાંતિ ચાલી આવે છે. તેની અનુકૂળતામાં રાગ અને પ્રતિકૂળતામાં દ્વેષ કરી વિકારભાવમાં એકત્વપણે લીન થઈ જીવ પ્રવર્તે છે. પરમાં કર્તાપણારૂપ પરાધીનતા વડે નિર્મળ દર્શનજ્ઞાનસ્વભાવથી છૂટી પરવસ્તુને પોતાપણે માનતો, પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન થતા રાગ, દ્વેષ, મોહમાં એકતારૂપ લીન થઈ પરિણમે છે, એવો તે 'પરસમય' છે. તે જીવ અધર્મી છે, અનાત્મ છે, સ્વની હિંસા કરનારો છે.

તા. ૨૫-૬-૪૩

સમય=આત્મા, તેનું પૂર્ણ પવિત્ર સ્વરૂપ તે સમયસાર. આત્માના અનંત આનંદમય, શુદ્ધ, પવિત્ર સ્વરૂપનો નિર્ણય કરવો તે સમ્યક્દર્શન છે. અંધશ્રદ્ધાએ માની લેવાની અહીં વાત નથી, પણ સારી રીતે પરીક્ષા કરી, નિઃસંદેહપણે સ્વરૂપને માનવું તે સમ્યક્શ્રદ્ધા છે.

આત્મામાં મનના અવલંબને શુભ-અશુભવૃત્તિઓ ઊઠે છે, તે કાંઈ આત્માનું સ્વરૂપ નથી. મન જડ છે, આંઠ પાંખડીના કમળના આકારે છે, તેનું સ્થાન હૃદયમાં છે. જેમ સ્પર્શ વગેરેને જાણવામાં ઇન્દ્રિયો નિમિત્ત થાય છે, તેમ વિચાર કરવામાં મન નિમિત્ત થાય છે. તે બાહ્ય સ્થૂળ ઇન્દ્રિયોની માફક દેખાતું નથી.

**પ્રશ્ન :—**તો પછી મન છે એ કેમ મનાય?

**ઉત્તર :—**જો જ્ઞાન એકલું સ્વતંત્ર કાર્ય કરતું હોય તો પરાવલંબન ન હોય ને ક્રમ પણ ન પડે, પણ જ્યારે વિચારમાં ક્રમ પડે છે ત્યારે મનનું નિમિત્ત હોય છે. પાંચ ઇન્દ્રિયો દ્વારા જે વિષયોનું જ્ઞાન થાય છે, તે ઇન્દ્રિયો સંબંધીનો જ્ઞાનોપયોગ બંધ કરી, અંદર વિચાર કરતાં એક પછી એક ક્રમપૂર્વક વિચાર આવે છે ત્યારે ઇન્દ્રિયોમાં પ્રવૃત્તિ નથી, છતાં વિચારમાં ક્રમ પડે છે, તે પરાવલંબન સિદ્ધ કરે છે, તે પરાવલંબનરૂપ દ્રવ્ય મન છે. તે વિચારમાં મદદ કરતું નથી, માત્ર નિમિત્ત થાય છે. જ્ઞાન પોતાના જ્ઞાનસ્વભાવ વડે જ જાણે છે. પર વસ્તુ આત્માને મદદ કરી શકે જ નહિ.

અત્યારે સાચા તત્ત્વની વાત લોકોમાં ચાલતી નથી. ધર્મના નામે ઘણા ફેરફાર થઈ રહ્યા છે. કેટલાક આત્માને દેહ, વાણીથી જુદો કહે છે, પણ મનથી આત્મા જુદો છે. સંકલ્પ-વિકલ્પરૂપ પુણ્ય-પાપની વૃત્તિથી પણ તે જુદો જ છે. પરના આશ્રય વિના સ્વમાં ટકનારો છે ને સ્વતંત્રપણે સર્વને જાણનારો છે, એમ માનતા નથી; તેથી તેમને ધર્મની શરૂઆત પણ નથી. ધર્મ બહારમાં નથી, પણ પોતાનાં જ છે.

દેહ, વાણી, મન વિનાનો, ધર્મસ્વરૂપ આત્મા પોતે જ છે એવી જેને ખબર નથી, તે પર ઉપર લક્ષ રાખે છે. પર મદદરૂપ થાય છે, પરના અવલંબને લાભ થાય છે, એમ માને છે તે જુઠું છે. નિમિત્ત પર છે ને પરની સ્વમાં નાસ્તિ છે. તેથી નિમિત્ત પરને કાંઈ કરતું નથી; પણ પોતે પરાવલંબનમાં (રાગાદિમાં) રોકાઈને હીણો પડે છે, વિકાર કરે છે. ત્યારે જે ચીજની સામે હાજરી હોય તેને નિમિત્ત કહેવાય છે. નિમિત્ત કોઈને બગાડતું કે સુધારતું નથી, પણ પોતે પોતાને ભૂલી, અજ્ઞાનથી પર ઉપર આરોપ કરે છે.

ઇન્દ્રિય વિષયો, સ્ત્રી, મકાન, ઘરેણાં વગેરેમાં સુખ નથી, પણ પોતે 'ઉઠાઉગીર' બની, અજ્ઞાન વડે કલ્પના કરી છે કે પરમાં સુખ છે. સંયોગમાં સુખ-દુઃખ માની બેઠો છે, સ્ત્રી પુત્રાદિ આમ વર્તે, આમ બોલે તો અઠીક, એમ પોતાની રુચિ અનુસાર ઠીક-અઠીકની માન્યતા કરી છે, ક્યાંય સુખ-દુઃખ નજરે નિહાળ્યું નથી, માત્ર કલ્પનાથી માન્યું છે. સુખનો નિર્ણય મેં કઈ જગ્યાએ કર્યો છે, તે પણ કોઈ દિવસ વિચાર્યું નથી; છતાં ત્યાં શંકા કરતો નથી. વિષયમાં સુખ છે, એવી કલ્પના તે અરૂપી ભાવ છે. તે દેખાતો નથી છતાં વગર વિચાર્યે તેને માની લે છે, ત્યાં એમ પણ દલીલ કરતો નથી કે નજરે જોઉં તો જ માનું. પરમાં સુખ છે એ જેમ અંતરના ઊંધા જ્ઞાનથી નક્કી કર્યું છે તેમ મન, ઇન્દ્રિય, દેહાદિ મારું સ્વરૂપ નથી. બધાને જાણનારો હું છું, જ્ઞાનસ્વરૂપે સદાય જુદો છું. ક્ષણિક વિકારરૂપે હું નથી, હું પૂર્ણ સ્વતંત્ર સુખરૂપ છું, એમ વિચારપૂર્વક યથાર્થ નિર્ણય પોતા વડે કરી શકાય છે અને યથાર્થ નિર્ણય કરી, તેમાં એકાગ્ર થવાથી સાચું સુખ પ્રગટે છે.

જો વર્તમાનમાં જ પૂર્ણ સ્વતંત્ર દશા પ્રગટ હોય તો અવિકારી દશા હોય અને અવિકારી દશા હોય તો અનંત આનંદ દશા પ્રગટ હોય; પણ વર્તમાનમાં વિકાર છે, તેથી ભેદજ્ઞાન–જ્યોતિ વડે રાગ, દ્વેષ, મોહથી આત્માને જુદો કરવાનો પ્રયત્ન કરવો પડે છે.

એકવાર સત્યશ્રદ્ધા કરવાથી, ભેદજ્ઞાનજ્યોતિ વડે સર્વ પરદ્રવ્ય અને પરભાવથી છૂટવું થાય છે. એકવાર સ્વતંત્ર, સ્વસમયને માને તો સંસાર રહે નહિ. સમ્યગ્જ્ઞાન શું છે તે અનંતકાળમાં જાણ્યું નથી. અજ્ઞાનભાવે ધર્મના નામે પાપ ઘટાડી પુણ્ય બાંધ્યું પણ તેનાથી ધર્મ થયો નહિ ને તેથી ભવભ્રમણ અટક્યું નહિ.

મોહ કેવો છે? અનાદિ અજ્ઞાનરૂપી કેળના કંદ જેવો છે. મોહ=સ્વરૂપમાં ભ્રાંતિ એટલે કે પોતાને ભૂલી જવું અને પરને પોતાનું માનવું, તે જ અનંત સંસારનું કારણ છે. સમ્યગ્દર્શન વડે તેનો નાશ થાય છે.

શ્રેણિક રાજા ક્ષાયક સમકિતી હતા. ગૃહસ્થદશામાં યથાર્થ સ્વરૂપનું ભાન થઈ શકે છે. શ્રેણિક રાજા અત્યારે પહેલી નરકમાં છે. ત્યાંથી નીકળી મનુષ્યભવ પામશે ને આવતી ચોવીશીના પ્રથમ તીર્થંકર થશે. તેમને ચારિત્ર ન હતું છતાં એકાવતારીપણું પ્રાપ્ત કર્યું, પૂર્વે અજ્ઞાન અવસ્થામાં નરક આયુનો 'લાડવો' બંધાઈ ગયો, તેનાથી છૂટાય નહીં, પણ જ્યારે સાક્ષાત્ તીર્થંકર પરમાત્મા મહાવીર પ્રભુ હતા ત્યારે તેમની પાસે ભાન થયા પછી શુભ રાગ આવ્યો તેમાં તીર્થંકર નામકર્મ બંધાયું. તેવા ઉંચા પુણ્ય સમ્યક્દૃષ્ટિ વિના બંધાય નહિ.

પુણ્ય-પાપવિકારથી હું જુદો છું, રાગ એ મારું સ્વરૂપ નથી, શુભરાગ આત્મધર્મમાં મદદગાર નથી તેમ તે વળાવીઓ પણ નથી. કેમ કે વિકાર તે અવિકારી સ્વરૂપ ધર્મમાં મદદગાર ન હોય. આવી સમજણ જેને હોય તેને તીર્થંકર નામકર્મ સહેજે બંધાય છે. શ્રેણિક રાજાને કોઈ વ્રત કે ચારિત્ર નહોતું, છતાં 'પરનો કર્તા નથી, જ્ઞાતા જ છું' એવી શ્રદ્ધાના જોરે તેઓ એકાવતારી થયા. ભવિષ્યમાં તીર્થંકર ભગવાન થશે. તેમને અંતરમાં નિશ્ચયસ્વરૂપનું યથાર્થ ભાન હતું. પરનું સ્વામિત્વ ન હતું અને તેથી જ એકાવતારીપણું થયું. એ માત્ર સમ્યગ્દર્શનનો જ મહિમા છે. તેના વિના અનંતવાર ધર્મના નામે ક્રિયાઓ કરી, શરીરે કાંટા વીંટી બાળી નાખે તોપણ ક્રોધ ન કરે એવી ક્ષમા રાખી છતાં ધર્મ ન થયો; માત્ર શુભભાવ થયો. આટલું કર્યું છતાં આત્મા મન, વાણી, દેહથી પર છે, પુણ્ય-પાપ વિકલ્પથી રહિત છે, એવી શ્રદ્ધા બેઠી નહિ.

અનાદિથી પરમાં કર્તાકર્મરૂપ પ્રવૃત્તિના આધીનપણાથી પરાધીન થઈ ગયો, સ્વાધીન રહ્યો નહિ. પોતાના સ્વાભાવિક દર્શન, જ્ઞાન, ચારિત્રભાવની એકતાથી છૂટી, પરદ્રવ્યાશ્રિત થતા વિકાર, પુણ્ય, પાપ, મોહભાવ તે જ હું છું, એમ તેમાં એકત્વબુદ્ધિ કરી પ્રવર્તે છે. પરના ધણીપણા વડે પરદ્રવ્યની પ્રવૃત્તિમાં લીન થઈ પ્રવર્તે છે, એ રીતે કર્મના ફળમાં ટક્યો છે. પરને પોતાની સાથે એકરૂપ માનતો, જાણતો અને રાગાદિરૂપે પરિણમતો તે 'પરસમય' છે, અશુદ્ધ અવસ્થાવાળો છે. આત્મા એકલો હોય તો અશુદ્ધતા આવી શકે નહિ, પણ પુદ્ગલકર્મનું નિમિત છે, તેના આરોપથી અશુદ્ધ અવસ્થા કહેવાય છે. મૂળ દ્રવ્યમાં અશુદ્ધતા પેસી ગઈ નથી. સ્વભાવથી જુઓ તો વર્તમાન ક્ષણિક અશુદ્ધતા વખતે પણ આત્મા શુદ્ધ જ છે. સોનું સોળવલું જ હોય છે. પરધાતુના સંયોગ વખતે પણ સોળવલું શુદ્ધ હતું, તેથી શુદ્ધ થયું. તાંબુ સોનાનું ન હતું, તેથી તે ગયું. તેમ પર નિમિત્ત રહિત સ્વાભાવિક વસ્તુ ઉપર લક્ષ કરતાં ક્ષણિક વિકાર જીવ ટાળી શકે છે. અંખડગુણની પ્રતીતિ વિના, વિકારનો નાશક છું એવી શ્રદ્ધાના અભાવે હું પુણ્યવાળો છું, વિકારી છું, ઊણો છું, એમ માની પુણ્યાદિ પરનો આશ્રય શોધે છે; તે ઊંધી દૃષ્ટિ ફેરવી પૂર્ણ પવિત્ર સ્વભાવનું લક્ષ કરે તો પરમાત્મદશા પ્રગટે છે.

''પુદ્ગલકર્મ પ્રદેશ સ્થિત,'' એટલે કર્મના વિપાકમાં જોડાવું તે. જેમ ચોખા પાકે, ઝાડમાં ફળ આવે, તેમ કર્મ પરમાણુમાં ફળ દેવાની શક્તિ પ્રગટ થાય છે ત્યારે અજ્ઞાની તેમાં રાગ-દ્વેષભાવે જોડાય છે, તેને પોતાનું સ્વરૂપ માને છે અને તેમાં તેનું પ્રવર્તવું–કરવું થાય છે. તેથી તે 'પરસમય'—અધર્મી–છે એમ જાણવું. આ વચન કડક લાગે એવો સંભવ છે, પણ તે ખરી વસ્તુસ્થિતિ દર્શાવે છે, તેથી સત્ય છે. પોતાને સ્વતંત્ર, નિર્મળ, ઠીક ન માન્યા. માન્યો તેણે પરને ઠીક માન્યા ને તેથી પોતાને ભૂલી પરના રાગમાં ટક્યો છે.

જુઓ ભાઈ! આ વાત ઝીણી પડે તો વધુ ધ્યાન રાખીને સમજવા જેવી છે. આત્મા સૂક્ષ્મ છે તો તેની વાત પણ સૂક્ષ્મ જ હોય. એક 'સ્વ'ની સમજણ વિના બીજું બધુ અનંતવાર કર્યું છે. આત્માની પરમ સત્ય વાત કોઈક જગ્યાએ જ સાંભળવા મળે છે. કોઈ નોવેલો વાચે છે, કોઈ ધર્મ સાંભળવા જાય ત્યાં ઓઠા–વાર્તા–સંભળાવે છે, બાહ્યની પ્રવૃત્તિ બતાવે છે. બાહ્ય ક્રિયાથી સંતોષ મનાવી, ધર્મનું સ્વરૂપ ભાજી મૂળા જેવું સોંઘું બનાવી દીધું છે. જે વાત અનંતકાળમાં ન સમજાણી તે વાત સમજવા માટે તુલનાત્મકબુદ્ધિ હોવી જોઈએ. લૌકિક વાત અને લોકોત્તર વાત તદ્દન જુદી હોય છે. ઝટ ન સમજાય તેથી ના ન પાડશો. જે પોતાનું સ્વાધીન સ્વરૂપ છે તે ન સમજાય તેવું અઘરું હોય જ નહિ. માત્ર સત્ સમજવાનો પ્રેમ જોઈએ. આચાર્યે તો કહ્યું છે કે હું મારા અને તમારા આત્મામાં સિદ્ધ ભગવાનપણું સ્થાપીને આ તત્ત્વ જણાવું છું.

અજાણ્યાને એમ લાગે કે રોજે રોજ એકની એક વાત આ તે શી માંડી છે! પણ ભાઈ રે! આત્મા તો બધાને જાણનારો છે, પરનો કર્તા નથી. અજીવ ઉપર કોઈ આત્માની સત્તા ન ચાલે. ભગવાન આત્મા તો પરથી જુદો, જ્ઞાતા, સાક્ષી અરૂપી છે. દેહાદિ જડ, રૂપી છે. તેનું કાર્ય અરૂપી જીવ કદી કરી શકે નહિ. આવી 'બે ને બે ચાર જેવી' સ્પષ્ટ વાત બુદ્ધિવાળાને કઠણ કેમ પડે? રૂપીનું કાર્ય અરૂપીને હોય નહિ કારણ કે બન્ને પદાર્થ ત્રિકાળ જુદા છે. એક જીવ બીજા જીવનું કોઈ કાળે કંઈ કરી શકે નહિ.

લોકો ગોટા વાળે છે અને કહે છે કે ઈચ્છા કરીએ તેમ જડની ક્રિયા થાય છે, તે તો નજરે દેખાય છે ને! પણ તે જ ઊંધી દૃષ્ટિનો ભ્રમ છે. ''હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જ્યમ શ્વાન તાણે.'' ગાડા નીચે ચાલ્યું જતું કુતરું ગાડું મારા વડે ચાલે છે એમ માને છે, તેવી જ રીતે જીવને, દેહથી જુદાપણાનું–સાક્ષીપણાનું ભાન નથી, તેથી પરનો કર્તા થઈ ''હું કરું, હું કરું'' એમ માને છે. શરીર અનંત પરમાણુઓનું બનેલું છે. તેનું પરિણમન તારે આધીન નથી. શરીર, મન, વાણીથી આત્મા જુદો છે, એમ નહીં માનતા, પરમા એકત્વબુદ્ધિ કરી, વિકારને પોતાનો માની, જે જીવ રાગરૂપે પરિણમે છે, તેને 'પરસમય' ગણવામાં આવેલ છે.

**ભાવાર્થ :—**જીવ નામની વસ્તુને પદાર્થ કહેલ છે. 'જીવ' શબ્દ—અક્ષરોનો સમૂહ તે 'પદ' છે અને તે પદથી જે દ્રવ્યપર્યાયરૂપ અનેકાંતસ્વરૂપપણું નિશ્ચિત કરવામાં આવે તે પદાર્થ છે.

આત્મા પરપણે નથી, પોતાપણે છે તે અનેકાંત છે. દરેક પદાર્થ પોતાપણે છે તે 'અસ્તિ' અને પરપણે નથી તે 'નાસ્તિ', એમ દરેક ચીજમાં બે સ્વભાવ છે. પોતાપણે છે

તે પરપણે થઈ જાય તો પોતે જુદો રહે નહિ અને પરપણે નથી તેમ પોતાપણે પણ નથી એમ માનવામાં આવે તો પોતાનો અભાવ થઈ જાય. લાકડું લાકડાપણે જ 'છે' અને બીજાપણે 'નથી', એમ લાકડાને જોઈને નક્કી થાય છે. આ રીતે અસ્તિ, નાસ્તિ બન્ને એક પદાર્થના સ્વતંત્ર ધર્મો છે.

ગોળ શબ્દથી ગોળ પદાર્થ નક્કી થાય છે. શબ્દમાં પદાર્થ નથી. તેમ 'જીવ' શબ્દમાં જીવ વસ્તુ નથી અને જીવ પદાર્થમાં શબ્દાદિ નથી. અહીં જીવ શબ્દ કહ્યો તે દ્વારા જીવ પદાર્થને દ્રવ્યપર્યાય સ્વરૂપે નક્કી કરવામાં આવે છે; તે સાત બોલથી કહેલ છે.

(૧) એક એક આત્માનું સ્વતંત્ર દ્રવ્ય-પર્યાય સ્વરૂપે અનેકાંતપણું નક્કી કરવામાં આવે છે.

(૨) જીવ પદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમયી સત્તા સ્વરૂપ છે. ક્ષણે ક્ષણે એક પછી એક પર્યાય બદલતો નિત્ય ટકી રહે છે.

(૩) દર્શન–જ્ઞાનમયી ચેતનાસ્વરૂપ છે.

(૪) અનંતગુણમયી, અનંતધર્મસ્વરૂપ દ્રવ્ય હોવાથી, ગુણ પર્યાયવાળો છે.

(૫) સ્વ-પરને જાણનાર સ્વભાવ વડે અનેકાકારરૂપ એક છે, અર્થાત્ અનેકને જાણતાં અનેકરૂપ થઈ જતો નથી.

(૬) વળી તે આકાશાદિ જુદો અસાધારણ ચૈતન્યગુણ સ્વરૂપ છે.

(અસાધારણ એટલે પરમાં હી વહેંચાયેલો, જુદો ગુણ, એ તેનો સ્થૂળ અર્થ છે. અસાધારણ ગુણનો સૂક્ષ્મ અર્થ એમ થાય છે, કે જ્ઞાનગુણ સિવાયના અનંતગુણો જે આત્મામાં છે તે બધા નિર્વિકલ્પ છે, તે સ્વ-પરને જાણતા નથી, માત્ર એક જ્ઞાનગુણ પોતાને અને પોતાથી અન્ય બધા ગુણ પર્યાયને જાણે છે, તેથી અસાધારણ છે.)

(૭) અન્ય દ્રવ્ય સાથે એક ક્ષેત્રમાં રહેવા છતાં તે પોતાના સ્વરૂપને છોડતો નથી. આવો જીવ નામનો પદાર્થ 'સમય' છે. જ્યારે તે પોતાના સ્વભાવમાં સ્થિત રહે છે. અર્થાત સ્વમાં એકત્વપણે પરિણમે છે ત્યારે તો 'સ્વસમય' છે અને પરમાં એકત્વપણે લીન થઈને રાગ-દ્વેષરૂપે પરિણમે છે ત્યારે 'પરસમય' છે.

આ પ્રમાણે જીવને દ્વિવિધ (બે પ્રકાર) પણું આવે છે. ૨.

હવે, સમયના દ્વિવિધપણામાં આચાર્ય બાધા બતાવે છે. પુણ્ય-પાપ રહિત નિર્મળ છું, એમ માની ઠરે તે સ્વસમયરૂપ મોક્ષભાવ છે અને પર મારા છે, એમ માની પુણ્ય-

પાપના વિકારી ભાવનો કર્તા થઈ તેમાં પરિણમે છે—ટકે છે, તે પરસમયરૂપ બંધભાવ છે.

જીવમાં જ્યારે મોક્ષભાવ હોય ત્યારે બંધભાવ ન હોય. જીવ સ્વભાવે એકરૂપ છે, છતાં બે પ્રકાર બતાવે છે તે 'દોષ' છે, એમ જણાવે છે.

જ્ઞાન, શ્રદ્ધા, સ્થિરતારૂપ એક જ પ્રકારે રહેવું તે તો સુંદર છે, માટે પોતાનું જેવું સ્વરૂપ છે તેવું, એકત્વપણું સમજી, પ્રાપ્ત કરી લેવું, તે જ સુંદર છે અને તેનાથી વિપરીતપણું શોભારૂપ નથી. આ અર્થની ગાથા નીચે પ્રમાણે છે :—

एयत्तणिच्छयगओ समओ सव्वत्थ सुंदरो लोए।
बंधकहा एयत्ते तेण विसंवादिणी होइ ।।३।।

એકત્વ-નિશ્ચય-ગત સમય સર્વત્ર સુંદર લોકમાં;
તેથી બને વિખવાદિની બંધનકથા એકત્વમાં. ૩.

**અર્થ** :—એકત્વનિશ્ચયને પ્રાપ્ત જે સમય છે તે લોકમાં બધેય સુંદર છે, તેથી એકત્વમાં બીજાના સાથે બંધની કથા વિસંવાદ—વિરોધ કરનારી છે. ૩.

આ ગાથામાં ઘણી ઘણી ઊંડી વાતો છે. ઘણું રહસ્ય ભર્યું છે. સભા તો અમુક વાતો ઝીલી શકે, તેથી તે પ્રમાણમાં કહેવાય. એકેક ગાથામાં મોક્ષના અમોઘ મંત્ર ભર્યા છે, પણ વાણીમાં બધુ આવી શકે નહિ. જેને બે પાંચ કળશી અનાજ પાકે તેન વસવાયાં (કામ કરનારાં) થોડું લઈ જાય, પણ જ્યાં હજારો કળશી અનાજ પાકે તેનાં વસવાયાં ઘણું લઈ જાય; તેમ મતિ-શ્રુતજ્ઞાન સમ્યક્ થાય તેના વિચાર, વાણી વર્તનની અમુક નિર્મળતા પાકમાંથી થોડું કથન આવે પણ જેને સાક્ષાત્ કેવળજ્ઞાન પાક્યું તે સર્વજ્ઞ ભગવાનની ધોધ વાણી સાક્ષાત્ સાંભળનાર ગણધર જેવાને ઘણું ઘણું મળે. આ સમયસાર શાસ્ત્ર સાક્ષાત્ ભગવાનની વાણીથી આવેલ છે. વર્તમાનમાં મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ તીર્થંકરદેવ શ્રી સીમંધર પ્રભુ સાક્ષાત્ બિરાજે છે. તેમના મુખકમળમાંથી વાણીનો ધોધ છૂટે છે. સર્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને એક સમયમાં તેઓ જાણી રહ્યા છે. ચાર કર્મનો નાશ કરી તેરમી ભૂમિકામાં, સર્વજ્ઞ વીતરાગદશામાં પરમાત્મપદે તેઓ બિરાજી રહ્યા છે. ધર્મસભામાં દિવ્યધ્વનિ સહજ છૂટે છે. હજારો ધર્માત્મા—સંતમુનિઓ તેનો લાભ લઈ રહ્યા છે. પૂર્વે ભરતક્ષેત્રમાં પણ એવું જ હતું.

વિક્રમ સંવત—૪૯ આશરે શ્રી કુંદકુંદાચાર્યદેવ ભરતક્ષેત્રથી મહાવિદેહક્ષેત્રે શ્રી સીમંધર પ્રભુ પાસે ગયા હતા. ત્યાં આઠ દિવસ રહી, ખૂબ શ્રવણ, મનન કરી, પાછા ભરતક્ષેત્ર આવી, 'સમયસાર, પ્રવચનસાર' વગેરે શાસ્ત્રો તેમણે રચ્યાં છે. સમજાય તેમ

સમજો. ભગવાન પાસે શ્રી કુંદકુંદાચાર્ય ગયા હતા તે વાત સત્ય છે. સાક્ષાત્ તીર્થંકર ભગવાનના શ્રીમુખેથી નીકળેલ 'સમયસાર'નો ભાવ ૪૧૫ ગાથામાં સૂત્રરૂપે ગૂંથ્યો છે.

વર્તમાનકાળના જીવો તેમનું કહેલું બધુ જ્ઞાન બધા ભાવથી સમજી શકે નહિ, પોતા પૂરતું પેટ ભરાય તેટલું ગ્રહણ કરી શકે. તેમના જેવું ચારિત્ર ન પાળી શકે, પણ એકાવતારી થઈ શકાય તેવું સામર્થ્ય વર્તમાનમાં પણ છે. પોતાની તૈયારી વિના કોણ માને? જાતે જાણ્યા વિના શી ખબર પડે? ઘીના વખાણ સાંભળનાર ઘીના સ્વાદને ન જાણે, ઘી ખાનારને જોવાથી ઘીનો સ્વાદ આવે, પણ જાતે લચકો મોઢામાં મૂકી એકાગ્ર થાય તો તેનો સ્વાદ ભોગવી શકે; તેમ અતીન્દ્રિય આનંદ સ્વરૂપ આત્માના વખાણ સાંભળે, કે તેની કથા સાંભળે તો તેટલા માત્રથી તેનો આનંદ ન આવે. તે વસ્તુના જાણકાર જીવને જુએ તોપણ ખબર ન પડે, પણ જાણીને સ્વરૂપલીનતા વડે જાતે અનુભવ કરે ત્યારે તેનો આનંદ માણી શકે.

આત્માનું સત્ સ્વરૂપ ખૂબ શ્રવણ કરવું જોઈએ, શ્રવણ પછી તેનો ગૂઢ ભાવ અંતરમાં મેળવી, વસ્તુનો જાતે નિર્ણય કરી, અનુભવ કરવો જોઈએ. તેને માટે ખાસ નિવૃત્તિ લેવી જોઈએ. વારંવાર સ્વાધ્યાય, ચર્ચા કરવી જોઈએ. તેમાં કંટાળો આવવો ન જોઈએ. બારમાં સ્વર્ગમાંથી દેવો પણ મોટા પુણ્યની સમૃદ્ધિ છોડી, અહીં મનુષ્યલોકમાં ધર્મ શ્રવણ કરવા આવે છે. પોતે જ્ઞાની હોવા છતાં તત્ત્વની રુચિમાં વિશેષ નિર્મળતા કરવા, તીર્થંકર ભગવાનની વાણી સાંભળવા ધર્મસભામાં આવે છે.

હવે, સ્વાશ્રય તે સુંદર છે, પણ પરાશ્રયમાં બંધન હોવાથી તે અસુંદર છે, તે કહે છે. લોકોમાં કહેવાય છે કે પરાધીન સ્વપ્નેય પણ સુખી નહીં. સ્વાધીનપણામાં કોઈની ઓશિયાળી હોય નહિ. અહો! એકત્વપણું કેવું સુંદર છે! કર્મના સંબંધના વિકારની વાત કહેવી તે વિખવાદ કરનારી છે, એકલા ચિદાનંદની વાત સુંદર છે, પણ પર સાથે બંધન ભાવથી કથા અસુંદર છે. એકમાં બંધ ન હોય. પર—વસ્તુના જોડાણ વડે, પરાશ્રયથી બંધ છે. આચાર્ય કહે છે કે ચૈતન્ય ભગવાન આત્માને ઊણો, પરની ઉપાધિવાળો કહેવો પડે, એ વાત શોભતી નથી. પણ શું કરીએ? અનાદિથી બંધનભાવ છે, તેથી કહેવી પડે છે.

દશ વર્ષના છોકરાને આઠ વર્ષના છોકરાએ માર્યો. મોટાએ નાનાને સામો પત્થર માર્યો પણ તેને લાગ્યો નહિ, એટલે તેને સંતોષ થયો નહિ, તેથી માતા પાસે ફરીયાદ કરે ત્યારે માતા તેને જ ઠપકો આપે કે મોટો થઈને નાનાનો માર ખાઈ આવ્યો! શરમ નથી આવતી! આ તો માત્ર દૃષ્ટાંત છે; પણ અહીં તો સર્વજ્ઞ ભગવાન આત્માને, શક્તિએ સર્વને જાણનારો હોવાથી, ''મોટો'' કહે છે, તેથી પર મને હેરાન કરે છે એમ

માને તેને તે વાત શોભતી નથી. તારા બેહદ સામર્થ્યનો મહિમા ગાઈ રહ્યા છે; શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે :—

''જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિ પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.''

(અપૂર્વ અવસર—ગાથા ૨૦)

આત્માનું અરૂપી, નિર્મળ જ્ઞાનાનંદ સ્વરૂપ સાક્ષાત્ કેવળજ્ઞાનમાં ભગવાને જાણ્યું. તે સ્વરૂપ લક્ષ્યમાં પૂર્ણ હોવા છતાં વાણીમાં તેઓ પણ પૂરું કહી શક્યા નહિ. એવો ભગવાન આત્મા, મન, ઇન્દ્રિયોના અવલંબન વિના કેવળ અંતરના અનુભવથી જ જાણી શકાય છે.

લોકમાં કહે છે કે મારા જેવો કોઈ ભૂંડો નથી. પણ ભાઈ રે! એમ કહે ને મારા જેવો કોઈ ભલો નથી. કોઈ કોઈનું ભૂંડું કરી શકે નહિ. પોતે પોતામાં ભૂંડો ભાવ કરી શકે ને તેથી પોતાનું જ અહિત થાય. આચાર્યદેવ કહે છે કે સ્વતંત્ર ચૈતન્યસ્વરૂપ પોતામાં એકરૂપ છે. તેમાં બંધપણાની—ભૂંડી—વાત કરવી તે શરમ ભરેલું છે. સંસારમાં પરને ભૂંડાપણું કહીને આનંદ થાય છે, જ્યારે આચાર્ય પ્રભુને આત્માને વિકારી અને બંધનવાળો કહેતાં શરમ આવે છે. સંસારમાં રખડનારો ભૂંડાઈમાં—વિકારમાં—પૂરો થવા માગે તોપણ તેમાં પૂરો થઈ શકે નહિ, કારણ કે વિકાર આત્માનું સ્વરૂપ નથી. એક તત્ત્વમાં બંધ કહેતાં સ્વતંત્રતા ઉપર ઘા પડે છે. ભાઈ! દૃષ્ટિ ફેરવ સ્વતંત્રતા તરફ જો, તો બંધન રહેશે નહિ. એકત્વ—નિશ્ચયને પામેલ સ્વતંત્ર સિદ્ધદશામાં સ્થિત રહે છે, એ તો સુંદર છે પણ પરમાં એકત્વરૂપ દૃષ્ટિને પામેલા સંસારદશામાં બંધનદશામાં—છે, તે અસુંદર છે.

લોકોમાં એમ કહેવાય છે, કે સાસરાના નામે જમાઈ ઓળખાય તે શરમ ભરેલું છે. પોતે જેની પ્રજા છે તે પિતાના નામે ઓળખાય તે ઠીક. તેમ ભગવાન આત્મા તેની સજાતીય પ્રજા—નિર્મળ પર્યાય તે શુદ્ધાત્માના સંબંધરૂપે ઓળખાય તે યથાર્થ છે; પણ કર્મના નિમિત્તે—વિકારીપર્યાય વડે ઓળખાય તે કથા વિસંવાદિની છે. બંધભાવની ઓળખાણ વડે તારી શોભા નથી. અંતરમાંથી નિર્મળ જ્ઞાન-દર્શન-ચારિત્રનો પ્રવાહ વહે છે, તેનાથી આત્માને ઓળખાવવો તે સુંદર છે, પણ પરાધિનતા—કલંક વડે ઓળખાવવો તે સુંદર નથી.

તા. ૨૬-૬-૪૩

ભગવાન સર્વજ્ઞે આ જગતમાં છ વસ્તુ અનાદિ અનંત ભિન્ન–ભિન્નપણે છે, એમ જોયું છે.

૧. જીવ, ૨. પુદ્‌ગલ, ૩. ધર્માસ્તિકાય, ૪. અધર્માસ્તિકાય, ૫. આકાશ, ૬. કાળ. તેમાં એક આત્માને જ સંસાર બંધન છે. તે બેભાવરૂપ પરસમયપણું વિરોધરૂપે છે. શુદ્ધભાવમાં ટકે તે સ્વસમય; અને પર મારાં છે એમ માની પરમા ટકે તે પરસમયી કહેવાય. આત્મા વસ્તુ એક અને તેમાં અવસ્થા બે–નિર્મળ અને મલિન. એમાં પરના સંબંધની વિકારીદશાથી આત્માને ઓળખવો તે વિખવાદવાળી વાત છે. તે ગઈકાલે કહેવાઈ ગયું છે.

એકત્વ–નિશ્ચયને પામેલા જગતના બધા પદાર્થ શોભા પામે છે. આત્મપદાર્થ અનાદિ અનંત સ્વતંત્ર છે. તેને પર સંબંધથી બંધનવાળો કહેવો, કર્મને વશ કહેવો—તે પરાધીનતા છે, સ્વતંત્રતાને લૂંટવાનો ભાવ છે. ગાયને બે પગ વચ્ચે ડેરો (લાકડું) નાંખવામાં આવે છે ત્યારે તે ગાય સોજી નથી એમ સમજાય છે. તેમ ભગવાન ચૈતન્ય તત્ત્વ સ્વતંત્ર છે, તે કર્મના લાકડાં–દોરડાંથી બંધનભાવમાં રહે તેને જ્ઞાની કદીપણ ઠીક માને નહિ. પુણ્ય સારાં, શરીર આદિની સગવડ મને સારી છે તેમ કહેવું તે ચૈતન્યની શોભા નથી. પરની તાબેદારીને લાભરૂપ માનવી તે શોભનીય નથી. બંધકથા પોતે વિરોધવાળી નથી. પણ આત્મા બંધનવાળો છે, એવા પ્રકારની મિથ્યા માન્યતા તે વિરોધવાળી છે, કારણ કે સંયોગી પદાર્થ તો ક્ષણિક છે. આત્મા સર્વસંયોગથી જુદો જ છે, છતાં તે જુદાપણું, સ્વતંત્રપણું ભૂલી પરનો આશ્રય માનવો તે ઠીક નથી.

સાધારણ લૌકિક નીતિમાં માનનારાને પણ કોઈ અનીતિનો આદર હોય નહિ. લૌકિક નીતિમાં પૂરા છે તેવા ખાનદાન કૂળનો કોઈ પુત્ર નીચ ઘરે જાય તો પિતા તેને કહે ''ભાઈ! આપણે ખાનદાન, તને આ કુશીલનો સંગ ન શોભે. આ વાત આપણી નાતને કલંકરૂપ છે.'' તેમ ત્રિલોકનાથ પિતા સંસારમાં અટકતા આત્માને કહે છે, કે ''તારી સિદ્ધની જાત છે. જડ–દેહાદિ, પુણ્ય–પાપ વિકારમાં રહેવું તે તને શોભારૂપ નથી.''

જે લોકો અનીતિ કરે છે તેને પણ નીતિના નામની ઓથ લેવી પડે છે અને કહે છે કે શું અમે જુઠું બોલીએ છીએ? આ રીતે છેવટે નીતિની ઓથ વિના જગતને ચાલતું નથી. સાધારણ નીતિ અને સજ્જનતા જેને છે તેને કુશીલ ન શોભે, ભર્યું ભાણું છોડી નીચને ઘરે જવું ન શોભે વગેરે. કોઈપણ પ્રકારની અનીતિ કલંકરૂપ છે. એમ લૌકિક

નીતિમાં પણ એવું છે, તો આત્મા માટે ઉત્કૃષ્ટ લોકોત્તર નીતિ જોઈએ. તે ભૂલી બંધનની હોંશ કરે કે મેં પુણ્ય કર્યાં, પુણ્યના ફળમાં મોટો રાજા થઈશ, દેવ થઈશ સંસારમાં આમ વ્યવસ્થા કરીશ, તેમ કરીશ વગેરે તે કલંકરૂપ છે.

અરે! એકલા તત્ત્વને પુણ્ય-પાપનો બંધ એ વાત કરતાં તને શરમ નથી આવતી? આચાર્ય કહે છે કે અમને તો એક ચૈતન્યને પરાધીન, બંધનવાળો, કુસંગવાળો કહેવો તે ઠીક લાગતું નથી.

આટલી ભૂમિકા બાંધી, હવે—

'સમય' શબ્દથી સામાન્યપણે (ભેદ પાડ્યા વિના) સર્વ પદાર્થ કહેવામાં આવે છે, કારણકે વ્યુત્પત્તિ પ્રમાણે 'समयते' એટલે એકીભાવે પોતાના ગુણપર્યાયને પ્રાપ્ત થઈ જે પરિણમન કરે તે 'સમય' છે. દરેક પદાર્થ પોતાના ગુણ અને અવસ્થાને પ્રાપ્ત થઈ નિત્ય ટકી રહે છે, તે સમય છે.

જગતમાં ઇન્દ્રિયગ્રાહી પદાર્થો છે, તે પુદ્‌ગલ અચેતન છે. જે દેખાય છે તે જડની સ્થૂળ અવસ્થા છે, કારણ કે મૂળ પરમાણુ ઇન્દ્રિયથી જાણી શકાય નહિ. પરમાણુમાં પણ ક્ષણેક્ષણે અવસ્થા બદલાય છે. રોટલી, દાળ, ભાત વગેરેમાં રજકણપણું કાયમ ટકીને અવસ્થા (હાલત) બદલતી રહે છે. રજકણો સ્વતંત્રપણે રહી, પોતાની અવસ્થા બદલે છે; તેના રંગ, ગંધ, સ્પર્શ ગુણો છે તે કાયમ ટકી રહે છે. તેમ જીવ પણ અનંત ગુણો સહિત કાયમ ટકી, પોતાની અવસ્થા બદલે છે.

ભાઈઓ! ધ્યાન રાખી સાંભળજો. અનંત કાળમાં નિરાળું તત્ત્વ સાંભળ્યું નથી. જ્યાં ત્યાં બંધનની કથા સાંભળી છે, પણ પોતાની સ્વતંત્ર, નિરાકૂળ, સુખ સ્વરૂપદશા યથાર્થપણે સાંભળી નથી, માની નથી અને જાણી નથી.

લોકમાં છ પદાર્થો છે. તે અહીં કહે છે.

૧. ધર્માસ્તિકાય—તે અનાદિ અનંત પદાર્થ છે, અરૂપી છે. લોકાકાશ પ્રમાણ તે એક અખંડ દ્રવ્ય છે. તે દ્રવ્ય પોતે ગતિ કરતું નથી પણ જીવ–પુદ્‌ગલને ગતિ કરવામાં સહકારી નિમિત્ત છે. જેમ માછલાને ગમન કરવામાં જળ નિમિત્ત છે તેમ.

૨. અધર્માસ્તિકાય—તે દ્રવ્ય લોકાકાશ પ્રમાણ છે અને જીવ–પુદ્‌ગલને ગતિમાંથી સ્થિતિરૂપ થવામાં વૃક્ષની છાયા જેમ વટેમાર્ગુને નિમિત્ત છે, તેમ તે સહકારી નિમિત્ત છે.

૩. આકાશાસ્તિકાય—તે અનંત ક્ષેત્રરૂપ અરૂપી પદાર્થ અનાદિ અનંત છે, તે સર્વ વ્યાપક છે, અચેતન છે. તેના બે ભેદ છે. (૧) લોકાકાશ, (૨) અલોકાકાશ.

अ. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્‌ગલ અને કાળાણુઓ જે જડ અને ચૈતન્ય જે જીવ એ બધા જેટલા ક્ષેત્રમાં રહેલાં છે તેટલા ક્ષેત્રને લોકાકાશ કહે છે.

ब. લોકાકાશ સિવાયના અનંત આકાશને અલોકાકાશ કહે છે.

લોકો જેને આકાશ કહે છે તે વાસ્તવિક આકાશ નથી, કારણ કે આકાશ દ્રવ્ય તો અરૂપી છે, ને જે આ દેખાય છે તે આકાશમાં તો રંગ દેખાય છે, કે જે પરમાણુની અવસ્થા છે. આકાશને વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી.

૪. કાળ–તે એક અરૂપી પદાર્થ છે. ચૌદ બ્રહ્માંડમાં અસંખ્યાતા કાળાણું છે. આ ચાર (ધર્મ, અધર્મ, આકાશ, કાળ) અરૂપી દ્રવ્યો છે. તે યુક્તિથી–ન્યાયથી–જાણી શકાય છે.

૫. પુદ્‌ગલ=પુદ્‌=પૂરાવું, એક બીજામાં મળવું અને ગળ=જુદા પડવું તે; અથવા પુદ્‌+ગળ=જેમ અજગર પોતાના પેટમાં માણસને ગળી જાય તેમ અરૂપી ચૈતન્યપિંડ આત્માએ શરીરની મમતા કરી, તેથી શરીરના રજકણના દળમાં આત્મા આખા શરીર એવો વ્યાપી રહ્યો છે, કે જાણે દેહે આત્માને ગળ્યો હોય તેમ દેખાય છે. અજ્ઞાનીની દૃષ્ટિ માત્ર દેહાદિ ઉપર હોય છે જ્યારે જ્ઞાનીની દૃષ્ટિ દેહાદિથી ભિન્ન અરૂપી ચૈતન્ય ઉપર હોય છે. એકેક રજકણમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શની અવસ્થા બદલાયા કરે છે–વધ-ઘટ થયા કરે છે. જડ દેહાદિ પુદ્‌ગલની અવસ્થાની વ્યવસ્થા તે જડ પોતે જ કરે છે. જે દેહાદિ સ્થૂળ પરમાણુઓનો જથ્થો બદલાતો દેખાય છે, તેમાં એકેક મૂળ પરમાણુ પણ તેની અવસ્થાઓ બદલે છે, જો સૂક્ષ્મ પરમાણુઓ એકલાં ન બદલાતાં હોય તો સ્થૂળ આકાર કેમ બદલાય? માટે અનાદિ અનંત ટકીને અવસ્થા બદલવાનો સ્વભાવ પુદ્‌ગલનો પણ છે.

૬. જીવ દ્રવ્ય–તે અરૂપી ચૈતન્યસ્વરૂપ છે. જાણવું–દેખવું એ તેનું લક્ષણ છે. આવા જીવો અનંત છે. દરેક જીવ એક સંપૂર્ણ દ્રવ્ય હોવાથી સંપૂર્ણ જ્ઞાન તેનો સ્વભાવ છે ને તે પ્રગટ કરી શકે છે.

જગતમાં જે જે પદાર્થો છે તે બધાને જાણવામાં ખરી રીતે જ્ઞાનનું સામર્થ્ય જણાય છે. વળી તે જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય પર પદાર્થના ગુણ–લક્ષણથી જુદો છે, તે પણ અહીં જણાવવું છે. ઘરમાં શું શું વસ્તુ છે તેની ખબર રાખે છે, તો લોકઘરમાં પણ શું શું વસ્તુ છે, તે પણ જાણવું જોઈએ. મારાથી જુદા પદાર્થ–તત્ત્વ કેટલા અને કેવા છે તે જાણવાની જરૂર છે. યથાર્થ લક્ષણથી પોતાને જુદો જાણ્યો નથી, તેથી બીજા સામે 'ખીચડો' માની, પોતાની જુદી જાતને ભૂલી ગયો છે. જેને સુખી થવું હોય તેને પરાધીનતા, આકુળતા છોડી પોતાની સ્વાધીનતા, નિરાકૂળતા જાણવી જોઈએ.

लोक्यन्ते जीवादयो यस्मिन् स लोकः— જે સ્થાનમાં છ પદાર્થ જણાય છે, તે લોક કહેવાય છે અને જ્યાં જડ ચૈતન્ય વગેરે પાંચ દ્રવ્ય નથી પણ એકલો આકાશ છે, તે અલોકાકાશ કહેવાય છે. લોકમાં અનંત જીવો, અનંતાનંત પરમાણુઓ વગેરે છ દ્રવ્યો છે. તે બધી ચીજો નિશ્ચયથી એકત્વનિશ્ચયને પ્રાપ્ત છે. તેમાં જીવને જ બંધભાવથી બેપણું આવે છે, તે વિસંવાદ ઉત્પન્ન કરે છે. ''એકડે એક ને બગડે બે.'' દરેક વસ્તુ સ્વતંત્ર છે, તેથી તે પોતામાં સ્વતંત્ર, જુદી, સ્વ–એકત્વપણે પ્રાપ્ત છે તે સુંદર છે, કારણ કે અન્ય પ્રકારે તેમાં સંકર, વ્યતિકર આદિ દોષ આવી પડે.

ચૌદ બ્રહ્માંડની કોથળીમાં દરેક પદાર્થ ત્રણેકાળ જુદા જુદા છે, તેનો ખીચડો–એકમેક થઈ જાય તો સંદરદોષ આવી પડે.

सर्वेषां युगपत्प्राप्तिस्संकरः = એક કાળમાં જ એક વસ્તુમાં બધા ધર્મોની પ્રાપ્તિ થવી, તે સંકરદોષ છે.

परस्परविषयगमनं व्यतिकरः = પરસ્પર વિષયગમનને વ્યતિકર કહે છે.

એક વસ્તુ બીજીમાં ભળી જાય તો વસ્તુનો અભાવ થઈ જાય. દરેક પદાર્થ જુદા જુદા છે એમ કહેતાં આત્મા પરથી જુદો છે, એમ પણ સમજવું. તેને જુદો, સ્વતંત્ર શુદ્ધપણે ઓળખાવવો તે જ સારું છે, કર્મના નિમિત્તના આશ્રયવાળો, વિકારીપણે તેને ઓળખાવવો તે સારું નથી.

ઘેર લગ્ન હોય, તેલ મરચાંવાળું ખાવાથી કંઠ બેસી જાય, ઉજાગરા કરે, ઘાંટા પાડી-પાડીને ગળું બેસી જાય, સરખું બોલાય નહિ, પણ હોંશ માણવી છે; તેથી દુઃખને ગણકારતો નથી; તેમ કર્મને આધીન જીવ પુણ્ય-પાપ દેહાધીન રહેવામાં અને આબરૂ તેમ જ પૈસાની લપ રાખવામાં હોંશ માને છે, પણ તે તો ઉપાધિ છે. ભાઈ રે! આવી ઉપાધિમાં તને હરખ આવે તે તારી શોભાની વાત નથી.

ધર્માસ્તિકાય આદિ ચાર દ્રવ્યો ત્રિકાળ શુદ્ધ છે, તો તું આત્મા શુદ્ધ કેમ નહિ? આમાં શુદ્ધ કારણપર્યાયનો ધ્વનિ છે. તારું તત્ત્વ પરથી જુદું છે, છતાં તારામાં આ ઉપાધિ કેમ છે? તું તને પરથી ભિન્નપણે જો, તો તારામાં તારા અનંતગુણ અને તેની નિર્મળ પર્યાયથી ત્રણેકાળ તારું એકત્વ–લીનપણું છે તે દેખાશે.

દરેક ચીજ પોતાના અનતધર્મોમાં અંતર્મગ્ન છે. પરમાણુઓ તેના વર્ણ, ગંધ, રસ, સ્પર્શમાં લીન–એકરૂપ રહે છે. જીવમાં જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, અસ્તિત્વ વગેરે અનંતગુણો લીનપણે રહેલા છે. જીવ પોતાના જ અનંતગુણોને સ્પર્શે છે, તેમાં જ

પરિણમે છે. આત્મા રજકણને સ્પર્શતો નથી, તેમ જ રજકણ આત્માને સ્પર્શતા નથી. આત્માના ગુણ પર્યાય આત્મામાં છે, જડના જડમાં છે. લોકો પુદ્‌ગલ જડને લોલહું (લોલું) માને છે, તેમાં કાંઈ શક્તિ નથી, એમ માને છે તે ભૂલ છે. કારણ કે રજકણ તો જડેશ્વર છે, તેનો કોઈ કર્તા નથી. તે જડ રજકણની અવસ્થા દરેક ક્ષણે પોતાથી બદલાય છે, તે અવસ્થાની વ્યવસ્થા સ્વતંત્રપણે થાય છે. એ જ પ્રમાણે જગતમાં દરેક ચીજ સ્વતંત્ર છે. એ દ્રવ્યો એકક્ષેત્રે રહ્યાં છતાં કદી પણ એકપણે થતાં નથી. એવા પરથી નાસ્તિરૂપ ગુણવાળા 'અન્યત્વ' નામના અનંતગુણો દરેક પદાર્થમાં છે. તેવા અનંતગુણો પોતાના સ્વભાવને સ્પર્શી રહ્યા છે. પોતાના સ્વભાવપણે પરિણમે છે, પરપણે પરિણમતા નથી.

દરેક પદાર્થ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવપણે છે—પરપણે નથી. આ રીતે અસ્તિ-નાસ્તિ બંને સ્વતંત્ર સ્વભાવ કહ્યાં. કોઈ દ્રવ્યની કોઈ અવસ્થા કોઈ પરને આધીન નથી.

અહીં ધર્મ કહેવાય છે. શી રીતે? તે એવી રીતે કે દરેક ચીજ જુદી છે, તેથી પરથી પોતાનો ધર્મ ન થાય. દરેક વસ્તુ જુદી જુદી હોવાથી કોઈ બીજાને કાંઈપણ મદદ કરે એમ માનવું તે તદ્દન અસત્ય છે, અસત્યના ફળમાં સાચું સુખ મળે નહીં.

દરેક આત્મા જુદો-જુદો છે. બીજા આત્માને કોઈ આત્મા મદદ કરી શકે નહિ, કારણ કે કોઈ આત્મા પરપણે થઈ શકતો નથી. એમ અહીં સ્વતંત્રતાની જાહેરાત કરવામાં આવી છે.

જડમાં ભાવ ક્યા છે?

વર્ણ, ગંધ, રસ, સ્પર્શ તે પુદ્‌ગલ—જડનો ભાવ છે, દરકે પરમાણુમાં અનંતગુણ છે.

ચેતનના જ્ઞાન દર્શન આદિ ભાવ છે. દરેક પદાર્થ અત્યંત નિકટ એકક્ષેત્રમાં વ્યાપક છતાં જેમ નદીમાં પાણી કાંકરા જુદા રહે છે તેમ, જુદેજુદા છે. બધા એકક્ષેત્રે છે તોપણ તેઓ સદાકાળ પોતાપણે રહે છે, પર વસ્તુપણે કદી કોઈ થતા નથી.

એક કોથળીમાં સોપારી, સાકર વગેરે ભેગાં હોય, તેથી તેઓ ભાવે એકમેક થઈ જતાં નથી, એમ પ્રથમ ભાવથી સર્વ વસ્તુનું જુદાપણું કહ્યું. હવે સર્વેને ક્ષેત્રથી જુદાપણું બતાવવામાં આવે છે.

દૂધ, પાણી આકાશના એકક્ષેત્રે ભેગાં કહેવાય છે, છતાં સ્વક્ષેત્રે જુદાં જુદા છે, તેથી પાણી બળી જાય છે અને દૂધ માવારૂપે થઈ જાય છે, જે સ્વક્ષેત્રે જુદાં હતાં, તે જુદા

રહ્યાં. જુદાં પડે તે ભેગાં થયાં જ નથી. અગ્નિની ઉષ્ણતા અગ્નિથી એકમેક છે, તેથી કદી જુદી પડે જ નહિ. શરેડીમાં રસ અને મીઠાશ એકરૂપ છે, તેથી તે કદી જુદાં થતાં નથી. કૂચો જુદો છે, તેથી સંચામાં નાખતાં જુદો પડી જાય છે. તેમ દેહાદિથી ચેતન સ્વક્ષેત્રે જુદો છે, તેથી જુદો રહે છે. અજ્ઞાનીને પરથી જુદાપણાનું ભાન નથી, તેથી જુદાપણું—સ્વતંત્રપણું માનતો નથી. દૂધને ઉકાળતાં પાણી બળી જાય છે અને માવો સફેદ પિંડરૂપે રહે છે. તેમ જીવમાં વર્તમાન ક્ષણિક અવસ્થામાં અશુદ્ધતા છે, તે શુદ્ધ સ્વભાવના ભાન વડે સ્થિર થવાથી ટળી શકે છે. રાગ-દ્વેષ વિકાર આત્માનો સ્વભાવ નથી, માટે ટળી શકે છે. તો પછી રજકણ, દેહાદિ, આત્માના કેમ હોઈ શકે?

અંતરમાં પોતાની સ્વાધીનતાની જેને કંઈ દરકાર નથી તેને સમજાતું નથી. કોઈ ચીજ પરરૂપે નહિ પરિણણવાને લીધે સ્વતંત્ર છે, ''છે'' તે પરપણે નહિ થવાને લીધે, પોતાની અનંત વ્યક્તિ નાશ પામતી નથી. દરેક પદાર્થ ટંકોત્કીર્ણ શાશ્વત સ્વરૂપે સ્થિત રહે છે. સ્પષ્ટ, પ્રગટ, એકરૂપ, પોતાપણે ટકી રહે છે.

દરેક જીવ—અજીવનો ધર્મ પ્રગટ છે. પરથી જુદાપણે છે. વિરૂદ્ધ કાર્ય એટલે વસ્તુ પરથી અસત્‌રૂપે અને અવિરૂદ્ધ કાર્ય એટલે વસ્તુ પોતાપણે સત્‌રૂપે છે. સત્ એટલે અસ્તિરૂપકાર્ય અને અસત્ એટલે નાસ્તિરૂપકાર્ય. એ બેઉ સ્વભાવને કારણે તેઓ હંમેશાં વિશ્વમાં ટકી રહે છે. પોતાથી પોતે 'છે' અને પરથી પોતે 'નથી', એમ દરેક વસ્તુ 'પરથી નાસ્તિ' અને 'સ્વથી અસ્તિ' હોવાથી વિશ્વને હંમેશા ટકાવી રાખે છે. એ રીતે દરેક ચીજમાં અસ્તિ-નાસ્તિ ધર્મો છે, ને દરેક વસ્તુની સ્વતંત્રતા જણાવે છે.

આ પ્રમાણે સર્વ પદાર્થનું જુદાજુદાપણું અને સ્વમાં એકપણું નક્કી થવાથી આ જીવ નામની સમય (પદાર્થ)ને બંધની કથા વિરોધરૂપ (આપત્તિરૂપ) આવે છે, તે ઠીક નથી.

આત્માથી જુદાં ચાર અરૂપી દ્રવ્યો સ્વતંત્ર છે. નિરપેક્ષ એકત્વને પામેલા છે, તેથી તેઓ શોભા પામે છે અને તને બંધન (પરની ઉપાધિ) કેમ કહેવું? ધર્મ, અધર્મ, આકાશ, કાળ અને છૂટાં રજકણ છે, તેને પરનો સંબંધ નહિ અને પ્રભુ! તારા આત્માને બંધનપણું કહેવું તે વિસંવાદપણું છે. હું પરમાં બંધાણો તે જ સ્વતંત્રાનું ખૂન છે. પરને લક્ષે રાગ-દ્વેષરૂપ વિકાર કરવો તે કાંઈ શોભારૂપ નથી, પણ આપત્તિ છે. જુદા સ્વતંત્ર આત્માને પરના બંધનવાળો કહેવો તે પરમાર્થ નથી.

**પ્રશ્ન :**—પણ આ નજરે બંધ દેખાય છે ને?

**ઉત્તર :**—વર્તમાન ક્ષણિક સંયોગાધીન દૃષ્ટિ છોડી તારા ત્રિકાળી—અસંયોગી—અરૂપી જ્ઞાન સ્વભાવને જો, તો આત્મા બંધ વગરનો—છૂટો—જ દેખાશે. દેહ અને પરને જોવાની

દૃષ્ટિ તે બાહ્યદૃષ્ટિ છે. તે આત્માની નિર્મળતાને રોકનાર છે. પોતાના સ્વતંત્ર સ્વભાવને ભૂલી, પરનાં કામ મેં કર્યાં, હું દેહાદિનાં કામ કરી શકું છું, મેં સમાજમાં સુધારો કર્યો, હું હતો તો ખરડો થયો, મોટી રકમ ભરાણી, વગેરે હું હતો તો થયું. એવી માન્યતા અભિમાન વડે પોતપોતાનું ખૂન કરી રહ્યો છે, માટે ભાઈ! તું પરનો અહંકાર છોડી છે. પરકાર્યના અભિમાનથી ચૈતન્યની સંપત્તિ લૂંટાય છે, તે પરાધીનતા છે છતાં તેમાં હોંશ માનવી તે તો ગાંડાઈ છે.

પુણ્ય-પાપનો બંધન ભાવ મને લાભ કરે, પુણ્યથી ગુણનો વિકાસ થાય, એમ પરથી લાભ માનનારા બંધાય છે. એ વિસંવાદની આપત્તિ શી રીતે આવે છે, તે આગળ કહેવાશે.

તા. ૨૭-૬-૪૩

આત્મા સદાય અરૂપી, જ્ઞાનદર્શનસુખ સ્વરૂપે છે. તેનાથી ભિન્ન જે પુદ્‌ગલ છે તેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે. તે ગુણો અરૂપી દ્રવ્યોમાં નથી. આત્મા સિવાય બીજા ચાર પદાર્થ અરૂપી છે. તેમનામાં ચેતના ગુણ તથા સુખ-દુઃખની લાગણી નથી, પણ તેની અનંત શક્તિ તેનામાં તેના આધારે છે. દરેક વસ્તુની જુદી સત્તા છે. (સત્તા=સદાય હોવાપણું) આત્માનો ધર્મ શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની એકતા છે. આત્મા પોતે ધર્મસ્વરૂપ છે, પણ પુણ્ય-પાપરૂપ નથી; માટે પુણ્યથી આત્માનો ધર્મ નથી. પુણ્યાદિ પર વસ્તુ છે. દેહ, મન, વાણી, પૈસો આદિ પર વસ્તુથી આત્માને ધર્મ થતો નથી. દાન, ભક્તિ દ્વારા તૃષ્ણા ઘટાડે તો તે પુણ્યરૂપી શુભભાવ થયો. તે ભાવ અરૂપી આત્માને થાય છે. ધર્મભાવ તો રાગરહિત છે. પર વસ્તુથી—પૈસા વગેરે આપવાની જડ ક્રિયાથી—પુણ્ય, પાપ કે ધર્મ થતાં નથી. પર પ્રત્યે તીવ્ર રાગ તે અશુભ-પાપ-ભાવ છે. તે તીવ્ર રાગ ઘટાડી શુભભાવ કરે તો પુણ્ય કહેવાય. ધર્મ તેથી જુદી ચીજ છે. રાગ-દ્વેષ પણ ચૈતન્ય સ્વભાવના નથી.

દરેક વસ્તુમાં અનંત ધર્મ છે, તેમાંથી કોઈ ધર્મ ઘટી શકતા નથી. દરેક વસ્તુનું પરપણે નહિ હોવાપણું અને પોતાપણે હોવાપણું છે, તેથી તે પરથી નથી અને પોતાથી છે. એ રીતે દરેક વસ્તુ પરની સહાય વિના સ્વતંત્રપણે હંમેશા ટકી રહે છે. આ પ્રમાણે બધા પદાર્થોનું ભિન્ન-ભિન્ન એકપણું નક્કી થયું.

દરેક પદાર્થ જુદો હોવા છતાં જુદાપણું ભૂલી, હું પરનું કાર્ય કરી શકું છું, હું

ડાહ્યો છું, મેં આટલા કામ કર્યાં, આ બધો વહીવટ મારે હાથ રહ્યો; એમ જે માને છે તે બધાય પરને પોતાનું માનનારા છે. કોઈ પણ પરવસ્તુની પ્રવૃત્તિ મારા વડે થાય છે, મારા આધારે થાય છે, એમ માને તેણે પરને પોતાનાં માન્યા છે. કેટલાક મોઢેથી કહે છે, કે અમે ઘરમાં બધાને સુધાર્યા, આટલાને મદદ કરી વગેરે. પરની અવસ્થા સ્વતંત્રપણે થઈ છે તે મેં કરી એમ તેણે માન્યું જ છે અને તે જ અનાદિનો અહંકાર છે, પણ દુનિયાના ડાહ્યાને માન છોડવું કઠણ પડે છે.

મેં આવી કળા કરી તેથી સામો માણસ છેતરાઈ ગયો, એમ જીવ માને છે, પણ ખરેખર તો પોતે જ છેતરાણો છે. સામાને તેના પુણ્યની હીણપને કારણે તારા જેવું નિમિત્ત મળ્યું, પણ તેં પરનું કાંઈ કર્યું નથી. માત્ર તારામાં રાગ-દ્વેષ, અજ્ઞાન કરેલ છે.

આત્માને રાગ-દ્વેષ રહિત માનવો, જ્ઞાતા-સાક્ષી-પણે માનવો તે ભેદજ્ઞાન છે અને ભેદજ્ઞાન થતાં તેના અભિપ્રાયમાં જગતના લોકોથી આંતરો પડી જાય છે.

જીવ નામનો પદાર્થ જે ચિદાનંદરસરૂપે સ્વતંત્ર છે તેને પરના સંબંધવાળો માનવો, તેમ જ તે પરના સંબંધે, પુણ્ય-પાપ વિકાર થાય છે તેવડો આખા આત્માને માની લેવો તે મિથ્યાદૃષ્ટિપણું છે. પરાશ્રયથી ક્ષણિક બંધ અવસ્થા છે તેને આત્માના ત્રિકાળી નિર્મળ સ્વભાવમાં ખતવી નાંખવી તે મિથ્યાદૃષ્ટિપણું છે. થોડા કાળ માટે કોઈકની પાસેથી જે વસ્તુ ઉછીની લાવ્યા તેને ઘરની મૂડીમાં ન ખતવાય; તેમ આત્મા ત્રિકાળ શુદ્ધ આનંદઘન છે. તેમાં પર એવા મન, વાણી, દેહ કે પુણ્ય-પાપના સંયોગને ન ખતવાય. આત્મા તો સદાય અરૂપી જ્ઞાતા છે, તે જ્ઞાન અને શાંતિ અથવા અજ્ઞાન અને રાગ-દ્વેષના ભાવ સિવાય કાંઈ કરી શકતો નથી, છતાં પરનું હું કરી શકું એમ માને છે આત્માને હાથ, પગ, જીભ નથી છતાં તેનો ધણી થાય છે, એ અનાદિનું મિથ્યાશલ્ય છે.

સંસારના પ્રેમને લીધે જુઠી વાતો જ્યાં ત્યાં સાંભળવા જાય, છાપામાં લડાઈની વાતો વાંચે, હોંશથી તેની ચર્ચા કરે, ઘણા માણસોને એકઠા કરી વાતો કરે, પણ આ બધો સંસારમાં રખડવા માટેનો વિસંવાદ છે.

ભાઈ રે! તું પ્રભુ! તારા મુક્ત સ્વભાવની વાત તે કદી સાંભળી નથી. ધર્મના નામે પણ કામભોગબંધ કથા જે સાંભળી છે. પાંચ લાખ રૂપિયા કમાણો હોય તેને ધર્મગુરુ કહે કે દાન કરો. તે માને કે પાંચ-દસ હજારનું દાન દેવાથી મને ધર્મ થશે, ને તેનાથી સુખી થઈ જઈશ. તેમ જ દેહાદિની ક્રિયાથી ધર્મ થાય, એમ બતાવે તો તે પણ રુચે. એમ સોંઘામાં જીવે ધર્મ માની લીધો. દેહની ક્રિયાથી ધર્મ ન થાય, કેમ કે દેહ તો આત્માથી ભિન્ન છે.

જ્ઞાની હોય તે દાન આપતી વખતે એમ માને કે મેં તો ધન ઉપરથી તૃષ્ણા ઘટાડી; લેવા-દેવાની ક્રિયાનો હું કર્તા નથી, સ્વામી નથી. હું તો તૃષ્ણા રહિત, જ્ઞાનસ્વભાવી છું, એવા લક્ષે દાન આપે છે અને અજ્ઞાની જડનો સ્વામી થઈ પાંચ હજારનું દાન આપશે, તો જગતમાં ફૂંકશે કે મેં દાન કર્યું, મેં રૂપીયા આપ્યા, વખાણ કેવાં થાય છે તે સાંભળવા ઊભો રહેશે. જુઓ રાંકાઈ! પોતાને પોતાનો મહિમાં દેખાતો નથી, તેથી બીજા પાસેથી મહિમા માગે છે.

ગૃહસ્થ દશામાં રહેલા જ્ઞાની દાન આપે, પણ જરાય અભિમાન ન કરે. કોઈ વખાણ કરે કે તમે દાન આપ્યું, તો માને કે મને પરનો કર્તા કહે છે તે તો કલંક છે. લોકો કહે કે આ ચીજ તારી હતી તે આપી, પણ અરે! તેમાં તો મને તેઓ જડનો ધણી બનાવે છે, પરનું ધણીપણું તે ચોરીનું કલંક છે.

જડ મારી વસ્તુ નથી, તેથી મેં આપી નથી; જડ પદાર્થને એકક્ષેત્રથી બીજાક્ષેત્રથી બીજા ક્ષેત્રે જવું, તે તે પદાર્થને આધીન છે. તૃષ્ણા ઘટાડવાના ભાવ મારે આધીન છે. કોઈ રજકણનું કે મનનું અવલંબન રહે તે મારું સ્વરૂપ નથી, એવું જાણે તેને પરથી જુદાપણાનો પુરુષાર્થ ઉપડે છે. જે પરનું ધણીપણું રાખે, પુણ્યનાં બંધન ભાવને ઠીક માને તેને ઊંધો પુરુષાર્થ છે. હું પુણ્ય-પાપ વિનાનો પરથી જુદો છું, પૂર્ણ પવિત્ર, જ્ઞાયક માત્ર છું, કોઈના અવલંબન વિના ટકનારો છું, એમ માને તેને અપૂર્વ પુરુષાર્થ ઉપડે. પ્રથમ શ્રદ્ધામાં આ નિર્ણય કરવો, તે અનંતો સવળો પુરુષાર્થ છે. જે પરનો કર્તા થઈ, જડનો ધણી થાય તે પરની ક્રિયાથી લાભ માન્યા વિના કેમ રહે?

જે અનંતકાળની અજાણી વસ્તુસ્થિતિ છે, તેનો અધિકાર આવ્યે તેનું સ્વરૂપ જેવું હોય તેવું ખુલ્લું કરવું તે વ્યાખ્યાન છે.

જ્ઞાની દાન આપશે ત્યાં અપૂર્વ તૃષ્ણા ઘટશે, જ્યારે અજ્ઞાની અલ્પ પુણ્ય થતાં અભિમાન કરશે. જે તૃષ્ણા ઘટાડતો નથી તેને સમજવાથી માટે શ્રી પદ્મનંદી આચાર્યે કાગડાનું દષ્ટાં કહ્યું છે. દાઝેલા ઉખડિયા ઉકરડે નાંખ્યા હોય ત્યાં કાગડા ખાવા માટે આવે છે ત્યારે તે અવાજ કરી બીજાને ભેળા કરીને ખાય છે પણ પોતે એકલા ખાતા નથી, તેમ પૂર્વે જીવના ગુણ દઝાડી, શુભભાવ કરી જેણે પુણ્ય બાંધ્યું, તે તો ઉખડીયા થયા. એવા ઉખડીયા જે માણસ એકલો ખાય એટલે કે બીજાને દાન આપે નહિ, બીજાને દાન લઈ જવા માટે બોલાવે નહિ, તે કાગડામાંથી પણ જાય, એટલે કે કાગડા કરતાં પણ તે હલકો ગણાય. ગુણ દાઝવાથી પુણ્ય બંધાય છે. આત્મભાવે પુણ્ય-પાપ ન બંધાય. આત્માના ગુણથી બંધન થાય નહિ. બળેલા ઉખડિયા કાગડા એકલા ન ખાય. તારા ગુણ

દાઝીને જે પુણ્ય બંધાયું, તેના ઉદયે તને જે કાંઈ મળ્યું છે તેમાંથી કાંઈને કાંઈ આપે નહિ, તો કાગડા કરતાં પણ તું હલકો છો. જ્ઞાની લાકડી મારતા નથી; પણ તૃષ્ણાના કુવામાં ડુબેલાને તેમાંથી બહાર કાઢવા માટે કરૂણાથી ઉપદેશ આપે છે. દરેક વાત ન્યાયથી કહેવાય છે. ટોપી જેને બંધ બેસતી આવે તે પહેરી લે.

જેને સાચી શ્રદ્ધા છે તેને પરવસ્તુનું ધણીપણું નથી, તેથી દાનાદિ કરવા છતાં તેનું તેને અભિમાન હોતું નથી. દાન, ભક્તિ વગેરે દરેક સંયોગમાં રાગ ઘટી, તેને સ્વભાવમાં નિરાકુળતા તથા સ્થિરતા વધતી જાય છે.

આત્મા એકલો સ્વમાં ટક્યો હોય તો રાગ-દ્વેષ વિકાર થાય નહિ. પણ પરને આધીન થયો; તેથી વિખવાદરૂપ—ઉપાધિભાવવાળો કહેવાય છે. વિકારીભાવને પોતાના માનવા તે જડ-પુદ્‌ગલકર્મના પ્રદેશમાં ટકવું છે. અજ્ઞાનપણે પરવસ્તુમાં જોડાણનો પોતે ભાવ કરે છે ત્યારે જીવને રાગ-દ્વેષનું કર્તાપણું આવે છે. પરને માહાત્મ્ય આપ્યું ત્યારે પોતાનું માહાત્મ્ય ભૂલ્યો. સ્ત્રી, પુત્રાદિને તું મારાં મારાં કરી રહ્યો છે પણ તેઓ 'મારા' એટલે તને મારનારા મોહવાળાને મારનારા 'મારા' છે.

એક તત્ત્વને—એક આત્માને—પોતાપણું અને કર્મના સંબંધપણું, એમ બેપણું કહેવું તે બંધની વિકારી દૃષ્ટિ છે. તે વિકારી દૃષ્ટિવાળા બંધનની વાતો આનંદપૂર્વક કરે છે અને કહે છે કે હવે માત્ર બોલીને બેસી રહેવોનો વખત નથી, પણ સક્રિય કામ કરી આપણે જગતને બતાવી દેવું જોઈએ; એ વગેરે કહેનારાનો અભિપ્રાય ખોટો છે. કેમકે પરનું પોતે કરી શકે છે, એમ તેઓ માને છે. શરીર, મન, વાણીના રજકણે રજકણ જુદાં છે, તેની પ્રવૃત્તિ મારાથી થાય છે એમ માનવું તથા તેને પોતાનાં માનવાં તે જ સ્વતંત્ર ચૈતન્ય આત્માના ખૂન કરવાની માન્યતા છે. આત્મા સ્વતંત્ર જુદો છે, તેને જુદો નહિ માનતાં પરનો હું કર્તા છું એમ માનનાર બધાનો અભિપ્રાય તદ્દન જુઠો છે. તેઓ અસત્યનો આદર કરનાર છે. એક વાત સાચી રીતે સમજે કે જીવ-અજીવાદિ સર્વ પદાર્થ ત્રણેકાળ જુદા છે, તો પછી કોઈ પરનું કાંઈ કરી શકે કે કેમ? એવી શંકા નહિ થાય. પોતાનું કાકમ કોઈની મદદથી થઈ શકતું નથી.

એક પરિણામના કર્તા બે તત્ત્વ ન હોય, કારણ જડ—ચેતન બધા પદાર્થ સદાય સ્વતંત્રપણે પોતપોતાની અર્થક્રિયા કરી રહ્યા છે. છતાં તેમ ન માને તે જીવ પોતાના ચૈતન્યની સ્વતંત્રતાનું ખૂન કરે છે.

આત્માને પરાશ્રિતપણું શોભારૂપ નથી. જે ભાવે તીર્થંકરપણું બંધાય તે પણ રાગ ભાવ છે, એમ જાણી પુણ્ય-પાપ રહિત નિરાવલંબી આત્માનું એકત્વપણું તે જ શોભારૂપ છે. ૩.

હું સદાય સ્વાવલંબી, મુક્ત છું એમ જાણ્યા વિના જે કાંઈ જાણે—મને—કહે, તે બધું ખોટું છે. અમે પરનું આમ કર્યું, સેવામંડળનું આમ કર્યુ, અમે હતા તો આમ થયું, વગેરે કર્તાપણુની વાતો સાંભળવી, તેનો પરિચય કરવો, તેનો અનુભવ કરવો તે જીવને અનાદિથી સુલભ થઈ પડ્યું છે. તેથી આચાર્યદેવ હવે એકત્વની અસુલભતા બતાવે છે.

सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा ।
एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स ।।४।।

શ્રુત, પરિચિત, અનુભૂત સર્વેને કામભોગબંધનની કથા;
પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના. ૪

**અર્થ :**—સર્વ લોકને કામભોગસંબંધી બંધની કથા તો સાંભળવામાં આવી ગઈ છે, પરિચયમાં આવી ગઈ છે અને અનુભવમાં પણ આવી ગઈ છે, તેથી સુલભ છે; પણ ભિન્ન આત્માનું એકપણું હોવું કદી સાંભળ્યું નથી, પરિચયમાં આવ્યું નથી અને અનુભવમાં આવ્યું નથી, તેથી એક તે સુલભ નથી.

હું પરનું કાંઈ કરી શકું છું, એવી માન્યતા તે 'કામ' એને સંસારી પદાર્થ ભોગવવાનો ભાવ તે 'ભોગ'. પરનું હું કરી શકું છું, એમ અનાદિકાળથી જીવે માન્યું છે પણ કરી શક્યો નથી. અમે પુણ્ય કર્યા છે માટે ભોગવીએ, પુણ્યનાં ફળ મીઠાં લાગે છે એમ જે માને છે તે જેમ મોટા ડુંગરાની ધારોના ભોંયરામાં નોળ—કોળ પડ્યા રહે છે. તેમ આ મોટા મકાનરૂપ ભોંયરામાં પડ્યા રહે છે તેમ, આત્માના ભાન વિના બંને સરખા છે.

આટલું કરો તો પુણ્ય થશે, પછી સારા સંયોગ મળશે, દેવમાં આવાં સુખ મળશે, એવું સાંભળી જીવ પુણ્યને ધર્મ માને છે. પણ પુણ્યનું ફળ ધૂળ, તેનાથી આત્માને કલંક છે. માણસ અનાજ ખાય, તેની કાઢેલી વિષ્ટા ભુંડ ખાય છે. જ્ઞાનીએ પુણ્યને—જગતની ધૂળને વિષ્ટા ગણી ત્યાગ કર્યો તેવાં પુણ્યને અજ્ઞાનીઓ હોંશથી સારાં માની આદર આપે છે. એ રીતે જ્ઞાનીએ ત્યજેલી પુણ્યરૂપ વિષ્ટા જગતના અજ્ઞાની જીવો ખાય છે. જ્ઞાનીઓ પુણ્ય-પાપ રહિત આત્માના સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન-આચરણ વડે મોક્ષ પામ્યા છે.

શ્રીપાળ રાજાએ આયંબિલ કર્યું, તેથી રોગ મટી ગયો તેમ માને છે પણ શરીરના રોગ મટાડવાનું કાર્ય ધર્મનું નથી. પૂર્વનાં પુણ્ય હોય ત્યારે શરીર નિરોગી થાય છે, ધર્મના ફળથી રોગ મટે; એમ માનનાર ધર્મના સ્વરૂપને સમજ્યો જ નથી. પુણ્ય શુભ પરિણામથી થાય અને ધર્મ આત્માનો શુદ્ધ સ્વભાવ પ્રગટ કરવાથી થાય, તેની તેને ખબર

નથી. સનતકુમાર ચક્રવર્તીએ દીક્ષા લીધા બાદ તે મહાન ધર્માત્મા મુનિને ઘણા વર્ષો સુધી તીવ્ર રોગ રહ્યો છતાં શરીર ઉપર ધર્મની અસર કંઈ પણ ન થઈ. ધર્મથી શરીર નિરોગી રહે તેમ નહિ, પણ ધર્મના પળમાં પુણ્ય અને શરીર વગેરેનો બંધ જ ન થાય. મોક્ષમાર્ગમાં પુણ્યનો પણ નિષેધ છે ત્યારે અત્યારે તો ધર્મના લોકો ફાવે તેમ હાંક્યે રાખે છે અને કહે છે પુણ્ય કરો. તેનાથી મનુષ્ય, દેવનાં શરીર મળશે ને પછી પરંપરાએ મોક્ષ થશે. આવી વાતો એટલે કે જીવ રાગ-દ્વેષનો કર્તા, તેના ફળનો ભોક્તા, એવી કામભોગબંધકથા તો જીવે અનંતવાર સાંભળી છે, તેથી આચાર્ય ભગવાન કહે છે કે જડના સંયોગની રુચિ છોડ, પુણ્યથી ધર્મ નથી.

**પ્રશ્ન :—**તમે તો પુણ્યને રેચ આપો છો.

**ઉત્તર :—**નેપાળાનો રેચ આપ્યા વગર ઊંધી માન્યતા ટળી શકે નહિ. પુણ્ય મારાં, શુભભાવ કરતાં કરતાં ધીમે ધીમે ધર્મ થશે, એવી ઝેરી માન્યતાનું અર્થાત્ રાગ-દ્વેષ, અજ્ઞાનભાવનું વીતરાગનાં નિર્દોષ વચનો વિરેચન કરાવી દે છે. કોઈપણ બંધન ભાવનો આદર ન હોવો જોઈએ.

આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી વિરૂદ્ધ ભાવને કોઈ ધર્મ કહે તો તે વિકથા છે. સત્ય વાત અજાણ્યાને કઠણ લાગે, કેમ કે પૂર્વે કદી સાંભળી નથી, તથા કદાગ્રહીને વિરોધરૂપ પણ લાગે, પરંતુ સરળ જીવો તો પોતાની શુદ્ધતાની વાત સાંભળી હર્ષથી નાચી ઊઠે છે અને કહે છે, કે અહો! આવી વાત અમે કદીપણ સાંભળી નથી.

અમે તમારા માટે આટલું આટલું કર્યું એમ કહેનાર અસત્ય કહે છે, કારણકે ત્રણકાળ, ત્રણલોકમાં કોઈ પરનું કાંઈ કરી શકતો નથી. માત્ર માને છે. જ્ઞાની કે અજ્ઞાની પરનું કાંઈ કરી શકે જ નહિ. અનાદિની ઊંધી દૃષ્ટિનું ખાનું બદલી નાખી, નવો માલ (સાચી દૃષ્ટિ) નાખવા માટે નવું ખાનું બનાવવું જોઈએ.

અત્યારે ધર્મના નામે ઘણા ફેરફાર દેખાય છે. પુણ્યથી અને પરથી ધર્મ મનાય છે. અનાદિથી જીવ જે માનતો આવ્યો છે તેનાથી આ જુદી વાત છે. સત્ય વાત તો જેમ છે તેમ કહેવી પડે અને તે માન્યે જ છુટકો. સત્યને હળવું—સોંઘું કરીને ન મુકાય. કોઈ કહે કે આ તો બહુ ઊંચા દરજ્જાની વાત છે, તો તેમ નથી, કેમ કે આ તો ધર્મના પહેલામાં પહેલા એકડાની વાત છે.

આત્માને પુણ્યાદિ પર આશ્રયની જરૂર શરૂઆતમાં પણ નથી. સાચી સમજણ વિના વ્રત, તપ વગેરેથી પુણ્ય બાંધી જીવ નવ ગ્રૈવેયક સુધી ગયો, છતાં સ્વતંત્ર આત્મસ્વભાવને જાણ્યો નહિ, ને તેથી ભવ ભ્રમણ ટળ્યું નહિ.

અનંતગુણનો પિંડ ચૈતન્ય આત્મા પરથી જુદો છે. એક રજકણ પણ મારૂં નહિ. રજકણની અવસ્થા કે દેહ, મન, વાણીની પ્રવૃત્તિ મારી નહિ. હું તો જ્ઞાતા જ છું એવું પરમ સત્ય જીવે કદી સાસાંભળ્યું નથી. તેથી કહે છે કે શરૂઆતમાં કાંઈ અવલંબન તો બતાવો, કંઈ આશ્રય લેવાની તો વાત કરો, દેવ, ગુરુ, શાસ્ત્ર કંઈ મદદ કરે તેમ તો કહો! પણ ભાઈ! તું જુદો અને દેવ, ગુરુ, શાસ્ત્ર જુદાં. એક દ્રવ્ય બીજા દ્રવ્યને મદદ કરી શકે નહિ. પોતે સમજે ત્યારે દેવ, ગુરુ, શાસ્ત્ર નિમિત્તિ કહેવાય. ઉપાદાનની તૈયારી ન હોય તો દેવ, ગુરુ, શાસ્ત્ર શું કરે? જેમ પાંજરાપોળના જે ઢોરના પગમાં કસ કે શક્તિ ન હોય તેને નીચેથી સાંગડા ઘાલી પરાણે ઊભા કરે તો પડે અને પડવાની પછાડ લાગે એટલે વધારે નબળાં પડે; તેમ જે એમ માને કે હું તાકાત વિનાનો છું તેને દેવ, ગુરુ, શાસ્ત્રરૂપી સાંગડા ઘાલી પરાણે ઊભા કરે તો પડે અને પડવાની પછાડ લાગે તેથી વધારે નબળા થાય. દેવ, ગુરુ, ધર્મ વીતરાગી, સ્વતંત્ર તત્ત્વ છે, તેમ હું પણ સ્વતંત્ર, અનંત તાકાતવાળો છું. પરના આશ્રય વિના મારા અનંત ગુણને પ્રગટ કરી શકું છું, એવી યથાર્થ માન્યતા કે સમ્યગ્દર્શન છે. આમ હોવા છતાં જે માને કે દેવ, ગુરુ, શાસ્ત્ર મને તારી દેશે, તેણે આત્મા અનંત પુરુષાર્થ સ્વતંત્રપણે કરી શકે છે, એમ વીતરાગે કહ્યું છે તેમ માન્યું નથી.

સર્વજ્ઞ વીતરાગ કહે છે, કે અમે સ્વતંત્ર અને જુદા છીએ, તું પણ પૂર્ણ સ્વતંત્ર અને જુદો છો. કોઈની મદદની તારે જરૂર નથી, આવું નિસ્પૃહી વચન વીતરાગ વિના બીજું કોણ કહે?

ઘણા લોકો જગતને કહે છે કે અમારો સ્વાર્થ ત્યાગ તો જુઓ, અમે જગત માટે મરી ફીટીએ, અમારૂં બગાડીને પણ જગતનું સુધારી દઈએ, પણ એમ કહેનારે સામાને પરાધીન, નમાલો ઠરાવ્યો, એ વાતની લોકોને ખબર નથી.

કોઈ કોઈનો ઉપકાર કરતો નથી, માત્ર તેવા ભાવ કરી શકે છે. પોતે સાચી સમજણ કરે અને પછી સત્યની જાહેરાત કરે, તેમાં જે કોઈ તૈયારીવાળા જીવ હોય તે સત્ય સમજે તો તેનો ઉપકાર કર્યો; એમ વ્યહારથી કહેવાય. સાક્ષાત્ તીર્થંકરદેવ જુદા અને તું જુદો, તેમની વાણી જુદી, માટે તેની કદી મદદ હોઈ શકે નહિ. આવું માન્યા વિના સ્વતંત્ર તત્ત્વ સમજાશે નહિ.

**પ્રશ્ન :—**આવું માન્યા પછી કોઈ દાન, સેવા, ઉપકાર નહિ કરે.

**ઉત્તર :—**કોઈ પરનું કરી શકતો નથી. પરનું જે થાય છે અને થવાનું છે તે તો થયા જ કરશે. તો પછી દાન, સેવા, ઉપકાર નહીં થાય એ પ્રશ્ન જ રહેતો નથી.

જ્ઞાનીને પણ શુભભાવ હોય છે પણ તેમાં તેનું ધણીપણું નથી.

અનાદિની ઊંધી માન્યતાને લીધે પરમાં એકપણું સુલભ થઈ પડ્યું છે અને પરથી જુદાપણાનું શ્રવણ, પરિચય, અનુભવ, અસુલભ થઈ પડેલ છે. ગયાકાળના ઊંધા અભ્યાસની અપેક્ષાએ મોંઘપ બતાવી છે, પણ પાત્રતા લાવી, પરિચય કરે તો પોતાની સ્વાધીનતાની આ વાત છે; તેથી તે સોંઘી છે.

તા. ૨૮-૬-૪૩.

**ટીકા :—**આ સમસ્ત જીવલોકને, કામભોગ સંબંધી કથા એકપણાથી વિરુદ્ધ હોવાથી અત્યંત વિસંવાદી છે (આત્માનું અત્યંત બુરું કરનારી છે), તોપણ પૂર્વે અનંતવાર સાંભળવામાં આવી છે, પરિચયમાં આવી છે અને અનુભવમાં પણ આવી ચૂકી છે.

હું પરનું કરી શકું, પણ મારૂં કરી દે એવી ઈચ્છા જીવે અનાદિથી સેવી છે, પણ હું પરના કર્તા-ભોક્તાપણાથી રહિત છું માટે સ્વમાં ઠરું, જ્ઞાનની અંતરશ્રદ્ધા, જ્ઞાન અને રમણતા કરું તે જ ઠીક છે, એવી વાત પૂર્વ અનંતકાળમાં જીવે યથાર્થપણે સાંભળી નથી.

સ્પર્શ અને રસના ઈન્દ્રિયોને કામનું મુખ્યપણું છે. ઘ્રાણ, ચક્ષુ અને કાનને ભોગનું મુખ્યપણું છે.

આત્મા સદાય જ્ઞાનસ્વરૂપ છે, તેને ચૂકી પર પદાર્થ તરફનું લક્ષ(વલણ) તે વિષય છે. જીવ જેટલી શુભાશુભ વૃત્તિ કરે છે તે પર લક્ષે થાય છે, તેથી ગમે તે પદાર્થ તરફ વૃત્તિ કરી તેમાં ઠીક—અઠીક ભાવ કરવો તે વિષય છે. પર વસ્તુ પ્રત્યે રાગ-દ્વેષ-મોહવાળો ભાવ, તે વિષય.

પર વસ્તુ વિષય નથી, વસ્તુ તો વસ્તુ જ છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શમાં વિષય નથી, પણ તેના પ્રત્યેનો રાગભાવ તે વિષય છે. આનું રૂપ સુંદર છે, ઠીક છે, એમ માની ત્યાં જ્ઞાનસ્વરૂપી આત્મા રૂપસંબંધી રાગ કરે તે રૂપસંબંધી વિષય છે. તેમ ગંધ, રસ ને સ્પર્શનું સમજવું. પરદ્રવ્ય ઉપર લક્ષ કરી રાગ-દ્વેષ કરે ત્યારે પરદ્રવ્ય વિકારનું નિમિત્ત હોવાથી ઉપચારથી પરદ્રવ્યને વિષય કહેવાય છે. જ્ઞાન ભાવે પરદ્રવ્યને જાણે, તેમાં રાગ-દ્વેષ ન કરે તો તે પરદ્રવ્ય જ્ઞેય કહેવાય છે. સ્વપદાર્થનું લક્ષ કરે તે સ્વવિષય છે. સ્વનું લક્ષ કરે તો જીવને રાગ-દ્વેષ ન થાય.

દેવ-ગુરુ-શાસ્ત્ર પર છે, તેના પ્રત્યે પણ જીવ રાગનું વલણ રાખે તો તે પણ રાગના વ્યાપારરૂપ પર વિષય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે આત્મા પરના આશ્રય વિનાનો છે, પુણ્ય-પાપથી નિરાળો છે, મન–ઈન્દ્રિયોથી જુદો છે, કોઈપણ પર સાથે તેને સંબંધ નથી. શુભ વિકલ્પ પણ આત્માને મદદગાર નથી. નિમિત્ત આધીન થતા શુભાશુભ ભાવ તે પણ આત્માનું કાર્ય નથી. પણ એમ જેણે ન માન્યું તેણે રાગ દ્વારા જ શાસ્ત્રો સાંભળ્યાં છે અને તેથી તેણે શાસ્ત્રને પણ ઈન્દ્રિયનો વિષય બનાવ્યો છે. શાસ્ત્રના શબ્દ દ્વારા ધર્મ પ્રગટે એમ જેણે માન્યું તેણે શાસ્ત્રના શબ્દને શુભરાગનો વિષય બનાવી દીધો. આત્મા ચૈતન્યમૂર્તિ, જ્ઞાતા જ છે, શબ્દાદિ પાંચ વિષયોથી જુદો છે, તેમ શાસ્ત્રનો કહેવાનો આશય છે. તે ભૂલી જઈને જે જીવ દેવ-ગુરુ-શાસ્ત્રના સંયોગમાં આવ્યો તે ત્યાં પણ રાગના વિષયરૂપ વ્યાપાર કરે છે.

ભગવાન તીર્થંકરને પણ આંખ વડે અનંતવાર જોયા, ત્યાં ભગવાનને પણ શુભરાગનો વિષય બનાવી પુણ્ય બંધન કર્યું. નિમિત્ત કે રાગ વિનાની સ્વાવલંબી દૃષ્ટિથી ભગવાનને કદી જોયા નહિ, તેથી તે પણ પર વિષય થયો.

અશુભથી બચવા માટે દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય, ભક્તિરૂપ શુભભાવ કરવાનો નિષેધ નથી, પણ તે શુભભાવ પુણ્ય છે, ધર્મ જુદી વસ્તુ છે. સ્વ-આત્માલક્ષ વગર બધા પર લક્ષ છે. અનાદિથી પર ઉપર દૃષ્ટિ છે. 'મને બીજા મદદ કરે' એ માન્યતા જેની છે તેણે પોતાને નિર્માલ્ય માન્યો છે. ''હે ભગવાન! કૃપા કરજે, હવે તું તારજે!'' તેનો અર્થ તો એવો થયો કે અત્યાર સુધી બંધનમાં રખડાવી માર્યા તે, એ દોષ પણ તારો. હું તો પરાધીન છું, શક્તિહીન છું. આત્મામાં અનંતશક્તિ છે, સદા સ્વાવલંબી છે, પુણ્ય પાપની વૃત્તિ જે પર છે તેનાથી જુદો છે. એવી વાત જીવે પૂર્વે કદી સાંભળી નથી, તેનો પરિચય–અનુભવ કર્યો નથી. માત્ર પરના કર્તા-ભોક્તાની વાત સાંભળી છે.

હું પરનું કરી શકું, પર મારું કરી શકે, એવો 'કર્તા ભાવ,' અને હર્ષ શોક, સુખ-દુઃખની લાગણીરૂપ 'ભોક્તાભાવ' તે તો બંધકથા છે, ને તેથી સુલભ છે, પણ પુણ્ય-પાપાદિ રહિત સ્વકથા સુલભ નથી. પુણ્ય-પાપાદિ કરવાં જેવાં છે, એ વિકારભાવની કથા નિર્વિકારી ચૈતન્યમૂર્તિ ભગવાન આત્માથી વિરોધી છે. અનંતગુણના રસકંદ આત્માને મનના અવલંબનની પણ જરૂર નથી, પણ જીવ બાહ્યમાં વૃત્તિ દોડાવે છે, તેથી રાગ થાય છે. પુણ્યનો વિકલ્પ છે તે પણ ગુણની ઊંધાઈથી થાય છે. ગુણની ઊંધાઈથી આત્મામાં અવિકારી ગુણ પ્રગટે, એમ માને–મનાવે તે વિકથા છે. બાહ્યના કોઈ અવલંબનને કે પરના કારણે આત્માને લાભ થાય, પુણ્યથી ધર્મ થાય, એવી અહિતકારિણી બંધકથા જીવે

અનંતવાર સાંભળી છે, અનુભવી છે, પણ પુણ્ય-પાપ રહિત આત્મકથા સાંભળવી ઘણી દુર્લભ છે.

જે ભાવે બંધન થાય તે ભાવે મોક્ષ ન થાય ને મોક્ષમાર્ગ પણ ન થાય. ધર્મના નામે બંધનકથા અનંતવાર સાંભળી. જીવ બંધનમાં ટેવાઈ ગયો છે. અણટેવાયેલો બળદ ધોંસરામાં જલદી જોડાઈ જતો નથી, પણ ધોરી બળદ ધોંસરૂં ઊંચુ કરતાં તુરત જ ડોક આગળ ધરી જોડાઈ જાય છે. છોકરાને દુકાને બેસવાનું કહેવામાં આવે તો પ્રથમ તેને ન ગમે, પણ થોડો પરિચય થયો, કમાણી દેખાણી, લોભ લાગ્યો પછી ધંધામાંથી ઘડીપણ નવરો ન થાય, નિવૃત્તિ ગમે નહિ. આ બંધનમાં ટેવાઈ જવાના ઉદાહરણો છે.

આત્મા પુણ્ય-પાપાદિથી રહિત, અતીન્દ્રિય આનંદઘન સ્વરૂપ છે, એવી વાત જીવે કદી સાંભળી નથી. પુણ્ય-પાપના બંધનથી જીવ ટેવાઈ ગયો છે. 'સાધુ નામ ધરાવનાર કેટલાયને આત્મતત્ત્વ પરથી તદ્દન ભિન્ન છે તેની યથાર્થ ખબર હોતી નથી, તેથી લોકોને બાહ્ય વાતો સંભળાવે. ''એક હતો રાજા, તેની રાણી રીસાણી, રાજા તેને મનાવે.'' વગેરે વાતો કરી છેવટે કહે કે ''તેણે દીક્ષા લીધી'' સંસારમાં પણ એવી વાતો તો દરેક જીવે અનંતવાર સાંભળી છે, તેથી તે સુલભ છે.

આત્મા અનંતગુણનો ધણી, અવિનાશી પ્રભુ છે. તેનો મુક્ત સ્વભાવ કેમ પ્રગટે? તેનો અંતરવૈભવ શું છે? તે નહિ જાણતો હોવાથી પરાધીનતાની કથા પુણ્ય-પાપ બંધનકથા—જીવને રુચિકર લાગે છે, કારણ કે તેનાથી ટેવાઈ ગયો છે.

અનંતવાર મનુષ્ય થયો, ત્યાં પણ ધર્મના નામા વિકથા જ સાંભળી. કદાચ સત્ય સાંભળવા મળેલું, પણ અંતર શ્રદ્ધા થઈ નહિ. શુભરાગમાં અટક્યો, તેથી તેને માટે તો તે બંધકથા થઈ.

''એકગણું દાન, હજારગણું પુણ્ય,'' એવું સાંભળીને ખરડામાં નામ નોંધાવે. તૃષ્ણા ઘટાડે તેને દાન કહેવાય, આમાં તો તૃષ્ણા વધારવાની વાત આવી. જ્યાં લેવાની ભાવના છે ત્યાં ત્યાગભાવના કેમ મનાય? સંસારના પાપમાં રોકાવું તેના કરતાં પુણ્યભાવ સારા છે. પૂજા, ભક્તિ, દાન વડે તૃષ્ણા ઘટાડવાનો નિષેધ નથી, પણ તે શુભભાવ છે, આત્મભાવ નથી, તેથી તે ધર્મ નથી, એમ અહીં સમજાવાય છે. અત્યારે તો ઘણા પુણ્યમાં ધર્મ મનાવે છે. 'પુણ્ય કરો' એવી વાતો સંસારમાં જ્યાં ત્યાં સાંભળવા મળે છે અને જીવના અનુભવમાં પણ તે આવી ગઈ છે. જેમ સટ્ટો કરનાર ને સટ્ટાની વાતનું એવું તીવ્રવેદન થઈ રહ્યું હોય છે કે તેને બીજી વાત સાંભળવાનો અવકાશ પણ હોતો નથી, તેમ દેવ, નરક, મનુષ્ય, તિર્યંચના ભવની વાત અનંતવાર સાભળી છે, તેથી તેને આત્માની વાત રુચતી નથી.

જીવલોક સંસારચક્રની મધ્યમાં સ્થિત છે. અજ્ઞાની જીવ ઘડીક પાપમાં, ઘડીક પુણ્યમાં એમ ફર્યા જ કરે છે, પણ પુણ્ય-પાપથી ભિન્ન એવા આત્મતત્ત્વનો નિર્ણય કરતો નથી; તેથી તેના ભવ અટકતા નથી.

અનાદિથી દેહદૃષ્ટિ છે, સ્ત્રી પુત્રાદિને દેહના આકારથી માને છે, કર્મફળરૂપ દેહને ઓળખે છે, પણ અબંધ આત્માને ઓળખતો નથી, તેથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવ એ પંચ પરાવર્તનરૂપ સંસારચક્રમાં ભ્રમણ ક્યા કરે છે.

પંચ પરાવર્તનનું સ્વરૂપઃ—

(૧) દ્રવ્ય પરાવર્તન—એકેક આત્માને દરેક પરમાણુ દેહપણે—સંયોગપણે આવ્યાં ને ગયાં. વાણી મન, કર્મ વર્ગણારૂપે બધા પરમાણુનો અનંતવાર સંયોગ કર્યો, પુણ્યપાપના સંયોગે અનંત પ્રકારના આકારવાળા દેહ જીવે અનંતવાર ધારણ કર્યા પણ અસંયોગી આત્મતત્ત્વની વાત સાંભળી નહિ.

(૨) ક્ષેત્ર પરાવર્તન—લોકાકાશનું એવું કોઈ ક્ષેત્ર નથી કે જ્યાં જીવ અનંતવાર જન્મ્યો—મર્યા ન હોય. પુણ્ય-પાપના વિકારી ભાવો કર્યા ને તેનાં ભોગ્યસ્થાનરૂપ અસંખ્યાત ક્ષેત્રમાં અનંત જન્મ-મરણ કર્યા, પણ આત્મા પરથી નિરાળો, અતીન્દ્રિય જ્ઞાનમૂર્તિ છે, તેને જાણ્યો નહિ.

(૩) કાળ પરાવર્તન—વીસ ક્રોડાક્રોડી સાગરોપમના જેટલો સમય થાય, તે એકેક સમયે પરિભ્રમણ કરતાં જીવ અનંતવાર જન્મ્યો, મર્યો.

(૪) ભવ પરાવર્તન—નારકી, તિર્યંચ, મનુષ્ય તથા દેવના ભવ અનંતવાર કર્યા. કોઈવાર સડેલો કૂતરો થયો, તો કોઈવાર મોટો મોટો રાજા થયો. એક સેકન્ડમાં કરોડો રૂપિયા પેદા થાય એવી રાજસંપદા પામ્યો, ત્યાંથી મરીને નરકમાં પણ જાય, ત્યાંથી ભુંડ, સિંહ થાય. એમ ભવચક્ર ચાલ્યા કરે, પણ નિર્વિકારી અનંતસુખમૂર્તિ આત્મા પરથી જુદો છે, એવી અપૂર્વ વાત જીવે કદી સાંભળી નથી.

(૫) ભાવ પરાવર્તન—જીવે અનંત પ્રકારના શુભ-અશુભ, પુણ્યપાપના ભાવો કર્યા. એકેક સેકન્ડમાં અબજો રૂપિયાનું દાન આપવાના શુભ ભાવ કર્યા, તો કોઈવાર તીવ્ર મૂર્ચ્છા વડે મહાપાપ બાંધી નરકમાં જવાના ભાવ કર્યા. શુભાશુભ ભાવ વડે નિરંતર પરિભ્રમણ કર્યું. આવું પરિભ્રમણ અનાદિથી ચાલું છે, પણ સમ્યક્‌જ્ઞાન વડે કોઈવાર આંતરો પાડ્યો નહિ. પર્વત ઉપર વીજળી પડવાથી થયેલ ફાટ રેણથી સંધાય નહિ તેમ ''હું જ્ઞાન જ્યોતિ, ચિદાનંદ, પરથી જુદો,'' એવું ભેદજ્ઞાન થાય, પછી મોક્ષદશા પ્રગટ

થયા વિના રહે નહિ. યથાર્થ આત્મજ્ઞાન વિના બીજું બધું જીવે અનંતવાર કર્યું છે. શરીરે કાંટા વીંટી બાળી મૂકે પણ ક્રોધ ન કરે. છ છ મહિનાના ઉપવાસ કરે ને પારણે એક ચોખાનો દાણો ખાઈ ફરી છ મહિનાના ઉપવાસ કરે. ઉત્કૃષ્ટ પુણ્યભાવ અજ્ઞાનપણે કરી નવમી ગ્રૈવેયક સુધી ગયો, પણ પુણ્ય-પાપ રહિત આત્મસ્વભાવને જાણ્યો નહિ, તેથી એક પણ ભવ ઘટ્યો નહિ.

શુભ-અશુભ ભાવના અસંખ્ય પ્રકાર છે, તેમાં મિથ્યાદૃષ્ટિથી થતાં ઊંચામાં ઊંચા પુણ્ય અને ઘોર પાપ દરેક જીવે અનંતવાર કર્યાં.

નવમી ગ્રૈવેયકે જનાર જીવને વ્યવહારે શ્રદ્ધા–જ્ઞાન શુભ પ્રવૃત્તિ હોય છે. બાહ્યથી નગ્ન દિગંબર મુનિપણું હોય છે. પંચ મહાવ્રતનું પાલન સાવધાનીપૂર્વક હોય છે, પણ અંતરમાં પરથી નિરાળો છું, પુણ્ય-પાપના વિકલ્પથી રહિત છું, કોઈનો મારે આશ્રય છે જ નહિ, એવી સ્વાવલંબી તત્ત્વશ્રદ્ધા નથી, તેથી ભવભ્રમણ ન ટળ્યું.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવરૂપ અનંત પરાવર્તોને લીધે નિરંતર ભ્રમણ કરતા જીવે પરમાર્થે પરથી જુદાપણાની અને સ્વમાં એકત્વની વાત કદી સાંભળી નથી. પુણ્ય-પાપના બંધનમાં રહેવાની ટેવ પડી ગયેલ હોવાથી પરથી જુદાપણાની વાત રુચતી નથી. મોહરૂપી મોટું ભૂત એક છત્રથી બધાને વશ કરી તેની બળદની જેમ ભાર ઉપડાવે છે. ઊંધી માન્યતા–મિથ્યાત્વ–એ 'બાદશાહી' ગુણઠાણું છે. બાદશાહના હુકમને માનવાની કોઈ અજ્ઞાની ના ન પાડે. પુણ્યથી ધર્મ થાય, એટલે કે વિકારથી આત્મગુણ પ્રગટે, એવી ઊંધી માન્યતાએ અજ્ઞાની જીવોને વશ કર્યા છે.

જેને સાચી સમજણ થાય તે તૃષ્ણા ઘટાડ્યા વિના ન રહે. અશુભ રાગ ઘટાડવા ગૃહસ્થ શુભભાવની વૃત્તિ હોય છે, પણ પુણ્ય-પાપાદિથી આત્માને જુદો માન્યા સિવાય જે અલ્પ પુણ્ય બાંધે તેનું સ્વામીત્વ માની કદી દેખભવ પામે અને પછી પશુ તથા એકેન્દ્રિયમાં જાય.

પર મારે આધીન છે, પર મારાં છે, પરનું હું કરી શકું છું, પર મારૂં કરી દે, દુનિયામાં આબરૂએ મોટો થાઉં, પુણ્યમાં વધું, એવી ભાવના અજ્ઞાની જીવ કરે છે. કોઈ નામધારી સાધુ લોકમાં મોટાઈ લેવા માગે છે, પણ દેહાદિથી ભિન્ન, નિર્વિકલ્પ જ્ઞાનમૂર્તિ આત્માને જાણે નહિ, તે ધર્મના નામે વિકથા કહેનારા, અનંત–જ્ઞાની વીતરાગનો દ્રોહ કરનારા છે. જેમ કલકત્તાના પાડાને મોટે ગાડે જોડે, તેમાં ઘણો ભાર ભરે, ગાડાવાળો એવો માર મારે કે છાણમાં લોહી પડે અને પછી કાલિકાદેવીને ચડાવી દે તેમ મોહ વડે જીવ પુણ્ય-પાપરૂપ ભારે બોજા ઉપાડી, અનંત ભવચક્રમાં ફરે છે. અનંતકાળ ફરીને કોઈ

વખત માણસ થયો ત્યારે પણ સત્ય માટે નિવૃત્તિ લે નહિ. સંસારના કામનું સમયપત્રક રાખે, સુવાનો-ખાવા-પીવાનો, વાતો કરવાનો વખત મેળવે, જગતની માન-આબરૂ માટે બધું કરે, પણ અનંત જન્મ-મરણ ટાળવાનાં ટાણા ફરી મળે, માટે શીઘ્ર આત્મ કલ્યાણ કરી લઉં, એવો વિચાર પણ ન કરે.

મિથ્યા અહંકારનો ભાર ઉપાડનારાને બળદ જેવા કહ્યા, કારણ કે પોતે વર્તમાનમાં બળદ જેવા ભાવ સેવી રહ્યા છે. છોકરો મોટો થયો, પણ અમે ખાનદાન તેથી કોઈ કન્યાનું કહેણ મોકલે તો સગપણ થાય, એમ મફતની મુંઝવણ કર્યા કરે. છોકરા માટે મકાન, પૈસા વગેરેની વ્યવસ્થાના મનોરથો ઘડે, સવારથી સાંજ સુધી મજુરી કર્યા કરે, ભલે હાય વોય કર્યા કરે કરે!

દુનિયાનું ડહાપણ રખડવા માટે છે, બહુ કપટ—ચાલાકીથી સંસાર ચલાવ્યો હોય, પણ મરણ સમયે સરવાળા આવશે. જેમ કોઈ સુથાર ચોરો સાથે ચોરી કરવા ગયો, ચોરી તો કરું પણ કળા બતાઉતો જાઉં, એમ માની કોતરણી કરી, ઘરમાં પ્રવેશ કરવા પ્રથમ પગ ઘાલ્યા, ત્યાં અંદરથી ઘરધણી અને બહારથી ચોરો પગ ખેંચવા લાગ્યા, એટલે પોતે કરેલી કોતરણી પોતાને જ લાગવા માંડી, એમ સંસારના ડહાપણની-કપટની-કોતરણી પોતાને જ નુકસાન કરે છે. મમતામાં મોટો મજુર થયો છે, પોતાને ભૂલી પરવસ્તુનો મોહ કર્યો, તેમાંથી તૃષ્ણારૂપી રોગ ફાટ્યો. બાહ્યમાં ફાંફાં મારી સુખ શોધે છે પર પદાર્થ અનંતા છે, અનંતા પર સાથે રાગ કરતા ક્યાંય સમાધાન થતું નથી, તેથી આકૂળતા થાય છે. પોતે સુખસ્વરૂપ છે તેમાં સમાઈ જવાનો વિચાર કરતો નથી, તેથી સંસારમાં અનાદિથી ભ્રમણ કર્યા કરે છે.

તા. ૨૯-૬-૪૩

પુણ્ય-પાપ કેમ થાય તે વાત અનંતવાર જીવે સાંભળી, પણ દેહાદિથી, પુણ્ય-પાપથી જુદો, પરાવલંબન વગરનો હું છું, એવા ભિન્ન આત્માના શુદ્ધ સ્વરૂપની વાત પૂર્વે શ્રવણ કરી નથી. અજ્ઞાનરૂપી ભૂત જીવને અનાદિનું વળગ્યું હોવાથી બળદની જેમ ભાર ઉપડાવે છે. પોતે જ મોહ વડે તૃષ્ણારૂપ આકુળતાનો ભાર ઉપાડે છે અને તીવ્ર રાગ-દ્વેષથી પીડાય છે. પરમાં મમત્વ છોડ્યા પછી અલ્પ-રાગ રહે, તે મુખ્ય બંધન નથી. આત્મા ચિદાનંદ સ્વરૂપ છે તેને ભૂલીને પોતે મોહમાં જોડાઈ જાય છે. જડકર્મ આત્માને ભૂલ કરાવતું નથી.

પુણ્ય કરો! પુણ્ય કરો! પુણ્યથી ધીમેધીમે ધર્મ થશે. એ વાત ત્રણ કાળમાં જુઠી છે. પુણ્ય વિકાર છે, તેથી બંધન છે, તેનાથી ધર્મ નથી. ધર્મ તો પુણ્ય-પાપ રહિત આત્મામાં છે, તેથી પ્રથમ શ્રદ્ધા કરવા માટે પુણ્યની મદદ નથી. પુણ્ય-પાપ રહિત સ્વભાવ તે ધર્મ નથી. એવું સાંભળી અરે! પુણ્યની પણ ના! એમ કેટલાકને થઈ જાય છે, પુણ્ય વિના આત્માથી જ ધર્મ થાય છે તે વાતની તેને ખબર નથી, સાંભળી નથી, રુચિ નથી. એક પરમાણું માત્ર મારું નહિ, એમ માનનારા જ્ઞાની જેટલી તૃષ્ણા ટાળશે તેટલી અજ્ઞાની ટાળી શકશે નહિ. બહારથી બધું માની લીધું છે, કાયા—કલેશથી આત્મધર્મ થતો નથી. ધર્મ તો આત્માનું સહજ સ્વરૂપ છે, તેમાં સ્થિરતા તે ક્રિયા છે. ભગવાન આત્માની શ્રદ્ધા, તેનું જ્ઞાન અને તેમાં સ્થિરતા, એ જ જ્ઞાનની અંતરક્રિયા છે.

લોકોએ બહારમાં ધર્મ માન્યો છે, ઉપદેશક પણ તેવા મળી રહે છે. પુણ્ય બાંધી દેવલોકમાં જશું, ત્યાં સુખ ભોગવીશું અને ભગવાન પાસે જઈ ધર્મ સાંભળશું, વગેરે વિકલ્પો કરે છે, પણ પોતે ભગવાન છે, પરથી ભિન્ન, નિરાવલંબી છે, તે સ્વતંત્ર સ્વભાવને માનતો નથી. તે ભગવાન પાસે જશે જ શાનો? અને કદાચ જાય તોય શું સાંભળશે?

નિરપેક્ષ આત્મતત્ત્વના જ્ઞાન વગર જીવો મોહમાં જોડાયા છે ને સંસારનો ભાર ઉપાડે છે. ભલે 'ત્યાગી' નામ ધરાવે, સાધુ હો કે ગૃહસ્થ હો પણ જેની દૃષ્ટિ દેહ ઉપર છે, તે દેહક્રિયા પોતાની માની, પુણ્ય-પાપનો ભાર ઉપાડી, અનંત સંસારમાં રખડે છે. માણસ માને કે ન માને પણ સત્ય તો કહેવું જ પડે; સત્યને ગોપવી શકાય નહિ.

આત્મા પૂર્ણ નિર્મળ છે, તેમાં રમણતાં કરૂં, એમ નહિ માનતાં બાહ્યમાં કાંઈક કરૂં તો ઠીક, એમ પરના કર્તા—ભોક્તાપણાના ભાવ કરે છે, તેનું મુળ કારણ મોહ છે. મોહ એટલે સ્વરૂપમાં અસાવધાની ને પરમાં સાવધાની. રાગ-દ્વેષની ક્રિયા રહિત મારૂં સ્વરૂપ છે, તેવું ભાન ન હોવું તે મોહ. તેને કારણે પરમાં રમણતા કરે છે. પરની કર્તુત્વબુદ્ધિ તે પરમાં સાવધાની છે.

જીવને મોહથી ફાટી નીકળેલ તૃષ્ણારૂપી રોગ થયો છે, તેના દાહથી વ્યાકૂળ બની વિષયો તરફ, મૃગજળ તરફ મૃગ દોડે તેમ દોડે છે. ભગવાન આત્મા શાન્ત રસવાળો છે, તેને ભૂલીને બાહ્ય પ્રવૃત્તિ દ્વારા સુખ માનનારને આકૂળતાને લીધે અંતર આત્મ તત્ત્વને જોવાની ધીરજ નથી. અસંતોષરૂપ અગ્નિ અંતરમાં સળગે છે. મેં આનું કર્યું, આટલાને મદદ કરી, મને આની સહાયતા મળે તો ઠીક, આવાં સાધનો મળે તો ઠીક, આવાં સાધનો મળે તો ઘણાનું ભલું કરી દઉં, એમ આકૂળતા કર્યા જ કરે છે. કોઈ જીવ

બીજાનું કરવા ત્રણ કાળમાં સમર્થ નથી. પ્રારબ્ધ અનુસાર બાહ્યનાં કાર્ય થયાં કરે છે, એ વાત વિચારતો નથી. સામા તરફથી મદદ મળવાનો કોઈને પુણ્યોદય હોય અને સામાને મદદ આપવાનો શુભભાવ થાય, એવો મેળ કોઈ કોઈવાર દેખાય છે, પણ તેથી પરનું પોતે કર્યું, એમ માનવું તે અભિમાન છે. આટલાને મેં સમજાવી દીધા, એમ કોઈ કહે તો શું તે ખરું છે? સમજવાની અવસ્થા પોતાથી થાય છે કે પરથી? વળી કોઈ એમ માને કે મેં પરની આમ નિંદા કરી તો તેનું અહિત થયું, પ્રશંસા કરી તો ભલું થયું, મને પૂછો મારી દોરવણી માગો, અમે વ્યવહારકુશળ છીએ, આમ સમાધાન કરાવી દઉં, આનો વિરોધ કરાવી દઉં, ઘણાની સેવા કરીએ તો તેના આશીર્વાદ મળે ને તેથી લાભ થાય વગેરે માન્યતા ત્રિકાળ અસત્ય છે. કોઈના આશીર્વાદથી કોઈનું ભલું થાય નહિ, કોઈના શાપથી કોઈનું ભુંડું પણ થાય નહિ. એમ લૌકિકની વાતે વાતે ફેર છે. ઈષ્ટ વિયોગ કે અનિષ્ટ સંયોગ તારા પાપ વિના થાય નહિ અને ઈષ્ટ સંયોગ પોતાના પુણ્ય વિના થાય નહિ, પોતાના કરેલા રાગ-દ્વેષ અજ્ઞાનથી બંધન થાય છે અને રાગ-દ્વેષ અજ્ઞાન રહિત સ્વભાવથી મુક્તિ થાય છે, એમ દરેક જીવ સ્વતંત્રપણે પોતાના ભાવથી બંધન અને પોતાના ભાવથી મોક્ષદશાને પામે છે.

પરથી સુખ ઈચ્છનાર સદા ઓશિયાળો છે. તેને અંતરમાં તૃષ્ણાના દાહરૂપ રોગની પીડા છે. બહારથી કદાચ પાંચ કરોડનો સંયોગ દેખાય પણ અંતરમાં દુઃખી છે, અજ્ઞાની બહારથી ત્યાગી સાધુ જેવો દેખાય છતાં અંતરમાં આકૂળ હોય છે. કોણ પ્રશંસા કરે છે, કોણ નિંદા કરે છે, એવી દૃષ્ટિ હોવાથી પોતાના શાંત સુખને ભૂલી આકૂળતાનો ભોગવટો કરે છે.

પર પ્રત્યે લક્ષ કરી તેમાં ઈષ્ટ-અનિષ્ટભાવ કરવા તે વિષય છે. અજ્ઞાની આવા પરવૃત્તિરૂપ વિષયોમાં જોડાઈ સદા વ્યાકૂળ રહે છે. બીજા ઉપર દાબ ન રાખીએ, સર્પ ફૂંફાડો ન રાખીએ, તો બધા ચડી જાય! બે દિવસ કડકાઈ રાખી કડક વચનો કહ્યા તો બધા સીધા દોર થઈ ગયા, સ્ત્રી પુત્રાદિ પાંસરાં થઈ ગયા, એવી મિથ્યા માન્યતા તે સેવે છે. પુણ્યને લીધે કદાચ ધાર્યું થતું દેખાય. તો સત્તાપ્રિયતા પોષે છે. નોકરોને આમ કરીએ, તેમ કરીએ તો સરખા ચાલે, એમ માને છે. પણ ભાઈ રે! પરનાં કામ તારે આધીન નથી, તારાં કામ પરને આધીન નથી.

મારાથી લાખો જીવો ધર્મનો લાભ પામ્યા, એમ માનનાર તૃષ્ણામાં બળી રહ્યો છે. બીજા સમજે કે ન સમજે તેનો લાભ-અલાભ કોઈ બીજાને ન હોય; પોતાને લાભ-અલાભ પોતાથી છે, આવા સ્વતંત્રપણાની જેને ખબર નથી, તે પરથી સંતોષ લેવા ઈચ્છે છે. પર જીવ સમજે તો જ મારૂં તરવું થાય એવો નિયમ હોય તો સમજે તેવા બીજા

જીવોને શોધવા રોકાવું પડે. મારાથી કોઈ ન સમજ્યા અથવા ઘણા સમજ્યા, એવી માન્યતા મોહરૂપી ભૂતડું છે. શ્રોતા સમજે, ન સમજે કે ઊંધુ સમજે તેનું ફળ વક્તાને થતું નથી. પરથી લાભ-હાનિ કોઈને હોય નહિ.

ઘણાની સેવા કરું તો તરી જાઉં. ''જન સેવા તે પ્રભુ સેવા છે,'' એ માન્યતા તદ્દન જૂઠી છે.

હજારો દીવાઓનો પ્રકાશ એક ઘરમાં ભેળો થયો હોય, તેથી કોઈ દીવાનો પ્રકાશ કોઈ બીજામાં ભળી જતો નથી, તેમ કોઈ જીવના ભાવમાં બીજાનો ભાવ ભળી જતો નથી.

કોઈ માને કે આપણાથી ઘણા સમજે તો આપણાને ભાતું મળે, તે માન્યતા ભ્રમ છે. પર ન સમજે, તેથી પોતાને અટકવું પડતું નથી.

અજ્ઞાની જીવને અનાદિથી પર ઉપર લક્ષ છે, તેથી પરનું કરી શકીએ, એમ માની–મનાવી પરાધીનપણું અંગીકાર કરે–કરાવે છે. 'સાધુ' નામ ધરાવી બીજાને બંધનની પ્રવૃત્તિ બતાવે છે. કરશું તો પામશું જુવાનીમાં રળી લેવું પછી વૃદ્ધાવસ્થામાં નિરાંતે ધર્મ થાય, એમ ઘણા માને છે, ને મનાવે છે. બહારનું મળવું, ન મળવું તે તો પૂર્વ પ્રારબ્ધાધીન છે. બહુ પુણ્ય કરીએ તો મહાન થઈએ એમ તૃષ્ણા મોહ વધારવાનો ઉપદેશ ઘણી જગ્યાએ સાંભળવા મળે છે. પર વડે અરૂપી આત્માની મહત્તા ગાનારા ઘેર ઘેર છે.

પરનું કાંઈ ન કરીએ અને જ્યાં ત્યાં 'આત્મા આત્મા' કરીએ તો મોટા સ્વાર્થી કહેવાઈએ, એમ માનનારા લોકો જગતના દરેક દ્રવ્યના સ્વતંત્ર સ્વભાવને ભૂલી જાય છે. કોઈ કોઈનું કરી શકતું નથી, બહારનું થવાનું હોય તેમ જ તે તે વસ્તુના કારણે થાય છે, એ વાત સાંભળવા મળતી નથી, તેથી સમજણમાં મેળ બેસતો નથી. પારકાને લાભ કરી દઈએ એવી અભિમાનભરી વાતો ચાલે છે, પણ અંતરતત્ત્વ છુટ્ટૂં છે, તેને કોણ સંભારે! જે વાતનો પરિચય તેનો પ્રેમ બતાવે, તેથી કામભોગની કથા જ્યાં ત્યાં સુલભ થઈ પડી છે. પણ આત્માનું સ્પષ્ટ ભિન્નપણું, સ્વતંત્ર એકપણું છે, તે વાત દુર્લભ થઈ પડી છે, પરના કર્તા-ભોક્તાપણા વિનાનો, પરના આશ્રય વિનાનો, પુણ્ય-પાપથી રહિત, વિકલ્પ વૃત્તિથી નિરાળો, સદા પ્રગટપણે અંતરંગમાં પ્રકાશમાન, જ્ઞાયક માત્ર છું, એમ ભેદજ્ઞાનજ્યોતિથી નિર્ણય કરવો જોઈએ.

પોતાના અખંડ ચિદાનંદ ધ્રુવ સ્વભાવનો આશ્રય તે કારણ અને આત્મા સ્પષ્ટ નિરાળો અનુભવવામાં આવે એ તેનું ફળ, એમ સાધન સાધ્યપણું આત્મામાં જ છે.

અનંતગુણનો પિંડ, સદાય ચૈતન્યજ્યોતિ આત્મા પ્રગટ છે—પ્રકાશમાન છે. પુણ્ય–પાપ, રાગાદિથી ભિન્ન છે, છતાં કષાય સાથે એકેમક જેવો માનવામાં આવે છે. (કષાય=ક્રોધ, માન, માયા, લોભ, પુણ્ય-પાપ, ક્રોધ, માન તે દ્વેષભાવ છે; માયા, લોભ તે રાગભાવ છે; રાગમાં પુણ્ય, પાપ બંને છે, દ્વેષમાં એકલું પાપ છે.) બંધ, મોક્ષ એ બે અવસ્થા કર્મના નિમિત્તની અપેક્ષાએ છે શક્તિ—વ્યક્તિના ભેદ ગૌણ કરીને જોતાં સદાય એકરૂપ, નિર્મળ જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા છે, પણ પરાધીન દૃષ્ટિ વડે તે સ્વરૂપ ઢંકાઈ ગયું છે પર સાથે મને સંબંધ છે, તેની ફરજ બજાવવી જોઈએ, એમ કરી કરીને ચોરાશીના અવતારમાં રખડ્યો. સ્વભાવે નિર્મળ, ત્રિકાળ સાક્ષીરૂપ ભગવાન આત્માને જાણ્યો નહિ, તેથી સર્વજ્ઞ તીર્થંકર ભગવાન પાસે અનંતવાર ગયો છતાં પુણ્ય-પાપ મારાં, હું પરના આશ્રયવાળો, એવા પરાધીન ભાવની પકડ હોવાથી કેવળજ્ઞાની ભગવાન પાસેથી પણ કોરો આવ્યો.

વિષ્ટા ઉપર રહેનાર ભમરાને જોઈને ગુલાબના ફુલોમાં વસનાર ભમરાએ તેને કહ્યું કે ''તું મારી જાતનો છો, ગુલાબની સુગંધ લેવા મારી પાસે આવ.'' વિષ્ટાનો ભમરો વિષ્ટાની બે ગોળીઓ પોતાના નાકમાં લઈને ગુલાબના ફુલ ઉપર બેઠો. ગુલાબના ભમરાએ પૂછ્યું, 'કેવી સુગંધ આવે છે?' નાકમાં જોયું તો વિષ્ટાની બે ગોળી. તે કઢાવી નાખી કે તરત જ તે વિષ્ટાના ભમરાએ કહ્યું, અહો! આવી સુગંધ તો કદી લીધી નથી.' તેમ સંસારમાં અનાદિથી રખડતો જીવ પુણ્ય-પાપની પકડરૂપ બે ગોળીઓ લઈને કદી જ્ઞાની પાસે, તીર્થંકર ભગવાન પાસે-ધર્મ સાંભળવા જાય તોપણ પૂર્વેની મિથ્યાવાસનાથી જે માનેલું છે તેવું જ દેખાય, પણ એકવાર બાહ્ય દૃષ્ટિનો આગ્રહ છોડી, સરળતા રાખી, જ્ઞાનીનો ઉપદેશ સાંભળે તો શુદ્ધ નિર્મળદશા પામી જાય.

પારસમણિ અરુ સંતમેં, બડો આંતરો જાણ;
વો લોહા કંચન કરે, વો કરે આપ સમાન.

એકવાર ધર્માત્માનો સંગ સાચા ભાવે કરે તો પોતાની પૂર્ણ શક્તિને માની, તેમાં ઠરી, તેવો થયા વિના રહે નહિ. જીવને કેવળ અંતરંગ મોક્ષમાર્ગમાં રહેનારા જ્ઞાની ધર્માત્મા મળ્યા તોપણ તેની સંગતિ અને સેવા કર્યા નહિ. સ્વતંત્ર, નિર્દોષ તત્ત્વ વિષે તેઓ શું કહે છે, તેવો ભાવ અંતરમાં સમજી તે ભાવને અંગીકાર કરવો, તે સત્‌ની સેવા છે, પણ પોતાની માનેલી માન્યતાની પકડ રાખી સાંભળે તો અતીન્દ્રિય આનંદ સ્વરૂપનો સ્વાદ ન અનુભવે. કોઈ કહે કે 'પણ આખો દિવસ આત્માની જ વાત, બીજી વાત જ નહિ. જાણ્યાં પછી તો કાંઈક કરવું તો પડશેને!' તેને જ્ઞાની કહે છે કે ''ભાઈ! પ્રથમ નક્કી તો કર કે તું શું કરી શકે છે? તેની સમજણ આવ્યા પછી આવો પ્રશ્ન જ નહિ થાય.''

અસત્‌ની માન્યતાથી સત્‌નાં ફળ કદી આવે? 'જ્ઞાની ધર્માત્માની સંગતિ પણ કરી નહિ,' એમ કહેવામાં સત્સમાગમ ઉપર વજન આપ્યું છે. નિર્દોષ સત્‌રૂપ પોતે થઈ, સત્‌ને સમજે તો જ્ઞાની પુરુષને નિમિત્ત કહેવાય; પણ જ્ઞાનીની વાણી અને દેહને સત્સમાગમ સમજે તેણે અચેતનનો સંગ કર્યો છે. આત્મજ્ઞાન પામેલાની સંગતિ પણ કરી નહિ, એટલે કે તેમના કહેલા ભાવને સમજ્યો નહિ. જેમ પિતાને તેના નામથી માને, તેના નામથી માળા ફેરવે, પણ પિતાની આજ્ઞા માને નહિ, પિતાના વિરોધીનો આદર કરે તો તે સુપુત્ર ન કહેવાય, તેમ સર્વજ્ઞ વીતરાગને નામથી માને, તેના નામની માળા ફેરવે, પણ તેની આજ્ઞા શું? તેઓ પરમાર્થ શું કહે છે? તે સમજે નહિ અને વીતરાગતાના વિરોધી પુણ્ય-પાપનો આદર કરે, તે વીતરાગનો અનુયાયી ન કહેવાય. આત્માનો યથાર્થ નિશ્ચય કરી, સત્ય સમજ્યો નહિ તેથી અનંત ભવ કર્યા તે એળે ગયા. આત્મભાવે એકે ભવ જીવે ગાળ્યો નથી. અનંતકાળનું અજાણ્યું હોવાથી પરમ મહિમાવાળા પોતાનું સ્વરૂપ શું છે તે સાંભળ્યું નથી, તેથી પોતે અજ્ઞાની રહ્યો છે.

નાટક, સીનેમા જોવાની હજારો માણસોને ટેવ પડી ગઈ છે, તેથી સખ્ત મોંઘવારીને પણ ગણકારતા નથી. જેની રુચિ છે તેનો વારંવાર જીવ પરિચય કરે છે. પરની રુચિ હોવાથી આત્માની વાત ઘણી મોંઘી થઈ પડી છે.

'આત્મા પરથી જુદો છે' એમ ઘણા કહે છે, પણ તેનું યથાર્થ સ્વરૂપ સમજ્યા હોતાં નથી. સમજવા માટે વિશેષ પરિચય અને ધીરજ જોઈએ. એકવાર સાંભળીને તેમાંથી કોઈ શબ્દ ધારી લઈને માને કે અમે આત્મા જાણી લીધો, તો તેમ મફતમાં આત્મા જણાતો નથી.

એક ભાઈ કહે 'મેં પંદર દિવસમાં સમયસાર વાંચી લીધું.' પણ એમ પાનાં—અક્ષર—વાંચ્યે સમજાય નહિ. આ તે શું નોવેલ છે? નોવેલની વાર્તા હોય તે પણ ઘણા દિવસ વાંચે છે.

ભિન્ન આત્માનો અનુભવ જીવે કર્યો નથી, તેથી તેનું એકપણું સુલભ નથી. આત્માનું યથાર્થ ભાન થયું કે તરત જ બધું છોડી દે, એમ બધા માટે બનતું નથી, પણ શક્તિ અનુસાર ક્રમે ક્રમે રાગ ઘટાડે છે. ગૃહસ્થદશામાં હોવા છતાં અનંતજ્ઞાનીઓ એકાવતારી થઈ ગયા. જે સત્યને સમજ્યો નથી તે કોને અંગીકાર કરે, કોને છોડે અને શેમાં ઠરે?

**ભાવાર્થ :—**આ સંસારમાં રખડનારા જીવ પંચ પરાવર્તનરૂપી ચક્રમાં ચડી, મોહ વડે ગાંડા થઈ, 'પુણ્ય પાપ મારાં' એવી ઊંધી માન્યતારૂપ ધોંસરે જોડાય છે, તેથી તેઓ

★વિષયોની તૃષ્ણારૂપ દાહથી પીડાય છે અને કામભોગરૂપ વિષયો તરફ દોડે છે; અને જે જે ઉપાયો કરે છે તે તે બધા ઉપાયોથી આકૂળતા ભોગવે છે. પ્રવૃત્તિથી દોષ ટાળવા ઈચ્છે છે. પર ઉપર લક્ષ કરવું તે વિષય છે. સ્વસ્વામીપણાનો ઉપદેશ વિરલ જીવો કરે છે. આત્મા નિરાકુળ આનંદમૂર્તિ છે, તેમાં સ્વલક્ષે ઠરવું તે જ આકૂળતા ટાળવાનો સાચો ઉપાય છે. પરાવલંબન રહિત શુદ્ધ દર્શન, જ્ઞાન અને તેમાં સ્થિરતારૂપ આત્મભાવ તે સ્વવિષય છે, પુણ્ય-પાપની પ્રવૃત્તિનો ભાવ તે પર વિષય છે. ભિન્ન આત્માની વાત યથાર્થપણે પોતે કદી સાંભળી નહિ, જેને આત્મજ્ઞાન છે તેવા ધર્માત્માની સેવા પણ કરી નહિ.

કોઈએ એમ સાંભળ્યુ કે ઝવેરાતનો ધંધો કરે તો બહુ કમાણી થાય, પણ માત્ર એમ સાંભળ્યે કે કહ્યે શો લાભ? પરીક્ષકબુદ્ધિ વિના ધંધો આવડે નહિ, એમ આત્માને વિરોધ શું, અવિરોધ શું, એવું ભેદજ્ઞાન ન હોય તો શો લાભ?

આ કાળમાં સત્ય વાતનું શ્રવણ પણ દુર્લભ છે. આત્મસ્વભાવ મન, વાણી, દેહની પેલી પાર છે. હું પરનો કર્તા-ભોક્તા નથી. આત્મા જાણવા સિવાય બીજું કાંઈ કરી શકતો નથી. આત્મા યા તો કરે રાગ-દ્વેષ સહિત અજ્ઞાન, અથવા સમ્યગ્જ્ઞાન સહિત સ્વરૂપમાં એકાગ્ર રહી રાગ-દ્વેષ ટાળે; આત્મા આ સિવાય બીજું કરી શકે નહિ.

તું અજ્ઞાનપણે પરમાં ઠીક-અઠીક ભાવ કરી રહ્યો છો. જ્ઞાની કે અજ્ઞાની પરનું કાંઈ કરી શકે નહિ. શાસ્ત્રોમાં જે કહ્યું છે તેનો ભાવ સમજતો નથી, તેથી દેવ, ગુરુ, શાસ્ત્રનો તું વિરોધ કરે છે ને તેમાં ધર્મભાવ માને છે. 'સત્ય' સમજતાં વખત લાગે તેમાં નુકશાન નથી, પણ સમજતાં વાર લાગે તેમ છે માટે અયથાર્થ પણ માની લેવું, તે ચાલે નહિ. જેમ દરજીને કાપડનો તાકો આપી જે કપડાં કરવાનાં છે, તેની સમજણ આપવામાં આવે ત્યાં દરજી કહે કે ''મારે સમજવું નથી. લાવ, જલદી કટકા કરી નાખું'' એમ કહી વગર સમજ્યે કટકા કરી નાખે તો નુકશાન થાય પણ ધીરજ રાખી સાંભળે, તો તેમાં જેટલો વખત જાય છે, તે પણ જે જાતનું કપડું બનાવવું છે તે કાર્યની શરૂઆતમાં જાય છે. કેવું કપડું? કેમ વેતરવું? શું કરાવવું છે? તેની બધી વિગત સમજવાની ધીરજ રાખે તો જ તે સફળ થાય; તેમ પરથી ભિન્ન સ્વાધીન સ્વરૂપ કેવું છે, પુણ્ય-પાપબંધ કેમ થાય છે, વગેરે સાંભળવા—સમજવા ધીરો થાય તો તે શરૂઆતનું કાર્ય કરી રહ્યો હોવાથી યથાર્થ સમજવામાં સફળ થશે ને ક્રમે ક્રમે વીતરાગ થશે. પણ તેથી ઉલટું તાકો વેતરોને! સમજવાનું શું કામ છે! એ પ્રમાણે ઘણા લોકો કહે છે કે 'સમજવાનું શું કામ છે? કરવા

★ આત્માનું લક્ષ છોડી, પરનું લક્ષ કરવું, તેમાં ઈષ્ટ— અનિષ્ટ વૃત્તિ તે વિષય છે.

માંડોને! ક્રિયા કરશું તો પામશું. સમજવામાં ક્યાં સુધી રોકાવું?' એમ માની ક્રિયાકાંડમાં વળગી પડે તો જ્ઞાનીનો અંતર આશય શું છે તે સમજાય નહિ અને સમજ્યા વગર ભવભ્રમણ ટળે નહિ, એમ સમજણ પામવાની દુર્લભતા કહી. ૪.

તા. ૩૦-૬- ૪૩.

શ્રી આચાર્યપ્રભુ કહે છે કે 'હવે મારા અંતરના વૈભવથી આત્માનું એકત્વ દર્શાવું છું.' માટે તે અપૂર્વ સમજણથી નિશ્ચય કરવા માટે ઘણાં પડખાંથી સમજવું જોઈએ; ઉપલકપણે વાતોથી માની લેવાય તેવું નથી. કોઈ કહે 'અમને તો બધુંય સરખું લાગે છે,' જેમ તળાવની સપાટી ઉપરથી જોતાં કાંઠાં અને મધ્યનું પાણી સરખું લાગે, પણ પાણીનું ઊંડાણ માપવા વાંસડો લઈ અંદર ઉતરે તો ક્યાં કેટલું ઊંડાણ છે તેની ખબર પડે; તેમ આત્માની કેટલીક વાતો માત્ર શબ્દથી સાંભળતાં પોતાની માન્યતા સાથે કેટલુંક સરખાપણું લાગે અને કહે કે 'અમે આત્મા જાણ્યો છે,' પણ મન ઈન્દ્રિયથી પેલે પાર, અતીન્દ્રિય આનંદ ભરપૂર આત્માનો સામાન્ય–વિશેષ સ્વભાવ શું છે, વગેરેનો વિચાર કરી જ્ઞાનના પ્રમાણથી માપે તો તેની ઉંડપ અને ભેદ શું છે તે જણાય.

આ સમયસાર સર્વ પદાર્થને યથાર્થપણે કહે છે, એ સમજે તેનો મોક્ષ થયા વિના રહે નહિ; એમ આચાર્યદેવ કોલ-કરાર કરે છે. આત્મા પરથી તદ્દન નિરાળો, પૂર્ણ સ્વતંત્ર, કર્તા-ભોક્તાપણા રહિત છે, એમ ઘણા પ્રકારે ઊંડપનો મહિમા અને તેનો અભ્યાસ કર્યા પછી, તે જાતની તૈયારી કરે તેને અવશ્ય સમજાય છે. સમયસારની ચારસો પંદર ગાથા બરાબર સમજે તો આત્માનો સ્વભાવ જે પ્રકારે સમજાવ્યો છે, તે ખ્યાલમાં આવે. પરથી ભિન્ન અને પોતાથી એકપણું શી રીતે છે તેની અપેક્ષા પાડી વસ્તુસ્થિતિ કહી છે, તે સ્પષ્ટ સમજાય તેવી છે. 'અદ્ધરથી લખીતંગને મફતલાલની સહી' જેવું નથી કહ્યું, પણ સાક્ષાત્ સર્વજ્ઞના કહેલ આગમના પ્રમાણથી, પરંપરા ગુરુ ઉપદેશથી, નિર્બાધ ન્યાયની યુક્તિથી, મારા સ્વાનુભવના બળથી યથાતથ્ય કહીશ, એમ આચાર્યદેવ આ વાતની પ્રમાણતા કહે છે.

**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण ।**
**जदि दाएज्ज पमाणं चुक्किज्ज छलं ण घेतव्वं ।।५।।**

**દર્શાવું એક વિભક્ત એ, આત્મતણા નિજ વિભવથી;**
**દર્શાવું તો કરજો પ્રમાણ, ન દોષ ગ્રહ સ્ખલના યદિ. ૫.**

**અર્થ :**—તે એકત્વવિભક્ત આત્માને હું આત્માના નિજ વૈભવ વડે દેખાડું છું; જો હું દેખાડું તો પ્રમાણ (સ્વીકાર) કરવું અને જો કોઈ ઠેકાણે ચૂંકી જાઉં તો છળ ન ગ્રહણ કરવું.

આ તો મહામંત્ર છે. જેમ ડંસ મારી સર્પ ગુફામાં ગયો હોય, તેને મંત્રવાદી મંત્રેલી કલમો મોકલે છે, તે સર્પને બહાર કાઢે છે અને સામાનાં પુણ્ય હોય તો સર્પ આવી ઝેર ચૂસી લે છે, તેમ ભગવાન તીર્થંકરની દિવ્ય વાણી આવી, તેમાંથી શ્રી કુંદકુંદાચાર્યે સમયસારની રચના કરીને અજ્ઞાન અંધકારમાં સુતેલા જીવો કે જેને પરમાં કર્તાપણારૂપ મમતાનાં—મોહરૂપી સર્પનાં ઝેર ચડ્યા છે, તેને અમૃત સંજીવનીરૂપ ન્યાય વચન વડે મંત્રેલી કલમો (ગાથાઓ) સંભળાવી, સંસારની ગુફામાંથી બહાર કાઢી, તેમનાં ઝેર ઉતારી નાખે છે.

આચાર્યદેવ કહે કે, 'દર્શાવું એક વિભક્ત એ, આત્મતણા નિજ વિભવથી.' 'દર્શાવું છું' તેમાં એવો ધ્વનિ છે કે મેં દેખાડવાનો નિર્ણય કર્યો છે—એકત્વ વિભત્વ આત્માનું સ્વરૂપ દર્શાવવાનો સંકલ્પ કર્યો છે.

'દર્શાવું' તે પ્રથમ શબ્દ આચાર્યદેવના ઉપાદાનનું જોર બતાવે છે.

વળી 'દર્શાવું તો,' એટલે કે 'દર્શાવાય તો' એમાં આચાર્ય ભગવાન પોતાના આત્માની અવસ્થાને અને જે વડે દર્શાવાય તે વાણીની અવસ્થાને બંનેને સ્વતંત્ર રાખે છે—જુદી જુદી બતાવે છે. તેમ જ 'દર્શાવું તો' એ શબ્દમાં નિમિત્તની અપેક્ષા છે. સ્વરૂપને કહેવાનો ઉત્સાહ તે ઉપાદાન અને વાણીનો યોગ તે નિમિત્ત, એમ બંનેના મેળવાળું આ શાસ્ત્ર અખંડપણે, અદ્ભુત રીતે પૂર્ણ થયું છે.

આચાર્યદેવ કહે છે, કે હું દર્શાવું તો તમે પ્રમાણ કરજો, હા જ પાડજો. હું જે કહીશ તે મારા આત્માના નિજવિભવથી કહીશ, જાત અનુભવથી કહીશ, એકત્વ—વિભક્ત આત્માને સ્વાનુભવથી દર્શાવીશ, માટે હે શ્રોતાઓ! તેને તમે પ્રમાણ જ કરજો.

આચાર્યદેવ આદેશ કરે છે કે 'તમે પ્રમાણ જ કરજો.' તેમ કહેવામાં એવો હેતુ છે કે હું જે ભાવે ઉપડ્યો છું તે ભાવે કેવળજ્ઞાન લેવાનો છું, તેમાં વચ્ચે વિઘ્ન જોતો નથી, પાછો પડવાની નથી, એક-બે ભવમાં પૂરો થઈ જવાનો છું, એવો અપ્રતિહત ભાવ છે. તેમ તમે પણ જો પ્રમાણ કરશો તો મારા જેવા જ થઈ જશો. નિમિત્ત અને ઉપાદાન એક જાતનાં થઈ જશે, તેમાં ભેદ રહેશે નહિ.

આચાર્યદેવને અંતરમાં અપ્રતિહત ભાવ ઉપડ્યો છે ને વાણીમાં પણ જે કહેવા

ધારેલું તે અપ્રતિહતપણે પૂર્ણ થયું છે. નિમિત્ત ઉપાદાનનો એક સરખો અપૂર્વ મેળ થયો છે. એવા કોઈ બળવાનયોગે આ શાસ્ત્ર રચાયું છે.

પોતાના વૈભવની નિર્ભયતાથી, નિઃશંકતાથી આત્માનું જે એકત્વ–વિભક્તપણું છે, તે બતાવે છે. એકત્વ શબ્દ સ્વથી અસ્તિ અને વિભક્ત શબ્દ પરથી નાસ્તિ સૂચવે છે.

આચાર્ય કહે છે કે :—

હું જાતે જવાબદારીથી કહીશ; જાતે જોઈ જાણીને અપૂર્વ આત્માની વાત નિજ વૈભવ વડે કહીશ. એમ જાત અનુભવથી તેઓ કહે છે, પછી વિનયથી કહેશે કે તીર્થંકર ભગવાને આમ કહ્યું છે, પણ અહીં તો સઘળી જવાબદારી પોતાના ઉપર રાખીને જાહેર કરે છે, તેથી જે કહેશે તે ક્યાંયથી ઝડપી લીધું છે, એમ નથી. પણ નિજ વૈભવથી સ્વાનુભવ વડે આત્માનો અપૂર્વ ધર્મ કહે છે.

અંતરમાં અખંડ જ્ઞાન શાંતિ સ્વરૂપ પૂર્ણ આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને અંતર રમણતાનો આનંદ તે નિજ વૈભવ છે, તે વડે દર્શાવું છું. વાણીમાં આત્મસ્વરૂપ યથાર્થ કહેવાનો ભાવ છે. સાથે ઉપાદાનનું જોર છે. વિકલ્પ ઊઠ્યો તે અનુસારે શાસ્ત્રમાં વાણીથી પૂરું થવું, એવો યોગ મહા ભાગ્યથી બને છે.

જે ભાવ–સર્વજ્ઞનો છે, તે ભાવને લક્ષમાં લઈને, પાછો ન પડે તેવા ભાવના ઉપાડથી અપ્રતિહત ભાવ અહીં જણાવ્યો છે. જો કદી શબ્દ રચનામાં ભૂલ હોય તો દોષ ગ્રહણ કરશો નહિ. શબ્દમાં કોઈ વ્યાકરણ આદિની ભૂલ કદાચ આવે પણ આત્માના પ્રમાણની વાત તો યથાર્થ જ આવશે. શાસ્ત્ર રચનામાં અક્ષર, માત્રા, વ્યાકરણ, અલંકાર વગેરે આવે તે ઉપર વજન નથી, પણ જે પરમાર્થ સ્વરૂપ એકત્વનું કથન કરવું છે તેમાં ક્યાંય ભૂલ નથી, માટે શબ્દની ભૂલ શોધશો નહિ. ગાયને ચાંદું હોય ત્યાં જ કાગડો બેસે તેમ દુર્જનની જેમ દોષ જોવાની દૃષ્ટિ ગ્રહણ કરશો નહિ. સજ્જન પુરુષોએ દોષ ન ગ્રહવો, પણ શુદ્ધ આત્માનો અનુભવ જે કહેવા માગું છું, તે અંતરમાં મેળવી લેવો. હું કેવળી નથી, છદ્મસ્થ છું, પણ કેવળજ્ઞાન પામવાનો મારો અંતર અનુભવ પ્રગટ થયો છે, તેથી નિર્બાધપણે કહેવાને ઉદ્યમી થાઉં છું, એમ આચાર્યદેવ કહે છે.

**ટીકા :–**જે કાંઈ મારા આત્માનો નિજ વૈભવ છે, તે સમ્યક્દર્શન-જ્ઞાન અને અંતર રમણતારૂપ ચારિત્રદશા છે, તે પ્રગટ સમૃદ્ધિના સર્વ સામર્થ્યથી હું આ સ્વથી એકત્વ અને પરથી જુદા આત્માને દર્શાવીશ. જેમ ગૃહસ્થને ત્યાં લગ્ન હોય ત્યારે જેટલી ઘરની સમૃદ્ધિ હોય તેટલી બહાર કાઢે તેમ અહીં પંચમકાળ છે, અમે છદ્મસ્થ છીએ છતાં અમે આત્મરિદ્ધિ પામ્યા છીએ, ને પૂર્ણ જ્ઞાની જે કહી ગયા તે જ જગત પાસે સ્વાનુભવ વડે

મૂકીએ છીએ. જેટલો અમારો અંતરજ્ઞાન વૈભવ પ્રગટ્યો છે તે સર્વથી, આત્માનુભવરૂપ શ્રદ્ધાના પૂરા બળથી આ એકત્વ–વિભક્ત આત્માને દર્શાવીશું.

વાણી તો પર છે, વાણી વાણીમાં પરિણમે છે, વાણીનું પરિણમન થવું કે ન થવું એ તેની યોગ્યતા અનુસાર થાય છે, છતાં પણ અહીં તો આત્માના સ્વરૂપને કહેવાનો ઉમંગ તે ઉપાદાન અને વાણીનો યોગ તે નિમિત્ત એ રીતે ઉપાદાન-નિમિત્ત બંનેનો મેળ ખાતાં આ ગ્રંથ અલૌકિક રીતે પૂર્ણ થયો છે. જેવો નિર્ણય છે તેવો જ ઉદ્યમ છે.

હવે આચાર્ય પોતાની ઓળખાણ આપે છે. મારા આત્માનો 'નિજ વૈભવ' અર્થાત્ અંતર લક્ષ્મીરૂપ–જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ વૈભવ કેવો છે? આ લોકમાં પ્રગટ સમસ્ત વસ્તુઓને જણાવનાર શબ્દબ્રહ્મની ઉપાદાનથી તેનો જન્મ છે. અહીં મારા અંતરનો વૈભવ પ્રગટ કરતાં નિર્દોષ કારણરૂપે બાહ્ય સંયોગો કેવા હતા, કે જેના વડે નિજ વૈભવનો જન્મ થયો તે કહે છે. જે કોઈ આવો નિજ વૈભવ આત્મામાં પ્રગટ કરે છે તેને પણ આવા જ સંયોગો હોય છે, એમ પણ આમાં ભાવ નીકળે છે. આ લોકમાં સમસ્ત વસ્તુઓનો પ્રકાશ કરનાર અને સ્યાત્ પદની મુદ્રાવાળો જે શબ્દબ્રહ્મ એટલે જેનાથી બધી વસ્તુઓ સંબંધીનું જ્ઞાન પ્રગટ થાય છે, એવું તે સર્વજ્ઞની વાણીમાં સામર્થ્ય છે, એવા પરમ આગમના સેવનથી નિજ વૈભવનો જન્મ છે, તેના સામર્થ્ય કહીશ.

''જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિ પણ તે ભગવાન જો.'' ('અપૂર્વ અવસર')

એમ પણ કોઈ જગ્યાએ આવે છે, ત્યાં અચિંત્ય સ્વરૂપના મહીમા માટે, પરમાર્થ કથનનો ગંભીર આશય સમજી તેને અનુભવમાં ઉતારવા માટે તેમ કહ્યું છે.

અહીં તો શબ્દબ્રહ્મ સમસ્ત વસ્તુને પ્રગટ કરનાર છે અને હું પણ ભગવાનની વાણીમાંથી આત્મસ્વરૂપ સમજ્યો છું, તેથી ક્રમે કરીને વાણી દ્વારા સ્વથી અભિન્નને પરથી ભિન્ન એવા સ્વતંત્ર આત્મસ્વરૂપનું વર્ણન કરીશ, તેવો નિર્ણય જાહેર કરે છે. કેટલી હિંમત! કેટલી દૃઢતા! ઘીના સ્વાદનું જાણપણું હોય પણ વાણી દ્વારા પૂર્ણ કહી શકાય નહિ, ત્યારે અહીં તો આચાર્ય કહે છે કે સર્વજ્ઞના ન્યાય અંતરમાં ઘોળીને પી ગયો છું, તેથી વાણીમાં આત્માનું યથાર્થ સ્વરૂપ કહેવાશે. આત્માનું જે સ્વરૂપ હું સમજ્યો છું તે કહેવાનું સામર્થ્ય મારામાં આવી ગયું છે, તે સ્વરૂપ ન કહી શકાય તેવું કંઈ નથી રહ્યું.

કોઈ કુશળ માણસ સામાના અભિપ્રાયમાં જેટલી વાત છે તેનો બધો ભાવ થોડા શબ્દોમાં સમજી લે છે અને દૃઢતાથી કહે કે 'તમારે જે કહેવું છે તે હું બરાબર સમજી ગયો છું' તેમ આચાર્યદેવ કહે છે કે સર્વજ્ઞ વીતરાગની વાણીમાં આવેલ ભાવોને હું

યથાર્થપણે સમજ્યો છું, તેથી મારા નિજ વૈભવથી યથાર્થ આત્મસ્વરૂપ વર્ણવીશ. આ તો નિમિત્તથી કથન છે, આમાં ખરેખર તો આચાર્ય પોતાનો મહિમા ગાય છે, કેમ કે પરમાર્થે કોઈ કોઈને સમજાવતો નથી. સ્વભાવની દઢતા વડે ઉપાદાનમાં એવું સામર્થ્ય છે, કે જેના યોગે વાણીમાં પણ તે સ્વરૂપને યથાર્થ કહેવાની યોગ્યતા આવી ગઈ છે. વાણીના પરિણમનમાં જીવનો યોગ અને ઈચ્છા નિમિત્ત છે. વ્યવહારથી કહેવાય કે 'બળવાન ઉપાદાન જાગ્યું ત્યાં એવી વાણી આવ્યા વિના રહે નહિ.' બાકી વાણીનું પરિણમન તો સ્વતંત્ર છે. સર્વજ્ઞ વીતરાગનો પુણ્યયોગ પણ ઉત્કૃષ્ટ હોય છે, તેથી તેમની વાણી પણ પૂરી આવે છે. તે વાણીને 'શબ્દબ્રહ્મ' કહે છે ને તેમાં 'સ્યાત્ પદ'ની મુદ્રાવાળો 'રજીસ્ટર્ડ ટ્રેઈડ માર્ક' છે.

સ્યાત્–કથંચિત્ પ્રકારથી અને વાદ=કથન. અર્થાત્ દ્રવ્યના એક ધર્મને મુખ્ય અને બીજા ધર્મને ગૌણ કરીને કહેવું તે સ્યાદ્વાદ. જેમ કે 'વસ્તુ નિત્ય છે' એમ કહેતાં 'વસ્તુ સ્વભાવે નિત્ય (અવિનાશી) છે, એમ સમજવું. 'વસ્તુ અનિત્ય છે' એમ કહેતાં 'ક્ષણે-ક્ષણે બદલતી અવસ્થાની અપેક્ષાએ અનિત્ય છે' એમ સમજવું. વસ્તુનો એક ધર્મ મુખ્યપણે કહેતાં તેમાં બીજા અનંત ધર્મો છે, એ ખ્યાલ બહાર નથી હોતું. જે અપેક્ષાએ કહેવામાં આવે તે ન સમજે, પણ વસ્તુમાં એક જ ધર્મ છે એમ માની લે તે એકાન્ત પક્ષવાળા મિથ્યાદૃષ્ટિ છે. જે અપેક્ષાએ નિત્યપણું છે, તે જ અપેક્ષાએ અનિત્યપણું કહેવાય નહિ. ત્રિકાળી સ્વતંત્ર દ્રવ્યસ્વભાવની દૃષ્ટિએ આત્મા અવિકારીશુદ્ધ છે, જ્યારે વર્તમાન પરનિમિત્તાધીન દૃષ્ટિએ અશુદ્ધ છે, એમ બંને અપેક્ષાવાળું કથન જેમ હોય તેમ યથાર્થપણે સમજી લેવું જોઈએ. જુદા જુદા પ્રકારે જે જે કથન જિનેશ્વરદેવે કહેલ છે, તે વસ્તુના અનેક સ્વભાવ અનુસાર કહેલ છે. તેમાં જણાવેલ અપેક્ષા ન સમજે અને આત્મા પૂર્ણ શુદ્ધ જ છે, એમ માની લે તો વર્તમાન સંસારદશાની અશુદ્ધતા ટાળવાનો પુરુષાર્થ કરી શકે નહિ. સ્વભાવે શુદ્ધ અને વર્તમાન એકેક સમયવર્તી અવસ્થામાં અશુદ્ધ, એમ બંને અપેક્ષા યથાર્થ સમજી લે તો પૂર્ણ શુદ્ધ સ્વભાવને લક્ષે અશુદ્ધતા ટાળવાનો પ્રયત્ન કરે જ કરે. સર્વથા નિર્દોષ કથન સર્વજ્ઞ વીતરાગ કથિત આગમનું જ છે.

અર્હતનાં પરમ આગમ સર્વ વસ્તુઓના સામાન્ય(વચન ગોચર) ધર્મોનું કથન કરે છે અને વચનથી અગોચર જે વિશેષ ધર્મો છે તેમનું અનુમાન કરાવે છે; એ રીતે તે સર્વ વસ્તુઓનાં પ્રકાશક છે, માટે સર્વવ્યાપી કહેવાય છે.

અર્હત=સર્વ પ્રાણીઓએ તથા દેવેન્દ્રોએ પૂજવા યોગ્ય અથવા જેને પવિત્ર આત્મધર્મ પ્રગટ કરવો છે તેઓને પૂજવા યોગ્ય તે અર્હત. તે ભગવાન સદાય પૂજ્ય હોવાથી, તેમની વાણીનું બહુમાન થાય છે. અર્હંત સર્વજ્ઞના મુખથી નીકળેલ પરમાગમમાં

કહેલા ભાવની ઉપાસનાથી 'નિજ વૈભવ' નો જન્મ થયો છે. વાણી તો જડ છે પણ સર્વજ્ઞનો ગંભીર આશય શું છે તેની સમજણની પરમાર્થે ઉપાસના કરી છે, છતાં જિનવાણીમાં ઉપચાર કરી કહે છે કે તેનાથી નિજ વૈભવનો જન્મ છે. આત્મા પોતાની અનંત શક્તિ વડે ત્રિકાળ સ્વતંત્ર છે, આત્માના અનંત ગુણ તે જ અનંતશક્તિરૂપ નિજ વૈભવ; તે અપ્રગટ હતો પણ વર્તમાન અપૂર્વ પુરુષાર્થ વડે, વીતરાગની વાણીને વારંવાર અનુસરવાથી તેનો જન્મ થયો છે.

સર્વજ્ઞે જેવું સ્વરૂપ કહ્યું છે તેવું બરાબર સમજી, તે જ્ઞાનની નિર્મળતાનો અભ્યાસ–પરિચય તે સ્વ સેવા છે. એ સિવાય બીજી કોઈ કાળે આત્માને ગુણ થતો નથી. આ પ્રકારે ગુણની નિર્મળતા થાય છે એમ વિધિ કહેતાં, તેનાથી જે વિરૂદ્ધ તે ખોટું, એમ નિષેધ પક્ષ સમજી લેવો.

સર્વજ્ઞ વીતરાગ જે કહે છે તેનો આશય સમજવાથી આત્માનુભવ પ્રગટ થાય છે. સર્વજ્ઞની વાણીને શબ્દબ્રહ્મ કહેવાથી તે સર્વ પદાર્થને જણાવનાર છે, એમ કહ્યું.

નિત્યત્વ, અનિત્યત્વ, શુદ્ધત્વ, અશુદ્ધત્વ, અસ્તિત્વ, નાસ્તિત્વ એમ અનેક પ્રકારના કથનથી સંપૂર્ણ પદાર્થનું જ્ઞાન કરાવવામાં સમર્થ હોવાથી સર્વજ્ઞની વાણી 'શબ્દબ્રહ્મ' કહેવાય છે. તેનાથી રચાયેલાં અર્હતના પરમાગમોમાં સામાન્ય ધર્મો જેવા કે જીવત્વ, અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, નિત્યત્વ વગેરે કે જેના ધર્મની સંજ્ઞા આપી શકાય અને જ્ઞાન, દર્શન, વીર્ય, ચારિત્ર કે જેને સ્વભાવ–ગુણ–કહેવાય તેનું કથન છે અને વચન–અગોચર વિશેષ ધર્મોનું અનુમાન કરાવવામાં આવે છે, તેથી કાંઈ બાકી રહેતું નથી. એવી રીતે પરમાગમ સર્વ વસ્તુને પ્રકાશક હોવાથી સર્વ વ્યાપક કહેવાય છે અને તેથી તે શબ્દબ્રહ્મ છે.

આત્મા સિવાય પણ દરેક વસ્તુમાં ગુણો છે, અનંત પરદ્રવ્ય છે, તે અનંતથી જુદાપણે અનંત અન્યત્વ નામે ગુણ છે, તેથી જ અનંત રજકણ કે અનંત દેહપણે આત્મા કદી થતો નથી અને કોઈ પરમાણુ બદલીને આત્માપણે થતાં નથી. એમ અનંતથી અન્યત્વપણાના સામર્થ્યરૂપ અનંત ધર્મો દરેક વસ્તુમાં છે તે સર્વને સર્વજ્ઞના આગમ જણાવે છે. તે આશય ગંભીર જાણનાર ધર્માત્મા કહે છે કે સર્વજ્ઞની શબ્દબ્રહ્મરૂપ વાણીમાં જગતના કોઈ ભાવો અજાણ્યા નથી.

જેમ પિતાએ ચોપડામાં લખ્યું હોય કે વૈશાખ સુદ બીજને દિવસે સવારે દસ વાગે દેવળના ઈંડા નીચે લાખો સોના મહોર દાટી છે, તેનો આશય છોકરો સમજે નહિ ને ઈંડુ તોડવા માંડે તો મહોર મળે નહિ ને લક્ષ્મીવાળો થાય નહિ. પિતાએ તો એવા

આશયથી લખ્યું હતું કે વૈશાખ સુદ બીજને સવારે દસ વાગ્યે તે દેવળના ઈંડાનો છાંયો ઘરના ફળિયામાં જે જગ્યાએ આવે ત્યાં સોના મહોર દાટી છે, તેમ ઊંડો આશય છોકરો સમજે નહિ તો ધન મળે નહિ; તેમ સર્વજ્ઞ પ્રણીત શાસ્ત્રોમાં લખેલા શબ્દોના સીધા અર્થ કરવા જાય ને ગંભીરતા ને ઊંડપ સમજે નહિ તો આત્મધનની પ્રાપ્તિ થાય નહિ, માટે તેનો ગંભીર આશયરૂપ અર્થ અંતરમાંથી કાઢવો જોઈએ. 'સબ આગમ ભેદ, સો ઉર બસે' તેમ લોકોત્તર નિધાનનું માહાત્મ્ય આવવું જોઈએ. માહાત્મ્ય કરવા યોગ્ય દુનિયામાં કંઈ હોય તો તે સર્વજ્ઞ પ્રણીત ધર્મ અને ધર્માત્મા જ છે. તે ધર્માત્મા કદાચ વર્તમાન નિર્ધન સ્થિતિમાં હોય, પણ અલ્પ કાળમાં જગતને વંદ્ય ત્રણ લોકનો નાથ થવાનો છે. લૌકિકમાં પુણ્યે મોટો તે મોટો કહેવાય છે વકીલ, ડોક્ટર દિવસમાં કેટલા રૂપિયા પેદા કરે છે તે ઉપરથી તેની કિંમત થાય છે, પણ ખાનદાની કેવી છે, આત્મજ્ઞાન, શ્રદ્ધા કેવાં છે તે ઉપર લોકો જોતાં નથી, પણ બહારમાં જુએ છે, ત્યારે ધર્મમાં તો સ્વતંત્ર આત્મગુણની સમૃદ્ધિ કેટલી છે તે જોવાય છે.

આચાર્ય કહે છે કે પરમાગમની ઉપાસના વડે મને અનુભવ થયો છે, તેમ જે કોઈ સર્વજ્ઞ ભગવાનની અનેકાન્ત વાણી—સત્ શાસ્ત્ર—વાંચે, ન્યાય મેળવી ખૂબ શ્રવણ—મનન કરે તેને આત્માનું જ્ઞાન થયા વિના રહે નહિ. આચાર્યદેવ કહે છે કે અમે સાક્ષાત્ તીર્થંકર પાસેથી સાંભળ્યું છે, તેથી ૐ કારમય વાણીને સૂત્રરૂપે એવી ગૂંથી છે કે જેથી સ્વ-પરનું યથાર્થ સ્વરૂપ જાણી શકાય ને ઉપાદાનનું સામર્થ્ય એટલું છે કે, નિમિત્તરૂપ વાણીમાં યથાતથ્ય કહેવાશે, તે તમો પ્રમામ કરજો.

અહીં સુધી સ્વપક્ષની વાત કરી, હવે પોતાના સ્વભાવની પુષ્ટિ અને વિભાગ—રૂપ મિથ્યામતની નાસ્તિ કેમ કરી, તે કહે છે.

સમસ્ત વિપરીત પક્ષવાદી—સર્વથા એકાન્ત પક્ષવાદીઓના વિરોધી ભાવનું નિરાકરણ (ખંડનપૂર્વક સમાધાન) કરવામાં સમર્થ જે અતિનિસ્તુષ★ નિર્બાધ યુક્તિ તેના અવલંબનથી 'નિજ વૈભવ' પ્રગટ કર્યો છે; અંધ શ્રદ્ધાથી નહિ. જગતમાં ધર્મના નામે ઘણા અભિપ્રાયો છે. કોઈ આત્માને કુટસ્થ નિત્ય જ કહે છે, કોઈ અનિત્ય જ કહે છે અથવા કોઈ તદ્દન શુદ્ધ જ કહે છે એટલે સંસાર, બંધન તથા મોક્ષ અવસ્થા પણ નથી, એમ કહે છે, પણ વસ્તુસ્થિતિ તેથી જુદા પ્રકારની છે. એવી રીતે એકાંત ધર્મને માનનારા મિથ્યાવાદી છે. આત્માને નિત્ય માનનારને ક્ષણે-ક્ષણે બદલાતી અવસ્થા ખ્યાલમાં હોવી જોઈએ. જો વર્તમાન અવસ્થાથી બદલવું ન માને તો રાગ, દ્વેષ, બંધન ભાવ ટાળી વીતરાગ થવાનું બને નહિ. વળી કોઈ આત્માને એકાંત આનંદ સ્વરૂપ જ માને, વર્તમાન અવસ્થાને ન માને તો ભૂલ છે, વર્તમાન સંસારદશામાં શુભ-અશુભ ભાવ વડે પ્રત્યક્ષ

દુઃખ ભોગવે છે. પુણ્ય-પાપના વિકારી ભાવો આત્મામાં થાય છે તેનો કર્તા અજ્ઞાની જીવ છે. દયા, દાન, વ્રત, સેવા આદિ પુણ્યભાવ છે. હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહની મમતા આદિ પાપભાવ છે, તે એની મેળે થતા નથી; આત્મા અજ્ઞાનભાવે તેને પોતાના માનીને કરે છે, પણ તે આત્મસ્વભાવ નથી. પરથી જુદાપણાના ભાનભાવે પુણ્ય-પાપનો નાશક પોતે છે, જ્ઞાનભાવે શુદ્ધાત્માની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતારૂપ ચારિત્રનો કર્તા થતાં અવગુણ ભાવ નાશ પામે છે. પ્રથમ શ્રદ્ધામાંથી પુણ્ય-પાપનું કર્તાપણું, પરનું સ્વામીત્વ ટળવું જોઈએ. અજ્ઞાનભાવે પરમાં સુખ-બુદ્ધિ અને પુણ્ય-પાપનું કર્તાપણું છે છતાં તેને ન માને તો તે પણ ભૂલ છે. આત્માનું એકાન્ત સ્વરૂપ નથી. એવા જે કોઈ મિથ્યામત છે તેનું નિરાકરણ કરવામાં સમર્થ અતિનિસ્તુષ★ નિર્બાધ યુક્તિ તેનાથી નિજવૈભવ પ્રગટ કર્યો છે. નિર્બાધ ન્યાયબળ વડે મિથ્યામતિના કુતર્કને તોડી સત્યનું સ્થાપન કરીને નિર્મળ સ્વભાવ પ્રગટ કરેલ છે.

વિકારનું કાર્ય કરવા જેવું છે એમ માનનારા વિકારને તોડી શકે નહિ. કોઈ આત્માને એકાન્ત શુદ્ધ જ માને, અજ્ઞાનભાવે વિકાર કરે છે, છતાં ન માને તો વિકાર તોડી શકે નહિ. પુણ્ય બંધન છે માટે મોક્ષમાર્ગમાં તેનો નિષેધ છે, વ્યવહારે પણ તેનો નિષેધ કરી પાપ માર્ગમાં પ્રવૃત્તિ કરે તો તે પાપ તો કાળકૂટ ઝેર છે. એકલા પાપથી તો નરક નિગોદમાં જશે. શ્રદ્ધામાં તો પુણ્ય-પાપ બંને હોય છે, પણ વર્તમાનમાં શુદ્ધમાં ન રહી શકે તો શુભમાં જોડાય પણ અશુભમાં તો ન જ જાય. પુણ્યભાવ છોડી પાપ ભાવ કરવો તે તો કોઈ રીતે ઠીક નથી. વળી કોઈ પુણ્યભાવને જ ધર્મ માની લે તો ધર્મ ન થાય. કોઈ કહે કે પુણ્યભાવ નથી કરવો અથવા કહે કે સામાનાં પુણ્ય હશે તો મારી તૃષ્ણા ઘટશે, એમ ખોંટા બ્હાનાં કાઢે છે, પણ નિર્વિકલ્પ શુદ્ધ ભાવને તો પામ્યો નથી, ને પુણ્યભાવ કરવો નથી, તો શું પાપમાં જ જવું છે? તૃષ્ણા ઘટાડવી તો તારા પરિણામને આધીન છે, સામાના પુણ્યને આધીન નથી, માટે વર્તમાન યોગ્યતા પ્રમાણેનો બધો વિવેક પ્રથમ સમજવો જોઈએ. વળી કોઈ શુભ ભાવમાં જ સંતોષ માની રોકાઈ જાય, તેનાથી ધીમેધીમે ધર્મ થશે એમ પુણ્યને ધર્મનું સાધન માને તો તેના પણ ભવ ફેરા ટળશે નહિ. ધર્મની શરૂઆત કરવાની ઈચ્છાવાળાએ તીવ્ર આસક્તિ તો ઘટાડવી જ જોઈએ, પણ તેનાથી તરી જવાશે એમ માને તે ખોટું છે; માટે પુણ્ય, પાપ અને એ બંનેથી રહિત એવો ધર્મ, તે દરેકનું સ્વરૂપ જાણવું જોઈશે.

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ. *(આત્મસિદ્ધિ ગાથા—૮)*

---

★ નિસ્તુષ—ફોતરાં વગરના અખંડ ચાવલ જેવો સ્પષ્ટ ન્યાય..

અક્રિય જ્ઞાનાનંદ શુદ્ધ છું એ નિશ્ચય અને તેમાં અંશે સ્થિરતા વધારી રાગ ટાળવો તે વ્યવહાર. અશુભથી બચવા માટે શુભ ભાવમાં જોડાવું તે પણ વિકાર છે; તે મારૂં સ્વરૂપ નથી એમ સમજવું અને પરિણામ સુધારવાનો પ્રયત્ન રાખવો તે આત્માર્થીનું કર્તવ્ય છે. પુણ્યપાપરૂપ વિકારથી પાછો ખસી, અંતરમાં અરૂપી જ્ઞાનશાંતિમાં ઠરવું, એ જ કર્તવ્ય છે. તે માને અને આચરે તથા તે જ માનવા આચરવાની અંતરથી ભાવના રાખે તે પણ આત્માર્થી છે. આચાર્ય કહે છે કે 'સત્યમાં અસત્યનો નિષેધ છે, સત્યના સ્થાપનથી મારો વૈભવ પ્રગટ્યો છે' સાચું સમજતાં ખોટું છૂટી જ જશે, સાચું સમજાય તેને ખોટું શું છે તે સમજ્યા વગર રહે જ નહિ. સત્યમાં અસત્યની નાસ્તિ છે.

કોઈ કહે કે આપણે ખરા ખોટા ધર્મની પરીક્ષા કરવી નથી, અવગુણ શું કહેવાય તે જાણવું નથી, જ્યાંથી જેવું મળે ત્યાંથી તેવું લેવું છે, એમ કહેનાર તો ગારના ખીલા જેવા અથવા ધજાની પૂછડી જેવા છે. જ્યાં જાય ત્યાં હાજી હા કરે, સત્ય-અસત્યને ન્યાયથી–પ્રમાણથી સમજે નહિ. એકને સાચું માનશું તો બીજા ઉપર દ્વેષ આવશે, માટે બધાને સરખા માનવા, એમાં તો અવિવેક અને મૂઢતા છે. ગોળ અને ખોળ સરખા માનો, અનાજ અને વિષ્ટા, સજ્જન અને દુર્જન સરખા માનો એમ કહે છે, પણ ઘેર રોટલી કે દાળમાં ફેર પડે ત્યાં તો વિરોધ કરે છે. સંસારમાં–ઘરમાં–સારા-નરસા ભાવનો વિવેક કરે છે અને પરમાર્થમાં વિવેક ન કરે, અસત્યને સત્યમાં તે સત્યને અસત્યમાં ખતવે તે મૂઢતા છે, સમભાવ નથી. બધા ભગવાન છે, પણ તે તો શક્તિરૂપે છે; કેમ કે વર્તમાન અવસ્થામાં ફેર છે. ઝેર અને અમૃત, સ્ત્રી અને પુત્રી, બેઉ સરખાં એમ માનવું તેમાં વિવેક શું રહ્યો? દીકરી, સ્ત્રી અને માતા 'સ્ત્રી'પણે સરખાં છે, પણ વર્તમાન લોક વ્યવહારમાં સરખા નથી. તે ન સમજે તેને લૌકિકમાં મૂર્ખ કહેવાય છે. તેમ લોકોત્તર આત્મધર્મમાં પણ વિવેક ન રાખે તો તે પણ મૂર્ખ કહેવાય છે માટે સાચા ખોટાને સમજી, સાચાનો જ સ્વીકાર કરવો જોઈએ. જેનાથી ધર્મ સમજવો છે તે પોતે ધર્મ પામ્યો છે કે નહિ, તેનામાં અલૌકિક ગુણ શું છે, વગેરે પ્રથમ જાણવું જોઈએ.

આચાર્ય કહે છે કે 'ત્રિલોકનાથ સર્વજ્ઞના મુખથી નીકળેલ વાણીમાં ગૂઢ અર્થ શું છે, તે સમજીને અમે સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન અને અંતર રમણતારૂપ ચારિત્ર પ્રાપ્ત કર્યું છે અને તેનાથી વિરોધી માન્યતાનું નિર્બાધ યુક્તિથી ખંડન કર્યુ છે, તેમાં યથાર્થ સત્‌ની જાહેરાત છે. સત્‌ની જાહેરાતમાં વીતરાગતાની જાહેરાત છે. નિસ્તુષ નિર્બાધ યુક્તિના બળ વડે કોઈની ખોટી યુક્તિ નભવા નહિ દઉં.' જે કહેવાય તે બધામાં અંધશ્રદ્ધા વડે હા પાડવાની ના કહી છે.

'સર્વજ્ઞના વચનના આશયને સેવીને' એમ પ્રથમ અસ્તિ પક્ષથી કથન છે અને

પરમાં કર્તાપણું, પરથી લાભ-હાનિ વગેરે માનનારા મિથ્યામતવાળા તથા એકાંતવાદીના કુતર્કનું અખંડ નિર્બાધ યુક્તિથી ખંડન કર્યું, એમ નાસ્તિ પક્ષથી કથન છે એવા જ્ઞાન વડે જે નિજવૈભવનો જન્મ છે, તે સર્વથી આત્માનું વર્ણન કરીશ એમ પોતાની નિર્મળતામાં આગળ વધવા માટે નિશ્ચય કર્યો છે અને નિમિત્તમાં કથન પણ જેમ છે તેમ થશે તેમ કહ્યું છે. બીજાને પૂરું ન સમજાવી શકે એવો યોગ પણ કદાચ કોઈને હોય પણ અહીં તો જગતના મહાન પુણ્યને લીધે અને કુદરતના કોઈ શુભયોગ વડે આચાર્યે અંતરભાવ પ્રમાણે વાણીમાં પણ યથાર્થ કથન કર્યું છે.

આચાર્યદેવ કહે કે મેં મારો ભાવ અખંડપણે ટકાવી રાખ્યો છે. ન્યાયબળથી, અનુભવથી મે જાણ્યું છે, તેથી ક્યાંય સ્ખલના થશે નહિ.

કોઈ કુતર્કથી પુણ્ય વડે ધર્મ મનાવે તો જ્ઞાની તેને સત્ય ન માને, પરંતું કહે કે ઝેર ખાવાથી અમૃતના ઓડકાર કદી પણ ન આવે, તેને જે ભાવે બંધન થાય તે ભાવે કદી મોક્ષ તો ન થાય પણ મોક્ષમાર્ગની શરૂઆત પણ ન થાય.

કોઈએ લાંબા સમય સુધી બાહ્યધર્મ કર્યો હોય અને એમ કહે કે ધર્મ ગમે તેટલો કર્યો હોય પણ મૃત્યુ સમયે કોઈ તીવ્ર અશાતાનો ઉદય આવે તો આત્માનું અહિત પણ થઈ જાય. ધર્મના ફળમાં આવું બને એમ જે માને છે, તેને આત્માની શ્રદ્ધા જ નથી. જેને સ્વતંત્ર આત્માની પૂર્ણપણે શ્રદ્ધા છે તેનું કોઈ કાળે, કોઈ સંયોગમાં પણ અહિત ન જ થાય. નિત્ય, અવિનાશી આત્મામાં જે જાગૃત છે તેને ત્રણ કાળ, ત્રણ લોકમાં વિઘ્ન નથી. પોતે પરથી ભિન્ન છે, છતાં પરથી વિઘ્ન માને તેને જુદા સ્વતંત્ર સ્વભાવની શ્રદ્ધા જ નથી. જગતની મૂર્ખાઈ કેટલીક કહેવાય! અનેક પ્રકારે કલ્પના કરી પરથી લાભ-હાનિ માનનાર સદા આકૂળ જ રહે છે.

નિજ વૈભવના જન્મથી બંધનભાવનો વ્યય કરીને સ્વાધીન મોક્ષભાવની ઉત્પત્તિ કરી છે. કોઈ કહે કે આત્માને તો જાણ્યો, જ્ઞાન તો કર્યું, પણ બંધનભાવ ટળ્યો કે નહિ, તેમ જ મિથ્યાત્વ ટળ્યું કે નહિ તેની ખબર નથી, તો તેણે આત્મા જાણ્યો જ નથી. ગુણની પ્રગટદશા દ્વારા અને સર્વજ્ઞના કહેલા ભાવને અનુસરી, કુતર્કનું ખંડન કરી, મિથ્યાભાવનો નાશ કરી, સ્વભાવનું ધ્રુવપણું અહીં સ્થાપ્યું છે. આમાં ઘણા ન્યાય આવ્યા છે.

સમયસાર ગ્રંથાધિરાજ છે, તેના મંત્રો ઘણા ગૂઢ છે, અંતર વૈભવનો મહિમા અપાર છે, તેનું વર્ણન કરવામાં ગણધરદેવ પણ પાર ન પામે. કોઈ કહે કે મેં સાંભળી લીધું કે આત્મા જુદો છે, પુસ્તક વાંચી લીધું, માટે જાણપણું થઈ ગયું પણ તેમ નથી.

નિવૃત્તિ લઈ ખૂબ શ્રવણ, મનન, અભ્યાસ કરવો જોઈએ, તો જ આ વાત સમજાય તેવી છે.

નિજ વૈભવ પ્રગટ થવામાં બીજા ક્યા ક્યા કારણો નિમિત્તરૂપ છે, તે હવે કહેશે.

તા. ૧–૭–૪૩.

સમયસારજી શાસ્ત્ર છે તે સર્વજ્ઞ તીર્થંકર ભગવાનનું પેટ છે. આચાર્યદેવે નિજ વૈભવથી તેમાં આત્મસ્વભાવ વર્ણવ્યો છે 'તમે તમારા અંતર અનુભવથી પ્રમાણ કરજો, કેમ કે આત્માના અખંડ સ્વભાવની જે વાત કહીશ તેમાં કોઈ ભૂલ થવાની નથી' એમ આચાર્યદેવ કહે છે. વળી તે નિજ વૈભવ કેવો છે? નિર્મળ વિજ્ઞાનઘન જે આત્મા તેમાં અંતર્નિમગ્ન પરમગુરુ—સર્વજ્ઞદેવ અને અપરગુરુ—ગણધરાદિકથી માંડીને અમારા ગુરુ પર્યંત,—તેમનાથી પ્રસાદરૂપે અપાયેલ જે શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ તથા પૂર્વાચાર્યો અનુસાર જે ઉપદેશ તેનાથી જેનો જન્મ છે.

પૂર્ણ સ્વરૂપમાં સ્થિર, અંતર સ્વભાવમાં નિમગ્ન (સંપૂર્ણપણે લીન) એવા પરમગુરુ એટલે સર્વજ્ઞદેવ ને અપરગુરુ એટલે ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંત અને બીજી રીતે કહીએ તો ત્રિકાળી ધ્રુવ પોતાનો આત્મસ્વભાવ તે જ પરમગુરુ છે.

આ વાણીનો પ્રવાહ ક્યાંથી આવ્યો છે? સર્વોત્કૃષ્ટ ગુણના સ્વામી તીર્થંકર, તેમના નિકટવાસી અપરગુરુ—ગણધરદેવો, જેમણે સાક્ષાત્ વાણી સાંભળી, ઝીલી તેની પરંપરાથી, પૂર્વાચાર્યોથી અમારા ગુરુ પર્યંત સર્વજ્ઞનો વાણી પ્રવાહ આવ્યો છે. તેને કુંદકુંદાચાર્યદેવે તથા અમૃતચંદ્ર આચાર્યદેવે પ્રસાદરૂપે અંગીકાર કરેલ છે.

બાપની મૂડી પુત્રો પરાણે લે અને બાપ ખુશી થઈને આપે તેમાં ફેર છે. પિતા પુત્રની લાયકાત જોઈને મૂડી આપે તેમ આચાર્યદેવ કહે છે કે મહાન પવિત્ર સંત, જેના રાગ-દ્વેષ બહુ ઘટી ગયા હતા, બાહ્ય તેમ જ આભ્યંતર પરિગ્રહથી રહિત નિગ્રંથ મુનિ હતા તે મારા ગુરુ તેમની મહેરબાનીથી, પ્રસન્નતાથી મને સદુપદેશ મળ્યો, તેનાથી મારો વૈભવ પ્રગટ્યો છે. એમ ગુરુનો મહિમા ગાયો છે. જેમ પુત્ર પિતાનું માહાત્મ્ય કરવા કહે કે તેમના પ્રતાપે સુખી છીએ. અંતરમાં તો જેમ છે તેમ જાણે છતાં વિનયથી પિતાનો જ મહિમા કહે, તેમ અહીં શ્રીગુરુના પ્રસાદથી સ્વાનુભવ થયો, એમ વિનયથી કહ્યું છે. તેમના આશ્રયે અંતરથી મેળવેલું કહીશ, કલ્પનાથી ઘડેલું કહીશ નહિ.

વીતરાગ જેવા નિગ્રંથ મુનિ જે શિષ્ય ઉપર મહેરબાની કરીને ઉત્તમ બોધ આપે તે શિષ્યની લાયકાત કેટલી! પરંતુ 'હીરા મુખસે ના કહે લાખ હમારા મૂલ.' આચાર્યદેવ લોકોત્તર વિનયથી કહે છે કે શ્રી ગુરુ કે જેઓ તદ્દન નગ્ન, આત્મધ્યાનમાં મગ્ન, અપ્રમત ગુણસ્થાનની વીતરાગદશામાં લીન હતા, પણ 'બીજા જીવો ધર્મ પામે તો ઠીક' એવી શુભવૃત્તિ ઊઠતા ઉપદેશ આપતા, વળી તે વૃત્તિથી છૂટી આત્મરમણતામાં સ્થિર થઈ જતા, તેવા ગુરુ પાસેથી અમને ઉપદેશ મળ્યો છે, એમ કહેતાં ઉપદેશ લેનારમાં પણ કેવી લાયકાત હતી, તે સમજાય તેવું છે.

આત્મા અનંત કાળમાં જે અપૂર્વ વસ્તુ સમજ્યો નથી, તે સમજવા માટે ખાસ પાત્રતા જોઈશે. સંસાર વ્યવહારમાં અનીતિનો ત્યાગ, ઈન્દ્રિયવિષયોની આસક્તિ અલ્પ, આત્મતત્ત્વની જિજ્ઞાસા, નિર્માનતા, સજ્જનતા, સત્ સમજવાનો પ્રેમ વગેરે પ્રથમ જ જોઈએ. ચોરાસી લાખના બંધનનો ત્રાસ, સંસારની અશરણતા, પર આશ્રયપણાનું દુઃખ વગેરેનો વિચાર કરીને પરમ સત્યની અંતરમાં તીવ્ર જિજ્ઞાસા હોય તેને પાત્રતા પ્રગટે છે.

પોતાનામાં પૂર્ણ પાત્રતા હતી, તે નહિ ગણાવતા આચાર્ય કહે છે કે, 'અમારા ગુરુએ શુદ્ધ આત્મત્તત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ આપ્યો,' એમ ગુરુનું બહુમાન કરે છે. વળી કહે છે કે 'અમારી જેમ, જે કાંઈ લાયક જીવ સમજીને તેમનું બહુમાન કરશે તે અમારા જેવો અવશ્ય થશે. અમારે ચોરાસીના અવતાર નથી, ભવનો ભાવ પણ રહ્યો નથી, તેમ સાચું સમજનારનું ભવભ્રમણ ટળી જશે.'

જેને ભવનો થાક લાગ્યો હોય, જેને આત્મા કેવો છે તે સમજવાની જિજ્ઞાસા જાગી હોય, તેને સાચા ગુરુ મળે જ.

અહીં ગુરુએ યથાર્થ લાયકાત જોઈને શુદ્ધ આત્મતત્ત્વનો ઉપદેશ આપ્યો છે કે આત્મા પરમાનંદસ્વરૂપ, નિર્મળ જ્ઞાતાદષ્ટા છે, પુણ્ય-પાપની વૃત્તિથી રહિત છે, પરથી ભિન્ન છે, પરનો કર્તા-ભોક્તા નથી. કાંઈ બીજી વાત ન કહેતાં 'આત્મા પૂર્ણ છે, શુદ્ધ જ્ઞાયક છે,' એમ સ્વભાવનો ઉપદેશ આપ્યો.

ઉપર ત્રણ વાત કહી. (૧) મહેરબાની, (૨) શુદ્ધત્તત્વ અને (૩) તેનો અનુગ્રહપૂર્વક ઉપદેશ. અનુગ્રહ :—અમારી યોગ્યતા અનુસાર જ્યાં જ્યાં જેમ જેમ જોઈએ ત્યાં ત્યાં તેમ તેમ સમજાવીને પોષણ આપ્યું. અમુક વાતનો ન્યાય આનાથી કેમ પકડાય, અપૂર્વ તત્ત્વસ્વભાવની પ્રાપ્તિ કેમ થાય, તેની અસ્તિ—નાસ્તિ વડે સ્પષ્ટતા કરીને આત્મનિરોગતાનો સીધો ઉપાય બતાવ્યો છે, એમ સમજણપૂર્વક શ્રી કુંદકુંદાચાર્ય અને શ્રી અમૃતચંદ્રાચાર્ય ગુરુનો ઉપકાર ગાય છે, તે તેમનો કેટલો વિનય! પોતે સમજેલા છતાં શ્રી

ગુરુની કૃપાનો મહિમા ગાય છે. ખરેખર રીતે કોઈ કોઈની ઉપર કૃપા કરી શકે નહિ, કેમ કે કોઈના ભાવ બીજાને લાભરૂપ નથી, છતાં આ કથન વ્યવહારથી કર્યું છે; બહારથી ગુરુનું માહાત્મ્ય કરે છે અને અંતરથી પોતાને રુચેલા ગુણનું માહાત્મ્ય કરે છે, તે પોતાની શ્રદ્ધાની દૃઢતા માટે છે.

પેંથીએ–પેંથીએ તેલ અને વાળે વાળે મોતી નાખે તેમ અંતરના ભાવને સ્પષ્ટપણે આચાર્યદેવે વ્યક્ત કર્યા છે, કે જેથી આત્માના અસંખ્યાત પ્રદેશમાં તે સીધા ઉતરી જાય, એટલે કે ઊંડાણથી અનુભવમાં આવી જાય, તેવું અલૌકિક કાર્ય આચાર્યપ્રભુ કરી ગયા છે.

જેમ કોઈ પાત્ર જીવને સાક્ષાત્ સમ્યક્દર્શન થાય તેવો સીધો ઉપદેશ ગુરુ આપતા હોય ત્યાં કોઈ વચ્ચેથી થોડું ઘણું જેમ તેમ સાંભળી લે, એમ અદ્ધરથી કે અવિનયથી આ ઉપદેશ લીધો નથી, એટલે કે કોઈનું કાન જોંટણીયું નથી, આ તો સીધો ઉપદેશ લીધો છે.

જે જમીનમાં ક્ષાર હોય તેમાં અનાજ વાવે તો ઊગે નહીં, પણ અનાજ ઉગાડવા માટે ઉત્તમ ભૂમિ જોઈએ, તેમ નિર્મળ તત્ત્વનો સ્પષ્ટ ઉપદેશ જીરવવા માટે ઉત્તમ પાત્રતા જોઈએ. આવા પ્રકારની પાત્રતા જોઈને મારા ગુરુએ મને ઉપદેશ આપ્યો, તેમના કહેલા યથાર્થ ભાવને શ્રવણ–મનન દ્વારા ધારણ કરવાથી, તેમની આજ્ઞાને પૂરા વિનય વડે સેવવાથી મારામાં શુદ્ધ, પવિત્ર આત્માનું અપૂર્વ જ્ઞાન પ્રગટ થયું છે.

વળી તે નિજવૈભવ કેવો છે! જે નિરંતર ઝરતો–આસ્વાદમાં આવતો, સુંદર જે આનંદ–મનના સંકલ્પ-વિકલ્પથી પર એવો અતીન્દ્રિય આનંદ–તેની છાપવાળું જે પ્રચુરસંવેદનસ્વરૂપ સ્વસંવેદન, તેનાથી જેનો જન્મ છે. આમાં શ્રી કુંદકુંદાચાર્યદેવ પોતાની વર્તમાન સ્થિતિની વાત કરે છે. જેમ ડુંગરામાંથી ઝરણા ઝર્યાં કરે તેમ અંતરમાં ત્રણ કષાય તૂટીને આત્માની શાંતિ ને સમૃદ્ધિની જમાવટ થઈ, તેમાંથી નિરંતર સ્વરૂપલીનતાનો આનંદ ઝર્યા કરે છે. સંસારમાં સુખ માની જીવ આકુળતા વેદે છે. તે તરફથી લક્ષ બદલી, સ્વભાવના ભાન વડે અંતરમાં સ્થિર થઈ, આનંદની ઊંધી દશા કાઢી નાખે તો એકલો જ્ઞાનાનંદ રસ રહે છે. ધારાવાહી શાંતિનો–અનાકૂળ આનંદનો જાતે સ્વાદ લીધો છે, ને પછી ઉપદેશની વૃત્તિ આવી છે, ત્યારે આ શાસ્ત્ર રચાયું છે.

જગતના જીવો વિકારમાં જ સંતોષ માની આકૂળતાનો સ્વાદ લે છે, પણ જડનો એટલે કે પરનો સ્વાદ લઈ શકાતો નથી. સંસારના કલ્પિત આનંદથી તદ્દન જુદી જાતનો આનંદ, આત્માનો અતીન્દ્રિય નિરાકૂળ આનંદ નિરંતર સ્વાદમાં આવે તે જ આત્માનંદના અનુભવની છાપ છે, તે જ સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાનનું લક્ષણ છે. પોતાની માનેલી

શ્રદ્ધાથી અને ગુરુગમના આશ્રય વિના કોઈ એમ માની બેસે કે અમને આત્માનો આનંદ પ્રગટ્યો છે, તો તે ખોટી વાત છે. સર્વજ્ઞદેવથી ચાલી આવતી પરંપરા રાખીને પોતાના અનુભવના આનંદની છાપ અહીં પ્રગટ કરી છે. આત્માના અનુભવ વિના માત્ર શુભભાવ જન્મે તેને આત્માનો આનંદ કહેવાય નહિ. આ તો નિગ્રંથ મુનિ છે, એટલે વિશેષ સ્થિરતામાં આવીને કહે છે, કે અમને પ્રચુરસંવેદન (ઘણો આનંદ) પ્રગટેલ છે. ચોથી ભૂમિકાએ, ગૃહસ્થદશામાં સમ્યક્‌દૃષ્ટિને આત્માનો આનંદ હોય, પણ વિશેષ ન હોય. છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝુલતા મુનિને પણ કેવળજ્ઞાનીની સરખામણીએ પૂર્ણ આનંદ હોય. પૂર્ણ આનંદ તો કેવળજ્ઞાનીને જ હોય. મુનિને મધ્યમ દશાનો ઉત્તમ આનંદ વર્તે છે પણ તે ચોથી, પાંચમી ભૂમિકા કરતાં ઘણો વધારે છે. તેનો તેઓ અનુભવ સ્વરૂપ ભોગવટો કરી રહ્યા હોય છે.

કોઈ મોટું અપમાન થયું હોય, પૈસા ગયા તેનું દુઃખ હોય, પુત્ર, પુત્રીમાં ફેરફાર હોય, ઘરમાં સ્ત્રી સાથે વિરોધ થયો હોય, તેના ઊકળાટમાં પ્રચુર આકૂળતાનું વેદન થાય છે. જોકે જડના સંયોગ-વિયોગથી આકૂળતા નથી પણ પોતાના અજ્ઞાનથી આકૂળતા છે. તેનું વેદન તે આત્માના અનાકૂળ સુખનો વિકાર છે. તેનાથી વિરુદ્ધ એવા સમ્યક્‌દર્શન, જ્ઞાન ને અંતર લીનતાથી આત્મામાં પ્રચુર આનંદ સાક્ષાત્ વેદાય છે.

શાસ્ત્રમાં આવે છે કે 'અણગારે જાયા' અર્થાત્ અણગાર સ્વરૂપે જેનો જન્મ થયો છે, એવા શ્રી કુંદકુંદઆચાર્યદેવે પંચમકાળે અમૃત મેહ વરસાવી સનાતન જૈન શાસનને જીવંત રાખ્યું છે.

કોઈની પાસે ઘણી મૂડી હોય તો જગત કહે કે આને આટલી બધી લક્ષ્મીની પ્રાપ્તિ ક્યાંથી થઈ? તો કહેવાય છે કે ઘરનો પાયો ખોદતા પાંચ કરોડ નીકળ્યા, પાંચ કરોડ વેપાર ધંધામાથી, પાંચ કરોડ તેના કાકાના વારસામાંથી મળ્યા અને કંઈક પોતાની મૂડી હતી; તેમ આચાર્યદેવ કહે છે કે અમારી આત્મરિદ્ધિ પ્રગટ થવામાં ચાર કારણો છે.

(૧) શબ્દબ્રહ્મરૂપ પરમાગમની સેવા.

(૨) કુતર્ક ને કુમતનું ખંડન કરનાર નિર્બાધ અખંડ યુક્તિ.

(૩) સર્વજ્ઞ ભગવાનથી આવેલ પરંપરા ગુરુનો ઉપદેશ.

(૪) જાત અનુભવ.

ઉપરોક્ત ચાર કારણો નિજવિભવ પ્રગટ થયો છે, તે સર્વથી મેં આત્માને વર્ણવવા પ્રયત્ન કર્યો છે.

હું દર્શાવું છું અને હું દર્શાવું તો તમે પ્રમાણ કરજો એમ કહી, કહેનારના તથા સાંભળનારના ભાવનું ઐક્ય કરે છે. હું અવિરૂદ્ધ નિર્ણયથી રહીશ, તમે જો તેમ જ સમજશો તો ભૂલ નહીં થાય. અન્યથા કુતર્કને વાદથી પાર આવે તેવું નથી. તમે જાતે, પ્રત્યક્ષ સ્વાનુભવથી, પરીક્ષા કરી પ્રમાણ કરજો, (નિર્ણય કરજો). અંતરતત્ત્વમાં બહારની પરીક્ષા કાર્યકારી નથી. પોતે તો શુદ્ધતત્ત્વનો અનુભવ કરીને કહ્યું છે, પણ શ્રવણ કરનાર ઉપર આટલી જવાબદારી મૂકી છે કે તમે જાતે જ અનુભવ કરીને નિર્ણય કરજો. આત્મા, મન અને ઈન્દ્રિયોથી અગોચર છે, તેથી પોતાના અંતર જ્ઞાન સ્વભાવથી જે તેને જાણવાનો પ્રયત્ન કરશે તેને તે મારી પેઠે પ્રત્યક્ષ થશે જ.

જેના અહોભાગ્ય હોય તેને આ તત્ત્વ સાંભળવાનું પ્રાપ્ત થાય અને અપૂર્વ પાત્રતાથી આત્મ પુરુષાર્થ કરે તો પરમાર્થની પ્રાપ્તિ થાય. સ્વસમજણ કર્યા વગર અનંતવાર સાક્ષાત્ તીર્થંકર પાસે જઈ આવ્યો, ત્યાં તીર્થંકરના દેહને જોયો પણ પોતાનું લક્ષ કર્યું નહિ. તીર્થંકરદેવ જેવું ઉત્કૃષ્ટ નિમિત્ત જગતમાં બીજું કોઈ નથી ત્યાં પણ સ્વભાવની ના પાડનારા અને ઊંધાઈ સેવનારા હતા અને અનંતકાળ તેવા રહેવાના પણ છે. અવળાઈમાં પણ સૌ સ્વતંત્ર છે, તેથી કોણે કોને તારે?

દુનિયા તો જેમ છે તેમ રહેશે. પોતે સમજે દુનિયાની ઉપાધિ શા માટે રાખવી? લોકો શું માને છે તેના ઉપર દૃષ્ટિ રાખવી ન જોઈએ, પણ સર્વજ્ઞ શું કહે છે તેની અંતર પરીક્ષા કરવી જોઈએ. પરમાર્થ ન સમજે અને માત્ર બાહ્ય પ્રવૃત્તિમાં રોકાય, તો તેનાથી જન્મ-મરણ કદી પણ ટળે નહિ. કદાચ મંદ કષાય કરે તો પુણ્ય બાંધી સ્વર્ગમાં જાય, પરંતુ આત્મા પરથી ભિન્ન છે, તેવી યથાર્થ શ્રદ્ધા વગર મોક્ષનો સહજ પુરુષાર્થ નહિ થાય. જીવે પાપભાવ કરતાં પુણ્યભાવ તો અનંતવાર કર્યા છે, પણ અહીં તો ધર્મની વાત છે. પુણ્યથી ધીમે ધીમે ધર્મ થશે, પર અવલંબનથી આત્મગુણ પ્રગટશે વગેરે પ્રકારની ઊંધી માન્યતાઓ અનાદિની છે. નિમિત્તાધીન દૃષ્ટિથી સંસારમાં ભવભ્રમણ છે. પુણ્ય, પાપ અને રાગનો અંશ માત્ર મારા સ્વભાવમાં નથી, હું એક જ્ઞાયક માત્ર છું, એમ સમજ્યા વિના ચોરાશીના અવતારનો એકે આંટો ટળશે નહિ. ભવ ઘટે નહિ તો મનુષ્યભવ પામ્યાનું ફળ શું?

લૌકિક નીતિ પાળે તેનો નિષેધ ન હોય, પણ એવી વ્યવહાર પાત્રતા તો બાહ્ય આચરણમાં ગણાય. હવે અંતરમુખદૃષ્ટિ કરીને સત્ સમાગમથી આત્માનો અનુભવ કરવાની આવશ્યકતા છે. તેના વિના બીજું બધું અનંતકાળમાં જીવે કર્યુ છે પણ તે બધાં સાધનો બંધનરૂપ થયાં.

"યમ નિયમ સંજમ આપ કિયો,
પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;
વનવાસ લીયો, મુખ મૌન રહ્યો,
દૃઢ આસન પદ્મ લગાય દિયો.

મનપૌનનિરોધ સ્વબોધ કિયો,
હઠજોગ પ્રયોગ સુ તાર ભયો;
જપભેદ જપે, તપ ત્યૌંહિ તપે,
ઉરસેં હિ ઉદાસી લહિ સબપેં.

સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે,
મત મંડન ખંડન ભેદ લિયે;
વહ સાધન બાર અનંત કિયો,
તદપિ કછું હાથ હજું ન પર્યો."

(શ્રીમદ્ રાજચંદ્ર)

પાંચ મહાવ્રત અનંતવાર પાળ્યાં, કડક અભિગ્રહ–જેમ કે મોતી નામની બાઈ હોય, મોતીવાળી છાપનો સાડલો પહેર્યો હોય, મોતીચુરનો લાડવો હાથમાં હોય અને તે આહારની વિનંતી કરે તો જ આહાર ખપે, એવા કડક અભિગ્રહ પણ અનંતવાર લીધા, સંયમ પાળ્યો, ઈન્દ્રિય દમન કર્યું, ત્યાગ, વૈરાગ્ય પણ અથાગ લીધા, પણ અવિકારી આત્માનું ભાન ન કર્યું. આત્માને ભૂલીને મૌન રહ્યો તેમ જ છ માસ, બાર માસ સુધીના ઉપવાસ પણ કર્યા. એવા સાધનો અનંતવાર કર્યા, છતાં આત્મસ્વભાવ પ્રગટ્યો નહિ.

"અબ ક્યૌં ન બિચારત હૈ મનસેં,
કછું ઓર રહા ઉન સાધનસેં?
બિન સદ્ગુરુ કોઉ ન ભેદ લહે,
મુખ આગળ હૈં કહ બાત કહે?"

ત્રણ કાળના જ્ઞાનીઓનું એ જ કહેવું છે કે તું ત્રિકાળ જ્ઞાયક સ્વતંત્ર છો, પરમાત્મા જેવો છો, તેવો થા. અનંતકાળમાં પોતાને ન સમજ્યો, તેથી જ જગતમાં રખડવું થયું છે. નહીં સમજનારાઓ જ્ઞાની સામે વિરોધનો પોકાર કર્યા કરે છે, પણ જ્ઞાની તો જગત સમક્ષ સત્ય જાહેર કરી, પોતાનું એકલાનું કરી ચાલ્યા ગયા. જ્ઞાનીનો વિરોધ આજ્ઞાની ન કરે તો કોણ કરે? અજ્ઞાની કહે છે કે 'અમારી માનેલી બધી વાત ઉથાપો છો તે દ્વેષ ન કહેવાય?' જ્ઞાની કહે છે કે સત્યનું સ્થાપન કરવામાં અસત્યનો

નિષેધ સહેજે થાય છે, તેમાં દ્વેષ નથી પણ સાચી કરુણા છે. તું ન સમજે તોપણ પ્રભુ છો; સત્યનો વિરોધ કરનારા પણ બધા પ્રભુ છે. તે જ્યારે સમજશે ત્યારે બધી અવળાઈને ક્ષણમાં ટાળવાને સામર્થ્યવાળા છે. જ્ઞાની કોઈ વ્યક્તિનો નિષેધ કરતા નથી પણ ખોટી માન્યતાનો નિષેધ કરે છે, તેમાં જગતના બધા પ્રાણીઓ ઉપર કરુણા છે. તેઓ જાણે છે કે જેની દૃષ્ટિ મિથ્યાગ્રહમાં છે, તે જાતે સમજે તો જ સુધરે. માટે તેઓ કહે છે કે—'તેરી શુદ્ધતા તો બડી લેકિન તેરી અશુદ્ધતા ભી બડી.' સાક્ષાત્ તીર્થંકર ભગવાન પણ તેને ન સમજાવી શકે. તારી પાત્રતા વિના તને કોઈ સુધારી શકે નહિ.

આચાર્ય કહે છે કે અમે તે પૂર્ણ ગુણને લક્ષમાં રાખીને, જે અલ્પ પ્રશસ્ત રાગાદિરૂપ દોષ છે તેને જાણીએ છીએ, તેથી તે દોષ ટાળી શકીશું, પણ તું પરના દોષ જોવા રોકાઈશ નહિ; માત્ર ગુણની દૃષ્ટિ રાખજે. ફરી આવાં ટાણાં નહિ મળે.

જ્ઞાનીને જાણપણું છે કે વર્તમાન પુરુષાર્થની નબળાઈથી જરા અસ્થિરતા થઈ જાય છે, પણ તે મારો સ્વભાવ નથી, તેથી અલ્પકાળમાં પુરુષાર્થની ઉગ્રતા કરી, સર્વ દોષને તે ટાળી દેશે.

જેને સમ્યક્‌દર્શનનું ભાન નથી તેની મુક્તિ નથી. સમ્યક્‌દર્શન હોય પણ ચારિત્ર ન હોય છતાં શ્રેણિક રાજા જેવા એકાવતારી અને ભરત ચક્રવર્તી જેવા તે જ ભવે મોક્ષે જનારા ગૃહસ્થદશામાં અનંત થઈ ગયા. તે સમ્યક્‌દર્શનનો મહિમા છે.

ભરત ચક્રવર્તીને છન્નું હજાર સ્ત્રીઓ હતી પણ આત્મ ભાન હતું, તેથી પરમાં ક્યાંય સ્વામિત્વ થવા દેતા નહિ, તે શ્રદ્ધાના જોરે તે જ ભવે અંતમુહૂર્તમાં ચારિત્ર લઈ કેવળજ્ઞાન પામ્યા. શ્રેણિક રાજાને એક પણ વ્રત ન હતું, છતાં આત્માના ભાનમાં રહી તીર્થંકર ગોત્ર, 'જગતગુરુનું બિરૂદ' બાંધ્યું છે. અત્યારે પ્રથમ નરકમાં, ચોરાશી હજાર વર્ષનું આયુષ્ય બાંધીને ગયા છે. ત્યાં કાળ પૂરો કરી આ ભરત ક્ષેત્રમાં જન્મ લઈ પહેલાં તીર્થંકર થશે અને જગત તારક થશે. ઈંદ્રો તેનાં ચરણો સેવશે. સમ્યક્‌દર્શન વિના એવાં પુણ્ય પણ બંધાય નહિ.

સત્યનો ઉપદેશ સાંભળતાં જ પૂર્ણ સત્યનો જ્યાં સમક્ષણપૂર્વક અંતરમાં સ્વીકાર થયો ત્યાં પછી અલ્પકાળમાં પૂર્ણ ચારિત્ર પ્રગટ્યા વિના રહે નહિ. પૂર્ણ થયા પહેલાં, પૂર્ણના ભાન વડે, પૂર્ણને જ જુએ છે, તેથી અનંતો રાગ ટળી ગયો. પછી અલ્પરાગ રહ્યો, તે નાશ થવાનો જ છે.

આ કાળે સમ્યક્ સમજણ બહુ દુર્લભ છે. પ્રભુ! તને અપૂર્વ સમજણનાં મોઘાં ટાણાં મળ્યાં, તેમાં ચૂક્યો તો ફરી અનંતકાળે મનુષ્યભવ અને આવો જોગ મળવો મુશ્કેલ

છે. અનંતવાર ધર્મના નામે કદાગ્રહમાં, બાહ્ય સાધનોમાં અટક્યો. હવે પરમ સત્ય શું, તેની દરકાર નહી કર તો ફરી અનંતકાળે પત્તો નહીં ખાય, માટે સત્ય શું છે તેને જાતે, અંતર અનુભવથી નક્કી કર એમ આચાર્ય મહારાજ કહે છે. અનુભવની મુખ્યતા છે, તેનાથી શુદ્ધ સ્વરૂપનો નિર્ણય કરો. બહારના તર્ક—વિતર્કનું કામ નથી, તેને માટે દૃષ્ટાંત :—

નિશાળે ભણનારો નવ વર્ષનો બાળક રવિવારનો દિવસ હોવાથી ઘેર હતો. તેનો બાપ બજારેથી આલપાકનો તાકો લાવ્યા. પુત્રે પિતાને પૂછ્યું કે આ તાકો કેટલા હાથનો છે? પિતાએ જવાબ આપ્યો કે તે પચાસ હાથનો છે. છોકરાએ પોતાના હાથે માપી કહ્યું કે આ તાકો પંચોતેર હાથનો છે, માટે તમારી વાત ખોટી છે. ત્યારે પિતાએ કહ્યું, અમારા લેવડ-દેવડના કામમાં તારા હાથનું માપ ન ચાલે. ત્યારે છોકરો કહે શું હું માણસ નથી? મારો હાથો શા માટે ના ચાલે? જેમ વ્યવહારના માપમાં બાળકનો હાથ ન ચાલે તેમ બાહ્યદૃષ્ટિવાળા બાળ—અજ્ઞાનીની બુદ્ધિમાંથી ઊઠેલ કુયુક્તિ, અતીન્દ્રિય આત્મભાવને માપવામાં કામ આવે નહિ. ધર્માત્માના કાળજાં અજ્ઞાનીથી મપાય નહિ. માટે જ્ઞાનીને ઓળખવા પ્રથમ તે માર્ગનો પરિચય કરો, રુચિ વધારો, વિશાળ બુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા અને જિતેન્દ્રિયપણું વગેરે ગુણો લાવો. સંતની પરીક્ષા થયે સત્‌નો આદર બહુમાન આવે અને વર્તમાનમાં જ અપૂર્વ શાંતિ પ્રગટે. ૫

સહજ ચિદાનંદ.

તા. ૨-૭-૪૩

હવે જેને સમજવાની ધગશ જાગી છે, એવા જિજ્ઞાસુ શિષ્યને પ્રશ્ન ઊઠે છે કે એવો શુદ્ધ આત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ? અનંત અનંત કાળથી આત્માના શુદ્ધ સ્વભાવની વાત સાંભળી નથી, રુચિ નથી, જાણી નથી, અનુભવી નથી, તેથી શિષ્ય પ્રશ્ન કરે છે કે આત્માનો શુદ્ધ સ્વભાવ કેવો છે?

પાંચ ગાથા સુધી એકત્વ—વિભક્ત આત્માને મહિમા સાંભળીને, જાતે તૈયાર થયેલો શિષ્ય જ જિજ્ઞાસાથી પૂછે છે, કાંઈ પરાણે રુચિ થઈ નથી. જેમ કોઈને પાણી પીવાની તૃષ્ણા લાગી છે, પાણી પીવાની ઝંખના થઈ છે ને નજીકમાં ક્યાંય પણ પાણી દેખાતું નથી. તે પાણીની નિશાની સાંભળે ત્યારે તેને કેવી તાલાવેલી થાય! પછી પાણી પીને કેટલો તૃપ્ત થાય! તેમ જેને આત્માને જાણવાની ઝંખના થઈ છે તે આત્માની વાત સાંભળતાં કેટલો આનંદિત થાય ! ને પછી સમ્યક્ પુરુષાર્થ કરી આત્મસ્વરૂપ પામી કેટલો

તૃપ્ત થાય! શુદ્ધ આત્મ સ્વરૂપને જાણવાની જેને તીવ્ર જિજ્ઞાસા થઈ છે, તેને સંભળાવવામાં આવે છે.

જેની જરૂરિયાત જણાય તેની તરફ આત્માનું વીર્ય સ્ફુર્યા વિના રહે નહિ. અનાદિથી શરીર, ઈન્દ્રિયો ઉપર દૃષ્ટિ છે, તેનો પ્રેમ છે, તેને અમુક આહાર મળશે તો નભશે એવો ખોટો વિશ્વાસ રાખ્યો છે અને તે કારણે અનાદિ કાળથી દેહને મમતાથી પોષે છે.

જે હીરા સરાણે ચડે તે તો બહુ મુલ્યવાન છે જ પણ તેની જે રજ ખરે તેના પણ સેંકડો રૂપિયા ઊપજે, તેમ વસ્તુનું સત્ય સ્વરૂપ સાંભળતા જે વસ્તુને પકડે છે તેની તો શી વાત? તે તો અમૂલ્ય હીરો પકડે છે, પણ આવું સત્ય સ્વરૂપ સાંભળતા જે શુભ ભાવ થાય તેને કારણે પણ ઊંચું પુણ્ય બંધાય છે.

સહજાત્મસ્વરૂપ આત્માને જાણે તો પરમાનંદસ્વરૂપ મુક્તદશા પ્રગટ થાય જ. જેને તત્ત્વની રુચિ થઈ છે તેને ગુરુ ઉત્તમ આપે અને તે સમજ્યા વિના રહે નહિ. આ છઠ્ઠી ગાથામાં તો છઠ્ઠી ના લેખ છે તે ફેર તેમ નથી. 'છઠ્ઠીના લખ્યા લેખ ન ટળે,' તેમ આ અધ્યાત્મ છઠ્ઠીના અંતર લેખનો ભાવ જે સમજે તેનો મોક્ષભાવ પાછો ન ફરે, તેની મુક્તિ થયા વિના રહે નહિ.

હવે શિષ્યના પ્રશ્નના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :—

**णवि होदि अप्पमत्तो ण पमत्तो जाणओ दु जो भावो ।**
**एवं भणति सुद्धं णाओ जो सो उ सो चेव ।।६।।**

**નથી અપ્રમત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયક ભાવ છે,**
**એ રીતે 'શુદ્ધ' કથાય, ને જે જ્ઞાતા તે તો તે જ છે. ૬.**

**અર્થ** :—જે જ્ઞાયક ભાવ છે તે અપ્રમત પણ નથી અને પ્રમત્ત પણ નથી,—એ રીતે એને શુદ્ધ કહે છે; વળી જે જ્ઞાયકપણે જણાયો તે તો તે જ છે, બીજો કોઈ નથી.

આ ગાથાથી મોક્ષમાર્ગની શરૂઆત થાય છે. પાંચમી ગાથામાં કહ્યું છે કે નિજવિભવથી કહીશ, તેથી છઠ્ઠી ગાથામાં ભૂમિકા દર્શાવીને કહ્યું કે સાતમી, છઠ્ઠી ભૂમિકામાં વર્તું છું તે હું નથી. આમ મુનિ પોતાની વાત કરી રહ્યા છે, કે હું એક અને અવસ્થામાં અપ્રમત–પ્રમત એવા બે પ્રકાર શા? બે પ્રકાર તે હું નહિ. પોતાની વાત કરીને જગતને કહે છે, કે જ્ઞાયકભાવ છે તે અપ્રમત્ત પણ નથી તેમ પ્રમત્ત પણ નથી. આચાર્યની

દૃષ્ટિ એકલા જ્ઞાયક દ્રવ્ય ઉપર છે. હું અખંડ, પૂર્ણ, શુદ્ધ, અવસ્થાના ભેદ વગરનો સામાન્ય એકરૂપ જ્ઞાયકરૂપે જણાયો તે જ છું, બીજો નથી. તેમાં વળી આ અપ્રમત્ત–પ્રમત્તના ભેદ શા? આચાર્યદેવ પોતાની વર્તમાન વર્તતી અવસ્થાનો નકાર કરે છે અને કહે છે કે આ જે અપ્રમત્ત–પ્રમત્તના ભેદ છે તે હું નથી, હું તો અખંડ એક જ્ઞાયક છું.

આચાર્યદેવે સકષાયી–અકષાયી, સજોગી–અજોગી, એવા ભેદ ગાથામાં ન કહ્યા, તેથી એમ સમજાય છે કે તેઓ અપ્રમત્ત–પ્રમત્તમાં ઝૂલી રહ્યા છે, ને તેનો તેઓ નકાર કરે છે. અપ્રમત્ત કે પ્રમત્ત હું નથી, એવી ભાષા તેમની વર્તમાન વર્તતી મુનિદશામાંથી આવી છે. તેઓને બે પર્યાય થઈ રહી છે. તે બે પર્યાયમાં અખંડ જ્ઞાયકનું જોર તેમને વર્તી રહ્યું છે, તેથી પોતાના આત્માના અંતરવેદનમાંથી અપ્રમત્ત પણ નથી અને પ્રમત્ત પણ નથી, તેમ ભાષા આવી છે. આચાર્યને ઊંચી ઊંચી પર્યાય ઉપર લક્ષ હોવાથી પ્રથમ 'પ્રમત્ત' એમ નહીં આવતાં 'અપ્રમત્ત' એમ ભાષા આવી છે.

આત્માના ગુણની ચૌદ ભૂમિકા છે. તેમાં ચોથી ભૂમિકામાં અપૂર્વ આત્મસાક્ષાત્કાર, નિર્વિકલ્પ અનુભવ થાય છે; ત્યાં યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થાય છે, પછી અંશે સ્થિરતા વધે તે પાંચમી ભૂમિકા છે. અંતરજ્ઞાનમાં વિશેષ સ્થિર થઈ, કષાયની ભૂમિકા કહે છે, પછી સવિકલ્પદશા આવે તેને છઠ્ઠું પ્રમત્ત ગુણસ્થાન કહે છે. મુનિ આ બે દશા વચ્ચે વારંવાર ઝૂલ્યા કરે છે.

નિર્વિકલ્પદશામાં જો વિશેષ કાળ ટકે તો મુનિ અન્તમુહૂર્તમાં કેવળ જ્ઞાન પ્રાપ્ત કરે છે; એમ ન થાય ત્યાં સુધી હજારોવાર છઠ્ઠી-સાતમી ભૂમિકા બદલ્યા કરે. ત્રણે કાળે મુનિદશા આવી જ હોય છે, તે મુનિદશા બાહ્ય તેમ જ આભ્યંતર પરિગ્રહથી રહિત હોય છે, આત્મજ્ઞાન સહિત નગ્ન દિગમ્બરપણું હોય છે. સાતમે ગુણસ્થાને બુદ્ધિપૂર્વક વિકલ્પો છૂટી જાય છે અને આત્મસ્વરૂપની સ્થિરતામાં તદ્દન નિર્વિકલ્પ આનંદમાં લીન થઈ જાય છે. ત્યાં ક્ષણે ક્ષણે સાક્ષાત્ સિદ્ધ પરમાત્મા જેવો આનંદ અંશે અનુભવાય છે. હું આત્મા છું, શુદ્ધ આનંદસ્વરૂપ છું એવા વિકલ્પ પણ ત્યાં હોતા નથી, માત્ર સ્વસંવેદન હોય છે, એવી સ્થિતિ–સાધકદશા ભગવાન કુંદકુંદાચાર્યદેવને હતી. ક્ષણે પ્રમત્ત અને ક્ષણે અપ્રમત્તદશામાં તેઓ ઝૂલતા હતા.

આચાર્યને કેવળજ્ઞાન પ્રગટ થવામાં સંજ્વલન કષાયનો અંશ જિતવાનો બાકી રહ્યો છે. ક્ષણમાં છઠ્ઠી ભૂમિકામાં આવતા આત્મસ્વભાવની વાત કરે છે, ને ક્ષણમાં તે શુભ વિકલ્પ તૂટીને સાતમી ભૂમિકામાં માત્ર અતીન્દ્રિય આત્માનંદમાં ઠરે છે. એવી તે ઉત્કૃષ્ટ સાધકદશા છે. તે નિજવિભવથી તેઓ આત્માનું વાસ્તવિક સ્વરૂપ જગતને કહે છે કે

જ્ઞાયક નિત્ય એકરૂપ ચૈતન્યજ્યોતિ છે, તે વર્તમાન ક્ષણિક અવસ્થાના કોઈ ભેદરૂપે નથી, પણ કેવળ જ્ઞાયકપણે શુદ્ધ છે, અખંડ એકાકાર જ્ઞાયક સ્વભાવમાં અપ્રમત્ત—પ્રમત્તના ભેદ પરમાર્થ નથી.

આત્મા અને જડ બંને પદાર્થ તદ્દન ભિન્ન છે. બંનેમાં દરેક ક્ષણે પોતપોતાની અવસ્થા સ્વતંત્રપણે થાય છે. આત્મા જડથી તદ્દન ભિન્ન છે એમ જાણ્યા વિના સ્વરૂપની રુચિ થાય નહિ, રુચિ વિના શ્રદ્ધા નહિ, શ્રદ્ધા વિના સ્થિરતા નહિ, સ્થિરતા વિના મુક્તિ નહિ. આત્મામાં એક સમયની થતી કર્મબંધનરૂપી વિકાર ક્ષણિક અવસ્થાને ધ્યાનમાં ન લેતાં એકલા જ્ઞાયક ધ્રુવ સ્વભાવને લક્ષમાં લઈ તેમાં ઠર્યો તે તો જ્ઞાતા જ છે. સ્વભાવે આત્મા નિર્વિકારી, આનંદઘન, સચ્ચિદાનંદ સ્વરૂપ, જ્ઞાતાદષ્ટા, સ્વાવલંબી અને સ્વતંત્ર છે. એવી આત્મા તરફની દૃષ્ટિ તે સમ્યગ્દર્શન છે અને તે ભાવમાં સ્થિરતા થવી તે સમ્યક્ચારિત્ર છે.

જેમ સ્ફટિકમણિ સ્વભાવે તો શ્વેત, સ્વચ્છ ને નિર્મળ છે, પણ કાળા, લાલ, પીળા, પાત્રના સંયોગે વર્તમાન અવસ્થામાં કાળા, લાલ, પીળા, રંગની ઝાંય તેમાં દેખાય છે, છતાં તે તેવો થઈ ગયો નથી. સ્ફટિકમણિનો સળંગ આખો સ્વભાવ તો ધોળો જ છે, તેમ આત્મા તો અરૂપી જ્ઞાન આનંદનો ઘન જ છે, આત્મામાં ક્ષણવર્તી વિકારીભાવો દેખાય છે તે તરફ દૃષ્ટિ કરવામાં ન આવે તો આત્મા અબંધ, નિર્વિકારી, નિર્મળ, આનંદરૂપ ચૈતન્યજ્યોતિ છે. વર્તમાન અવસ્થામાં પુણ્યપાપના ક્ષણિક વિકાર અને મતિ—શ્રુતજ્ઞાનની અવસ્થા વર્તે છે તેના ભેદ રહિત, વિકલ્પ રહિત, એકાકાર, એકલો જ્ઞાયક ધ્રુવપણે વર્તમાનમાં પૂરો જણાયો તે તો જ્ઞાતા જ છે. એમ પર નિમિત્તના ભેદ રહિત, ઉપાધિ રહિત, એકાકાર જ્ઞાયક સામાન્ય ધ્રુવપણે આત્માને ઓળખવો તે જ સમ્યગ્દૃષ્ટિ—પરમાર્થદૃષ્ટિ છે, તે જ મોક્ષમાર્ગનું પ્રથમ પગથીયું છે.

અનાદિ અનંત ટકે તે વસ્તુ છે, ભૂત—ભવિષ્યની અવસ્થારૂપ થવાની શક્તિ તે ગુણ છે અને વર્તમાન પ્રગટ અવસ્થા તે પર્યાય છે.

વર્તમાન વર્તતા દ્રવ્યમાં જ ત્રિકાળ ટકવારૂપ સામર્થ્ય છે; વર્તમાન એક સમયમાં ત્રિકાળ ટકવારૂપ એકરૂપ સામર્થ્ય તે દ્રવ્ય છે. અખંડ જ્ઞાયક કહેતાં ત્રિકાળી એકરૂપ દ્રવ્ય સ્વભાવ જણાવવો છે. સમય સમય વર્તીને ત્રિકાળ થાય છે; એમ 'ત્રિકાળથી' જ્ઞાયકને લક્ષમાં લેવો તેમ સમજવાનું નથી, પણ વર્તમાનમાં જ ચૈતન્ય અનંતશક્તિ—સામર્થ્યરૂપે પૂરો છે એમ સમજવાનું છે, અર્થાત્ જે વર્તમાનમાં છે તે જ ત્રિકાળ છે. વર્તમાનમાં જ હું અખંડ પૂરો છું, એવી જે દૃષ્ટિ તે દ્રવ્યદૃષ્ટિ છે અને તે જ સમ્યગ્દૃષ્ટિ છે.

દરેક વસ્તુ વર્તમાનપણે વર્તી રહી છે. તે વર્તતા દ્રવ્યમાં વર્તમાનમાં જે પ્રગટ અવસ્થા છે તે પર્યાય છે અને બાકીની અવસ્થાઓ જે થવાની છે અને જે થઈ ગઈ તેમની જે વર્તમાન શક્તિ તે આખો ગુણ ધ્રુવ છે; વર્તમાન પ્રગટ અવસ્થા સિવાય જે સામર્થ્ય-શક્તિ છે તે ધ્રુવ છે. વ્યય તે અભાવરૂપ પર્યાય છે અને ઉત્પાદ તે સદ્‌ભાવરૂપ પર્યાય છે, તે વ્યય અને ઉત્પાદના ભંગ રહિત જે વર્તમાનમાં આખી સામર્થ્ય શક્તિ તે ગુણ અને દ્રવ્ય છે. અવસ્થા સિવાયનો જે ત્રિકાળ ટકવારૂપ સામાન્યભાવ તેને અહીં દ્રવ્ય કહે છે. વર્તમાન વિકારી અવસ્થાને ગૌણ કરી જે ત્રિકાળ સામાન્ય સ્વભાવ સ્વરૂપ હું છું તે જ્ઞાયકભાવ છે.

વર્તમાનમાં જ દ્રવ્ય સ્વભાવ ધ્રુવપણે અખંડ પૂર્ણ છે, તેમાં ભૂત, ભવિષ્ય પર્યાયની શક્તિ રહેલી છે. વર્તમાનમાં જે પ્રગટ અવસ્થા છે તે ભંગ અને ભેદરૂપ છે, તે ભંગરૂપ અવસ્થા સિવાયની જે વર્તમાન વર્તતી સામર્થ્ય શક્તિ તે ગુણરૂપ છે અથવા તે દ્રવ્યરૂપ છે. અવસ્થા લક્ષમાં નહિ લેતાં હું આત્મા પૂર્ણ, નિર્મળ, પવિત્ર, વર્તમાનમાં જ છું, તે દૃષ્ટિ થતાં પર્યાય પણ નિર્મળ થઈ જાય છે; તે દૃષ્ટિ પ્રગટ થવામાં અનંત પુરુષાર્થ છે અને તે થતાં દર્શનમોહ તથા અનંતાનુંબંધી કષાયનો અભાવ થાય છે. સમ્યગ્દર્શન પ્રગટ થયા પછી પણ આગળની પર્યાય આ દ્રવ્યદૃષ્ટિના જોરે જ પ્રગટ થાય છે. પૂર્ણજ્ઞાયક, નિરપેક્ષ, સ્વતંત્રપણે જે સદાય એકરૂપ છે તેને શ્રદ્ધામાં લેવો તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનની અવસ્થા, તેમ સંયમી-અસંયમી, સવેદી-અવેદી, સકષાયી-અકષાયી, સજોગી-અજોગી. તેવા બબ્બે પ્રકાર પડે છે તે પર નિમિત્તની અપેક્ષાએ પડે છે; તે આત્માના અખંડસ્વભાવમાં નથી, તેથી સમ્યગ્દૃષ્ટિ જીવ અખંડ સ્વભાવને દૃષ્ટિમાં લઈને ભંગ–ભેદનો પણ નકાર કરે છે.

ધ્યાન રાખજો કે આ તો અલૌકિક વસ્તુ છે. અનંતકાળથી સ્વભાવની વાત સમજાણી નથી, એટલે વસ્તુનો પરમ ગંભીર મહિમા લાવી, લક્ષ રાખી સમજવું જોઈએ. વસ્તુની શ્રદ્ધા વિના સમ્યગ્જ્ઞાન-ચારિત્ર હોઈ શકે નહિ. આ અઘરૂં છે માટે ન સમજાય તે વાત કાઢી નાખજો. અનાદિનો અણઅભ્યાસ છે તેથી સમજવું મોંઘું લાગે છે, પણ સ્વવિષય છે તેથી સમજાય જ.

કડાની અવસ્થામાં સોનું કડા આકારે સ્થૂળ દૃષ્ટિએ દેખાય છે, પણ તેમાં રહેલાં અનંત પરમાણુઓ સમયે સમયે અવસ્થા બદલે છે અને સોનું સામાન્ય એકરૂપ ધ્રુવ છે, એમ સુક્ષ્મ દૃષ્ટિથી દેખાય છે. તેમ આત્મદ્રવ્ય એકરૂપ જ્ઞાયકપણે વર્તમાનમાં પૂર્ણ છે, તે ધ્રુવ સ્વભાવની દૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ છે.

આત્માને અભેદ ગુણદૃષ્ટિ વડે જાણતાં વર્તમાન પર્યાય ગૌણ થઈ જાય છે, ભેદરૂપ લક્ષ ભૂલી જવાય છે. ત્યાં વર્તમાન પર્યાય નથી એમ સમજવાનું નથી, પણ છે તેને ગૌણ કરીને આખો દ્રવ્યસ્વભાવ લક્ષમાં લેવો તે સાચી દૃષ્ટિ છે.

કોઈ માણસે બાળકને નાનપણમાં જોયો હોય, પછી બાર વર્ષની ઉંમરે તેને જુએ ત્યારે કહે કે આ તો એકદમ મોટો થઈ ગયો. પણ તે એકદમ મોટો નથી થયો, પરંતુ જન્મથી ક્ષણે ક્ષણે વધતો મોટો થયો છે. દરેક સમયે બદલાતી અવસ્થામાં ટકનારો તે જ પુરુષ છે. વર્તમાન, ભૂત, ભવિષ્યની અવસ્થાના ભેદ વડે ન જાણતાં તે પુરુષને વર્તમાનમાં જ અખંડપણે જાણવો તે વાસ્તવિક સ્વરૂપ જાણ્યું કહેવાય.

**પ્રશ્ન :—**આવી અખંડ વસ્તુ ખ્યાલમાં ન આવે તો શું થાય?

**ઉત્તર :—** જેમ એક પુરુષ સો વર્ષનો છે તેને પચાસ વર્ષનો કહો અથવા વચ્ચેની એક સેંકડ કાઢી નાખો તો અખંડના બે કટકા થઈ જાય અને તેથી માણસનું આખું સ્વરૂપ ન જણાય. તે માણસનું આખું સ્વરૂપ હોય તો સો એ સો વર્ષ લક્ષમાં લેવા જોઈએ, વચ્ચે કોઈ સમયભેદ ન લેવો જોઈએ.

જેમ એક પુરુષ એક વષ, સધન સ્વરૂપમાં હતો, વળી બે વર્ષ નિર્ધન અવસ્થામાં હોય, વળી પાછો સધન દશા પામવાનો છે. એ બધી અવસ્થામાં રહેનાર પુરુષને અખંડપણે નહિ માનતાં, વર્તમાન નિર્ધનદશા જેવડો જ માને તેણે તે પુરુષની સાચી ઓળખાણ કરી નથી; તેમ આત્મા ત્રિકાળી સર્વ અવસ્થાને પૂર્ણ પિંડ હોવાથી, વર્તમાન અવસ્થામાં પણ ત્રિકાળી જેવડો પૂરો છે. 'છે' તેવડો તેને નહિ માનતાં વર્તમાન અવસ્થામાં પણ ત્રિકાળી જેવડો પૂરો છે. 'છે' તેવડો તેને નહિ માનતાં વર્તમાન અવસ્થા જેવડો જ માને તેણે તેનું સાચું સ્વરૂપ જાણ્યું જ નથી.

અનાદિ અનંત આત્માને એકરૂપ, અખંડ, અભેદ જ્ઞાયકપણે જાણે તેણે જ તેનું વાસ્તવિક સ્વરૂપ જાણ્યું કહેવાય. આત્માનું અખંડ સ્વરૂપ જેના ધ્યાનમાં નથી તેને તેનું યથાર્થ જ્ઞાન થતું નથી. અનાદિ અનંત કહેતાં કાળ ઉપર લક્ષ નહિ દેતાં અનંત ગુણનો અખંડ પિંડ, પોતાપણે ત્રિકાળ ટકનારો, વર્તમાનમાં પૂર્ણ શક્તિરૂપ, ધ્રુવ છે. ત્રણેકાળની અનંતશક્તિ વર્તમાનમાં અભેદપણે ભરી પડી છે. એવા અખંડ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ તે જ સમ્યગ્દૃષ્ટિ છે.

એક સમયમાં એક વસ્તુની બે અવસ્થા ન હોય. સોનામાં જ્યારે કુંડળ અવસ્થા હોય ત્યારે બીજી અવસ્થા ન હોય અને જ્યારે કડાની અવસ્થા હોય ત્યારે કુંડળની ન હોય; તેમ આત્માનો જ્ઞાનગુણ, તેમાં એક સમયે એક અવસ્થા પ્રગટ હોય. દાખલા તરીકે

મતિ કે શ્રુત હોય ત્યારે કેવળ ન હોય અને કેવળ હોય ત્યારે મતિ કે શ્રુત ન હોય, પણ જ્ઞાનગુણ તો સદાય કાયમ રહે છે. વર્તમાનમાં ત્રણે કાળ ટકનાર બધા ગુણો એકરૂપ સામાન્ય શક્તિરૂપે છે. આત્મામાં વર્તમાન એક અવસ્થા પ્રગટ હોય છે અને બીજી બધી ત્રિકાળ શક્તિરૂપે હોય છે. અહીં સામાન્ય અખંડ દ્રવ્યસ્વરૂપ કહેવું છે, તેથી વર્તમાન પર્યાયના ભેદ ગૌણ કરી, પર નિમિત્તની અપેક્ષા નહીં લેતાં વર્તમાન એક સમયમાં ત્રિકાળ ટકનારું એકરૂપ પૂર્ણ જ્ઞાયક તત્ત્વ લીધું છે. તે જ મારૂં સ્વરૂપ છે, એમ ત્રિકાળી આત્મા છે તેને જ લક્ષમાં લેવો. અખંડ સામાન્ય વસ્તુને લક્ષમાં લેવી તે જ દ્રવ્યદૃષ્ટિ છે.

વર્તમાન સંયોગની અપેક્ષા અને અવસ્થાના ભેદ ગૌણ કરીને વર્તમાન અવસ્થા પાછળ, જે સામાન્ય, ત્રિકાળી શુદ્ધ, જ્ઞાન અને આનંદરૂપ અનંતગુણ ભરપૂર અખંડ સ્વરૂપ છે તેનું લક્ષ કરીને અખંડ જ્ઞાયકપણે જણાયો તે જ પરમાર્થ સ્વરૂપ આત્મા છે. તે જ્ઞાયકપણે જણાયો તે જ હું છું તેમ અંતરથી માનવું તે સમ્યગ્દર્શન છે. હું અખંડ જ્ઞાયકજ્યોત, એકરૂપ છું એવો પ્રગટ શુદ્ધ જ્ઞાયકભાવ લક્ષમાં લઈને હું અનંતકાળ ટકનાર પરિપૂર્ણ છું, એવું અંતરમાં અનુભવથી જાણવું તે સમ્યગ્દર્શન છે. આમાં જે કાંઈ ગૂઢ હતું તેમ તે ઘણું સ્પષ્ટ કરીને કહ્યું છે, પણ હાથમાં લઈને બતાવાય તેવું નથી. જાતે તૈયાર થઈ, ઝીલી, ઓગાળીને પચાવે તો અવશ્ય ગુણ થાય.

આ વસ્તુ જ સમજવી એ ખરેખર મહત્વનું છે. નિરપેક્ષ, અભેદ, આખો સ્વભાવ વર્તમાનમાં સાક્ષાત્ શુદ્ધપણે જે રીતે છે તે રીતે અનાદિથી લક્ષમાં લીધો નથી, પરથી જુદા એકત્વની વાત કદી સાંભળી પણ નથી, તેથી મુશ્કેલ લાગે છે. પણ ''સમજ પીછે સબ સરલ હૈ.'' સમ્યગ્દર્શન થયા પહેલાં શરૂઆતમાં જ સમજવાની વાત છે. વર્તમાનમાં દરેક સમયે આત્મા પૂર્ણ સ્વરૂપ હોવાથી તેને જ વિષય (લક્ષ, ધ્યેય) બનાવી શુદ્ધ, અખંડપણે લક્ષમાં લેવા જેવો છે. તે શુદ્ધ આત્મા જ સમ્યગ્દર્શનનો વિષય છે. વર્તમાન વિકારી અવસ્થા તથા અધૂરી નિર્મળ પર્યાય એ ક્ષણિક ભેદને ગૌણ કરીને, એક સમયની વર્તમાન અવસ્થા સિવાયનો, વર્તમાન વર્તતી એક એક અવસ્થા સાથે જ દરેક સમયમાં અનંત ચૈતન્યશક્તિરૂપે આખો સામાન્ય ધ્રુવ સ્વભાવ છે; તે લક્ષમાં લેવો તે દ્રવ્યદૃષ્ટિનો વિષય છે.

જ્ઞાનનો ઉપયોગ દરેક સમયે વર્તે છે, તેમાં વર્તમાન ભવનો ખ્યાલ છે. ગયા અનંત ભવમાં પણ તે વખતના વર્તમાન વર્તતા ભાવે ખ્યાલ કરતો હતો. એ રીતે અનંત ભવમાં પોતે વસ્તુ, તેનું ક્ષેત્ર, તેનો કાળ અને તેના ભાવને જ્ઞાનસામર્થ્યથી જાણવાપણે વર્તતો હતો. હવે પછીના જેટલા ભવ કરશે તેમાં પણ વર્તમાન વર્તતું જ્ઞાન કરશે. એવું બધું સામર્થ્ય પૂર્વે એકેક સમયે હતું. જ્યારે જ્યારે જે જે ભવમાં હતો ત્યારે ત્યારે જ્ઞાનમાં તેને તે તે ભાવે જાણતો હતો, તોપણ તે ભવ પૂરતું—તે અવસ્થા પૂરતું જ—સામર્થ્ય ન

હતું પણ બીજા અનંત ભવોનું જ્ઞાન કરનારું અનંત સામર્થ્ય હતું. આ તો એક જ્ઞાનગુણની વાત કહી. એવા અનંતગુણો એક સાથે વસ્તુપણે ત્રિકાળ ટકનારા, પૂર્ણ અભેદરૂપે, એકએક સમજવા. વર્તમાન પર્યાયના ભેદ ન જોતાં ત્રિકાળી અખંડ સ્વરૂપને જોઈએ તો આત્મા દ્રવ્યે, ગુણે અને પર્યાયે શુદ્ધ જ છે. તેમાં પુણ્ય-પાપરૂપ ઉપાધિનો ભેદ નથી, મનનાં સંબંધનો વિકલ્પ પણ નથી. ત્રણેકાળ એકરૂપ ટકનારો, જ્ઞાયક, બેહદ સ્વભાવના સામર્થ્યનો હું પિંડ છું. એક સમયની અવસ્થા પૂરતો નથી પણ નિત્ય, નિરાલંબી, નિરપેક્ષ, અનંતગુણરૂપે ટકનારો પૂર્ણ છું. એવો નિર્મળ સ્વભાવ લક્ષમાં ન આવે ત્યાં સુધી સમ્યક્દર્શન નથી, સાચું જ્ઞાન પણ નથી અને અંતરમાં જ્ઞાનની સ્થિરતારૂપ ચારિત્ર પણ નથી. જ્યાં નિશ્ચયથી સમ્યક્દર્શન નથી ત્યાં જ્ઞાન અને ચારિત્ર સાચાં નથી, માટે પ્રથમમાં પ્રથમ આ સમજવું પડશે. હજુ તો મોક્ષમાર્ગની શરૂઆત— આત્માની ઓળખાણ શી રીતે છે, તેનો અહીં પ્રારંભ થાય છે.

જુઓ ભાઈ! વાત તો ભાષાથી થાય છે, ભાષા સ્વભાવથી જુદી છે. જડરૂપ વાણી દ્વારા ચેતનરૂપ આત્મા પૂરેપૂરો કેવી રીતે કહી શકાય? વાણી તો જડ, રૂપી છે અને આત્મા ચેતન, અરૂપી છે. વાણીરૂપ દુશ્મન દ્વારા સજ્જનનાં વખાણ કેટલાં કરાવવાં?

કોઈ કહે ''તમે અમને સમજાવો તો તમે સાચા!'' પણ એમ બને નહિ. કોઈ માને તો જ સત્યની કિંમત થાય એવું સત્ય નથી. તું જુદો સ્વતંત્ર છો, તારી તૈયારી વિના કોઈ નિમિત્ત થઈ શકે નહિ. સામો સમજે તો સમજવામાં નિમિત્ત કહેવાય, ન સમજે તો નિમિત્ત પણ ન કહેવાય. જગત સમજે કે ન સમજે પણ સત્ય છે તે ફરે તેમ નથી.

લોકોને અંતરનું સૂક્ષ્મતત્ત્વ મોઘું થઈ પડ્યું છે, કેમ કે તેની વાત કદી સાંભળી નથી, તેથી બહારની વાતોના ધડાકા કરે. કેટલાક બોલકા એવું ભરડે કે કાંઈ મેળ નહિ. બાપુ! અનંતકાળમાં તને સમ્યક્ વસ્તુસ્થિતિની ખબર પડી નથી, સત્ સાંભળ્યું પણ નથી, પૂર્વે અનંતકાળમાં નહિ પ્રાપ્ત થયેલ આ અપૂર્વ ચીજ છે. તે શુદ્ધાત્માની વાત છઠ્ઠી ગાથામાં શરૂ કરે છે. કહે છે કે 'આ છઠ્ઠીના લખ્યા લેખ કોઈના ટાળ્યા ટળે તેમ નથી.''

ભગવાન આત્મા મન, વાણી, દેહ, ઈન્દ્રિયોથી નિરાળો છે, પુણ્ય-પાપના વિકલ્પ રહિત છે. વર્તમાન મનના અવલંબનને જણાય તેવડો જ નથી, પણ એક એક સમયમાં અનંત ગુણનો પિંડ ધ્રુવ સ્વભાવી છે. તેમાં વર્તમાન પર્યાય જુદી નથી, છતાં વર્તમાન પર્યાયભેદનું લક્ષ છોડી, સામાન્ય ટકતું ધ્રુવ શક્તિરૂપ આખું તત્ત્વ છે તે જ આત્માનું પૂર્ણ સ્વરૂપ છે. એમ આખો દ્રવ્યસ્વભાવ જ્ઞાયકપણે જણાયો તે તો તે જ છે.

**પ્રશ્ન :**—આત્માને જ્ઞાયક કહેતાં પરની ઉપાધિની અપેક્ષા આવે છે?

**ઉત્તર :**—નહિ. પરને જાણવા જવું પડતું નથી, પણ પોતાને જાણતાં પર સહેજે જ જણાઈ જાય છે એટલે પરને જોવાની ઉપાધિ નથી. પર્યાયને ન જોતાં નિરપેક્ષ, અખંડ ધ્રુવ સ્વભાવે જોવો એનું નામ સમ્યગ્દર્શન છે; એમ સર્વજ્ઞ ભગવાને કહ્યું છે.

તા. ૩-૭-૪૩

દરેક પદાર્થ સત્ છે. જે ન હોય તે નવો ઉત્પન્ન થાય નહિ અને જે હોય તેનો સર્વથા નાશ થાય નહિ, ધ્રુવ સ્વભાવપણે ટકીને રૂપાંતર થાય. જે પદાર્થ હોય તે નાશ ન થાય છતાં તેમાં કાંઈ અવસ્થાંતર ન થતું હોય તો વિકાર ટળી અવિકારીપણું કદી થાય નહિ. જેમ દુધની અવસ્થા બદલી દહીં થતું ન હોય તો કાંઈ કાર્યવિશેષ થઈ શકે નહિ અને જો પદાર્થ કેવળ નિત્ય જ હોય, કૂટસ્થપણે ત્રિકાળી એકરૂપે જ રહે, તો અશુદ્ધ અવસ્થા પલટી શુદ્ધ અવસ્થા પ્રગટ થઈ શકે નહિ.

આત્મા નિત્ય છે અને તેનું જ્ઞાયકપણું કાયમ ટકે છે. તે તરફની દૃષ્ટિ કરતાં આત્મા એકલો જ્ઞાયક, નિર્મળ, નિત્ય, અખંડ પિંડ છે તે જણાય છે. આત્મામાં અનંત ગુણરૂપ શક્તિ ત્રિકાળ ભરી પડી છે. શક્તિરૂપે તો ગુણ શુદ્ધ જ છે, પણ વર્તમાન એક અવસ્થામાં અશુદ્ધ છે. અવસ્થામાં વિકાર (ઊણપ) થાય છે, પણ આખો ગુણ વિકારી થતો નથી. નિર્વિકારી, ત્રિકાળ પૂર્ણને લક્ષમાં ન લે, તો અધ્રુવ—ક્ષણિક વિકારભાવને નાશ કરવાનો પુરુષાર્થ આવતો નથી. વિકારનો નાશ કરવાનું સામર્થ્ય ત્રણેકાળ આત્મામાં છે.

મારે અવગુણ નથી જોઈતા, એમ કહેનાર અવ્યક્તપણે એમ કબૂલી રહ્યો છે, કે હું અવગુણને રાખનારો—કરનારો નથી પણ તેનો નાશક છું. પૂર્ણ ગુણ મારામાં છે તેનું ભાન તેમ કહેનારને ભલે ન હોય પણ તેના જ જોરે તે, ''મારે અવગુણ નથી જોઈતા'' તેમ કહે છે.

જ્યાં સુધી વિકાર ઉપર દૃષ્ટિ રાખે, પણ અખંડ પૂર્ણ શુદ્ધ દ્રવ્યને લક્ષમાં ન લે, ત્યાં સુધી નિરપેક્ષ પૂર્ણ તત્ત્વસ્વભાવ જેવો છે તેવો ઓળખવામાં આવતો નથી. જ્યાં મુક્તસ્વરૂપ, એકરૂપ સ્વાધીન તત્ત્વ જાણ્યું નથી ત્યાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન નથી. અવિકારી પૂર્ણ સ્વરૂપ લક્ષમાં આવ્યા વિના પુણ્ય-પાપ વિકારનો નાશ થઈ શકે નહિ. પર ઉપાધિ રહિત, પરમાં કર્તા—ભોક્તાપણા રહિત, જ્ઞાનાનંદપણે પૂર્ણ પવિત્ર મારૂં સ્વરૂપ છે

તેને લક્ષમાં લઈ, તે એકત્વમાં એકાગ્ર થવું તેનું નામ ચારિત્ર છે. સમ્યક્દૃષ્ટિ વિના જે કાંઈ ભાવ જીવ કરે તે બધા એકડા વિનાનાં મીડાં છે.

ધર્મ તો અરૂપી આત્મામાં જ્ઞાન, શ્રદ્ધા, સ્થિરતારૂપે છે. તેને ભૂલીને લોકો બાહ્ય ક્રિયાકાંડમાં, મન-વાણી-દેહની પ્રવૃત્તિમાં આત્માનો ધર્મ માને છે, તે જ અજ્ઞાન છે.

હું રાગી છું, રાગ-દ્વેષનો કર્તા-ભોક્તા છું, તે મારું કર્તવ્ય છે, એ બંધનભાવની દૃષ્ટિ છે. રાગાદિ સર્વ વિકારનો નાશક મારો સ્વભાવ છે, એવી દૃષ્ટિ અનંત પુરુષાર્થ વડે પ્રગટે છે. અખંડ, પૂર્ણ, શુદ્ધ, એકરૂપ સ્વભાવના લક્ષે સ્વભાવનું ભાન અને સ્વાભાવિક શુદ્ધતા પ્રગટે છે.

આચાર્ય મહારાજ પોતાની અંતર સ્થિરતામાં છઠ્ઠા, સાતમા ગુણસ્થાને વર્તે છે. અખંડ એકરૂપ જ્ઞાયક છું તેમાં આ અપ્રમત-પ્રમત્તભાવના ભેદ શા? એમ બે ભેદનો નકાર કરીને, ભેદરૂપ પર્યાયને ગૌણ કરીને અખંડ ધ્રુવ સ્વભાવે જ લક્ષમાં લે છે.

**ટીકા :—**કેવો છે આત્મા? જે પોતે પોતાથી જ સિદ્ધ છે. તેનો કોઈ કર્તા નથી. તે સંયોગી ચીજ નથી, તેમ જ તે ભૂતકાળમાં ન હતો એમ નથી. તે અનાદિથી અનંત સત્ સ્વરૂપ છે—હોવારૂપ છે. તે કોઈથી ઉત્પન્ન થયો નથી માટે તેને કોઈના આશ્રયની જરૂર નથી, તેમ જ તેનો કોઈ મદદગાર નથી. વળી તે કદી વિનાશ પામતો નહિ હોવાથી ક્ષણિક નથી, પણ ધ્રુવ છે. વસ્તુપણે ટકીને અવસ્થા બદલનારો છે. પોતાની વર્તમાન અવસ્થાનો પોતે કર્તા હોવાથી ત્રિકાળી બધી અવસ્થાનો પોતે જ કર્તા છે, પણ બીજો કોઈ નથી. પોતાનું કર્તાપણું સ્વતંત્ર હોવાથી તેના ધર્મ માટે કોઈ પુણ્ય—પાપ—વિકાર આદિની જરૂર નથી.

કદી વિનાશ પામતો નહિ હોવાથી અનંત છે. 'અનંત' એટલે ક્ષેત્રથી અનંત નહિ, પણ પોતે પૂર્ણ શક્તિથી અનંત છે અને પોતાના સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવથી અખંડ છે.

નિત્ય ઉદ્યોગરૂપ હોવાથી ક્ષણિક નથી, પણ દરેક ક્ષણે સાક્ષાત્ ચૈતન્યમૂર્તિ, સ્પષ્ટ પ્રકાશમાન જ્ઞાનજ્યોતિ છે. આવું અખંડ, નિર્મળ સ્વરૂપ સમજ્યા વિના જન્મ-મરણ ટાળવાનો કોઈ અન્ય માર્ગ નથી. નિત્ય, અવિકારી, ધ્રુવ સ્વભાવને લક્ષમાં ન લ્યે તે જીવને ધર્મ નહિ થાય ભવ નહિ ઘટે; તે જીવ મન, વાણી, દેહની પ્રવૃત્તિમાં અથવા પુણ્યમાં ધર્મ માની અટકે છે અને તેનું ફળ બંધનરૂપ સંસાર છે. આ વાતનું જેને લક્ષ નથી, એણે બાહ્ય પ્રવૃત્તિમાં જ કૃતકૃત્યતા માની હોય છે, તેથી પોતાની માન્યતાથી ઊલટી વાત જ્યારે તે સાંભળે છે ત્યારે તે સત્ય તત્ત્વનો વિરોધ કરે છે.

પેંડો આપવા માટે બાળક પાસે રહેલું ચૂસણીઉં છોડાવવામાં આવે તો તે રાડ પાડે, તેમ મુક્તિરૂપી પેંડાનો સ્વાદ ચખાડવા માટે બાળજીવો પાસેથી તેમની ઊંધી માન્યતારૂપ લાકડાની પકડ છોડાવવામાં આવે તો તેઓ રાડ નાંખે છે.

અહો! પરમ સત્યની વાત કાને પડવી પણ ઘણી દુર્લભ છે. અનંતકાળે મોંઘાં ટાણાં મળ્યાં છે ત્યારે પણ અપૂર્વ સત્ય ન સમજે, સ્વતંત્ર વસ્તુ સ્વભાવનું સામર્થ્ય ન સમજે, તો ચોરાશીની રખડપટ્ટી ટળશે નહિ.

હું પરથી જુદો, સાક્ષાત્ ચૈતન્યજ્યોતિ, અનંત આનંદની મૂર્તિ છું, તે સમજ્યા વગર જેટલા શુભ ભાવ કરે તે બધા મુક્તિ માટે વ્યર્થ છે, આવું સાંભળતાં કોઈ વિરોધ કરે છે કે અરેરે! અમારું બધું ઊડી જાય છે; પણ પ્રભુ! તારી પ્રભુતા તને સમજાવાય છે. તારો અનંત મહિમાવાન સ્વભાવ તને સમજાવીએ છીએ. ત્યારે તું તેનો વિરોધ કરી, અસત્યનો આદર કરે તે કેમ ચાલે?

જેમ કોઈ ખાનદાનનો પુત્ર બહારચલો (નઠારી સંગતવાળો) થયો હોય, તેને તેના પિતા ઠપકો આપે કે 'ભાઈ રે! ખાનદાનને આ ન પાલવે, તારી જાત લાજે છે;' તેમ જેઓ આત્મવિરોધી, પુણ્ય-પાપની પ્રવૃત્તિરૂપ કુસંગમાં જાય છે તેને તીર્થંકરદેવ કહે છે, કે 'આ બહારચલાપણું તને ન શોભે, તારી પ્રભુતા લાજે છે.' તારી નાત—જાત સિદ્ધ પરમાત્મા સમાન છે, એમ કહી તેને પુણ્ય-પાપાદિ રહિત તેનો જ્ઞાનસ્વભાવ જણાવે છે.

જેઓ પુણ્ય-પાપ અને પરની ક્રિયાથી ધર્મ માનનારા છે તથા પુણ્ય (વિકાર) કરતાં કરતાં ધીમે ધીમે આત્મશુદ્ધિ થશે એમ માને છે. તેને કહે છે કે એ ખોટી માન્યતારૂપ લાકડાના ચૂસણીઆથી સ્વાદ નહિ આવે, માટે તેને છોડ અને એકવાર તારા સ્વાધીન સ્વાભાવની અંતરથી હા પાડ.

સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે એવો જે જ્ઞાયક 'એક' ભાવ છે, તેમાં પરની અપેક્ષા આવતી નથી. આત્મા જ્ઞાયકસ્વરૂપે નિરપેક્ષ, ત્રિકાળી, પૂર્ણ સામર્થ્યનો પિંડ છે. તેને ભૂલીને અજ્ઞાની જીવ સંસાર અવસ્થામાં કષાય ચક્રમાં જોડાઈને, પુણ્ય-પાપના અનેક ભાવોને પોતાના માની તેનો કર્તા થાય છે. મન, વાણી, દેહમાં સંસાર નથી, જડમાં સંસાર નથી, પણ દેહાદિ તથા રાગ-દ્વેષ મારાં છે; એવી ઊંધી માન્યતારૂપ અજ્ઞાનભાવ તે જ સંસાર છે.

સ્વભાવપણે જ્ઞાયકમૂર્તિ આત્મા, છે તો અનાદિ અનંત, અરૂપી, શુદ્ધ સ્વભાવમાં સ્થિત, તોપણ વર્તમાન એકેક અવસ્થાપણે અશુદ્ધતા કરીને અનાદિથી બંધ પર્યાયરૂપે વિકારી થાય છે. વિકારમાં બીજું નિમિત્ત હોય છે. જો પર અવલંબન વિના વિકાર સંભવે

તો વિકાર સ્વભાવ થઈ જાય અને સ્વભાવ હોય તે ટળી શકે નહિ, પણ વિકાર ટળી શકે છે; માટે દરેક આત્મા દ્રવ્યસ્વભાવે તો ત્રિકાળ શુદ્ધ જ છે.

આત્મા જડ—પુદ્‌ગલ કર્મોની સાથે એકમેક છે, એમ કોઈ માને તો તે પરમાર્થ ખરૂં નથી. દ્રવ્યસ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો વર્તમાન અશુદ્ધ અવસ્થા વખતે પણ તે સ્વભાવે તો શુદ્ધ જ છે. જેમ સોનુ વર્તમાનમાં તાંબાના ભેળવાળું હોવા છતાં સોનુ જુદું શુદ્ધ જ છે, તેમ ચૈતન્યધાતુ, જ્ઞાનમૂર્તિ આત્મા ત્રિકાળ શક્તિરૂપે પરથી જુદો શુદ્ધ જ છે. સંસાર અવસ્થામાં કર્મના નિમિત્ત તરફ જોડાયેલો દેખાય છે, છતાં તેનું જુદાપણું મટતું નથી. આત્માનું ભાન થતાં તેમાં એકાગ્રતા વધતાં સ્વભાવ પર્યાય ઘટ્ટ થતી જાય છે, ક્રમે કરી મોક્ષ પર્યાય પ્રગટે છે ને કર્મ સંયોગ ટળી જાય છે. અનાદિથી પરથી સ્વભાવે જુદો હતો તો જુદો પડે છે, માટે આત્માનું જુદાપણું કોઈ કાળે મટતું નથી.

દૂધનો સ્વભાવ ધોળો અને મીઠો છે, પાણીનો સ્વભાવ પાતળો, વરાળ થઈ ઊડી જાય તેવો છે, તેમ આત્માનો સ્વભાવ જ્ઞાન—આનંદમય નિત્ય એકરૂપ ટકવારૂપ છે અને જડ કર્મના સંયોગનો સ્વભાવ ક્ષણિક છે અને તેના નિમિત્ત આધીન પોતે થતાં જે વિકારીભાવ થાય છે, તે પણ ક્ષણિક છે.

સંસારી અવસ્થામાં અનાદિ બંધપર્યાયની અપેક્ષાથી ક્ષીર-નીરની જેમ કર્મ—પુદ્‌ગલોની સાથે આત્મા એકરૂપ હોવા છતાં, દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો જેનું મટવું કઠણ છે તેવા કષાય ચક્રના ઉદયના વિચિત્રતાથી પ્રવર્તતા જે પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર સમસ્ત અનેકરૂપ શુભ-અશુભ ભાવો, તેમના સ્વભાવે પરિણમતો નથી અર્થાત્ જ્ઞાયકભાવ છોડી તે જડરૂપ થતો નથી કારણકે પુણ્ય-પાપાદિ પરવસ્તુ જ્ઞેય (જ્ઞાનના જણાવા યોગ્ય) છે અને આત્મા તેને જાણનાર જુદો છે.

વિષ્ટા અને મેસુબ બેઉ પરમાણુઓની ક્ષણિક અવસ્થા છે. જાણવામાં ઠીક-અઠીક નથી છતાં પર ચીજ જણાવી તેમાં ઠીક-અઠીકપણું માનવું તે વિપરીતતા છે ને તે ભાવબંધન છે. હું જાણનાર અને સામો પદાર્થ જણાવા યોગ્ય છે; હું એકરૂપ જ્ઞાતાપણે છું. તેમાં ઠીક-અઠીક બેપણું આવતું નથી.

**પ્રશ્ન :—**શુભ, અશુભ ભાવ કેવા છે?

**ઉત્તર :—**પુણ્ય-પાપને ઉત્પન્ન કરનારા છે, પણ આત્માની શુદ્ધતાને તે ઉત્પન્ન કરનાર નથી. શુભ લાગણી પુણ્યબંધનનો ભાવ છે, અશુભ લાગણી પાપબંધનનો ભાવ છે. બન્ને વિકાર છે ને તેથી આત્માના ગુણમાં મદદગાર નથી.

કષાય (કષ્–સંસાર+આય–લાભ) એટલે સંસારનો લાભ આપે અને આત્માના ગુણની હાનિ કરે તે. આત્મા દરેક સમયે નવા વિકાર કરતો આવે છે. એમ પ્રવાહે કષાયભાવમાં જોડાતાં જોડાતાં અનંતકાળ થયો, છતાં આત્મા કષાયરૂપે થઈ ગયો નથી, પણ અખંડ ચૈતન્યજ્યોતિપણે જ રહ્યો છે.

હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહની મૂર્ચ્છા વગેરે અશુભ ભાવ છે ને તેનાથી પાપબંધ થાય છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, સેવા, પૂજા, વ્રત, ભક્તિ આદિ શુભ ભાવ છે ને તેનાથી પુણ્યબંધ થાય છે. અવિકારી આત્મધર્મ તે બંનેથી જુદો છે. આત્મામાં પરનું ગ્રહણ કરવું કે છોડવું એવો કોઈ સ્વભાવ નથી. તેમ જ શુભ-અશુભ વૃત્તિ પણ પરમાર્થે તેનું સ્વરૂપ નથી, વળી પ્રમત્ત અને અપ્રમત્ત એવા ભેદ પણ તેનામાં નથી, તે જ સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો શુદ્ધ કહેવાય છે.

એક સમડી માંસનો કટકો લઈ જતી હોય ત્યારે જો સમડી, તે પડાવી લે તો બીજો કટકો શોધવા તે જાય, પણ તેને મેસુબનો થાળ મળી જાય તો સડેલું માંસ શોધવા ન જાય, પણ જેને મેસુબની કિંમત નથી તે જ વિકારી (સડેલા) પુણ્ય-પાપરૂપ ભાવને પોતાનાં માનીને પકડે છે. આત્મામાં પરમ સુખ ભર્યું છે. તેનો મહિમા આવે તો પછી વિકારી ભાવને છોડી દે છે.

અજ્ઞાનીને શુભ-અશુભ ભાવનું ધણીપણું છે, એટલે તેના અભિપ્રાયમાં રાગ-દ્વેષનું ધણીપણું ત્રિકાળી ઊભું છે ને જ્ઞાનીને, સંપૂર્ણ વીતરાગતા પ્રગટ ન થાય ત્યાં સુધી, પુરુષાર્થની નબળાઈથી વર્તમાન ક્ષણિક પુણ્ય-પાપ થઈ જાય છે, પણ તેનો તે ધણી થતો નથી, કર્તા થતો નથી. તેને આત્મસ્વરૂપની રુચિ અંતરથી હોવાથી સંસારનું માહાત્મ્ય આવતું નથી.

જેમ કોઈ ધન મેળવવાનો મહા લોભી છે, તેની પાસે તેનો કોઈ સગો કાંઈ વસ્તુ મંગાવે તો લોભને વશ થઈને સગાને પણ છેતરે, કારણ કે તેની દૃષ્ટિ પૈસા કેમ પેદા થાય તે ઉપર જ છે તેમ જેને વિકાર રહિત કેવળ શુદ્ધ સ્વભાવનો જ પ્રેમ છે, તેને પોતાની નિર્મળતા કેમ વધે તે ઉપર જ દૃષ્ટિ હોય છે.

તા. ૪-૭-૪૩.

આત્માનો ધર્મ એટલે સ્વતંત્ર સ્વભાવ, તે ધર્મ આત્માથી જુદો હોઈ શકે નહિ. આત્માની યથાર્થ શ્રદ્ધા તે સમ્યગ્દર્શન, સાચો વિવેક તે સ્વભાવનું ભાન અને પુણ્ય-પાપની લાગણી રહિત અંતરમાં ઠરવું તે સાચું ચારિત્ર છે. બાહ્યક્રિયા તે આત્માનું ચારિત્ર નથી. મન, વાણી, દેહ, પુણ્ય, પાપ તે આત્માનું સ્વરૂપ નથી, તેમ જ્યાં સુધી જીવ ન જાણે ત્યાં સુધી સ્વાધીન, સુખરૂપ શુદ્ધ આત્માનો ધર્મ પ્રગટ થાય નહિ; માટે પ્રથમ જ પોતે જે સ્વરૂપે છે તેવો તેને જાણવો—માનવો તે જ જરૂરી છે.

પાણીને વર્તમાન અવસ્થામાં અગ્નિના સંયોગ આધીન દૃષ્ટિથી જુઓ તો તે ઉષ્ણ દેખાય છે, છતાં તે અવસ્થા વખતે પણ પાણીમાં શીતળ સ્વભાવ ભર્યો છે. એવો ભરોંસો કરે તો પછી પાણી ઠારીને પીએ તેથી તૃષા છીપે, તેમ આત્માને નિમિત્તાધીન દૃષ્ટિ જુઓ તો તે વિકારી દેખાય છે, પણ સ્વભાવમાં વિકાર નથી. ક્ષણિક વિકારી અવસ્થા સિવાયનો તેનો આખો સ્વભાવ અખંડ જ્ઞાયક નિર્વિકારી છે. એવો સ્વભાવ જાણીને જે પોતામાં ઠરે તેને સહજાનંદની પ્રાપ્તિ થાય છે.

એકની એક વાત ઘણીવાર જુદી જુદી રીતે કહેવાય, તેથી તેનો કંટાળો ન આવવો જોઈએ, પણ તેનો મહિમા થવો જોઈએ. જેમ દેહ ઉપર રાગ છે, તેથી અનાદિથી રોટલા વગેરે લેતાં જીવને કંટાળો આવતો નથી. તેને વિશ્વાસ થયો છે કે આનાથી શરીર નભે છે; તેમ આત્માને સમજવો, તેના જ મહિમામાં એકાગ્ર થવું તે જ સુખનો ઉપાય છે. તે ઉપાય પામવા માટે વારંવાર પ્રેમથી તેનું વાસ્તવિક સ્વરૂપ સાંભળવું અને વારંવાર પરિચય કર્યે જ આ સમજાશે એમ વિશ્વાસ લાવવો.

કેવળજ્ઞાન=પૂર્ણ નિર્મળ જ્ઞાની અવસ્થા. જેનો સ્વભાવ જ્ઞાન છે તેમાં કિંચિત્ ન જાણવું એમ ન હોય. અટકીને ક્રમેક્રમે જાણવું એમ પણ ન હોય, એક સાથે સર્વને (સ્વ-પરને) જાણવાનું સામર્થ્ય એક સમયમાં જ હોય. કેવળજ્ઞાનમાં ત્રણ કાળ, ત્રણ લોકના સર્વ પદાર્થો તેની તમામ પર્યાયો સહિત એક સમયમાં એક સાથે જણાય છે, એવો કેવળજ્ઞાનસ્વભાવ દરેક ચૈતન્યમાં એકએક સમયમાં શક્તિરૂપે છે. કેવળજ્ઞાનમાં ભૂતકાળની અનંત પર્યાય અને ભવિષ્યની અનંત પર્યાય, જેવી વર્તમાન પર્યાય જણાય તેવી જ, પ્રત્યક્ષપણે જણાય. તેમાં વર્તમાન પર્યાય, જેમ વર્તમાનમાં વર્તે છે તેમ જાણે ને ભૂત–ભવિષ્યની પર્યાય, જેમ વર્તી ગઈ અને વર્તશે તે પણે જાણે, પણ વર્તમાન જેવી જ પ્રત્યક્ષ જાણે. હવે સમ્યગ્દર્શનની જીવને પણ ત્રણેકાળની પર્યાયનું સામર્થ્ય વર્તમાન દ્રવ્યમાં ભર્યું છે, તે આખા દ્રવ્યને સમ્યગ્દર્શને પ્રતીતિમાં લીધું છે, જ્ઞાનમાં લીધું છે.

કેવળજ્ઞાનમાં ભૂત–ભવિષ્યની અનંતી પર્યાય પ્રત્યક્ષ જણાય ત્યારે સમ્યગ્દર્શન થતાં સમ્યગ્જ્ઞાનમાં તે ભૂત–ભવિષ્યની પર્યાય પરોક્ષપણે જણાય. પણ તે જાણે જેવું કેવળીજ્ઞાની જાણે તેવું જ, માત્ર પ્રત્યક્ષ પરોક્ષનો ભેદ છે. જેમ કેવળજ્ઞાની સ્વ-પરની પર્યાયને પ્રત્યક્ષ જાણે તેમ સમ્યગ્જ્ઞાનમાં પણ સ્વ-પરની પર્યાય પરોક્ષ જણાય છે.

જ્ઞાનનો એવો સ્વભાવ છે કે જ્ઞાન જ્ઞાન પોતાને જાણે અને રાગ-દ્વેષ, પુણ્ય-પાપની વૃત્તિ થાય તેને પણ જાણે. એમ પોતાને અને પરને જાણવાનું જ્ઞાનનું બેવડું સામર્થ્ય છે. જ્ઞાનગુણ સ્વ-પરને જાણનાર જ છે, કોઈમાં ઠીક-અઠીક કરી અટકનાર નથી જે એમ જાણે કે હું રાગી, હું દેહાદિ પરનાં કામ કરનારો છું, પર મને મદદ કરે, તેણે પોતાને પર સાથે એકમેક માન્યો છે, અટલે તેનામાં પરથી જુદા ધર્મની તાકાત છે તેમ તેણે માન્યું નથી. પરથી જુદાપણું તે સ્વમાં એકત્વ છે. પરથી જુદાપણાની શ્રદ્ધામાં પરથી જુદું પાડવાની પૂર્ણ તાકાત છે; આવું અનંતકાળમાં ન સમજ્યો તેથી જ ભવમાં ભમ્યો. વસ્તુની મોંઘપ બતાવીને સ્વભાવનો મહિમા જણાવ્યો છે. આત્માનું પરથી ભિન્ન સ્વતંત્ર સ્વરૂપ જેવું છે તેવું અહીં કહેવાય છે. આ ધર્મની શરૂઆતની પહેલામાં પહેલી વાત છે, ઊંચી તેરમી ભૂમિકાની વાત નથી. જેણે શુદ્ધ જ્ઞાયકભાવને લક્ષમાં લીધો તેને મોક્ષમાર્ગ શરૂ થાય છે. આવું જે સમજે નહિ તેનું ભવભ્રમણ ટળે નહિ, માટે પ્રથમ સત્સમાગમે યથાર્થ સમજી એકવાર સત્યની હા પાડે કે હું વિકાર રહિત, નિર્મળ છું તેને પૂર્ણ જ્ઞાનાનંદસ્વભાવની નિર્મળતા પ્રગટ થાય છે.

સૂક્ષ્મ અને યથાર્થ વિષયને સમજવા માટે અત્યંત તીવ્ર અને સત્પુરુષાર્થ જોઈએ.

નિશ્ચલપણે સ્વને લક્ષમાં લે તો શાંતિ અવશ્ય આવે. પરવસ્તુમાં રાગ-દ્વેષ–ઈષ્ટ અનિષ્ટ બુદ્ધિ–કરે તો અશાંતિ છે. પરમાં સુખ છે એમ માન્યું તેણે પરને અને પોતાને એક માન્યા છે. સ્વ-પરના વિવેકી–જ્ઞાયકમાત્ર, નિર્મળ સ્વભાવી એવા પોતાને જુદો ન માન્યો તે પરમાં ઠીક-અઠીક માની અટક્યો છે. વિષય-શબ્દ, રૂપ, રસાદિ તથા વિકારને પોતાના માનનાર ભિન્ન જ્ઞાયકમાત્ર આત્માને ન માન્યો. તે મિથ્યાદૃષ્ટિનો વિષય 'પર' છે ને સમ્યગ્દૃષ્ટિનો વિષય (લક્ષ્ય) 'સ્વ' છે. વર્તમાન ક્ષણિક વિકાર પૂરતો હું નથી. હું તો વિકારનો નાશક, અખંડાનંદ, ચૈતન્યમાત્ર નિર્વિકારી છું. ત્રિકાળી ધ્રુવ સ્વભાવને પોતાનો માનવો તે સમ્યક્જ્ઞાન છે, તેની અજ્ઞાનીને ખબર નથી.

ભવથી છૂટવું હોય, પુણ્ય-પાપની પરાધીનતાથી મુક્ત થવું હોય, પૂર્ણ સ્વતંત્ર સહજાત્મસ્વભાવ, અખંડાનંદ આત્મભાવ પ્રગટ કરવો હોય તો આ સમજ્યે જ છૂટકો. નિવૃત્તિ લઈ, ખૂબ મનન અને માહાત્મ્ય કરવું જોઈએ.

પરથી મને લાભ છે, પરનું કાંઈક કરી શકું છું, પર મારે તાબે છે, એવી બુદ્ધિ જ્યાં સુધી રહે ત્યાં સુધી પરમાં ઈષ્ટ–અનિષ્ટપણું ટળતું નથી. આવા પ્રકારની માન્યતાના મીંડા મૂકી, નિરાવલંબી–સ્વાધીન–આત્મસ્વભાવને માન્યે જ છૂટકો છે. મનના અવલંબને ધર્મ નથી, શુભ વિકલ્પ ઊઠે તે પણ આત્મગુણરોધક છે. પુણ્ય-પાપરૂપ વિકારથી આત્મગુણને મદદ થાય એવું માનનારે ગુણ અને વિકારને એક માન્યા છે, તેથી ઊલટું સ્વતંત્ર નિર્વિકારી આત્મસ્વભાવને જાણે જાણ્યો તેણે મુક્ત થવાનો ઉપાય, તેની શ્રદ્ધા અને તેમાં સ્થિરતા એ બધું જાણ્યું છે.

શુભાશુભ ભાવથી પુણ્ય-પાપની ઉત્પત્તિ થાય છે, છતાં આત્મા તે ક્ષણિક વિકારમાં એકમેક થયો નથી. માટે પરથી ભિન્ન, સ્વભાવે નિત્ય શુદ્ધ એવા આત્માને નિરંતર સેવવો, તે જ સમ્યગ્દર્શન છે. સ્વ-પરની જુદાઈનો વિવેક તે સમ્યગ્જ્ઞાન છે અને આત્મશુદ્ધતામાં સ્થિરતા તે સમ્યક્ચારિત્ર છે. આનું વારંવાર મનન-ઘોલન-કરવું, રુચિ કરવી ને સ્વભાવમાં ઠરવું.

લોકોને સ્વરૂપની રુચિ નથી, પુણ્ય-પાપ-વિકાર-બંધન-પરની રુચિ છે. ધર્મના નામે જેવું અનંતવાર માન્યું છે, તેનાથી અહીં જુદું કહેવાય છે. આત્મા દેહાદિથી પર છે, મન, વાણી, દેહાદિ પરવસ્તુની એક પણ ક્રિયા કરી શકતો નથી. વિકારને પોતાના માને, પણ તે રૂપ થઈ જતો નથી. પરની લાભ-હાનિ થાય છે એવી ઊંધી માન્યતા પકડી છે, તેને સમ્યક્ માન્યતા વડે છેદવી પડશે.

હવે આત્માનો એકત્વ સ્વભાવ વર્ણવે છે. આત્મા જ્ઞાયક છે, સ્વ-પર પ્રકાશક છે, છતાં તેનું જ્ઞાન પરના અવલંબન વિનાનું છે. આત્માના સહજ સ્વભાવે સમજ્યા વિના જીવ નવમી ગ્રૈવેયકમાં અનંતવાર જઈ આવ્યો, શુભભાવ વડે વ્રતાદિ પુણ્ય ક્રિયા થઈ તેમાં અટકી પડ્યો, માત્ર બાહ્યક્રિયા ઉપર લક્ષ રાખ્યું, ઘણા ઊંચા પુણ્ય બાંધીને અનંતવાર દેવ થયો, પણ હું નિરાલંબી, જ્ઞાયક માત્ર છું, પરનો કર્તા-ભોક્તા નથી, અખંડ સ્વતંત્ર, ધ્રુવ સ્વભાવી છું એમ ન માન્યું. વર્તમાનમાં પણ શક્તિપણે પૂર્ણ છું, નિરપેક્ષ છું, કૃતકૃત્ય છું, એમ ન માન્યું. બાહ્ય શુભ પ્રવૃત્તિ ઉપર લક્ષ રહ્યું. પર લક્ષે કષાય ઘટાડ્યા, પુણ્ય બાંધી દેવલોકમાં ગયો, પણ ભવ ન ઘટ્યા. વિકારી અવસ્થા પૂરતો હું નથી, હું તો અનંત જ્ઞાનાનંદની મૂર્તિ છું એવો વિશ્વાસ ન આવ્યો, સ્વલક્ષ ચૂકી માત્ર શુભ ભાવ કર્યો, તેના ફળ સ્વરૂપે નાશવાન સંયોગોની પ્રાપ્તિ થઈ, તે અલ્પકાળમાં છૂટી જાય છે. પરથી નિરાળા આત્મસ્વભાવને અંતરથી વિચાર્યો નહિ, ગુરુગમે સમજ્યો નહિ. પરનો કાંઈક આશ્રય જોઈએ એમ માન્યું, તેણે આત્મામાં સ્વતંત્ર ગુણ નથી એમ માન્યું પણ જો આત્મામાં ગુણ ન હોય તો આવશે ક્યાંથી? દરેક જીવમાં જ્ઞાન આનંદ સ્વભાવે

ભર્યા પડ્યા છે તે ઉપર લોકો લક્ષ આપતા નથી, માત્ર શુભાશુભ પ્રવૃત્તિ ને જ જુએ છે. દ્રવ્યસ્વભાવે પૂર્ણ છે, પરમાં તદ્દન અક્રિય છે તેનો મહિમા આવતો નથી. લોકો ખીલે બાંધેલી ભેંસ ખીલા ફરતી ફર્યા ફરે તેની ક્રિયાના જોરને જુએ છે, પણ ઘરબાઈને જે ખીલો પડ્યો છે, તે અક્રિય દેખાતો છતાં તેમાં જોર પડ્યું છે તે જોતા નથી. તેમ આત્મા ત્રિકાળ શક્તિથી પરિપૂર્ણ છે, તેના ઉપર લોકોની દૃષ્ટિ નથી, વર્તમાન ક્ષણિક અવસ્થા પૂરતા વિકાર ઉપર જ દૃષ્ટિ છે; નિત્ય, ધ્રુવ, અખંડાનંદ, ચિન્મૂર્તિ શાશ્વત ધરબાયેલો ખીલો (આત્મા) નિશ્ચલપણે પડ્યો છે તેને જોતા નથી. મન, વાણી, દેહની પ્રવૃત્તિ હું કરૂં તો થાય, પરથી લાભ-હાનિ થાય, નિમિત્તથી મારૂં કામ થાય, એમ માન્યું તેણે ‘હું નિર્માલ્ય છું’ એમ માન્યું.

ઉપાદાન તૈયાર હોય, શ્રદ્ધા, જ્ઞાન, સ્થિરતારૂપ અંતરનો પ્રયત્ન હોય તો તેને અનુકૂળ એવાં નિમિત્તો હાજર હોય જ. નિમિત્તથી સ્વકાર્યસિદ્ધ નથી. જો નિમિત્ત સહાયક થાય તો નિમિત્ત અને પોતાનું એકત્વ થઈ જાય. પોતાના સ્વભાવમાં કશું બળ નથી એમ માનનાર, અન્યનું કાંઈક અવલંબન હોય તો મારો ગુણ પ્રગટે, એમ માને છે; તેને નિરાવલંબી, નિરપેક્ષ આત્મતત્ત્વ ઉપર વિશ્વાસ નથી, એવો એનો અર્થ થયો. સત્‌માં સત્‌ની હાજરી સહજ હોય. પૂર્ણ વીતરાગતા પ્રગટી નથી અને પુરુષાર્થની નબળાઈએ પોતાનામાં અખંડપણે સ્થિર રહી શકતો નથી. ત્યાં સુધી અશુભથી બચવા માટે, સત્‌દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પૂજા, પ્રભાવના, વ્રતાદિના શુભ ભાવ ધર્માત્માને આવે છે, પણ તે શુભ ભાવને કદી ધર્મ માનતો નથી. અરાગી સ્વભાવને સન્મુખ રાખીને શુદ્ધમાં જ્યારે ટકી શકતો નથી, ત્યારે શુભમાં રહે છે. પણ વ્રતાદિનો શુભ ભાવ પણ રાગ છે, તેનાથી બંધન છે, અવિકારી આત્માના સ્વભાવને તેથી કાંઈ લાભ નથી, એમ તેને સમ્યક્ સમજણ છે. શુભ ભાવથી પુણ્યબંધ થાય છે તેના ઉપર જ્ઞાનીને લક્ષ નથી; માત્ર નિર્મળ, અબંધસ્વભાવ ઉપર જ લક્ષ છે. નિરાવલંબી, અરાગી સ્વભાવની શ્રદ્ધા જીવ કરે કે તરત બધો રાગ ટળી જતો નથી. દૃષ્ટિ અવિકારી—ધ્રુવ સ્વભાવની ઉપર પડી છે તેના જોરે બાકી રહેલો અલ્પ રાગ તોડીને અલ્પ કાળમાં કેવળજ્ઞાન પ્રગટ કરશે, એવી પ્રતીતિ પ્રથમથી જ ધર્માત્માને છે. ગુણ આત્મામાં છે તેમ માનતાં પરની સહાયતા વડે ગુણ તે નિમિત્તાધીન દૃષ્ટિ છે, ને તે જ અનાદિની ‘સ્વહિંસા’ છે.

શિષ્યનો પ્રશ્ન હતો કે ‘‘આત્માનું શુદ્ધ સ્વરૂપ કેવું છે તે જાણવું જ જોઈએ? તે જાણ્યા વિના શું મુક્તિ ન થાય?’’

આચાર્યદેવ ઉત્તરરૂપે કહે છે કે ‘‘ભાઈ! સાંભળ. તું પ્રભુ છો, સિદ્ધ પરમાત્મા જેવો છો, શક્તિએ મારામાં ને તારામાં સિદ્ધપણું સ્થાપું છું;’’ પણ ‘‘હું રાંકો છું, મને

કોઈ મદદરૂપ થાય'' એમ જેના અભિપ્રાયમાં છે તેને, પરમાત્માપણું પોતામાં છે એવો મહિમા ક્યાંથી આવશે? તું વર્તમાનમાં પણ પરિપૂર્ણ છો, વિકારનો નાશક છો, એવી પ્રતીતિ તો કર અને પછી પર ઉપર કાંઈક લક્ષ જતાં અલ્પરાગ થઈ જાય ત્યારે દેવ, ગુરુ, શાસ્ત્રની હાજરી હોય તેને શુભ ભાવના નિમિત્તનો આરોપ અપાય છે. પોતાના ભાવ અનુસારે સંયોગમાં નિમિત્તનો આરોપ થાય છે. પોતે પાપભાવ કરે સ્ત્રી, ધન, દેહાદિ ઉપર રાગનું વલણ કરે ત્યારે તે વસ્તુઓને અશુભ ભાવનું નિમિત્ત કહેવાય છે; પણ નિમિત્ત પરને કાંઈ કરતું-કરાવતું નથી. ધર્માત્માને શુભભાવ ઉપર દૃષ્ટિ નથી; પછી તે શુભભાવ દેવ, ગુરુ, શાસ્ત્રની ભક્તિનો હોય તે વ્રતાદિનો હોય, પણ તેને પરમાર્થ તો હોય જ માને છે. શુભભાવ કે નિમિત્ત પોતાના આત્મસ્વભાવને સહાયક નથી. પોતાનો નિર્મળ સ્વભાવ જ સહાયક છે, એવા પ્રકારની માન્યતાનું જોર તે મોક્ષનું મૂળ છે. નિર્મળ સ્વભાવની પ્રથમ અંતર સમજણે હા પાડી, પછી વિશેષ દઢતા માટે વારંવાર તેનું જ શ્રવણ, મનન અને સત્સમાગમે તેનું જ લઢણ જોઈએ.

સંસારમાં પણ પ્રથમ નિશાળે ભણવા બેસે ત્યારે માસ્તર ઉપર વિશ્વાસ કરે છે. એકડો ઘણી વખત ઘૂંટે ત્યારે માંડ વળાંક આવે છે; પણ હાથ બેસી ગયા પછી આગળના આંકડાંઓ શીખતાં બહુવાર લાગતી નથી. એકડો ઘુંટતાં આટલો સમય લાગ્યો તો મેટ્રીક, એમ.એ થતાં કેટલો સમય લાગશે એમ ત્રિરાશિ બંધાય નહિ; તેવી રીતે અનાદિથી પર ઉપર રુચિનો—અજ્ઞાન ભાવનો—આત્માનો વળાંક છે, તે સંસાર તરફના વળાંકને પલટાવી આત્મસ્વરૂપ તરફ વળવા માટે પ્રથમ સદ્‌ગુરુ ઉપર વિશ્વાસ રાખવો જોઈએ, તેમનો ઉપદેશ વારંવાર અંતરમાં ઘુંટવો જોઈએ. શરૂઆતમાં અઘરૂં લાગે તેથી અઘરૂં માનવું નહિ.

યથાર્થ સમજણે આત્માના અખંડ ધ્રુવ જ્ઞાયક સ્વભાવી એકવાર હા આવે ને પછી તેની જ લત લાગે એટલે કે 'હા' ની 'લત' તો, તે રૂપ હાલત થાય છે અર્થાત્ આત્માની શુદ્ધ હાલત (અવસ્થા)ની પ્રાપ્તિ થઈ જાય છે. સત્ય સ્વરૂપ તે ત્રિકાળ પર નિમિત્તના આશ્રય વિનાનું છે, પૂર્ણ પરમાત્મા સ્વરૂપે છે. પરનો કર્તા-ભોક્તા આત્મા નથી, સદાય જાણનાર સ્વરૂપે જ છે, તેની હા પાડતાં અંદરથી અનંતો સવળો પુરુષાર્થ આવે છે.

અનાદિથી અત્યંત અપ્રતિબુદ્ધ (અજ્ઞાની) છે, તેને ત્રિકાળી સત્ય સ્વરૂપ સમજાવવા માટે આ સમયસારશાસ્ત્ર છે. તું શુદ્ધ પરમાત્મા છો, એમ પ્રથમ જ સંભળાવે છે. તું વિકારપણે નથી, મન-વાણી-દેહાદિપણે નથી, નિમિત્તાધીન થતો વર્તમાન ક્ષણિક વિકાર તારૂં સ્વરૂપ નથી, પર નિમિત્ત તને મદદ કરે નહિ, કારણ કે તે નિમિત્તરૂપે નથી અને નિમિત્ત તારામાં નથી. પર ચીજ સ્વભાવમાં નથી, તેથી તે લાભ કે હાનિ કરી શકે નહિ.

તું સ્વતંત્ર છો, નિર્મળ આનંદઘન છો, એમ યથાર્થ સ્વરૂપને સમજ્યા વિના આચરણ પણ યથાર્થ નહિ થાય.

યથાર્થ સ્વરૂપને સમજ્યા પછી તરત જ રાગ-દ્વેષ સર્વથા ટળી ન જાય, જ્ઞાનીને અલ્પ રાગ-દ્વેષ રહે પણ તેનું ધણીપણું હોતું નથી. દૃષ્ટિમાંથી રાગ-દ્વેષનો નાશ કરતાં આખા સંસારપક્ષનું માહાત્મ્ય છૂટી જાય છે.

જેમ દિવાનખાનામાં કાચનું મોટું સુંદર ઝૂમર હોય, તેની શોભા જોઈ શેઠ રાજી થતો હોય, ત્યાં ઝૂમર નીચે પડે ને તેના ટુકડે ટુકડા થઈ જાય. ઘરમાં બીજું કોઈ હાજર ન હોય તો શેઠ વિચારે છે કે આ ટુકડાને જલદી બહાર ફેંકી દઉં, નહિતર છોકરા વગેરેને વાગી જશે. આમ વિચારી પોતે કાંચના ટુકડા હાથમાં લે છે, મકાન મોટું હોવાથી કાઢતાં થોડી વાર લાગે છે, તેટલા સમય પૂરતાં તેણે કાચના ટુકડા પોતાના હાથમાં પકડેલા દેખાય છે, છતાં તેને રાખવાનો ભાવ નથી, પકડવામાં હોંસ નથી. જે ઝૂમરની શોભા જોઈને પોતે રાજી થતો હતો, તેના ટુકડે ટુકડા હવે કાઢવા માગે છે. આ તો માત્ર દૃષ્ટાંત છે. હવે તે ઉપરથી સિદ્ધાંત નીકળે છે કે અજ્ઞાનદશામાં જીવ વિકારને—પુણ્યના સંયોગને—પોતાના માની તેમાં ફાલ્યો ફૂલ્યો ફરતો, તેમાં આનંદ માનતો, પણ જ્યારે તેને ભાન થયું કે 'વિકાર મારૂં સ્વરૂપ નથી, પુણ્યના સંયોગે મારી આત્મશોભા નથી, હું તો અનંત આનંદનો રસકંદ છું' ત્યારે તેને શુભ ભાવની પુણ્યની હોંશ હોતી નથી. પુરુષાર્થની નબળાઈથી રાગ-દ્વેષ, પુણ્ય-પાપ કાઢતાં વાર લાગે, ને અલ્પ રાગાદિમાં જોડાયેલો દેખાય છતાં તેનું ધણીપણું હોતું નથી. તેની તુચ્છતા તેને ભાસી છે તેથી તે તેને રાખવા ઈચ્છતો નથી. ત્રણ કાળ, ત્રણ લોકના સર્વ પદાર્થો જાણવાનો મારો સ્વભાવ છે, એમ સ્વભાવની મહત્તા આવતાં—પ્રતીત થતાં—પરનું કર્તાપણું—ધણીપણું ટળી જાય છે. સ્વભાવનું જોર આવ્યું, પછી રાગનો ભાગ થોડો કાળ રહે તે રાખવા માટે નથી, પણ કાઢવા માટે જ છે. રાગ ટાળતાં કદાચ વાર લાગે છતાં એક-બે ભવમાં તીવ્ર પુરુષાર્થ ઉપાડી તે પૂર્ણ મોક્ષદશા પ્રગટ કરશે જ. વસ્તુનો નિર્મળ સ્વભાવ જાણ્યો, કે તરત જ ત્યાગી થાય એવું બધાને બનતું નથી. દૃષ્ટિ અખંડ શુદ્ધ સ્વભાવ ઉપર પડી છે, તે દૃષ્ટિના જોરે ઉગ્ર સ્થિરતા કરી, અલ્પકાળમાં બધો વિકાર ટાળીને પૂર્ણ શુદ્ધ થઈ જશે.

અજ્ઞાની બાહ્ય સંયોગથી, પુણ્યાદિથી પોતાની શોભા માને છે અને વિકારને પોતાના કરવા માંગે છે, પણ વિકારના સોજાથી સુથો (જાડો) થયો હોય તે ખરેખર નિરોગીતાથી પુષ્ટ થયેલો ન ગણાય, તેવી જ રીતે પુણ્યબંધન ને વિકારના સોજાથી આત્મપુષ્ટિ નથી. પુણ્યબંધન અને વિકારના સોજાથી રહિત આત્માની નિરોગતા છે, તે જ ખરી નિરોગતા છે.

આ ગાથામાં આત્માને શુદ્ધ જ્ઞાયક કહીને મોક્ષના માણેકસ્થંભ રોપ્યા છે. જેમ લગ્ન થતાં પહેલાં માણેકસ્થંભ રોપાય છે તેમ જેને મોક્ષની લગન લાગી છે તેણે, આ ગાથામાં આત્માનું જેવું યથાર્થ સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે, તેવું જ શરૂઆતમાં જાણવું જોઈએ.

તા.૫–૭–૪૩

આત્માની મહત્તા આવતાં પરની મહત્તા ઊડી જાય છે, તેમ સમયસારમાં કહેલું છે.

આત્માની સ્વતંત્ર, શુદ્ધ, પૂર્ણદશા પ્રગટ થાય તે મોક્ષ. તે મોક્ષ બહારથી આવતો નથી, સ્વભાવમાં જ તે પૂર્ણ નિર્મળ દશા શક્તિરૂપે છે, તેનું મૂળ એક સમ્યગ્દર્શન જ છે. તેના વિના ધર્મના નામે વ્રત, ક્રિયા, તપશ્ચર્યા વગેરે બધું વગેરે બધું જીવ અનંતવાર કરી ચૂક્યો. બાહ્યની પ્રવૃત્તિ વડે આત્મામાં ગુણ પ્રગટ થશે, શુભ વિકલ્પની મદદથી ગુણ થશે, એમ માની અનંતકાળમાં જેટલું કર્યું તેનું ફળ સંસારભ્રમણ થયું છે.

કોઈ અજ્ઞાની પ્રશ્ન કરે :—‘‘શું અમારાં વ્રત, તપાદિનું કાંઈ ફળ નહિ?’’

તેનો ઉત્તર :—વ્રત, તપાદિમાં કષાય પાતળો પાડે, દયા, દાન, ભક્તિમાં રાગ–તૃષ્ણા ઘટાડે તો પુણ્ય બાંધે, પણ તે વિકાર છે તેથી અવિકારી આત્માનો ધર્મ થાય નહિ અને મોક્ષમાર્ગ પ્રગટે નહિ.

**પ્રશ્ન :**—પ્રભુ! એ શુદ્ધ આત્માનું સ્વરૂપ સમજાવો કે જેની રુચિ થતાં પુણ્ય-પાપ બંધનની સહેજે તુચ્છતા લાગે.

**ઉત્તર :**—દૂધપાકનો સ્વાદ ચાખ્યા પછી સડેલી જારના રોટલાનો સ્વાદ લેવાની વૃત્તિ છૂટી જાય છે; તેની તુચ્છતા લાગતાં તેમાં રસ રહેતો નથી. તેમ આત્માના શુદ્ધ સ્વભાવનો અનુભવ થયે—આત્મિક સુખનું વેદન થઈને, સંસારી વિષયસુખોની તથા પુણ્ય-પાપની તુચ્છતા ભાસે છે, તેથી તેમાં રસ પડતો નથી.

અશુભ છોડી શુભભાવ કરવાનો નિષેધ નથી. પણ તે શુભભાવ પણ અભિપ્રાયમાં આદરણીય ન માને એટલે તેના પર સહેજે તુચ્છતા લાગે અને તેનો મહિમા અંતરથી છૂટી જાય, હઠથી ન છૂટે.

હવે આત્માને જ્ઞાયક કહેવામાં જાણનારપણું આવે છે, તેમાં પર વસ્તુ જાણવાનો સ્વભાવ છે, તો શું પરના અવલંબનથી તેનું જ્ઞાન થાય છે?

તેનો ઉત્તર :—જેમ દાહ્ય જે સોનું તેના આકારે થવાથી અગ્નિને દાહક કહેવાય છે, પણ અગ્નિ સોનાપણે (સોનાના આકાર) થતી નથી, સોનું—જુદું પડયું રહે છે અને અગ્નિ નીકળી જાય છે. તેમ જ્ઞાયક આત્મામાં પરવસ્તુના આકાર જણાય છે, તે તો પોતાના જ્ઞાનની જ નિર્મળતા દેખાય છે. જેમ અરીસાની સ્વચ્છતામાં પરવસ્તુની હાજરી જેવી છે તેવી સ્વચ્છ ઝળકે (જણાય) ખરી, પણ તેમાં પરવસ્તુનું આશ્રયપણું નથી. તેમ જ્ઞાનમાં શબ્દ, રસ, રૂપ, ગંધ, સ્પર્શ વગેરે જણાય છે. તે જાણવા વખતે પણ જ્ઞાન જ્ઞાનને જ જાણે છે, પરને જાણતું નથી; કારણકે જ્ઞાન જ્ઞેયોમાં જતું નથી, જ્ઞાન તો સળંગ જાણનારપણે રહે છે. પર (જ્ઞેય) સહજ જણાય એવો સ્વ-પર પ્રકાશક જ્ઞાનનો સ્વભાવ છે. જ્ઞાન જ્ઞાનમાં રહી અનેક જ્ઞેયોનું જ્ઞાન કરે, તે જ્ઞાનની સ્વચ્છતાનો વૈભવ છે.

ઉપરના દૃષ્ટાંતમાં અગ્નિ સામે લાકડાને બદલે સોનું લેવાનું કારણ એ છે કે સોનું અગ્નિથી નાશ પામતું નથી, લાકડું નાશ પામે છે. જ્ઞાનમાં જાણવાથી જ્ઞેય પદાર્થો કંઈ નાશ પામતો નથી પણ ટકી રહે છે, તેમ સોનું પણ ટકી રહેતું હોવાથી તે દૃષ્ટાંત લીધું છે.

જેમ સોનાની અશુદ્ધતા અગ્નિમાં આવતી નથી તેમ પરજ્ઞેયોને જાણતાં તે પરજ્ઞેય સ્વભાવમાં આવતાં નથી. જેવું નિમિત્ત હાજર હોય તેવું જ જ્ઞાન થાય છે, તેથી પરના અવલંબને જ્ઞાન થતું લાગે, પરંતુ તે વખતે પણ જ્ઞાન તો જ્ઞાનથી જ થયું છે. નિમિત્તથી જ્ઞાન થતું હોય તો બધાને એક સરખું જ્ઞાન થવું જોઈએ પણ તેમ થતું નથી, માટે જ્ઞાન પરાવલંબી નથી. જ્ઞાનમાં જ્ઞેય જણાય છે તે વખતે જ્ઞાન અખંડ જુદું રહે છે અને સામો પદાર્થ પણ તેના પોતાના ભિન્ન સ્વરૂપે અખંડ રહે છે.

તેના દૃષ્ટાંત :—

(૧) જ્ઞેય પદાર્થ ખાટો હોય તો જ્ઞાન તેને ખાટો જાણે પણ તેથી જ્ઞાન ખોટું થઈ જતું નથી.

(૨) પચીશ હાથનો લીમડો જ્ઞાનમાં જણાતાં જ્ઞાન તેવડું લાંબુ થતું નથી.

(૩) જ્ઞાન પુણ્ય-પાપ, રાગને જાણે છે ખરૂં, પણ તે રૂપે થઈ જતું નથી.

ઉપર માત્ર થોડાં દૃષ્ટાંતો આપ્યાં તેમ બધે સમજી લેવું.

જ્ઞાન જ્ઞેયાકાર થયું કહેવાય છે, છતાં જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. જ્ઞાન જ્ઞેયના આકારરૂપે થાય છે એવો અર્થ જ્ઞેયાકારનો નથી; પણ જેવું જ્ઞેય હોય તેવું જ જ્ઞાન તેને

જાણી લે છે તેને જ્ઞેયાકાર કહ્યું છે. જ્ઞાન સદાય જ્ઞાનગુણ વડે જ થાય છે ને તે જાણવા સ્વરૂપે જ પ્રવર્તે છે.

અજ્ઞાનીની માન્યતા પર ઉપર છે, તેથી તે માને છે કે મને પર અવલંબનથી જ્ઞાન થાય છે. આમ તે પોતાની સ્વાધીન સત્તાનો નાશ કરે છે અને એ જ અનાદિ સંસારનું મૂળ છે. તે માને છે કે અક્ષર, પાનાં, ઉપદેશના શબ્દોને લીધે મારૂં જ્ઞાન થાય છે. એ તેની અનાદિની ઊંધી માન્યતા છે. શબ્દના અક્ષર તો એક પછી એક ક્રમે કરીને ઉત્પન્ન થાય છે, તેના સંયોગમાં પણ ક્રમ છે. પણ જ્ઞાન બધાનું સળંગ થાય છે; માટે શબ્દાધિથી જ્ઞાન થતું નથી. જ્ઞાન શબ્દમાંથી નથી આવતું પણ શબ્દાદિ જેવાં નિમિત્ત હોય તેવું જ્ઞાન જાણી લે છે, એવો તેનો સહજ સ્વભાવ છે. જાણનાર શક્તિ આત્માની છે. પુસ્તક, પાનાં, શબ્દો આત્માને મદદગાર નથી. પુસ્તક, પાનાં બહુ વાચું તો જ્ઞાન ઘણું વધે, પૌષ્ટિક ખોરાક લેવાથી મગજ તર રહે પછી જ્ઞાન ખૂબ ખીલે, બહુ જ્ઞેયો જાણી લઉં તો મારા જ્ઞાનનો વિકાસ થાય, ખૂબ દેશાટન કરીએ, પ્રદર્શનો જોઈએ તો જ્ઞાનનો વિકાસ થાય, ઘણાના સમાગમમાં આવું, ઘણી ભાષા જાણું, ઘણા નોવેલો વાંચું તો બુદ્ધિ ખૂબ ખીલે, આમ પર નિમિત્તના કારણે જ્ઞાન ખીલે છે, એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. તેને પોતાના આત્માના સામર્થ્યનું ભાન નથી, પરથી ભિન્ન આત્માની શ્રદ્ધા નથી. નિમિત્તથી મને ગુણ થશે, એમ માનનાર અનંત પર સાથે રાગ કરવા જેવો છે એમ માને છે; તેને રાગરહિત આત્માના સ્વભાવની શ્રદ્ધા નથી. જેમ ગોળ છે તે ગળપણ સ્વભાવી છે, ગોળ અને ગળપણ અભિન્ન છે, ગોળમાં ગળપણ બહારથી નથી આવતું, તેમ જ્ઞાન આત્માનું સ્વરૂપ છે; એટલે કે જ્ઞાન અને આત્મા અભિન્ન છે, તેથી જ્ઞાન પરપદાર્થથી થતું નથી કે પરપદાર્થમાં જતું નથી. ગુણ, ગુણીથી કદીપણ જુદા પડતાં નથી, એમ કહેવામાં દરેક વસ્તુની સ્વતંત્રતા જાહેર કરવામાં આવે છે. 'તું સદાય જાણનાર દેખનાર સ્વરૂપે પૂર્ણ પ્રભુ છો' એમ કહી સર્વજ્ઞદેવ તારી સ્વતંત્રતા જાહેર કરે છે. જ્ઞાન સિવાય બીજું કોઈપણ કર્તવ્ય જે પોતાનું માને તે મિથ્યાદૃષ્ટિ છે.

જાણવું તે ગુણ છે, જાણવામાં રાગ-દ્વેષ નથી. શુભાશુભ રાગ પણ જ્ઞાનનું જ્ઞેય છે, તેથી તે જ્ઞાનથી ભિન્ન છે. જેણે પરથી ભિન્ન અખંડ જ્ઞાયક સ્વભાવ સ્વમાં એકપણે જાણ્યો તેને કદાચ અલ્પ રાગ-દ્વેષ થાય તો તે પણ ખરેખર તે જ્ઞાનમૂર્તિનું જ્ઞેય છે.

શબ્દ વડે જ્ઞાન થાય છે, પરને જાણતાં જાણતાં જ્ઞાન ઉઘડે છે, એ વાત ત્રણકાળ ત્રણલોકમાં ખોટી છે. આત્મામાં જાણનક્રિયા સિવાય જે કંઈ વિરોધભાવ જણાય તે બધા પર છે. જ્ઞાન પરને જાણે છે તેથી પરાવલંબી છે, એમ જો માનવામાં આવે, તો કેવળજ્ઞાન સર્વને જાણે છે તેને પણ ઉપાધિવાળું માનવું પડશે, માટે જ્ઞાન પરાધીન નથી.

જ્ઞાન પોતે જ જ્ઞેયને જાણતાં જ્ઞાયકપણે જણાય છે, શબ્દો જણાયા ત્યારે પણ પોતે જ્ઞાયકપણે જણાયો છે. જ્ઞાન તે પ્રગટ જ્ઞાનપણે જ રહે છે.

**પ્રશ્ન :—**આત્માને આકાર છે?

**ઉત્તર :—**હા, દરેક વસ્તુને પોતાનો આકાર હોય છે અને આત્મા પણ એક વસ્તુ છે, માટે તેને પણ આકાર છે જ. દરેક વસ્તુ પોતાના આકારરૂપે છે, પરના આકારરૂપે નથી. આત્માને ચૈતન્ય સ્વરૂપ અરૂપી આકાર છે. જ્યાં આત્માને નિરાકાર કહેવામાં આવ્યો છે ત્યાં એમ સમજવું કે તેમાં વર્ણ, રૂપ, રસ, ગંધવાળી જડ વસ્તુ જેવો રૂપી આકાર નથી; એટલે કે રૂપી પુદ્‌ગલની અપેક્ષાએ નિરાકાર છે. વસ્તુ અરૂપી છે તેથી તેના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પણ અરૂપી છે, છતાં તે વસ્તુ પોતાના આકારવાળી છે. આત્મા ચૈતન્ય આનંદની મૂર્તિ છે. વર્તમાન શરીરાકારે, શરીર જેટલા ક્ષેત્રમાં અત્યારે તે છે, છતાં શરીરથી જુદો સ્વગુણ આકારે છે.

કસ્તુરી-મૃગ જેમ કસ્તુરીની સુગંધ બહારથી શોધે છે, કારણ કે તે એમ માને છે કે હું તુચ્છ પ્રાણી, મહાબીકણ મારામાં આવી સુગંધ કેમ હોય? એમ પોતાની મહત્તા ભૂલવાથી બાહ્યમાં ભમે છે. તેવી જ રીતે આત્મામાં પૂર્ણ જ્ઞાનગુણ ભર્યો પડ્યો છે, તેને બહારમાં શોધનાર એમ માને છે કે મારામાં કંઈ તાકાત નથી; પર ઉપર લક્ષ હોવાથી કાંઈક કરૂં તો ગુણ પ્રગટે, એમ માનતો હોવાથી 'હું પૂર્ણ પ્રભુ છું' એવી તેને મહત્તા આવતી નથી અને પોતાની મહત્તા નહિ માની હોવાથી પરમાં મહત્તા માની તેમાં જ ભમે છે. હું શુદ્ધ, એકલો પૂર્ણ છું એવી શ્રદ્ધા તે સ્વતંત્રતાનો ઉપાય છે.

આ વસ્તુ અચિંત્ય છે. તીર્થંકર પરમાત્માએ જગત પાસે અપૂર્વ વસ્તુ જાહેર કરીને મૂકી, તેને કુંદકુંદાચાર્યે અમૃતના ભાજનમાં ભરીને સમયસારમાં વહેતી મૂકી છે. ઝટ ન સમજાય તો વારંવાર પરિચય કરવો, સમજનારો પોતાને બરાબર સમજાય તેવો છે. મન, ઈન્દ્રિયથી પાર અરૂપી, જ્ઞાતા હોવાથી આત્મા ઝીણો છે, તે વાણીથી ન પકડાય, અરૂપી જ્ઞાન વડે પકડાય. જેનો સ્વભાવ અરૂપી, જેના ગુણ પર્યાય અરૂપી, જેનું સર્વસ્વ અરૂપી, તેને રૂપી વડે જાણવા માગે તો સાચું સ્વરૂપ જણાય નહિ. મન, વાણી, દેહાદિ એવા રૂપીની પ્રવૃત્તિ ઉપરથી અરૂપી જ્ઞાનમય આત્મા જણાય નહિ.

રાગાદિ પરવિકારને જાણતાં આત્મા રાગપણે, પરપણે, પરના ગુણપણે, પરની કોઈ અવસ્થાપણે થઈ જતો નથી. પરવસ્તુની હાજરી જ્ઞાનમાં જ્ઞેયપણે જણાણી તેને પોતાની માની, હું પુરુષ, હું સ્ત્રી, હું દેહ, ઈન્દ્રિય—જડની ક્રિયા કરનારો, પર મારા આધારે, હું પરના આધારે એમ અજ્ઞાની માને છે તોપણ પરમાર્થ પરપણે કદી પણ થતો

નથી. જેમ દીપક, ઘટપટ વગેરે પરને પ્રકાશવા વખતે પણ, પ્રકાશથી અભિન્ન અને ઘટપટાદિથી ભિન્ન, દીપક જ રહે છે. તેમ આત્મા, પરને જાણવા વખતે પણ જ્ઞાનથી અભિન્ન અને પરથી ભિન્ન, જ્ઞાયક જ રહે છે. દીપકને જ્ઞાન નથી, જ્યારે આત્માને જ્ઞાન છે. અજ્ઞાની આત્મા પોતાને ભૂલી પરથી પોતાનું જ્ઞાન આવે છે એમ માને છે. પણ દીપકની જેમ જ્ઞાયકનું કર્તા-કર્મ જ્ઞાયકથી અભિન્ન હોવાથી અને પરભાવોથી ભિન્ન હોવાથી, શરીર, મન, વાણી તથા રાગ-દ્વેષની જેટલી અવસ્થા થાય તેને જાણનારરૂપે આત્મા સદા તેનાથી જુદો રહે છે.

સ્વતંત્રપણે રહીને કરે તે કર્તા. જ્ઞાયક સ્વભાવથી શરીરાદિ જુદા છે એમ જાણ્યું તેમ જાણનારો પોતે કર્તા અને જ્ઞાયકપણે પોતાને જાણ્યો માટે પોતે જ કર્મ અને કર્તાની થતી જ્ઞાયકભાવની પરિણતિ તે જ્ઞાતાની ક્રિયા થઈ. તે ત્રણે (કર્તા, કર્મ, ક્રિયા) જ્ઞાયકપણાથી અભિન્ન છે.

સમ્યગ્દષ્ટિ જાણવાની ક્રિયા પોતામાં કરે છે. અજ્ઞાની માને છે કે હું પરથી જાણું છું, પણ જ્ઞાનમાં જ માત્ર કર્તાનું કાર્ય છે, પરમાં નથી તથા પરના આધારે નથી. પરવસ્તુનાં કાર્યો આત્માને આધીન નથી. પરનું બહું ધ્યાન રાખું તો આમ થાય, એમ અજ્ઞાની માને છે; પણ તેની એ માન્યતા તદ્દન ખોટી છે. પુણ્યના સંયોગે ક્યારેક ધાર્યું થતું દેખે તેનું તે અભિમાન કરે છે.

આત્માનું કર્તા-કર્મપણું દીપકના પ્રકાશની જેમ અનન્ય છે. જેમ દીપક ઘટપટ આદિ પરવસ્તુને પ્રકાશિત કરવાની અવસ્થામાંય દીપક છે અને પોતાને પોતાની જ્યોતિરૂપ શિખાને—પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક જ છે, તેમ જ્ઞાયકનું સમજવું.

આ તો સૂત્રમાં છે, તેમાં ગૂઢ રહસ્ય રહેલું છે. જેમ ઉઘાડા કાગળમાં બે લીટીમાં લખ્યું હોય કે વૈશાખી સુદ બીજના વાયદાની, રૂા.૪૫૦/- થી ૪૭૫/- સુધીમાં, એક લાખ ગાંસડી રૂની લેજો. લખાણ ટૂંકું છતાં તેમાં અને તેની પ્રતીત રાખનાર આડતીયાની હિંમત, ભરોંસો, મૂડી અને આબરૂ કેવી અને કેટલી છે, તે બધું તેનો જાણનારો તારવી લે છે. શબ્દોમાં એટલું બધું નથી લખ્યું, પણ જાણનારો બન્ને વેપારીનો ભાવ, તેનો વૈભવ, તેની આબરૂ, વગેરે જાણી લે છે; તેમ આત્માના પૂર્ણ કેવળજ્ઞાનસ્વભાવથી કહેલા શાસ્ત્રનાં ગૂઢ રહસ્યો દોઢ લીટીમાં સૂત્રરૂપે લખાયાં હોય છતાં તેને જાણનારો સમ્યક્જ્ઞાની તેટલામાંથી બધા ભાવ તારવી લે છે. એ રીતે આ છઠ્ઠી ગાથામાં અર્થની ઘણી ગંભીરતા ભરી છે.

પર નિમિત્ત રહિત જ્ઞાનની અવસ્થાપણે થનારો તે કર્તા અને જ્ઞાયકપણે તે

અવસ્થા પોતામાં થઈ તે કર્મ, એમ સ્વથી એકત્વ અને પરથી જુદો ધ્રુવસ્વભાવી છું, એવો અંતરમાં નિશ્ચય કરવો તે સમ્યગ્દર્શન છે. આ રીતે પોતાને પોતામાં જ જોવો તે ધર્મનો અંશ છે.

**ભાવાર્થ :—**જેમ એકલા સોનામાં અશુદ્ધતા ન કહી શકાય, પણ કોઈક બીજી ધાતુનો સંયોગ આવે, તેના આરોપથી અશુદ્ધપણું કહેવાય છે; તેમ જીવમાં અશુદ્ધપણું એટલે વિકાર થાય છે તે પર દ્રવ્યના સંયોગથી થાય છે. જેમ તાંબાના સંયોગમાં રહેવા છતાં સોનું સોનાપણે ફીટી જતું નથી, તેમ વર્તમાન અવસ્થામાં પરસંયોગથી વિકારી છતાં આત્મા આખો વિકારરૂપ થઈ જતો નથી. મૂળ જ્ઞાયકસ્વભાવે નિરપેક્ષ, અવિકારી શુદ્ધ જ રહે છે.

જેમ સોનાને પરનાં સંયોગ વખતે સર્વથા અશુદ્ધ જ માનો તો તે શુદ્ધ થઈ શકશે નહિ, વર્તમાનમાં પણ મૂળ સ્વરૂપ તો સોળ વલું શુદ્ધ જ છે, એવા લક્ષે સોનું શુદ્ધ થઈ શકે છે. તેમ ચૈતન્ય ભગવાન આત્મામાં વર્તમાનમાં કર્માધીન પોતે થતાં મલિનતાં દેખાય છે, છતાં વર્તમાન અવસ્થામાં પણ મૂળ સ્વભાવ અખંડ જ્ઞાયકપણે શુદ્ધ જ છે. એ રીતે વર્તમાનમાં પૂર્ણ વસ્તુ સ્વભાવપણે જોવાથી અને તેમાં એકાગ્રતા કરવાથી ભગવાન આત્માની પૂર્ણ નિર્મળતા પ્રગટ થાય છે.

**પ્રશ્ન :—**આ ભગવાન આત્માનું લક્ષ કરવાનું કોને કહેવાય છે?

**ઉત્તર :—**ભગવાન થઈ ગયા તેને તો કાંઈ કરવાનું રહ્યું નથી, તેથી તેમને માટે આ કથન નથી; પણ જેઓ ભગવાન થવા ઈચ્છે છે તેવા સાધકે માટે આ કથન છે. પૂર્ણદશા થયાં પૂર્ણ શુદ્ધની ઓળખાણ કરવી જરૂરી છે. જેને સ્વાધીન થવું છે તેને પૂર્ણ સ્વાધીનતાના ઉપાયની શુદ્ધ દૃષ્ટિ બતાવાય છે અને તે જ પ્રથમમાં પ્રથમ ધર્મનો ઉપાય છે.

જેમ ધોળું વસ્ત્ર મલિનપણાની અવસ્થાવાળું દેખાય છે, તે વખતે બાળક પણ જાણે છે કે મેલનો ભાગ તે લુગડાનો નથી પણ પરનો સંયોગ છે. વસ્ત્રનું મૂળ સ્વરૂપ વર્તમાનમાં પણ ધોળું છે, એવી દૃષ્ટિ પ્રથમથી રાખીને મેલ કાઢવાનો ઉપાય કરે છે; તેમ આત્મામાં વર્તમાનમાં મલિનતા જણાય છે તે ક્ષણિક અને નિમિત્તાધીન છે. સ્વભાવે તો તે નિર્મળ જ છે, એમ નિત્ય અવિકારીના લક્ષે ક્ષણિક વિકાર ટાળી શકાય છે. માટે ભેદજ્ઞાનવાળી શુદ્ધજ્ઞાનદૃષ્ટિ પ્રથમ જ પ્રગટ કરવી જોઈએ.

ભેદજ્ઞાન સાબુ ભયો, સમરસ નિર્મળ નીર;
ધોબી અંતર આતમા, ધોવે નિજગુણ ચીર;

(બનારસી કૃત સમયસાર નાટક)

રાગ કે વિકારરૂપે હું નથી એવી નિર્મળતાની દૃષ્ટિ વડે, ધ્રુવ સ્વભાવ ઉપર અભેદ લક્ષ કરતાં સ્થિરતા પ્રગટે છે. એવો નિર્મળ, આનંદઘન ભગવાન આત્મા છે.

આત્મામાં થતી વર્તમાન ક્ષણિક અવસ્થાને ગૌણ કરી, આત્માનો જેવો શુદ્ધ સ્વભાવ છે તેવો અખંડપણે લક્ષમાં લેવો તે સમ્યગ્દર્શન છે.

નિર્મળ એકરૂપ જ્ઞાયકપણે રહે તે જ મારો સ્વભાવ છે, ક્ષણિક મલિનતા મારો સ્વભાવ નથી એમ માનવું તે જ શરૂઆતનો ધર્મ છે.

પુણ્ય-પાપ વિકારથી જુદો, અનંત જ્ઞાનાનંદમૂર્તિ દરેક ક્ષણે પવિત્ર છે, એવા ભગવાન આત્માને સત્‌સમાગમ વડે અંતરમાં સમજ્યા વિના, ધર્મની શરૂઆત પણ થતી નથી અને આત્માના શુદ્ધભાન વિના સ્વતંત્રતાની પ્રાપ્તિ અને બંધનનો નાશ થતો નથી.

આત્માના શુદ્ધ સ્વરૂપને સમજવાની તૈયારી માટે પાત્રતાની વાત ઘણી વાર થઈ ગયેલ છે. મુમુક્ષુને તૃષ્ણાનો ઘટાડો, દાન, કરુણા, સત્ય, બ્રહ્મચર્યનો રંગ, ધર્મનો પ્રેમ, પ્રભાવના, ભક્તિ, તીવ્ર આસક્તિની મોળપ અને માનાદિ પાતળા પાડી જતું કરવાની ટેવ, એવી લૌકિક વ્યવહાર નીતિ તો હોવી જોઈએ, પણ તે અપૂર્વ નથી. અહીં તો શરૂઆત આત્મામાં લોકોત્તર નીતિથી જ થાય છે. અનંતકાળે મોંઘું મનુષ્યપણું મળ્યું તે વખતે ત્રિલોકનાથ તીર્થંકરદેવ કહે છે તેવું સ્વતંત્ર આત્મતત્ત્વ તું ન જાણ તો મનુષ્યપણું તને શું કામનું થયું? તારી જાતનો મહિમા આવ્યા વિના તૃષ્ણા—મમતા—ખરેખરી મોળી ન પડે, માટે કહ્યું કે સમજ્યા પહેલાં આસક્તિ ઘટે તો અલ્પ ઘટે, પણ સમજ્યો એટલે સહેજે અનંતી મમતા અને તૃષ્ણા ટળે છે. મૂળ સમજણ ઉપર વજન છે. નિરપેક્ષ સ્વરૂપ સમજ્યા વિના એકલા વ્યવહારે શુભભાવ કરી અનંતવાર નવ ગ્રૈવેયક સુધીના દેવભવમાં જઈ આવ્યો પણ ભવ ન ઘટ્યો, માટે વીતરાગદેવ કહે છે કે પ્રથમ અવિકારી આત્માને ઓળખો. વર્તમાનમાં સાક્ષાત્ શ્રી સીમંધર ભગવાન મહાવિદેહક્ષેત્ર પરમાત્મપદે છે, તેઓ પણ મોક્ષમાર્ગ તે રીતે કહે છે.

સંસારની રુચિ છોડી, મોક્ષના પગથિયે (સમ્યગ્દર્શને) આવીને દેખે, તો આત્માનો બધો વૈભવ જેમ છે તેમ દેખાય. જેમ મેડી ઉપર વૈભવ ભર્યો છે તેને જોવા માટે દાદરા ઉપર ચડવું જોઈએ; તો જ મેડી ઉપર શું છે તે દેખાય, પણ ઓરડામાં નીચે ઊભો રહી વૈભવ હોવાની ના પાડે તેને કેમ દેખાય? તેમ સર્વજ્ઞ ભગવાન સાક્ષાત્ જ્ઞાનથી આત્માની પૂર્ણ સમૃદ્ધિ શું કહેવા માગે છે, તેની પ્રાપ્તિ કેમ થાય અને તે પ્રાપ્તિનો શું ઉપાય છે? તે જાણવું હોય તો મોક્ષના પગથીએ એટલે ચોથી ભૂમિકાએ સમ્યગ્દૃષ્ટિપણાથી ચડવું જોઈએ. ઠેઠ મેડી ઉપર જનાર પૂર્ણ સામગ્રીનો સાક્ષાત્ અનુભવ કરે અને મેડીએ ચડતાં

ઉપર ડોકીયું કરે તો ઉપર મેડીમાં શું છે? તે બધી ખબર પડે, તેમ પૂર્ણ સાધ્યના લક્ષે રાગથી જુદો પડી, અંદર ગુણમાં અખંડ જ્ઞાયક તે જ હું છું એમ અનુભવે, તો પૂર્ણ સાક્ષાત્ જ્ઞાની જેવું અંશે દેખી, આખા ત્રિકાળી સ્વભાવને જેવો છે તેવો ઓળખી લે. પરમાત્મા કેવો હોય? તેનું સાધન કેવું હોય? વચ્ચે વિકાર (બાધકભાવ) કેટલો હોય? તે બધું પોતે જ્ઞાયક હોવાથી સ્વ-પરનો વિવેક કરતાં જાણી લે છે. જેમ મેડીએ જવા માટે દાદરા ઉપર ચઢતાં બધું સીધું દેખાય, તેમ મોક્ષના દાદરે ચઢવાની શરૂઆતમાં જ સ્વભાવ શું, પુણ્ય-પાપ વિકાર શું, નિત્યતા-અનિત્યતા, સંયોગી તત્ત્વ કોણ છે, અસંયોગી તત્ત્વ કોણ છે? વગેરે બધું જાણવામાં આવી જાય છે. અવિરોધી ન્યાય વડે, એક આત્માને જાણતાં બધું જણાય છે. પણ તે જાણ્યા વિના ઘણાં શાસ્ત્રો ભણ્યો, ઘણાં પુણ્યની ક્રિયા કરી અને અનંતવાર નવ ગ્રૈવેયક સુધી ગયો પણ ભવ ન મટ્યો. જે નવમી ગ્રૈવેયકના દેવનાં ઊંચા પુણ્ય બાંધે છે તેનો બાહ્ય વ્યવહાર ઘણો ઊંચો હોય છે; જેમ કે નગ્ન દિગંબર મુનિ હોય, પાંચ મહાવ્રત, અઠ્ઠાવીસ મૂળ ગુણ વગેરે ચોખ્ખાં પાળે, કાંટા વીંટી કોઈ સળગાવે તો બાહ્ય ક્રોધ ન કરે, એવું અનંતવાર કર્યું; પણ નિરપેક્ષ, નિરાવલંબી જ્ઞાયક આત્માને જુદો જાણ્યો નહિ, તેથી ભવ ટળ્યો નહિ.

જે જીવ મનુષ્યપણું પામવા છતાં સ્વતંત્ર આત્મતત્ત્વને પરમાર્થે શ્રવણ કરતો નથી, સમજવાની દરકાર કરતો નથી, તેનો ત્રસની સ્થિતિનો કાળ પૂરો થવા આવ્યો છે. સત્ સ્વરૂપ સાંભળવાનાં મોંઘાં ટાંણાં મળ્યા તે હારીને તે અનંતાનંત કાળ સુધી એકેન્દ્રિય, નિગોદ, બટાટા વગેરેમાં જવાની તૈયારી તે કરે છે, ફરી અનંતકાળે ઈયળ અને માણસ નહિ થાય એટલે કે ત્રસ પર્યાયને નહિ પામે.

આત્માનો સ્વભાવ જ્ઞાયકપણું માત્ર છે અને તેની અવસ્થા પુદ્ગલ કર્મના નિમિત્તથી રાગાદિરૂપ મલિન છે. તે પર્યાયની દૃષ્ટિથી જોવામાં આવે તો તે મલિન જ દેખાય છે અને દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે તો જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ છે, કાંઈ જડપણું થયું નથી. અહીં દ્રવ્યદૃષ્ટિને પ્રધાન કરી કહ્યું છે. ત્રિકાળી ધ્રુવ—સ્વભાવે આત્મા પરથી જુદો જ છે, એવી નિર્મળ ગુણદૃષ્ટિમાં વર્તમાન ક્ષણિક અવસ્થા મુખ્ય ગણી નથી, તેથી જે પ્રમત્ત-અપ્રમત્તના ભેદ છે તે તો પર દ્રવ્યના સંયોગજનિત પર્યાયરૂપ છે. તે ક્ષણિક અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે.

એક વસ્તુમાં બે પ્રકાર પડે છે, એક ક્ષણિક નિમિત્ત આધીન ભાવ છે અને બીજો ધ્રુવ સામાન્ય સ્વભાવ છે. તે સામાન્ય સ્વભાવને જુઓ તો ત્રિકાળી જ્ઞાયક તે જ્ઞાયક જ છે, પરરૂપે તથા ક્ષણિક વિકારરૂપે તે થતો નથી, માટે શુદ્ધ છે.

મોટા લાકડામાં કોતરણી થોડા ભાગમાં છે, બાકીનું આખું લાકડું સામાન્ય છે, તે સામાન્યને જુઓ તો કોતરણીનો જરાક ભાગ મુખ્ય નથી; તેમ આત્મામાં વર્તમાન અવસ્થા એક-એક સમયની સ્થિતિરૂપે પર નિમિત્તાધીન અનાદિથી વર્તે છે, તે પુણ્ય-પાપનો ક્ષણિક વિકાર વર્તમાન પૂરતો છે. તેને ગૌણ કરી, પર નિમિત્ત રહિત, એકરૂપ સામાન્ય ત્રિકાળ નિર્મળ દૃષ્ટિથી જોવામાં આવે તો આત્મા પૂર્વે શુદ્ધ જ્ઞાયકપણે હતો, વર્તમાન છે અને ભવિષ્યમાં પણ તેવો જ રહેશે.

જેમ ડુંગર ઉપર ચઢતાં ઊંચેનો ખ્યાલ મુખ્ય છે, તળેટી છે તેનો ખ્યાલ ગૌણ છે, તેમ સાધ્ય જે શુદ્ધ આત્મા, તેને મુખ્ય જ્ઞાયક સ્વભાવપણે લક્ષમાં લેતા, ઊર્ધ્વ જ્ઞાનાનંદો સ્વભાવને જોતાં, વર્તમાન મલિનતા ગૌણ બની જાય છે.

આત્માનો સ્વભાવ જડથી, વિકારથી, રજકણના સ્વભાવથી તથા અન્ય બધાથી જુદો જ છે. વિકાર ક્ષણિક અવસ્થા પૂરતો જ થાય છે. વિકારની બે ક્ષણ કદી ભેગી થઈ નથી. પહેલા સમયે વિકાર કર્યો, તેને બીજા સમયે નવા ઊંધા પુરુષાર્થથી ઝીલીને, બીજે સમયે નવો વિકાર કરે છે, એમ પરંપરાથી એક-એક સમયનો જુદોજુદો વિકાર જીવ કરતો આવે છે તેને નિત્ય, અવિકારી સ્વભાવના લક્ષે તોડી શકાય છે.

લોકોએ આ વાત સાંભળી નથી. મારામાં શું થઈ રહ્યું છે, સ્વભાવ શું, વિભાવ શું? એની કંઈ ખબર નથી. જેનાથી હિત થાય તેની ખબર ન રાખે અને જેનાથી કાંઈપણ પોતાનું હિત ન થાય એવા પર પદાર્થો, જેમ કે ઘરમાં પૈસા કેટલા, ઘરની બારીમાં સળિઆ કેટલા, ફર્નિચર કેટલું? વગેરે પરની ખબર રાખે.

સ્ફટિક છે તે પરના સંયોગથી રંગીન દેખાય છે, પણ તેને વર્તમાનમાં સ્વભાવે સ્વચ્છ જોઈ શકાય છે. સફેદ લુંગડું છે તે પર નિમિત્તે મેલું દેખાય છે, પણ તેને વર્તમાનમાં સ્વચ્છ જોઈ શકાય છે. આ તો દૃષ્ટાંત છે. તેમાં જોનાર બીજો છે, તે એમ કહે છે; પણ આત્મામાં વર્તમાન મલિન અવસ્થા છે, તે મૂળ સ્વભાવ નથી, તેથી વર્તમાનમાં મલિન અવસ્થાવાળો જીવ પણ તેનો નિર્મળ સ્વભાવ જોઈ શકે છે.

**પ્રશ્ન :—**અશુદ્ધ અવસ્થામાં રહેલા જીવને, શુદ્ધ અવસ્થામાં રહેલો મૂળ શુદ્ધ સ્વરૂપે જોઈ શકે તે તો સંભવિત છે, પણ નીચલી (અશુદ્ધ) દશામાં રહેલાને શુદ્ધ સ્વભાવ કેમ જણાય?

**ઉત્તર :—**આત્મામાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર ગુણ છે. તેમાં ચારિત્ર અને શ્રદ્ધા ગુણ મલિન પરિણમે છે; પણ જે જ્ઞાન ગુણ છે તે ત્રિકાળ જ્ઞાનપણે વર્તે છે, રાગપણે વર્તતો નથી. તેથી જ્ઞાન, જ્ઞાયક સ્વભાવથી, સ્વ-પરને જાણે છે. આથી અશુદ્ધ અવસ્થા

વખતે પણ આખો શુદ્ધ સ્વભાવ કેવો છે, તેને આત્મા જાણી લે છે. અજ્ઞાનીને પણ જ્ઞાન અસ્તિરૂપે છે, રાગને પોતાપણે માનવાથી તેનું જ્ઞાન નાસ્તિરૂપે થયેલું દેખાય છે. દૃષ્ટાશક્તિ, જ્ઞાનગુણ અને વીર્યગુણમાં વિપરીતતા નથી, પણ ઘટાડો થાય છે. અજ્ઞાનદશામાં પણ જ્ઞાનગુણનો ઉઘાડ તો હોય જ છે. તે ઉઘાડને સ્વ તરફ વાળે તો સમ્યક્જ્ઞાન પ્રગટ થઈ શકે છે અને તે વડે ત્રિકાળી, નિશ્ચલ સ્વભાવને જીવ જાણી લે છે.

શ્રદ્ધા અને ચારિત્રગુણના કાર્ય કરતાં જ્ઞાનગુણનું કાર્ય જુદું છે. કેમ કે તે જ્ઞાન ગુણ છે, એટલે તે જાણવાનું કાર્ય કરે છે. જોકે બધા ગુણ પૂર્ણ નિર્મળ એક સાથે થાય છે તોપણ તે જ્ઞાનગુણ નિર્મળગુણ પ્રથમ જણાવે છે. સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન થયું તેમાં જ્ઞાયકપણે જે જણાયો તે પૂર્વે જ્ઞાયક જ હતો, વર્તમાનમાં જ્ઞાયક છે અને ભવિષ્યમાં જ્ઞાયકપણે જ રહેશે. સદાય જાણનારપણે હોવાથી, ચારિત્ર ગુણમાં જે કંઈ અશુદ્ધ અવસ્થા રહી જાય છે, તેને જ્ઞાન જાણી લે છે. તે અશુદ્ધતા અહીં ગૌણ છે, આ રીતે સાધકભાવમાં ગુણના કાર્યનો ભેદ હોય છે.

**પ્રશ્ન :—**અશુદ્ધ અવસ્થા ગૌણ કેવી રીતે છે?

**ઉત્તર :—**શ્રદ્ધા અને જ્ઞાન ગુણનું લક્ષ અખંડ જ્ઞાયક તત્ત્વ ઉપર છે, તે શ્રદ્ધાના જોરે નિર્મળતા વધે છે અને તેથી વર્તમાન ક્ષણિક મલિનતા ગૌણ થઈ જાય છે; આત્મામાં અશુદ્ધ અવસ્થા ક્ષણિક, વર્તમાન એક સમય પૂરતી નવી થાય છે; તેના નાશની પ્રતીતિનું અહીં જોર છે. અખંડ ધ્રુવની દૃષ્ટિના લક્ષમાં શુદ્ધ દ્રવ્યસ્વભાવની મુખ્યતા રહે છે. તે દ્રવ્યદૃષ્ટિ છે અને તે દ્રવ્યદૃષ્ટિથી જોનાર ક્ષણિક વિકારને લક્ષમાં લેતો નથી.

જેમ શરીરના થોડાક ભાગ ઉપર ગૂમડું હતું, તેને રૂઝ ઉપર આવતું જોઈને અને ઊંડાણમાં સડતું નથી એમ જાણી, આખા નિરોગ શરીરના લક્ષે વર્તમાનમાં પણ ડોક્ટર કહી દે કે જરા કાચું છે, પણ રોગદ મટી ગયો છે, પાંચ-છ દિવસમાં પૂરી નિરાગતા થઈ જશે; તેમ ચૈતન્ય ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપે આખો નિરોગી છે. વર્તમાનમાં થતા ક્ષણિક પુણ્ય-પાપાદિ વિકાર જેવડો જ હું છું, એમ જે જીવ પોતાને વિકાર-રોગરૂપ માને, તેનો વિકાર-રોગ મટતો નથી, પણ વર્તમાન ક્ષણિક અવસ્થા જ મલિન છે તોપણ ઊંડાણમાં એટલે શક્તિરૂપે, વર્તમાનમાં ત્રિકાળી આખો નિર્મળ છું, એવા પૂર્ણ નિરોગ સ્વભાવ ઉપર જેની દૃષ્ટિ છે તેના ક્ષણિક રાગરૂપી રોગનો નાશ થઈ જાય છે.

ઉપર કહ્યું તેવા તત્ત્વના ભાન વિના જેના જીવન પૂરાં થયાં તેના જીવન ગલૂડિયાં, અળશિયાં જેવા છે. આ અપૂર્વ તત્ત્વ જાણ્યું તેનું જીવન મોક્ષના ઘરનું થયું.

હું પરથી તદ્દન જુદો, પૂર્ણ સ્વતંત્ર છું, કોઈની જરૂર પડે તેવો પરાધીન નથી,

એવા ભાન વિનાના, ભલે પૈસાદાર હોય તોપણ રાંકા, ઓશિયાળા છે. ઝાઝું માગે તે મોટો માગણ, થોડું માગે તે નાનો માગણ. આત્માની સમૃદ્ધિના ભાન વિનાના બધા રાંકા—માગણ છે. વર્તમાન મલિનતાનું લક્ષ ગૌણ કરી, નિરોગ નિર્મળ જ્ઞાયક સ્વરૂપને જોવાની શ્રદ્ધા તે જ પૂર્ણ નિરોગ મોક્ષ કરવાનો ઉપાય છે. અંતરમાં યથાર્થ ભાન થયું કે તરત જ બધો રાગ કે અસ્થિરતારૂપ નબળાઈ ન ટળે, પણ જેમ રોગ રૂઝ ઉપર આવી ગયો છે, હવે બે-ત્રણ દિવસમાં તદ્દન મટી જશે એમ જણાય, અથવા માણસને રોગ મટી ગયા પછી થોડી નબળાઈ રહી છે તે હવે, નિરોગતાના લક્ષે ખોરાક લેવાથી, થોડા જ વખતમાં ટળી જશે ને પુષ્ટિ થઈ જશે. (રોગ રાખીને પુષ્ટિનો ખોરાક ખાય તો રોગ વધે છે.) તેમ અંતરમાં ભાન થયા પછી પૂર્ણ નિરોગ થવાનો અંતર સ્થિરતારૂપ આનંદનો ખોરાક લઈ પૂર્ણ પુષ્ટ (સર્વજ્ઞપણું) અલ્પકાળમાં થઈ જશે, પણ અવિકારી નિરોગી તત્ત્વના ભાન વિના રાગ વધી જશે. હું વર્તમાન મલિન અવસ્થા પૂરતો નથી પણ વર્તમાનમાં આખો ધ્રુવ સ્વભાવી નિર્મળ છું, એવા જોરે અંશે નિર્મળ છું, એવા જોરે અંશે નિર્મળ નિરોગતા તો પ્રગટી અને તે જ સ્વભાવના જોરે અલ્પકાળ સાક્ષાત્ મોક્ષદશા પ્રગટ થવાની છે; એમ વર્તમાન નિર્મળ અંશ ઉપરથી આખા નિર્મળ મોક્ષને જાણે છે. પણ આત્મામાં ભવની ભ્રાંતિરૂપ, પરમાં ધણીપણું—કર્તાપણું માનવાનો રોગ ટળ્યો નથી, તેને પુણ્યના સોજાથી નિરોગપણું નહીં આવે.

**''આત્મ ભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરૂ વૈદ્ય સુજાણ;**
**ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.''**

(આત્મસિદ્ધિ)

શ્રીમદ્ રાજચંદ્રે પણ પ્રથમમાં પ્રથમ ભાવનિદ્રા અને ભાવરોગ ટાળવાનો ઉપાય કરવા જણાવ્યું છે. પોતાને જ્ઞાતા-સાક્ષીપણે ભૂલી જઈ પરને પોતાનું માનવારૂપ આત્મભ્રાંતિ જેવો જગતમાં કોઈ રોગ નથી. પુણ્ય-પાપ મારાં, પરના કામ હું કરી શકું, પર મને મદદ કરે, દેહાદિની ક્રિયા મારે આધીન છે, વગેરે પ્રકારની ઊંધી માન્યતારૂપ રોગ અનાદિનો છે. તેને દૂર કરવા, ''સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ'' એટલે કે સુજ્ઞાની મેળવવા જોઈએ અને ''ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.'' ઔષધમાં પથ્યની વિશેષતા છે. સર્વજ્ઞે કહેલા આશય અનુસાર પોતાનું હિત-અહિત શું તેનો વિવેક અંતરમાં લાવવો તે જ ખરૂં પથ્ય છે તે પથ્ય સહિત ઔષધરૂપી સુવિચાર, ધ્યાન કરતાં કરતાં સ્વરૂપના મહિમામાં ઠરવું તે ચારિત્ર છે અને સમ્યક્ચારિત્ર થતાં પૂર્ણ વીતરાગતા થઈ, નિર્મળ મોક્ષદશા પ્રાપ્ત થશે જ.

જ્ઞાન અને જ્ઞાનની ક્રિયા, નિશ્ચય-વ્યવહાર, સ્વમાં હોય છે.

કર્મના નિમિત્ત આધીન થતી અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે, વ્યવહાર[૧] છે, અભુતાર્થ[૨] છે, અસત્યાર્થ[૩] છે, ઉપચાર[૪] છે. દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ છે, અભેદ[૫] છે, નિશ્ચય[૬] છે, ભૂતાર્થ[૭] છે, સત્યાર્થ[૮] છે, પરમાર્થ છે માટે આત્મા જ્ઞાયક જ છે; તેમાં ભેદ નથી, તેથી તે પ્રમત્ત-અપ્રમત્ત નથી.

'જ્ઞાયક' એવું નામ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે. સામે જેવો પદાર્થ હોય તેવું જ જ્ઞાન જ્ઞાનમાં થાય છે. તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી.

જ્ઞાન દ્વારા શ્રદ્ધાનું લક્ષ થાય છે, છતાં શ્રદ્ધા શ્રદ્ધાથી (સ્વભાવ ઉપર લક્ષ કરવાથી) પ્રગટે છે અને શ્રદ્ધાના સમ્યક્પણાને લીધે જ્ઞાનમાં પણ સમ્યક્પણું આવે છે.

શુદ્ધનય (સમ્યક્ શ્રુતજ્ઞાનના અંશ) વડે આત્માને પરથી નિરાળો, અખંડ જ્ઞાયકપણે લક્ષમાં લેવો અને એ જ સ્વરૂપે ત્રિકાળી રહે છે તેમ માનવું તે સમ્યક્શ્રદ્ધા છે.

તા.૭–૭–૪૩.

ત્રિકાળ એકરૂપ નિર્મળ રહે તેને સમ્યક્ સ્વભાવ કહેવામાં આવે છે. જે આત્માનો સ્વભાવ હોય તે તેનાથી દૂર ન થઈ શકે અને જે દૂર થાય તે (પુણ્ય-પાપ-વિકાર) તેનું સ્વરૂપ નથી.

શરીર, મન, વાણીને કાઢવા પડતાં નથી, કારણ કે તે જુદા જ છે; તે પોતાના કારણે પોતામાં રહે છે, આત્મામાં રહેતા નથી. વર્તમાન અવસ્થામાં કર્મના નિમિત્તે શુભ-અશુભ વિકારી ભાવ થાય છે તે ભગવાન આત્માનું સ્વરૂપ નથી. જે ભાવ નાશ થાય

---

૧. પરાશ્રિત ભાવ તે વ્યવહાર.

૨. અભૂતાર્થ=ત્રિકાળ ન ટકે તેવો ક્ષણિક ભાવ.

૩. ત્રિકાળ ટકે એવા સ્વરૂપથી વિપરીત તે અસત્યાર્થ.

૪. પરનિમિત્તથી થાય તે ઉપચાર.

૫. અભેદ=જ્ઞાન, દર્શન, ચારિત્ર એ બધા ગુણ સ્વમાં એક સાથે અભેદ છે.

૬. નિશ્ચય=પર નિમિત્તની અપેક્ષા રહિત, સ્વઆશ્રિત તે નિશ્ચય.

૭. ત્રિકાળ ટકનાર તે ભૂતાર્થ.

૮. સત્યાર્થ=નિર્મળ સ્વતંત્રપણે પોતાનો અસ્તિત્વભાવ.

તેને પોતાનો માનવો તે મિથ્યાદૃષ્ટિ છે. પુણ્ય-પાપનો આદર તે અવિકારીનો અનાદર છે. પૂર્ણ કૃતકૃત્ય આનંદ સ્વરૂપે ત્રિકાળ એકરૂપ નિર્મળ જ્ઞાયકપણે રહે તે જ આત્માનું શુદ્ધ સ્વરૂપ છે. આ શુદ્ધનયનો વિષય છે.

જેમ પાણીના પ્રવાહમાં પરવસ્તુ (પુલ, નાળાં) ના નિમિત્તે ખંડ પડે તે પાણીના સીધા પ્રવાહનું સ્વરૂપ નથી, તેમ પરસંયોગજનિત શુભાશુભભાવ વડે આત્મામાં ભેદ પડે તે શુદ્ધ આત્માનું સ્વરૂપ નથી. તે બધા ભેદ અશુદ્ધ દ્રાવ્યાર્થિક નયનો વિષય છે.

આત્મામાં શું થઈ રહ્યું છે, શું માની રહ્યો છે અને આદરવા યોગ્ય શું છે? તે અહીં કહેવાય છે. જગત જે માની રહ્યું છે તેમ જ કરી રહ્યું છે તે થોથાં છે. તત્ત્વ સમજ્યા વિના જન્મ-મરણનો અંત આવતો નથી. અનાદિ કાળથી જે ભાવે જીવ ભ્રમણ કરે છે તે બંધન ભાવનો, આત્મ ભાન વડે નાશ ન કરે, તો મિથ્યાશ્રદ્ધામાં અનંતભવ કરાવવાની તાકાત છે. કોઈ કહે આવું ઝીણું ન સમજાય. તેના જવાબમાં કહેવું જોઈએ કે એ સમજ્યે જ છૂટકો છે. સાચું સુખ જોઈતું હોય તો પરથી જુદાપણે ધર્મ સમજવો જોઈશે. આત્મા અરૂપી, તેના ભાવ અરૂપી, તેથી ન સમજાય એવું ન માનવું. આત્માને યથાર્થ જાણીને, પુણ્ય-પાપની પ્રવૃત્તિથી છૂટીને, સ્વમાં સ્થિર થઈ, અનંત જીવો મોક્ષે ગયા છે. જેટલું દરેક આત્મામાં સામર્થ્ય છે તેટલું જ કહેવાય છે. દરેક આત્માની જાત એક જ છે, તેથી સર્વજ્ઞ ભગવાન જેવું સ્વરૂપ કહે છે તેવું જે પ્રગટ કરવા માગે તે સમજીને પ્રગટ કરી શકે છે. કોઈ એક જ આત્મા આવું ભાન કરી શકે, બીજો ન કરી શકે, એવું નથી.

આત્મસ્વભાવ તો સદાય શુદ્ધ જ છે. તેમાંથી વિકાર કે અશુદ્ધતા આવતી નથી. આત્મા તો પર નિમિત્ત રહિત અનંત ગુણની ખાણ છે. પુણ્ય-પાપરૂપ વિકાર, પર સંયોગના લક્ષે, પરમાં ઠીક-અઠીક માનતાં, વર્તમાન અવસ્થામાં (ક્ષણિક) થાય છે.

લોકો કહે કે અમને આત્માનું સ્વરૂપ પ્રત્યક્ષ નજરે દેખાતું નથી. તો તેને પૂછીએ છીએ કે જગતના જડ પદાર્થમાં સુખ છે, એવું નજરે જોઈને કોણે નક્કી કર્યું? સુખ પરમાં છે એવી કલ્પના કોણે કરી? ક્યાં કરી? તેની ખબર નથી. તેનું કારણ જ્ઞાનની મૂઢતા છે. ચૈતન્ય ભગવાન પરથી જુદો, પરના આશ્રય વિનાનો છે. તેના ભાન વિનાના જીવ ભલે ઘણા પૈસાવાળા હોય, મોટા હજીરા-બંગલામાં રહેતા હોય, છતાં જેમ ડુંગરની ગુફામાં નોળકોળ આદિ પડ્યા રહે છે તેવા છે; કારણ કે જેને હિત અહિતનું પરમાર્થ ભાન નથી તે મૂઢ જ છે. ભગવાન કુંદકુંદાચાર્ય અષ્ટપાહુડમાં કહે છે કે જેને આત્માની ખબર નથી, તે ચાલતાં મડદાં છે.

જડ આદિ જણાય તે જડમાં જણાતુ નથી, પણ જ્ઞાનથી જ્ઞાનમાં જણાય છે, જ્ઞાન જ્ઞાનની અવસ્થામાં રહીને જાણે છે. જ્ઞાનમાં પોતાની જ્ઞાનરૂપ અવસ્થા દેખાય છે.

અજ્ઞાની જડમાં, દેહ, ઈન્દ્રિય, સ્ત્રી, ધન આદિમાં સુખ માને છે, તે કલ્પના છે. જડના કટકા કરી તેમાં જોશો તો સુખ ક્યાંયે દેખાશે નહિ, છતાં અજ્ઞાની મૂઢતાને લીધે પરમાં સુખ છે એમ માને છે. વર્ણ, ગંધ, રસ કે સ્પર્શમાં સુખ જરાય નથી. અજ્ઞાનીએ જોયા વગર અધ્ધરથી કલ્પના કરીને સુખ માન્યું છે. મેં ક્યે ઠેકાણે સુખ નક્કી કર્યું છે? તેની પણ તેને ખબર નથી, છતાં અજ્ઞાની તે કલ્પનામાં એવો નિઃસંદેહ થયો છે કે તેનાથી જુદું કાંઈ નક્કી કરવા તૈયાર થતો નથી. શરીર, ઈન્દ્રિય, ધન, મકાન, આદિ જડને ખબર નથી કે અમે કોણ છીએ? ખબર કરનારો પોતે છતાં કિંમત આંકે પરની. સમ્યગ્દર્શનગુણની ઊંધી અવસ્થા વડે તે પરનો કર્તા-ભોક્તા છે. પરમાં સુખ-દુઃખ છે, એવું માની પરમાં નિઃસંદેહ થયો છે. જે ઠેકાણે ભૂલ થાય છે તે ઠેકાણે સુધારવા માટે ગુલાંટ મારે તો નિરાકૂળ અતીન્દ્રિય સુખસ્વભાવ પોતામાં જ છે એમ દેખે. તેમાં કલ્પના કરવી પડતી નથી. અજ્ઞાન એટલે પોતાના નિર્મળ સ્વભાવનું અભાન; તે અજ્ઞાન વડે પરમાં સુખની કલ્પના કરી છે. જેમાં સુખ નથી તેમાં કલ્પના કરી, મંદ આકુળતાને સુખ માની લે છે.

આત્મામાં શુભ વિકલ્પ ક્ષણિક ભેદરૂપ જણાય છે, તે ઉપચાર છે, એટલે કે પરમાર્થ તે ખોટા છે. દેહ, મન, વાણી સાથે આત્માને કાંઈ સંબંધ નથી. જ્ઞાન, શાંતિ, નિર્મળ સ્વભાવ એકરૂપ છે, તેમાં પર લક્ષે પુણ્ય-પાપ ભાવના ભેદ પડે છે, તે બધા ભેદ અશુદ્ધ દ્રાવ્યાર્થિક નયનો વિષય છે.

સાચા આત્મતત્ત્વની દૃષ્ટિ માં વિકાર ક્ષણિક અવસ્થા છે, તેથી તે પર્યાયાર્થિક છે; તે પરાશ્રિત છે માટે વ્યવહાર છે, વ્યવહાર છે તે સંયોગજનિત છે, સંયોગ આધીન ભાવ છે તે છોડવા જોગ છે; એમ ન જાણે તે મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની છે.

અનંતકાળમાં આ વાત આત્માએ શ્રવણ કરી નથી, તો પછી મનન ક્યાંથી કરે? વ્રત, તપ, દયા આદિના શુભ ભાવો હો કે ચોરી, હિંસા આદિના અશુભ ભાવ હો તે બંને વિકાર છે, બંધન છે. (અશુભથી છુટવા પૂરતો શુભ ભાવ ઠીક છે પણ તેનાથી ધર્મ નથી.) એમ જ્યાં સુધી ન સમજે ત્યાં સુધી પરના કર્તવ્યનું અભિમાન કરી જીવ રખડે છે.

જે અવિકારી, મુક્ત સ્વભાવને પોતાનો સમજે તેને પરવસ્તુની તૃષ્ણા ઘટ્યા વિના રહે નહિ. અજ્ઞાની કરી શકે, તેથી અનંતગુણો શુભભાવ જ્ઞાનીની ભૂમિકામાં થઈ જાય છે. જ્ઞાનીને સંપૂર્ણ વીતરાગતા પ્રગટ ન થઈ હોય, ત્યાં સુધી નીચલી ભૂમિકામાં અશુભથી બચવા માટે શુભભાવ તેને હોય ખરો, પણ જ્ઞાની તેનો ધણી થતો નથી.

રજકણ, દેહાદિની પ્રવૃત્તિ અને પુણ્ય-પાપ તે કાંઈ મારૂં સ્વરૂપ નથી, એવી પ્રથમ શ્રદ્ધા થતાં જ જ્ઞાનીને પરમાં અનંતી આસક્તિનો પ્રેમ ઊડી જાય છે; પછી વિવેક સહીત અશુભ રાગ ઘટાડવા માટે દાનાદિ દ્વારા તે તૃષ્ણા ઘટાડ્યા વિના રહે નહિ. અજ્ઞાનીએ ધણીપણે કરેલાં પુણ્ય કરતાં જ્ઞાનીનાં પુણ્યની જાત જુદી હોય છે. દેહની અમુક ક્રિયા થઈ માટે પુણ્ય થતું નથી, પણ તે વખતે પોતાના પરિણામ શુભ કરે તો પુણ્ય થાય. અજ્ઞાની ધણીપણે શુભભાવ કરે તો તેના ફળમાં કદાચ દેવ, મનુષ્ય થાય; પણ પાછો મરીને ઢોર, નારકી, નિગોદ આદિ ચાર ગતિમાં રખડે.

<u>જે ભાવે બંધન થાય તે ભાવે ધર્મ ન થાય.</u> હું જુદો, નિર્વિકારી, કર્મની નિમિત્તથી થતાં વિકારથી ભિન્ન છું, એવું ભાન જેને નથી તે ધર્મના નામે જ્યાં ત્યાં કર્તાપણાનું અભિમાન કરશે. તે શુભભાવ કરે તેનું અલ્પ પુણ્ય બંધાશે, પણ સાથે મિથ્યાદષ્ટિનું મોટું પાપ પણ બંધાશે. અહીં પુણ્ય છોડીને પાપમાં જવું એમ કહેવું નથી, પણ જ્ઞાનીને વિકારી ભાવનું કર્તાપણું-ધણીપણું નથી તે કહેવું છે. જ્ઞાની લાખોના દાન કરે, છતાં કોઈ શુભભાવમાં તેને ધણીપણું નથી. તે મારું કર્તવ્ય નથી, દેહાદિની તથા દાનાદિની ક્રિયાનો હું ધણી નથી, પણ એકલા જ્ઞાનસ્વભાવનો હું ધણી છું, એવી દષ્ટિ અંતરમાં થયા વિના, કોઈને આત્મધર્મનો અંશ પણ પ્રગટ થતો નથી.

અહીં એમ જણાવ્યું છે કે જિનમતનું કથન સ્યાદ્વાદરૂપ છે, તેથી અશુદ્ધનયને સર્વથા અસત્યાર્થ ન માનવો, અશુદ્ધ અવસ્થા નથી એમ ન માનવું; અશુદ્ધતા અજ્ઞાનભાવે છે પણ દ્રવ્યસ્વભાવમાં નથી, એમ જાણવું.

આત્મા સ્વભાવે નિર્મળ છે પણ વર્તમાન અવસ્થામાં સાક્ષાત્ નિર્મળ નથી. જો અવસ્થાએ નિર્મળ હોય તો પુરુષાર્થ કરીને રાગ ટાળવાપણું રહે નહિ અને નિર્મળ અવસ્થા પ્રગટ હોય તો પ્રત્યક્ષ આનંદ હોય; પણ પ્રત્યક્ષ આનંદ નથી, તેથી અવસ્થામાં અશુદ્ધતા છે, તે ટાળવા માટે પુરુષાર્થ કરવો જોઈએ.

સ્વભાવમાં રાગ-દ્વેષ નથી, એમ નિર્મળ સ્વભાવની શ્રદ્ધા કરવા માટે અને નિર્મળ સ્વભાવને ઉપાદેય માનવા માટે કહેવાય છે. પુણ્ય-પાપનો વિકારીભાવ જીવની અવસ્થામાં થાય છે; કાંઈ જડ-દેહમાં શુભ-અશુભ વિકલ્પો થતા નથી. અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગથી આત્મામાં થાય છે, પરમાં થતી નથી.

કેટલાક કહે છે, કે શરીરના ધર્મ શરીરમાં થાય છે; રોગાદિની અવસ્થા દેહમાં થાય છે તે સાચી વાત, પણ રોગ દેખી જે દ્વેષ અને નિરોગતા દેખી જે રાગ આત્મા કરે છે, તે આત્મામાં થાય છે. સંયોગથી સુખ-દુઃખ થતું નથી. પણ સંયોગમાં ઠીક-અઠીક

માની હું રાગી, હું દ્વેષી, એમ જીવ વિકાર કરે છે ને તેથી પરમાં સુખ-દુઃખની કલ્પના કરે છે. તે અશુદ્ધ અવસ્થા પોતાની માનવારૂપ જે અશુદ્ધનયનો પક્ષ છે તે છોડવા જેવો કહ્યો છે, કારણ કે આત્મામાં પરનાં આશ્રયથી જે પુણ્ય-પાપ વિકાર થાય છે તે મારા છે, એવી અશુદ્ધદૃષ્ટિરૂપ વ્યવહારનું ફળ ચોરાશીના અવતારમાં રખડવાનું છે.

કોઈ કહે, ''પાપ છોડીને પુણ્ય તો કરીએને; પછી ધર્મ કરીશું.''

હમણાં જ ધર્મ સમજું એવો ભાવ જે નથી કરતો તે કદી સ્વર્ગમાં જશે તો ત્યાં પણ આકુળતા વેદશે; અજ્ઞાનીઓ ત્યાં પણ ઈન્દ્રિયોની વિષયની આકુળતા અંદરથી સળગી રહ્યા છે.

વીતરાગદેવ કહે છે કે ભગવાન આત્માનું લક્ષ ચૂકીને જ પુણ્ય-પાપના ક્ષણિક વિકારને પોતાના માને તેને જન્મ-મરણનાં દુઃખ ટળે છે. જેટલું પરલક્ષથી, પરમાં કલ્પનાથી સુખ માન્યું તે સુખ નથી. જ્ઞાનીને આત્માના સુખ પાસે ઈન્દ્રના પદ પણ સડેલા તરણાં સમાન છે. જ્ઞાનીને પુણ્યનો મહિમા નથી, આદર નથી. તે તો ગુણ દાઝ્યાનું ફળ છે. પરને, વિકારને, પોતાના માનવારૂપ વ્યવહારનું ફળ સંસાર છે. વિકાર તે જ મારૂ કર્તવ્ય છે, એમ માનનાર આત્મા સંસારમાં કલેશ ભોગવે છે.

નિર્વિકારી, પવિત્ર આનંદઘન ભગવાન આત્મા છે. તેને શ્રદ્ધાના વિષયમાં ન લીધો, પુણ્ય-પાપનાં ગાણાં ગાયાં અને વિકાર તથા બંધનનો આદર કર્યો. તેને જન્મ, જરા, મરણ રહિતની શ્રદ્ધાની ખબર નથી, તેથી તે પરાશ્રયથી ઠીક-અઠીક માનવારૂપ અજ્ઞાનનું ફળ દુઃખ ભોગવે છે.

પુણ્ય–પાપ, વિકાર મારૂં સ્વરૂપ નથી, હું પૂર્ણ સ્વરૂપી છું, એમ માને ત્યારે દુઃખ મટે છે. એ દુઃખ મટાડવા માટે શુદ્ધનયનો ઉપદેશ મુખ્ય છે. જ્યારે શુદ્ધનય દ્વારા શુદ્ધ સ્વરૂપ જાણીને નિર્વિકારીદશા પ્રગટ કરે ત્યારે જીવ સુખી થાય છે. માટે શુદ્ધનયનો ઉપદેશ પ્રથમથી જ ઉપયોગી છે. શુદ્ધ સ્વભાવે જણાવનારો ઉપદેશ ખૂબ સાંભળવો.

આત્મા દ્રવ્યસ્વભાવે ત્રિકાળ નિર્મળ છે પણ વર્તમાન અવસ્થામાં પુણ્ય-પાપનો વિકાર તેને નથી થતો, એમ સર્વથા એકાંત સમજવાથી મિથ્યાત્વ આવે છે; માટે અપેક્ષાના ભાવને બરાબર સમજી જે, ક્ષણિક વિકાર છે તે તરફનું લક્ષ છોડી, હું અવિકારી અનંતજ્ઞાનાનંદની મૂર્તિ છું, એમ પોતાના પૂર્ણ ધ્રુવ સ્વભાવને લક્ષમાં લેનાર શુદ્ધદૃષ્ટિનું અવલંબન લેવું જોઈએ. પૂર્ણ સ્વરૂપની પ્રાપ્તિ થયા પછી અર્થાત્ પૂર્ણ વીતરાગ થયા પછી શુદ્ધનયનું પણ અવલંબન રહેતું નથી.

જેમ કોઈ રાજપુત્ર રાજા થવાને લાયક હોય, પણ જ્યાં સુધી વર્તમાનમાં આખા

રાજ્યનો માલિક થયો નથી, ત્યાં સુધી તેને વિકલ્પ રહે છે. પણ જ્યારે તે સાક્ષાત્ રાજા થઈને ગાદીએ બેસે અને પોતાની આજ્ઞા વર્તે, ત્યાર પછી હું રાજા છું એવા વિકલ્પ રહે નહિ, તેની ભાવના પણ ન રહે; તેમ શરૂઆતમાં આટલી અવસ્થા મલિન છે તે હું નહિ, પણ હું તો પૂર્ણ છું, શુદ્ધ છું, નિર્મળ છું, એમ નિર્મળ પડખા તરફ વળવા માટેનું વલણ રહે છે—ભાવના કરે છે, પણ જ્યારે વસ્તુનું ભાન કરી નિઃશંક થયો, પછી સ્વરૂપનો નિર્ણય કરવાના વિકલ્પો રહે નહિ. નિર્ણય થતાં સમ્યક્શ્રદ્ધા સંબંધી વિકલ્પો રહેતા નથી.

પ્રમાણનું ફળ વીતરાગતા છે. દ્રવ્યસ્વભાવે પવિત્ર છું; અવસ્થાએ જરી મલિનતા છે. સ્વરૂપમાં સ્થિર થતાં તે મલિનતા ટળી નિર્વિકલ્પતા આવે છે અને તેનું ફળ વીતરાગતા છે. આ પ્રમાણે નિશ્ચય કરવો યોગ્ય છે. ગુણસ્થાનની પરિપાટીમાં છઠ્ઠા ગુણસ્થાન સુધી તો પ્રમત્ત કહેવાય છે અને સાતમાથી માંડીને અપ્રમત્ત કહેવાય છે. પરંતુ એ સર્વ ગુણસ્થાનોમાં કર્મના નિમિત્તની અપેક્ષા આવે છે, તે અશુદ્ધનયના કથનમાં છે. શુદ્ધનયથી આત્મા નિરપેક્ષ જ્ઞાયક જ છે. ૬.

હવે શિષ્યને પ્રશ્ન થાય છે કે આત્મા અનંત જ્ઞાનમૂર્તિ, પોતાના અનંતગુણથી અભેદ, નિર્મળ, પૂર્ણ અને પરથી જુદો જણાવ્યો, તેની શ્રદ્ધા તે સમ્યક્દર્શન, તે પૂર્ણ સ્વરૂપને પુણ્ય-પાપાદિ પરથી જુદું જાણનાર તે જ્ઞાન અને તેમાં સ્થિરતાસ્વરૂપ ચારિત્ર—એ ત્રણેને આત્માના ધર્મ કહેવામાં આવ્યા છે, તે તો ત્રણ ભેદ થયા; એ ભેદરૂપ ભાવોથી આત્માને અશુદ્ધપણું આવે છે કે કેમ?

**ઉત્તર** :—વસ્તુ અભેદ છે, તેમાં ભેદરૂપ લક્ષ કરતાં રાગ (વિકલ્પ) આવે છે અને વિકલ્પમાં પરની અપેક્ષાથી જેટલી જેટલી અવસ્થાના પ્રકાર પડે તેટલું અશુદ્ધપણું આવે છે. એકમાં અપેક્ષા ભેદ પડે નહિ, જ્યારે બીજી ચીજ જોડે મૂકે ત્યારે આની અપેક્ષાએ નાનું, આની અપેક્ષાએ મોટું, એમ કહેતાં—બીજા વડે જોતાં પરની અપેક્ષા આવે છે, એમ ચૈતન્યમૂર્તિ નિર્વિકલ્પ છે. તેમાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપ વિકાર, પ્રમત્ત-અપ્રમત્ત, બંધ-મોક્ષ, એવા ભેદ પરસંયોગની અપેક્ષાએ પડે છે. આત્માને એકલો સામાન્યપણે લક્ષમાં લેવામાં આવે તો તે જ્ઞાયક, ચિદાનંદ ત્રિકાળ નિર્મળ છે, તે એક જ પ્રકાર આવે છે.

આ શું ચાલે છે? એક જ નિરપેક્ષ સ્વભાવપણે આત્મા કેવો છે તેની ઓળખાણ કરવાની વાત ચાલે છે. અમને અઘરૂં પડે, ન સમજાય એવું માને તે લાયક છતાં અલાયકની વાતો કરે છે. આત્માનું સ્વરૂપ સમજવું સહજ છે, કેમ કે તેમાં કષ્ટ નથી. બે ઘડીમાં મોક્ષ લે તેને અઘરૂં કેમ કહેવું? પાંચ લાખનો બંગલો બે ઘડીમાં ન બંધાય,

કારણ કે તે પર વસ્તુ છે અને પર વસ્તુ આત્માને તાબે નથી, પણ આત્મા ચિદાનંદમૂર્તિ છે; એમ સમજી સ્વભાવમાં ઠરે તેને અંતઃમુહુર્તમાં પૂર્ણ નિર્મળ કેવળ જ્ઞાનદશા પ્રાપ્ત થાય છે. તેથી જે આત્માની સત્તાની વાત છે તે સહેલી છે.

**પ્રશ્ન :—**આત્માનું જ્ઞાન સહેલું છે, તો સમજીને જીવ જલદી કેમ ઠરી જતો નથી?

**ઉત્તર :—**અહીં પ્રથમ પોતાની સ્વાધીનતાની નિર્મળ શ્રદ્ધા કરવાની વાત છે. સાચી અંતર ઓળખાણ થયા પછી તે નિર્મળ શ્રદ્ધાનાં જોરે જીવ ઠરી જશે અને આત્માના સંપૂર્ણ શુદ્ધસ્વરૂપની શ્રદ્ધા હોવાથી તે અલ્પકાળમાં મોક્ષ પ્રાપ્ત કરી શકશે. માટે પ્રથમ સત્યનો આદર કરી તેની રુચિ વધારવી જોઈએ.

''હમણાં નહિ'' એવા વાયદા કરે તો તે વાંફળ છે; જ્યાં બાર મહિને પાંચ-પાંચ લાખ મળે તેમ હોય ત્યાં એક મહિનામાં તે મળી જતા હોય તો તેની કોઈ ના પાડે? રુચિકર વસ્તુ અલ્પકાળમાં મળી જાય તો તેમાં આનંદ માને છે. એક કલાકમાં પાંચ લાખ કમાણો એવું સાંભળતા ''હેં !'' એમ કાળજેથી તે ઊંચો થઈ જાય છે. જેને જેની રુચિ તેને તે સાંભળતા હરખનાં સડકા આવે અને તેનું બહુમાન થયા વિના રહે નહિ. પણ આ તો માત્ર સંસારના અનુકૂળ સંયોગની વાત થઈ, તેના ફળમાં શૂન્ય છે; કારણ કે તેથી આત્મલાભ કંઈ નથી. આત્માની અપૂર્વ વાત, અલ્પકાળે મોક્ષ લેવાનાં ટાણાં તેનો મહિમાં સાંભળતાં જ જે હર્ષથી ઊછળે અને કહે કે હું પણ બે ઘડીમાં કેવળજ્ઞાન લઉં એવી પૂર્ણ તાકાતવાળો છું તે જ ખરો જિજ્ઞાસુ છે. પણ કોઈ માની લે કે ઠીક! આપણે હા પાડો, બે ઘડીમાં કેવળજ્ઞાન લઈશું એમ મહારાજશ્રી કહેતા હતા, પણ સમજણનો કાંઈ મેળ નહિ, ચૈતન્યની નિર્મળતા શું તે સમજવું નથી અને કેવળ જોઈએ છે, તે કેમ બને?

જેમ સોલ્જર (સિપાઈ) થવું છે, પણ બંદૂક પકડવાની કળા કેળવી નથી, તો અભ્યાસ વિના ક્યા દુશ્મનને મારી શકશે? તેમ સ્વભાવ-પરભાવ શું છે? તેની શ્રદ્ધા અને સમ્યગ્જ્ઞાનના વિવેકની કળા કેળવ્યા વિના રાગ-દ્વેષ કેવી રીતે તોડી શકશે? શાસ્ત્રમાં ૪૮ મિનિટમાં આત્મા કેવળજ્ઞાન પામે છે એમ કહ્યું છે; તે આત્માની અનંત તાકાતની મહિમા માટે કહ્યું છે. અનંત આત્માઓ પૂર્ણ પુરુષાર્થ કરી ૪૮ મિનિટમાં કેવળ પામી ગયા, તો હું પણ એવો જ છું; એમ નિર્ણય કરી તેવી ભાવના કરવી જોઈએ.

પર વસ્તુનું ધણીપણું આત્માને ત્રણકાળમાં નથી, તેથી પરવસ્તુમાં તે ધાર્યું કરી શકતો નથી. કદાચ પૂર્વ પુણ્યના નિમિત્તે પોતાની ઈચ્છા મુજબના સંયોગો તેને મળે છે,

પણ તેમાં વર્તમાન પુરુષાર્થ કાંઈ કાર્યકારી નથી, જ્યારે આત્મામાં તો પુરુષાર્થ જ કાર્યકારી છે, માટે તેની પ્રાપ્તિ અર્થે અનંત પુરુષાર્થ કરવો જોઈએ.

જેમ સોનું એક છે તેમાં પીળાશ, ચીકાશ અને વજન એમ ત્રણ ભેદ લક્ષમાં લેવાથી એકરૂપ સોનું લક્ષમાં આવતું નથી, પણ ભેદને ગૌણ કરી એકાએક સામાન્ય સોનાને જોવાથી તેમાં પીળાશ, ચીકાશ, વગેરેના ભેદ દેખાતા નથી; તેમ આત્મામાં દર્શન, જ્ઞાન, ચારિત્ર એમ ત્રણ ગુણથી જોતાં એકત્વ આત્મસ્વરૂપ લક્ષમાં આવતું નથી પણ વિકલ્પ થઈ ભેદ લક્ષમાં આવે છે. તે વર્તમાન પર્યાયનું ભેદરૂપ લક્ષ ગૌણ કેમ થાય. શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર ત્રણે આત્મામાં એક સાથે છે, તેવા અભેદની શ્રદ્ધા કેમ થાય એવો શિષ્યનો અહીં પ્રશ્ન છે.

આત્મામાં દર્શન, જ્ઞાન, ચારિત્ર છે, એમ ત્રણનો વિચાર કરતાં રાગની ખીલી આવી જાય છે, માટે દર્શન, જ્ઞાનચારિત્રને જુદાજુદા ભેદપણે લક્ષમાં ન લેવા, પણ અવિકારી, નિરપેક્ષ, પૂર્ણ અભેદ સ્વરૂપ લક્ષમાં લેવું તે સાતમી ગાથામાં કહેવાશે.

અનાદિના અજ્ઞાનીને સમજાવવા માટે આ 'સમયસારજી' છે, માટે પ્રથમમાં પ્રથમ આ સમજવાની જરૂર છે. ઉપર ટપકે લઈ જવું હોય તો મળે તેવું નથી. દુઃખ જાણે તો દુઃખ મટાડવાનો ઉપાય સમજે.

આ સાતમી ગાથા સમજવામાં ઘણાને ઊંધા તર્ક ઊઠ્યા છે. કેટલાક કહે છે, 'લ્યો, દર્શન, જ્ઞાન, ચારિત્ર આત્માને નથી એમ કહ્યું છે.'' પણ શું નથી, તે તેઓ સમજતા નથી, એ ત્રણ વિકલ્પ (ભેદ) આત્મામાં નથી એમ કહ્યું છે. માટે આચાર્ય મહારાજનું જે કહેવું છે તે બરાબર સમજવું જોઈએ. ''ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે.''

**व्यवहारेण्णुवदिस्सइ णाणिस्स चरित्तदंसणं णाणं ।**
**णवि णाणं चरित्तं णं दंसणं जाणगो सुद्धो ।।७।।**

**ચારિત્ર, દર્શન, જ્ઞાન પણ વ્યવહાર—કથને જ્ઞાનીને;**
**ચારિત્ર નહિ, દર્શન નહિ, નહિ જ્ઞાન, જ્ઞાયક શુદ્ધ છે. ૭.**

**અર્થ :—**જ્ઞાનીને ચારિત્ર, દર્શન, જ્ઞાન એ ત્રણ ભાવ વ્યવહારથી કહેવામાં આવે છે; નિશ્ચયથી જ્ઞાન પણ નથી, ચારિત્ર પણ નથી અને દર્શન પણ નથી; જ્ઞાની તો એક શુદ્ધ જ્ઞાયક જ છે.

પરથી ભિન્ન, ને સ્વથી એક અભેદ સ્વરૂપે નિરપેક્ષ, નિરાવલંબી હું છું, એમ ન સમજ્યો તે જ મિથ્યાત્વ અને તે અનંત સંસારનું મૂળ છે.

ધર્મી જીવને નીચલી દશામાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ત્રણ ભેદ વ્યવહારથી—પર નિમિત્તની અપેક્ષાથી કહેવામાં આવે છે; એક જ વસ્તુમાં એ ત્રણ ગુણો છે, પણ જુદા જુદા ભાગલા નથી. જેમ સોનામા પીળાશ, ચીકાશ અને વજન છે પણ તેને ''પીળું તે સોનું, તેમાં ચીકાશ છે, વજન છે.'' એમ એક સાથે રહેલાને જુદા જુદા કહેવા, ભેદ પાડીને સમજાવવું, તે વ્યવહાર છે. તેમ આત્મામાં સત્=ત્રિકાલ હોવાપણું, ચિદ્=જ્ઞાન, આનંદ=સ્વરૂપ, રમણતા=સ્થિરતા, એ એક સાથે રહેલા ગુણને જુદા જુદા ભેદ પાડીને કહેવા તે વ્યવહાર છે. ત્રણ ખાનામાં ત્રણ ગુણના જુદાજુદા ભાગલા નથી. જેમ એક ખાનામાં ધાણા, બીજામાં જીરૂ અને ત્રીજામાં હળદર જુદા છે, તેમ આત્મામાં ત્રણ ગુણ જુદા નથી છતાં ભેદ પાડીને કહેવું તે વ્યવહાર છે; ત્રણેનું એકરૂપ તે આત્માનું સ્વરૂપ છે, તે નિશ્ચય છે.

કોઈ કહે, ''આત્મામાંથી તમે દર્શન, જ્ઞાન, ચારિત્ર કાઢી નાખ્યાં, માત્ર વાતો કરવાનો ધર્મ રાખ્યો!'' તો તેને કહેવાય કે તમે અપેક્ષા સમજ્યા નથી. આ તો મોક્ષ પામવાની સમજણ છે. જે યથાર્થ સમજે તે અલ્પકાળે મોક્ષદશા પ્રગટ લાવે. જે અપૂર્વ ભાવે સાંભળે, સમજે તેને અનંત ભવની ભૂખ ભાંગે તેવી આ અદ્ભૂત વાત છે. ભગવાન આત્માનો મહિમા બતાવનાર સમયસારની અલૌકિક રચના થઈ છે. તેમાં ત્રણકાળ, ત્રણલોકમાં સર્વ સમાધાન છે. જેનાં ભાગ્ય હોય તેને સાંભળવા મળે અને જેને સત્નો પ્રેમ હોય અને પુરુષાર્થ હોય તેને અંતરમાં વાત જરૂર બેસી જાય.

પ્રથમ જ પૂર્ણ જ્ઞાયક સ્વરૂપ નિર્વિકલ્પપણે છે, તેની વાસ્તવિક શ્રદ્ધા કરી ગુણના ભેદ પાડવાનો અહીં નકાર કરાવે છે. વિકલ્પ (રાગનો અંશ) મારો નથી. શુભ, અશુભ રાગના ભેદ છે, તેનાથી જુદાનો વિવેક કરી અખંડ જ્ઞાયકનો એકરૂપ નિશ્ચય કરે ત્યાં ભેદરૂપ દર્શન, જ્ઞાન, ચારિત્ર નથી, પણ અનંતગુણનો પિંડ આત્મા છે. તેના અભેદ નિશ્ચય વડે આત્માને લક્ષમાં લેવો, તેવી શ્રદ્ધામાં અને નિર્વિકલ્પ સ્થિરતામાં ભેદનો નિષેધ થઈ જાય છે, પણ ગુણનો નિષેધ થતો નથી.

સુખડના લાકડામાં સુંવાળપ, સુગંધ અને વજન ત્રણ પ્રકાર છે, તેને બીજા પદાર્થથી જુદું ઓળખાવવા માટે ગુણોનો ભેદ પાડ્યા છે. સુખડના લાકડામાં પોતાપણે હોવાપણું તે 'અસ્તિ' ધર્મ છે, બીજાપણે ન હોવાપણું તે 'નાસ્તિ' ધર્મ છે' એમ એક ગુણને જુદો પાડી ઓળખાવવો તે વ્યવહાર છે.

જેને નિશ્ચય-વ્યવહારની ખબર નથી, તેઓ આ સાતમી ગાથાનો ખોટો અર્થ કરે છે, તેથી તેઓની તે ભૂલ ટાળવા ખુલાસો કરવામાં આવે છે. લાકડાને બીજાથી જુદું

દેખાડવા માટે તેના ગુણો ભેદથી જણાવે છે, છતાં તેમાં ભેદ થતા નથી. તેમ આત્માને પરથી જુદો પૂર્ણ સ્વરૂપે ઓળખાવવા માટે તેના અનંત ધર્મોમાંથી કેટલાક ધર્મો વડે સમજાવાય, જેમ કે ''શ્રદ્ધા કરે તે આત્મા, સ્વ-પરને જાણે તે આત્મા, અંતર, સ્થિરતારૂપ ચારિત્રગુણ તે આત્મા,'' એ ત્રણે ગુણ દરેક સમયે આત્મામાં એક સાથે છે—અભેદ છે. પણ જે અજ્ઞાની સમજતો નથી તેને એકેક ગુણ જુદો પાડીને સમજાવવું તે વ્યવહાર છે. તેને સમજાવે છે કે જેમ પરનો વિશ્વાસ કરે છે તેમ પુણ્ય પાપ-વિકાર રહિત પોતાનો વિશ્વાસ કરે તેવો ગુણ આત્માનો છે, સ્વપરને જાણનાર ચારિત્ર છે; પણ તેથી ત્રણ ગુણો જુદા થઈ જતાં નથી. નિશ્ચયથી જુઓ તો બધા ગુણોનો એક સાથે પિંડ જે જ્ઞાયક છે તેને અભેદપણે વિદ્યમાન નથી, પણ અનંતગુણો ભેગા છે. ભેદ પાડીને લક્ષ કરતાં મનના સંબંધે વિકારરૂપ ભેદ પડે છે. તે વિકલ્પના લક્ષ વડે અંદરમાં સ્થિર થવાતું નથી, એટલે કે અભેદ સ્થિર સ્વરૂપ આત્માનો અનુભવ થતો નથી.

જો એક સાથે બધા ગુણના અભેદપિંડને અખંડ નિર્મળ દૃષ્ટિથી દેખો તો દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદ ઊઠતા નથી. એક સમયમાં ધ્રુવ સ્વભાવી અનંતગુણ સ્વરૂપ અખંડપિંડ આત્મા છે એમ નિશ્ચય સ્વરૂપ અહીં જણાવે છે. આત્મા અખંડ જ્ઞાયક સ્વરૂપ હોવાથી તેમાં ગુણના ભેદનો નકાર આ સાતમી ગાથામાં કર્યો છે.

એક ગુણ જુદો પાડવા ઉપર લક્ષ કરે તો, મનના સબંધથી વિકલ્પ થતાં પણે અભેદ આત્મામાં ઠરી શકાતું નથી, જુદાજુદા ગુણનો વિકલ્પ છોડી, નિર્મળ આખા તત્ત્વ ઉપર લક્ષ કરે તો, ''હું દર્શન છું, જ્ઞાન છું, ચારિત્ર છું'' એમ એકેક ગુણભેદરૂપ લક્ષ થતું નથી; એટલે દર્શન, જ્ઞાન, ચારિત્રના વિકલ્પરૂપ રાગ ઉપજતો નથી. ''હું સ્થિર થવા માગું છું,'' તેવી વૃત્તિ શુભ રાગ છે. ''હું એકલો અખંડ વસ્તું છું'' એમ એકત્વ અનુભવ વખતે દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદ પાડનાર વિકલ્પ વિદ્યમાન નથી. સમ્યગ્દર્શનનો વિષય અભેદ છે અને ત્યાં નિર્વિકલ્પ અનુભવદશા છે.

આ પહેલામાં પહેલું ઝવેરાતના ધંધાની ઉમેદવારી જેવું છે. આત્માની પરીક્ષા કરવા માટે અને પરાધીનતા ટાળવા માટે, પરથી—શુભ, અશુભ વિકલ્પથી કેવી રીતે જુદો છે તેને હોંશથી સાંભળવા સમજવામાં ઉભા રહેવું તે ઝવેરીની દુકાને પાણીના કળશિયા ભરતા ભરતા ઝવેરાતનો ધંધો શીખવા જેવું છે.

જે અભેદ સ્વરૂપમાં દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદ પાડી વિકલ્પ કરવામાં રોકાણો. તેને અભેદ અનંતગુણનો પિંડ એવા નિર્વિકલ્પ આત્માનું લક્ષ થાય નહિ અને એવું લક્ષ થયા વિના નિર્મળ શ્રદ્ધા થઈ શકે નહિ. અહીં ચોથું ગુણસ્થાનક પ્રાપ્ત કરવાની વાત

કરીએ છીએ; જેને નિર્વિકલ્પ અભેદની શ્રદ્ધા નથી તેને આ વાત કહેવાય છે.

દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદ પાડવામાં આવે છે તે વ્યવહારરૂપ શુભ વિકલ્પ છે. તે ભેદનો નકાર કરનારા જ્ઞાનીને તો નિશ્ચયે એકપણું છે. જ્ઞાની સમ્યગ્દષ્ટિ જીવ તો એક જ્ઞાયક છે. એટલે ત્રણ ગુણના ભેદ પાડ્યા વિના, અખંડ જ્ઞાયક ઉપર લક્ષ રાખે છે. કોઈને સોનાની કારીગરીવાળો મોડ મળ્યો, તે સોનીને ત્યાં વેચવાં જાય ત્યારે સોની કહે 'અમે તો ગમે તેટલી ઝીણી કારીગરી કોતરી હોય તેની કિંમત ન આપીએ, માત્ર સોનાની કિંમત આપીશ. કારણ કે અમને કારીગરીની કિંમત નથી; તેમ આત્મા પરથી નિરાળો રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, મન, શરીર, વાણીથી ભિન્ન છે. તેમાં હું જ્ઞાન, દર્શનવાળો છું, એવા મન-દ્વારા ભેદરૂપ વિચારની કારીગરી અંતરમાં નિર્ણય કરવા માટે પ્રથમ જરૂર હતી પણ અભેદ લક્ષ વખતે ભેદની (કારીગરીની) કિંમત નથી. પ્રથમ મન દ્વારા ભેદ પાડી આખું સ્વરૂપ ઓળખીને પછી ગુણના વિકલ્પરૂપ ભેદ સમાવી દેવા માટે અભેદના લક્ષ ભેદનો નકાર કરવામાં આવે છે.

માલ લેતી વખતે વિકલ્પ કરે, કિંમત વગેરે નક્કી કરી તોળી લેતાં સુધી વિકલ્પ હોય, પણ ખાવા વખતે તેના વિચાર રોકાય નહિ. એમ પ્રથમ આત્માને સમજવા માટે ''જ્ઞાન છે, શ્રદ્ધા છે, સામાન્ય-વિશેષપણે આત્મા આવો છે'' એમ જ્ઞાન દ્વારા વિચારવામાં આવતાં દર્શન, જ્ઞાન, ચારિત્રના વિકલ્પ આવે તોલ (નિશ્ચય-માપ) કર્યા પછી, અભેદ નિર્મળની શ્રદ્ધા કરવા વખતે અને તેમાં ઠરવા વખતે તેના વિકલ્પો હોતાં નથી. જેમ તોળવા કાંટો, કાંટલાની જરૂર પડે પણ ખાવા વખતે કે દુર પડ્યા રહે છે, તેમ આત્માનો નિશ્ચય કર્યા પછી એકાગ્ર અનુભવ વખતે ચારિત્ર વિગેરેના વિકલ્પની જરૂર નથી. ''હું જ્ઞાન છું, તેમાં સ્થિર થાઉં'' એવા શુભભાવના વિકલ્પમાં અટકે તો નિર્વિકલ્પ અનુભવ થતો નથી; વિકલ્પ વડે જ આત્માનું દર્શન, જ્ઞાન, ચારિત્ર માને તો આવે મનના શુભભાવ અનંતવાર કરી ચૂક્યો છે. ''હું નિર્વિકલ્પ શુદ્ધ છું, અનંતગુણ વડે અભેદ છું'' એવી શ્રદ્ધાને અભેદપણે આત્મામાં અનુભવતાં શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રના જુદાજુદા ભેદ જ્ઞાનીને રહેતા નથી. પ્રથમ આત્માની શ્રદ્ધા વખતે આવી એકાગ્રતા થતાં નિર્વિકલ્પ આત્માનો અનુભવ થાય છે અને આગળ વધતાં વિશેષ ચારિત્રમાં એ પ્રમાણે નિર્વિકલ્પપણું જ અનુભવાય છે. ભેદ પડે તો વિકલ્પ થાય છે. આવું સમજ્યા વિના કોઈ એકાંતમાં એક જગ્યાએ બેસી જાય તો તેટલા માત્રથી તેને આત્મનુભવ થતો નથી. પ્રથમ સત્ય-અસત્યનો નિર્ણય થયા પછી અનુભવ થઈ શકે છે.

વ્યવહાર એટલે કાંટા કાંટલા (શુભભાવ) અનંતવાર આત્માએ ફેરવ્યા, પણ પરથી જુદા અવિકારી ચિદાનંદ ભગવાન આત્માને સમ્યક્‌જ્ઞાનના માપમાં લઈ નક્કી કર્યા નહિ.

એક આત્મામાં દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદ વિચારવામાં ક્રમ પડે છે, મનની અપેક્ષા આવે છે. એવા ભેદ વડે એકાકાર ગુણદૃષ્ટિનો અનુભવ ઉઘડે નહિ અને અંતરમાં અભેદ એકાગ્રતા થાય નહિ.

**ટીકા :—**આ જ્ઞાયક આત્માનું બંધ પર્યાય (કર્મની સંબંધની અવસ્થા) ના નિમિત્તથી ક્ષણિક અશુદ્ધપણું થાય તે તો દૂર રહો, (તેને પોતાનું માને તે મિથ્યાદૃષ્ટિ છે. પણ 'દયા પાળું, વ્રત આચરૂં, વગેરે જે શુભભાવ વિકલ્પ છે તે અશુદ્ધભાવ (વિકાર) છે, તેને પોતાના માને તે મિથ્યાદૃષ્ટિ છે. તે અશુદ્ધપણું તો દૂર રહો,) પણ જ્ઞાયક આત્માના એકપણામાં દર્શન, જ્ઞાન, ચારિત્ર પણ વિદ્યમાન નથી, એટલે કે એક વસ્તુમા ત્રણ તો આગમ પણ અનર્થકારક થઈ પડે છે. સમયસાર પરમ આગમ છે તેમા બધાં સમાધાન છે. અલૌકિક વાત કરી છે પણ ગુરુગમ વિના સમજાય તેમ નથી. બધાં ગુણનો આખો પિંડ આત્મા છે તેમ અભેદ જણાવવા કહ્યું કે દર્શન, જ્ઞાન, ચારિત્ર જુદાપણે વિદ્યમાન નથી, પણ 'ગુણ નથી' એમ કોણે કહ્યું?

ઘી, ગોળ અને લોટનો લાડવો આખો બનાવ્યો, પછી તેમાંથી ઘી, ગોળ અને લોટ જુદા કાઢી નાખો તો તે વસ્તુ જ ન રહે, તેમ આત્મામાં દર્શન, જ્ઞાન, ચારિત્રની એકતા છે. તેના જુદાજુદા ભેદ પાડી વિચાર વડે કટકા કરવામાં રોકાવું તે ઠીક ન કહેવાય. ગુણના ભેદ વિચાર્યા કરે તો વિકલ્પ થાય, અભેદ અનુભવ થાય નહિ. જેને આત્મ અનુભવનો લાડવો ખાવો હોય તેને ત્રણ ગુણના ભેદ પાડી શુભ વિકલ્પમાં રોકાવું પાલવશે નહિ, બાહ્યનું સ્થૂલ અવલંબન તો નહિ, પણ સૂક્ષ્મ વિકલ્પનોએ અહીં નકાર છે. લોકોને આવું સાંભળવા મળતું નથી, અંતર તત્ત્વનો વિચાર ઘણો ઓછો ચાલે છે. જેનાથી આત્માનો ગુણ પ્રગટે તે સાંભળવા-સમજવા મળતું નથી, પણ જે ભાવે અનંતભવ વધે તેવી ઊંધી માન્યતા અને પરમાં કર્તા ભોક્તાની વાતો માનનારા અને મનાવનારા ઘણા મળે છે.

આત્મામાં દર્શન, જ્ઞાન, ચારિત્ર વિદ્યમાન નથી; એટલે કે જ્યાં અખંડ નિર્વિકલ્પનું લક્ષ કરવું છે, ત્યાં જુદાજુદા ભેદ જણાતા નથી, પણ અનંતગુણનો પિંડ નિર્મળ જ્ઞાયક એક સ્વરૂપ જણાય છે. પરમાર્થ એકત્વ સ્વરૂપમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર ભેદપણે નથી.

અનંતધર્મોવાળા એક ધર્મીમાં જે નિષ્ણાત નથી એવા નિકટવર્તી શિષ્યને, અનંત ધર્મો સ્વરૂપ આત્માને ઓળખાવનારા કેટલાક ધર્મો વડે, ઉપદેશકર્તા આચાર્યો અભેદના લક્ષે નામથી ભેદ પાડે છે કે સત્-ચિત્-આનંદ (સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર) તેને ધારણ કરનારો તે આત્મા છે, પણ પરમાર્થે આત્મામાં ત્રણ ગુણના જુદા જુદા ભાગલા નથી; માટે ભેદ વિદ્યમાન નથી.

**પ્રશ્ન :**—આત્મા કેવો છે?

**ઉત્તર :**—આત્મા અનંતધર્મ એટલે ગુણસ્વરૂપ છે. જાણવું, શ્રદ્ધવું, વીર્ય, અસ્તિત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, પ્રદેશત્વ આદિ અનંતધર્મો આત્મામાં એક સાથે છે. એક વસ્તુ અનંતગુણનો પિંડ છે, એવા આત્માને જાણવામાં જે શિષ્ય પ્રવીણ નથી, તેને કેટલાક ગુણો વડે નામથી ભેદ પાડી વ્યવહાર માત્રથી જ એવો ઉપદેશ આપે છે કે જ્ઞાનીને દર્શન છે, જ્ઞાન છે, ચારિત્ર છે, ''નિષ્ણાત નથી એવા નિકટવર્તી શિષ્યને'' એટલે કે જે અજ્ઞાની સમજવા માગે છે તેને કહેવાય છે, જ્ઞાની છે તેને તો ખબર જ છે.

કોઈ કહે છે કે તેરમા ને સાતમા ગુણસ્થાનક અને તે ઉપર નાની આ વાત છે. લોકોને સત્ય વાત માંડ સાંભળવા મળે ત્યાં તત્ત્વના વિરોધીઓ આમ ખોટું કહી ભડકાવે છે. આચાર્ય તો કહે છે કે શિષ્ય ''અનંત ધર્મવાળો આત્મા કેવો છે'' તે સમજ્યો નથી પણ નિકટવર્તી છે અર્થાત્ પાત્ર છે, (સમજવા માટે નિકટ આવેલો છે) તેને આ કહીએ છીએ. અનંતકાળમાં જે સ્વરૂપ સમજ્યો નથી તે કેવું છે, તેને સમજવાની ધગશવાળો છે તે નિકટવર્તી છે, તેને આ વાત સમજાવાય છે. જે સમજતો નથી તે પૂછે છે; તેને 'તું એકરૂપ અભેદ આત્મા છો' એમ કહી દે તો અનંતધર્મ સ્વરૂપ વસ્તુને તે કદી સમજી શકે નહિ.

પરમાર્થે આત્મા નિર્વિકલ્પ, નિરાવલંબી છે, અનંતગુણનો પિંડ છે, તેની શ્રદ્ધામાં ભેદ પાડવારૂપ વિકલ્પનો ગુણ પણ અવકાશ નથી, છતાં જે સમજવા માંગે છે તેને ભેદ પાડીને, એકેક ગુણ દ્વારા અભેદ આત્માનું લક્ષ કરાવવા માટે વ્યવહાર માત્રથી ભેદ પાડવો પડે છે.

શ્રી ગુરુ કહે છે કે :—અભેદ સ્વરૂપને જીવ લક્ષમાં લઈ શકે તે માટે ભેદનું કથન કહેવું પડે છે. જેમ અમે સમજીએ છીએ તેમ નિકટવર્તી (સત્યનો સમજવાનો કામી) શિષ્ય બરાબર સમજી લેશે. આમ કહેવામાં એવો આશય આવ્યો કે આ અધ્યાત્મ શાસ્ત્રના ભાવ કોઈ ગમે તેની પાસેથી સાંભળે અથવા એની મેળે વાંચે તો સ્વચ્છંદે અપૂર્વ આત્મબોધ પ્રગટે નહિ. એકવાર સાક્ષાત્ જ્ઞાની પાસેથી, ગુરુગમરૂપે સત્સમાગમથી સીધું સાંભળવું જોઈએ. ''દીવે દીવો પ્રગટે.'' ઉપાદાન સત્ ઝીલવા તૈયાર હોય ત્યાં જ્ઞાનીની હાજરી હોય જ.

''બૂઝી ચહત જો પ્યાસ કો, હૈ બૂઝતકી રીત
પાવે નહિ ગુરુગમ વિના, એહી અનાદિ સ્થિત.''

(શ્રીમદ્ રાજચંદ્ર)

જે માણસ ઘણી તૃષા લાગે અને જળ પીવા જાય તો જળ મેળવી લે છે. તેમ સર્વજ્ઞ ભગવાને આત્માને કેવો કહ્યો છે, તેનું વાસ્તવિક સ્વરૂપ કેવું છે, તેની જેને ઝંખના છે તે સત્‌સમાગમ મેળવી લે છે, પણ પોતાની મેળે એકલો શાસ્ત્ર વાંચે તો તેમાંથી તે સમજે નહિ. આ તો સૂત્રો છે. અબરખના પડમાંથી જેમ પડ નીકળતાં જ રહે તેમ એક એક શબ્દમાંથી ઘણા ઘણા અર્થ નીકળતાં રહે છે.

નીકટવર્તીનો અર્થ 'જ્ઞાની પાસે આવીને ઉભો છે'' એવો થાય છે. નિકટ બે પ્રકારે છે. (૧) ક્ષેત્રે નિકટ (૨)ભાવે નિકટ. બાહ્યમાં સાક્ષાત્‌ જ્ઞાની પાસે આવ્યો છે તે ક્ષેત્રે નિકટ અને અંતરથી સમજવાની જેની તૈયારી છે તે ભાવે નિકટ. એકવાર જ્ઞાનીની નજીક થવું જોઈએ, એમાં બીજાથી જ્ઞાનીને જુદાં તારવવાનો પોતાનો વિવેક છે. જ્ઞાની મળવા જોઈએ એમ કહેવામાં પરાધીનતા નથી. જે જાતે પાત્ર થયો તેને જ્ઞાનીનો જોગ ન મળે એમ બને નહિ. એ માટે શ્રીમદ્‌ રાજચંદ્રે વારંવાર સત્‌સમાગમ ઉપર ભાર મૂક્યો છે.

''મારી મેળે તત્ત્વ સમજી લઈશ'' એમ માનીશ નહિ; અને તારી તાકાત વિના, કોઈ નિમિત્તથી મળે એમ પણ બનતું નથી. તું સમજ તો નિમિત્તમાં આરોપ થાય અને તારી પાત્રતા થાય તો તને સમજાવવામાં સદ્‌ગુરુ નિમિત્ત થયા, એમ વ્યવહારથી કહેવાય.

ઘણા જીવોને સત્‌ સમજવાની તાલાવેલી અંતરથી થાય, ત્યારે સંસારમાંથી ઉન્નતિ ક્રમમાં આગળ વધેલા જ્ઞાની તીર્થંકરપણે જન્મે. તેમના નિમિત્તે જે લાયક જીવ હોય તે સત્યને સમજી લે એવો મેળ થઈ જ જાય છે. તીર્થંકર કોઈ અવતાર લેતા નથી, તેમ જ કોઈ ઈશ્વર અવતાર લેતા નથી.

તા. ૯-૭-૪૩.

કેટલાક કહે છે કે સમયસારમાં બહુ ઝીણો અધિકાર છે; પણ અનંતકાળ વીત્યા છતાં જેના ભાન વિના જન્મ-મરણનાં દુઃખ જીવ ભોગવે છે, તે દુઃખ ટાળવા માટે જ આ વસ્તુ કહેવાય છે.

સંસાર ખાતર ચોવીસે કલાક મજુરી કરે છે, તેના ફળમાં સુખ નથી. અનંત જન્મ મરણ કર્યાં તેમાં એક સેકન્ડ પણ આત્માનું ભાન કર્યું નહિ. કોઈ વ્યવહારિક સંસારની

કળા આવડે તો તે પૂર્વનો ઉઘાડ છે, વર્તમાન પુરુષાર્થનું તે ફળ નથી. પૂર્વે સત્ય, દયા, દાનના કાંઈક શુભભાવ કર્યા હતા, તેથી જ્ઞાન સંબંધી આવરણ ઓછું આવેલ અને પુણ્ય બંધાયેલ, તેના ફળરૂપે વર્તમાનમાં બુદ્ધિ અને પુણ્યના સંયોગ મળ્યા છે, માટે કોઈ કહે કે અમે સંસારી ડહાપણ બહુ કર્યો નથી; તેથી પૈસા, બુદ્ધિ વગેરે મલ્યા છે. તો તે વાત ખોટી છે.

સંયોગ મળ્યા તેનાથી સુખ-સગવડ નથી, પર વસ્તુ આત્મતત્ત્વને કિંચિત્ માત્ર લાભદાયક કે નુકસાનકારક નથી. 'મેં આમ કર્યું માટે આમ થયું' એ માન્યતા ખોટી છે. સંયોગથી જે વર્તમાન જાણપણું થયું છે, તે અનિત્ય બોધ છે. તે જાણપણું પાંચ ઈન્દ્રિય તથા મનના ક્ષણિક સંયોગ આધીન હોવાથી ઇન્દ્રિય આદિ સંયોગનો નાશ થતાં, નાશ પામે છે.

**પ્રશ્ન :**—ભણવા ન જાય તો જ્ઞાનનો ઉઘાડ કેમ થાય?

**ઉત્તર :**—જે પૂર્વનો ઉઘાડ લઈને આવ્યો છે તેને ભણવાની વૃત્તિ આવ્યા વિના રહે નહિ.

પૈસા કમાવાની ઈચ્છા, સંસારીક ભણવાની ઈચ્છા તે નવા અશુભ ભાવ છે. પૈસાની પ્રાપ્તિ અને લૌકિક જ્ઞાનની પ્રાપ્તિ તે વર્તમાન પુરુષાર્થનું ફળ નથી, પણ તે પૂર્વનું ફળ છે; પરંતુ વર્તમાનમાં સ્વ તરફ વલણ કરી ભાન કરે તો તે વર્તમાન નવા પુરુષાર્થથી થઈ શકે છે. બાહ્ય સંયોગની પ્રાપ્તિ થવી તે પૂર્વના પુણ્યને આધીન છે, પણ અંતરમાં સાચી સમજણની રુચિનો પુરુષાર્થ કરવો તે પૂર્વ કર્મને આધીન નથી. સંસાર ખાતર જેટલો રાગ કરે છે, તે ઊંધો પુરુષાર્થ છે, તેનું ફળ નવું બંધન છે. બાહ્ય સામગ્રી મેળવવા માટે રાગ, દ્વેષ, મોહ કરે તે વર્તમાન ઊંધા પુરુષાર્થનું ફળ નવું બંધન થાય છે. રાગ-દ્વેષ એની મેળે થઈ જતા નથી કે કોઈ પરાણે કરાવતું નથી, પણ પોતે બદ્ધિપૂર્વક તે કરે છે, તેથી વર્તમાન રાગ-દ્વેષ થાય તે ઊંધા પુરુષાર્થ વડે થાય છે.

બે વાત થઈ : (૧) પૂર્વ કર્મના ફળરૂપે બાહ્ય સંયોગની પ્રાપ્તિ અને (૨) તે પ્રત્યે નવો લોહવાટ રાગ-દ્વેષની આકૂળતા કરવી (કે જે નવું બંધન છે). હવે ત્રીજી વાત એ છે કે વર્તમાનમાં લૌકિક જ્ઞાનનો પૂર્વે ઉઘાડ વધારે દેખાય છે, તે પૂર્વ શુભ ભાવ કરી આવરણ ઓછાં નાખેલ તેનું ફળ છે. પૂર્વનું પ્રાપ્તિરૂપે અંદર પડ્યું હતું. તે અમુક કાળે બહાર દેખાય છે તે વર્તમાન ડહાપણનું ફળ નથી. ડૉક્ટર થવાની કળા માટે વાંદરાનાં શરીરના ભાગો—કાપે, દેડકાં કાપે, છતાં તેના ફળ તરીકે કળા ઉઘડે તથા પૈસા મળે તે કેમ બને?

કસાઈ પાંચ હજાર ગાયો કાપી પૈસા કમાય, લહેર કરતા દેખાય; વકીલો જુઠાં બોલી હજારો પેદા કરે, વેપારીઓ દગા કરી કમાણી કરે; તો વિચારો કે વર્તમાનમાં તેઓ બધા પાપ કરે છે, તો પાપના ફળમાં સગવડતા, બુદ્ધિ કે પૈસા મળે? નહિ જ. છતાં લોકો ''વર્તમાન પુરુષાર્થ વડે અમે આ મેળવ્યું, બુદ્ધિવાળા થયા.'' એમ માને છે, તે માન્યતા ખોટી છે. જેના કારણમાં પાપ તેનું ફળ તો પાપ બંધન જ હોય. વર્તમાનમાં તો પૂર્વના નાખ્યાં નીકળે છે.

અનંત કાળમાં આત્મા કોણ અને કેવો તે સમજ્યો નથી, તેથી તે સમજવું એ અપૂર્વ છે. તેમાં વર્તમાન નવો પુરુષાર્થ કામ કરે છે. તે સમજ્યા વિના પુણ્ય-પાપ અનંતવાર કરી તેના ફળમાં અનંત ભવ કર્યા. અનંતવાર ધર્મના નામે પુણ્ય કર્યા, તેના ફળમાં મોટો દેવ અને રાજા થઈ આવ્યો, ઘણી બુદ્ધિવાળો વડોપ્રધાન થઈ આવ્યો, પણ અપૂર્વ તત્ત્વ ન સમજ્યો. યથાર્થ સમજણ માટે એકવાર જ્ઞાની પાસેથી સત્ સાભળવું જોઈએ.

**तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता ।**
**निश्चितं स भवेद्भव्यो भाविनिर्वाणभाजनम् ।।**

**(પદ્મનંદિપંચવિશતિકા)**

જે જીવે પ્રસન્ન ચિત્તથી આ ચૈતન્યસ્વરૂપ આત્માની વાત પણ સાંભળી છે, તે ભવ્ય પુરુષ ભવિષ્યમાં થનારી મુક્તિનું અવશ્ય ભાજન થાય છે. પ્રસન્ન ચિત્તથી એટલે અંતરના ઉમળકાથી, કે 'અહો! સત્સમાગમે આવું કદી સાંભળ્યું નથી.' પોતાની મેળે વાંચીને સમજી લે તેમ નહિ, પણ સાક્ષાત્ જ્ઞાની પાસે શુદ્ધ આત્માની વાત સાંભળીને અંતરમાં નિર્ણય કરે છે તે ભાવિ મુક્તિનો ભાજન થાય છે.

ચાર ગતિમાં ભમતા સૌથી ઓછા મનુષ્યભવ કર્યા. (કોઈ જીવ શુભભાવ ટકાવી રાખે તો ઉપરા ઉપરી વધારેમાં વધારે આઠ ભવ મનુષ્યપણે થાય.) તોપણ જીવ અનંતવાર મનુષ્ય થયો. મનુષ્ય ભવ કરતાં નરકના ભવ અસંખ્ય ગુણા કર્યા, (જે પંચેન્દ્રિય વધ, શિકાર, ગર્ભપાત વગેરે મહા આકરા પાપ કરે, તેનું ફળ નરક ગતિ છે. તે યુક્તિ ઘણીવાર કહેવાય છે. લોકોને દુ:ખ દેખાડવા માટે કલ્પના નથી.) એ નરરકના ભવ કરતાં સ્વર્ગના ભવ અસંખ્યગુણા કર્યા, તે પણ અનંત કર્યા અને એ સ્વર્ગના ભવ કરતા ઢોર અને તિર્યંચમાં, એકેન્દ્રિયમાં (વનસ્પતિ વગેરેમાં) અનંતાનંત ભવો કર્યા, એમ સર્વજ્ઞ ભગવાન કહે છે. (પૂર્વે, તીવ્ર કપટ, વક્રતા વગેરે કરેલ તેનાં ફળમાં તિર્યંચને આડા શરીર મળ્યા છે.)

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**પ્રશ્ન :—**પૂર્વ ભવ કેમ મનાય?

**ઉત્તર :—**આત્મા વર્તમાનમાં છે, છે તો તેની આદિ નથી તેમ જ અંત પણ નથી. આ ભવ છે તો પૂર્વ ભવ પણ હતો જ. જેમ ઘી નું માખણ ન થાય તેમ મોક્ષદશા પ્રગટ કરી તો ફરી અવતાર હોય નહિ. આત્મા અનાદિથી સંસાર દશામાં અશુદ્ધ છે. શુભ અશુભ એવા અશુદ્ધ ભાવનું ફળ ચાર ગતિમાં ભ્રમણ છે. અનંત કાળથી પોતાને ન સમજ્યો માટે આત્મા રખડ્યો છે.

જેમ ડાબલીમાં હીરો હોય તે ડાબલીથી જુદો છે તેમ મન, વાણી, દેહ અને પુણ્ય-પાપ વિકાર આદિથી ભગવાન ચૈતન્યમૂર્તિ આત્મા જુદો છે; દેહરૂપી ડાબલીથી જુદો છે.

આ સાતમી ગાથા જેને બરાબર ન સમજાય તે વિરોધમાં કહે કે આ ગાથામાં તો દર્શન જ્ઞાન, ચારિત્ર આત્માને નથી, તો શું આત્મા, દર્શન, જ્ઞાન, ચારિત્ર વગરનો એટલે કે જડ છે? વિકલ્પ અને ગુણના ભેદ તે અભેદ આત્માનું સ્વરૂપ નથી, એમ કહ્યું છે, તે લક્ષમાં ન લેતાં 'ગુણને ઉડાડ્યા છે' એવો કુતર્ક તેઓ કરે છે. પ્રથમ ઘડો અવળો મૂકાયા પછી તેના ઉપર જેટલા ઘડા મુકાય તે બધા ઊંધા મૂકાય છે, તેમ ચૈતન્ય ભગવાન આત્મા પરથી ભિન્ન અને પોતાના અનંત ગુણોથી અભિન્ન છે. તે જેઓ વાસ્તવિક પણે સમજ્યા નથી તેના જેટલા તર્ક આવે તે બધા ઊંધા આવે.

બાહ્યથી ધર્મ થાય એમ લોકોએ અનાદિથી માન્યુ છે, તેનાથી આ જુદી વાત છે. તો કોઈ આત્મા પરની ક્રિયા કરી શકતો નથી. જ્ઞાની પુણ્ય-પાપ વિકારનો સ્વામી નથી, તેથી તેનો કર્તા થતો નથી, તે પોતાના અવિકારી સ્વભાવનો કર્તા થાય છે. અવિકારીની શ્રદ્ધા વડે વિકારનો નકાર હોવા છતાં પુરુષાર્થની મંદતા છે, તેથી પુણ્ય-પાપ નો ભાવ થાય પણ તેનો દમી કે કર્તા જ્ઞાની થતો નથી. જે પોતાને વિકારનાં કામ અને દેહાદિ જડની ક્રિયાનો કર્તા માને તેને અવિકારી જ્ઞાયક સ્વરૂપનું ભાન નથી.

આ સમ્યક્ શ્રદ્ધાનો વિષય છે. મુનિપણું, શ્રાવકપણું અને ચારિત્રની યોગ્યતા તો સમ્યક્ શ્રદ્ધા પછી જ આવી શકે આચાર્ય કહે છે કે જેને સાચી શ્રદ્ધા નથી, તેને સાચું મુનિપણું, શ્રાવકપણું કે ચારિત્ર હોઈ શકે નહિ.

અવિકારી નિરાવલંબી વીતરાગ સ્વભાવની યથાર્થ શ્રદ્ધા અને અંશે સ્વરૂપ સ્થિરતાં થયા છતાં નીચલી દશામાં પુણ્ય-પાપનો વિકાર થયા ખરો, પણ તેને અખંડ ભાન છે કે મારો જ્ઞાયક સ્વભાવ પુણ્ય-પાપનો નાશક છે, રક્ષક નથી. એવી શ્રદ્ધા પ્રથમ ન કરે ત્યાં સુધી આત્મસ્વભાવ સમજવાની અને પ્રાપ્ત કરવાની લાયકાત પણ નથી.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

અહીં કહે છે કે ચિદાનંદ ભગવાન આત્માને ક્ષણિક વિકારી કહેવાની વાત તો દુર રહો, પણ ગુણગણીના ભેદનું લક્ષ પણ છોડો. આત્મા સ્વરૂપે અનંત ગુણોનો અખંડ પિંડ છે, તેમાં અભેદ લક્ષ ન કરે અને જ્ઞાન, દર્શન, ચારિત્રના વિકલ્પ વડે ત્રણ ભાગલા ઉપર દૃષ્ટિ રાખે તેને સમ્યગ્દૃષ્ટિ થતી નથી. જેવું પરમાર્થ સ્વરૂપ નિર્મળ છે, તેવું તેનું ભાન ન કરે અને પુણ્ય-પાપની પ્રવૃત્તિમાં વખત ગુમાવી દે તે જીવનના સરવાળા શા? માત્ર લોકોમાં દેખાવ ''હા—હો ને હરિફાઈ'' કરી ધર્મ માને છે, કોઈ બાહ્ય લૌકિકમાં નીતિ વડે બધું માની લે છે, પણ તે કાંઈ અપૂર્વ નથી. લીલીવાડી મૂકીને ડોસો ગયા એમ લોકો કહે મમતા લઈને, પુર્વના પુણ્ય બાળીને દુર્ગતિમાં આત્મા ગયો, તે કોઈ વિચારતું નથી. અહો! આવા પરમ સત્યનો મહિમા એકવાર સાંભળે, અંતરથી ભાન કરે, તેને મોક્ષનાં કણસલાં પાકે તેમ છે. અપૂર્વ શ્રદ્ધા વડે જેણે સમ્યગ્જ્ઞાન ન કર્યું તેને મોંઘું મનુષ્યપણું મળ્યું પણ તે વ્યર્થ ગયું.

ક્વીનાઈન પીવાથી તાવ ઉતરે એવો વિશ્વાસ ક્વીનાઈન પીધા પહેલાં જીવ કરે છે, તેમ રાગ-દ્વેષ અજ્ઞાન રહિત હું જ્ઞાયક છું, એવો વિશ્વાસ પ્રથમ કરવો જોઈએ.

કોઈ કહે કે ક્વીનાઈનથી તાવ ઉતરે છે ત્યારે પરમાણુઓમાં થતો સુક્ષ્મ ફેરફાર અમે જોઈ શકતા નથી; પણ તેનાથી ઘણાનાં તાવ ઉતર્યા જાણ્યા છે, તેથી માનીએ છીએ. તેવી જ રીતે વિકારનો સર્વથા નાશ કરીને સંપૂર્ણ નિર્વિકારી શુદ્ધ સ્વરૂપ અનંત આત્માઓએ પ્રગટ કરેલ છે તેથી જ્ઞાની કહે છે કે તમે માનો કે આત્મા રાગ-દ્વેષ, અજ્ઞાન રહિત માત્ર જ્ઞાયક છે.

વ્યવહારથી કહેવાય કે જ્ઞાનીને દર્શન છે, જ્ઞાન છે, ચારિત્ર છે, પરંતુ પરમાર્થથી જોવામાં આવે તો અનંત પર્યાયોને એક દ્રવ્ય પી[૧] ગયું હોવાથી એકરૂપ કિંચિત્ એકમેક મળી ગયેલા આસ્વાદરૂપ, અભેદ જ્ઞાયકપણું જ છે. આત્મામાંથી ગુણ નવો પ્રગટ થતો નથી પણ પર્યાય પ્રગટે છે. જ્ઞાનીને અખંડ દ્રવ્ય ઉપર લક્ષ છે. સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્ર તે પર્યાય છે, વ્યવહાર છે; તે ભેદને ગૌણ કરીને આત્મા અખંડાનંદ, પૂર્ણ જ્ઞાન, દર્શન, ચારિત્રથી અભેદ છે, તેને શ્રદ્ધામાં (લક્ષમાં) લેવો તે જ ધર્મનું મૂળ છે. ગુણમાં ભેદરૂપ વિકલ્પનો રાગ તોડી અંદરમાં એકાગ્રપણે સ્વને લક્ષમાં લે તો બુદ્ધિપૂર્વક વિકલ્પ તૂટી પરમાર્થ સ્વરૂપ નિર્વિકલ્પ અભેદ સ્વાદરૂપે જણાય છે. આવી વાત સાંભળી પણ ન હોય, તેથી માણસને એમ લાગે કે 'અહો! સમ્યગ્દર્શન બહું મોંઘું કરી નાખ્યું!' લોકોએ કલ્પનાથી, બાહ્યથી સમક્તિ માન્યું છે. માંહોમાંહે અભિપ્રાય આપે કે તમે સમ્યગ્દૃષ્ટિ છો,

૧ પી ગયું = તેમાં બધા ગુણ પર્યાય સમાઈ ગયા.

પણ સર્વજ્ઞે કહ્યું છે તેવું યથાર્થ સ્વરૂપ જાણ્યાં વિનાની શ્રદ્ધા તે સસલાનાં શીંગડા માનવા જેવી શ્રદ્ધા છે.

આ તો ''બીજ'' રૂપે કહેવાય છે, તેનું ''પોષણ'' કરવા ઘણી વખત સાંભળે અને સમજણમાં મેળ બેસાડે તો ''ફળ'' આવે.

અહીં નિર્વિકલ્પ શ્રદ્ધા કરવાનો અભેદ વિષય શું છે તે જણાવ્યો છે, તે સમજ્યે છૂટકો છે. અહો! અદ્‌ભૂત મહિમા જણાવનાર સમયસાર અમૃતનો કુંડ છે, મીઠો મહેરામણ છે, તેને જાતે જાણે નહિ તો શું થાય! કુંદકુંદાચાર્ય મહારાજે અચિંત્ય મહિમા સ્પષ્ટ કરી જણાવ્યો છે.

**''સહેજે સમુદ્ર ઉલસિયો, માંહે મોતી તણાતાં જાય;**
**ભાગ્યવંતકર વાપરે, એની મોતીએ મૂઠીઓ ભરાય.''**

જેને સાંભળતાં જ સહેજે ચૈતન્ય રત્નાકર ભગવાનનો મહિમા ઉલસે છે. અંતરથી સમજ્યો તેને અતીન્દ્રિય સ્વાદ આવ્યા વગર કહે નહિ. પોતાની કલ્પનાથી શાસ્ત્રરૂપી સમુદ્ર વાંચી અંદરથી ખોટા તર્ક ઉઠાવે તો ''પાપવંત કર વાપરે, એની શંખલે મૂઠીઓ ભરાય'' એક સમયસાર શાસ્ત્ર પાત્રતા લાવી સત્સમાગમે સાંભળે અને પરમાર્થ સમજે તો અનંતભવની તૃષ્ણાની ભૂખ ભાંગે.

જેને મહિમા ત્રણે કાળ અનંત સર્વજ્ઞ પરમાત્માઓએ ગાયો છે, તેની વાત સાક્ષાત્ સાંભળવા મળી, છતાં અવિકારી, ધ્રુવ સ્વભાવની શ્રદ્ધા ન કરે તે કેમ ચાલે?

કાચા ચણામાં સ્વાદ ભર્યો છે, એમ જાણી ચણાને શેકે, તો ફરી વાવ્યો ઉગે નહિ અને સ્વાદ આપે, તેમ આત્મામાં અખંડ આનંદ ભર્યો છે, વર્તમાન અવસ્થામાંથી ભૂલરૂપ કશાય અને અશુદ્ધતા કાઢી નાખે તો તેના પ્રગટ સ્વાદ આવે; માટે પ્રથમ અખંડાનંદ પૂર્ણ છું, અવિકારી છું તેની અંતરમાં શ્રદ્ધા કરવી જોઈએ. પૂર્ણ નિર્મળ સ્વભાવની શ્રદ્ધા થતાં જ રાગ-દ્વેષ બધા ટળી જાય નહિ પણ અખંડ ગુણની પ્રતીતિના જોરે ક્રમેક્રમે સ્થિરતાં થતાં વિકારનો નાશ થશે.

જેમ ચણામાં સ્વાદની ઉત્પત્તિ, કચાશનો વ્યય અને તેનું મૂળ સ્વરૂપે ટકી રહેવાપણું—ધ્રુવપણું છે; તેમ આત્માએ રાગ-દ્વેષ રહિત, નિર્મળ સ્વરૂપે છું, એવી શ્રદ્ધાનો અપૂર્વ સ્વાદનો ઉત્પાદ, અજ્ઞાનનો વ્યય અને સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા ધ્રુવ છે; એવી શ્રદ્ધાનો મહિમા સાંભળે, માને તો ભગવાન આત્મા જેવો છે તેવો સમજાય.

તા.૧૦–૭–૪૩

જ્ઞાનમૂર્તિ આત્મામાં જુદાજુદા અનંતગુણો છે, પણ તેનો જુદો જુદો વિચાર કરવાથી એક અખંડ વસ્તુ જાણી શકાય નહિ. ગુણ ગુણીની પાડવામાં રોકાવું તે રાગનો વિષય છે, તેથી તે વડે નિર્વિકલ્પ અનુભવ થઈ શકે નહિ. અખંડ સ્વરૂપના લક્ષ વિના નિર્મળ નિરપેક્ષ વસ્તુ ખ્યાલમાં આવે નહિ અને યથાર્થ જાણ્યા વિના આત્મામાં સ્થિર થઈ શકાય નહિ.

જેમ રાજાને તેનો યોગ્ય અધિકારીથી ન બોલાવે તો તે જવાબ ન આપે તેમ ભગવાન આત્માને સર્વજ્ઞના ન્યાય અનુસાર જાણીને, અનંત ગુણોથી એકત્વ ઓળખીને, તેનું અભેદપણું લક્ષ કરવામાં ન આવે તો તે પણ જવાબ ન આપે, અર્થાત્ સાક્ષાત્ નિર્વિકલ્પ અનુભવ ન થાય.

'હું વિકારી છું' એમ માને અથવા ગુણ ગુણીના ભેદનુ લક્ષ કરે તો રાગનો વિષય રહે છે.

**પ્રશ્ન :—**નીચલી દશામાં રાગ તો રહે છે, તો રાગ રહિત દશા કેમ જણાય

**ઉત્તર :—**સમ્યક્દર્શન થતા જણાય છે. જ્યાં સુધી મનનાં સંબંધમાં જોડાતો હતો ત્યાં સુધી બુદ્ધિપૂર્વક રાગ રહેતો હતો. તેનું લક્ષ છોડી સ્વમાં અભેદ લક્ષ થતાં બુદ્ધિપૂર્વક રાગ છૂટી જાય છે ને નિર્વિકલ્પતા થાય છે, સમ્યક્દર્શન છે. તે આત્મસાક્ષાત્કાર પ્રથમ ચોથે ગુણસ્થાનકે ગૃહસ્થને થાય છે. ગૃહસ્થ દશામાં રાગ હોવા છતાં આત્મામાં આનંદનો સ્વાદ આવે છે. પ્રથમ જ અલ્પજ્ઞ દશામાં જ્ઞાનનો વ્યાપાર જે સ્થૂળ છે, તે પોતાનું જ્ઞાન સુક્ષ્મ કરી, જ્ઞાનનો વ્યાપાર અંદરમાં સ્વ તરફ વાળીને નિર્મળ, અભેદ સ્વરૂપનું લક્ષ કરે તો ત્યાં બુદ્ધિપૂર્વકના વિકલ્પ છૂટી જાય છે. એવો કોઈ અચિંત્ય મહિમા ગૃહસ્થ દશામાં થઈ શકે છે અને તે જન્મ-મરણ ટાળવાનો ઉપાય છે.

કોઈ કહે કે ''બહુ ઝીણું સમજીને શું કરવું છે? છેવટે તો ધ્યાન કરવું છે ને? માટે આપણે પ્રથમ જ ધ્યાન કરવા માંડો.'' પણ સમજ્યા વિના ધ્યાન કોનું કરશે?

ઘણા કહે ''ચિત વૃત્તિનો નિરોધ કરો.'' પણ તેની વાત દોષવાળી છે, કારણ કે તે વાત નાસ્તિથી છે. પોતાની 'આસ્તિ શું છે? તે પ્રથમ જાણ્યા વિના ચિત્તવૃત્તિનો નિરોધ થતો નથી. ઓળખાણ થયા પછી એકાગ્રતારૂપ અંતર વ્યાપારમાં રોકાવું તે સ્વમાં સ્થિરતારૂપ ધ્યાન છે. તેમાં ચિત્તવૃત્તિ સહેજે રોકાઈ જાય છે, તેનો નિરોધ કરવો પડતો નથી. અમારે તો મનને બહારમાં જતું રોકવું છે, એમ પરથી અટકવાની કેટલાક વાત

કરે છે, પણ પોતે અસ્તિ શું? જ્ઞાયક સ્વરૂપમાં ઠરવું તે શું? તેની જેને ખબર નથી, તેનું મન બાહ્ય તરફ જવાનું. પરનો અભાવ ચિંતવે પણ સ્વનો સદ્ભાવ કેવો છે, શું છે? તેના ખ્યાલ વિના તે અનિત્ય જાગ્રિકા છે; રાગ-દ્વેષ કાઢવા માગે છે, પણ કોને રાખવો છે અને તે કેવો છે, કેવો નથી, તે શું કરી શકે છે, શું નથી કરી શકતો તેની ખબર વિના તે જે કાંઈ માને, જાણે વર્તે તે ખોટું છે. વસ્તુ સ્વભાવને યથાર્થ જાણ્યા વિના જૈનનો સાધુ અનંતવાર થયો છતાં સંસારમાં રખડ્યો.

આત્માને સમજ્યા વિના રાગ-દ્વેષ ટાળવાનું બનશે નહિ. વસ્તુ યથાર્થ સમજે તો રાગ દ્વેષ સહેજે ટળવા માંડશે. પ્રથમ શ્રદ્ધામાં નિર્વિકારી અખંડની હા આવ્યા પછી બધી વાત યથાર્થપણે જાણી લે છે. સમજ્યો નથી છતાં 'અમે ચિત્તવૃત્તિ નિરોધરૂપ ધ્યાન કરીએ' એમ કોઈ કહે તો તેનું ધ્યાન, લીમડાને મૂઢતાનું ધ્યાન છે તેના જેવું થયું

''चित्तवृत्ति निरोधो ध्यानम्'' તેમાં 'નાસ્તિ'થી વાત થઈ. સર્વજ્ઞનું કહેવું એમ છે કે ''एकाग्र चिन्तानिरोधो ध्यानम्'' (તત્ત્વાર્થ સૂત્ર અધ્યાય નવમો, સૂત્ર-૨૭) તેમાં અસ્તિથી વાત થઈ. કોઈ એક વિષયમાં ચિત્તને એકાગ્ર કરવું તે ધ્યાન છે, આત્મા અખંડ જ્ઞાનાનંદ સ્વરૂપી છે, તેના લક્ષે સ્થિર થતાં રાગ ટળી અંદર સ્થિરતા થાય છે અને રાગનો નાશ સહેજે થાય છે. એમ 'અસ્તિ' અને 'નાસ્તિ' બે થઈને અખંડ સ્વરૂપ છે.

અનંતકાળે આ વાત સાંભળવા મળવી મુશ્કેલ છે, તે આ સમયસારમાં સ્પષ્ટ કહેવાય છે. સાક્ષાત્ સર્વજ્ઞ તીર્થંકર પ્રભુના મુખ કમળથી નીકળેલી વાણી સાંભળીને, આચાર્ય શ્રી કુંદકુંદાચાર્ય દેવે ચારિત્ર સહિત અંતર દૃષ્ટિથી અનુભવેલી વાત જગત પાસે મુકીને સાક્ષાત્ સર્વજ્ઞના ન્યાયના અમૃત રેડી ધર્મના ધોરીઆ વહેવડાવ્યા છે. અનંતકાળની જેને ભૂખ ભાંગવી છે તેણે સત્સમાગમે સાંભળી, જાણીને અવિકારી આત્માને અખંડપણે લક્ષમાં લેવો. મનના સબંધથી જરા જુદો પડી, ગુણ ગુણીના ભેદનું લક્ષ છોડી, અભેદપણે આત્માનો અનુભવ કરવો.

**પ્રશ્ન :—**આંખ, કાન બંધ કરે તો વિકલ્પ રોકાય?

**ઉત્તર :—**'અંદર કોણ છે?' તે સમજે અને તેમાં ઠરે એટલે આંખ, કાનનાં કાણાં તરફ લક્ષ ન જાય એટલે તે બંધ થયેલાં જ છે, બંધ કરવા પડતા નથી. ઝાડપાન આદિ એકેન્દ્રિય જીવોને પણ ઈન્દ્રિયનાં કાણાં નથી, તેથી શું તેને રાગ-દ્વેષ નથી? તે જીવોને તો મૂઢતાની મુંઝવણ છે.

આત્મા પોતાના અનંત ગુણ પર્યાયનો પિંડ છે, તેને પ્રથમ યથાર્થ જાણે અને જાણ્યા પછી રાગથી જરા જુદો રહી, સ્વભાવમાં એકાગ્ર થાય તો સંકલ્પ-વિકલ્પની

આકુળતા સહેજે ટળે. સત્‌ના લક્ષે અસત્ (રાગ-દ્વેષાદિ) ટળે છે. આત્મા પરથી ભિન્ન છે, એમ જાણ્યા વિના પરમાર્થ રાગ ટળે નહિ એકાંતમાં જઈ પોતાની કલ્પનાથી માને કે સંસારનો રાગ નથી, વિકલ્પ નથી પણ પરમાર્થે અંતર અભિપ્રાયમાં તેને રાગ-દ્વેષ ઘટ્યા નથી, તેથી પરિણામે તે મૂઢ થઈ જશે.

આત્માનું નિર્વિકલ્પ, નિરાવલંબી સહજ સ્વરૂપ સમજ્યા વિના જૈનનો સાધુ થઈ એવો મંદકષાય કર્યો કે કોઈ બાળી મૂકે તોપણ તેના ઉપર ક્રોધ ન કરે; છતાં ભવ ન ઘટ્યો, ધર્મ ન થયો; કારણ કે 'હું સહન કરૂં છું' એવો વિકલ્પ છે, તે રાગ છે પણ ધર્મ નથી. પ્રથમ રાગ-દ્વેષ ઉપર લક્ષ ન કરતાં 'સ્વાભાવિક અસ્તિ' વસ્તુ ત્રિકાળ શું છે? તે જાણવું જોઈએ; તે જાણ્યા વિના પરનો અભાવ ઈચ્છે, તેથી નાસ્તિ પક્ષ (રાગાદિનો નાશ) થઈ શકે નહિ.

'આ બધું ઝીણું પડે, ન સમજાય' એમ માનશો નહિ. આ વાત સત્ય છે, ત્રણેકાળ સત્ય છે, અનંતકાળમાં નહિ ઝીલેલી એવી વાત છે. તારો મહિમા જણાવી તારાં હાલરડાં ગવાય છે. 'મારો દિકરો ડાહ્યો, પાટલે બેસી નાહ્યો, મામાને ત્યાં જાશે, ખાજાં જલેબી ખાશે,' એવા ગાણાં બાળકને ઊંઘાડવા માટે માતા વખાણરૂપે ગાય છે; તેમ અહીં તને અનાદિની ઊંઘમાંથી જાગૃત કરવા માટે સર્વજ્ઞ ભગવાન ગાણાં ગાય છે કે 'તું આત્મા ચિદાનંદ પ્રભુ છો, પરને આધીન નથી. તું ત્રણેકાળ સ્વાધીન છો.' આ તારા સ્વભાવરૂપ ધર્મની જાગૃતિનાં ગાણાં છે. અનંતકાળથી તું તને ઓળખતો નથી. ગુણ-ગુણીના ભેદ વિચારમાં કે શુભ રાગમાં અટક્યો, ત્યાં ધર્મ ક્યાંથી થાય?

આ સાતમી ગાથામાં પરમાર્થ સ્વરૂપનો પોતામાં અભેદ કેવો છે તે જણાવ્યું છે. તેને નહિ સમજનાર ઘણા કુતર્કથી ગોટા ઊઠાવે છે. જેણે ખોટું મેળવ્યું હોય તે તેની (ખોટાની) જાહેરાત કરે. અહીં શ્રી કુંદકુંદાચાર્ય ત્રિલોકનાથ તીર્થંકરદેવ પાસેથી જે સનાતન સત્ય મેળવ્યું તેની જાહેરાત જગત પાસે કરી છે. દરેક વસ્તુ પરથી ભિન્ન અને સ્વથી એકરૂપ છે. આત્માના કોઈ ગુણો જુદા જુદા નથી, ત્રણે કાળથી પર્યાયોને અભેદ કરીને અનુભવ વડે કહે છે કે જ્ઞાનીને દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી, એટલે કે તે જુદા જુદાપણે નથી, પણ આખા દ્રવ્ય સ્વભાવમાં તે સમાઈ જાય છે.

દર્શન, જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, વીર્ય, અસ્તિત્વ. દ્રવ્યત્વ, વગેરે બધા ગુણો વસ્તુપણે એક છે છતાં કાર્યભેદે કંથચિંત્ જુદા છે. જેમ કે શ્રદ્ધાનું કાર્ય પ્રતીતિ કરવાનું છે, જ્ઞાનનું કાર્ય જાણવાનું છે, આનંદનું કાર્ય આહલાદ્ અનુભવવાનું છે, દર્શનનું કાર્ય સામાન્ય પ્રતિભાસ છે, અસ્તિત્વનું કાર્ય હોવાપણું છે. જ્ઞાન વડે બધા ગુણો જુદા જુદા અને કિંચિત્

એકમેક છે, તેમ જણાય છે. બધા ગુણોનો આનંદ જુદો જુદો છે, છતાં તે બધા ગુણનું એકપણું કેવી રીતે છે તે સમજીને એકત્વને લક્ષમાં લેવાની આ વાત છે. આ સમજણની વિધિ વિના ત્રણકાળ-ત્રણલોકમાં બીજો ઉપાય નથી.

**'એક હોય ત્રમ કાળમાં, પરમારથનો પંથ;**
**પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત.''**

(આત્મસિદ્ધિ ગાથા ૩૬)

તત્ત્વમાં અવિરોધપણે સમજણપૂર્વકની જે વિચારણાં, શ્રદ્ધા, જ્ઞાન તે જ પુણ્ય-પાપ રહિત અવિકારી સ્વરૂપમાં ઠરવામાં પ્રેરે, તે જ્ઞાનની સ્થિરતારૂપ વ્યવહાર જ્ઞાનીને કબૂલ છે, એ વિધિથી સ્વરૂપને સમજી એતવાર અંતરમાં લક્ષ તો કરી લે! તેમાં વિકાર તો નથી પરંતુ ગુણ-ગુણીની જુદાઈ પણ નથી. વર્તમાનમાં એવા પૂર્ણ નિર્મળ સ્વભાવનો અનુભવ કરતાં વસ્તુમાં જે અનંત ગુણો છે, તે કિંચિત્ ભેગા અને ગુણનાં સ્વાદભેદે જુદાં છે; એક સ્વભાવરૂપે અનુભવવામાં આવતાં દર્શન, જ્ઞાન, ચારિત્રના જુદાજુદા પ્રકાર અનુભવમાં આવશે નહિ.

સુખ તો આત્મામા જ છે તેને બદલે લોકો બાહ્યથી સુખ માને છે, તે માત્ર કલ્પના છે. આ મકાન ઠીક છે, છોકરાં ઠીક છે, સ્ત્રી ઠીક છે, આબરૂ ઠીક છે, એમ કલ્પના વડે સુખ માન્યું છે. અંતરમાં સુખ છે તેની ગુલાંટથી પર નિમિત્તમાં સુખ માન્યું છે, અજ્ઞાનીએ ભ્રમણાથી સુખની કલ્પના કરી છે. લોકો કહે છે તેવું તે માની લે છે. બહારથી સગવડતામાં સરખાઈ હોય તેને અજ્ઞાની સુખ માને છે.

તે વિકારનું લક્ષ અને ધણીપણું છોડી, મારૂ અનંત સુખ મારામાં અને મારાથી જ છે, મારે અનંત ગુણનું અનંત સુખ છે, એમ જ્ઞાની પોતાના ગુણને અખંડ દ્રવ્યમાં સમાવીને અનંત આનંદને અનુભવે છે. નીચલી દશામાં પ્રગટ આનંદ થોડો છે પણ લક્ષમાં પૂર્ણ છે.

શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, પ્રદેશત્વ, વિભુત્વ, સ્વચ્છત્વ, પ્રકાશકત્વ, અગુરુલઘુત્વ, પ્રભુત્વ, જીવત્વ, ચેતનત્વ, વગેરે ગુણોનો સ્વભાવ જુદોજુદો છે, તોપણ વસ્તુપણે એકરૂપ છે.

મનના શુભભાવથી જરાક છૂટીને સ્વભાવનું લક્ષ કરતાં બુદ્ધિપૂર્વક વિકલ્પ રહેતા નથી, તે દશાને અનુભવ કહેવામાં આવે છે. એવા એકરૂપ અનુભવમાં દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાય છે, તે પર્યાયના ભેદ ઉપર લક્ષ જવું તે વ્યવહાર છે. તેના (ભેદના) લક્ષે નિર્મળતા ન થાય.

સમયસારની એકેક ગાથા અપૂર્વ છે. અનંતકાળમાં આ વસ્તુનો સ્વભાવ આત્મા સમજ્યો નથી, પણ તેને સમજવા માટે અનંતકાળની જરૂર પડતી નથી. અજ્ઞાનમાં, રખડવામાં અનંતકાળ ગુમાવ્યો પણ સ્વાધીન સ્વનું ભાન કરી મુક્ત થવામાં ઘણો કાળ જોઈતો નથી. અનંત ભવનો અંત કરનાર વાતને ભગવાન કુંદકુંદાચાર્યદેવ જગત પાસે જાહેર કરે છે કે વિકાર અને ગુણના પ્રકારના ભેદ રહિત એકલો જ્ઞાયક છું. એવી દૃષ્ટિ વડે અખંડ સ્વભાવની શ્રદ્ધા કરવી તે જ મોક્ષનું મૂળ છે. વ્યવહાર સમજાવવા માટે, બીજા પદાર્થો છે તેનાથી આત્માને જુદો દેખાડવા માટે કથનથી ગુણગુણીના ભેદ પાડે, પણ વસ્તુને અખંડ જ્ઞાયકપણે જોતાં તેના અનંતગુણ એકરૂપ અનુભવમાં આવે છે, તેમાં વિકલ્પ નથી, બુદ્ધિપૂર્વક વિકલ્પનો ખ્યાલ પણ નથી, એવી શ્રદ્ધાનું જોર તે પ્રથમ જ ધર્મનો ઉપાય છે ને તે જ મુક્તિનું કારણ છે.

**ભાવાર્થ :—**આ શુદ્ધ આત્માને કર્મ બંધના [૧]નિમિત્તથી અશુદ્ધપણું આવે છે એ વાત તો દૂર જ રહો, નિમિત્તપણે કર્મ બંધનનો અનાદિથી સંયોગે સંબંધ છે, તેમાં જોડાવાથી વર્તમાનમાં વિકાર પુણ્ય-પાપના ભાવ થાય તે તો દૂર રહો, તેનું તો સમ્યક્‌દર્શનમાં લક્ષ કરવાનું નથી, પણ તેમાં દર્શન, જ્ઞાન, ચારિત્રના પણ ભેદ નથી, કારણ કે વસ્તુ અનંતધર્મરૂપ એક ધર્મી છે.

આત્મા અનંત ધર્મસ્વરૂપે હોવા છતાં વસ્તુરૂપે એક છે, પરંતુ અજ્ઞાની જન તેને ભેદરૂપ ધર્મોથી સમજી શકે તેથી, આત્માનું પ્રગટ લક્ષણ જાણી શકાય તેવા અસાધારણ ગુણને, બીજાથી લક્ષણ ભેદરૂપે જણાવવા 'જાણનાર તે આત્મા, શ્રદ્ધા કરે તે આત્મા' એમ વ્યવહારથી ભેદ પાડી કહેવાય છે.

અષાઢી અમાસની રાત્રી હોય, અંધારા ઓરડામાં કોઈ સુતો હોય, ત્રણ ગોદડાં ઓઢ્યા હોય, આંખો બંધ હોય છતાં સુતા-સુતા તે કહે છે કે 'ભારે અંધારૂ છે.' વિચાર કરો કે એ કોણે જાણ્યું? જેણે જાણ્યું તે પોતે જાણનારો જાણનાર સ્વરૂપે છે તે વડે જાણ્યું છે. અંધારાથી અંધારૂં દેખાય નહિ. દેહ, ઈન્દ્રિય અને મન જડ છે, તેનાથી આત્મા જણાતો નથી, તેમ જ તે વડે આત્મા જાણતો નથી. ત્રણ જડ શરીર છે તેનાથી આત્મા જુદો છે, તેને ખાસ ગુણ જ્ઞાન વડે ઓળખાવે તો જલદી ઓળખાય છે. આત્મા એક માત્ર જ્ઞાન ગુણપણે નથી પણ આત્મામાં એવા તો અનંત ગુણો છે, તે બધાને અજ્ઞાની જાણતા નથી; તેથી બીજા દ્રવ્યમાં ન હોય તેવા અસાધારણ ગુણ વડે આત્માને ભેદ કથનથી ઓળખાવવો પડે છે.

---

૧. નિમિત્ત=પર સંયોગની હાજરી ઉપાદાન=મૂળ વસ્તુની શક્તિ

'જ્ઞાનીને દર્શન છે, જ્ઞાન છે, ચારિત્ર છે,' એમ પરમાર્થને જણાવવા પુરતો કથન વડે ભેદ પાડવો તે વ્યવહાર છે. ગુણ-ગુણીના ભેદ પાડી સમજાવવાની રીત તે વ્યવહાર છે. પરમાર્થથી એટલે ખરેખર જોવામાં આવે તો અનંત ગુણના અભેદ પિંડરૂપે આત્મા હોવાથી બધી પર્યાયોને પી ગયો છે અર્થાત્ દ્રવ્યમાં ત્રિકાળી અનંત પર્યાયો અને અનંત ગુણો એકમેક સમાયેલાં છે તેથી, લક્ષણ અને કાર્ય ભેદે જુદા હોવા છતાં વસ્તુપણે કોઈ ગુણ જુદા નથી.

અહીં કોઈ પ્રશ્ન કરે કે, 'પર્યાય પણ દ્રવ્યનો ભેદ છે. જાણવાની ક્રિયા કરે તે જ્ઞાન, પ્રતીતિ કરે તે શ્રદ્ધા, તેમાં ઠરે તે ચારિત્ર, એ બધા આત્માનાં જ ગુણો છે. અવસ્તુ તો નથી, તો તેને વ્યવહાર કેમ કહી શકાય? પોતાની વસ્તુપણે પોતાના ગુણ પોતાને આશ્રિત છે, તેને નિશ્ચય કહેવો જોઈએ; તેને વ્યવહાર કેમ કહેવાય? શરીર, મન, વાણી તથા રાગ-દ્વેષને જીવના વ્યવહારથી કહો તે બરાબર, કારણ કે જે પરભાવને આશ્રિત છે તેને તો વ્યવહાર કહેવાય, પણ જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર કે જે સ્વવસ્તુ આશ્રિત છે, તેને વ્યવહાર કેમ કહો છો?'

તેનું સમાધાન :—એ ગુણોના આત્માના છે એ ખરૂ છે, પણ અહીં દ્રવ્ય દૃષ્ટિથી અભેદ નિર્મળ એકરૂપ સ્વભાવ સામાન્ય લક્ષમાં આવે તે રીતે આત્માને જણાવવો છે. અભેદ દૃષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી જ અભેદ વસ્તુસ્વરૂપ સારી રીતે માલૂમ પડી શકે છે. અનંતગુણથી અભેદ આત્માને એકરૂપ સમજાવવા વખતે ભેદ કથન ગૌણ થઈ જાય છે, તેથી અહીં ગુણ-ગુણીના ભેદને ગૌણ કરીને તે ભેદને વ્યવહાર કહ્યો છે. અહીં એવો અભિપ્રાય છે કે ભેદ પાડનારના લક્ષમાં નિર્વિકલ્પદશા થતી નથી અને સરાગીને વિકલ્પ રહ્યા કરે છે. ગુણના વિકલ્પ કર્યા કરે તો પુણ્ય થાય, પણ નિર્વિકલ્પ અનુભવ ન થાય.

છદ્મસ્થને રાગ રહે છે, તેથી ભેદ ઉપર લક્ષ કરવાથી તો રાગમાં રોકાઈ જાય છે, માટે જ્યાં સુધી રાગાદિ મટે નહિ ત્યાં સુધી વર્તમાન અવસ્થાના વિકાર અને ગુણના ભેદને ગૌણ કરી, અભેદ સ્વરૂપ નિર્વિકલ્પ અનુભવ કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. વીતરાગ થયા પછી ભેદાભેદરૂપ વસ્તુનો જ્ઞાતા થઈ જાય છે. પરાશ્રયના વિકલ્પ કર્યા કરે તો મનના સંબંધનો રાગ આવે છે તે હઠથી છોડવા માગે તો છૂટે નહિ, સમજ્યા વિના એકાગ્ર થવા માગે તો મૂઢતા વધી જાય.

અખંડ નિર્મળના લક્ષે નિર્મળ શ્રદ્ધા-જ્ઞાન પ્રગટે છે અને પછી નિર્મળ ચારિત્રની પર્યાય ઉઘડે છે. અનંત ધર્મ સ્વરૂપ અખંડ વસ્તુ, તેના ગુણ તથા અનંત પર્યાયનું જ્ઞાન એક સાથે વીતરાગને હોય છે. તેમના જાણપણામાં ક્રમ પડતો નથી; પણ સરાગી જીવ

ભેદ ઉપર લક્ષ કરે છે ત્યાં એક પક્ષનો રાગ રહે છે; પ્રથમ તો શ્રદ્ધામાં નિર્વિકલ્પ થયા પછી ચારિત્રમાં વિશેષ સ્થિર ન રહી શકે ત્યારે અશુભથી બચવા શુભમાં જોડાય છે, પણ દૃષ્ટિ કરતો અખંડ સ્વભાવ ઉપર જ રાખે છે; તે અભેદ દૃષ્ટિના જોરે ચારિત્ર પૂર્ણ કરી લે છે.

છઠ્ઠી ગાથામાં ક્ષણિક વર્તમાન અવસ્થામાં વિકારનું લક્ષ છોડી અભેદ સ્વરૂપનું લક્ષ કરવાનું કહ્યું અને આ સાતમી ગાથામાં ગુણ-ગુણીના ભેદનું લક્ષ છોડી અભેદ અખંડ જ્ઞાયક સ્વરૂપનું લક્ષ કરાવે છે; એ અભેદ દૃષ્ટિના જોરે ક્રમેક્રમે રાગનો નાશ અને નિર્મળતાની વૃદ્ધિ થઈ કેવળજ્ઞાનની પૂર્ણતા પ્રગટ થાય છે. ૭.

## સવારની તથા રાત્રીની ચર્ચામાંથી.

**પ્રશ્ન :—**જ્ઞાનીને સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્ર કેમ નથી?

**ઉત્તર :—**શ્રદ્ધાનો વિષય ત્રિકાળ નિરપેક્ષ દ્રવ્ય છે સામાન્ય ધ્રુવ સ્વભાવ અભેદપણે, નિર્મળપણે લક્ષમાં લેવો તે છે અને નિશ્ચયનો વિષય પણ અભેદ નિર્મળ છે. પણ નિશ્ચયનોનો વિષય શ્રદ્ધા-સમ્યક્‌દર્શન નથી, કારણ કે સમ્યક્‌દર્શન તે પર્યાય છે, સમ્યગ્જ્ઞાન તથા ચારિત્ર પણ પર્યાય છે અને પર્યાયના ભેદ તે વ્યવહારનો વિષય છે. જ્ઞાનીને દર્શન, જ્ઞાન, ચારિત્ર વિદ્યમાન નથી કારણ કે તે પર્યાય છે, ખંડ છે; વ્યવહાર નયનો વિષય છે; અને અભેદ દૃષ્ટિમાં—નિશ્ચયમાં બંધ-મોક્ષ, સાધ્ય-સાધક વગેરે બધી પર્યાય ગૌણ થઈ જાય છે. સામાન્ય વિશેષપણું એક જ સમયે છે, તેમાં નિશ્ચયના વિષય ઉપર દૃષ્ટિ કરનાર સમ્યક્‌દૃષ્ટિ છે. એક જ સમયે એક પર્યાય પ્રગટ હોય. પર્યાયના ભેદ વ્યવહારનો વિષય હોવાથી અભૂતાર્થ છે, અર્થાત્ ત્રિકાળ વિદ્યમાન નથી, તેથી શુદ્ધ નય વડે ભેદને ગૌણ કરાય છે.

સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય ઉપરનું લક્ષ તે નિર્મળતાનું કારણ નથી. તેમાં શુભ રાગ થાય પણ રોગનો અભાવ ન થાય. અખંડ દ્રવ્ય સામાન્ય ઉપરની દૃષ્ટિ તે સમ્યક્‌દર્શન, ચારિત્ર અને કેવળજ્ઞાનનું કારણ છે. સમ્યક્‌દર્શનનો વિષય અખંડ નિર્મળ સામાન્ય એકરૂપ હોવાથી નિર્મળ પર્યાય ઉઘડી સામાન્ય ભળી જાય છે. સામાન્ય નિર્મળના લક્ષે વિશેષ નિર્મળતા ઉઘડે છે અને ભેદના લક્ષે રાગ રહે છે. અખંડના જોરે ચારિત્ર ઉઘડે છે તે વ્યવહાર છે, ગૌણ છે; વ્યવહાર માત્ર જ્ઞાનનુ કરવા માટે અને ઉપદેશમાં સમજાવવા માટે છે. 'પૂર્ણ નિર્મળ છું' એવી અખંડની દૃષ્ટિ જ મોક્ષ આપનારી છે. દર્શન, જ્ઞાન, ચારિત્રની નિર્મળ પર્યાય અખંડના જોરે ઉઘડે છે, તે પર્યાય સદ્‌ભુત વ્યવહાર છે અને તે પણ દૃષ્ટિમાં ગૌણ છે. દૃષ્ટિમાં સાધ્ય—સાધકના ભેદ નથી. સંસાર અને મોક્ષ તે

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પર્યાયો છે, તે પણ અભૂતાર્થનો વિષય છે, તેથી ગૌણ છે.

સમ્યક્દર્શન અને શુદ્ધ આત્મા એક નથી, કેમ કે શુદ્ધ આત્મા અનંત ગુણનો અભેદ પિંડ છે અને સમ્યક્દર્શન તો શ્રદ્ધા ગુણની પર્યાય છે, તે નિશ્ચય દૃષ્ટિમાં ગૌણ છે. જ્ઞાની અભૂતાર્થને એટલે ત્રિકાળ વિદ્યમાન ન રહે તે ભેદને મુખ્યપણે લક્ષમાં લેતા નથી.

'અખંડ દ્રવ્ય દૃષ્ટિના જોરે—સ્વની અસ્તિના જોરે—નિર્મળ પર્યાય થાય જ છે,' એવી શ્રદ્ધા તે સમ્યક્દર્શન છે અને એવી શ્રદ્ધા ભેદના લક્ષે કે વિકલ્પ વડે થતી નથી.

અહીં ફરી પ્રશ્ન ઊઠે છે કે જો એમ છે, તો એક પરમાર્થનો જ ઉપદેશ કરવો જોઈએ, વ્યવહારનો આશ્રય શા માટે લેવામાં આવે છે? એ પ્રશ્નનો ઉત્તર આઠમી ગાથામાં અદ્ભુત રીતે આપવામાં આવશે.

તા. ૧૧–૭–૪૩.

## આઠમી ગાથાની ભૂમિકા

છઠ્ઠી ગાથામાં વિકારથી જુદો, અભેદ જ્ઞાયક આત્મા કહ્યો, એટલે આત્મા જ્ઞાનાદિ અનંતગુણનો અખંડ પિંડ છે તેને લક્ષમાં લેવા કહ્યું. ક્ષણિક એક અવસ્થા પૂરતો આત્મા નથી, તેથી તે ભેદને ગૌણ કરી એક આત્માને નિર્મળ, અસંયોગી અવિકારીપણે લક્ષમાં લેવો તે જ શ્રદ્ધાનો વિષય છે. શરીરાદિના સંયોગ તો આત્માથી ઘણે દૂર છે, તે તરફની આસક્તિ તો પ્રથમથી જ ઘટાડવી જોઈએ. દેહાદિ કોઈ સંયોગપણે હું નથી, એનાં કોઈ કાર્ય મારે આધીન નથી. એટલી સમજણ તો આવું સાંભળનારને હોય જ એમ આચાર્યે માની લીધું છે.

પર સાથે આત્માને કાંઈ સંબંધ નથી, પર પોતાથી (આત્માથી) ત્રિકાળ નાસ્તિપણે છે. વર્તમાન વિકારી અવસ્થામાં પણ પરવસ્તુ આત્મામાં નથી. દેહમાં આત્મા નથી, પણ નિમિત્તથી કહીએ તો એક આકાશક્ષેત્રે આત્મા અને દેહાદિ જડ પદાર્થ સંયોગપણે રહેલા છે. છતાં વસ્તુપણે દરેક પરમાણું તથા દરેક આત્મા જુદે જુદા છે, જે આત્માથી જ જુદા પડે તે આત્માના હોય નહિ. એવા સ્થૂળ વ્યવહારુ મિથ્યાત્વનો ત્યાગ તો સમયસારના જિજ્ઞાસુને હોય જ. કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્ર મને કોઈ પ્રકારે હિતકર નથી, દેહાદિ મારું સ્વરૂપ નથી, એવું સમજીને, વ્યવહારુ ભૂલ છોડીને જ આ પરમાર્થ સ્વરૂપ સમજવા જિજ્ઞાસુ આવ્યો છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

આચાર્ય મહારાજે તો ભવભ્રમણ ટળી જાય એવી વાત કરી છે અને તેથી અનાદિથી ઊંધી માન્યતા ઉપર તેઓ ઘા મારે છે.

પરવસ્તુ સાથે તો આત્માને સબંધ નથી પણ પરાશ્રિત ભાવ વડે જે વિકાર થાય છે, તે વર્તમાન અવસ્થામાં આત્મામાં થાય છે, છતાં તેવડો જ પોતાને માને, શુભ-અશુભ લાગણીને પોતાનું સ્વરૂપ માને, તેને શુદ્ધાત્માની શ્રદ્ધા નથી. આત્મા તો અવિકારી, પરમાં કર્તા, ભોક્તાપણા રહિત, ચિદાનંદ, નિર્વિકલ્પ જ્ઞાયક છે.

''પર મારૂં નહિ,'' એ સમજ્યા પછી શુભ-અશુભ વિકાર તે પણ મારા નહિ, એમ છઠ્ઠી ગાથામાં સમજાવ્યું. 'હું નિર્મળ છું, પરથી જુદો છું, એકરૂપ જ્ઞાનાનંદ છું, તેમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર છે,' એવા ગુણ-ગુણીના ભેદના વિચારમાં જીવ અટકે તો તેને પોતાનું આખું તત્ત્વ એક સાથે લક્ષમાં આવી શકે નહિ, એમ સાતમી ગાથામાં જણાવ્યું.

અહીં ભેદદષ્ટિના વિકાર અને પ્રકાર તરફથી લક્ષ ફેરવી, ગુણ-ગુણીના ભેદનું લક્ષ ગૌણ કરી, રાગથી જરા જુદો પડી, નિર્મળ—અભેદ સ્વરૂપની નિર્વિકલ્પ શ્રદ્ધા કરાવે છે, સંયોગ રહિત, અસંયોગીનું લક્ષ કરાવે છે; વિકાર રહિત અવિકારી સ્વસ્ૂપ જણાવે છે; ભેદદષ્ટિ રહિત, અખંડ નિર્મળને બતાવે છે. રાગી જીવ ગુણ-ગુણીના ભેદના વિચારમાં અટકે તો રાગ રહિત, ભેદ રહિત વીતરાગ અભેદ સ્વરૂપ શું તે લક્ષમાં આવી શકે નહિ.

**પ્રશ્ન** :—ત્યારે અમારે ઘર છોડી, ચાલી નીકળવું જોઈએ?

**ઉત્તર** :—જે અજ્ઞાનથી છૂટવું છે તેનું તો ભાન નથી અને ઘરથી છુટવાની વાતો કરે તે ઊંધી દૃષ્ટિ છે, મહામિથ્યાત્વ છે. જેની બુદ્ધિમાં એમ છે કે આ સંયોગી પદાર્થ છોડું, ફલાણું છોડું તો અંદરમાં નિવૃત્તિ આવે, તે નિમિત્તાધીન દૃષ્ટિમિથ્યાત્વ શલ્ય છે. પર લક્ષે કદાચિત્ કષાય પાતળા પડે તો પુણ્ય થાય પણ અનાદિની ભૂલ ટળે નહિ. સંયોગથી દૂર થાઉં તો ગુણ થાય એમ માને છે, તેને પોતાનામાં અનંતગુણ ભર્યા છે, તેની શ્રદ્ધા નથી સંયોગ દૂર થાય તો ગુણ થાય એવી માન્યતા જુઠી છે.

જે પરલક્ષે, પરની અપેક્ષાથી કાંઈ કરવા માગે છે, તેને નિરાવલંબી, નિરપેક્ષ તત્ત્વ નહિ સમજાય. પ્રથમ સ્વતરફ દૃષ્ટિ કરવી પડશે, કે મારામાં અનંતગુણો ભર્યા છે, હું અખંડ નિરપેક્ષ, નિર્મળ છું, એવા ગુણના લક્ષે અવગુણની દૃષ્ટિ ફરી જાય છે; સંયોગ એના કારણે ફરે છે. સંયોગે મારો ગુણ રોક્યો, માટે સંયોગ છોડું તો મારો ગુણ ઉઘડે, એમ માનવું તે તો તીવ્ર મિથ્યાત્વ છે. શુભ-અશુભ ભાવ કે જે વિકાર છે તે મને ગુણ કરે, એમ જેણે માન્યું તેણે વિકાર અને ગુણને એક માન્યા છે. તું નિર્વિકારી છો, તારા પરમ માહાત્મ્યની વાત તેં કદી સાંભળી નથી, અંદરથી મહિમા આવ્યો નથી. વીતરાગ

સર્વજ્ઞ પ્રભુએ તારો અનંત મહિમા ગાયો છે, પણ તેં અંતરથી પરમાર્થ કદી સાંભળ્યો નથી.

શ્રીમદે 'પરમશ્રુત-પ્રભાવક મંડળ' સ્થાપીને સમયસારાદિ શાસ્ત્રોનું પ્રકાશન થાય તેમ કર્યું હતું. 'સમયસાર' સૌ વાંચે તે અર્થ શ્રીમદે તેનું પ્રકાશન કરાવ્યું હતું. સમયસારની છઠ્ઠી, સાતમી, આઠમી ગાથાઓ તો આત્મધર્મના ઝાડને પાંગરવાનાં મૂળ છે.

પરવસ્તુને આત્મા ગ્રહણ કરી શકે કે છોડી શકે, એમ જેણે માન્યું તેણે પરને અને પોતાને એક માન્યા છે. પરવસ્તુ મારે આધીન નથી, તેનું ધણીપણું મારે નથી, વિકાર પણ મારું સ્વરૂપ નથી, એમ એક પછી એક ગુણના ભેદ વિચારે તો પણ અભેદની શ્રદ્ધા પ્રગટે નહિ, તેથી અભેદ નિર્મળની શ્રદ્ધા કરવી તે જ સમ્યગ્દર્શન છે. જ્યાં સમ્યગ્દર્શનરૂપી 'બીજ' નથી ત્યાં વ્રતરૂપી 'વૃક્ષ' ઊગે ક્યાંથી? સમજ્યા વિનાના વ્રત અને તપ તે બાળવ્રત અને બાળતપ છે. દેહ, મન, વાણીની પ્રવૃત્તિ આત્માને કાંઈ લાભદાયક કે નુકશાનકારક નથી, રાગની પ્રવૃત્તિ આત્માને લાભકારક નથી પણ નુકશાનકારક છે. આત્મા અંતરદષ્ટિના ભાનમાં આવતાં ''રાગનો નાશક છું'' એવી પ્રતીતિના જોરમાં પરવસ્તુનો રાગ છૂટી જાય છે અને રાગ છૂટતાં પરવસ્તુ એના પોતાને કારણે છૂટી જાય છે. પરચીજ હું છોડી શકું છું, એવી પરના ધણીપણાની માન્યતા અનંત સંસારનું મૂળ છે. ત્યાગ સહજ છે, સ્વભાવમાં હઠ ન હોય. લોકો તત્ત્વ ન સમજે તેથી તત્ત્વ બીજું ન થાય, જેમ છે તેમ જ રહે.

વસ્તુના સહજ સ્વભાવની ઓળખાણ વડે સ્વમાં સ્થિરતા વધે છે અને પરનો અભાવ થાય છે. અભેદ દૃષ્ટિ વડે, અખંડ સ્વભાવને લક્ષમાં ન લે પણ ગુણ-ગુણીભેદને લક્ષમાં લે તો દૃષ્ટિમાં રાગ રહે, ને તેથી સમ્યગ્દર્શન થઈ શકે નહિ. હું પરથી જુદો છું એવા વિચાર કરે અથવા 'હું રાગ ટાળું, હું રાગ ટાળું,' એમ કર્યા કરે તો તે પણ રાગ છે. રાગનું વલણ રાખે ત્યાં વીતરાગ સ્વભાવનું નિર્વિકલ્પ લક્ષ થાય નહિ, પણ રાગથી જુદો પડી 'હું નિર્મળ છું' એવી દૃષ્ટિના જોરમાં જો આગળ વધ્યે જાય, તો પૂર્ણ નિર્મળ થાય છે. અવિરોધપણે તત્ત્વને જાણી લીધા પછી ''અખંડપૂર્ણ નિર્મળ છું'' એવા સ્વલક્ષના જોરે નિર્વિકલ્પ સ્વરૂપ સ્થિરતા (ચારિત્રની નિર્મળતા) સહેજે પ્રગટે છે. અખંડની દૃષ્ટિનું જોર અલ્પકાળમાં મોક્ષ લાવે છે, રાગ ટાળવાનો વિચાર તે નાસ્તિ પક્ષનું વલણ છે. શુદ્ધ દૃષ્ટિ સહિત રાગ ટાળવાનો વિચાર થાય તો ભેદદૃષ્ટિ હોવાથી શુભ ભાવ થાય છે, પણ રાગનો અભાવ થતો નથી.

અહીં તો પ્રથમ જ શુદ્ધ અખંડની દૃષ્ટિ કરવા કહ્યું છે, તેમાં શુભ કરવાની વાત તો નથી જ પણ અંતર સ્થિરતારૂપ ચારિત્ર તે પણ ગૌણ છે. દૃષ્ટિમાં નિરાવલંબી, અભેદપણું લક્ષમાં લીધા પછી તેના જોરે જ નિરાવલંબી, નિર્મળ ચારિત્ર પ્રગટે છે.

**પ્રશ્ન** :—પ્રથમ સરાગ ચારિત્ર અને પછી તેનાથી વીતરાગ ચારિત્ર થાય એમ જ ને?

**ઉત્તર** :—નહિ, રાગ તો વિકાર છે, તેના વડે ચારિત્રને મદદ નથી. ચારિત્ર તો અકષાય સ્વરૂપે છે. અકષાયદૃષ્ટિ ઉઘડ્યા પછી વ્રત આદિનો શુભરાગ રહે, તેને ઉપચારથી વ્યવહાર ચારિત્ર કહેવાય. છતાં તે શુભ ભાવનો કરનાર હું છું અને તે મારું કાર્ય છે, એમ જેણે માન્યું, તેણે ધર્મને અવિકારી વીતરાગપણે ન માન્યો, પોતાને અવિકારી ન માન્યો, તેથી તે દૃષ્ટિ મિથ્યા છે. ચારિત્ર આત્માનો અકષાય ગુણ છે, વ્રતાદિનો શુભરાગ તે વિકારી બંધન ભાવ છે, ચારિત્ર નથી.

આત્મા તો સદાય અરૂપી જ્ઞાતા છે, જાણનાર સ્વરૂપે છે, તેમાં પરનું લેવું–મુકવું નથી. હું આને આમ ટાળું, આને મૂકું, આને ટકાવી રાખું એવા શુભાશુભ ભાવો કષાય છે, તેથી તે આત્મગુણરોધક છે. ચારિત્ર તો અકષાયદૃષ્ટિના જોરથી પ્રગટે છે. 'હું અખંડ છું, નિર્મળ છું' એવા વિકલ્પ દૃષ્ટિના વિષયમાં વળવા માટે, પૂર્ણસ્થિર થયા પહેલા આવે ખરા, પણ તે સ્થિરતામાં મદદગાર નથી. નિર્મળ અભેદ દૃષ્ટિના જોરે વીતરાગતા થાય છે, પણ 'હું પૂર્ણ છું' એવા વિકલ્પ વડે ચારિત્ર પ્રગટતું નથી અને શુદ્ધદૃષ્ટિ પણ ઉઘડતી નથી. અભેદ નિર્મળના લક્ષે વર્તમાન પર્યાય નિર્મળ થઈ સામાન્યમાં ભળી જાય છે, તેથી ભેદદૃષ્ટિને ગૌણ કરવા કહ્યું છે.

**પ્રશ્ન** :—હે પ્રભુ! તમોએ ભેદરૂપ વ્યવહારને તદ્દન ગૌણ કર્યો, તો પછી એક પરમાર્થનો જ ઉપદેશ આપવા હતો, વ્યવહારના ઉપદેશની શી જરૂર છે? તેનો ઉત્તર આઠમી ગાથામાં કહે છે.

**जह णवि सक्कमणज्जो अणज्जभासं विणा उ गाहेउं।**
**तह ववहारेण विणा परमत्थुवएसणमसक्कं ।।८।।**

**ભાષા અનાર્ય વિના ન સમજાવી શકાય અનાર્યને,**
**વ્યવહાર વિણ પરમાર્થનો ઉપદેશ એમ અશક્ય છે. ૮.**

**અર્થ** :—જેમ અનાર્ય (મ્લેચ્છ) જનને અનાર્ય ભાષા વિના કાંઈ પણ વસ્તુનું સ્વરૂપ ગ્રહણ કરાવવા કોઈ સમર્થ નથી તેમ વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ કરવા કોઈ સમર્થ નથી.

અહીં શિષ્યે (પરમાર્થથી જ ગુણ થાય એટલું તો સમજીને) પ્રશ્ન કર્યો છે. તેનો ઉત્તર કહે છે. :—

જેમ [1]અનાર્ય (મ્લેચ્છ) જનને અનાર્ય ભાષા વિના કાંઈપણ વસ્તુનું સ્વરૂપ સમજાવું શક્ય નથી, તેમ વ્યવહાર વિના (સમજાવવા માટે ભેદ કથનરૂપ ઉપદેશ વિના) પરમાર્થને કોઈ સમજી શકે નહિ. જેમ કોઈ અંગ્રેજી ભાષા જ સમજતો હોય તેને તેની ભાષામાં કહો તો જ તે સમજે, તેમ અનાર્યને એટલે પરમાર્થથી અજાણ્યા વ્યવહારી જનને વ્યવહારથી ગુણ-ગુણીના ભેદ પાડીને સમજાવવામાં આવે છે.

જ્યારે કોઈ મ્લેચ્છને કોઈ બ્રાહ્મણ 'સ્વસ્તિ' એવો શબ્દ કહે છે ત્યારે તે મ્લેચ્છ એ શબ્દના વાચ્ય વાચક[2]—સંબંધના જ્ઞાનથી રહિત હોવાથી કાંઈ પણ ન સમજતાં બ્રાહ્મણ સામે મેંઢાની જેમ આંખો ફાડીને 'ટગ ટગ' જોઈ જ રહે છે. ('મેંઢાની જેમ' નો અર્થ 'મેંઢાની જેમ અનુસરવાની સરળતા છે' એટલો જ લેવો) 'સ્વસ્તિ' શું કહે છે? તે સમજવાનો આદર છે, જિજ્ઞાસા છે, કંટાળો નથી; આંખો મીચીને સાંભળતો નથી પણ સમજવાની પૂર્ણ તૈયારી પાત્રતા છે. અંધ શ્રદ્ધાવાળા અને સત્ય સમજવાની દરકાર વિનાના શ્રોતા ન હોય, તે આ ઉપરથી સમજવાનું છે.

તે મ્લેચ્છ 'સ્વસ્તિ' નો અર્થ સમજવા બ્રાહ્મણ સામે ટગ ટગ જોઈ જ રહે છે. બાહ્યમાં ચિતને બીજે દોડાવતો નથી પણ મનને સ્થિર રાખી ઊંડાણમાં 'સ્વસ્તિ' સમજવાની જિજ્ઞાસા છે, બેદરકારી નથી, નિરુત્સાહ નથી. જેમ ઘેંટાને અનુસરવાની ટેવ હોય છે તેમ મ્લેચ્છને બ્રાહ્મણનું શું કહેવું છે? તે સમજવાનો રૂડો ભાવ છે, તેથી આંખો ફાડીને (પ્રેમથી આંખો ઉઘાડી રાખીને) બ્રાહ્મણ સાંમુ તે ટગ ટગ જોઈ જ રહે છે. અંતરમાં એક જ તાલાવેલી છે કે બ્રાહ્મણ કહે છે તેના અર્થને ધીરજથી સમજી લઉં; લૌકિકમાં પણ આટલો વિનય છે.

જેમ પ્રધાન (મંત્રી—વજીર) રાજા-પ્રજા વચ્ચે સંધિ કરાવનાર છે તેમ ગણધરદેવ તીર્થંકર ભગવાન અને શ્રોતાઓ વચ્ચે સંધિ કરાવનાર ધર્મ વજીર છે. તે તો બધાને હિત જ સંભળાવે. (કોઈને તીર્થંકર ભગવાનનું સીધું વચન પણ સાંભળવા મળે;) તેમ બન્નેની (બ્રાહ્મણ અને મ્લેચ્છની) ભાષા જાણનાર અન્ય કોઈ ત્રીજો પુરુષ અથવા તે જ બ્રાહ્મણ મ્લેચ્છને 'સ્વસ્તિ' નો અર્થ તેની ભાષામાં સમજાવે કે 'સ્વસ્તિ' શબ્દનો અર્થ 'તારું અવિનાશી કલ્યાણ થાઓ' એવો થાય છે.

---

**૧. અનાર્ય—આત્મામાં વક્રતા રાખનાર.**

૨. સ્વસ્તિ શબ્દ તે વાચક અને 'શાશ્વત કલ્યાણ' રૂપ ભાવ તે વાચ્ય.

વ્યવહારના ઉપદેશમાં પણ 'સુ+અસ્તિ' નું લક્ષ કરનારનું અવિનાશી કલ્યાણ થાઓ એવા આશીર્વાદ છે. 'તારી પવિત્ર સ્વરૂપલક્ષ્મી પ્રગટ થાઓ' એવો તે આર્શીવાદનો ભાવ અર્થ છે.

''સ્વસ્તિ'' શબ્દનો એવો અપૂર્વ અર્થ સાંભળતાં જ (તે પાત્ર હતો તેથી) અત્યંત આનંદમય–આસુંઓથી તેના નેત્રો ભરાઈ જાય છે. આપણે હર્ષ જાહેર નહિ કરીએ તો તેને સમજાવવાની હોંશ નહિ આવે, તેવી તેમાં કૃત્રિમતા નથી, પણ અહીં મ્લેચ્છને તો ''અહો! તમારે આવું કહેવું છે!'' એવા અપૂર્વ આદરના હર્ષમાં આસુથી નેત્રો ભરાઈ જાય છે એવો તે મ્લેચ્છ એ 'સ્વસ્તિ' શબ્દનો અર્થ સમજી જાય છે. એ રીતે વ્યવહારી જનો પણ વાણીના વ્યવહાર ઉપરથી પરમાર્થને કેમ સમજી લે છે, તે આગળ કહેવાશે.

તા. ૧૨–૭–૪૩

જ્યારે કોઈ માણસ મ્લેચ્છને મ્લેચ્છની ભાષામાં 'સ્વસ્તિ' એટલે 'અવિનાશી કલ્યાણ થાઓ' એવો અર્થ સંભળાવે ત્યારે તે મ્લેચ્છ સ્વસ્તિ શબ્દનો અર્થ જેવો કહ્યો તેવો સમજી જાય છે, હવે તે ઉપરથી સિદ્ધાંત :—

જે જીવે સર્વજ્ઞ ભગવાને જે રીતે આત્મા કહ્યો છે તે રીતે આત્માને કદી જાણ્યો નથી, તેવા વ્યવહારી જનને 'આત્મા' એવો શબ્દ કહેવામાં આવતાં જેવો ''આત્મા'' શબ્દનો અર્થ છે તે અર્થના જ્ઞાનથી રહિત હોવાથી, કાંઈપણ ન સમજતાં મેંઢાની જેમ આંખો ફાડીને ટગટગ જોઈ જ રહે છે.

ધર્મના નામે પુણ્યમાં રાજી થયો, પૈસા વગેરે બાહ્ય સગવડમાં લોલૂપી બન્યો, જાપ જપવાનું કહે તો તેમ કરે, ('નમો અરિહંતાણં' ના જાપ જપવાથી પૈસા મળી જતાં નથી, પણ ધનની થઈ તૃષ્ણા તે પાપ છે.) લોકો ધર્મના ફળમાં સંયોગ માગે છે, તેને પુણ્ય બંધનની મીઠાશ છે, પરથી સુખ ઈચ્છે છે તે પોતાને નમાલો માને છે, તેથી પરાધીનતાનો આદર કરે છે, અમે તો ક્રિયા કરીએ, મન-વચન-કાયાની પ્રવૃત્તિ કરીએ, દેહની કાંઈ ક્રિયા કરે, ચાલે, બોલે, તેને જ તેઓ આત્મા માને છે પણ દેહાદિ હાલે—ચાલે, સ્થિર રહે, બોલે કે ખાય, તે બધી ક્રિયા જડ કરે છે. અંદર પુણ્ય-પાપની લાગણી થાય તે ક્ષણિક વિકારરૂપે પણ આત્મા નથી. વીતરાગે જેવું આત્માનું સ્વરૂપ કહ્યું છે, તેવું લોકો સમજ્યા નથી. આત્માના ધર્મમાં ઉપાધિનો નાશ છે, આત્માનું ભાન થતાં

વર્તમાનમાં પૂર્ણ અને ભવિષ્યમાં પણ નિરાકૂળ પૂર્ણ શાંતિ જીવ પામે છે. આત્મા અખંડ જ્ઞાયક છે, પૂર્ણ આનંદઘન છે, પરથી જુદો છે એવી જેને ખબર નથી, તે વ્યવહારી જન છે; તેને 'આત્મા' એવો શબ્દ કહેવામાં આવતાં તેના અર્થના જ્ઞાનથી અજાણ્યો હોવાથી તે મેંઢાની જેમ[૧] આંખો ફાડીને આત્મા શબ્દ કહેનાર જ્ઞાની સામે ટગટગ જોઈ જ રહે છે. જ્ઞાની શું કહે છે, તે જ તેને સમજવું છે. હજું કાંઈ પણ સમજ્યો નથી, તેથી સમજવા માટે જ્ઞાની સામે આંખો ફાડીને ટગટગ જોઈ જ રહે છે, સમજવાની તૈયારી છે, ન સમજ્યાનો કંટાળો નથી. આમાં શરુઆતમાં તત્ત્વ સાંભળનાર જિજ્ઞાસુ કેવા હોવા જોઈએ તે પણ આવ્યું. તત્ત્વશ્રવણ માં જાગ્રતિ અને સમજવાની ધગશ તથા પાત્રતા જોઈએ.

''આત્મા અભેદ છે, સિદ્ધભગવાન જેવો પૂર્ણ છે, તેમાં પુણ્ય-પાપના વિકાર નથી, તે પરનો કર્તા નથી,'' એમ જ્યારે જ્ઞાની કહે છે ત્યારે વ્યવહારી જન તેનો આશય સમજી જવા માગે છે. પણ 'આ કાંઈ લવ લવ કર્યા કરે છે, અમે સમજીએ એવી રીતે તો કહેતા નથી' એ પ્રમાણે સામાનો વાંક કાઢ્યા કરે તે પાત્ર નથી, સત્ય સમજવાને લાયક નથી. અહીં ટગટગ જોઈ જ રહે છે તેમાં કંટાળો નથી પણ શું કહે છે તે સમજવાનો આદર છે મને 'આત્મા' કહેવામાં તેની ભૂલ છે, એમ ન લેતા મને નથી સમજાતું તે મારો દોષ છે; એમ લેવું જોઈએ. જેને પોતાને સમજવાની રુચિ નથી, તે ''આને સમજાવતાં આવડતું નથી'' એમ બીજાનો દોષ કાઢે છે, તેને સમજવાનો અવકાશ નથી.

મારે સમજવાની ધીરજ રાખવા જેટલો વિનય જોઈએ, હું સમજી શકતો નથી તે મારી જ ખામી છે, હું સમજવાની તૈયારી કરું તો જરૂર સમજી શકું, એમ પૂર્ણને સમજવાની પૂર્ણ તાકાત રાખીને તૈયાર થાય, એવા લાયક સાંભળનારા હોવા જોઈએ.

પોતાની મેળે કોઈ શાસ્ત્ર વાંચી ગમે ત્યાંથી આત્મજ્ઞાન પામી શકે નહિ, પણ સાક્ષાત્ જ્ઞાનીની વાણીથી 'આત્મા' નો અર્થ સમજવો જ જોઈએ કાને શબ્દો તો સાંભળ્યા પણ સમજ્યો નહિ; પોતાને જ્ઞાનનો ઉઘાડ છે, તેમાં પાત્રતા જોઈએ. પ્રથમ ''સત્ શું?'' તે સમજવાની જિજ્ઞાસા જોઈએ. કષાય પાતળા પાડ્યા છે તે બીજાને દોષ દેવા રોકાય નહિ, પણ મ્લેચ્છની જેમ (મ્લેચ્છની પાત્રતા હતી) પોતામાં દોષ છે, એમ માની સમજવા સરળ થયો છે. પરમાર્થ તત્ત્વ શું તે સાંભળવાનો ઘણો પ્રેમ છે. ''આ શું કહેવા માંગે છે?'' તે સમજવા આંખો ફાડીને ધીરજથી જોવા ઊભો રહે છે, એ જીવ લાયક છે, એમ જાણવું.

**૧. ઘેટામાં બીજાને અનુસરવાની ટેવ છે, તેમ જિજ્ઞાસુને સરળતા છે, એવો 'મેંઢાની જેમ' નો આશય લેવો.**

'ટગટગ જોઈ જ રહે છે' તેમાં એક જ ભાવ રાખે છે. દેહની સગવડતાના, સંસાર તરફના ભાવ વગેરે બીજા વિચારો આવવા દેતો નથી. કંઈક પોતે પોતા તરફ વળવા માટે કષાય મંદ પાડે છે, સામાને દોષ દેવા માગતો નથી.

પોતે સમજવાનો કામી થઈ ટગટગ જોઈ જ રહે છે. આમાં પ્રથમ દેશના લબ્ધિ થતાં પાંચે લબ્ધિનો મેળ બતાવે છે.

૧. ક્ષયોપશમ લબ્ધિ :—આંખો ફાડીને જોઈ જ રહે છે તે ક્ષયોપશમ લબ્ધિ છે; તેમાં હિત સ્વરૂપ શું, તે સમજવાની તાકાત બતાવે છે.

૨. વિશુદ્ધિ લબ્ધિ :—કષાય પાતળા પાડ્યા ત્યારે તત્ત્વનો વિચાર કરવાની પાત્રતા આવી છે.

૩. દેશના લબ્ધિ :—આત્મા આખો કેવો છે એ સાંભળ્યું તે દેશના લબ્ધિ છે.

૪. પ્રાયોગ્ય લબ્ધિ :—ટગટગ જોઈ જ રહે છે. તેમાં તત્ત્વ સાંભળવામાં એકાગ્ર થતાં કર્મની સ્થિતિનો રસ ઘટાડે છે.

૫. કરણ લબ્ધિ :—એ અંતર પરિણામની શુદ્ધતાથી સ્વ તરફ ઢળતો ભાવ છે. તે લબ્ધિ સમ્યગ્દર્શન થવા વખતે હોય છે.

જિજ્ઞાસુ છે તે આંખો ફાડીને ટગટગ જોઈ જ રહે છે. તેમાં 'એકલા આત્માની જ વાત કરે છે, નીચલી વાત કેમ ન કરે?' એવા ભાવ તેને આવતા નથી.

કોઈને એમ લાગે છે કે આ તો આત્માની માંડી છે, સમાજનું કાંઈ કરવું, કોઈને મદદ કરવી, બીજુ કાંઈ કરવું, એવું કાંઈ કહેતા જ નથી; પણ એવું તો અનાદિકાળથી સાંભળીને પરમાં કર્તાપણું માનીને જીવ રખડે છે. આત્માને ભૂલીને બીજુ બધું અનંતવાર કરી ચૂક્યો, છતાં હજી ભવનો થાક નથી, તેને તત્ત્વની વાતનો કંટાળો આવે છે. પાત્રતાવાળો જીવ તો એક આત્માને સમજવા માટે ટગટગ જોઈ જ રહે છે, બીજો ભાવ આવવા દેતો નથી.

શાસ્ત્રીય ભાષા—આધ્યાત્મિક પરિભાષા—જે વ્યવહારી જન નથી સમજતો, તેને ભેદ પાડી સમજાવે છે. જે અનાર્યને આર્ય ભાષામાં ન સનજાય તેને અનાર્યની ભાષામાં કહેવું પડે છે. 'આત્મા અખંડ, નિર્મળ છે.' તે આર્યભાષા છે, તેમાં કાંઈ નથી સમજતો તે આંખો ફાડી ટગટગ જુએ છે; તેથી એમ સુચન થાય છે કે તેને સમજવાની ધગશ છે. જ્યાં સુધી આત્મા ન સમજું ત્યાં સુધી બીજું ન આવવા દઉં, એમ સમજણના વિચારમાં ક્રોધાદિ કષાયો પાતળા પાડ્યા છે, અશુભ આવવા દેતો નથી.

અમને સમજાય એવું, ઝટ ધડ બેસે તેવું કહો એમ પોતે હુકમ કરતો નથી, પણ વિનયથી, ધીરજથી સમજવા માટે જિજ્ઞાસા બતાવે છે. હવે આટલો વિનય છે તો 'આ ભાવે સમજતો નથી તો તે બીજા ભાવે સમજશે' એમ બીજા ભાવ વડે સમજાવવાની ઉપદેશકને ભાવના થયા વિના રહે નહિ, એવો મેળ હોય છે. પણ જો સાંભળનાર એમ કહે કે 'અમને સમજાય તેવું કહો' તો તે લાયક નથી.

જે આત્માને નથી જાણતો એવા મિથ્યાદૃષ્ટિને સમ્યગ્દર્શન પામવા માટે સમયસારનો ઉપદેશ છે. અનાદિકાળની ભુખ ભાંગવી હોય તો આ જ સમજવા જેવું છે, ત્રિલોકનાથ તીર્થંકરદેવના મુખકમળથી નીકળેલું, ને ઝીલેલું તે શ્રી કુંદકુંદાચાર્ય કહે છે.

'મારે સમજવું છે, એમ કહેનાર જીવમાં સરળતા, વિનય અને સમજવાની ધગશ છે. એવા જીવને જ્યારે આત્માનું સ્વરૂપ સમજવું છે ત્યારે વ્યવહાર–પરમાર્થ માર્ગ ઉપર સમ્યગ્જ્ઞાનરૂપી મહારથને ચલાવનાર સારથી સમાન અન્ય કોઈ આચાર્ય અથવા ઉપદેશક પોતે જ વ્યવહાર માર્ગમાં–વિકલ્પ સહિત છઠ્ઠા ગુણસ્થાનકે રહીને પરમાર્થનું લક્ષ કરાવવા વ્યવહારથી કહે છે કે પુણ્ય-પાપ રહિત નિર્મળ દર્શન, જ્ઞાન, ચારિત્રને જે હંમેશા પ્રાપ્ત હોય તે 'આત્મા' છે. એવો આત્મા શબ્દનો અર્થ આચાર્ય સમજાવે છે. ત્યારે તુરત જ ઉત્પન્ન થતા અત્યંત આનંદથી જેના હ્રદયમાં સુંદર બોધ તરંગો (જ્ઞાન તરંગો) ઊછળે છે. એવો તે વ્યવહારી જન આત્મા શબ્દનો અર્થ સુંદર રીતે સમજી જાય છે.

સમ્યગ્જ્ઞાનરૂપી મહારથને ચલાવનાર મહા સારથી સમાન આચાર્ય છે, એવા સારથીના રથમાં જે બેસે તેને સારથી લઈ જાય છે. જ્ઞાની પાસેથી સત્ સમજવા બેઠો તે જ્ઞાની સાથે જ્ઞાયક સ્વરૂપનાં રથમાં બેઠો છે. ખરી રીતે, છઠ્ઠા-સાતમાં ગુણસ્થાનકે વ્યવહાર–પરમાર્થરૂપી માર્ગમાં વર્તતા જે મુનિ છે તેઓ જે કહેવા માગે છે, તે ભાવને જે સમજવા બેઠો તે તેમની સાથે જ બેઠો છે.

જ્ઞાનીની દૃષ્ટિ અખંડ ઉપર છે, વ્યવહારથી ભેદ પાડી તેઓ સમજાવે છે. સમજનાર પોતે જ્ઞાનીનું કહેલું સમજવા માગે છે, પોતાની કલ્પના વચ્ચે લાવતો નથી, તે પાત્ર જીવ 'આત્મામે ભગવાને આવો કહ્યો છે' એમ ભેદ પાડી કહેવામાં આવતાં તુરત પરમાર્થ અભેદ સ્વરૂપને સમજી લે છે.

સાક્ષાત્ સર્વજ્ઞ ભગવાન પાસેથી સાંભળીને ગણધરદેવ જગતને સંભળાવે છે, કોઈ જીવ તીર્થંકર ભગવાન પાસેથી સીધું સાંભળે છે, અહીં ઉપદેશ આપનાર પોતે વ્યવહાર માર્ગમાં રહીને એટલે વ્યવહારમાં આવી સમજાવવા માટે વિકલ્પ દ્વારા ભેદ પાડીને કહે છે, કારણ કે પોતે કેવળી નથી, પણ છદ્મસ્થ છે, છતાં માત્ર વ્યવહારમાં જ

રહેલા નથી પણ પરમાર્થના અભેદ અનુભવવાળા છે. સાતમા ગુણસ્થાનકે નિર્વિકલ્પતા છૂટતા તેમને જરા વિકલ્પમાં આવવું પડે છે. તેઓ કહે છે કે દર્શન-જ્ઞાન-ચારિત્રને નિત્ય પામેલો છે, તે 'આત્મા' છે.

છોકરાનો, સ્ત્રીનો વિશ્વાસ બેઠો છે, તેનાથી આમ થશે, તેમ થશે એવી કલ્પના અજ્ઞાની કરી રહ્યો છે. અનુકૂળ થવું તે તો પુણ્યાધીન છે. પોતાના પુણ્ય ફરે તો કોઈ અનુકૂળતા આપી શકે નહિ. પોતાની માન્યતા મુજબ કાંઈ થતું નથી છતાં પરમાં વિશ્વાસ કરે છે જ્ઞાની કહે છે કે પરમાં વિશ્વાસ કરે છે, તેને બદલે તારામાં—સ્વમાં—વિશ્વાસ કર. હું વિકાર નહિ, પુણ્ય-પાપ નહિ, દેહ-મન-વાણીની પ્રવૃત્તિને આધીન નહિ એવો અખંડાનંદ આત્મા નિત્ય પોતાની શ્રદ્ધાને પ્રાપ્ત છે; ક્ષણિક પરસંયોગમાં વિશ્વાસ છે તેને તું હંમેશા પ્રાપ્ત નથી, કારણ કે આત્મા નિત્ય છે, અસંયોગી છે અને સંયોગ ક્ષણિક છે. અસંયોગીને કોઈ પર ચીજ શરણભૂત નથી.

પરમાં અનાદિથી વિશ્વાસ કર્યો છે. હવે પરથી જુદા અવિકારી પૂર્ણની શ્રદ્ધા કર, પરથી જુદાપણાંનું જ્ઞાન કર, તથા પર આશ્રય રહિત—રાગ-રહિત—સ્વમાં સ્થિરતા કર. સ્વ આશ્રિત દર્શન-જ્ઞાન-ચારિત્રને જે સદાય પામેલો હોય તે 'આત્મા' છે, એમ માત્ર ઉપદેશ કરવા પૂરતો ગુણ-ગુણીનો ભેદ પાડ્યો તે વ્યવહાર કર્યો. એ રીતે જેવો 'આત્મા' શબ્દનો અર્થ છે તેવો સમજાવે છે. તે સમજતાં જ પાત્ર જીવને અંતરથી બહુમાન આવે છે. કથનમાં ભેદ આવ્યો પણ અભેદને પકડી લે છે ત્યાં ગુરુ-શિષ્ય બંનેના સરખા અભિપ્રાય થયા.

'આત્મા પુણ્ય-પાપ, રાગ-દ્વેષને પ્રાપ્ત છે. પરમાણુ, દેહ વગેરેની ક્રિયાને પ્રાપ્ત છે. શરીર, કુટુંબ, સમાજ વગેરેની ફરજને પ્રાપ્ત છે,' એવો આત્માને કહ્યો નથી, પણ આત્મા તો પરથી જુદો, સ્વમાં એકરૂપ જ્ઞાયક જ કહ્યો છે. તેનું લક્ષ કરતાં નિર્મળ પર્યાય ઉઘડે છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર અખંડ જ્ઞાયકના લક્ષે પ્રગટે છે.

આ વાત જલદી ન સમજાય તો તેનો કંટાળો ન આવવો જોઈએ. નાટક જોવાનો પ્રેમ હોય તે વારંવાર જુએ છે. નાચ નખરાંનો પ્રેમ છે તે ફરી જોવા—સાંભળવા 'વન્સમોર' કરે છે. જેની જેને પ્રીતિ તેને તે કોઈપણ ભાગે ફરી ફરી જોવા માગે છે. ત્યાં એકની એક વાત ને ફરી ફરી પરિચયમાં લેતાં કંટાળો આવતો નથી, પણ તેની હોંશ કરે છે. તેની ગુલાંટ મારી, સવળો થઈ, પાત્રતાવાળો જીવ હોય તે ભગવાન આત્માની એકની એક વાત અનેક પ્રકારે સાંભળે, ફરી ફરીને સાંભળે અને બરાબર સમજવાનો પરિચય કરે, અનંત જન્મ-મરણના ફેરા ટાળવા માટે સાચી સમજણ સિવાય બીજો કોઈ

ઉપાય નથી. તે સમજવાનો કંટાળો ન હોય પણ ખૂબ આનંદ હોય. નવા નવા ન્યાય સાંભળી વિશેષ દ્રઢતા કરી અંતરમાં ઉછળી ઉછળી તેનું જ માહાત્મ્ય ગાયા કરે.

જેમ માતા-પિતા કોઈ વાતમાં હર્ષ કરતા હોય તો પાસેનો નાનો બાળક પણ તેની વાત સમજ્યા વિના હાસ્ય કરે છે, તેમ આત્માની વાત સાંભળી, આશય સમજ્યા વિના દેખા-દેખીથી હર્ષ કરે તે પણ બાળક જેવો છે. તત્ત્વજ્ઞાનનો વિરોધ કરનાર તેના પોતાના ભાવનો જ વિરોધ કરે છે.

અહીં તો એવા લાયક જીવ લીધા છે કે જેઓ આત્માની વાત અપૂર્વ ધગશથી બરાબર સાંભળે અને સમજતાં તુરત જ આનંદ પામે; વાર લગાડે તેવાને લીધા નથી.

આચાર્ય એવું સંભળાવે છે કે સાંભળનારને તુરત જ સ્વતંત્ર સુખનું ભાન થાય. ‘દર્શન, જ્ઞાન, ચારિત્રને જે નિત્ય પ્રાપ્ત છે તે ‘આત્મા’ તેમાં પ્રાપ્તની પ્રાપ્તિ છે. બહારથી કાંઈ મેળવવું નથી.

સંસારનો હર્ષ કેવો આવે છે! પાંચ લાખની લોટરી લાગે તો તેની એવી મીઠાશ લાગે કે તેનો ખૂબ મહિમા ગાય. ‘હેં! કરો લાપસી’ એમ કહી, પોતાનો હર્ષ બહારમાં બતાવે છે. છોકરો મેટ્રીકની પરીક્ષામાં પાસ થાય તેમાં હર્ષ કરે, પણ તે તો દુનિયાની રખડવાની વાતનો હર્ષ છે અને તે નાશવંત છે.

આત્માનો અચિંત્ય મહિમા સાંભળી તેના બહુમાનથી ઊછળી જાય. ‘અહો! અનંત જ્ઞાનાનંદ રિદ્ધિ મારી પાસે જ છે! તેમાં કોઈ સંયોગ, કોઈ ક્ષેત્ર, કોઈ કાળ કે વિકારની કોઈ ઉપાધિ નથી! હું પૂર્ણ અખંડ અવિનાશી છું,’ એમ સાંભળ્યું અને તેનો બધો થયો કે તુરત જ અત્યંત આનંદથી તેનું હૃદય કમળ ખીલી ઊઠે છે. આચાર્ય મહારાજ તુરત મોક્ષ થાય એવી અજબ વાત કરે છે, તે સાંભળતાં પાત્ર જીવને તુરત જ સમ્યગ્દર્શન થઈ જાય છે, અપૂર્વ દેશનાલબ્ધિ ઝીલ્યા પછી વચ્ચે અંતર રાખેલ નથી. સમજવા માટે તૈયાર થઈને આવ્યો અને સમજાવતાં ન સમજે એવી વાત અહીં નથી.

જેમ ધોળ, મીઠા સમુદ્રના તરંગ ઉછળી ભરતી આવે તેન, પ્રથમ કાંઈ નહોતો સમજતો, તે સમજ્યો કે તરત જ નિર્મળ સમ્યગ્જ્ઞાન જ્યોતિનો આનંદ પ્રગટી, વૃદ્ધિ પામી અલ્પકાળમાં કેવળજ્ઞાનની ભરતી આવશે. એમ પૂર્ણ થયા પહેલાં પૂર્ણની હોંશ આવે છે.

તા.૧૩–૭–૪૩.

સાચું તત્ત્વ સમજનાર સાંભળતાં તુરત જ સમજી જાય છે અને તે સાથે જ સમ્યગ્દર્શન અને આનંદ પ્રાપ્ત કરે છે. આંખો ફાડીને જોઈ રહે છે, એટલે કે તેને પુણ્ય-પાપ કે મોટપની પદવી વગેરે બીજું કાંઈ જોઈતું નથી.

**"કામ એક આત્માર્થનું, બીજો નહિ મન રોગ."**

આત્માનું નિર્મળ પૂર્ણ સ્વરૂપ જેવું જ્ઞાનીને કહ્યું તેવું જ પાત્ર જીવ સમજ્યો તેમાં સમજવાની પાત્રતા પોતાની જ હતી, સમજતાં જ હ્રદયમાં સુંદરબોધ તરંગો તુરત જ ઉછળે છે. તેમાં 'કેવળજ્ઞાન પામતાં વાર ન લાગે એવી પૂર્ણ તાકાતનો મહિમા લક્ષમાં લઈને નિર્મળતાની વૃદ્ધિ પામે છે" એવો અર્થ છે. "અમને કેમ સમજાય?" તેમ પૂછવાની તેને જરૂર રહે નહિ.

જેમ અનાર્યની ભાષામાં અનાર્યને સમજાવ્યું તેમ વ્યવહારથી ભેદ પાડીને વ્યવહારી જનને તેની ભાષામાં લક્ષ કરાવ્યું. પ્રથમ જે કંઈપણ સમજતો ન હતો તેને સમજાવવાનો આ ઉપદેશ છે. કોઈ કહે છે કે સમયસારમાં સાતમા ગુણસ્થાનવાળા માટે કે કેવળી વાતો છે. તો તે જુઠ્ઠું ઠરે છે.

એ રીતે જગત મ્લેચ્છ ભાષાના સ્થાને હોવાથી અને અખંડ નિર્મળ આત્માને ગુણના ભેદ પાડીને ઓળખાવવો તે વ્યવહાર નય પણ મ્લેચ્છ ભાષાનાં સ્થાને હોવાને લીધે, પરમાર્થનો પ્રતિપાદક (કહેનાર) હોવાથી વ્યવહાર નય સ્થાપન કરવા યોગ્ય છે; તેમ જ 'બ્રાહ્મણે મ્લેચ્છ ન થવું, એ વચનથી તે (વ્યવહાર નય) અનુસરવા યોગ્ય નથી. દેહની ક્રિયાથી, પુણ્યથી કે વિકારથી આત્માને ઓળખાવવો તે તો વ્યવહાર પણ નથી. આત્મા અનંત ગુણનો અખંડ પિંડ છે, તેમાં ગુણના ભેદનો જરા વિકલ્પ કરતાં વ્યવહાર થાય છે, તે ઉપરથી જે પૂર્ણને સમજ્યો તેને તે વ્યવહાર પરમાર્થને કહેવામાં નિમિત્ત થયો છે.

જે ભાવ જ્ઞાનીને કહેવા છે, તે જ ભાવ સમજવા ઉપર વજન છે. બ્રાહ્યક્રિયા, પુણ્ય, તથા શુભવિકલ્પને અવકાશ નથી. ન સમજાય તેથી કંટાળવું નહિ, આ સમજ્યા વગર કોઈનો નિવેડો નથી.

આનું ભલું ભૂંડું કરી દઉં, પરનું આમ ન થવાં દઉં; એવું માનવું તે અનંતસ્વહિંસાનો ભાવ છે. માન્યતામાં ફેર પડે છે પણ વસ્તુમાં કાંઈ ફેર પડતો નથી, અનાદિની ઊંધી માન્યતાને સવળી માન્યતા બદલાવવી પડે છે.

શ્રદ્ધાનો વિષય આખો જ્ઞાયક આત્મા છે, એમ આખા આત્માને લક્ષમાં લેવો તે પરમાર્થ છે અને તેને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદ પાડીને લક્ષમાં લેવો તે વ્યવહાર છે. સમ્યગ્દર્શન તે નિશ્ચય નયનો વિષય નથી. નિર્મળ, અખંડ પરમાર્થ આત્મા તે નિશ્ચય નયનો વિષય છે. સમ્યગ્દર્શનનો વિષય તે નિશ્ચય નયનો વિષય છે.

ગુણ-ગુણીના ભેદનું લક્ષ છોડી, અભેદસ્વરૂપ ખ્યાલમાં લેવું તે જ પરમાર્થ છે. તેમાં અભેદની શ્રદ્ધા તે પણ પરમાર્થ નથી, કારણ કે તે પણ ગુણની એક અવસ્થા છે, તેથી વ્યવહાર છે. સાચા દેવ, ગુરુ, શાસ્ત્ર વગેર પણ પરમાર્થનો વિષય નથી.

જુઓ ભાઈ! આ વિષય અનાદિકાળથી જીવોએ સાંભળ્યો નથી, સમજ્યા નથી; સમજે તો દશા ફરી જાય. શરીર મારું છે, તેની ક્રિયા હું કરી શકું છું વગેરે પ્રકારની માન્યતા તે તો વ્યવહાર પણ નથી, પણ માત્ર અજ્ઞાન જ છે. દેવ, ગુરુ, શાસ્ત્રનો વિચાર અને નવતત્ત્વના ભેદવાળી શ્રદ્ધા કરવી તે પણ શુભભાવ છે, તેનો પરમાર્થમાં પ્રવેશ નથી, કારણ કે તે અસદ્ભુત વ્યવહાર છે. સમ્યગ્દર્શને અખંડ જ્ઞાયક આખો આત્મા લક્ષમાં લીધો તે પરમાર્થ છે, પણ લક્ષમાં લેનાર સમ્યગ્દર્શન પરમાર્થ નથી, પણ વ્યવહાર છે–પર્યાય છે. તે નિશ્ચયથી અભૂતાર્થ છે, કેમ કે તે ત્રિકાળ નથી. ત્રિકાળી ટકનાર અખંડ ધ્રુવ સામાન્ય સ્વભાવ તે પરમાર્થ છે, ભેદ દૃષ્ટિ ગૌણ કરવા છતાં, અભેદ સમજાવતાં વચ્ચે તે વ્યવહાર આવે જ છે, કેમ કે એમ ભેદ દ્વારા સમજાયા વિના અભેદ સમજાય નહિ.

ભેદના લક્ષે નિર્મળતા કે સમ્યક્દર્શન થતું નથી. ભેદના લક્ષે (મોક્ષમાર્ગની પર્યાયના લક્ષે) મોક્ષમાર્ગ પ્રગટતો નથી અને મોક્ષમાર્ગના લક્ષે મોક્ષ પ્રગટતો નથી, કારણકે તે ઊણી અવસ્થા છે અને ઊણી અવસ્થા વડે પૂર્ણ અવસ્થા–મોક્ષ–પ્રગટે નહિ.

અવસ્થા ક્ષણિક હોય છે, એક સમયે એક અવસ્થા પ્રગટ હોય છે; ઊણી હોય ત્યારે પૂરી અવસ્થા ન હોય. ઊણી પર્યાય કારણ અને પૂર્ણ પર્યાય કાર્ય, એમ પરમાર્થ થાય નહિ. આત્મા નિર્મળ અખંડ પરિપૂર્ણ છે, તે પૂર્ણતાના જોરે પૂર્ણ મોક્ષદશા પ્રગટે છે. વર્તમાનમાં પણ દરેક સમયે દ્રવ્યમાં અનંત–બેહદ સામર્થ્ય ભર્યું જ છે, ત્રિકાળી અખંડ આત્મા અનંત ગુણ પ્રાપ્ત છે જ. તેમાં ''પ્રાપ્ત કરું.'' તે તો ભેદ છે, શ્રદ્ધાના વિષયમાં ભેદ નથી.

આ જીવે અનાદિથી ભેદ ઉપર લક્ષ કર્યું છે. ભેદ દૃષ્ટિ એટલે વ્યવહારનું અવલંબન; તે વડે શુભ વિકલ્પ થાય પણ અભેદ નિર્મળનું લક્ષ ન થાય. પરમાર્થ સ્વરૂપને જાણી, ભેદને ગૌણ કરી અખંડ વસ્તુનો મહિમા કરવાથી, અખંડ નિર્મળના લક્ષે

સમ્યગ્દર્શન પ્રગટે છે.

'પીળું તે સોનું' એમ કહેવાય પણ પીળું એટલું જ સોનું નથી, પણ પીળા ગુણનો ભેદ પાડીને તે પીળાશ દ્વારા બતાવાયેલ આખું સોનું તે જ સોનું છે, એમ ખ્યાલમાં આવે છે, તેવી જ રીતે અખંડ પરમાર્થ સ્વરૂપ આત્માને ઓળખાવવા માટે ભેદ પાડીને કહેવું પડે છે. તે ભેદનું લક્ષ છોડી અભેદ નિર્મળ ઉપર જે જીવ લક્ષ કરે તેને વ્યવહાર નિમિત્તપણે કહેવાય છે. નિશ્ચયથી મોક્ષમાર્ગથી મોક્ષ થતો નથી. અખંડના લક્ષે મોક્ષમાર્ગ અને મોક્ષ થાય છે, તે મોક્ષમાર્ગ અને મોક્ષ પણ વ્યવહાર છે. મોક્ષ એટલે પૂર્ણ અવસ્થા. તેનું કારણ મોક્ષમાર્ગની ઊણી અવસ્થા નથી, પણ પૂર્ણ પર્યાય પ્રગટ કરવાનું કારણ અખંડ દ્રવ્ય જ છે.

ભેદનો આશ્રય તો અજ્ઞાનીને અનાદિનો હતો તે ભેદને જ જાણતો હતો, તેને આ રીતે ભેદ દ્વારા અભેદપણું સમજાવ્યુ, તેટલો વ્યવહાર વચ્ચે આવે છે; પણ 'બ્રાહ્મણે મ્લેચ્છ ન થવું' એટલે કે, વ્યવહારથી સમજવા માટે ભેદ પાડ્યો છે પણ ભેદ જે વસ્તુ છે, એમ સમજવું નહિ અને સમજાવનારે પણ વિકલ્પના ભેદમાં ઊભા ન રહેવું.

આખા ત્રિકાળી સ્વભાવમાં કાંઈ ફેર પડ્યો નથી, પોતાની માનેલી ઊંધી દૃષ્ટિથી ફેર દેખાય છે, સત્ સમાગમ વડે ઊંધી દૃષ્ટિ ફેરવી નાખે તો ત્રિકાળી સર્વજ્ઞ સ્વરૂપ પોતે છે, તેની નિર્મળ અવસ્થા પ્રગટ કરવાનો માર્ગ અપૂર્વ છે, છતાં સમજવા માગે તો કઠણ નથી. જેને પોતાનું હિત કરવાની ઈચ્છા છે, તે કઠણ-કઠણ ન કહે. જેને સમજાવવાની રુચિ હોય તેને સત્ય સમજાવનારા મળ્યા વિના રહે નહિ. જે પોતામાં તૈયારી અને તાકાત ભાળતો નથી, તે નિમિત્તને યાદ કરે છે, ખરી રીતે નિમિત્ત તો હાજર હોય જ છે. નિમિત્તની રાહ જોવી પડે એવી કાંઈ પરાધીનતા નથી. જેમ ગીરમાં અંકુરા ફુટ્યા તે વધવા માટે થયા છે તો ત્યાં વરસાદ આવ્યા વગર રહે જ નહિ. ઊગવાની તાકાત તેનામાં હતી તે જ પ્રગટી છે, પાણીથી આવી નથી. જો પાણી વડે ઊગવાની તાકાત આવતી હોય તો એકલા પથરા પણ તેના ઉપર પાણી પડવાથી ઊગવા જોઈએ, પણ તેમ થતું નથી. એવી રીતે સાચી જિજ્ઞાસાના અંકૂરા ફૂટે (પાત્રતા થાય) અને પૂર્ણ સત્યની દૃષ્ટિ સમજવાની તૈયારી થાય તેને સમજાવનાર મળ્યા વિના રહે નહિ. બહારના સંયોગ પુણ્યને આધીન છે. પુરુષાર્થ કરવામાં પરની રાહ જોવાતી નથી, પરની અપેક્ષા રહિત પોતાની તાકાતની તૈયારી જોવાય છે.

અખંડ નિર્મળની દૃષ્ટિ થયા પહેલાં વિકલ્પનો વ્યવહાર છૂટતો નથી. અભેદ દૃષ્ટિ થયા પછી વ્યવહાર છૂટી જાય છે. પ્રથમ પરથી જુદો આત્માને જાણવો, પછી ક્ષણિક

વિકાર ઉપર ન જોવું, નિર્મળ પર્યાયના વિચારમાં ન રોકાવું, અભેદ દૃષ્ટિ માટે પણ ગુણના ભેદ ઉપર લક્ષ ન કરવું, ભેદને ગૌણ કરી અખંડ ઉપર દૃષ્ટિ માટે ગુણના ભેદ ઉપર લક્ષ ન કરવું, ભેદને ગૌણ કરી અખંડ ઉપર દૃષ્ટિ કરવી. આ બધું પ્રથમ સમજવું પડશે.

ભાવાર્થ :—લોકો શુદ્ધનયને જાણતા નથી કારણ કે શુદ્ધનયનો વિષય અભેદ એકરૂપ વસ્તુ છે. એકરૂપ નિર્મળ પૂર્ણ સ્વભાવને જોતાં વર્તમાન અવસ્થાનો વિકાર ગૌણ થઈ જાય છે. સંયોગે થતો વિકાર અને ગુણના ભેદનું લક્ષ ગૌણ કરી, અખંડ આખી વસ્તુને લક્ષમાં લેવી તે શુદ્ધ દૃષ્ટિને અજ્ઞાનીજનો જાણતા નથી; તેઓ તો ભેદ દ્વારા વિકારને જ ઓળખે છે. 'બોલે ચાલે તે આત્મા, રાગ કરે તે આત્મા' એમ તેઓ માને છે, એ સીવાય બીજો અરૂપી આત્મા કેવો હશે તે તેઓ જાણતા નથી.

દેહાદિ—પરની ક્રિયા કોઈ આત્મા કરી શકતો નથી, પણ રાગ-દ્વેષનો અજ્ઞાન ભાવે જીવ કર્તા થાય છે, છતાં રાગ-દ્વેષ સ્વભાવપણે નથી. અજ્ઞાન અને રાગ-દ્વેષ ક્ષણિક અવસ્થા પૂરતા હોવાથી, અવિનાશી આત્માના સ્વભાવના લક્ષ વડે ટાળવા યોગ્ય છે.

લોકો અશુદ્ધનયને જ જાણે છે, કેમ કે તેનો વિષય ભેદરૂપ અનેક પ્રકાર છે; તેથી તેઓ વ્યવહાર દ્વારા જ પરમાર્થને સમજી શકે છે. આ કારણે વ્યવહાર નયને પરમાર્થનો કહેનાર જાણી તેનો ઉપદેશ કરવામાં આવે છે. અહીં એમ ન સમજવું કે વ્યવહારનું આલંબન કરાવે છે. વ્યવહારની પ્રવૃત્તિ એટલે કે બાહ્યમાં કાંઈ ક્રિયા કરીએ તો ધર્મ થાય એમ લોકો માને છે, પણ તે વાત ખોટી છે. જ્યારે સમજનાર સ્વનું અભેદ લક્ષ કરી સમજે ત્યારે ભેદરૂપ વ્યવહારને પરમાર્થ સમજવામાં નિમિત્ત કહેવાય.

સમજાવવા માટે ભેદ પાડ્યો તે વ્યવહાર કાંઈ પરમાર્થનું કારણ નથી, કારણ કે અભેદનું કારણ ન થાય, ખંડ દૃષ્ટિ અખંડનું કારણ ન થાય, ભેદ દૃષ્ટિનો વિષય રાગ છે, રાગ તે વિકાર છે અને વિકાર વડે અવિકારી ન થવાય.

પરમાર્થ સમજવાની તૈયારી થાય ત્યાં વ્યવહાર હોય છે, એટલે કે અખંડ નિર્મળ પરમાર્થને સમજાવવામાં તે વચ્ચે આવે છે, તેથી એમ ન સમજવું કે વ્યવહાર આદરણીય છે. અહીં તો વ્યવહારનું આલંબન છોડાવી, પરમાર્થ પહોંચાડે છે એમ સમજવું.

છઠ્ઠી ગાથામાં કહ્યું કે એકલો જ્ઞાયક આત્મા છે, તેમાં સમ્યગ્દર્શન-મિથ્યાદર્શન, વિરત-અવિરત, પ્રમત-અપ્રમત, સકષાય-અકષાય, બંધ-મોક્ષ પર્યાયના ભેદ નથી. છદ્મસ્થને તે નિર્મળ પર્યાય ઉપર દૃષ્ટિ જતાં અશુદ્ધતા (વિકલ્પ) આવે છે. પર્યાયના (ભેદના) લક્ષે અશુદ્ધતા ટળતી નથી.

પર્યાયના ભેદ ઉપર લક્ષ કરવું તે અભૂતાર્થ છે, તેના લક્ષે વિકલ્પ ઉપજે છે અને સ્વભાવ એકરૂપ, અખંડ, નિર્મળ ધ્રુવ છે. તેના લક્ષે જ્ઞાન, દર્શન, ચારિત્રની નિર્મળ પર્યાય ઉઘડે છે. તે નિર્મળ પર્યાય ઉપર લક્ષ કરતાં અશુદ્ધતા–રાગ થાય છે, તેથી નિર્મળ અવસ્થા ઉપર પણ અશુદ્ધતાનો આરોપ કરી દીધો છે.

સાતમી ગાથામાં અખંડ સ્વભાવની દૃષ્ટિનો એકરૂપ વિષય અખંડ જ્ઞાયક પૂર્ણરૂપ આત્મા જણાવવાનો છે, તેમાં ભેદરૂપ ગુણને વ્યવહાર–અભૂતાર્થ કહ્યા છે. વસ્તુ સ્વરૂપ તો અનંત ગુણમય અખંડ છે, ત્રણ જુદા ગુણપણે નથી. આત્મા એક ગુણ જેવડો નથી, વિકારના ભેદ રહિત એકરૂપ વિષય કરવો તે જ્ઞાયક જ છે.

ભાઈઓ! અનંતકાળનું દાળદર ફીટે એવી અપૂર્વ આ વાત છે. બાહ્ય સંયોગ, વિયોગ એ તો પૂર્વની પ્રકૃતિને આધીન છે; એવા સંયોગ-વિયોગ તો અનેક પ્રકારના થયા કરે. સંયોગ તો મુનિને સિંહ ફાડી ખાય એવા પણ હોય, તેમાં આત્માને શું? આત્મા તો સદાય જાણવાપણે છે. તેને સંયોગ સાથે કોઈ સંબંધ નથી.

જે રીતે આત્માનો નિર્મળ સ્વભાવ પરિપૂર્ણ સર્વજ્ઞ ભગવાને કહ્યો છે તે રીતે જીવે કદી તે સાંભળ્યો નથી–સમજ્યો નથી અને તેને જાણનારા અનુભવી જ્ઞાનીનો પરિચય પણ કર્યો નથી. આ મનુષ્ય જન્મ અને આત્માની સત્યવાન સાંભળવાનો અવસર ફરી કદી નહિ મળે. જન્મ-મરણની ભુખ ભાંગવી હોય તો અખંડ જ્ઞાયક આત્માની વાત રસપૂર્વક સમજવી જોઈએ.

જેમાં સર્વ સમાધાન સ્વરૂપ અનંતસુખ છે. એવો અમૃતનો કુંડ ભગવાન આત્મા વર્તમાનમાં અજ્ઞાનરૂપી આવરણ વડે દેહની સાથે છૂપાઈ રહ્યો છે. તેની સ્વાધીનતાનો મહિમા સાંભળી, સમજવાની હોંશ ઉછળવી જોઈએ.

ચૈતન્યના અપૂર્વ સ્વભાવને સાંભળવામાં સમજવામાં કઠણતા જ સમજવાનો કંટાળો ન લાવીશ સર્વજ્ઞ ન્યાયથી અનેક પડખાથી, જેમ છે તેમ, જે વિધિ છે તે વિધિએ અને જેવડો છે તેવડો બરાબર લક્ષમાં લે તે ન્યાલ થઈ જાય, એટલે કે તેને અનંતસુખ મળે અન્યથા માને તે ઉપાય પણ અન્યથા કરે અને તેનું ફળ પણ અન્યથા જ આવે માટે સત્‌ને જિજ્ઞાસાથી સમજી લે. ૮.

૧૪–૭–૪૩

પરમાર્થ સ્વરૂપ આત્માને ગુણ દ્વારા ભેદ પાડી ઓળખાવવા માટે વ્યવહાર કહ્યો પણ તે ભેદમાં (ભેદનું લક્ષ કરતાં શુભ રાગ આવે તેમાં) અટકવા માટે વ્યવહાર કહ્યો નથી. પણ ભેદનું લક્ષ છોડી અખંડ જ્ઞાયકમાં એકાગ્ર લક્ષ કરી અંદર કરવાનો ઉપાય બતાવવા માટે છે.

વસ્તુમાં પરમાર્થે કોઈ ગુણના ભાગલા નથી, વિકલ્પ નથી છતાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ગુણના ભેદ દ્વારા આખા આત્માને બતાવવામાં આવે છે. તેટલો વ્યવહાર વચ્ચે આવે છે. તે આદરવા માટે નથી, પણ અભેદમાં એકાગ્ર થઈ છોડવા માટે છે. અભેદની શ્રદ્ધામાં વ્યવહારને પ્રથમ છોડવા જેવો માન્યા પછી ગુણ દ્વારા ગુણીનું લક્ષ કરવાના વિચારરૂપે વ્યવહાર આવે તેનું જ્ઞાન જ્ઞાની કરે છે.

આત્મા અખંડ અનંત ગુણનો પિંડ છે, તે જ પરમાર્થ છે. તેને અનાદિકાળથી જે સમજ્યો નથી. તેને 'દર્શન-જ્ઞાન-ચારિત્રને જે હંમેશા પ્રાપ્ત હોય તે આત્મા છે' એમ વ્યવહાર માત્રથી ભેદ પાડી સમજાવે છે. સમજનારો અભેદ પરમાર્થને સમજી લે તો પરમાર્થ આશ્રિત વ્યવહાર થયો કહેવાય.

આવી વાત સાંભળવી દુર્લભ છે. તેને સમજવાનો જેને પ્રેમ નથી તે જગતના ઉકરડા ઉથામવામાં હોંશથી રોકાય છે. જેમ વિષ્ટાના ઉકરડામાં સાંઢ (ફાટેલો બળદ) માથું મારી ફેંદયા કરે તેમ સંસારમાં મમતાથી 'આહો હો! અમે તો ભારે મોટા થઈ ગયા,' એમ પુણ્ય, આબરૂ વગેરેથી મોટપ માને છે, તેમાં ડહાપણ બતાવે છે, પણ અભેદ ગુણીનું લક્ષ કેમ થાય તે સમજવા માગતો નથી.

શિષ્ય પ્રશ્ન કરે છે કે ગુણના ભેદથી જણાવનારો વ્યવહાર, પરમાર્થ સ્વરૂપ અખંડ વસ્તુને કહેનારો શી રીતે છે? તેનો ઉત્તર નવમી અને દસમી ગાથામાં કહે છે.

जोहि सुएणहिगच्छइ अप्पाणमिणं तु केवलं सुद्धं ।
तं सुयकेवलिमिसिणो भणंति लोयप्पईं वयरा ।।९।।
जो सुयणाणं सव्वं जाणठ सुयकेवलिं जमाहुजिणा ।
णाणं अप्पा सव्वं जह्मा सुयकेवली तह्मा ।।१०।।

શ્રુતથી ખરે જે શુદ્ધ કેવળ જાણતો આ આત્મને,
લોકપ્રદીપકરા ઋષિ શ્રુતકેવળી તેને કહે. ૯.

**શ્રુતજ્ઞાન સૌ જાણે, જિનો શ્રુતકેવળી તેને કહે;**
**સૌ જ્ઞાન આત્મા હોઈને શ્રુતકેવળી તેથી ઠરે. ૧૦.**

**અર્થ :–**જે જીવ નિશ્ચયથી શ્રુતવાન વડે આ અનુભવગોચર કેવળ એક શુદ્ધ આત્માને સન્મુખ થઈ જાણે છે તેને લોકને પ્રગટ જાણનારા ૠષીશ્વરો શ્રુતકેવળી કહે છે; જે જીવ સર્વશ્રુતજ્ઞાનને જાણે છે તેને જિનદેવો શ્રુતકેવળી કહે છે, કારણ કે જ્ઞાન બધું આત્મા જ છે, તેથી (તે જીવ) શ્રુતકેવળી છે.

આત્મામાં ગુણ ભર્યા પડ્યા છે, તેનું ભાન નહિ હોવાને કારણે લોકો માને છે, કે બાહ્યમાં કાંઈ પ્રવૃત્તિ કરીએ અગર તો શુભ ભાવ ઘણા કરીએ તો ગુણ થાય છે. ભગવાનની પૂજા કરું, સ્તુતિ કરું, જાપ જપું, કોઈની સેવા કરું, તો ગુણ પ્રગટે, એમ જેઓ માને છે તેમને અક્રિય, અખંડ, અવિકારી આત્માનું લક્ષ નથી. અંદરમાં ગુણ ભર્યા છે તેનો વિશ્વાસ નથી, તેથી પરલક્ષની પ્રવૃત્તિથી ગુણ પ્રગટે એમ માને છે. હીરાને ડાબલીમાં મૂકો તોપણ તે હીરો જ છે અને ખુલ્લો મૂકો તો પણ હીરો જ છે, તેમ ભગવાન આત્મા સ્વભાવે પરથી જુદો છે રજકણ, દેહ, મન, વાણીના સંબંધ રહિત તે અખંડ જ્ઞાયકપણે બિરાજે છે.

આ વિષય ધ્યાન રાખે તો સમજાય તેવો છે. આ કાંઈ રાજા-રાણીની વાતો નથી, કેટલાક તો તત્ત્વની વાત સાંભળે, પણ બરાબર મનન ન કરે, તેથી બહાર જઈને ભૂલી જાય. કોઈ પૂછે કે શું સાંભળ્યું? તો કહે કે બહુ સારી વાત હતી. આત્માના જ્ઞાની વાત હતી પણ યાદ નથી; જો વાર્તા કે ઓઠું હોય તો જલદી યાદ રાખી લે. 'એક હતો રાજા, તેને રાણી આવી હતી, પછી ઉપદેશ સાંભળીને બન્નેએ દીક્ષા લીધી, પછી ઉનાળામાં ખરા તાપમાં રેતીમાં તપ કર્યાં, ખૂબ પરસેવો વળ્યો, છ મહિના સુધી આહાર ન લીધો, પછી તેને કેવળજ્ઞાન થયું'. એમ બાહ્યની માંડે. પણ શું એનાથી કેવળજ્ઞાન થતું હશે? અંદરમાં સમજે નહિ, નિર્મળ કેવળ તો અંદર જ પડ્યું છે, અખંડ ઉપર દૃષ્ટિ હતી તેના જોરે કેવળજ્ઞાન ઊઘડ્યું છે. બાહ્ય સંયોગો ઉપર મુનિની દૃષ્ટિ નથી. બાહ્યમાં કેટલા પરિષહ છે તે ઉપર જોવાની મુનિને કંઈ પડી નથી, એટલે દેહ ઉપર લક્ષ નથી. અખંડ આનંદમાં ઠર્યાં, તેથી વીતરાગદશા પ્રગટ થઈ છે, પણ પરિષહ સહ્યા માટે જ્ઞાન થયું, કે શરીર ઉપર સૂરજનો ખૂબ તાપ પડ્યો, શરીર સુકાંણું, છ માસ રોટલા છોડ્યા તેથી કેવળજ્ઞાન થયું તે વાત ખોટી છે. મુનિને અંતરમાં અખંડ ઉપર દૃષ્ટિ પડી છે, 'અખંડાનંદ જ્ઞાયક છું' શુભ વિકલ્પ પણ મારું સ્વરૂપ નથી. હું પર અવલંબન રહિત નિર્મળ છું એમ માન્યું–જાણ્યું, તેમાં એકાગ્ર થઈ ઠર્યાં; તેથી અખંડના લક્ષે અભેદના જોરે કેવળજ્ઞાન થયું

છે. બાહ્યની કોઈપણ ક્રિયાથી કે પુણ્યાદિની મદદથી મોક્ષ થતો નથી. આવું નગ્ન સત્ય જગત સમક્ષ ઉઘાડું મૂક્યું છે; પરમાર્થની વાત ઘણા ઘણા પ્રકારે અહીં કહેવાય છે.

નવમી તથા દસમી ગાથાના શબ્દાર્થ :—જે જીવ નિશ્ચયથી (ખરેખર) શ્રુતજ્ઞાન વડે (વિકલ્પ નહિ, શબ્દ નહિ પણ ભાવશ્રુત જ્ઞાનનો અંતર ઉપયોગ એટલે જ્ઞાનનો નિર્મળ અંતર એકાગ્રતાનો વ્યાપાર તે વડે) આ અનુભવ★ ગોચર કેવળ એક શુદ્ધ આત્માને અંતરમાં જોડાઈને અખંડ સ્વરૂપે જાણે છે, તે નિશ્ચયથી શ્રુતકેવળી છે. એમ શ્રી સર્વજ્ઞ ભગવાન કહે છે.

જેણે નિશ્ચયથી શ્રુતજ્ઞાન (ભાવજ્ઞાન વડે, અંતર એકાગ્રતાથી આત્મા અખંડ, એકરૂપ જ્ઞાયક ધ્રુવ છે, એમ જાણી લીધું તે પરમાર્થથી (નિશ્ચયથી) શ્રુતકેવળી છે.

'ઝીણું છે માટે નહિ સમજાય' એવી માન્યતા કાઢી નાખજો. સમજવું તે પોતાની સત્તાની વાત છે. આઠ વર્ષની ઉંમરના પણ સમજી શકે તેમ છે. પણ પ્રથમથી જ 'નહિ સમજાય' એમ નકાર કરી બેસે તેનું શું થાય! અહીં 'નહિ સમજાય' એવું અલાયકપણું કાઢી નાખ્યું છે અને પહેલી ગાથામાં જ 'તું પૂર્ણ તાકાતવાળો સિદ્ધ ભગવાન જેવો જ છો' એમ સ્થાપના કર્યું છે. અનંત જીવો આત્માને સમજીને સિદ્ધ થયા છે, માટે દરેકને આત્મા સમજાય તેવો છે, ન સમજાય તેવું કંઈ નથી. સદાય જાણવાનો જેનો સ્વભાવ છે તે કોને ન જાણે?

સહજ ચિદાનંદ

## ગાથા ૧૦

વ્યવહાર શ્રુતકેવળી=જેઓ ગુણ-ગુણીના ભેદથી પરમાર્થ જવા વિચારે છે, સમકિતી અજ્ઞાનીને પોતાના આત્માના જ્ઞાન વડે અખંડને લક્ષમાં લઈ પૂર્ણને પહોંચી વળવાનો વિકલ્પ ઊઠે છે અને જે નિશ્ચયમાં ઠરવા માટે સ્વરૂપ સન્મુખ વિચારનો પ્રવાહ વાળે છે. તેમને જિનદેવો 'વ્યવહાર શ્રુતકેવળી' કહે છે.

'નિશ્ચયભાવશ્રુત' રૂપ થઈ ઠર્યાં નથી, પણ ઠરવા માટે 'જ્ઞાન છું, દર્શન છું, નિર્મળ છું' એવા વિકલ્પ આખા આત્મા તરફ કરે છે. તે અલ્પ શ્રુતજ્ઞાનનો વિકલ્પ સર્વશ્રુતજ્ઞાનરૂપ અખંડ આત્મવસ્તુને ખ્યાલમાં લઈ તેમાં ઠરવા માગે છે, તેથી તે 'વ્યવહાર શ્રુતકેવળી' છે.

અખંડના લક્ષે ભેદ વિચારમાં રહેવું, તે વ્યવહાર છે. પરની ભક્તિ, પર અવલંબનના વિચાર તે અહીં વ્યવહાર નથી.

★ અનુ+ભવ—અંતરમાં સ્વભાવને ભવવું—થવું તે અનુભવ.

આત્મા અખંડ નિર્મળ છે, એવો આખા આત્માને લક્ષમાં લેવાનો વિચાર જે જ્ઞાનીને છે તે પણ વ્યવહાર સર્વ શ્રુતજ્ઞાની છે. આચાર્ય કહે છે કે જે અખંડ જ્ઞાનાનંદ આત્માને સર્વજ્ઞના ન્યાયથી બરાબર જાણી શ્રુતજ્ઞાનને અખંડમાં મેળવી આખા આત્માને પકડવા માગે છે, તેમાં ઠરવા માગે છે, તેને દ્રવ્યશ્રુતનો ભલે અલ્પ ભાગ હોય, છતાં તે પૂર્ણ સ્વવિષયને પકડીને તેમાં જ ઠરવા માગે છે, તેથી વ્યવહાર 'શ્રુતકેવળી' છે અને જે પરમાર્થ જાણી અખંડ લક્ષે ઠર્યા તે 'પરમાર્થ શ્રુતકેવળી' છે.

આત્માને જાણવાનો રાગમિશ્રિત વિચાર જેના જ્ઞાનમાં વર્તે છે, તે સિવાય જેને બીજું કાંઈ જોઈતું નથી તે પોતાના સ્વરૂપમાં નિર્વિકલ્પ થઈ જવાનો હોવાથી વર્તમાનમાં દ્રવ્ય નિપેક્ષથી(વ્યવહારથી) શ્રુતકેવળી છે. પરમાર્થનો આશ્રય કર્યો તે બધાયને પરમાર્થ પ્રગટે છે.

'અખંડ જ્ઞાયક નિર્વિકલ્પ છું, નિર્મળ છું' એવો વિચાર તે મન દ્વારા વર્તતું જ્ઞાન છે, તોપણ જ્ઞાન પોતાનું જ છે, રાગનું નથી. પર તરફનું રાગરૂપ જ્ઞાન નથી, પણ કેવળ આત્મા તરફ તે જ્ઞાન વર્તે છે; માટે તે પરમાર્થને જણાવનાર છે. પુરા શ્રુતકેવળીને પણ આત્મા જ પકડીને ઠરવું છે, તેમ અધુરા શ્રુતજ્ઞાનમાં અખંડ આત્માને જ્ઞાનમાં સમાવી દેવાનો વિચાર જેને વર્તે છે તેવા અલ્પજ્ઞને સર્વ શ્રુતજ્ઞાન છે, કેમ કે તે અલ્પ હોવાં છતાં પણ આખું કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લે તેવું છે.

બધા સમકિતી આત્માનો જ વિચાર કરે છે, ભેદથી ખસી અંતર અનુભવ તરફ વળે છે, તે બધાને અલ્પ ઉઘાડમાં પણ શ્રુતકેવળી કહેવાય છે કારણ કે જે સ્વરૂપ સન્મુખ થયાં તેનું બધું જ્ઞાન આત્મા જ છે. જ્ઞાયક સ્વભાવને જ જે લક્ષમાં લેવા માગે છે તેણે નિશ્ચયથી ભલે આત્માને પકડ્યો નથી, તે ઠર્યો નથી; તોપણ ભવિષ્યમાં શ્રુત–કેવળી થશે તેથી તેને પણ વર્તમાનમાંએ વ્યવહારથી શ્રુતકેવળી કહ્યો છે.

જ્ઞાનનું અખંડ આત્મા તરફ ઢળવું થાય છે, માટે વિચારરૂપ સર્વ શ્રુતજ્ઞાન—બધું જ્ઞાન આત્માનું જ છે, તેથી શ્રુતમાં પૂરું છે એમ કહી દીધું. અભેદપણે ઠર્યો નથી, માટે વ્યવહાર કહ્યો છે. નવમી ગાથામાં નિશ્ચય પરમાર્થ કહ્યો અને દસમી ગાથામાં વ્યવહારથી કહ્યું છે; બંનેની સંધિ કરી આચાર્યે અમૃત રેડ્યાં છે.

**ટીકા :**—પ્રથમ, 'જે નિર્મળ જ્ઞાનસ્વરૂપ ભાવશ્રુતથી કેવળ શુદ્ધ આત્માને જાણે છે તે પરમાર્થ શ્રુતકેવળી છે' પ્રથમ ઠરવા માટે અંદર સ્વતરફ વલણનો વિકલ્પ તો આવે જ, પછી જ્યારે અભેદ ને સ્વવિષય કરી અંદરમાં ઠરે ત્યારે સર્વજ્ઞ ભગવાન તેને નિશ્ચયથી શ્રુતકેવળી કહે છે, તે પરમાર્થે છે.

જે 'આત્માને' પૂર્ણ નિશ્ચયપણે જાણવાના પ્રયત્નમાં વર્તે છે, તેને અખંડ પ્રત્યે વલણવાળો બધો ભાવ છે, એટલે આત્માને પકડવા માટે વિચાર આવે છે તે પણ આત્મ સન્મુખ હોવાથી શ્રુતકેવળી છે; કારણ કે કેવળ પરમાર્થમાં પહોંચવા માટે જ તેનું પ્રયોજન હોય છે. સ્વતરફના વલણવાળો, પરમાર્થ પકડવા માટેનો, ભાવ અધૂરો હોવા છતાં પૂર્ણને પકડનાર હોવાથી શ્રુતમાં પૂરો છે એટલે વ્યવહારનયથી શ્રુતકેવળી છે.

અહીં બે પક્ષ લઈ પરીક્ષા કરીએ :—ઉપર કહેલું સર્વજ્ઞાન★ આત્મા છે કે અનાત્મા?

સાચી સમજણ કરી વાસ્તવિક અનુભવ કરવા માટે વિકલ્પથી છૂટી અંદર ઠરવા માટેની જે વિચાર શ્રેણિ ચાલે છે તે આત્મા છે, કારણ કે તે જ્ઞાન રાગનું નથી, જડ ઈન્દ્રિયોનું નથી, પરનું નથી, પર તરફ ઢળતું નથી; પણ આત્મા તરફ વળ્યું છે, આત્માને જ જાણે છે, તેથી તે જ્ઞાન આત્માનું જ છે.

હવે આ શ્રુતજ્ઞાન જો અનાત્મા તરફ વળતું હોય તો બરાબર નથી, તે બતાવે છે.

જે જ્ઞાન અનાત્મા તરફ વળતું હોય તે વ્યવહાર નથી. પ્રથમ આત્મા તરફનું જ્ઞાન શું? તે સમજ્યા વિના અનાત્માનું જ્ઞાન શું? તે સમજાય નહિ.

અહીં આત્માને પકડવાની અમુક તૈયારીવાળું છે તે અને સત્ સમાગમ વડે સર્વજ્ઞના ન્યાય અનુસાર બરાબર સમજ્યા પછી અંતરમાં અનુભવ સહિત સ્વ તરફ ઠરવા માટેનું સ્વવલણવાળું જ્ઞાન છે તે, સર્વજ્ઞાન આત્માનું છે.

સર્વજ્ઞાનને અનાત્મરૂપ જડના પક્ષમાં ગણવામાં આવે તે ઠીક નથી, કારણ કે અચેતન—જડ આકાશાદિ પાંચ દ્રવ્યો છે તેનું જ્ઞાન સાથે તાદાત્મ્ય બનતું જ નથી. (કેમ કે તે પાંચ અચેતન દ્રવ્યોમાં જ્ઞાન લક્ષણ નક્કી થઈ શકતું નથી.) આ સર્વજ્ઞાન તો આત્મા સાથે તાદાત્મ્યપણું કરવા માટે છે, સ્વને જાણવાના વિચારમાં પ્રવર્તતું જ્ઞાન છે, પણ પર વિષયો તથા રાગાદિ અનાત્મા તરફનું લક્ષ કરવા માટે નથી.

પુણ્ય-પાપ વિકારનો કર્તા છું, દેહાદિની ક્રિયા હું કરું છું, એવા વિચાર અને પાંચ ઈન્દ્રિયોના વિષય તરફ ઢળે તે અજ્ઞાન છે, જડ-અનાત્મામાં જ્ઞાન સિદ્ધ થતું નથી, પણ એકલા જ્ઞાયક સ્વભાવ તરફના વિચાર કરે છે તે વડે આત્માને જાણવામાં આવે છે, તેથી આત્માનો પક્ષ સિદ્ધ થાય છે. પરમાર્થને જાણવાના વિચારરૂપ વર્તતું સર્વજ્ઞાન તેનું તાદાત્મ્યપણું જાણનાર સ્વરૂપ જ્ઞાયક આત્મા સાથે સિદ્ધ થાય છે, તેથી સર્વ શ્રુતજ્ઞાન પણ

★ જ્ઞાન નો વિચાર જે પરમાર્થ સ્વરૂપ આત્મા તરફ વળે તે બધા વિચારરૂપ જ્ઞાન.

આત્મા જ છે. આમ નક્કી થવાથી જે આત્માને જાણી તેમાં ઠરવાની તૈયારીવાળું જ્ઞાન કરે છે તે પુણ્ય-પાપનો પક્ષ ઉભો કરતો નથી, પણ સંયોગ તોડી અસંયોગી નિર્મળ આત્માનો પક્ષ નિત્ય ઉભો કરે છે.

અખંડ તત્ત્વસ્વરૂપમાં ઠરવા માટે જે વિચાર વર્તે ર્તે છે; તે સર્વ જ્ઞાનનો પક્ષ આત્મા તરફ ઢળવાનો છે; સ્વરૂપ સન્મુખના શ્રુતજ્ઞાનના વિચાર તે પણ આત્મા જ છે. આ હોવાથી જે આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે અને તે પરમાર્થ છે.

હવે અહીં વ્યવહાર શ્રુતકેવળી કહેવામાં બે પ્રકાર છે તે કહે છે :—

(૧) સર્વજ્ઞાન ન્યાય અનુસાર આત્માને જાણ્યો છે અને તેમાં અખંડલક્ષે ઠરવા માટે તદ્દ્ન સન્મુખ થયો છે, પણ યથાર્થ અનુભવથી નિર્વિકલ્પ ઠરીને નિશ્ચય શ્રદ્ધા વડે અભેદ પરમાર્થનો વિષય કર્યો નથી, છતાં પૂર્ણને પહોંચી જવાનો વિચાર વર્તે છે તે અધૂરો ભાવ, પૂર્ણના લક્ષે પૂર્ણનું કારણ વ્યવહારે શ્રુતકેવળી કહ્યો છે.

(૨) જેણે યથાર્થપણે અંતરમાં અખંડનું લક્ષ કરી અનુભવ તો કર્યો છે અને ફરી ભાવશ્રુતજ્ઞાનના અંતર ઉપયોગમાં આવવા, અખંડ સ્વભાવની દૃષ્ટિના જોરથી અંદર એકાગ્ર થઈ ઠરવાના વિચારમાં વર્તે છે, સાથે મનના સંબંધનો અલ્પરાગ વર્તે છે, તે તરફ વલણ નહિ કરતાં, અંતરમાં ઠરવા માટે અખંડનો વિચાર કરે છે, તે પણ વ્યવહાર શ્રુતકેવળી છે.

પરમાર્થ શ્રુત અખંડ આત્મા છે. તેમાં ઠરવા માટે, પૂર્ણ નિર્મળભાવ પ્રગટ કરવા માટે, વિચારવાં ભેદ પડે છે, પણ લક્ષ તો અભેદ—પરમાર્થ તરફ ઢળવાનું જ છે. ગુણ-ગુણીના ભેદ પાડી અખંડ જ્ઞાયક તરફ ઢળનાર, અખંડ જ્ઞાયકને કહેનાર વ્યવહાર, અંદરમાં ઠરતાં પહેલા વચ્ચે આવે છે, તે સર્વ શ્રુતજ્ઞાનનો અધૂરો ભાવ, વ્યવહારમાં પૂરો શ્રુતકેવળી છે.

જેને અનુભવ વડે આત્મામાં ઠરવું છે અને પૂર્ણ પરમાર્થને પહોંચવું છે, તેને ગુણ-ગુણીના ભેદ વડે, અભેદમાં જવાનું આ વ્યવહારનય બતાવે છે, પણ તે વ્યવહાર બીજું કાંઈ કહેતો—કરતો—નથી.

અભેદના લક્ષે પરમાર્થ ઊઘડે છે, પણ પરમાર્થમાં જતાં તેનો વિચાર કરવામાં નિમિત્તરૂપે જ્ઞાનનો વિચાર આવ્યા વિના રહેતો નથી. તે અપેક્ષાએ 'જે સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે, તે શ્રુતકેવળી છે,' એવો જે વ્યવહાર તે પરમાર્થમાં સ્થિર થવામાં વચ્ચે પોતાને દઢપણે સ્થાપિત કરે છે. પરમાર્થનું પ્રતિપાદન સવિકલ્પથી થવું અશક્ય છે, તેથી વ્યવહાર

દૃઢપણે આવ્યા વિના રહેતો નથી. સર્વજ્ઞના ન્યાય અનુસાર નય-પ્રમાણ અને નિપેક્ષ વડે નવતત્ત્વ તથા દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ જાણી, પરમાર્થરૂપ અખંડને ખ્યાલમાં લઈ તેના તરફ એકાગ્ર પકડ થવી જોઈએ; જેવો છે તેવો જાણ્યા વિના પૂર્ણ આત્મા લક્ષમાં આવે નહિ; માટે આત્માને પરમાર્થ સ્વરૂપે જેવો છે તેવો કહેનાર સર્વશ્રુતરૂપ વ્યવહાર દૃઢપણે આવે છે.

શ્રુતરૂપ ચૌદપૂર્વનું જ્ઞાન પણ માત્ર આત્માનુભવ કરવા માટે છે. જે કાર્ય માટે જ્ઞાન કરવું છે, તે જ કાર્ય અધૂરું શ્રુતજ્ઞાન કરે છે, માટે તે સર્વશ્રુત છે. આત્માને પકડવા માટે નવતત્ત્વના યથાર્થ સ્વરૂપ થોડો કે ઘણો ગમે તે વિચાર હોય, તોપણ તેને વ્યવહારે સર્વશ્રુત કહેવામાં આવે છે.

અહો! શ્રી અમૃતચંદ્રાચાર્યે આ સમયસાર શાસ્ત્રની અદ્ભુત ટીકા કરી યથાર્થ વસ્તુસ્વરૂપ બતાવ્યું છે. ગજબ અમૃત રેડ્યાં છે, મોક્ષના મોક્ષ આ સમયસારજીમાં ઉતારી દીધા છે.

તા.૧૫–૭–૪૩.

અનંતકાળે સાંભળ્યો નથી એવો અપૂર્વ વિષય છે. કોઈનો એકનો એક છોકરો પરણતો હોય, પાંચ-પચીસ હજાર ખરચવા હોય તેનો કેવો હર્ષ કરે છે! તે હર્ષના મલાવા કરે છે, તેમ આ ભગવાન આત્મા, પરથી નિરાળો, નિર્મળ, ત્રિકાળી અખંડ જ્ઞાયક સ્વરૂપે છે; તેને સર્વજ્ઞ ભગવાને જેવો કહ્યો છે તેવો સાંભળવા મળે તો લાયક જીવને હર્ષનો પાર ન રહે, સમજણમાં વિરોધ આવે નહિ; પણ અનાદિથી જેણે બીજું માન્યું છે અને તેનો દૃઢ આગ્રહ છે, તેને સત્ય સાંભળવું નથી. તત્ત્વજ્ઞાનનો વિરોધ કરનારા જીવ અનતંકાળે ઈયળ પણ ન થાય એવા નિગોદમાં (અનંત જન્મ-મરણના સ્થાનમાં) જાય છે.

**પ્રશ્ન :—**કોઈ કહે આ શું ઝીણી વાત કર્યા કરો છો?

**ઉત્તર :—**ઝીણી વાત છે, પણ હિતકારી છે. વળી તે તારી જ છે ને તેથી તને ન સમજાય એમ બને નહિ. જેવા સિદ્ધ ભગવાન છે તેવા જ બધા આત્મા છે, તું પણ તેવો જ સ્વતંત્ર અને પૂર્ણ છો; એમ દરેક આત્મામાં તો સિદ્ધ પરમાત્માપણું સ્થાપીને સમયસારની શરૂઆત કરી છે અને છઠ્ઠી સાતમી ગાથામાં તો અદ્ભુત વાત કરી છે.

ભાઈ રે! સંસારના કામમાં તને હરખ આવે અને મોંઘા સત્યને સમજવાનાં ટાણાં મળ્યા, વળી અનંત જન્મ-મરણ ટાળી અલ્પકાળે મોક્ષ લાવે એવી અપૂર્વ વાત સાંભળી અંતરથી હર્ષ ન આવે, તો જીવનની શું સફળતા! એમ તો જગતમાં કીડા, કાગડારૂપે ઘણાં જન્મે-મરે છે. જેનો કાળ સત્યની સમજણ વગરનો જાય છે, તેનાં જીવન કીડા-કાગડાના જેવાં સમજવા.

એકવાર સત્ય સાંભળી અંતરથી સમજી, હા લાવે, તો અનંત પરિભ્રમણનો અંત આવે છે. આ ઊંચી ભૂમિકાવાળા માટે કહેવાતું નથી, તેમ જ કેવળજ્ઞાની માટે પણ નથી, ચારિત્રનો વિષય હજી દૂર છે, આ તો પ્રથમ સમ્યગ્દર્શન કેમ થાય તેની વાત ચાલે છે. જેવું તત્ત્વ સર્વજ્ઞ ભગવાને કહ્યું છે, તેવું જ જાણે તો કાંઈ ભ્રમણા રહે નહિ. બધાં પડખાંથી વિરોધ ટાળી સત્યને સમજે તો અંદરથી ભણકાર ઊઠે, 'બસ! હવે ભવ નથી.' એવું ભાન થવા માટે જ આચાર્ય કહે છે.

પરની ક્રિયા કોઈ આત્મા વ્યવહારે પણ કરી શકતો નથી; કર્તાપણાનો ભાવ કરે તે પણ અભૂતાર્થ છે. આત્મા તો પરથી ત્રિકાળ જુદો, અખંડ જ્ઞાયકપણે છે; શરીર, મન, વાણી અને પુણ્ય-પાપની પ્રવૃત્તિ તથા કર્મપણે નથી. રાગ-દ્વેષના વિકારી ભાવ તે ત્રિકાળી જ્ઞાયક આત્માનો સ્વભાવ નથી, માટે પર છે અને તેથી ટાળી શકાય છે.

જેમ સુખડનું ઓળખવામાં 'સુગંધ તે લાકડું,' એમ એક ગુણને કથનમાં જુદો પાડી બતાવાય છે ત્યાં સુખડ અને સુગંધમાં ભેદ પાડ્યો તે વ્યવહાર અને અખંડ સુખડ સમજવી તે પરમાર્થ. તેમ આત્મા અનંત ગુણનો પિંડ છે, ત્યાં 'જ્ઞાન તે આત્મા, શ્રદ્ધા કરે તે આત્મા, સ્થિરતા કરે તે આત્મા,' એમ વ્યવહારથી ભેદ પાડી અખંડ આત્મા સમજાવ્યો છે. ગુણભેદકથન તે વ્યવહાર છે, તે ઉપરથી અભેદ આત્માને સમજી લે તો તેમાં જે વ્યવહાર થયો તે નિમિત્તારૂપ નીવડે છે. એવો વ્યવહાર પરમાર્થમાં શી રીતે આવે છે? તેનો જવાબ આવે છે.

પ્રથમ ભાવશ્રુતજ્ઞાન દ્વારા જુએ તો આત્મા જ્ઞાનમૂર્તિ, અખંડ આનંદકંદ છે. જેવા અશરીરી સિદ્ધ પરમાત્મા છે તેવા જ દરેક આત્મા છે; કોઈ આત્મામાં પરમાર્થે ફરક (નાના-મોટાપણું) નથી, પણ પરમાં વિશ્વાસ કરી પોતાની ઊંધી માન્યતાથી ફરક માન્યો છે. પરની ક્રિયા હું કરી શકું, પુણ્ય-પાપ વિકારનો કર્તા છુ એમ પરને પોતાનું માની, પોતાના એકરૂપ જ્ઞાયકસ્વભાવને ચૂક્યો છે, તેથી પરનો કર્તા નહિ પણ જ્ઞાયક જ છું અને પરના અવલંબને ગુણ ન થાય એ વાત અંતરમાં બેસવી કઠણ લાગે છે.

લોકોએ બાહ્યથી ગુણ માન્યા છે, તેથી અંદરમાં ગુણ છે તેનો વિશ્વાસ થતો નથી.

તેઓ કહે છે કે જો અંદર ગુણ ભર્યા જ હોય તો ગુણ પ્રગટ કરવાનું અમને કેમ કહો છો? માટે અમને તો એમ સમજાયું છે કે ગુણ માટે બાહ્યથી પ્રવૃત્તિ જોઈએ.

શું થાય? અનાદિથી બાહ્ય ઉપર દૃષ્ટિ પડી છે, તેથી બધું બાહ્યથી જોઈને નક્કી કરે છે, ખરી રીતે તો નક્કી કરનારો અંદરથી નક્કી કરી, પરમાં કલ્પના કરે છે. પરની ઉપરની દૃષ્ટિથી માને છે કે મેં આટલા જીવની દયા પાળી, આ વાંચ્યું, પૂજા કરી, ભક્તિ કરી, દાન કર્યું, ઊઠ-બેસ કરી વંદના કરી, વગેરે બાહ્ય ક્રિયાથી ગુણ થયો માને છે; પણ અંદર અક્રિય, અનંત ગુણનો પિંડ છે, તેમાં અંતર્મુખ અભેદદૃષ્ટિ કરી અનાદિથી કદીપણ જોયું નથી.

**પ્રશ્ન :**—વાતો કર્યે ધર્મ થતો હશે? ક્રિયા તો જોઈએ જ. જો આત્મા અત્યારે પવિત્ર હોય તો અમને સમજાવો છો શા માટે?

**ઉત્તર :**—લોકો ક્રિયા ક્રિયા કરે છે પણ કઈ ક્રિયા તે સમજતા નથી. ગુણ પ્રગટ કરવા માટે બાહ્ય ક્રિયા જોઈએ, એમ નથી. દેહાશ્રિત પ્રવૃત્તિ માત્ર આત્માનું સ્વરૂપ નથી, તે આત્માને આધીન નથી. દેહની ક્રિયાથી ધીમે ધીમે આત્મગુણ ઊઘડશે એમ જે માને છે, તેને અંદરના અનંત અવિકારી ગુણની શ્રદ્ધા નથી. આત્માની ક્રિયા આત્મામાં થાય છે તે અહીં બતાવાય છે. જે અંતરંગ પરમાર્થને સમજતો નથી તેને અંદર લક્ષ કરાવે છે, 'જો આ નિશ્વાસ કરે છે તે આત્મા છે. પરથી લાભ-હાનિ માની જે પરમાં વિશ્વાસ કરે છે તેને સ્વ તરફ વાળ, પર ચીજની તારામાં નાસ્તિ છે, તું સદાય શ્રદ્ધા જ્ઞાન-ચારિત્ર વગેરે અનંત ગુણનો પિંડ છો,' એમ ભેદથી અભેદનું લક્ષ કરી ગુણ-ગુણીના એકતા કરે છે, તે આત્માની અરૂપી ક્રિયા છે. ત્યાં અખંડ આત્મા પ્રથમ શ્રદ્ધામાં આવે છે અને રાગથી જરા જુદો પડી નિર્વિકલ્પ આનંદ આવે છે, તે આત્માની ક્રિયા છે. આ માત્ર વાતો નથી, આ તો યથાર્થ અંતરની ક્રિયા છે. એવો મહિમા જેને આવે છે કે 'અહો! આવો અખંડ સ્વભાવ અંદર જ છે તેને હું બહાર શોધતો હતો.' આવા વસ્તુસ્વભાવને પ્રાપ્ત કરવા માટે બહારના કોઈ સાધનની કે શુભ વિકલ્પની પણ જરૂર પડતી નથી. એવા નિર્મળ ભાવશ્રુત જ્ઞાનથી કેવળ શુદ્ધ આત્માને જ તે જાણે છે. તે શ્રુતકેવળી છે, તે જ પરમાર્થ છે. કેવળજ્ઞાન થયાં પહેલાં આત્માના સ્વભાવ ભાવને જાણનારો હોવાથી શ્રુતકેવળી છે.

અંદર અભેદ સ્વરૂપના લક્ષે ગુણદ્વારા ગુણીને તેમાં એકાગ્ર થયો, તેથી તે પરમાર્થ શ્રુતકેવળી છે.

જેમ 'સાકર' શબ્દનું જ્ઞાન તે મતિજ્ઞાન છે, પછી 'સાકર' પદાર્થ આવો છે એમ

જાણ્યું તે શ્રુતજ્ઞાન છે, તેમ 'આત્મા' શબ્દનું જ્ઞાન મતિજ્ઞાન છે અને 'આત્મા' અખંડ, નિર્મળ, એકરૂપ જ્ઞાયક વસ્તુ છે એવો ખ્યાલ કર્યો તે શ્રુતજ્ઞાન છે; તેમાં બહારનું કોઈ સાધન નથી, એકલા જ્ઞાને જ તેમાં કામ કર્યું છે. જેમ સાકરનો સ્વાદ લેતી વખતે બીજા સ્વાદનું લક્ષ નથી. તેમ મનના જોડાણના બુદ્ધિપૂર્વકના વિકલ્પથી જરા છૂટી એકરૂપ આત્માને અંતરલક્ષમાં લીધો અને ઠર્યો ત્યારે અંદરમાં નિરાકુળ શાંતિ છે, તે વખતની 'પરમાર્થશ્રુત'ની આ વાત છે.

શ્રુતની સાકર પદાર્થ જાણ્યો હતો, (સાકર જુદી ચીજ છે) તેમ સ્વ વલણ-વડે ભાવશ્રુતમાં અખંડ વસ્તુને ખ્યાલમાં લેતાં 'આત્મા આવો જ છે' એવા અભેદ લક્ષથી ઠરે છે, ત્યારે અખંડ આનંદ આવે છે, આવી દશા ચોથા ગુણસ્થાને પણ હોય છે

કોઈ કહે :—કેવળજ્ઞાનની—તેરમી ભૂમિકાની—આ વાત છે, તો તેમ નથી. સમયસારમાં આ સમ્યક્દર્શનની જ વાત છે; એમાં પરમાર્થે ઠર્યો તેને ભાવશ્રુત ઉપયોગ નીચલી દશામાં છે, તોપણ પૂર્ણના કારણરૂપે છે, તેથી શ્રુતકેવળી પરમાર્થે છે.

ભાઈ રે! અનંતકાળની મોંઘી જે વાત કહેવાય છે, તે સમજવાનો ઉત્સાહ થવો જોઈએ. જેમ માતેલો સાંઢ ઉકરડા ઉથામે ને ધૂળ, રાખ, વિષ્ટા, આદિ કચરો પોતાના જ માથે નાખે. રાડાં, રાખ આદિના મોટા ઉકરડામાં માથું મારી ફુંફાડા મારે અને માને કે 'મેં કેવું જોર કર્યું! કેટલું બધું તોડ્યું! ફીંદયું!' પણ સાંઢનું તે તોફાન મફતનું છે. તેમ સંસારના કામ અમે કાંઈક કરી નાંખીએ, એવા અભિમાનનું મફતનું તોફાન કરી તેમાં હર્ષ માને છે. અજ્ઞાન ભાવમાં સંસારના ઉકરડા ઉથામવાનું જોર કરી જગત ઉછાળા મારે છે, પણ તેમાં કાંઈ હાથ આવતું નથી. અંદર જ્યાં માલ ભર્યો છે, ત્યાં ડોકીયું કરી જીવ માથું મારતો નથી.

આત્મા એકરૂપ જ્ઞાયક, ધ્રુવ, ટંકોત્કીર્ણ વસ્તુ છે, તેને વિવેકનું માથું મારી જાગ્રત કરવો છે. અનાદિકાળથી અજ્ઞાનમાં ઉછાળા માર્યા, હવે તે પરથી મમતામાં ઊંઘી રહેવું પાલવશે નહિ.

પ્રથમ તો સર્વજ્ઞના ન્યાયથી વિરોધ વગરનું સાચું જ્ઞાન મેળવીને તે જ્ઞાન દ્વારા આત્મામાં ઠરવાનો પ્રયત્ન કરે છે, તે જ્ઞાન જ સર્વશ્રુત છે, કેમ કે સર્વ આગમ—શાસ્ત્રોનું રહસ્ય આખા આત્માને જાણીને ઠરવું તે છે, માટે અધૂરી દશામાં પૂર્ણને પહોંચવાનો અભિપ્રાય વર્તે છે, તેથી તેને ભાવશ્રુત જે દ્વાંદશાંગ તેનું રહસ્ય આવી ગયું છે. ઠરવાના વિચાર વખતે રાગનો અંશ છે, પણ ઠરવાની તદ્દન સન્મુખ થયેલું જ્ઞાન છે, તે જ ઠરવાનું કારણ છે, તેથી તેને ભાવશ્રુત કહી દીધેલ છે.

જે કાર્ય ઉત્કૃષ્ટ શ્રુતકેવળી કરે તે જ કાર્ય શ્રુતજ્ઞાની પણ કરે છે. તેણે બાર અંગનું રહસ્ય જાણ્યું છે. એ આશયથી સર્વશ્રુતજ્ઞાન વડે આત્મા જ જાણવા માટે ભેદ પાડી વિચાર કરે, પણ તેમાં ઠર્યો નથી. તે વ્યવહાર શ્રુતકેવળી છે અને જ્યારે ઠર્યો તે પરમાર્થ શ્રુતકેવળી છે.

આ વસ્તુ ઝીણી છે, ગુરુગમથી સમજવા જેવી છે. આ તો પ્રથમમાં પ્રથમ પાયાની જ વાત છે. આચાર્ય પીંખી પીંખીને તત્ત્વ સમજાવ્યું છે. અહો! આ સમજે તો અંદરથી આત્મ ભગવાનનો અપૂર્વ ભણકાર આવે અને આ સમજ્યા વિના બીજું બધું કર્યું તે થોથાં છે. સાંસારિક વ્યવહારમાં દયા, સેવાની વાત તો અંતરમાર્ગથી દૂર છે જ, પણ ધર્મના નામે જેટલા કર્તવ્ય, પુણ્ય, દયા, દાન, પૂજા, પ્રભાવના, મહાવ્રત વગેરે કર્યા તે પણ પરમાર્થ વગર એકલાં થોથાં જ છે, આવું જે પરમ સત્ય તે જ ત્રણેકાળના સર્વજ્ઞોએ કહ્યું છે. તેને જ બરાબર સમજે તેને અંતર તત્ત્વનો મહિમા આવે જ.

'સર્વશ્રુત' માં અજબ ગંભીર અર્થ છે. પંચેન્દ્રિય ઢોરમાં પણ અલ્પજ્ઞને શ્રુતકેવળીપણું છે, તેને પણ પરમાર્થ ભાવશ્રુત—આત્માનો અભેદ ઉપયોગ થાય છે. નવતત્ત્વના નામ પણ તેને ન આવડે છતાં ભાવમાં—આશયમાં—તેને સર્વશ્રુત હોય છે; ઢોરમાં પણ જ્ઞાનીપણું હોય છે. પૂર્ણના ઠરવાના વિચારમાં જે વર્તે છે, તે તિર્યંચ, મનુષ્ય વગેરે બધા શ્રુતજ્ઞાનીને 'સર્વશ્રુત' વ્યવહારથી કહેવાય છે.

જ્ઞાનગુણને પ્રધાન કરીને (મુખ્ય કરીને) આત્માને 'જ્ઞાયક' કહેવાય છે. જ્ઞાનગુણ પોતે સવિકલ્પ છે. એટલે કે તે પોતાને અને પરને જાણનાર છે અને જ્ઞાન સિવાય બીજા કોઈ ગુણમાં સ્વ-પરને જાણવાનું સામર્થ્ય નથી, જેથી જ્ઞાન સિવાય બધા ગુણો નિર્વિકલ્પ છે.

અહીં તો અંતર પરિણામની ધારા જોવાની સૂક્ષ્મ વાત છે, શુભભાવ ઉપર બીલકુલ વજન નથી. કોઈ કહે 'અમારા શુભભાવને ઉડાડે છે;' પણ ભાઈ રે! અહીં તત્ત્વ સમજવામાં, તેના વિચારમાં જે શુભભાવ સહેજે આવે છે તેવા ઊંચા શુભભાવ ક્રિયાકાંડમાં નથી. અરે! એક કલાક ધ્યાન રાખી તત્ત્વને સાંભળે તોપણ શુભભાવની ટંકશાળ પડે અને શુભભાવની સામયિક થઈ જાય. તો પછી જો ચૈતન્યની જાગૃતિ લાવી નિર્ણય કરે તો તેની તો વાત જ શી! તત્ત્વજ્ઞાનનો વિરોધ ન કરે અને જ્ઞાનીને શું કહેવું છે તે સાંભળે તો તેમાં શુભરાગનું જે પુણ્ય બંધાય તેના કરતાં પરમાર્થના લક્ષ સહિત સાંભળનારને ઉતકૃષ્ટ પુણ્યના શુભભાવ થઈ જાય છે. તત્ત્વ સાંભળવામાં શુભભાવ રાખે તોપણ આવું શુભ સાંભળવાનો જોગ ફરી મળે, પણ તે પુણ્યની કિંમત શી? પુણ્યથી માત્ર

સાંભળવાનું મળે પણ તેમાં જાતને ભેળવીને સત્યનો નિર્ણય ન કરે તો થોથાં છે. પુણ્યથી ધર્મ થાય એમ માને, અંતર ગુણમાં તેની મદદ માને તેનો તો નિષેધ હોય જ. પુણ્યબંધન વિકાર છે, તેને ધર્મ માને તેનો ત્રણેકાળના જ્ઞાનીઓ નિષેધ કરે છે. પુણ્ય વિકાર છે, તેનાથી અવિકારી આત્મધર્મ થતો નથી, માટે પુણ્યનો નિષેધ કહ્યો છે, પણ તેથી પુણ્ય છોડી પાપમાં જવાનું કહ્યું નથી; અશુભથી બચવા પૂરતો શુભભાવ જ્ઞાનીને પણ હોય છે પણ તેનાથી ધર્મ થશે એમ માનીને કોઈ શુભભાવ કરે, તો તેનાથી કોઈ કાળે અવિકારી આત્માને કાંઈ ગુણ થાય નહિ.

કદી આવું સાંભળવાની ધગશ કરી નથી, લૌકિકમાં તો પુણ્ય-પાપ કરવાની વાતો સાંભળવાનું મળે અને અહીં માંડ માંડ ધર્મ સાંભળવા આવે ત્યાં આવું ઝીણું આવે, એટલે 'આપણને નહિ સમજાય,' એમ આગળથી જ બંધવાળી દે છે. લૌકિક કળામાં તો જરાય અજાણ્યો રહેતો નથી.

લૌકિકમાં દેશકાળ મુજબ કાયદા ફરે પણ આ તો પરમાર્થની વાત છે, સાક્ષાત્ સર્વજ્ઞથી આવેલી વાત છે, તેના કાયદા ત્રણકાળ—ત્રણલોકમાં કોઈથી ફરે તેમ નથી.

મોંઘું તત્ત્વ કહીને, અનંતકાળે દુર્લભ વસ્તુ કહીને, આત્માનો મહિમા બતાવીને અભ્યાસ કરવા કહ્યું છે. તેની ઓળખાણનો મહિમા લાવી તેમાં ઠરવાની વાત ચાલે છે. તે સ્વભાવમાં મોંઘું નથી.

જેમ સ્વપ્ન વખતે 'આ સ્વપ્નું છે' એમ કહી શકાય નહિ અને કહેતી વખતે સ્વપ્નું હોય નહિ, તેમ અભેદ અનુભવ વખતે વિકલ્પથી કહી શકાય નહિ અને વિકલ્પ હોય ત્યારે કેવળ પરમાર્થનો અનુભવ હોય નહિ. પરમાર્થનું લક્ષ તો અખંડના લક્ષે જ થાય છે, વચ્ચે ભેદવિચાર હોય ખરા, પણ તે ભેદથી અભેદનું લક્ષ થતું નથી. અભેદના લક્ષે ભેદનો અભાવ કરે ત્યારે અભેદ પરમાર્થ પકડાય છે. ભેદથી અભેદને પકડાય એમ તો ઉપચારથી કહ્યું છે.

નિર્મળ ગુણની અવસ્થામાં ભેદ માત્ર વ્યવહારનો વિષય હોવાથી અભૂતાર્થ છે. ભેદરૂપ વ્યવહાર પરમાર્થમાં મદદ કરે નહિ. પરમાર્થનું લક્ષ કરી તેમાં ઠરે ત્યારે વ્યવહાર છૂટે. પછી જેટલું અંતરમાં સ્થિરતાનું વલણ ટકાવે તેટલો ભેદ ક્રમેક્રમે ટળતો જાય છે.

**ભવાર્થ :—**જે વિકલ્પ તોડીને ભાવશ્રુતજ્ઞાન દ્વારા અભેદરૂપ જ્ઞાયકમાત્ર શુદ્ધ આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે, એ તો પરમાર્થ (નિશ્ચય કથન) છે. વળી જે સર્વશ્રુતરૂપ જ્ઞાનને જાણે છે, અભેદ આત્માને જાણવાની વિચારમાં વર્તે છે, તે બધું જ્ઞાન પણ આત્મા તરફ ઢળતું હોવાથી તેણે આત્માને જ જાણ્યો છે, કારણ કે જ્ઞાન છે તે

આત્મા જ છે; તેથી જ્ઞાન—જ્ઞાની નો ભેદ કહેનારો જે વ્યવહાર તેણે પણ પરમાર્થે જ કહ્યો, બીજું કાંઈ કહ્યું નથી.

વળી પરમાર્થનો વિષય તો કથંચિત્ વચનગોચર પણ નથી. પરમાર્થને કહેવામાં વ્યવહાર નિમિત્ત થાય છે, તેથી અભેદનું લક્ષ કરનારને વ્યવહારનય જ પ્રગટપણે આત્માને સમજાવવામાં નિમિત્ત છે, એમ જાણવું. ૯—૧૦.

## ૧૧ મી ગાથાની ભૂમિકા.

તા. ૧૬-૭-૪૩.

આ અગિયારમી ગાથા અદ્ભુત છે.

અનંતકાળથી રઝળતાં જીવે આત્માનો સ્વભાવ જેવો છે તેવો જાણ્યો નથી. બાહ્ય પદાર્થના નિમિત્ત વિનાનો નિરૂપાધિક ગુણ તે સ્વભાવ. તેને યથાર્થપણે જાણ્યા વિના વ્રત કે ચારિત્ર સાચાં હોઈ શકે નહીં. ગુણ એટલે રજોગુણ, તમોગુણ કે સત્ત્વગુણ કહે છે તે અહીં નથી, પણ જે આત્મસ્વભાવ છે તે ગુણ છે. આત્મા અનાદિથી પરમાનંદ નિર્વિકલ્પ વીતરાગી વિજ્ઞાન છે. વર્તમાન ક્ષણિક અવસ્થા પૂરતો પુણ્ય-પાપનો શુભ-અશુભ ભાવ થાય છે તે કર્મના નિમિત્તાધીન થતો વિકારી ભાવ છે, પણ સ્વભાવ ભાવ નથી.

આત્મા અખંડ જ્ઞાન-આનંદની મૂર્તિ છે. તે જેવો સ્વાધીન અને પૂર્ણ છે, તેવો યથાર્થ લક્ષમાં ગ્રહણ કરે તો સહજ આનંદ આવ્યા વિના રહે નહીં.

જેમ કાચા ચણામાં સ્વાદ ભર્યો છે અને વર્તમાન કચાશના કારણે વાવ્યાથી તે ઊગે છે. કચાશને લીધે સ્વાદ જાણતો નથી છતાં તેમાં મીઠાશ ભરી છે. શેકવાથી તે મીઠાશ પ્રગટ થાય છે. ચણાનો ખરેખર ઊગવાનો સ્વભાવ નથી, જો તેનો ઊગવાનો નિત્ય સ્વભાવ હોય તો શેકાયા પછી પણ તે ઊગવો જોઈએ. વળી ચણામાં સ્વાદ ભર્યો જ હતો, તે ચણાથી પ્રગટ્યો છે; રેતી, અગ્નિ કે તાવડાના બાહ્ય સાધનથી તે ચણાનો સ્વાદ આવ્યો નથી. જો બહારના સાધનથી સ્વાદ આવતો હોય તો કાંકરાને પણ શેકવાથી સ્વાદ આવવો જોઈએ, પણ તેમ થતું નથી. અંદર સ્વભાવમાં હોય તો જ ગુણ પ્રગટે છે.

ભગવાન આત્મા દેહ, મન, વાણી, ઈન્દ્રિયો વગેરે જડ વસ્તુઓથી જુદો છે, તેમ

જ અંદર જે તૈજસ અને કાર્મણ એવાં રજકણોના બનેલાં બે શરીર છે. તેનાથી પણ જુદો છે. તે નિત્ય જ્ઞાન આનંદની મૂર્તિ છે, તેની ખબર વિના જે અનાદિનો અજ્ઞાની છે, તેને આનંદનો સ્વાદ આવતો નથી. વિકાર પુણ્ય-પાપ મારાં, એ વિકારરૂપ કચાશને લીધે સંસારની દુઃખરૂપ તુરાશ (કષાય, આકુળતા) નો સ્વાદ તેને આવે છે. વિકાર તે મારો સ્વભાવ નથી, હું અવિકારી છું, એમ અવિકારી સ્વભાવને નહિ જોતાં જે અજ્ઞાની રાગ-દ્વેષ, પુણ્ય-પાપની ક્રિયાથી આત્માનો સ્વભાવ ઉઘાડવા માગે છે, પુણ્ય-પાપ વિકારની મદદથી ગુણ માને છે, તેને આત્માનો નિર્મળ માર્ગ ખ્યાલમાં આવતો નથી. દેહની પ્રવૃત્તિથી કે કોઈ બાહ્ય સાધનથી ધર્મ નથી. ધર્મ ધર્મીમાં છે. તેને પ્રગટ કરવાનો ઉપાય સમ્યક્ શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન છે, તે વડે અજ્ઞાન નાશ પામે છે. જેમ ચણો શેકવાથી ફરી ઊગતો નથી, કારણ કે ઊગવાનો તેનો સ્વભાવ નથી, તેમ એકવાર અજ્ઞાનનો નાશ કર્યો પછી આત્માનો જન્મ-મરણ સ્વભાવ ન હોવાથી તે ભવ ભ્રમણનું જાય નહિ. (અલ્પ ભવ હોય તો તે પરમાર્થ દૃષ્ટિમાં ગણાય નહિ.) ભવભ્રમણનું કારણ પુણ્ય-પાપને પોતાનાં માનવા અને પરમાં મમતા કરવી તે છે. આત્માનો તે મૂળ સ્વભાવ નથી. પુણ્ય-પાપ તો પરલક્ષે, કર્મના નિમિત્ત આધીન થવાથી થાય છે. અજ્ઞાની અજ્ઞાન વડે પરને બંધનું નિમિત્ત બનાવે છે. એ અજ્ઞાનનો નાશ નિત્ય અખંડ જ્ઞાયક સ્વભાવના ભાન વડે થાય છે. અજ્ઞાનનો નાશ થાય છે, તેથી આત્માનો નાશ થતો નથી, આત્મા તો ત્રિકાળ ટકનાર અખંડિત દ્રવ્ય છે, તેથી આચાર્ય ભગવાન પ્રથમ સમ્યક્દર્શન પ્રાપ્ત કરવા આત્માનો અખંડ સ્વભાવ બતાવે છે, તેને પરથી તથા વિકારથી ભિન્ન જાણી તેની શ્રદ્ધા, તેનું જ્ઞાન અન તેમાં રમણતા કરાવવા અલૌકિક રીતે સમયસારજીની રચના કરી છે.

જ્ઞાન, આનંદ, શ્રદ્ધા, વીર્ય (આત્મબળ), અસ્તિત્વ (ત્રિકાળ હોવાપણું), વસ્તુત્વ (પ્રયોજનભૂત સ્વાધીન સ્વભાવપણું, કાર્ય કરવામાં પોતાનું સમર્થપણું), પ્રદેશત્વ (પોતાનો સ્વતંત્ર આકાર, પહોળાપણું) આદિ અનંત ગુણના પિંડપણે આત્મા છે. ગુણના ભેદ પાડ્યા વિના અખંડ તત્ત્વ સમજાવી શકાતું નથી, તેથી વ્યવહારે ભેદ પાડી કહે કે 'જે, વિશ્વાસ કરે છે તે ભગવાન આતમા છે' પરમાં વિશ્વાસ કરે છે તે કાલે કદાચ પાપનો ઉદય આવશે તો શું થશે? માટે પૈસા વગેરે સંઘરી રાખો, એમ કરનાર ભલે આત્માનો વિશ્વાસ નથી કરતો, પણ અપ્રગટપણે પૂર્વ કર્મનું અસ્તિપણું સ્વીકારે છે, તેથી આત્માનું અસ્તિપણું પણ પૂર્વે હતું, એમ તેમાં અપ્રગટપણે સ્વીકારાઈ જાય છે.

પૂર્વ કોઈ પાપના ભાવ કર્યા હોય તો પ્રતિકૂળતા આવે એમ, જોકે હજી કોઈ પ્રતિકૂળતા ભાળી નથી કે આવી નથી, તોપણ તેનો વિશ્વાસ કરે છે. જડ કર્મને કાંઈ ખબર નથી કે અમે કોણ છીએ અને કેવું ફળ આવશે પણ અજ્ઞાની પોતાને ભૂલી પરમાં

પોતાની અગવડતા કે સગવડતા માની બેઠો છે. આત્મા ધ્રુવ છે, સ્વતંત્ર તત્ત્વ છે, પરસંયોગ આધીન નથી, તેને કોઈ સંયોગની જરૂર પડે નહિ, ગમે ત્યારે સ્વભાવનો વિશ્વાસ કરવો હોય તો કરી શકે છે; તેને કોઈ કર્મો નડતાં નથી. જે પરનો વિશ્વાસ કરતો હતો તે પોતાના ગુણને સમજ્યા પછી પોતાના નિત્ય સ્વભાવનો વિશ્વાસ કરે છે.

જ્ઞાનગુણ આત્માનો સ્વાધીન ગુણ છે. જેમ મકાન બાંધવું હોય તો પ્રથમ તેના પ્લાન (આકાર) દોરી મકાન બંધાયા પહેલા તેનું જ્ઞાન કરી લે છે; તે જ્ઞાન પોતામાં કર્યું કે મકાનમાં? પોતામાં કર્યું તો જ્ઞાન સ્વાધીન કે પરાધીન? તારું જ્ઞાન પરાધીન નથી, તું નિત્ય જાણનાર સ્વરૂપે છો, તારું જ્ઞાન તારામાં જ નિત્ય પ્રાપ્ત છે.

ચારિત્ર તે આત્માનો ત્રિકાળી ગુણ છે. પરમાં ઠીક-અઠીકની કલ્પના કરી, પુણ્ય-પાપરૂપ વિકારી લાગણીનું વર્તન થાય છે તે ચારિત્ર ગુણની ઊંધી અવસ્થા છે. જે નિત્ય નિર્વિકારીપણે ટકે એવું શુદ્ધ વર્તન તે ચારિત્રગુણની નિર્મળ અવસ્થા છે. આત્મા તે ચારિત્રગુણ સ્વભાવપણે ત્રિકાળ રહેલો છે. આ પ્રમાણે આત્મામાં ત્રણગુણના ભેદ પાડી જુદા બતાવ્યા, પણ વસ્તુમાં તે ત્રણ ગુણો જુદાજુદા નથી, એક સાથે આત્મામાં છે; છતાં અજ્ઞાનીને એકલો 'આત્મા' ભેદ પાડ્યા સિવાય કહે તો તે સમજી શકે નહીં, તેથી વ્યવહારથી ભેદ પાડી, જે દર્શન, જ્ઞાન, ચારિત્રને નિત્ય પ્રાપ્ત છે તે 'આત્મા' છે, એમ મુખ્ય ત્રણ ગુણોથી ભેદ પાડી સમજાવે છે; પરમાર્થ વસ્તુમાં ભેદ નથી.

શરીર, મન, વાણીની પ્રવૃત્તિ આત્મા કરે છે એમ કહેવું તે તો વ્યવહાર પણ નથી, તેમ જ એકલો શુભરાગ તે પણ વ્યવહાર નથી. આત્મા અખંડ જ્ઞાન-આનંદમય પરમાર્થસ્વરૂપ, નિર્વિકલ્પ, અભેદ છે, તેને ગુણના નામ ભેદ પાડી સમજાવવો તે જ વ્યવહાર છે.

'હું જ્ઞાયક છું, નિર્મળ છું' એવા વિચારમાં મનના સંબંધનો શુભરાગ થઈ આવે છે, તે શુભરાગ આદરણીય નથી, પણ અખંડ વીતરાગી એકરૂપ જ્ઞાયક વસ્તુ જે પોતાનો આત્મા, તે જ પરમાર્થ વસ્તુ આદરવા યોગ્ય છે તે પરમાર્થના અભેદ અનુભવ વખતે વ્યવહારના વિકલ્પો છૂટી જાય છે.

ગમે તેવા ઊગ્ર પુરુષાર્થ સહિત અભેદ આત્મામાં ઠરવા જાય, તોપણ અંતર્મુહુર્ત જેટલો કાળ છદ્મસ્થને વચ્ચે વ્યવહાર આવ્યા વિના રહે નહિ.

દેહ વડે લેવું-મૂકવું તથા ખાવું-પીવું વગેએર દેહની બધી પ્રવૃત્તિ દેહના જ પરમાણુઓ કરે છે. જડની શક્તિ જડથી પ્રવર્તે છે, છતાં 'હું કરું છું' એવા અજ્ઞાન ભાવે જે કરે છે તે મિથ્યાદષ્ટિપણું અનંત સંસારનું મૂળ છે. પર ચીજના કોઈ કાર્યનો કર્તા જીવ

વ્યવહારથી પણ નથી, છતાં અજ્ઞાની કર્તાપણું માને છે. જડ દેહાદિ કોઈપણ ચીજમાં આત્માનો વ્યવહાર હોઈ શકે નહિ.

**પ્રશ્ન :—**ત્યારે ભગવાને કહેલો વ્યવહાર કયો?

**ઉત્તર :—**આત્મા અનંતગુણનો અખંડ પિંડ, ત્રિકાળ ટકનાર ધ્રુવ સ્વરૂપ છે, તેને સત્સમાગમ વડે બરાબર જાણ્યા પછી અભેદ દૃષ્ટિ કરી તેમાં ઠરવા જતાં વચ્ચે વિકલ્પ સહિત જ્ઞાનની વિચારણા આવે છે તે વ્યવહાર છે. અભેદમાં સ્થિર થવા જતાં તે ભેદરૂપ વ્યવહાર વચ્ચે આવે છે ખરો, પણ તે ભેદ-અભેદનું કારણ નથી, અભેદનું લક્ષ જ અભેદ સ્થિરતાને લાવે છે, ત્યારે તે વ્યવહારને નિમિત્ત કહેવાય છે.

હવે વળી એવો પ્રશ્ન ઉઠે છે કેઃ—પહેલાં એમ કહ્યું હતું કે, વ્યવહારને અંગીકાર ન કરવો, પણ જો તે પરમાર્થને સમજાવવામાં તથા ઠરવામાં નિમિત્ત નીવડે છે, તો એવા વ્યવહાર ને કેમ અંગીકાર ન કરવો? પરથી ભિન્નપણે એક અખંડ વસ્તુમાં લક્ષ કરવા 'હું જ્ઞાન છું, હું દર્શન છું,' એવા ભેદ પાડવા તે વ્યવહાર છે, એવો ભેદરૂપ વ્યવહાર તે અભેદરૂપ પરમાર્થમાં નિમિત્ત કેવી રીતે થાય છે.

**ઉત્તર :—**પ્રથમથી જ ભેદને છોડવા યોગ્ય છે એમ જાણીને અખંડ તત્ત્વને દૃષ્ટિમાં લે તો વચ્ચે આવેલો વ્યવહાર નિમિત્ત થાય છે. (નિમિત્ત એટલે શરૂઆતમાં હાજર હોય અને પરિણતિ વખતે જેનો અભાવ થાય તે.) શુભ વિચાર નિમિત્તરૂપે પ્રથમ હાજર હોય છે પણ તેના અવલંબન વડે કાર્ય થતું નથી. ટેકાથી આઘો ખસે, (વ્યવહારનું અવલંબન છોડે) ત્યારે અભેદના લક્ષે પરમાર્થને પહોંચે છે. જેમ કોઈ ઝાડની ઊંચી ડાળી પકડવા માગતું હોય તે નીચેના ટેકાને છોડી કૂદકો મારે તો જ ડાળ પકડાય છે, ત્યાં ટેકાથી હાજરીને નિમિત્ત કહેવાય પણ જો ટેકાને જ વળગી રહે અને કુદકો ન મારે તો ડાળ પકડાય નહિ અને ટેકાને નિમિત્ત પણ કહેવાય નહિ. તેમ આત્મા અખંડ જ્ઞાનસ્વરૂપે છે, તે ભેદ પાડ્યા વગર પકડી શકાય તેવો નથી, તેથી પ્રથમમાં પ્રથમ અખંડ વસ્તુ સમજવા માગે તો એકેક જુદા ગુણનો વિચાર આવે છે, તે વ્યવહાર છે.

લોકો કહે છે, કે 'સમયસારમાં વ્યવહારે ઊડાડ્યો છે.' પણ તે કઈ અપેક્ષાએ? વ્યવહાર અસત્યાર્થ છે તે ભુતાર્થને જાણનારા જ સમજી શકે છે. તે વાત અહીં કહેવાય છે. આ વાત અનંતકાળમાં જીવ સમજ્યો નથી, એવી અપૂર્વ છે. અંતરની તૈયારીથી એકવાર સમજે તો મોક્ષ થયા વિના રહે નહિ. પરમાર્થને જાણતાં વચ્ચે જ્ઞાનાદિના ભેદ પડે તે વ્યવહાર છે. લોકોએ બાહ્ય ક્રિયામાં વ્યવહાર વગેરે માન્યું છે પણ તે બધું ધર્મથી જુંદું છે. અંતરનો અપૂર્વ ધર્મ ધીરજથી સમજવા માગે તો સમજી શકાય તેવો છે.

વર્તમાનમાં તો સર્વજ્ઞ વીતરાગ ભગવાનનો આશય લગભગ ભુલાઈ ગયો છે; પક્ષાપક્ષીના જોરે જિનશાસન પીંખાઈ રહ્યું છે. પરમ સત્ય શું? તે સાંભળવા મળવું દુર્લભ થઈ પડ્યું છે. તે બધાનું કારણ પોતાની પાત્રતાની ઓછપ છે અને તેથી લોકો પરમાર્થમાં વચ્ચે આવતો વ્યવહાર સમજે નહિ અને વિરોધ કરે. ગુણમાં વિચાર દ્વારા ભેદ પાડી અખંડને સમજાવું તે વ્યવહાર છે, બીજો વ્યવહાર નથી, એમ અહીં આચાર્યદેવ કહે છે. હવે તે વ્યવહાર પણ અભૂતાર્થ છે તેમ આ અગિયારમી ગાથામાં કહેશે.

સંસારમાં પણ જે ગોઠ્યું તેનો મહિમા સૌ ગાય છે. બાપા લીલી વાડી મૂકતા ગયા. આપણી બધી ચિંતા મટાડતા ગયા એમ માની દુનિયા ગોઠ્યાનાં વખાણ કરે છે, પણ તેમાં આત્માનું જરાપણ હિત નથી. મરનારો તો તેની મમતા સાથે લઈને ગયો છે. લોકો બોલે છે કે 'જેને બાળા તેને શા દુકાળા?' સંસારમાં જે વસ્તુમાં પ્રીતિ છે તેમાં મોળું સંભારતો નથી. જેમાં પ્રીતિ છે તેનો વિશ્વાસ કરે છે; નાનો છોકરો ઠીક દેખાય તો વખાણ કરે કે 'ભારે હોશિયાર છે, કુટુંબનું દળદર કાઢશે.' એમ પ્રીતિથી કહે; પણ ભવિષ્યમાં ચાકરી નહિ કરે અને લાકડી મારશે તો? એવું રાગને વશે સાંભરનું નથી. સંસારની સંયોગી (અનિત્ય) આ ચીજ છે તેનો વિશ્વાસ કરે છે, તેને પલટવી અંતરમાં એકવાર શ્રદ્ધા કર કે મારામાં બધા ગુણ પૂર્ણ તાકાતપણે ભર્યો છે. હું તો જ્ઞાતા–સાક્ષી જ છું. રાગ-દ્વેષ, મમતાપણે હું નથી, એવી અંતરથી શ્રદ્ધા લાવી વાસ્તવિક પૂર્ણ તત્ત્વને યથાર્થ જાણે, તો વર્તમાનમાં જ નિશ્ચય થાય છે કે હવે સંસારમાં રખડવાનો નથી. એક-બે ભવમાં જ મોક્ષ પ્રાપ્ત કરીશ જ.

જ્ઞાન પોતાનો સ્વભાવ છે. પચાસ-સાઠ વર્ષ પહેલાંની વાત યાદ કરવી હોય તો તે સંભારવા જ્ઞાનમાં ક્રમ પાડવો પડતો નથી. તેમ કાપડના પચાસ તાકા ઉપરા ઉપર ખડક્યા હોય તેમાંથી નીચેનો તાકો કાઢવો હોય તો ઉપરના તાકા ફેરવ્યા પછી જ નીચેનો તાકો નીકળે, તેમ જ્ઞાનમાં ક્રમ પડતા નથી. પચાસ વર્ષ પહેલાંની વાત યાદ કરવા માટે વચલા ઓગણપચાસ વર્ષની વાતને સંભારવી પડતી નથી, કારણ કે જ્ઞાન સાદય જાગૃત જ છે. જે રીતે ગઈ કાલની વાત યોદ આવે છે તે જ રીતે જ્ઞાનમાં પચાસ વર્ષ પહેલાંની વાત યાદ આવી શકે છે. જ્ઞાનમાં કાળભેદ પડતાં નથી, કાળને ખાઈ જાય એવો અરૂપી, જ્ઞાનમૂર્તિ આત્મા છે. જ્ઞાનમાં અનંત સામર્થ્ય છે, તેથી પચાસ વર્ષ પહેલાંની વાત પણ ઝટ યાદ આવી શકે છે, તેમાં ક્રમ પાડવો પડતો નથી કે બહારમાં લંબાવું પડતું નથી. અનંતકાળથી પોતે જ્ઞાનસ્વરૂપ જ રહ્યો છે, જ્ઞાન તાજું ને તાજું રહે છે, જ્ઞાન કરવામાં કોઈ પણ વખતે પરસંયોગ, પરક્ષેત્ર કે પર કાળ કોઈનો આશ્રય લેવો પડતો નથી.

જ્ઞાન અરૂપી છે, તેથી ગમે તેટલું વધી જાય તોપણ તેનું વજન લાગતું નથી. પચાસ વર્ષો સુધીમાં ઘણાં પુસ્તકો જાણ્યાં, માટે જ્ઞાનમાં ભાર વધી જતો નથી; એ રીતે જ્ઞાનનું વજન નથી, માટે અરૂપી છે.

જ્ઞાન શુદ્ધ અવિકારી છે, જ્ઞાનમાં વિકાર નથી. જુવાનીમાં ક્રોધ, માન, માયા, લોભ ખૂબ સેવ્યા હોય, વિકારી ભાવોથી ભરેલી, કાળા કોયલા જેવી જિંદગી ગાળી હોય, પણ પછી જ્યારે તે જ્ઞાનમાં યાદ કરે ત્યારે જ્ઞાન સાથે તે વિકાર થઈ આવતો નથી, તેથી જ્ઞાન પોતે શુદ્ધ અવિકારી છે. જો વિકારી હોય તો પૂર્વ વિકારનું જ્ઞાન કરતાં તે વિકાર પણ સાથે આવવો જોઈએ, એટલે કે જ્ઞાન કરતી વખતે આત્મા વિકારી થઈ જવો જોઈએ પણ તેમ થતું નથી. આત્મા પોતે શુદ્ધ અવસ્થામાં રહીને વિકારનું જ્ઞાન કરી શકે છે, અવસ્થામાં પરના અવલંબનથી ક્ષણિક વિકાર થાય છે, તેને અવિકારી સ્વભાવના ભાન વડે સર્વથા તોડી શકાય છે. નાશ થયો તે આત્માનો સ્વભાવ હોય નહીં, તેથી વિકાર આત્માનો સ્વભાવ નથી.

આ રીતે જ્ઞાનમાં ત્રણ શક્તિ કહી :—

૧. જ્ઞાનમાં કાળભેદ નથી. ૨. જ્ઞાનને વજન નથી. ૩. જ્ઞાન શુદ્ધ અવિકારી છે. જ્ઞાનનું આ સ્વરૂપ સમજવા જેવું છે.

શિષ્યને પ્રથમ પ્રશ્ન છે કે—પ્રભુ! જ્ઞાનનાં ભેદરૂપ વ્યવહાર આત્માને અખંડપણે સમજાવવામાં નિમિત્ત થાય છે, તો તેને કેમ અંગીકાર ન કરવો? તે પ્રશ્નનો જવાબ અગિયારમી ગાથામાં કહે છે.

**ववहारोऽभूयत्थो भूयत्थो देसिदो दु सुद्धणओ ।**
**भूयत्थमस्सिदो खलु सम्माइट्ठी हवइ जीवो ।।११।।**

**વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;**
**ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે. ૧૧.**

**અર્થ** :—વ્યવહારનય અભૂતાર્થ છે અને શુદ્ધનય ભૂતાર્થ છે, એમ ઋષીશ્વરોએ દર્શાવ્યું છે; જે જીવ ભૂતાર્થનો આશ્રય કરે છે જીવ નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિ છે. ૧૧.

ત્રિલોકનાથ પરમાત્માએ કહેલાં કથન અનુસાર ભગવાન કુંદકુંદાચાર્યદેવ જગત ઉપર અપાર કરૂણા કરી જગતનું મહાન દાળદર (અજ્ઞાન) ટાળવા માટે સાચી શ્રદ્ધા કોને કહેવી તે અને તેનો પ્રથમમાં પ્રથમ શો ઉપાય છે, તે કહે છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



કોઈ કહે કે સમયસારમાં તો સાતમા ગુણસ્થાનની અને ઉપરની ભૂમિકાવાળા માટેની વાત છે, તો તેમ નથી; તેનો ખુલાસો આ અગિયારમી ગાથામાં છે.

મોક્ષમાર્ગમાં પ્રથમમાં પ્રથમ શું જોઈએ? તેનો ઉત્તર એ જ છે કે, સર્વજ્ઞનાં ન્યાય અનુસાર શુદ્ધ આત્માની યથાર્થપણે શ્રદ્ધા. સમ્યક્દર્શન વિના સમ્યગ્જ્ઞાન કે સમ્યક્ચારિત્ર ન જ હોય, માટે ધર્મનો પ્રથમ ઉપાય સમ્યક્દર્શન જ છે અને તે જ આ અગિયારમી ગાથામાં કહે છે.

શુદ્ધનયનો વિષય ત્રિકાળ એકરૂપ પરમાર્થ છે, માટે ભૂતાર્થ છે અને વ્યવહારનય અભૂતાર્થ છે. આત્મા અરૂપી, જ્ઞાયકસ્વભાવી, ધ્રુવ છે. મન, વાણી, દેહ તથા ઈન્દ્રિયોથી સદાય જુદો છે. દેહની કોઈ પ્રવૃત્તિનો કર્તા આત્મા નથી. દેહ તો સંયોગી ચીજ, પરમાણુનો બનેલો નાશવાન (—જુદા જુદા પરમાણુઓ વીખરાય જાય તેવો) પિંડ છે. જેને પાણી અને કાંકરા એક જગ્યાએ રહ્યા, તેથી એકરૂપ ન થઈ જાય તેમ દેહ સાથે એક ક્ષેત્રે ક્ષણિક સંયોગપણે આત્મા રહ્યો, છતાં તે દેહથી ભિન્ન જ છે.

અખંડ જ્ઞાયક વસ્તુ ત્રિકાળી એકરૂપ આત્મા તે જ ભૂતાર્થ. રાગની મલિન અવસ્થા અને ગુણ-ગુણીના ભેદ પાડનાર જ્ઞાનની અવસ્થા તે પણ ધ્રુવ નથી, માટે અભૂતાર્થ છે. રાગ અભૂતાર્થ એટલે ક્ષણિક છે, ત્રિકાળ ટકનાર નથી. સ્વરૂપમાં ઠરે તો રાગનો નાશ થઈ જાય છે, પણ જ્ઞાન ગુણનો કદી નાશ થતો નથી, તેથી રાગ અભૂતાર્થ છે.

ભંગરૂપ વ્યવહાર આત્માની સાથે કાયમ રહેનારો નથી, માટે તે પણ અભૂતાર્થ છે અને શુદ્ધ આત્મા ત્રિકાળ ટકનારો જ્ઞાયક તે જ ★ભૂતાર્થ છે. તેને શ્રદ્ધાના લક્ષમાં લેવો. જે જીવ ભૂતાર્થનો આશ્રય કરે છે તે જીવ નિશ્ચયથી સમ્યગ્દષ્ટિ છે.

## ટીકા

ભૂતાર્થ દૃષ્ટિવાળો જીવ જ્ઞાની છે. ભૂતાર્થ અખંડ સ્વભાવ ધ્રુવ છે તે જ આદરવા યોગ્ય છે અને વ્યવહાર તો વર્તમાન ભેદરૂપ—વિકારરૂપ છે ક્ષણિક છે; તેથી આદરવા યોગ્ય નથી.

અખંડ પદાર્થનું લક્ષ કરતાં વચ્ચે ભેદ વિચારમાં શુભ વિકલ્પ થઈ આવે છે, તે પુણ્યભાવ છે, બંધનભાવ છે, અસ્થાયી છે; તેથી અભૂતાર્થ છે, એટલે આદરવા યોગ્ય નથી.

★ (ભૂત—અર્થ)—ભૂત—નિત્ય ટકતો, છતો—અર્થ—પદાર્થ—વસ્તુ.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

નિશ્ચય આત્મામાં અને વ્યવહાર જડમાં એમ ન હોય, પર ચીજ સાથે આત્માને કાંઈ સંબંધ નથી. શરીરની કોઈ પ્રવૃત્તિ તથા બાહ્યની કોઈ ક્રિયા આત્માને આધીન નથી, કારણ કે પરવસ્તુ સ્વતંત્ર છે, તે કોઈને આધીન નથી.

બધું ન્યાયથી કહેવાય છે, સમજ્યા વગર માની લ્યો એમ કોઈ કહેતા નથી. વિચાર કરો તો બે તત્ત્વો એક બીજાથી તદ્દન જુદા છે.

આત્મામાં એકેક સમયની વર્તમાન અવસ્થા પૂરતો જે પરસંયોગ આધીન વિકાર છે તે પણ પર છે, કારણ કે આત્મા ટકે ત્યાં સુધી તે ટકનાર નથી. તેથી પુણ્ય-પાપ વિકાર હોવાથી તે અભૂતાર્થ છે. એ જ રીતે આત્માનો વિચાર કરતાં ગુણ-ગુણીના ભેદરૂપ વિચાર, વિકલ્પ અને અધૂરી અવસ્થાના ભેદ તે પણ વ્યવહારનયનો અસ્થાયી વિષય હોવાથી, અભૂતાર્થ છે; અને ત્રિકાળી એકરૂપ ટકનાર વસ્તુ શુદ્ધજ્ઞાયક આત્મા તે ભૂતાર્થ છે. તેને જ ગ્રહણ કરી તેની શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન છે. આ પહેલામાં પહેલો મોક્ષનો પાયો છે, આત્માના મોક્ષનું ખાતમુહૂર્ત છે, એમ સર્વજ્ઞ ભગવાન કહે છે.

જેમ મેડી ઉપર જતાં પહેલાં વચ્ચે દાદરનાં પગથિયાં આવે છે તે છોડવા માટે છે, પગ રાખી મૂકવા માટે નથી. પ્રથમથી જ ખ્યાલમાં છે કે પગ મૂકું છું તે ઉપાડવા માટે છે, તેમ જે અનાદિથી અજ્ઞાની છે તેને પરથી જુદો અખંડ પરમાર્થસ્વરૂપ આત્મા સમજાવતાં વચ્ચે ભેદ આવે છે તે કાઢી નાંખવા માટે છે, રાખવા માટે નથી. સમજનારને પોતાને પણ જેટલા વિકલ્પો છે તેનો આદર નથી, એમ અભેદ પરમાર્થ તરફ લક્ષ પ્રથમથી જ રાખવું જોઈએ. જેની પરમાર્થ ઉપર દૃષ્ટિ નથી તે પુણ્યમાં કે ભેદમાં જ રોકાઈ જાય છે. તે ત્રિકાળી નથી, અભૂતાર્થ છે. અભૂતાર્થ ભૂતાર્થનું કામ કરે નહિ. શુદ્ધનયનો વિષય ભૂતાર્થ છે, તેથી અખંડ ધ્રુવ જ્ઞાયક નિર્મળ સ્વભાવને પ્રથમ જ્ઞાનમાં ગ્રહણ કરવો.

હવે કોઈ પ્રશ્ન કરે કે—આત્મા અરૂપી નજરે દેખાતો નથી, તેને કેમ માનવો? તેનો ખુલાસો—સ્ત્રી, ધન, પુત્ર, આબરૂ વગેરેમાં સુખ છે એવું માન્યું છે, તે શેમાં જોઈને માન્યું છે? પરમાં જોઈને નક્કી કર્યું નથી, આંખ વડે સુખ દેખાતું નથી, છતાં માને છે. ‘સુખ આમાં છે.’ એવી કલ્પના કોણે કરી? જેણે નક્કી કર્યું તે નક્કી કરનારો જ આત્મા છે, મારી મને ખબર નથી એમ કોણે જાણ્યું? તે જાણનારો સદા જાણનાર સ્વરૂપે છે, અરૂપી સાક્ષીપણે છે, પણ પોતે પોતાની દરકાર કરી નથી, તેથી જાણતો નથી. સમજવાની ધગશ હોય તો પોતાનું સત્ત્વ પોતે જ છે, તે જરૂર સમજાય તેવું છે.

જ્ઞાની કહે છે કે ‘કાલે છોકરો મોટો થઈ જશે, પછી મોટો પગાર લાવશે, એવો

પરના ક્ષણિક સંયોગનો આશ્રય કરે છે, તેને છોડી દઈને અંદર પૂર્ણ સુખસ્વભાવ છે ત્યાં લક્ષ કરીને ઠર! તો સિદ્ધ પરમાત્માના ગુણોનો અંશ ઊઘડી પૂર્ણના લક્ષે તું પરમાત્મા થઈ જઈશ!

પરને માનતાં વિકારથી પરાધીનતા આવે છે. સ્વને માનવામાં વિકારની પરાધીનતા નથી. વિકાર (પરાધીનતા) વિનાની દૃષ્ટિનો વિષય ત્રિકાળી જ્ઞાયક અખંડ આત્મા છે, તે નિર્મળ એકરૂપ ધ્રુવ સ્વભાવ જ આદરણીય છે, એવી જેને શ્રદ્ધા છે તે ધર્મી જીવ સમકિતી છે.

તા.૧૭—૭—૧૯૪૩.

આજે અષાઢ વદી એકમ છે. સનાતન જૈન ધર્મમાં અષાઢ વદી ૧, એટલે બેસતું વર્ષ છે. પૂર્ણિમા એટલે પૂર્ણ માસ, ત્યારે મહિનો પૂરો થાય છે. અમાસ એટલે અર્ધમાસ. ત્રિકાળ નિયમ પ્રમાણે આજે બેસતું નવું વર્ષ છે.

આજે મહાવીર ભગવાનની દિવ્ય ધ્વનિનો પ્રથમ દિવસ છે. તેમને વૈશાખ સુદ દસમે કેવળજ્ઞાન પ્રગટ્યું હતું. તે વખતે ઈન્દ્રોએ સમવસરણની અદ્‌ભુત રચના કરેલી, તેને ધર્મ સભા કહેવાય છે. ત્યાં એકી સાથે અનેક દેવ-દેવીઓ, મનુષ્યો, તિર્યંચો ધર્મ સાંભળવા આવે છે, એવી ધર્મસભાની રચના તો થઈ, પણ (કેવળજ્ઞાન થયા પછી) છાંસઠ દિવસ સુધી ભગવાનના મુખથી વાણી ન છૂટી, હોઠ બંધ હોય છે; સર્વાંગેથી 'ૐકાર' એવી એકાક્ષરી દિવ્યધ્વનિ છૂટે છે. તેનો એવો અતિશય છે કે તેને સાંભળનારા પોતપોતાની ભાષામાં પોતાની યોગ્યતા મુજબ સમજી જાય છે. દિવ્ય ધ્વનિઓ મહાનયોગ તીર્થંકર ભગવાનને તેરમી ભૂમિકામાં સહજ હોય છે. ત્રણકાળ-ત્રણલોકના સર્વ પદાર્થોને એક સાથે એક સમયમાં જાણ્યા કરે તેવું અખંડ જ્ઞાન તેમને વર્તે છે.

'હું પૂર્ણ થાઉં અને બીજા ધર્મ પામે' એવા અખંડ ગુણના બહુમાનની ભૂમિકામાં (શુભરાગમાં) તીર્થંકર ગોત્ર કર્મ બંધાય છે. તીર્થંકર થવા પહેલાના ત્રીજે ભવે કર્મ બંધાય છે.

મહાવીર પ્રભુએ કેવળજ્ઞાન દશા પ્રગટી પણ છાસઠ દિવસ સુધી ધ્વનિ ન છૂટી, તેનું કારણ એ હતું કે તે વખતે સભામાં ભગવાનની વાણી ઝીણી શકે એવો મહાન પાત્ર જીવ કોઈ હાજર ન હતો. ધર્મસભામાં હાજર રહેલા ઈન્દ્રે વિચાર્યું તો માલુમ પડ્યું કે

ભગવાનની વાણી ઝીણી શકે તેવો સર્વોત્કૃષ્ટ પાત્ર જીવ આ સભામાં હાજર નથી. તેવો પાત્ર જીવ ઈન્દ્રભૂતિ છે, એમ તેણે પોતાના અવધિજ્ઞાનથી નક્કી કર્યું, તેથી તેઓ નાના બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને ઈન્દ્રભૂતિ(ગૌતમ) પાસે ગયા. તેમનામાં (ગૌતમમાં) તીર્થંકર ભગવાનના વજીર થવાની એટલે કે ગણધર પદવીની યોગ્યતા હતી; પણ તે વખતે યથાર્થ ભાન ન હતું. હજારો શિષ્યની વચ્ચે તેઓ યજ્ઞ કરતાં હતાં; ત્યાં બ્રાહ્મણના વેશમાં જઈ ઈન્દ્રે કહ્યું કે, 'તમારે વાદ કરવો હોય તો મહાવીર પ્રભુ પાસે ચાલો. ગૌતમે કહ્યું ચાલો. ગૌતમ મહાવીર પ્રભુ પાસે જવા નીકળ્યા માનસ્થંભ પાસે પહોચતાં જ તેમનું માન ગળી ગયું, તે માનસ્થંભ ઓળંગીને ગૌતમ જ્યાં ધર્મસભામાં દાખલ થયા કે તરત જ ભગવાનની વાણી છૂટી. ગૌતમને આત્મભાન થયું. નિર્ગ્રંથ મુનિપદ પ્રગટ્યું, તે સાથે મનઃપર્યય જ્ઞાન થયું અને ગણધર પદવી મળી. ગણધરપદ મળ્યા પછી તેમણે આજની જ મિતિએ રાત્રિના આગલા-પાછલા બે પહોરના એક એક અંતમૂહૂર્તમાં જ બાર અંગ અને ચૌદપૂર્વની રચના કરી, તે સત્‌શ્રુતના રચનાનો દિવસ અને સર્વજ્ઞની દિવ્યધ્વનિ પ્રથમ છૂટ્યાનો દિવસ આજનો જ છે. ઉત્કૃષ્ટ ધર્મ સમજવાને પાત્ર જીવ થાય ત્યારે તેને નિમિત્તરૂપ વાણી મળ્યા વિના રહે નહી. ઝાડ ઊગવાના હોય ત્યારે વરસાદ ન પડે એવું બને નહીં.

આ વાત કોઈને ન બેસે, ન માનવામાં આવે, તેથી અસત્ય ન થઈ જાય. આ વાત આમ જ છે. તે ન્યાયથી યુક્તિથી અને આગમથી વગેરે બધા પ્રમાણથી નક્કી થઈ શકે છે.

આત્માના અખંડ સ્વભાવને લક્ષમાં લેવો તે જ પ્રથમ ધર્મ છે. તેના વિના બીજું બધું જીવ અનંતવાર કરી ચૂકયો. એક સેકંડમાં કરોડો રૂપિયા પેદા કરે તેવો રાજા પૂર્વે અનંતવાર થઈ ગયો છે. તે કાંઈ અપૂર્વ નથી, પણ ચિદાનંદ આત્માની યથાર્થ ઓળખાણ કરવી તે જ અપૂર્વ છે.

વ્યવહારનયને અભૂતાર્થ અને પરમાર્થને ભૂતાર્થ કહ્યો તેમાં બધા ભેદરૂપ પર્યાયનો નકાર કર્યો. બંધ અને મોક્ષ પર્યાય એવા ભેદ અને દર્શન જ્ઞાન ચારિત્રની પર્યાય તે ક્ષણિક છે; અખંડ એકરૂપ ત્રિકાળી ધ્રુવપણે ટકનાર નથી. અખંડ જ્ઞાયક સ્વભાવની દૃષ્ટિથી જોતાં નિર્મળ પર્યાય અભેદ સ્વભાવમાં સમાઈ જાય છે, પરમાર્થમાં જુદા ભેદ રહેતા નથી અને ક્ષણિક રાગનો ભાગ પણ ટળી જાય છે. વ્યવહારનય અભૂતાર્થ છે પણ સર્વથા અભાવરૂપ નથી.

'હું જ્ઞાન છું' એવો વિચાર ભેદ પડે તે રાગનો ભાગ, કર્મના સંબંધમાં

વિકારીભાવ વર્તમાન અવસ્થા પૂરતો ક્ષણિક છે. ભેદ દૃષ્ટિનો ક્ષણિક વિષય એટલે વ્યવહાર ત્રિકાળ વિદ્યમાન નથી.

શબ્દ, રૂપ, રસ, ગંધ, નિંદા, પ્રશંસા વગેરે કોઈ પણ પર પદાર્થ તરફ લક્ષ કરી, તેમાં ઠીક-અઠીકની વૃત્તિ કરવી તે પરવિષય છે; અને આત્માના સ્વભાવ તરફ લક્ષ કરી, વિકલ્પ ભેદ રહિત ત્રિકાળી અખંડ જ્ઞાનનંદ આત્માને માની તેમાં જ ઠરવું તે સ્વવિષય છે. તે સ્વવિષય જ ભૂતાર્થ દૃષ્ટિ એટલે સાચી દૃષ્ટિ છે.

અજ્ઞાન ભાવ અને પુણ્ય-પાપના ભાવ તે આત્માનો સ્વભાવ નથી, એમ જાણી શ્રદ્ધામાંથી પ્રથમ જ તે ભાવો છોડવા જેવા છે, પણ અંતરમાં ઠરવા માટે જે શુભ વિકલ્પ થાય તે પણ છોડવા જેવા છે. આત્માનાં અખંડ સ્વભાવમાં ભેદ પડે તે પણ અભૂતાર્થ છે, મલિન ભાવ છે, તેથી તે આદરણીય નથી. ત્રિકાળ એકરૂપ નિર્મળ જ્ઞાયક સ્વભાવ આત્માનો છે, તે ભૂતાર્થ છે, સત્યાર્થ છે, પરમાર્થ છે, ને તેથી તે આદરવા યોગ્ય છે.

બંધ અને મોક્ષ તો અવસ્થા દૃષ્ટિથી છે, તેમાં પર નિમિત્તના સંયોગના હોવા ન હોવાની અપેક્ષા આવે છે. તેના તરફ લક્ષ કરવા જતા રાગ થઈ આવે છે, એ વિકારપણે હું નથી, પણ અનાદિ, અનંત, ધ્રુવ, અખંડ, નિર્મળ સ્વભાવપણે છું, એવી દૃષ્ટિ તે શુદ્ધ નય છે અને તે દ્વારા પૂર્મ અભેદ આત્માની શ્રદ્ધા થાય છે. આવી દૃષ્ટિ ગૃહસ્થ દશામાં પ્રગટ કરી શકાય છે.

પ્રથમ વ્યવહારની ક્રિયા જોઈએ, એમ ભેદની કડાકૂટમાં લોકો ધર્મ માની રોકાઈ જાય છે, તેથી અંતરનો પરમાર્થ દૂર રહી જાય છે. આત્મા તો પરમાં કર્તા-ભોક્તાપણા વિનાનો અરૂપી આનંદઘન ભગવાન છે, સદાય જાણનાર સ્વરૂપે છે, પરમાં ઠીક-અઠીક કરવાપણે કરે નથી. આત્મામાં શું ભાવ વર્તે છે? તે જોવાની ખબર નથી, તેથી બહારથી નક્કી છે. ધર્મના બહાને ધર્મ કરૂં છું એમ અનાદિનું અભિમાન કર્યું છે. પણ ધર્મ એટલે પરનિમિત્ત રહિત આત્માનો પૂર્ણ સ્વાધીન સ્વભાવ છે, આવું જાણપણું આત્માએ અનંતકાળમાં કર્યું હોય તો પૂર્ણ પવિત્ર સ્વભાવની રાપ્તિ થયા વગર રહે નહીં. અખંડ પૂર્ણ સ્વભાવનું યથાર્થ લક્ષ કરવાથી સમ્યગ્દર્શન પ્રગટે છે.

જેમ બીજ આખા ચંદ્રનો અંશ છે, તે ત્રણ પ્રકાર બતાવે છે.

(૧) બીજ આખા ચંદ્રને બતાવે; (૨) બીજ બીજને બતાવે એટલે કે કેટલી નિર્મળતા છે, તે બતાવે; (૩) આવરણ કેટલું બાકી છે, તે પણ બતાવે; તેમ આત્મભાન થતાં સમ્યગ્જ્ઞાન કળારૂપ બીજ, (૧) હું પૂર્ણ નિર્મળ પરમાત્મા જેવડો જ છું એમ આખા ધ્રુવ સ્વભાવને બતાવે; (૨) સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન શ્રદ્ધાની તાકાત અને સ્વ-પરની

જુદાઈ બતાવે; અને (૩) આવરણ અને વિકારભાવ કેટલો છે તે પણ બતાવે.

વ્યવહારમાં ભેદ દ્રષ્ટિનો આશ્રય હોવાથી રાગ ઉપજે છે, તેના ફળરૂપે સંસારમાં જન્મ-મરણ થાય છે; પણ અખંડ જ્ઞાનાનંદની પૂર્ણ પવિત્ર દશા સ્વરૂપ મોક્ષ તે (ભેદના અવલંબને) પ્રગટે નહીં. વ્યવહારના બધા ભેદ અભૂતાર્થ છે, રાગ તો અસદ્ભુત વ્યવહારનો વિષય છે. વર્તમાન દર્શન-જ્ઞાન-ચારિત્રની અધૂરી પર્યાય પણ સદ્ભુત વ્યવહાર છે. બંધમોક્ષ પણ પર્યાય છે, તેનું લક્ષ કરવાથી પુણ્ય-પાપના ભેદરૂપ વિકલ્પ ઊપજે છે. પૂર્ણ અખંડને જાણતાં વચ્ચે શુભ વિકલ્પરૂપ વ્યવહાર આવ્યા વિના રહેતો નથી, પણ તે શુભરાગ વિકાર છે. તેનાથી આત્માને કાંઈ ગુણ થતો નથી, માટે તે આદરવા યોગ્ય નથી. ગુણ-ગુણીના ભેદ શરૂઆતમાં સમજવા માટે આવે ખરા, પણ વસ્તુ જાણ્યા પછી લક્ષમાં લેવા જેવા નથી, એટલે કે અભેદની દ્રષ્ટિમાં તે ગૌણ થઈ જાય છે. ભેદનું લક્ષ છોડી અભેદનું લક્ષ ન કરે અને માત્ર વ્યવહારમાં જ રોકાઈ રહે તો અખંડ ચિદાનંદનું લક્ષ થઈ જ્ઞાન ઠરતું નથી.

અનાદિથી આત્મા જાણ્યો નથી. ત્યાં પ્રથમ પાત્રતા માટે તત્ત્વનો વિચાર જેટલી ચિત્તશુદ્ધિ તો હોવી જ જોઈએ, પણ તેવા શુભભાવ તો આત્માએ અનંતવાર કર્યા છે, તે બધો પુણ્યભાવ છે આત્મધર્મનો ભાવ નથી, તેથી તે છોડવા લાયક છે, એમ પ્રથમથી જ જાણવું જોઈએ.

શરૂઆતમાં શુભભાવ હોય અને જ્ઞાન થયા પછી પણ નીચલી દશામાં શુભભાવ રહે છે, પણ તે પરસંયોગ આધીન ક્ષણિક ભાવ છે. અભૂતાર્થ છે, તેથી આદરવા યોગ્ય નથી. આત્માનો સ્વભાવ ત્રિકાળી એકરૂપ જ્ઞાયકપણે રહેનાર ધ્રુવ છે, તે જ આદરવા યોગ્ય છે.

જેમ પ્રબળ કાદવના મળવાથી પાણીનો એકરૂપ સહજ નિર્મળ (સ્વચ્છ) સ્વભાવ ઢંકાઈ ગયો છે, પણ ટળી ગયો નથી. પાણી સ્વભાવે તો નિત્ય હળવું, પથ્ય અને સ્વચ્છ જ છે, પણ કાદવના સંયોગથી વર્તમાન અવસ્થામાં મેલું દેખાય છે. જેને જળમાં નિર્મળ સ્વભાવની ખબર નથી, મેલના સંયોગ વખતે પણ પૂર્ણ સ્વચ્છ સ્વભાવ જળમાં છે તેવી જેને શ્રદ્ધા નથી, એવા પાણી અને કાદવની જુદાઈનો વિવેક નહિ કરનારા ઘણા જીવો તો મલિન જળનો જ અનુભવ કરે છે. તેમ પ્રબળ કર્મના મળવાથી આત્માનો સહજ એક જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો છે, પણ ટળી ગયો નથી. આત્મા સ્વભાવે તો પરથી ભિન્ન, જ્ઞાયક, સ્વતંત્ર, નિર્મળ જ છે, પણ કર્મના સંયોગથી તે વર્તમાન અવસ્થામાં મલિન ભાસે છે. જેને આત્માના સહજ નિર્મળ એક જ્ઞાયક સ્વભાવની ખબર નથી. ક્ષણિક વિકારી

અવસ્થા વખતે પણ પૂર્ણ નિર્વિકારી સ્વભાવ આત્મામાં છે તેવી જેને શ્રદ્ધા નથી, એવા ઘણા જીવો તો પુણ્ય-પાપ, રાગ-દ્વેષ, દેહાદિને પોતાનું સ્વરૂપ માનનારા અજ્ઞાની છે. તેઓને પરથી ભિન્ન આત્માનો વિવેક નહિ હોવાથી પરને પોતાના સ્વરૂપે માને છે.

જેમ એક માણસ ઘણા વચ્ચે ઉભો રહેવા છતાં તેને શંકા પડતી નથી કે હું બધારૂપે ગયો હોઈશ થઈ ગયો હોઈશ તો! તેમ જડ પરમાણુ આંધળા અચેતન છે, તેની સાથે તું એકરૂપ થઈ ગયો નથી. તું તેને ભૂલીને અજ્ઞાન વડે રાગમાં રોકાય છે ત્યારે જડના સંયોગથી તને બંધનનો આરોપ આવે છે; પણ તું તે વિકારનો નાશક છો. અગ્નિ જેમ સર્વને બાળે છે તેમ ચૈતન્યમૂર્તિ આત્મા સર્વ વિકારનો નાશ કરે છે.

કોઈ કહે :—'સો ઉંદર મારીને બિલાડી પાટે બેઠી' એવી કહેવત અહીં લાગુ પડે કે નહીં? તેનું સમાધાન—'કાલનો પાપી આજે ધર્મી થઈ શકે છે' ભૂતકાળમાં ગમે તેટલા પાપો કર્યા હોય છતાં જે સમજવા તૈયાર થયો તે અપૂર્વ ભાન કરી જ્ઞાની થઈ શકે છે. જેણે મહા અધર્મ કર્યા હોય, ભૂતકાળમાં જૂઠાના થોક સેવ્યા હોય, તેને વર્તમાનમાં ધર્મ ન થઈ શકે એમ નથી. જે ભાવબંધન કર્યું તે ઉત્કૃષ્ટ ઊંધા ભાવનો કરનાર પણ પોતે જ હતો. જો તે સવળો પડે હવે ઉત્કૃષ્ટ નિર્વિકાર સ્વતંત્ર સ્વભાવની દૃષ્ટિ કરી બધી અશુદ્ધતાને તોડવાની બેહદ શક્તિ પ્રગટ કરી શકે છે. જે આત્મા ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાયોમાં વીર્ય જોડે છે, તેનું આત્મબળ હીણું પડી જાય છે, પણ જો પલટો ખાય તો બંધનના વિકારી ભાવોના બળ કરતાં અવિકારી સ્વભાવનું બળ અનતું છે તે પ્રગટે છે. એ બળની જાગૃતિથી બે ઘડીમાં કઠિયારા પણ કેવળજ્ઞાન પામ્યા છે. આગનો એક તણખો પણ કરોડો મણ ઘાસ બાળવાની શક્તિવાળો છે. આ ઉપરથી કોઈ એમ માને કે, ત્યારે આપણે હમણાં ખૂબ પાપ કરી લઈએ અને પછી ક્ષણમાં તે બધાનો નાશ કરીને કેવળ લઈશું, પણ એમ કદી ન થાય.

જેને બંદુક પકડતાં ન આવડે, તેનો અભ્યાસ ન હોય તે દુશ્મન સામે આવ્યે શું કરશે? તેમ જેને વર્તમાનમાં સત્‌ની રુચિ, વિવેક અને સત્‌શાસ્ત્રનો અભ્યાસ નથી, તે મરણ વખતે સમભાવ શી રીતે રાખશે?

જેને પ્રથમ અનીતિનો ત્યાગ ન હોય, લૌકિક સજ્જનતા ન હોય તેને માટે તો ધર્મ છે જ નહિ.

કોઈ કહે :—'અમારે ઘણી પ્રવૃતિ છે, પુર્વનાં ઘણાં કર્મો છે, તે અમને ધર્મ કરવા દેતા નથી.' અરે! કર્મ તો પર ચીજ છે. તારા સ્વભાવમાં તે છે જ નહિ. જે તારામાં નથી તે તેને શું નુકશાન કરે? લાખો વર્ષથી પાણી અગ્નિ ઉપર ગરમ થાય છતાં અગ્નિને

ઓલવવાની તાકાત પાણીમાં દરેક સમયે છે. જો ગુલાંટ મારે તો જેનાથી પોતે ગરમ થયું હતું, તેનો જ તે પાણી ગારો કરી નાખે. તેમ આત્મા પ્રબળ કર્મના સંયોગ સાથે ઊંધી માન્યતા વડે રાગ-દ્વેષના વેગમાં આવ્યો હોય, તોપણ સત્‌સમાગમ વડે આત્માનો મહિમા જાણી ક્ષણમાં રાગ-દ્વેષ, અજ્ઞાનનો નાશ કરી શકે છે. અનાદિ કાળથી જે ધર્મ સમજ્યો નથી. તેને ધર્મ સમજાવામાં લાંબા કાળથી જરૂર પડતી નથી, તે પણ લક્ષમાં સત્ય પુરુષાર્થ દ્વારા ધર્મ સમજી શકે છે,

વ્યવહારમાં જે વિમોહિત ચિત્તવાળા એટલે જે પાપના વિકારને પોતાનું કર્તવ્ય માને છે, પુણ્યથી ધીમે ધીમે થશે એમ માને છે. એકલા આત્માથી કાંઈ ધર્મ થાય નહિ પણ કોઈ પરનું અવલંબન જોઈએ એમ માને છે. તે પોતામાં કાંઈ તાકાત નથી એમ માને છે. પોતામાં જે ધર્મની ‘નાસ્તિ’ માને છે તે ધર્મની ‘અસ્તિ’ બહારથી લાવશે ક્યાંથી? આ પ્રથમમાં પ્રથમ ધર્મની વાત ચાલે છે. આમાં શુભ છોડી પાપમાં જવાનું નથી કહેતા; લૌકિક સજ્જનતા, નીતિ વગેરે પાત્રતા તો હોય જ, પણ તેનાથી અવિકારી સ્વભાવને લાભ નથી. ઉત્કૃષ્ટ પુણ્ય કરી, તેના ફળમાં અનંતવાર નવમી ગ્રૈવેયકમાં દેવપણે ઉત્પન્ન થયો; પણ તેનો નકાર કરી, વિકાર રહિત પૂર્ણ સ્વભાવી આત્માની શ્રદ્ધા ન કરે, સત્ય-અસત્યનો નિર્ણય ન કરે તે પરમાર્થ મૂઢ જીવ છે.

અનાદિથી બાહ્ય પ્રવૃત્તિ ઉપર નજર છે, તેથી અનાદિનું માનેલું દેખે ત્યાં સંતોષ થઈ જાય કે ‘મેં આ મૂક્યું, લીધું, આનો ત્યાગ કર્યો, માટે મને કાંઈક ગુણ થશે.’ પણ અંદર શક્તિમાં બેહદ ગુણથી અખંડ ભર્યો છું, પૂર્ણ છું, એનો વિચાર કરતો નથી. પ્રથમ શ્રદ્ધામાં નિરાવલંબી વીતરાગ જ્ઞાયક સ્વભાવને પૂર્ણ પણે માન્યા પછી, સમ્યગ્દર્શન થયા પછી પણ ચારિત્રની અસ્થિરતા જેટલો મોહ બાકી રહે છે; પણ પરમાર્થ દૃષ્ટિમાં તે નથી, કારણ કે તેને ટાળનાર નિર્મળ દૃષ્ટિનો વિવેક સદાય જાગૃત હોવાથી અલ્પકાળમાં બાકીના રાગનો પણ નાશ કરશે.

કાદવ મિશ્રિત મલિનતા હોવા છતાં પ્રથમથી જે સ્વચ્છ જળનો વિશ્વાસ કરે છે, તેને જળની બધી મલિનતા ટાળવાની દૃષ્ટિ પ્રથમથી જ ઊઘડી છે. પછી મલિનતા ટાળતાં કદાચિત્ વાર લાગે. પણ એકરૂપ નિર્મળતા પ્રાપ્ત કરવાની રુચિ, મલિનતા રહેવા દેશે નહિ. જ્યાં સુધી એકલા પુણ્ય-પાપના વિકારને જ આત્માનો સ્વભાવ માને છે અને શુભભાવથી ગુણ માને છે ત્યાં સુધી નિર્મળ સ્વભાવ ઉપર દૃષ્ટિ થાય નહીં અને વાસ્તવિક રીતે અશુદ્ધતા ટાળવાનો ઉપાય સુઝે નહીં. બંધ માર્ગને મોક્ષમાર્ગ માનીને જે અજ્ઞાની લોકો વ્યવહાર-વ્યવહાર કરે છે અને ‘અમારો વ્યવહાર રાખવા જેવો છે.’ એમ જે વ્યવહારને જ પકડી બેઠો છે, તેને આચાર્ય દેવે ‘વ્યવહાર મૂઢ’ કહ્યા છે.

ભાઈ રે! તું વિતરાગી પ્રભુ ભૂતાર્થ છો. પરાશ્રયથી થતાં ક્ષણિક વિકારી ભાવને પોતાના માની જે આદરવા યોગ્ય માને છે અને તેનાથી ગુણ માને છે, તે અવિકારી આત્મ સ્વભાવનો ઘાત કરે છે.

તા.૧૮–૭–૪૩.

અવિકારી દ્રવ્ય સ્વભાવને જોનારી દૃષ્ટિ તે શુદ્ધ દૃષ્ટિ છે, સમ્યગ્દૃષ્ટિ છે; અને વિકારીને પોતાનું સ્વરૂપ માને, પર ચીજથી શુભ વિકારથી ધર્મ માને તે મિથ્યાદૃષ્ટિ છે. દેહ વગેરે પરમાણુની ધૂળ તે અચેતન સંયોગી વસ્તુ છે, તે સંયોગી વસ્તુ જ્ઞાયક સ્વરૂપે નથી અને આત્મા તે જડરૂપે નથી, તેથી પરની સાથે આત્માને કાંઈ સંબંધ નથી, પરની કોઈ ક્રિયા આત્મા કરી શકતો નથી.

**इच्छा निरोधः तपः** એ ખરા તપની વ્યાખ્યા છે. ઈચ્છાનો ત્યાગ અર્થાત્ ઈચ્છાની નાસ્તિ એટલે કે વિકારનો નાશ એ જ તપ છે, એવો તેનો અર્થ છે. જ્યારે અવિકારી નિત્ય અસ્તિ (હોવા) રૂપ જ્ઞાયક તત્ત્વની જીવ પ્રતીત કરે ત્યારે તે વિકારનો નાશ કરી શકે છે.

આ તો મહામંત્રો છે. કોઈને સર્પ કરડ્યો હોય અને પછી તે દરમાં ચાલ્યો ગયો હોય ત્યારે ગારુડી એવી કલમો મંત્ર ભણી મોકલે કે સામાના નસીબ હોય તો સર્પ બહાર આવી વિષ ચૂસી જાય. (આમાં તે મંત્રની કિંમત નથી કરવી, પણ સિદ્ધાંત સમજવા માટે તે દૃષ્ટાંતનો અંશ લેવાય છે.) તે મંત્ર વડે તો આયુષ્ય હોય તો જ વિષ ઉતરે, પણ ત્રિલોકનાથ પરમાત્માએ સમ્યગ્દર્શનરૂપી એવો મહામંત્ર આપ્યો છે કે જે અનાદિથી અજ્ઞાનરૂપી સર્પ વડે ચૈતન્ય ભગવાન આત્માને ચડેલું (પર ભાવમાં મમતાપણાનું) ઝેર જરૂર ઉતારી જ નાખે છે.

તે સમ્યગ્દર્શન કોઈના કહેવાથી કે આપવાથી મળતું નથી. પોતે અનંત ગુણનો પિંડ સર્વજ્ઞ ભગવાને જેવો કહ્યો તેવો છે, તેને સર્વજ્ઞના ન્યાય અનુસાર સત્સમાગમ વડે બરાબર ઓળખે અને અંદર અખંડ ધ્રુવ સ્વભાવનો અભેદ નિશ્ચય કરે તે જ સમ્યગ્દર્શન—આત્મસાક્ષાત્કાર છે; તેમાં કોઈ પર વસ્તુની જરૂર પડતી નથી. આટલાં પુણ્ય કરું, શુભરાગ કરું, તેનાથી ધીમે ધીમે સમ્યગ્દર્શન થશે, એ વાત ખોટી છે. કોઈ બાહ્ય ક્રિયા કરે, જપ કરે, હઠયોગ કરે તો તેનાથી કદી પણ સહજ ચૈતન્ય આત્મ

સ્વભાવ પ્રગટે નહિ, ધર્મ થાય નહિ; ધર્મ તો આત્માનો સહજ સુખદાયક સ્વભાવ છે.

**પ્રશ્ન :—**કોઈ કહે 'ધર્મ તદ્દન સહેલો કરી દીધો, બહારમાં કાંઈ કરવાનું કહ્યું નહિ'!

**ઉત્તર :—**ધર્મ એટલે અનંત સુખ સ્વરૂપ આત્માનો નિત્ય સ્વભાવ; તે અનંતસુખ સ્વરૂપ પ્રગટ થવાના કારણમાં કષ્ટ છે, એમ જે માને તે સાચો ધર્મ સમજ્યો નથી. ધર્મ તો આત્માનો સ્વભાવ છે, તેથી કષ્ટપદ નથી. લોકો બહારથી માપ કાઢે છે કે છ મહિના આહાર છોડ્યો. ધર્મનમાં આકરા પરિષહ સહન કરવા પડે છે, એમ જે ધર્મમાં દુઃખ માને છે તેણે ધર્મને કલેશરૂપ માન્યો છે; પણ ધર્મ કલેશરૂપ નથી. આત્માના અણાહારી જ્ઞાન સ્વભાવના આનંદમાં લીન થતાં જ્ઞાનીને છ મહિમા આહાર સહેજે છૂટી જાય અને દેહ સૂકાય તે ઉપર દૃષ્ટિ પણ ન જાય. અખંડ સ્વરૂપની શાંતિમાં સહેજે ઈચ્છા રોકાઈ જાય, તેનું નામ તપ, તેમાં કષ્ટ નથી પણ અવિકારી આનંદ છે.

બાહ્ય તપ, પરિષહ વગેરે ક્રિયાથી માને કે મેં સહન કર્યું, તેથી મને ધર્મ થયો, પણ તેની બાહ્યમાં દૃષ્ટિ છે, તેથી ધર્મ નથી. જેને શરીર ઉપર પ્રીતિ છે તેને શરીરમાં અગવડતા આવતાં દ્વેષ થાય છે. જ્ઞાનીને શરીર ઉપર રાગ નથી. તેમને તો અનુકૂળ પ્રતિકૂળ સંયોગો જ્ઞેયમાત્ર છે. ઘણા કષ્ટથી ધર્મ થાય એમ ત્રણ કાળ-ત્રણ લોકમાં બને નહિ.

સહજ સ્વભાવી આત્માનો ધર્મ અહીં ન્યાય આપીને કહેવાય છે. જેમ અજ્ઞાની, જેને નિર્મળ જળ સ્વભાવની ખબર નથી. તે તો કાદવ મિશ્રિત જળને મેલું માને છે, તે મલિન જળને જ પામે છે, પણ જળનો નિર્મળ સ્વભાવ જાણનારા તો પોતાના હાથથી નિર્મળી ઔષધિ નાખીને પોતાના પુરુષાર્થ દ્વારા નિર્મળ જળનો જ અનુભવ કરે છે, તેમ જ્ઞાનાનંદ આત્મા સહજ જ્ઞાયક સ્વરૂપ ચૈતન્ય જ્યોતિ છે, તે અનાદિ કર્મના સંયોગથી ઢંકાઈ રહ્યો છે, તેથી મલિન ભાસે છે. કર્મ મેલો કર્યો નથી, પણ પોતે ઊંધી દૃષ્ટિથી અશુદ્ધપણે પોતાને રાગ, દ્વેષ, પુણ્ય, પાપનો કર્તા માને છે અને પોતાને રાગી-દ્વેષી માની તે વિકારી ભાવને પોતાના માને છે, એમ માનનારા વ્યવહાર મૂઢ છે, કેમ કે તેમને સ્વભાવની ખબર નથી.

અરે! દેવોને પણ દુર્લભ એવો મનુષ્ય દેહ મળ્યો, તેમાં અનંતભવનો અંત આવે એવી અપૂર્વ શ્રદ્ધા વડે, એક-બે ભવમાં જ અખંડાનંદ પૂર્ણ મોક્ષ સ્વભાવની પ્રગટ પ્રાપ્તી થવાની છે, એવો નિઃસંદેહપણે અંતરમાં કોલકરાર ન કરે તો જેમ કુતરા, કીડા વગેરે ભાન વગર મરે છે, તેમ આત્માનું ભાન કર્યા વગરનું મનુષ્ય જીવન એળે જાય છે.

આત્માનું અપૂર્વ ભાન કરવું ખરેખરૂં કર્તવ્ય છે. સાચી શ્રદ્ધા હોય તેને ભવના અંતની શંકા જ ન થાય.

'જહાં શંકા ત્યાં ગણ સંતાપ, જ્ઞાન તહાં શંકા નહિ સ્થાપ;
પ્રભુ ભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન, પ્રભુ મેળવવા ગુરુ ભગવાન.'

(શ્રીમદ્ રાજચંદ્ર)

જ્યાં શંકા છે ત્યાં જ્ઞાન નથી અને જ્યાં સાચુ જ્ઞાન છે ત્યાં શંકા રહેતી નથી. પુરુષાર્થ વડે તે સાચું જ્ઞાન સ્વભાવમાંથી મેળવે છે ત્યાં ગુરુ નિમિત્તરૂપ હોય છે. સ્વાધીન મોક્ષ સ્વભાવની યથાર્થ શ્રદ્ધા થતાં બંધનની માન્યતા છૂટીને, વિકાર રહિત, ભવ રહિત અબંધ, ધ્રુવ સ્વભાવી છું એમ અંતરથી નિઃસંદેહ ખાત્રી થાય છે. ઘણા કર્મ આવરણ તૂટ્યાં, અમૂક ઢીલા થયાં અને બાકીનાં અલ્પકાળમાં ટાળી પૂર્ણ પરમાત્મ દશા પ્રગટ કરીશ, એવી નિઃશંક શ્રદ્ધા આત્મામાં થઈ શકે છે.

આત્મામાં અનંત સ્વાધીન ગુણો ભર્યા છે તે નહિ જોતાં બાહ્યથી કર્મના નિમિત્તમાં જોડાવાથી—પર ઉપર દૃષ્ટિથી અભેદમાં જ ભેદ પડે છે, પુણ્ય-પાપ ભાવ થાય છે, તેને જ આત્માનું સ્વરૂપ માને છે, પુણ્યથી ઠીક થયું માને છે, તે જીવને વિકારી ભાવનો આદર હોવાથી અવિકારી આત્માનો આદર નથા. પુણ્ય તો શુભરાગ છે, તેનો આદર કરવો તે મહામૂઢતા છે. તે ક્ષણિક ટકનાર ભાવોનો આશ્રય કરનાર મિથ્યાદૃષ્ટિ છે. સ્વતંત્રતાના દ્વાર ખોલનાર અને પરતંત્રતાની બેડી તોડનાર પરમાર્થ ભાવ છે. મારો સ્વભાવ પૂર્ણ પવિત્ર સિદ્ધ પરમાત્મા સમાન શુદ્ધ છે. તે ધ્રુવ સ્વભાવને જ ભૂતાર્થદર્શીઓ શુદ્ધનય વડે પોતાનું સ્વરૂપ માને છે શુદ્ધનય અનુસાર બોધ થવા માત્રથી પરથી ભિન્ન એકમાત્ર જ્ઞાયકપણે પોતાને જ અનુભવે છે. ભગવાન આત્મા સદાય અક્રમ, અરૂપી, અવિકારી, નિર્મળ જ્ઞાનમૂર્તિ છે તેને પરમાર્થ ધ્રુવપણે જોનારા જ્ઞાનીઓ ભેદરૂપ, ક્ષણિક વિકારપણે જોતાં નથી.

આ સમજતાં વાર લાગે તો મૂંઝાવવું નહિ, પણ ધીરજ રાખી સમજવા પ્રયત્ન કરવો. જો પ્રથમથી જ નહિ સમજાય એમ માનીને સમજવાનો પુરુષાર્થ ન કરે તો ફરી અનંતકાળ સાચી સમજણ કરવાનાં બારણાં બંધ કરે છે. ભૂલ વર્તમાન એક સમય પૂરતી છે, ત્રિકાળી સ્વભાવ ભૂલરૂપે થઈ ગયો નથી, માટે સમજીને ભૂલ ટાળવી જોઈએ.

ભૂતાર્થદર્શી (શુદ્ધદૃષ્ટિથી જોનારા)ને હું એકલો નિર્મળ છું, ધ્રુવ છું' એવો વિવેક હોવાથી પોતાના પુરુષાર્થ દ્વારા જ્ઞાનજ્યોતિથી શુદ્ધનય અનુસાર બોધ થાય છે. તે બોધમાત્રથી નિર્મળ ધ્રુવ સ્વભાવનું ભાન તથા આત્મા અને કર્મની જુદાઈનો વિવેક

ઉત્પન્ન કરે છે. પોતાના પુરુષાર્થ દ્વારા પ્રગટ કરવામાં આવેલ સહજ એક જ્ઞાયકસ્વભાવપણાને જ સમ્યગ્દૃષ્ટિ શુદ્ધનય વડે અનુભવે છે, આ સમ્યગ્દર્શન છે.

કોઈ કહે :—સમયસારમાં બી.એ અને એલ.એલ.બી. જેવી ઊંચી ભૂમિકાની વાત છે તો તેમ નથી. જે સાચું આત્મહિત કરવા માગે તેને માટે પ્રથમ ઉપાયની વાત છે. બધા જીવો સિદ્ધ પરમાત્મા સમાન છે. તું પણ સિદ્ધ સમાન છો પછી તું નહિ સમજે તો શું જડ સમજશે?

કોઈ કર્મની રાડ નાખે છે કે કર્મે મારી નાખ્યા, કર્મ માર્ગ આપે તો ધર્મ સૂઝેને! પણ ભાઈ! તે કર્મ તો જડ, આંધળાં, ભાન વગરનાં છે, તેને ખબર નથી કે અમે કોણ છીએ—ક્યાં છીએ. પરમાર્થે તને તેનું બંધન નથી, પણ તારી ઊંધી માન્યતાનું બંધન છે. ભૂલરહિત ત્રિકાળી નિર્મળ પૂર્ણ સ્વભાવને જોઈ, સવળી માન્યતા કર તો તારાથી અશુદ્ધતા નાશ પામવા યોગ્ય છે, અભૂતાર્થ છે; એટલે કે નિત્ય ટકનાર સ્વભાવમાં તે નથી.

અખંડ, ચૈતન્ય, જ્યોતિ, ત્રિકાળી, નિર્મળ, એકરૂપ આનંદમૂર્તિ છું, એમ શુદ્ધ પરમાર્થ દૃષ્ટિ વડે પોતાને અખંડ, જ્ઞાયક, વીતરાગી, સિદ્ધ પરમાત્મા જેવો જે અનુભવે છે, તે જ પોતાનું ધ્રુવ સ્વરૂપ માને છે ને તેથી પરનું—વિકારનું ધણીપણું કરતો નથી.

દૃષ્ટિ નિર્મળ કર્યા પછી શુભભાવ થાય ખરો, પણ તેનો આદર નથી; તને ભાન છે કે વર્તમાન પોતાની નબળાઈના કારણે શુભભાવ થાય છે પણ તે મારો સ્વભાવ નથી. મારો સ્વભાવ તો શુદ્ધ વીતરાગ છે અને એ સ્વભાવની દૃષ્ટિના જોરે તેને સ્વભાવમાં વિકારનો નકાર વર્તે છે.

જેમ કોળીનાં ગંદા છોકરાં ઘરના આંગણે રમવા આવી ગયા હોય, તેમને જોઈને 'આ મારો વંશ રાખનારા આવ્યાં' એમ પોતાપણાની માન્યતા થતી નથી, પણ આ મારા ઘરના નથી, એમ જાણીને આંગણામાંથી તેમને બહાર કાઢી મૂકે છે; તેમ ચૈતન્ય મૂર્તિ ભગવાન આત્મામાં રાગ-દ્વેષની સંકલ્પ-વિકલ્પવાળી વૃત્તિ પોતાની નબળાઈને કારણે દેખાય છે, તેનો સ્વભાવની પૂર્ણતાની દૃષ્ટિના જોરે નકાર કરે છે.

અંતરમાં શુભ-અશુભ ભાવોમાં હેય બુદ્ધિ હોવાથી અને વર્તમાનમાં ત્રિકાળી અખંડ નિર્મળ પૂર્ણ સામર્થ્યપણે છું તેવા સ્વભાવનો આદર હોવાથી શુદ્ધ નય વડે પોતામાં પૂર્ણ અખંડ દૃષ્ટિનું ભાન એટલે સમ્યગ્દર્શન થાય છે, તે જ પૂર્ણ મુક્તિના મહેલમાં પ્રવેશ કરવાનું પ્રથમ દ્વાર છે.

અહીં શુદ્ધનય નિર્મળી ઔષધિના સ્થાને છે. જેઓ અંતર નિર્મળદૃષ્ટિ (શુદ્ધનય)નો આશ્રય કરે છે, તે સમ્યક્ અવલોકન કરનારા હોવાથી સમ્યગ્દૃષ્ટિ છે. તે સિવાય શુભાશુભ ભાવનો આશ્રય કરનારા ભેદરૂપ વ્યવહારના પક્ષપાતી, વ્યવહાર મૂઢ છે. મિથ્યાદૃષ્ટિ છે.

પુણ્યથી ધર્મ થશે; પુણ્ય તો ધર્મની શરૂઆત છે, પુણ્ય વળાવીઓ છે, ધર્મનું સાધન છે, ગુણ માટે બાહ્ય ક્રિયા જોઈએ એમ વિકારથી–બંધનભાવથી–અવિકારી અબંધ સ્વભાવ પ્રગટ થશે, એમ માનનારા તથા દેહની ક્રિયા તથા પુણ્ય-પાપની ક્રિયાનો હું કર્તા છું, પરથી મને લાભ-નુકશાન થાય છે, પરના અવલંબને ગુણ થાય છે, એવા અજ્ઞાનરૂપ અભિપ્રાયને મારનારા સમ્યગ્દૃષ્ટિ નથી.

આવું બધું સમજવા કરતાં જેને જગત ઠીક ગણે છે અને તેવું કરવું લોકોને ઠીક લાગે છે. કોઈ કહે રૂા. ૫૦૦૦/- ખરચો, તો 'કલ્યાણ થઈ જાય' પણ એવું કલ્યાણ તો અનંતવાર જીવે કર્યું, પણ તેથી ધર્મ થયો નથી. આવો સુક્ષ્મ અંતરનો સ્વભાવ જીવ સમજ્યો નથી. બહારથી સારૂં દેખાય તેમાં માની સંતોષાઈ ગયો છે. કહેનારા પણ ઘણા મળે કે ''ભાઈ એ 'ભારે' પરમાર્થના કાર કર્યા. હવે ભાઈનું 'કલ્યાણ' થઈ જશે.'' પણ ''જો પૈસાથી ધર્મ થતો તો નિર્ધન ને ધર્મ થાય નહિ.'' પૈસા આપ્યા તે પુણ્યનું કારણ નથી, પણ અંદરમાં પૈસા પ્રત્યેનો રાગ ઘટાડે તો પુણ્ય થાય. લોકોમાં આબરૂ ખાતર પૈસા આપે અને ધર્માદો કરું છું, એમ માને તો પૈસા આપ્યાં છતાં પરનાં અભિમાનનાં કારણે પાપ થાય. પૈસા આપે તો જ પુણ્ય થાય એવું નથી. પૈસા તો પર-જડ વસ્તુ છે, દેહાદિની પ્રવૃત્તિ થઈ, તેથી કે પૈસા આપવાથી પુણ્ય થયું એમ માનવું તે ખોટું છે. પૈસા તો સામાના પુણ્યને કારણે અને જડની અવસ્થાના કારણે તે કાળે ફરવાના હતા. પરના કારણે પુણ્ય નથી પણ કષાય મંદ પાડે તો પુણ્ય થાય. અંતર તત્ત્વની ઓળખાણ કરે અને તૃષ્ણા–રાગરહિત અવિકારી 'હું કોણ છું' તેનું યથાર્થ ભાન કરે તે ધર્મ છે. તે સ્વભાવને જાણ્યા વગર શુભભાવથી દાન દેતાં તૃષ્ણા ઘટાડી શકે, પણ ત્યાં પરમાર્થ તૃષ્ણા ઘટી નથી. વર્તમાન તૃષ્ણા ઘટાડી દેખાય, પણ દૃષ્ટિ તો પર ઉપર પડી છે તેથી ભવિષ્યમાં પુણ્યનાં ફળમાં મૂઢ થઈ જશે.

પરાશ્રિત એવા વ્યવહારમાં જેને ઉપાદેય બુદ્ધિ છે, વિકારના કર્તવ્યને જ ઠીક માને છે, તેનું કોઈ રીતે હિત થતું નથી, માટે નિરાવલંબી, નિરપેક્ષ જ્ઞાયક સ્વભાવને અનુસરવાથી સમ્યગ્દર્શન થાય છે. શુદ્ધનયથી નિરાવલંબી પૂર્ણ નિર્મળ સ્વભાવને માનનારાઓએ વ્યવહારનય અનુસરવા યોગ્ય નથી.

આ ગાથામાં સમ્યગ્દર્શનનું સ્વરૂપ બહું સાદી ભાષામાં, અલૌકિક રીતે, સ્વચ્છ પાણી અને કાદવના દૃષ્ટાંતે–સર્વે–નાનું બાળક પણ સમજે તેમ, સમજાવ્યું છે. વારંવાર સાંભળી મનન કરે તો ગમે તે વ્યક્તિ ભગવાન આત્મા નિર્મળ જ્ઞાયક છે, તેનો અનુભવ જાતે કરી શકે છે.

**પ્રશ્ન :**—પુણ્ય-પાપની વૃત્તિ અભૂતાર્થ–અસ્થાઈ કેમ કહો છો?

**ઉત્તર :**—પુણ્ય-પાપના ભાવો ક્ષણિક સંયોગાધીન કરેલા હોવાથી ફરી જાય છે, તેથી અભૂતાર્થ–અસ્થાઈ છે. જેમ ઘણા માણસો વચ્ચે ખરડો થતો જોઈ કોઈને રૂા. ૫૦૦૦/- આપવાનો શુભભાવ થઈ જાય તેથી મંડાવે, વળી ઘરે જઈને વિચાર કરી જાય; તેથી જ્યારે કોઈ ઉઘરાણી કરકવા આવે ત્યારે રૂ. આપવાની પોતાની દાનત ન હોય એટલે સામાનો વાંક કાઢે કે તમારી સંસ્થા બરાબર ચાલતી નથી, તેથી હાલ આપવાનો ભાવ નથી, એમ તૃષ્ણા રાખીને જશ લેવો છે, પણ તૃષ્ણા ઘટાડવી નથી. સામાની સંસ્થા સારી ચાલે કે ન ચાલે તેનાથી તારી તૃષ્ણામાં ફેર પડવાનો નથી, પણ તું જ્યારે તૃષ્ણા ઘટાડવા માગે ત્યારે ઘટાડી શકે છે.

આમાં સિદ્ધાંત એટલો છે કે પુણ્ય-પાપના ભાવો ક્ષણિક છે. વ્યવહાર તો સંયોગાધીન કરેલા હોવાથી ફરી જાય છે, તેથી અસ્થાયી અભૂતાર્થ છે; અને પુણ્ય-પાપ વિનાનો જ્યારે અખંડ નિર્મળ સ્વભાવ છે, તે ત્રિકાળી છે તેથી ભૂતાર્થ છે; તેને પરમાર્થ દૃષ્ટિથી લક્ષમાં લ્યે તો નિત્ય સ્વભાવનો નિશ્ચય ફરે નહિ.

શુદ્ધનય અનુસાર બોધ થવા માત્રથી સ્વ-પરની જુદાઈનો વિવેક અને શુદ્ધાત્માનો અનુભવ થવા માગે છે. આમાં સાધન તો 'શુદ્ધનય અનુસાર બોધ થવા માત્રથી' કહ્યું, બીજું કાંઈ પરનું અવલંબન, ક્રિયા કે શુભવિકલ્પ વગેરે કહ્યું નથી.

## ભાવાર્થ

ભાવાર્થ :—અહીં વ્યવહારનયને અભૂતાર્થ અને શુદ્ધ નયને ભૂતાર્થ કહ્યો છે, પુણ્ય જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા જ અખંડ વસ્તુ છે, તેના લક્ષથી ખસી પર સંયોગના લક્ષે પુણ્ય-પાપની વૃત્તિ થાય છે ત્યારે અખંડ ધ્રુવ સ્વભાવમાં ખંડ–ભંગ પડી જાય છે. જેમ નદીનો પ્રવાહ અખંડ છે પણ વચ્ચે નાળા આવતાં તેનાં પ્રવાહમાં ખંડ પડી જાય છે તેમ ત્રિકાળી જ્ઞાયક ચૈતન્યસ્વભાવ એકરૂપ જ છે તેમાં વર્તમાન ક્ષણિક અવસ્થા પૂરતા કર્મના નિમિત્તાધીન શુભાશુભ ભાવ થાય છે, તે વ્યવહાર છે, તે વ્યવહારનો વિષય ભેદ અનેકાકાર છે. તેનો આશ્રય કરનાર શુભાશુભ વિકારને દૃષ્ટિનો વિષય બનાવનાર મિથ્યાદૃષ્ટિ છે.

શુદ્ધનયનો વિષય અભેદ એકાકારરૂપ નિત્ય દ્રવ્ય છે, તેની દ્રષ્ટિમાં ભેદ દેખાતો નથી. નિર્મળ અખંડ સ્વભાવની દૃષ્ટિ કર્યા પછી પણ ચારિત્રમાં ઊણપને લીધે શુભવૃત્તિ થાય તે વ્યવહારનો વિષય છે. વ્યવહારનો ભેદ એક સમય પૂરતો છે, તેથી ભૂતાર્થ દૃષ્ટિમાં ભેદરૂપ વ્યવહાર અસત્યાર્થ–અવિદ્યમાન છે.

'ભેદરૂપ વ્યવહાર અવિદ્યમાન છે' એમ કહ્યું, તેથી કોઈએ એમ ન સમજવું કે ભેદરૂપ કાંઈ વસ્તુ જ સર્વથા નથી. અવિદ્યમાન છે એટલે કે સ્વભાવમાં નથી; વળી અસત્યાર્થ કહ્યો તોપણ વસ્તુપણે છે ખરો, પણ સ્વભાવમાં નથી. પરના અવલંબન રૂપ શુભાશુભ વિકાર જો વર્તમાન અવસ્થામાં પણ ન જ હોય તો પુરુષાર્થ કરી, વિકારને ટાળી, અવિકારી નિર્મળ થાઉં, એવો અવકાશ જ રહે નહિ. વર્તમાન અવસ્થામાં વિકાર છે પણ જ્ઞાની તે વર્તમાન ભેદ દૃષ્ટિ જોતાં નથી.

તા. ૧૯–૭–૧૯૪૩.

જેને પોતાનું હિત કરવું છે, તેણે સત્સમાગમે યથાર્થ વસ્તુને જાણી, ભેદને ગૌણ કરી, એકરૂપ ધ્રુવ સ્વભાવ ભૂતાર્થનું લક્ષ કરવું. જેને અનંત ભવનું દુઃખ ટાળવું હોય અને સચ્ચિદાનંદમય પૂર્ણ સુખરૂપ સ્વાધીન તત્ત્વ પ્રાપ્ત કરવું હોય તેને માટે આ વાત કહેવાય છે.

સુખ સ્વભાવમાં જ છે. પોતાના સ્વભાવને જાણ્યા વિના અનંતવાર ઢોર, કીડા વગેરેનાં ભવ જીવ કર્યા કરે છે. વર્તમાનમાં જો કોઈને 'ગધેડા જેવો' કહો તો કજિયો કરે, પણ જ્યાં સુધી અંતરમાં જે વિકારી ભાવોને સેવે છે તેનો સમ્યક્ જ્ઞાન વડે નાશ ન કરે ત્યાં સુધી તે અજ્ઞાન ભાવમાં ગધેડાના અનંત ભવો કરવાનું સામર્થ્ય ભર્યું છે.

જો પોતાના ભૂલરૂપ ઊંધી માન્યતા ન હોય તો તે ભૂલના ફળરૂપે આ અવતાર (જન્મ-મરણ) ન હોય, વળી જો તે ભૂલ સાધારણ હોય તો આટલા ભવ ન હોય; પણ તે ભૂલ અસાધારણ છે. પોતાને પોતાની જ ભ્રાંતિ છે. તે ભૂલને, આત્મસ્વભાવની પૂર્ણ સ્વાધીનતા કબુલી, ટાળવામાં ન આવે ત્યાં સુધી તે ભૂલરૂપ ઊંધા ભાવમાં અનંત ભવ ઊભા જ છે.

જેમ જળને મલિનપણે જ માનનારાને સ્વચ્છ મીઠા જળનો અનુભવ થતો નથી પણ તે મેલું જ જળ પીએ છે. તેમ આત્મા જ્ઞાનાનંદમૂર્તિ, પરથી જુદો છે; તે પોતાનું

સ્વાધીનપણું ભૂલીને પુણ્ય-પાપ વિકારને પોતાપણે માને, તે મલિન ભાવ અને તેનું ફળ ભવભ્રમણની આકૂળતા જ અનુભવે છે.

એકલી ચીજમાં સ્વભાવે વિકાર ન થાય, પણ તેમાં નિમિત્તરૂપ બીજી ચીજ હોય તો જ નિમિત્ત તરફ લક્ષ જતાં વિકાર થાય. આત્મામાં વિકાર થવામાં નિમિત્તરૂપ બીજી ચીજ જડકર્મ છે, તે જડકર્મના સંબંધનો પોતામાં આરોપ કરી, જીવ રાગ-દ્વેષ કરે છે.

જડકર્મ અને બાહ્ય સંયોગી વસ્તુના અનેક પ્રકાર છે. તે બાહ્ય વસ્તુના આશ્રયથી પૂજા, ભક્તિ, વ્રત, તપ, દાન વગેરે અનેક પ્રકારના શુભભાવ તથા હિંસા, ચોરી, અસત્ય વગેરે અનેક પ્રકારના અશુભભાવ થાય છે. તે શુભ અને અશુભ બંને બંધનભાવ છે, પણ તેથી પુણ્ય છોડી દઈને પાપ કરવાનું કહેતા નથી. અહીં તો પુણ્ય-પાપની હદ કેટલી છે તે વાત ન્યાયથી જાણવા માટે કહેવાય છે; કારણ કે પુણ્યથી ધર્મ થાય એટલે વિકારથી—બંધન ભાવથી—અવિકારી મુક્ત આત્માનો ધર્મ થાય એવું માનનારા અને મનાવનારા ઘણા છે. અહીં તો જન્મ-મરણ કેમ ટળે, વર્તમાનમાં આત્મ સાક્ષાત્કાર કેમ થાય? તે અવિરોધીપણે કહેવાય છે.

સાક્ષાત્ ત્રિલોકનાથ તીર્થંકર પ્રભુ શ્રી સીમંધર ભગવાન પાસેથી જે સનાતન સત્ય શ્રી કુંદકુંદાચાર્ય લાવ્યા, તેની અદ્ભુત રચના સમયસાર શાસ્ત્રરૂપે થઈ, તે જ અવિરોધી તત્ત્વ અહીં કહેવાય છે.

ભાઈ રે! અલ્પ આયુષ્ય! તેમાં અપૂર્વ સમજણનાં ટાણાં મળ્યા ત્યારે નહિ સમજે તો ફરી અનંતકાળે આવા ઉત્તમ ટાણાં મળવા દુર્લભ છે. જેમ પિતા—પુત્રને કહે—'ભાઈ! આ બે મહિના ખરી મોસમ છે, માટે કમાવાની બાબતમાં કાળજી રાખ;' તેમ આચાર્ય ભગવાન જગતને કરુણાથી કહે છે કે અનંતભવનો અલ્પકાળમાં નાશ કરવાનાં ટાણાં મળ્યા છે, તેથી કાળજી રાખી આત્મસ્વરૂપને યથાર્થ ઓળખી લે, ચૂકીશ તો ફરી આવા ઉત્તમ ટાણાં નહિ મળે.

અશુભ ભાવ છેદવા માટે શુભભાવના અવલંબનનો નિષેધ નથી, પણ અહીં તો આત્માનું નિર્મળ ચિદાનંદ અખંડાનંદ સ્વતંત્રપણું જીવે સાચા ગુરુગમથી પૂર્વે અનંતકાળમાં કદી સાંભળ્યું નથી, માન્યું નથી કે અનુભવ્યું નથી. તે અપૂર્વ તત્ત્વની વાત કહેવાય છે.

બાહ્યમાં સુધારો કરો, વ્યવહાર સુધારો એવી લૌકિક વાતો તો જગતમાં અનાદિથી ચાલે છે, તે અપૂર્વ નથી, પણ અહીં તો આચાર્ય ભગવાન કહે છે કે જે પુણ્ય-પાપના વિકારી ભાવોને પોતાનું સ્વરૂપ માને છે, તેનાથી ગુણ માને છે. શુભમાં અને પુણ્યમાં હોંશ કરે છે, તેનો આદર કરે તેને અવિકારી ભગવાન આત્માનો આદર નથી, પણ

અનાદર જ છે; તેને પરમાર્થ સાક્ષી સ્વરૂપ આત્માની ખબર નથી, તેથી પરનો આશ્રય કરી અભૂતાર્થ એવા વ્યવહારને પોતાના માને છે. ત્યારે ભૂતાર્થદર્શી–સમ્યગ્દષ્ટિ તો પોતાની બુદ્ધિથી નાખેલા શુદ્ધનય અનુસાર બોધ થવા માત્રથી સ્વભાવને અનુભવે છે. આમાં જાતથી પુરુષાર્થ કર્યો તેને જ અંતરંગ સાધન કહ્યું. દેવ-ગુરુ-શાસ્ત્ર તો દિશા બતાવી અળગા રહે છે. દેવ-ગુરુ-સાસ્ત્ર પણ પર ચીજ છે, તેને આધીન તારો અંતર-ગુણ નથી.

'હે ભગવાન! મને તારજો.' એમ કહેનારે પોતાનામાં તાકાત નથી એમ માન્યું, એટલે કે પોતાને ઓશિયાળો માન્યો. પરમાર્થ નિત્ય સ્વાવલંબી છું, એમ યથાર્થ સમજ્યા પછી વ્યવહારે ભગવાનનું નામ લઈ કહે કે 'તું મને તારજે' તો જુદી વાત છે; પણ જે પોતાને તાકાત વગરનો માની 'દીને ભયો પ્રભુ પદ જપે, મુક્તિ કહાંસે હોય? મારામાં તાકાત નથી, તું મને તાર! એમ રાંકો થઈ પ્રભુ પ્રભુ કરે તો મુક્તિ ક્યાંથી થાય? ન થાય. ભગવાન તો વીતરાગ છે તેને કોઈ પ્રત્યે રાગ નથી, તેમ કોઈ કોઈને તારી શકતું નથી. હું સ્વાવલંબી પૂર્ણ છું તેવા સ્વભાવના ભાનથી અજ્ઞાન ટાળી, હું ભગવાન થાઉં એવી જેને શ્રદ્ધા નથી, તે રાંકો થઈ પર પાસેથી મુક્તિની આશા રાખે છે. ભગવાનને કહે છે, ''હે ભગવાન! તમે તારી દેજો,'' તેનો એવો અર્થ થયો કે તે જ મને અત્યાર સુધી રખડાવી મારી નાંખ્યો, તે જ મને દુઃખી કર્યો એમ ઊલટો તે ભગવાનને ગાળો દે છે. તે ખરેખર વીતરાગની સ્તુતિ કરતો નથી પણ તેને રાગી માનીને અસ્તુતિ કરે છે, એટલે કે રાગની જ પૂજા અને રાગની જ ભક્તિ કરે છે.

'હે ભગવાન તું ભૂલ ટાળ, તું મને તારી દે, તું મને મુક્તિ આપી દે.' એમ તે કહે છે, એટલે કે મેં તો ભૂલ કરી જ નથી; મારે રાગ-દ્વેષ ટાળવા જ નથી, તું મને તારી દે કે તું મને મુક્તિ આપી દે, એવા ભાવ અપ્રગટ રીતે આવ્યા. ભગવાન કોઈને તારી દે કે ભગવાન રાગ-દ્વેષનો નાશ કરી દે એમ ત્રણ કાળમાં ક્યારેક બને નહિ.

જેમ લૌકિકમાં વૃદ્ધનાં પુણ્ય ખાઈને છીએ એમ વિનયથી વ્યવહારની બોલણી છે, પણ વૃદ્ધના પુણ્ય પોતે નથી ભોગવતો એમ મનનમાં સમજે છે. તેમ જ્ઞાની સર્વજ્ઞ વીતરાગને ઓળખીને 'બોહિ દયાણં' તરણ-તારણ છો એમ વિનયથી, વ્યવહારથી, ઉપચારથી કહે છે. પણ અંદરમાં તે સમજે છે કે મારી જ ભૂલથી હું રખડ્યો અને મારી ભૂલ હું જ ટાળી સ્વતંત્ર સ્વભાવના ભાન વડે સ્થિર થઈ વીતરાગ થઈ શકું છું. જો દેવ, ગુરુ, શાસ્ત્રથી કોઈ તરી જાય તો તેવો જોગ દરેકને અનંતવાર થયો છે છતાં મુક્તિ થઈ નથી, માટે નિમિત્તથી કોઈનું કાર્ય થતું નથી.

સમજજો ભાઈ! સમજવા જેવી આ વાત છે. આ વાત ફરી ફરી સાંભળવા મળવી દુર્લભ છે. સમજવામાં તો પોતાની જાતની તૈયારી જોઈએ. જેમ 'સાકર' શબ્દ સાંભળવાથી કે કોઈને સાકર ખાતા જોવાથી સાકરનો સ્વાદ આવી શકે નહિ, પણ જાતે સાકર લઈ મોઢામાં મૂકી તો તેના સ્વાદનો અનુભવ કરે તો સાકરનો યથાર્થ સ્વાદ લક્ષમાં આવે; તેમ ભગવાન આત્મા જ્ઞાતા-દૃષ્ટા સાક્ષીરૂપે છે, તેની વાત સાંભળવાથી કે તેનો અનુભવ કરનારા કોઈ જ્ઞાનીને જોવાથી સ્વભાવનો નિરાકૂળ સહજ આનંદ આવી શકે નહિ, પણ સત્સમાગમથી જાતે જાણીને પછી નિત્ય અસંયોગી પૂર્ણ સ્વરૂપને જ્ઞાનમાં દૃઢ કરીને, અંદરમાં સ્વાશ્રય શુદ્ધનયથી અભેધ સ્વભાવનો અનુભવ કરે તો વિકલ્પ ભેદરહિત એકાકાર શુદ્ધ આત્મસ્વરૂપનાં આનંદનો સ્વાદ અનુભવવામાં આવે.

ત્રણ કાળના જ્ઞાનીઓએ આ જ સુક્ષ્મ તત્ત્વ કહ્યું છે; તેની પ્રાપ્તી માટે બાહ્ય કોઈ સાધનનું અવલંબન છે જ નહિ. આવું નિરપેક્ષ તત્ત્વ વીતરાગનો માર્ગ છે, તેનો વિરોધ કરનારાઓને તત્ત્વની ખબર નથી. અનંત શુદ્ધતાથી ઊંધો પડ્યો તે અશુદ્ધતામાં અનંતો છે અને સવળો પડ્યો તે સ્વભાવની તાકાતમાં અનંતો છે. વિકારમાં અનંતી ઊંધાઈ કરે તે પણ સ્વતંત્ર છે, એની પાત્રતા વિના અનંત તીર્થંકર પ્રભુઓનો સાક્ષાત્ ઉપદેશ પણ તેને નિમિત્ત થઈ શકે નહિ. એક તત્ત્વ બીજાને નિમિત્ત થઈ શકે નહિ. જો બીજાને આધારે સમજાતું હોય તો સ્વતંત્રતા ન રહી. તત્ત્વનો વિષય ભલે જ્ઞાની પાસેથી જ સંભળાય પણ પોતાની જાતની તૈયારી વિના સમજાય નહિ.

પરસંયોગના આશ્રયથી થયેલો શુભભાવ ક્ષણમાં બદલી અશુભ ભાવ થઈ નરક-નિગોદમાં ખેંચી જશે, માટે અખંડ નિર્મળ સ્વભાવનો આશ્રય કર, તે નિત્ય ટકશે, કોઈ કાળે કે કોઈ સંયોગે ટળશે નહિ.

'પોતાના પુરુષાકાર દ્વારા' કહીને આચાર્યે અદ્‌ભુત અમૃત રેડ્યાં છે. કોઈ કહે— કર્મ નડે, કાળ પાકે ત્યારે ધર્મ થાય, કાંઈક સાધન મળે ત્યારે ધર્મ કરીએ; એમ કહેનાર બધાનો એકલા આત્માથી સ્વાશ્રયથી ગમે તે ક્ષેત્રે—ગમે તે કાળધર્મ થાય, એમ આચાર્ય કહે છે. સ્વભાવ તો જ્યારે જુઓ ત્યારે પોતે નિત્ય એકરૂપ જ્ઞાનાનંદ શાંતિપણે જ છે, પર નિમિત્તના ભેદ રહિત નિર્વિકાર વીતરાગ જ્ઞાનમૂર્તિ છે.

અહો! શું તત્ત્વ આ અપૂર્વ ગ્રંથમાં ભર્યું છે, એકેક ગાથામાં અપૂર્વ અમૃત રેડ્યાં છે. આવી અપૂર્વ વાત જ્યાં ત્યાં સાંભળવા મળતી નથી. તેથી કોઈને નવી લાગે, પૂર્ણ શ્રદ્ધા ન બેસે તોપણ ત્રણ કાળ-ત્રણ લોકમાં આ સત્ય વાત ફરે તેમ નથી. ન સમજાય તો પરિચય કરી અવિરોધ સ્વભાવને સમજીને માન્યે જ છૂટકો છે.

રૂપિયા કમાવા હોય ત્યાં કોઈ સંયોગ કે કાળની રાહ જૂએ નહિ, પણ ધર્મમાં આમ જોઈએ ને તેમ જોઈએ, એમ બહાનાં બતાવે. જેને આત્માની રુચિ થઈ તે વાયદા કરે નહિ. કાળદોષ કે ક્ષેત્રદોષ બતાવે નહિ. અનંત જન્મ-મરણરૂપ ભવના ત્રાસથી મુક્ત થવાનો ઉપાય સાંભળવા મળે અને તૈયાર ન થાય તેને આત્માની રુચિ નથી.

નિર્વિકારી દૃષ્ટિને ભૂલીને બાહ્ય વૃતિને જ ધર્મ માનનારા અંતરના સત્ય ધર્મને ન ઓળખે તો વસ્તુનો જે નિરાવલંબી સ્વાશ્રિત માર્ગ છે તે ત્રણ કાળમાં ફરે તેમ નથી. પુણ્યથી-શુભથી, દેહની ક્રિયાથી એમ પરાશ્રયથી ધર્મ માનનારાને સર્વજ્ઞ ભગવાને મિથ્યાદૃષ્ટિ કહ્યા છે, એમ શ્રી કુંદકુંદાચાર્યે દાંડી પીટીને જગતને જાહેર કર્યું છે, સત્ય ગોપવ્યું નથી, કે મોટી સભામાં આ વાત ન થાય એવું નથી.

જેમ કોઈ પોતાને ઘેર પાંચ શેર સોનું લાવે, તેને જોઈને જ સ્ત્રીને સંતોષ થઈ જાય છે, કે આ સોનામાંથી ભવિષ્યમાં દાગીનાં કરાવવાના છે. તે દાગીનાની બધી અવસ્થા-કારીગરી વર્તમાનમાં સોનામાં ભરી છે. સોનામાં ઘરેણારૂપ થવાની પૂરી શક્તિ છે, એવો વિશ્વાસ વર્તમાનમાં છે; તેમ ચૈતન્ય આત્મા અખંડ જ્ઞાનાનંદની મૂર્તિ છે, તેને ત્રણેકાળની બધી અવસ્થા અને અનંતગુણના પિંડરૂપવસ્તુપણે વર્તમાનમાં લક્ષ કરી અભેદ ધ્રુવપણે જુઓ તો તેમાં કેવળજ્ઞાન, કેવળ દર્શન, અનંતસુખ, અનંતવીર્ય વગેરે બધી નિર્મળ અવસ્થા વર્તમાનમાં જ શક્તિપણે પ્રાપ્ત છે, તે કેમ પ્રગટ થશે તેની અખંડ ધ્રુવ દૃષ્ટિવાળાને ચિંતા રહેતી નથી. અખંડ પરમાર્થની દૃષ્ટિના જોરમાં નિર્મળ પર્યાય ઊઘડી એકરૂપ સામાન્ય સ્વદ્રવ્યમાં ભળી જાય છે. તેથી ત્રિકાળી એકરૂપ જ્ઞાયક આત્માને જોનાર અખંડ ધ્રુવ દૃષ્ટિમાં કોઈ અવસ્થાના ભેદ કે પ્રકારનો વિકલ્પ ઊઠતો નથી; એવો આત્મદર્શનરૂપ શ્રદ્ધનો અભેદ વિષય તે પરમાર્થ છે, તે જ ભૂતાર્થ સત્યાર્થ કહેવા યોગ્ય છે.

જો આત્મા એકાન્ત નિત્ય જ હોય અને અવસ્થાથી બદલવાનો સ્વભાવ જ ન હોય તો દુઃખ ટાળવાનો ઉપાય કરવાનું અને સાચી સમજણ કર એમ કહેવાનું વૃથા ઠરે, પણ આત્મા એકાન્તપણે અભેદ નથી, તેમાં પરાશ્રયે અજ્ઞાન ભાવે વર્તમાનમાં રાગ-દ્વેષ થાય છે અને અવિકારી સ્વભાવના ભાન વડે અંદર સ્થિર થઈને રાગ ટાળીને નિર્મળ અવસ્થારૂપ ભેદ પણ વ્યવહારથી આત્મામાં છે.

રાગ-દ્વેષ વિકાર ત્રિકાળી જ્ઞાયકશક્તિરૂપ વસ્તુમાં નથી, પણ વર્તમાન અવસ્થામાં છે. જો વર્તમાન અવસ્થામાં પણ (સંસારી જીવોને) વિકાર ન હોય તો 'તું સમજ રાગ-દ્વેષ ટાળી પૂર્ણ નિર્મળતા પ્રગટ કર' એમ વિકાર ટાળવાનું કેમ કહી શકાય?

શુધ્ધ પરમાર્થ દષ્ટિનો વિષય અભેદ છે. એક કહેવામાં આખા દ્રવ્યને પરથી ભિન્ન અને સ્વથી અભિન્ન કહેવાની અપેક્ષા છે; પણ વર્તમાન અવસ્થામાં ભેદવસ્તુપણું તથા વિકારમાં પરનિમિત્તની હાજરી એ કાંઈ વસ્તુ જ ન હોય તો જેમ વેદાંતમતવાળાઓ ભેદરૂપ અનિત્યને દેખી અવસ્તુ માયા સ્વરૂપ કહે છે અને સર્વવ્યાપક એક અભેદ નિત્ય શુદ્ધ બ્રહ્માને વસ્તુ કહે છે એવું ઠરે અને તેથી સર્વથા એકાંત શુદ્ધ નયના પક્ષરૂપ મિથ્યાદષ્ટિનો જ પ્રસંગ આવે.

સર્વજ્ઞે વીતરાગે પૂર્વાપર વિરોધ રહિત પરથી ભિન્ન અવિકારી સ્વરૂપ ભેદ–અભેદપણે કહ્યું છે; તેને મધ્યસ્થ–શાંત દષ્ટિ કરી, અવિરોધી સત્ય સ્વીકારી, તેનો ન્યાયથી આદર કરી, અંતરમાં ઓગાળવા જેવું છે.

એક કૂટસ્થ બ્રહ્મ માનવામાં શું દોષ આવે છે, તે હવે બતાવવામાં આવે છે :—

૧. જો વસ્તુ એક જ હોય અને બીજી વસ્તુ ન હોય તો સમજાવનાર અને સમજનાર એવો ભેદ રહેતો નથી, ભેદ તો પ્રત્યક્ષ છે છતાં ભેદને ભ્રમ માને તો જાણનારનું જ્ઞાન ખોટું ઠરે.

૨. ક્ષેત્રથી બધું સર્વવ્યાપક હોય તોપણ ઉપરનો દોષ આવે છે.

૩. કાળથી આત્મા નિત્ય જ હોય અને વર્તમાન અવસ્થાથી બદલવું ન થતું હોય, એટલે જો એકાંત નિત્ય બ્રહ્મ વસ્તુ હોય તો અશુદ્ધતા ટાળી શુદ્ધતા પ્રગટ કરવાનું રહે નહિ.

૪. ભાવથી જો બધા આત્મા એક શુદ્ધ બ્રહ્મરૂપ પૂર્ણ જ્ઞાન-ગુણ માત્ર હોય અને કર્મ શરીરાદિનો સંબંધ ન હોય એટલે કે ભેદ રહિત, કાર્ય-કારણ રહિત હોય વગેરે એકાન્ત માનવાથી મિથ્યાદષ્ટિ અજ્ઞાનનો પ્રસંગ આવે.

સર્વજ્ઞ વીતરાગનો નિર્દોષ ઉપદેશ અપેક્ષાપૂર્વક યથાર્થ ધર્મોને કહેનારો છે. એક એક વસ્તુ પરથી ભિન્ન અને પોતાથી અભિન્ન છે, તેમાં નિત્ય-અનિત્ય, ભેદ-અભેદ, શુદ્ધ-અશુદ્ધ એવા જે પ્રકાર છે તે પ્રકારે માનવા તે અનેકાન્ત છે. એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે.

આત્માને અવિકારી કહેતાં તેમાં વિકારની અપેક્ષા આવે છે. વિકાર અને અવિકારી બંને એક ભાવ નથી, પણ બે છે. ખરા ત્રિકાળી સ્વભાવમાં રાગ-દ્વેષ વિકાર નથી, પણ અવસ્થામાં નિમિત્તાધીન વિકાર છે. જો અવસ્થામાં પણ વિકાર ન હોય તો સંસારના દુઃખ કોણ ભોગવે? દેહ-ઈન્દ્રિયો સુખ-દુઃખની ખબર નથી. એ કારણે દરેક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



આત્મા જુદા અને જડ પરમાણુંઓ જુદા જ છે. જીવને વિકાર થવામાં નિમિત્તરૂપે બીજી ચીજ છે એમ ન માને અને વસ્તુપણે બધા થઈને એક આત્મા માને, ક્ષેત્રથી સર્વવ્યાપક (જડમાં પણ) માને, કાળથી એકાન્ત નિત્ય કૂટસ્થ માને, ગુણથી નિત્ય બ્રહ્મરૂપ અભેદ માને, ભાવથી તદ્દન શુદ્ધ, વર્તમાન અવસ્થામાં પણ વિકાર રહિત માને તો એવા એકાન્તવાદીને પૂછવું જોઈએ કે રાગ-દ્વેષની આકૂળતા કોણ કરે છે?

જો કોઈ કહે, 'પ્રારબ્ધ સુખી-દુઃખી કરે છે, સુધારે-બગાડે છે; તથા ઈન્દ્રિય વિષયોને ઈન્દ્રિય જ ભોગવે છે, તેમાં અમારે શું? તો શરીર ઉપર અગ્નિનો ડામ દઈ જો, કેવો સમભાવ રહે છે? દોષ (રાગ-દ્વેષ) કરે પોતે શરીર અને આરોપ ઢોળે બીજા ઉપર! પ્રારબ્ધ અને ઈશ્વર બધું કરાવે છે, સુંધારવું અને બગાડવું તેને આધીન છે, એમ માનવું તે મૂઢતા છે, અવિવેક છે.

સર્વજ્ઞ વીતરાગના માર્ગમાં વિકલ્પને અવિદ્યમાન કહેવાનો હેતુ એ છે કે વિકલ્પ છે તે ટળી શકે છે, કારણ કે તે સંયોગ આધીન છે. તે વર્તમાન ક્ષણિક અવસ્થામાં છે, તે સિવાય અખંડ ત્રિકાળ ધ્રુવ સ્વભાવ વર્તમાનમાં પર નિમિત્તના ભેદ રહિત પૂર્ણ નિર્મળ છે, તે પરમાર્થના લક્ષે વિકાર ટળી શકે છે; તેથી અભૂતાર્થ કહ્યો છે.

ત્રિકાળી ભૂતાર્થ ધ્રુવ સ્વભાવને મુખ્યપણે લક્ષમાં લઈ તેમાં અભેદ પરમાર્થ દૃષ્ટિનું જોર ન કરે તો વર્તમાન વિકારી અવસ્થા ટળી શકે નહિ. તેમ આત્મા સર્વથા ભૂલ જ કરતો નથી, એમ માને તો ભૂલ વિકાર ટાળવાનો ઉપાય કરે નહિ ને ભૂલ ટળે નહિ. વિકલ્પ તોડવા માટે અભેદનું અવલંબન કહ્યું છે. નિર્મળ નિર્વિકલ્પ અભેદનો વિષય કરનાર શ્રદ્ધાનું અખંડ લક્ષ કરવા માટે, તથા અખંડ ગુણમાં સ્થિરતા-એકાગ્રતા કરવા માટે અખંડ ગુણરૂપ વસ્તુ ઉપર જોર કરે તો વિકલ્પ છૂટી નિર્વિકલ્પ દશાનો અનુભવ થાય છે; તે અપેક્ષાથી કહ્યું છે કે ભેદ-અભેદપણે વસ્તુને સમજી અખંડ નિર્મળ જ્ઞાયક ધ્રુવ સ્વભાવમાં અભેદ લક્ષ કરે તો વિકલ્પની પક્કડ છૂટી, ભેદનું લક્ષ ગૌણ થવાથી, રાગ-દ્વેષ ટળી જાય છે. ત્યાં રાગ-દ્વેષ ટાળું, પુરુષાર્થ કરું એવા વિકલ્પ કરવા પડતા નથી.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

તા. ૨૦–૭–૪૩.

ત્રિલોકનાથ તીર્થંકર પ્રભુએ વ્યવહારનય અભૂતાર્થ કહ્યો છે, કારણ કે સંયોગાધીન શુભાશુભ વિકારી ભાવ ક્ષણિક અવસ્થા પૂરતો છે, તેનો પક્ષ અને તેના ભેદનું લક્ષ રાખવાનું ફળ સંસાર જ છે. અભેદ સ્વભાવનાં લક્ષે વિકારી ભાવ ટળી શકે છે, જે ટળી શકે છે તે અભૂતાર્થ છે.

કર્મના સંયોગથી શુભાશુભ વિકાર થાય તેને તો પોતાના માનવા નહિ, પણ ગુણ-ગુણીના ભેદ ઉપર લક્ષ કરવું નહિ અને ત્રિકાળી ધ્રુવ એકરૂપ નિર્મળ સ્વરૂપને અભેદપણે લક્ષમાં લેવું તે શુદ્ધનય છે.

જેમ પાણી સ્વભાવે ઊનું નથી, વર્તમાન અવસ્થામાં અગ્નિનાં નિમિત્તે ભલે ઉષ્ણ છે, પણ તે ઉષ્ણપણું પાણીનો વાસ્તવિક સ્વભાવ નથી, એમ વિશ્વાસ કરે તો પાણીને શીતળ કરવાનો પુરુષાર્થ કરી ઠંડું પાણી મેળવી શકે છે. અગ્નિના નિમિત્તે પાણી ઊનું થાય છે એમ ન માને અને અગ્નિને પણ માને તેમ જ પાણીની ઉષ્ણ અવસ્થા પર સંયોગથી થઈ છે તે ટળી શકે છે, એમ ન માને તો તેને ઠંડું કરવાનો વાસ્તવિક શીતળ સ્વભાવની ખબર નથી. પાણીને જે ઊનું જ માને તે તેને ઠંડુ કરવાનો ઉપાય નહિ કરે, પણ પાણીનો ઠંડો સ્વભાવ ઊના વખતે પણ ટકી રહેનાર છે, એમ જાણે તો વર્તમાન અગ્નિના સંયોગે ઉષ્ણ અવસ્થાનું લક્ષ ગૌણ કરીને, આખા શીતળ સ્વભાવ ઉપર દૃષ્ટિ કરે. ઊની અવસ્થા વર્તમાન પૂરતી છે તેનું જ્ઞાન કરે અને તે ઊની અવસ્થા વખતે પણ પાણીમાં શીતળતા ભરી છે, એમ બંને પ્રકાર માની ઊના પાણીને ઠારે તો શીતળ સ્વભાવ જ રહે છે. એમ પાણીના શીતળ સ્વભાવને જાણવું તે પરમાર્થ દૃષ્ટિ (નિશ્ચયદૃષ્ટિ) છે અને અગ્નિના નિમિત્તે પાણી વર્તમાન ઉષ્ણ છે, એમ પરની અપેક્ષાથી જાણવું તે વ્યવહાર છે.

ભગવાન આત્મા વીતરાગી જ્ઞાનાનંદનો ઘન છે. તેની વર્તમાન અવસ્થામાં કર્મના સંયોગ આધીન પોતે થાય છે ત્યારે અજ્ઞાની રાગ-દ્વેષ, પુણ્ય-પાપનો કર્તા છું, વિકાર મારું સ્વરૂપ છે એમ માને છે, તેથી તે મિથ્યાદૃષ્ટિ છે; પણ જે સ્વાશ્રયી દૃષ્ટિ વડે વર્તમાન નિમિત્તાધીન વિકારનું લક્ષ ગૌણ કરી, ત્રિકાળી એકરૂપ નિર્મળ ધ્રુવ સ્વભાવને, વર્તમાન પૂર્ણ સામર્થ્યરૂપ અભેદપણે જાણે તે પરમાર્થદૃષ્ટિ છે. એ રીતે દ્રવ્યદૃષ્ટિથી આત્મા શુદ્ધ છે, સ્વઆશ્રિત સ્વભાવે તો ત્રિકાળી (વર્તમાનમાં પણ) શુદ્ધ છે અને પરાશ્રયરૂપ વ્યવહારથી વર્તમાન અવસ્થામાં અશુદ્ધ પણ છે, એમ એક વસ્તુમાં બે પ્રકાર માનવા તે સ્યાદ્વાર છે.

જો બધું એક જ હોય શુદ્ધ જ હોય અને વર્તમાન અવસ્થામાં (સંસારી જીવોને) ભૂલ-અશુદ્ધતા ન હોય તો 'સમજણ કર, ભૂલ ટાળ, રાગ ટાળી નિર્મળ થા' એવા ઉપદેશની જરૂર જ ન રહે.

વ્યવહારનય અભૂતાર્થ છે તેનો અર્થ એમ નથી કે વર્તમાન અશુદ્ધ અવસ્થા સર્વથા ખોટી છે. જે વસ્તુ છે તેનો સર્વથા નાશ થતો નથી, પણ મૂળ વસ્તુપણે ટકીને દરેક વસ્તુ પોતાની અવસ્થા બદલ્યા કરે છે. અવસ્થાનું દરેક ક્ષણે બદલવાપણું દેખી તેને ભ્રમમાયા કોઈ કહે તો તે ખોટું છે. દોરડીમાં સર્પની માન્યતા તે ભ્રાંતિ છે તેમ કહેનારે દોરડી જુદી, તેમાં સર્પની કલ્પના કરનારો જુદો, તથા સર્પ જુદો એમ ત્રણ જુદી ચીજ છે, એમ સ્વીકારવું જ પડે.

દરેક ચીજ જુદી જુદી છે. રાગ-દ્વેષ કરવામાં પરાશ્રયરૂપ બીજી વસ્તુની હાજરી હોય છે, એક કરતા વધુ વસ્તુ હોય તો જ ભ્રાંતિ થાય અને ત્યારે જ બીજી વસ્તુ નિમિત્ત કહેવાય.

જેમ એકલું સોનું પોતાના કારણે અશુદ્ધ નથી, પણ બીજી ધાતુના આરોપથી વર્તમાન અવસ્થામાં તે અશુદ્ધ કહેવાય છે; તેમ આત્માને વિષે અનાદિકાળથી એકેક સમયના પ્રવાહરૂપે વર્તમાન વર્તતી અવસ્થામાં રાગ-દ્વેષ અજ્ઞાનરૂપ ભ્રાંતિ થવાનું મૂળ કારણ પોતાનું અજ્ઞાન છે અને જોડે નિમિત્તરૂપ કર્મ તે બીજી ચીજ છે; એમ પરાશ્રયથી વિકાર થાય તેને પોતાનું સ્વરૂપ માનવું તે અજ્ઞાન છે. 'પુણ્ય-પાપ, રાગ-દ્વેષ વર્તમાનમાં છે જ નહિ, ઈન્દ્રિયોનો વિષય ઈન્દ્રિયો જ ભોગવે છે,' એમ પોતાને અખંડ સાક્ષી–બાહ્યરૂપ જ એકાન્તે માને તોપણ અજ્ઞાની–સ્વચ્છંદી કહેવાય. ભેદ વસ્તુ જ નથી, મલિનતા આત્માની અવસ્થામાં વ્યવહારે પણ નથી એમ નક્કી ક્યાંથી કર્યું? ક્રોધ, માન, માયા, લોભ, વાસના, રાગ-દ્વેષ છે તેથી તો વર્તમાનમાં દેખાય છે; જો તે સર્વથા ન જ હોય, રાગ-દ્વેષ-આકુળતા વર્તમાન અવસ્થામાં પણ ન જ હોય તો અતીન્દ્રિય આનંદની પ્રગટતા હોવી જોઈએ, પણ વર્તમાન અવસ્થામાં તેમ નથી. સ્વભાવમાં શક્તિરૂપે અનંત આનંદ છે, પણ વર્તમાનમાં તે આનંદ પ્રગટરૂપે નથી; જો વર્તમાનમાં પૂર્ણ નિર્મળ આનંદ પ્રગટ હોય તો કાંઈ પુરુષાર્થ કરવાની, સાચી સમજણ કરવાની કે રાગ-દ્વેષ ટાળવાની એવી કોઈ વાતને અવકાશ રહેતો નથી.

અનંતકાળમાં કદી પણ એક સેકન્ડ માત્ર સત્ય તત્ત્વનો ખ્યાલ ઘણા જીવોએ કર્યો નથી. ડુંગરમાં વીજળીથી પડેલી ફાટ ફરીથી સંધાય નહિ, તેમ જો એકવાર અનાદિનું પોતાનું અજ્ઞાન ટળી ધ્રુવ વસ્તુનું ભાન કરે તો ગ્રંથિભેદ કરે, એટલે કે રાગ-દ્વેષની

પક્કડરૂપ મિથ્યા ગાંઠનો નાશ કરે. રાગ-દ્વેષરૂપ વિકાર, પરનું કર્તવ્ય અને દેહાદિની ક્રિયાનું સ્વામિત્વ માનવું તે મિથ્યાત્વ છે. તેનો સ્વાશ્રય વડે નાશ કરી, ત્રિકાળી નિર્મળ નિરપેક્ષ અખંડ સ્વભાવના લક્ષે સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ કરે તો ફરી કદી પણ અજ્ઞાન થાય નહિ, એટલે કે આત્મા અને રાગ-દ્વેષ એક છે એમ કદી મનાય નહિ.

વસ્તુદૃષ્ટિથી જોવામાં આવે તો આત્મા ધ્રુવપણે ટકી રહે છે, તે અપેક્ષા 'નિત્ય' છે અને વર્તમાન પર્યાયદૃષ્ટિથી જોવામાં આવે તો ક્રમેક્રમે અવસ્થા બદલવાનો સ્વભાવ છે, તે અપેક્ષાએ 'અનિત્ય' છે; એમ બધા ગુણ નહિ માનતાં એક જ ગુણને માને અથવા બધામાં એક બ્રહ્મરૂપ વસ્તુની સત્તાથી અભેદપણું માને તો તે એકાંતિક મિથ્યા માન્યતા છે.

સર્વજ્ઞના ઉપદેશમાં એક પક્ષરૂપ કથન નથી, એટલે સર્વથા એકાંત શુદ્ધ જ કે એકાંત અશુદ્ધ અથવા નિત્ય કે અનિત્ય એમ સર્વથા એકાંત ન કહેતાં, પ્રયોજનવશ મુખ્ય ગૌણદૃષ્ટિ કરી એકેક સ્વભાવને યથાર્થ જણાવે છે. આત્મા ત્રિકાળી દ્રવ્યદૃષ્ટિએ શુદ્ધ છે અને વર્તમાન અવસ્થામાં પરાવલંબનરૂપ વિકાર કરે છે તેટલો એક એક સમયની અવસ્થાપણે અશુદ્ધ પણ છે. સ્વ-આશ્રિત સ્વભાવ તે નિશ્ચય અને પરાશ્રિત ભેદ તે વ્યવહાર; એ બન્ને પ્રકાર જાણવા જોઈએ.

'હું રાગી-દ્વેષી છું, પુણ્ય કરવા જેવાં છે, દેહાની ક્રિયા કરીએ તો ગુણ થાય' એમ અજ્ઞાનરૂપ વ્યવહારની પક્કડ એટલે પરાવલંબનનો મિથ્યા આગ્રહ સંસારી જીવોને અનાદિથી છે. નિર્વિકારી અભેદ જ્ઞાનસ્વભાવનું ભાન કર્યા પછી પણ વર્તમાન અવસ્થામાં શુભ ભાવરૂપ રાગ દેખાય ખરો,, પણ તેને રાખવા જેવો કે આદરવા જેવો સમ્યગ્દૃષ્ટિ માને નહિ, શુભ-અશુભ વિકારનું ધણીપણું—કર્તાપણું માનવું તેણે સર્વજ્ઞ ભગવાને મિથ્યાદર્શનશલ્ય કહ્યું છે.

'સ્વતંત્રપણે કરે તે કર્તા અને કર્તાનું ઈષ્ટ તે કર્મ.' જેણે દેહાદિ પરવસ્તુની ક્રિયાનો કર્તા તથા પુણ્ય-પાપ વિકારનો કર્તા આત્માને માન્યો, તેની માન્યતા વિકારી છે. ત્ વિકારનો પોતે (માનનારો) કર્તા છે અને વિકાર તે કર્તાનું કર્મ (કાર્ય) છે. જેઓએ અવિકારી નિર્મળ સ્વભાવને શ્રદ્ધામાં કબૂલ્યો નથી. તેઓ અનાદિ કાળથી વિકારી કર્તવ્યનો ઉપદેશ આપનારા છે.

'જ્ઞાનીનું ઈષ્ટ કર્મ જ્ઞાનભાવ છે,' તેથી આત્મા જ્ઞાનનો જ કર્તા છે. તે સદાય પોતાના અરૂપી જ્ઞાનસ્વભાવપણે જાણનાર સ્વરૂપે હોવાથી જ્ઞાન સિવાય બીજું કાંઈ કરી શકતો નથી. એવા સ્વભાવનું ભાન જેને નથી તે અજ્ઞાન ભાવે પરનો કર્તા દેહાદિની

ક્રિયાનો કર્તા છું, એમ માને છે. પુણ્યનો ટેકો જોઈએ એવા અશુદ્ધ વ્યવહારની પક્કડ કરનારા મિથ્યાદ્રષ્ટિઓનો સંસારપક્ષ અનાદિનો ચાલ્યો આવે છે અને અનંતકાળ ચાલવાનો જ તથા તેવો ઉપદેશ દેનારા અને સાંભળનારા પણ ઘણા હોય છે.

બહારથી કંઈ કરવાની વાત જેમ કે આટલી શારીરિક ક્રિયા કરો, જાપ કરો, દાન કરો, તો ધર્મ થશે, તે જીવોને ઝટ બેસી જાય છે. વળી આ લીધું–મૂક્યું એ નજરે દેખાય એમ માને છે અને અનાદિનો તે પરિચય છે, તેથી તે બાહ્યની વાતોને મેળ અનાદિની જૂઠી માન્યતાના જુના ખાનામાં જીવો ઝટ ગોઠવી દે છે અને તેનાથી જુદી બીજી વાત સાંભળે કે પુણ્યથી–શુભભાવથી ધર્મ ત્રણકાળમાં ન થાય, પુણ્ય તે વિકાર છે, વિકારથી અવિકારી ધર્મ કદી ન થાય, ત્યાં તો હાય હાય! અમારા વ્યવહારના મીંડા વળી જાય છે! પૈસાવાળાને દાનાદિના અભિમાનના મીંડા વળે અને દેહ ઉપર દ્રષ્ટિવાળાને તેની માનેલી ક્રિયાનાં મીંડા વળે, એમ બધાને ધડાકા લાગે પણ સત્ય કેમ છુપાવાય?

જ્યાં હોય ત્યાં વ્યવહારના ઝગડા અને જેનાથી જન્મ-મરણ ટળે એવા તત્ત્વજ્ઞાનનો વિરોધ દેખાય છે. સૌ પોતાના ભાવે સ્વતંત્ર છે. વ્યવહારના ઝગડા અનાદિથી સંસાર પક્ષમાં છે અને અનંતકાળ રહેશે.

શ્રી આનંદઘનજી કહે છે કે :—

'પરામારથ પંથ જે કહે, તે રંજે એક તંત રે;
વ્યવહારે લખ જે રહે, તેહના ભેદ અનંત રે.'

પરમાર્થસ્વરૂપ આત્માને અવિરોધપણે સમજનારા અને તેનો ઉપદેશ આપનારા વીરલ જ હોય છે. પરાશ્રયરુપ વ્યવહારનો પક્ષ દેહની ક્રિયા આપણે કરીએ તો થાય, સમાજમાં આમ સુધારો કરીએ, આમ થવા દઈએ, હવે વાતો કરવાનો વખત નથી, કર્યા વિના બેસી રહ્યે કાંઈ ન થાય એમ માનનારા અને કહેનારા અનાદિથી ઘણા છે. કેમ જાણે પર ચીજ પોતાને જ આધીન હોય અને પોતે પરને જ આધારે હોય! પર મારું કાર્ય કરી શકે એમ માન્યું તેણે મનાલો માન્યો છે, તેને સ્વાધીન અનંત શક્તિનો વિશ્વાસ નથી, તેથી પરાશ્રયરૂપ વ્યવહાર જોઈએ. વ્યવહાર કરવા જેવો છે. શુભાશુભરૂપ વિકાર કર્યા વિના અવિકારી ન થવાય એવી ઊંધી માન્યતારૂપ મિથ્યા આગ્રહની પક્કડ જીવને અનાદિની છે અને તેવા ઉપદેશકો દ્વારા એ વાતનું પોષણ મળ્યા કરે છે જેના વાવેતર કડવાં બી વડે થાય તેના ફળમાં આંબાની મીઠી કેરીની આશા કેમ રાખી શકાય?

સર્વજ્ઞ ભગવાને પણ, અશુભથી છૂટી પરમાર્થ વસ્તુ સમજવામાં વચ્ચે આવે તેવા, શુભ વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયમાં હસ્તાવલંબન (સહાયક) જાણી બહું કર્યો છે; પણ

એનું ફળ સંસાર જ છે. અંતર તત્ત્વની સૂક્ષ્મ વાત સમજે નહિ અને જ્યાં બાહ્યમાં વ્રત-તપ આદિ શુભ ભાવની પ્રવૃત્તિની વાત આવે ત્યાં એ.... અમારો વ્યવહાર આવ્યો! એમ જીવ ઘોડો થઈ જાય છે. બાહ્ય પ્રવૃત્તિરહિતની શ્રદ્ધા અને સ્થિરતા શું, વિકલ્પ વિનાનો, મનના સંબંધ વિનાનો અંદરનો ધર્મ શું તે કદી સાંભળ્યું નથી તો સમજે તો ક્યાંથી?

ભાઈઓ અનંત ભવનાં દુ:ખ—દાળદર ટાળે એવી સમજણના ઉત્તમ ટાણાં આ મનુષ્ય ભવમાં મળ્યા છે, ફરી ફરી આવો અવસર મળતો નથી. તું પ્રભુ! તારી કરુણા તને ન આવે! જન્મ-મરણની પરાધીનતાનો અનહદ ત્રાસ! બસ થયું! હવે સંસાર ન જોઈએ. રાગ-દ્વેષ અજ્ઞાન રહિત સત્ સ્વરૂપ છે તેને જ સમજવું, તેમાં જ ઠરવું, તે સિવાય બીજું કાંઈ જોઈતું નથી; એવો નિર્ણય કરી, પૂર્વની માન્યતાના આગ્રહની પક્કડ, યથાર્થ સમજણ વડે છોડીને, નિર્દોષ સત્સમાગમથી સ્વરૂપ સમજવું, તારી તૈયારી વિના, અંદરની ધગશ વિના શું થાય? અશુભથી બચવા શુભનો ઉપદેશ જનવાણીમાં આવે છે, પણ તે શુભની મર્યાદા પુણ્યબંધન પૂરતી છે.

વ્યવહાર તે ભેદ પાડવા માટે નથી, પણ પરમાર્થસ્વરૂપ વીતરાગી નિર્વિકલ્પ જ્ઞાયક સ્વરૂપ છે તેને પકડી, તેમાં ઠરવા માટે છે એવું ધ્યેય પ્રથમથી જ હોવું જોઈએ. પર નિમિત્તના ભેદ રહિત અંતરમાં વસ્તુ પરિપૂર્ણ છે. એમ સમજે તો વચ્ચે આવેલો વ્યવહાર (શુભાશુભ) તે ઉપચારથી નિમિત્તરૂપે હાજર હતો એમ કહેવાય, પણ શુભરાગ તો સંસાર જ છે. શુભના ફળમાં મોટો દેવ થાય કે રાજા થાય અને અશુભના ફળમાં નરકમાં નારકીપણે થાય; તે બંને સંસારપક્ષે સરખા છે, માટે શુભભાવરૂપ વ્યવહારથી પણ આત્માને ગુણ નથી. આમ જાણ્યાં છતાં વ્યવહાર આવશે ખરો, પણ તેનાથી માને તો શ્રદ્ધા ખોટી છે.

પ્રથમ ભૂમિકામાં પણ સાધારણ સજ્જનના સારા આચરણ તો હોય જ; બ્રહ્મચર્યની પ્રીતિ, અનીતિ ત્યાગ, સત્યનો આદર વગેરે હોય જ, પણ તે અપૂર્વ નથી; એવું તો અનંતવાર ચિત્તશુદ્ધિનું કાર્ય કરી તેમાં સર્વસ્વ માની જીવ અટકી ગયો છે; છતાં તેનો (શુભનો) નિષેધ નથી, કારણ કે જે તીવ્ર ક્રોધ, માન, માયા, લોભમાં ઉભો છે તેને તદ્દન અવિકારી સચ્ચિદાનંદ ભગવાન આત્માની વાત તો અંદર કેમ બેસે? ન જ બેસે. માટે પ્રથમ અવિરોધી તત્ત્વ સમજવાની પાત્રતા માટે, શુભ વ્યવહારના આંગણામાં આવવું જોઈએ; પણ શુભમાં જ અટકી તેની અપેક્ષા રહિત નિર્મળ અવિકારી સ્વભાવની શ્રદ્ધા ન કરે તો ચિત્તશુદ્ધિના શુભ વ્યવહાર કે જે જીવ અનંતવાર કરી ચૂક્યો છે, તેનું ફળ સંસાર જ છે.

નિરાવલંબી તત્ત્વની દૃષ્ટિ થયા પછી, વીતરાગ ન થઈ શકે ત્યાં સુધી, અશુભથી બચવા માટે, શુદ્ધદૃષ્ટિના લક્ષ સહિત વ્રત, તપ, પૂજા, ભક્તિ, પ્રભાવના વગેરે શુભભાવ સંબંધી પ્રવૃત્તિમાં જ્ઞાની પણ જોડાય છે; પરંતુ તે શુભભાવમાં જ જેઓ ધર્મ માને અથવા તેના વડે ગુણ ઉઘડે એવું માને તે સંસારમાં રખડે છે.

શુદ્ધનયનો પક્ષ તો કદી જીવને આવ્યો નથી. પરનો આશ્રય, ઉપાધિ કે વિકાર મારામાં નથી. હું અવિનાશી અખંડ જ્ઞાતા-દૃષ્ટા છું એવી શુદ્ધનયથી શુદ્ધ સ્વભાવની દૃઢતા અનંતકાળમાં કદી કરી નથી. પરનિમિત્તના સંબંધ રહિત એકલો સ્વતંત્રપણે પૂર્ણ જ્ઞાનાનંદ સ્વરૂપ છું, એવી શ્રદ્ધાનું જોર કદી અંતરમાં આવ્યું નથી.

આચાર્ય કહે છે કે 'પ્રભુ! તારી વાત તને ન સમજાય તે કેમ બને?' અંદર પરમાર્થ હિત-અહિતનો નિર્ણય કદી કર્યો નથી, તેનો ઉપદેશ પણ બહુધા મળતો નથી, ક્યાંક ક્યાંક પરમાર્થનો ઉપદેશ છે, પણ જગતનો મોટો ભાગ બાહ્ય પ્રવૃત્તિમાં, પુણ્યની શુભ ક્રિયામાં જ ધર્મ માને છે. 'આ જગ્યાએ પાંચ હજાર રૂપિયા ખરચી નાખો તો ધર્મ થશે, સંઘ કાઢો તો મોટી ધર્મ પ્રભાવના થશે' એમ બહારમાં પૈસાદિથી ધર્મ મનાવી દે એટલે જડનો કર્તા આત્માને ઠરાવી દે છે, પણ બહારની એકે ક્રિયા કે કોઈ સંયોગ-વિયોગ આત્માને આધીન નથી, કારણ કે બંને દ્રવ્યો જુદે જુદાં છે. અનંત પુદ્ગલ પરમાણુઓ બધા સ્વતંત્ર છે અને આત્મા પણ સ્વતંત્ર છે. એકબીજાનું કાંઈ કરી શકે નહિ.

## ઉપસંહાર

કોઈ કહે :—આવું માને તો દાન, સેવા, ધર્માદા, દવાખાનાં આદિ કાર્યો કોઈ કરશે નહિ પણ ક્યાં કોઈ કરી શકે છે? તે તો જે કાળે જેમ થવા યોગ્ય છે તેમ થયા જ કરે છે. તેમાં અજ્ઞાની 'મેં કર્યું' એમ માને છે. તૃષ્ણા (પર ઉપરની મમતા) ઘટાડવાનો શુભભાવ જેવો જ્ઞાનીને થાય છે, તેવો અજ્ઞાની કરી શકતો નથી. બાહ્યના સંયોગ પ્રમાણે તૃષ્ણા વધે કે ઘટે એમ નથી, પણ પોતાના ભાવમાં પોતાથી જ તૃષ્ણાનો વધારો કે ઘટાડો થાય છે.

આ ઝીણી વાત સમજાય નહીં, તેથી કોઈ કહે કે જો પૈસાથી ધર્મ બતાવી દો તો હમણાં પચીસ હજાર ખરચી નાખીએ; (બાકી પોણી પચીસ લાખ તો રહેશે?) પણ તેમાં તો પરવસ્તુ તો મારી છે, મેં બીજાને આપી, એમ પરનું ધણીપણું રાખી કર્તા થાય છે. જ્યાં સુધી તે પરમાં કર્તાપણાની માન્યતા ન છોડે ત્યાં સુધી તે અજ્ઞાનભાવ—બંધનભાવ છે. કેટલાક કહે છે કે 'હું આસક્તિ વિના, ફળની ઈચ્છા વિના આ ક્રિયા કરું છું' પણ

તેને પરનું કરી શકું એમ માન્યું તે જ પર ઉપરની અનંતી આસક્તિ છે.

જ્ઞાનીને શુભરાગનો પણ આદર નથી, છતાં ઊંચા પ્રકારનો શુભરાગ થાય છે. પરમાણુ માત્ર મારું નથી એવી ભાવના હોય ત્યાં તીવ્ર તૃષ્ણા હોય જ નહિ. ગૃહસ્થ દશામાં જ્ઞાની હોય ત્યારે તે દાન, પૂજા, પ્રભાવના વગેરેમાં સ્વભાવના ભાન સહિત તૃષ્ણા ઘટાડી સ્વભાવનો સંતોષ વધારશે, તેવું અજ્ઞાની કદી કરી શકશે નહિ. અજ્ઞાનીને પરનું ધણીપણું છે; તેથી પાંચ હજાર ખર્ચશે તો 'મેં ખર્ચ્યા' એમ પરના અભિમાનથી ગાણાં ગાયા કરશે, પણ જ્ઞાની તૃષ્ણા ઘટાડે ત્યારે તેને કોઈ કહે છે કે 'તમે ભારે દાન કર્યું.' તો માને કે મને જડનો ધણી બતાવે છે, તે ગાળ દીધા જેવું છે. પૈસા મારા હતા જ નહિ, તે તેના કારણે ગયા. તે જડની ક્રિયા થઈ, તે માત્ર મેં તો જાણ્યું છે.

હું નિર્મમત્વ જ્ઞાતા-દૃષ્ટાપણે જાણનારા સ્વરૂપે છું, તૃષ્ણારહિત સ્વભાવના લક્ષે તૃષ્ણા ઘટાડી, રાગ ઓછો કરી સમતા કરી, તે ભાવ મારો હતો. એ રીતે જ્ઞાની કોઈ બાહ્ય પ્રવૃત્તિમાં ધણીપણું માનતા નથી. પરની ક્રિયાને પોતાનું કર્તવ્ય માનતા નથી. અશુભ ટાળતાં શુભભાવ રહે તે પણ મારા ભાવ નથી, એ રીતે તો ધર્મી તો અવિકારીધર્મનો જ કર્તા રહે છે, વિકારનો કર્તા કદી થતો નથી.

કેટલાક કહે છે કે આપણે બહું ઝીણું સમજી ઊંડા ઊતરવાનું શું કામ છે, રાગ-દ્વેષ ટાળવા છે ને! તો જેના ઉપર રાગ થતો હોય તે વસ્તુનો ત્યાગ કરો, એટલે રાગ પણ ટળી જશે. પણ ભાઈ! રાગ રહિત નિરાવલંબી તત્ત્વના અસ્તિ સ્વભાવને યથાર્થ જાણ્યા વિના 'ત્યાગ કરો, રાગ ટાળો' એમ કહેનાર નાસ્તિથી (સ્વલક્ષ વગર—પરલક્ષથી) અનિત્ય સંયોગ આધીન દૃષ્ટિ કરી ઉપાડ્યા છે તેને ખરેખર રાગનો અભાવ નહિ થાય, બહુ તો મંદકષાય કરે તો પુણ્ય બાંધે. પર લક્ષે રાગ ઘટાડવા માગે છે એટલે બાહ્ય ક્રિયાથી ગુણ માને છે કે આમ કર્યું, આટલો ત્યાગ કર્યો, આટલી પ્રવૃત્તિ કરી માટે આટલા ગુણ થયા; પણ શું તારામાં ગુણ નથી? અંદરમાં પૂર્ણ શક્તિરૂપ અનંતગુણો ભર્યા છે તેનો વિશ્વાસ કર તો તે અખંડ ગુણોનાં જોરે નિર્મળતા પ્રગટે.

નિરાવલંબી ધ્રુવ એકરૂપ પરમાર્થ જ્ઞાનસ્વરૂપની દૃઢતારૂપ સ્વાશ્રયનો પક્ષ જીવે કદી કર્યો નથી. લોકોને અંતરંગ સૂક્ષ્મ તત્ત્વની રુચિ નહિ, તેથી બાહ્યની વાતો સાંભળવા ઘણા ભેગા થાય, પણ તત્ત્વજ્ઞાન સંબંધી વાત જલદી સમજે નહિ. 'શુભ કરણી વિના— પુણ્યનો ટેકો લીધા વિના ધર્મ ન થાય, પુણ્ય તો જોઈએ, સાધનની સગવડતા વગર ધર્મ થાય નહિ,' એવી પરાશ્રયની વાતો ઘેર ઘેર સાંભળવા મળે છે; પણ તે બધા લૌકિક વ્યવહારના મીંડા વાળી ગુણ-ગુણીના વિચાર કરતાં મનના સંબંધે શુભ સ્વભાવ થાય તે

પણ મારો નહિ એમ વ્યવહારને ગૌણ કરી એકલો અખંડ પરમાર્થ ધ્રુવ સ્વભાવ લક્ષમાં લેવાનો ઉપદેશ બહુ વીરલ છે, ક્યાંક ક્યાંક જ છે, તેથી ઉપકાર શ્રી ગુરુએ એવા શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને તેનો ઉપદેશ મુખ્યતાથી દીધો છે.

અશુભભાવથી બચવા માટે તો શુભનું અવલંબન બરાબર છે, પણ તે શુભભાવ વડે ધર્મ ત્રણકાળ ત્રણલોકમાં થાય નહિ. અહીં તો માન્યતાને બદલવાનો ઉપદેશ છે. ધર્મ તો આત્માનો અવિકારી સ્વભાવ છે, તે સ્વભાવને ગુરુગમથી જાણી, સાચી સમજણનો અભ્યાસ કરી, ખોટી માન્યતા છોડી, વિકારનો કર્તા નથી, પુણ્યના શુભ વિકલ્પ મારાં સ્વભાવમાં નથી તેમ જ તે મારૂં કર્તવ્ય પણ નથી; એમ માનીને તથા નિર્મળ પર્યાયના ભેદનું લક્ષ ગૌણ કરી, અખંડ જ્ઞાયક ધ્રુવ સ્વભાવને શ્રદ્ધાના લક્ષમાં લેવો તે ળશુદ્ધનયનો વિષય છે અને તેનું ફળ મોક્ષ છે. શુદ્ધનયનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. આ વાત શ્રાવક અને મુનિ થયા પહેલાની છે.

હું આત્મા તો અખંડ જ્ઞાયક જ છું. પરનો સ્વામી કે કર્તાભોક્તા નથી, શુભ કે અશુભ વિકારમાત્ર કરવા જેવો નથી, એવું સ્વભાવનું અપૂર્વ ભાન ગૃહસ્થ દશામાં થઈ શકે છે. મોટો રાજા હોય કે સામાન્ય માણસ હોય, સ્ત્રી હોય કે પુરુષ હોય, વૃદ્ધ હોય કે આઠ વર્ષનું બાળક હોય પણ બધાય પોતપોતાના સ્વભાવે સ્વતંત્ર પૂર્ણ પ્રભુ છે, તેથી અંદરમાં સ્વભાવનું ભાન બધા કરી શકે છે.

જ્યાં સુધી જીવ વ્યવહારમગ્ન છે અને બાહ્ય સાધનથી ધર્મ માને છે, ક્રિયાકાંડની બાહ્ય પ્રવૃત્તિથી ગુણ માને છે, ત્યાં સુધી પરથી જુદો અવિકારી અખંડ જ્ઞાયક આત્મા નિરાવલંબી છે, એવું પૂર્ણ શુદ્ધ આત્માના જ્ઞાનશ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ તેને થઈ શકતું નથી.

આ વાતનું ખાસ શ્રવણ-મનન કરવું જોઈએ અને પરમાર્થ નિર્મળ વસ્તુનું નિરંતર બહુમાન થવું જોઈએ. જાતની દરકાર, ધગશ, પુરુષાર્થ વિના અપૂર્વ ફળ આવે નહિ.

(ગાથા ૧૧ પૂરી)

## ગાથા બારમીની ભૂમિકા

જે પરમાર્થે આદરવા યોગ્ય નથી છતાં વચ્ચે આવી જાય છે, તે વ્યવહારનય કોઈ કોઈને કાળે પ્રયોજનવાન છે, એમ અહીં કહે છે.

પર નિમિત્તના ભેદ રહિત એકરૂપ અખંડ વસ્તુને લક્ષમાં લેવી તે નિશ્ચય

(પરમાર્થ) છે અને વીતરાગ અવિકારી પૂર્ણ શુદ્ધ દૃષ્ટિના અભેદ વિષયમાં જોરમાં રાગ ટાળી અંશે અંશે અંદરમાં સ્થિરતા-લીનતા કરવી તે વ્યવહાર છે. શુભભાવ અસદ્‌ભુત વ્યવહાર છે અને અંશે જે નિર્મળતા વધે તે સદ્‌ભુત વ્યવહાર છે. નિશ્ચયનો વિષય એકરૂપ શ્રદ્ધા કરવાનો છે, તેમાં સાધક-સાધ્ય એવા નિર્મળ પર્યાયના ભેદ નથી.

પૂર્ણ નિર્મળ દશા પ્રાપ્ત થયાં પહેલાં થોડો કાળ વ્યવહાર આવ્યા વિના રહેતો નથી, આ પ્રમાણે જો ન માને તો તેને સાધકભાવની ખબર નથી. કોઈપણ યથાર્થ ભાન સાથે જ અંતમુહૂર્તમાં ધ્યાનમાં ઠરીને, કેવળજ્ઞાન પામે તો તેમાં પણ વચ્ચે નિર્મળતાના ઘોલન-મનનનો સૂક્ષ્મ વિકલ્પરૂપ વ્યવહાર આવ્યા વિના રહે નહિ.

અભેદસ્વભાવી દ્રવ્યનું તે સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્રની શરૂઆતનું અને પૂર્ણતાનું કારણ છે. જેને મોક્ષ જતાં વાર લાગે તેઓ અકષાયદૃષ્ટિ સહિત શુભ રાગમાં એટલે કે પૂજા, ભક્તિ, સ્વાધ્યાય, ધ્યાન, વગેરેમાં રોકાય છે, તેટલા પૂરતો વ્યવહાર કોઈ કોઈને કોઈ વખતે હોય છે, પણ તે વીતરાગતાને કારણભૂત છે એમ કહ્યું નથી. 'કોઈ વખતે' એમ કહેવાનો આશય એ છે કે સમ્યગ્દૃષ્ટિ ભાનની ભૂમિકામાં નિરંતર ધ્યાનમાં રહી શકતી નથી, તેથી આ વ્યવહાર આવ્યા વિના રહેતો નથી; પણ જ્યારે અભેદ સ્વવિષય કરી ધ્યાતા, ધ્યાન અને ધ્યેયના વિકલ્પથી જરા છૂટીને અંદરમાં એકાગ્ર (સ્વભાવમાં લીન) થાય તે વખતે તે શુભભાવરૂપ વ્યવહાર નથી, એટલે અભેદ દૃષ્ટિમાં સ્થિરતા વખતે ભેદરૂપ વિકલ્પો છૂટી જાય છે. જ્યારે અંદર સ્વરૂપમાં લીનતા-સ્થિરતા છે ત્યારે વ્યવહાર નથી; નિશ્ચયદૃષ્ટિમાં વ્યવહાર અભૂતાર્થ છે.

તા. ૨૧-૭-૪૩

સમ્યગ્દર્શનનો વિષય અખંડ ધ્રુવ સ્વભાવ છે. તેના યથાર્થ ભાનપૂર્વક આત્મા જ્યારે એકાગ્ર થાય છે ત્યારે અભેદ આનંદનો અનુભવ થાય છે; સિદ્ધ પરમાત્મા જેવો અતીન્દ્રિય આનંદનો અંશે સ્વાદ તે વખતે છે.

સમ્યગ્દૃષ્ટિ પુણ્ય-પાપનાં કર્તવ્યને પોતાના માનતો નથી. હું પુણ્ય-પાપના શુભાશુભ વિકારનો નાશક છું, જડ પરમાણુ માત્ર મારું નથી, હું પરનો ધણી નથી; પુણ્ય-પાપ રાગાદિનો કર્તા પરમાણુ હું નથી, એવું અંતરથી સ્વભાવનું અખંડ ભાન ગૃહસ્થ દશામાં પણ સમ્યગ્દૃષ્ટિને હોય છે.

શુભવૃત્તિ ઊઠે તે આત્માને ગુણકારી નથી, મદદગાર નથી; પણ સમ્યગ્દર્શન થયા પહેલાં અને સમ્યગ્દર્શન થયા પછી ચારિત્રમાં સ્થિર થયા પહેલાં અશુભ ભાવોને ટાળવા માટે શુભ ભાવોનું અવલંબન આવે છે તેને વ્યવહાર કહેવામાં આવે છે.

કુદેવ, કુગરુ, કુશાસ્ત્રો અને તેમના કહેલા મિથ્યા ધર્મની શ્રદ્ધાનો ત્યાગ અને સુદેવ, સુગુરુ, સત્શાસ્ત્ર અને વીતરાગે કહેલા ધર્મનો આદર પ્રથમ હોવો જોઈએ. સાચા તરફની ભક્તિ ન જાગે ત્યાં સુધી પરમાર્થ સ્વભાવનો મહિમા આવે નહિ. પ્રથમ તૃષ્ણા-મમતાનો ઘટાડો કરી રાગની દિશાની ગુલાટ મારવી જોઈએ. તીવ્ર ક્રોધાદિ કષાય મંદ પાડી, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ઓળખાણ કરી, તે પ્રત્યે બહુમાન લાવી, રુચિપૂર્વક શ્રવણ-મનન વડે અંદર સ્વાધીન પરમાર્થનો વિચાર કરવો; એટલો શુભભાવ પ્રથમ જે ન કરે તેને સમ્યક્દર્શન ન થાય, પણ તેથી શુભભાવ સમ્યગ્દર્શનનું કારણ છે; એમ સમજવું નહિ.

સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર તથા નવતત્ત્વની ઓળખાણ અને તે તરફ શુભભાવનું વલણ કરી રાગ પાતળો અંતરના આંગણે આવ્યા વિના સમ્યક્દર્શન ન થાય, પણ એ શુભભાવથી—ચિત્તશુદ્ધિથી પણ સમ્યક્દર્શન થતું નથી. સમ્યક્દર્શન થતાં પહેલા શુભ વ્યવહાર આવે ખરો પણ શ્રદ્ધમાં તેનો અભાવ કરે તો જ સમ્યક્દર્શન પ્રગટે છે અને સમ્યક્દર્શન પ્રગટે ત્યારે શુભને ઉપચારથી નિમિત્ત કહેવાય છે.

અજ્ઞાની ધણીપણું રાખીને પરનો કર્તા થાય છે અને જ્ઞાની 'હું પરનું કાંઈ કરી શકતો નથી' એમ સાક્ષી ભાવે માત્ર જ્ઞાતા રહે છે. સમ્યક્દર્શન થયા પછી જ્ઞાની જ્યારે નીચલી ભૂમિકામાં વધારે કાળસ્વરૂપમાં સ્થિર રહી શકે નહિ ત્યારે વિકલ્પ દશામાં અશુભથી બચવા તત્ત્વના વિચાર, શ્રવણ, મનન વગેરેમાં અને સંસારના વિકલ્પમાં પણ ક્યારેક જોડાય છે, તોપણ હું આ શુભાશુભ પ્રવૃત્તિનો કર્તા છુ, તેનાથી મને ગુણ થશે; એમ કદી માનતો નથી.

જેને અંતરંગ તત્ત્વને સમજવાની હોંશ નથી, તે 'મારાથી આ નહિ સમજાય' એમ પોતાને શક્તિહીન માને છે પણ સર્વજ્ઞ ભગવાને સાક્ષાત્ જ્ઞાનમાં બધા જીવોને સિદ્ધ સમાન જોઈને 'તું પણ મારા જેવો સિદ્ધ છો' એમ કહ્યું છે, માટે મારાથી નહિ સમજાય એ ભાવ કાઢી નાખવો.

''સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય.''

અનાદિકાળનું અજ્ઞાન ટાળી એક સમયમાં સમજી શકે તેવી તાકાત દરેક જીવમાં દરેક સમયે છે; પણ તે પ્રગટ કરવા માટે, પુર્વનો માનેલો ઊંધો આગ્રહ છોડી દેવો જોઈએ.

નાળિયેરમાં ઉપરનો ટોપો, છાલાં, કાચલીથી ટોપરું જુદું છે, તેમ જ ટોપરા ઉપરની રાતપ તે પણ કાટલી તરફનો ભાગ છે; વાસ્તવિક ટોપરું નથી. માત્ર અંદર ધોળો, મીઠો ગોળો તે જ ટોપરું છે. તેમ સ્થૂળ દેહરૂપી ટોપો, તેજસરૂપી છાલાં, કામર્ણરૂપી કાચલી તે આત્માનાં નથી અને વર્તમાન રાગ-દ્વેષરૂપી રાતપ તે પણ પર તરફની છે, આત્માની નથી. ભગવાન આત્મા તો જ્ઞાન, આનંદ અનંતગુણનો રસકંદ છે, ત્રિકાળી એકરૂપ અખંડ જ્ઞાનશક્તિથી પૂર્ણ છે, એવી શ્રદ્ધા ન કરે ત્યાં સુધી ધર્મનો અંશ નથી. જ્યાં સુધી નાળિયેરમાં લીલાપણું છે ત્યાં સુધી અંદરનો ગોટો તદ્દન છૂટો પડતો નથી અને ત્યાં સુધી કાચલી તરફની ચીકાશને ગૌણપણે લક્ષમાં રાખવી પડે છે; તેમ શુદ્ધ દ્રવ્યદષ્ટિમાં પૂર્ણ કૃતકૃત્ય પરમાત્મા છું એવા અખંડ તત્ત્વનો વિષય શ્રદ્ધામાં લીધો, પણ તે સાથે જ રાગ-દ્વેષ સંપૂર્ણપણે ટળી જતાં નથી; કારણ કે ચારિત્રની અપેક્ષાએ કચાશ છે, તેથી ઠરી શકે નહિ, ત્યાં શુભભાવનું અવલંબન લેવું પડે છે, તેથી તેને અસ્દ્દભુત વ્યવહાર કહેવામાં આવે છે તે વ્યવહાર રાગ છે અને તેથી વીતરાગતા થતી નથી.

સમ્યગ્જ્ઞાન થતાંની સાથે જ જીવ પૂર્ણ નિર્મળ થઈ જતો નથી. વિકલ્પ વચ્ચે આવે છે, માટે પૂર્ણ નિર્મળતા પ્રગટ કરવાની ભાવના કરવી, સ્થિરતાની વૃદ્ધિ કરવી, એવો જે વ્યવહાર સાધકભાવ તે પૂર્ણ થતાં પહેલાં ન રહે તેમ થતું નથી.

પરમાર્થને લક્ષમાં તે નિશ્ચય અને તેને પહોંચવાની અંતરની ભાવનારૂપ પ્રયત્ન તે વ્યવહાર છે.

**सुद्धो सुद्धादेसो णायव्वो परमभावदरिसीहिं ।**
**बवहारदेसिदा पुण जे दुअपरमे ट्ठिदा भावे ।।१२।।**

**દેખે પરમ જે ભાવ તેને શુદ્ધનય જ્ઞાતવ્ય છે**
**અપરમ ભાવે સ્થિતને વ્યવહારનો ઉપદેશ છે. ૧૨.**

અર્થ :—જે શુદ્ધનય સુધી પહોંચી શ્રદ્ધાવાન થયાં તથા પૂર્ણજ્ઞાન—ચારિત્રવાન થઈ ગયા તેમને તો શુદ્ધ (આત્મા) નો ઉપદેશ (આજ્ઞા) કરનાર શુદ્ધનય જાણવા યોગ્ય છે; વળી જે જીવો અપરમભાવે—અર્થાત્ શ્રદ્ધા થથા જ્ઞાન-ચારિત્રના પૂર્ણ ભાવને નથી પહોંચી શકયા, સાધક અવસ્થામાં જ સ્થિત છે તેઓ વ્યવહાર દ્વારા ઉપદેશ કરવા યોગ્ય છે.

જે શુદ્ધનય સુધી પહોંચી પૂર્ણ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ થઈ ગયા તેને તો શુદ્ધનય જ પ્રયોજનવાન છે, કેમ કે એ તને પૂર્ણ થવાનો વિકલ્પ રહ્યો નથી; પણ જેને પૂર્ણ

નિર્મળની શ્રદ્ધા કરી છે અને જે સાધકદશારૂપ મધ્યમભાવને અનુભવે છે તેને રાગ ટાળી અંશે અંશે સ્થિરતા વધારવાનો વ્યવહાર પ્રયોજનવાન છે.

પુણ્ય તે શુભભાવ છે, પાપ તે અશુભભાવ છે, તે બંને (શુભ-અશુભ) અશુદ્ધ-ભાવ છે; તે રહિત નિર્મળ, શુદ્ધ અખંડાનંદની શ્રદ્ધા કરી પૂર્ણ ધ્રુવ સ્વભાવનો વિષય (લક્ષ) જેઓએ કર્યો છે, પણ જેઓ પૂર્ણ ચારિત્રદશાને પહોંચ્યા નથી, મધ્યમદશા (ચોથાથી છઠ્ઠા ગુણસ્થાનક સુધી) માં વર્તે છે, તેઓ સ્વરૂપમાં ઠરી ન શકે ત્યારે તેમને શ શુભભાવરૂપ વ્યવહાર હોય છે, પણ તે શુભભાવના અવલંબન વડે ગુણ ઉઘડતો નથી. પરમાર્થની રુચિથી જ આગળ વધાશે એવી માન્યતાથી ગુણ ઉઘડે છે. મન, વાણી, દેહ તથા પુણ્યના શભભાવની અપેક્ષા રહિત સમ્યક્‌દર્શન થયાં પહેલાંની આ વાત છે, સમ્યગ્દર્શન થયાં પહેલા પણ આવો અભિપ્રાય જોઈશે.

તત્ત્વનું યથાર્થ ભાન થઈ અંતરમાં અંશે સ્થિરતા ઉઘડી તેને શ્રાવકની પાંચમી ભૂમિકા કહે છે. શુદ્ધદ્દષ્ટિના જોરે ત્રણ કષાયની ચોકડીનો અભાવ કરી અંદર ચારિત્રની વિશેષ સ્થિરતા પ્રગટ કરે તે મુનિદશા છઠ્ઠે ગુણસ્થાનકે હોય છે; અને તેનાથી વિશેષ સ્થિરતા, એકાગ્રતા, નિર્વિકલ્પ ધ્યાનદશા સાતમે(અપ્રમત) ગુણસ્થાનકે મુનિને હોય છે, તે વખતે બુદ્ધિપૂર્વક વિકલ્પ નથી, 'હું અનુભવ કરું છું, આનંદ લઉં છું' એવો વિકલ્પ નથી; અંદર સ્વરૂપનો અખંડ આનંદ અનુભવે છે. તે જ્યારે સવિકલ્પદશામાં હોય ત્યારે (છઠ્ઠે ગુણસ્થાનકે) તત્ત્વનું મનન, શિષ્યને ઉપદેશ દેવો, શાસ્ત્ર રચવાં શુભ વ્યવહાર તથા આહારાદિ સંબંધી વિકલ્પ વચ્ચે આવી જાય છે.

જેઓ પૂર્ણ વીતરાગી થયા તેઓને વ્યવહાર નથી, વિકલ્પ નથી; પણ છદ્મસ્થને પૂર્ણ નિર્મળ દશા માટે ધ્યાન કરતાં તેમાં સીધો એકાગ્ર ન રહી શકે ત્યારે શુભભાવરૂપ વ્યવહાર આવી જાય છે. જેમ મેડી ઉપર જવાના લક્ષે ચોથા પગથિયે જાય ત્યારે દૃષ્ટિ મેડી ઉપર પડે અને મેડીમાં શું શું છે તે દેખાય અને તેનું યથાર્થ જ્ઞાન થાય; પણ મેડી ઉપરની વસ્તુઓ સાક્ષાત્ પૂર્ણ અનુભવ થાય નહિ ત્યાં, મેડીએ જતાં વચ્ચેનાં પગથિયાં છોડવા માટે અંગીકાર કરે છે. તેમ ગુણશ્રેણીમાં ચોથે ગુણસ્થાને આવતાં આત્માની જ્ઞાન-દર્શન-સુખ-સમૃદ્ધિની યથાર્થ શ્રદ્ધા અને જ્ઞાન થાય છે અને પૂર્ણ સ્વભાવના લક્ષે અંશે અનુભવ થાય છે, પણ પૂર્ણ સાધ્યદશાએ પહોંચવાનો વ્યવહાર બાકી રહે છે, ચોથે ગુણસ્થાને પૂર્ણ અખંડ સાધ્ય વસ્તુની સીધી—સાચી દૃષ્ટિ તો થઈ ગઈ, પણ હજી તે પૂર્ણ સાધ્ય દશાને પ્રગટપણે પહોચ્યો નથી, ત્યાં વચ્ચે અસ્થિરતાની ભેદોને ઓળંગવા માટે શુભ વ્યવહારનો ટેકો આવ્યા વિના રહેશે નહિ. પણ તે બધા ભેદ (મલિનતાના ભાવો અને નિર્મળતાના અંશો) છોડવા જેવા છે, એમ પ્રથમથી જાણ્યું હતું તેથી તે થવા વખતે

પણ તેમ જ જાણે છે. દૃષ્ટિ અખંડ નિશ્ચય ઉપર છે, તેમાં વચ્ચે સાધકભાવના ને વિકારના જે ભેદ પડે છે તે ભેદરૂપ વ્યવહાર અભેદનું કારણ નથી. સ્થિરતારૂપ ચારિત્રની નિર્મળ અભેદ દશા તે ભેદથી (વ્યવહારથી) પ્રગટે નહિ, પણ અખંડના જોરે નિર્મળતા વધે છે. જ્યારે અનંત આનંદનો રસકુંડ ભગવાન આત્મા છે, તેથી યથાર્થ શ્રદ્ધા કરી, વિકલ્પથી છૂટી અંદર ઠરે ત્યારે પૂર્ણનું લક્ષ થતાં જ પૂર્ણની જાતનો અંશે આનંદ અનુભવમાં આવે છે.

જેવો સિદ્ધ ભગવાનને અતીન્દ્રિય પૂર્ણ આનંદ પ્રગટે છે તેવી જ જાતનાં આનંદનો અંશ ચોથી ભૂમિકામાં સમ્યક્દર્શન થતી વખતે જ આવે છે. ત્યાર પછી પણ કોઈ કોઈ વખત ચોથા–પાંચમાં ગુણસ્થાનકે અનુભવ કરતાં અભેદ એકાકાર થતાં આનંદ અંશે આવે છે.

જેમ કોઈ વારસામાં મહેલ મળ્યો છે, તેનો તે માલિક થયો છે; હવે વાપરવા માટે કચરો કાઢી સાફ કરે એટલી વાર છે. તેમ સમ્યગ્દૃષ્ટિ જીવને પૂર્ણ અખંડ નિર્મળ કેવળજ્ઞાનનો વારસો મળ્યો છે, ત્રિકાળી ધ્રુવ અખંડ જ્ઞાનનો સ્વામી થયો છે, એટલે શ્રદ્ધામાં નિરાવલંબી નિર્મળ પરિપૂર્ણ છું તેનો નિશ્ચય કર્યો છે, પણ તે અનુસાર સ્થિર ન થઈ શકે ત્યાં સુધી ક્રમેક્રમે મલિનતા (રાગ-દ્વેષી કચરો) ટાળવા અખંડ દૃષ્ટિના જોર વડે સ્થિરતા કરવાનું બાકી રહે છે; તેમાં નિર્મળતાના અંશો વધે તે તથા શુભભાવ વચ્ચે આવે તે બધો વ્યવહાર છે. આખા ધ્રુવ સ્વભાવને અક્રિયપણે પૂર્ણ સ્વરૂપે લક્ષમાં લેવો તે નિશ્ચય છે.

**ટીકા :**—જે પુરુષો છેલ્લા પાકથી ઉતરેલા શુદ્ધ સુવર્ણ સમાન વસ્તુના ઉત્કૃષ્ટ ભાવને અનુભવે છે તેમને પ્રથમ, દ્વિતીય આદિ અનેક પાકોની પરંપરાથી પકાવવામાં આવતા અશુદ્ધ સુવર્ણ જેવા અધૂરા સાધક ભાવની જરૂર નથી. શુદ્ધ સુવર્ણની શ્રદ્ધા કરનારને પ્રથમથી જ ખ્યાલમાં છે કે સોનું તાંબાપણે કે કોઈ પરધાતુપણે થયું નથી, વર્તમાન અવસ્થામાં પર–ધાતુના આરોપથી અશુદ્ધપણે કહેવાય છે, તે વખતે પણ સોળવલા સોનાના શુદ્ધ સ્વભાવની ઉત્કૃષ્ટતા ઉપર લક્ષ રાખીને મલિનતા કાઢી નાખે છે. તે સુવર્ણ પૂરેપૂરું નિર્મળ (સોળવલું) થયા પછી ભઠ્ઠીના પાકરૂપ વ્યવહારની જરૂર રહેતી નથી; તેમ શુદ્ધ આત્માનું ભાન થયા પહેલાં વર્તમાન અધૂરી અવસ્થા વખતે, ત્રિકાળી પૂર્વ ધ્રુવ સ્વભાવની શ્રદ્ધા કરી પૂર્ણ નિર્મળતા પ્રગટ કરવા માટે, ધ્યાનરૂપી અગ્નિ દ્વારા અંતરમાં એકાગ્ર થવું પડે છે તે વ્યવહાર છે. દેહની ક્રિયામાં, પુણ્યમાં–એકલા (શુદ્ધના લક્ષ વગરના) શુભરાગમાં વ્યવહાર નથી, પણ અવિકારી અખંડની શ્રદ્ધાના દોરમાં વિકલ્પ તૂટી અંદર શુદ્ધ સ્થિરતાના અંશો વધે છે, તે ચારિત્ર સદ્ભૂત વ્યવહાર છે. શ્રદ્ધાના નિશ્ચય અભેદ વિષયમાં બધા ભેદનો નિષેધ છે.

નિશ્ચય શુદ્ધ અખંડ જ્ઞાયકસ્વભાવ અવિકારી પૂર્ણ છે, તેની શ્રદ્ધા કરી તેમાં સ્થિર થઈને પૂર્ણ વીતરાગ થઈ ગયા તેઓ ઉત્કૃષ્ટ સુવર્ણના અનુભવની જેમ પૂર્ણ અભેદ રાગરહિત–વીતરાગ છે; પણ જેને પૂર્ણની શ્રદ્ધા તો છે પણ ચારિત્ર નથી, તેઓને પૂર્ણ નિર્મળ દશા જે પોતોની સ્વવસ્તુમાં જ શક્તિપણે છે તે પ્રગટ કરવા માટે, ચારિત્રની સ્થિરતા કરવાનો વ્યવહાર ધ્યાન, વિચાર મનનરૂપે હે છે.

જેમ શુદ્ધ સુવર્ણ પ્રાપ્ત થયા પછી ચૌદ–પંદરવલા સોનાની અપેક્ષા નથી તેમ જેને પૂર્ણ કેવળજ્ઞાનદશા પ્રાપ્ત થઈ છે, તેને અધૂરા નિર્મળ અંશોના ભેદની પણ જરૂર નથી.

પૂર્ણ અચલિત એકસ્વભાવરૂપ એક ભાવ કેવળજ્ઞાની વીતરાગને તો પ્રગટ થઈ ગયો છે; તેમણે પણ શ્રદ્ધામાં પ્રથમ તો આવા પૂર્ણ નિર્મળ સ્વભાવને લક્ષમાં લીધો હતો, તેમની માન્યતામાં પુણ્ય-પાપના વિકારનું કર્તાપણું–આશ્રયપણું ન હતું. પ્રથમથી જ વ્યવહારનો આદર ન હતો, પછી પૂર્ણ દશા થતાં નિમિત્તરૂપે પણ નથી; છતાં સાધક ભાવમાં વચ્ચે વ્યવહારનું બળ પૂર્વક અવલંબન આવી જાય છે, તે વાત આગળ કહેશે.

તા.૨૨–૭–૪૩.

આત્મા નિરપેક્ષ નિર્વિકારી ધ્રુવ વસ્તુ છે, તેમાં બંધ-મોક્ષ આદિ અવસ્થાભેદ તથા દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ ગુણભેદ લક્ષમાં ન લેવા અને ત્રિકાળી ધ્રુવ પૂર્ણ સ્વરૂપ વર્તમાનમાં પણ અખંડ છે, એવી શ્રદ્ધા કરવી તે શરૂઆતનો મુખ્ય ધર્મ છે; પછી પૂર્ણ સ્થિરતા કરવામાં જેટલી ભૂમિકાની નિર્મળતા વધે તે પ્રમાણે જાણવું તે વ્યવહાર છે.

જે પુરુષ પહેલા-બીજા-ત્રીજા વગેરે અનેક પાકોની પરંપરાએ પાકવાવાળા અશુદ્ધ સુવર્ણ સમાન વસ્તુના જે અનુત્કૃષ્ટ મધ્યમભાવ–સાધકભાવની સ્થિરતાને અનુભવે છે તેમને છેલ્લા પાકથી ઉતરેલા શુદ્ધ સુવર્ણ સમાન પૂર્ણ કેવળજ્ઞાનરૂપ ઉત્કૃષ્ટ સાધ્યભાવનો અનુભવ હોતો નથી.

‘રાગ ટાળી સ્થિરતા કરું’ તેમાં મનનું જોડાણ અને પરની અપેક્ષા આવે છે, તે અશુદ્ધ અવસ્થા વર્તમાનમાં થાય છે; રાગનું અમુક અંશે ટળવું અને અમુક અંશે રહેવું તથા અંશે સ્થિરતાની વૃદ્ધિ થવી તે વ્યવહાર છે. જુદી જુદી ભૂમિકા મુજબ અનેક પ્રકારે અને પૂર્વ અવસ્થાથી જુદી જુદી ભાવરૂપે જેણે જુદા જુદા (ઉત્પાદવ્યયરૂપ) એકેક

ભાવસ્વરૂપ અનેક ભાવો દેખાડ્યા છે, એવા વ્યવહારનય વિચિત્ર અનેક વર્ણમાલા સમાન હોવાથી, જાણેલો તે કાળે ★પ્રયોજનવાન છે.

એ રીતે નિશ્ચયનય આને વ્યવહારનયનો વિષય જેમ છે તેમ જાણવો પ્રયોજનવાન છે. જેમ કે ચૌદમા ગુણસ્થાનથી નીચેના ગુણસ્થાને મલિનતા તથા નિર્મળતાના અંશો જેટલા પ્રમાણમાં છે, તેટલા પ્રમાણમાં તેને જાણવા તે વ્યવહારનય છે અને પર નિમિત્તના ભેદ રહિત ત્રિકાળી એકરૂપ અક્રિય આત્માને પૂર્ણ સામર્થ્યરૂપ અખંડ જાણવો તે નિશ્ચયનય અથવા પરમાર્થ છે. તેને શુદ્ધદૃષ્ટિ વડે લક્ષમાં લઈને ભેદને ગૌણ કરી પૂર્ણરૂપ વસ્તુને ધ્રુવપણે શ્રદ્ધાનો અભેદ વિષય બનાવવો તે સમ્યક્દર્શન છે.

સમ્યક્દર્શન ગુણની અવસ્થા છે માટે તે પણ વ્યવહાર છે. પૂર્ણના લક્ષે અંશે અંશે સ્થિર થવા માટે રાગ ટાળવાના વિકલ્પ ઊઠે—ભેદ પડે તે અસદ્ભૂત વ્યવહાર છે. પર ચીજમાં કે દેહાદિની ક્રિયામા આત્માનો જરાપણ વ્યવહાર નથી. શુભરાગને આદરણીય માનવો તે અજ્ઞાન છે.

અપૂર્વ પરમાર્થની શ્રદ્ધા તે બહુ દુર્લભ વસ્તુ છે, છતાં જે સમજવા તૈયાર થાય તેને તો સુલભ છે. પરમાં કર્તા-ભોક્તાપણા રહિત સર્વજ્ઞના ન્યાયાનુસાર યથાર્થ તત્ત્વને જાણીને યથાર્થ શ્રદ્ધા કરે તે જ વખતે અંતરમાં અપૂર્વ આનંદ આવે છે. 'હું આત્મા છું, હું અપૂર્વ આનંદ વેદું છું' એવા વિકલ્પ પણ બુદ્ધિમાંથી ખસી જાય છે ત્યારે આત્માનુભવ સહિત નિશ્ચય સમ્યક્દર્શન થાય છે અને ત્યારે અપૂર્વ આહ્લાદનો અનુભવ થાય છે.

ભાઈ રે! આવો વસ્તુસ્વભાવ અનંતકાળમાં જાણ્યો નથી, જેટલું જાણ્યું તે બધું પરનું જાણ્યું, પરથી કદી કોઈને લાભ-અલાભ થયા નહિ, પુણ્ય-દયા-દાનાદિની શુભ લાગણી ઉઠે તે પણ આત્માને કાંઈ લાભકારક નથી. ઉલટો તે ભાવને પોતાનો માનવાથી સંસારમાં રખડવાનો લાભ થાય છે! એકાદ દિવસમાં બધું સમજી લેવાય તેવું નથી, જેને સંપ્રદાયનો પક્ષ છે તેને તો આ વાત સાંભળવી પણ કઠણ પડે છે.

ભગવાન આત્મા અરૂપી સદાય જ્ઞાન આનંદનો પિંડ છે. તેના ગુણો પણ અરૂપી છે અને પર્યાયો પણ અરૂપી છે. તેમાં પરવસ્તુનો ગ્રહણ-ત્યાગ કોઈ પ્રકારે નથી. આત્મા ત્રણેકાળે પરથી જુદો છે, પરનો કર્તા નથી એવી જેને ખબર નથી, તે 'હું પરનું કાંઈ કરી શકું અને પર મારું કરી શકે' એમ માને ખરો, પણ તેમ કદી બનતું નથી; કારણ

★ **પ્રયોજન—પ્ર—યોજન :—પ્ર—વિશેષ, અવસ્થા ભેદ; યોજન=યોજવું, અખંડ વસ્તુના આશ્રયમાં જેટલા અવસ્થાના ભેદ પડે તેમાં જ્ઞાનને જોડાવું તે પ્રયોજન ત્રિકાળી દ્રવ્ય સાથે વર્તમાન અવસ્થાની સંધિ કરવી તે પ્રયોજન છે.**

કે દરેક ચીજ એક બીજાથી ત્રણકાલ–ત્રણલોકમાં જુદી જુદી છે. જુદી ચીજ પરનું કાંઈ કરી શકે નહિ. દરેક આત્મા પોતાના ભાવમાં સવળું કે અવળું જાણવું અને માનવું તે કરી શકે છે, તે સિવાય આત્મા બીજું કાંઈ કરી શકતો નથી.

આત્માએ પરને કાંઈ પકડ્યું નથી કે છોડવું પડે! માત્ર પરપદાર્થને હું ગ્રહું છું, હું મૂકું છું, પરથી મને ગુણ થાય છે એવી ઊંધી માન્યતા અને રાગ-દ્વેષનું અજ્ઞાનભાવે ગ્રહણ કર્યું છે, તેથી સ્વલક્ષ કરી સમ્યક્‌ભાનભાવે તે અજ્ઞાનભાવ છોડવો તે જ જીવની ક્રિયા છે. દેહની ક્રિયા આત્માને આધીન નથી, છતાં દેહની ક્રિયા હું કરી શકું, એમ જેણે માન્યું તેણે દેહ અને આત્માને એક માન્યા છે.

પરના કર્તા-ભોક્તાપણા રહિત અખંડ ભાન આનંદથી પૂર્ણ છું, પરમાણુ માત્ર મારું નથી, વિકાર મારા સ્વભાવમાં નથી, એવા નિર્મળ ધ્રુવ સ્વભાવનું શ્રદ્ધા વડે ગ્રહણ કરતાં મનના સંબંધથી જરા છૂટી અંદરમાં ઠર્યો ત્યાં મિથ્યાશ્રદ્ધા અને મિથ્યાજ્ઞાનનો યથાર્થ ત્યાગ (વ્યય) અને નિર્મળ સમ્યક્‌દર્શનનો ઉત્પાદ થાય છે. (પ્રગટે છે.) તે (સમ્યક્‌દર્શન) વિના વ્રત, તપ, ચારિત્ર સાચાં હોય નહિ. ‘દુનિયાના માનેલાં, વ્રત, તપ, સંસાર ખાતે છે. મન, વાણી, દેહની ક્રિયાથી પુણ્ય-પાપ કે ધર્મ નથી, પોતે ભાન સહિત તૃષ્ણા-રાગ ઘટાડે, કષાય પાતળા પાડે તો પુણ્યબંધન થાય પણ ધર્મ ન થાય, તેથી કાંઈ શુભ છોડી અશુભમાં જવાનું કહેતા નથી.

આત્મા અરૂપી સૂક્ષ્મ છે. તેનો બધો વિષય અંતરમાં છે, બાહ્ય પ્રવૃત્તિ આધીન તેનું કોઈ કાર્ય નથી, શુભભાવ પણ વિકાર છે તેનાથી અવિકારી ગુણ ઉઘડે નહિ. આવું જ સ્વરૂપ ત્રણે કાળે હોવા છતાં અજ્ઞાનીને તેની માનેલી અનાદિની ઊંધી માન્યતાની પકડ છોડવી નથી અને સ્વભાવની વાત સાંભળતાં અને વિચારમાં લેતાં પરસેવો વળી જાય છે; પણ જેને સુખ-શાંતિ જોઈતા હોય તેને તો જેટલું બહારથી માન્યું છે તે બધાનાં મીંડા મૂકવા પડશે. જ્ઞાનીની દૃષ્ટિએ જોતાં ત્રણકાળની ઊંધી માન્યતાનાં સવળી દૃષ્ટિમાં મીંડા મૂકાય છે.

સમ્યક્‌દર્શનનો વિષય તે પરમાર્થ છે, પણ સમ્યક્‌દર્શન એટલે શ્રદ્ધાગુણની નિર્મળ અવસ્થા તે વ્યવહાર છે. પૂર્ણ અખંડને લક્ષમાં લેવું તે પરમાર્થરૂપ નિશ્ચય છે. સ્થિરતાના ભેદ પડે તેને જાણવા તે વ્યવહાર છે. લોકો પરચીજમાં, શરીર વગેરેની ક્રિયામાં તથા પુણ્ય વગેરેને વ્યવહાર માની તેનાથી નિશ્ચય ઉઘડે એમ માને છે તે અજ્ઞાન છે. અંદર શુભભાવની વૃત્તિ ઉઠે તે તો સ્વભાવમાં મદદગાર નથી; પણ નિર્મળ પર્યાયના ભેદ પડે તેની મદદથી પણ મોક્ષમાર્ગ નથી; માત્ર અખંડ દ્રવ્યના આશ્રયથી માક્ષમાર્ગ છે. આ વાત

જીવે કદી સાંભળી નથી માટે નવી લાગે, કઠણ પડે; પણ પરાવલંબનથી ગુણ થાય, શુભ-રાગના વ્યવહારથી નિશ્ચય ધર્મ થાય એમ માનનારા સ્વગુણનો ઘાત કરનારા છે. અમુક ચીજનો ત્યાગ કરીએ તો ગુણ ઉઘડે એમ માને છે તેને અંદરમાં પોતાના પૂર્ણ ગુણની ગુણની તાકાતનો વિશ્વાસ નથી. ત્રણકાલ ત્રણલોકમાં વ્યવહારથી પરમાર્થ ઊઘડે નહિ.

પરમાર્થ શ્રદ્ધા થયા પછી ગુણની નિર્મળતાની વૃદ્ધિ અનુસાર જે ગુણસ્થાને જેવી સ્થિતિ ત્યાં તેવો વ્યવહાર આવી જાય છે. પૂર્ણ કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી સ્થિરતા કરવી બાકી રહે તે પણ વ્યવહાર છે. અભેદની દૃષ્ટિ સહિત ગુણની નિર્મળતાના ભેદ પડે તે વ્યવહાર છે. દેહની ક્રિયામાં, પુણ્યમાં કે ક્યાંય બહારમાં વ્યવહાર નથી.

બાહ્યથી માનેલાની પકડ, સમજીને છોડ્યા વિના પરમાર્થરૂપ અંતરતત્ત્વની અપૂર્વ વાત જગતને રુચશે નહિ, પણ આ સમજ્યા વિના ધર્મ નથી. વીતરાગનો ધર્મ તો આ જ છે. વીતરાગને આ વાડો રાખવો નથી, વીતરાગને કોઈનો પક્ષ નથી. સર્વજ્ઞ વીતરાગ કહે છે કે વ્યવહાર તો પર અપેક્ષાએ થતા ભેદને ગ્રહણ કરે છે, તેથી તે ભેદ વડે ગુણની નિર્મળતા થતી નથી. પર નિમિત્તના ભેદ રહિત પરિપૂર્ણ નિર્મળ અખંડ ધ્રુવ સ્વભાવને જાણવો તે નિશ્ચય છે અને ચૌદ ગુણસ્થાન સુધીના જેટલા ભેદ પડે તે પરમાર્થરૂપ નથી, એમ જાણવું તે વ્યવહાર છે.

'અમુક પ્રવૃત્તિ કરવી તે વ્યવહાર' એવો વ્યવહારનો અર્થ નથી, પણ 'પર્યાયના ભેદને યથાર્થ જાણી લેવા' તે વ્યવહારનય★ છે. જે નિર્મળતા વધે છે તે જ્ઞાનનો વિષય છે; તે ખંડખંડરૂપ અવસ્થાના ભેદ જોવાથી, છદ્મસ્થને વિકલ્પ થયા વિના રહેતા નથી. એવો વ્યવહાર છદ્મસ્થને વચમાં આવે ખરો, પણ જ્ઞાની તેને દૃષ્ટિમાં આદરણીય માનતા નથી.

શુદ્ધ પારિણામિક ભાવ કહો, અખંડ જ્ઞાયક વસ્તુ કહો અથવા પરમાર્થ સ્વભાવ કહો તે બધું એક જ છે. તે અખંડની નિર્મળ શ્રદ્ધા અને નિર્મળ દશા અખંડ પરમાર્થના જોરથી ઉઘડે છે. ભેદના લક્ષથી, વિકલ્પથી, શુભભાવથી અથવા કોઈપણ પ્રકારના વ્યવહારથી નિશ્ચયદૃષ્ટિ (પરમાર્થ સ્વભાવ) ઉઘડે નહિ.

કોઈ કહે :—ભૂમિકા તો તૈયાર કરવી જોઈએ ને?

પણ એ પ્રશ્નની જરૂર નથી. લૌકિકમાં પણ ખાનદાન માણસ કહે છે, કે સ્વપ્નમાં

★નય—યથાર્થપણે જાણેલા પદાર્થમાંથી એક પડખાને મુખ્ય બીજા પડખાને ગૌણ કરીને જાણનારું જ્ઞાન.

પણ કુશીલનું સેવન ન હોય. અમુક અનીતિ, અસત્ય, પરસ્ત્રીગમન, ચોરી વગેરે અમારા કુળમાં ન હોય, એમ જેને લૌકિક સજ્જનતાનો મહિમા છે તેને પણ અમુક તુચ્છ વૃત્તિઓનો વિકાર સહેજે છૂટી ગયો હોય છે. ધર્મી જીવ તો લોકોત્તર ખાનદાન છે; લોકોત્તર પરમાર્થમાં સર્વોત્કૃષ્ટ સિદ્ધ પરમાત્માની જાતનો જ, તેમના જેવો જ છું એવી શ્રદ્ધામાં ઉત્કૃષ્ટ સ્વભાવનો મહિમા થતાં, અમુક રાગ-દ્વેષના ભાવો તો સહેજે છૂટી જાય છે.

મારો સ્વભાવ મારી આત્મજાત પૂર્ણ ઉત્કૃષ્ટ સ્વભાવને પામેલા પરમાત્મા જેવી છે. હું અખંડજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને બેહદ આત્મબળ વગેરે અનંત ગુણોનો અખંડ પિંડ છું. તે શક્તિના જોરમાં ભ્રાંતિનો નાશ અને કેટલાક રાગ-દ્વેષનો સહેજે ઘટાડો થઈ જાય છે.

પર લક્ષે ગમે તેટલું કરે તો રાગ-દ્વેષ મોળા પડે પણ આત્મભાન વગર સર્વથા અભાવ થાય નહિ. અનંતકાળ વીત્યો તેમાં ઘણાં આકરાં સાધન અનંતવાર કર્યાં પણ પરમાર્થ સમજ્યો નહિ. અંધારું કાઢવા માટે સાંભેલા કે સૂપડાની જરૂર ન પડે પણ પ્રકાશ જ જોઈએ તેમ અજ્ઞાનરૂપી મહા અંધકાર કાઢવા માટે સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ જ જોઈએ.

કોઈ કહે :—શુભ ભાવથી કેમ આગળ ન વધાય?

તેનું સમાધાન :—અનંતવાર શુભ ભાવ કર્યા છતાં અંશમાત્ર પણ ધર્મ ન થયો. જેમ ઝાડનું મૂળીયું સલામત રાખીને પાંદડા તોડે તો અલ્પકાળે ફરી પાંગરે, તેમ અજ્ઞાનરૂપી મૂળીયું સલામત રાખી રાગ-દ્વેષ ઘટાડ્યા એમ માને, પણ પરમાર્થે રાગ-દ્વેષ ઘટ્યા નથી.

અખંડ દૃષ્ટિનો જ ખરો મહિમા છે, વિકાર નહિ—ભેદ નહિ. ત્રિકાળી ધ્રુવ અખંડ સ્વભાવને લક્ષમાં લેતાં મોક્ષપર્યાય પણ તેનાં પેટામાં આવી જાય છે, તેથી બંધ-મોક્ષના ભેદ પણ શ્રદ્ધાના અખંડ વિષયમાં નથી, પણ વ્યવહારે તો બંધ-મોક્ષ છે. જો ન જ હોય તો બંધ ટાળી મુક્ત થવાનો ઉપદેશ ખોટો ઠરે. દૃષ્ટિ શુદ્ધ થયા પછી દૃષ્ટિના અખંડ લક્ષના જોરે રાગ ટાળીને સ્થિરતા થયા જ કરે છે.

એ રીતે તીર્થ અને તીર્થફળની વ્યવસ્થા છે. મોક્ષનો ઉપાય (સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ અધૂરી પર્યાય) તે તીર્થ અને પૂર્ણ નિર્મળ અવસ્થાની પ્રાપ્તિ તે તીર્થફળ છે. પરમાર્થરૂપ નિશ્ચયવસ્તુમાં, મોક્ષનો માર્ગ અને મોક્ષ એમ બે ભંગ પડ્યા તે વ્યવહાર છે અને અખંડ વસ્તુસ્વરૂપ લક્ષમાં લેવું તે નિશ્ચય છે.

તા.૨૩—૭—૪૩

સર્વજ્ઞ ભગવાને એક વસ્તુમાં વ્યવહાર અને નિશ્ચય બંને કહ્યા છે.

ચણાને શેકવામાં આવતાં કચાશનો નાશ અને સ્વાદનો ઉત્પાદ થાય છે અને બધી અવસ્થામાં ચણાનું ધ્રુવપણું છે તેમ આત્મામાં ભૂલરૂપી કશાચ અને દુઃખરૂપી તુરાશ અજ્ઞાનભાવે અવસ્થાદષ્ટિથી છે, પણ જેને જે ભૂલ અને દુઃખ મટાડવા છે. તેણે ભૂલ અને વિકાર રહિત આત્માના ધ્રુવ સ્વભાવનું ભાન કરી તેમાં એકાગ્ર થવું. આથી ઊણી અવસ્થાનો ક્રમેક્રમે નાશ અને પૂર્ણ નિર્મળ અવસ્થાની ઉત્પતિ★ થાય છે અને તે બધી અવસ્થામાં આત્મા તો એકરૂપ ધ્રુવપણે ટકી રહે છે. [1]અજ્ઞાન અને [2]દુઃખની અવસ્થા વખતે પણ આત્મામાં પૂર્ણ જ્ઞાન-આનંદસ્વભાવ ભર્યો છે. તે સ્વભાવમાં અજ્ઞાન અને દુઃખનો નાશ કરવાની તાકાત દરેક ક્ષણે છે. તે નિપપેક્ષ અખંડ નિર્મળ સ્વભાવમાં અભેદ દષ્ટિનું જોર કરતાં વિકારી અવસ્થાનો નાશ અને અનુપમ આનંદની ઉત્પતિ થઈ શકે છે. વર્તમાન અવસ્થા વખતે પણ ત્રિકાળી પૂર્ણ શક્તિ ધ્રુવપણે ભરી છે. તેમાં દુઃખ કે ભૂલ નથી. ભૂલ અને વિકારરૂપ અવસ્થા તો વર્તમાન એકેક સમય પૂરતી (પ્રવાહરૂપે અનાદિની) છે. નિત્ય અખંડ શુદ્ધ સ્વભાવના લક્ષે તે ભૂલ અને વિકારનો નાશ થઈ શકે છે.

ભેદને જાણનાર તે વ્યવહાર છે, પરમાર્થમાં તે ભેદ આદરવા યોગ્ય નથી. વ્યવહારથી પરમાર્થ પકડાતો નથી. એકરૂપ અભેદ પરમાર્થનો નિશ્ચય કર્યા તેના જોરે જે નિર્મળ પર્યાય ઊપડે છે તે જ પુરુષાર્થરૂપ વ્યવહાર છે, બહારમાં ક્યાંય વ્યવહાર નથી. જગતને રુચે કે ન રુચે પણ ત્રણકાળ ત્રણલોકમાં આ વાત ફરે તેવી નથી.

અહો! આ અપૂર્વ વાત સમજાય તેની તો વાત જ શી! પણ જેને પ્રેમથી સાંભળવા મળે તેનાં પણ અહોભાગ્ય છે. હીરો સરાણે ચડે તેની તો કિંમત ઘણી છે જ, પણ તેની જે રજ ખરે તેની પણ ઘણી કિંમત ઉપજે છે. વીતરાગના માર્ગમાં એકલા પરમ તત્ત્વનાં જ ગાણા છે. કોઈ યથાર્થ ન સમજે પણ સાંભળવામાં હોંશ રાખે તોપણ ભવિષ્યમાં આવું ઉત્તમ તત્ત્વ સાંભળવાનો જોગ ફરી મળે એવાં ઉત્તમ પુણ્ય બંધાય; અને જો વર્તમાનમાં જ પુણ્યનો નિષેધ કરી અપૂર્વ પુરુષાર્થ લાવી સ્વરૂપ સમજે તો અપૂર્વ ગુણ ધર્મ થાય છે. પુણ્યનો આદર કરવો તે અવિકારી આત્માનો અનાદર છે. અનંત ગુણનો પિંડ જ્ઞાનસ્વરૂપ

---

★ **મોક્ષ—આત્માની, છેલ્લામાં છેલ્લી પૂર્ણ નિર્મળ અવસ્થા; અથવા વિકારથી સર્વથા મુક્ત થતાં કર્મબંધનથી છૂટી જવું તે.**

**૧. અજ્ઞાન—પોતાના વાસ્તવિક સ્વભાવનું અભાન. ૨. દુઃખ—પોતાના સુખગુણની ઊંધી અવસ્થારૂપ વિકાર.**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



આત્મા પોતાના ગુણની ઊંધાઈ કરે ત્યારે પુણ્યાદિ થાય છે. પુણ્ય તે તો ગુણની દાઝ છે. તે પુણ્ય-પાપથી તો પ્રભુ! તારા ગુણોનું ખૂન થાય છે.

આત્મા અવિકારી અખંડ છે. તેને પુણ્ય-પાપ વિકારમાં જોડાઈ હીણપ કરવાથી જે પુણ્ય થયું તેને ઠીક માને તો તે પગ કપાય અને હર્ષ માને તેના જેવું છે. અરે! આત્માના ગુણ દાઝીને રાખ થાય છે, ત્યારે પુણ્ય થાય છે. તે ક્ષણમાં ઊડી જાય તેવાં પુણ્ય (ધૂળ) માં મીઠાશ! અને અનંત આનંદરસ તું પ્રભુ છો, તેનો મહિમા તને કેમ આવતો નથી?

માતા પુત્રને 'ડાહ્યો' કહીને ઊંઘાડે છે ત્યારે તેનાથી ઊલટી રીતે જ્ઞાનીઓ સ્વરૂપનો અચિંત્ય મહિમા દેખાડી તને અનાદિની અજ્ઞાનરૂપી ઊંઘમાંથી જાગ્રત કરે છે, પુણ્ય-પાપ વિકાર તારું સ્વરૂપ નથી, પણ વર્તમાન અવસ્થા પુરતો વિકાર છે, તેનું તથા નિર્મળ અવસ્થાના ભેદનું લક્ષ ગૌણ કરી ત્રિકાળ એકરૂપ જ્ઞાયકને લક્ષમાં લે તો પરમાર્થ અને વ્યવહાર બેઉનું જ્ઞાન—સમ્યગ્જ્ઞાન થાય છે. પણ વસ્તુને યથાર્થપણે પરિપૂર્ણ જાણે નહિ, જેમ છે તેમ વર્તમાન અવસ્થાને જાણે નહિ તો પુરુષાર્થ કરી રાગ-દ્વેષનો નાશ અને ગુણની નિર્મળતાનો ઉત્પાદ થઈ શકે નહિ. ભાન વગરનો વ્યવહાર જુઠ્ઠો છે. અહીં યથાર્થ ભાન થયા પછીની જ વાત છે.

જેમ સોનાને શુદ્ધ જાણ્યા પછી જ આંચ આપે છે તેમ પહેલા તો સર્વજ્ઞ વીતરાગે જેવું સ્વરૂપ કહ્યું છે તેવું જ સર્વજ્ઞના ન્યાય, યુક્તિ, પ્રમાણ વડે અને સત્સમાગમે જાણે, પછી ત્રિકાળી અભેદ એકાકાર જ્ઞાયકપણે અંગીકાર કરે; શ્રદ્ધાના અભેદ વિષયમાં અનુભવ કર્યા પછી યથાર્થ વસ્તુમાં નિઃસંદેહપણું આવે છે કે હું ત્રણે કાળે આવો જ છું, સ્વતંત્ર છું, પૂર્ણ છું, તેમાં અવસ્થાના ભેદ ગૌણ થઈ જાય છે. એકરૂપ ધ્રુવ વસ્તુના વિષયમાં અનેક ભેદ આદરણીય નથી એમ જાણે છે. વળી કોઈ કાળે તે જાણવું (વ્યવહારનય) પ્રયોજનવાન છે, તોપણ બધો કાળ (પરમાર્થ) અખંડ ધ્રુવ સ્વભાવ લક્ષમાં લેવો તે જ મુખ્ય છે.

**પ્રશ્ન :—**આત્માને જાણ્યા પછી રાગ-દ્વેષ કેમ ટળે?

**ઉત્તર :—**હું પૂર્ણ છું, અખંડ છું, એવા પવિત્ર સ્વભાવની પ્રતીતિના જોરમાં પૂર્ણ તરફનું વલણ વધે છે અને તેથી રાગ-દ્વેષનો નાશ થયા વગર રહેતો નથી. લોકો એમ માને છે કે બહારની કાંઈ પ્રવૃત્તિ કરીએ તો ગુણ થાય; એમ માનનારાઓ પોતામાં બેહદ શક્તિ સહિત અનંત ગુણો છે તેને માનતા નથી. અંદર અનંત ગુણોનો પિંડ, પરથી તથા વિકારથી જુદો છું એવું ભાન કરે, અંતરમાં યથાર્થ નિર્ણય કરે કે હું અનાદિ અનંત

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

સ્વતંત્ર છું, જ્ઞાન આનંદથી પૂર્ણ છું, ક્ષણિક વિકાર દેખાય છે તે હું નથી, એમ અખંડ ગુણની દૃઢ શ્રદ્ધાના જોરમાં વિકાર ટળે છે.

વિકારની અવસ્થા અને વિકાર ટળી અંશે નિર્મળ અવસ્થા થાય છે તે પણ અભેદ દૃષ્ટિમાં રાખવા જેવી નથી, માત્ર વ્યવહારથી જાણવા જેવી છે. તે પર્યાયના ભેદ ઉપર લક્ષ કરી અટકવા જેવું નથી. હું અખંડ જ્ઞાયક છું એ અભેદશ્રદ્ધાનો વિષય જ મુખ્ય છે. તેનું જ્ઞાન કરી, રાગ ટાળી નિર્મળ ગુણમાં સ્થિરતા કરવી તે ચારિત્ર છે. તે ત્રણે નિર્ણય ગુણની અવસ્થા છે. સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રને ભગવાને વ્યવહાર ધર્મ કહ્યો છે, કારણ કે જ્ઞાયક વસ્તુ અનંત ગુણનો એકરૂપ પિંડ છે. તેમાં અશુદ્ધતાનો નાશ અને શુદ્ધતા (શુદ્ધ અવસ્થા) નો ઉત્પાદ અથવા દર્શન-જ્ઞાન-ચારિત્ર એમ ત્રણ ભેદ પાડવા તે વ્યવહાર છે. આત્માનો વ્યવહાર પરમાં નથી.

એકરૂપ સ્વભાવને ન માનતાં પુણ્ય-પાપ વિકાર મારું કર્તવ્ય છે, હું પરનો કર્તા છું, પર મને લાભ-નુકશાન કરે છે; એવી માન્યતાપૂર્વક રાગ-દ્વેષપણે અનેક વિકારમાં બદલવું થાય છે તે જ સંસાર★ છે. સ્ત્રી, ધન, પુત્ર, શરીર વગેરે પરમાં આત્માનો સંસાર ન હોય, પણ તેમાં મારાપણાની બુદ્ધિ તે સંસાર છે. સંસાર તે આત્માની વિકારી અવસ્થા છે અને મોક્ષ તે આત્માની પૂર્ણ નિર્મળ અવસ્થા છે. જે સંસાર મોક્ષાદિ ત્રણે કાલની બધી અવસ્થાનો અભેદ પિંડ છે તે જ અનંત ગુણનો પિંડ આત્મા છે. તેના અભેદપણે સમ્યક્દર્શન પ્રગટ થાય છે. તે પરમાર્થ સ્વરૂપમાં અભેદ નિશ્ચય રૂપ શ્રદ્ધા તે વ્યવહાર છે. તે શ્રદ્ધા અભેદ સ્વરૂપ તરફ એકાકાર દૃષ્ટિનું જોર કરતાં સ્વસંવેદન વધે છે અર્થાત્ અંતર અનુભવરૂપ આનંદનો ભોગવટો વધતો જાય છે.

પુણ્ય-પાપ રહિત સ્વાવલંબી નિર્મળ દર્શન-જ્ઞાન-ચારિત્રની અવસ્થા પ્રગટવી તે વ્યવહાર છે, તીર્થ છે; અને અભેદ સ્વભાવની દૃષ્ટિના જોરે અંતરગુણની નિર્મળતા દ્વારા પૂર્ણ નિર્મળ કેવળજ્ઞાનનું પ્રગટ થવું તે તીર્થનું ફળ છે. એ રીતે પુણ્ય-પાપના ભાવ રહિત મોક્ષનો માર્ગ અને મોક્ષ બંને વ્યવહાર છે.

સમ્યક્દર્શન પણ અવસ્થા છે, કારણ કે તે શ્રદ્ધા ગુણની પર્યાય છે; તેથી તે વ્યવહાર છે. રાગ-દ્વેષ, સંકલ્પ-વિકલ્પનું વેદન કરવાપણે મારું સ્વરૂપ નથી હું અખંડ જ્ઞાયકપણે એકાકાર ધ્રુવ છું, એવી અભેદદૃષ્ટિના જોરે અભેદ સ્વસંવેદનરૂપે નિર્મળ અવસ્થા પ્રગટે છે, તે અવસ્થા વ્યવહાર છે. વળી સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ત્રણ

---

★ સંસાર—संसरति इति संसारः એકરૂપ ન રહેતાં જુદા પ્રકારે ભ્રમણ કરવું તે; સમ્યક્ સ્વભાવથી ખસી જવું તે.

અવસ્થા દ્વારા નિર્મળ મોક્ષ અવસ્થા પ્રગટી એમ કહેવું તે વ્યવહારથી છે. કારણ કે મોક્ષમાર્ગ એટલે અધૂરી પર્યાયથી મોક્ષ પ્રગટતો નથી પણ તેનો અભાવ થયે મોક્ષ પ્રગટે છે. સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ કારણ અને મોક્ષ તેનું કાર્ય એ તો વ્યવહાર થયો. મોક્ષનું નિશ્ચય કારણ તો દ્રવ્ય છે. પૂર્ણ અખંડ દ્રવ્ય ઉપરના જોરે મોક્ષદશા પ્રગટ થાય છે, તે અખંડ સામર્થ્યરૂપ વસ્તુનો જ મહિમા છે, તે અખંડનું લક્ષ કરવું તે નિશ્ચય-અભેદદૃષ્ટિ છે. નિશ્ચયનો વિષય નિરપેક્ષ અખંડ ધ્રુવ વસ્તુ છે.

આવી વાત અનાદિથી ક્યાંય સાંભળી ન હોય અને અનાદિથી જે માનતો આવ્યો છે, તેનાથી જુદી જાતના ભાવ આવે તે ક્યાં બેસાડવા? જેમ દુકાનમાં હળદર આદિ મસાલાનાં ઘણાં ખાના ભર્યા હોય અને હળદરની જાતના જ મસાલા આવે તો તે ખાનામાં ભરી દે, પણ હળદરથી જુદી જાતનો હોય તેવો ઉંચા પ્રકારનો માલ આવે તો તેને રાખવા માટે જૂનાં મસાલાનાં ખાના ખાલી કરવા પડશે એમ જલદી નિર્ણય કરી નાખે છે, તેમ અપૂર્વ આત્મધર્મ માટે અનાદિની ઊંધી માન્યતાનાં ખાના ખાલી કરવાનો પુરુષાષાર્થ જોઈશે. આત્મા અનાદિ અનંત છે, તેની શરૂઆત નથી કે છેડો નથી. તે છે જ ને ત્રણેકાળ સ્વતંત્રપણે ટકી રહે છે. તેને કોઈ કાળે, કોઈ ક્ષેત્રે, કોઈ ભાવે પરસત્તાને આધીન થવાપણું નથી. સંયોગને જાણનારો સદા અસંયોગી જાણનાર સ્વરૂપે છે. તેને જાણ્યા વિના જેટલું કરે તે બધું થોથાં છે.

અનાદિથી કદી યથાર્થ વસ્તુનો વિચાર કર્યો નથી. 'હું છું' તો મારા સ્વરૂપને સમજવાનો, પ્રાપ્ત કરવાનો ઉપાય પણ હોવો જોઈએ—છે જ. દરેક આત્મામાં પૂર્ણ સ્વરૂપ સમજવાની, ઝીણામાં ઝીણી વાત ગ્રહણ કરવાની અને પરમાત્માપણું સિદ્ધદશા પ્રગટ કરવાની તાકાત દરેક સમયે ત્રિકાળ છે, છતાં ઊંધી માન્યતાનાં મૂળ ઘાલ્યાં છે; તેથી તે માનતો નથી. પોતાનું સ્વરૂપ સમજવું પોતાને જ અઘરું લાગે એમ બને નહિ; પણ રુચિ નથી અનાદિની પોતાના સ્વરૂપનો અણઅભ્યાસ અને પરનો પ્રેમ હોવાથી અઘરું માને છે.

જ્યાં પૂર્ણ સ્વરૂપ નિશ્ચયનો આશ્રય હોય ત્યાં ભેદરૂપ વ્યવહાર આવે છે. <u>વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય આવે છે તે વાત ત્રણકાળ-ત્રણલોકમાં સાચી નથી.</u> નિશ્ચય પરમાર્થની શ્રદ્ધા પહેલાં અને શ્રદ્ધા પછી શુભભાવરૂપ વ્યવહાર હોય છે ખરો, પણ તેનાથી નિર્મળતા પ્રગટતી નથી. અનંત ગુણનો પિંડ, નિર્વિકારી આનંદનો કંદ છું એમ પૂર્ણનું લક્ષ કરતાં, નિર્મળ અખંડનો મહિમા આવતાં સમ્યક્દર્શન પ્રગટ થાય છે અને તે સમ્યક્દર્શન સાથે અંશે દરેક ગુણની નિર્મળ પર્યાય પ્રગટે છે.

પરમાર્થ દૃષ્ટિનો વિષય આખી વસ્તુ છે. તે ખ્યાલમાં આવ્યા વિના વ્યવહાર સાચો હોય નહિ. વ્યવહારનો વિષય અવસ્થા છે તે સદાય ટકનાર નથી, તેથી આદરણીય નથી. માત્ર જ્યાં જેમ હોય તેમ ત્યાં જાણવું તેટલું વ્યવહારનું પ્રયોજન છે. પૂર્ણ ઉપર જોર આવે છે, તેથી અધૂરી નિર્મળ પર્યાય પૂર્ણ થઈ જાય છે. જેમ સોનાના પિંડમાં ઊંચી ઝીણી કારીગરીરૂપે થવાની શક્તિ છે એમ બરાબર જાણ્યા પછી તે પ્રગટ થશે કે નહિ. તેની ચિંતા કરવી પડતી નથી. તેમ અખંડ ધ્રુવ આત્માને યથાર્થપણે જાણ્યો કે હું સર્વજ્ઞ ભગવાન જેવો જ છું અને તેનાં જેવી જ બધી શક્તિ મારામાં પણ છે અને તે પૂર્ણદશા મારાથી પ્રગટ થશે, એમ યથાર્થ જાણ્યા પછી શુદ્ધ સ્વભાવ કેમ ઊઘડશે તેની ચિંતા રહેતી નથી. ત્રિકાળી બેહદ સામર્થ્યનો પિંડ છું, એના જોરે નિર્મળ દર્શન-જ્ઞાન-ચારિત્રની અવસ્થા ઊઘડે છે. તે અવસ્થાને અખંડના આશ્રયપૂર્વક જાણવી તે નિશ્ચય વ્યવહારની સંધિ છે.

આ બધી અંતરના અરૂપી ધર્મની વાત છે. જે અંતર માર્ગનું રહસ્ય પામ્યા હોય તે જાણે અથવા તે પામવાનો પ્રયાસ કરે તે જાણે; બીજા ન જાણે.

આત્મા પરનિમિત્તના ભેદ અનંતગુણોનો પિંડ અનાદિ અનંત એકરૂપ છે. તેની સંસાર અવસ્થા (ભૂલ અને અશુદ્ધતા) અનાદિ શાંત છે, મોક્ષ અવસ્થા આદિ અનંત છે. એમ એક અખંડ તત્ત્વમાં બંધ-મોક્ષ, મલિનતા-નિર્મળતા, એમ બબ્બે પડખાનાં ભેદરૂપી અવસ્થાને જોનારી દૃષ્ટિને ગૌણ કરી, ત્રિકાળી ધ્રુવ એકાકાર પૂર્ણ વસ્તુનું નિર્મળ અભેદ લક્ષ કરતાં તેના જોરમાં નિર્મળ સમ્યક્‌દર્શન જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ ઊઘડે છે અને તે અખંડના જોરે ક્રમે ક્રમે વધતાં પૂર્ણ નિર્મળ મોક્ષદશા ઉઘડે છે. તે બંને વ્યવહાર છે. મોક્ષદશા ઉઘડ્યા પહેલાં શુદ્ધદૃષ્ટિપૂર્વક અશુભથી બચવા શુભનું અવલંબન આવે છે તે અસદ્‌ભુત વ્યવહાર છે. હવે તે (વ્યવહાર અને નિશ્ચય) બંને નયોની જરૂર બતાવે છે. કહ્યું છે કે :–

**''जइ जिणमयं एवज्जह तामा ववहारणिच्छए मुयह।**
**एकेण विणा छिज्जइ तित्थं अण्णेण उण तच्च ।।''**

**અર્થ :**—ભગવાન કહે છે કે હે ભવ્ય જીવો! જો તમે જિનમતને પ્રવર્તાવવા ચાહતા હો તો અખંડ પરમાર્થદૃષ્ટિ અને તેના આશ્રયે અવસ્થામાં ભેદ પડે તેને જાણનાર વ્યવહારદૃષ્ટિ એ બંને (વ્યવહાર અને નિશ્ચય) નયોની અવિરોધી સંધિ ન છોડો; કારણ કે વ્યવહારનય વિના તો તીર્થ—વ્યવહાર માર્ગનો નાશ થઈ જશે અને નિશ્ચયનય વિના તત્ત્વ (વસ્તુ) નો નાશ થઈ જશે.

કોઈ કહે :—મારે 'સારું' (કલ્યાણ) કરવું છે તો તેનો એવો આશય થયો કે જેમાં બૂરાઈનો અંશ ન આવે પણ સંપૂર્ણ સારું રહે, નિત્ય ટકે, તેના ઉપાયમાં કોઈ બીજાનો આશ્રય લેવો પડે નહિ, એવું હોય તે યથાર્થ હિત—'સારું' કહેવાય.

જેને હિત કરવું છે તે અહિતરૂપ વર્તમાન અવસ્થા છે તને બદલવા માગે છે આને હિતપણા સહિત અવસ્થા પ્રગટ કરી તેમાં ટકવા માગે છે. કારણ કે પોતાની અવસ્થા વિકારરૂપે—અહિતપણા સહિત ન હોય તો અહિતપણા રહિત હિતપણું હોવાની અપેક્ષા ક્યાંથી આવે? 'એકલા હિતને' ઈચ્છનારો છું, એટલે હિત છે તે ટકી રહેશે અને તે હિતમાં વિરોધરૂપ અહિતપણું બધુ કાઢી નાખીશ એમ નિત્ય ટકનાર અને અવસ્થા બદલનાર એમ બે અપેક્ષા (નિશ્ચય અને વ્યવહાર એ બંને નયોની દૃષ્ટિ) આવી. જેણે આત્માનો નિર્મળ સ્વભાવ પ્રગટ કરવો છે તેણે આ બે નયો (જ્ઞાનની બે અપેક્ષા) જાણવી જોઈએ.

કોઈ કહે :—'મારે ભૂલ અને વિકાર ટાળવા છે' જે ટળી શકે છે તે પોતાના સ્વભાવમાં નથી અને જેનો નાશ કરવા માગે છે તે રાખવા યોગ્ય ત્રિકાળી સ્વભાવથી વિરોધી છે. એનો અર્થ એમ પણ થયો કે, નિત્ય એકરૂપ ટકી રહે તે સારું છે—રાખવા યોગ્ય છે અને વિરોધભાવ ટાળવા યોગ્ય છે, એમ ધ્રુવ સ્વભાવના આશ્રયથી અવિરોધી ભાવનો ઉત્પાદ અને વિકારી ભાવનો વ્યય કરવો તે હિત કરવાનો ઉપાય છે.

વસ્તુમાં ત્રિકાળ સુખ છે, તેને ભૂલી વિકારના દુઃખોને અનુભવતો હતો. તેને બદલે અવિકારી નિત્ય સ્વભાવના લક્ષે ભૂલ ટાળી ભૂલ રહિત સ્વભાવમાં સ્થિર રહેવાનો અનુભવ કરતાં દરેક સમયે અશુદ્ધતાનો નાશ અને નિર્મળતાની ઉત્પત્તિ થાય છે, માટે વીતરાગનો માર્ગ પ્રવર્તાવવા ચાહતા હો તો નિશ્ચય-વ્યવહાર બંને અપેક્ષા લક્ષમાં રાખવી પડશે.

ઉત્પાદ-વ્યય તે વ્યવહાર અને એકરૂપ ધ્રુવવસ્તુ તે નિશ્ચય એ બંને આત્મામાં છે. પરદ્રવ્યમાં—દેહની ક્રિયામાં કે પુણ્યમાં વ્યવહાર અને આત્મામાં નિશ્ચય એમ બંને જુદી જુદી વસ્તુમાં નથી.

અખંડ ધ્રુવ સ્વભાવના અભેદ વિષયપણે યથાર્થ શ્રદ્ધા કરે તેમાં ખોટી શ્રદ્ધાનો નાશ, સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિર્મળ સ્થિરતાની અંશે ઉત્પતિ અને અખંડ વસ્તુધ્રુવ જેમ છે તેમ અખંડ અને ખંડને જાણનાર બે નયો વીતરાગી સ્વભાવ પ્રગટ કરવા માટે જાણવા જોઈશે. નિત્ય એકરૂપ વસ્તુના ભાન અને આશ્રય વિના બદલીને રહેવું શેમાં? માટે પરમાર્થ ધ્રુવનિશ્ચયને ન જાણો તો વસ્તુનો નાશ થઈ જશે અને વસ્તુનો નાશ

માનવાથી અવસ્થાનો પણ નાશ થશે. વળી વર્તમાન અવસ્થા જેમ છે તેમ ન જાણો તો વ્યવહારનય વિષય–પુરુષાર્થ રૂપ મોક્ષમાર્ગ તેનો લોપ થઈ જશે, કારણ કે અખંડ વસ્તુનું લક્ષ વર્તમાન પર્યાય વડે થાય છે અને પર્યાયનું સુધરવું દ્રવ્યના લક્ષે થાય છે. પર્યાયનો વર્તમાન વર્તનરૂપ અવસ્થા છે, તેને જેમ છે તેમ ન જાણો તો વ્યવહારધર્મ–મોક્ષમાર્ગનો લોપ થાય.

તા.૨૪–૭–૪૩.

આત્મા અનાદિ અનંત વસ્તુ છે, પરથી ભિન્ન અને પોતાના અનંત ગુણ અને ત્રણેકાળની અવસ્થાથી અભિન્ન છે. તેમાં ક્ષણે ક્ષણે અવસ્થા બદલાયા કરે છે. જો અવસ્થા બદલાય નહિ તો દુઃખરૂપ અવસ્થા ટાળી સુખ થઈ શકે નહિ. બધા પ્રાણી આનંદ–સુખ શોધે છે (ઈચ્છે છે), પણ તે ક્યાં છે અને તેને પ્રાપ્ત કરવાનો શું ઉપાય છે તેની ખબર નથી. સુખ અને સુખનો ઉપાય પોતામાં જ છે પણ તેની સાચી શ્રદ્ધા નથી. પરમાં કલ્પનાથી સુખ માન્યું છે, પણ ખરી રીતે પરના આશ્રયથી સુખ હોઈ શકે નહિ. સૌને કાયમ ટકે તેવું સુખ જ જોઈએ છે, કોઈને દુઃખ કે અધરું સુખ જોઈતું નથી. અનંતકાળથી સુખ માટે સૌ પ્રયત્ન કરે છે, તેથી સુખનું ક્યાંય હોવાપણું સ્વીકારે તો છે જ અને તે મેળવવાનો ઉપાય પણ પોતાની કલ્પના અનુસાર કરે છે. બીજાને મારીને, હેરાન કરીને, અપમાનના પ્રસંગમાં મરણ કરીને (શરીર જતું કરીને) પણ આવેલ અગવડતાનો નાશ કરવા માગે છે. પ્રથમ મરણ મહા ત્રાસદાયક માનતો પણ કોઈ અનાદરના કે બાહ્ય પ્રતિકૂળતાના પ્રસંગ બનતાં તેનાથી દૂર થવા હવે જીવવામાં દુઃખ માનીને મરણને સુખનું કારણ માને છે. એ રીતે જગતના પ્રાણીઓ કોઈ પણ રીતે સુખ મેળવવા ઝાવાં નાખે છે, તેથી સુખને અને સુખના ઉપાયને તો હોવાપણે સ્વીકારે છે; પણ વાસ્તવિક સુખ શું છે, તે ક્યાં છે અને કેમ પ્રગટે તેની ખબર નથી, તેથી દુઃખી જ રહ્યા કરે છે.

અહીં નિશ્ચય અને વ્યવહાર કઈ રીતે આવે છે, તે કહેવાય છે.

લોકો ધર્મના નામે બાહ્ય પ્રવૃત્તિમાં વ્યવહાર માને છે. પુણ્ય કરીએ, શુભભાવ કરીએ તો ગુણ થશે એમ માને છે, પણ આત્મા જ અનંત ગુણનું ધામ પૂર્ણ સુખનું સત્તાસ્થાન છે તેમાં જોતા નથી. સુખ માટે મૃત્યુ ઈચ્છનારો અજ્ઞાનભાવે વર્તમાન બધા સંયોગથી છૂટવા માગે છે, તેથી પર વસ્તુ વિના એકલો રહું તો સુખ છે એમ કલ્પી

એકલો રહી સુખ લેવા માગે છે, માટે પોતામાં એકલામાં જ પોતાનું સુખ છે એમ કબૂલે છે, તેથી પરના આશ્રય વિના જે સુખ રહે તે ખરું સુખ છે એમ અર્થ નીકળે છે. આ ઉપરથી ત્રણ વાત નક્કી થાય છે :—

(૧) સુખ છે, (૨) સુખનો ઉપાય છે, (૩) પરના આશ્રય વિના પોતે એકલો પૂર્ણ સ્વાધીન સુખપણે—સુખસ્વરૂપે ટકનારો છે. એમ હોવાં છતાં પોતાને ભૂલી બીજેથી સુખ મેળવવા પ્રયત્ન કરે છે. સુખની પૂર્ણ પ્રગટ દશા તે મોક્ષ છે અને પૂર્ણ સુખ પ્રગટ કરવાનો ઉપાય તે મોક્ષમાર્ગ છે.

આનંદ આત્મામાં છે તેની ખબર ન હોવી તે અજ્ઞાનભાવ છે; અને જ્ઞાન આનંદ મારામાં જ છે. પરના સંબંધથી મારા જ્ઞાન—આનંદ નથી એવી શ્રદ્ધા હોવી તે જ્ઞાનભાવ છે.

એકલા તત્ત્વમાં (પોતાના શુદ્ધ સ્વભાવમાં) વિકાર (પુણ્ય-પાપના શુભાશુભભાવ) ન હોઈ શકે; પણ આત્માને જોડે કર્મ—જડ રજકણનું નિમિત્ત છે તે પરના અવલંબનથી વર્તમાન વિકાર થાય છે. અશુભ ભાવ છોડી તૃષ્ણા ઘટાડવા માટે શુભભાવ બરાબર છે પણ તે શુભભાવથી અવિકારી આત્માનો ધર્મ ન થાય. આત્મ સ્વરૂપ યથાર્થ સમજે નહીં અને આંખો મીંચે તો અંધારૂં દેખાય, બાહ્યમાં જડની પ્રવૃત્તિ દેખાય, પૈસા દઉં તો ધર્મ થાય, પરમાર્થ થાય એમ અજ્ઞાની માને. પણ પૈસા તો જડ છે, તેનું ધણીપણું રાખવાનો ભાવ વિકારી છે. જડવસ્તુ જીવને આધીન નથી. ધણીપણે જે રાગ અને પુણ્યના કામ કરે છે તેને અરૂપી, અતીન્દ્રિય, સાક્ષીસ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ ભાન નથી. પ્રથમથી જ કોઈ પડખે વિરોધ ન આવે તેવી દૃઢ શ્રદ્ધા વડે સર્વજ્ઞના ન્યાયાનુસાર અખંડ પૂર્ણ વસ્તુનો નિર્ણય આત્મામાં કરવો જોઈએ; તે વિના પરનું કર્તાપણું-ધણીપણું માન્યા વિના રહે નહિ.

મોક્ષરૂપી ફળ માટે નિશ્ચયનય અને વ્યવહારનય એ બે અપેક્ષા જાણવી જોઈએ. દહીં વલોવીને માખણ કાઢવું હોય તો રવૈયો ફેરવવાને દોરડું એક હોય, તેના છેડા બે હોય; તેમાં જ્યારે એક છેડો ખેંચે ત્યારે બીજો છેડો નાખી દેવો પાલવે નહિ. બીજી તરફનો છેડો ખેંચે ત્યારે પ્રથમનો ફેકી દેવાય નહીં. એક સાથે બંને છેડા ખેચવા જાય તો કામ થાય નહિ, એક સાથે બંને છેડા છોડી દે તોપણ કામ થાય નહિ; પણ એક ખેંચતા બીજાને ઢીલો કરે તો રવૈયો ફરે, દહીં વલોવાય ને પછી માખણ નીકળે; તેમ ભગવાન આત્મા અનાદિ અનંત છે, પોતાના અનંતગુણરૂપ શક્તિથી એકરૂપ છે તેને અભેદ ધ્રુવપણે જાણવો તે નિશ્ચય છે. તે નિશ્ચય વડે અખંડ વસ્તુનું જોર દેવું હોય ત્યારે

વિકાર અને નિર્મળ અવસ્થાના ભેદો ગૌણ બની જાય છે. અવસ્થા વિના દ્રવ્યનું લક્ષ થાય નહિ અને વસ્તુના લક્ષ વિના અવસ્થા નિર્મળ થાય નહિ.

અગિયારમી ગાથામાં ત્રિકાળી અખંડ સ્વભાવની મુખ્યતા હોવાથી અને અવસ્થાના જેટલા ભેદ પડે તે ક્ષણિક હોવાથી અભૂતાર્થ કહી વ્યવહારનય ગૌણતા કરી હતી, પણ જો અવસ્થાનો નકાર કરે તો વિકારનો નાશ અને અવિકારી નિર્મળ અવસ્થાનું પ્રગટ થવું એ કેમ બને? મોક્ષ માર્ગમાં બે પ્રકાર જે જે ભૂમિકામાં જેવા હોય તેવા ન જાણે તો જ્ઞાનની ભૂલથી વ્યવહાર અને પરમાર્થ બંનેમાં ભૂલ આવે, તેથી સાચો પુરુષાર્થ થાય નહિ એટલે જિનમાર્ગ (વીતરાગતા)નો નાશ થાય. એટલે ભગવાને કહ્યું કે નિર્મળ આનંદની પૂર્ણ અવસ્થા પ્રગટ કરવા માગતા હો તો બંને અપેક્ષા લક્ષમાં રાખજો.

જો વર્તમાનમાં વિકાર ન હોય તો દુઃખનું વેદન કોને? દેહને કાંઈ ખબર નથી, જાણનારે પોતાની વર્તમાન અવસ્થામાં ભૂલ અને વિકાર જે પરસંબંધથી કર્યો છે તે ક્ષણિક અવસ્થા પૂરતાં છે. વિકાર એ અવિકારીની ઊંધી દશા છે. એક સમયે એક અવસ્થામાં વિકાર અને અવિકારી બંને ન હોય. વર્તમાન અવસ્થા પૂરતો વિકાર અખંડ ધ્રુવ સ્વભાવના લક્ષે ટળે છે. વિકારનો નાશ અને અવિકારી અવસ્થાનું થવું તેને જાણનાર વ્યવહારદૃષ્ટિ અને નિત્ય અખંડ વસ્તુનું લક્ષ તે નિશ્ચયદૃષ્ટિ, તે બંને પ્રયોજનવાન છે.

નિશ્ચય અને વ્યવહાર બંને અંદર અરૂપી તત્ત્વમાં છે, તેને જાણ્યા વિના નિર્મળતાનો પુરુષાર્થ થાય નહિ. અખંડ તત્ત્વના આશ્રયપૂર્વક જાણવામાં હેય-ઉપાદેયનો વિવેક કરનાર જ્ઞાન નિર્મળ થાય છે, પૂર્ણ નિર્મળ થતાં ભેદ રહિત કેવળજ્ઞાન—આખું જ્ઞાન પ્રમાણ થાય છે. જેમાં માખણ તૈયાર થતાં રવૈયાના બે છેડા પકડવાનું કામ પતી જાય છે તેમ પૂર્ણ વીતરાગતારૂપ કેવળજ્ઞાન થતાં પૂર્ણ પ્રમાણ થયું ત્યાં બે નયોના ભેદ નથી; તેમાં નિશ્ચય વ્યવહારના બે પડખાં ગૌણ મુખ્ય નથી.

પૂર્ણ વીતરાગ દશા નથી ત્યાં વચ્ચે શુભભાવરૂપ વ્યવહાર આવ્યા વિના રહે નહિ, તે શુભભાવ અસદ્‌ભૂત વ્યવહાર છે; તે વસ્તુમાં નથી પણ પર અવલંબનથી નવો થાય છે. અખંડ નિર્મળના લક્ષે જેટલી સ્થિરતા થાય છે તે સદ્‌ભૂત વ્યવહાર છે. નિશ્ચયદૃષ્ટિમાં ભંગની અપેક્ષા નથી. આત્મા અખંડ ધ્રુવ એકાકાર જ્ઞાયક છે એવા અકષાય ભાવના લક્ષે અમુક અંશે નિર્મળ ભાવ પ્રગટ છે, તે સાથે જેટલો શુભભાવ થાય છે તેને ઉપચારથી ગુણમાં નિમિત્ત કહેવો તે અસદ્‌ભૂત વ્યવહાર થયો; પણ જેને યથાર્થ નિરાવલંબી ગુણની દૃષ્ટિ નથી, તેનો શુભભાવ ઉપચારરૂપ વ્યવહાર પણ નથી.

અશુભથી બચવા માટે શુદ્ધસ્વરૂપ સન્મુખ રહીને શુભભાવ પોતાની ભૂમિકા મુજબ

<u>જ્ઞાનીને થાય પણ તેનાથી ગુણ માને નહિ.</u> રાગ ટળ્યો તેટલો ભાવ નિર્મળ થયો એમ જાણ છે. શુભભાવમાં જોડાવું તે રાગ ટાળવાનો ઉપાય છે. એમ તે કદી માનતો નથી. અખંડ નિર્મળ સ્વભાવ સ્વભાવ ઉપર નિર્મળ શ્રદ્ધાનું જોર કરવાથી, અભેદમાં એકાગ્ર દૃષ્ટિથી ઢળવાથી નિર્મળ પર્યાય ઉઘડે છે એમ તે માને છે. શુભની પ્રવૃત્તિથી રાગ પાતળો પડે પણ અભાવ થાય નહિ. શુભ પ્રવૃત્તિ તે ધર્મનો સાચો ઉપાય નથી, પણ નિવૃત્ત સ્વરૂપના અભેદ લક્ષે ઠરવું તે સાચો ઉપાય છે. અંતર વિષયનો મેળ બાહ્યની કોઈ પ્રવૃત્તિ સાથે નથી. ગુણ-ગુણથી પ્રગટે છે તેની વિધિ અંતર-તત્ત્વદૃષ્ટિવાળા જ જાણે.

**ભાવાર્થ :—**લોકમાં સોનાના સોળ વાલ પ્રસિદ્ધ છે. પંદર-વલા સુધી તેમાં પર સંયોગની કાલિમા રહે છે, તેથી તાંબાના ઉપચારથી સોનું અશુદ્ધ કહેવાય છે; અને તાપ દેતાં છેલ્લા તાપથી ઉતરે ત્યારે સોળવલું શુદ્ધ સુવર્ણ કહેવાય છે. જે જીવો ને સોળવલા સોનાનું જ્ઞાન, શ્રદ્ધાન તથા પ્રાપ્તિ થઈ તેમને પંદરવલા સુધીનું કાંઈ પ્રયોજનવાન નથી અને જેમને સોળવલા શુદ્ધ સોનાની પ્રપ્તિ નથી થઈ તેમને ત્યાં સુધી પંદરવલા સુધીનું પણ પ્રયોજનવાન છે. એવી રીતે આ જીવ નામનો પદાર્થ છે તે પુદ્‌ગલના સંયોગથી અશુદ્ધ અનેકરૂપ થઈ રહ્યો છે. તેના સર્વ પર દ્રવ્યોથી ભિન્ન, એક જ્ઞાયકપણા માત્રનું જ્ઞાન, શ્રદ્ધાન તથા અનેકરૂપપણાને કહેનારો અશુદ્ધનય કાંઈ પ્રયોજનવાન (કોઈ મતલબનો) નથી; પણ જ્યાં સુધી શુદ્ધ ભાવની પ્રાપ્તિ નથી થઈ ત્યાં સુધી જેટલું અશુદ્ધનયનું કથન છે તેટલું યથાપદવી પ્રયોજનવાળું છે. જે જીવોને સોળવલા શુદ્ધ સુવર્ણની જેમ પૂર્ણ કેવળજ્ઞાન પ્રાપ્ત છે તેને શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રના ભેદોને જાણવાનું રહ્યું નથી, તેનું જ્ઞાન થઈ ગયું છે.

આત્મામાં ઉન્નતિક્રમની ચૌદ ભૂમિકા છે. તેમાં ધર્મની શરૂઆત ચોથી ભૂમિકાથી નિર્વિકલ્પ અનુભવ સહિત, શ્રદ્ધા વડે પૂર્ણ સ્વરૂપ આત્માનું ભાન થતાં, થાય છે. પછી અખંડ નિર્મળ વસ્તુના લક્ષના જોરમાં નિર્મળતા ક્રમેક્રમે વધીને પૂર્ણ નિર્મળ કેવળજ્ઞાન પ્રગટ થાય છે ત્યાં પૂર્ણરૂપ સ્વવસ્તુમાં પૂર્ણ નિર્મળ પર્યાયની એકતા થઈ અખંડ પ્રમાણ થયું. પછી નિશ્ચય-વ્યવહારની ગૌણતા-મુખ્યતાના ભેદ રહેતા નથી.

શેરડીમાં રસ છે પણ કૂચાના સંયોગને જોતા રસ જુદો દેખાતો નથી, છતાં રસ અને કૂચા જુદા છે તેવા જ્ઞાનના જોરે રસ કૂચા જુદા પાડે છે; તલમાં જે ખોળ છે તે તેલનું સ્વરૂપ નથી છતાં વર્તમાનમાં તેલ છે, એમ જાણે તો પછી તેલના લક્ષે ખોળને જુદો પાડે; તેમ ભગવાન આત્માને પુદ્‌ગલ કર્મના સંયોગથી અવસ્થામાં રાગ-દ્વેષ અજ્ઞાનના વિકારી ભાવ થાય છે તે વર્તમાન એકેક સમય પૂરતા છે અને અંદર અખંડ

સ્વભાવ પૂર્ણ અવિકારી ધ્રુવ છે તેમ જાણે તો વિકાર ટાળી શકે. ભેદના લક્ષે રાગ થાય છે અને અખંડ ગુણના લક્ષે રાગ ટળે છે.

આ=અનાદિ અનંત એકાકાર જ્ઞાન-આનંદ સ્વરૂપ છે તેની મર્યાદામાં ચરણ-ચરવું, જાણવું, ટકવું એવો આચરણનો અર્થ થાય છે. પુણ્ય-પાપના ભેદ રહિત અકષાય ભાવની સ્થિરતાને સર્વજ્ઞ ભગવાને ચારિત્ર કહ્યું છે. એવું સમજ્યા વગર માત્ર બાહ્ય પ્રવૃત્તિને ચારિત્ર માની લ્યે, વ્યવહાર વ્યવહાર કર્યા કરે પણ સમજે નહીં કાંઈ, તેને ધર્મ ક્યાંથી થાય?

તા. ૨૫–૭–૪૩.

સ્ફટીકમાં જેમ પોતાની યોગ્યતાથી[૧] રાતી-કાળી ઝાંઈ દેખાય છતાં તે તેનો મૂળ સ્વભાવ[૨] નથી, તેમ આત્મામાં પુણ્ય-પાપરૂપ અવસ્થા થવાની અજ્ઞાન ભાવે યોગ્યતા છે. તે વિકારી અવસ્થા આત્મામાં થાય છે, તેનો કર્તા અજ્ઞાની જીવ પોતે છે, તેમાં પર ચીજ નિમિત્ત કહેવાય છે. હું રાગી, હું દ્વેષી, પરનો કર્તા એવી માન્યતા—ભૂલ કરવાની યોગ્યતા—જીવમાં ન હોય અને પર નિમિત્ત પરાણે ભૂલ કરાવે તેમ બને નહિ.

ક્ષણિક વિકાર મારો સ્વભાવ નથી, દેહાદિ કોઈ પર ચીજ મારી નથી, હું તો ત્રિકાળી એકરૂપ જ્ઞાયક છું, વિકારનો નાશક છું, એવી શ્રદ્ધા તે સમ્યક્‌દર્શન છે.

મારામાં કર્મનું આવરણ નથી, તે જડ કર્મ તેની જડ અવસ્થાપણે તેના ક્ષેત્રમાં છે. તેના આશ્રયે થતો વિકાર પણ પરમાર્થે મારો નથી, અજ્ઞાન ભાવે તેનો કર્તા થયો હતો, મારો સ્વભાવ જ્ઞાત્રિકાળી અવિકારી છે. એવા સ્વભાવના ભાનમાં પર નિમિત્તનો ભેદ વિકાર દેખાતો નથી. આત્મા જોડે એક આકાશક્ષેત્રે બીજી ચીજ છે, તેના નિમિત્તે પોતાની યોગ્યતાથી ભૂલના કારણે પૂણ્ય-પાપના ભાવો વર્તમાન અવસ્થા પૂરતા થાય છે તે મારા છે—કરવા જેવા છે, એમ જે માને છે તેને આત્મા વિકારનો નાશક સદાય અવિકારી સ્વભાવે છે એવી શ્રદ્ધા નથી. મારા સ્વભાવમાં ઊણપ નથી, વિકાર નથી, પરનો સંયોગ નથી, મારો સ્વભાવ કોઈ ને આધીન નથી, એવી સ્વતંત્ર ધ્રુવ સ્વભાવની શ્રદ્ધા થતાં નિર્વિકલ્પ અનુભવ સહિત અખંડ ધ્રુવ દ્રષ્ટિમાં પૂર્ણનું ભાન થાય છે.

---

**૧. યોગ્યતા = ક્ષણિક અવસ્થા જેને બદલી શકાય.**

**૨. સ્વભાવ = પર નિમિત્તના આશ્રય વિના એકરૂપ ટકી રહે તે.**

આ સાચી સમજણ વિના, દૃષ્ટિમાં પરિપૂર્ણ સ્વભાવ યથાર્થપણે લક્ષમાં આવ્યા વિના, નિર્મળ સ્વભાવના લક્ષે વિકારી અવસ્થાનો નાશ, નિર્વિકારી અવસ્થાનો ઉત્પાદ (તે વ્યવહાર) અને અવિનાશી ચૈતન્ય વસ્તુ ધ્રુવ છે. (તે નિશ્ચય) એવા વ્યવહાર-નિશ્ચયની અવિરોધી સંધિ થઈ શકે નહિ.

કોઈ રજકણની ક્રિયા મારી નથી. આંગળી હલાવવી તે પણ આત્માને આધીન નથી, પરચીજનું કોઈ કાર્ય કોઈ આત્મા વ્યવહારથી પણ કરી શકતો નથી, કારણ કે દરેક આત્મા અને દરેક જડ વસ્તુ ભિન્ન ભિન્ન છે, સ્વતંત્ર છે. દરેક વસ્તુમાં અવસ્થાનું ઉપજવું, બદલવું અને વસ્તુપણે ટકી રહેવું (ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય) પોતાથી છે. કોઈના આધારે કોઈની ક્રિયા નથી. કોઈને કોઈથી લાભ-નુકસાન થઈ શકતું નથી. પરના અવલંબનથી આત્મામાં થતો વિકારી ભાવ ક્ષણિક અવસ્થા પૂરતો છે, તે આત્માનો ધ્રુવ સ્વભાવ નથી. હું વિકારનો નાશક અને ગુણનો રક્ષક છું, એવા યથાર્થ ભાન વિના પૂર્ણ સ્વરૂપની પ્રતીતિરૂપ સમ્યક્‌દર્શનની આત્માનુભવ સહિત પ્રાપ્તિ થતી નથી. જેઓ બહારની પ્રવૃત્તિથી અને બહારમાં જ ધર્મ માની બેઠા છે તેઓ તત્ત્વજ્ઞાનનો વિરોધ કરે છે, કારણ કે પરથી ભિન્ન અવિકારી પરમાર્થ સ્વરૂપનું અનાદિથી વિસ્મરણ છે અને પરનું સ્મરણ છે.

સર્વજ્ઞ ભગવાને કહેલી વસ્તુ અનાદિના અણઅભ્યાસે સમજવી દુર્લભ થઈ પડી છે; સ્વભાવે સહજ છે. જાતે તૈયાર થઈ સમજવા માગે તો દુર્લભ નથી. પુણ્ય-પાપની લાગણી ક્ષણે-ક્ષણે બદલાયા કરે તે આત્માનો ધ્રુવ સ્વભાવ નથી, એવા અવિકારી સ્વભાવનું ભાન થયા પછી વીતરાગ ન થાય ત્યાં સુધી જ્ઞાની શુભાશુભ ભાવમાં જોડાય, છતાં અંતરથી તેનો કર્તા થતો નથી અને તે ભાવને કરવા જેવા માનતો નથી.

જ્યાં સુધી આત્મા પરથી નિરાળો અખંડ જ્ઞાયક અસંગ છે, તેની પરમાર્થે યથાર્થ શ્રદ્ધા-જ્ઞાનની પ્રાપ્તિરૂપ સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી તો જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે, એવાં જિનવચનોનું સાંભળવું-ધારણ કરવું જરૂરી છે. પણ જેને શ્રવણ કરવું નથી અગર શ્રવણ કર્યા પછી સત્ય-અસત્યની તુલના જેને કરવી નથી, તે સાચો ઉપદેશ કર્યો, એમ શી રીતે નક્કી કરશે? પ્રથમ આટલી તૈયારી વિના તે સત્યનો જિજ્ઞાસુ નથી, શોધક (ઈચ્છુક) પણ નથી.

જગતનાં બધા ધર્મ, બધા દેવ, બધા ગુરુ સાચા છે એમ માનવું તે સત્ય અને અસત્ય સરખાં માનવારૂપ મૂઢતા છે, અવિવેક છે. માટીની તાવડી લેવી હોય ત્યાં બરાબર પરીક્ષા કરીને લ્યે, બજારની કોઈ ચીજ લેવી હોય તો જે આપે તે લઈ લેતો

નથી; તો પરમ હિતસ્વરૂપ આત્મા છે તેને યથાર્થ સ્વરૂપે જાણતાં અનંત ભવની ભૂખ ભાંગે છે તેમાં અજાણ્યે કેમ રહે છે? અપૂર્વ વસ્તુ સમજાવવામાં સાચા નિમિત્ત કોણ હોઈ શકે તેની પ્રથમ યથાર્થ ઓળખાણ કરવી જોઈએ, જે શ્રોતા યથાર્થ વસ્તુ સમજવાની દરકાર કરતા નથી, મધ્યસ્થ રહી શોધકપણે સત્ય શું? તેની તુલના કરતા નથી અને ગમે તેવો ઉપદેશ સાંભળે તેમાં હા એ હા કર્યા કરે તે ધજાની પૂંછડી જેવા છે.

જેમ ચોમાસામાં બાળકો ધૂળના ઘર કરે તે રહેવાનાં કામમાં આવે નહિ તેમ ચૈતન્ય અવિનાથી સ્વભાવ શું છે? તે સમજ્યા વિના પોતાની ઊંધી માન્યતા અનુસાર શુભ વિકલ્પથી, બાહ્યથી ક્રિયાથી, પુણ્ય-પાપમાં ધર્મ માને-મનાવે, પણ તેનાથી અનિત્ય, અશરણ અને દુઃખરૂપ સંયોગ જ મળે. તે અસંયોગી શાશ્વત શાંતિનો લાભ મેળવવાના કામમાં આવે નહિ, માટે જે સુખસ્વરૂપ આત્મા છે તેની ઓળખાણ પોતે જાતે નક્કી કરવી પડશે. અવસ્થામાં ભૂલ કરનારો હું છું, ભૂલને-દુઃખને જાણનારો તે 'હું' ભૂલ દુઃખરૂપે નથી, સંયોગી અવસ્થા બદલે છે પણ હું બદલીને કોઈમાં ભળી જતો નથી કે નાશ પામતો નથી. ભૂલ અને વિકારી અવસ્થાનો નાશ, અભ્રાંત—અવિકારી અવસ્થાની ઉત્પતિ અને ત્રિકાળી એકરૂપ ટકનારો હું ધ્રુવસ્વરૂપ છું. એ ઉપદેશ પૂર્વાપર વિરોધ રહિત છે કે નહિ તેનો નિર્ણય જિજ્ઞાસુએ બરાબર કરવો.

ઘણા લોકો માને તેથી ખોટાને સાચું કહેવાય નહિ. 'અમારી દેવી જેવું જગતમાં કોઈ મોટું નથી' એમ વાઘરી પણ કહે છે. પોતાની માનેલી વસ્તુને કોણ હલકી કહે? દુકાનદાર પોતાના માલને ઊંચો કહી વખાણ કરે પણ ત્યાં પરીક્ષા કર્યા વગર એકને બદલે બીજો માલ લઈ જતો નથી, પૂરી ઓળખાણ કરીને લે છે. <u>તેમ જેનાથી યથાર્થ ઉપદેશ મળે તેવાં વાતરાગી વચન કોને કહેવાય, તેમાં શું કહે છે તેની પરીક્ષા કરવી.</u> વીતરાગના વચનમાં કોઈ પડખે વિરોધ આવે નહિ. દરેક તત્ત્વો ભિન્ન અને સ્વતંત્રપણે છે એમ તે જણાવે છે. ભૂલ અને વિકાર વર્તમાન ક્ષણિક અવસ્થામાં અનાદિથી સમયે સમયે જીવ કરતો આવે છે. તે ભૂલ અને વિકાર ત્રિકાળી શુદ્ધ સ્વભાવના લક્ષે સ્વાધીનપણે ટાળી શકાય છે. રાગ-દ્વેષની અવસ્થા જાણી, રાગ-દ્વેષ રહિત અવિનાશી સ્વરૂપ જાણ્યું અને તેની શ્રદ્ધા વડે રાગ ટાળવાનો ઉપાય કરી વીતરાગદશા પ્રગટ કરી; તેમાં નિશ્ચય અને વ્યવહાર બંનેની અપેક્ષા આવી. આ રીતે એક તત્ત્વમાં બે પ્રકાર છે. તેની જેને ખબર નથી તેને વીતરાગનાં વચનની યથાર્થ ઓળખાણ નથી.

પ્રથમ યથાર્થ ઉપદેશ ક્યાંથી મળે છે તેની ઓળખાણ કરવી પડશે, તેની પરીક્ષા કરવી પડશે. પોતાને અપૂર્વ તત્ત્વ સમજવાની જિજ્ઞાસા થાય ત્યાં સાચું જાણનારા મળે જ, સમજાવનારની રાહ જોવી પડતી નથી. કદી જ્ઞાનીનો જોગ ન મળે તો ખરી અંતર

ધગશવાળા જીવને પૂર્વ ભવના સત્સમાગમનો અભ્યાસ યાદ આવે. ઉપદેશ સાંભળ્યો માટે સમજ્યો એમ નથી, પણ જ્યારે સમજવાની તૈયારી હોય ત્યારે ઉપદેશનું નિમિત્ત હાજર હોય છે. પોતે સમજે ત્યારે નિમિત્ત ઉપર આરોપ કરે તેને ઉપકારી કહેવાય છે. જો માત્ર સાંભળવાથી જ્ઞાન થતું હોય તો બધાને થવું જોઈએ. ઘડા સાથે ઘીનો સંયોગ હોય, તેથી ઘીનો (ઘીના આરોપથી) વ્યવહાર બોલાય, પાણીના સંયોગ પાણીનો કળશો કહેવાય; છતાં ઘડો માટીનો અને કળશો પિતળનો છે. તેમ જેનામાં સત્ય સમજવાની તાકાત હતી તે સમજ્યો ત્યારે જોડે સંયોગ હતો તેનાથી ધર્મ પામ્યો, એમ વિનયથી વ્યવહારે આરોપ કરી બોલાય છે. જો નિશ્ચયથી એમ માની લે તો બે તત્ત્વ જુદાં છે તેમ ન માન્યું. જન્મ-મરણનાં દુઃખ અને પરાધીનતાનો ત્રાસ લાગે, અનિત્ય સંયોગો કોઈ મને શરણ નથી, એમ શ્રદ્ધામાં આવે ત્યારે શરણભૂત વસ્તુ શું છે, સત્ શું તે જાણવાની અંતરથી તાલાવેલી—ધગશ ઉપડે, એ રીતે અપૂર્વ સત્ શું તે જાણવા તૈયાર થયો ને સત્ જાણ્યું ત્યારે જે જ્ઞાનીનો સંયોગ થયો તેને નિમિત્ત કહેવાય.

**પ્રશ્ન :**—સમજનાર સાંભળ્યા વિના યથાર્થ-અયથાર્થ ક્યાંથી નક્કી કરે?

**ઉત્તર :**—આત્માની પાત્રતા હોય ત્યાં સાંભળવાનું મળે જ, પણ યથાર્થ-અયથાર્થ નક્કી કરનાર આત્મા પોતે જ છે. એકવાર જાતથી જાગે તો સંદેહ રહે નહિ, મુક્ત થવાની તૈયારી થઈ, અનંતકાળનાં જન્મ-મરણના ભાવનો નાશ અને અવિકારી મોક્ષભાવની ઉત્પતિની શરૂઆત થઈ ચૂકી, ત્યાં સંદેહ રહે નહિ, હું નિત્ય સ્વપણે છું, પરપણે નથી, તો પર મને લાભ કે નુકસાન કરી શકે નહિ. હું સ્વતંત્ર છું, પૂર્ણ સામર્થ્યપણે છું, તેમાં પરાધીનતા નથી એવો નિઃસંદેહ વિશ્વાસ જેણે કર્યો તેને ભવ નથી. પણ જેને ભવનો સંદેહ ન ટળે તેને નિઃસંદેહ સ્વભાવનો સંતોષ અને સર્વ—સમાધાનરૂપ શાંતિ પ્રગટે નહિ. યથાર્થ વસ્તુનું ભાન થયા પછી ચારિત્રની અલ્પ અસ્થિરતા રહે છે, પણ સ્વભાવમાં અને પુરુષાર્થમાં સંદેહ રહેતો નથી.

અજાણ્યા સ્થાનમાં આંધળો હોય તેને પગ ઉપાડી ગતિ કરવાનું જોર આવતું નથી કારણ કે તેને બહાર નીકળવાનું આ બાજુ હશે કે કાંઈ આડું હશે શંકા રહ્યા કરે છે.

**પ્રશ્ન :**—કોઈ માર્ગ બતાવે ત્યારે ચાલે ને?

**ઉત્તર :**—બીજો તો માત્ર દિશાનું સૂચન કરે કે તમારા નાકની દાંડી તરફ સીધા ચાલ્યા જાઓ એ સાંભળીને પોતાને તેની સજ્જનતાનો વિશ્વાસ આવે ત્યારે જ તે દિશામાં નિઃશંકપણે ડગલાં ભરે છે. તેમ ઉપદેશ સાચો સાંભળે છતાં જે જાતે નિઃસંદેહ ન થાય તેનું અંતરનું બળ નિર્મળ સ્વભાવ તરફ વળે નહિ. 'બહુ ઝીણું સમજીને, ઊંડા ઊતરીને

શું કામ છે? આપણને જે કોઈ કરવાનું કહે તે કર્યા કરો, એમ કરતાં કરતાં કોઈ દિવસ ગુણ થઈ જશે' એમ તે માને છે. પણ પોતાનો સ્વાધીન પૂર્ણરૂપ સ્વભાવ શું છે? તે જાણીને તેમાં નિઃસંદેહ દૃઢતા કરે નહિ ત્યાં સુધી સ્વભાવમાં ઠરવાનું કામ થઈ શકે નહિ.

**પ્રશ્ન :**—ખાત્રીથી કહે ત્યારે માનીએ ને?

**ઉત્તર :**—પોતાને અંદરથી ખાત્રીનો સંતોષ થયો અને પોતાને જ ગોઠ્યું તે માને, ત્યારે નિમિત્તમાં આરોપ કરીને કહે મેં આનાથી માન્યું છે. પણ ખરી રીતે માનનારે પોતાના ભાવથી જે ગોઠ્યું તે જ માન્યું છે. જેમ કોઈ પૈસાવાળાનાં વખાણ કરતો દેખાય તે ખરી રીતે સામાના વખાણ કરતો નથી, પણ પોતાને કાળજામાં પૈસાની મોટપ લાગી છે તે ગોઠ્યાના ગાણાં ગાય છે; તેમ પોતાને અંતરથી વાત બેસે ત્યારે હું સામાથી સમજ્યો એમ (ઘીનો ઘડો કહેવાની જેમ) નિમિત્તમાં આરોપ કરી બોલાય છે.

અનાદિથી જે સત્ય સ્વરૂપને જાણતો નથી તેણે સત્ સમજવાની જિજ્ઞાસાપૂર્વક તૈયારી કરી, જેનાથી યથાર્થ ઉપદેશ મળે તે વિતરાગ વચનામૃતોનું સાંભળવું-ધારણ કરવું એમ કહ્યું. તેમાં સત્ ઉપાદાન હોય ત્યાં સત્ નિમિત્ત હાજર હોય છે એવો મેળ બતાવ્યો છે. ખોટો ઉપદેશ સત્ સમજવામાં નિમિત્ત ન થાય. સત્સમાગમનું માહાત્મ્ય બતાવવા માટે શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે ''બીજું કાંઈ શોધમા માત્ર એક સત્પુરૂષને શોધીને તેના ચરણકમળમાં (★આજ્ઞામાં) સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે'' ત્રણે કાળના જ્ઞાનીઓએ જે રીતે નિઃશંક સ્વભાવનું ભાન કર્યું, કરે છે અને કરશે તે અનુસાર જે નિઃશંક થઈ ને ચાલ્યો જાય તે પાછો ફરે જ નહિ, મોક્ષ જ પામે; કોઈને પૂછવા જવું પડે નહિ, એવી ખાત્રી આપે છે.

જેને સત્‌ની યથાર્થ ધગશ થઈ તેને સાચો ઉપદેશ મલ્યા વિના રહે નહિ. જેમ જંગલમાં જે અંકૂરા વધવા માટે ઊગ્યા તેને વરસાદનું નિમિત્ત મળ્યા વગર રહે નહિ, તેમ જેણે અંતર સ્વભાવથી પૂર્ણ સત્‌ને પ્રાપ્ત કરવાની પૂર્ણ તૈયારી કરી તેને અનુકૂળ નિમિત્ત (નિમિત્તના સ્વતંત્ર કારણે) હાજર હોય જ. કોઈ ને તૈયાર થયા પછી નિમિત્ત માટે રોકાવું પડતું નથી, એવો ત્રિકાળી નિયમ છે. આવું વસ્તુતત્વ સ્વતંત્ર છે. નિમિત્તની સંયોગરૂપે હાજરી માત્ર છે પણ તે હાજરી વસ્તુને કિંચિત્ મદદ કરી શકે નહિ, કારણ કે દરેક વસ્તુ સદાય ભિન્ન ભિન્ન છે અને પૂરેપૂરી સ્વતંત્ર છે. સ્વતંત્ર વસ્તુને કોઈ બીજી વસ્તુની મદદ હોય નહિ.

આવા તત્ત્વજ્ઞાનનો જે વિરોધ કરે છે તે વનસ્પતિ આદિમાં એકેન્દ્રિયપણે ઉત્પન્ન

---

★ આજ્ઞા = જેવો સ્વતંત્ર સ્વભાવ છે તેનું (આ=મર્યાદા, જ્ઞા=જ્ઞાન) જ્ઞાન.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



થઈ તુચ્છ દશાને પામે છે અને તેમાં જ અનંતકાળ સુધી અનંત જન્મ-મરણ કરે છે. સત્‌નો વિરોધ કરવાથી ચૈતન્યશક્તિ અત્યંત હીણી થઈ ઢંકાઈ જાય છે, અનંતકાળે તે ઈયળપણે પણ ઉત્પન્ન નહિ થાય.

જેઓને સત્ સિવાય બીજું કાંઈ જોઈતું નથી, માત્ર જ્ઞાનીને કહેલ વિધિથી સ્વતંત્ર સત્ જ સમજવું છે અને મોક્ષ જ જોઈએ છે, તેવા યથાર્થ જિજ્ઞાસાના અંકૂરા જેને અંતરથી ફૂટ્યા છે, તેઓને સત્ય ઉપદેશકનો સમાગમ મળે જ.

અમુક ઉપદેશમાં યથાર્થપણું છે કે નહિ તેનો યથાર્થ નિર્ણય કરવામાં આત્મા પોતે જ કારણ છે; કોઈને આધીન નથી એવું અકારણ સ્વતંત્ર દ્રવ્ય છે, કારણ કે પોતે અનાદિ અનંત સત્ સ્વરૂપે જ છે. પોતાની દરકાર કરે તો સત્ સમજાય—સમજવાની ધગશ જાતમાંથી આવે તેમાં પોતે જ કારણ છે. યથાર્થનો નિર્ણય કરવાની પોતાની તૈયારી થઈ ત્યાં તેવું જ નિમિત્તહાજર હોય. સમજ્યા પછી ઉપચારથી વિનય કરી બોલે કે :—

''શું પ્રભુ ચરણ કને ધરૂં? આત્માથી સૌ હીન,
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન.''

(આત્મસિદ્ધિ—પદ ૧૨૫).

એ પ્રમાણે જેને ગુણ ઉઘડ્યા છે તે સત્‌ની ઓળખાણનું બહુમાન લાવી તેનો મહિમા ગાય છે, હે કે પ્રભુ! તમે ન્યાલ કર્યો તમે તારી દિધો,' પણ અંદરમાં જાણે છે કે મારાથી હું તરનારો અને તરવાનો ઉપાય પણ મારામાં જ છે, છતાં નિમિત્ત ઉપર આરોપ કરી તેનું બહુમાન કરે છે. તેમાં પોતાની જ સ્વતંત્રાની જાહેરાત છે.

શાસ્ત્રમાં વ્યવહારથી ઘણું કથન આવે તે ઘીના ઘડા અને પાણીના કળશાથી જેમ વ્યવહારિક ટૂંકી બોલણી છે, તેમાં પરમાર્થ જુદો છે. કોઈ દ્રવ્ય પરસત્તાને આધીન નથી. જે અનાદિકાળથી સત્ સ્વરૂપ સમજ્યો નથી તે પણ જ્યારે સમજવા તૈયાર થાય ત્યારે સત્ સમજાવનાર નિમિત્ત હાજર હોય જ. જ્યારે જાતે અંદર લક્ષ કરી પોતે પોતાથી સમજે ત્યારે પરવસ્તુ નિમિત્ત માત્ર છે, છતાં ઉપકારી કહેવાય. સમજવા વખતે નિમિત્તને અને સાંભળવા તરફના રાગને ભૂલીને, અંદરમાં સ્વલક્ષથી જન સમજ્યો છે, એનું કારણ પોતે અનંત શક્તિરૂપ સ્વતંત્ર દ્રવ્ય છે.

આ રીતે યથાર્થ જિનવચન—વીતરાગવચનથી સમજવું. તેમાં સમજનારો ભાવ તે પોતાના ઉપાદાનનો છે. તે પોતાના પુરુષાર્થ દ્વારા સાચા ઉપદેશનુ કોણ નિમિત્ત છે તેને નિર્ણય કરે છે. તે સાચા પુરુષાર્થથી જાતની અપૂર્વ જાગૃતિ કરે છે. કોનું વચન સત્ય

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

માનવું તે પ્રથમ નક્કી કરવું જોઈએ. જે સાંભળવાનું મળે છે તે પૂર્વના પુણ્યનું ફળ છે. પુણ્ય પર વસ્તુ છે, તે તો પર વસ્તુનો સંયોગ આપે પણ તેનાથી ધર્મ થાય નહિ. વર્તમાનમાં સત્ય સાંભળવાની જિજ્ઞાસા કરે તથા સંસાર તરફનો રાગ છોડી સત્સમાગમ કરું, સાચું સાંભળવા જાઉં એવી સત્ તરફની રુચિ તથા શુભ ભાવ કરવા તે પૂર્વના પુણ્યનું ફળ નથી, પણ વર્તમાનનો નવો પુરુષાર્થ છે. વર્તમાનના અશુભભાવ બદલીને નવા પ્રયત્નથી શુભભાવ કરી શકાય છે. ધર્મ સાંભળવા તરફની વૃત્તિ તે પણ શુભભાવ છે. અશુભભાવ બદલાવી નવો શુભભાવ કરે તેનાથી નવાં પુણ્ય બંધાય છે તોપણ તે કાંઈ અપૂર્વ નથી કારણકે પુણ્ય તો અનંતવાર કર્યા છે, પણ આ ઉપદેશ યથાર્થ છે કે નહિ અને તેનો કહેવાનો આશય શું છે? તે બરાબર સમજી વસ્તુનો યથાર્થ નિર્ણય કરવો તે વર્તમાનમાં કરેલો અપૂર્વ પુરુષાર્થ છે.

તા.૨૬–૭–૪૩.

૧૧–૧૨ મી ગાથાની ટીકામાં કેટલીક અપેક્ષાઓ આવે છે, તેનું વિવેચનઃ

અગિયારમી ગાથામાં કહ્યું કે સમ્યક્‌દર્શનનું લક્ષ અખંડ ધ્રુવ વસ્તુ ઉપર છે. તેના જોર વડે સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્ર અને મોક્ષની અવસ્થા થાય છે. તે અવસ્થા છે, ભેદ છે. જેમ પાણીનો સહજ સ્વચ્છ સ્વભાવ ઢંકાયો એમ કહવું તે વ્યવહાર ઉપચાર માત્ર છે, સ્વભાવમાં ફેર પડે નહિ; અવસ્થા ઢંકાય અને અવસ્થા ઉઘડે, છતાં પાણીનો સ્વભાવ ઢંકાયો તેમ પર્યાયના ઉપચાર માત્રથી કહ્યું. તેમ પ્રબળ કર્મના મળવાથી સહજ એક જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો છે એમ ઉપચારથી બોલાય; પણ સહજ ભાવ નિત્ય એકરૂપ સ્વભાવ છે તેમાં ઢંકાવા–ઊઘડવાની અપેક્ષા પરમાર્થે નથી; માત્ર અવસ્થામાં મલિનતા–નિર્મળતાના ભેદ પડે છે. જે વર્તમાન અવસ્થા પરસંયોગ આધીન થઈ છે તેવો પોતાને જે માની લે છે. તેને અખંડ સહજ ધ્રુવ સ્વભાવ કેવો તેની ખબર નથી. સહજ વસ્તુસ્વરૂપનું જેને ભાન નથી, તેનો આખો આત્મા ઢંકાઈ ગયો, એમ પર્યાયદૃષ્ટિએ કહ્યું. ત્રિકાળી વસ્તુનું જેને ભાન થયું તેની નિર્મળ પર્યાય ઊઘડી તેને દ્રવ્ય ઊઘડ્યું એમ ઉપચારથી કહ્યું. એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે એવો અનુભવે છે, એમ કહ્યું તે ત્રિકાળી જ્ઞાયકભાવનો વર્તમાન પર્યાયમાં અનુભવ થયો તે અપેક્ષા લક્ષમાં રાખી કહ્યું છે. જેને નિર્મળ પર્યાયનો અનુભવ નથી, તેને પોતાની અખંડ વસ્તુનો અનુભવ નથી એમ કહ્યું.

ભૂતાર્થ નયને આશ્રિત સમ્યક્દ્દષ્ટિ છે; વ્યવહારનય અભૂતાર્થ છે, એટલે કે બંધ-મોક્ષ અવસ્થા, સમ્યક્ અને મિથ્યાજ્ઞાનની અવસ્થા, અશુદ્ધ અને શુદ્ધ એવા અવસ્થાના ભેદ તે વ્યવહારનયનો ક્ષણિક અને અનેકરૂપ વિષય છે. તે ભેદના લક્ષે તે નિર્મળતા પ્રગટતી નથી. અલ્પજ્ઞને ભેદ ઉપર લક્ષ જતાં રાગ થયા વિના રહેતો નથી; અને અનંત શક્તિરૂપ અખંડ વસ્તુ ધ્રુવ છે—ભૂતાર્થ છે, તેનો વિષય કરતાં નિર્મળ પર્યાય પ્રગટ થાય છે. વિકલ્પ ટળી જાય છે, તેથી વિકલ્પ અને ભેદરૂપ ક્ષણિક ભાવને અભૂતાર્થ કહ્યા છે. ભૂતાર્થ એટલે નિત્ય ટકનાર વસ્તુનો વિષય કરતાં નિર્મળ શ્રદ્ધા અને નિર્મળ જ્ઞાનરૂપ અવસ્થા પ્રગટી, તેથી ઉપચારથી સહજ જ્ઞાયકભાવ વસ્તુ પ્રગટી એમ કહ્યું.

કોઈ એક તળાવમાં લીલા ફૂગનાં ગોદડાં (દડા પડ) છવાયેલા હતાં. ત્યાં લીલા ફૂગમાં ફાટ પડકતાં એક કાચબો કે જે પાણી નીચે રહેતો હતો, તે ઉપર આવ્યો અને આકાશ તરફ જોયું ત્યાં પહેલી વખત જ તારામંડળ તથા વચ્ચે ઝળઝળતો પૂનમનો ચંદ્રમાં એવો કુદરતનો ઝાકઝમાળ દેખાવ જોયો. ચંદ્ર જોતા કાચબાને થયું કે અહો! આ ચંદ્ર આજે નવો ઊગ્યો છે, આવું કદી જોયું ન હતું એમ એ કાચબાની દૃષ્ટિએ ચંદ્રમાં નવો ઊગ્યો છે તેમ આત્મા પરથી નિરાળો, અવિકારી, ત્રિકાળી પૂર્ણ છે એમ જાણ્યું; આવું દ્રવ્યસ્વરૂપ પરમ અદ્ભુત છે એમ કદી જાણ્યું ન હતું તેથી આખો આત્મા નવો જાણ્યો એમ કહેવાય. અહીં ભેદવિજ્ઞાન સહિત શુદ્ધનય વડે અખંડ ત્રિકાળી પૂર્ણ સ્વરૂપનું લક્ષ કરતાં અખંડ જ્ઞાયકસ્વભાવ વર્તમાન અવસ્થામાં જણાતાં પર્યાયનો અનુભવ થયો છે તેને આખો જ્ઞાયકસ્વભાવ જણાયો, એવા અર્થનું કથન સમજવું.

જેમ કાચબાએ કદી ચંદ્ર જોયો ન હતો, તે બીજા કાચબાઓને વાત કરે કે મેં આજે આખો ચંદ્રમાં નજરે જોયો. પણ કોઈ દિવસ ચંદ્રની વાત પણ સાંભળી ન હોય, કદી સમજ્યા ન હોય એવા તેના કુટુંબીજનો કહે કે તારી વાત ખોટી છે, આ નવું ક્યાંથી લાવ્યો? ચંદ્ર નવો નથી પણ કાચબાની દૃષ્ટિ તેના ઉપર ન હતી, તેની દૃષ્ટિ ચંદ્ર ઉપર નવી પડી તેથી ચંદ્ર જોયો એમ કહે છે. ચંદ્રને જોનાર કાચબાની વાત બીજા કાચબા માનતાં નથી. આત્મા સ્વભાવે અસંગ, મુક્ત જ છે, પણ અવસ્થા દૃષ્ટિથી અવરાણો કે ઊઘડ્યો એવી પર નિમિત્તના ભેદની અપેક્ષા છે તે વ્યવહાર છે. ખરી રીતે તો પોતાની અજ્ઞાન અને વિકારરૂપ અવસ્થાથી હીણું પરિણમન કર્યું તે આવરણ છે. પરથી અવરાણો અને આખો આત્મા અવરાણો એમ કહેવું તે ઉપચાર માત્ર છે; તેવી જ રીતે ઉપચારથી બોલાય છે કે :—

**“શું પ્રભુ ચરણ કને ધરૂં? આત્માથી સૌ હીન,**
**તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન”**

હે પ્રભુ! તમે તો આખો આત્મા આપ્યો એમ વિનયથી કહે છે, પણ આત્મા કોઈથી અપાતો હશે! કોઈ કોઈને આપી શકે નહિ છતાં અહીં ઉપચારથી કહે છે, કે 'હે પ્રભુ! આપે મને અખંડ આત્મા આપ્યો,' તેમ વર્તમાન અવસ્થાથી અખંડના લક્ષે પર્યાય ઊઘડી તેને બદલે આખો દ્રવ્ય સ્વભાવ પ્રગટ્યો એમ કહ્યું, તે ભાનરૂપ ઊઘડેલી નિર્મળ અવસ્થામાં, તેના વિષયરૂપ અખંડ વસ્તુઓનો આરોપ કરી, આખી વસ્તુ નવી ઊઘડી એમ અપેક્ષાથી કહેવાયું છે.

જે શુદ્ધનય સુધી પહોંચેલા છે, (અહીં બારમી ગાથામાં શુદ્ધનયનો વિષય કેવળજ્ઞાન પર્યાય લીધી છે, પણ ખરી રીતે શુદ્ધનયનો વિષય અખંડ—પૂર્ણ વસ્તુ છે.) જે પુરુષો પાકથી ઊતરેલા શુદ્ધ સુવર્ણ સમાન ઉત્કૃષ્ટ ભાવને (કેવળજ્ઞાનને) અનુભવે છે. (શક્તિરૂપે પૂર્ણ ઉત્કૃષ્ટ સ્વભાવ તો હતો પણ શુદ્ધનય દ્વારા અખંડને લક્ષમાં લઈ ભાન કરી સ્થિર થઈને જેઓ છેલ્લી અવસ્થારૂપ પૂર્ણ કેવળજ્ઞાનને અનુભવે છે.) તેઓને તો શુદ્ધનયનો વિષય અધૂરો રહ્યો નથી, પણ તેનું ફળ વીતરાગતા જ અનુભવે છે. કેવળજ્ઞાન તો અખંડ પ્રમાણરૂપ છે, તેમાં ભેદ પડતો નથી, તેથી તેને વ્યવહાર નયનો વિષય ગણ્યો નથી; છતાં કેવળજ્ઞાન જ્ઞાનગુણની અવસ્થા છે, તેથી વ્યવહાર છે.

સોનાને પ્રથમ-દ્વિતીય આદિ પાકોથી (અગ્નિના તાપથી) પકવવામાં આવતાં, અવસ્થા શુદ્ધ થતાં સોનું શુદ્ધ થયું કહેવાય છે, તેમ અહીં શુદ્ધનયને અચલિત એક સ્વભાવરૂપ એક ભાવ પ્રગટ કર્યો તેમ કહ્યું. ત્યાં વસ્તુ તો શુદ્ધ હતી પણ શુદ્ધનય વડે અખંડનું લક્ષ કરતાં શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની ક્રમે ક્રમે પૂર્ણ પર્યાય ઊઘડી, તે અપેક્ષાએ આખો આત્મા પ્રગટ કર્યો એવો શુદ્ધનય કેવળજ્ઞાન સમાન હોવાથી જાણેલો પ્રયોજનવાન છે. (અહીં પૂર્ણ નિર્મળ પર્યાય પ્રગટી તેમાં આખી વસ્તુનો આરોપ છે.) શુદ્ધનયને કેવળજ્ઞાનનો વિષય કરનાર કહ્યો અને વળી સૌથી ઉપરની એક પ્રતિવર્ણિકા સમાન (સોળવલા શુદ્ધ સુવર્ણની જેમ) કેવળજ્ઞાન સમાન કહ્યો; એમ કેવળજ્ઞાનરૂપ વિષય પ્રગટ્યો તે અને વિષય કરનાર બંને સરખા કહ્યા, તેમાં કેવળજ્ઞાનનું લક્ષ કરનાર શુદ્ધનયને કારણ ગણી તેનું કાર્ય (શુદ્ધનયનું ફળ) વીતરાગતા—કેવળજ્ઞાન થયું. તેનો કારણમાં આરોપ કરી કેવળજ્ઞાનની અખંડ અવસ્થાને શુદ્ધનય કહી દીધો. શુદ્ધનય તે જ્ઞાનનો અંશ છે, તે દ્વારા અખંડ કેવળજ્ઞાન થયું તે તેનો (શુદ્ધનયનો) પ્રગટ થયેલો વિષય છે. તેનો ઉપચાર કરી વિષય પ્રગટ્યો તેને શુદ્ધનય કહી દીધો.

(૧) દ્રવ્ય પ્રગટતું નથી, પણ પર્યાય દ્વારા દ્રવ્યના લક્ષે નિર્મળ અવસ્થા પ્રગટે છે છતાં સ્વાશ્રયથી નવી અવસ્થા પ્રગટી તેને દ્રવ્ય પ્રગટ્યું એમ કારણમાં કાર્યનો ઉપચાર

કરી કહ્યું છે. જેમ કે વસ્તુનું યથાર્થ ભાન થયું ત્યારે આખી વસ્તુની પ્રાપ્તિ થઈ એમ કહેવાય છે.

(૨) શુદ્ધનયનો વિષય અખંડ દ્રવ્ય હોવાં છતાં કેવળજ્ઞાન પર્યાયને શુદ્ધનયનો વિષય ઠરાવ્યો તે પણ ઉપચારથી છે. પર્યાયના અનુભવને ઉપચારથી દ્રવ્યનો અનુભવ કહ્યો છે.

(૩) શુદ્ધનયે જે કેવળજ્ઞાનને પોતાનો વિષય બનાવ્યો તેને શુદ્ધનયના ફળરૂપે (વિકલ્પ રહિત ઊઘડેલા ભાવને) શુદ્ધનય કહી દીધો. કેવળજ્ઞાનમાં વિકલ્પ ભેદ નથી. એ અપેક્ષાએ જોકે કેવળજ્ઞાન પ્રમાણ છે, તોપણ તેને શુદ્ધનય કહી દીધો.

(૪) કેવળજ્ઞાન પર્યાય છે, વ્યવહારનો વિષય છે છતાં પ્રમાણ (પૂરું જ્ઞાન)ની અપેક્ષાએ શુદ્ધનયનો વિષય કહી દીધો.

કહેવાની પદ્ધતિ જુદી છતાં તેમાં અપેક્ષાનો મેળ કેમ છે તે કહેવાય છે :—

શુદ્ધનયને કેવળજ્ઞાનમાં અનુભવે છે એમ કહ્યું પણ ત્યાં અનુભવ તો આખા પ્રમાણ જ્ઞાનનો છે, તેમાં દ્રવ્ય કે પર્યાયનો વિષય કરનારું ક્રમરૂપ જ્ઞાન નથી, તેથી કેવળ જ્ઞાનમાં નય નથી. નય તો અધૂરા જ્ઞાનમાં હોય છે છતાં શુદ્ધનય જાણેલો પ્રયોજનવાન છે, એટલે તે સંબંધી જ્ઞાન અખંડ થઈ ગયું છે, કોઈમાં યોજાવું (જોડાવું) બાકી રહ્યું નથી, કેવળજ્ઞાનસ્રૂપ આખું સ્વસ્રૂપ શું છે? તે જણાઈ ગયું છે, કાંઈ વિશેષ જાણવાનું રહ્યું નથી તે જ પ્રયોજન છે. કેવળજ્ઞાન પ્રમાણ પ્રગટ્યું છે, નય પ્રગટ્યો નથી, પણ નયનો વિષય અખંડ દ્રવ્યમાં અભેદપણે જોડાઈ ગયો છે.

વળી કેવળજ્ઞાન પ્રમાણ છે છતાં તેને શુદ્ધનયનો વિષય કહ્યો. કેવળજ્ઞાન અને સિદ્ધદશા પ્રગટી તે વ્યવહાર છે. તેને શુદ્ધનયનો વિષય પ્રગટ્યો એમ કહ્યું એટલે પર્યાય ઊઘડી તેને દ્રવ્ય ઊઘડીયું એમ કહ્યું; એ રીતે યથાર્થ વસ્તુના ભાનની પ્રાપ્તિ થઈ તેને વસ્તુની જ્ઞાયક સ્વભાવની પ્રાપ્તિ થઈ એમ કહેવામાં ભાનરૂપ પ્રગટેલી પર્યાયમાં પૂર્ણ વસ્તુનો વિષય કર્યો છે, કેમ કે લક્ષ કરનારી પર્યાય સ્વદ્રવ્યના આશ્રયથી નવી પ્રગટી છે. તેમાં દ્રવ્ય પ્રગટયું અથવા સહજ એક જ્ઞાયકસ્વભાવ પ્રગટયો એમ કારણમાં કાર્યનો ઉપચાર કરી કહેવાય છે. દ્રવ્યનો અનુભવ તો હોઈ શકતો નથી પણ અનુભવ તો પર્યાયનો છે, વસ્તુને વેદાતી નથી. પોતા તરફ અવસ્થા વાળે તો ઠીક-અઠીકના ભેદરૂપ આકુળતાનું વેદન થાય નહિ; પણ પર લક્ષે ઠીક-અઠીક માની હું સુખી-હું દુઃખી એમ કલ્પના કરીને આકૂળતા વેદે છે. શુભ-અશુભ-પુણ્ય-પાપની લાગણી તે આકુળતા છે.

સર્વજ્ઞ ભગવાનનો ઉપદેશ તલવારની ધાર જેવો છે. તે દ્વારા જે યથાર્થ વસ્તુ સમજે તે ભવનાં બંધન (રાગ-દ્વેષ-અજ્ઞાન) કાપી નાખે. અનંતકાળથી સત્ય સમજ્યો ન હતો, તે જ્યારે સમજ્યો ત્યારે ધ્રુવ વસ્તુના લક્ષે, નિર્મળ પર્યાય ભાનભાવે ઊઘડી તેનો અભેદ સ્વવિષય અખંડ આત્મા હોવાથી, તેના ભાનની પ્રાપ્તિને સ્વરૂપની પ્રાપ્તિ થઈ એમ કહેવાય છે. વળી કહેવાય છે કે, આખા આત્માનો અનુભવ કર્યો ત્યાં આખા આત્માનો અનુભવ થતો નથી, પણ વર્તમાન વર્તતી અવસ્થાનો અનુભવ છે, એમ સમજવું.

આત્મામાં શક્તિરૂપે સદાય ધ્રુવપણે અનંત ગુણો છે. ગુણ ઊઘડ્યો એમ કહેવાનો અર્થ ગુણની નિર્મળ પર્યાય ઊઘડી એવો થાય છે. શાસ્ત્રમાં પર્યાયનો ગુણમાં આરોપ, ગુણનો દ્રવ્યમાં આરોપ કરીને કહેવાની પદ્ધતિ હોય છે. અખંડ વસ્તુને ઓળખવવી હોય તો સામો સમજનાર આત્મા વર્તમાન અવસ્થા દ્વારા સમજે છે અને વર્તમાન ઊઘડતી અવસ્થા દ્રવ્યના લક્ષે દ્રવ્યથી સુધરે છે.

બારમી ગાથામાં ચારિત્રનો જઘન્યભાવ પાંચમાં ગુણસ્થાનથી લીધો છે. અનુત્કૃષ્ટનો અર્થ મધ્યમ છે. શરૂઆતનો ચોથા ગુણસ્થાનનો જઘન્ય અંશ અહીં લેવો નથી. અંશે જઘન્યભાવ સ્વરૂપાચરણ ચારિત્ર તો સમ્યક્‌દર્શન થતાં જ ચોથા ગુણસ્થાને આવી ગયું; કારણ કે સામાન્ય એકલું (વિશેષ વગરનું) હોય નહીં. પ્રથમ-દ્વિતીય-ચતુર્થ આદિ પાકોની પરંપરા એટલે સમ્યક્‌દર્શન પછી અંતર સ્થિરતારૂપ એકાગ્રતાની વૃદ્ધિની શરૂઆત પાંચમા પછી છઠ્ઠા-સાતમા ગુણસ્થાનથી લઈને પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી મધ્યમ ભાવની ભૂમિકા છે.

યથાર્થ અનુભવ સહિત સ્વઆશ્રિત અભેદ લક્ષ કર્યું ત્યાં વિકલ્પનો ખ્યાલ નથી. પછી વિકલ્પ આવે છે ત્યારે સાધકભાવનો વ્યવહાર આવે જ છે. હજી ચારિત્રની નબળાઈરૂપ વર્તમાન અવસ્થા ઊણી છે, તેથી પૂર્ણ નિર્મળ દશાને પહોંચવાનો વ્યવહાર (સાધકભાવ અર્થાત્ મોક્ષમાર્ગ) છે, તેનો અનુભવ પૂર્ણ ઉત્કૃષ્ટ ભાવને પામ્યા પહેલાં રહે જ છે.

તા.૨૭–૭–૪૩.

જ્યાં સુધી પૂર્ણરૂપ શુદ્ધ આત્માની યથાર્થ શ્રદ્ધાની પ્રાપ્તિરૂપ સમ્યક્દર્શનની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી યથાર્થ ઉપદેશ જેનાથી મળે તેવાં જિનવચનોનું સાંભળવું એ જરૂરનું છે. યથાર્થપણાનું લક્ષ થવું તેમાં કોઈ નિમિત્ત કારણની અપેક્ષા નથી. યથાર્થ સ્વરૂપનો અંશ સ્વલક્ષે ઊગ્યો ત્યારે યથાર્થ ઉપદેશ પોતાના ભાવે કબૂલ્યો કહેવાય; તેમાં શ્રવણ કારણ નથી. સાંભળવા તરફનો શુભરાગ છે તે પણ સમ્યક્દર્શનનું કારણ નથી. જેમનાથી યથાર્થ ઉપદેશ મળે, તે યથાર્થ ઉપર વજન છે. યથાર્થનું કારણ સ્વદ્રવ્ય પોતે જ છે. ઉપદેશે મળે છે તે તો સંયોગી શબ્દો છે અને તેમાં આશયરૂપ જે યથાર્થ ઉપદેશ છે, એટલે કે પોતાનું યથાર્થપણું-અસંગ જ્ઞાયક અવિકારીપણું લક્ષમાં આવ્યું. તે સ્વાશ્રિત લક્ષ નિમિત્તથી થતું નથી; નિમિત્ત અને સાંભળવાનો રાગ ભૂલીને, સ્વ તરફ ઢળ્યો અને આ વસ્તુ યથાર્થ છે એમ જ્ઞાન કર્યું. તે યથાર્થનો નાનામાં નાનો અંશ છે; રાગથી જરા છૂટી યથાર્થ નિઃસંદેહપણાની પ્રગટ રુચિ થઈ ત્યાં સ્વવિષયથી સમ્યક્દર્શન થાય છે, પણ નિમિત્ત કાંઈ કરતું નથી.

ધર્મ સમજવા માટે પ્રથમ વ્યવહાર આવે છે તે શું તે અહીં કહેવાય છે. સાંભળવાથી પાત્રતા આવતી નથી, કારણ કે સાક્ષાત્ સર્વજ્ઞ ભગવાન પાસે જઈને ઘણીવાર સાંભળ્યું છે છતાં સમજ્યો નથી. પણ જ્યારે તત્ત્વનો જિજ્ઞાસુ થઈ શું કહેવાય છે તેનો યથાર્થભાવ પોતાના યથાર્થપણાથી સમજ્યો ત્યારે અહો! અપૂર્વ વસ્તુ છે, હું પૂર્ણ છું, નિરાવલંબી, અવિકારી, સંયોગી, જ્ઞાયક છું; જાણનાર સ્વરૂપે છું; વિકલ્પ સ્વરૂપે નથી. એમ અંદરમાં સ્વલક્ષથી ભાન કર્યું ત્યારે વાણીમાં જે યથાર્થપણું કહેવું છે તે પોતાથી નક્કી કર્યું.

સમ્યક્ત્વ થવા પહેલાં પાંચ લબ્ધિઓ હોય છે, તેમાં યથાર્થ ઉપદેશ તે દેશના લબ્ધિ છે. તેનો નિયમ એવો છે કે એકવાર પાત્ર થઈ સત્સમાગમે અખંડ જ્ઞાન આનંદ છું, અસંગ અવિકારી છું એવા શુદ્ધનયનો ઉપદેશ જ્ઞાની પાસેથી સાક્ષાત્ કાને પડવો જોઈએ. તેમાં પરાધીનતા નથી પણ જ્યાં ઉપાદાન તૈયાર થાય ત્યાં સાચા ઉપદેશનો સંયોગ હોય જ.

આઠમી ગાથામાં પણ પાંચ લબ્ધિના રૂપમાં વાત હતી. ‘‘આંખો ફાડીને ટગટગ જોઈ જ રહે છે,’’ તેમાં ક્ષયોપશમ, દેશના, પ્રાયોગ્ય અને વિશુદ્ધ એ ચાર લબ્ધિ છે; અને ‘‘અત્યંત આનંદથી સુંદર બોધતરંગ ઊછળે છે,’’ તે પાંચમી કરણલબ્ધિ છે.

યથાર્થપણું શું? આશય શું? વગેરે વિકલ્પ, ઉપદેશ સાંભળતાં, યથાર્થપણું સમજવા

પહેલાં, ઊઠે છે તે વ્યવહારનયરૂપ ભેદ છે. પણ વસ્તુભાવનું યથાર્થ લક્ષ કર્યું તે અકારણ છે. સંયોગ તરફનું વલણ ભૂલ્યો અને સ્વ—આશ્રયમાં નક્કી કરવા જરા થંભ્યો તેમાં પોતાનું જ કારણ છે.

ઉપાદાનમાં તૈયારીનો જેવો પુરુષાર્થ હોય તેવું નિમિત્ત (એના કારણે) હાજર હોય. કોઈ કોઈ ને આધીન નથી, બંને (નિમિત્ત અને ઉપાદાન) સ્વતંત્ર છે. સત્ સમજવાની તૈયારી કરી તેને એવાં પુણ્ય તો હોય જ કે યથાર્થનો વિચાર કરતા યથાર્થ સંયોગ મળે.

નિમિત્ત વિના ન થાય, પણ નિમિત્તથી થાય નહીં. નિમિત્તથી સમજ્યો એમ નિશ્ચયથી માને તો આશયમાં મોટો ફેર છે, એવો સ્વતંત્ર ઉપાદાન-નિમિત્તનો મેળ છે, પણ તેનો અર્થ પરમાર્થ જેવો છે તેવો જ સમજવો જોઈએ. શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે :—

''બૂઝી ચહત જો પ્યાસકો, હૈ બૂઝન કી રીત.
પાવે નહિ ગુરુગમ વિના, એહી અનાદિ સ્થિત.
એહિ નહિ હૈ કલ્પના, એહિ નહીં વિભંગ.
કયિ નર પંચમ કાળમેં, દેખી વસ્તુ અભંગ.''

સાક્ષાત્ જ્ઞાની પાસેથી સાંભળવું જ જોઈએ. તે કલ્પના નથી, પણ જેના ઉપાદાનમાં સત્‌ની તૈયારી થઈ તેને એવું નિમિત્ત સાક્ષાત્ મળે છે. તૃષાતુર પાણી ઈચ્છે છે અને પાણીની ધગશ થઈ ત્યારે તેની લાયકાત હોય તો પાણી મળ્યા વગર રહે નહિ. તેમ અંતર પરમાર્થતત્ત્વ સમજવાની અપૂર્વ ધગશ થઈ, સત્‌ની તાલાવેલી લાગી ત્યાં સત્ ઉપદેશનું નિમિત્ત એના સ્વતંત્ર કારણે હાજર હોય. પ્રત્યક્ષ સદ્‌ગુરુના આશયો સમજી સ્વલક્ષ કરે તે યથાર્થ તત્ત્વનું રહસ્ય આ કાળે પણ પામે, એમ ઉપાદાન અને નિમિત્તનો સહજ સંયોગ થાય જ એવો અનાદિકાળથી નિયમ છે. દર યથાર્થપણું છે તેના આદરથી સત્‌ની વાત રુચિ છે તે પોતાના ભાવથી રુચિ છે, પરથી નહિ.

**પ્રશ્ન :**—આમાં વ્યવહાર શું?

**ઉત્તર :**—જેમનાથી ઉપદેશ સાંભળ્યો તેમના ઉપર શુભરાગથી ભક્તિ—બહુમાન થાય છે. કુદેવ, કુગુરુ કુશાસ્ત્ર અને ખોટા આચરણનો આદર ટાળી રાગની દિશા બદલાવે છે. સંસારનાં સ્ત્રી, પુત્ર, ધન, આબરૂ, કુટુંબ તથા દેહાદિ ઉપરનો રાગ ઘટાડી સંસાર પક્ષના રાગ કરતાં અધિક રાગ દેવ, ગુરુ, શાસ્ત્ર અને ધર્મ સંબંધી રહે છે. જેટલો અશુભરાગ ઘટાડે છે તેટલો શુભ રાગ થાય છે. ત્યાં શુભ રાગનો પણ નકાર કરી યથાર્થ

તત્ત્વ સમજે તો શુભરાગને વ્યવહાર કહેવાય પણ તે શુભરાગની મદદથી યથાર્થપણું આવ્યું નથી. અશુભથી બચવા માટે શુભરાગ કરે પણ એકલો રાગને રાગ જ રહે અને યથાર્થ કાંઈ પણ ન કરે તો રાગથી બંધાયેલું પુણ્ય પણ અલ્પકાળે છૂટી જાય.

જિનવચનોના આશયનો વિચાર કરતાં જો યથાર્થતાનો અંશ પ્રગટ કરે અને સ્વતરફ અંશે વલણ કરે તો તે યથાર્થપણાને નિશ્ચય કહેવાય. ઉપદેશ સાંભળ્યો તથા સાંભળવાનો શુભ રાગ કર્યો તેને વ્યવહાર (ઉપચારથી નિમિત્ત) કહેવાય.

આમાં 'યથાર્થના ગૂઢ અર્થની વાત છે. તે સમજવા જેવી છે, ઉપાદાનથી કામ થયું, નિમિત્તથી નથી થયું; પણ નિમિત્તની હાજરી હતી. મનથી આત્માનો ખૂબ વિચાર કર્યો, તેથી યથાર્થ ભાન થયું એમ નથી. આત્મા તો મન, વાણી, દેહ, શુભરાગ અને તેના અવલંબનથી જુદો—પેલેપાર—છે. તેને ગ્રહણ કરવાનો વિષય ગંભીર છે. એક વસ્તુને બીજી કોઈ સાથે પરમાર્થ સંબંધ નથી, પણ અજ્ઞાનથી પર સાથે સંબંધ માન્યો છે. સ્વતંત્ર સત્ સ્વભાવને પરથી ગુણ થયો એમ માન્યું, તેણે પરને અને આત્માને એક થયા માન્યાં, પોતામાં તાકાત નથી એમ માન્યું, તો 'નથી' તે ક્યાંથી લાવશે? યથાર્થપણું એટલે પરાધીનતાપણું નહિ, પણ પૂર્ણ સ્વાધીવનપણું છે. તેમાં ઉણપ, હીણપ કે વિકારીપણું નથી.

સાક્ષાત્ ત્રિલોકનાથ તીર્થંકર અને તેમની દિવ્યધ્વનિ તે પણ પર ચીજ છે. સાંભળનાર અને સમજનારને તેનો નિમિત્ત માત્ર સંયોગ છે. તે સાંભળવા સંબંધીનો રાગ પરાશ્રિત વિકારભાવ છે. તેનાથી અસંયોગી, અવિકારી તત્ત્વને ગુણ કેમ થાય? નિમિત્ત ઉપર દૃષ્ટિ રાખે તો નિમિત્તના લક્ષે થયેલું જ્ઞાન સંયોગ આધીન થયું, સંયોગ અને રાગ ક્ષણિક છે. ક્ષણિક સંયોગના (પર વસ્તુના) આશ્રયથી જે પરાવલંબી જ્ઞાન થાય તે પણ નાશવાન છે.

લોકોમાં એવી માન્યતા છે કે, કોઈ બીજાની મદદથી ગુણ થશે, કોઈ આપી દે, કોઈના આશીર્વાદથી કલ્યાણ થઈ જાય; એમ પરથી આત્માના ગુણ ઈચ્છે છે પણ પોતાની જાતની અનંત તાકાતનો ભરોસો નહિ કરે તો સત્સમાગમમાં ઉભો રહીને શું કરશે? પરથી કોઈને ત્રણકાળ–ત્રણલોકમાં લાભ કે નુકશાન થઈ શકતું નથી. જો પોતાની જાતની દરકાર કરી, સત્નો આદર લાવી, સત્મમાગમ કરે તથા સત્-દેવ-ગુરુ-શાસ્ત્રનો આદર ટકાવી કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્રનો આદર જરાપણ ન થવા દે તો તેને સત્ના નિમિત્ત તરફના શુભરાગમાં યથાર્થ ઉપદેશ સાંભળતા જ્યારે સ્વ તરફની પકડરૂપે અંદરમાં સત્ની હા આવી, યથાર્થપણું ગ્રહણ કર્યું ત્યારે દેવ, ગુરુ, શાસ્ત્રનો શુભ રાગ તથા ઉપદેશ નિમિત્ત કહેવાય.

જિનવચન સાંભળી તેના આશયને ગ્રહણ કર્યા પછી યથાર્થની ધારણા થાય છે. જેમનાથી યથાર્થ ઉપદેશ મળે એવાં વીતરાગ વચનોનું સાંભળવું એમ કહ્યું ત્યાં સ્વાધીન વીતરાગપણા ઉપર વજન છે. કોઈનું તત્ત્વ કોઈને આધીન થઈ ઊઘડે એમ બતાવનાર વીતરાગનાં વચન નથી. આમાંથી તો ઘણા ઘણા સિદ્ધાંત નીકળે છે. દરેક આત્મા તથા આત્મા સિવાય દરેક અચેતન-જડ વસ્તુ તે બધી અનાદિ અનંત સ્વતંત્ર વસ્તુ છે, કોઈના દ્રવ્યગુણપર્યાય કોઈને આધીન નથી. કોઈએ કોઈના ગુણને કે કોઈ અવસ્થાને કરી નથી, કરતું પણ નથી. દરેક વસ્તુની બધી શક્તિ સ્વતંત્રપણે સદાય ભરેલી જ છે, તે શક્તિ પ્રગટ કરવા માટે કોઈ સંયોગ, કોઈ ક્ષેત્ર, કોઈ કાળ કે કોઈના આશ્રયની જરૂર નથી. ગુણ માટે કોઈ નિમિત્તની રાહ જોવી પડતી નથી. પોતાના ગુણની બીજા પાસેથી આશા રાખવી તે પોતાને નમાલો માનવા જેવું છે. વીતરાગને તો નિસ્પૃહતા છે, તે બધાને પૂર્ણ સ્વતંત્ર પ્રભુપણે જાહેર કરે છે.

કોઈ કહે—હું તને સમજાવી દઉં તો તેણે સામાને પરતંત્ર કહ્યો, તેની સ્વતંત્રતા લૂંટી. લોકોને પરોપકારની વાતો કરનારા બહુ સારા લાગે છે પણ પોતાનો ઉપકાર કે અપકાર પોતાના ભાવે પોતામાં જ થાય છે. તે પર સંયોગથી થયા કહેવા તે ઘીનો ઘડો કહેવા જેવું વ્યવહાર માત્ર વચન છે, તેથી પરમાર્થ તદ્દન ખોટું છે. લોકો વ્યવહારમાં ઘીના સંયોગ રહેતા માટીના ઘડાને ઘીનો ઘડો કહે છતાં તેનો ખરે અર્થ સમજી લે છે. એવી રીતે શાસ્ત્રમાં કોઈ જગ્યાએ ઉપદેશમાં નિમિત્તથી વાત આવે પણ તેનો પરમાર્થ જુદો હોય છે. કોઈનાથી કોઈનું કાર્ય થતું નથી, એમ સમજણમાં તારવી લેવું જોઈએ.

જે વિચારે છે કે સત્ જેનો સ્વતઃ સ્વભાવ છે એવી પૂર્ણ વસ્તુને જે સમજનારા છે, તેઓને અભિપ્રાય મારે તારવી લેવો જોઈએ. જેવું તેઓ સમજ્યા તેવું મારે પણ સમજવું છે, એમ પોતાને ગ્રહણ કરવાના આદરભાવે સત્સમાગમ કરે તો સત્સમાગમ વ્યવહારે નિમિત્ત કહેવાય.

સત્સમાગમમાં સ્વતંત્ર સત્‌ની જાહેરાત થાય છે કે અનંત આત્મા દરેક પરથી જુદા છે. હું સદાય પોતાપણે છું અને પરપણે નથી, તેમ જ પર મારાપણે ત્રિકાળ નથી. દરેક ચીજમાં પોતાના આધારે સ્વતંત્રપણે ટકીને અવસ્થાથી બદલવું થાય છે. દરેક સમયે વર્તમાન અવસ્થાનો વ્યય થવો (બદલવું થવું), નવી અવસ્થાનો ઉત્પાદ થવો અને વસ્તુનું પોતાપણે ત્રિકાળ ટકી રહેવું એમ દરેક વસ્તુ પોતાના દ્રવ્યપણે-પર્યાયપણે છે, પરપણે નથી. સત્સમાગમ અને કેવળીની વાણી પણ ચીજ છે, મારી ચીજ નથી; તે તેનાપણે સત્ છે અને પરપણે અસત્ છે.

દેવ, ગુરુ, શાસ્ત્ર વીતરાગસ્વરૂપ છે. તેઓ શું કહે છે? તે સાંભળી પોતાની યથાર્થ અસ્તિની હા પાડવામાં યથાર્થના અંશનું જોર પરમાર્થ તરફ વળે છે. ત્યાં સત્ તથા સાચા નિમિત્તનું બહુમાન હોવાથી અશુભ રાગ ટળી દેવ, ગુરુ, શાસ્ત્ર તરફના શુભ ભાવ થયા વગર રહેશે નહિ.

'સત્તાસ્વરૂપ★' (પં. ભાગચંદજીકૃત) માં અર્હતનું સ્વરૂપ જાણી ગૃહીત મિથ્યાત્વ ટાળવાનું સ્વરૂપ બહુ સારી રીતે સમજાવેલ છે. પરમાર્થ તત્ત્વના વિરોધરૂપે એવા કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને ઠીક માનવા તે ગૃહીત મિથ્યાત્વ છે. હું પરનો કર્તા છું, કર્મથી રોકાયેલો છું, પરથી જુદો-સ્વતંત્ર નથી, શુભરાગથી મને ગુણ થાય છે એવી જે ઊંધી માન્યતા અનાદિથી છે તે અગૃહીત અથવા નિશ્ચયમિથ્યાવ છે તે નિશ્ચયમિથ્યાત્વ ટાળવા પહેલાં જે ગૃહીત (પરથી ગ્રહણ કરેલું) મિથ્યાત્વ અથવા વ્યવહારમિથ્યાત્વ છે, તે ટાળવું જોઈએ.

એકેન્દ્રિય વનસ્પતિ આદિથી મન વિનાના પંચેન્દ્રિય સુધીના જીવોને કુદેવ, કુગુરુ આદિ ખોટાના આગ્રહની પકડ નથી, પણ જ્યારે જીવ સંજ્ઞી (મનવાળો) પંચેન્દ્રિય થયો ત્યારે વીતરાગે કહેલાં તત્ત્વોથી વિરોધી એવા કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને માન્યા કર્યા. વ્યવહારમાં પણ વિરોધી માન્યતા કે ફલાણાને માનીએ તો સંતાન થાય, શીતળાને માનીએ તો મરે નહિ, અમુક દેવ રક્ષણ કરે એવી એવી ઊંધી માન્યતાનાં લાકડાં તો દૂર રહો, પણ લોકોત્તર વીતરાગ ધર્મના માને ઉપદેશ આપનારા કે જેઓ સર્વજ્ઞ ભગવાનની વિરુદ્ધ દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઉપદેશ કરે છે, પરિગ્રહ સહિત મુનિપણું માને છે, તે બધા ગૃહીત મિથ્યાત્વની પકડવાળા છે, તેમનો વિનય છોડવો જોઈએ; તેમાં દ્વેષ નથી પણ સાચાનો જ આદર છે.

ધર્મના નામે ઉત્કૃષ્ટ પુણ્ય બાંધીને અનંતવાર નવમી ગ્રૈવેયક સુધી જે જીવ જઈ આવ્યા તેણે નગ્ન દિગંબર મુનિપણું અને પાંચ મહાવ્રતાદિ ચોખ્ખાં પાળ્યાં તથા ગૃહીત મિથ્યાત્વ છોડ્યું હતુ; પણ શુભરાગથી ગુણ થાય એવા પરાશ્રયરૂપ વ્યવહારની સૂક્ષ્મ પકડથી તેને નિશ્ચય મિથ્યાત્વ રહી ગયું. પરથી જુદો, નિરાવલંબી, અવિકારી છું એવી સ્વતંત્ર સ્વભાવની વાત તેને અંદરથી રુચિ નહિ, તેથી તેનું ભવભ્રમણ ટળ્યું નહિ.

જન્મ-મરણ ટાળનાર અખંડ ગુણસ્વરૂપ છું, એવી રુચિથી સત્નો આદર તે યથાર્થ છે. તે નિશ્ચય અને ઉપદેશ તે વ્યવહાર છે. યથાર્થની દેશના ઝીલનારે યથાર્થને ગ્રહણ કર્યું ત્યાં પ્રથમ શરૂઆતનો અંશ (યથાર્થનો અંશ) નિરાવલંબીપણે ઊઘડે છે, તે યથાર્થ ચારિત્રરૂપ નિર્મળ ભાવનું કારણ છે.

★ આ પુસ્તક ગુજરાતીમાં પ્રસિદ્ધ થયું છે.

જેનાથી જન્મ-મરણ અને ભ્રાંતિનો નાશ થાય એવા યથાર્થ જિનવચનોનું સાંભળવું, ધારણ કરવું તથા તેમનાં કથનના આશયનો નિર્ણય કરી એવી દૃઢતા કરવી કે કોઈ કુતર્કવાદીધર્મના નામે અન્યથા કહે તો તેનો તુરત જ નકાર કરે. પરથી, શુભભાવથી, શુભરાગની ક્રિયાથી એમ બહારથી ગુણ બતાવે, શુભ કરતાં કરતાં ધીમે ધીમે ગુણ ઊઘડશે વગેરે જૂઠા તર્કથી કોઈ કહે તો તેનો નકાર કરે; આને નિત્ય સત્ય વસ્તુના બોધને એવો દૃઢપણે ધારી રાખે કે કાળાન્તરે કોઈપણ સંયોગમાં પોતે સંશયમાં પોતે ન પડે.

મતિજ્ઞાનના ચાર ભેદ છે.

(૧) અવગ્રહ :—વસ્તુના બોધનું પકડવું.

(૨) ઈહા :—વસ્તુ શુ છે તે નક્કી કરવા વિચારવું.

(૩) અવાય :—આ વસ્તુ આમ જ છે, અન્યથા નથી, એવો નિર્ણય કરવો.

(૪) ધારણા :—જે જ્ઞાનથી જાણેલા પદાર્થમાં કાળાન્તરમાં સંશય તથા વિસ્મરણ ન હોય.

એમ નિત્ય સ્વભાવ આશ્રિત તે સ્વતત્ત્વની ધારણાથી ધાર્યું તે સત્‌ના નિર્ણયની અસ્તિ કરી છે. તેને તેનાથી વિરોધી અસત્ વાત સાંભળે તેની નાસ્તિ આવે છે, એટલે કે નકાર થાય છે. એ રીતે યથાર્થ વસ્તુ શુ છે? તેનો બોધ મતિજ્ઞાનમાં ધારણ કરી રાખે.

યથાર્થ નિઃસંદેહ થઈ તત્ત્વ ન જાણે ત્યાં સુધી તો વારંવાર તે જ વાત અસ્તિ-નાસ્તિપૂર્વક સાંભળે અને અસ્તિ તરફ વજન રાખી લક્ષ ટકાવે ત્યાં સહેજે શુભ રાગ થઈ જાય છે. લોકો કહે છે કે 'શુભ વ્યવહાર ન રાખીએ, શુભ રાગ ન કરીએ તો ધર્મ શી રીતે કરવો?' પણ અસ્તિ સ્વભાવ તરફ લક્ષ અને વજન આપ્યું ત્યાં રાગની દિશા બદલી જ જાય.

અહીં જે વસ્તુ સાંભળી છે તેને અવિરોધીપણે દૃઢ કરે કે તેમાં કોઈ કાળે સંશયરૂપ વિરોધ ન આવે; એમ સારી રીતે પરિચય કરીને, વિરોધ ટાળીને અવિરોધી તત્ત્વ સારી રીતે સમજવું અને પરમાર્થ તત્ત્વ શું અને તેને કહેનારા સત્ દેવ-ગુરુ-શાસ્ત્ર તથા નવતત્ત્વનું યથાર્થ સ્વરૂપ શું છે? તે જાણવું જોઈએ; કારણ કે તે શરૂઆતથી જ પ્રયોજનભૂત તત્ત્વ છે.

જેમ દેશાવરમાં માલની લેવડ-દેવડ કરવા આડતિયો રાખ્યો હોય. તેણે કોઈને છેતર્યા નથી, તેમ જ આપણને પણ છેતરવો નથી. એવા પ્રકારનો વિશ્વાસ, તેની સાથેના

થોડા પરિચય બાદ, બેસી ગયા પછી લાંબા વખત સુધી તેના પ્રત્યે શંકા ન આવે; તેમ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને અવિરોધપણે જાણતાં તેમાં કોઈ પડખે વિરોધી તત્ત્વ નથી, એમ થોડા પરિચયથી નક્કી થતાં, કોઈ ખોટો ત્યાગી-સાધુનો વેષધારી, ગમે તેવી યુક્તિથી વિરોધભાવે ધર્મની દલીલો કરે, તોપણ સ્વતત્ત્વમાં અને દેવ-ગુરુ-શાસ્ત્રમાં જરાપણ શંકા ન થાય, તેમ જ તેને મૂંઝવણ પણ ન થાય, પણ જેને સત્યની કિંમત નથી, સત્યની શ્રદ્ધા નથી. તે તો કહે કે 'અમે શું કરીએ? ત્યાગી સાધુ અમને યુક્તિથી દલીલ કરી જેવું સમજાવે અથવા જેવું કહે તેની હા પાડવી પડે છે.' પણ તેમાં પોતાનું આખું સ્વતંત્ર તત્ત્વ લૂંટાઈ જાય છે. તેની તેને ખબર નથી, માટે સદ્‌ગુરુની બરાબર પરીક્ષા કરવી જોઈએ; અમને ખબર ન પડે એમ કહેવું તે અજ્ઞાન છે. અજ્ઞાન તે કાંઈ બચાવ નથી.

સદ્‌ગુરુ યથાર્થ ઓળખ્યા પછી તેમના પ્રત્યે સાચી ભક્તિ થાય છે. જેમનાથી યથાર્થ વસ્તુનું શ્રવણ મળ્યું છે તેમના પ્રત્યે ભક્તિનો શુભરાગ રહે જ. તત્ત્વની યથાર્થ સમજણ કર્યા પછી પણ તેનું વિશેષ દ્રઢતાથી ઘૂંટણ કરવા વારંવાર રુચિથી સાંભળે અને તે સાચા નિમિત્તને ઉપકારી જાણી તેનું બહુમાન વારંવાર કર્યા કરે. તેમાં પરમાર્થ તો પોતાના ગુણનું બહુમાન છે પણ વ્યવહારે સત્ દેવ-ગુરુ-શાસ્ત્રને યથાર્થના કહેનારા જાણી તેમના તરફ ભક્તિ, વિનય, બહુમાન આવે છે, એટલે ભક્તિનો શુભ-રાગ થયા વિના રહેતો નથી. અવિકારી યથાર્થ સ્વભાવનું લક્ષ છે. તેનું ઘોલન છે. તેના જોરે જેટલો રાગ ઘટે છે તેટલો પોતાને ગુણ માને છે અને જે રાગ રહ્યો તેને બંધનું કારણ જાણી બધો રાગ છોડવા જેવો અંતરથી માને છે. જે કોઈ દેવ, ગુરુ, શાસ્ત્ર તરફનો શુભ રાગ છે તેને રાખવા જેવો માને, તે શુભ રાગને ગુણ માને અથવા તેને કરવા જેવો માને તો તે વીતરાગ પ્રત્યેનો રાગ નથી, પણ રાગનો રાગ છે. કારણ કે તે રાગમાં 'રાગનો નાશક છું' એવા વીતરાગપણાના ગુણની પ્રતીતિ નથી.

તા. ૨૮—૭—૪૩.

આત્માને પર સંબંધ રહિત, અવિકારી, પૂર્ણ નિર્મળ, સ્વતંત્ર બતાવે એવો વીતરાગ ઉપદેશ હોય. આત્મા જોડે જે સંયોગી કર્મ (એકક્ષેત્રે) છે, તેનાથી આત્મા બંધાયો નથી પણ પરમાર્થે પોતાની ભૂલના બંધનભાવથી બંધાયો છે. બંધ અને મોક્ષ તે કોઈની પરાધીનતાથી નથી પણ આત્માના ભાવથી છે. અહીં એવાં યથાર્થ વચનો છે કે નહિ, એમ શ્રવણ કરનારે પોતાની જાતની તૈયારી અને ઉપદેશની પરીક્ષા કરવાની જવાબદારી લેવી પડશે.

કોઈ પરથી ગુણ થાય કે બીજો સમજાવે તો તત્ત્વ પ્રગટે એવું પરાધીન અને

શક્તિહીન આત્માનું સ્નરૂપ નથી. તત્ત્વનું શ્રવણ કરવા તરફનો ભાવ તે પણ શુભ વિકલ્પ—શુભરાગ છે. તે પર સંયોગથી અને રાગથી અસંયોગી અવિકારી વીતરાગ સ્વરૂપ ઊઘડે નહિ, પણ સ્વતંત્ર યથાર્થપણું શું છે? તેનો અંશ જાતે ઊછળીને પ્રગટ કરે ત્યારે ઉપદેશ અને તે સાંભળવા તરફના શુભ રાગ ઉપર આરોપ કરી તેને નિમિત્ત કહેવાય છે.

જે વચનો આત્માને પરથી બંધનવાળો બતાવે, તેનો અર્થ એવો થયો કે પર મુક્ત કરે ત્યારે આત્મા મુક્ત થાય; એમ હોય તો આત્મા પરાધીન અને શક્તિહીન થયો. જે શક્તિહીન હોય પરાધીન હોય તે જુદું સ્વતંત્ર તત્ત્વ ન કહેવાય. બધા આત્મા કોઈ પરમાત્માનો અંશ છે, બધા મળી એક બ્રહ્મારૂપ નિત્ય વસ્તુ છે, એમ કહેવાથી સ્વાધીન સત્તાનો અભાવ ઠરે છે અને તેમાં પ્રત્યક્ષ વિરોધ આવે છે, કારણ કે સંસારમાં રહીને પણ દરેક આત્મા દુઃખ એકલો જ ભોગવે છે.

કોઈ કહે :—''દેવથી મુક્ત થાય ત્યારે આત્મા એક પરમાત્માની સત્તામાં ભળી જાય છે.'' જો એમ હોય તો દુઃખ ભોગવવામાં એકલો અને સુખ દશામાં કોઈની સત્તામાં ભળી જનારો હોય તો તેમાં સ્વતંત્રતા રહી જ ક્યાં? માટે તે માન્યતા ખોટી છે. એ રીતે યથાર્થ સ્વતંત્ર સ્વરૂપમાં વિરોધરૂપે માન્યતાઓ ટાળી યથાર્થ પરિપૂર્ણ સ્વતંત્ર વસ્તુનો નિર્ણય કરવા માટે આત્મામાંથી નિશ્ચયનો અંશ પ્રગટ કરવો પડે છે, અવિકારી નિરાવલંબી અસંગ સ્વભાવની શ્રદ્ધા તે વિકારનો નાશ કરનાર છે; એવું યથાર્થ બતાવનાર કોણ છે? તેનો નિર્ણય કરનાર પણ આત્મા જ છે.

પ્રથમ ઉપદેશ સાંભળતા પરમાર્થની અપ્રગટ રુચિ છે. તે ઉપદેશમાં યથાર્થપણું કેવા આશયનું છે, કઈ રીતે હું અસંગ, અવિકારી, નિરાવલંબી છું? તે પરમાર્થ સાંભળીને નિરાળા સ્વતત્ત્વ તરફનો વલણરૂપ નિશ્ચયનો અંશ તે પરમાર્થ શ્રદ્ધાનું કારણ છે.

હું પરથી બંધાયો નથી, પર મને બગાડી કે સુધારી શકે નહિ, રજકણ તથા રાગથી નિરાળો છું, માત્ર અજ્ઞાનથી (મારી ભૂલથી) બંધાણો હતો. વિકાર ક્ષણિક છે, તે મારું નિત્ય સ્વરૂપ નથી. હું નિત્ય જ્ઞાયક છું એવો અપ્રગટ આશય અંતરમાં વળે છે ત્યાં ભાવબંધન ટાળવાનો ઉપાય અંશે શરૂ થયો છે. અવ્યક્ત રુચિ યથાર્થ તત્ત્વ તરફ શરૂ થઈ ત્યારે સાંભળવાનું અવલંબન છોડી સ્વતરફ લક્ષ કર્યું અને સત્‌નો સ્વીકાર કરવારૂપે યથાર્થની હા પાડી, તેટલું અયથાર્થથી જુદાપણું તારવવાની યથાર્થ જાતની જવાબદારી આવી. આ રીતે શ્રવણ થતાં પોતાના ભાવે જાતથી લાભ કાઢયો છે; રાગથી ગુણ થયો નથી. પર ઉપર લક્ષ રહે ત્યાં રાગનો વિષય છે, તે રાગ તો વિકાર છે હું રાગરૂપે નથી,

જ્ઞાનરૂપે છું, એમ અવિકારી અસંગપણું ઉપદેશમાં કહેવા માગે છે, એવો અભિપ્રાય અંતરલક્ષે તે નક્કી કરે છે.

અહો! આ વસ્તુ જ નિરાળી છે, પૂર્ણ છે, અવિકારી છે; એમ યથાર્થને જે ભાવે નક્કી કરતો જાય છે. તે ભાવે યથાર્થ નિશ્ચયનો અંશ હોવાથી યથાર્થ નિર્વિકલ્પ પરમાર્થનું કારણ છે, પણ રાગથી, પરથી કે સાક્ષાત્ ત્રિલોકનાથ તીર્થંકર પ્રભુની વાણીથી અંશમાત્ર પરમાર્થે ધર્મ ન થાય, પણ પરાવલંબન છૂટી અંતર નિર્ણય કરે કે તેઓ કહે છે તે આમ જ છે એમ સમજ્યો ત્યારે દેવ, ગુરુ ઉપર બહુમાન આવે છે અને તેની ભક્તિ કરે છે. તેમાં ગુણની ભક્તિ છે એટલે યથાર્થ સ્વતંત્ર તત્ત્વની ઓળખાણ સહિત ગુણરૂપે થવાનું લક્ષ છે. રાગ-દ્વેષ, અજ્ઞાન પરાશ્રયથી થાય છે, ક્ષણિક છે, તે મારું સ્વરૂપ નથી એમ ગુણની પ્રતીતિથી રાગ-દ્વેષ–અજ્ઞાનનો નાશ કરે તે જિન (જીતનાર) છે. આમાં ઘણાં અર્થ આવ્યા કે વિકાર જીતવા યોગ્ય છે, તેને જીતનાર અવિકારી છે; વિકાર ક્ષણિક એક સમયની અવસ્થા પૂરતો છે અને તેનો નાશ કરનાર સ્વભાવ વિકાર રહિત ત્રિકાળ ટકનાર છે. વિકારમાં અનંતકાળ ગયો પણ એક સમય માત્રમાં તે વિકારી અવસ્થા પલટાવી અનંત અવિકારી શુદ્ધ શક્તિ પ્રગટ કરી શકે એવું બેહદ સામર્થ્ય સ્વભાવમાં છે. વિકારી અવસ્થામાં અનંતો વિકાર પરના આશ્રયે કરતો હતો, તે ટાળી જ્યારે સ્વતંત્ર સ્વાશ્રય વડે ધ્રુવ સ્વભાવમાં વળ્યો ત્યારે અનંત અવિકારી ભાવ પોતામાં હતો તે જ અંદરથી પ્રગટ્યો; તે પરથી આવ્યો નથી. વિકાર થવામાં અનેક પ્રકારનાં નિમિત્ત હોય છે, શુભરાગ પણ પર લક્ષે થાય છે. પરચીજની મારામાં નાસ્તિ છે. પર વડે ત્રણ કાળમાં મને ગુણ કે દોષ થઈ શકે નહિ અને હું પરને કાંઈ કરી શકું નહિ. શુભરાગ પણ વિકાર છે, વિકારથી અવિકારી ગુણને મદદ થાય નહિ, એવું પૂર્ણ સ્વતંત્રપણું બતાવનાર યથાર્થ જ્ઞાની છે. પોતામાં યથાર્થની હા લાવનાર, સમજાવનાર વીતરાગી ગુરુને ઉપકારી નિમિત્ત ગણી, શુભરાગરૂપ ભક્તિભાવ ઊછાળ્યા વિના નહિ રહે. હજી રાગદશા છે તેને કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર તરફ ન વાળતાં સુદેવ, સુગુરુ, સુશાસ્ત્ર પ્રત્યે ઓળખાણનું બહુમાન કરી શુભ ભક્તિ અને વિનય તેમના તરફ વાળે છે.

એમ સમ્યક્‌દર્શન પામ્યાં પહેલાં સાચા નિમિત્ત તરફનો શુભ વ્યવહાર હોય જ, પણ જો બીજો સમજાવી દે કે પરથી સમજ્યો એમ માને તો પોતે પરાધીન ઠર્યો ત્રણકાળમાં આત્મા પરાધીન નથી, તેને કોઈ પણ મદદ કરી શકતું જ નથી.

પરમાર્થ જિન સ્વરૂપ બતાવનાર વીતરાગી ગુરુ કોણ છે, જીતવું શું, જિતનાર કોણ અવગુણનો નાશ કરી ગુણપણે સદાય ટકનારો કેવા સ્વરૂપે છે? એનો યથાર્થ—

નિર્ણય ન કરે અને સાંભળ્યાં કરે તો કોઈ આપી દે તેમ નથી. પોતે જેવો ભાવ કરે તેવું ફળ મળે છે. હું નિરાવલંબી અવિકારી સ્વતંત્ર છું, અસંગ છું એના ભાન વગર પુણ્ય-પાપ કરીને ચોરાશીનાં જન્મ-મરણ અનંતવાર કર્યાં. ધર્મના નાતે શુભ ભાવે ઘણી ક્રિયા કરી અનંતવાર દેવલોકમાં ગયો. પાપ વડે કાંઈ દેવલોકમાં ન જવાય પણ પુણ્ય વડે જ જવાય, તેથી તે પુણ્યના શુભભાવ નવા (અપૂર્વ) નથી. અપૂર્વ શુ છે? એવી યથાર્થ સમજવાની ધગશ કરે તો યથાર્થ સત્ સમજાવનાર વીતરાગી ગુરુને ઓળખી લે અને તેનો આદર કરે, પણ જાતની તાકાત કબૂલી જાતે સમજે નહિ તેને નિમિત્ત સમજાવી શકે નહિ. જે સમજ્યો તે પોતા વડે સમજ્યો ત્યારે પોતાની ઓળખાણનું બહુમાન કરવા ગુરુને ઉપકારી ગણી વિનય કરે છે; સમજ્યા પછી, રાગ ટળે નહિ ત્યાં સુધી, સત્નાં નિમિત્તો તરફ શુભરાગ રહે જ. મારું સ્વરૂપ કેવું છે? તે સમજવાની રુચિ હોય તેણે મુમુક્ષુ રહીને સત્સમાગમ શોધવો, સત્ની ઓળખાણ થતાં સવારની સંધ્યા જેવો શુભરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે થયા વિના રહે નહિ, કારણકે તેમાં સ્વલક્ષે ચિદાનંદ સૂર્યનો અખંડ અનંત પ્રકાશ થવાનો છે.

વીતરાગના વચનનું ધારી રાખવું એટલે તેઓ શું કહે છે? તે યથાર્થ સમજવું. પરવસ્તુથી, પુણ્ય-પાપથી ધર્મ ત્રણકાળમાં ન થાય. પરની મદદથી આત્માના ગુણ ન ઊઘડે. પરથી કાંઈ પણ લાભ નુકશાન ન થાય, કારણકે દરેક ચીજ ત્રિકાળ જુદી છે. લાભ-અલાભ પોતાના ભાવ વડે થાય છે. આવી પ્રતીતિ ગૃહસ્થ અને ત્યાગી બંનેને માટે છે. પરથી, પૈસા વગેરેથી પણ પુણ્ય નથી પણ તૃષ્ણા ઘટાડે તો પોતાના ભાવથી પુણ્ય થાય છે. પરની હિંસા તે પાપનું કારણ નથી પણ પોતાનો હિંસારૂપ પ્રમાદભાવ છે, તે જ ખરી રીતે હિંસા છે, પોતાના જ ગુણનો ઘાત છે. આમાં સ્વતંત્ર તત્ત્વનો નિર્ણય થાય છે. વીતરાગ માર્ગમાં કોઈ પક્ષપાત નથી. વીતરાગ તો સર્વેને વસ્તુપણે સ્વતંત્ર જાહેર કરે છે.

કોઈની કૃપાથી સ્વતંત્ર આત્મતત્ત્વને ગુણ પ્રગટે એવું પરાધીનપણું બતાવનાર વીતરાગના વચન નથી. પુણ્યથી, શુભરાગથી અથવા શરીરાદિ કોઈ પર વસ્તુથી ગુણ થાય, આત્માનો ધર્મ થાય, આત્માના ગુણ માટે તેવો વ્યવહાર કરવો જોઈએ, એમ કહેનાર વીતરાગના વચનો નથી. પુણ્ય-પાપ અને ધર્મ પોતાના ભાવ અનુસાર જ થાય છે.

સંસારમાં પર માટે કોઈ કાંઈ કરતું નથી. સારા સાડલાં, ઘરેણાં વગેરે સ્ત્રી માટે કોઈ લાવતું નથી પણ પોતાને સ્ત્રી પ્રત્યે મમતા છે, રાગ પોષવાના વિષય જેને બનાવ્યા છે એવાં સ્ત્રી આદિ (રાગનાં રમકડાં) માં સરખી શોભા ન હોય તો પોતાને ગોઠતું નથી, જ્યારે પોતાનો માનેલો દેખાવ આવે ત્યારે આંખ ઠરે છે તેથી જે કાંઈ કરે છે પોતાના રાગને પોષવા માટે કરે છે; તેમ જ છોકરાને ભણાવે, પરણાવે તથા તેના નામે બેંકમાં

રૂપિયા મૂકે તે તેના (છોકરાના) માટે નથી પણ પોતાને તે સંબંધી મમતામાં તે સિવાય સમાધાન થતું નથી તેથી પોતે તેના નામે મમતા પોષવાની બધી ચેષ્ટા પોતાના જ રાગના પોષણ માટે કરે છે. ઘરમાં, સમાજમાં આવો મોભો, આવી આબરૂ રહે તો ઠીક એવો રાગ એક સરખો ટકાવી રાખવા માટે પરનું હું ઠીક રાખું, એવો ભાવ કરી પોતાની મોટપનો રાગ પોષવા ખાતર તે બધી ચેષ્ટા કરે છે. પર પ્રત્યેની ફરજ કોઈ બજાવતું નથી, પણ ઊંધી દૃષ્ટિથી પરમાં પોતાના રાગનો આરોપ કરે છે, એટલે તે પર વસ્તુને પોતાના રાગનો વિષય બનાવી તેની રુચિ અનુસાર બધું ગોઠતું કરવા માગે છે. હવે તે ભાવની ગુલાંટ :—

અરે! જન્મ-મરણ વગેરે પરાધીનતા છે. આત્મા પરથી નિરાળો છે તે જ આદરવા જેવો છે એમ જેને પરમાર્થમાં પ્રીતિ થઈ તે યથાર્થની રુચિ પોષવામાં નિમિત્તકારણ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને શોધે અને તેની ભક્તિ કર્યા વિના રહે નહિ. ભગવાનની ભક્તિ ભગવાનને સારું લગાડવા માટે નથી, સત્‌ની ઓળખાણ પછી પૂર્ણ ગુણનું બહુમાન હોવાથી વીતરાગની ભક્તિ ઊછળ્યા વિના રહેતી નથી.

હું સ્વતંત્ર અવિનાશી, પૂર્ણ પરમાત્મા જેવો છું, વિકલ્પ કે પરમાણું માત્ર મારા સ્વરૂપમાં નથી. એવું બતાવનાર શ્રી જિનગુરુ અને જેઓ પ્રગટ પરમાત્મા થયા છે તેમને પ્રતિમા પ્રત્યે, પોતાના ગુણના સ્મરણ માટે તથા અશુભ ભાવથી બચવા માટે, બહુમાન સ્મરણ ભક્તિ વગેરે હોય છે. તે દેવ, ગુરુ ખાતર કોઈ કરતું નથી પણ વિનયથી દેવની ભક્તિ આદિ બોલાય છે. જેમ કોઈ માણસ રાજાના વખાણ કરે છે તેમાં પોતાને તેવું રાજાપણું ગોઠ્યું છે તે ખાતર કરે છે, તેમ જન્મ-મરણનો અંત કેમ થાય? તે બતાવનારની ઓળખાણ થતાં તેમના બહુમાનમાં ભક્તિ ઊછળ્યા વિના રહેતી નથી.

પૈસાદારને ત્યાં એકના એક પુત્રનાં લગ્ન માંડ્યા હોય ત્યારે તેનો વૈભવ અને હોંશ ઊછળ્યા વિના રહે નહિ, (દૃષ્ટાંતનો એક અંશ સિદ્ધાંતમાં લાગુ પડે) તેમ આત્માના યથાર્થ સ્વરૂપ તરફ અપ્રગટ લક્ષ થયું છે પણ હજી નિશ્ચય અનુભવ સહિત સમ્યક્‌દર્શન પ્રગટ કર્યું નથી, ત્યાં પણ અહો! નિર્દોષ વીતરાગી ગુરુ મારી સ્વતંત્રતા જાહેર કરનારા છે, મને મોક્ષ દેનારા છે, એમ ખૂબ વિનયપૂર્વક બહુમાનથી ભક્તિ કર્યા વિના રહે નહિ.

જેને પરમાર્થની રુચિ પુષ્ટ કરવી છે તે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર તરફ શુભરાગ કરી, યથાર્થ ગુરુ કોણ છે તેની પ્રથમ ઓળખાણ કરે છે. શ્રી ગુરુ પરમાર્થસ્વરૂપને બતાવનારા છે. (નિશ્ચયથી તો આત્મા જ પોતાનો ગુરુ છે.) વળી તેઓ સિદ્ધ અને અર્હંત કેવળજ્ઞાની પરમાત્મા કેવા હોય તેનું સ્વરૂપ શિષ્યને બતાવે છે, તેથી આત્માનું ભાન થાય છે. માટે પ્રત્યક્ષ સદ્‌ગુરુ વિશેષ ઉપકારી છે, તેથી શ્રીમદ્‌ રાજચંદ્રે આત્મસિદ્ધિમાં કહ્યું છે કે :—

"પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર;
એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર."

સદ્‌ગુરુના પ્રત્યક્ષ ઉપકારનો નિર્ણય કર્યા વિના આત્માનો વિચાર ખરેખર ઊગે નહિ. પરોક્ષ ઉપકારી શ્રીજિન કેવા હતા અને તેઓને શું કહેવું હતું? તે બતાવનાર પ્રત્યક્ષ શ્રી સદ્‌ગુરુ જ છે. આખો સ્વભાવ બતાવનાર સાક્ષાત્ શ્રી સદ્‌ગુરુને ઓળખે નહિ, તેનું બહુમાન કરે નહિ, તો જેઓ પૂર્ણાનંદ પરમાત્મા થઈ ગયા તેમનું સ્વરૂપ જાણી શકે નહિ; તેમનું યથાર્થ સ્વરૂપ સમજ્યા વિના પરમાર્થ સ્વરૂપ સમજે નહિ; તેથી સાક્ષાત્ જ્ઞાનીને ઓળખી તેનો વિનય કરવાનું પ્રથમ કહ્યું છે. જો સાક્ષાત્ ઉપકારી શ્રી ગુરુનો વિનય ન કરે તો પોતાનાં પરિણામ જોતાં ન આવડ્યાં, તે વિવેકની ભૂલ પોતાની છે. સાક્ષાત્ જ્ઞાનીને જે ન ઓળખે, તેમનો વિનય ન કરે અને પરોક્ષજિન ભગવાનના ગુણને નામે ભક્તિ-પૂજામાં જ રોકાઈ રહે, તેને અપૂર્વ આત્મવિચાર ઊગે નહિ.

સાક્ષાત્ ગુરુથી યથાર્થપણું માનવામાં અસત્‌ને ન માનવાની જવાબદારી અને યથાર્થને ધારણ કરવાની તૈયારી પોતાની છે, તેથી પ્રત્યક્ષ જ્ઞાનીને પરમ ઉપકારી (પોતાની ઓળખાણના ભાવે) કહે છે. જેમ લૌકિકમાં બધા કહે છે કે અમારી દુકાનનો માલ ઉત્કૃષ્ટ છે, તેમ પોતાના માનેલા ધર્મને અનેક દલીલોથી કોઈ સત્ કહે તો જે અસત્ છે, તે કાંઈ સત્ થઈ જાય નહિ.

મને કોઈ બીજો સમજાવી દે, બીજો તારી દે, પુણ્યાદિ પરની મદદ મળે તો ધર્મ થાય, એમ પરથી ધર્મની આશા રાખનાર સત્‌નો જિજ્ઞાસુ નથી, પણ જેને જાતથી સુંધરવું છે, પરથી કાંઈ નક્કી કરવું નથી, એમ જાતની જવાબદારીથી સત્‌ની જિજ્ઞાસામાં જે યથાર્થપણું લાવે તે સત્‌નો સાચો શોધક છે. તે જ્ઞાનીને બરાબર ઓળખી લે છે. આની પાસે અવિરોધી સત્ છે, આ જ યથાર્થ જ્ઞાની છે એવો યથાર્થ નિર્ણય કર્યા વિના ભગવાનની પ્રતિમા પાસે ભક્તિ કરે તો તે એકલા રાગની ભક્તિ કરે છે. જેને સાચા ગુરુની અને પૂર્ણનંદ પરમાત્માની ઓળખાણ છે તેને પૂર્ણનો મહિમા હોવાથી નિર્વિકારી શાંત વીતરાગ મૂર્તિને જોઈ, પોતામાં પૂર્ણની રુચિનું સ્મરણ લાવી, વીતરાગી દેવ-ગુરુ પ્રત્યે બહુમાનથી ભક્તિમાં તે ઊછળી જાય છે; તેમાં સત્‌ની રુચિ ધોળ થાય છે અને બાહ્યમાં સાચા નિમિત્તનું બહુમાન ભક્તિ કરે છે. આવો શુભરાગ એક તો પૂર્ણ વીતરાગને હોય નહિ અને બીજા અજ્ઞાની અવિવેકીને હોય નહિ. જ્યાં સુધી અરાગી પૂર્ણ તત્ત્વની રુચિ છે અને રાગ ટળ્યો નથી ત્યાં સુધી જ્ઞાનીને અનેક પ્રકારનો રાગ રહે છે અને તેથી રાગનાં નિમિત્ત પણ અનેક પ્રકારના હોય છે, તેમાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર

પ્રત્યેની ભક્તિનો શુભરાગ મુખ્યપણે રહે છે. જિન પ્રતિમા શુભ ભાવમાં નિમિત્ત છે તથા વીતરાગનું સ્મરણ કરવામાં નિમિત્ત છે, એમ જેઓ નથી માનતા તેમને પૂર્ણ સાધ્ય, શરૂઆત અને વચ્ચેનો મોક્ષમાર્ગ કેવો હોય અને કઈ રીતે પમાય તેની ખબર નથી.

સાધકદશામાં હજુ રાગ છે ત્યાં શુભ રાગનાં નિમિત્તનો આદર, બહુમાન રહે જ. જેને રજકણનાં પણ રાગરહિત, વિકલ્પરહિત, પૂર્ણ વીતરાગ સ્વરૂપની ઓળખાણની રુચિ છે તેને સત્‌ની રુચિનું ઘોલન કરવામાં વીતરાગી જિન પ્રતિમા નિમિત્ત થાય છે, એમ જાણીને પૂર્ણ વીતરાગનું માહાત્મ્ય ગાય છે. સાક્ષાત્ પરમાત્મા પૂર્ણ વીતરાગ થઈ ગયા તેના વિચારમાં પોતાને રુચિ છે; તેના વિરહમાં તેમનું સ્મરણ કરવામાં જિન વીતરાગ ભગવાનની મૂર્તિ નિમિત્ત થાય છે. પોતાના અભિપ્રાયમાં પર ચીજ લાભ-અલાભનું કારણ નથી. પોતાની રુચિ અને વલણ અનુસાર હિત—અહિતરૂપભાવ પોતાથી પોતે જ કરી શકે છે. તે પ્રમાણે જે ન સમજે અને ભગવાનની મૂર્તિ પાસે જ બેસી રહે તથા સ્વતંત્ર નિરાવલંબી અકષાય દૃષ્ટિ વડે પોતાના સ્વરૂપની સંભાળ ન કરે, તો ભગવાન કાંઈ આપી દે તેમ નથી.

સમ્યક્‌દર્શન થયાં પહેલાં પણ વીતરાગી વચનોનું શ્રવણ, જિન પ્રતિમાના દર્શન, પૂજા, પ્રભાવના વગેરે શુભભાવમાં જીવે પ્રવર્તવું યોગ્ય છે, કેમ કે પાપથી બચવા શુભભાવ બરાબર છે અને યથાર્થ તત્ત્વદૃષ્ટિ થયા પછી પણ જ્યારે નિર્વિકલ્પ સ્થિરતામાં આત્મા ટકી શકતો નથી ત્યારે યથાર્થ દેવ-ગુરુની ભક્તિ અને સાચા ઉપદેશનું શ્રવણ વગેરે શુભભાવનું અવલંબન અશુભ ભાવથી બચવા માટે આવ્યા વિના રહે નહિ; પણ દૃષ્ટિમાં તે શુભ-રાગનો પણ આદર નથી. માત્ર અખંડ નિર્વિકારી ગુણનું જ બહુમાન છે. તે પૂર્ણ અવિકારીની રુચિ આત્માને આગળ વધારે છે.

ચાર જ્ઞાનના ધણી શ્રી ગણધરદેવ પણ નિરંતર નિર્વિકલ્પ ધ્યાનમાં સ્થિર રહી શકતા નથી, તેથી અશુભમાં ન જવા માટે, વિશેષ જ્ઞાનનું મનન કરવા સાક્ષાત્ તીર્થંકર પ્રભુનો ઉપદેશ વારંવાર સાંભળે છે તથા તેમની પદવી અનુસાર શુભભાવમાં (છઠ્ઠા ગુણસ્થાનમાં હોય છે ત્યારે) પણ પ્રવર્તે છે. ગૃહસ્થાને તો અશુભ રાગનાં નિમિત્તો ઘણાં છે તેથી અશુભ રાગથી બચવા માટે વારંવાર યથાર્થ તત્ત્વનો ઉપદેશ તથા ઉપર કહ્યો તે શુભ વ્યવહાર અંગીકાર કરવો જોઈએ, પણ તે શુભરાગની હદ પુણ્ય બંધન જેટલી છે; તેનાથી ધર્મ નથી, તોપણ પરમાર્થની રુચિમાં આગળ વધવા માટે વારંવાર ધર્મનું શ્રવણ, મનન કરવું પડે છે. જેને સંસારની રુચિ છે તે નાટક-સીનેમા વારંવાર જુએ છે, નૉવેલો વારંવાર વાંચે છે—સાંભળે છે, નવું હોય તે જલદી જાણી લે છે; તેમ જેને ધર્મ તરફ રુચિ છે તે ધર્માત્મા યથાર્થ તત્ત્વનો વારંવાર શાસ્ત્ર સ્વાધ્યાય કરે છે, ઉપદેશ સાંભળે છે,

જિન પ્રતિમાના દર્શન, પુજા, ગુરુભક્તિ વગેરે શુભ ભાવમાં જોડાય છે અને રાગ ટાળવાની દૃષ્ટિ રાખી તેમાં વર્તે છે. વિશેષ રાગ ટાળવા માટે પર દ્રવ્યનું અવલંબન છોડવારૂપ અણુવ્રત, મહાવ્રતાદિનું ગ્રહણ કરી સમિતિ-ગુપ્તિ રૂપ પ્રવર્તન, પંચપરમેષ્ટિનું ધ્યાન, સત્સંગ, શાસ્ત્રાભ્યાસ વગેરે કરે છે. તે બધું અશુભથી બચવા અને વિશેષ રાગરહિત ભાવ તરફ વળવા માટે છે.

વ્રતાદિના શુભભાવ તે આસ્રવ છે; અવિકારી શ્રદ્ધા, જ્ઞાન અને નિર્વિકલ્પ સ્થિરતાનો ભાવ તે બંધ રહિત નિરાસ્રવ છે. દૃષ્ટિમાં પૂર્ણ વીતરાગી નિરાવલંબીપણું છે. અને વર્તમાન અવસ્થામાં જેટલું પરદ્રવ્યનું અવલંબન છોડી નિરાવલંબી સ્વરૂપમાં રાગ રહિત સ્થિરતા રાખે તેટલો ચારિત્રભાવ છે. તત્ત્વજ્ઞાન યથાર્થ ભાન થતાં ગૃહસ્થદશામાં સ્ત્રી, કુટુંબ, ધન, દેહાદિ તરફ અશુભભાવ હોય છે. યથાર્થ ભાન થતાં જ ત્યાગીપણું બધાને હોતું નથી, માટે અશુભ અવલંબનરૂપ પાપરાગથી બચવા માટે અને પુણ્ય-પાપ રહિત અખંડ સ્વભાવ તરફ વલણ વધારવા માટે, અકષાય નિર્મળ દૃષ્ટિનું જોરદાર ધોલન કરતાં, વિશેષ રાગ તૂટીને જે અણુવ્રત, મહાવ્રતના શુભભાવ આવે છે. તેને વ્યવહાર મોક્ષમાર્ગમાં વ્રત કહેવાય છે. પરવસ્તુને છોડવી—મૂકવી તેવો વ્રતનો અર્થ નથી. પર વસ્તુને છોડવી—મૂકવી એવો વ્યવહાર આત્મામાં ત્રણકાળમાં નથી. કોઈપણ અપેક્ષાએ પરચીજને લેવું—મૂકવું આત્માને આધીન નથી; કારણકે આત્મા સદાય અરૂપી છે. દૃષ્ટિના જોરમાં જે પર વસ્તુ તરફનો રાગ છૂટ્યો તે પરવસ્તુનો આત્માએ ત્યાગ કર્યો, એમ વ્યવહારે બોલાય છે. જ્યાં પરવસ્તુના અવલંબનરૂપ રાગ ન રહ્યો ત્યાં પરવસ્તુનો સંયોગ તેના સ્વતંત્ર કારણે છૂટી જાય છે. પરનું કર્તાપણું કે ધણીપણું આત્માને કોઈ પ્રકારે નથી, આવું જેને ભાન નથી, તે દેહાદિ પરાશ્રિત પ્રવૃત્તિમાં કે રાગમાં જોડાઈને અટકે છે.

પરવસ્તુ છૂટી માટે રાગ છૂટ્યો અથવા દેહની, પુણ્યની આટલી પ્રવૃત્તિ થઈ માટે ગુણ થયો, એમ જે માને છે તેને જુદા આત્મતત્ત્વના સ્વતંત્ર ગુણની પ્રતીતિ નથી. તત્ત્વદૃષ્ટિ સહિતરાગ ટાળતાં રાગનું નિમિત્ત પરવસ્તુ પોતાને કારણે છૂટે છે. શુભાશુભ રાગનું નિમિત્ત પામી જડ રજકણો પુણ્ય-પાપરૂપે એની મેળે એના કારણે જૂનાં કર્મ સાથે બંધાય છે અને રાગરહિત સ્વરૂપમાં જેટલી સ્થિરતા કરી તે વીતરાગભાવનું નિમિત્ત પામી જડ રજકણો તેના કારણે છૂટે છે. એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય છે, પણ કોઈની અવસ્થા કોઈને આધીન નથી, માટે દેહાદિની પ્રવૃત્તિથી જ્ઞાની પોતાના પરિણામનું માપ કાઢતા નથી. જ્ઞાનીની દૃષ્ટિ અખંડ ગુણ ઉપર છે તેના જોરે રાગ ટળ્યો તેટલો ગુણ માને છે. રાગ અને પરદ્રવ્ય કાંઈ મારું નથી, એમ પરનું કર્તાપણું અને ધણીપણું છોડી, એકરૂપ અવિકારી જ્ઞાનાનંદ સ્વભાવનું ધણીપણું રાખે છે. દૃષ્ટિમાં (શ્રદ્ધામાં) પર તરફના

રાગની આસક્તિ છૂટ્યા પછી ચારિત્રની સ્થિરતાના બળ વડે વિશેષ રાગનો ત્યાગ કરે તો ગૃહસ્થદશા છૂટી બાહ્યમાં પંચમહાવ્રતાદિ શુભ વ્યવહાર સહિત નગ્ન દિગંબર મુનિપદ અને અંતરંગમાં ઘણો રાગ ટાળી ભાવ મુનિપદ ગ્રહણ કરે; પણ યથાર્થ દૃષ્ટિ છતાં વર્તમાન પુરુષાર્થની નબળાઈના કારણે જે વિશેષ રાગ ઘટાડી શકાતો નથી તે ગૃહસ્થદશામાં રહીને અમુક રાગ ઘટાડી, અકષાય દૃષ્ટિ સહિત અંશે સ્વરૂપ સ્થિરતા ટકાવે છે. તેને અશુભ રાગમાં ન જવા માટે દાન, પૂજા, ભક્તિ, પ્રભાવના, અણુવ્રત આદિ શુભભાવનો વ્યવહાર આવ્યા વિના રહે નહિ. ખરી રીતે અકષાય, અખંડ જ્ઞાયકદૃષ્ટિના જોરમાં અશુભ રાગ ટળી વ્રતાદિના શુભભાવ થઈ જાય છે. વ્રતાદિ શુભભાવ તે સંવર નથી, ધર્મ નથી પણ આસ્રવ છે, પણ તે શુભભાવનો વ્યવહાર અશુભરાગ ટાળવામાં નિમિત્ત નીવડે છે અને રાગ ટળતાં જે નિર્મળતા થઈ તેનો શુભરાગમાં આરોપ કરી વ્રતાદિને વ્યવહારે (ઉપચારથી) મોક્ષમાર્ગ કહે છે; પણ નિરાવલંબી અવિકારીનું જો ભાન ન હોય તો ઉપચારથી પણ વ્યવહાર ન કહેવાય.

જ્ઞાનીને નીચલી દશામાં પ્રશસ્ત રાગ થયા વિના રહેતો નથી પણ દૃષ્ટિમાં તે શુભરાગનો પણ કર્તા થતો નથી. જે કોઈ રાગનું ધણીપણું રાખી તે શુભરાગ કરવા જેવો માને છે. તેનાથી ગુણ માને છે તેને રાગનો આદર છે, પણ નિરાવલંબી વીતરાગી ગુણનો આદર નથી.

શુભ વ્યવહારનો દૃષ્ટિમાં અભાવ કરી (ધણીપણું છોડી), શુભ રાગ પણ કરવા જેવો નથી, એમ માની, પરમાર્થ અખંડ સ્વભાવી છું એવું સ્વભાવનું જોર કરવું તે પરમાર્થ શ્રદ્ધાનું કારણ છે. શુભાશુભ વૃત્તિ ઊઠે તેનું કર્તાપણું માને તે અજ્ઞાની છે. જ્ઞાની તો રાગાદિનો જ્ઞાતા છે, રુચિપણે વિકારનો કર્તા નથી પણ નાશક છે. વર્તમાન પુરુષાર્થની નબળાઈથી રાગ રહે છતાં તેનું ધણીપણું નથી, તેનો આદર નથી. તદ્દન નિર્વિકલ્પપણે ઠરી શકતો નથી, તેથી અશુભમાં ન જવા માટે શુભભાવનું અવલંબન આવે છે.

કોઈ એમ માને કે હું સમજીને શુભભાવ કરું છું, માટે મને શુભભાવથી સમ્યક્દર્શન થશે, તેનાથી આગળ વધાશે તો તે માન્યતા તદ્દન વિપરીત છે, ગુણનું ખૂન કરવા જેવી છે. શુભભાવ છોડી અશુભમાં જવાનું કોઈ જ્ઞાની કહેતા નથી.

સમ્યક્દર્શન થયા પછી પણ શુભ વ્યવહાર આવે છે અને વિષય કષાયનો અશુભ રાગ ટાળીને, અકષાયદૃષ્ટિના જોરથી સ્વરૂપ સ્થિરતા વધતાં, પાંચમે ગુણસ્થાને બાર વ્રતની શુભ વૃત્તિ આવ્યા વિના રહે નહિ, એ રીતે રાગ છેદતાં-છેદતાં શુભ રાગ રહી

જાય છે; ત્યાં પરદ્રવ્યનું અવલંબન છોડવા માટે અણુવ્રત, મહાવ્રત સહજ આવે છે. દેખાદેખી કે હઠથી જે કરે છે તથા પોતે વ્રત કરે છે, એમ માને છે, તેને માત્ર વ્રતનું અભિમાન છે.

ધીરો થઈ, મધ્યસ્થ થઈ સર્વજ્ઞ વીતરાગનું શું કહેવું છે? તે સમજવું જોઈશે. સંસાર તો અનંતકાળ રહેવાનો જ છે. પોતાની દરકાર કરી સત્‌ની ધગશ કરે કે હવે ભવ ન જોઈએ, પર કાંઈ જોઈતું નથી, સત્ય છે તે સમજવું છે એવો જેને ભાવ છે તેને સમજાય છે. સત્ સત્‌થી પ્રગટે છે, કોઈ ક્રિયાકાંથી કે બહારની પ્રવૃત્તિથી પ્રગટે નહિ; અંધકાર ટાળવા પ્રકાશ જ જોઈએ, તેમ અજ્ઞાન ટાળવા માટે યથાર્થ જ્ઞાન જ જોઈએ.

નિર્મળ દૃષ્ટિ થયા પછી રાગ ટાળતાં શુભરાગ રહયો તે અસદ્‌ભૂત વ્યવહાર છે અને જેટલી નિર્મળ સ્થિરતા થઈ તે સદ્‌ભૂત વ્યવહાર છે. અસંગ, અવિકારી ધ્રુવ અખંડ જ્ઞાયકસ્વરૂપી આત્મા છે, તેની શ્રદ્ધા કરવી તે નિશ્ચય છે. શ્રદ્ધાના અખંડ વિષયમાં નિર્મળ પર્યાયરૂપ મોક્ષમાર્ગ અને મોક્ષનો પણ ભેદ નથી. એવી શુદ્ધ નિરાવલંબી દૃષ્ટિનાં જોરમાં નિર્મળ પર્યાય ઊઘડે તે સંવર-નિર્જરા છે. વ્રતાદિનો શુભ વ્યવહાર તે આસ્રવ છે—બંધનું કારણ છે, કારણ કે એકરૂપ જ્ઞાયક સ્વભાવમાં પર તરફનું ઉત્થાન થાય તે સ્વઆશ્રિત ગુણનો અવિકારી ભાવ નથી. શુદ્ધમાં ન ઠરી શકે ત્યાં શુભનું અવલંબન ન હોય તો અશુભમાં જાય. પુણ્ય-પાપ રહિત અવિકારી નિરાવલંબી સ્વભાવની દૃઢતા સહિત વિકારના નાશની પ્રતીતિરૂપ અખંડ ગુણના શ્રદ્ધા-જ્ઞાન ન હોય ત્યાં સુધી વ્રત-ચારિત્ર સાચાં હોય નહિ. શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે :—

**“લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગહ્યું વ્રત અભિમાન;**
**ગ્રહે નહિ પરમાર્થને, લેવા લૌકિક માન.”**

(આત્મસિદ્ધિ—પદ ૨૮)

મધ્યસ્થ થઈ સર્વજ્ઞ વીતરાગે કહેલું અવિરોધી તત્ત્વ સમજે નહિ અને બાહ્ય પ્રવૃત્તિમાં ધર્મ માને શુભ વિકારથી ગુણ માને, પણ દેહની ક્રિયાથી તો કાંઈ પુણ્ય થાય નહિ. જો શુભાભાવ હોય તો પાપાનુંબંધી પુણ્ય બાંધે. સાથે મિથ્યાદર્શન શલ્યની પુષ્ટિ કરી, તત્ત્વજ્ઞાનનો વિરોધ કરી, પુણ્યની સ્થિતિ પૂરી કરી અનંતકાળ માટે નિગોદમાં જાય.

નિમિત્તની હાજરી માત્ર હોય છે પણ તે નિમિત્ત મને કાંઈ મદદગાર નથી. પુણ્યથી-શુભથી ગુણ નથી, એવી અવિરોધી પૂર્ણ સ્વભાવની અવિરોધી શ્રદ્ધા જેને નથી તે સમકિતી નથી, તો તે શ્રાવક કે મુનિ તો હોય જ ક્યાંથી ?

જો સારાં નિમિત્તથી ગુણ થતો હોય, તો તેવો ઉત્કૃષ્ટ સંગ અનંતવાર થયો છે, છતાં કોઈને પરના આશ્રયથી ગુણ કેમ ન થાયો? જેણે સ્વાવલંબી તત્ત્વની દૃષ્ટિ કરી, નિમિત્તનો અને રાગનો શ્રદ્ધામાં અભાવ કર્યો તેણે ગુણની પ્રતીતિએ ગુણ પ્રગટ કર્યો છે. જે યથાર્થ સમજ્યો તે ખરી રીતે પોતાથી સમજ્યો છે, છતાં તે ગુરુનું બહુમાન કર્યા વિના રહે નહિ. સત્સમાગમમાં રહીને તે એમ માને છે કે મારી જેટલી તૈયારી હશે તેટલી શક્તિ મારાથી ઊઘડશે. અશુભથી બચવા માટે શુભભાવ નિમિત્ત છે; તે શુભરાગથી મને લાભ નથી પણ જેટલી મારા સ્વરૂપમાં સ્થિરતા-નિરાકૂળતા રહે તેટલો મને લાભ છે, એમ જાણવા છતાં જ્યાં સુધી નિર્વિકલ્પ સ્થિરતાપણે ઠરી શકે નહિ ત્યાં સુધી શાસ્ત્રાભ્યાસ અને વિશેષ જ્ઞાન માટે ઉપદેશશ્રવણ કરે, ઈન્દ્રિય સંયમમાં વિશેષતા કરે વગેરે શુભભાવમાં જોડાય છતાં તેનાથી ગુણ થશે, એમ માને નહિ. અવિકારી તત્ત્વની રુચિ અને તેના જોરે રાગ ટળ્યો, સ્થિરતા વધી તેનાથી ગુણ માને.

શાસ્ત્ર તો પોતાની તૈયારી હોય તો દિશા બતાવે છે. જો પાનાંથી કે શાસ્ત્રોથી જ્ઞાન થાય તો શું આત્મામાં જ્ઞાન ન હતું? આત્મા અનંત જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય વગેરે અનંત ગુણોની શક્તિનો અખંડ પિંડ દરેક સમયે પૂર્ણ છે, તેની યથાર્થ ઓળખાણ કરી, અશુભથી બચવા માટે રાગને મંદ કરી વ્રત, ભક્તિ આદિ શુભનું અવલંબન લેવાય છે, તેટલા પૂરતો શુભભાવ બરાબર આવે છે, પણ તે ધર્મમાં મદદગાર નથી.

વ્યવહારનયને કથંચિત અભૂતાર્થ કહ્યો છે; કર્મના નિમિત્તમાં જોડાવાથી જે રાગ થાય છે તે સર્વથા અવિદ્યમાન નથી. જો અવસ્થાને સર્વથા અસત્ય માને તો પુરુષાર્થ કરવાનો રહે નહિ. અશુભ રાગ ટાળવા શુભભાવરૂપ વ્યવહાર પુરુષાર્થથી થાય છે, એની મેળે થતો નથી. ભૂતાર્થ—શુદ્ધદૃષ્ટિના ભાનમાં, અખંડની રુચિના જોરમાં, સ્થિરતા કરતાં રાગ ટળી જાય છે, તે અપેક્ષાએ રાગને અભૂતાર્થ કહ્યો છે; અથવા અભૂતાર્થ એટલે આત્માના સ્વભાવમાં નથી. અહીં શુભભાવને અસદ્‌ભૂત વ્યવહારનયનો વિષય કહ્યો છે. આત્માનું સ્વરૂપ નથી, માટે અસદ્‌ભૂત અને અવસ્થામાં કર્મના સંયોગથી થાય છે તે એક સમયની અવસ્થા પૂરતો થાય છે, પણ નિત્ય ટકનાર નથી, માટે વ્યવહાર છે.

અખંડ ધ્રુવ સ્વભાવના લક્ષે સ્થિરતાના અંશો વધે છે તે દર્શન, જ્ઞાન, ચારિત્રની અવસ્થા સદ્‌ભૂત છે અથવા આત્મામાં શક્તિપણે અનંત નિર્મળ ગુણો છે તે અખંડના લક્ષે નિર્મળતાના અંશો પ્રગટ્યા, તેથી શક્તિમાંથી વ્યક્ત થયેલ પર્યાય તે સદ્‌ભૂત છે; અને અખંડ સ્વભાવના લક્ષે ભેદ પડે છે, તેથી તે વ્યવહાર છે.

અકષાયદૃષ્ટિ ન હોય અને એકલા શુભરાગરૂપ મહાવ્રતાદિ હોય તેને અસદ્‌ભૂત

વ્યવહાર પણ ન કહેવાય. શુભભાવ બંધન છે તોપણ અશુભભાવ છોડવા માટે શુભભાવ બરાબર છે, એમ ન માને અને શુભભાવ છોડી દે તો, હજુ વીતરાગ તો થયો નથી, તેથી પાપ બાંધી નરકાદિ ગતિમાં થઈ પરંપરાએ તે નિગોદમાં જશે.

શુભભાવ કરતાં-કરતાં હળવે-હળવે પણ ગુણ થતો નથી. શુભાશુભ રાગ મારું સ્વરૂપ નથી, હું નિરાવલંબી જ્ઞાયક છું એવી દૃષ્ટિ કરી પ્રથમ રાગનો શ્રદ્ધામાં અભાવ કરે અને પૂર્ણ નિર્મળ જ્ઞાયકસ્વભાવને જ આદરણીય માને તો અંતરમાં યથાર્થ તરફની રુચિ હોવાથી સમ્યક્‌દર્શન પ્રગટે છે.

બારમી ગાથામાં છઠ્ઠા ગુણસ્થાન સુધી શુભ વ્યવહાર કેવો હોય, તેની ક્રમેક્રમે ભૂમિકા અનુસાર વાત કહીં છે. સાતમાં ગુણસ્થાને વ્રતાદિનો શુભ વ્યવહાર પણ નથી; બુદ્ધિપૂર્વક વિકલ્પ છૂટી અખંડ રુચિમાં લીનતા—એકાગ્રતા હોય છે. છઠ્ઠા ગુણસ્થાનથી જ ત્રણ કષાય—ચોકડીનો અભાવ થાય છે, તેથી સાતમા અને તે ઉપરના ગુણસ્થાનના મુનિને ઉપદેશ જ હોય શકે નહિ. આચાર્ય મહારાજ કહે છે કે ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાને ગુણની રુચિમા વીતરાગી ઉપદેશ સાંભળવાના સહજ શુભભાવ હોય છે. જેને આ ખબર નથી તે બાહ્યની પ્રવૃત્તિને ગુણનું સાધન માની તેમાં રોકાઈ જાય છે. બાહ્યની પ્રવૃત્તિથી અંતર પરિણામ સુધરે નહિ, કેમ કે કોઈની અવસ્થા કોઈને આધીન નથી. ગૃહસ્થદશામાં પરવસ્તુના સંયોગો ઘણા છે, પણ તે સંયોગથી ભાવ બગડતા નથી. પોતે તેમાં ઈષ્ટ-અનિષ્ટ કલ્પના વડે અશુભભાવ કરી રહ્યો છે; તે બદલાવી શુભભાવ પોતાના પુરુષાર્થ વડે થાય છે, શુભભાવ એની મેળે થતો નથી.

જેને સમ્યક્‌દર્શનની ખબર નથી, સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર કોણ છે, તે જન્મ-મરણ ટાળવાનો ઉપાય સમજાવામાં કઈ રીતે નિમિત્ત નીવડે છે? તેની જેને ખબર નથી તથા સાચા તરફ વલણનો શુભભાવ જેને કરવો નથી તે પોતાના પરિણામને ભૂલે છે; તે એકલાં પાપ કરી નરક અને પરંપરાએ નિગોદ એકેન્દ્રિયમાં જાય છે. તત્ત્વજ્ઞાનનો વિરોધ કરે તે નિગોદને જ પ્રાપ્ત થઈ સંસારમાં રખડે છે.

**નિગોદ :** એક ઈન્દ્રિયધારી, બટાટા વગેરે કંદમૂળમાં ઉત્પન્ન થનારા જીવ છે. રાઈની કટકી જેટલા ભાગમાં અસંખ્યાત શરીરો હોય છે અને એવા એક શરીરમાં અનંત જીવો છે, તે તીવ્ર મૂઢતા આકૂળતા વડે એક શ્વાસોચ્છ્‌વાસમાં અઠારવાર જન્મે-મરે છે. તેને નારકીના જીવ કરતાં પણ અનંતગણું અધિક દુઃખ છે. બાહ્યનો સંયોગ તે દુઃખ નથી, પણ અજ્ઞાન અને આકૂળતા દુઃખ છે. પૂર્વે તત્ત્વજ્ઞાનનો વિરોધ કરેલો, તેથી જ્ઞાનની અનંતી શક્તિ ઘટાડી, ગુણની અનંત હીણી દશાને પામ્યા, તેમાં આકૂળતાનું દુઃખ છે.

જ્ઞાયકસ્વરૂપમાં સાવધાની તે સુખ અને વિકારી ભાવમાં સાવધાની તે દુઃખ છે.

લોકો બહારના સંયોગ ઉપરથી સુખ-દુઃખનું માપ કરે છે તે જૂઠું છે. પાસે લાખો રૂપિયાનો સંયોગ હોય, શરીર નિરોગી હોય પણ અંદરમાં ધાર્યાથી કાંઈ વિરુદ્ધતાની ખટક લાગી હોય, અપમાન થયું હોય, ભાઈઓમાં વાંધો પડ્યો હોય, સ્ત્રી કહ્યું માને નહિ તે બહારમાં કહી શકાય નહી, તેનો ઊકળાટ કરી અંદરમાં અનેક કલ્પના કરી આકૂળતામાં બળે છે. બહારમાં અનુકૂળ સંયોગ દેખાતા હોય છતાં માન્યતામાં આકુળતાનું દુઃખ ખટકે છે, માટે બહારના સંયોગથી સુખ-દુઃખ નથી; જો ભ્રમણા છોડી જ્ઞાન કરે તો સુખી થાય. કોઈને બહારમાં પ્રતિકૂળતાનો સંયોગ હોય છતાં હું પરથી જુદો, પર સાથે મારે કાંઈ સંબંધ નથી, હું પવિત્ર જ્ઞાનાનંદપણે છું, પર ચીજ મને લાભ-નુકશાનનું કારણ નથી, એમ શાંત જ્ઞાનાસ્વભાવને દેખે તો ગમે તે દેશ કે ગમે તે કાળમાં દુઃખ નથી. નરકમાં પણ આત્માનું ભાન કરી શાંતિને વેદી શકે છે, કારણ કે આત્મા પોતાના અનંત આનંદગુણથી કોઈ કાળે, કોઈ ક્ષેત્રે ખાલી નથી. તે સદાય પોતામાં જ રહે છે, પર ક્ષેત્રે આત્મા ગયો, એમ કહેવું તે વ્યવહાર છે.

એકેન્દ્રિયપણું પામેલા જીવોએ પૂર્વે તત્ત્વજ્ઞાનનો ઉગ્ર વિરોધ કરેલો નથી તેથી એની અવસ્થા અનંતી હીણી થઈ છે; ત્યાં તીવ્ર કષાય અને મોહની તીવ્રતામાં અનંતી મૂંઝવણને ભોગવે છે. શરીર પ્રત્યે મોહ તે દુઃખ છે, શરીર તે હું નહિ, એમ સ્વાધીન અવિનાશી પૂર્ણ સ્વસ્ત્પનું ભાન કરી સ્વભાવ તરફ ઢળે તેટલા અંશે દુઃખનો અનુભવ થાય નહિ.

શુદ્ધનયનો વિષય સાક્ષાત્ શુદ્ધ આત્મા છે. તેને પ્રથમ યથાર્થ રીત જાણી પૂર્ણ નિર્મળ સ્વરૂપની શ્રદ્ધા કર્યા પછી, પૂર્ણ ન થાય ત્યાં સુધી, ભૂમિકા અનુસાર પ્રયોજનભૂત અવસ્થા જાણવી જોઈએ. સરાગ અને વીતરાગ અવસ્થા જેવી હોય તે પ્રમાણે જાણવી તે વ્યવહાર અને પૂર્ણ અખંડ સ્વરૂપને જાણવું તે નિશ્ચય; એ બંનેનું યથાર્થ જ્ઞાન કરે તે સાચા જ્ઞાનને પ્રમાણ કહેવાય છે, પણ તે પરોક્ષ પ્રમાણ છે. રાગનો ભાગ મને મદદગાર નથી, તે છોડવા જેવો છે; મારો અખંડ જ્ઞાયક ધ્રુવ સ્વભાવ મદદગાર છે, એમ પ્રથમ શ્રદ્ધામાં આવ્યા પછી નિશ્ચય અને વ્યવહાર એટલે અખંડ વસ્તુ અને ભેદરૂપ અવસ્થા તે બંનેનું જ્ઞાન કરે છે. વ્યવહારથી નિશ્ચય પ્રગટે નહિ પણ નિશ્ચયમાં વ્યવહાર ગૌણપણે આવી જાય છે, પણ તે વ્યવહાર નિશ્ચયમાં મદદગાર નથી.

લોકોને 'વ્યવહાર'ની યથાર્થ સમજણ નથી, તેથી વ્યવહારથી ધર્મ માને છે, તે ખોટું છે. જ્યાં યથાર્થ નિશ્ચય વસ્તુદૃષ્ટિ છે ત્યાં રાગ ટાળતાં શુભરાગ રહે અને નિર્મળ

અવસ્થાના અંશો વધે, તેને જેમ છે તેમ જાણવું તે વ્યવહાર છે. શુભરાગરૂપ વ્યવહારથી હળવે હળવે પરમાર્થ પમાય એવી શ્રદ્ધા ત્રણકાળમાં સાચી નથી.

વ્યવહારદૃષ્ટિ–નિમિત્તાધીનદૃષ્ટિ–રાગદૃષ્ટિ તેનો આશ્રય કરનાર મિથ્યાદૃષ્ટિ છે, નિરાવલંબી નિત્ય સ્વભાવદૃષ્ટિ એટલે ભૂતાર્થદૃષ્ટિ નિશ્ચયદૃષ્ટિ તેને આશ્રિત સમ્યગ્દૃષ્ટિ છે, એ વાત અગિયારમી ગાથામાં રાખીને બારમી ગાથામાં નિશ્ચયના યથાર્થ આશ્રયમાં ક્યાં ક્યાં કેવી અવસ્થા હોય છે? તે વ્યવહારનું જ્ઞાન કરવા જણાવ્યું છે. જો અવસ્થાને ભૂલીશ તો નિર્મળતા કરવાનો પુરુષાર્થ નહિ થાય અને જો અવસ્થા ઉપર–વ્યવહાર ઉપર જ દૃષ્ટિ રાખીશ તો નિર્મળ અવસ્થા નહિ થાય. નિશ્ચયનું લક્ષ નહિ રાખ તો નિરાવલંબી અખંડ ગુણની પ્રતીતિનો નાશ થશે.

નિરપેક્ષા, નિર્વિકારી જ્ઞાયકસ્વભાવને યથાર્થ ન્યાયથી લક્ષમાં લીધો તેના જોરે વિકારનો નાશ થાય છે, પણ વિકારને લક્ષે કે નિર્મળ અવસ્થાના લક્ષે રાગનો નાશ થતો નથી. આવી શ્રદ્ધારૂપ યથાર્થ સ્વરૂપનો નિશ્ચય જેને હોય છે તેને તો વર્તમાન અવસ્થાનો બરાબર વિવેક હોય જ; છતાં અહીં વ્યવહારનયનો વિશેષ ખુલાસો કરવા માટે ઉપદેશમાં વ્યવહારથી કહેવું પડે કે, તું અશુભ રાગ છોડવા માટે શુભભાવનો ટેકો લે. વળી બીજો આશય એ છે કે કોઈ અગીયારમી ગાથાનો આશય ન સમજે અને એટલું અખંડ તત્ત્વ છે, અવસ્થા નથી, એમ માની વ્યવહારનું જ્ઞાન ન કરે તો પુરુષાર્થ કરી શકે નહિ, માટે નિશ્ચય અને વ્યવહારથી અવિરોધી સંધિથી મોક્ષમાર્ગનું સ્વરૂપ બંને ગાથામાં સમજાવ્યું છે.

આ સમજ્યા વિના વ્યવહારની પકડ કરે તો તત્ત્વની શ્રદ્ધાનો નાશ થાય, અવસ્થાના પ્રકાર ન જાણે તો મોક્ષમાર્ગનો નાશ થાય; એટલે જે કોઈ વ્યવહાર માનતો હોય, તેને ચોખવટથી સમજાય તે માટે આ બારમી ગાથા છે.

તા. ૩૦–૭–૪૩

પરના આશ્રયથી થતો અજ્ઞાનભાવ વર્તમાન અવસ્થા પૂરતો ક્ષણિક છે અને તેનો નાશ કરનાર સ્વભાવભાવ ત્રિકાળી ટકનાર ભૂતાર્થ છે. તે નિરાવલંબી અસંગ અવિકારી જ્ઞાયક સ્વ-સ્વભાવને જીવે અનાદિથી જાણ્યો નથી, તેથી વર્તમાન અવસ્થામાં વિકારમાં તે ટક્યો છે. શરીર, મન, વાણી તો પર છે, તેની સાથે આત્માને કાંઈ પણ સંબંધ નથી. આત્મા અવિકારી જ્ઞાયક એકરૂપ વસ્તુ છે, તેમાં પરના સંબંધરૂપ વિકલ્પવૃત્તિનું ઉત્થાન

થાય તે વિકાર છે. પછી તે દયા, દાન, પૂજા, ભક્તિ વગેરેનો શુભ રાગ હોય કે હિંસા, ચોરી, વગેરેનો અશુભભાવ હોય, પણ તે બંને વિકાર છે. તે ક્ષણિક અવસ્થા પૂરતા હોવાથી બદલાવી (નાશ કરી) શકાય છે. દોષ (વિકાર) નો નાશ, નિર્મળ અવસ્થાનું ઉપજવું અને તે નિર્મળ અવસ્થાને ધારણ કરનારો નિત્ય ધ્રુવ છે. તે નિત્ય એકરૂપ ટકતો ન હોય તો વિકાર ટાળું અને વિકાર રહિત, સુખી થાઉં, એમ કહેવું જ બને નહિ. સ્વતંત્ર એટલે વિકાર રહિત, પરાશ્રય રહિત એકરૂપ નિર્મળ પૂર્ણ જ્ઞાનાનંદપણે રહેવું એ જ સ્વભાવરૂપ મોક્ષ છે. પૂર્ણ નિર્મળ પવિત્રદશા તે મોક્ષ છે, અને તેના કારણરૂપે ઊણી નિર્મળ દશા તે મોક્ષમાર્ગ છે.

વિકારી અશુદ્ધભાવ જીવની વર્તમાન અવસ્થામાં નવા થાય છે, પણ તે પોતાનો સ્વાશ્રિત ધ્રુવ સ્વભાવ નથી. હું અવિકારી પૂર્ણ છું, પરના કારણે મારું બગડવું—સુધરવું થતું નથી, માટે હું સ્વતંત્ર છું; એમ ત્રિકાળી પવિત્ર સ્વભાવનો નિશ્ચય કરી અખંડ સ્વાશ્રિત દૃષ્ટિના જોરે ક્ષણિક વિકારનો નાશ થઈ શકે છે અને નિર્મળ અવસ્થા શક્તિરૂપે છે તે પ્રગટ થઈ શકે છે, એમાં બે પક્ષ આવી ગયા, હું પૂર્ણ છું તે નિશ્ચય અને તેની વર્તમાન અવસ્થાના વિકાર-અવિકારરૂપ બે ભંગને જોવા તે વ્યવહાર; તે ભેદ ઉપર દૃષ્ટિ રાખતાં વિકલ્પ થાય છે, અને કાયમી નિત્ય અખંડ ભૂતાર્થ સ્વભાવ ઉપર લક્ષ કરતાં રાગનો ભેદ છૂટી જાય છે અને અવસ્થા નિર્મળ થઈ દ્રવ્યમાં ભળી જાય છે.

શ્રદ્ધાના લક્ષે પૂર્ણ દશા ઊઘડે નહિ, કારણ કે શ્રદ્ધા તો આત્માના ગુણની પર્યાય છે. તે ઊણી અવસ્થાના જોરથી પૂર્ણ નિર્મળ મોક્ષદશા ઊઘડે નહિ, પણ સર્વ શક્તિના પૂર્ણ સામર્થ્યરૂપ સ્વવસ્તુ તરફ જોરદાર એકાગ્રતા કરતાં પ્રથમ અધૂરી નિર્મળ અવસ્થા અને પછી પૂર્ણ નિર્મળ અવસ્થા પ્રગટે છે.

એકરૂપ સ્વભાવ ઉપર યથાર્થ નિશ્ચયની દૃષ્ટિનું જોર આપતાં ભ્રમણા અને વિકારી અવસ્થાનો નાશ, નિઃશંક સમ્યક્‌દર્શન અને અંશે નિર્મળતાની ઉત્પત્તિ થાય છે અને વસ્તુ એકરૂપ ધ્રુવ રહે છે. વર્તમાન અવસ્થા જે થાય તેને જોનારી વ્યવહારદૃષ્ટિ ગૌણ કરી નિર્મળ, નિરપેક્ષ, નિરાવલંબી, અસંગ, એકરૂપ સદૃશ સ્વભાવને અખંડપણે લક્ષમાં લેવો તે સમ્યક્‌દર્શન છે. શ્રદ્ધાનો વિષય અભેદ છે, પણ જેવી અવસ્થાઓ થાય તેમ તેને જ્ઞાનથી ન જાણે તો જ્ઞાનમાં ભૂલ થાય અને જ્ઞાનમાં ભૂલ થતાં દૃષ્ટિમાં ભૂલ થાય, માટે આખા નિર્મળ નિરપેક્ષ સ્વભાવને જોવો તે નિશ્ચય અને અવસ્થાને જોવી તે વ્યવહાર, એમ બંનેને એક વસ્તુમાં જાણે તે જ્ઞાન પ્રમાણ છે. વિકાર ઉપાદેય નથી, જાણવા માત્ર છે.

આ રીતે અગીયારમી અને બારમી ગાથામાં નિશ્ચય અને વ્યવહારની અવિરોધી સંધિ શી રીતે છે તે ચોથા કળશમાં કહે છે.

**उभयनयविरोधध्वंसिनि स्यात्पदांके**
**जिनवचसि रमंते ये स्वयं वांतमोहाः।**
**सपदि समयसारं ते परं ज्योतिरुच्चै–**
**रनवमनयपक्षाक्षुण्णमीक्षन्त एव ।।४।।**

**અર્થ :—**નિશ્ચય અને વ્યવહાર એ બે નયોને વિષયના ભેદથી પરસ્પર વિરોધ છે; એ વિરોધને નાશ કરનારું 'સ્યાત્' પરથી ચિહ્નિત જે જિન ભગવાનનું વચન તેમાં જે પુરુષો ગમે છે. (પ્રચુર પ્રીતિ સહિત અભ્યાસ કરે છે.) તે પુરુષો પોતાની મેળે (અન્ય કારણ વિના) મિથ્યાત્વકર્મના ઉદયનું વમન કરીને આ અતિશયરૂપ પરમ–જ્યોતિ પ્રકાશમાન શુદ્ધ આત્માને તુરત જે દેખે છે. કેવો છે સમયસારરૂપ શુદ્ધ આત્મા ? નવીન ઉત્પન્ન થતો નથી, પહેલાં કર્મથી આચ્છાદિત હતો તે પ્રગટ વ્યક્તિરૂપ થઈ ગયો છે. વળી કેવો છે? સર્વથા એકાંતરૂપ કુનયના પક્ષથી ખંડિત થતો નથી, નિર્બાધ છે.

પરાશ્રિતપણે થતો ભાવ એક પ્રકારનો ન હોય, તેથી આત્મામાં ભૂલ થાય તે પણ અનેક પ્રકારની હોય; અને આત્માનો ધ્રુવ સ્વભાવ એક પ્રકારનો છે.

નિર્મળ અવસ્થાનો કર્તા-ભોક્તા આત્મા વ્યવહારે છે. વ્યવહારનો વિષય ભેદરૂપ હોવાથી, નિશ્ચયનયના અભેદ વિષયથી, તેનો વિષય વિરોધરૂપ છે, છતાં વ્યવહાર છે તેનો નકાર નથી પણ તેનું લક્ષ અભેદ દૃષ્ટિમાં ગૌણ છે.

પરલક્ષે જે શુભાશુભ વૃત્તિ કરે છે, એટલે કે શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શમાં રાગ વડે ઠીક-અઠીક ભાવે લક્ષ કરતાં તેમાં જે લીનતા થાય છે તે વિષય છે. ધર્મના નામે પરમાં ઠીક-અઠીક વૃત્તિ થાય તે પણ પર વિષયમાં—રાગમાં જાય છે. પર સંયોગ તથા રાગાદિરૂપે હું નથી, પણ ત્રિકાળ એકરૂપ જ્ઞાયક છું, એમ સ્વલક્ષ કરે તો ભૂલ અને મલિન અવસ્થાનો નાશ અને યથાર્થ ભાન સહિત નિર્મળ શ્રદ્ધા અને અવિકારી ભાનની પ્રાપ્તિ થાય છે. (પ્રાપ્તિ થાય છે, એટલે સ્વમાં શક્તિ હતી તે સ્વભાવના જોરે વ્યક્ત થાય છે.)

અવસ્થા છે, તેને જેમ છે તેમ જાણવી જોઈએ. વસ્તુ તદ્દન અખંડ એકરૂપ ધ્રુવ હોય અને તેમાં અવસ્થાનું બદલવું ન હોય, કૂટસ્થ હોય તો વિકારનો તથા ભ્રાંતિનો નાશ અને અવિકારી અવસ્થા પ્રગટ થઈ શકે નહિ; છતાં બંને અપેક્ષાના પ્રકારની જેને

ખબર નથી તેને એક તત્ત્વનું જ્ઞાન કરવામાં ખંડ-અખંડરૂપ બે વિષયના ભેદથી બે અપેક્ષામાં પરસ્પર વિરોધ લાગે છે, પણ એ વિરોધનો નાશ કરનાર સ્યાત્પદ લક્ષણવાળી વીતરાગની સ્યાદ્વાદ્વાણી ન્યાયથી સ્વતંત્ર વસ્તુને અવિરોધપણે નક્કી કરે છે. અપેક્ષાએ વસ્તુ નિત્ય છે તે જ અપેક્ષાએ વસ્તુ અનિત્ય નથી, પણ વસ્તુદૃષ્ટિથી નિત્ય અને અવસ્થાદૃષ્ટિથી અનિત્ય વિકાર મારું સ્વરૂપ નથી, વિકારનો હું નાશક છું, એમ અવિકારના લક્ષે ભેદદૃષ્ટિને (વ્યવહારને) ગૌણ કરી પૂર્ણ અખંડ વસ્તુને લક્ષમાં ન લે તો ત્રિકાળી એકરૂપ સ્વભાવનો આશ્રય થતો નથી; અને અવસ્થા છે તેને ન માને તો પુરુષાર્થ થાય નહિ, કારણ કે વસ્તુનું લક્ષ અવસ્થા દ્વારા થાય છે અને વસ્તુને આશ્રિત નિર્મળતા ઊઘડે છે.

જો વ્યવહારનો વિષય અવસ્થા ન હોય તો તું રાગ-દ્વેષ ટાળી નિર્મળ થા, ભ્રાંતિ છોડી અભ્રાંત થા એવો ઉપદેશ ખોટો ઠરે. સંસાર અવસ્થા વખતે પણ આત્માના ત્રિકાળી વસ્તુસ્વભાવની દૃષ્ટિથી શુદ્ધપણું જ છે અને પર સંબંધે વર્તમાન અવસ્થાદૃષ્ટિથી અશુદ્ધપણું છે. સર્વજ્ઞ ભગવાને જે અપેક્ષાદૃષ્ટિથી રીતે વસ્તુ વર્ણવી હોય તે રીતે વસ્તુને જાણે તો મોહનો અવશ્ય નાશ થાય છે. આ વાત સમજવા માટે પ્રેમથી જે ધ્યાન રાખી સાંભળશે તે ઊંચા પુણ્ય બાંધશે અને જે સમજશે તે ન્યાલ થઈ જશે.

આત્મા પરથી, વિકારથી પરમાર્થ જુદો છે, નિરાવલંબી પૂર્ણ છે, એનો મહિમા સાંભળી વસ્તુનું બહુમાન લાવે, અંદરથી ઊછળીને હા પાડે કે, અહો? આ વાત અપૂર્વ છે? એવી સહજ હા, યથાર્થના વલણની આવે તો સ્વભાવ તરફ વલણ થયા વિના રહે નહિ. કોઈને આ જલદી ન સમજાય તોપણ તેનો આદર લાવી આ શું કહેવાય છે, એમ સમજાવવાની જિજ્ઞાસા રાખે તો મન એવું એકાગ્ર થાય કે જબ્બર પુણ્ય બાંધે અને તેના ફળમાં આવું સાંભળવાનો જોગ ફરી ફરી મળે. યથાર્થ સાંભળવાનું મળ્યું છે, એમ જે જાણે તે પુણ્ય માટે સાંભળતા નથી. જે અપેક્ષાએ, જે ન્યાયથી વસ્તુસ્થિતિ કહેવાય છે, તેમાં શબ્દ આઘો-પાછો સમજાય તો મેળ નહિ બેસે.

સ્યાત્ પદથી ચિહ્નિત જે શ્રી જિન ભગવાનનું વચન છે, તે અનેક ધર્મસ્વરૂપ સ્વતંત્ર આત્મવસ્તુને પરથી ભિન્ન અને પોતાના જ્ઞાનાદિ અનંતગુણો તથા પર્યાયોથી અભિન્ન બતાવે છે. નિત્ય અભેદ વસ્તુસ્વભાવને મુખ્ય બતાવે ત્યારે વર્તમાન અનિત્ય અવસ્થાનું લક્ષ ગૌણ સમજવું, એમ બે અપેક્ષાથી અવિરોધી વસ્તુને સર્વજ્ઞ વીતરાગની સ્યાદ્વાદવાણી બતાવે છે.

જેઓ વસ્તુને એકાંત અખંડ, શુદ્ધનય માની અવસ્થાને ઉડાડે છે તેઓ અવસ્થાને

નથી જાણતા, તેથી તેમનું જ્ઞાન ખોટું ઠરે છે. અવસ્થા બદલે છે છતાં તે ભ્રમ છે, એમ કહેનારો પોતે જ ભ્રમરૂપ ઠરે છે. અશુદ્ધતા પોતાના ધ્રુવ સ્વભાવમાં નથી, પણ વર્તમાન ઊણી અવસ્થા વિકાર નથી, એમ માને તો વિકાર ટાળવાનો પુરુષાર્થ થઈ શકે નહિ.

સર્વજ્ઞ વીતરાગની વાણીના ન્યાયથી જે બે (નિશ્ચય અને વ્યવહાર) નયો દ્વારા યથાર્થ વસ્તુસ્થિતિનો નિર્ણય કરી એકરૂપ સ્વાધીન વસ્તુને જાણે કે નિશ્ચયદૃષ્ટિથી ત્રિકાળી એકરૂપ નિર્મળ છું, પૂર્ણ છું અને વ્યવહારદૃષ્ટિથી વર્તમાન અવસ્થા આવી છે અને જે પરાશ્રયથી વિકારી અને સ્વલક્ષે નિર્મળ પર્યાય ઊઘડે તે અવસ્થા મારામાં થાય છે, એમ બંને નયોના જાણે અને એકને મુખ્ય તથા બીજાને ગૌણ કરી વસ્તુને લક્ષમાં લે તો યથાર્થપણું નક્કી થાય છે.

ખોટા વ્યવહારના ભેદને પકડવાની વાત તો ઘેર-ઘેર સંભળાય છે. પુણ્ય-પાપનો કર્તા છું, શુભ વિકારથી મને ગુણ થશે. દેહના ક્રિયા અમે કરી શકીએ, પરનું સુધારી-બગાડી દઈએ એવો લોક-વ્યવહાર આત્માને શીખવવો પડતો નથી, તેનો તે અનાદિથી પરિચય છે, પણ ચિદાનંદ નિર્વિકારી ધ્રુવ છું. વિકારનો કે પરનો કર્તા-ભોક્તા નથી, મલિન અવસ્થારૂપ મારો સ્વભાવ નથી, એમ જાણી ભેદને ગૌણ કરી, યથાર્થ શુદ્ધદૃષ્ટિના વિષયનું જ્ઞાન કરનારા અને તેનો ઉપદેશ આપનારા બહુ વિરલ છે.

વળી કોઈ આત્માને સર્વથા અખંડ-અવિકારી માનીને અવસ્થાના ભેદ ઊડાડે છે અર્થાત પરાવલંનથી અનિત્યપણે થતા પરિણામ સર્વથા જડતા જ છે, ઈન્દ્રિયો પોતાના (ઈન્દ્રિયના) વિષયને ભોગવે છે. હું નથી ભોગવતો, એમ જે માને છે તે સ્વચ્છંદી છે ને તેથી સંસારમાં રખડે છે. જડ ઈન્દ્રિયવિષયને આત્મા ભોગવી શકતો નથી, છતાં પોતે પોતાને ભૂલીને પરમાં સુખ કલ્પે છે અને પરમાં ઠીક-અઠીકપણું માની રાગમાં એકાગ્ર થઈ આકૂળતાને વેદે છે. જડમાં વિકાર નથી પણ આત્મા પોતે વિકારીભાવથી અવસ્થાને ધારણ કરે છે; તે વિકારમાં પરવસ્તુ નિમિત્ત હોય છે. રાગની વૃત્તિપરલક્ષે થાય છે તે નિત્ય સ્વભાવના લક્ષે ટળે છે, માટે જે ટાળે છે તે અભૂતાર્થ છે. મારા ધ્રુવ સ્વભાવમાં તે નથી, એમ જાણી અભેદ સ્વભાવને લક્ષમાં લેવા તે સાચી દૃષ્ટિનો વિષય છે.

સર્વજ્ઞની વાણીના ન્યાય અનુસાર યથાર્થ તત્ત્વનો નિર્ણય કરવા માટે નિશ્ચય અને વ્યવહારના અવિરોધી ન્યાયમાં જે પુરુષો (આત્માઓ) રમે છે; એટલે પ્રચૂર પ્રીતિ સહિત-ખરેખરી તીવ્ર રુચિ સહિત અભ્યાસ કરે છે તે જ્યાં જ્યાં જે જે અપેક્ષાના ભાવનું કથન હોય ત્યાં ત્યાં તે જ પ્રમાણે સમજે છે અને બીજા ભાવની અપેક્ષા ગૌણ સમજે છે.

નિશ્ચયથી સ્વભાવને જોવો અને વ્યવહારથી અવસ્થાને જેમ છે તેમ જાણવી એવો

યથાર્થ વસ્તુનો નિર્ણય કરવા માટે તેનો અભ્યાસ કરવો જોઈએ. સંસારની રુચિ ખાતર ઉજાગરા કરે, નૉ'વેલો વાંચે, ચોપડા વાંચે; પણ સર્વજ્ઞ વીતરાગના શાસ્ત્રમાં શું કથન છે, ખરું હિત કેમ થાય તેની દરકાર નહિ. તેને માટે કોઈ કોઈને પૂછતું નથી, સંભારતું નથી. છોકરો બાપને પૂછે નહિ કે તમે મરીને ક્યાં જશો? તમે ખરું હિત શું સમજ્યા? કારણ કે દેખનારો પોતે પણ બધું બહારમાં માને તેથી અંતરમાં જાણનાર સ્વરૂપે કોણ છે તેને દેખે નહિ, જાણે નહિ. દેહ ઉપર રાગ છે, તેથી ખબર પૂછે છે કે કેન્સર થયું છે તે કેમ છે? એમ બીજાની ખબર પૂછે, પણ અનાદિકાળથી પોતાને જ અજ્ઞાનરૂપી કેન્સર થયું છે, જન્મ-મરણનું કારણ ઊંધી માન્યતાનો મોટો રોગ છે તેને માટે કોઈ પૂછે નહિ, બજારમાંથી માલ લાવતાં દરકાર કરે કે છેતરાતો નથી ને! કારણ કે ઘેર તે બાબત પૂછનારા છે; પણ અંતરમાં ભૂલની દરકાર કોણ કરે? કોણ પૂછે? બાપનું ભલું થાય? તેની છોકરાને નથી અને છોકરાનું ભલું કેમ થાય? તેની બાપને ખબર નથી. મરીને ઢોર, કાગડા કે નરકમાં જઈશું, માટે અપૂર્વ સમજણ કરવાનો આ ખરો અવસર છે, એમ પોતાને દરકાર થાય તો પોતાને જે ગોઠ્યું તેનું બીજાને આમંત્રણ આપે, પણ અનાદિથી દેહાદિ બહારનાં સંયોગને જ આત્મા જોતો આવે છે અને તેને તે ગોઠે છે, તેથી તેને વારંવાર સંભાળે છે, છોકરો મરી ગયો, એમ માની રડે છે પણ દેહના પરમાણું કે આત્મા તેમાંથી કોઈનો નાશ થતો નથી, માત્ર અવસ્થા બદલે છે. સંયોગથી સુખ-દુઃખ માન્યું છે તેથી અસંયોગીપણું ગોઠતું નથી. દેહ ઉપર રાગ છે, તેથી દેહની સગવડમાં જે સંયોગને અનુકૂળ માને તેનો આદર કરી રાગ કરે અને જે સંયોગને પ્રતિકૂળ માને તેનો અનાદર કરી દ્વેષ કરે; બધું પોતાના ભાવમાં જ કરે છે. પરમાં કાંઈ કરી શકતો નથી છતાં પરનું કરવાની આકુળતા થાય છે, તે જ દુઃખ છે. સંયોગથી સુખ નથી પણ સુખ તો પોતાની સ્વાધીન સત્તામાં જ છે, તે કઈ રીતે પ્રગટ થાય? એમ કોઈ આત્માની નાડી જોવા માગતું નથી.

પોતાને સાચા ધર્મની રુચિ હોય તો તેની ભાવના ભાવે અને ધર્મ પ્રત્યે રાગ આવે. અનંતા ભાવમરણ ટાળવાં હોય તો આ સમજ્યે છૂટકો છે, તે સમજવા માટે ખૂબ કાળજી હોવી જોઈએ. સાચું સાંભળવાનો પ્રેમ જાગ્યો તેને સ્વપ્નાં પણ તેવાં જ ઘોલનનાં આવે. બીજી ચિંતા છોડી માત્ર એક આત્માની જ રુચિમાં તેઓ રમણતા કરે.

નિશ્ચય-વ્યવહારના અવિરોધી પડખાનું જ્ઞાન નક્કી કરી, સર્વજ્ઞના ન્યાયવચનથી યથાર્થ તત્ત્વનો વારંવાર જે અભ્યાસ કરે છે, તેને મિથ્યાત્વરૂપ મોહ (પરમાં સુખ-દુઃખની બુદ્ધિ, કર્તાપણારૂપ અજ્ઞાન અને તેનું નિમિત્ત મોહકર્મ) સ્વયં નાશ પામે છે. પોતાના અખંડ સ્વભાવમાં વાસ્તવિક રુચિથી એકાગ્ર થતાં અયથાર્થ શ્રદ્ધાનું નિમિત્ત કારણ

દર્શનમોહનું સ્વયં વમન (નાશ) થઈ જાય છે. જેનું વમન કર્યું તેને ગ્રહણ કરવા માગે નહિ.

બીજ ઊગી તે વધીને પૂનમ થયે જ છૂટકો, તેમ યથાર્થ પૂર્ણ સ્વભાવના લક્ષે સમ્યક્દર્શનનો નિર્મળ અંશ પ્રગટ્યો તે પૂર્ણ નિર્મળ થયા વિના રહે જ નહિ, અખંડ પૂર્ણ નિર્મળ સ્વભાવી હું છું, એવી રુચિના જોરથી વારંવાર જે યથાર્થ અભ્યાસ કરે છે તે અસ્તિના જોરમાં મિથ્યાત્વ મોહકર્મ અને તેમાં જોડાણરૂપ ઊંધી માન્યતાનું વમન કરીને, પોતાના ધ્રુવ સ્વભાવના મહિમાથી પૂર્ણ અતિશયરૂપ, પરમ જ્યોતિ નિર્મળ જ્ઞાયકરૂપ પૂર્ણ પ્રકાશમાન એવા પોતાના શુદ્ધ આત્માને તુરત જ દેખે છે.

તા. ૩૧–૭–૪૩

નિશ્ચયથી એટલે કે નિત્ય સ્વભાવદૃષ્ટિએ જોતાં આત્મા અખંડ શુદ્ધ છે અને વર્તમાન અવસ્થાદૃષ્ટિએ જોતાં પરસંબંધે થતો વિકાર (પુણ્ય-પાપની વૃત્તિ) પણ છે. અજ્ઞાનભાવે આત્મા વિકારનો—રાગ-દ્વેષનો કર્તા છે અને જ્ઞાનભાવે અજ્ઞાન તથા વિકારનો નાશક છે, પરમાર્થે આત્માનો સ્વભાવ ત્રિકાળી એકરૂપ શુદ્ધ જ છે.

આવું સ્વરૂપ સમજ્યા વિના લૌકિક બધી નીતિ પાળે કે ધર્મના નામે પુણ્ય બાંધે, પણ તેથી પરમાર્થતત્ત્વનો કાંઈ લાભ થાય નહિ. બાહ્યની કોઈ ક્રિયાથી પુણ્ય થતું નથી પણ અંતરમાં શુભભાવ રાખે, અભિમાન ન કરે, તૃષ્ણા ઘટાડે તો પુણ્ય બંધાય પણ તેથી ભવ ઘટે નહિ. અજ્ઞાનપૂર્વકના શુભભાવમાં પાપાનુંબંધી પુણ્ય બાંધી તેના ફળમાં કદી દેવ થાય, પણ અજ્ઞાનને લીધે ત્યાંથી મરીને ઢોર અને પછી નરકાદિ પર્યાયમાં રખડે. અહીં તો ભવ ન રહે તેવી વાત છે.

કેવો છે સમયસારરૂપ શુદ્ધ આત્મા? નવીન ઉત્પન્ન થતો નથી, પ્રાપ્તિની જ પ્રાપ્તિ છે. અખંડ સ્વભાવના લક્ષ વડે, સ્વવસ્તુમાંથી યથાર્થ શ્રદ્ધા, જ્ઞાન, આનંદની પ્રાપ્તિ થાય છે. જેમ ચણાનો સ્વાદ સ્વભાવે મીઠો છે પણ વર્તમાન અવસ્થામાં કચાશને લીધે તે અપ્રગટ છે. કાચા ચણાને (પૂરો માની) ખાય તો ખરો સ્વાદ ન આવે. ચણાની વર્તમાન કાચી અવસ્થા પ્રગટ છે અને અંદર સ્વાદવાળો ગુણ શક્તિપણે છે, એમ એક ચણામાં બંને પ્રકારને ન જાણે તો ચણાને શેકીને સ્વાદ પ્રગટ કરવાનો પ્રયત્ન ન કરે; તેમ ભગવાન આત્મા ચિદાનંદ નિત્ય એકરૂપે છે, તેમાં વર્તમાન અવસ્થામાં રાગ-દ્વેષ—

અજ્ઞાનરૂપ કશાય છે અને શક્તિપણે નિરાકૂળ આનંદના સ્વાદવાળો પૂર્ણ સ્વભાવ છે, તે બંને પ્રકારને જાણે અને આખા અખંડ ધ્રુવ જ્ઞાયકસ્વભાવના લક્ષે જોર કરતાં જેવો શુદ્ધ પૂર્ણ સ્વભાવ છે તેવો જ પ્રગટે છે; યથાર્થનું ભાન થતાં ઊંધી માન્યતારૂપ અવસ્થાનો નાશ અને સાચી માન્યતાની ઉત્પત્તિ થાય છે અને વસ્તુ તો ધ્રુવપણે ટકનાર છે જ.

પ્રશ્ન :—ગુણ માટે અમારે શું કરવું?

ઉત્તર :—તું પોતે જ ગુણને જાણનારો ગુણસ્વરૂપ છો તેની સમજણ કરવી. આત્માના જ્ઞાનની સમજણ અને જ્ઞાનની સ્થિરતારૂપ ક્રિયા કરવી; દેહની ક્રિયા કે પરનું કાંઈ કાર્ય આત્મા કરી શકતો નથી.

મધ્યસ્થ થઈ આ વસ્તુ જેમ છે તેમ સમજવી. પુણ્ય-પાપાદિનો અંશ ભેળવ્યા વિના અવિકારી જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ ચોખ્ખી કરવી અને વ્યવહારનયનો વિષય જેમ છે તેમ જાણી, તેને ગૌણ કરી, નિર્મળ અખંડ સ્વભાવના લક્ષે એકાગ્ર થવું એ જ શરૂઆતનો—પૂર્ણ નિર્મળતા પ્રગટ કરવાનો ઉપાય છે. પોતાને ભૂલી પરને વિષય બનાવી રાગ-દ્વેષ તથા અજ્ઞાનરૂપ પરિણામ કર્યા તે જ અજ્ઞાન ભાવનું કાર્ય છે. ઊંધી માન્યતાથી પોતાનું પરથી જુદાપણું ભૂલી ગયો છે અને તેથી આખો આત્મા અજ્ઞાનથી ઢંકાઈ ગયો, એમ કહ્યું; પણ મારા સ્વભાવમાં વિકાર નથી, વિકાર પર સંબંધે વર્તમાન એકેક સમયની અવસ્થા પૂરતો થાય થે તેનો સ્વભાવના જોરે નાશ થઈ શકે છે; એમ નિત્ય સ્વભાવના લક્ષે એકાગ્ર થતાં, જેને ઢંકાયેલો માન્યો હતો તે પ્રગટ થયો એટલે તેનું યથાર્થ ભાન પ્રગટ થયું. આત્માનો સ્વભાવ કોઈ પર ચીજથી રોકાણો—બંધાણો નથી છતાં ત્યાં સુધી અવસ્થામાં જેવો વિકાર હોય તેવું જ એક જડ કર્મ નિમિત્ત હોય છે અને તેનાથી વ્યવહાર આત્મા બંધાયો, એમ કહેવાય છે, પણ જડ વસ્તુ આત્મામાં ત્રણકાળમાં નથી દરેક વસ્તુ પરથી નાસ્તિ સ્વરૂપે છે. જે પોતાના છે જ નહિ તે શું નુકશાન કરશે પરનું—કર્મનું બંધન ટળે તો સુખી થાઉં, બંધન આવે તો દુઃખી થાઉં એ દ્રષ્ટિ ઊંધી છે. વિકાર કરવાની આત્માની યોગ્યતા છે ત્યાં નિમિત્તરૂપે જડકર્મ તેના સ્વતંત્રે કારણે હાજર હોય છે. આત્મા પોતા તરફ લક્ષ રાખે તો પોતામાં વિકાર થાય નહિ અને જ્યારે પોતે પોતાને ભૂલી પરનું લક્ષ કરે ત્યારે વિકાર થાય છે. તેમાં જડકર્મ નિમિત્ત થાય છે. તે વિકાર વર્તમાન એક અવસ્થા પૂરતો છે. સ્વભાવનું લક્ષ કરે તો બીજી ક્ષણે વિકારી અવસ્થા બદલી અવિકારી અવસ્થા બદલી અવિકારી અવસ્થા પ્રગટ કરી શકે છે. અંદર સ્વભાવમાં ગુણની પૂર્ણ શક્તિ ભરી છે, તેને માટે બહારમાં કાંઈ કરવું પડતું નથી. જેમ લીંડીંપીપરમાં તીખાશની તાકાત ભરી છે તે ઘૂંટવાથી તેમાંથી જ પ્રગટે છે. વર્તમાનમાં તીખાશ પ્રગટ નથી છતાં તેની શક્તિનો ભરોસો કરે કે આખાં વર્તમાનમાં પૂર્ણ ચોસઠ

પહોરી તીખાશ શક્તિરૂપે ભરી છે, તે શરદી ટાળી દેશે. તેમ પ્રથમ ભરોસો કરે છે, પછી ઘુંટીને તીખાશ મેળવે છે; તેમ આત્મામાં વર્તમાન અધૂરી અવસ્થા વખતે પણ અનંત જ્ઞાન, અનંત આનંદ વગેરે અનંત ગુણોની પૂર્ણ અખંડ શક્તિ ભરી છે તેનો વિશ્વાસ કરી તેમાં એકાગ્ર થતાં તે પ્રગટે છે. સ્વ સ્વભાવનો વિશ્વાસ ન કર્યો એટલે કે દેહ તે હું, રાગ-દ્વેષ મારાં કામ છે, એમ અજ્ઞાન વડે આત્માના સ્વભાવને ઢાંકી દીધો અને માન્યું કે આવો પૂર્ણ હું નથી; પણ યથાર્થ સ્વભાવ વડે પૂર્ણ સ્વભાવનું ભાન કર્યું ત્યારે કહેવાય કે શુદ્ધ આત્મા પ્રકાશમાન થયો–પ્રગટ થયો.

વળી શુદ્ધ આત્મા કેવો છે? સર્વથા એકાંતરૂપ કુનયના પક્ષથી ખંડિત થતો નથી, નિર્બાધ છે. સર્વથા એક પક્ષથી આત્માને નિત્ય કૂટસ્થ જ માને તો રાગ-દ્વેષની વિકારી અવસ્થા બદલી શકે નહિ; જો કોઈ ક્ષણિક સંયોગ પૂરતો જ આત્માને માને તો પાપનો ભય રહે નહિ, નાસ્તિક સ્વચ્છંદી થઈ જાય પણ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિથી નિત્ય શુદ્ધ અખંડ સ્વતંત્ર વસ્તુપણે જાણે અને વ્યવહારદૃષ્ટિથી ભેદરૂપ અવસ્થા જાણે, એ રીતે યથાર્થપણે આત્માનું ભાન કરે તો એકાંત પક્ષનું ખંડન કરી શકે છે.

**ભાવાર્થ :**—સર્વજ્ઞ વીતરાગની સ્યાદ્વાદવાણી અવિરોધી સ્વરૂપ જણાવનાર છે. વસ્તુમાં બે અપેક્ષા (નિશ્ચય અને વ્યવહાર) ને જેમ છે તેમ ન જાણે તો એક વસ્તુમાં ભેદ–અભેદપણું બંને માનવામાં વિરોધ લાગે છે, પણ વીતરાગની વાણી કથંચિત્ વિવક્ષાથી વસ્તુસ્વરૂપ કરીને વિરોધ મટાડી દે છે.

સત્–હોવાપણું :—દરેક આત્મા પોતાપણે ત્રિકાળ છે.

અસત્–નાસ્તિ, નહિ હોવાપણું :—દરેક આત્મા પરપણે અસત્ છે, એટલે પરની અપેક્ષાએ આત્મા નથી, અસત્ છે.

આ પ્રમાણે જે રીતે તત્ત્વ છે તે રીતે અવિરોધી દૃષ્ટિથી ન જાણે તો યથાર્થ નિઃસંદેહતાની શાંતિ ન આવે અને સ્વરૂપમાં ઠરવાની તાકાત આવે નહિ.

**પ્રશ્ન :**—સત્પણું અને અસત્પણું બંને એક જ વસ્તુમાં કેમ હોય?

**ઉત્તર :**—એક જ વસ્તુમાં સત્-અસત્પણું એક સાથે રહેલું છે. જેમકે લાકડું લાકડાપણે છે અને લોઢાપણે નથી; એમ દરેક વસ્તુ પોતાપણે સત્ અને પરપણે અસત્ છે. વસ્તુને સ્વતંત્રપણે જોતાં તે વસ્તુ જ, એમ જણાવે છે કે હું પરપણે નથી.

**પ્રશ્ન :**—સત્પણું અને અસત્પણું બંને એક જ વસ્તુમાં કેમ હોય?

**ઉત્તર :**—જો પરથી જુદાપણું–અસત્પણું માનો તો દરેક વસ્તુનું સ્વતંત્ર સત્પણું,

નિત્યપણું, અસંયોગીપણું સિદ્ધ થાય છે. પોતાપણે હોવું અને પરપણે ન હોવું એવો સત્-અસત્‌પણાનો ગુણ દરેક વસ્તુમાં એક સાથે રહેલો છે અને પરવસ્તુને પોતાપણે જ હોવું, પોતાનું પરવસ્તુપણે ન હોવું એવો બધી વસ્તુનો સ્વભાવ છે.

જેમણે પોતે છે તેવો પોતાને ન જોયો, ન માન્યો ત્યારે દેહ ઉપર દૃષ્ટિથી પુણ્ય-પાપ, રાગ-દ્વેષ મારાં છે અને હું દેહાદિરૂપે છું, હું દેહાદિની ક્રિયા કરું છું, એમ પરના પોતાપણું માન્યું છે. બોલે, ચાલે, દેખાય તે બધી જડની ક્રિયા છે તેને બદલે હું તે જ છું, એમ અનાદિથી પરમાં પોતાપણું માનતો આવે છે, છતાં આત્મામાં વિકાર પેસી ગયા નથી કે ગુણ ઘટી ગયા નથી; વર્તમાન એકેક સમયની અવસ્થામાં ભૂલ અને વિકાર કરતો આવે છે. સ્વાધીન અસ્તિ સ્વભાવ જાણે તો ભૂલ અને વિકારનો નાશ કરી નિર્મળ દશા પ્રગટ કરી શકે.

દરેક વસ્તુ પોતાપણે છે, પરપણે નથી. પોતે પરપણે અસત્ છે, પર ચીજ બીજી ચીજમાં (આત્મામાં) અસત્ છે, માટે કોઈ તારે આધીન નથી, તું કોઈની અવસ્થાનો કર્તા નથી. કોઈ એક વાક્ય કહેતાં, તેમાં બીજી અપેક્ષાનું જ્ઞાન આવે છે. એક કહો તો બીજાની અપેક્ષા આવી, નિત્ય કહો તો અનિત્યની અપેક્ષા આવે છે. દરેક વસ્તુ એક બીજાથી જુદી છે. એક આત્મામાં નિત્યપણું, અભેદપણું, એકપણું, શુદ્ધપણું કહેતાં તેમાં અનિત્યપણું, ભેદપણું અનેકપણું અને અશુદ્ધપણું તેની અપેક્ષા આવે છે, તેથી પરથી ભિન્નપણે એકેક આત્મામાં નિશ્ચયદૃષ્ટિ તથા વ્યવહારદૃષ્ટિથી બે પ્રકારે જોવામાં આવે છે.

પર ચીજપણે આ ચીજ નથી, એમ કહેતાં પરની અપેક્ષા આવે છે, માટે પર ચીજ તેનાપણે છે, પર સ્વરૂપપણે નથી. કોઈ નથી સમજતો ત્યારે સમજાવનાર તેનાથી અનેરો છે. આત્મા દેહાદિ સંયોગ વિનાનો છે, તેની ના પાડનાર વર્તમાનમાં ના પાડે, તોપણ તે સંયોગ વિનાનો જ છે. જે રીતે અનંત જ્ઞાનીઓ જ્ઞાનનો સ્વભાવ સમજી પુરુષાર્થ કરી મોક્ષ પામ્યા, તેવી જ રીતે શ્રદ્ધા ન કરે, અવિરોધી વસ્તુ ન સમજે તો સ્વભાવની શાંતિ મળે નહિ. 'આ સત્ છે', એમ કહેતાં જ તેમાંથી 'આ પરપણે નથી' એવો અર્થ નીકળે છે, એ રીતે અસ્તિમાં પરની નાસ્તિ આવી જાય છે.

કોઈ એકાંત પક્ષ પકડી કહે કે એક હોય તેને અનેકપણે ન કહેવાય. એક વસ્તુમાં બે વિષયનો વિરોધ છે, તો તે વિરોધ સમ્યક્‌જ્ઞાન મટાડે છે. જેમ સોનામાં પીળાશ, ચીકાશ, વજન, સુવાંળપ વગેરે અનેક ગુણો તથા તે બધા ગુણોની અવસ્થા એક સાથે છે, તોપણ તેને અનેક ગુણરૂપ તથા અવસ્થારૂપ દેખ્યો તો સોનું અનેકરરૂપ છે અને આખું સોનું જ સામાન્યપણે લક્ષમાં લ્યો તો એકરૂપ છે; તેમ આત્મા તેના અખંડ

સ્વભાવપણે એક રૂપ છે અને જ્ઞાનાદિ ગુણો તથા અવસ્થાપણે અનેકરૂપ છે. એક-અનેકપણે આખા તત્ત્વને ન જાણે તો યથાર્થપણું ખ્યાલમાં આવે નહિ અને યથાર્થનો પુરુષાર્થ પણ પ્રગટે નહિ.

વસ્તુ સત્ છે, એમ જાણવું તે નિશ્ચયદૃષ્ટિ અથવા દ્રવ્યાર્થિકનયનો વિષય છે; અસત્—પરપણે નથી તે વ્યવહારનયનો વિષય છે.

**એકપણું :**—ત્રિકાળી અનંત ગુણ તથા અવસ્થારૂપ અખંડ પિંડ એકાકાર વસ્તુપણ દેખો તો નિશ્ચયદૃષ્ટિથી આત્મા એકરૂપ છે.

**અનેકપણું :**—વ્યહારદૃષ્ટિથી અનંતગુણપર્યાયપણે અનેકરૂપ છે.

નિશ્ચયથી તેનું લક્ષ કરીને પૂર્ણ એકપણાના લક્ષે ઠરતાં સંસારની વિકારી અવસ્થાનો નાશ, મોક્ષની અવિકારી અવસ્થાનો ઉત્પાદ અને વસ્તુ એકરૂપ ધ્રુવ ટકી રહે છે, એમ યથાર્થપણે સમજે છે તે એકાંત પક્ષનો વિકલ્પ અને વિરોધ મટાડી એક વસ્તુમાં એક-અનેકપણાનું જ્ઞાન એક સાથે કરી લે છે, પરમાં પોતાનું એકપણું માનતો નથી.

નિત્યપણું :—આત્મા ચિદાનંદ એકરૂપ ટકી રહે છે, એમ વસ્તુદૃષ્ટિએ નિત્ય છે.

**અનિત્યપણું :**—દરેક દ્રવ્ય ટકીને સમયે સમયે અવસ્થા બદલે છે, તેથી અવસ્થા દૃષ્ટિએ અનિત્ય છે.

જે અપેક્ષાએ નિત્યપણું છે, તે અપેક્ષાએ અનિત્યપણું નથી, એમ નિત્યપણું અને અનિત્યપણું એટલે વસ્તુથી ટકવાપણું અને અવસ્થાથી બદલવાપણું એ બે થઈને એક સ્વરૂપ છે. જો તદ્દન એકરૂપ અખંડ હોય તો વિકારી અવસ્થા બદલાવી અવિકારી થઈ શકે નહિ. કર્તા, કર્મ કે ક્રિયા કાંઈ રહે નહિ. જો વસ્તુ અનિત્ય જ હોય તો નિત્યપણાના આધાર વગર અનિત્યપણું કહી શકાય નહિ.

**અભેદપણું :**—દરેક આત્મા પોતાના વસ્તુસ્વભાવથી અભેદ છે. આત્મા અને ગુણમાં પ્રદેશભેદ નથી.

**ભેદપણું :**—વ્યવહારદૃષ્ટિથી આત્મામાં ભેદપણું છે. નામ, સંખ્યા, લક્ષણ અને પ્રયોજનથી ભેદ પાડવામાં આવે છે.

(૧) નામભેદ (સંજ્ઞાભેદ) આત્મા જ્ઞાનપણે છે, એમ વસ્તુ અને ગુણના નામ ભેદ ન પાડે તો આત્મા કઈ રીતે જણાવે? માટે અખંડ સ્વરૂપ જણાવવા નામભેદ પડે છે.

(૨) સંખ્યાભેદ :—આત્મા એક છે તેમાં જ્ઞાનાદિ અનેક ગુણો છે, એમ સંખ્યાભેદ છે પણ પ્રદેશભેદ નથી.

(૩) લક્ષણભેદ :—અનંતગુણ ધારણ કરવા તે આત્માનું લક્ષણ છે. જ્ઞાનનું લક્ષણ જાણવું, શ્રદ્ધાનું લક્ષણ પ્રતીતિ કરવી, ચારિત્રનું ટકવું, વીર્યનું લક્ષણ આત્મબળનું ટકાવી રાખવું, વગેરે અનંત ગુણો છે, તેના લક્ષણ (કાર્ય) જુદાં જુદાં છે, તેથી લક્ષણભેદ છે. પર્યાયનું લક્ષણ દરેક સમયે અવસ્થાથી બદલવું તે છે.

(૪) પ્રયોજનભેદ :—આત્માનું પ્રયોજન આખા દ્રવ્યનું કાર્ય કરવું તે છે. જ્ઞાનનું પ્રયોજન હિતાહિતનો નિર્ણય કરી હિતપણે વર્તવું, ચારિત્રનું પ્રયોજન રાગ-દ્વેષપણે ન થતાં નિર્મળ સ્થિરતાપણે રહેવું, વગેરે.

એ રીતે એક વસ્તુમાં અભેદપણું-ભેદપણું, નિશ્ચય-વ્યવહાર બંને દૃષ્ટિથી જેમ છે તેમ જાણે તો એક પક્ષનો વિરોધ મટી જાય છે.

શુદ્ધપણું :—પર નિમિત્તની અપેક્ષા રહિત, નિત્ય સ્વભાવને જોનારી નિશ્ચયદૃષ્ટિથી દેખો તો આત્મા શુદ્ધ જ છે.

અશુદ્ધપણું :—પર નિમિત્તની અપેક્ષાથી વર્તમાન અવસ્થામાં અશુદ્ધતા, (પુણ્ય-પાપ, રાગ–દ્વેષરૂપ) ક્ષણિક વિકારીભાવ જીવમાં થાય છે. પરને પોતાનું માની રાગ-દ્વેષનો કર્તા છું, શુભાશુભ ભાવ કરવા જેવો છે, એવી ઊંધી માન્યતા કે અશુદ્ધ અવસ્થા છે અને તે જ સંસાર છે.

પરસંયોગ આધીન વિકારભાવનું કર્તા-ભોક્તાપણું વ્યવહારથી અજ્ઞાની જીવને છે; પણ વિકારી મારું સ્વરૂપ નથી, સ્વભાવનાં ભાન વડે સ્થિરતાથી તે વિકાર ટાળી શકાય છે. સંયોગાધીન વિકારી અવસ્થા વર્તમાનમાં છે તેમ જાણવું તે વ્યવહારનયની અપેક્ષા છે. પોતે જ્યારે વિકારી ભાવ કરે ત્યારે વિકારી થાય છે. તે વિકાર ક્ષણિક અવસ્થા પૂરતો છે. નિત્યસ્વભાવની દૃષ્ટિથી જે તેનો ધણી થતો નથી, તેને પોતાનો સ્વભાવ માનતો નથી તે જ્ઞાની છે. અવસ્થાદૃષ્ટિને ગૌણ કરી એકરૂપ યથાર્થ વસ્તુસ્વભાવને લક્ષમાં લે તો નિશ્ચય સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ થઈ અપૂર્વ આત્મભાન થાય છે અને એકાંત પક્ષની માન્યતા ટળી જાય છે.

વસ્તુસ્વભાવ યથાર્થ સમજે તો તેનું બહુમાન આવ્યા વિના રહે નહિ. ઈયળ જેવું બે ઈન્દ્રિય પ્રાણી પણ શરીર ઉપરની મમતાના જોરે પત્થર નીચે દબાયેલો ભાગ તૂટી જાય છતાં પત્થરના દબાણથી છૂટી સ્વતંત્ર રહેવા માગે છે; તેમ જેણે પરથી ભિન્ન-પણે અસંયોગી જ્ઞાનસ્વરૂપને જ પોતાનું માન્યું તે ઊંધી માન્યતા અને પરાવલંબન રૂપ વિકારનું દબાણ રહેવા દે નહિ. જેને પોતાનું માન્યું તેને પુરેપુરું સ્વતંત્ર રાખવા માગે છે. ત્રિકાળી નિર્મળ અસંગ છું, એમ શુદ્ધ સ્વતંત્ર સ્વભાવની દૃષ્ટિના જોરે, વર્તમાન સંયોગાધીન

વિકારી વલણથી અને ઊંધી દૃષ્ટિથી પોતે પોતાને બચાવી લે છે. શુદ્ધ સ્વતંત્ર જ્ઞાનાનંદપણે છું, તેની ખબર ન હતી ત્યારે પોતે ક્યાંક બીજે અશુદ્ધપણે કે સંયોગપણે પોતાને માનતો હતો. પોતાની હયાતી નિત્ય ટકવારૂપ ન માને તો સુખ માટે કોઈ પ્રયત્ન પણ કરે નહિ. જેને અવગુણ જોઈતા નથી તે અવગુણ ટાળવાની તાકાતનું લક્ષ કરી અવગુણ ટાળી, ગુણપણે સ્વતંત્ર રહેવા માગે છે.

વિકાર કરીએ તો તેના કારણે ગુણ ઊઘડે, એમ માનવું જેમ ખોટું છે. તેમ પુણ્ય-પાપની લાગણીમાંથી પુણ્યની લાગણી વધારું તો ગુણ થાય, એમ માનવું તે પણ ખોટું છે, પાપમાં ન જવા માટે, અશુભરાગથી બચવા માટે શુભભાવ કરે તે બરાબર છે પણ તેનાથી પવિત્ર ગુણ ઊઘડે તે માન્યતા ખોટી છે; કારણ કે જે ભાવે બંધન થાય તે ભાવે અવિકારી ગુણ ન થાય.

જે કોઈ વ્યવહારનય એટલે અવસ્થાદૃષ્ટિનો આશ્રય કરે છે તે વસ્તુસ્વભાવ અખંડ નિર્મળ અનંતશક્તિથી પૂર્ણ છે તેને ભૂલે છે, તેથી રાગનો અભાવ કરવાનો તેને પુરુષાર્થ થાય નહિ. તે જો અશુભ રાગ ટાળે તો વર્તમાન પૂરતો રાગ પાતળો પડે, પરમાર્થે શુભભાવથી રાગ ઘટતો નથી. નિશ્ચય અખંડ નિર્મળ વસ્તુમાં પૂર્ણ શક્તિ જેમ છે તેમ ઓળખી, અવસ્થાને ગૌણ કરી અખંડ સ્વભાવના લક્ષનું જોર કરે તો રાગનો સહેજે અભાવ થાય છે અને નિર્મળ આનંદની વૃદ્ધિ થાય છે, વિરોધ માત્ર ટળી જાય છે.

સર્વજ્ઞ વીતરાગની વાણીમાં કથંચિત્ વિવિત્ર ભેદથી એક એક વસ્તુમાં (એક અપેક્ષા મુખ્ય કરીને અને બીજી અપેક્ષા ગૌણ કરીને) સત્‌પણું, એકપણું, નિત્યપણું, અભેદપણું, શુદ્ધપણું, ઈત્યાદિ નિશ્ચયદૃષ્ટિની અપેક્ષાનો વિષય અને અસત્‌પણું, અનેકાંતપણું, અનિત્યપણું, ભેદપણું ઇત્યાદિ વ્યવહારદૃષ્ટિની અપેક્ષાનો વિષય આવે છે. બંને મળીને આખી વસ્તુનું જ્ઞાન કરે તો પ્રમાણજ્ઞાન—સાચું જ્ઞાન થાય છે. સાચામાંથી સાચું આવે છે. એ રીતે વીતરાગની વાણીના ન્યાયથી જાણતા વિરોધી અભિપ્રાય ટળી જાય છે. વીતરાગની વાણીમાં ખોટાની કલ્પના પણ નથી.

પરદ્રવ્યના આશ્રયરૂપ વલણ કરવાથી પુણ્ય—પાપની વિકારી અવસ્થા થાય છે તે વ્યવહારદૃષ્ટિ મુખ્ય કરવાની જરૂર નથી; તેને ગૌણ કરી અનાદિ અનંત એકરૂપ નિર્મળ, અસંગ, અવિકારી, નિરાવલંબી પૂર્ણ જ્ઞાનાનંદસ્વભાવને નિશ્ચયદૃષ્ટિથી લક્ષમાં લેવો, તે સ્વાશ્રિત અખંડ દૃષ્ટિથી સ્વભાવનું વારંવાર મનન કરવું તે જ પ્રયોજનભૂત—મુખ્ય કરવા જેવું કહ્યું છે. પરાશ્રિત વ્યવહારનો પક્ષ તો અનાદિથી સંસારનો મોટો ભાગ આદરી રહ્યો છે. રાગ-દ્વેષનાં કાર્ય કરવા જેવા છે, પર ચીજ અને શુભભાવનું ધણીપણું રાખી આપણે

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



વ્યવહાર ન છોડવો જોઈએ એમ માને છે અને પુણ્ય કરો, દેહની ક્રિયા કરો તો ધર્મ થશે એમ કહેનારની વાતની જલ્દી હા પાડે છે અને માને છે કે આપણે દેવ થઈ સુખ પામીશું; એમ બાહ્ય સંયોગ ઉપર જેની દૃષ્ટિ પડી છે તેને પુણ્યમાં મીઠાશ લાગે છે, કારણ કે તત્ત્વજ્ઞાનરૂપ અવિરોધી સત્‌ની તેને ખબર નથી; તત્ત્વનો દ્વેષ અને વિકારનો આદર તેનું ફળ એકેન્દ્રિયમાં જવારૂપ છે.

આચાર્યદેવ કહે છે કે આ અગિયારમી તથા બારમી ગાથામાં જે અપેક્ષાથી જે રીતે કહેવાયું છે, તે સમજીને જે અખંડ જ્ઞાનાનંદસ્વરૂપ નિશ્ચયસ્વભાવને મુખ્ય કરી ભેદરૂપ વ્યવહારની દૃષ્ટિ ગૌણ કરશે, તેના બધા વિરોધરૂપ સંસારનો નાશ થઈ જશે.

જેણે હું પરનું કાંઈ કરી શકું છું એમ માન્યું તેણે પરવસ્તુને પરાધીન માની અને પર મારું કરી દે તેમ માનવામાં પોતે પણ નમાલો–પરાધીન ઠર્યો. કોઈ કોઈની આશા ન રાખે એવા બધાં તત્ત્વ સ્વતંત્ર છે, બધાં આત્મા પણ સ્વતંત્ર છે. પોતાની અનંત શક્તિથી દરેક આત્મા પૂર્ણ છે. આ પ્રમાણે જાણે નહિ અને ઉપચારથી ઘડાને 'ઘીનો ઘડો' જેમ લૌકિકમાં બોલાય તેમ આણે આનું ભલું કર્યું, ઉપકાર કર્યો વગેરે વ્યવહારની લૌકિક ભાષા બોલાય, તેનો અર્થ એ ભાષાના શબ્દોને જ વળગી રહીને કરે તો તે મિથ્યાદૃષ્ટિ છે.

આચાર્યદેવ કહે છે કે હું પરનો કર્તા–ભોક્તા, વિકાર મારું કાર્ય એવી ઊંધી દૃષ્ટિ ટાળી અખંડ ધ્રુવ સ્વભાવને મુખ્ય કર અને વ્યવહારના ભેદ–વિકારની દૃષ્ટિ છોડ. પર ચીજ તારાપણે નથી તેથી પરના લક્ષે થતા વિકાર (પુણ્ય–પાપના શુભાશુભ ભાવ) તે પણ તારા નથી, તારામાં ટકનાર નથી; માટે તે વ્યવહારનો વિષય ભેદરૂપ વિકાર જરૂરનો નથી, તેથી તેમાં રોકાવું નહિ. એકરૂપ ધ્રુવ વિષય જરૂરનો છે, તેને મુખ્ય કરી અખંડ સ્વભાવનું વારંવાર જોર લાવી પૂર્ણ જ્ઞાનાનંદ સ્વભાવને મુખ્ય કરી, શુદ્ધ–દ્રવ્યાર્થિકદૃષ્ટિ[1] કરવી તેને નિશ્ચય કહે છે; અશુદ્ધદ્રવ્યાર્થિકનયને શુદ્ધદ્રવ્યાર્થિકદૃષ્ટિએ પર્યાયાર્થિકનય[2] અથવા વ્યવહાર કહે છે.

તારામાં વિકાર થાય છે, તે અશુદ્ધદ્રવ્યાર્થિકનય.

તારી પર્યાયમાં વિકાર થાય છે, તે પર્યાયાર્થિકનય.

પરાશ્રયથી વિકાર થાય છે, માટે વ્યવહારનય.

આવા વીતરાગના કહેલાં ન્યાયવચનો દ્વારા જે અવિરોધી તત્ત્વનો અભ્યાસ કરે છે તે લાયક જીવ શુદ્ધઆત્માને પામે છે, યથાર્થ દૃષ્ટિને પ્રાપ્ત કરે છે, સાચું ભાન પ્રગટ કરે

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

છે. આ બધો વિષય અંતરનો છે, તેમાં નયનો વિષય સૂક્ષ્મ છે તે અહીં સાદી ભાષામાં કહેવાય છે; પણ જે અંતરથી દરકાર કરે નહિ, યાદ રાખી તેનું મનન કરે નહિ તે સમજી શકે નહિ. જો ધ્યાન રાખી સમજે તો ઘણા પ્રકારની ઊંધી માન્યતાના ગોટા ઊડી જાય તેમ છે. શરીરમાં કોઈ રોગ આવે તો તેને ટાળવાની દરકાર કરે છે, તેમ આત્માને અનાદિકાળથી આકુળતારૂપ રોગ થયો છે તેને દૂર કરવાની અપૂર્વ રીત અહીં કહેવાય છે, તેની દરકાર કરવા જેવી છે.

સર્વજ્ઞ વીતરાગના કહેલા અવિરોધી ન્યાયથી જેમ કહેવાય છે તેમ સમજણ કરવી, યથાર્થપણું સાંભળીને જાતે યથાર્થપણું નક્કી કરવું અને પૂર્ણ નિર્મળ અખંડ જ્ઞાનાનંદસ્વભાવને નિશ્ચયદૃષ્ટિના જોરથી મુખ્ય કરી તેનું મનન કરવું; વર્તમાન વિકારી કે અવસ્થા કે જે આત્મામાં છે, જડમાં નથી તેને જાણવી અને અવસ્થાદૃષ્ટિને ગૌણ કરવી, એવા પ્રયોજનને જાણી અવસ્થા અને અખંડ વસ્તુ બંનેનું યથાર્થ જ્ઞાન કરી, અંદર નિર્મળ ધ્રુવ સ્વભાવની રુચિથી તેની દૃઢતાનો અભ્યાસ વધારવો. તે રીતે તત્ત્વજ્ઞાનના વિષયમાં રમણતા કરવાથી મોહનો નાશ થઈ સ્વભાવનું ભાન થવાથી નિર્મળદશાનો અનુભવ થાય છે.

આ સમજ્યા વિના છૂટકો જ નથી. ઉપરથી (બહારથી) માને કે હું સમજ્યો છું, આપણને સમભાવ છે, બૂરું કરવું નથી, સારું જ કરવું છે એમ મન મનાવે; પણ સર્વજ્ઞ વીતરાગના ન્યાયાનુસાર સારું શું તે નક્કી ન કરે તો ઊંધી માન્યતા ક્યાં પોષાઈ રહી છે, તેની ખબર પડે નહિ. જેમ નાનો છોકરો હોય તેને ઉનાળાની ગરમીમાં પાતળો ઝાડો થાય તે ચાટે અને ઠંડું લાગે તેથી રાજી થાય, તે અજ્ઞાનતા જ છે; તેમ ચૈતન્યમૂર્તિ ભગવાન અવિકારી આત્મા મનના વિકલ્પોથી જુદો છે તેને ભૂલી પોતાની કલ્પના (ઊંધી માન્યતા)થી માનેલા ધર્મને નામે, પોતાનું હિત કરવાના નામે, શુભભાવ (ચૈતન્ય સ્વભાવના ગુણના વિકારરૂપ વિષ્ટા)થી ઠીક માની, તેને સારું માની સંતોષાઈ જાય છે અને માને કે, આનાથી કાંઈક સારું થશે; તો વિષ્ટાને સારી જાણનાર બાળકની જેમ અજ્ઞાની છે. સર્વજ્ઞના ન્યાયથી, સત્સમાગમથી પૂર્વાપર વિરોધરહિત ખરું હિત શું છે? તેની પરીક્ષા ન કરે તે અજ્ઞાનતા છે અને અજ્ઞાનતા તે બચાવ નથી.

સંસારની રુચિ ખાતર બુદ્ધિનું મંથન કરી રહ્યો છે, તેમાં (સંસારમાં) સારું ખરાબ નક્કી કરી શકે છે, પણ જો તેની રુચિ બદલાવી પોતાની જ રુચિ કરે અને આ જ ખરું હિત છે તે બરાબર નક્કી કરે તો સાચું હિત થાય; માટે પરીક્ષ કરવી, પણ આંધળી શ્રદ્ધાથી માની લેવું નહિ.

તા. ૧-૮-૪૩.

સમયસારમાં જે ન્યાયો આવે છે તે મહા મોંઘા છે, આ કાળે આવી યથાર્થ વાત કાને પડવી દુર્લભ છે. આ નિવૃત્તિનો માર્ગ છે. અપૂર્વ આત્મધર્મમાં સંસારની નાસ્તિ છે, તે ધર્મની રુચિમાં આખો સંસાર ઊડાડી દેવો છે. અપૂર્વ સ્વભાવની રુચિમાં સંસારની રુચિ પોષાય નહિ.

લોકોત્તર પાત્રતા વિના અંતરના સૂક્ષ્મભાવ સમજાય નહિ અને વસ્તુનું બહુમાન આવે નહિ. અનંતકાળથી પરમ તત્ત્વનો સંગ અને પરિચય કર્યો નથી અને જ્યાં માંડમાંડ યથાર્થ તત્ત્વ સમજવાનું ટાણું આવે ત્યાં તેની પ્રીતિ કરે નહિ; તેનું કારણ તેને સામાજિક–લૌકિક મોહ ગોઠ્યો છે ને તેથી તેમાં રોકાઈ જાય છે.

જન્મ–મરણ કેમ ટળે? તેની જાતે દરકાર કરી પોતાનું સુધારી લેવાનું ટાણું છે; બધાને ભેગા લેવાનો કે પરમાં રોકાવાનો વખત નથી. આ તો પરમ અધ્યાત્મ વિષય છે, તેમાં જીવે ખૂબ કાળજી રાખવી જોઈએ. બીજું ભૂલીને તત્ત્વને પરિચય કરવા અત્યંત નિવૃત્તિ જોઈએ. તત્ત્વની ભાષા જ અતિ ગૂઢ હોય છે, તેનો ભાવ ઘણો ગંભીર હોય છે. યથાર્થ પાત્રતા વિના સમજણ બેસે નહિ. પાત્રતા ન હોય તેને તો આ બધી વાતો અદ્ધર અદ્ધરની લાગ્યા કરે અને વસ્તુનો મહિમા આવે નહિ.

નિર્દોષ વીતરાગના વચનમાં જે પુરુષ રમણ કરે છે, અભ્યાસ કરે છે તે યથાર્થપણે શુદ્ધ આત્માને પામે છે; અન્ય સર્વથા એકાંત પક્ષવાળા યથાર્થ સ્વરૂપને પામતા નથી. કોઈ આત્મવસ્તુને સર્વથા એકપક્ષથી જ માને છે, આત્મા તદ્દ્ન અખંડ શુદ્ધ છે, અવસ્થામાં પણ વિકાર નથી અથવા અવસ્થા જ નથી, એકલું નિત્યપણું જ છે. રાગ–દ્વેષ વિકાર જડકર્મની પ્રકૃતિ કરે છે અને ભોગવે છે, એમ કહેનારની વાત ખોટી છે.

આત્માના ધ્રુવ સ્વભાવમાં પુણ્ય–પાપના વિકાર પેસી ગયા નથી તે વાત સાચી, પણ વર્તમાન અવસ્થામાં વિષયભોગરૂપ તૃષ્ણા રાગ–દ્વેષ પોતે કરે છે, તે ન માનતા પર ઉપર ઢોળે છે, તેને સામાન્ય ત્રિકાળી એકરૂપ શુદ્ધદ્રવ્યપણું અને વિશેષ વર્તમાન અવસ્થાપણું બંને થઈને આખી વસ્તુ છે, તેનું યથાર્થ ભાન પ્રાપ્ત થતું નથી. કોઈ ત્રિકાળી નિત્યપણું જ માને અને વર્તમાન અનિત્ય અવસ્થાનું બદલવું છે તે ન માને તો તેવું સ્વરૂપ નથી, એટલે તેની માન્યતા ખોટી છે.

મરચાં અને મરીની તીખાશનું અંતર જ્ઞાનમાં જણાય, પણ તેના સ્વાદનું વર્ણન

વાણીમાં સંતોષકારક રીતે કહી શકાય નહિ; તેમ અખંડ ધ્રુવ જ્ઞાનાનંદ અવિકારી એકાકાર સ્વભાવ લક્ષમાં લીધો તેમાં સહજ નિર્મળ અવસ્થાનો આનંદ પ્રગટે છે, તેનો ભેદ પાડવો પડતો નથી છતાં તે જ્ઞાનમાં જણાય છે. વર્તમાન અવસ્થા ઉપર ભેદદૃષ્ટિ કરતાં રાગ-દ્વેષ—વિકલ્પ થાય છે, તેમાં શુભભાવ કરે તો મંદ આકુળતા અને પાપભાવ કરે તો તીવ્ર આકુળતાનો સ્વાદ આવે છે, તેનું અંતર જ્ઞાની જાણે છે. ઠરવાનું લક્ષ કરતાં વ્યવહારના ભેદ વચ્ચે આવે છે છતાં તેને મુખ્ય કરતા નથી. એ રીતે અખંડ ધ્રુવ સ્વભાવની શ્રદ્ધાનું જોર કરતાં ક્રમેક્રમે નિર્મળ અવસ્થા વધતી જાય છે અને રાગ ઘટતો જાય છે. શુદ્ધનયનું ફળ વીતરાગતા છે, એકલા ભેદરૂપ વ્યવહારમાં અટકનાર અશુદ્ધદૃષ્ટિનું ફળ સંસાર છે; જ્ઞાની તેનો આદર કરતા નથી.

બાહ્યના કોઈ પદાર્થનું શરણ—આશ્રય લેવાથી ગુણ ઊઘડે તેમ નથી. સાચા દેવ—ગુરૂ—શાસ્ત્રના શરણથી પણ અંતરતત્ત્વને ગુણ થાય નહિ. દેવ ગુરુ વીતરાગ છે, તારાથી પરપણે છે, તારામાં તે નાસ્તિપણે છે; જે પોતાનું હોય તે કામ આવે, મન અને મનના સંબંધે જોડાણથી વિચાર કરવામાં વિકલ્પ આવે છે, પણ તે તરફનું લક્ષ ભૂલે ત્યારે સ્વાશ્રય અખંડ દૃષ્ટિ થાય છે. આવો પરમ અદ્‌ભુત અંતરનો માર્ગ છે, તે યથાર્થ સમાગમે અપૂર્વ પાત્રતાથી જાગ્રત થઈ સમજવો જોઈએ. શ્રવણ પછી યથાર્થ શું? તેનું મન કરવું તે લાભનું કારણ છે. ભવના ભયથી છૂટી નિર્ભય સત્‌નું શરણ જેને જોઈતું હોય, અવિકારી-અવિનાશી સ્વતંત્રતાનો પાયો નાખવો હોય તેણે પ્રથમથી જ કોઈ પડખે વિરોધ ન રહે એવી યથાર્થની શ્રદ્ધા કરવી પડશે, ત્યાર પછી જ ચારિત્ર હોઈ શકે.

લૌકિક સંસારના વ્યવહાર સાથે આ વાતનો મેળ નથી. અખંડ સત્‌ વસ્તુને સમજતાં વિચારમાં ભેદ પડે છતાં તેની મદદ નથી, તેનાથી ગુણ થતો નથી. અખંડના યથાર્થ લક્ષે અખંડનું જ્ઞાન, શ્રદ્ધા અને સ્થિરતારૂપ ચારિત્ર આવે છે. ભેદરૂપ વ્યવહાર ગૌણ થઈ જાય છે પણ જ્ઞાનમાં ભેદરૂપ અવસ્થા ખ્યાલ બહાર જતી નથી. આ બધા પ્રકારનું સાચું જ્ઞાન કરવા ખૂબ મનન જોઈએ. આ રીતે બાર ગાથા સુધીમાં આખા સમયસારની ભૂમિકા થઈ. જેમ વૃક્ષના રક્ષણ માટે થડની આસપાસ ઓટલો બાંધવામાં આવે છે તેમ આત્માના સારને સંક્ષેપમાં સમજવા માટે આચાર્યદેવે ઓટલારૂપ ભૂમિકા કહી. વિશેષરૂપ પડખાંમાથી દૃઢપણે સમજાવવાનો અધિકાર હવે પછી કહેશે.

કોઈ કહે :—સમયસારમાં તો મુનિઓને માટે ઉપદેશ છે, બહુ ઊંચી ભૂમિકાની વાત છે.

ઉત્તર :—તેમ નથી, પણ પ્રથમ ધર્મની શરૂઆતની જ વાત છે. વીતરાગ માર્ગનો એકડામાં એકડો છે.

હવે આચાર્ય શુદ્ધનયને પ્રધાન કરી નિશ્ચયસમ્યક્ત્વનું સ્વરૂપ કહે છે. જીવ–અજીવ આદિ નવતત્ત્વની શ્રદ્ધાને વ્યવહારથી સમકિત કહ્યું છે. નવતત્ત્વના ભેદ–વિકલ્પ રહિત એકરૂપ, અખંડ જ્ઞાનાસ્વરૂપ પૂર્ણ વસ્તુને શુદ્ધદૃષ્ટિ વડે જાણવાથી વિકલ્પ તૂટીને અખંડના લક્ષે સમ્યક્દર્શન થાય છે, છતાં વચ્ચે નવતત્ત્વના ભેદ પાડનાર શુભ વિકલ્પનો વ્યવહાર આવે છે પણ તે કાંઈ મદદગાર નથી. એકરૂપ યથાર્થપણું નક્કી કરવા માટે ભેદરૂપ વ્યવહારનયની મુખ્યતામાં શુભ વિકલ્પોથી નવ તત્ત્વો જાણવા તેને વ્યવહારસમ્યક્ત્વ કહ્યું છે. તે નવ તત્ત્વોનું સ્વરૂપ જણાવે છે :—

(૧) જીવ :—જીવ = આત્મા, તે સદાય જાણનારો, પરથી જુદો ને ત્રિકાળ ટકનારો છે. જ્યારે પરનિમિત્તના શુભ અવલંબનમાં જોડાય છે ત્યારે શુભભાવ (પુણ્ય) થાય છે, અશુભ અવલંબનમાં જોડાય છે ત્યારે અશુભભાવ (પાપ) થાય છે; જ્યારે સ્વાવલંબી થાય છે ત્યારે શુદ્ધભાવ થાય છે.

(૨) અજીવ :—જેમાં ચેતના–જાણપણું નથી, તેવાં દ્રવ્યો પાંચ છે. તેમાં ધર્મ-અધર્મ-આકાશ અને કાળ તે ચાર અરૂપી છે ને પુદ્ગલ રૂપી વર્ણ, ગંધ, રસ, સ્પર્શ સહિત છે.

અજીવ વસ્તુઓ આત્માથી જુદી છે, તેમ જ અનંત આત્માઓ પણ એક બીજાથી સ્વતંત્ર–જુદા છે. પર સંયોગ રહિત એકલું તત્ત્વ હોય તેમાં વિકાર થાય નહિ; પર તરફ વલણ કરતાં જીવને પુણ્ય–પાપની શુભાશુભ વિકારી લાગણી થાય છે. જીવ જ્યારે રાગાદિ કરે ત્યારે જડ કર્મની ઝીણી ધૂળ જે ક્ષણિક સંયોગ સંબંધે છે, તે નિમિત્ત થાય છે.

(૩) પુણ્ય :—દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત વગેરેના ભાવ જીવને થાય તે અરૂપી વિકારી ભાવ છે; તે ભાવપુણ્ય છે અને તેના નિમિત્તે જડ પરમાણુઓનો જથ્થો સ્વયં (પોતાના કારણે–પોતાથી) એક ક્ષેત્રાવગાહ સંબંધે જીવની સાથે બંધાય છે તે દ્રવ્યપુણ્ય છે.

(૪) પાપ :—હિંસા, અસત્ય, ચોરી, અવ્રત વગેરેનો અશુભભાવ તે ભાવપાપ છે અને તેના નિમિત્તે જડની શક્તિથી પરમાણુઓનો જથ્થો સ્વયં બંધાય તે દ્રવ્યપાપ છે.

પરમાર્થે પુણ્ય–પાપ મારું સ્વરૂપ નથી. આત્મામાં ક્ષણિક અવસ્થામાં પર સંબંધે વિકાર થાય છે તે મારાં નથી.

(૫) આસ્રવ :—વિકારી શુભાશુભભાવપણે અરૂપી અવસ્થા જીવમાં થાય તે

ભાવઆસ્રવ અને નવાં કર્મ રજકણોનું આવવું (આત્મા સાથે એક ક્ષેત્રે રહેવું) તે દ્રવ્યઆસ્રવ છે.

(૬) સંવર :—પુણ્ય–પાપના વિકારીભાવ (આસ્રવ) તે આત્માના શુદ્ધભાવ દ્વારા રોકવા તે ભાવસંવર છે અને તે અનુસાર નવાં કર્મ બંધાતાં અટકે તે દ્રવ્યસંવર છે.

(૭) નિર્જરા :—અખંડાનંદ શુદ્ધ આત્મસ્વભાવના લક્ષના જોરે સ્વરૂપસ્થિરતાની વૃદ્ધિ વડે અશુદ્ધ (શુભાશુભ) અવસ્થાનો અંશે નાશ કરવો તે ભાવનિર્જરા અને તેનું નિમિત્ત પામીને જડ કર્મનું અંશે ખરી જવું તે દ્રવ્યનિર્જરા છે.

(૮) બંધ :—આત્માનું રાગ–દ્વેષ, પુણ્ય–પાપના ભાવમાં અટકી જવું તે ભાવબંધ છે અને તેના નિમિત્તે પુદ્‌ગલનું તેની શક્તિથી કર્મરૂપ બંધાવું તે દ્રવ્યબંધ છે.

(૯) મોક્ષ :—અશુદ્ધ અવસ્થાનો સર્વથા–સંપૂર્ણ નાશ થઈ પૂર્ણ નિર્મળ પવિત્ર દશાનું પ્રગટ થવું તે ભાવમોક્ષ અને નિમિત્તકારણ દ્રવ્યકર્મનો સર્વથા નાશ (અભાવ) તે દ્રવ્યમોક્ષ છે.

આ પ્રમાણે જેવું નવતત્ત્વનું સ્વરૂપ છે તેવું શુભભાવથી વિચારે છે, તે શુદ્ધનું લક્ષ હોય તો વ્યવહારસમકિત છે. વ્રતાદિના શુભભાવને સંવર–નિર્જરામાં ગણે તો આસ્રવતત્ત્વની શ્રદ્ધામાં ભૂલ આવે. વ્યવહારશ્રદ્ધામાં કોઈ પડખે ભૂલ ન આવે. એમ નવ ભેદમાંથી ★શુદ્ધનય વડે એકરૂપ અખંડ જ્ઞાયકસ્વભાવી આત્માને તારવી લેવો તે પરમાર્થ–શ્રદ્ધા–સમ્યકદર્શન છે. ધર્મને નામે લોકોમાં પોતાનું માનેલું સમકિત બીજાને કહે છે–આપે છે પણ તેવું સમકિત હોઈ શકે નહિ, કારણ કે કોઈનો ગુણ તથા ગુણની અવસ્થા કોઈ બીજાને આપી શકાતી નથી.

પ્રથમ વ્યવહાર શ્રદ્ધામાં કોઈપણ પડખે વિરોધ ન આવે એવી સમજણ કરવી જોઈએ. જેઓ ખોટા દેવ, ખોટા ગુરુ કે ખોટા શાસ્ત્રથી હિત માને છે. શંકર, હનુમાન, સુરધન આદિ દેવ–દેવલાંની માનતા માને છે, તેથી છોકરાં થશે, ધન મળશે, રોગ ટળશે એવી માન્યતામાં રહે છે, તેને તો તીવ્ર તૃષ્ણાનું પાપ છે. બાહ્ય સગવડ–અગવડનો સંયોગ તો પૂર્વના પુણ્ય–પાપ અનુસાર મળે છે, દેવી–દેવલાં કોઈ અગવડ કે સગવડ કરવા સમર્થ નથી. આવો વિશ્વાસ પોતામાં લાવે તો વ્યવહારે શુભભાવ છે તેનાથી પુણ્ય બંધાય છે. વીતરાગે કહેલા સાચા દેવ–ગુરુ–શાસ્ત્રને તેનું સ્વરૂપ ઓળખીને માને ત્યારે

★ વર્તમાન અવસ્થાના ભેદને લક્ષમાં ન લેતા (ગૌણ રાખીને) એકરૂપ વીતરાગ સ્વભાવને અભેદપણે લક્ષમાં લેવો તે શુદ્ધનય છે.

શુદ્ધ લક્ષ હોય તો વ્યવહારે સાચી શ્રદ્ધા કહેવાય, તે પણ ખરી રીતે નિમિત્ત માત્ર છે. કોઈને તારવા સમર્થ નથી.

શુભભાવરૂપ નવતત્ત્વની શ્રદ્ધાથી નિશ્ચય સમ્યક્‌દર્શન થાય નહિ, છતાં પ્રથમ નિશ્ચયસ્વરૂપની યથાર્થતા જાણવા માટે શુભ વિકલ્પ આવે ખરા; પણ સમ્યક્‌દર્શન અને ધર્મ તો તેનાથી જુદી ચીજ છે, જેમ મેડી ઉપર જતાં વચ્ચે પગથિયાં આવે છે પણ તેનાથી ઉપર જવાતું નથી, જ્યારે પગથિયાં છોડે (છોડવાની દૃષ્ટિએ પગ મૂકે) ત્યારે ઉપર જવાય છે; તેમ યથાર્થ વસ્તુનો નિર્ણય કરવા શ્રવણ—મનન વડે અનેક પડખાંથી વિચાર કરવા શુભભાવ પ્રથમ આવે, તેમ જ અશુભથી બચવા માટે દયા, દાન, વ્રત, તપ, પૂજા, ભક્તિ વગેરે શુભભાવ આવે પણ તે કર્મના નિમિત્ત તરફના જોડાણનો ભેદ છે. નવતત્ત્વના ભેદ વિચારવા તે પણ મનના સંબંધે થતાં શુભભાવના વિકલ્પ છે. અખંડ સ્વભાવ નથી નવતત્ત્વના ભેદથી—વિકલ્પથી આત્માનો વિચાર કરવો તે શુભરાગ છે, વ્યવહાર છે તેમાં ધર્મ નથી.

વસ્તુ ત્રણકાળે આમ જ છે. <u>સત્ય ફરે તેમ નથી પણ જેને સત્ય સમજવું હોય તેણે ફરવું પડશે.</u> પૂર્વે અનંતકાળમાં અનંતવાર વ્યવહારના વિકલ્પો જીવે કર્યા છે, ભગવાને કહેલી વ્યવહારશ્રદ્ધા અભવી જીવ પણ કરે છે, પણ તે ભેદથી ગુણ થતો નથી.

જે અજ્ઞાની પ્રથમ સમજવા માગે છે તેને 'એકલો આત્મા', 'અખંડ આત્મા' એમ કહેવાથી સમજી શકે નહિ તેથી તેને સમજાવવા વ્યવહારથી નવતત્ત્વના ભેદ પાડી વિકલ્પ વડે અખંડનું લક્ષ કરાવે છે. હું જીવ છું, અજીવ નથી, પુણ્ય—પાપ મારું સ્વરૂપ નથી, એ પ્રમાણે નવતત્ત્વોના શુભ વિકલ્પરૂપ શ્રદ્ધાના ભેદમાંથી આત્માનું એકપણું તારવી, ત્રિકાળી એકરૂપ ટકનાર જ્ઞાયકપણે પૂર્ણ સ્વભાવને શુદ્ધનયથી શ્રદ્ધાના લક્ષમાં લેવો તે સમ્યક્‌દર્શન છે.

સમજનારો સામી વસ્તુથી કે વિકલ્પ કરે તેનાથી સમજતો નથી પણ પોતાથી સમજે છે. જે જાણે છે તે જીવ છે તેમાં પરપણે ન થનાર અનંત ગુણની અનંત તાકાત છે, તેનો વિશ્વાસ કરનારને શુભભાવની પ્રધાનતા નથી. તત્ત્વનો વિચાર કરતાં જેટલા ભેદ પડે તે ભેદમાંથી અભેદ વસ્તુ તરફ ઢળીને અભેદપણું નક્કી કરતો જાય છે, તે પરથી કે મન દ્વારા નક્કી કરાતો નથી પણ પોતે જાણનારો હોવાથી જાતે નક્કી કરે છે. જ્યાં સુધી મનના સંબંધે શુભ વિકલ્પથી શ્રદ્ધા કરે છે ત્યાં સુધી નિશ્ચય સમ્યક્‌દર્શન નથી, પણ જ્યારે વિકલ્પનો શ્રદ્ધામાં અભાવ કરી, અખંડ સ્વભાવના લક્ષે વ્યવહારના ભેદને ગૌણ કરી, એકરૂપ વસ્તુનું એકાગ્ર લક્ષ કરી, અભેદ સ્વરૂપનો અનુભવ કરે ત્યારે નિશ્ચય સમ્યક્‌દર્શન થાય છે.

શુભભાવ તે રાગ છે. રાગ દ્વારા આત્માને માનવો તે પુણ્યરૂપ શુભભાવનો વ્યવહાર છે, ધર્મ નથી. જીવાદિ તત્ત્વની શુદ્ધતાને લક્ષે શ્રદ્ધા તે વ્યવહાર સમકિત છે.

વ્યવહાર એટલે એકનો બીજામાં ઉપચાર. બિલાડીને વાઘ કહેવો તે ઉપચાર છે. જેણે કદી વાઘ જોયો નથી તેને સમજાવવા બિલાડીને વાઘનો ઉપચાર કરી વાઘપણે ઓળખાવે છે પણ બિલાડી તે ખરેખર વાઘ નથી. જેને ઉપચારનું—વ્યવહારનું ભાન નથી, તે બિલાડીને જ ખરેખરો વાઘ માની લે છે; તેમ સર્વજ્ઞ ભગવાને અખંડ આત્માની ઓળખાણ કરાવવા ઉપચારથી વ્યવહારથી નવતત્ત્વના ભેદ કહ્યા છે. તે નવતત્ત્વના વિકલ્પવાળી શ્રદ્ધાના ભેદને જ યથાર્થ આત્માનું સ્વરૂપ માની બેસે તેને વ્યવહારની પણ ખબર નથી. વ્યવહાર કોઈ ચીજમાં કે દેહાદિની ક્રિયામાં નથી. કોઈ જીવ શરીરાદિ પરચીજની ક્રિયાનો કે પરચીજનો વ્યવહારે પણ કર્તા નથી. આત્મા પરની અવસ્થાપણે કે પરપણે ત્રણકાળમાં થઈ શકતો નથી. અજ્ઞાની પુણ્ય—પાપના વિકારી શુભાશુભ ભાવનો કર્તા છે. જ્ઞાનીને અખંડ સ્વભાવનું ભાન હોવા છતાં વર્તમાન પુરુષાર્થની નબળાઈથી રાગ થાય પણ તેનો ધણીપણે કર્તા થતો નથી.

જે જીવ સાચા તત્ત્વનો વિચાર કરે છે અને યથાર્થ સ્વભાવને નક્કી કરવા માગે છે, તેને નવ તત્ત્વોની શ્રદ્ધા નિમિત્તપણે નીવડે છે; પણ નિર્વિકલ્પ એકાકાર ધ્રુવપણે જ્ઞાયકવસ્તુની નિર્મળ શ્રદ્ધા ન કરે તો શુભભાવ માત્ર પુણ્ય હોવાથી તે બાહ્ય ફળ આપી છૂટી જાય છે. વ્યવહારનય આશ્રિત નિમિત્તના સંબંધની વૃત્તિ ઊઠે તેની શુભરાગ પૂરતી મર્યાદા છે, પણ ભેદનો નિષેધ કરી શુદ્ધ અખંડ વસ્તુની યથાર્થ દૃષ્ટિથી અંદરમાં ઠરે તો, ભેદનું લક્ષ ગૌણ થઈ એકાકાર પૂર્ણ સ્વભાવના લક્ષે નિર્મળ શ્રદ્ધા પ્રગટે, ત્યાં ઉપચારથી નવતત્ત્વની શ્રદ્ધા વ્યવહારે નિમિત્ત કહેવાય. નિશ્ચયશ્રદ્ધા ન હોય ત્યાં શુભવ્યવહારરૂપ શ્રદ્ધાને નિમિત્ત પણ ન કહેવાય.

નવતત્ત્વના ભેદને જાણનારો આત્મા જ્ઞાયકપણે ત્રિકાળી અખંડ છે. શુભાશુભ વિકલ્પની વૃત્તિ ઊઠે તેનો જ્ઞાયકસ્વભાવમાં અભાવ છે. હું અસંગ એકરૂપ જ્ઞાયક છું, એમ નિર્વિકારી નિરાવલંબી નિરપેક્ષ સ્વભાવને અખંડ સ્વરૂપે શ્રદ્ધાનો વિષય બનાવે તો યથાર્થ સમ્યક્દર્શન થાય છે. અનંતકાળમાં નહિ પ્રગટેલી એવી શ્રદ્ધા યથાર્થના જોરે પ્રગટ થાય છે અને નવતત્ત્વના ભેદ તથા પર નિમિત્તનો બુદ્ધિપૂર્વક ખ્યાલ છૂટી જાય છે. એવી યથાર્થ વસ્તુસ્થિતિમાં શું આવે છે તે જણાવવા માટે ત્રણ શ્લોક કહે છે.

પ્રથમ શ્લોકમાં કહે છે કે વ્યવહારનયને કથંચિત્ પ્રયોજનવાન કહ્યો, તોપણ તે

કાંઈ વસ્તુભૂત નથી, મદદગાર પણ નથી; કારણ કે નિશ્ચય પરમાર્થના અનુભવમાં તે છૂટી જાય છે, માટે અભૂતાર્થ છે.

પ્રશ્ન :—ઘડીમાં વ્યવહારની હા અને ઘડીમાં ના, ખરું શું સમજવું?

ઉત્તર :—જે અપેક્ષાએ 'હા' છે તે અપેક્ષાએ 'હા' અને જે અપેક્ષાએ 'ના' છે તે અપેક્ષાએ 'ના' જેમ છે તેમ જ કહેવાય છે. વસ્તુ સ્વભાવે ત્રિકાળ એકરૂપ અખંડ છે તેની નિશ્ચયથી હા અને વર્તમાન અવસ્થામાં પર સંબંધે વિકાર થાય છે અને સ્વભાવના લક્ષે નિર્મળ અવસ્થા થાય છે તેની વ્યવહારથી 'હા'; અખંડ સ્વભાવને ધ્રુવ એકાકાર જોનાર નિશ્ચયના જોરે સ્વભાવમાં વિકલ્પ રાગ–દ્વેષ નથી, નિમિત્તાધીન થાય છે માટે 'ના'; ભૂતાર્થદૃષ્ટિમાં વ્યવહારના ભેદ નથી.

કોઈ કહે :—રાગ-દ્વેષ, અજ્ઞાન જડ પ્રકૃત્તિ કરાવે છે.

ઉત્તર :—પોતે તેનો કર્તા થઈને જડ કર્મને માથે ઢોળે છે, પણ જડ તો આંધળા–અચેતન છે, તેને કાંઈ ખબર નથી. આપણે તો જ્ઞાતાદ્રષ્ટા જ છીએ અને ઇન્દ્રિયોના વિષયો ઇન્દ્રિયો ભોગવે છે, એમ કોઈ માને તો તેમ નથી. ભોગવવાનો વિકારી ભાવ તો પોતે જ કરે છે એટલે કે દોષ કરે પોતે અને નાખે બીજા ઉપર, એવું પોપાબાઈનું રાજ્ય વીતરાગ માર્ગમાં નથી.

જ્યાં ગુણ છે ત્યાં ગુણની ઊંધી અવસ્થા (વિકાર) થઈ શકે છે અને વિકારનો નાશ પણ ત્યાં જ થઈ શકે છે. મારામાં વિકાર નથી, અવસ્થા પણ નથી; હું તો શુદ્ધ જ છું, એમ માનનાર બંને પડખાંને સમજ્યો જ નથી. ત્રિકાળી સ્વભાવ અને વર્તમાન અવસ્થા બંનેને જેમ છે તેમ માની સ્વભાવને મુખ્ય કરે તો અવિકારી સ્વભાવનો આનંદ પ્રગટે.

સમ્યક્દર્શન પહેલાં સત્‌દેવ–ગુરુ–શાસ્ત્રની ઓળખાણ, શ્રદ્ધ, પૂજા, ભક્તિ તથા તત્ત્વનો વિચાર વગેરે શુભભાવો આવે છે. યથાર્થમાં જતાં વચ્ચે વ્યવહારનો ટેકો દઢપણે આવી જાય છે તે ખેદ છે, તે સારભૂત વસ્તુ નથી. હવે તે રૂપ કલશ કહે છે :—

**व्यवहरणनयः स्याद्यद्यपि प्राक्पदव्या–**
**मिह निहितपदानां हंत हस्तावलंबः ।**
**तदपि परममर्थं चिच्चमत्कारमात्र**
**परविरहितमंतः पश्यतां नैष किंचित ।।५।।**

આચાર્ય મહારાજ કહે છે કે જે વ્યવહારનય છે તે જોકે આ પહેલી પદવીમાં (જ્યાં સુધી શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી) જેમણે પોતાનો પગ માંડેલો છે એવા પુરુષોને, યથાર્થ સ્વરૂપનો અવિરોધ નિર્ણય કરવા માટે, અરેરે! હસ્તાવલંબ તુલ્ય કહ્યો છે, તોપણ જે પુરુષો ચૈતન્ય–ચમત્કારમાત્ર, પરદ્રવ્યભાવોથી રહિત (શુદ્ધનયના વિષયભૂત) પરમ 'અર્થ'ને અંતરંગમાં અવલોકે છે, તેની શ્રદ્ધા કરે છે તથા તદ્રૂપ લીન થઈ ચારિત્રભાવને પ્રાપ્ત થાય છે તેમને એ વ્યવહારનય કાંઈપણ પ્રયોજનવાન નથી.

યથાર્થ વસ્તુનો નિશ્ચય કરી જ્ઞાનમાં ઠરે નહિ ત્યાં સુધી વ્યવહારનય હસ્તાવલંબ તુલ્ય કહ્યો છે, ખરેખર તેનું આવલંબન નથી. મેડી ઉપર જતાં વચ્ચે કઠોડા ઉપર હાથ આવે છે અને દાદરા ઉપર પગ મૂકે છે, પણ તે છોડવા માટે છે; તેમ યથાર્થ સ્વરૂપનો વિરોધ રહિત નિર્ણય કરવા માટે શુભ વિકલ્પમાં રોકાવું પડે છે તે વ્યવહાર છે, પણ અરેરે! ખેદ છે, નિમિત્તાશ્રિત ભેદમાં અટકવું પડે તેનો ખેદ છે, પરમાર્થમાં જતાં વચ્ચે તત્ત્વના વિકલ્પનું આંગણું આવે છે ખરું, પણ તે વડે આગળ વધાતું નથી. પોતાના જોરથી જ્યારે પોતે તેને ઉલંઘી જાય છે ત્યારે ત્યાં વિકલ્પનો અભાવ તે નિમિત્ત કહેવાય. મેડી ઉપર ચડનાર કૂદકો મારી પગથિયું છોડી દે ત્યારે છૂટ્યુ તેને નિમિત્ત હતું એમ કહેવાય; તેમ અનાદિથી પરાશ્રયરૂપ વ્યવહારની પકડથી રાગ–દ્વેષ, પુણ્ય–પાપ પરનું ધણીપણું–કર્તાપણું માનતો હતો, ત્યાંથી ગુલાંટ મારી અખંડ અવિકારી નિરાવલંબી સ્વભાવનું જોર કરતા વિકલ્પનો અંશ તૂટી પ્રથમના ત્રણ ગુણસ્થાનને ઓળંગી સીધો ચોથા સમ્યક્દર્શન ગુણસ્થાને જાય છે.

વિકારનો નાશક સ્વભાવ નિત્ય એકરૂપ જ્ઞાયકપણે છે. વિકારમાં અટકે તેવું તેનું સ્વરૂપ નથી. આચાર્યદેવ કહે છે કે, જીવને પરમાર્થમાં જ જવું છે, તોપણ નવતત્ત્વના તથા ગુણ–ગુણીના ભેદવિચાર અને શુભ વિકલ્પરૂપ વ્યવહાર આવ્યા વિના રહેતો નથી, છતાં તે કાંઈ પ્રયોજનવાન નથી. જેમ માલ લેતી વખતે માલની જાત નક્કી કરે, ભાવ નક્કી કરે, પછી તોલ કરાવે એમ બધું લેતી વખતે કરવું પડે પણ માલ મળ્યા પછી સ્વાદ લેવા વખતે કાંટો, કાંટલા કે ભાવ (કિંમત) સાથે રાખવા પડતાં નથી; તેમ પરમાર્થસ્વરૂપ આત્માનો નિર્ણય કરવા માટે પ્રથમ જીવાદિ નવતત્ત્વ શું છે તે જાણવાનો તથા વિકલ્પ રહિત સાચું તત્ત્વ કેવું છે? તેનું માપ કરવાનો વિચાર ગુરુગમે બરાબર કરવો પડે, પણ તેના એકરૂપ અનુભવ–સ્વાદ માટે નવતત્ત્વ અને માપ લેવાના વિકલ્પો એ બધું છોડી દેવું પડે છે, કારણ કે તે શુભ વિકલ્પથી આત્માનુભવ પ્રગટ થતો નથી.

તા. ૨-૮-૪૩

વાસ્તવિક સમ્યક્દર્શન તે જ ધર્મની પ્રથમ શરૂઆત છે. પ્રથમ અધૂરી અવસ્થામાં નવતત્ત્વનું યથાર્થ જ્ઞાન ન કરે તો આત્માનો પૂર્ણ સ્વભાવ જણાય નહિ. જીવાદિ નવતત્ત્વોને જેમ છે તેમ શુદ્ધતાના લક્ષે જાણવા તે વ્યવહાર છે. અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ અને બંધ તદ્દન છોડવા જેવા છે, તથા શુદ્ધ જીવ, સંવર, નિર્જરા અને મોક્ષ વ્યવહારે આદરવા જેવા છે. આવો વ્યવહારૂ યથાર્થ વિવેક કરે ત્યારે શુભભાવ થાય છે. નવતત્ત્વોને યથાર્થ રીતે જાણે તો તે સમ્યક્દર્શન માટે હસ્તાવલંબ–ટેકો છે, ટેકાથી સમ્યક્દર્શન થતું નથી પણ પુરુષાર્થથી થાય છે. આવું ન સમજે તે ધર્મની નજીક પણ નથી, આવું સમજ્યા વગર ધર્મ નથી. યથાર્થ સમજણ હોય તો જાણે કે સમ્યક્દષ્ટિને તેના પદ અનુસાર પુણ્ય-પાપ થાય પણ એના વડે અવિકારી આત્માનો ધર્મ થાય નહિ. ધર્મ તો મન–ઇન્દ્રિયોથી પેલે પાર (તદ્દન ભિન્ન) માત્ર અંતર જ્ઞાનદષ્ટિથી અનુભવગમ્ય છે. તેનું ભાન કરવાથી બહારની દૃષ્ટિ અને દશા બદલાઈ જાય છે. ભાન કરવું તે પ્રથમમાં પ્રથમ કર્તવ્ય છે તે ચોથું ગુણસ્થાન સમ્યક્દર્શન છે. તેનાથી જ ધર્મની, આનંદની શરૂઆત થાય છે. ત્યાર પછી શ્રાવક અને મુનિપણાની દશા આવે છે અને અંશે અંશે નિર્મળતા–સ્વરૂપસ્થિરતા થાય છે, તે તો ઊંચી વાત છે.

સુખની શરૂઆત કરવા માટે પ્રથમ સાચું જ્ઞાન કરવું પડે છે. નિરાકુળ સ્વાધીન સુખસ્વરૂપ આત્માને જાણવા માટે પ્રથમ નવતત્ત્વના યથાર્થ ભેદ જાણવા પડે છે. તે વિકલ્પ રાગનો અંશ છે. નવતત્ત્વને ગુરુગમે યથાર્થ જાણે ત્યારે પરમાર્થસ્વરૂપની નજીક થાય છે. તે જીવ સ્વરૂપના આંગણે આવી ઊભો છે, ઘરમાં–સ્વભાવમાં દાખલ થયો નથી, સ્વભાવની ઋદ્ધિ જુદી જ છે. પ્રથમથી જ તે બધા વિકલ્પોને છોડવા જેવા જાણી સાચી રીતે નવતત્ત્વને ન જાણે તો નિર્વિકલ્પ અનુભવ સહિત અખંડ તત્ત્વની શ્રદ્ધા થતી નથી, સ્વ-પરની જુદાઈનો વિવેક કરનાર યથાર્થ જ્ઞાન થતું નથી અને અંતર રમણતારૂપ ચારિત્ર થતું નથી.

નિર્વિકલ્પ પૂર્ણ પરમાર્થ સ્વભાવ પ્રગટ કરવા માટે, તે સંબંધી જ્ઞાન કરવા નવતત્ત્વના વિચારમાં રોકાવું પડે છે તેનો પણ આચાર્યને ખેદ છે, પણ જેને સાચા દેવ–ગુરુ–તત્ત્વ કોણ અને ખોટા કોણ? તેની જ ખબર નથી, તેઓની તો વાત જ અહીં નથી. જે સાચા દેવ–ગુરુનું સ્વરૂપ વિપરીત માને છે. પુણ્યથી ધર્મ માને છે, પાપથી બચવા માટે જે પૂજા–ભક્તિ વગેરેના શુભભાવ થાય છે, તે પુણ્યબંધનના કારણને (આસ્રવ તત્ત્વને) ગુણનું કારણ માને છે અથવા પાપની અશુભ લાગણીને ધર્મ માને છે, આકુળતામાં સુખ માને છે, તેવા અજ્ઞાનીને તો નવતત્ત્વની વ્યવહારે પણ ખબર નથી.

દેહ ઉપર દૃષ્ટિ રાખી ક્રિયાકાંડ–તપસ્યા કરે, તેમાં પોતે કષ્ટ સહન કર્યું માને, કષ્ટનો કરે ખેદ અને તેમાં ધર્મ માને કે અહો! ધર્મ બહુ કઠણ, વેળુના કોળિયા જેવા છે. અમે ઘણું કષ્ટ વેઠ્યું છે, માટે બહુ ધર્મ થયો; એમ ધર્મને કષ્ટદાયક માને પણ ખેદ થયો તે તો અશુભભાવ છે. આર્તધ્યાન છે, પાપ છે. જીવનો અંતરંગ મહિમા ન દીઠો, ખરું શુભ શું તેની ખબર ન પડી ત્યારે સમજ્યા વિના તપશ્ચર્યા, ઉપવાસ આદિમાં જ વળગી રહે અને તેમાં ખેદ–અણગમો–અરુચિ થાય તેને ધર્મ માને! આકુળતા શું અને નિરાકુળતા શું? તેના ભાન વિના, હઠથી–કષ્ટથી અશુભભાવથી ક્રિયાકાંડમાં ધર્મ માને, ઘણું કષ્ટ હોય તો ધર્મ થાય એમ માને; પણ ધર્મ તો આત્માનો પૂર્ણ નિરાકુળ સ્વભાવ છે, તેમાં દુઃખ હોય નહિ અને જ્યાં દુઃખ છે ત્યાં ધર્મ નથી. ધર્મ સુખશાંતિ દેનાર હોય કે દુઃખદાતા હોય અને તે પોતામાં હોય કે પરમાં, તેની પણ જેને ખબર નથી તે પર ઉપર જુએ છે અને શરીર ઘણું સૂકાયું માટે ધર્મ થયો માને છે. બાહ્યમાં દુઃખ ઉપર અણગમો કરીને ઊલટો અશાતા વેદનીય કર્મ બાંધે છે.

આત્માના જે ભાવથી શુભાશુભ વિકારની લાગણી અટકે તે સંવર છે. પાંચ મહાવ્રતાદિના શુભભાવ તે આસ્રવ (નવા બંધનું કારણ) છે. તેમાં જેણે ધર્મ માન્યો છે તેને વ્યવહારે પણ નવતત્ત્વની ખબર નથી. પાપમાં ન જવા માટે શુભભાવ બરાબર છે; પણ તે શુભ વિકારથી હળવે સમ્યક્દર્શન વગેરે ગુણ થશે, તે વાત ત્રણેકાળે ખોટી છે.

જેને યથાર્થ આત્મસ્વરૂપનો અનુભવ–આત્મસાક્ષાત્કાર કરવો છે, નિર્વિકલ્પ શ્રદ્ધાના લક્ષે ઠરવું છે, તેણે પ્રથમ તો નવતત્ત્વને, દેવ–ગુરુ–શાસ્ત્રને યથાર્થપણે જાણવાં પડશે; પણ તે જ વખતે ખ્યાલ રાખવો પડશે કે તે વિકલ્પોથી (ભેદના લક્ષથી) સમ્યક્દર્શન પ્રગટતું નથી. વ્યવહારરૂપ ભેદ તે અભેદનું કારણ ન થાય. સાચું હિત શું? તેની જેને કશી ખબર નથી, નવતત્ત્વનાં નામ પણ આવડતાં નથી, તેને સ્વરૂપનું ભાન કે આત્માનો ધર્મ ક્યાંથી થાય?

મનના સંબંધે વિકલ્પથી નવતત્ત્વનો યથાર્થ વિચાર કર્યા પછી, અવસ્થના ભેદનું લક્ષ ગૌણ કરી, પૂર્ણરૂપ શુદ્ધાત્મા તરફ ઢળીને, મનથી પણ જરા જુદો પડી અખંડની શ્રદ્ધાના વિષયમાં ઠરે અને નિરાવલંબી, અસંગ, અવિકારી જ્ઞાયકસ્વરૂપમાં તદ્રુપ એકપણાની શ્રદ્ધા લાવે તે યથાર્થ સમ્યક્દર્શન છે; જન્મ–મરણનાં દુઃખ ટાળવાનો આ એક જ ઉપાય છે. વિપરીતદૃષ્ટિ ટાળ્યા પછી, સ્થિર ન થઈ શકે ત્યાં સુધી, અશુભથી બચવા માટે, નવતત્ત્વ સંબંધી વિશેષ જ્ઞાનની નિર્મળતા કરવા શુભભાવમાં અટકવું પડે છે, પણ તે ભેદનો આદર કરીને જ્ઞાની અટકતા નથી. આગળ કહેશે કે એકલા નવતત્ત્વની ભેદરૂપ

શ્રદ્ધા તે મિથ્યાદૃષ્ટિ છે, વિકલ્પની મદદ વિના ચિદાનંદ પૂર્ણ સ્વરૂપને યથાર્થ પ્રતીતિપૂર્વક ન માને ત્યાં સુધી શુભ વિકારની શ્રદ્ધા છે, પણ અવિકારી અખંડ સ્વભાવની શ્રદ્ધા નથી.

પ્રથમમાં પ્રથમ આ સમજવા જેવું છે. સંસારની કાળજી કરે છતાં સરવાળે મીંડાં છે, પ્રથમથી જ શૂન્ય હોવાથી સરવાળા પણ શૂન્ય જ આવે પણ તેના હરખનો પાર નહિ અને જેનાથી અવિનાશી હિત થાય તેની દરકાર નહિ!

આચાર્ય ભગવાને પરમ અદ્‌ભુત રહસ્યને જાહેર કરી દીધું છે. આ અપૂર્વ ચીજ શું છે તેનો જેને ખ્યાલ નથી તે તેનો વિચાર ક્યાંથી કરશે? કાળજીપૂર્વક તત્ત્વનો અભ્યાસ ન કરે તો ઠરવાનાં ઠેકાણાં ક્યાંય નથી, માત્ર રખડવાનાં છે. યથાર્થ સમ્યક્‌દર્શન અનંતકાળમાં એક સેકન્ડ માત્ર પ્રગટ્યું નથી. વસ્તુનો યથાર્થ નિર્ણય કરવા માટે તેનો વધારે વખત અભ્યાસ અને સાચું શ્રવણ જોઈએ. એકાદ વખત અર્ધું સાંભળીને ચાલ્યા જાય તેને બંને અપેક્ષાનો મેળ બેસશે નહિ, પોતાની બુદ્ધિથી એક અપેક્ષાએ પકડે તો ખરું રહસ્ય શું છે? તે સમજાય નહિ. જેમ સીડી ઉપર ચડતાં કોઈ નાના બાળકને કોઈ બાઈએ કહ્યું કે 'પડીશ તો મરીશ.' તે બાળકની માએ 'મરીશ' એટલું જ સાંભળ્યું અને પેલી બાઈ સાથે કજિયો માંડ્યો કે મારા છોકરાને મરવાનું કેમ કહ્યું? પણ પેલી બાઈએ તો કહ્યું કે તમે પુરું સાંભળ્યું નથી. મેં તો 'પડીશ તો મરીશ' કહ્યું એમાં તો તારા છોકરાને જીવવાનું કહ્યું, પણ તમે પુરું ન સાંભળ્યું તે ભૂલ તમારી જ છે; તેમ પૂર્વાપર વિરોધ રહિત સર્વજ્ઞ વીતરાગતાનાં વચનોમાં શું કથન છે તે આખી વાત સાંભળી, ન્યાયથી સંધિથી સમજે નહિ અને એક પડખાંની વાત પકડે તો વિરોધ ઊઠે જ.

જેને વ્યવહાર તત્ત્વની પણ કાંઈ ખબર નથી, પુણ્ય–પાપરૂપ આસ્રવને જો સમજે નહિ, તેનાથી જુદાં એવાં સંવર–નિર્જરારૂપ ધર્મને પણ સમજે નહિ. પ્રથમ વ્યવહાર શ્રદ્ધામાં જ ભૂલ હોય ત્યાં પરમાર્થના આંગણા નજીક આવી શકે જ ક્યાંથી? શુભ આસ્રવભાવ પણ પરમાર્થે છોડવા યોગ્ય છે. નવતત્ત્વના ભેદવિકલ્પો પરમાર્થદૃષ્ટિએ છોડવા જેવા છે. નવતત્ત્વની શ્રદ્ધાને પરમાર્થ કહેતા નથી છતાં વચ્ચે હસ્તાવલંબ તુલ્ય આવી જાય છે, તેથી તેમાં રોકાવાનો પણ ખેદ છે. જો શુભ વિકલ્પના ભેદ પાડ્યા વગર સીધું જ પરમાર્થમાં જવાતું હોય તો વ્યવહારમાં રોકાવાની કાંઈ જરૂર નથી, પણ તેમ થતું નથી.

**ભાવાર્થ :—**આત્માની નિર્મળ શ્રદ્ધા થયા પછી નવતત્ત્વના વિકલ્પરૂપ વ્યવહારનું કાંઈ પ્રયોજન નથી. નિશ્ચય શ્રદ્ધા સાથે અંશે સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ્યું, પછી અશુદ્ધનય કાંઈપણ પ્રયોજનકારી નથી. વ્યવહારે નવતત્ત્વ જાણી શુભભાવ કરે અને તે

શુભ વ્યવહારમાં અટકી રહે તો તેને પરમાર્થે કાંઈ લાભ નથી.

હવે નિશ્ચય સમ્યક્ત્વનું સ્વરૂપ છે :—

**एकत्वे नियतस्य शुद्धनयतो व्याप्तुर्यदस्यात्मनः**
**पूर्णज्ञानघनस्य दर्शनमिह द्रव्यांतरेभ्यः पृथक् ।**
**सम्यग्दर्शनमेतदेव नियमादात्मा च तावानयं**
**तन्मुक्त्वा नवतत्त्वसंततिमिमामात्मामेकोस्तु नः ।।६।।**

સર્વજ્ઞ વીતરાગનું શું કહેવું છે? તેનું રહસ્ય ખોલીને આચાર્યદેવે જગત પાસે જાહેર કર્યું છે. કોઈને આ વાત બેસે અથવા ન પણ બેસે. સૌ પોતાના ભાવમાં અવળું-સવળું કરવા સ્વતંત્ર છે. સત્‌ની હા અગર ના પાડવામાં સૌ સ્વતંત્ર છે. પ્રભુ! તારી અશુદ્ધતાની અવળાઈ પણ બડી (મોટી) છે. શ્રીમદ્ રાજચંદ્રે લખ્યું છે કે ''ભગવાન પરિપૂર્ણ સર્વગુણ સંપન્ન કહેવાય છે, તથાપિ એમાંય અપલક્ષણ કાંઈ ઓછાં નથી.'' એમ આત્માને સંબોધીને પુરુષાર્થ ઉપાડવા કહેલ છે.

કોઈ કર્મના સંયોગમાં જોડાઈને રાગ-દ્વેષ મારા છે, કરવા જેવા છે, હું પરનો કર્તા છું; એમ માને અને અવિકારી શુદ્ધ તત્ત્વનો નકાર કરે તો તેને હા પડાવવા કોઈ સમર્થ નથી ઊંધો પડ્યો પણ પૂરો સ્વતંત્ર છે. જેમ કોઈ બાળક પાસેથી લાકડાનું ચુસણિયું બીજા છોકરાએ લઈ લીધું, તેથી તે ઊંહુંના ઊંકારે ચડ્યો, પછી પેંડો આપ્યે પણ છાનો ન રહે, તેનું ચુસણિયું લાવી આપે છતાં છાનો રહે નહિ; કારણ કે પોતાનું રોવું ક્યાંથી શરૂ થયું તેની તેને ખબર નથી. તેમ ચિદાનંદ ભગવાન આત્મા પુણ્ય–પાપથી નિરાળો છે, પુણ્યથી પણ આત્માનો ધર્મ નથી, આત્માનો આનંદ પ્રગટે તેની શ્રદ્ધા જુદી છે, તે સાંભળતાં નકારે ચડ્યો તેનું પુણ્ય–પાપનું કર્તાપણું, પરનું ધણીપણું રાખવાની માન્યતારૂપ અજ્ઞાન (સ્વભાવનો નકાર) છોડાવવા જ્ઞાનીઓએ પુણ્ય–પાપ રહિત પરમાર્થની વાત કરી, છતાં તેને સત્ય કે અસત્યની ખબર જ નથી, ક્યાં ભૂલ કરી છે? તેની ખબર નથી, તેથી તેનો વિરોધ (નકાર) તેના ભાવમાંથી મટે નહિ. જેમ (ઉપરના દ્રષ્ટાંતમાં) બાળકને બાપ ગમે તેટલું ગમે તે રીતે કહે, સમજાવે પણ તે ન માને, પછી તેની મેળે છાનો રહી જાય; તેમ ઊંધા પડેલા આત્માને અનંતા જ્ઞાની સમજાવે પણ માને નહિ, તેનો પોતાનો સ્વતંત્ર પુરુષાર્થ હોય તો જ સમજે.

આચાર્ય મહારાજ કહે છે કે અમે કોઈ બીજાને માટે કહેતા નથી, પણ અમારી રુચિના આમંત્રણ છે, સત્ ગોઠ્યું તેની જાહેરાત છે, કોઈનો વિરોધ નથી. જેમ ઘેર કોઈ

મહેમાન આવે તેને પોતાના શોખની ઉત્તમ ચીજ હોય તે જ જમવા વખતે પીરસે છે તેમ જ્ઞાનીઓ જગત પાસે નિસ્પૃહા કરુણાથી સત્‌ની જાહેરાત કરે છે, કેમ કે તે જ તેમના શોખની ચીજ છે. સત્‌ની કિંમત કોઈ બીજાને ગોઠે કે ન ગોઠે તેના ઉપર તેમની દ્રષ્ટિ નથી, પણ તેઓ તો પોતાને ગોઠ્યાંના ગાણા ગાય છે.

પરદ્રવ્યોથી તથા પુણ્ય–પાપના વિકારી ભાવોથી ભિન્ન આત્માના ત્રિકાળી પૂર્ણ અખંડાનંદ સ્વરૂપને એકરૂપ શ્રદ્ધાના લક્ષમાં લેવાની રીત જાણી, વ્યવહારદ્રષ્ટિ ગૌણ કરી, એકરૂપ અખંડ સ્વભાવના લક્ષે ખોટી માન્યતાનો નકાર અને યથાર્થ માન્યતાનો સ્વીકાર તથા અખંડ જ્ઞાયક પરમાનંદપણે પૂર્ણ છું, એમ ધ્રુવ સ્વભાવનો યથાર્થ શ્રદ્ધામાં સ્વીકાર તે સમ્યક્‌દર્શન છે.

ભગવાન આત્માને પરદ્રવ્યથી સદાય જુદો દેખવો, પરસંબંધ રહિત–વિકાર રહિત માનવો એટલે કે આબરૂ, ધન, સ્ત્રી, પુત્ર, મન, વાણી, દેહ તથા દેવ–ગુરુ–શાસ્ત્ર વગેરે બધાય પોતાથી જુદાં છે, પુણ્ય–પાપના વિકાર પણ પોતાના સ્વભાવરૂપ નથી; એમ સર્વથા પરથી જુદો એકરૂપ શુદ્ધ આત્માને માનવો, શ્રદ્ધામાં લેવો તે જ નિયમથી★ સમ્યક્‌દર્શન છે. જ્યારે અન્યથી પોતાને જુદો માન્યો એટલે કોઈ સાથે ત્રણ કાળમાં સંબંધ નથી, એમ માન્યું ત્યારે પરથી લાભ-હાનિ થઈ શકે નહિ. એવી શ્રદ્ધા થવાથી, પરવસ્તુની પળોજણની ભ્રમણામાંથી છૂટી એકલા સ્વાધીનપણામાં જ (સ્વભાવમાં જ ઠરવાનું રહ્યું, પુણ્ય–પાપનું ધણીપણું છૂટી ગયું, (અખંડ ગુણની પ્રતીતિમાં વિકારની નાસ્તિ છે.) કોઈ સાથે સેળભેળ કરવાપણુ ન રહ્યું, કોઈમાં કર્તાપણાની માન્યતા ન રહી, તેથી અનંતો રાગ-દ્વેષ તો ટળી ગયો અને અંશે નિરાકુળ આનંદ પ્રગટ થયો; એવા એકરૂપ નિરાવલંબી આત્માની જ પ્રતીતિ કરવી તે ધર્મની શરૂઆતનું મૂળ–સમ્યક્‌દર્શન છે.

ભગવાન આત્મા પરથી તો જુદો છે પણ પોતાપણે કેવો છે? સદાય ગુણ–પર્યાયમાં વ્યાપનારો છે, રાગાદિમાં રહેતો નથી, પોતે જ્ઞાન, દર્શનઆનંદથી પૂર્ણ ત્રિકાળ એકરૂપ ધ્રુવપણે ટકીને, પોતાના ગુણપણે રહીને, પોતાના ગુણોની અવસ્થામાં વ્યાપનારો–રહેનારો છે, તેને પરથી જુદો અવિકારી જ્ઞાનાનંદપણે માનીને, પરમાં કર્તા–ભોક્તપણા રહિત માનવો તે જ શરૂઆતથી આત્માને લાભદાયક છે.

વળી કેવો છે આત્મા? શુદ્ધનયથી એકપણામાં નક્કી કરવામાં આવ્યો છે. શુદ્ધનય વડે તત્ત્વના નવ ભેદમાંથી એક જ્ઞાયક સ્વરૂપે અખંડપણે આત્માને લક્ષમાં લઈને

★ નિયમ કોઈ કાળે ફરે નહિ, ફરે તો નિયમ કહેવાય નહિ.

પોતાના ત્રિકાળી ધ્રુવપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો છે. ગુણો છે તો અનંત, પણ અખંડની શ્રદ્ધામાં ભેદવિકલ્પ છોડી દેવામાં આવે છે. જેમ સોનામાં પીળાશ, ચીકાશ વગેરે અનેક ગુણો એક સાથે છે, પણ સોનું જ વેચાતું લેનાર સોનીને તેના જુદા ગુણની કારીગરી વગેરે અનેક પ્રકાર ઉપર લક્ષ નથી. તે તો માત્ર એકલા સોનાને જ લક્ષમાં લે છે, તેમાં જ બધી અવસ્થા તથા ગુણોની શક્તિ વર્તમાનમાં એક સાથે છે તેમ જુએ છે. તેવી રીતે આત્મામાં જ્ઞાન, આનંદ વગેરે અનંત ગુણો અને ત્રણે કાળની પોતાની બધી અવસ્થાની શક્તિ વર્તમાનમાં જ એક સાથે છે. ભેદને લક્ષમાં નહિ લેતાં અખંડ ધ્રુવ એકરૂપ પૂર્ણ સ્વભાવને લક્ષમાં લેવો, તેમાં કોઈ નિમિત્તની અપેક્ષા મેળવવી નહિ તે જ સાચો ધર્મ–સમ્યક્દર્શન છે. આમાં એમ ન આવ્યું કે તમે અમારું માનો તો જ સમકિત થાય! પણ તમે જાતે નક્કી કરી તમારું જે સ્વતંત્ર પૂર્ણ એકત્વસ્વરૂપ છે. તેને તમારાથી જ માનો ત્યારે સમ્યક્દર્શન થાય છે. દેવ–ગુરુ–શાસ્ત્ર અને વીતરાગની સાક્ષાત્ વાણી તે પણ પરવસ્તુ છે. તું એના આશ્રય રહિત પૂર્ણ છો. એવા એકરૂપ અખંડ સ્વભાવની પ્રતીતિ તારાથી જ થાય છે.

પરમાણુમાત્ર મારું નથી, રાગ-દ્વેષ મારું કર્તવ્ય નથી, હું પરનો કર્તા–ભોક્તા નથી પણ અખંડ જ્ઞાયક છું, એવું યથાર્થ ભાન (સમ્યક્દર્શન) ગૃહસ્થદશામાં (સધન કે નિર્ધન ગમે તે અવસ્થામાં) થઈ શકે છે. ગૃહસ્થદશાના અનેક સંયોગો વચ્ચે ઊભો હોય છતાં પોતાના અવિકારી સ્વભાવનું ભાન હોઈ શકે છે. તે રાગ ટાળી વિશેષ સ્થિરતા કરે તો મુનિ થઈ શકે છે. પણ વર્તમાન પુરુષાર્થની નબળાઈને જાણે છે અને અંતરથી ઉદાસ રહી પરાવલંબનનો બધો રાગ છોડવા માગે છે. તે સંસારમાં રહ્યા છતાં સંસારના સંયોગમાં બેઠો નથી પણ પોતાના સ્વરૂપમાં જ જ્ઞાનાનંદ સાક્ષીપણે આત્મામાં જ બેઠો છે. જેમ ઢેઢ લોકોના મેળામાં વાણિયો વેપાર કરવા ગયો હોય તેને એવી શંકા ક્યારેય પણ પડતી નથી કે હું આ બધા ઢેઢ સાથે સેળભેળ થઈ ગયો હોઈશ! તેને નિઃશંકપણે નિર્ણય છે કે હું દશાશ્રીમાળી★ વાણિયો જ છું. તેમ હું આત્મા, પુણ્ય–પાપ વિકારનો નાશક, સ્વરૂપનો રક્ષક, અખંડ અવિકારી સ્વભાવનો ધણી છું, વિકલ્પ–સંયોગનો ધણી નથી, સંયોગમાં એકરૂપ થઈ જતો નથી. એવી યથાર્થ શ્રદ્ધા થયા પછી વર્તમાન પુરુષાર્થની નબળાઈથી રાગ-દ્વેષમાં જોડાઈ છતાં પરમાર્થે વીતરાગી અબંધ જ છે. આત્મા ઢેઢ–ભંગી કે વાણિયો નથી, તેમ જ આત્મા સધન કે નિર્ધન નથી, આત્મા તો માત્ર જ્ઞાયકસ્વભાવી જ છે.

---

★ **શ્રીમાળી–શ્રીનો માળી, શ્રી–પૂર્ણ પવિત્ર કેવળજ્ઞાન લક્ષ્મી, તેનો માળી–ધણી, પૂર્ણ જ્ઞાનસ્વરૂપ આત્માની યથાર્થ દશાને પ્રગટ કરનાર; એવો શ્રીમાળીનો આધ્યાત્મિક અર્થ થાય છે.**

પરથી ભિન્નપણે, સિદ્ધ પરમાત્મા સમાન પૂર્ણ પવિત્ર આત્મામાં પરમાર્થે એકપણાનો નિર્ણય કરવો, તેને ભગવાન સમ્યક્દર્શન કહ્યું છે. એકવાર અવિકારી અખંડના જોરે અંશે નિર્મળ દશા જેને પ્રગટી તે વારંવાર નિર્મળ એકત્વસ્વભાવમાં એકાગ્રતાનું જોર કરી પૂર્ણ નિર્મળ દશા પ્રગટ કરે છે.

વળી તે પરથી જુદો આત્મા કેવો છે? પૂર્ણ જ્ઞાનાનંદઘન છે. તેમાં વિકલ્પ–પુણ્ય-પાપના ફોંતરાં પેસી શકે નહિ. જેમ લોખંડની એરણમાં ખીલી પેસી શકે નહિ. તેમ નિરપેક્ષ એકરૂપ જ્ઞાનઘન આત્મામાં પુણ્ય–પાપની ક્ષણિક વૃત્તિ પેસી શકે નહિ. વિકલ્પનું ઉત્થાન નિમિત્તાધીન અવસ્થાથી થાય છે તે ગૌણ છે, ત્રિકાળી એકરૂપ દ્રવ્યસ્વભાવી પરમાર્થમાં વિકારના કર્તાપણાનો લેશમાત્ર અવકાશ નથી.

પ્રથમ શ્રદ્ધામાં પૂર્ણ છું, કૃતકૃત્ય પરમાત્મા જ છું, એવી પ્રતીતિના જોરમાં કોઈ વિકારની પ્રવૃત્તિનું ધણીપણું થવા દેતો નથી, છતાં શુભાશુભ વૃત્તિ વર્તમાન પુરુષાર્થની નબળાઈના કારણે થાય ખરી, અશુભથી બચવા માટે શુભમાં જોડાય છે, પણ તેનાથી ગુણ માનતો નથી. શ્રદ્ધામાં દરેક વિકારનો (પરાવલંબનનો) નકાર છે. જેમ અગ્નિ ઉધઈનો નાશક છે–રક્ષક નથી, સૂર્યનો સ્વભાવ અંધકાર ઉત્પન્ન કરવાનો નથી; તેમ મારો અખંડ જ્ઞાયકસ્વભાવ એકરૂપ સળંગ જાણનાર સ્વરૂપે છે, કોઈમાં ઠીક–અઠીક કરી અટકવારૂપે નથી. એવા વીતરાગી ગુણની પ્રતીતિના જોરમાં રાગનું ધણીપણું–કર્તાપણું નથી, છતાં પુરુષાર્થની નબળાઈના કારણે રાગ થાય ખરો, તેને જાણી લે છે પણ કરવા જેવો માનતો નથી. વિકલ્પ તોડી સ્થિર થવા માગે છે અને અખંડ સ્વભાવના જોરે અંતરમાં ઢળવું તે જ તેનો ઉપાય છે, એમ માને છે, વિશેષ સ્થિરતા થતાં અશુભરાગ તૂટીને વ્રતાદિ સહજ આવે છે, તેમાં રાગ ટળે તેટલો જ ગુણ માને છે, રાગ કહે છે તેનો જરાપણ આદર નથી.

તા. ૩-૮-૪૩.

સર્વજ્ઞવીતરાગે કહેલા ન્યાય અનુસાર નવતત્ત્વને જાણી પરથી અને વિકારથી આત્મા જુદો છે, તેને શુદ્ધનયથી જાણવો તે સમ્યક્દર્શનનું અનંતકાળમાં કદી જીવે પ્રગટ કર્યું નથી. તેના વગરનાં પુણ્યભાવમાં મિથ્યાદર્શનનું મહાપાપ બંધાય. ભક્તિ, પૂજા, દાન, વ્રત, તપ વગેરેમાં રાગનો ઘટાડો કરે તો પુણ્ય બંધાય અને તેના ફળમાં કદી મોટો રાજા કે હલકી જાતનો દેવ થાય; હિંસા, જૂઠું, અબ્રહ્મચર્ય વગેરે અશુભભાવ કરે તો પાપ

બાંધે અને ઢોર, નરક વગેરે ગતિમાં ભમે. પુણ્ય–પાપ, ઉપાધિરહિત, અવિકારી, અસંગ, એકરૂપ સ્વભાવની શ્રદ્ધા અને સ્વ-પરના ભેદરૂપ જ્ઞાન વિના સાચું ચારિત્ર હોઈ શકે નહિ અને વીતરાગ ચારિત્ર વગર કેવળજ્ઞાન કે મોક્ષ હોય નહિ.

વળી જેટલું સમ્યક્દર્શન છે. તેટલો જ આત્મા છે. જેટલામાં ગળપણ છે. તેટલામાં સાકર છે, તેમ પૂર્ણરૂપ શુદ્ધ આત્માને લક્ષમાં લેનાર સમ્યક્દર્શન, જેવડો આત્મા છે તેવડું જ છે, કારણ કે તે (સમ્યક્દર્શન) આત્માનું જ નિર્મળ પરિણામ છે. નિરાવલંબી શુદ્ધાત્માની શ્રદ્ધાનો ભાવ આત્મામાં આત્માના આધારે છે. મન, વાણી, દેહ કે પુણ્યપાપની શુભાશુભ વૃત્તિના આધારે નથી. કોઈ માત્ર શાસ્ત્રથી આત્માની વાત મનમાં ધારી લે તો તે પણ સમ્યક્દર્શન નથી. પૂજા, ભક્તિ, વ્રતાદિ તથા નવતત્ત્વના શુભભાવની વૃત્તિ કરે તે પણ સંયોગાધીન ક્ષણિક ભાવ છે, કૃત્રિમ ભાવ છે, તે શાશ્વત અકૃત્રિમ અવિકારી એકરૂપ જ્ઞાયકસ્વભાવના ભાવ નથી. કાંઈપણ કરવા–મૂકવાની હા–ના રૂપ જેટલી વૃત્તિ ઊઠે તે બધો ઉપાધિ ભાવ છે. તે ઉપાધિભાવના ભેદ રહિત સાચી શ્રદ્ધા આખા આત્માના સ્વરૂપમાં ફેલાયેલી છે, આત્માથી જુદી નથી. એવા નિરૂપાધિક શુદ્ધ–પુર્ણ સ્વભાવનો નિશ્ચય કરવામાં આવ્યો તેને સર્વજ્ઞ ભગવાન સમ્યક્દર્શન કહે છે.

આચાર્ય દેવ પ્રાર્થના કરે છે કે ''આ નવતત્ત્વની પરિપાટીને છોડી એક આ આત્મા જ અમને પ્રાપ્ત થાઓ.'' બીજે રોકાવું પાલવતું નથી. આ નવતત્ત્વના વિચારમાં મન સંબંધે વિકલ્પ કરવા રોકાવું તે પણ ઠીક નથી. નવતત્ત્વના વિકલ્પથી પાર પડે તેવું આત્માનું સ્વરૂપ નથી. સમજ્યા વિના પોતાની કલ્પનાથી શાસ્ત્ર વાંચે અથવા ગમે તેટલા બીજા પ્રયત્ન કરે પણ અંતરનો માર્ગ ગુરુગમ વિના હાથ આવે નહિ. યથાર્થ નિઃસંદેહ જ્ઞાન પોતે કરે ત્યારે પોતાથી થાય છે, પણ એકવાર યથાર્થ ગુરુગમ જોઈએ.

આત્મામાં એકલો આનંદ ભર્યો છે. તેની શ્રદ્ધામાં યથાર્થ સમજણપણે ઠરવું તે નિર્વિકલ્પ ચારિત્રની ક્રિયા છે. તેમાં જ આનંદ છે જેણે કષ્ટમાં ધર્મ માન્યો છે. તે કહે છે કે ''દેહે દુઃખં મહા ફલં,'' એટલે કષ્ટ વેઠો તો ગુણ થઈ જશે. ઉપવાસ તો રેતીના કોળિયા છે, એમ જે કહે છે તેને ઉપવાસ ઉપર અરુચિ છે. તે અરુચિ (દ્વેષ) ભાવને ભગવાને આર્ત્તધ્યાન કહ્યું છે. શરીરમાં પ્રતિકૂળતા ન ગોઠે, ક્ષુધા–તૃષાથી કે શરીરના કષ્ટથી ધર્મ થયો, એમ જે માને છે તેણે પાપને ગુણ માન્યો છે. ત્યાં નવતત્ત્વની વ્યવહારે પણ શ્રદ્ધા નથી. જે ધર્મ કરતાં કષ્ટ માને છે, તેને નિરાકુળ સ્વભાવ પ્રત્યે અણગમો લાગ્યો તે દ્વેષ છે અને દ્વેષ તે પણ પાપ છે, તેનાથી ધર્મ નથી, પુણ્ય નથી.

પ્રશ્ન :—આટલાં કષ્ટ સહ્યાં તોપણ ધર્મ ન થાય?

ઉત્તર :—ભાઈ રે! દેહની ક્રિયાથી ધર્મ તો નથી જ, પરંતુ પુણ્ય–પાપ પણ નથી. પોતે પોતાનાં પરિણામ સુધારે, જેટલો કષાય પાતળો પાડે તેટલો શુભભાવ થાય ને તે ભાવથી પુણ્ય છે પણ ધર્મ નથી. પર, સંબંધી વિકલ્પ તોડી સ્વરૂપમાં ઠરવું તે નિરાકુળ સ્થિરતા છે ને તેમાં જ સુખ છે. પરથી કોઈને કષ્ટ નથી પણ પર ઉપર જેટલો રાગ કરે તેટલું દુ:ખ છે.

પ્રશ્ન :—તપશ્ચર્યા કરવી નહિ, લાડવા ખાવા અને મોક્ષે જવું એ શી રીતે બને?

ઉત્તર :—લાડવા કોઈ (આત્મા) ખાઈ શકતો જ નથી. અજ્ઞાની તે લાડવા ઉપરના રાગની આકુળતા ભોગવે છે અને જ્ઞાની નિરાકુળ સ્વભાવના લક્ષે પોતાના પરિણામનું માપ કાઢે છે. શરીરની અગવડ કે સગવડ ઉપર તેનું લક્ષ જ નથી. અખંડ સ્વભાવની રુચિના ઘોલનમાં આહારની ઈચ્છા સહેજે તૂટી જાય છે, એમ ઈચ્છાનો નિરોધ કરી સ્વરૂપમાં લીનતા થવી તેને ભગવાને તપ કહ્યું છે અને તેવું તપ જ મોક્ષનું કારણ છે, તેને જો કોઈ કષ્ટદાતા માને તો તે ધર્મનો સ્વભાવનો અનાદર કરે છે. તેને વીતરાગે કહેલાં નવતત્ત્વની વ્યવહારે પણ શ્રદ્ધા નથી.

અહીં આચાર્યદેવ કહે છે કે સાચા નવતત્ત્વની પરિપાટીની પકડમાં રોકાવું પોસાતું નથી. પરમાર્થતત્ત્વ સમજવા તૈયાર થઈ આવ્યો તેને એટલી વ્યવહારશ્રદ્ધાની ખબર હશે જ એમ માની લીધું છે. અહીં તો વ્યવહારના ભેદને ઓળંગી જવાની વાત છે. એકલા વ્યવહારતત્ત્વથી અને પુણ્યથી ધર્મ મનાવનાર દુકાનો ઘણી છે. જેમ કૉલેજવાળા સમજી લે છે કે અહીં ભણવા આવનારા એકડિયાથી મેટ્રીક સુધી તૈયાર થયા પછી જ આવ્યા છે, તેમ અનંતા જન્મ-મરણ ટાળવા માટે જે પરમાર્થતત્ત્વની નજીક આવ્યો તેને નવતત્ત્વના સાચા જ્ઞાનની ખબર તો હોવી જ જોઈએ. આ ધર્મમાર્ગની એકડામાં એકડાની વાત છે. પ્રથમનો ખરો એકડો તે નિશ્ચય સમ્યક્દર્શન છે.

સમયસારમાં બહુ ઊંચા કલાસની વાત છે, એમ કહી તે સમજવાની કે તેનો પરિચય કરવાની કેટલાક ના પાડે છે, પણ પ્રથમમાં પ્રથમ ધર્મનું મૂળ પરમાર્થ સમકિત શું? તે પૂર્વાપર વિરોધ રહિત સમજવું હોય તેને માટેની આ વાત છે.

અનંતકાળમાં સ્વરૂપની ઓળખાણ સિવાય બીજું બધું આત્મા કરી ચૂક્યો. પૂર્વે કદી ન સમજાયેલું એવું પરમાર્થસ્વરૂપ કેવું છે? તે સમજવા માટે જે આવ્યા છે, તેને આચાર્યદેવ કહે છે કે સાચા નવતત્ત્વના શુભ વિકલ્પની પ્રવૃત્તિથી છૂટી આ જ્ઞાનાનંદ અવિકારી આત્માની પ્રાપ્તિ થાઓ. પરથી ભિન્ન અને સ્વથી અભિન્ન સ્વભાવના શ્રદ્ધા–જ્ઞાન પ્રાપ્ત થાઓ.

**ભાવાર્થ :—**સર્વ સ્વાભાવિક તથા નૈમિતિક પોતાની અવસ્થારૂપ ત્રિકાળી ગુણ પર્યાયના ભેદોમાં વ્યાપનારો આ આત્મા એકાકાર જ્ઞાયકપણે શુદ્ધનયથી જણાવ્યો છે, તેને સર્વ અન્ય દ્રવ્યોથી તથા અન્ય દ્રવ્યોના નિમિત્તે થતાં વિકારી ભાવોથી જુદો દેખવો અને અનુભવ સહિત યથાર્થપણે શ્રદ્ધવો તે નિયમથી સમ્યક્દર્શન છે. ભગવાન આત્મા પરથી નિરાળો ત્રિકાળ સ્વભાવે નિર્મળ જ છે, વર્તમાન એકેક સમયની અવસ્થામાં કર્મના સંયોગની અપેક્ષાએ અશુદ્ધતાનો અંશ છે, તેને જોનારી વ્યવહારદૃષ્ટિને ગૌણ કરી ત્રિકાળી એકાકાર સામાન્ય જ્ઞાયકસ્વભાવને શુદ્ધનયથી પોતાના એકત્વમાં નિશ્ચિત કરવામાં આવ્યો છે અર્થાત્ નિઃશંકપણે શ્રદ્ધવામાં આવ્યો છે અને તે જ જન્મ-મરણ ટાળવાના ચોક્કસ ઉપાયરૂપ પ્રથમ ગુણ છે.

નવતત્ત્વના વિચાર મનમાં થાય તે વિકલ્પમાં અટકીને આત્માને અનેકભેદરૂપ કહી સમ્યક્દર્શનને અનેક ભેદરૂપ વ્યવહારનય કહે છે ત્યાં વ્યભિચાર (દોષ) આવે છે, એકરૂપ નિયમ રહેતો નથી. આત્મા એકસ્વભાવી છે તેને નવતત્ત્વમાં રોકવો અર્થાત્ એક તત્ત્વને અનેક તત્ત્વમાં રોકવું તે વ્યભિચાર છે.

અહીં એમ કહેવું છે કે અવિરોધપણે સાચા દેવ–ગુરુ–શાસ્ત્ર અને નવતત્ત્વની શ્રદ્ધાના ભેદ જાણ્યા પછી પણ તેના અનેક પ્રકારમાં શુભરાગથી રોકાવું પડે તે ગુણ નથી, પણ નિર્દોષ એકરૂપ સ્વભાવનો નિશ્ચય કરી તેમાં શુદ્ધનયથી શ્રદ્ધાના નિર્મળ વિષયમાં રોકાવું તે ગુણ છે. દેવ, ગુરુ, શાસ્ત્ર પણ પરચીજ છે, તેના આશ્રય તેમ જ નવતત્ત્વના શુભ વિકલ્પમાં રોકાવાથી એકરૂપ નિર્વિકલ્પ અનુભવ થતો નથી પણ પૂર્ણ જ્ઞાનાનંદ નિર્વિકારી ત્રિકાળી સ્વભાવનું લક્ષ કરી અંતરમાં ઢળે તો અભેદ શાંત આનંદનો અનુભવ થાય છે. પરાવલંબનથી તથા શુભરાગથી ગુણ ઊઘડે એવો જેને ભાવ છે, તેને ધર્મની શરૂઆત પણ નથી.

સમયસારમાં પ્રથમ ધર્મની શરૂઆતની વાત છે. જે અનાદિનો અત્યંત અપ્રતિબુદ્ધ–તદ્દન અજ્ઞાની છે, તે પરમાર્થસ્વરૂપનું રહસ્ય જાણી શકે તે માટે પહેલે જ ધડાકે પરમાર્થ સમ્યક્દર્શનની વાત કરી છે. સમયસારમાં દરેક વાત સ્પષ્ટ કરી છે, જે યથાર્થ સમજે તેની બધી ભ્રમણાના ભૂકા ઊડી જાય અને જેવો પરમાનંદ પૂર્ણ સ્વાધીન સ્વભાવ છે તેવો જ પ્રાપ્ત થાય છે.

ત્રણે કાળે મનુષ્યપણું મહાદુર્લભ, તેમાં પાંચે ઇન્દ્રિયોની પૂર્ણતા અને ઉત્તમ ધર્મનું શ્રવણ દુર્લભ, એવાં મોંઘા ટાણાં પ્રાપ્ત થયાં ત્યારે જન્મ-મરણ ટાળવાનો ઉપાય નહિ કરે તો ફરી અનંતકાળે એવા ટાણાં નહિ મળે. સંસારના કામમાં પણ દીકરાને બાપ કહે કે

ભાઈ, મોસમના ખરે વખતે નહિ રળે તે કેમ ચાલે? આ બે મહિનામાં બાર મહિનાના રોટલા પેદા કરવા છે; તેમ આચાર્યદેવ કહે છે કે હવે સર્વ અવસર આવી ચૂક્યો છે, ક્ષણ લાખેણી જાય છે માટે આત્મકલ્યાણ કરી લે, આવો મનુષ્યભવ મળ્યો ત્યારે અપૂર્વ શ્રદ્ધા નહિ કરે તો મળેલું બધું એળે જશે, માટે પ્રથમ પૂર્વાપર રહિત આત્માની યથાર્થ ઓળખાણ કરવી. આ તો પ્રથમ ભૂમિકાની રીત કહેવાય છે.

શુદ્ધનયની હદે પહોંચતા અથવા પવિત્ર સ્વભાવની મર્યાદામાં પહોંચતા, નવતત્ત્વના ભેદરૂપ વ્યવહાર ગૌણ થઈ જાય છે. વિકલ્પના આશ્રયરૂપ દોષમાં અટકવાનું રહેતું નથી; પરમાર્થદૃષ્ટિમાં એકરૂપ નિશ્ચયનો નિયમ રહે છે.

કેવો છે શુદ્ધનયનો વિષયભૂત આત્મા? પૂર્ણ જ્ઞાનઘન છે. સર્વ લોકાલોકને એક સાથે સહજ જાણનાર જ્ઞાનસ્વરૂપ છે. જેમ અરીસામાં જેટલું જણાય તે તેની સ્વચ્છતાની તાકાત છે, પર ચીજ અરીસામાં પેઠી નથી; તેમ આત્મા તો અરૂપી પૂર્ણ જ્ઞાયકસ્વભાવી છે. જેનો સ્વભાવ જાણવું છે તે કોને ન જાણે? ક્યારે ન જાણે? સર્વને જાણે ને એક સમયે જાણે માટે હું પૂર્ણ જ્ઞાયક છું, કિંચિત્ ઊણો નથી, મારો સ્વભાવ વિકારી કે ઉપાધિમય નથી. આવા સ્વાધીન આત્માની ઓળખાણ થતાં અનાદિની ખોટી માન્યતાનો નાશ થઈ નિર્મળ શ્રદ્ધા પ્રગટ થાય છે. શ્રદ્ધા તે કાંઈ આત્માથી જુદો પદાર્થ નથી, આત્માના જ પરિણામ છે, તેથી આત્મા જ છે માટે સમ્યક્દર્શન છે તે આત્મા છે, અન્ય નથી.

આ સમજ્યા વિના ધર્મના નામે જેટલું કરે તે બધું થોથાં નીવડે છે, કારણ કે જે ભાવે ભવ થાય તે ભાવે ભવનો નાશ કદી ન થાય. જે ભાવે પુણ્ય–પાપના વિકારી ભાવનો નાશ થાય તેવી શ્રદ્ધા અને સ્થિરતારૂપ અવિકારી ભાવથી ધર્મની શરૂઆત થાય છે. ક્ષણે ક્ષણે ભયંકર ભાવમરણ કરી ઊંધા ભાવે અનંત ભવ કર્યા છતાં તને તારી દયા નથી આવતી! હવે ભવ નથી કરવા, એમ અંતરથી ઊગે તો ભવરહિત અવિનાશી અસંયોગી સ્વતંત્ર સ્વરૂપ ઓળખવાનો પુરુષાર્થ કરે, પણ જેને પરભવની શ્રદ્ધા જ નથી, આત્મા નિત્ય હશે કે કેમ? આત્મા એકલો રહે તેમાં શું સુખ? એમ હજી તો સાધારણ આસ્તિકતાના ઠેકાણાં નથી, વર્તમાન સંયોગને જ માને છે, મર્યા પછી ભલે ગમે તે થાય એવી માન્યતાવાળાને આચાર્યદેવ કહે છે કે તું પ્રભુ છો, તારી ઊંધી માન્યતાથી તારા ગુણમાં ક્ષય રોગ થયો છે અને તારા સ્વભાવના વિરોધભાવે ચોરાશીના અવતારમાં રખડે છે, તેનો ખેદ થવો જોઈએ. મારે કાંઈ પણ જગતનું જોઈતું નથી, કોઈ સાથે સંબંધ નથી, એમ જાણી અસંગ, અવિકારી, સ્વાધીન સ્વભાવની શ્રદ્ધા કર.

અહીં એટલું વિશેષ જાણવું કે નય તે શ્રુતજ્ઞાન–પ્રમાણનો અંશ છે, તેથી શુદ્ધનયપણ શ્રુતપ્રમાણનો જ અંશ થયો. ત્રિકાળી ટકતો સામાન્ય એકરૂપ સ્વભાવ અને વર્તમાન અવસ્થા બંને થઈ આખી વસ્તુ છે, તે પ્રમાણે ખ્યાલમાં લેવું તે અધૂરી અવસ્થામાં 'પરોક્ષ પ્રમાણ' અથવા 'શ્રુતજ્ઞાનપ્રમાણ' કહેવાય છે અને કેવળજ્ઞાનરૂપ પૂર્ણ અવસ્થાને 'પ્રત્યક્ષ પ્રમાણ'રૂપ જ્ઞાન કહેવાય છે.

જેમ કોઈ પુરુષ સો વર્ષનો છે તેને વર્તમાન રોગી–નિરોગી અવસ્થાના ભેદપણે ન જોતાં એકરૂપ સો વર્ષનો છે, એમ જોવું તે શુદ્ધનય અથવા નિશ્ચય દૃષ્ટિ છે, તે નિશ્ચય તરફનું લક્ષ ગૌણ કરી વર્તમાન અવસ્થા જોવી તે વ્યવહારનય છે અને તે બે અપેક્ષાના ભેદ પાડતાં પુરુષને જાણવો તે શ્રુતપ્રમાણ છે. તેમ આત્મામાં ત્રિકાળ ટકનાર જ્ઞાયક એકરૂપ ભાવને જોવો તે નિશ્ચયનય, અખંડ પડખાંનું લક્ષ ગૌણ કરી વર્તમાન અવસ્થાને જોવી તે વ્યવહારનય અને ત્રિકાળી અખંડ સ્વરૂપ અને વર્તમાન અવસ્થા તે બંને પડખાનું એક સાથે અખંડ વસ્તુપણે જ્ઞાન કરવું તે પ્રમાણ એટલે શ્રુતપ્રમાણ કહેવાય છે. એક પડખાનું જ્ઞાન તે નયજ્ઞાન છે અને બંને પડખાનું એક સાથે જ્ઞાન તે પ્રમાણજ્ઞાન છે.

પ્રશ્ન :—કેવળજ્ઞાન થાય ત્યારે આત્મા કેવો જણાય?

ઉત્તર :—જેવો અહીં છે તેવો જ ત્યાં છે. અહીં પરોક્ષ પ્રમાણરૂપ શ્રુતજ્ઞાનમાં સારી રીતે આગમ–શાસ્ત્ર દ્વારા પોતે પોતાને જાણી શકે છે. પાંચ ઈન્દ્રિયના વિષયમાં સુખ માન્યું છે તે પરમાં ક્યાંય જોઈને માન્યું નથી. મનગમતાં મિષ્ટાન્ન આદિના રસમાં મીઠાશ માને છે તે સ્વાદ પરથી નક્કી કર્યો નથી. સુખ ક્યાં નક્કી કરું છું? તેની નક્કી કરનારને જ ખબર નથી. પરમાં સુખ છે. એવી કલ્પના તો પોતે જ અંદરથી ઉભી કરેલી છે. એ અરૂપી ભાવ આંખે દેખાતો નથી છતાં અનાદિથી તેનો એવો દૃઢ અભ્યાસ છે કે તેમાં શંકા કરતો નથી. પરમાં સુખ નથી પણ પોતે ઊંધો પડી કલ્પનાથી મિષ્ટાન્ન આદિ જડ વસ્તુના સ્વાદમાં સુખ માન્યું છે. તે જ્ઞાનની ઊંધી અવસ્થા છે. પર તરફની દૃષ્ટિ ફેરવી સ્વ તરફ દ્રષ્ટિ કરે તો પોતે પોતાનો નિર્ણય કરી શકે. સરાગ અવસ્થામાં આત્માને પરોક્ષ શ્રુતજ્ઞાનપ્રમાણથી જેવો જાણે છે તે જ સ્વરૂપે કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષ જણાય છે, માત્ર બંનેમાં નિર્મળતા–મલિનતાનો ભેદ છે.

પ્રશ્ન :—વર્તમાન પ્રત્યક્ષ અનુભવ શી રીતે છે?

ઉત્તર :—અંધ મનુષ્ય સાકરને નજરે તો ન જોઈ શકે પણ દેખતો માણસ જેવો સ્વાદ લઈ શકે તેવો જ અંધ પણ લઈ શકે છે; તેમ વર્તમાનમાં પરોક્ષજ્ઞાની પોતાના આખા આત્માને અનંત શક્તિરૂપ પ્રત્યક્ષ ન દેખે તોપણ તેનું જ્ઞાન તો કરી જ શકે છે.

યથાર્થ શ્રદ્ધા વખતે બુદ્ધિપૂર્વક વિકલ્પ સહિત સ્વમાં એકાગ્ર થાય છે ત્યારે અને ત્યાર પછી જ્યારે જ્યારે એવા અનુભવમાં ઠરે ત્યારે ત્યારે–કેવળજ્ઞાની પોતાના આનંદનો પૂર્ણ સ્વાદ અનુભવે છે, તે જ જાતના આનંદનો અંશે સ્વાદ શ્રુતજ્ઞાનના ઉપયોગ વખતે લઈ શકે છે. વીતરાગના કહેલાં શાસ્ત્રજ્ઞાનથી મતિ–શ્રુતજ્ઞાની આત્માને પૂર્ણપણે શુદ્ધનયથી પરોક્ષ જાણે છે અને અખંડ સ્વભાવમાં એકાગ્ર થતાં બુદ્ધિપૂર્વકના વિકલ્પથી છૂટી સમ્યક્દર્શનની નિર્મળ અવસ્થાની ઉત્પત્તિ થતાંની સાથે જ આત્માના નિરાકુળ આનંદનો અંશ અનુભવાય છે.

તા. ૪-૮-૪૩.

ધર્મમાં પ્રથમ ધર્મ સમ્યક્દર્શન છે. ધર્મ આત્માનો સ્વભાવ છે. તે ક્યાંય બહારથી આવતો નથી. શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર અવિકારી ગુણ આત્મામાં છે, કર્મના નિમિત્તાધીન શુભાશુભ વિકાર તે આત્માનો મૂળ સ્વભાવભાવ નથી. આત્માનો અવિકારી અખંડ મૂળ સ્વભાવ જે ભાવ વડે મનાય તે ભાવ નિર્મળ સમ્યક્દર્શન છે.

'દૃષ્ટિ તેવી સૃષ્ટિ.' નિમિત્તાધીન જેને ઊંધી દૃષ્ટિ છે, તેને વિકારી અવસ્થાની ઉત્પત્તિ થાય છે અને નિર્મળ અવસ્થા પ્રગટ થતી નથી. એવું મિથ્યાદૃષ્ટિનું ફળ છે. સમ્યક્દૃષ્ટિ તો ત્રિકાળ ધ્રુવ અખંડ સ્વભાવને લક્ષમાં લે છે. સાચું જ્ઞાન છે તે અવિકારી સ્વભાવને અને વર્તમાન એકેક સમય પૂરતી થતી વિકારી ઊણી અવસ્થાને યથાર્થપણે જાણે છે, પણ તેમાં વિકારને રાખવા ઈચ્છતો નથી. જેવી જેની દૃષ્ટિ તેવી તેની પર્યાય (સૃષ્ટિ) થાય છે. મારો સ્વભાવ ત્રણેકાળ પૂર્ણ નિર્મળ શાશ્વત અનંત શક્તિથી ભરેલો છે. તેની પ્રતીતિના જોરમાં એક સમયમાં પૂર્ણ આનંદ પ્રગટ કરવાની તાકાત છે, તેની યથાર્થ 'હા' પાડનાર કેવળી થઈ જાય છે, કારણ કે અવિકારી પૂર્ણ કેવળજ્ઞાનઘન છું, એવી પૂર્ણ સ્વભાવની શ્રદ્ધાના જોરમાં પૂર્ણ સ્વભાવને પહોંચે એવી ક્ષણેક્ષણે નિર્મળ પર્યાય ઊઘડે છે. પ્રથમ યથાર્થ સ્વરૂપનું બહુમાન કરી તેના લક્ષની રુચિ લંબાવે તો યથાર્થપણું પ્રગટ થયા વિના રહે નહિ.

જ્ઞાની રાજ્યાદિમાં બેઠો હોય, બહારમાં ઘણી પ્રવૃત્તિ હોય છતાં આત્માનું યથાર્થ ભાન હોવાથી સ્વભાવની નિ:સંદેહતામાં વર્તે છે. વર્તમાન નબળાઈથી શુભાશુભ રાગમાં જોડાય છે છતાં તેને આદરણીય માનતો નથી, પુણ્ય–પાપની ક્રિયામાં ધણીપણું–કર્તાપણું માનતો નથી. નિરાવલંબી અવિકારી સ્વભાવ ઉપર જ તેની દૃષ્ટિ છે, તેથી નિર્મળતાની

ઉત્પત્તિ ક્રમેક્રમે થયા કરે છે. જેને વર્તમાન પર્યાય ઉપર દૃષ્ટિ છે, શુભાશુભ વિકારમાં કર્તાપણાની દૃષ્ટિ છે, બાહ્યની પ્રવૃત્તિ પોતાની માને છે, તે કદી મુનિ થઈ ધ્યાનમાં બેઠો હોય છતાં તેને પરમાં કર્તાપણાની બુદ્ધિ હોવાથી દરેક સમયે અશુદ્ધતાની ઉત્પત્તિ અને ગુણની અવસ્થાનો નાશ થઈ રહ્યો છે.

શુભાશુભ વિકારી ભાવને પોતાના માનવા તે વ્યવહારનયાભાસ છે. આખા આત્માનું લક્ષ કરવું તે પ્રમાણ છે. એક વસ્તુને એક પડખેથી લક્ષમાં લઈ બીજા પડખાને ગૌણ કરવું તે નય છે. અખંડ શુદ્ધપડખે જોવું તે શુદ્ધનય–નિશ્ચયનય અને મલિન ઊણી અવસ્થાનું પડખું જોવું તે વ્યવહારનય, એ બંને નયો શ્રુતપ્રમાણરૂપ આખા જ્ઞાનના એક એક અંશ–ભાગ છે. સમ્યક્શ્રુતજ્ઞાન દ્વારા અવસ્થા અને ત્રિકાળી પૂર્ણ સ્વભાવને એક સાથે જ્ઞાનમાં માપી લેવા તે શ્રુતજ્ઞાન પ્રમાણ છે. શુદ્ધનય પણ શ્રુતજ્ઞાનપ્રમાણનો અંશ છે. શ્રુતપ્રમાણ છે તે પરોક્ષ પ્રમાણ છે, કારણ કે વસ્તુને સર્વજ્ઞ વીતરાગનાં વચનરૂપ આગમ દ્વારા જાણી છે; તેથી આ શુદ્ધનય સર્વ દ્રવ્યોથી જુદા, આત્માની સર્વ પર્યાયોમાં વ્યાપ્ત, પૂર્ણ ચૈતન્ય કેવળજ્ઞાનરૂપ સર્વ લોકાલોકને જાણનાર, અસાધારણ ચૈતન્યધર્મને પરોક્ષ દેખાડે છે. શ્રુતજ્ઞાનમાં આત્મા પ્રત્યક્ષ ન દેખાય પણ વ્યવહારે તો પ્રત્યક્ષનું કારણ છે. શુદ્ધનયથી સ્વઆશ્રિત લક્ષે અધિકારી ધ્રુવ એકાકાર સ્વભાવને માનવો તે સમ્યક્દર્શન છે.

આ સમજવા જેવી વાત છે. એક આત્માની સાચી સમજણના અભાવે અનંતકાળ વીત્યો તેમાં ઢોર, નારક આદિના ઘોર દુઃખો અનંતવાર ભોગવ્યાં. હવે અનંતકાળે દુર્લભ એવો મનુષ્યભવ મળ્યો છે, છૂટવાનાં ટાણાં આવ્યાં છે, માટે બરાબર મનન કરવું. અત્યારે અમારી પાસે સાધન નથી, નિવૃત્તિ નથી એમ કોઈ કહેતો હોય તો તે ખોટું છે. અત્યારે જ સર્વ અવસર છે, કારણ કે આત્મા વર્તમાનમાં અંતરના સર્વ સાધનથી પૂરો છે. અંતર સાધનાથી જ બધું થઈ શકે છે. દેહ, મન, વાણીની પ્રવૃત્તિપણે આત્મા થઈ ગયો નથી. નરકમાં ભયંકર અગવડતાના સંયોગમાં રહ્યા છતાં આત્મામાં કોઈ અગવડતા આવી ગઈ નથી, એવું ભાન કરી ત્યાં પણ અગવડતાના સંયોગ હોવા છતાં, આત્મા શાંતિ ભોગવી શકે છે અનંત જન્મ-મરણનો નાશ કરનાર યથાર્થ સમ્યક્દર્શન પ્રાપ્ત કરવું તે જ મનુષ્યજીવનનું ખરું કર્તવ્ય છે; મોક્ષનું બીજડું તે જ છે.

શુદ્ધનય પૂર્ણ કેવળજ્ઞાનસ્વરૂપને પરોક્ષ દેખાડે છે. પ્રથમ પરોક્ષ ભાન ન કરે તો પ્રત્યક્ષ ભાન પણ થાય નહિ. જે નજરે જોવું તે જ માનવું, એમ કહેનારનો મત નાસ્તિક છે. અનુભવથી તો પ્રત્યક્ષ છે તેમ જ્ઞાનીઓ કહે છે પણ સાક્ષાત્ પ્રત્યક્ષ થાય ત્યારે માનું એમ કહેનાર તે નાસ્તિક જ છે, કારણ કે પૂર્ણ પ્રત્યક્ષ થયા પછી માનવાનું શું બાકી રહે?

આ સમયસારશાસ્ત્રમાં કોઈ વસ્તુનો સ્વભાવ બાકી નથી; ''ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડનાં ભર્યા.'' જગતની જેટલી ઊંધી માન્યતા છે તે બધી અને સ્વભાવ તરફની સવળી બાજું તે સંબંધી બધા જ પ્રશ્નોનો ખુલાસો આ મહાન ગ્રંથમાં છે. ધીરજથી અપૂર્વ પાત્રતા વડે સાંભળે અને ક્રમે ક્રમે શ્રવણ—મનનની પદ્ધતિથી અભ્યાસ કરે તો અઘરૂં નથી. અત્યારે તો લોકોએ બાહ્ય ક્રિયામાં અને પુણ્ય—પાપની પ્રવૃત્તિમાં ધર્મ માની—મનાવી વીતરાગનું શાસન વીંખી નાખ્યું છે અને સમયસારમાં અંતરતત્ત્વની જે પ્રથમની વાત સમ્યક્દર્શન માટેની કહી છે, તેને ઊંચી ભૂમિકાની વાત માને—મનાવે છે; માટે તટસ્થપણે વિચારવું.

પ્રશ્ન :—બધું બુદ્ધિમાં બેસે ત્યારે મનાય ને?

ઉત્તર :—કોઈ શાહુકારને ત્યાં રૂા. પચાસ હજાર વ્યાજે મૂક્યા હોય અને ત્યાં જઈ કહે કે તમારી મૂડી કેટલી છે? તે માટે તમારા ચોપડા બતાવો, ઘરના દાગીના તથા આબરૂ કેટલી છે? વગેરે નજરે બતાવો, તો તમારે ત્યાં મારા રૂપિયા વ્યાજે મૂકું. એમ કહેનારને શાહુકાર ચોખ્ખું સંભળાવી દે કે અમારે તારા રૂપિયાની જરૂર નથી, ચાલતો થા. જો તે શાહુકારના મુનિમને ઓળખી ધીરજથી પૂછે તો તે પણ કહે કે કોઈ બધું બતાવી દે એમ બને નહિ, પણ તું જાતે આવીને દુકાને બેસ, હુંડીઓ કેવી ચાલે છે તે આબરૂ જો; તે પ્રમાણે થોડા દિવસ પરિચય કરી જાણનાર થા, પછી તને તારાથી વિશ્વાસ આવે તો રૂપિયા મૂકજે. પછી તે પ્રમાણે કરતાં વિશ્વાસ આવે તો રૂપિયા મૂકે, છતાં સંસારના વિશ્વાસમાં ક્યાંક ફેર પડે, પણ પરમાર્થમાં સત્‌માંથી સત્ જ આવે, તેમાં ફેર ન પડે. કોઈની રિદ્ધિ નજરે જોઉં તો જ વિશ્વાસ કરું પણ એમ કદી બને નહિ; તેમ આત્મામાં કેટલી ઋદ્ધિ ભરી છે તે દેખાડો પછી હું માનું, તો તે કદી કામ આવે નહિ. પણ વિચાર કરે કે જે વસ્તુ છે તે નિત્ય હોય, જાણકસ્વભાવને કોઈ રોકી શકે નહિ, કોઈ આપી શકે નહિ, તેથી સ્વભાવ સ્વતંત્ર છે. જેનો સ્વભાવ સળંગ જાણવાપણે છે તે ઊણો, હીણો કે પરમાં અટકનારો હોય નહિ, એમ જ નક્કી થાય છે. જ્ઞાયકરૂપે અરૂપી આત્મા અને તેનું અરૂપી જ્ઞાન પરોક્ષ પ્રમાણથી બરાબર જાણી શકાય છે, જેને એ અલ્પ પણ ઊણી અવસ્થા કે વિકાર નથી તેવા પૂર્ણ કેવળજ્ઞાની પણ છે, એમ નિર્ણય કરવા ધારે તો નક્કી થઈ શકે છે, માટે સત્‌સમાગમમાં રહી, પરિચય કરી, ધ્યાન રાખી સાંભળવું અને અંતરથી સમજણ કરવી જોઈએ.

જે વસ્તુ નિત્ય છે તેમાં પૂર્ણ સ્વાધીન તાકાત ભરી છે. જો સ્વાધીનપણે પૂર્ણ તાકાત ન હોય તો તે વસ્તુ જ નથી. જે 'છે' તેને 'નથી' કેમ કહેવાય? 'છે' તે સ્વાધીન છે, તેને પરાધીન કેમ કહેવાય? પોતે નિત્ય જેવો છે તેવો પોતાને જાણવો અને પરપણે—

ઊપાધિપણે નથી, એમ જાણવું જોઈએ. એ રીતે ત્રિકાળી પૂર્ણ એકપણાનો નિર્ણય કરી, અલ્પ જ્ઞાનમાં પૂર્ણજ્ઞાનની શ્રદ્ધા કરે તો પ્રત્યક્ષ કેવળજ્ઞાની થઈ શકે.

જેમ શાહુકારની પેઢીમાં હુંડીની પતાવટ વગેરેમાં કોઈ વિરોધ ન દેખે, પછી તેના ઘરની બધી વાત જાણ્યા પહેલાં તેનો વિશ્વાસ કરે છે, તેમ કેવળજ્ઞાનીનાં વચનનાં અવિરોધી ન્યાયરૂપ આગમનો સત્સમાગમ વડે પરિચય કરી, શ્રવણ કરી પોતાને અવિરોધી તત્ત્વનો એક ન્યાય બેઠો તેને પરિપૂર્ણ વિશ્વાસ પોતાના આત્મામાં થાય છે. તે શ્રુતજ્ઞાન–પ્રમાણ પરોક્ષ છે છતાં પ્રત્યક્ષ સ્વભાવની પ્રાપ્તિનું કારણ છે, તેમ જાણી આ છદ્મસ્થ–મતિશ્રુતજ્ઞાની જીવ વીતરાગના કહેલાં આગમને પ્રમાણ કરી, શુદ્ધનયે જણાવેલા અવિકારી પૂર્ણ આત્માનું શ્રદ્ધાન કરે તે નિશ્ચય સમ્યક્દર્શન છે.

જ્યાં સુધી કેવળ (એકલા) વ્યવહારનયના વિષયભૂત નવતત્ત્વના વિચારમાં જીવ રોકાય ત્યાં સુધી સમ્યક્દર્શન થાય નહિ. નિમિત્ત આધીન અવસ્થામાં શુભાશુભ વિકારીભાવ વડે પોતાને ગુણ થાય એમ માને, કે નવતત્ત્વના શુભરાગને પોતાનો માને તો તેથી મિથ્યાદૃષ્ટિપણું ટળે નહિ. સર્વજ્ઞ ભગવાન કહે છે કે જેટલા શુભાશુભ ભાવ છે તે બધાય વ્યવહારના પક્ષમાં જાય છે પછી તે નવતત્ત્વની શ્રદ્ધા હોય તોપણ તે કેવળ વ્યવહારનો પક્ષ હોવાથી ત્યાં મિથ્યાદૃષ્ટિ જ છે. પૂર્ણ સ્વભાવની યથાર્થ શ્રદ્ધા પછી ધર્માત્માને ઠરી ન શકે ત્યાં, નવતત્ત્વના વિચારની શુભવૃત્તિ ઊઠે પણ તેનો અંતરથી આદર તેને હોતો નથી. તેથી આચાર્યે કહ્યું છે કે નવતત્ત્વોની પરિપાટીને છોડી શુદ્ધનયનો વિષયભૂત એક આત્મા જ અમને પ્રાપ્ત હો; બીજું કાંઈ અમે ચાહતા નથી. આ વીતરાગ અવસ્થાની પ્રાર્થના છે. કોઈ નયપક્ષ નથી, જો સર્વથા નયોનો પક્ષપાત જ થયા કરે તો મિથ્યાત્વ જ છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે–આત્મા ચૈતન્ય છે એટલું જ, અનુભવમાં આવે તો એટલી શ્રદ્ધા તે સમ્યક્દર્શન છે કે નહિ? આટલું બધું સમજવાની તકલીફ શા માટે? બે અપેક્ષાનું જ્ઞાન કરવું, વળી પ્રમાણ કરવું, તેમાં વળી પાછી અવસ્થાદૃષ્ટિ ગૌણ કરવી અને નિશ્ચયદૃષ્ટિ મુખ્ય કરવી, આટલું બધું સમજવા કરતાં 'આત્મા ચૈતન્ય છે' એટલું માનવામાં નિર્મળતાની ઉત્પત્તિ અને મલિન અવસ્થાનો નાશ કરનાર સમ્યક્દર્શન આવ્યું કે નહિ?

તેનું સમાધાન :—આત્માને ચૈતન્ય તો નાસ્તિક મત સિવાય બધા માને છે; જો એટલી જ શ્રદ્ધાને સમ્યક્દર્શન કહેવામાં આવે તો સૌને સમ્યક્ત્વ સિદ્ધ થઈ જશે. સર્વજ્ઞ વીતરાગે ત્રણકાળ–ત્રણલોકનું યથાર્થ સ્વરૂપ સાક્ષાત્ જ્ઞાનથી જાણીને, જેવું સ્વતંત્ર પૂર્ણ

આત્માનું સ્વરૂપ કહ્યું છે તેવું જ સત્સમાગમે જાણી, સ્વભાવથી નક્કી કરી તેવું જ શ્રદ્ધાન કરવાથી સાચું સમ્યક્ત્વ થાય છે. સર્વજ્ઞના જ્ઞાનને કબૂલનારે એમ નક્કી કર્યું કે અલ્પ જીવ અધૂરી અવસ્થા વખતે પણ સર્વજ્ઞ પરમાત્માપણે પૂર્ણ થવાની તાકાતવાળા છે, મારા જ્ઞાનગુણની એક સમયની અવસ્થામાં ત્રણકાળ–ત્રણલોકને એક સાથે જાણવાનું બેહદ સામર્થ્ય છે. પૂર્ણને કબૂલનારો પૂર્ણને પહોંચવાની તાકાત દરેક સમયે ધરાવે છે. પરોક્ષ જ્ઞાનમાં પણ યથાર્થ નિર્ણય આવે કે આ વસ્તુ વર્તમાનમાં પણ સ્વતંત્ર ત્રિકાળી અખંડ અવિકારીપણે પરિપૂર્ણ છે, એવું શુદ્ધનયથી જાણવું તે નિશ્ચય સમકિત થવાનું કારણ છે.

પણ સર્વજ્ઞ વીતરાગ કોણ, તેઓએ શું કહ્યું સાચા નવતત્ત્વ અને દેવ–ગુરુ–શાસ્ત્રનું સ્વરૂપ શું? તેની જ જેને ખબર નથી તેની તો વાત જ શું કરવી? સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા યથાર્થ સ્વરૂપ જાણે તો તેમને કહેલું પોતે બરાબર સમજી શકે, જાણી શકે છે. જેવો સર્વજ્ઞ ભગવાનનો પૂર્ણ સ્વભાવ છે તેવો જ પરમાર્થે દરેક આત્માનો સ્વભાવ છે. એવી શ્રદ્ધા શુદ્ધનયના આશ્રયે થાય છે, એમ ચોથા શ્લોકમાં ટીકાકાર આચાર્ય કહે છે.

**तः शुद्धनयायत्तं प्रत्यग्ज्योतिश्चकास्ति् तत् ।**
**नवतत्त्वगतत्वेपि यदेकत्वं न मुंचति ।।७।।**

ત્યાર બાદ શુદ્ધનયને આધીન જે સર્વ પરદ્રવ્યોથી ભિન્ન, પરનિમિત્તના વિકારી ભાવોથી ભિન્ન તથા મનના વિકલ્પથી પેલેપાર એવી ચૈતન્યચમત્કારમાત્ર આત્મજ્યોતિ છે, તે પ્રગટ થાય છે કે જે વર્તમાન અવસ્થામાં નવતત્ત્વના વિકલ્પોમાં વ્યવહારથી અટકતાં અનેક પ્રકારે દેખાય છે, છતાં શુદ્ધનયથી જોતાં પોતાના એકરૂપ ધ્રુવ સ્વભાવને છોડતી નથી. આત્માને આ રીતે પરિપૂર્ણ છે તેમ માને અને ન્યાયથી બરાબર જાણી શુદ્ધનય વડે પૂર્ણ સ્વભાવની શ્રદ્ધા કરે તો વિકારનો નાશ, નિર્મળ અવસ્થાની ઉત્પત્તિ અને અલ્પકાળમાં મોક્ષ પ્રગટ કરવાનું સાચું કારણ એવું નિશ્ચય સમ્યક્દર્શન પ્રગટ થાય છે. ૧૨.

તા. ૫-૮-૪૩.

## ભૂમિકા

સાચા નવતત્ત્વના વિકલ્પથી છૂટીને નિર્મળ એકસ્વભાવીપણું શુદ્ધનયથી જાણવું તે નિશ્ચય સમ્યક્ત્વ છે એમ આ તેરમી ગાથામાં કહેશે.

ધર્મ—આત્માનો નિર્મળ સ્વભાવ—આત્મામાં જ સ્વાધીનપણે છે, તે બહારથી કે કોઈ બહારની મદદથી આવતો નથી, કોઈ પણ પરથી, શુભવિકલ્પની મદદથી આત્માનો અવિકારી ધર્મ પ્રગટે તેવો નથી; અજ્ઞાની પરસંયોગાધીન વિકારી અવસ્થાનો કર્તા થઈ, પોતાને ભૂલીને દેહાદિ તથા રાગાદિપણે, પરની ક્રિયા કરનારપણે પોતાને માને છે; પણ પરમાર્થે આત્મા તે સર્વથી જુદો છે, દરેક સમયે અનાદિ અનંત પૂર્ણ છે, સ્વતંત્ર છે.

આત્મામાં અનંત ગુણો ભરેલા છે તેનું યથાર્થ ભાન કરી, વિકારી ભાવનો ત્યાગ કરીને નિર્મળ નિરાકુળ જ્ઞાનાનંદસ્વભાવને પ્રગટ કરવાનું કહ્યું છે. જે થઈ શકે છે તે જ કહેવામાં આવે છે. આત્મા બહારનું કાંઈ કરી શકતો નથી, માટે તે કહેવામાં આવતું નથી. આત્મા પોતામાં જ અનંતો પુરુષાર્થ કરી શકે છે. બહારમાં કાંઈપણ કરી શકતો નથી.

જે કોઈ આત્મા પોતાનું સારું (કલ્યાણ) કરવા માગે છે તે સ્વાશ્રિત હોય તો જ કરી શકે. બહારથી જો મેળવવું પડે તો પરાધીન કહેવાય. આત્માનો ધર્મ સ્વાધીન પોતામાં જ છે. મન, વચન, કાયામાં આત્માનો ધર્મ નથી. અંદર જડકર્મનો સંયોગ છે તેમાં પણ નથી. પરચીજ આત્માને વ્યવહારે પણ મદદગાર નથી. આત્માના સ્વાધીન ગુણો કોઈ લઈ ગયું નથી તેથી કોઈ આપી શકે તેમ નથી. પુણ્ય—પાપનો સંયોગ અને પુણ્ય—પાપના શુભાશુભ વિકારી ભાવ તેનાથી આત્મધર્મ પ્રગટે એમ જે માને છે તેને આત્માના સ્વતંત્રગુણની શ્રદ્ધા નથી; તે પોતાને ઓશિયાળો અને માલ વિનાનો પરાધીન માને છે.

આત્મામાં શક્તિપણે બધા ગુણો દરેક સમયે પૂર્ણ છે, પણ માન્યતામાં ફેર પડ્યો છે, તેથી બાહ્ય દૃષ્ટિ વડે પરથી ગુણ માને છે. પરમાં ઠીક—અઠીકપણું માન્યું તે જ માન્યતાનો ફેર છે. અંદરમાં કાંઈ ગુણ નથી તેમ જેણે માન્યું તેનો અનંત સંસાર છે અને બધા ગુણો અંતરમાં છે તેમ જેણે માન્યું તેની દૃષ્ટિ અંતરમાં જાય છે ત્યારે ત્યાં એકાગ્રતા થાય છે, એટલે ગુણની અવસ્થા નિર્મળ થયા કરે છે ને અવગુણની અવસ્થાનો નાશ થયા કરે છે.

પૂર્ણ નિર્મળ સ્વરૂપ આત્માની પ્રતીતિ વિના જે પરથી ધર્મ માને; દેવ, ગુરુ, શાસ્ત્રથી ધર્મ માને; શરીર, પૈસા વગેરે જડથી કર્મ માને તેની ઊંધી માન્યતા છે ને તેમાં અનંતા ભવ કાગડા, કૂતરા, નારકી વગેરેના પડ્યા છે.

પરમાર્થદૃષ્ટિ દ્વારા યથાર્થ સમ્યક્દર્શન પ્રાપ્ત કરવું તે જ ખરું કર્તવ્ય છે. તે સમ્યક્દર્શનનું વાસ્તવિક સ્વરૂપ કહેવાય છે. તે પરમ અદ્ભુત, અલૌકિક, અચિંત્ય છે.

લોકોએ અનંતકાળમાં નહિ માનેલું, નહિ જાણેલું, નહિ અનુભવેલું એવું સ્વરૂપ છે. તેનું રહસ્ય શ્રી કુંદકુંદાચાર્યદેવને સર્વજ્ઞ પરમાત્મા પાસેથી મળેલું અને પોતે જાતે અનુભવેલું તેને અહીં તેરમી ગાથામાં કહે છે.

જેને અંતર સ્વભાવના ગુણની પ્રતીતિ બેસતી નથી; બહારમાં કાંઈક કરું તો ગુણ થાય. મન, વાણી, દેહ, ઈન્દ્રિયો તથા દેવ, ગુરુ, શાસ્ત્ર આદિ સંયોગી પરવસ્તુથી આત્માનો સ્વભાવ ઊઘડે એમ જે માને છે તેણે જીવ-અજીવને એક માન્યા છે. તેને અસંયોગી સ્વાધીન આત્મસ્વરૂપની શ્રદ્ધા નથી. જેવા સિદ્ધ પરમાત્મા દેહાદિ સંયોગથી રહિત અનંતગુણોથી પોતાના પૂર્ણ સ્વભાવપણે છે તેવા જ દરેક જીવ સદાય પરમાર્થે અનંત ગુણોથી પૂર્ણ છે, સ્વતંત્ર છે. એકેન્દ્રિયમાં કે નિગોદદશામાં પણ સ્વભાવે તો પૂર્ણ પ્રભુ જ છે.

અંતરના અનંત ગુણથી પૂર્ણ છું, અસંયોગી છું, અવિનાશી છું, સ્વતંત્ર છું, પરથી જુદો છું એમ સ્વભાવને ભૂલીને પરથી રાજી થાઉં, પરને રાજી કરું, કોઈની મહેરબાનીથી લાભ થઈ જાય એમ જે પરથી ગુણ માને છે તેને સ્વતંત્ર આત્મા શું, ધર્મની શરૂઆતનો એકડો (સમ્યક્દર્શન) શું? તેની ખબર નથી. પુણ્ય—પાપના વિકારી સંયોગમાં શરણ માન્યું છે. કોઈનો આધાર જોઈએ એમ માન્યું એટલે પોતામાં કાંઈ તાકાત નથી એમ માન્યું છે. એ ઊંધી માન્યતા જ અનંત સંસારમાં રખડવાનું બીજડું છે.

જેવા પૂર્ણ ગુણ સર્વજ્ઞ વીતરાગ પરમાત્મામાં છે તેવા જ પૂર્ણ ગુણ મારામાં પણ છે, એવી શ્રદ્ધાના જોરમાં મલિનતાનો નાશ અને નિર્મળતાની ઉત્પત્તિ થાય છે. તે સિવાય કોઈ બીજો ઉપાય કહેતા હોય તો તે પાખંડ છે, સંસારમાં રઝળવાનો ઉપાય છે.

નિર્મળ સ્વભાવની પ્રતીતિ કર્યા પછી સમ્યગ્જ્ઞાન વડે વર્તમાન વિકારી અવસ્થા, સંયોગનું નિમિત્ત વગેરે જેમ છે તેમ જાણે છે, પણ તેનું કર્તાપણું કે ધણીપણું માને કે શુભરાગને મદદગાર માને તો તે જ્ઞાન સાચું નથી. શુદ્ધનયથી એકરૂપ પૂર્ણ ધ્રુવ સ્વભાવી છું, એવી પ્રતીતિ કર્યા વિના સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર પ્રગટે નહિ, કારણ કે દૃષ્ટિની ભૂલ વડે જ્ઞાનની અને ચારિત્રની ભૂલ અનાદિની ચાલી આવે છે.

સાચા નવતત્ત્વના વિચારરૂપ વિકલ્પ તે શુભભાવ છે, તેમ જેમ છે તેમ જાણવો તે વ્યવહાર છે પણ તે અવિકારી એકરૂપ સ્વભાવને મદદગાર નથી. નિરાવલંબી એકરૂપ પૂર્ણ છું, એવી યથાર્થ શ્રદ્ધાનું જોર હોય તો સાચા નવતત્ત્વના શુભભાવના વ્યવહારને નિમિત્ત કહેવાય; પણ એકલા શુભભાવની શ્રદ્ધારૂપ નવતત્ત્વમાં ઉભો હોય તો વ્યવહારનયાભાસ કહેવાય.

જગતની મીઠાશ, ધન, મકાન, પુત્ર, આબરૂ આદિ તથા રોગ, અણઆબરૂ આદિ પુણ્ય–પાપના સંયોગોમાં આત્માનું જરાપણ હિત નથી. તે બધું જળોજથ્થા છે. વિકારી લોહી પીને જળો મોટી થયેલી દેખાય છે પણ થોડીવારમાં મરી જાય છે. તેમ પુણ્ય–પાપના સંયોગોથી માનેલી મોટપ ક્ષણમાં નાશ પામી જાય છે. ભગવાન ચિદાનંદ આત્માને તે વડે જરાપણ શોભા માનવી તે શરમ છે.

જે અવિનાશી હિત પ્રગટ કરવું છે તે જો શક્તિપણે સ્વભાવમાં જ ન હોય તો પ્રગટી શકે નહિ. નિમિત્તાધીન દૃષ્ટિએ ઘર ઘાલ્યાં છે, તેથી એમ માન્યું છે કે મને કોઈ બીજું સુખ આપી દેશે. આ ઊંધી શ્રદ્ધા તે જ સંસાર છે, બહારમાં સંસાર નથી.

આત્મા પૂર્ણ પરમાત્મા જેવો જ છે, તેમાં કોઈ પર વસ્તુ કે રાગ-દ્વેષ પેસી ગયા નથી. શુભાશુભ વિકારરૂપ ભૂલ સ્વભાવમાં નથી પણ પરલક્ષે ઊંધી માન્યતાના પુરુષાર્થથી ઉત્પન્ન થયેલી ક્ષણિક વિકારી અવસ્થા છે. ભૂલ રહિત ત્રિકાળી અખંડ સ્વભાવના લક્ષે એક ક્ષણ માત્રમાં અનાદિની ભૂલ ટાળવાનું સામર્થ્ય દરેક સમયે છે.

હવે નિશ્ચય સમકિતનાં સ્વરૂપની ગાથા કહે છે.

**भूयत्थेणाभिगदा जीवाजीवा य पुण्णपावं च ।**
**आसवसंवरणिज्जरबंधो मोक्खो य सम्मत्तं ।।१३।।**

**ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય, પાપ ને**
**આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ તે સમ્યક્ત્વ છે. ૧૩.**

અર્થ :—ભૂતાર્થ નયથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય, પાપ તથા આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવતત્ત્વ સમ્યક્ત્વ છે.

અહીં સમ્યક્ત્વની વાત ચાલે છે. શ્રાવકના વ્રત અને મુનિપણું તે સમ્યક્ત્વ પછી જ હોય છે. નિશ્ચય પરમાર્થરૂપ સમ્યક્ત્વ વિના જેટલા ક્રિયા–કાંડ, વ્રત તપ કરે તે બધા બાળવ્રત અને બાળતપ છે, એમ સર્વજ્ઞ ભગવાને કહ્યું છે. શુભભાવ પણ વિકારી (આસ્રવ) ભાવ છે. તેનાથી આત્માને કાંઈ પણ લાભ થતો નથી. જ્ઞાનીને પણ મહાવ્રતાદિના શુભભાવથી ગુણ નથી, પણ અવિકારી અખંડ સ્વભાવના લક્ષે જેટલી સ્થિરતા ઉઘડે છે તેટલો ગુણ છે. જ્યાં સુધી બધો રાગ ન ટળે, વીતરાગ ન થાય ત્યાં સુધી અશુભમાં ન જવા માટે વ્રતાદિના શુભભાવ આવ્યા વિના રહે નહિ, પણ જ્ઞાની તેને પોતાના સ્વભાવના માનતા નથી. જે શુભભાવથી ગુણ માને તેને સ્વતંત્ર સ્વભાવના ગુણની શ્રદ્ધા નથી.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**પ્રશ્ન :**—આત્માના ગુણનો ફાલ ક્યાંથી પાંગરે?

**ઉત્તર :**—સ્વભાવ આશ્રિત સમ્યક્દર્શનરૂપ બીજથી અને સમ્યક્દર્શનથી કરેલી અખંડ સ્વલક્ષની સ્થિરતાથી; પણ શુભભાવથી કે કોઈપણ વિકારથી અવિકારી આત્માને ગુણ કદી પણ થાય નહિ. ગુણ તો સ્વભાવમાં જ છે, ઉઘડતા નથી પણ ગુણની પર્યાય ઉઘડે છે, તેને 'ગુણ ઉઘડ્યા' એમ વ્યવહારે બોલાય.

જડ કર્માધીન જે પુણ્ય—પાપની ક્ષણિક વૃત્તિ ઊઠે તે અભૂતાર્થ છે, નવતત્ત્વના વિકલ્પ પણ અસ્થાયી ક્ષણિક ભાવ છે, તેથી તે અભૂતાર્થ છે, સ્વભાવમાં ટકનાર નથી. નવતત્ત્વના ભેદ તથા સર્વ વિકારી અવસ્થાના ભેદને ગૌણ કરી નિત્ય એકરૂપ જ્ઞાયક સ્વભાવને લક્ષમાં લેનાર દૃષ્ટિને શુદ્ધનય અથવા ભૂતાર્થ દૃષ્ટિ કહેવાય છે.

નવતત્ત્વનો મન દ્વારા વિચાર કરવો તે શુભ રાગ છે. તે શુભ વિકલ્પ પરિપૂર્ણ યથાર્થ તત્ત્વ સમજવામાં વચ્ચે નિમિત્તપણે આવ્યા વિના રહેતો નથી, પણ તે વિકલ્પનો અભાવ કરી, ક્ષણિક વિકારી અંશને ગૌણ કરી શુદ્ધનય વડે એકરૂપ અખંડજ્ઞાયકસ્વભાવી આત્માને જાણી તેની શ્રદ્ધા કરે તે સમ્યક્દર્શન છે. સ્વભાવના જોરે નિશ્ચય એકત્વની શ્રદ્ધા થાય છે ત્યાં નવતત્ત્વના વિચારની પ્રથમ હાજરી હતી, તેથી તે નિમિત્ત કહેવાય છે.

પોતે જ પૂર્ણ કલ્યાણ સ્વરૂપ સ્વતંત્ર છે, તે સ્વભાવના લક્ષે નવતત્ત્વના ભેદ છોડી નિર્મળ એકપણાની શ્રદ્ધામાં ઠરવું તેને સર્વજ્ઞ ભગવાને સમ્યક્ત્વ કહ્યું છે.

**ટીકા :**—જીવાદિ નવતત્ત્વોને શુદ્ધનયથી જાણે અને જાણ્યા પછી વિકલ્પને ગૌણ કરી, સ્વભાવ તરફ ઢળીને એકરૂપ સ્વભાવને જાણે તે નિયમથી સમ્યક્દર્શન છે. આ ધર્મનું પ્રથમ સોપાન છે, તે વિના વ્રત, તપ, પૂજા, ભક્તિ આદિ શુભભાવમાં રાગ પાતળો પાડે, તૃષ્ણા ઘટાડે તો પુણ્ય થાય, પણ તેથી આત્માનો ધર્મ અંશ માત્ર પણ ઉઘડે નહિ. આગળ ૩૯મી ગાથામાં આચાર્ય ભગવાન કહેશે કે શુભાશુભભાવ (અધ્યવસાન) ને જે આત્માનું સ્વરૂપ માને છે તે મૂઢ છે.

અંદર ભૂતાર્થ★ (ત્રિકાળી પદાર્થ) નિત્ય પૂર્ણ શક્તિથી ભર્યો છે તેનો જ મહિમા લાવી, તેનું જ લક્ષ કરી, અંદરમાં ન ઢળે અને એકલા નવતત્ત્વના વિચારમાં રોકાય તેને પુણ્ય થાય; પણ અનંત ગુણો સ્વરૂપ દ્રવ્યની શ્રદ્ધા થતી નથી. નવતત્ત્વના વિચાર કરતાં કરતાં અંદર ગુણ ઉઘડી જશે એમ અજ્ઞાની માને છે, પણ શુભભાવ વડે આત્માનો સ્વભાવ ત્રણકાળમાં પણ ઉઘડે નહિ. જે સત્ છે તે સત્પણે જ રહેશે. ત્રણકાળમાં સત્માં

★ ભૂત—ત્રિકાળ રહેનાર + અર્થ—પદાર્થ.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

અસત્‌પણું આવતું નથી. નવતત્ત્વને રાગના ભેદ રહિત ભૂતાર્થનય (સ્વભાવની અંતર નિર્મળ દૃષ્ટિ)થી જાણવા તે સમ્યક્ છે એમ ત્રણે કાળના સર્વજ્ઞો કહે છે.

કોઈ ઠીકરાનો સંગ્રહ કરી તેને રૂપિયા માને તો તે અજ્ઞાની છે, તેમ જે યથાર્થ વસ્તુને ન જાણે અને તેથી ઊંધા માર્ગે—બાહ્યમાં પોતાના માનેલા કાર્યથી સંતોષ માને, ધર્મ માને તો તે અજ્ઞાની છે. કોઈ વ્યવહારૂ નવતત્ત્વની શ્રદ્ધાથી કે તેના વિકલ્પથી પુણ્ય કે દેહાદિ જડની ક્રિયાથી કે શુભરાગના આચરણથી ધર્મ માને તો તે ઊંધી માન્યતા કરવામાં પણ સ્વતંત્ર છે; પણ સર્વજ્ઞ વીતરાગના અંતરંગ માર્ગમાં તે ઊંધી માન્યતા ચાલશે નહિ. અર્થાત્ તે ઊંધી માન્યતાથી કદી પણ ધર્મ થશે નહિ. શુભાશુભભાવ મોક્ષનો માર્ગ નથી પણ બંધનમાર્ગ છે. સંસારમાં રખડવાનો માર્ગ છે. રાગ રહિત દર્શન, જ્ઞાન, ચારિત્રને ભગવાને સદ્‌ભુતવ્યવહાર—મોક્ષમાર્ગ કહ્યો છે.

આત્માના અભેદ પરમાર્થ સ્વરૂપને સમજાવવા માટે પ્રથમ નિમિત્તરૂપે તીર્થની (વ્યવહાર ધર્મની) પ્રવૃત્તિ અર્થે અભૂતાર્થ (વ્યવહાર) નયથી નવતત્ત્વના ભેદ પાડવામાં આવે છે, કે આ જાણે છે તે આત્મા છે, જે ન જાણે તે અચેતન—અજીવ છે, કર્મના નિમિત્તાધીન જે શુભાશુભ ભાવ થાય છે તે પુણ્ય-પાપના વિકારી ભાવ છે, તેથી તે આસ્રવ છે અને તેમાં જોડાવાથી બંધન થાય છે. સ્વભાવને ઓળખીને ઠરવાથી સંવર નિર્જરારૂપ અવસ્થા થાય છે અને સ્વભાવમાં પૂર્ણપણે ઠરવાથી મોક્ષરૂપ પૂર્ણ નિર્મળ દશા પ્રગટ થાય છે.

આ પ્રમાણે નવતત્ત્વની વ્યાખ્યા સમજ્યા વગર પરમાર્થ જાણી શકાય નહિ, તેથી તીર્થની પ્રવૃત્તિ અર્થે અભૂતાર્થ એવા અનેક પ્રકારના ભેદોથી ભૂતાર્થને એકરૂપ આત્માને કહે છે. ખરી રીતે તેનાથી ધર્મ થતો નથી છતાં તેની હાજરી હોય છે. જ્યારે શ્રદ્ધામાં તેનો અભાવ કરે અને નવ પ્રકારના વિકલ્પને છોડી એકરૂપ અખંડસ્વભાવનું લક્ષ કરે ત્યારે નવતત્ત્વનો વ્યવહાર નિમિત્ત કહેવાય છે, તે અભાવરૂપે નિમિત્ત છે.

પ્રથમ યથાર્થ નવતત્ત્વ સમજ્યો તેમાં (ગુરુ આદિ તો નિમિત્ત છે પણ) એકપણું પ્રગટ કરનાર શુદ્ધનય જ છે. જો સ્વભાવ તરફ ન ઢળે અને માત્ર દેવ, ગુરુ, શાસ્ત્ર તથા નવતત્ત્વના શુભ રાગમાં અટકી જાય તો તે પુણ્ય છે.

સાચા નવતત્ત્વની ઓળખાણમાં દેવ, ગુરુ, શાસ્ત્રની ઓળખાણ આવી જાય છે. તેનું સ્વરૂપ ટૂંકમાં કહે છે :—

**જીવતત્ત્વ :** રાગ-દ્વેષ, અજ્ઞાન રહિત અસંયોગી શુદ્ધ આત્માને માનવો તે નિશ્ચય શ્રદ્ધા.

અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ એ પાંચ તત્ત્વને આત્માના સ્વભાવમાં નાસ્તિકરૂપ માનવા, તે હેયરૂપ છે એવી શ્રદ્ધા કરવી કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્ર તે આસ્રવ અને બંધના કારણભૂત હોવાથી હેયરૂપ તત્ત્વ છે, તેની પણ હેયરૂપ શ્રદ્ધા આ પાંચ તત્ત્વોમાં આવી જાય છે.

**સંવર નિર્જરા :** તે નિર્મળ દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ મોક્ષ માર્ગ છે, સાધકભાવ છે; આચાર્ય, ઉપાધ્યાય, સાધુરૂપે શ્રીગુરૂ છે, તેનું સ્વરૂપ સંવર નિર્જરામાં આવી જાય છે.

**મોક્ષ :** પૂર્ણ નિર્મળ અવસ્થા તે મોક્ષ છે, અર્હંત અને સિદ્ધ પરમાત્મા સર્વજ્ઞ વીતરાગ દેવ છે, તેનું સ્વરૂપ મોક્ષમાં આવી જાય છે.

આવાં સાચાં નવતત્ત્વ જેણે જાણ્યાં નથી તેની અહીં વાત નથી. વીતરાગદેવના શાસ્ત્રથી, સત્સમાગમે જેણે સાચાં નવતત્ત્વો જાણ્યાં છે છતાં તે નવતત્ત્વના વિકલ્પમાં જ રોકાઈ રહે તો સંસાર જ છે. નવ પ્રકારમાંથી શુદ્ધનય વડે એકરૂપ જ્ઞાયક છું, એમ એક પરમાર્થ સ્વભાવને જ સ્વીકારવો તે સમ્યક્ત્વ છે. દાન, પૂજા વગેરે શુભભાવ છે અને હિંસા, અસત્ય વગેરે અશુભભાવ છે, તે શુભાશુભ ભાવો કરવાથી ધર્મ થાય એમ માનવું તે ત્રણેકાળ મિથ્યાત્વ છે, આથી પુણ્યના શુભભાવ છોડીને પાપમાં જવાનું કહેવામાં આવતું નથી. વિષય, કષાય, દેહાદિમાં આસક્તિ, પૈસા, રાગની પ્રવૃત્તિરૂપ ધંધા તે બધા ભાવોમાં એકલા પાપનો અશુભભાવ છે; અને દાનાદિમાં તૃષ્ણાનો ઘટાડો, કષાયની મંદતા વગેરે હોય તો શુભભાવ—પુણ્ય છે. આ રીતે પુણ્ય-પાપને વ્યવહારે જુદા માને પણ બંનેને આસ્રવ માની, તેનાથી ધર્મ ન માને; આ રીતે નવતત્ત્વને બરાબર જાણે ત્યારે તે શુભભાવ છે.

ધર્મની આવી વાત ધીરજથી એકાગ્રતાપૂર્વક સાંભળે નહિ તો મૂળ વસ્તુ એકદમ સમજાય નહિ; પછી અંદર એમ થાય કે આવા પુણ્યના વ્યવહારથી ધર્મ ન થાય, એમ માનીશું તો ધર્મ અને પુણ્ય બંનેથી ભ્રષ્ટ થઈશું, પણ સંસારનો અભાવ સત્ય સમજ્યા વિના ત્રણકાળમાં નથી. અનાદિથી યથાર્થ વસ્તુના ભાન વગર જેટલું કર્યું અને જેટલું માન્યું છે તે બધું અજ્ઞાન જ કર્યું છે, તે સર્વના મીંડા મૂકવા પડશે. જે ભાવે અનંતકાળથી સંસાર સેવ્યો છે તે ભાવ નવો નથી. ધર્મના નામે અંતર સ્વરૂપને ભૂલીને બીજું બધું અનંતવાર કર્યું છે, પણ તેથી ધર્મ થયો નથીં; શુભ—અશુભભાવ માત્ર થયા છે તે બંધનભાવથી અંશ માત્ર ધર્મ થાય નહિ. પૂર્વાપર વિરોધ રહિત સાચાં નવતત્ત્વને જાણે ત્યારે અભૂતાર્થમાં (વ્યવહારમાં) આવે તે પણ પુણ્યભાવ છે, તેનાથી પૂર્ણ પરમાત્માપદ ઉઘડે નહિ.

જે સમજવાના રસ્તે હોય, જેને સમજવાની રુચિ હોય તે સાચું સમજ્યા વગર રહે નહિ, સાચી સમજણ તે જ પ્રથમ ધર્મ છે અને સમજણ અનુસાર સ્થિરતા તે જ ધર્મક્રિયા છે.

બધા આત્મા ભેગા થઈ એક પરમાત્મા છે, એક સર્વવ્યાપક ઈશ્વર છે. જગતનો આધાર છે, જગતનો કર્તા છે એવું માનનાર તો સ્વભાવનો શોધક પણ નથી, સત્‌નો જિજ્ઞાસુ નથી, તેને અભૂતાર્થના વ્યવહારનયની પણ ખબર નથી. ભગવાન કોઈને કાંઈ આપી દે—આપવાની ઇચ્છા કરે તેવા રાગી નથી. કોઈના આશીર્વાદથી ભલું થાય, કોઈની પ્રાર્થના કરવાથી ગુણ ઉઘડે તેમ માનવું તે તદ્દન અજ્ઞાન છે, મહાપાખંડ ભ્રમણા છે.

એકલા નવતત્ત્વની શ્રદ્ધા કરી પુણ્ય બાંધે તો સ્વર્ગમાં જાય પણ સ્વરૂપના ભાન વગર ત્યાંથી ઢોર વગેરેમાં અને ત્યાંથી નરક, નિગોદ વગેરે ગતિઓમાં, ચોરાશીના અવતારમાં રખડે. સત્ તો જેમ હોય તેમ જ કહેવાય, દુનિયાને ગોઠે કે ન ગોઠે તે ઉપર સત્‌નો આધાર નથી. જે માનવાથી અહિત થાય તે કેમ કહેવાય?

અહીં કહ્યું એ રીતે નવતત્ત્વો અને પરમાર્થ શ્રદ્ધાનું સ્વરૂપ સત્—સમાગમ કારી જાતે સમજે, નિર્ણય કરે અને યથાર્થ ભાન સહિત નિશ્ચય સમ્યક્‌દર્શન પોતે પુરુષાર્થથી પ્રગટ કરે તો તેને વ્યવહાર શ્રદ્ધા નિમિત્ત કહેવાય.

આત્માની યથાર્થ ઓળખાણ વગર, સ્વરૂપના ભાન વગર જગતમાં કોઈ શરણ નથી, અખંડાનંદ પૂર્ણ શુદ્ધ આત્મા છે, તેનું ભાન કરે તે જ પોતાનું પરમ શરણ છે. પોતે જ પરમ શરણ છે.

આચાર્ય મહારાજ કહે છે કે : જેમ સર્વજ્ઞ ભગવાને કહ્યા છે તેમ નવતત્ત્વને પ્રથમ સત્સમાગમે જાણો, પાત્રતા મેળવી તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરો, સ્વાધીન સ્વરૂપનો પરિચય કરો, સ્વતંત્ર પરમાર્થપણું પ્રગટ કરનાર શુદ્ધનય વડે નિર્મળ સ્વભાવની શ્રદ્ધા કરો.

નવતત્ત્વના વિકલ્પથી આત્માનું યથાર્થ અભેદ સ્વરૂપ જ સમજાય, પણ તે નવ પ્રકારનાં ભેદરૂપે હું નથી, એમ વિકલ્પ અને વિચારનો ભેદ છોડી, ત્રિકાળી પૂર્ણ છું એવી શ્રદ્ધા કરે તો આત્માનો સ્વભાવ સમજાય. આત્માનું સાચું સુખ જોઈતું હોય તો યથાર્થપણું જાણી, તેની શ્રદ્ધા કરો; પુણ્ય—પાપના ભાવ તે કર્મ તરફના વિકારીભાવ છે, અભૂતાર્થ છે, આત્મામાં ટકનાર નથી, તેથી આત્માનો સ્વભાવ નથી, એમ નવતત્ત્વના વિકલ્પમાં અટકવારૂપ અનેક ભેદોથી આત્માને જુદો માનીને એકરૂપ નિર્વિકલ્પ પરમાર્થપણે તારવી લેવો તે સમ્યક્‌દર્શન છે. શુદ્ધનયાશ્રિત આત્માનું એકપણું, નિરપેક્ષ નિર્મળપણું નક્કી કરવું કે સ્વભાવે પૂર્ણ છું, એકાકાર નિર્મળ જ્ઞાયક સ્વભાવમાં નિશ્ચલ

છું, નવતત્ત્વના વિકલ્પ રહિત છું, એમ શુદ્ધનયપણે સ્થપાયેલા આત્માની અનુભૂત કે જે આત્મખ્યાતિ છે, સમ્યક્દર્શન છે તેની પ્રાપ્તિ થાય છે.

અક્રિય, અસંગ, પૂર્ણ છું એવી શ્રદ્ધા વિના ભવ રહિતપણાનો સ્વાનુભવ થાય નહિ અને અતીન્દ્રિય સ્વાનુભવ વિના સ્વભાવના ગુણની નિર્મળતા પ્રગટે નહિ. જોનાર–જાણનાર પોતે અને પોતાને જ જાણે નહિ અને બહારમાં જે શરીર મન, વાણીની પ્રવૃત્તિ દેખાય તેને માને, તેથી આગળ જાય તો પાપભાવ ટાળીને દયા, વ્રતાદિના શુભભાવ કરે તેમાં જ બધો 'ધર્મ' માની લે તેને યથાર્થ ધર્મ ક્યાંથી થાય?

પોતાને મનના શુભાશુભ વિકલ્પથી, નવતત્ત્વથી ભિન્ન એકરૂપ જ્ઞાયક ધ્રુવપણે દેખે નહિ અને કોઈ બહારની પ્રવૃત્તિ બતાવે, પુણ્યની વાત કરે કે કંદમૂળ છોડી દેશો તો ધર્મ થશે, તો તે વાતની જલદી હા પાડે; પણ પુણ્ય–પાપથી જુદો આત્મા શું તે માને નહિ. ''જાણનારને માન નહિ, કહિયે કેવું જ્ઞાન? જાણનારો પોતે અને જાણે પરને, પોતાને જ ભૂલી જાય! અહીં કંદમૂળ ખાવાની જ વાત નથી. પાપભાવ છોડવા માટે શુભભાવ જરૂર કરવા જોઈએ, પણ તેથી ધર્મ ન થાય, એમ સમજવું જોઈએ.

જેનાથી તરાય તે તીર્થ, તેનો ઉપાય ઉપર કહ્યો તે સિવાય બીજો કોઈ ત્રણકાળમાં નથી. અખંડના લક્ષે નવતત્ત્વના શુભરાગનો ખંડ પડે તે આદરણીય નથી, સ્વભાવ નથી; આ જાણવું તે પણ વ્યવહાર છે. તેનો આશ્રય છોડી, ભેદનું લક્ષ ગૌણ કરી તેના અભાવરૂપ નિર્વિકલ્પ નિશ્ચયદૃષ્ટિથી અંતરમાં એકાગ્ર થયો, તે અનુભવ સહિત પૂર્ણ સ્વરૂપની શ્રદ્ધા થતાં સમ્યક્દર્શન થાય છે. તેને યથાર્થ ખબર પડે છે કે પરમાત્માના મને દર્શન થયાં એટલે કે પૂર્ણ નિશ્ચય સાધ્ય સિદ્ધ પરમાત્માસ્વરૂપનું યથાર્થ લક્ષ થયું. સમ્યક્દર્શ તે જ પરમાત્માનું દર્શન છે.

**પ્રશ્ન :** આત્માસાક્ષાત્કારમાં તેજ (પ્રકાશ) દેખાય?

**ઉત્તર :** ન દેખાય, કારણ કે આત્મા તો અરૂપી છે, સદાય જ્ઞાનઆનંદસ્વરૂપે છે અને પ્રકાશ તો પરમાણું છે–રૂપી છે, અરૂપી આત્મામાં રૂપી રજકણો છે જ નહિ.

સર્વજ્ઞના ન્યાય અનુસાર વિરોધ રહિત યથાર્થ વસ્તુનો આત્મામાં નિર્ણય થાય એટલે જેવો સ્વાધીનપૂર્ણ સ્વભાવ છે, તેની જાહેરાતનો સંતોષ થાય છે કે અહો! આવો હું! છૂટો પૂર્ણ જ્ઞાનાનંદનો ગોળો છું. દરેક આત્મા આવા જ પરિપૂર્ણ છે. તેની એકાગ્રતામાં નિરાકુળ સ્વભાવની અનુપમ શાંતિ આવે છે તે સહજ છે, અંદરથી પૂર્ણ સ્વભાવની નિઃશંક ખાત્રી આવે તો સ્વભાવ પૂર્ણ ભરચક ભર્યો જ છે, તેમાંથી નિર્મળ સ્થિરતા અને આનંદ આવે છે. નિમિત્તના વિકલ્પથી આનંદ આવતો નથી. યથાર્થ

તત્ત્વજ્ઞાનનો અભ્યાસ થયા પછી અખંડ સ્વભાવના લક્ષે નિર્મળ પર્યાય ઉઘડી તે સામાન્ય સ્વભાવમાં ભળી જાય છે; આવો સમ્યક્દર્શનનો પરમ અદ્ભૂત મહિમા છે.

આ રીતે શુદ્ધનયથી આત્મ સન્મુખ રહી નવતત્ત્વનો વિચાર કરતાં, અખંડ સ્વભાવ તરફ એકાગ્ર દૃષ્ટિ થતાં સમ્યક્દર્શન થાય છે; તેમ થવામાં સાચા નવતત્ત્વનું જ્ઞાન નિમિત્ત થાય છે તે હેતુથી આ નિયમ કહ્યો છે, પણ અંતર અનુભવથી નિશ્ચય શ્રદ્ધા ન કરે તો તેને નિમિત્ત થાય નહિ. જેણે વીતરાગે કહેલાં સાચાં નવતત્ત્વને જ જાણ્યાં નથી, તેની તો અહીં વાત જ નથી.

તા. ૬-૮-૪૩.

સમ્યક્દર્શન તે આત્માના અનંત ગુણોમાંથી શ્રદ્ધા નામે ગુણની નિર્મળ અવસ્થા છે. શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર ગુણને મુખ્ય કરી કહીએ તો તે ગુણ અનાદિ અનંત છે; જ્યારે તેની શુદ્ધ અવસ્થા (અપ્રગટ હોય ત્યારે વિકારી અશુદ્ધ ત્યારે અવસ્થા પ્રગટ હોય, તે અશુદ્ધ અવસ્થાને મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યા ચારિત્ર કહેવાય છે. સ્વભાવના લક્ષે સાચી શ્રદ્ધાની નિર્મળ અવસ્થા ઉત્પન્ન થતાં અશુદ્ધ અવસ્થા હતી તે બદલીને શુદ્ધ થાય છે, તેને સમ્યક્દર્શન કહેવાય છે. સમ્યક્દર્શન થતાં તુરત જ ચારિત્રમાં પૂર્ણ સ્થિરતા–વીતરાગપણું થઈ જતું નથી.

જેમ કેરીમાં તેની ખાટી અવસ્થા વખતે જ ખટાશનો નાશ કરનાર મીઠો સ્વાદ શક્તિપણે ભર્યો ન હોય તો ખટાશનો અભાવ થઈ શકે નહિ. વસ્તુમાં જે શક્તિ જ ન હોય તે ઉત્પન્ન થાય નહિ. કેરીમાં મીઠાશ નવી પ્રગટી, એમ માનનારની સ્થૂળ દૃષ્ટિ છે. પુદ્ગલમાં રસગુણ અનાદિ અનંત છે તે ગુણની અવસ્થા બદલાયા કરે છે, તેથી જે વખતે રસ–ગુણની ખાટી અવસ્થા પ્રગટ છે તે જ વખતે તે ખાટી અવસ્થા બદલવાની અને મીઠી અવસ્થા થવાની તાકાત (યોગ્યતા) ધ્રુવ સ્વભાવી ગુણમાં દરેક સમયે ભરી છે. હોય તે સર્વથા નાશ પામે નહી અને ન હોય તે નવું ઊપજે નહિ. દરેક વસ્તુ અને ગુણ એકરૂપ ધ્રુવ ત્રિકાળ ટકી રહે છે. અવસ્થા બદલાતી જ રહે છે. ખાટી મીઠી અવસ્થાની શક્તિરૂપ રસગુણ પુદ્ગલ દ્રવ્યમાં ત્રિકાળી ભર્યો છે, તેના સામર્થ્યના જોરે ખાટી અવસ્થાનો નાશ અને મીઠી અવસ્થાનો ઉત્પાદ થાય છે, તે રસગુણની ધ્રુવતાના જોરે છે અને તે ગુણ દ્રવ્યના આધારે છે. એ પ્રમાણે આત્મામાં તેનો શાંત અવિકારી સ્વભાવ અનંતગુણથી ત્રિકાળ એકરૂપ છે. તેમાં આનંદગુણની બે અવસ્થા છે. (૧) વિકારી અને (૨)

અવિકારી. પર ચીજના સંબંધ વિના વસ્તુ એક સ્વભાવપણે રહે તો વિકાર થાય નહિ. વિકાર પરથી થતો નથી, પણ પોતાની યોગ્યતાથી (તેવા ભાવ કરવાથી) અવસ્થામાં ક્ષણિક વિકાર થાય છે, નિમિત્ત સંયોગરૂપ પર ચીજ છે; દરેક વસ્તુ સ્વતંત્ર છે અને પોતાના આધારે ટકીને પોતાની અવસ્થા પોતાથી બદલાવે છે.

આત્મા જાણનારો છે, પોતાના નિર્વિકારી અખંડ એકરૂપ જ્ઞાયક સ્વભાવને ન જોતાં, પોતાના સ્વભાવને ભૂલીને પર વસ્તુ ઉપર લક્ષ કરે છે અને તે નિમિત્ત આધીન થઈ હું રાગી હું દ્વેષી, હું પરનો કર્તા એવી ઊંધી માન્યતા અનુસાર ક્રોધ, માન, માયા, લોભની વિકારી વૃત્તિ વર્તમાન ઊંધા પુરુષાર્થથી કરે છે, તે પુણ્ય—પાપની વિકારી વૃત્તિ મારી છે અને હું વિકારી છું, એમ માનવું તે મિથ્યાદષ્ટિનો વિષય છે.

એકરૂપ જ્ઞાનાનંદ સ્વભાવી નિર્વિકારી ત્રિકાળ ધ્રુવ છું, એવી દૃષ્ટિ અવિકારી સ્વભાવને જુએ છે. પુણ્ય—પાપની ક્ષણિક વૃત્તિ નિમિત્તાધીન નવી થાય છે તે વર્તમાનમાં પુરુષાર્થની નબળાઈથી થાય છે, કોઈ પરાણે કરાવતું નથી. તે ક્ષણિક રાગ—દ્વેષના વિકલ્પ જેટલો જ હું નથી, હું તો ત્રિકાળ અખંડ જ્ઞાયક સ્વભાવે એકરૂપ રહેનારો છું, તેના લક્ષે વિકારનો નાશ કરી ધ્રુવ એકાકાર ટકી રહે તે અખંડ દૃષ્ટિનો વિષય આખો આત્મા વર્તમાનમાં પણ પૂર્ણ છે, તેને લક્ષમાં લેવો તે સમ્યક્દર્શન છે.

ધ્રુવ સામર્થ્યના જોરે વર્તમાન વિકારી અવસ્થાનો ક્રમે ક્રમે નાશ અને અવિકારી આનંદપણે નિર્મળ અવસ્થાની ઉત્પત્તિ થાય છે. બહારથી ગુણ કે તેની અવસ્થા આવતી નથી. પાપથી બચવા શુભભાવ થાય છે પણ તે સ્વભાવને મદદગાર નથી. વર્તમાનમાં ઊણી અવસ્થાનો અભાવ તે વ્યવહારે પૂર્ણ નિર્મળ અવસ્થાનું કારણ છે, પરમાર્થે આત્મા દ્રવ્ય અખંડ વસ્તુ છે તે જ વિકારી અને ઊણી અવસ્થાનો નાશ કરનાર અને પૂર્ણ નિર્મળ અવસ્થા પ્રગટ કરનાર નિશ્ચય કારણ છે.

વિકાર ક્ષણિક છે તે અવિકારી અખંડ નિત્ય સ્વભાવનો વિરોધી છે, તેમ જાણે તો વિકારનો નાશક પોતાનો સ્વભાવ માની શકે. વિકારનું નિમિત્ત કારણ (સંયોગી ચીજ) અજીવ—જડ પદાર્થ છે; એવા જીવ અને અજીવ બંને સ્વતંત્ર પદાર્થની વર્તમાન વિકાર અવસ્થામાં નિમિત્ત—નૈમિતિક વ્યવહાર સંબંધે નવ અથવા ★સાત ભેદ પડે છે. એક અખંડ સ્વભાવમાં, પરની અપેક્ષા વગર, નવ પ્રકારના વિકલ્પ સંભવે નહિ. નિમિત્તાધીન કરવામાં આવતા બધા ભાવો શુભ કે અશુભ વિકલ્પ છે. નવતત્ત્વના વિકલ્પને ભગવાન

★ પુણ્ય—પાપને આસ્રવથી જુદા ગણવામાં આવે તો નવ ભેદ છે અને પુણ્ય—પાપને આસ્રવના પેટામાં ગણવામાં આવે તો સાત ભેદ છે.

રાગ કહે છે, તેમાં જીવ અટકે નહિ અને પૂર્ણ એકરૂપ સ્વભાવની શ્રદ્ધા કરે તો નવતત્ત્વના વ્યવહારને નિમિત્ત કહેવાય.

**પ્રશ્ન :—**નવતત્ત્વના શુભભાવની મદદ લેવી પડશે? વ્રત, સંયમ આદિની શુભ પ્રવૃત્તિ વિના આગળ કેમ વધી શકાય?

**ઉત્તર :—**સમ્યક્દર્શન થયા વગર વ્રત, તપ, સંયમાદિ યથાર્થ હોય નહિ. શુભરાગ તે વિકાર છે તેની મદદથી આગળ વધી શકાતું નથી પણ પરમાર્થની રુચિમાં શુભરાગ વચ્ચે આવ્યા વિના રહેતો નથી. હું વિકલ્પથી જુદો ત્રિકાળી અખંડ અવિકારી છું, એવી શ્રદ્ધાના જોરે વિકલ્પનો અભાવ કરે ત્યારે નિર્મળ પર્યાય પ્રગટ થાય અને નવતત્ત્વના જે વિચાર હતા તેને આરોપથી નિમિત્ત કહેવાય, પણ અખંડની શ્રદ્ધા ન કરે તો નિમિત્ત કહેવાય નહિ. નવતત્ત્વના શુભ વિકલ્પોથી ગુણ થશે એવું માને તે વ્યવહારનયાભાસ છે.

જેની દૃષ્ટિ નિમિત્ત ઉપર છે તે શુભરાગના આસ્રવની ભાવના ભાવે છે કે હાશ! એ વ્રત, તપ કરવાનું આવશે તો ખરૂં ને! પણ તે તો અશુભ ટાળવા અર્થે, શુદ્ધ દૃષ્ટિના જોરમાં આવી જાય છે. જેને સ્વભાવ ઉપર દૃષ્ટિ નથી તેનું નિમિત્ત ઉપર વજન જાય છે ને તેથી પર્યાયથી, નાસ્તિથી, અનિત્યથી પુરુષાર્થ થતો હશે, એમ માને છે. પર્યાય ઉપર જ દૃષ્ટિ જે મિથ્યાદૃષ્ટિ છે, તેનાથી રાગ પાતળો પડે પણ રાગનો અભાવ કદી ન થાય. અખંડ સ્વભાવની શ્રદ્ધાના જોરે જ રાગનો અભાવ થઈ શકે છે. આ વાત સમજે નહિ તે લોકો 'અમારો વ્યવહાર—અમારો વ્યવહાર', એમ કહી તેમણે માનેલા વ્યવહારને જ પકડી રાખે છે.

આત્માની અપૂર્વ વાત અંદરમાં જ્ઞાનની સમજણથી જ બેસે તેવી છે, માટે 'અમને નહિ સમજાય' એ વાત જ છોડી દો. આત્માનું સ્વરૂપ આત્માને નહિ સમજાય તો કોને સમજાશે? આ બિચારાં દેહ—ઇન્દ્રિયોને તો કાંઈ ખબર નથી. સર્વજ્ઞ વીતરાગે જે કહ્યું તે બધું જીવથી થઈ શકે છે, એમ જ્ઞાનમાં જાણીને જ તે કહ્યું છે; ન થઈ શકે એવું સર્વજ્ઞ કહેતા જ નથી. બધાં આત્મા પરમાત્મા સમાન પૂર્ણ છે, એવા સ્વતંત્ર સ્વભાવના પૂર્ણ સામર્થ્યને જાણીને ભગવાનની વાણી નીકળી છે. જેને અંદરમાં ગોઠતું નથી 'તે અમને નહિ સમજાય' એવી માન્યતાની આડ રાખી વસ્તુનું સાચું સ્વરૂપ સમજવા માગતો નથી. આ સમજવું કઠણ પડે કે નહિ સમજાય એવી માન્યતા જ સાચા હિતરૂપ સ્વભાવને રોકી રાખે છે.

પ્રથમ નવતત્ત્વના વિચાર અને સાચા જ્ઞાન વિના સ્વભાવ પ્રગટે નહિ અને

નવતત્ત્વના વિકલ્પરૂપ વિચારમાં રોકાય તો તે શુભરાગથી પણ આત્માનો ગુણ પ્રગટે નહિ. નવતત્ત્વના વિચાર પ્રથમ આવે ખરા, તે વિના પરમાર્થમાં સીધા જઈ શકાય નહિ અને તેનાથી પણ જઈ શકે નહિ. જેમ આંગણામાં આવ્યા વિના ઘરમાં જઈ શકાય નહિ અને આંગણું સાથે લઈને પણ ઘરમાં જઈ શકાય નહિ, પણ આંગણામાં આવ્યા પછી તેનો આશ્રય છોડી એકલો ઘરમાં જાય તો જ જઈ શકે, તેમ સાચા નવતત્ત્વ બરાબર ન જાણે અને માને કે સમજ્યા વિના ઉપાદાનથી આત્માનો વિકાસ થશે તો તે બને નહિ. ઉપાદાનનું જ્ઞાન વિકલ્પ દ્વારા થાય; તેને જેમ છે તેમ ન જાણે તો ભૂલ થાય.

કોઈ એકલો આત્મા જ માને અને આત્મામાં અવસ્થા ન માને, વિકલ્પ પુણ્ય–પાપ ન માને, નવતત્ત્વનો વ્યવહાર પણ ન માને તો પરમાર્થની સાચી શ્રદ્ધા ત્રણ કાળમાં થાય નહિ. વળી નવતત્ત્વે સાચા તો માને પણ તેના શુભભાવથી ગુણ ઉઘડે, એમ માને તો પણ ખોટું જ છે. હું પરપણે નથી, ક્ષણિક વિકારપણે નથી, પર મને લાભ-નુકશાન કરનાર નથી, તેમ જ હું પરને કાંઈ કરી શકતો નથી. હું અનંત ગુણથી પૂર્ણ જ્ઞાયક–સ્વરૂપે છું, એમ યથાર્થ સ્વભાવને જાણે તો બધાં સમાધાન થઈ જાય. સ્વતંત્રપણે ત્રિકાળ એકરૂપ ટકનાર આત્મા અનંત છે અને પરમાણુઓ પણ અનંત છે. અવસ્થામાં વિકાર છે. તે ક્ષણિક અવસ્થા પણ નિમિત્ત આધીન જીવમાં થાય છે અને જીવ તેનો અજ્ઞાનભાવે કર્તા છે. અનંત જીવ સ્વતંત્રપણે એકેક પૂર્ણ છે. પરમાર્થે દરેક આત્માની શક્તિ પૂર્ણ સિદ્ધ પરમાત્મા સમાન દરેક સમયે છે, એવા પોતાના સ્વભાવને ભૂલીને પરલક્ષે વિકારીભાવ વર્તમાન એક જ સમયની અવસ્થા પૂરતા છે પણ પ્રવાહરૂપે અનાદિથી પોતાની વર્તમાન ભૂલ અને પુરુષાર્થની નબળાઈ વડે થાય છે; તે ક્ષણિક વિકારને ટાળનાર અવિકારી નિત્ય છું, એમ અખંડ સ્વભાવના જોર વડે ભૂલ અને મલિન અવસ્થાનો નાશ કરીને સ્વાશ્રયના જોરે સ્થિરતા વધીને ક્રમે ક્રમે નિર્મળતાં થતાં છેવટે પૂર્ણ નિર્મળ અવસ્થા પ્રગટ થઈ શકે છે. આમાં ઘણાં ન્યાય આવી ગયા, નવતત્ત્વનો સાર આવી ગયો.

અનાદિથી સ્વચ્છંદે કલ્પનાથી અસત્‌ને સત્ માન્યું છે. પરમાર્થની સાચી શ્રદ્ધા કરવામાં નવતત્ત્વ અને સાચા દેવ—ગુરુ—શાસ્ત્રની ઓળખાણ જોઈએ અને સાચો ઉપદેશ દેનાર સત્ નિમિત્તની હાજરીથી એકવાર સાક્ષાત ઉપદેશ સાંભળવો જોઈએ પણ તે નિમિત્તથી ગુણ ન થાય. ગુરુ મળવા માટે રાહ જોવી પડે એવી પરાધીનતા નથી, પાત્ર થયે ગુરુનું નિમિત્ત તેના કારણે હાજર હોય જ છે.

સત્ સમજવા માટે પોતે પાત્ર થઈ તેનું ખૂબ શ્રવણ—મનન કરવું જોઈએ; નિમિત્ત સમજાવી દે નહિ. પોતે સમજે ત્યારે સત્‌નો ઉપદેશ અને ઉપદેશક જ્ઞાની પુરુષ હાજર

હોય છે, પણ પોતે પોતામાં સ્વલક્ષે ઠરી સત્‌ની શ્રદ્ધા કરે ત્યારે જ તે નિમિત્ત નીવડ્યા, એમ આરોપથી કહેવાય. ન સમજે તો તે સમજાવી શકે નહિ, તેથી તેને તે નિમિત્ત પણ કહેવાય નહિ.

આત્માની વાત અનાદિના અણઅભ્યાસને લીધે ઝીણી લાગે પણ તે સ્વભાવની વાત છે. આત્માનાં શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર તે અરૂપી સૂક્ષ્મ છે, છતાં તે સૂક્ષ્મ ભાવને જાણનારો નિત્ય અરૂપી સૂક્ષ્મ સ્વભાવવાળો બેહદ શક્તિપણે છે. કોઈ, એમ માને કે અમને આવું સૂક્ષ્મ ન સમજાય તો તેનો જવાબ છે કે તું પોતે જ અરૂપી સૂક્ષ્મ છો. પોતે પોતાને કેમ ન જાણે? સંસારમાં ડહાપણથી સૂક્ષ્મ આંટીઘુંટીને બરાબર સમજી લે છે, તો સ્વભાવમાં કેમ ન સમજે?

પાપ છોડી પુણ્ય કરવાનું વ્યવહારે કહેવાય પણ પરમાર્થે તો બેઉ છોડવા જેવાં પ્રથમથી જ માને તો પવિત્ર અવિકારી સ્વભાવનો પ્રેમ રહે, પણ રાગ વડે અવિકારી ગુણ પ્રગટે, એમ માને તો મિથ્યાદૃષ્ટિ રહે. અંદર પૂર્ણ સ્વભાવરૂપ શક્તિ ન હોય તો આવે નહિ; પોતાના ગુણો પરની મદદ ઉઘડે, એમ જે માને તે પોતાને નમાલો માને છે, તેને અવિકારી ગુણની ખબર નથી. વર્તમાન વિકારી અવસ્થા વખતે પણ દરેક સમયે અનંતગુણની બેહદ શક્તિ આત્મામાં છે તેને શુદ્ધ નયથી જાણી, એકરૂપ નિત્ય સ્વભાવની પ્રતીતિ કરે તો તેના જોરે નિર્મળતાનો અંશ ઉઘડી પૂર્ણ નિર્મળ આખા સ્વભાવનું ભાન થાય છે; અવસ્થાભેદને જોવાથી એટલે વ્યવહારનયનો આશ્રય કરવાથી રાગની ઉત્પત્તિ થાય છે, તેથી અવિકારી ધ્રુવ સ્વભાવનું ભાન થતું નથી.

યથાર્થ સમ્યક્‌દર્શન અમને થયું છે, એમ માને અને ભવની શંકા રહે તેમ બને નહિ. સર્વજ્ઞ ભગવાનનો સ્વભાવ અને તારો સ્વભાવ એક જ જાતનો છે. સ્વભાવ ભવનું કારણ નથી. ભવનું કારણ તો પરાશ્રયરૂપ રાગને પોતાનો માનવો તે છે; તે નવો કરે ત્યારે જ થાય છે. સ્વભાવમાં પરભાવનું કર્તાપણું ત્રણકાળમાં નથી. નિઃશંક સ્વભાવનું જેણે ભાન કર્યું તે પૂર્ણ પવિત્ર સ્વભાવને જુએ છે; એકરૂપ ધ્રુવ સ્વભાવમાં તે સંસાર–મોક્ષ એવી પર્યાયના ભેદ જોતો નથી. તેને સ્વભાવનો જ સંતોષ છે, પણ જેને સ્વભાવ તરફ જોર નથી, અંતર સ્વભાવની દૃષ્ટિ નથી તેને બીજાની પ્રીતિ છે અને તેથી ભવની શંકા રહ્યા કરે છે. જ્યાં વિરોધીભાવની પ્રીતિ ત્યાં અવિરોધી સ્વભાવની એકાગ્રતારૂપ પ્રીતિ હોઈ શકે નહિ. પર્યાયના ભેદથી તરી શકાતું નથી.

શુદ્ધનયથી નવતત્ત્વને જાણવાથી આત્માની અનુભૂતિ થાય છે, તે હેતુથી આ નિયમ કહ્યો. ત્યાં, વિકારી થવા યોગ્ય અને વિકાર કરનાર; એ બંને પુણ્ય છે, તેમ જ

એ બંને પાપ છે; ત્યાં વિકારી થવા યોગ્ય અને વિકાર કરનાર જીવ–અજીવ બંનેમાં બે અપેક્ષા વ્યવહારથી છે. જેમ સોનામાં પરધાતુના નિમિત્તે અશુદ્ધતા કહેવાય છે તેમ જો અશુદ્ધઅવસ્થાથી ભેદરૂપ થવાની યોગ્યતા ન હોય તો પરનો આરોપ થઈ શકે નહિ. જીવને વર્તમાન અવસ્થામાં પરનિમિત્ત વિકારી થવાની અને કર્મને નિમિત્ત નીવડવાની બંને સ્વતંત્ર યોગ્યતા છે.

કર્મ સૂક્ષ્મ પરમાણુ છે, તેમાં બે પ્રકારે નિમિત્ત–નૈમિત્તિક નીવડવાની અવસ્થા છે. જીવને વિકારી ભાવ કરવામાં નિમિત્ત કારણ અંદરનું દ્રવ્ય–કર્મ છે અને શરીર આદિ નોકર્મ બાહ્ય કારણ છે. પોતે વિકારી ભાવ કરે તો સંયોગમાં નિમિત્ત કારણનો આરોપ છે, અવિકારીભાવે પોતે સ્થિર રહે તો કર્મને અભાવરૂપે નિમિત્ત કહેવાય છે. નિમિત્તની અપેક્ષા વિના એકલો ટકી રહે તેને સ્વભાવ કહેવાય. કર્મના સંયોગ આધીન વિકારી થવા યોગ્ય અવસ્થા જીવમાં ન હોય તો ત્રણકાળમાં વિકાર થઈ શકે નહિ, પણ વિકારીપણું સ્વભાવ નથી. વિકારી થવાની યોગ્યતા તે ક્ષણિક અવસ્થા હોવાથી બદલાવી શકાય છે અને સ્વભાવ ધ્રુવ એકરૂપ જ ટકી રહે છે.

જ્યાં **સુધી** વિકારના નાશક સ્વભાવની પ્રતીતિ જીવ ન કરે ત્યાં સુધી વિકારનું કર્તાપણું છે. જેને પુણ્યની મીઠાશ છે તે અજ્ઞાની જીવમાં જુનાં કર્મના નિમિત્તે વિકારી થવાની અને જે કર્મપણે થવાની તૈયારીવાળા રજકણો છે. તેને કર્મરૂપ થવામાં નિમિત્તરૂપ નીવડવાની યોગ્યતા તે જ જીવમાં છે, એમ જીવની એક જ વિકારી અવસ્થામાં બે અપેક્ષા આવે છે. (૧) વિકારીપણે થનાર અને (૨) વિકાર કરનાર.

જગતમાં અનંત રજકણો પડ્યા છે તે બધા આત્માને વિકારરૂપ થવામાં નિમિત્ત થતાં નથી, પણ પૂર્વે જે રજકણો કર્મપણે બંધાયા છે તે જુનાં કર્મોનો સંયોગ, જીવને શુભાશુભ ભાવ થાય ત્યારે નિમિત્તરૂપ કહેવાય છે અને જીવના વર્તમાન રાગ-દ્વેષનું નિમિત્ત પામીને જે પરમાણુમાં બંધપણે થવાની યોગ્યતા હોય છે, તે નવા કર્મરૂપે બંધાય છે.

જીવને વિકાર કરતી વખતે મોહકર્મના પરમાણુઓની ઉદયરૂપ પ્રગટ અવસ્થા નિમિત્ત છે. એના સંયોગ વિના વિકારી અવસ્થા થાય નહિ પણ તે નિમિત્ત વિકાર કરાવતું નથી. જો નિમિત્ત વિકાર કરાવતું હોય તો પોતે જુદો સ્વતંત્ર કહેવાય નહિ અને રાગ ટાળી શકે નહિ. બન્ને સ્વતંત્ર ચીજ છે. આત્મામાં કર્મની નાસ્તિ છે, જે પોતામાં નથી તે પોતાને નુકશાન કરી શકે નહિ. પોતે સ્વલક્ષે વિકાર કરી શકે નહિ પણ વિકારમાં નિમિત્તરૂપ બીજી વસ્તુની હાજરી હોય છે. કોઈની અવસ્થા કોઈના કારણે થતી

નથી. જ્યાં જીવને વિકારી ભાવ કરવાની વર્તમાન યોગ્યતા હોય ત્યાં નિમિત્તરૂપે થનાર કર્મ હાજર હોય છે.

જે રજકણ વર્તમાનમાં લાકડારૂપે પાણીમાં ઉપર તરવાની તાકાતવાળા છે તે જ રજકણોનો પિંડ લોઢાની અવસ્થાપણે થાય ત્યારે તે પાણીમાં બીલકુલ તરે નહિ. તે રીતે પુદ્‌ગલમાં જે વખતે જીવને વિકારમાં નિમિત્ત થવાની અને બંધાવાની યોગ્યતા થઈ ત્યારે અન્ય અવસ્થા બદલીએ તે કર્મરૂપ અવસ્થાપણે થાય છે; તે રૂપે થવાની તાકાત તેનામાં હતી તે પ્રગટ થઈ છે ને તેમાં જીવની વિકારી અવસ્થા નિમિત્ત છે.

જ્યારે સૂર્ય ઊગે ત્યારે જે સૂર્યવિકાસી કમળ હોય તે જ ખીલે તેવી તેની યોગ્યતા છે, તેમ જીવના શુભાશુભ ભાવનું નિમિત્ત પામીને જડ પરમાણુઓ સ્વયં કર્મરૂપે અવસ્થા ધારણ કરે છે. પરમાણુઓમાં અનંત પ્રકારની અવસ્થારૂપે થવાની શક્તિ પોતાના આધારે છે, કારણ કે તે પણ અનાદિ અનંત સત્ વસ્તુ છે, તેમાં અનંત પ્રકારની શક્તિઓ સ્વતંત્રપણે ભરેલી છે.

સંસારી દશામાં રહેલા આત્મા સાથે સ્થૂળ દેહ સિવાય અંદર ઝીણી ધૂળનું (આઠ કર્મોનું) બનેલું એક સૂક્ષ્મ શરીર છે, તે કાર્માણ શરીર કહેવાય છે. કાર્માણ શરીરને દ્રવ્યકર્મ પણ કહેવાય છે. જેમ દાળ, ભાત, રોટલી વગેરેના રજકણો લોહી, માંસ, વગેરે અવસ્થાપણે તેની સ્વતંત્ર તાકાતથી પરિણમે છે તેમ સૂક્ષ્મ કર્મરૂપે થવાની યોગ્યતા જડ રજકણોમાં હતી. તે તેની તાકાતથી કર્મરૂપે પરિણમે છે. જડની કોઈ અવસ્થા જીવ કરી શકે નહિ.

જીવમાં પુણ્ય–પાપના વિકારીભાવ કરવાની યોગ્યતા છે પણ તેના સ્વભાવમાં તે વિકાર નથી, જો સ્વભાવમાં અશુદ્ધતા હોય તો કદી ટળી શકે નહિ. બાહ્ય દૃષ્ટિથી ઠીક–અઠીક કરી પરમાં જીવ અટકે છે ત્યારે જ વિકાર થાય છે, તે દરેક સમયે નવો કરે છે. દયા, હિંસા આદિ અનેક પ્રકારે પુણ્ય–પાપના વિકારી ભાવની ઉત્પત્તિ થાય છે, તે સ્વાધીન સ્વભાવરૂપ ભાવ નથી. તે વિકારીભાવનો નાશ કર્યા પછી પણ સિદ્ધ પરમાત્મામાં નિર્વિકારી અવસ્થાનું સમયે સમયે પરિણમન રહે છે. અનંત આનંદના અનુભવરૂપ અવસ્થા દરેક સમયે બદલાયા કરે છે.

અજ્ઞાન અને રાગ-દ્વેષરૂપ વિકારી અવસ્થાને જીવની યોગ્યતા કહી, કારણ કે તે જીવમાં થાય છે. કોઈ પર ચીજ આત્માને ભૂલ કરાવે કે ભાવ બગાડે, એમ બનતું નથી, કારણ કે આત્મામાં જડ કર્મની, સર્વ પર ચીજની નાસ્તિ છે. દરેક આત્મા સદાય પોતાપણે છે, પરપણે એટલે કોઈ બીજા આત્માપણે કે જડ કર્મપણે, શરીરાદિ પરપણે કે

પરના કાર્ય—કારણપણે ત્રણકાળમાં નથી. પર ચીજથી તને લાભ-નુકશાન નથી, કારણ કે તેની તારામાં નાસ્તિ છે. જ્યાં ગુણ હોય ત્યાં તેની ઊંધાઈરૂપ દોષ હોઈ શકે અને ધ્રુવ એકરૂપ ગુણની તાકાતના આધારે દોષ પલટી ગુણ પણ ત્યાં જ થઈ શકે; તેથી તેને નુકશાન કરનારો ભાવ પણ તારો જ છે અને તે વિરોધ ભાવને ટાળનાર પણ તારો જ સ્વભાવ છે. જે વખતે અવિકારી અવસ્થા તારામાં તારે આધીન થઈ તે જ વખતે કર્મની અવસ્થા તેના કારણે બદલીને અન્યરૂપે થઈ તેમાં તું 'નાસ્તિપણે' નિમિત્ત થયો. તે પ્રકારે તારું નિમિત્ત પામવાની તેનામાં યોગ્યતા હતી, તેથી તેની નૈમિત્તિક નિર્જરારૂપ અવસ્થા થઈ.

પરમાણુમાં કર્મરૂપ વિકારી અવસ્થા થવાની યોગ્યતા અને જીવમાં વિકારીભાવ થાય તેમાં તે કર્મનું નિમિત્ત નીવડવાપણું એ બન્ને છે. જડકર્મમાં અને જીવમાં પણ નિમિત્ત—નૈમિત્તિક ભાવપણું છે, એમ વ્યવહારથી જીવ—અજીવમાં નિમિત્ત—ઉપાદાનનો (પરસ્પર નિમિત્ત—નૈમિત્તિકપણે થવાનો) સંબંધ છે.

આ રીતે નવતત્ત્વના વિચારો રાગવાળા છે, એ પ્રમાણે આ ગાથામાં વાત ઉપાડી છે; તેમાં એકએક તત્ત્વમાં બબ્બે પ્રકારથી કહેશે. બહારની ચિંતા ભૂલી એકાગ્રતાથી ધ્યાન રાખે તો સમજાય તેવું છે.

સહજ ચિદાનંદ.

તા. ૭-૮-૧૯૪૩.

જે સંસ્કારી જીવ હોય તેને તો બાર ગાથા સુધીમાં યથાર્થ સ્વરૂપ સમજાઈ જાય તેવું સંક્ષેપમાં સારરૂપ કથન છે. તેરમી ગાથાથી નવતત્ત્વના વિસ્તારથી સમજાવવામાં આવે છે. વાણીથી કે શુભ વિકલ્પથી સામો સમજે, એમ કહેવું તે વ્યવહાર છે; હું પરથી સમજ્યો એમ ખરેખર માની લે તો મિથ્યાત્વ છે.

જીવ અને અજીવ એ બે ત્રિકાળી જુદા પદાર્થ છે, એક પદાર્થમાં પરનિમિત્તની અપેક્ષાએ ભેદ પડે છે. પરનિમિત્ત વગર એકલા તત્ત્વમાં વિકાર કે ભેદ સંભવે નહિ.

આત્મામાં વર્તમાન અવસ્થામાં ઊણપ અને દુઃખ છે, તે ત્રિકાળ ટકનાર આનંદગુણની—સુખગુણની વર્તમાન નિમિત્તાધીન વિકારી અવસ્થા છે. અંદર સ્વભાવમાં દુઃખ નથી. પરાશ્રિત વિકાર છે, તે વર્તમાન એક-એક સમયની અવસ્થા પૂરતો છે. તે સિવાય આખો ધ્રુવ સ્વભાવ વર્તમાનમાં પણ પૂર્ણ અખંડ નિર્મળ છે. જે વસ્તુ સત્ હોય

તે નિત્ય સ્વતંત્ર હોય, અવિકારી હોય; અને જો તેની વર્તમાન પ્રગટ અવસ્થા પણ અવિકારી જ હોય તો આકુળતા હોય નહિ; પણ વર્તમાન અવસ્થામાં આકુળતા છે, તેથી દુઃખ છે. આકુળતા એકેક સમયમાત્રની સ્થિતિથી વર્તમાન અવસ્થામાં નિમિત્ત આધીન ભાવ કરવાથી થાય છે. પોતાના સ્વભાવના અભાન વડે અનાદિ નિરાકુળ શાંતિને ચૂકીને આકુળતાનું દુઃખ જીવ ભોગવી રહ્યો છે.

વિકારમાં પરસંયોગની નિમિત્તમાત્ર હાજરી છે અને અજ્ઞાનભાવે નિમિત્તાધીન થવાની યોગ્યતા પોતાની છે. પર તરફના વલણથી વિકારી અવસ્થા જીવમાં થાય છે. જ્યાં ગુણ જ ન હોય ત્યાં તે ગુણની કોઈ અવસ્થા પણ ન હોય. લાકડામાં ક્ષમા ગુણ નથી, તેથી તેની (ક્ષમા ગુણની) ઊંધી અવસ્થા ક્રોધ પણ તેમાં નથી. જ્યાં ગુણ હોય ત્યાં જ તે ગુણની વિકારી કે અવિકારી અવસ્થા પોતાથી થઈ શકે છે; છતાં કોઈ કાળે ગુણમાં દોષ પેસી જતા નથી. ગુણ તો એકરૂપ નિર્મળ રહે છે. આવા ત્રિકાળ સ્વભાવની જેને ખબર નથી તે પોતાના ધ્રુવ અવિકારી સ્વભાવી પોતામાં હયાતી ભળતો નથી અને તેથી ત્રિકાળી એકરૂપ અખંડ સ્વભાવને માનતો નથી, પણ વર્તમાન નિમિત્તાધીન વિકારની પ્રવૃત્તિને જ જુએ છે.

આત્મા અખંડ અક્રિય જ્ઞાનાનંદપણે ધ્રુવ છે, તેનો સ્વભાવ એકરૂપ (પરમાં) અક્રિય છે, તેને નહિ જોતાં વર્તમાન અવસ્થાના પુણ્ય–પાપની ક્રિયાના શુભાશુભ વિકારને જુએ છે; પણ તે પુણ્ય–પાપની ક્ષણિક વૃત્તિ સ્વભાવમાં નથી–સ્વભાવ આધીન પણ નથી. તે ક્ષણિક અવસ્થા નિમિત્તાધીન છે. તે વિકારી અવસ્થાનો નાશક પોતાનો જ્ઞાયક સ્વભાવ અવિકારી ધ્રુવ છે તેને જે માનતો નથી તેને સમ્યક્દર્શન થઈ શકે નહિ. જ્ઞાનીને ક્ષણિક વિકારી અવસ્થા ઉપર વજન નથી, પણ માત્ર અવિકારીપણાની રુચિનું જોર છે અને સ્વભાવના જોરે સ્થિર થવાથી વિકારનો નાશ કરે છે.

દરેક વસ્તુ પોતાના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવપણે છે અને પરચીજના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવપણે નથી. દરેક આત્મા પણ પોતાના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવપણે છે, તે નીચે પ્રમાણે છે.

દ્રવ્ય :—પોતાના અનંત ગુણ–પર્યાયનો અખંડ પિંડ.

ક્ષેત્ર :—પોતાની પહોળાઈરૂપ આકાર. (અસંખ્ય પ્રદેશી)

કાળ :—પોતાની વર્તમાન વર્તતી પ્રગટ અવસ્થા.

ભાવ :—પોતાના અનંતગુણ અથવા ત્રિકાળી શક્તિ.

એ રીતે દરેક વસ્તુ પોતાપણે છે, પરપણે નથી. કોઈના ગુણ કે અવસ્થા કોઈ બીજા દ્રવ્યના કારણ કે કાર્યપણે નથી, મદદગાર નથી. જો પર નિમિત્તથી પોતાનું કાર્ય થાય, એમ માને તો પરને અને આત્માને એક માન્યા તે એકાન્તદૃષ્ટિરૂપ મિથ્યાત્વ છે. શુભભાવથી ગુણ થાય એટલે રાગ મને મદદ કરે, એમ માન્યું તેણે પોતાના જુદા ગુણને માન્યા નથી, પણ રાગરૂપ વિકાર અને પોતાના અવિકારી સ્વભાવને એક માન્યા છે, તે પણ એકાન્તદૃષ્ટિરૂપ મિથ્યાત્વ છે.

દરેક વસ્તુ અકારણીય સ્વતંત્ર છે. પરચીજ સાથે કાર્ય—કારણ સંબંધ વ્યવહારથી પણ નથી. નિમિત્ત—નૈમિત્તિક ભાવરૂપ અવસ્થા દરેકની સ્વતંત્રપણે થાય છે. કોઈનું સુધરવું કે બગડવું કોઈ પરને આધીન નથી. જેણે હિત કરવું હોય તેણે દરેક ચીજની જેમ છે તેમ હયાતી અને સ્વતંત્રપણું માનવાં પડશે.

અલ્પજ્ઞને નવતત્ત્વના વિચાર કરવામાં દ્રવ્યમન★ નિમિત્ત છે ખરું, પણ અંદર જ્ઞાનની વિચારક્રિયા મનની મદદથી થતી નથી. અંદર ગુણમાં ઉપાદાનની તાકાત છે તે જ શક્તિ કાર્ય કરે છે. જ્ઞાનની જેવી તૈયારી હોય ત્યાં સામે તેવી બીજી જે ચીજ હાજર હોય તેને નિમિત્ત કહેવાય તે વ્યવહાર છે, પણ નિમિત્તથી કામ થાય, એમ માનવું તે નયાભાસ છે. નિમિત્ત છે ખરું, તેને જાણવાનો નિષેધ નથી પણ તેનાથી કામ થાય કે તેની મદદ જોઈએ, એમ માનવાથી વસ્તુ પરાધીન ઠરે છે. અધૂરા જ્ઞાનને લીધે અને રાગના કારણે ક્રમ પડે છે. તેમાં મનનું અવલંબન—નિમિત્ત છે. પાંચ ઇન્દ્રિયના વિષય વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને શબ્દ છે તે તરફનું વલણ છોડી જ્યારે નવતત્ત્વ વગેરેનો આત્મા વિચાર કરે છે, તેમાં વિચારવું તે જ્ઞાનની ક્રિયા છે, જડ મનની નથી. શુભાશુભ વિકલ્પ તે રાગનો ભાવ જીવમાં થાય છે, જડમાં થતો નથી. જડ કર્મ તો નિમિત્ત છે. નવતત્ત્વનો વિચાર ક્રમેક્રમે થાય છે. એકલું સ્વભાવભાવે જ્ઞાન કાર્ય કરતું હોય તો ક્રમ પડે નહિ. ઇન્દ્રિયોના વિષય બંધ હોવા છતાં, મનના જોડણથી જ્ઞાનમાં ભેદ પડે છે, તેથી મન જુદી ચીજ છે, એમ સિદ્ધ થાય છે. મન જ્ઞાનથી જુદી ચીજ છે, તે જ્ઞાનથી નક્કી થઈ શકે છે. નવતત્ત્વનો વિચાર પાંચ ઇન્દ્રિયનો વિષય નથી અને એકલું જ્ઞાન મનના અવલંબન વગર કાર્ય કરે તો એક પછી એક વિચારનો ક્રમ પડે નહિ. ક્રમ પડે છે માટે વચ્ચે મનનું અવલંબન આવે છે; વિચારમાં એનું અવલંબન આવે છે પણ જ્ઞાન તેને આધીન નથી; જ્ઞાન તો સ્વતંત્ર છે.

'હું આત્મા છું' એ વિચારમાં એવો અર્થ નીકળે છે કે 'હું ક્યાંક પણ છું તો ખરો

★ છાતીના મધ્ય ભાગમાં આઠ પાંખડીના ખીલેલા કમળના આકારે રજકણોનું બનેલું છે તે દ્રવ્યમન.

જ'; પહેલા અજ્ઞાનદશામાં પોતાની હયાતી પરમાં માની હતી અને પરચીજ ઉપર લક્ષ કરી વિકારી વલણ કર્યું હતું, તે પરવિષયથી પાછો ફરવા અને સ્વવિષયમાં સ્થિર થવા પહેલાં 'હું જીવ છું, અજીવ નથી' એવા નવતત્ત્વના વિચારો કરવા પડે છે. મનનું જોડાણ થયા વિના નવતત્ત્વનો વિચાર થઈ શકે નહિ પણ દ્રવ્યમન વિચાર કરતું નથી, વિચાર તો, ભાવમનથી જ કરાય છે. આ વાત બરાબર સમજવી.

અહીં પ્રથમ સમ્યક્‌દર્શન માટે ચિત્તશુદ્ધના આંગણામાં આવવાની વાત ચાલે છે. પ્રથમ અજ્ઞાનદશામાં (વ્યવહારની અશુદ્ધમાં) જે પર ઉપર ગુણ–દોષનો આરોપ ઢોળતો હતો ત્યાં અટકીને પોતાને આંગણે (વ્યવહારશુદ્ધિમાં) આવ્યો ત્યાં માન્યતા ફરી કે જગતમાં મારા સિવાય મને લાભ કે નુકશાન કરનાર કોઈ નથી. આ માન્યતા થતાં અનંત પરવસ્તુમાં કર્તૃત્વપણાની ભાવના ટળી જાય છે, તેથી તીવ્ર આકુળતા મટી જાય છે.

વ્યવહારશુદ્ધિની યોગ્યતામાં નીચેના ત્રણ પ્રકાર આવ્યા છે. (૧) સંસાર તરફના વિચાર બંધ કરી, પાંચ ઇન્દ્રિયના વિષયના તીવ્ર રાગથી પાછો ફરી, મનશુદ્ધિ વડે સાચા નવતત્ત્વની ભૂમિકામાં આવ્યો, તે પોતાની યોગ્યતા છે. (૨) પોતાની વર્તમાન યોગ્યતા અને નિમિત્તની યોગ્યતારૂપ હાજરીનો સ્વીકાર કર્યો કે પર મને ભૂલ કરાવતું નથી પણ જ્યારે હું પરલક્ષે વિકાર કરું ત્યારે મારી જ યોગ્યતાથી ભૂલ અને વિકાર ક્ષણિક અવસ્થામાં થાય છે; એ પાપના નિમિત્તથી અને વિકલ્પથી જરા ખસીને પોતાની અવસ્થાના શુભ વ્યવહારમાં આવ્યો તે પુણ્યભાવ પૂર્વનું કોઈ કર્મ કરાવતું નથી, આ નિમિત્તની શુદ્ધતા છે. (૩) નિમિત્તરૂપ જે દેવ, ગુરુ, શાસ્ત્ર તે પરચીજ છે; મારી યોગ્યતાની તૈયારી થઈ ત્યાં સાચા દેવ–ગુરુનું નિમિત્ત તેના સ્વતંત્ર કારણે હાજર હોય છે. તીર્થરૂપ વ્યવહારથી બીજાને મોક્ષમાર્ગ સમજાવતાં પરમાર્થની શ્રદ્ધા માટે પ્રથમ નવતત્ત્વના ભેદ પાડવા પડે છે; તે ભેદથી અભેદ ગુણમાં જવાતું નથી, પણ પોતાની જાતની તૈયારી કરી જ્યારે અખંડ રુચિના જોરથી યથાર્થ નિર્મળ અંશનો ઉત્પાદ અને વિકાર તેમ જ ભૂલનો નાશ કરે છે ત્યારે પોતાના તેવા ભાવ અનુસાર નિમિત્તને (દેવ, ગુરુ, શાસ્ત્ર કે નવતત્ત્વના ભેદને) ઉપચારથી ઉપકારી કહેવાય છે. જો પોતાથી ન સમજે તો અનંતકાળનો સંસાર ખાતેનો પરાશ્રયરૂપ વ્યવહારભાસ એવોને એવો ઊભો જ છે.

દરેક વસ્તુની અવસ્થા પોતાથી સ્વતંત્રપણે બદલાયા કરે છે. કોઈની અવસ્થામાં કોઈ નિમિત્ત કાંઈ કરતું નથી. બન્ને પદાર્થની સ્વતંત્ર યોગ્યતા માને ત્યારે વ્યવહાર– પુણ્યપરિણામરૂપ નવતત્ત્વની શુદ્ધિના આંગણે આવે છે અને તે નવતત્ત્વના વિચારમાંથી

એકલા અવિકારી સ્વભાવને માનવો તે જ સમ્યક્દર્શન છે. નિમિત્ત-નૈમિત્તિકપણું અવસ્થાથી વ્યવહારે છે, દ્રવ્ય દ્રવ્યનું નિમિત્ત વ્યવહારે પણ નથી.

જુનાં કર્મની હાજરીનું નિમિત્ત પામીને (તેના ઉદયમાં જોડાવાથી) શુભ ભાવ કર્યા તેમાં અજીવ નિમિત્ત અને જીવની યોગ્યતા તે ઉપાદાન; અને તે ભાવપુણ્ય છે. દયા, દાન વગેરેના શુભભાવનું નિમિત્ત પામીને જે પરમાણુઓમાં પુણ્ય—બંધરૂપ થવાની યોગ્યતા હતી, તે તેના કારણે પુણ્યબંધરૂપે થયાં તેમાં શુભભાવ (જીવ) નિમિત્ત કારણ અને પુદ્ગલ પરમાણુઓમાં પુણ્યરૂપે થવાની યોગ્યતા તે અજીવની યોગ્યતા ઉપાદાન છે, તેને દ્રવ્યપુણ્ય કહેવાય છે. આ પ્રમાણે પાપતત્ત્વની વાત પણ સમજી લેવી.

ભાવપુણ્ય અને ભાવપાપ તે જીવની અવસ્થામાં થાય છે તથા દ્રવ્યપુણ્ય અને દ્રવ્યપાપ તે પુદ્ગલની અવસ્થા છે. જે રજકણમાં પુણ્ય—પાપરૂપ કર્મબંધ થવાની યોગ્યતા હતી તે તેના દ્રવ્યની તાકાતથી તે રૂપ થયા અને તેમાં જીવની રાગાદિરૂપ વિકારી અવસ્થા નિમિત્ત થઈ. એ રીતે રાગના નિમિત્તનો સંયોગ પામી દ્રવ્યકર્મરૂપ થનાર તે જડ પરમાણુઓ સ્વતંત્ર છે. પૂર્વે બંધાયેલાં કર્મોના પાક (ઉદય) થતાં આત્મા તે તરફ વલણ કરી સ્વલક્ષ ભૂલ્યો અને અજ્ઞાનભાવે પુણ્ય—પાપના ભાવ કર્યા એટલે વિકારી થવાની યોગ્યતા આત્માની છે; એમ બે પ્રકારની યોગ્યતા પોતામાં અને બે પ્રકારની અવસ્થા સામે સંયોગરૂપ થનાર પુદ્ગલ પરમાણુમાં છે.

જડકર્મ મને વિકાર કરાવે છે, એમ કહેનારે પોતાને નમાલો પરાધીન માન્યો છે અને બે તત્ત્વોને (જીવ અને કર્મને) એક માન્યાં છે.

કોઈ અજ્ઞાની કહે કે જૈન ધર્મમાં સ્યાદ્વાદ છે, એટલે કોઈવાર જીવ પોતે વિકાર કરે અને કોઈવાર કર્મો વિકાર કરાવે, કોઈવાર નિમિત્તથી લાભ—નુકશાન થાય અને કોઈવાર ન થાય; તો આ વાત તદ્દન ખોટી છે. સ્યાદ્વાદનો આવો અર્થ નથી. અરે! આવો ફુદડીવાદ જૈન ધર્મમાં હોઈ શકે જ નહિ. કોઈ વસ્તુ બીજાને આધીન ત્રણકાળમાં નથી. પોતે ગુણ—દોષરૂપ પોતાની અવસ્થા કરે ત્યારે નિમિત્ત ઉપર આરોપ કરવાનો લોક પ્રસિદ્ધ વ્યવહાર છે, પણ તે જૂઠો છે. ઘીનો ઘડો તથા પાણીનો લોટો, એમ લોકોમાં બોલાય છે, પણ ઘડો માટીનો અને લોટો પિત્તળ આદિ ધાતુનો હોય છે.

પરથી ગુણ થાય, પરની મદદ જોઈએ; એમ જેણે માન્યું છે તેને આ બધું સમજવું કઠણ પડે, કારણ કે તેણે પુણ્ય—પાપને પોતાનાં જ માન્યાં છે, પણ પુણ્ય—પાપ વિકાર છે. વ્રતાદિના શુભ રાગથી પુણ્ય બંધાય પણ તે વિકારી ભાવથી ધર્મ ત્રણકાળમાં થાય નહિ. જીવની તે વિકારી અવસ્થા છે અને વિકાર થવામાં પર નિમિત્ત છે, પરંતુ વિકાર

નિમિત્ત ઉપરની દૃષ્ટિથી થાય છે. વિકાર આત્માનો સ્વભાવ નથી, તેથી આદરણીય નથી, એમ જાણવું તે પણ વ્યવહાર છે. અવસ્થાદૃષ્ટિ ગૌણ કરી એકરૂપ અવિકાર ધ્રુવ સ્વભાવના જોરે એટલે કે નિશ્ચયનયના આશ્રયે નિર્મળ પર્યાય પ્રગટી વિકારનો નાશ સહજ થાય છે. સ્વભાવમાં વિકારનો નાશ કરનાર અને અનંત ગુણની નિર્મળતા ઉત્પન્ન કરનાર બેહદ શક્તિ ભરી છે, તેનું જોર નિમિત્તાધીન દૃષ્ટિવાળાને ક્યાંથી સમજાય?

વિકારી અવસ્થામાં નિમિત્ત પૂર્વે કર્મોનો સંયોગ તે તો હાજરી માત્ર છે, તેમાં વિકારભાવે હું જોડાઉં તો તે નિમિત્ત કહેવાય અને સ્વરૂપમાં સ્થિર રહું તો તે જ કર્મ અભાવરૂપ નિર્જરામાં નિમિત્ત કહેવાય. આ રીતે સંયોગરૂપ પરવસ્તુમાં નિમિત્તમાં ઉપાદાનના ભાવ અનુસાર આરોપ આવે છે.

કોઈ કહે કે નિમિત્ત હશે તો તૃષ્ણા ઘટાડવાનો (દયા, દાન વગેરેનો) ભાવ થશે અથવા કોઈ કહે કે સામાને મળવાનું હશે (તેના કર્મમાં હશે) તો મને દાન કરવાનો ભાવ થશે, તો તે બન્ને માન્યતા ખોટી છે. પોતે જ્યારે તૃષ્ણા ઘટાડવા માગે ત્યારે ઘટાડી શકે છે. બહારના સંયોગની ક્રિયા પોતાને આધીન નથી પણ તૃષ્ણા ઘટાડવાનો શુભભાવ તો પોતે પુરુષાર્થથી ગમે તે વખતે કરી શકે છે; પોતાના ભાવમાં તૃષ્ણા ઘટાડે તો દાનાદિ કાર્ય તો સહજ જ હોય છે. તે સ્થાને પૈસા જવાના હશે તો દાન કરવાના ભાવ મને થશે અથવા તો સામો બચવાનો હશે તો દયાનો ભાવ મને આવશે. એ વિચાર ખોટો છે, કેમકે અશુભ ભાવ બદલાવીને પોતે ગમે ત્યારે પણ શુભભાવ કરી શકે છે.

નવતત્ત્વને બરાબર સમજવામાં જે પોતાની બુદ્ધિ વાપરતો નથી. તે પરથી જુદા ભગવાન ચિદાનંદ આત્માનો નિઃસંદેહ નિર્ણય કરવાની તાકાત ક્યાંથી લાવશે? સાચા નવતત્ત્વના આંગણે આવ્યા વિના પરિપૂર્ણ સ્વભાવનો યથાર્થ સ્વીકાર થશે નહિ. મનની શુદ્ધિરૂપ નવતત્ત્વ જાણ્યા પછી તે નવના વિકલ્પના વ્યવહારનો ભૂકો ઉડાડી નિમિત્ત અને વિકલ્પનો અભાવ કરે ત્યારે ભેદનું લક્ષ ભૂલીને એકરૂપ સ્વભાવમાં આવી શકાય છે. નિમિત્ત અને અવસ્થા જેમ છે તેમ માત્ર જાણવા યોગ્ય છે પણ તેનો આદર ન જોઈએ, તે ઉપર વજન ન જોઈએ.

પરથી હિંસા કે અહિંસા થાય, એમ જેણે માન્યું તેણે બે તત્ત્વોનું સ્વતંત્રપણું-જુદાપણું માન્યું નથી. પરથી હિંસા નથી, પર જીવ મરે તે તેના આયુષ્યના ક્ષયના કારણે છે, પણ તેને મારવાનો જે અશુભભાવ આત્માએ કર્યો તે જ આત્માના ગુણની હિંસા છે. પાપનો ભાવ કરાવવા દુશ્મન કે સામી કોઈ પણ વસ્તુ સમર્થ નથી પણ આત્મા પાપભાવ કરે ત્યારે તે હાજર હોય છે. દરેક ચીજનું ઉપાદાન પોતાની સામર્થ્યરૂપ સ્વતંત્ર તાકાતથી

છે. તેનું કાર્ય થવા વખતે બાહ્ય સંયોગરૂપ નિમિત્ત તેના કારણે હાજર હોય છે; બન્ને સ્વતંત્ર છે. એવા નિર્ણયની એક જ કૂંચીથી ઉપાદાન–નિમિત્તનાં બધાં તાળા ખૂલી જાય છે. કોઈ વસ્તુનું કાર્ય થતાં તે વખતે સાથે બીજાની હાજરી માત્ર હોય તેને સહકારી નિમિત્ત કહેવાય છે, પણ તે પ્રેરણા, મદદ કે અસર કરે નહિ.

જીવની અવસ્થા જીવની યોગ્યતાના કારણે થાય છે, તે પર વલણમાં અટકે ત્યારે રજકણ સ્વયં રજકણની યોગ્યતાના કારણે બંધાય અને સ્વ વલણમાં ટકી ગુણનો વિકાસ કરે ત્યારે રજકણો તેના કારણે છૂટાં થાય. તે રજકણોની કોઈ અવસ્થા આત્મા કરી શકે નહિ અને આત્માનો કોઈ ભાવ રજકણો ફેરવી શકે નહિ; બન્નેની સ્વતંત્ર અવસ્થા પોત–પોતાના કારણે છે. આમ દરેક વસ્તુની સ્વતંત્રતાનો સ્વીકાર કરવો તે વ્યવહારશુદ્ધિ છે.

જડ અને ચેતન બધી વસ્તુની અવસ્થા પોતપોતાના આધારે થાય છે, પરના આધારે કોઈ વસ્તુની અવસ્થા કદી થાય નહિ, કોઈ કોઈને પ્રેરણા કે અસર પણ કરી શકે નહિ; આ માનવું તે સમ્યક્ અનેકતારૂપ વીતરાગનો ધર્મ છે. નિમિત્તની અસરથી કોઈની અવસ્થા થાય, એમ માનવામાં આવે તો વ્યવહાર પોતે જ નિશ્ચય થઈ ગયો, કારણ કે તેમાં ત્રિકાળી ટકનાર અનંત સત્‌ને પરાધીન અને માલ વિનાના માનવારૂપ મિથ્યારૂપ એકાંત અધર્મ થયો.

જૂનાં કર્મના ઉદયમાં જોડાણ કરી પુણ્ય–પાપનો જે વિકારીભાવ જીવ કરે છે, તે ભાવઆસ્રવ છે અને તે ભાવનું નિમિત્ત પામી પુણ્ય–પાપરૂપ કર્મપણે થવાની યોગ્યતાવાળા રજકણો જીવ પાસે એકક્ષેત્રે આવે છે, તે દ્રવ્યઆસ્રવ છે. જીવ પુણ્ય–પાપના આસ્રવરૂપ જેવા ભાવો કરે તેનું નિમિત્ત પામીને તે પ્રમાણમાં તેવા જ પુણ્ય–પાપરૂપ રજકણો બંધાય છે, એમ બન્ને પરસ્પર નિમિત્ત અને નૈમિત્તિક વ્યવહારે છે. જડ રજકણને કાંઈ ખબર નથી અને તે જીવનું કાંઈ કરતું નથી પણ અજ્ઞાની માને છે કે તે મને અસર કરે છે અને મારાથી જડનું આ બધું થાય છે, હું જ કર્મની અવસ્થા બાંધું છું અને છોડું છું.

જેમ તોલ કરવાના કાંટામાં એક તરફના ત્રાજવામાં એક શેરનું તોલું મૂકવામાં આવે અને સામેના ત્રાજવામાં બરાબર એક શેર વસ્તુ આવે ત્યારે કાંટો બરાબર વચ્ચે આવીને સ્થિર થાય છે, તેમાં તેને જ્ઞાનની જરૂર નથી; તેમ શુભભાવ કર્મોમાં પણ એવી જ વિચિત્ર યોગ્યતા છે. જડ કર્મમાં જ્ઞાન નથી છતાં જેવા રાગાદિ ભાવ જીવ કરે તેવા નિમિત્તરૂપ સામે જડ રજકણો પોતાના કારણે કર્મરૂપે અવસ્થા ધારણ કરે તેવી તેનામાં

યોગ્યતા છે. જડ વસ્તુમાં અનંત તાકાત તેની છે, અનંત શક્તિ પોતા પ્રત્યે છે; એક સમયમાં શીઘ્ર ગતિ કરી નીચેના છેલ્લા સાતમા પાતાળથી ઊંચેના લોકને અગ્રભાગે એની મેળે રજકણ ચાલ્યો જાય છે. એની તાકાત જીવને આધીન નથી; છતાં નિમિત્ત–નૈમિત્તિક એવો મેળ સ્વતંત્રપણે છે કે જ્યાં જીવના રાગ-દ્વેષનું નિમિત્ત હોય ત્યાં કર્મરૂપ બંધાવા યોગ્ય એવાં રજકણો હાજર હોય છે. દૂધના મીઠાં રજકણો દહીં રૂપ ખાટાં થયાં તે તેના સ્વભાવે થયાં છે, કોઈએ કર્યાં નથી. લાકડું તરે અને લોઢું બૂડે તે તે વખતની અવસ્થાનો પુદ્ગલનો જ સ્વભાવ છે. આત્માનો ભાવ આત્માને આધીન અને જડની અવસ્થા જડને આધીન છે, છતાં એકલા સ્વભાવમાં વિકાર થઈ શકે નહિ. આવી રીતે બે સ્વતંત્ર પદાર્થને વ્યવહારે નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે અને પરસ્પર એકક્ષેત્રાવગાહ સંયોગ થાય છે, છતાં એક બીજાની અવસ્થા કરી શકવાપણે સંબંધ નથી; આ માનવું તે અભૂતાર્થ (વ્યવહાર) નયને કબૂલ્યો કહેવાય. નિમિત્ત અને વિકારી યોગ્યતારૂપ અવસ્થાને કબૂલ્યા પછી, પૂર્ણ અવિકારી ધ્રુવસ્વભાવને જોવાનું મુખ્ય રહે છે. સ્વભાવના જોરે અંદરથી નિર્મળ અવસ્થા ઊઘડે છે, વારંવાર અખંડ નિર્મળ એકાકાર જ્ઞાયકસ્વભાવની દૃઢતાનું જોર ઘૂંટાય છે; આ સમ્યક્દર્શન અને સંવર થવાની પહેલી વાત છે.

પુણ્ય–પાપના ક્ષણિક વિકારી ભાવનો નાશક આત્માનો સ્વભાવ છે, એમ જાણી તેના આશ્રયથી સંવરભાવ પ્રગટ કરવાની યોગ્યતા પોતાની છે. સારા સંયોગ મળે અને કર્મ મને માર્ગ આપે ત્યારે ધર્મ કરવાનું સૂઝે, એમ માનવું તે પાખંડ છે. પ્રારબ્ધમાં સારું થવાનું લખ્યું હશે તો ધર્મ થશે એવી જેની ઊંધી માન્યતા છે, તેને સ્વતંત્ર ધર્મસ્વભાવની ખબર નથી. અખંડ સ્વભાવમાં બેહદ ગુણની પૂર્ણ તાકાત ભરી છે. તેના વિશ્વાસથી નિર્મળ પર્યાયનો ઉત્પાદ અને ભૂલ તથા વિકારી પર્યાયનો સહજ નાશ થાય છે.

લોકો અનાદિથી એમ માને છે કે દેહાદિની ક્રિયા અમે કરીએ છીએ, પણ અનંત જ્ઞાનીઓ નિઃશંકપણે જાહેર કરે છે કે શરીરની એક આંગળી હલાવવાની કોઈ પણ આત્માની તાકાત નથી. આત્મા પોતામાં જ હિત કે અહિત–જ્ઞાન કે અજ્ઞાન કરી શકે. આ વાત જ્યાં સુધી જીવને સમજાશે નહિ, ત્યાં સુધી પોતાના સ્વભાવમાં વિરોધી માન્યતા ઊભી રહેશે.

નિરાવલંબી એકરૂપ સ્વભાવના જોરે અશુદ્ધતા રોકાય તે ભાવસંવર, એ યોગ્યતા આત્માની છે; અને પુદ્ગલ પરમાણુઓનું નવાં કર્મપણે ત્યાં અટકવું તે દ્રવ્યસંવર, એ યોગ્યતા જડની છે. પાપનો ભાવ કરે તો ઉદયરૂપ કર્મને પાપભાવમાં નિમિત્ત કહેવાય અને સ્વભાવનો આશ્રય કરે તો તે જ કર્મને ★સંવારકનો આરોપ આવે. આ રીતે

★ સંવર કરનાર નિમિત્તરૂપે.

પોતાના ભાવ અનુસાર નિમિત્તમાં આરોપ કરવાનો વ્યવહાર છે. બંનેમાં પરસ્પર નિમિત્તાધીન અપેક્ષાથી અને સ્વતંત્ર ઉપાદાનની યોગ્યતાથી સંવાર્ય (સંવરરૂપ થવા યોગ્ય) અને સંવારક (સંવર કરનાર) એવા બે ભેદ પડે છે.

એકલા નિરપેક્ષ સ્વભાવમાં નવતત્ત્વનાં ભેદરૂપ વિચારનો ક્રમ હોય નહિ, વિકલ્પના ભેદ હોય નહિ. નિમિત્ત અને પોતાની વિકારી અવસ્થા જેમ છે તેમ જાણવા યોગ્ય છે, પણ તે આદરવા યોગ્ય નથી. નવતત્ત્વના વિચારરૂપ શુભભાવ પણ મદદગાર નથી, એમ જાણવું તેનું નામ વ્યવહારનયનો સ્વીકાર છે.

તા. ૮-૮-૧૯૪૩.

દરેક વસ્તુમાં સ્વતંત્ર ગુણો અનાદિ અનંત છે. પરમાણુરૂપ વસ્તુમાં સ્પર્શ, રસ, ગંધ વગેરે ગુણો અનાદિ અનંત સ્વતંત્ર છે. ગુણો ટકીને ગુણની અવસ્થામાં ફેરફાર થાય છે; અવસ્થામાં ફેરફાર થવો તે પોતપોતાને આધીન છે. દરેક આત્મામાં જ્ઞાન, દર્શન, શ્રદ્ધા, ચારિત્ર, વીર્ય વગેરે અનંતગુણો અનાદિ અનંત રહેલા જ છે. તેની અવસ્થાનું બદલવું પોતાને આધીન છે. અનેક પ્રકારના વિકારીભાવ આત્મા કાઢી નાખે ત્યારે પણ અવિકારી એકરૂપ રહીને અવસ્થા બદલવાનો સ્વભાવ રહે છે.

આત્માના સ્વભાવમાં કોઈ કાળે ફેર પડતો નથી, તેથી તેમાં પર નિમિત્તની અપેક્ષાનો ભેદ નથી પણ હું રાગી, હું પરનો કર્તા, પર મને લાભ—નુકશાન કરે એવી માન્યતાથી અવસ્થામાં સ્વભાવનો વિરોધ એવો વિકાર થયા કરે છે, તેવા ભાવ પોતે કરે ત્યારે થાય છે. તે ક્ષણિક વિકાર ગુણની ઊંધી અવસ્થાથી નવો થાય છે, તે ઊંધી અવસ્થાએ જ સંસાર છે, જડમાં કે પવસ્તુમાં સંસાર નથી. આત્માના ગુણની સંપૂર્ણ નિર્મળતા તે મોક્ષ છે, સ્વભાવ તરફ ઢળતી અધૂરી નિર્મળ અવસ્થા તે મોક્ષમાર્ગ છે, તેમાં ગુણ નવા પ્રગટતા નથી પણ ગુણની ઊંધી અવસ્થા બદલાઈને ક્ષણે ક્ષણે નિર્મળ અવસ્થા પ્રગટ થતી જાય છે. ગુણ તો ત્રિકાળ એકરૂપ ધ્રુવ છે, તેની પર્યાય બદલાયા કરે છે. ઊંધી માન્યતા બદલાઈને સવળી માન્યતા ધ્રુવ સ્વભાવના આધારે થાય છે; નિમિત્તના લક્ષે કે અવસ્થાના લક્ષે નિર્મળ દશા પ્રગટ થતી નથી, પણ ઊલટો રાગ થાય છે.

આત્મામાં દયા, દાન, ભક્તિ વગેરે શુભભાવ તથા હિંસા તૃષ્ણા વગેરેના અશુભભાવ કરવાની ઉપાદાનરૂપ યોગ્યતા છે અને તેમાં નિમિત્તરૂપ થવાની જડ કર્મમાં

યોગ્યતા છે પણ ઉપાદાન અને નિમિત્ત બન્ને સ્વતંત્ર છે, આવો સ્વીકાર કરે ત્યારે પર ઉપર દોષ ઢોળવાનું લક્ષ રહે નહિ; માત્ર પોતાના જ ભાવ જોવાનું રહ્યું. કોઈ પરવસ્તુ મારામાં પુણ્ય–પાપ આદિ ભાવ કરાવતી નથી, પરવસ્તુ મારી તૃષ્ણા ઘટાડી કે વધારી શકે તેમ નથી, તથા હું કોઈ પરને બચાવી કે મારી શકતો નથી. એ રીતે કોઈ કોઈને કાંઈ કરી શકતું નથી પણ માત્ર તેવા ભાવરૂપ રાગ–દ્વેષ અજ્ઞાન કરી શકે છે અથવા તો રાગ–દ્વેષ ટાળી જ્ઞાન કરી શકે છે. આત્માના કોઈ ભાવ બહારની પ્રવૃત્તિથી થતા નથી.

કોઈ કહે કે બહારમાં નિમિત્ત મળે તેવા ભાવ થાય. બહારમાં ખરાબ નિમિત્ત મળે, શરીરમાં રોગ હોય ત્યારે અશુભભાવ થાય અને બહારમાં ધન, પુત્ર, સગવડ, નિરોગતા વગેરે ઠીક હોય તો શુભભાવ થાય; તો તેની માન્યતા ખોટી છે, એમ માનનારે પોતે પરથી જુદો સ્વતંત્ર છે એમ માન્યું નથી. પર વસ્તુનું ક્ષેત્રાંતર ભાવાંતર કે અવસ્થાંતર કોઈને આધીન ત્રણ કાળમાં નથી. જે વસ્તુ પરાધીન હોય તે વસ્તુ સત્ જ ન કહેવાય.

વ્યવહારે સાચાં નવતત્ત્વ પણ જેને ન સમજાય તેને નવતત્ત્વના વિકલ્પનો અભાવ કરી એકાકાર પરમાર્થમાં આવવાનો અવકાશ નથી. અનંતવાર વીતરાગી ધર્મના નામે ઉત્કૃષ્ટ ક્રિયા તથા શુભભાવ કરી નવ ગ્રૈવેયક સુધી જે જીવ ગયો તેણે નવતત્ત્વના ભેદને તથા દેવ, ગુરુ, શાસ્ત્રને તો બરાબર માન્યા હતા. નગ્ન દિગંબર દશા અને પંચ મહાવ્રત પણ તેને ચોખ્ખાં હતાં છતાં વિકલ્પ રહિત છું, શુભ વૃત્તિ ઊઠે તે પણ મારું સ્વરૂપ નથી, મને મદદગાર નથી, હું તો ચિદાનંદ જ્ઞાનમૂર્તિ છું, એવા એકલા સ્વતંત્ર તત્ત્વની અંતરમાં શ્રદ્ધા બેઠી ન હતી, તેથી ધર્મ થયો નહિ.

જેને વ્યવહારશ્રદ્ધામાં ભૂલ છે, જેને પ્રાથમિક ચિત્તશુદ્ધિનાં સાચાં નિમિત્તની ઓળખાણ નથી, તેને પરમાર્થશ્રદ્ધા કરવાની તાકાત નથી. જન્મ-મરણ ટાળવાનો ઉપાય પરમાર્થની શ્રદ્ધા વિના થઈ શકે નહિ. નિમિત્તરૂપ વ્યવહારચિત્તશુદ્ધિના આંગણે ઊભો રહે તો પુણ્ય બંધાય પણ ભવ ઘટે નહિ. સર્વજ્ઞે કહેલાં સાચાં નવતત્ત્વની તથા સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રની વ્યવહારે યથાર્થ ઓળખાણ જે જીવને નથી, તે મિથ્યાદ્રષ્ટિનાં પણ ઊંચા પુણ્ય બાંધી શકતો નથી; કારણ કે જેને પુણ્યનાં નિમિત્ત પણ અધૂરાં કે ખોટાં છે, તેના પુણ્યના ભાવ પણ પાપાનુબંધી પુણ્યવાળા ઊણા હોય છે.

રાગ ટાળી નિર્મળ અવસ્થા ઉત્પન્ન કરવા માટે ધ્રુવ એકરૂપ સ્વભાવમાં ત્રિકાળી શક્તિ ભરી છે, તેનું અવલંબન એક વીતરાગભાવરૂપ હોય છે, જ્યારે રાગના અનેક પ્રકારો હોવાથી રાગનાં અવલંબન પણ અનેક પ્રકારના હોય છે. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર

તથા સ્ત્રી, કુટુંબ દેહાદિ તે બધા અશુભરાગનાં અવલંબન છે. કુદેવાદિને માનનારો કદી અશુભરાગ ઘણો ઘટાડે તોપણ બારમાં સ્વર્ગથી ઉપર જઈ શકે નહિ; અને સાચાં નવતત્ત્વના ભેદ તથા સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રને માનનારો ઉત્કૃષ્ટ શુભભાવ કરે તો નવમી ગ્રૈવેયક સુધી જાય. રાગના પક્ષથી જીવ છૂટે નહિ અને યથાર્થ શ્રદ્ધા કરે નહિ ત્યાં સુધી ચોરાશી લાખના અવતારમાં રખડે છે.

સમ્યક્ત્વગુણ અને સંવર થવાની લાયકાત મને ગુરુ આપી દે અને ગુરુની પ્રેરણાથી મારામાં ગુણનો વિકાસ થશે, એમ જે માને તેણે પોતાની સ્વતંત્રતાને માની નથી. જે કોઈ પરથી મદદ માને છે, પરથી લાભ-હાનિ માને છે તેણે પોતાની સ્વતંત્રતાની તાકાતને માની નથી, સ્વભાવને યથાર્થ જાણ્યો નથી. સમ્યક્ત્વ થયા પહેલાં અને પછી જ્યાં સુધી વીતરાગી સ્થિરતા ન થઈ હોય ત્યાં સુધી શુભરાગમાં નિમિત્ત (દેવ, ગુરુ, શાસ્ત્ર વગેરે) તરફનું લક્ષ રહે છે, તેને જ્ઞાની ધર્મ તરીકે ખતવતા નથી. પ્રથમ જ અનાદિથી માનેલું (પરનિમિત્તથી ધર્મ થાય તે) ખોટું ખાતું ફેરવવાની જરૂર છે.

નિર્જરવા (ખરી જવા) યોગ્ય અને નિર્જરા કરનાર જીવ-અજીવ બંને છે. તેમાં શુભાશુભરૂપ અશુદ્ધ ભાવ નાશ કરવાની સ્વતંત્ર યોગ્યતા જીવની છે. આત્માના ધ્રુવ સ્વભાવના લક્ષે અશુદ્ધતાનું અંશે ખસી જવું અને શુદ્ધતાની અંશે-અંશે વૃદ્ધિરૂપ અવસ્થાનું થવું એ સહજ હોય છે. તે ભાવનિર્જરા છે. અશુદ્ધતામાં જે નિમિત્ત કર્મ હતું તે કર્મમાં ટળવાની યોગ્યતા તેના કારણે થઈ, નિર્જરવા યોગ્ય રજકણોની અવસ્થા બદલી તે દ્રવ્યનિર્જરા છે.

પ્રભુ! તારી મોટાઈનાં ગાણાં ગવાય છે. અનંતકાળમાં અનંતવાર નવતત્ત્વના આંગણે તો આવ્યો પણ અંદર પેઠા વિના તારા આંગણેથી તું પાછો આવ્યો. ચિત્તશુદ્ધિના આંગણે આવવું પડે (નવતત્ત્વના ભેદરૂપ જ્ઞાન કરવું પડે) પણ આંગણું સાથે લઈ ને ઘરમાં જવાય નહિ.

સમયસાર પરમ અદ્ભૂત છે. એકપણ ભવ ન જોઈએ એવી દરકાર લાવી, પાત્ર થઈ સત્સમાગમે જે સમજે તે ન્યાલ થઈ જાય, મૂંઝવણનું નામ પણ ન રહે. ટીકામાં પણ આચાર્યે ગજબ કામ કર્યું છે. કેવળજ્ઞાનીના કાળજાના અમૃત રેડ્યાં છે. માત્ર સત્‌ની જિજ્ઞાસાથી મધ્યસ્થપણે રહી સમજવા માગે, અંતરની ધગશથી બરાબર પાત્ર થઈ, સમાગમ કરી, સત્યને સાંભળે તો જાતથી ઊછળીને અંતરમાં યથાર્થપણાનો ટચ થઈ, સ્વભાવમાંથી યથાર્થતા ઊગે અને કૃતકૃત્ય થઈ જાય, એવી સરસ વાર્તા આચાર્યદેવે કરી છે.

જેઓ સત્ સમજવાની જિજ્ઞાસાવાળા છે તેમ જ પાત્ર છે, તેમને આચાર્યદેવ આ બધું સમજાવે છે અને તે સમજી શકે તેવું જ કહેવાય છે. પ્રથમ આચાર્યે કહ્યું હતું કે હું અને તમે બધા સિદ્ધ પરમાત્મા સમાન છીએ. આ પ્રમાણે સ્વ-પરના આત્મામાં પૂર્ણતા (સિદ્ધપણું) સ્થાપ્યા વિના સત્ય સમજાવી શકાય નહિ. તું પણ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા આનંદમૂર્તિ ભગવાન પરમાર્થે છો. જે જે પૂર્ણ ગુણો સિદ્ધ પરમાત્મામાં છે તેટલા બધા જ તારામાં પણ છે. જે સિદ્ધમાં નથી તે તારામાં નથી. આવો પરમાર્થ સ્વભાવ વર્તમાન અવસ્થામાં પણ અખંડપણે ભરેલો છે, તે પૂર્ણનો વિશ્વાસ ન બેસે અને ભવની શંકા ન ટળે તો કેવળજ્ઞાનીને તથા જ્ઞાનીના ઉપદેશને તેં માન્યા નથી.

બધા આત્મા જાણનાર સ્વરૂપે છે, તું પણ જ્ઞાનસ્વરૂપ આત્મા છો, એમ જાણીને કહેવાય છે. તું પંચેન્દ્રિય છો કે મનુષ્ય છો, એમ કહીને ઉપદેશ દેતા નથી.

અશુભરાગમાં સંસાર સંબંધી નિમિત્ત હોય અને શુભરાગમાં સત્ દેવ–ગુરુ–શાસ્ત્ર આદિ શુભ નિમિત્ત હોય; સમ્યક્દૃષ્ટિમાં રાગ નથી, રાગને કે પરના અવલંબનને તે કબૂલતો નથી. અવસ્થામાં પુરુષાર્થ નબળો છે ત્યાં રાગનું અવલંબન અનેક પ્રકારનું હોય. આમાં પૂર્ણ થતાં પહેલા વચ્ચે વ્યવહાર તથા શુભરાગમાં નિમિત્ત શું હોય, તેનો ખુલાસો આવી જાય છે. રાગની દિશા બદલી ત્યાં બાહ્ય લક્ષમાં દેવ, ગુરુ, શાસ્ત્ર, પૂજા, ભક્તિ, વ્રતાદિનો શુભભાવ કરે તો સંયોગમાં શુભ નિમિત્તનો આરોપ થાય છે અશુભભાવ કરે તો સંયોગોમાં અશુભ નિમિત્તનો આરોપ થાય છે અને પર નિમિત્તના ભેદ વિના સ્વભાવમાં રહીને જ્ઞાન જ કરે તો તે જ સંયોગો (નિર્જરામાં) અભાવરૂપ નિમિત્ત કહેવાય. આ રીતે નિમિત્તમાં પોતાના ભાવ અનુસાર આરોપ થાય છે. નિમિત્તથી પરનું કાર્ય થતું નથી પણ કાર્ય વખતે તેની હાજરી હોય છે. અહીં બે તત્ત્વની સ્વતંત્ર યોગ્યતા સ્વીકારવાની વાત છે.

પરપદાર્થ તરફ લક્ષ તે રાગ છે. પરમાં લક્ષ કરી રોકાવું તે પરવિષય છે. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દના વિષયમાં રાગ દ્વારા અટકીને ઠીક–અઠીકની પ્રવૃત્તિ કરવી તે પરવિષય છે; જ્ઞાનીને તેનું ધણીપણું નથી પણ અખંડ ધ્રુવ સ્વભાવનું ધણીપણું અને તેની જ મુખ્યતા છે. તે અખંડ સ્વભાવના જોરે દરેક સમયે નિર્મળતા વધે છે, મલિનતાની હાનિ થાય છે અને અશુદ્ધતામાં નિમિત્ત એવાં કર્મની નિર્જરા થાય છે. વચ્ચે રાગ રહ્યો તેમાં દેવ, ગુરુ, શાસ્ત્રની ભક્તિ તથા વ્રત, સંયમ વગેરે શુભભાવનાં નિમિત્ત હોય છે પણ નિમિત્તથી રાગ થતો નથી અને નિમિત્તના લક્ષ વિના રાગ થાય નહિ. સ્વભાવમાં ભેદનો નકાર છે; રાગ રહિત પણ ગુણ ઉપર પડેલી દૃષ્ટિ ગુણકર છે, રાગ રહ્યો તેનો આદર નથી, ધણીપણું નથી કે કર્તાપણું નથી.

નિમિત્ત કે અવલંબનરૂપ રાગ લાભદાયક નથી. મદદગાર નથી પણ સ્વાવલંબી સ્વભાવ તરફ દૃષ્ટિના જોરે રાગ ટળ્યો તેટલો ગુણ છે; બાકી રહેલો શુભરાગ પણ નુકશાનકારક છે. પુરુષાર્થની નબળાઈ છે ત્યાં રાગનો ભાગ હોય પણ તેમાં જ્ઞાનીને કર્તાબુદ્ધિ નથી. રાગ હું નથી, વિકાર કરવા જેવો નથી, એમ વિરોધ ભાવનો નકાર કરનાર ભાવ, યથાર્થ શ્રદ્ધાની રુચિ હોય તો, તે શુદ્ધભાવ છે. સ્વલક્ષથી રાગનો નકાર અને સ્વભાવનો આદર કરનાર જે ભાવ છે તે નિમિત્ત અને રાગની અપેક્ષા વિનાનો ભાવ છે, તેમાં અંશે અવલંબનનો ભેદ તોડીને યથાર્થનું જે જોર આવે છે, તે નિશ્ચય સમ્યક્દર્શનનું કારણ થાય છે.

સંવર એટલે પુણ્ય–પાપના ભાવોને રોકવા, તે વિકારી ભાવોને રોકવા તે મારા પુરુષાર્થને આધીન છે. તેમાં કોઈ બીજું મદદ કરે અને ગુણ પ્રગટે એમ નથી. ધ્રુવ સ્વભાવના આશ્રયથી સંવર ભાવનો ઉત્પાદ અને આસ્રવરૂપ વિકારી ભાવનું અટકવું થાય છે અને કર્મ તેના કારણે આવતાં અટકે છે. રજકણ બાંધવા, રોકવા કે છોડવા મારે આધીન નથી.

નિર્જરા :—પોતે રાગના ઉદયમાં ન જોડાણો અને હું જ્ઞાન છું, એમ સ્વલક્ષે સ્થિર રહ્યો ત્યાં પૂર્વ કર્મનો ઉદય અભાવરૂપ નિર્જરામાં નિમિત્ત કહેવાય છે. વિકારનો અભાવ કરી શુદ્ધિની વૃદ્ધિ કરી તે ભાવનિર્જરા છે અને કર્મનો અંશે અભાવ થયો તે દ્રવ્યનિર્જરા છે. અંદર કર્મમાં કેવું જોડાણ થાય છે તે દેખાય નહિ, પણ નિમિત્ત કર્મમાં જેટલું જોડાણ હોય તેટલી રાગ-દ્વેષની આકુળતારૂપ લાગણીનો અનુભવ થતાં જ્ઞાનથી માની શકાય છે. જેમ પરમાં સુખ માન્યું છે એ કલ્પના અરૂપી છે, તે સુખ પરમાં જોઈને માન્યું નથી છતાં તે તેમાં નિઃસંદેહતા માની બેઠો છે. તેમાં સુખ છે તે નજરે જોઉં તો જ માનું એવો સંદેહ તે કરતો નથી. કપટનો–આકુળતાનો ભાવ આંખે દેખાય છતાં માને છે, તે પરમાં જોયા વિના નિઃસંદેહપણે માને છે. તે માન્યતાનો ભાવ પોતાનો છે; તે માન્યતાને ફેરવી સ્વમાં જોડે તો આત્મામાં અરૂપી ભાવને માની શકે કે પર લક્ષમાં વર્તમાન અવસ્થાથી રોકાણો ન હોઉં તો રાગની ઉત્પત્તિ ન થાય. પરમાં નિઃસંદેહપણે સુખ માન્યું છે તે માન્યતા પલટીને અવિરોધી સ્વભાવને માને તો ત્રિકાળી સ્વાધીન છું, પૂર્ણ છું, એમ જાતે નિઃસંદેહ થઈ શકે છે. નિર્જરા પ્રત્યક્ષ જોઈ શકાય નહિ પણ અનુભવમાં નિરાકુળ શાન્તિની વૃદ્ધિ થાય છે તેટલું તો જાતે નક્કી થાય છે અને તેથી તેના વિરોધી તત્ત્વ નિમિત્ત કારણનો અભાવ થયો છે, એમ અનુમાન થઈ શકે છે; પ્રત્યક્ષ તો કેવળજ્ઞાનમાં દેખાય છે. અંદરમાં સૂક્ષ્મકર્મ ટળ્યાં તે ઉપર જોવાનું મારું કામ નથી પણ પુરુષાર્થથી મારો ધ્રુવ સ્વભાવ કબૂલીને જેટલું સ્વભાવ તરફ એકાગ્રતાનું જોર કરું તેટલું વર્તમાનમાં ફળ આવે છે. તે નિઃસંદેહતા સ્વભાવના આશ્રયથી આવે છે.

કોઈ કહે છે કે હું પુરુષાર્થ ઘણો કરું છું, પણ પૂર્વ કર્મના ઉદયનું જોર ઘણું છે, તો તે વાત ખોટી છે. કારણ ઘણું આપે અને કાર્ય ઓછું આવે એમ બને નહિ. પુરુષાર્થ ઓછો છે, એમ પોતાનામાં ન જોતા, પર નિમિત્તમાં જોર જુએ છે તે જ મોટો ગોટો છે. નિમિત્તદૃષ્ટિ તે સંસાર છે, સ્વતંત્ર ઉપાદાન—સ્વભાવ દૃષ્ટિ તે મોક્ષ છે.

**પ્રશ્ન :**—વીર્યાંતરાય કર્મનું આવરણ આત્વીર્યને રોકે એમ કેમ લખ્યું હશે?

**ઉત્તર :**—કોઈ કોઈને રોકતું નથી; પોતે પોતાના ઊંધા પુરુષાર્થથી હીણી શક્તિપણે રોકાણો ત્યારે નિમિત્તરૂપે જે કર્મ હાજર હોય છે તેમાં રોકવાનો આરોપ અપાય છે. એ તો 'ઘીનો ઘડો' કહેવા જેવી વ્યવહારની લોકપ્રસિદ્ધ બોલણી છે પણ અર્થ તેમ નથી; પોતાના ભાવ અનુસાર નિમિત્તમાં ઓરાપ કરી વ્યવહારે વાત કરી છે. ત્રણકાળે નિમિત્તથી કોઈ રોકાણો એમ કહેનારો જૂઠો છે. બીજી વસ્તુ પોતાને રોકે, નુકશાન કરે તો પોતે માલ વિનાનો ઠર્યો. પોતે જ પરલક્ષ કરીને ઊંધા પુરુષાર્થથી પોતાને હીણો માને છે. જ્ઞાનસ્વભાવરૂપે પોતે રહે તો વિકાસ થવો જોઈએ, તેને બદલે પરમાં ઠીક—અઠીક માની પોતે રોકાણો ત્યારે કર્મને નિમિત્ત કહેવાનો આરોપ આવે છે.

એકલા આત્મામાં અશુદ્ધતા ટાળું એવો વિકલ્પ ક્યાંથી આવે? એકલામાં ટાળવાપણું હોય નહિ પણ જ્યાં પર નિમિત્તમાં રાગથી રોકાણો ત્યાં નિમિત્તાધીન કરેલો વિકારભાવ ટાળવાનો વિચાર હોઈ શકે. અંદર સ્વભાવપણે ત્રિકાળી ધ્રુવ અનંત ગુણનું સામર્થ્ય છે, તે અખંડના જોરે શક્તિમાંથી નિર્મળ અવસ્થા પ્રગટ થાય છે. સંસારની વિકારી અવસ્થાની સ્થિતિ એક એક સમય માત્રની છે. તે દરેક સમયે નવી વર્તમાન યોગ્યતાપણે (નિમિત્તાધીન) આત્મા પોતે કરે તેમ થયા કરે છે, નિમિત્ત કરાવતું નથી. જેમ પાણી ઉપર તેલનું ટીપું તરે તેમ આખા ધ્રુવ સ્વભાવ ઉપર વર્તમાન એક એક અવસ્થા પૂરતો વિકારીભાવ છે તે તરે છે, ધ્રુવ સ્વભાવમાં તે પ્રતિષ્ઠા પામતો નથી. વિકારમાં યોગ્યતા જીવની છે અને નિમિત્તની હાજરી હોય છે. બેઉ સ્વતંત્ર કબૂલ્યા કરે ત્યારે નવતત્ત્વનું જ્ઞાન મનના રાગ દ્વારા સાચું કર્યું કહેવાય.

બંધ :—આત્મા પોતે પોતાના વિકારીભાવથી બંધાવા યોગ્ય છે. તે બંધાવા યોગ્ય પોતાની અવસ્થા તે ભાવબંધ અને તેનું નિમિત્ત પામી નવાં કર્મ પોતાની યોગ્યતાથી બંધાણા તે દ્રવ્યબંધ.

કોઈ કોઈને બાંધતું નથી. જીવ બંધનરૂપ વિકારભાવ કરી, પરવલણમાં ઠીક—અઠીક ભાવે અટકે ત્યારે પર નિમિત્ત થયું એવો આરોપ આવે છે અને સ્વલક્ષે સ્થિર રહે તો નિર્મળ શક્તિનો વિકાસ થાય છે. વિકાસપણે નહિ થતાં પરવિષયમાં વિકાર ભાવે

જોડાણ કરી અટક્યો એટલે વર્તમાન અવસ્થા તે જ સમયે હીણી કરી તે જ ભાવબંધ છે, તે જ પરમાર્થ આવરણ છે. તે વિકારપણે થનારા આત્માની રાગ-દ્વેષરૂપ અવસ્થા થઈ તે ભાવકર્મ; પ્રથમ સમયથી બીજા સમયની અરૂપી અવસ્થા વિકારપણે બદલાણી તે ક્રિયા; એ બંધભાવનો કર્તા અજ્ઞાનપણે જીવ છે. જડકર્મનો કર્તા જીવ નથી તથા કર્મે જીવને રોક્યો નથી.

વર્તમાન એક સમયની સ્થિતિમાં થતા નવા બંધને પોતે રોકવાની યોગ્યતા જીવ રાખે છે. પ્રગટ વિકારી અવસ્થા વખતે પણ દરેક સમયે દ્રવ્યમાં ત્રિકાળી પૂર્ણ શક્તિથી અખંડપણું છે, તેમ નહિ માનનારે પોતાનો સ્વભાવ હીણો માન્યો છે. પોતાના ત્રિકાળીપણાની માન્યતા ન કરી તે ભાવ જ બંધાવા યોગ્ય છે; જડ કર્મે બાંધ્યો નથી. અત્યાર સુધી શાસ્ત્રના નામે પલાખાં ગોખ્યાં કે કર્મ આવરણ કરે, કર્મ બાંધે, તેથી તે ફેરવવું કઠણ લાગે છે. સ્વતંત્ર વસ્તુની ઓળખાણ કરે તો બેઉ દ્રવ્યો જુદાં—સ્વતંત્ર હતાં છતાં નિમિત્તાધીન માન્યતાનો સંસાર હતો એમ તે માને. શ્રદ્ધામાં પૂર્ણ સ્વતંત્ર સ્વરૂપનો સ્વીકાર કર્યા પછી પુરુષાર્થની નબળાઈપણે અલ્પ રાગ રહ્યો તેનો ધણી જ્ઞાની નથી. સ્વભાવમાં વિકાર નથી. સ્વભાવ તો વિકારનો નાશક જ છે, તેને ભૂલી ભાવબંધનમાં જીવ અટક્યો ત્યારે જડ કર્મને નિમિત્ત કહેવાણું.

કર્મ જીવને બંધન કરાવતું નથી અને જીવે પરમાર્થે કર્મ બાંધ્યાં નથી. પોતામાં બંધ અવસ્થાની યોગ્યતા હતી, એમ માને તો વીર્યાંતરાય કર્મ ઉપર વજન ન રહે. કર્મનો સંયોગ તો તેની સ્થિતિ પૂરી થતાં જ્ઞાની કે અજ્ઞાની બેઉને નિયમથી છૂટી જાય છે. કર્મ નડતાં નથી પણ પોતે જેવો ભાવ (વિરોધ કે અવિરોધપણે) પોતામાં કરે તેનું ફળ તે જ સમયે પોતામાં આકુળતા કે નિરાકુળતાપણે આવે છે.

આત્મા વસ્તુપણે એકરૂપ રહે છતાં તેની અવસ્થા એકરૂપ ન રહે, તેમ રજકણ વસ્તુપણે એકરૂપ રહે છતાં તેની અવસ્થા બદલાયા કરે, એકરૂપ ન રહે. જડમાં જ્ઞાન નથી છતાં તે વસ્તુ છે, તેથી ત્રિકાળી શક્તિવાન છે. દરેક સમયે પૂર્ણ ધ્રુવપણું રાખીને પોતાની તાકાતથી અવસ્થાઓ બદલે છે. આ રહસ્ય કેવળજ્ઞાનનો કક્કો છે. દરેક વસ્તુની પૂરેપૂરી સ્વતંત્રતાની તેમાં જાહેરાત થાય છે.

અસંગ સ્વભાવને જીવ ભૂલે ત્યારે તે બંધાવા યોગ્ય છે. બંધમાં પૂર્વનું કર્મ નિમિત્ત છે. વિકારી—અવિકારી અવસ્થા પોતામાં થઈ તે વ્યવહાર છે. નિમિત્ત રાગ-દ્વેષ કરાવે છે, એમ માનવું તે વ્યવહાર નથી પણ વ્યવહારાભાસ છે, અજ્ઞાન છે.

નવતત્ત્વના લક્ષે પરમાર્થ શ્રદ્ધા કે નિર્મળ ચારિત્ર ઊઘડે નહિ કારણ કે ભેદના લક્ષે

વિકલ્પ ઊપજે છે. નિશ્ચય શ્રદ્ધામાં નવતત્ત્વના ભેદ નથી. મોક્ષ અને મોક્ષનો માર્ગ એ બંને વ્યવહારનયના વિષયમાં જાય છે.

**પ્રશ્ન :**—નવતત્ત્વમાં મોક્ષ તો સાધ્ય છે તેને વિકલ્પ ગણી શા માટે કાઢી નાખવો?

**ઉત્તર :**—સંસાર અને મોક્ષ એ બંને પર્યાય છે. સંસાર એ કર્મના સદ્ભાવની અપેક્ષારૂપ પર્યાય છે અને મોક્ષ તે કર્મના અભાવની અપેક્ષારૂપ પર્યાય છે. મોક્ષપર્યાય જેટલો આત્મા નથી. મોક્ષપર્યાય તો કર્મના અભાવનું ફળ છે, તેથી તે વ્યવહારે સાધ્ય કહેવાય પણ નિશ્ચયે સાધ્ય તો ધ્રુવ દ્રવ્યસ્વભાવ છે. પરમાર્થ સાધ્યરૂપ અખંડ એક સ્વભાવના જોરે મોક્ષ પર્યાય સહેજે ઉઘડે છે અને પર્યાય તો વ્યવહાર છે, તેનું અખંડ સ્વભાવમાં ગૌણપણું છે, ક્ષણિક પર્યાય ઉપર જોર કરવાનું નથી. જોર વસ્તુમાં છે.

દ્રવ્યમાં ત્રણેકાળની બધી પર્યાય વર્તમાનપણે છે તેમાં કોઈ પર્યાય ભૂત કે ભાવિમાં ગઈ નથી, છતાં વસ્તુમાં દરેક ગુણની એક સમયે એક પર્યાય પ્રગટ હોય અને તે એકેક અવસ્થા વખતે શક્તિપણે અનંત ગુણો ધ્રુવરૂપ રહ્યા છે, તેથી અનંત તાકાતપણે વસ્તુ વર્તમાનમાં પૂર્ણ છે. આત્માનો સ્વભાવ વર્તમાન એકેક સમયમાં ત્રિકાળી શક્તિથી પૂર્ણ છે. વિકારી દશા થાય તેના દ્રવ્યમાં પ્રવેશ નથી. સ્વભાવ વિકારનો નાશક છે, તેથી નવતત્ત્વના વિકલ્પ અભૂતાર્થ છે.

મોક્ષ :—મોક્ષમાં વિકારથી અને પરથી મુક્ત થવાની અપેક્ષા છે. એકરૂપ ધ્રુવ સ્વભાવના જોરે પૂર્ણ નિર્મળ અવસ્થા ઉત્પન્ન થઈ અને પૂર્ણ અશુદ્ધ અવસ્થાનો નાશ થયો તે ભાવમોક્ષ અને તેનું નિમિત્ત પામી કર્મરજ તેની યોગ્યતાથી છૂટી તે દ્રવ્યમોક્ષ. સહુ-સહુના કારણે સ્વતંત્ર અવસ્થા થાય છે. નિમિત્તથી થયું, એમ કહેવું તે વ્યવહાર છે, પણ નિમિત્તથી કોઈની અવસ્થા થાય, એમ માનવું તે મિથ્યાત્વ છે. કર્મનો સંયોગ સર્વથા છૂટ્યો તે જીવમાં અભાવરૂપી નિમિત્ત કારણ (મોક્ષ કરનાર) અજીવ, કર્મ છૂટ્યાં તે મને નિમિત્ત થયાં, એમ નાસ્તિરૂપ (અભાવરૂપ) આરોપથી મોક્ષ થવા યોગ્ય જીવ વ્યવહારથી છે.

જીવ-અજીવમાં સ્વતંત્ર ઉપાદાનની યોગ્યતા, નિમિત્ત—નૈમિત્તિકપણું તથા નવતત્ત્વના વિકલ્પ છે, એમ જણાવી, મન દ્વારા સ્વતંત્રપણું નક્કી કરાવ્યું. કોઈના કારણકાર્યરૂપ પરાધીનપણું જણાવ્યું નથી. એકલા સ્વભાવમાં નવતત્ત્વના ભેદ પડે નહિ. નિમિત્તની અપેક્ષાએ વ્યવહારે (અવસ્થામાં) નવ અથવા સાત ભેદ પડે છે.

તા. ૯-૮-૪૩.

જેને હિત કરવું હોય તેણે પ્રથમમાં પ્રથમ શું ઉપાય કરવો તે કહેવાય છે. નિરાકુળ સુખ આત્મામાં છે. શરીર આદિની સગવડમાં (સંયોગમાં) સુખ નથી છતાં અજ્ઞાની જીવ તેમાં સુખ માની રહ્યો છે, પણ પરના આશ્રયની પરાધીનતા તે સુખ ત્રણકાળમાં નથી. જેણે પોતામાં સુખ ન ભાળ્યું તેને પરસંયોગની મોટાઈ લાગે છે. પરસંયોગના આશ્રયે સુખ છે, એમ માનનાર પોતાને નમાલો, રાંકો, ઓશિયાળો માને છે. એ અજ્ઞાનભાવની મૂઢતાથી માનેલી કલ્પના છે. એ પરને હિતરૂપ માને છે તે પરાશ્રયરહિત અવિકારી આત્મસ્વભાવને હિતરૂપ માનતો નથી.

પર મારાં છે, પરમાં સુખ છે, પરનું કાંઈ કરી શકું એવી ઊંધી કલ્પના કરનારું પોતાનું વિપરીત જ્ઞાન છે. જડ દેહાદિ પોતાને ભૂલ કરાવતા નથી. આત્મા પરથી જુદો નિત્ય પદાર્થ છે. પોતે જે સ્વભાવે છે તેનું ભાન નથી, તેથી પરમાં ક્યાંક પોતાના હોવાપણાની, પોતાના સુખપણાની કલ્પના કરી છે. તે અજ્ઞાનથી ચોરાશી લાખના અવતાર છે. સ્વતંત્ર સ્વભાવને યથાર્થપણે સત્સમાગમે ઓળખીને, તે ઊંધી માન્યતારૂપ ભૂલ કાઢી નાખતાં, નિત્ય સ્વભાવ આશ્રિત નિર્મળ આનંદની ઉત્પત્તિ થાય છે. વર્તમાન વિકારી અવસ્થા વખતે પણ બાહ્યભાવની માન્યતા કાઢીને દેખે તો, તે એક અવસ્થા સિવાય, આખો નિર્મળ સ્વભાવ ત્રિકાળ શુદ્ધપણે વર્તમાનમાં પણ જણાય છે. પામરતા, અશરણપણું, અવગુણપણું, પામરતાની ભૂમિકામાં રહીને ન ટળાય. પામરતા વખતે જ તુચ્છતા રહિત ધ્રુવસ્વભાવ પૂર્ણ મહિમાપણે છે.

પૂર્ણ નિર્મળ પરમાત્મદશા જેણે પ્રગટ કરી તે સાક્ષાત્ ભગવાન છે. હું પણ શક્તિપણે પૂર્ણ ભગવાન છું, એમ સત્સમાગમથી ઓળખી પૂર્ણ સ્વાધીન ધ્રુવ સ્વભાવનું માહાત્મ્ય કરે તો પોતામાં કલ્પેલી હીણપનું ધણીપણું દૃષ્ટિમાંથી છૂટી જાય છે. પછી વર્તમાન પુરુષાર્થની નબળાઈથી પરમાં રોકાય, તે રુચિભાવે રોકાતો નથી. સ્વભાવના જોરે રાગ-દ્વેષ તોડવા માગે છે; વિકારનું એટલે કે રાગની વૃત્તિનું ધણીપણું કરતો નથી.

વિકારનો નાશ કરવા માગે તે વિકાર સ્વરૂપ હોઈ શકે નહિ. વિકારને જાણનારો તે ક્ષણિક વિકારપણે નથી. જો વિકાર ટાળવાની શક્તિ આત્મામાં ન હોય તો જે ન હોય તે જગતમાં ત્રણ કાળમાં થઈ શકે નહિ, પણ અનંતા જ્ઞાની પૂર્ણ પવિત્ર ઉત્કૃષ્ટ પરમાત્મદશા પ્રગટ કરી ગયા છે. નિત્ય સ્વભાવના જોરે અમુક અંશે રાગ ટાળ્યો તેવા અંશે ફરી રાગ ન થવા દે તો પૂર્ણ પુરુષાર્થથી અંશમાત્ર રાગ–વિકાર ન થવા દે, એવી આત્માની તાકાત દરેક સમયે દરેક આત્મામાં છે.

જો કોઈ બીજો પોતાનો દોષ કાઢી આપે તો કોઈ નરકમાં અને દુઃખમાં પણ નાખી દે; પણ એવું પરાધીનપણું જીવને નથી. દોષ ટાળવામાં પોતે એકલો છે તો પોતે ત્રિકાળી પૂર્ણ અને સ્વતંત્ર અસંયોગીપણે વર્તમાનમાં પૂરો છે. માન્યતાથી પરનો સંબંધ માન્યો છે તે નિમિત્ત આધીન દૃષ્ટિની ભૂલ છે અને તે જ સંસાર છે. હું પૂર્ણ પ્રભુતાવાળો છું એવા નિત્ય સ્વભાવના જોરે પામરતા ટળી તે જ સમયે નિર્મળ પવિત્રતા અંશે પ્રગટે છે.

દેહ ઉપર દૃષ્ટિ રાખી નક્કી કરે છે, તેથી ભગવાન આત્મા ઇયળમાં, કીડીમાં પણ પૂર્ણ સ્વતંત્ર છે, એમ ભાસતું નથી. પોતાનું સર્વોત્કૃષ્ટ માહાત્મ્ય પોતાને પોતામાં લાગતું નથી. તેથી પોતાની દૃષ્ટિથી પોતાને ઊણો—વિકારી માને છે. દેહાદિ વર્તમાન સંયોગને જ માનનાર, ત્રિકાળી ટકનાર વર્તમાનમાં પૂર્ણ પ્રભુ છું; એમ નહિ માનતા હોવાથી અજ્ઞાની છે. પોતામાં સુખ ન જોયું, તેથી દેહબુદ્ધિથી કોઈમાં અનુકૂળતા કલ્પી ઠીક માને છે, કોઈમાં પ્રતિકુળતા કલ્પી અઠીક માને છે.

જાણનારો પોતે છતાં પોતાને હીણો માની, પુણ્ય, દેહાદિ ક્ષણિક સંયોગી ચીજને માહાત્મ્ય આપે છે. રોટલાને વીંછી કરડે તો દુઃખ ન માને પણ દેહને કરડે તો દુઃખ માને—દેહ અને રોટલા બેઉ પોતાની ચીજ ત્રણકાળમાં નથી. દેહ ઉપર (સંયોગ ઉપર) દૃષ્ટિ છે, તેથી દેખનાર તે હું નહિ પણ ચીજ દેખાય છે તે હું એમ માને છે. દેહને કહે 'તું સારું રહે તો મને સુખ થાય,' દેહને કે જડ ઇન્દ્રિયોને કાંઈ ખબર નથી પણ મૂર્ખો કહે કે તેને લઈને મને સુખ-દુઃખ થાય છે. એક તત્ત્વને પરનું અવલંબન લેવું પડે તે સુખ નથી. પરનો આશ્રય જોઈએ, એમ માનનારે પોતાના સ્વતંત્ર પવિત્ર સ્વભાવનું ખૂન કર્યું છે, તે જ હિંસા છે.

અવિનાશી સ્વતંત્ર પૂર્ણ સ્વભાવની અપૂર્વ સમજણ ન કરે અને તેનું મહાત્મ્ય અંતરથી ન લાવે તો મરીને ક્યાં ઉતારા થશે તે વિચારો. સમુદ્રમાં ફેંકેલ મોતી મળવું મુશ્કેલ છે તેમ મનુષ્યપણું હારી ચોરાશી લાખના અવતારમાં ગયા પછી ફરી સત્ સાંભળવું પણ મુશ્કેલ થઈ પડશે.

જેમ એકલા સોનાને પંદરવલું, ઊણું, અશુદ્ધ કહેવાનો આરોપ આવે નહિ પણ ત્રાંબાના સંયોગે તે ચૌદ—પંદરવલું કહેવાય છે છતાં તે સંયોગ વખતે પણ સોળવેલું શુદ્ધ સોનું ન હોય તો શુદ્ધ થઈ શકે નહિ; તેમ એકલા ચૈતન્ય સ્વરૂપ આત્મામાં સ્વભાવથી વિકાર હોઈ શકે નહિ પણ વર્તમાન અવસ્થામાં નિમિત્ત—સંયોગ આધીન વિકારી અવસ્થા નવી થાય છે. એ સંયોગ આધીન દૃષ્ટિ છોડીને અખંડ શુદ્ધ ધ્રુવ સ્વભાવ ઉપર દૃષ્ટિ કરે તો નિર્મળતા પ્રગટે છે.

એકલા તત્ત્વમાં પરનિમિત્ત તરફ જોડાણ વિના વિકાર થાય તો વિકાર સ્વભાવ થઈ જાય. પરસંયોગમાં કર્તાભાવે (મારાપણાના ભાવે) અટકીને જેવા શુભાશુભભાવ જેવા રસે પોતાની વર્તમાન અવસ્થામાં જીવ કરે છે, તેનું ફળ પોતામાં તે જ વખતે આકુળતાના રસપણે આવે છે અને તેના નિમિત્તે બંધાતા સંયોગી કર્મનું ફળ પાછળથી સંયોગપણે આવે છે.

અજ્ઞાનીને બાહ્યમાં દેહ, સ્ત્રી આદિ ઉપર દૃષ્ટિ છે અને અંદર સૂક્ષ્મ કર્મ ઉપર દૃષ્ટિ છે. સાચાં નવતત્ત્વને શુભભાવથી જાણે તે પણ બાહ્ય ભાવ છે, એ બાહ્યભાવથી અંતરમાં પેસી શકાય નહિ. એકલા આત્મામાં પોતાની મેળે નવતત્ત્વની સિદ્ધિ બનતી નથી.

બાહ્ય (સ્થૂળ) દૃષ્ટિથી જોઈએ તો :–જીવ–પુદ્‌ગલની અનાદિ બંધપર્યાયની સમીપ જઈને એકપણે અનુભવ કરતાં આ નવતત્ત્વો ભૂતાર્થ છે, સત્યાર્થ છે. અહીં સમીપનો અર્થ ક્ષેત્રથી નહિ પણ પરમાં એકમેકપણાની માન્યતારૂપ ભાવની એકાગ્રતા એવો થાય છે. અવિકારી જુદા આત્મસ્વભાવની જેને ખબર નથી તેને પર સમીપ જોડાણનો (રાગ-દ્વેષના વિકલ્પનો) અનુભવ ભૂતાર્થ છે, ભ્રમ નથી; રાગ-દ્વેષનું નિમિત્ત પામી કર્મ પોતાની (કર્મની) યોગ્યતાથી અજ્ઞાની આત્માના પ્રદેશોએ એકક્ષેત્રાવગાહરૂપે આવે છે, તે વાત પણ સાચી છે.

કોઈ કહે કે પુણ્ય–પાપ થતાં જ નથી; જીવની વર્તમાન અવસ્થામાં ભૂલ અને વિકારી ભાવ ભ્રમ છે, અસત્‌ છે તો તેમ કહેનારની વાત સાચી નથી. સસલાના શીંગડાની જેમ તે અસત્‌ નથી. કોઈ કહે કે સ્વર્ગ, નરક છે નહિ પણ લોકોને પુણ્યનો લોભ અને પાપનો ભય બતાવવા માટે કલ્પના કરી છે તો તેમ કહેનારની વાત ખોટી છે, કારણ કે તે અનેક ન્યાય–પ્રમાણથી સિદ્ધ કરી શકાય છે.

જેમ કોઈ સારો બ્રહ્મચારી સુશીલ ચૂકીને કુશીલોનાં સંગમાં આવે–જાય તો તે શરમ છે, તેમ બ્રહ્માનંદ ભગવાન આત્મા પરચીજમાં કર્તાપણું–મારાપણું સ્થાપીને અનંત જ્ઞાનાનંદ પ્રભુત્વનો મહિમા ભૂલીને, પુણ્ય–પાપ મારાં, હું રાગી, મને પરનો આશ્રય જોઈએ, એમ માની ચોરાશીમાં રખડે, પરસંયોગમાં સુખ માને તે મહા વ્યભિચાર છે.

સંયોગ આધીન દૃષ્ટિમાં એકાગ્ર થઈને બંધપણાનો અનુભવ કરતાં આ નવતત્ત્વના ભેદો ભૂતાર્થ–સત્યાર્થ છે. અજ્ઞાનપણે અવસ્થાદ્રષ્ટિના વ્યવહારની પકડ કરી રાગ-દ્વેષ અજ્ઞાનને લીધે જીવનું જે રઝળવું થાય છે તે ખરેખર છે, ભ્રાન્તિ નથી, અસત્‌ કલ્પના નથી. જેમ જાંઝવામાં જળ નથી છતાં પાણીનો ભાસ થાય છે તેને ખરેખરું પાણી માનવાની ભૂલ થાય છે, તે ખરેખરી ભૂલ છે, તેમ અજ્ઞાનભાવ જીવનું રઝળવું થાય છે તે ખરેખર છે.

આત્માના યથાર્થ સ્વરૂપની જેને ખબર નથી તે મૂઢતા વડે પોતાને સ્વતંત્ર પૂર્ણ ભગવાન માનતો નથી. પર મને મદદ કરે, આપી દે, પરનો આશ્રય જોઈએ, પરના આશીર્વાદ જોઈએ, પુણ્યનું સાધન જોઈએ વગેરે માન્યતા ધરાવનારા પોતાને પામર માને છે. જે બાહ્યમાં ધર્મ માની ક્રિયાકષ્ટથી ખેદખિન્ન થાય તેને આત્માન અતીન્દ્રિય શાંતિ અને ભવથી નિઃસંદેહ મુક્તિનો નિર્ણય થાય નહિ. ભગવાને તેની બાહ્યક્રિયાને અજ્ઞાનરૂપ બાળવ્રત અને બાળતપ કહેલ છે.

જેને ભવનો ભય લાગે તે નિર્મળ નિત્ય શરણભૂત વસ્તુ શું છે? તેનો વિચાર કરે, પણ સંસારમાં વર્તમાન પુણ્યની સગવડતાને જ જે ભાળે છે, તે પુણ્ય–પાપના નાશક સ્વભાવરૂપ અવિકારી ભગવાન આત્માને ભાળતો નથી. ધર્માત્માને રાગની ચેષ્ટામાં શરમ આવે છે, ખેદ થાય છે. ભૂંડા વિષ્ટા ખાઈને જેમ આનંદ માને તેમ જ્ઞાનીએ પુણ્ય–પાપ રહિત અવિનાશી સ્વભાવના ભાનમાં સ્થિર થઈ પુણ્ય–પાપને વિષ્ટાની જેમ છોડી દીધાં છે, તે પુણ્ય ને અજ્ઞાની સારાં માની તેમાં હરખ કરે છે. આબરૂ, શરીર, ધન વગેરેમાં સુખ માને છે, તેને ભૂંડની ઉપમા લાગુ પડે છે કારણ કે એ માન્યતામાં અનંતા ભૂંડના ભવ પડ્યા છે.

જીવ પામરતા કરે અને તે પામરતારૂપ અવસ્થા તે જ પોતાનું આખું સ્વરૂપ માને અને પોતાનો અવગુણનો નાશક ત્રિકાળી સ્વભાવ વર્તમાનમાં આખો છે, તે ન માને તો ચોરાશી લાખના અવતારમાં એકાકારપણે રખડે છે, તેથી તેને નવતત્ત્વનો ખંડ-ખંડ અનુભવ સત્યાર્થ છે.

કોઈ કહે કે ભોગાવળી કર્મ બાંધ્યા છે તે વિષયભોગ કરાવે છે, હું શું કરું? રાગ-દ્વેષ થઈ જાય છે, તો તે સ્વચ્છંદ ચોરાશીમાં રખડવા માટે સાચો છે.

કોઈ માણસ દાનમાં પૈસા આપવા ઇચ્છતો ન હોય ત્યારે તે સંસ્થાને દોષ દે અને કહે કે ‘મારે દાનના ભાવ તો છે, પણ તે સંસ્થાવાળા બરાબર વ્યવસ્થા રાખતા નથી.’ એમ તૃષ્ણા નહિ ઘટાડવા માટે ગોટા વાળે છે પણ સીધું કહી દેને કે મારે કાંઈ આપવું નથી. તે સંસ્થા સુધરે કે બગડે તે ઉપર તારી તૃષ્ણા વધવા–ઘટવાનો આધાર નથી. જેને દાનાદિમાં માન જોઈએ છે અથવા પાછળ આશા રાખે છે, તેને વર્તમાન તૃષ્ણારૂપ પાપભાવ છે. દાનમાં જે કોઈ તૃષ્ણા ઘટાડે તે ભાવ તેને પોતાને આધારે છે. એમ સ્વતંત્ર પરિણામનું વ્યવહાર કર્તાપણું જાણી જેવાં નવતત્ત્વ છે તેવા જાણે ત્યારે વ્યવહારશુદ્ધિ થઈ પણ તેનાથી જન્મ-મરણ ન મટે, કેમ કે તે પુણ્ય ભાવ છે.

અસંયોગી નિર્વિકારી સ્વભાવ જુદો છે, એવી યથાર્થ શ્રદ્ધા થયા પછી વર્તમાન

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



નબળાઈમાં રાગ થાય ખરો, પણ તેમાં કર્તૃત્વબુદ્ધિ છોડીને, પાપથી બચવા માટે પુણ્ય–ભાવની શુભવૃત્તિ કરે પણ તેને નિમિત્તાધીન વિકારી જાણી જ્ઞાની તેનો ધણી ન થાય.

કોઈ શાસ્ત્રનાં પલાખાં ગોખીને ઊંધો અર્થ ગ્રહણ કરે કે પૂર્વનાં આકરાં કર્મ નડે છે. નિકાચિત કર્મનું જોર ઘણું છે, તેથી સંસારના ભોગ છૂટતા નથી, એમ ગોટા વાળનારને વ્યવહારૂ નીતિનાં પણ ઠેકાણાં નથી. મારા ભાવે સ્વભાવની નિર્મળતા ચૂકીને દોષ મેં કર્યો અને તેને ટાળી પવિત્ર આનંદભાવ હું કરી શકું છું, એવી પોતાની સ્વતંત્રતા મનથી સ્વીકારે તે આંગણે આવ્યો ગણાય.

હવે વિકલ્પને અંશે તોડીને, ધ્રુવ સ્વભાવના લક્ષે શાંતિ કેમ પ્રગટ કરવી; અતીન્દ્રિય સ્વરૂપ કેમ જાણવું તે વાત આવશે.

તા. ૧૦-૮-૪૩.

આત્મામાં અનંતજ્ઞાન, દર્શન સુખ, વીર્યાદિ ગુણો ભર્યા છે તે પોતાને લઈને છે; કોઈ નિમિત્તને લઈને તે પ્રગટ થતાં નથી. નિમિત્તથી કે રાગાદિ વિકારથી અવિકારીપણું થઈ શકે નહિ. આત્માનો સ્વભાવ કર્મના સંયોગ વિનાનો, નિર્વિકારી અને અભેદ છે. કર્મના સંયોગ આધીન ક્ષણિક વિકારી અવસ્થા આત્મામાં થાય છે તે અભૂતાર્થ છે. શુભ વિકલ્પરૂપ નવતત્ત્વનો મન-દ્વારા નિર્ણય થાય છે તે આત્માના મૂળ સ્વભાવનો નિર્ણય નથી. એકરૂપ નિર્મળ સ્વભાવની યથાર્થ શ્રદ્ધા થયા પહેલાં, મન દ્વારા હું જીવ છું, પરથી જુદો છું, અજીવ નથી, સ્વભાવના ભાનથી સંવર થાય છે વગેરે નવતત્ત્વના ભેદના વિચાર કરે છે તે વિકલ્પ શુભરાગ છે. એકરૂપ જ્ઞાનસ્વભાવમાં ઠરવું જોઈએ, તેને બદલે પર સંબંધે ઉત્થાન થાય છે તે આદરણીય નથી; છતાં તે યથાર્થ નવતત્ત્વનો વિચાર મનથી કર્યા વિના સ્વભાવના આંગણે અવાય નહિ.

આત્મા દેહાદિ (પર)ની ક્રિયા કરી શકતો નથી. દેહાદિથી, પર જીવથી, દરેક આત્મા ત્રણેકાળે જુદો જ છે. પરના સંબંધે રાગ–દ્વેષ, મમતાનો ભાવ પોતાની અવસ્થામાં પોતે કરે તે ક્ષણિક–અવસ્થાના ભેદથી પણ પરમાર્થે આત્મા ભિન્ન છે. સ્વભાવના લક્ષને ચૂકીને પુણ્ય–પાપના ભાવ હું પરલક્ષે કરું તો થાય છે, તે મારી યોગ્યતાથી વર્તમાન અવસ્થામાં નવો વિકાર થાય છે. બંધનરૂપ વિકારભાવ અને અવિકારી સંવર, નિર્જરા, મોક્ષનો ભાવ મારી યોગ્યતાથી થાય છે. કોઈ કરાવતું નથી. નિમિત્તનો સંયોગ–વિયોગ તેની યોગ્યતાથી થાય છે, આવો સ્વ–પરની સ્વતંત્રતાનો નવતત્ત્વના ભેદથી નિર્ણય કરે

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

ત્યારે હજુ પ્રાથમિક ભૂમિકા નજીક જીવ આવે છે. એના શુભરાગમાં રોકાવું તે પુણ્યનું કારણ છે, પણ આત્માના ધર્મનું કે શાંતિનું તે કારણ નથી, કારણ કે પૂર્વે એવા મનના સ્થૂળ વિષયથી સાચા નવતત્ત્વના પુણ્યરૂપ આંગણા સુધી તો આત્મા અનંતવાર આવ્યો છે પણ ત્યાંથી આગળ વિકલ્પ તોડી ધ્રુવ સ્વભાવમાં એકપણાની શ્રદ્ધા કરવાની અપૂર્વ સમજણ શું છે તે ન સમજ્યો; તેથી ભવ ઊભા રહ્યા. જે ભાવે ભવ કર્યા તે ભાવનો આત્મસ્વભાવના જોરે અંત કરવામાં ન આવે તો ભવનો અંત અને પવિત્રતા પ્રગટે નહિ.

સમજ્યા વિના જીવ અનંતવાર ઘણાં શાસ્ત્રો ભણ્યો, પંડિત થયો, વીતરાગે કહેલ સનાતન જૈનધર્મનો નગ્ન દિગંબર સાધુ થયો, નવતત્ત્વનો મનમાં સાચો નિર્ણય કર્યો, પણ નિમિત્ત ઉપર વજન રહ્યું કે મનનું આલંબન જોઈએ, શુભરાગથી હળવે-હળવે ઉપર જવાશે, એમ પરથી—વિકારથી ગુણ થશે એમ માન્યું; પણ નિરપેક્ષ, નિરાવલંબી, અક્રિય, એકરૂપ આત્મસ્વભાવની શ્રદ્ધા ન કરી. મનમાં નવતત્ત્વના વિચાર તરફની દૃષ્ટિ તે પરનું અવલંબન છે, આવો ભાવ જીવને છે ત્યાં સુધી તો તે રાગમાં ઊભો છે.

હવે પરમાર્થ એકરૂપ સમ્યક્દર્શન કહેવાય છે. નવતત્ત્વના ભેદ ગૌણ કરી (નિષેધ કરી) એક જીવસ્વભાવની સમીપ જઈને અભેદ અનુભવ કરતાં તે નવ ભેદ અભૂતાર્થ છે. એકલા જ્ઞાયક સ્વભાવમાં તે જણાતા નથી. નવતત્ત્વના ભેદરૂપ ક્ષણિક અવસ્થા જેટલો હું નથી પણ ત્રિકાળી ટકનાર, વર્તમાનમાં પૂર્ણ કૃતકૃત્ય, સ્વભાવે શાંતિએ પૂર્ણ છું, એમ પૂર્ણની શ્રદ્ધાના જોરમાં અતીન્દ્રિય આનંદ સહિત અનુભવ કરતાં ભેદ દેખાતો નથી. અવિકારી અભેદની શ્રદ્ધા થયા પછી વિકલ્પમાં આવતાં વિકલ્પના ભેદ પડે ખરા, પણ એકવાર અખંડ આત્મસ્વભાવમાં ઠરીને નવના ભેદથી જરા ખસીને સ્વભાવ સમીપ થાય તો પછી પરાશ્રિત ભેદમાં ધણીપણું (કર્તાપણું) થવા નહિ દે.

અનાદિથી જે ખંડખંડરૂપ બંધ પર્યાયમાં એકાગ્ર થતો હતો, તેમાં એકપણું માનતો હતો, સ્વભાવથી દૂર ભાગતો હતો તે હવે ત્રિકાળી એકરૂપ નિર્વિકારી અખંડ સ્વભાવ સમીપ જઈને વિકલ્પોનો અભાવ કરે છે. કોઈ પરમાણુ કે વિકલ્પ માત્ર મારું સ્વરૂપ નથી, એમ પરમાર્થ એકત્વનો તેને અનુભવ થાય છે.

જેમ ધોળા સ્ફટિકને લાલ—કાળા ફૂલના સંયોગની દૃષ્ટિએ દેખે તો વર્તમાન અવસ્થામાં પરનિમિત્તથી ભેદરૂપે થતી રાતી-કાળી ઝાંય દેખાશે, પણ તે સંયોગ ઉપરની દૃષ્ટિ છોડીને એકલા સ્ફટિકને તેના મૂળ સ્વભાવપણે દેખે તો સંયોગ વખતે પણ એકરૂપ સ્વચ્છ, ધોળા દેખાશે; તેમ ભગવાન આત્મા અરૂપી જ્ઞાનાનંદ એકરૂપ છે. (સ્ફટિકને ખબર નથી, આત્માને ખબર—જ્ઞાન છે.) તેને પરસંયોગ આધીને દૃષ્ટિથી દેખો તો વર્તમાન અવસ્થામાં

પુણ્ય–પાપના અનેક ભેદરૂપ તે દેખાય છે, તે વ્યવહારે ખરું છે. ત્રિકાળી પૂર્ણ એકરૂપ સ્વભાવનું લક્ષ કરવા માટે સંયોગ આધીન ક્ષણિક ભેદને કાઢી નાખીને નિમિત્તાધીન થતી અવસ્થાનું લક્ષ ગૌણ કરી એકરૂપ નિર્મળ આત્મસ્વભાવને જોતાં તે નવતત્ત્વના ભેદ અભૂતાર્થ છે, ક્ષણિક છે, એક સમયમાત્ર ટકનારા છે. આ પ્રથમ સમ્યક્દર્શનની વાત છે, શ્રાવકપણું, મુનિપણું, ત્યારપછી સહેજે હોઈ શકે છે. પરના ગ્રહણ–ત્યાગ રહિત નિરપેક્ષ જ્ઞાયક સ્વભાવને સમજ્યા વિના હું ત્યાગી છું, એમ જે માને તેને બાહ્ય સંયોગો અંતરાય કર્મના ઉદયના કારણે છૂટ્યા છે પણ અંતરથી પરમાર્થે છૂટ્યા નથી.

પરમાર્થ એકત્વ સ્વભાવમાં એકાગ્ર અનુભવથી નિર્વિકલ્પ શ્રદ્ધા પ્રગટ કરી તેના અભેદ વિષયમાં જતાં વિકલ્પ રહેતા નથી. યથાર્થ ભાન થયા પછી શુભ-અશુભ રાગની વૃત્તિ ઊઠે પણ તેનો રુચિભાવે જ્ઞાની કર્તા થતો નથી, આદર કરતો નથી. તે એકાકાર જ્ઞાયક સ્વભાવને જ મુખ્ય ભાળે છે. વર્તમાન, સંવર, નિર્જરા, મોક્ષપર્યાય તો ભેદરૂપ છે. એકરૂપ આત્મા અનાદિ અનંત છે. નિર્મળ આનંદરૂપ મોક્ષઅવસ્થા આત્મામાં અનંતકાળ સુધી રહે છે, પણ આત્મા એકલી મોક્ષઅવસ્થાના ભેદ જેટલો નથી. સંસાર અને મોક્ષની ત્રિકાળી અવસ્થા મળીને એકરૂપ અખંડ શક્તિથી દરેક આત્મા વર્તમાનમાં પૂર્ણ છે. આખા વસ્તુસ્વભાવની પરમાર્થદૃષ્ટિમાં સંસાર–મોક્ષપર્યાયના ભેદ નથી. એકલો જ્ઞાયક સ્વભાવ (પારિણામિક ભાવ, નિર્મળ સ્વભાવભાવ) તે શ્રદ્ધાનો અખંડ વિષય છે, નિશ્ચય ધ્યેય છે.

શુદ્ધનયથી નવતત્ત્વના વિકલ્પ ગૌણ કરી જ્ઞાયક સ્વભાવભાવે એકાગ્ર થતાં નવ ભેદ નથી. પાણીના એકાન્ત શીતળ સ્વભાવને જોતાં અગ્નિનાં નિમિત્તે થયેલી ઉષ્ણ અવસ્થા નથી, એમ એકલા પારિણામિક જ્ઞાયકસ્વભાવને નિરપેક્ષ ધ્રુવ દૃષ્ટિથી જોતાં નવ પ્રકારના ભેદ દેખાતા નથી.

આ સમજવું ભલે ઝીણું પડે, પણ પ્રભુ! આ તારી વાત છે. તને તારો નિત્ય સ્વભાવ કઠણ પડે, ન સમજાય એમ ન માન; તારી મહિમાની શી વાત! સર્વજ્ઞ વીતરાગની વાણીમાં પણ તું પૂર્ણ રીતે ન આવ્યો.

''જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિ પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.'' (અપૂર્વ અવસર)

(સ્વ અવસરની (પૂર્ણ પુરુષાર્થની) આ ભાવના છે.)

આત્મસ્વરૂપ જ્ઞાનમાં પૂર્ણ આવે, વાણીમાં પૂર્ણ ન આવે તેમ કહી તારો અપૂર્વ મહિમા વર્ણવ્યો છે. (જોકે તીર્થંકરની વાણી દ્વારા પૂરા ભાવ સમજાય છે.) જે કોઈ તારો મહિમા કરે છે તેને વિકલ્પ–વાણીમાં જોડાવું અટકી જાય છે, તેથી તેને વાણીમાં ગાઈ શકે નહિ એમ કહ્યું છે. અનુભવથી પૂર્ણ સ્વભાવ જેવો છે તેવો પરોક્ષ જ્ઞાનથી માની શકાય છે. અરે પ્રભુ! તારો મહિમા સર્વજ્ઞની વાણીમાં પૂરો ન આવ્યો તેવો તું ભગવાન આત્મા ત્રિકાળી પૂર્ણ હોવા છતાં નિમિત્તાધીન બાહ્ય દૃષ્ટિથી તારો મહિમા ભૂલી પુણ્ય–પાપમાં અટકીને બીજાની ઓશિયાળમાં સુખ માની ચોરાશીમાં અનંત દુઃખ પામી રહ્યો છે. તે દુઃખની વાત જ્ઞાની પાસેથી સાંભળે તો ભવનો ત્રાસ થઈ પડે, પણ ઊંધો પડ્યો તું સુભટ છો.

વર્તમાન પુણ્યની સગવડમાં આખો વેંચાઈ જાય છે. જાણે કે આ દેહ કાયમ રહેશે. કોઈને કેન્સર થયું, કોઈને હાર્ટફેઈલ થયું, તે એને માટે મારે માટે નહિ, એમ મૂઢતામાં નિઃશંક થઈ, સુખ માને છે. ઘેર છોકરાં ''બાપુજી, બાપુજી કરે,'' બધાં અનુકૂળ દેખાય, તે બધાં મોહની ચેષ્ટા ખાતર કરે છે તેમ સમજે નહિ અને માને કે અમારા છોકરાં સ્વાર્થી નથી, બૈરા–છોકરાં બહું મીઠાં છે, પણ તે સમજતો નથી કે અરે! તેઓ કોઈને માટે વિનયવાળા નથી. સૌ પોતાના રાગમાં જે ગોઠ્યું છે, તેનાં ગાણાં ગાય છે.

જેણે વર્તમાન અવસ્થામાં સર્વસ્વ માન્યું છે તે અંદરમાં ક્ષણે ક્ષણે સ્વભાવની મૂઢતાથી પોતાનું ભાવમરણ કરી રહ્યો છે, તે તરફ તે દૃષ્ટિ કરતો નથી. બધાં પડ્યા રહેશે. તું એકલો જશે. સંયોગો તને છોડીને ચાલ્યા જશે, માટે એકવાર હૈયું હેઠું રાખીને તારો મહિમા સાંભળ. બહારની મમતાનાં ફળમાં થોથાં છે. જેમ ધૂમાડાના બચકા વડે વેળુના ગઢ થાય નહિ તેમ પરચીજમાં તારું કાંઈ સફળ થશે નહિ. પરથી સુખ થશે નહિ, એમ વિચારી સત્યનો નિર્ણય કર. એકવાર પ્રસન્નચિત્તથી તારા પવિત્ર મોક્ષસ્વભાવની વાત સાંભળી હા પાડ તો 'હા' ની 'લત' એટલે ટેવથી સ્વભાવની પૂર્ણ હાલત (હા+લત) ઊઘડી જશે.

યથાર્થ સ્વભાવને સાંભળી અંદરથી હા પાડી અંશે યથાર્થની રુચિમાં ઊભો રહ્યો તે પાછો નહિ ફરે. વારંવાર બહારની રુચિમાં રાગ સાથે પૂર્વે એકાગ્રતા કરતો; હવે તે અંદરમાં અપૂર્વ રુચિભાવે ગુણ સાથે એકાગ્રતાનું રટણ કરે છે. એકવાર સત્‌સમાગમે સ્વભાવની રુચિથી જાગ્યો, રુચિમાં ઊભો રહ્યો તે બધાં પડખેથી અવિરોધી પરમાર્થને પહોંચી જશે; કારણ કે સ્વભાવ તો વિકારનો નાશક છે, રક્ષક નથી. એ સ્વતંત્ર સ્વભાવ માટે મન, વાણી, દેહ કે વિકલ્પની મદદ નથી. સ્વભાવ માટે કોઈ બાહ્ય સાધનની જરૂર નથી, એમ નિરાવલંબી એકલા સ્વભાવની 'હા' સમ્યક્‌દર્શન થયાં પહેલાં આવવી જોઈએ.

આત્માના પૂર્ણ હિતરૂપ સ્વભાવને યથાર્થપણે માને, સમજે તે જ સજ્જન (સત્+જન) છે. રાગ-દ્વેષ થાય છે તે સ્વભાવની અપેક્ષાએ અસત્ છે, કાયમ ટકનાર નથી. સ્વભાવના લક્ષે રાગ-દ્વેષ ક્ષણમાં બદલાવીને પવિત્ર ભાવે કરી શકાય છે, કેમ કે આત્મામાં રાગ-દ્વેષનો નાશક સ્વભાવ દરેક સમયે છે. તેને જ માને, જાણે અને તેમાં ઠરે તો રાગ સ્વભાવમાં હતો નહિ અને નવો થતો નથી, જેટલો સ્વભાવના જોરમાં ઠરે તેટલો નવો રાગ ઉત્પન્ન થાય નહિ.

**પ્રશ્ન :**—પુણ્ય તો સથવારો છે તેના વિના એકલો શું કરે?

**ઉત્તર :**—પુણ્યનો નકાર કરી સ્વભાવમાં સંપૂર્ણ તાકાત છે તેની રુચિના જોરે જીવ એકલો જ પ્રથમથી મોક્ષમાર્ગની શરૂઆત કરે છે. બાહ્યમાં દૃષ્ટાંત લ્યો તો ચાલનારો પોતાના પગે ચાલે તો સથવારો નિમિત્ત કહેવાય પણ અહીં અંતરંગ અરૂપી માર્ગમાં કોઈનું અવલંબન નથી. શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રમાં કોઈ બાહ્ય સાધન ત્રણ કાળમાં નથી. પોતાની તાકાતમાં તૈયારી હોય ત્યાં તને અનુકૂળ નીવડે એવા સંયોગો એના કારણે (સ્વયં) હાજર હોય છે, નિમિત્તની રાહ જોવી પડે એવો પરાધીન આત્મા નથી.

**પ્રશ્ન :**—ઉપદેશ સાંભળે ત્યારે જ્ઞાન થાયને?

**ઉત્તર :**—ઉપદેશ સાંભળવાથી જ્ઞાન થતું નથી, કારણ કે જો તેમ થતું હોય તો બધાને સરખું જ્ઞાન થવું જોઈએ, પણ જેનામાં જેટલી યોગ્યતા છે તેટલું પોતાથી સમજે છે; તેમાં નિમિત્તથી જ્ઞાન થવાનું ન આવ્યું. કોઈ ગમે તેવું સમજાવે પણ જાતે સત્ય સમજી પોતે નિર્ણય કરવો જોઈએ.

નવતત્ત્વમાં વિકારી અવસ્થાનો ભેદ કાઢી નાખીને (ગૌણ કરીને) અખંડ ધ્રુવ જ્ઞાયક સ્વભાવને ભૂતાર્થ દૃષ્ટિથી જોતાં એક જીવ જ પ્રકાશમાન છે. એવી રીતે અંતર લક્ષની એકાગ્ર દૃષ્ટિથી જોઈએ તો જ્ઞાયકભાવ જીવ છે અને જીવના વિકારનો હેતું અજીવ છે. હું જીવ છું એવો મનના જોડાણથી વિકલ્પ થાય છે તેને અહીં જીવતત્ત્વ કહે છે. જેમ રાજપુત્ર રાજ્યાસને બેઠો નથી ત્યાં સુધી હું રાજા થવાનો છું, એમ વિકલ્પ કરે છે પણ જ્યારે બેઠો છે અને તેનો જ હુકમ ચાલે ત્યારે તે સંબંધી વિકલ્પ રહેતો નથી; તેમ હું પરથી જુદો આત્મા છું, અજીવ નથી એવા વિકલ્પથી નવતત્ત્વના વિચાર એકરૂપ પરમાર્થની શ્રદ્ધા માટે કરે છે, પછી યથાર્થ અનુભવ સહિત ભાન થયું ત્યાં નવતત્ત્વના વિકલ્પો ગૌણ થઈ જતાં પોતાને સ્વવિષયરૂપ અખંડ માને છે, તેને સમ્યક્દર્શન કહે છે. દ્રવ્યના નિશ્ચય કરાણથી સ્વભાવમાં નિઃશંક થયા પછી શ્રદ્ધા સંબંધી વિકલ્પ આવતા નથી. પુરુષાર્થની નબળાઈથી ઝટ રાગ ટળી ન શકે તો નવતત્ત્વના વિશેષ જ્ઞાનની નિર્મળતાનો

વિચાર કરે પણ રાગને કરવા જેવો તે માનતો નથી. વિકારના નાશક સ્વભાવની પ્રતીતિના જોરે રાગને ટાળે છે.

સમ્યક્દર્શન આત્મામાં અનંત કેવળજ્ઞાન પ્રગટ કરવાની પેઢીની શરૂઆત છે. પૂર્ણ અરાગી છું, એમ સ્વભાવની અખંડ દૃષ્ટિ છતાં અસ્થિરતાથી પુણ્ય–પાપની વૃત્તિ ઊઠે તેનો નકાર છે; પરમાં ઠીક–અઠીક કરી અટકવાનો મારો સ્વભાવ નથી; એકરૂપ સળંગ જાણવું તે મારો જ્ઞાયક સ્વભાવ છે.

આત્મામાં પુણ્ય–પાપનાં વિકલ્પ ભર્યાં નથી. અરીસાની સ્વચ્છતામાં અગ્નિ, બરફ, વિષ્ટા, સુવર્ણ, પુષ્પ વગેરે જે સામે હોય તે બધું દેખાય છતાં અરીસાને તેનાથી કાંઈ થતું નથી તેમ આત્મા પરસંયોગથી જુદો છે, ભાવે દૂર છે, તેથી પરચીજ ગમે તેવા રૂપે દેખાય પણ તે આત્મામાં દોષ કરવા સમર્થ નથી. ★જ્ઞાયકસ્વભાવ કોઈ દૂર સંયોગોમાં ગમે તેવા ક્ષેત્ર–કાળમાં અટકનાર નથી, કારણ કે આત્મા પરપણે નથી પર આત્મપણે નથી. એકરૂપ નિર્મળ સ્વભાવની શ્રદ્ધાના ભાન દ્વારા સ્વભાવના આશ્રયથી નિર્મળ ભાવ પ્રગટે છે, નવતત્ત્વના શુભરાગથી અનેક પ્રકારે રાગના ભેદ પ્રગટે છે તે અંદરમાં મદદગાર નથી. બાહ્યદૃષ્ટિથી જોતાં પરનિમિત્તનાં ભેદ દેખાય છે; અંતરદૃષ્ટિમાં અભેદ જ્ઞાયક સ્વરૂપ એકલો આત્મા દેખાય છે. કર્માધીન થતી અવસ્થાના ભંગ પડે તેની અપેક્ષા ત્રિકાળી એકરૂપ ધ્રુવ ટકનાર એક જ્ઞાયકસ્વભાવને જ આત્મા કહ્યો છે.

તું સદાય એકરૂપ જાણનારો છો. જાણવું એ જેનો સ્વભાવ છે તે કોને ન જાણે? અને જેનો જાણવાનો સ્વભાવ છે તેને પરમાં ઠીક–અઠીક કરી અટકવારૂપે રાગવાળો કેમ મનાય? અહો! હું જ્ઞાયક, પૂર્ણ કૃતકૃત્ય સિદ્ધ પરમાત્મા જેવો જ છું. અવસ્થામાં નિમિત્તાધીન વિકારનો ભેદ અભૂતાર્થ છે, ટકનાર નથી, માટે તેમાં મારું ધણીપણું નથી.

જ્ઞાન સર્વસમાધાન સ્વરૂપ છે. જેવા વીતરાગ કેવળજ્ઞાની પરમાત્મા એક એક સમયમાં લોકાલોકને પરિપૂર્ણ જ્ઞાનથી જાણનારા છે, તેવો જ હું છું એવા પૂર્ણ સ્વતંત્ર સ્વભાવનું જેને માહાત્મ્ય આવ્યું તેને દુનિયાદારીના મલાવા અંતરથી છૂટી જાય છે. દેહાદિ કોઈ સંયોગમાં તેને મહત્તા દેખાતી નથી. જેણે નિમિત્તાધીન દૃષ્ટિ છોડી તેણે સંસાર છોડ્યો અને પૂર્ણ સ્વતંત્ર મોક્ષસ્વભાવને ગ્રહણ કર્યો.

પુણ્ય–પાપના ભેદ એકલા આત્માને હોય નહિ, માટે અવસ્થાના વિકારમાં હેતુ અજીવ છે; એટલે કે જીવમાં કર્મ નિમિત્તે શુભાશુભભાવ નવતત્ત્વના વિકલ્પરૂપે છે. વળી પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ–એ જેમનાં લક્ષણ છે એવા તો કેવળ જીવના વિકારો છે.

---

★ નિરપેક્ષ અખંડ પારિણામિક ભાવ.

પરનિમિત્તના ભેદ રહિત આત્મસ્વભાવને જોતાં આત્મા જ્ઞાયક એકરૂપ છે, તેમાં અવસ્થા ઉપર લક્ષ કરી પરનિમિત્તમાં જોડાઈ ને નવતત્ત્વના વિચાર કરે તો રાગ આવે છે હું સંવર આમ કરી શકું, મોક્ષ કરું એવા વિચારના જોડાણમાં, મનના રાગમાં જે અટક્યો છે તે (અટકવારૂપે) સત્યાર્થ છે. એકરૂપ જ્ઞાયક સ્વભાવ તો નવ પ્રકારના રાગના ભેદ રહિત છે; એવા નિરાવલંબી અખંડ સ્વભાવ ઉપર એકાગ્રતા કરતાં નિર્મળ પર્યાયનો ઉત્પાદ અને વિકારનો સહજ નાશ થાય છે, એકલી પર્યાય (અવસ્થા) ઉપર લક્ષ આપતાં રાગની ઉત્પત્તિ થાય છે. નિર્મળતા પ્રગટતી નથી, સ્વભાવનું લક્ષ થતું નથી. અવસ્થાદૃષ્ટિ તે રાગદૃષ્ટિ છે, વ્યવહારદૃષ્ટિ છે. વર્તમાનમાં ત્રિકાળી ટકનારો પૂર્ણ જ્ઞાયક છું, જેટલી નિર્મળ અવસ્થા પ્રગટશે તે મારાથી જુદી પ્રગટવાની નથી. મોક્ષદશા, અનંત જ્ઞાનાનંદ બેહદ આત્મબળ વગેરે બધી શક્તિ દરેક સમયે વર્તમાનપણે આત્મામાં ભરી છે. એવા પૂર્ણ અખંડ સ્વભાવ ઉપર લક્ષ દેતાં વિકલ્પ છૂટી જાય છે.

શ્રદ્ધાનો વિષય આત્માનો આખો ત્રિકાળી પૂર્ણ સ્વભાવ છે. સંસાર અને મોક્ષ અવસ્થા છે. તે અવસ્થા તથા મોક્ષમાર્ગની અવસ્થાના ભેદનું લક્ષ શ્રદ્ધાના વિષયમાં નથી. જેમ સામાન્ય સોનું લેનાર સોનાની કારીગરીની જુદી કિંમત આપતો નથી, સોનામાં વર્તમાન બધી કારીગરીની યોગ્યતારૂપ શક્તિ છે તેને સુવર્ણપણે અભેદ અનુભવે છે, તેમ આત્મા એકરૂપ ત્રિકાળી પૂર્ણ શક્તિથી અખંડ છે તેને માનનાર કોઈ અવસ્થાના ભેદને જુદા ખંડપણે પકડતો નથી. કેવળજ્ઞાનાદિ બધી શક્તિ વર્તમાન દ્રવ્યમાં ભરી છે, તે અખંડ જ્ઞાયક સ્વભાવના જોરે નિર્મળ અવસ્થા સહજ પ્રગટે છે; પણ ભેદ ઉપર લક્ષ રાખી, નવતત્ત્વના વિકલ્પમાં રોકાઈ જાય તો સ્વભાવનું લક્ષ થાય નહિ, નિર્મળ આનંદ—શાંતિ પ્રગટે નહિ; માટે ભેદને ગૌણ કરી, નવપણાના ભેદથી જરા છૂટી, સ્વભાવ જે એકરૂપ છે તેના ઉપર એકાગ્રતાનું જોર આપતાં એક સાથે નિર્મળતાનો ઉત્પાદ, વિકારનો નાશ અને ક્રમે ક્રમે પૂર્ણ નિર્મળ મોક્ષપર્યાય સહજ ઊઘડી જાય છે. એવો અવિકારી એકાકાર પારિણામિક જ્ઞાયક સ્વભાવનો મહિમા છે. નિર્મળ શક્તિનું જોર દ્રવ્યમાંથી સ્વરૂપસ્થિરતાપણે આવે છે. તે નિર્મળ નિરાકુળ શાંતિ, સુખ, આનંદ પોતાનો સ્વાદ છે.

તા. ૧૧-૮-૪૩.

સમયસાર—અસંયોગી અવિકારી શુદ્ધ આત્માનો સ્વભાવ. સર્વજ્ઞ ભગવાને સાક્ષાત્ જ્ઞાનથી દરેક જડ—ચેતન વસ્તુનું સ્વતંત્રપણું જોયું છે. કર્મના નિમિત્તે વિકારી અવસ્થા આત્મામાં થાય છે. તે ક્ષણિક વિકારનો નાશક ત્રિકાળી સ્વભાવ દરેક આત્મામાં છે. તેની પ્રાપ્તિ કેમ કરવી તે બતાવનારી વાણી સર્વજ્ઞના મુખકમળથી નીકળી, તે સંતપુરુષોએ ઝીલી, આત્મઅનુભવથી તે પરમ સત્યને પચાવી, જગતના પરમ ઉપકાર માટે પરમ આગમ શાસ્ત્રોની રચના સંતપુરુષોએ કરી, તેમાં આ સમયસાર સર્વોત્કૃષ્ટ છે. એકેક ગાથામાં ત્રણેકાળના સર્વજ્ઞના હૃદયનાં રહસ્ય રેડ્યાં છે. જે સમજે તે ન્યાલ થઈ જાય છે.

જે વસ્તુ હોય તે નિત્ય સ્વયંસિદ્ધ હોય, કોઈ ને આધીન ન હોય. આત્મા, જડ વગેરે પદાર્થો ત્રિકાળ સ્વયંસિદ્ધ છે. જેમ કોઈ અગ્નિને ઉષ્ણ ન મને તો તેથી તેનો સ્વભાવ ફરે નહિ, તેમ જડ-ચેતન પદાર્થ ત્રિકાળ જુદા છે, કોઈના કાર્યકારણપણે નથી છતાં તેમ ન માને તો સ્વભાવ ફરે નહિ. પોતાનું જુદાપણું ભૂલી, નિમિત્તાધીન દૃષ્ટિથી જોનારે જેને જોયું તેને પોતાનું માન્યું. શરીર, ઇન્દ્રિયો તે હું, હું કર્તા, હું રાગી, હું દ્વેષી, હું પરનું કરી શકું, એમ માન્યું પણ જુદો નિત્ય જ્ઞાયક છું, એમ અનંતકાળમાં સેકન્ડ માત્ર પણ માન્યું નથી.

નિમિત્તાધીન દૃષ્ટિ છોડી, સ્વાધીન સ્વભાવની એકરૂપ દૃષ્ટિએ જોતાં જ્ઞાયકભાવ જીવ છે; એકલો જાણનારો નહિ પણ અનંત સત્વસ્વરૂપ બીજા અનંત ગુણોથી પૂર્ણ છે, તેને વર્તમાન અવસ્થામાં પુણ્ય—પાપના વિકારનું નિમિત્ત કારણ અજીવ છે. (જીવને જડ વિકાર કરાવે એવો અર્થ ન લેવો.) પોતાને ભૂલી નિમિત્તને પોતામાં ગુણ—દોષદાતા માની વિકારી અવસ્થા આત્મા પોતે કરે છે ત્યારે પર ચીજની હાજરી નિમિત્ત કહેવાય છે. તેના બે પડખા છે. (૧) નવ પ્રકારના વિકલ્પપણે વિકારી ભાવ જેમનાં લક્ષણ છે તે તો જીવની અવસ્થા છે. જો વિકારી થવાની લાયકાત જીવમાં ન હોય તો નવી થાય નહિ, પણ એકેક સમયની અવસ્થા પૂરતી તે હોવાથી, નિત્ય સ્વભાવના લક્ષે, ક્ષણમાં નિર્મળપણે પલટી શકે છે. (૨) જીવની વિકારી અવસ્થાના નવભેદમાં નિમિત્ત કારણ જડ કર્મ છે.

ત્રિકાળી સ્વભાવમાંથી વિકાર આવતો નથી, પણ નિમિત્ત આધીન દૃષ્ટિથી નવો થાય છે. આત્મા પુણ્ય—પાપના રાગમાં અટકી જાય તો ગુણનો વિકાસ અટકી જાય છે, તે ભાવબંધન છે. નિંદા, પ્રશંસા સાંભળવા જ્યાં અટક્યો ત્યાં બીજો ખ્યાલ કરવાની આત્માની શક્તિ હીણી થઈ જાય છે. પાંચ ઇન્દ્રિયોના વિષયો તરફ ઠીક-અઠીકનું વલણ કરી રાગમાં જે અટકવું થાય છે તે જ પરમાર્થે ભાવબંધન છે.

અહીં સાત અથવા નવતત્ત્વના શુભ-અશુભ વિકલ્પને જીવના વિકારનાં લક્ષણો કહેવાં છે. દયા, દાન, સેવા, ભક્તિના શુભભાવ જીવ પોતે પરલક્ષે કરે ત્યારે થાય છે. તેના નિમિત્તે પુણ્યના રજકણ પ્રારબ્ધપણે બંધાય તે અજીવ તત્ત્વ છે. એક બાજુ વિકારી સાતતત્ત્વપણે જડ–અજીવ વસ્તુ છે. તે બીજી બાજુ જીવની વિકારી અવસ્થા સાત પ્રકારના વિકલ્પરૂપે છે. તે વિકારના બબ્બે ભેદ, એકરૂપ સ્વભાવમાં નથી; તે ભેદના લક્ષે નિર્મળ શ્રદ્ધા પ્રગટે નહિ.

પોતામાં ક્ષણે ક્ષણે શું થઈ રહ્યું છે? તેનો વિચાર પણ જીવો કરતા નથી. ઘરનાં બારી, બારણાં, દાદરાનાં પગથિયાં કેટલાં છે? કેમ છે? તેનું બરાબર ધ્યાન રાખે છે પણ ભગવાન આત્માના શાશ્વત ઘરમાં શું નિધાન છે અને શું ઉપયોગ કરું છું તેની કાંઈ ખબર રાખતો નથી. કોઈ કહે કે ઝીણું પડે માટે અમને સમજાય નહિ પણ બહારની કાંઈક પ્રવૃત્તિ બતાવો તો ઝટ સમજાય. ભાઈ રે! ઘરનાં છોકરાં ઘંટી ચાટે અને પાડોશીને આટો. એવી આ વાત થઈ. તારા પોતાના સ્વાધી ગુણનું નિરંતર ખૂન થાય. તારા અવિવેકથી તારી બધી શક્તિ હીણી થાય, એમાં તારો સ્વભાવ પ્રગટે નહિ પણ વિકારી પર્યાય પ્રગટે. સ્વભાવની લૂંટ પાડી રહ્યો છે. આત્મામાં સુખનો દુષ્કાળ પાડીને કોઈનું ભલું હું કરી શકું છું, એવી જે માન્યતા કરી છે તે અનાદિનું મોટું અજ્ઞાન છે. પુણ્યના સંયોગોમાં જે સુખ માને છે તે પણ એકલી આકુળતાના દુઃખ ને સુખ કલ્પે છે, જેમ મૂઢ બાળક વિષ્ટા ચાટે તેમ બાળ જીવો સ્વભાવની શાંતિ ભૂલીને પુણ્ય–પાપની આકુળતાને પોતાની માની તેનો સ્વાદ લે છે. અમે નીતિવાળા છીએ, પરોપકારી છીએ એમ ખોટી ડંફાસો મારે છે; પણ ભાઈ રે! ધીરો તો થા. તું કોણ છો, કેવા સ્વરૂપે છો, કેવો નથી, શું કરી શકે છે, શું કરી શકતો નથી? તેનો નિર્ણય કર નહિતર ચોરાશીમાં રખડીને સોથા નીકળી જશે. અજ્ઞાન તે બચાવ નથી. દારૂ પીધેલ માણસ જેમ લહેર માને છે તેમ આ પણ અજ્ઞાનથી પોતાને સુખી માને છે બેઉ સરખા છે. અનંતકાળથી ઘોર અપાર દુઃખો ચોરાશીના અવતારમાં અનંતવાર જીવ ભોગવી આવ્યો પણ તે ભૂલી ગયો છે. પોતાને પોતાની દયા આવે તો ભવનો નીવેડો લાવે. અંદરમાં નિરાકુળ આનંદ છે તે ભૂલીને બહારમાં આકુળતામાં દુઃખને જ સુખ માને છે.

લોકોને સુધારૂં એમ કહેનારા જુઠા છે. પોતાના રાગની ખાતર શુભભાવ કરે તેનો નિષેધ નથી, પણ તેમાં હું પરનું કરું છું! પર માટે કરું છું એમ માને છે તે મહા મૂઢતા છે. જગતમાં કાંટા છે પણ તું પગરખા પહેર તો ઘણું છે. બીજાનું સમાધાન તારાથી નહિ થાય. પોતાને ભૂખ લાગે, ત્યારે બધાને ભૂલી એકલો ખાઈ લે છે. ગામનાં બધાં પ્રાણી જમ્યાં છે કે નહિ એવું નક્કી કર્યા પછી જમવું એવો કોઈ પરોપકારી નથી, કારણ કે તેમ બની શકતું નથી.

'કહત કબીરા સુન મેરે મુનિયા,
આપ મુએ સબ ડૂબ ગઈ દુનિયા,

પોતે સમજ્યો કે હું પરથી જુદો છું પર સાથે ત્રણકાળમાં મારે સંબંધ નથી, પરનું કર્તા–ભોક્તાપણું નથી, એમ પોતાના સ્વતંત્ર સ્વભાવનો નિર્ણય થયા પછી જગત માને કે ન માને તેની ઉપર પોતાની માન્યતાનો આધાર નથી. પોતાના પરમાર્થ એકરૂપ સ્વભાવને ચૂકી તે પુણ્ય–પાપની વિકારી અવસ્થા મારી છે, પરમાં નવપ્રકારની વિકલ્પથી એકતા માની તેના ફળમાં ખંડખંડ ભાવે રાગમાં જીવ અટકે છે, તે વાત (અટકવાની અપેક્ષાએ) સાચી છે.

**પ્રશ્ન :**—આત્માને કર્મનો સંયોગ ક્યારથી થયો?

**ઉત્તર :**—કર્મનો સંયોગ અનાદિથી છે પણ તે એકએક સમય પૂરતો વર્તમાન અવસ્થાથી છે; જ્યાં સુધી વિકારીભાવ ટળે નહિ ત્યાં સુધી તે રહેશે. કોઈ જીવ પાસે અત્યારે અનાદિનાં કર્મ નથી, પ્રવાહે અનાદિ છે. જીવ પરથી બંધાણો નથી પણ પરથી જુદો છે, છતાં એ ભાન ભૂલીને પરને પોતાનું માની પરવલણ–રાગમાં અનાદિકાળથી અનેક અવસ્થામાં જીવ અટક્યો છે.

જેમ કનક પત્થરમાં સોનું, તલમાં તેલ અને ખોળ સાથે છે, છતાં સ્વભાવે જુદા છે તેથી જુદા પાડી શકાય છે; તેમ જીવ અને કર્મને એક સાથે એક ક્ષેત્રની અપેક્ષાએ અનાદિનો સંયોગ–સંબંધ (એકએક અવસ્થાના પ્રવાહરૂપે) છે, પણ બન્ને જુદી ચીજ છે, તેથી જુદી પડે છે.

કોઈ કહે કે અમે સાંભળતાની સાથે તરત જ બધું સમજાઈ તો તમે કહો છો તે સાચું માનીએ; પણ ભાઈ! નિશાળે ભણવા બેઠો કે તરત જ બધું આવડી જતું નથી, ધંધો શીખવા માટે વરસો સુધી અભ્યાસ કરવા રોકાય છે, કારણ કે તેમાં હોંશ છે અને આ કંઈ મફતની ચીજ છે કે સાંભળતાં તરત સમજાઈ જાય! જેનાથી જન્મ-મરણ ટળે એવી આ અપૂર્વ વાત છે, તેથી ખૂબ પરિચય કર્યે સમજાય તેમ છે.

આખો દિવસ આત્મા આત્માની માંડી છે, કોઈનું ભલું કરી શકીએ એવી વાત તો આવતી નથી, એમ જે બોલે છે તે પોતે બીજાને કેટલો ઉપકારી છે તે યથાર્થપણે નક્કી કરતો નથી.

**પ્રશ્ન :**—જે ન દેખાય તેનો મહિમા અને જે દેખાય તે તું કરી શકતો નથી, એમ કહો છો તેનું શું કારણ?

**ઉત્તર :**—આત્મા તો અરૂપી, જાણનાર સ્વરૂપે છે તે કોઈ પર ચીજનું કાંઈ કરી

શકવા સમર્થ નથી. જે દેખાય છે તે જડની સ્વતંત્ર ક્રિયા છે. જીવ તો રાગ—દ્વેષ અને અજ્ઞાન કરી શકે છે, અથવા રાગ દ્વેષ અને અજ્ઞાન ટાળી જ્ઞાન અને શાંતિ કરી શકે છે. તું જ કહે છે કે આત્મા દેખાતો નથી, તો 'નથી દેખાતો' એવું કોણે નક્કી કર્યું? દેહને કે જડ ઇન્દ્રિયોને ખબર નથી; તો તે બધાને જાણનારો કોણ છે? સાચું-ખોટું નક્કી કરનાર દેહ નથી, માટે દેહથી જુદો આત્મા છે એમ પ્રથમ હા પાડી, તે પછી તે કેવા સ્વરૂપે છે, કેવા ગુણપણે છે, કઈ અવસ્થામાં છે, જુદો છે તો કોનાથી જુદો છે. એમ સમજણની રીતે યથાર્થ સમજાય તેમ છે. સાંભળીને મનન કરે નહિ તો શું થાય?

અપૂર્વ પરમ તત્ત્વની વાત કાને પડવી પણ મોંઘી છે; માટે તેના વિચારમાં; સત્‌સમાગમમાં વધારે કાળ ગાળવો જોઈએ. અંદરથી ભવનો ખેદ થાય કે અરેરે! મારી દરકાર મેં કદી કરી નહિ. અંતરમાં પોતાની દયા ખાય તો પછી પર દયા શું તે જાણી શકે, પોતાને પરનો કર્તા માનવો, પુણ્ય—પાપના વિકાર રૂપે માનવો, તે જ મોટી સ્વહિંસા છે. પરથી જુદો ત્રિકાળી સ્વાધીન સ્વભાવ પોતાનો જાણી, પોતાને રાગ-દ્વેષ અજ્ઞાનથી બચાવવો, એટલે કે એકરૂપ અજ્ઞાનપણે પોતાની સંભાળ કરવી તે જ સાચી અહિંસા છે.

જે ભાવથી જન્મ-મરણ ટળે તેની વાત અહીં કહેવાય છે. ધર્મના નામે લૌકિક વાત કરનાર તો જગતમાં ઘણા છે. ઘેર ઘેર કામભોગ બંધનની કથા સાંભળવા મળે છે; આત્મા પરનો કર્તા છે, ઉપાધિવાળો છે એવી વાતો પણ જ્યાં ત્યાં સાંભળવા મળે છે. અહીં તો નવતત્ત્વની ઓળખાણ કરાવી, પછી તે ભેદ તોડી અભેદ સ્વભાવમાં જવાની વાત કહેવાય છે. વર્તમાન સંયોગ આધીન અવસ્થાને ગૌણ કરી નવતત્ત્વના ભેદરૂપ મનનાં જોડાણથી જરા ખસીને સર્વ કાળે અસ્ખલિત એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને એકાગ્ર અનુભવ કરતાં નવપ્રકારના ક્ષણિકભંગ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. તે ત્રિકાળ ટકનાર નથી. ત્રિકાળ ટકનાર તો પોતે છે. આ પ્રથમમાં પ્રથમ સમ્યક્‌દર્શનની વાત છે. અનાદિની ઊંધી માન્યતાનો નાશ કરી પરિપૂર્ણ સ્વભાવને જોનાર શુદ્ધ દૃષ્ટિનો અનુભવ થતાં દુઃખનો નાશક અને સુખનો ઉત્પાદક પવિત્ર આત્મધર્મ પ્રગટ થાય છે.

નવ પ્રકારના વિચારમાં ખંડખંડપણે રોકાઈને સત્સમાગમે પ્રથમ મનથી સાચો નિર્ણય કરવો પડે છે; પણ તે ભેદમાં રોકાઈ ન રહેતાં નવતત્ત્વના વિચારથી જરા પાછો ખસીને નિર્વિકલ્પ એકરૂપ આખા ધ્રુવ સ્વભાવને લક્ષે સ્થિર થઈ એકપણાનો અનુભવ કરતાં એકમાં અનેક પ્રકારના ભેદ દેખાતા નથી. ક્ષણિક શુભ-અશુભ વિકલ્પો ધ્રુવ સ્વભાવમાં સ્થાન પામતાં નથી, તેથી આ નવતત્ત્વોમાં ભૂતાર્થ નયથી એક જીવ જ પ્રકાશમાન છે. એમ તે, એકપણે પ્રકાશતો, શુદ્ધનયપણે અનુભવાય છે અને જે આ

અનુભૂતિ તે આત્મખ્યાતિ (આત્માની ઓળખાણ) જ છે, ને આત્મખ્યાતિ તે સમ્યક્દર્શન જ છે. આત્માની પૂર્ણ સુખરૂપ દશા પ્રગટ કરવાનું આ મૂળ છે.

આ સમ્યક્દર્શન કોઈ સંપ્રદાયના પક્ષની વસ્તુ નથી, તેમ માત્ર મનમાં ધારી લે તેવી ચીજ નથી. પ્રભુ! તારી ચીજ તારી પાસે છે તે જ્ઞાની ઓળખાવે છે. તારી મહત્તા અનંત સર્વજ્ઞ તીર્થંકર પ્રભુએ ગાઈ છે. જેમ ચક્રવર્તી શકોરું લઈ ભીખ માગે, પરની ઓશિયાળ કરે, આશ્રય શોધે તે શોભે નહિ તેમ તારા ઉત્કૃષ્ટ સ્વભાવને ભૂલીને તું પરની આશા કરે છે, પરની મદદ ઇચ્છે છે તે તને શોભે નહિ.

મારો પૂર્ણ સ્વભાવ અવિકારી ધ્રુવ એકરૂપ છે. એવા સ્વભાવના જોરે વિકારી સ્વભાવનું લક્ષ ગૌણ કરી, નિત્ય એકસ્વભાવી ભૂતાર્થ છું, એવી યથાર્થ ઓળખાણ સ્વાનુભવમાં આવી તે નિઃશંક આત્માનુભૂતિ છે. તે જ અપૂર્વ આત્મસાક્ષાત્કાર છે. તે જ આત્મખ્યાતિરૂપ એકત્વની સાચી શ્રદ્ધા છે. અખંડ સ્વલક્ષે તે પ્રગટે છે.

આ રીતે આ સર્વ કથન પૂર્વાપર દોષરહિત છે. લોકો પણ કહે છે કે ઓળખાણ મોટી ખાણ છે. નિમિત્તાધીન દૃષ્ટિથી પુણ્ય–પાપના બાહ્ય ભાવમાં અટકીને અનેક પ્રકારના ખંડને જીવ અનુભવતો હતો, સ્વલક્ષ ચૂકી પરને માનતો, જાણતો અને પરના રાગમાં અટક્યો હતો, તે જ્યારે રુચિ પલટી ત્યારે એકરૂપ સ્વભાવમાં આવ્યો અને તેથી તે સ્વને માને, જાણે અને તેમાં ઠરે છે, એમ આત્માની ઓળખાણ જાતે કરે ત્યારે થાય છે.

**પ્રશ્ન :—**બધા પોતે પોતાના માટે કરે છે તો ગુરુ ઉપદેશ શા માટે આપે છે?

**ઉત્તર :—**તેઓ બીજા માટે ઉપદેશ આપતા નથી પણ પોતાને સત્‌ની રુચિ છે તે ગોઠ્યાનાં ગાણાં છે. પોતાની રુચિનું આમંત્રણ છે. પોતાની રુચિની દૃઢતા જાહેર કરતાં સત્યનું સ્થાપન અને અસત્યનો નિષેધ સહજ આવે છે. કોઈને માટે ઉપદેશ કરું છું તેમ માનવું તે મિથ્યા છે. બીજા ધર્મ પામે કે ન પામે તેનાથી ઉપદેશકને લાભ કે નુકશાન નથી, પણ દરેકને પોતાના ભાવની તારતમ્યતા પ્રમાણે ફળ આવે છે.

આ અપૂર્વ સમજણની રીત કહેવાય છે. બાહ્યની વાતો નથી. સત્ય જલદી ન પકડાય અને સવળું સમજતાં વાર લાગે તેનો વાંધો નથી, પણ પોતાની કલ્પનાથી ઊંધું વેતરે તો પોતામાં મોટો વિરોધ ઊભો રહેશે. સત્ય સમજ્યા વિના રાગ નહિ ટળે. ઊંધી પકડથી મૂઢતાનાં ઝેર ચઢી જશે.

માતાને છોકરો કહે કે ‘મને બહુ ભૂખ લાગી છે, જે હોય તે આપી દે.’ માતા કહે કે રોટલી પડી છે, પણ તેમાં ઝેરી જાનવરની ગરલ પડી દેખાય છે, તેથી તે ખવાય

તેમ નથી. હું તને બે કલાકમાં બીજું ખાવાનું કરી આપું, અગર મામાને ત્યાં દૂધપાક (દૂધ, સાકર અને ચોખાનો માવો) કઢાઈને તૈયાર થાય છે, ત્રણ કલાકની વાર લાગશે તેટલામાં મરી નહિ જવાય પણ ઝેરવાળું ખાતાં જીવાશે નહિ; તેમ સર્વજ્ઞ ભગવાન કહે છે, કે નિર્દોષ અમૃતમય ઉપદેશમાંથી પવિત્ર આત્મા માટે સમ્યક્દર્શન જ્ઞાન–ચારિત્ર કઢાઈને તૈયાર થાય છે તે સમજવાની ધીરજ ન રાખે, તેને મોંઘું માની બહારના પુણ્ય–પાપમાં ધર્મ માને તો તે ઊંધી માન્યતાના ચઢેલાં ઝેર એવાં ફાટશે કે પુણ્યના સોજાની બળતરા ઊઠશે, ચોરાશીના અવતારમાં ક્યાંય ધર્મ સાંભળવાનું ઠેકાણું નહિ મળે. માટે સર્વજ્ઞ વીતરાગનું શું કહેવું છે તે પાત્રતાથી, સત્સમાગમે નિવૃત્તિ સહિત સાંભળીને અવિકારી આત્મસ્વભાવને કબૂલ કરવો જોઈએ.

આત્મપ્રતીતિ થયા પછી, સ્વભાવના જોરે વિશેષ રાગ ટળતાં વચ્ચે વ્રતસંયમના શુભ ભાવ સહજ આવે છે. શુભાશુભ વૃત્તિથી છૂટી અંતર ધ્યાને એકાગ્ર થવા વખતે બાહ્યવૃત્તિરૂપ ખ્યાલ નથી. શુભાશુભ રાગ તે અવિકારી સ્વભાવથી વિરોધ ભાવ છે, અધર્મ ભાવ છે; તેનાથી સમ્યક્દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણ કાળમાં થાય નહિ. પાપભાવ છોડવા માટે પુણ્યભાવ બરાબર છે તેનો નિષેધ નથી, પણ તેનાથી હિત માને તો મોટી ભૂલ થાય છે, કેમ કે ત્યાં અવિકારી સ્વભાવનો વિરોધ થાય છે. જેને પૂર્વાપર વિરોધરહિત સ્વરૂપનું ભાન નથી તેને સાચાં વ્રત અને સાધુપણું હોય નહિ. કષાય પાતળો પાડે તો પુણ્ય બાંધે પણ ભવ ઘટે નહિ. આચાર્ય દેવ કહે છે, કે આ સર્વ કથન નિર્દોષ છે–બાધા રહિત છે. બાહ્યદૃષ્ટિવાળો નિર્દોષપણું કે દોષ શેમાં નક્કી કરે?

જેમ એક ઢાલનો સોના રૂપાની બે બાજુ છે. એક પડખે જોવાનું મુખ્ય લક્ષ છે, ત્યારે બીજું પડખું લક્ષમાં ગૌણ થઈ જાય છે; તેમ એક આત્માને કર્મના નિમિત્તાધીન વિકારી ક્ષણિક પડખાથી દેખો તો એકરૂપ સ્વભાવથી વિરોધી અનેક પ્રકારનો રાગભાવ છે, તેને જાણી આ મારો મૂળ સ્વભાવ નથી, માટે તે પડખે આદરભાવે જોવું બંધ કરવું એટલે કે તેનું લક્ષ ગૌણ કરવું જોઈએ. અંતરદૃષ્ટિથી બીજા શુદ્ધ પવિત્રતાના પડખે દેખો તો આત્મા ત્રિકાળી એકરૂપ જ્ઞાયક છે. અનંત આનંદ સ્વરૂપ છે.

**ભાવાર્થ :—**આ નવતત્ત્વો જાણ્યા પછી, એકમાં અનેક પ્રકારને જોનાર બાહ્યદૃષ્ટિને ગૌણ કરીને શુદ્ધનયથી અખંડ એક સ્વભાવ તરફ ઢળીને જોઈએ તો, જીવ જ એક ચૈતન્ય ચમત્કાર માત્ર પ્રકાશરૂપ પ્રગટ થઈ રહ્યો છે, એ સિવાય જુદા-જુદા નવતત્ત્વના વિકલ્પો કાંઈ દેખાતા નથી. જ્યાં સુધી આ રીતે પોતાના જ્ઞાયક સ્વભાવનું જાણપણું જીવને નથી ત્યાં સુધી તે વ્યવહારમાં મૂઢદૃષ્ટિવાળો છે, કારણ કે તે જુદા જુદા નવતત્ત્વોને માને છે.

તા. ૧૨-૮-૪૩.

શુદ્ધનય વડે નવપ્રકારમાંથી બહાર કાઢી આત્માને એકરૂપ માનવો તે સમ્યક્ત્વ છે. નવતત્ત્વના વિકલ્પના ભેદની શ્રદ્ધા ગૌણ કરી, અભેદ સ્વવિષય કરનારને નિશ્ચય સમ્યક્દર્શન પ્રગટે છે. પ્રથમ નવતત્ત્વના ભેદ જાણવા પડે છે, પણ તે ગુણનું કારણ નથી, સ્વભાવ નથી, સ્વભાવ તો ત્રિકાળ એકરૂપ શુદ્ધ જ છે. તે વિકારનો નાશક, ગુણનો રક્ષક અને નિર્મળતાનો ઉત્પાદક છે, તેના જોરે ધર્મની શરૂઆત થાય છે.

આત્માનો સ્વભાવ, નિમિત્તાધીન થતા દોષ અને દુઃખરૂપ અવગુણ દશાનો નાશ કરનારો છે. વિકારનો નાશક ધ્રુવ સ્વભાવ અંદરમાં પૂર્ણ તાકાતપણે ભર્યો છે તે પોતે આત્મા છે. અવગુણ ટાળ્યા પહેલાં, ટાળવા વખતે અને ટાળ્યા પછી પોતે તો એક જ પ્રકારે અવિકારી જ્ઞાનાનંદ સ્વરૂપ છે. જે સ્વભાવ ન હોય તે નવો થાય નહિ. વર્તમાન વિકારી અવસ્થા વખતે પણ વિકારને જાણનારો આત્મા અવિનાશી પૂર્ણ શક્તિથી શુદ્ધ છે, તે ક્ષણિક વિકારપણે નથી; સ્વભાવના જોરે વિકારનો નાશ કરીને એકલો રહેનાર છે. તે ત્રિકાળ અવિકારી જુદો જ છે, નિમિત્તાધીન વિકારી અવસ્થા ક્ષણિક છે પણ આત્મા તે પૂરતો ક્ષણિક નથી.

આત્મા, મન, વાણી દેહની ક્રિયા તથા કોઈ પરચીજની ક્રિયા વ્યવહારે પણ કરી શકતો નથી, કારણ કે બે તત્ત્વ ત્રિકાળ જુદાં છે. આત્મા અરૂપી જાણનાર સ્વરૂપે છે, તેને કોઈ પરનું કરનારો માને તે ઊંધીદૃષ્ટિનું અજ્ઞાન છે. ક્ષણિક વિકારની શુભાશુભ વૃત્તિ ઊઠે તેનું સ્થાન મારા ધ્રુવસ્વભાવમાં નથી. જે અવગુણનો નાશ કરવા માગું છું તેનો નાશ કરનાર પવિત્ર સ્વભાવ મારામાં છે, તેને માટે બાહ્યમાં લક્ષ કરવાની જરૂર નથી. બાહ્ય સાધન અંતરમાં મદદગાર નીવડતું નથી. બાહ્ય લક્ષે પુણ્ય—પાપના જેટલા ભાવ કરવામાં આવે તે અવિકારી સ્વભાવથી વિરોધરૂપ હોવાથી આદરણીય નથી. પુરુષાર્થની નબળાઈ છે ત્યાં શુદ્ધના લક્ષે અશુભથી બચવા શુભભાવ થાય ખરા પણ તેનાથી ગુણને મદદ નથી. શુભભાવ તે પુણ્યબંધનું કારણ છે, તે વિકારથી અવિકારી ગુણને મદદ થાય એમ માને તેને ગુણની શ્રદ્ધા નથી.

અખંડ ગુણની શ્રદ્ધા અને પૂર્ણ વીતરાગતાનો જ આદર છે, છતાં જ્ઞાનીને છદ્મસ્થ અવસ્થામાં પોતાની નબળાઈથી પુણ્ય—પાપની વૃત્તિનું જોડાણ થાય ખરૂં; તેને મારું જ્ઞાની જાણે કે તે મારું સ્વરૂપ નથી. હું સ્વભાવના જોરે વિકારનો નાશક છું, એમ ક્ષણિક વિકારની નાસ્તિ ભાળનારો, અવિનાશી ગુણરૂપ પૂર્ણ સ્વભાવની અસ્તિને બરાબર ભાળીને અવિકારી એકરૂપ ધ્રુવ સ્વભાવને શ્રદ્ધામાં લે છે. વિકારનો નાશક, પરિપૂર્ણ,

નિર્મળ સ્વભાવ જેવો છે તેવો માનવો તે પ્રથમમાં પ્રથમ ઉપાય છે; તે વિના વ્રત પચ્ચખાણ સાચાં હોતા નથી.

આત્માના સ્વભાવને પૂરેપૂરા લક્ષમાં લીધા વિના ધર્મ થતો નથી. શરીરની ક્રિયા અને બાહ્ય સંયોગો પ્રવૃત્તિની તો વાત જ નથી. બહારનું લેવું મૂકવું, જડનો ત્યાગ કરવો તે કોઈ આત્માને આધીન ત્રણકાળમાં નથી; પણ સંયોગોમાં જોડાવાથી, પર તરફ વલણ કરવાથી જે પુણ્ય–પાપની વૃત્તિ ઊઠે છે, તે મલિન અવસ્થા આત્માના સ્વભાવની નથી. તેનું લક્ષ ગૌણ કરીને, ત્રિકાળી નિર્મળ સ્વભાવને લક્ષમાં લ્યો તો પોતે જ વિકલ્પ વિનાનો એકરૂપ ચૈતન્ય ચમત્કાર જુદો દેખાય છે. (દેખાય એટલે આંખે દેખાય એમ નહિ, પણ પરિપૂર્ણ નિર્મળ સ્વભાવની નિઃસંદેહ પ્રતીતિ થાય છે.) ત્યાં જુદા જુદા નવતત્ત્વના પ્રકારો દેખાતા નથી. જ્યાં સુધી સ્વતંત્રપણે પરમાર્થ આત્માનું જાણપણું જીવને નથી ત્યાં સુધી તે વ્યવહારદષ્ટિવાળો છે, ચોરાસીમાં રખડનારો છે.

નવતત્ત્વની ભેદરૂપ શ્રદ્ધા તે મિથ્યાદષ્ટિપણું છે. પુણ્ય ભાવ કરતાં કરતાં નિર્મળ શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર ઊઘડશે એવું જે માને છે, તેને અવિકારી જુદા સ્વભાવની શ્રદ્ધા નથી, પવિત્રતાની રુચિ નથી. તેને રાગની ભક્તિ છે, એટલે કે વીતરાગથી વિરોધભાવની ભક્તિ છે. બાહ્ય દષ્ટિવાળાને આ પરમસત્ય અઘરૂં પડે એવું છે.

સમ્યક્દર્શન થયા પહેલા શુદ્ધ અભિપ્રાય કરવાની આ વાત છે. અવિરોધી સ્વભાવનો આદર કર્યા પછી અશુભ ટાળવા, ભક્તિ, દાન, પૂજા વગેરે શુભભાવ આવશે પણ તેમાં કર્તાપણું, ધણીપણું, હિતપણું નહિ મનાય. આ તો ઊંધી માન્યતાની પકડે ઘર ઘાલ્યાં છે. ત્રણેકાળના વીતરાગનું શું કહેવું છે? તે સમજવાની જેને દરકાર નથી, તે સત્યથી ભડકે છે.

વર્તમાનમાં પૂર્ણ વીતરાગ સ્વભાવ માન્યા વિના પરમાં, બંધનમાં, પુણ્ય–પાપના વિકારમાં કર્તા બુદ્ધિની પકડ મટવાની નથી. નિમિત્તાધીન દષ્ટિવાળો જે કાંઈ માને, જાણે કે કરે તે બધું મિથ્યા છે. નવતત્ત્વના વિકલ્પનું ઉત્થાન થાય છે તે સ્વભાવનું કર્તવ્ય નથી, પણ પરલક્ષમાં ઢળવાથી ક્ષણિક અવસ્થા પૂરતો થતો તે વિકાર છે. હું દયા-દાનનો કરનાર છું, દેહની ક્રિયાનો કરનાર છું, મારી પ્રેરણાથી બધું થાય છે, હું ન કરું તો ન થાય વગેરે માન્યતા સ્વતંત્ર અક્રિય આત્મસ્વભાવનું ખૂન કરનાર મહામિથ્યાત્વ છે. પુણ્ય–પાપના વિકારીભાવને અજ્ઞાનભાવે જીવ કરે છે, જે પુણ્ય–પાપના ભાવ થાય તે જ હું, એમ માની વિકારમાં અટકે, શુભ વિકારની લાગણીને જે સંવર નિર્જરારૂપ ધર્મ માને તે મિથ્યાદષ્ટિ છે.

દરેક વસ્તુ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં અભેદ છે, સ્વતંત્ર છે; અને પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવપણે નથી. આકાશ ક્ષેત્રે સંયોગ–વિયોગ થાય, તેથી બે ફીટીને એક થાય નહિ. જીવ સદા સઉપયોગી (જ્ઞાતાદ્રષ્ટા) અરૂપી છે તે ફીટીને કોઈ કાળે કોઈ અવસ્થામાં જડપણે થઈ શકે નહિ. પર નિમિત્તમાં સંબંધ માની, રાગ-દ્વેષમાં અટકે છતાં ક્ષણિક અવસ્થાના રાગરૂપે આખો થઈ શકતો નથી. એવો દરેક આત્મા સ્વભાવે પૂર્ણ નિર્મળ છે. નવતત્ત્વના ભેદરૂપ અવસ્થા કર્મના નિમિત્તે અને પોતાની યોગ્યતાથી જીવમાં થાય છે, તે ભેદને ઓળંગી સ્વભાવમાં આવતાં શુદ્ધનય વડે અવસ્થાદૃષ્ટિ ગૌણ કરી, અખંડ જ્ઞાયક અવિકારી સ્વભાવને જોતાં, નવતત્ત્વના વિકલ્પથી પેલે પાર નિર્મળ જ્ઞાનાનંદ એકરસથી પૂર્ણ પવિત્ર ભગવાન આત્મા સદાય એકરૂપ ટકનારો વર્તમાનમાં પણ પૂર્ણ છે, તેની શ્રદ્ધા થાય છે. સાથે જ અતીન્દ્રિય આનંદ આવે છે.

જ્ઞાની એમ જાણે છે કે હું અવિકારી, અસંયોગી, એકપણે જ્ઞાતાદૃષ્ટા સ્વભાવપણે નિત્ય ટકનારો છું; પુણ્ય–પાપના વિકલ્પની ક્ષણિક સંયોગી વૃત્તિ ઊઠે તે આત્માનું સ્વરૂપ નથી. નિમિત્તાધીન કોઈ ભેદને શ્રદ્ધાના લક્ષમાં તે સ્વીકારતો નથી. ક્ષણિક વર્તમાન નબળાઈથી પુણ્ય–પાપની વૃત્તિ થાય છતાં તેનો કર્તા અને સ્વામી થતો નથી. જે આત્મા પરાશ્રયરૂપ વ્યવહારમાં અટક્યો છે તે પુણ્ય–પાપના વિકારમાં મૂઢ થઈ ધણીપણે રાગનો–પુણ્યનો કર્તા થાય છે. જે ભાવે બંધન થાય છે તે ભાવને ગુણમાં મદદગાર તે માને છે, તેથી તે ગુણનું ખૂન કરે છે. વિરુદ્ધ ભાવના 'ગડીયા' મનમાં ગોખે તથા અંતરમાં મૂઢતા છે, તે ટળે નહિ. જ્ઞાની ધર્માત્માને જાગૃત સ્વભાવનો નિરંતર વિવેક વર્તે છે, સ્વભાવમાં સ્થિર ન રહી શકે ત્યારે પુણ્ય–પાપની વૃત્તિમાં જોડાણ થઈ જાય પણ તેમાં તેને ધણીપણું નથી, પણ તે નબળાઈને છોડવા માગે છે. બેહદ પવિત્ર સ્વભાવની શ્રદ્ધાના જોરે વર્તમાન ક્ષણિક નબળાઈનો તે કર્તા થતો નથી.

આ અપૂર્વ વાત છે. ત્રણેકાળના જ્ઞાની આ રીતે સમજણનો માર્ગ કહે છે, લોકોએ આ વાત સાંભળી નથી. લોકોની યોગ્યતા એવી કે સત્ય કાને પડે નહિ, આગ્રહની પકડ નડે, સૌ સ્વતંત્ર પ્રભુ છે. જેણે પુણ્ય–પાપના ક્ષણિક વિકારને પોતાનો માન્યો તેણે અવિનાશી નિર્વિકારી સ્વભાવને માન્યો નથી. જે પુણ્યનો (વિકારનો) કર્તા થવા માગે તે તેનો નાશક થવા માગે નહિ. અવિકાર સ્વભાવનો સ્વીકાર કરે તો પરાશ્રયના ભેદ ઉપર વજન રહે નહિ, નિમિત્તાધીન દૃષ્ટિ રહે નહિ. સાચાના આદરમાં ખોટાનો આદર રહે નહિ. સત્ય શું છે? તે મધ્યસ્થપણે સમજવા જેવું છે, ત્રણ કાળ–ત્રણ લોકમાં સત્ય ફરે એવું નથી.

**પ્રશ્ન :**—આત્મા છૂટો નથી છતાં છૂટો કેમ માનવો?

**ઉત્તર :**—આત્મા સદાય છૂટો જ છે પણ બાહ્ય દેહાદિ ઉપર દૃષ્ટિ છે, તેથી એકમેક માન્યો છે. ગાડા તળે કુતરું ચાલે તેથી તેને અભ્યાસ થઈ ગયો કે મારા વડે ગાડું ચાલે છે; તેમ પોતે અરૂપી જ્ઞાનાનંદ છે તે ભૂલી દેહના અધ્યાસથી હું બોલું, હું ચાલું, હું પુરુષ છું વગેરે પરમાં એકપણે માન્યું છે, તે ઊંધી માન્યતાએ ઘર ઘાલ્યાં છે. એક ક્ષેત્રમાં પાણી અને કાંકરા ભેળા રહે તેથી એક થઈ જતાં નથી, તેમ આ આત્મા સદાય અરૂપી છે, રૂપી ભોળો રહે તેથી ત્રણેકાળમાં રૂપી થઈ જતો નથી; જડ તો આંધળાં છે તેને કંઈ ખબર હોતી નથી. દેહાદિ રજકણોમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે, તે જડનો (પુદ્‌ગલનો) ગુણ છે. મનુષ્ય, ઢોર વગેરે રૂપે આકાર છે, તે જડની અવસ્થા છે. આત્મા તો સદાય જ્ઞાનસ્વરૂપે છે, અરૂપી છે, ત્રણેકાળે પરથી જુદો છે. તે દેહાદિની ક્રિયાનો કર્તા નથી, પ્રેરક નથી, તથા તેને કોઈ પ્રેરણા કરતું નથી. પરનું હું કરી શકું, પર મારું કરી શકે એવું અનાદિથી માન્યું છે તે મોટી ભૂલ છે. જડ અને ચેતનને જુદા સ્વતંત્રપણે કબૂલ્યા વિના જુદાપણાની ઓળખાણ અને જુદાપણાના સ્વતંત્ર આનંદની પ્રાપ્તિ કોઈને થતી નથી. હું શરીર છું, પરનો કર્તા છું, પુણ્ય–પાપ વિકાર મારા છે, પર મને સુધારે-બગાડે છે, એવી માન્યતાનું જોર તે ચોરાશી લાખના અવતારનું કારણ છે. પોતે વિકારની ક્ષણિક અવસ્થા પૂરતો નથી; ભાન કરે તો દરેક સમયે પૂર્ણ નિર્મળ પરમાત્મા જેવડો અને વિકારના નાશક સ્વભાવે છે. વર્તમાન અવસ્થામાં વિકાર કરવાનો ઊંધો પુરુષાર્થ છે. તેના કરતાં ત્રિકાળી સ્વભાવમાં વર્તમાનમાં જ અનંતગુણી પવિત્રપણે સવળી તાકાત છે. જે એમ માને કે પૂર્વના કર્મ નડે છે. તેનું બહું જોર છે, રાગ-દ્વેષ એની મેળે થઈ જાય છે, એમ પરાધીનપણું માનનાર મિથ્યાદૃષ્ટિ છે.

સર્વજ્ઞ વીતરાગે જે રીતે વસ્તુનો સ્વતંત્ર સ્વભાવ કહ્યો છે તેને આ રીતે જાણ્યા વિના કોઈ ગમે તેવો ડાહ્યો કહેવાતો હોય, શાસ્ત્રમાં પંડિત મનાતો હોય, છતાં તે વીતરાગના માર્ગમાં નથી. વીતરાગને પક્ષ નથી, વીતરાગને પેઢીનો વંશ રાખવો નથી. દરેકની સ્વતંત્રતા જાહેર કરે તે જ વીતરાગ છે. પુણ્યથી ધર્મ થાય, બીજા મારું માને તો મારું કલ્યાણ થાય, આશીર્વાદથી સુખી થઈશ એમ કહેનાર આત્માને પરાધીન, ઓશિયાળો માલ વિનાનો ઠરાવે છે.

અજ્ઞાનના કારણે અવસ્થામાં પરસંબંધ વડે અનેક ભેદરૂપ, પરમાં કર્તાપણે, વિકારપણે, પોતે પોતાને ભાસતો હતો પણ જ્યારે શુદ્ધનયથી સ્વાશ્રિત નિરાલંબી સ્વભાવનો સ્વીકાર કરીને જડ–ચેતનનું સ્વતંત્ર સ્વરૂપ જુદું જુદું જોવામાં આવ્યું ત્યારે એ પુણ્ય, પાપ આદિ ભેદરૂપ નવતત્ત્વો ધ્રુવ વસ્તુપણે દેખાતા નથી. પરલક્ષે નિમિત્તાધીન

થતા ક્ષણિક વિકાર તો ઉત્પન્નધ્વંસી છે, તેનો ધ્રુવ સ્વભાવની શ્રદ્ધા વડે નાશ કર્યો છે. શ્રદ્ધાના નિર્મળ લક્ષે એકાકાર અનુભવ કરતાં, સ્વભાવમાં કોઈ વિકલ્પનો ભેદ આવતો નથી. અખંડની શ્રદ્ધામાં વર્તમાન ક્ષણિક સંયોગી ખંડરૂપ ભાવનો સ્વીકાર જ્ઞાનીને થતો નથી. જ્ઞાનીને એકરૂપ અવિકારી સ્વભાવની શ્રદ્ધાનું જોર છે. જ્યારે એકાગ્ર સ્થિર ન રહી શકે ત્યારે પુણ્ય–પાપની વૃત્તિમાં (છોડવાની બુદ્ધિથી) રોકાય છે. છતાં તેમાં ધર્મ માનતો નથી.

પુદ્‌ગલ કર્મના નિમિત્તાધીન થતાં ભેદો, અવિકારી આત્માની એકરૂપ શ્રદ્ધા થતાં મટી જાય છે. પછી વારંવાર નિર્મળ સ્વભાવના લક્ષના જોરે સ્થિરતા વધતાં વધતાં પૂર્ણ નિર્મળ મોક્ષદશા ઊઘડી જાય છે. અવસ્થામાં નિમિત્ત–નૈમિત્તિક ભાવ હતો તે સર્વથા મટી જાય છે. વર્તમાન વિકાર થાય છે છતાં સમ્યક્‌દૃષ્ટિ તેને ધણીપણે સ્વીકારતો નથી.

દરેક વસ્તુ સ્વતંત્ર છે, પરને આધીન નથી. વિકારથી કોઈને ગુણ નથી, એકલા સ્વભાવથી જ ધર્મ થાય છે. તેમાં બાહ્ય સાધન કિંચિત્ માત્ર મદદગાર નથી. આવા ભાન વિના કોઈ કાળે કોઈનું ભલું થાય નહિ. અજ્ઞાનભાવે ધર્મના નામે શુભભાવ કરે તો પાપાનુબંધી પુણ્ય બાંધે, પણ ભવ ઘટે નહિ, એમ સર્વજ્ઞ વીતરાગ કહે છે.

આત્મા જ્ઞાતાદૃષ્ટા છે, તે પુણ્ય–પાપનો રક્ષક નથી, કર્તા નથી, વિકારનો નાશક અનંત ગુણથી પૂર્ણ ભર્યો છે; એવી શ્રદ્ધા વિના વિકારને પોતાનો માની, પરાશ્રયરૂપ વ્યવહારનો લક્ષ કરી, ધર્મના નામે પુણ્ય બાંધી અનંતવાર નવમી ગ્રૈવેયકે જીવ જઈ આવ્યો પણ ભવ ન ઘટ્યો.

દરેક અજીવ તત્ત્વમાં તેની ત્રિકાળી તાકાત વર્તમાનમાં પૂર્ણ છે, તેનાં દ્રવ્ય, ગુણ, પર્યાયને કોઈનો આધાર નથી, તેમ જ દરેક જીવને તેની અનંતગુણની શક્તિરૂપ ત્રિકાળી તાકાત વર્તમાનમાં પૂર્ણ છે, તેનાં દ્રવ્ય, ગુણ, પર્યાયને કોઈનો આધાર નથી. દરેક વસ્તુ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે ત્રિકાળ અખંડિત છે. આત્મા પર ચીજપણે, પર આકારપણે, પર અવસ્થાપણે કે પરભાવપણે કોઈ કાળે નથી, તેથી તે પર વસ્તુનો કર્તા નથી. પરની (દેહાદિની) અવસ્થાનો ફેરફાર જડ વસ્તુ સ્વયં કરે છે. આત્મા ત્રણકાળમાં પરની અવસ્થા બદલવા સમર્થ નથી. દેહાદિ પરની ક્રિયાથી આત્માને પુણ્ય–પાપ કે ધર્મ થઈ શકે નહિ. એણે દેહાદિ પરની ક્રિયાથી પોતામાં ગુણદોષ થાય, એમ માન્યું તેને જુદા તત્ત્વની ખબર નથી. આ પ્રથમમાં પ્રથમ ભૂમિકાની વાત છે. સધન કે નિર્ધન ગમે તે સ્થિતિમાં, જીવ સાચી ઓળખાણનું ભાન કરી અંદરમાં શાંતિ ભોગવી શકે તેવી સ્વાધીન સ્વધર્મની આ વાત છે. આત્માનો સ્વભાવ પુણ્ય–પાપના વિકારનો નાશક છે, તેના

ધર્મના પુણ્યનો રાગ કે પંચ મહાવ્રતનો શુભ રાગ પણ મદદગાર નથી. અશુભમાં ન જવા માટે વ્રતાદિ શુભ ભાવ આવે પણ તે બંધન ભાવ છે, તે વડે મોક્ષભાવને લાભ નથી. આવી પ્રથમ શ્રદ્ધા ન કરે તો અવિકારી સ્વભાવનો અનુભવ થાય નહિ. જેવો છે તેવો સ્વભાવ ન કબૂલે ત્યાં પ્રથમ સાચી શ્રદ્ધા જ નથી.

પ્રથમ નિમિત્તાધીન પુણ્ય–પાપના સંયોગી ભાવનો (નૈમિત્તિક વિકારી ભાવનો) શ્રદ્ધામાં નાશ કર્યો કે તે મારું સ્વરૂપ નથી, પછી સ્વભાવની શ્રદ્ધાના જોરમાં સ્થિરતા અનુસાર શુભાશુભ વ્યવહારના ભેદ છૂટતા જાય છે, કેમ કે તેનો પ્રથમથી જ આદર ન હતો. જ્યાં પૂર્ણ સ્વરૂપ સ્થિરતા વડે પૂર્ણ વિકારી નૈમિત્તિક ભાવનો (સંયોગી ભાવનો) નાશ કર્યો ત્યાં પૂર્ણ નિર્મળ એક પ્રકાર અવિકારી અસંયોગી વીતરાગભાવ પૂર્ણાનંદ પણે રહી ગયો; તેનું નામ મોક્ષ છે. વિકારથી મુક્ત થઈ, અવિકારી ગુણપણે રહેવું તે મોક્ષ છે. આખા આત્મામાં અને તેની બધી અવસ્થામાં બધા ગુણ એક સાથે અખંડ છે, જુદા-જુદા ખાનામાં ભર્યા હોય એમ નથી.

દરેક વસ્તુ સ્વતંત્ર છે. રજકણથી તથા બીજા પર આત્માથી દરેક આત્મા ત્રિકાળ જુદો છે. પરથી નાસ્તિપણું અને સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવથી અસ્તિપણું દરેકનું પોતામાં સ્વતંત્રપણે છે. જે પરથી ત્રિકાળ જુદો છે તે જુદાનું કાંઈ કરી શકે નહિ અને પોતે પરથી જુદો છે માટે પરથી પોતાને કાંઈ લાભ-નુકશાન નથી; માટે પરમાં ઠીક–અઠીક માનવાનું રહેતું નથી. પછી માત્ર પોતામાં જોવાનું રહ્યું આટલું યથાર્થ નક્કી કરતાં, અનંતા પર સાથેનો અનંતા કર્તાપણાનો તીવ્ર રાગ–દ્વેષ ઘટી જાય છે. આંગણે આવ્યો તે પોતાનું કેટલું ભૂંડું કરશે? પોતાની અવસ્થામાં પર નિમિત્તાધીન દૃષ્ટિથી ક્ષણિક વિકાર પુણ્ય–પાપન વૃતિ ઊઠે તેટલો આત્મા નથી; ત્રિકાળી અવિકારી સ્વભાવમાં ક્ષણિક અવસ્થાની નાસ્તિ છે, અનંત ગુણરૂપ ધ્રુવ સ્વભાવ તો વિકારનો નાશક છે, આવી પ્રાથમિક સમજણ વિના સમ્યક્દર્શન પામવાની તૈયારી થાય નહિ. ક્ષણિક અવસ્થા ઉપર જેની દૃષ્ટિ છે તે ગમે તેવા નીતિના કે વ્રતાદિના શુભભાવ રાખે, પણ વિકારી બંધનના નાશ કરનાર સ્વભાવની તેને પ્રાપ્તિ ન થાય.

કોઈ કહે કે આપણે અનેક પ્રકારની ભૂલ અને ગુણ-દોષ જાણવાની માથાકૂટમાં શું કામ રોકાવું? બસ રાગ-દ્વેષ ટાળીને આપણે તો સમભાવ રાખીશું, પણ તે સત્ય સમજ્યા વિના મૂઢતા વધારશે. મૂળ કાયમ રાખીને, ઉપરથી માત્ર ઝાડનાં પાંદડાં તોડે અને માની લે કે આ તોડી નાખ્યાં; પણ થોડા વખત પછી તે ફરીથી પાંગરશે, તેમ ધર્મના નામે કંઈક શુભ રાગમાં રોકાય પણ તત્ત્વજ્ઞાનની દરકાર ન કરે તો મૂઢ થઈ જશે અને પછી

મૂઢતા ફાલશે. ત્રિકાળી અજ્ઞાન અભિપ્રાયનું તેને મૂળ હોવાથી ચોરાશી લાખના અવતારનો તેને ફાલ આવ્યા વિના રહેશે નહિ. કાચ અને હીરાની પરીક્ષા કર્યા વિના કોને રાખશે અને કોને કાઢી નાખશે; તેમ પ્રથમ સત્ય-અસત્યના નિર્ણય વિના રાગ ઘટાડવાનું માને પણ ઊલટું મિથ્યાત્વ દૃઢ કરી મનુષ્યપણું હારી જશે. પાપને છોડી પુણ્ય કરવાનો નિષેધ નથી પણ તેના દોકડા કેટલા છે, તે વાત અહીં કહેવામાં આવે છે.

**પ્રશ્ન :**—શુદ્ધ ઉપર દૃષ્ટિ રાખી પ્રથમ શુભમાં આવે, પછી શુભથી હળવે હળવે શુદ્ધમાં અવાય ને?

**ઉત્તર :**—નહિ. વિકારથી અવિકારપણું અંશમાત્ર ઊઘડે નહિ. શુભભાવ ગમે તેવો હોય તોપણ તે રોગ છે. જે ભાવ ગુણથી વિરોધી હોય તેને ગુણકાર માનવો તે મોટી ભૂલ છે. અશુભભાવ, શુભભાવ અને શુદ્ધભાવ એ ત્રણે પ્રકાર જુદા છે એમ જાણવું જોઈએ; જો શુભથી શુદ્ધ થાય તો અશુભમાં રહીને શુભભાવ થવો જોઈએ, પણ જેમ શુભભાવના પુરુષાર્થથી અશુભનું ટળવું અને શુભનું થવું એક સાથે છે તેમ શુભાશુભ બેઉ વિકાર છે, એવી પ્રતીતિના જોરે જેટલી નિર્વિકલ્પ સ્થિરતા થઈ તેટલો શુભાશુભ રાગનો અભાવ તે જ વખતે થાય છે. અશુભથી બચવા માટે પુણ્ય ભાવ બરાબર છે, પણ તે વિકારી રાગભાવ છે તેની મદદથી અવિકારી ગુણનું કાર્ય ત્રણકાળમાં બને નહિ.

આ વાત બરાબર સમજવા જેવી છે. નિમિત્તાધીન શુભ—અશુભ રાગની વૃત્તિ ઊઠે તે હું નહિ, એવી ભૂતાર્થ સ્વભાવની અવિકારી શ્રદ્ધાના જોરે મિથ્યા શ્રદ્ધાનો નાશ, વિકારનો અંશે નાશ અને તે જ વખતે ભૂલ રહિત અવિકારી અવસ્થાની ઉત્પત્તિ થાય છે પહેલાં પછી નથી.

**પ્રશ્ન :**—કાંટે કાંટો નીકળે તેમ રાગ કાઢવા વ્યવહાર જોઈએ ને?

**ઉત્તર :**—અહીં રાગ તે એક કાંટો અને તે રાગને ટાળનાર અરાગી. મોક્ષમાર્ગ તે બીજો કાંટો છે એમ જાણવું. બીજા કાંટા વડે પહેલો કાંટો કાઢી શકાય છે. હું અવગુણનો નાશ કરનાર ત્રિકાળી પૂર્ણ શક્તિવાળો છું, એવી શ્રદ્ધાનું સ્વલક્ષમાં જેટલું જોર આવ્યું તેટલો સ્વરૂપ સ્થિરતાનો વ્યવહાર પ્રગટે છે. તે અંશે અંશે અરાગી સ્થિરતાના વ્યવહારરૂપી કાંટા વડે શુભાશુભ રાગ રૂપી અશુદ્ધતાનો કાંટો નાશ પામે છે. હું અક્રિય, અખંડ જ્ઞાયક છું, અવિકારી છું, એમ લક્ષ કરવું તે નિશ્ચય છે અને અંશે અંશે સ્વલક્ષે સ્થિરતા કરી રાગ ટાળવો તે વ્યવહાર છે. પરનિમિત્તનું આલંબન રાખ્યે ગુણ થાય, એમ માનવું તે વ્યવહાર અથવા એકલા શુભમાં રોકાવું તે વ્યવહાર, એમ પોતાની કલ્પનાથી વ્યવહાર માને તો તે ભૂલ છે. જે લોકો આત્મામાં નિશ્ચય અને દેહની ક્રિયામાં અથવા

એકલા પુણ્યભાવમાં વ્યવહાર માને છે, તેને તો ઘણી સ્થૂળ જડ બુદ્ધિ છે. સર્વજ્ઞ વીતરાગે જેવું સ્વતંત્ર વસ્તુ સ્વરૂપ કહ્યું છે તેવું યથાર્થપણે જાણી વસ્તુનો નિર્ણય કરવો તે નિર્મળ શ્રદ્ધા પ્રગટ કરવાનો ઉપાય છે; તેમાં બહારનું કોઈ સાધન ઉપયોગી નથી.

પોતાનો સ્વભાવ સ્વતંત્રપણે રાગનો નાસક છે તેની પ્રતીતિ જેને નથી, તે બાહ્ય દૃષ્ટિથી પરાશ્રયરૂપ રાગનું જોર જુએ છે. અકષાય સ્વભાવની યથાર્થ શ્રદ્ધા પછી સ્વભાવના જોરે અરાગી સ્થિરતા વધતાં, જે કાંઈ રાગ રહે છે તેમાં અશુભ રાગ ટળતાં વ્રતાદિનો શુભ રાગ આવે છે, એવી વાત શાસ્ત્રમાં આવે ત્યાં મૂળ સ્વભાવના જોરની વાત ભૂલીને પોતાની માનેલી વાત આવી એમ લોકો કહે છે. તેઓ પરાશ્રયથી અંતરની હીણપત રાખવા માગે છે. જેને રાગનો આશ્રય ગોઠે છે, તેનાથી ગુણ થાય, એમ માને છે તેને વીતરાગતા ગોઠતી નથી. સ્વભાવના ભાન પછી જ્ઞાનની રમણતારૂપ સ્થિરદશાને ભગવાને ચારિત્ર દશા કહી છે; શુભરાગ તે ચારિત્ર નથી. અવગુણનો નાશક છું, એમ નિત્ય સ્વભાવના જોર વિના વિકારરૂપી કાંટો કાઢનાર સ્વાશ્રિત પુરુષાર્થનો કાંટો હાથમાં આવે નહિ.

આત્મા અનાદિ અનંત પોતાના અનંતગુણનો તથા ત્રિકાળી બધી અવસ્થાનો અખંડ પિંડ છે. ગુણ તો શક્તિપણે એકરૂપ છે, તેમાં ફેરફાર થતો નથી પણ એક ગુણની એક સમયે એક અવસ્થા વિકારીપણે અથવા અવિકારીપણે વર્તતી હોય છે. ગુણ તો પોતાના આધારે થાય છે પણ વિકાર પરસંયોગઆધીન લક્ષ જીવ કરે ત્યારે અવસ્થામાં નવો થાય છે. સ્વભાવમાંથી દોષ આવતો નથી. હું ત્રિકાળી અવિકારી જ્ઞાયક છું, એવી શ્રદ્ધાના જોરે ભૂલનો નાશ થઈ ક્રમે ક્રમે સર્વ વિકારી ભાવનો નાશ થઈ શકે છે.

સ્વદ્રવ્ય = ત્રિકાળી અનંતગુણ પર્યાયના આધારરૂપ અખંડ પોતે.

સ્વક્ષેત્ર = પોતાનો આકાર–પહોળાઈ.

સ્વકાળ = વર્તમાન વર્તતી સ્વઅર્થની ક્રિયારૂપ અવસ્થા.

સ્વભાવ = પોતાની ત્રિકાળ શક્તિરૂપ અવસ્થા અથવા ગુણ.

એ રીતે દરેક જડ–ચેતન પદાર્થ ત્રણેકાળે પોતાના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવપણે સત્ છે અને પોતાથી પર પદાર્થના દ્રવ્ય ક્ષેત્ર–કાળ–ભાવપણે અસત્ છે, એટલે કે દરેક પદાર્થને પરથી જુદાપણું–અસંયોગીપણું છે. જેણે આત્માનું પરમાર્થે સ્વતંત્રપણું જાણ્યું નથી, તેણે ક્ષણિક વિકારી અવસ્થા જેવડો પોતાને માન્યો છે. વિકારથી–પુણ્યથી ગુણ થશે, એમ જેણે માન્યું છે, તેણે અવિકારી નિત્ય સ્વભાવને માન્યો નથી.

સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય;
સદ્‌ગુરુ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ કાંય.

(આત્મસિદ્ધિ ગાથા ૧૩૫.)

પોતાના ઉપાદાનની તૈયારીમાં સહેજે અખંડનું જ્ઞાન અને જ્ઞાનની સ્થિરતાનો વ્યવહાર આવે છે, તેમાં વચ્ચે સાચા નિમિત્તનું બહુમાન પોતાના ગુણની રુચિ ખાતર આવે છે. વર્તમાન ક્ષણિક અવસ્થામાં વિકાર દેખાય છે એવડો જ હું નથી, એ વિકારી અવસ્થા મારું સ્વરૂપ નથી. અખંડના લક્ષે ભેદને ગૌણ કરી, અખંડ સ્વભાવના જોરે નિર્મળ સમ્યક્‌દર્શન પ્રગટ થાય છે.

મોક્ષનું કારણ વીતરાગતા, વીતરાગતાનું કારણ અરાગી ચારિત્ર, અરાગી ચારિત્રનું કારણ સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌જ્ઞાનનું કારણ સમ્યક્‌દર્શન છે. પૂર્ણ અવિકારી અખંડ સ્વભાવના જોરે શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની નિર્મળ પર્યાય પ્રગટે છે. અધૂરી નિર્મળ અવસ્થા અને સમ્યક્‌દર્શન તે પર્યાય છે. ભેદના લક્ષે વિકલ્પ–રાગ થાય છે, નિર્મળતા થતી નથી, માટે અવસ્થાદૃષ્ટિ ગૌણ કરી નિત્ય અખંડ સ્વભાવનું લક્ષ કરવું. ધ્રુવ સ્વભાવનું જોર કરતાં કરતાં વિકારનો વ્યય અને અવિકારી પૂર્ણ નિર્મળતાનો ઉત્પાદ થાય છે, એટલે નિમિત્ત–નૈમિત્તિક ભાવનો સંબંધ સર્વથા છૂટી જાય છે અને વસ્તુનો અનંતગુણરૂપ નિજસ્વભાવ વસ્તુપણે એકાકાર રહે છે, માટે શુદ્ધનયથી જીવને જાણવાથી જ સમ્યકદર્શનની પ્રાપ્તિ થઈ શકે છે.

પ્રભુ? તારી સ્વતંત્ર પ્રભુતા તેં કદી સાંભળી નથી. વર્તમાન એકેક અવસ્થા પાછળ બેહદ તાકાતરૂપ પૂર્ણ પવિત્ર ગુણની શક્તિ અખંડ સ્વભાવપણે ભરી છે તે સતની વાત અપૂર્વ ભાવે અંદરથી ઉછળીને તેં સાંભળી નથી. તારું માહાત્મ્ય તને આવ્યું નથી. જેણે અવિકારી પૂર્ણ સ્વભાવ માન્યો તે પોતાના સ્વાધીન અનંત સુખમાં સમાઈ ગયા, જે માનશે તે પણ અક્ષય અખંડ શાંતિમાં સમાઈને અનંત સુખને અનુભવશે. યથાર્થ સ્વભાવનું ભાન થતાં વર્તમાનમાં પરમ અદ્‌ભુત શાંતિ અંશે વેદાય છે.

બેહદ પવિત્ર જ્ઞાનાનંદ સ્વભાવની અંતરથી હા પાડનારની શક્તિનું માપ વર્તમાનમાં બેહદ છે. વિકારને જાણનારો તે વિકારરૂપે નથી. વિકાર તો ક્ષણિક અવસ્થા પૂરતો છે. તેનો નાશક સ્વભાવ વર્તમાનમાં પૂર્ણ પવિત્ર છે. તેના પ્રતીતિના જોરમાં વિકારનું જોર દેખાતું નથી. જેવો સ્વભાવ તેવી માન્યતા ને માન્યતા તેવો સ્વભાવ, એમ પવિત્ર અવિકારી અસંગ સ્વભાવની એકરૂપ શ્રદ્ધાના જોરમાં નવતત્ત્વના રાગના વિકલ્પ તૂટી જાય છે. બે તત્ત્વ જુદાં હતાં તે જુદાં રહી જાય છે.

જેમ સળંગ સુતરમાં ગાંઠ, આંટ અને ગુંદર એક ભાગમાં સંયોગ સંબંધે છે તે સીધા સુતરના લક્ષે કાઢી નાખવામાં આવે છે, તેમ આત્મામાં મિથ્યાત્વરૂપ ગાંઠ અને રાગ-દ્વેષરૂપ આંટ અવસ્થાના એક ભાગમાં નાખી હતી. તેમાં દ્રવ્ય કર્મરૂપ ગુંદરનો સંયોગ હતો, તે સીધા જ્ઞાયકસ્વભાવના લક્ષે નાશ કરવામાં આવે છે. જેમ ગાંઠ, આંટની અવસ્થા છૂટીને સુતરમાં સમાઈ ગઈ તેમ એકરૂપ સ્વભાવમાં મિથ્યાશ્રદ્ધા અને મિથ્યાચારિત્રની અવસ્થા બદલાઈને નિર્મળ એકભાવરૂપ અવસ્થા થઈ તે સ્વભાવમાં સમાઈ ગઈ આત્માના પૂર્ણ ત્રિકાળી સ્વભાવને જે શુદ્ધનયથી જાણે છે તે સમ્યક્દૃષ્ટિ છે. જ્યાં સુધી જુદા જુદા નવ પદાર્થો જાણે, આત્માને પુણ્ય—પાપના અનેક પ્રકારથી માને ત્યાં સુધી પર્યાયબુદ્ધિ છે.

તા. ૧૩-૮-૮૩.

હવે, એ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

કળશ આઠમો

**चिरमिति नवतत्त्वच्छन्नमुन्नीयमानं**
**कनकमिव निमग्नं वर्णमालाकलापे।**
**अथ सततविविक्तं दृश्यतामेकरूपं**
**प्रतिपदमिदमात्मज्योतिरुद्योतमानम् ॥८॥**

આ રીતે નવતત્ત્વોના રાગ મિશ્રિત વિચારોમાં ઘણાં કાળથી રોકાયેલી—છૂપાયેલી આ આત્મજ્યોતિને જેમ વર્ણોના સમૂહમાં છુપાયેલા એકાકાર સુવર્ણને બહાર કાઢે તેમ, શુદ્ધનયથી બહાર કાઢી પ્રગટ ભિન્ન બતાવવામાં આવી છે. માટે હે ભવ્ય જીવો! હંમેશા આને અન્યદ્રવ્યોથી તથા તેમનાથી થતા નૈમિત્તિક ભાવોથી ભિન્ન, એકરૂપ દેખો. આ આત્મજ્યોતિ, પદે પદે અર્થાત્ પર્યાયે પર્યાયે એકરૂપ ચૈતન્યચમત્કાર માત્ર પ્રગટ છે.

અનાદિકાળથી આત્મા એકરૂપ સ્વભાવનું લક્ષ ચૂકીને કર્મના સંયોગાધીન લક્ષે નવતત્ત્વોના રાગમિશ્રિત વિચારોમાં અટકતો હતો, તે ક્ષણિક અવસ્થા જેટલો નથી પણ નિત્ય અવિકારી સ્વભાવવાળો છે; એમ શુદ્ધ દૃષ્ટિ વડે એકરૂપ શુદ્ધ આત્માનો પ્રકાશ કર્યો એટલે યથાર્થ ઓળખાણ કરી. જેમ તાંબાના સંયોગે રાતા રંગના અનેક ભેદવાળું સોનું

માન્યું હતું, તેને તપાવીને એકાકાર શુદ્ધ સોનું બહાર કાઢે તેમ નવતત્ત્વના અનેકભેદરૂપ રાગમાં આત્મા માન્યો હતો, તેને શુદ્ધનય વડે બહાર કાઢીને અવિકારી ધ્રુવ એકરૂપ આત્માને જુદો બતાવ્યો. આત્મા વર્તમાન અવસ્થા પૂરતો નથી. આત્મામાં અનંતકાળ ટકવાની પૂર્ણ તાકાત દરેક સમયની અવસ્થામાં પરિપૂર્ણ ભરી છે. તે કોઈમાં રોકાયેલો, પરસત્તાથી દબાયેલો કે કોઈમાં ભળી ગયેલો નથી. આખા પવિત્ર સ્વભાવનો સ્વીકાર કરી નિરંતર એક જ્ઞાયકનો જ પરમ સંતોષ સહિત અનુભવ કરો એમ આચાર્યદેવ કહે છે.

જેમ ઘાસ અને મિઠાઈને ભેગાં ખાનાર અવિવેકી હાથીને તે બંનેના જુદા સ્વાદનું ભાન નથી, વળી જેમ રાજા દારૂ પીને પોતાનું સુવર્ણનું સિંહાસન છોડીને મલિન જગ્યામાં બેઠો હોવા છતાં ત્યાં આનંદ માને છે તેમ શ્રી ગુરુ કહે છે, કે હે ભગવાન આત્મા! તું પરને પોતાનું સ્થાન માનીને પુણ્ય–પાપની વિષ્ટામાં આળોટે છે ને તેમાં આનંદ માને છે, પણ તે તારું સ્થાન નથી. તારું સુવર્ણરૂપ ઉત્કૃષ્ટ પદ પરમાત્મપદ છે. તું તારા પદને નિહાળ. તું તીવ્ર મોહના વેગથી ગાંડો બન્યો છે, તેથી તને હિતાહિતનો વિવેક નથી. મૃત્યુ વખતે કોઈ સગું નહિ થાય. આકરા રાગની ભીંસ વખતે મહા આર્ત્ત–રૌદ્ર ધ્યાન થશે. મેં આમ કર્યું, તેમ કર્યું, એમ પરના કર્તાપણામાં રોકાણો ને આત્મસ્વભાવની દરકાર ન કરી તો ચોરાશીનાં અનંત દુઃખો સહેવાં પડશે.

આચાર્યશ્રી કહે છે, કે લાયક જીવો! આત્માના અપૂર્વ અચિંત્ય મહિમાની વાત સાંભળવાનો લાભ તમને મળ્યો છે; માટે અન્ય દ્રવ્યોથી, દેહાદિથી, જડ કર્મથી, સંયોગથી તથા નિમિત્તાધીન થતી પુણ્ય–પાપની લાગણીથી ભિન્ન વીતરાગી એકરૂપ ધ્રુવ સ્વભાવી આત્માને નિત્ય પવિત્ર સ્વભાવપણે દેખો (સ્વીકારો, માનો). ચૈતન્યજ્યોતિ સમયે સમયે પોતાના સ્વભાવમાંથી નિર્મળપણે પ્રગટ થાય છે.

આત્મામાં એકલા લાભનો દરોડો જ છે. તે કોઈ કાળે વિકારમાં ભળતો નથી. અનાદિથી વિકારને પોતાનો માન્યો છે, તે માન્યતા જ અનંત સંસારનું કારણ છે. તે માન્યતાનો દોષ ટળ્યા પછી પુરુષાર્થની નબળાઈને લીધે અલ્પ રાગ રહે પણ અરાગી સ્વભાવના જોરે તેનું કર્તાપણું જ્ઞાની થવા દેશે નહિ. આત્માનું સાચું જ્ઞાન થાય કે તરત જ બધા ત્યાગી થઈ ચાલ્યા જાય તેમ બનતું નથી. ગૃહસ્થદશામાં રાગ હોય છતાં જ્ઞાની માને કે રાગ કરવા જેવો નથી. તેને તત્ત્વનું ભાન નથી તેનો બાહ્યત્યાગ તે વાસ્તવિક ત્યાગ નથી. તત્ત્વજ્ઞાન થયા પછી સ્વભાવની સ્થિરતાના જોરે ત્યાગ સહજ હોય છે, ને તે ક્રમે ક્રમે વધતાં પૂર્ણ વીતરાગદશાની પ્રાપ્તિ થાય છે.

અહીં સમ્યક્તત્ત્વની વાત ચાલે છે. શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાની હતા છતાં પુરુષાર્થની

નબળાઈના કારણે ઝવેરાતનો વેપાર કરતા હતા; પણ અંતરથી રુચિભાવ ન હતો. પરથી ઉદાસીનપણે જ્ઞાયકસ્વભાવના ભાનમાં તેઓ ઊભા હતા. ગૃહસ્થદશામાં રહીને સર્વવિરતિપણું કે મોક્ષદશા ન પ્રગટે છતાં એકાવતારી થઈ શકાય છે. પુરુષાર્થની નબળાઈથી પુણ્ય–પાપની વૃત્તિ ઊઠે પણ જ્ઞાનીને તેનું ધણીપણું હોતું નથી. તે શુભ વિકલ્પને પણ લાભદાયક માનતો નથી. જ્ઞાનીના હૃદયને બાહ્યદૃષ્ટિવંત ઓળખી શકે નહિ. જે જ્ઞાન છે તેને અજ્ઞાની જેવો સ્વચ્છંદ હોતો નથી. અજ્ઞાની દેખાદેખીથી ત્યાગને ઉત્કૃષ્ટ માને છે. પરનું કર્તાપણું માની, અજ્ઞાની ગમે તેવો ત્યાગ કરે તોપણ તે અનંત સંસારના ભોગનો હેતુ છે. બાહ્ય ક્રિયા કરે, બાહ્ય ચારિત્ર પાળે તેમાં તૃષ્ણા, માનાદિ ઘટાડી જો શુભભાવ કરે તો પુણ્ય બંધાય, પણ ધર્મ થાય નહિ. તત્ત્વજ્ઞાનનો નિરોધ કરે તો નિગોદ એકેન્દ્રિયમાં અનંત કાળ માટે જાય, સહુ સ્વતંત્ર છે, કોઈને બળજબરીથી સમજાવવાની તાકાત કોઈમાં નથી.

જ્યારે શુદ્ધનય વડે ભેદને ગૌણ કરી એકરૂપ પવિત્ર સ્વભાવને માન્યો ત્યારથી નિશ્ચયદૃષ્ટિના જોરે દરેક અવસ્થામાં નિર્મળ એકત્વ વધે છે, ને ભેદરૂપ વ્યવહાર છૂટતો જાય છે. શુદ્ધદૃષ્ટિ થયા પહેલાં ભગવાન આત્મા અનેક પુણ્ય–પાપની લાગણીરૂપે અટકતો, ખંડખંડપણે દેખાતો હતો. તેને શુદ્ધનયથી જોતાં તે ત્રિકાળી નિર્મળ એકરૂપ દેખાય છે, માટે પર્યાયભેદનું લક્ષ ગૌણ કરી નિરંતર અખંડ શુદ્ધ પરમાર્થ સ્વભાવને અનુભવો. અવસ્થાદૃષ્ટિનો એકાંત ન રાખો. પોતાની નબળાઈથી અવસ્થામાં વિકાર થાય છે પણ તેટલો જ હું છું એમ ન માનો. આ અવસ્થા જ મારી છે, તેના લક્ષે ગુણ થશે, એમ વ્યવહારની પકડ રાખે તે એકાન્ત મિથ્યાદૃષ્ટિ છે.

**ટીકા :**—હવે, પછી જેમ નવતત્ત્વમાં એક જીવને જ જાણવો ભૂતાર્થ કહ્યો તેમ, એકપણે નિર્મળ સ્વભાવથી પ્રકાશમાન આત્માના અધિગમના (જણાવનાર) ઉપાયો જે પ્રમાણ, નય, નિક્ષેપ છે તેઓ પણ નિશ્ચયથી અભૂતાર્થ છે. રાગ મિશ્રિત જ્ઞાનના ભેદ પણ નિશ્ચયથી એકપણામાં અભૂતાર્થ છે, તેમાં પણ આત્મા એક જ ભૂતાર્થ છે, કેમ કે વસ્તુને નક્કી કરવાના વિકલ્પો તો એકના અનુભવમાં છૂટી જાય છે. જેમ મેસુબ લેવો હોય ત્યારે પ્રથમ ઘી, લોટ, ખાંડ કેવા છે, કારીગર કોણ છે, વગેરે પૂછી, કિંમત ઠરાવીને પછી તોલ કરાવે તેટલા વિકલ્પમાં રોકાવું પડે છે, પણ પછી તેનો સ્વાદ લેવા વખતે કાંટા, કાટલાં વગેરેના વિકલ્પો કરવા પડતા નથી. તેમ ભગવાન આત્મા અખંડ જ્ઞાયક છે. તેને પ્રથમ અવિરોધીપણે નક્કી કરવા માટે પ્રમાણ★ નય, નિક્ષેપના માપ વડે આખું પ્રમાણ જ્ઞાન કરવામાં રોકાવું પડે છે.

★ પ્રમાણ (પ્ર=વિશેષ કરી + માન = માપ) = સાચું માપ કરે તે સમ્યક્‌જ્ઞાન, તેને પ્રમાણ કહે છે. અહીં પ્રમાણનો વિકલ્પ અભૂતાર્થ છે એમ કહ્યું છે.

ભગવાન આત્મા અવિકારી, અનંતાજ્ઞાનાનંદમય, પૂર્ણ અખંડ શક્તિનો પિંડ છે. દેહાદિરૂપી સંયોગોથી જુદો અરૂપી જ્ઞાનઘન છે. તેને અખંડ નિર્મળ સ્વભાવના પડખે જાણવો તે નિશ્ચયનય, વર્તમાન અવસ્થાના ભેદને જાણવો તે વ્યવહારનય અને બેઉ થઈ આખા આત્માનું જ્ઞાન કરવું તે પ્રમાણ.

વસ્તુના એક દેશ (ભાગ) ને જાણવાવાળા જ્ઞાનને નય કહે છે અને પ્રમાણ તથા નયજ્ઞાન અનુસાર જાણેલા પદાર્થને નામમાં, આકારમાં, યોગ્યતામાં અને કોઈ ભાવરૂપ અવસ્થામાં ભેદરૂપે બતાવવાનો વ્યવહાર કરવો તેને નિક્ષેપ કહે છે.

નિક્ષેપના ચાર ભેદ છે :—નામનિક્ષેપ, સ્થાપનાનિક્ષેપ, દ્રવ્યનિક્ષેપ અને ભાવનિક્ષેપ.

(૧) નામનિક્ષેપ :—જે પદાર્થમાં જે ગુણ નથી, તેને તે નામથી કહેવું, તેને નામ નિક્ષેપ કહે છે. જેમ કે જીવાભાઈ. તેનામાં જીવનાં લક્ષણ, ગુણ વગેરે નથી પણ નામ માત્ર છે.

(૨) સ્થાપનાનિક્ષેપ :—આ તે છે, એમ અન્ય વસ્તુમાં અન્ય વસ્તુનું પ્રતિનિધિત્વ સ્થાપવું તેને સ્થાપના નિક્ષેપ કહે છે. જેમ કે જીવાભાઈના ફોટાને જીવાભાઈ કહેવા.

(૩) દ્રવ્યનિક્ષેપ :—વર્તમાનથી અન્ય એટલે કે અતીત અનાગત પર્યાયથી વસ્તુને વર્તમાનમાં કહેવી તેને દ્રવ્યનિક્ષેપ કહે છે. જેમ કે આમાં મોક્ષની લાયકાત છે તે યોગ્યતા જોઈને વર્તમાનમાં તેને મોક્ષ કહેવો તે દ્રવ્યનિક્ષેપ.

(૪) ભાવનિક્ષેપ :—વર્તમાન પર્યાય સંયુક્ત વસ્તુને ભાવનિક્ષેપ કહે છે. જેમ કે સાક્ષાત્ કેવળજ્ઞાની ભગવાનને ભાવજીવ કહેવા.

આત્માને યથાર્થ સમજવા માટે પ્રમાણ, નય, નિક્ષેપરૂપ શુભવિકલ્પનો વ્યવહાર વચ્ચે આવ્યા વિના રહેતો નથી, પણ આત્માના એકપણાના અનુભવ વખતે તે વિકલ્પ છૂટી જાય છે; તેથી તે અભૂતાર્થ છે, આત્માને મદદગાર નથી. વસ્તુનો અભેદપણે નિર્ણય કરવા જતાં અને તેમાં એકાગ્રપણે ઠરવા જતાં વચ્ચે નવતત્ત્વ તથા નય, પ્રમાણ વગેરેના રાગમિશ્રિત વિચારો આવ્યા વિના રહેતા નથી; પણ તેનાથી અભેદમાં જવાતું નથી. આંગણું છોડે ત્યારે ઘરમાં જવાય છે તેમ વ્યવહારરૂપ આંગણું છોડે ત્યારે સ્વભાવરૂપ ઘરમાં જવાય છે.

કોઈ કહે કે આટલું બધું ઝીણું જાણવાનું શું કામ છે? એકાંત ધ્યાનમાં બેસીએ તો રાગ–દ્વેષ છૂટી જશે. તેને જ્ઞાની કહે છે કે યથાર્થ અવિરોધ આત્મસ્વભાવનું ભાન કર્યા પહેલાં રાગ–દ્વેષ પરમાર્થે ટળી શકે નહિ, ઊલટી મૂઢતા વધી જશે. એવી રીતે તો જાડને

પણ ધ્યાન છે ને બાહ્ય પરિગ્રહનો ત્યાગ ઢોરને પણ છે, પરંતુ આત્માનું યથાર્થ સ્વરૂપ સમજ્યા વગર સાચું ધ્યાન કે સાચો ત્યાગ હોઈ શકે નહિ.

જેમ રાજાને યથાર્થપણે ઓળખીને તેને યોગ્ય વિધિથી બોલાવે તો જ રાજા જવાબ આપે અને તેની સેવા કરે તો ધન આપે; તેમ આત્માને જે વિધિથી પરિપૂર્ણ સમજવો જોઈએ એ રીતે સત્સમાગમે જાણીને તેમાં એકાગ્રતા કરે તો ભગવાન આત્મા રીઝે, જવાબ આપે અને તેમાં વિશેષ લીનતા કરે તો અનંત મોક્ષસુખ આપે. જેની રુચિ હોય તેનો પૂરો પ્રેમ લાવી તેનો પરિચય કરવો જોઈએ.

આત્મા અનંતગુણનો પિંડ અવિનાશી છે. દેહાદિ સંયોગ અને સંયોગાધીન થતો પુણ્ય–પાપનો ભાવ તે ક્ષણિક છે. અનાદિકાળથી પોતાનું વિસારણ અને પરનો બધો અભ્યાસ છે. ખરૂં હિત કરવું હોય તેણે પ્રથમ સાચો નિર્ણય કરવા સત્સમાગમથી ઓળખાણ કરી, પાત્ર થઈ, વીતરાગે જેવો સ્વતંત્ર આત્મા બતાવ્યો છે તેવો જ તેની વિધિથી સમજવો પડશે. લોકોત્તર અરૂપી સૂક્ષ્મ ધર્મ લોકોએ બહારથી માનેલી દરેક કલ્પનાથી તદ્દન જુદો છે. જગતમાં ધર્મના નામે વેવલાપણું અને ઘણા મતમતાંતરો ચાલે છે.

કોઈ કહે કે ઈશ્વર અમને સુધારે–બગાડે, સુખી–દુઃખી કરે, કોઈ કહે કે પૂર્વના પ્રારબ્ધ અમને સુધારે–બગાડે, સુખી–દુઃખી કરે, કોઈ કહે કે બધા મળીને એક આત્મા છે, કોઈ કહે કે દેહાદિ જડની ક્રિયા આત્મા કરી શકે છે, પરનો કર્તાભોક્તા થઈ શકે છે, કોઈ એકાંત પક્ષથી આત્માને વર્તમાન દશામાં પણ તદ્દન શુદ્ધ માને છે, કોઈ એકલો બંધનવાળો, પુણ્ય–પાપવાળો આત્મા માને છે, શુભરાગના વિકારથી ધીમે ધીમે ગુણ થશે એમ કોઈ માને છે, કોઈ નિમિત્તની મદદથી, આશીર્વાદથી તરી જઈશું એમ માને છે વગેરે અનેક પ્રકારે વસ્તુને અન્યથા માને છે. તે બધી જગતની ભ્રમણા ટાળવા માટે સર્વજ્ઞ વીતરાગના ન્યાય અનુસાર તત્ત્વનું રહસ્ય જાણવા, સત્સમાગમ મેળવી, યથાર્થ શ્રવણ, મનન અને અભ્યાસ કરવો જોઈએ.

સાચી શ્રદ્ધા થયા પછી સ્વભાવના નિર્ણય સંબંધી વિકલ્પ રહેતા નથી અને પુરુષાર્થની નબળાઈના કારણે જેટલો રાગ રહે છે તેનો જ્ઞાનીને આદર નથી, તેનું કર્તાપણું નથી. જ્ઞાનીની વિશેષ નિર્મળતા માટે અને અશુભમાં ન જવા માટે શાસ્ત્રજ્ઞાનથી, પ્રમાણ, નય, નિક્ષેપ, નવતત્ત્વ વગેરેથી તત્ત્વવિચારમાં રોકાતા શુભરાગ થાય છે પણ તે રાગ-મિશ્રિત વિચારને જ્ઞાની ગુણકર માનતો નથી. સ્થિરતા વડે તે બધા વિકલ્પો તોડવા ઈચ્છે છે. સમ્યક્ત્વ થયા પહેલા આવો અભિપ્રાય કરી પૂર્ણ વીતરાગતાને જ ઉપાદેય માનવો જોઈએ.

તા. ૧૪-૮-૪૩.

આત્માને જાણવા માટે પ્રથમ નિમિત્તરૂપે રાગમિશ્રિત જ્ઞાનનો વ્યવહાર આવે છે. આત્માનું યથાર્થસ્વરૂપ જાણ્યા વિના અરૂપી, અતીન્દ્રિય ભગવાન આત્માની સાચી શ્રદ્ધા થાય નહિ અને અંતર એકાકાર સ્થિરતાનો આનંદ આવે નહિ અને પવિત્ર સ્થિરતા વિના વીતરાગતા, કેવળજ્ઞાન પ્રગટે નહિ.

આત્માને જાણવાનો ઉપાય પ્રમાણ જ્ઞાન છે. ત્રિકાળી નિત્ય સ્વભાવ અને વર્તમાન અવસ્થા બેઉને એક સમયે આખી વસ્તુપણે જાણવું તે પ્રમાણ જ્ઞાન છે. સ્વપરને જાણે તે પૂરું પ્રમાણ જ્ઞાન છે. પર ચીજ નિમિત્ત છે તેને જેમ છે તેમ ભિન્નપણે જાણવી જોઈએ. જ્ઞાનનો સ્વભાવ સ્વ–પર પ્રકાશક છે.

અહીં જીવ જાણે છે પોતાથી, પણ અધૂરી અવસ્થા હોવાથી ઇન્દ્રિય અને મનને અવલંબીને વિચાર કરે એવું રાગ મિશ્રિત જ્ઞાન છે. આ નિર્ણય કર્યા વિના વર્તમાન વસ્તુસ્થિતિ જાણી શકાય નહિ. ઇન્દ્રિય તથા મનના સંબંધમાં વર્તતું રાગવાળું જ્ઞાન અવિકારી ગુણને મદદ કરતું નથી, છતાં તે ખંડરૂપ જ્ઞાનને પોતા તરફ વાળ્યા વિના તત્ત્વને સમજી શકાય નહિ, માટે પ્રમાણાદિ, વસ્તુને મન દ્વારા નક્કી કરવા શુભ રાગના આંગણે આવે ત્યારે, શુદ્ધનું લક્ષ હોય તો વ્યવહાર શુદ્ધિ છે. તેનાથી અંદરમાં પેસી શકે નહિ પણ સ્વભાવની અંતરદષ્ટિથી એકાગ્રતામાં ઢળતાં, અંતર આનંદરૂપ અરૂપી અનુભવ થતી વખતે નયપ્રમાણના રાગમિશ્રિત વિચાર અસ્ત થઈ જાય છે. ભેદનું લક્ષ છોડી દે ત્યારે સમ્યક્દર્શન થાય છે.

બધા કહે છે કે આત્મા છે પણ તે કેવો છે, કેવડો છે, કેવો નથી, શું કરી શકે છે, શું નથી કરી શકતો ? તે સર્વજ્ઞ વીતરાગતાના ન્યાયથી રાગમિશ્રિત નય–પ્રમાણ દ્વારા નક્કી ન કરે તો સત્ય–અસત્યનો તોલ કરી પરમ હિતસ્વરૂપ આત્માનો આદર કરી શકે નહિ. એ મનદ્વાર વિના વસ્તુ ન સમજાય; પણ એનાથી ન સમજાય; જ્યારે શ્રદ્ધાની સ્થિરતાથી વિકલ્પનો અભાવ કરે ત્યારે આત્મઅનુભવ થાય, તેથી નિશ્ચય અનુભવમાં તે વિકલ્પો અભૂતાર્થ છે.

ધ્યાન રાખે તો સમજાય. અંતરની અરૂપી માર્ગની આ વાત છે. પોતાનો અરૂપી ભાવ નજરે દેખી શકાતો નથી છતાં નિરંતર તે ભાવની લાગણી અને વિચારને જાણી રહ્યો છે. પૂર્વનું જ્ઞાન યાદ કરવું હોય તો અંદર ધીરજથી રોકાવું પડે છે, તે બહારથી નક્કી થતું નથી. નક્કી કરનારો નિત્ય જાણનાર સ્વરૂપે આત્મા છે. દેહ, વાણી, જડ ઇન્દ્રિયોનો ખબર નથી કે અમે કોણ છીએ. અંદર જાણનારને જાણ્યા નહિ, તેથી

અવિકારી આત્મસ્વભાવને નહિ જોતાં બાહ્ય દૃષ્ટિથી બીજાને જુએ છે. પુણ્ય–પાપ, રાગ દેહાદિરૂપે પોતાને માને છે. દેહની ક્રિયા હું કરી શકું છું. એના વડે ધર્મ થાય છે, એમ માની ધર્મના નામે બાહ્ય દૃષ્ટિમાં જીવ અટક્યો છે. વળી નવતત્ત્વોને નય, પ્રમાણ નિક્ષેપના માપથી અનંતવાર મનમાં ફેરવ્યા છે પણ મનના વિકલ્પથી જુદો, રાગનો નાશક, સ્વતંત્ર હું છું, મારો માર્ગ પણ નિરાવલંબી છે, એમ પ્રતીતિ થઈ નહિ. અશુભમાં ન જવા પૂરતો વચ્ચે શુભ આલંબનનો ભેદ આવે છે પણ જ્ઞાનીને તેનું ધણીપણું નથી.

પ્રમાણ બે પ્રકારે છે–પરોક્ષ અને પ્રત્યક્ષ. જે ઇન્દ્રિયોથી સ્પર્શાઈ (સબંધિત થઈ) પ્રવર્તે તથા જે વગર સ્પર્શે મનથી જ પ્રવર્તે. એ પ્રમાણે બે પર દ્વારોથી પ્રવર્તે તે પરોક્ષ છે અને કેવળ આત્માથી જ પ્રતિનિશ્ચિતપણે પ્રવર્તે તે પ્રત્યક્ષ છે. (પ્રમાણ–જ્ઞાન છે તે જ્ઞાન પાંચ પ્રકારનું છે–મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય ને કેવળ. તેમાં મતિ ને શ્રુત એ બે જ્ઞાન પરોક્ષ છે. અવધિને મનઃપર્યય એ બે વિકલ્પ–પ્રત્યક્ષ છે અને કેવળજ્ઞાન સકલ–પ્રત્યક્ષ છે, તેથી એ બે પ્રકારના પ્રમાણ છે.)

કોઈ વસ્તુને સવળા તોલ માપથી નક્કી કર્યા પછી તોલ માપ છોડી દેવા પડે છે, તેમ પ્રથમ આત્માને જાણવામાં પ્રયોજનભૂત વસ્તુ નવતત્ત્વ, દેવ–ગુરુ–શાસ્ત્ર તથા જડ–ચેતન વસ્તુના દ્રવ્ય–ગુણ–પર્યાય જેમ છે તેમ નય, પ્રમાણ, નિક્ષેપરૂપ સવળા માપે નક્કી કરવા પડે છે ને પછી પરમાર્થ સ્વભાવમાં જવા માટે તે વિકલ્પ છોડવા પડે છે. અખંડના લક્ષે સ્વભાવમાં ઢળતાં, અભેદ અનુભવ વખતે બુદ્ધિપૂર્વકના વિકલ્પો છૂટી જાય છે, ત્યાર પછી ચારિત્રના જોરે સર્વથા છૂટી જાય છે.

પરોક્ષ જ્ઞાન પણ સાચું જ્ઞાન છે. પરમાં સુખ છે, એમ જીવે જે માન્યું છે તે પરમાં જોઈને નક્કી કર્યું નથી, અંદર અરૂપી કલ્પનાથી નક્કી કર્યું છે. તેને જીવ દેખતો નથી છતાં તેમાં નિઃશંક છે, તે ભાવ દેખાય તો જ માનું એમ કહેતો નથી. તે અરૂપી ભાવને જોવા માટે મહેનત પણ કરી નથી છતાં પ્રત્યક્ષની પેઠે તેને માને છે; તેવી જ રીતે આત્માનો નિર્ણય પરોક્ષ પ્રમાણ વડે પ્રત્યક્ષની જેમ યથાર્થ સમજણના અભ્યાસથી થઈ શકે છે.

જે જ્ઞાન પાંચ ઇન્દ્રિયો અને મન દ્વારા જાણવામાં પ્રવર્તે તે પરોક્ષ જ્ઞાન છે. પરોક્ષ જાણવાના કાર્યમાં વચ્ચે નિમિત્તનું અવલંબન આવે છે, પણ ઇન્દ્રિયોથી જીવ જાણતો નથી; જીવ પોતે પોતાથી જાણે છે, પણ ઇન્દ્રિયોથી જીવ જાણતો નથી; જીવ પોતે પોતાથી જાણે છે, ઇંદ્રિયો પર પદાર્થ જાણવામાં નિમિત્ત છે. સ્વને જાણવામાં ઇંદ્રિયો કે

મન નિમિત્ત નથી. પાંચ ઇંદ્રિયોના ઉપયોગમાં જે પર પદાર્થનો સંયોગ હોય તે પદાર્થને જાણી શકે અને મન દ્વારા તો ગમે તે દૂર ક્ષેત્ર કે પદાર્થનો જ્ઞાન વિચાર કરી શકે છે, તેમાં દૂર રહેલા પદાર્થ નજીક થવાની જરૂર નથી.

પાંચ ઇન્દ્રિય તરફનું લક્ષ છોડી અંદર વિચાર કરવામાં આવે ત્યારે મન નિમિત્ત છે. છાતીમાં આઠ પાંખડીના કમળ આકારે સૂક્ષ્મ રજકણોનું બનેલું મન છે. જેમ આંખનો કોડો છે તે જાણવાનું કામ કરતો નથી, પણ તે દ્વારા જ્ઞાન જાણે છે તેમ મન તે કોડા જેવું નિમિત્ત છે. ઇન્દ્રિયો કે મન જાણતાં નથી.

પર પદાર્થો નક્કી કરવામાં—ઇન્દ્રિયજ્ઞાન ખોટું નથી; જે ખારૂં-ખાટું છે તેને જેમ છે તેમ જ જાણે છે પણ હું ખારો-ખાટો છું, એમ જાણતો નથી. સામા જણાવા યોગ્ય પદાર્થ તે જ્ઞેય છે; વચ્ચે ઇન્દ્રિયમનનું નિમિત્ત છે અને તેને જાણનાર સ્વ—પર પ્રકાશક મારૂં જ્ઞાન છે. અમે જ્ઞેય નિમિત્ત અને જ્ઞાન ઉપાદાન, જેમ છે તેમ જાણી સર્વજ્ઞે કહ્યા મુજબ સ્વતંત્ર પદાર્થનો નય—પ્રમાણ વિચાર દ્વારા નિર્ણય કરે ત્યારે તો આત્માની અંદર પેસવાના દ્વારરૂપ ચિત્તશુદ્ધિ થાય છે. યોગ્યતાથી સત્યસ્વરૂપ જાણ્યા વિના, અનાદિની મૂઢતાના ગોટા રહે છે.

દેવ, ગુરુ, શાસ્ત્રને ઓળખવા પડે પણ તેઓ નિર્ણય કરાવતા નથી. પોતે જાતે નિર્ણય કરે તો તે નિમિત્ત થયાં કહેવાય છે. જીવ અનંતવાર સાક્ષાત્ તીર્થંકર પ્રભુ પાસે જઈ આવ્યો અને ધર્મના નામે ઘણાં શાસ્ત્રો પણ ગોખી ગયો પણ યથાર્થ આત્મનિર્ણય કર્યો નહિ, તેથી ભવદુઃખ મટ્યું નહિ. પરથી જ્ઞાન થાય, પર મને મદદ કરે એવી નિમિત્તાધીન બાહ્ય દ્રષ્ટિથી જીવ અનાદિથી દુઃખ ભોગવે છે. થોડો કાળ પુણ્યના ઉદયે બાહ્યમાં સહેજ દુઃખ ઓછું દેખાય તેને ભ્રમથી સુખ માને છે. પોતે રાગ ઘટાડે તેટલો કાળ મંદ આકૂળતા રહે છે. બાકી સંસારમાં આકુળતારૂપ દુઃખ વિના ક્ષણમાત્ર જીવ રહ્યો નથી. શરીરમાં રોગ આવે તેનું દુઃખ નથી પણ તેમાં જેટલો મોહ તેટલું દુઃખ છે. મહીનાઓથી એકલા રોગમાં કોઈ પીડાતો હોય ત્યારે તેની સ્ત્રી પણ કહે, કે ''અરેરે! તમે બોકડાને છરીથી કાપ્યા હશે ત્યાં મેં અનુમોદના કરી હશે, તેથી મારે તમારૂં દુઃખ જોવું પડે છે પણ તમારી પીડા હું લઈ શકું તેમ નથી.'' કોઈના દુઃખમાંથી કોઈ ભાગ લઈ શકતું નથી.

દરેક આત્મા જુદા છે અને આત્માથી દેહ જુદો અને ઇન્દ્રિયો પણ જુદી છે. કોઈ આત્મા ઇન્દ્રિયોથી જાણતો નથી. જ્ઞાન ઇન્દ્રિયાધીન નથી. જુવાનીમાં સત્તાપ્રિય પ્રકૃતિમાં પોતાની મોટપ અને બીજાની હીણપ માનીને તીવ્ર ક્રોધ, માન, માયા, લોભના આવેશથી

તીવ્ર તૃષ્ણારૂપી વાસના સેવી હોય છે તે વાસનાની ગંધ પેસી ગઈ છે, ત્યાં ઈન્દ્રિયો નિમિત્ત હતી. વૃદ્ધાવસ્થામાં શરીર, ઈન્દ્રિયો ઢીલાં પડ્યાં, મન પણ મોળું પડી ગયું પણ તૃષ્ણાનો કરનારો એવીને એવી તીવ્ર તૃષ્ણા કર્યા કરે છે, ત્યાં તેને ઈન્દ્રિયોનો આધાર નથી. પોતે દેહાદિથી જુદો છે, પર સાથે કોઈ સંબંધ નથી, એમ અવિકારી જુદા સ્વભાવનું ભાન કરે તો તૃષ્ણા ઘટાડી પોતે પોતામાં શાંતિ અનુભવી શકે છે.

આમાં ન્યાય એટલો લેવો છે, કે આત્મા જ્ઞાન વડે પોતાની યોગ્યતા અનુસાર જાણે છે પણ હીણું જ્ઞાન હોય ત્યાં ઈન્દ્રિયોનું નિમિત્ત હોય છે, છતાં જ્ઞાન, ઈન્દ્રિયોના આધારે નથી. જેણે આત્માનું યથાર્થ ભાન કર્યું છે કે હું દેહથી જુદો છું, ક્ષણિક વિકારની વાસના મારું સ્વરૂપ નથી, હું તેનો નાશક પવિત્ર છું, એમ જેણે નિત્ય પવિત્ર અસંયોગી સ્વભાવનો નિર્ણય દ્રઢપણે કર્યો હોય તેને દેહમાં રોગ આવે, વૃદ્ધાવસ્થા આવે કે મન, ઈન્દ્રિયો મોળાં પડે છતાં અખંડ, અવિકારી, જ્ઞાનાનંદ આત્માના સ્વભાવનો નિર્ણય મોળો પડે નહિ, તેની સમતા ખૂટે નહિ.

અહીં કહે છે કે જાણનારનું જ્ઞાન, તેમાં ઈન્દ્રિયોનું નિમિત્ત અને સામે જ્ઞેય (જણાવા યોગ્ય) પદાર્થોની જેવી સ્વતંત્ર વસ્તુસ્થિતિ છે, તેવો નિર્ણય નય, પ્રમાણ, નિક્ષેપના માપથી મનશુદ્ધિ દ્વારા ન કરે તો અતીન્દ્રિય સ્વભાવના આંગણે આવી શકશે નહિ; પણ તે રાગમિશ્રિત ચિત્તશુદ્ધિ દ્વારા પરમાર્થમાં જવાય નહિ, તેમ જ આમાં કોઈ લઈ જાય અથવા પરની મદદથી જવાય એવું નથી.

જ્ઞાન પોતાને જાણે અને પરને પણ જાણે એમ જ્ઞાનમાં બેવડું સામર્થ્ય છે. જ્ઞાનની અવસ્થાની ઊણપના કારણે. જાણવામાં વચ્ચે મન—ઈન્દ્રિયોનું નિમિત્ત હોય છે તેને પણ જ્ઞાન જાણે છે. પર નિમિત્તમાં જોડાવાથી તો પર જણાય છે; સ્વને જાણવામાં પર લક્ષ અને ઈન્દ્રિયો તરફનું જોડાણ છોડવું પડે છે. શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ જાણવામાં ઈન્દ્રિયો અને સંકલ્પ-વિકલ્પ જાણવામાં મન નિમિત્ત થાય છે, પણ સ્વને જાણવામાં કોઈ નિમિત્ત નથી. સ્વભાવ તરફ ઢળીને અને રાગનું લક્ષ ગૌણ કરે ત્યારે સ્વલક્ષ થાય છે અને સ્વલક્ષની સ્થિરતા ટકી શકે છે. સ્વલક્ષની સ્થિરતા તે જ ચારિત્રરૂપ સ્વઆચરણની ક્રિયા છે.

પરોક્ષ જ્ઞાનથી જાણવાનાં વ્યાપારમાં વચ્ચે નિમિત્તનું અવલંબન આવે છે પણ તેમાં રોકાવું ઠીક નથી. જ્ઞાની થયા પછી જેટલા અંશે સ્વભાવમાં સ્થિરતા ન રહે તેટલું પર અવલંબનરૂપ રાગના જોડાણથી અટકવું પડે છે. તે ક્ષણિક નબળાઈનો હું નાશક છું, એમ બેહદ સબળ સ્વભાવના જોરે જ્ઞાની રાગનો ધણી થતો નથી.

દરેક આત્મામાં જ્ઞાનગુણ અનાદિ અનંત એકરૂપ છે, તેની પાંચ અવસ્થા છે. તેમાં જેને મતિ અને શ્રુતજ્ઞાનની અવસ્થા પ્રગટ હોય તેને ઇન્દ્રિય–મન દ્વારા પરોક્ષ જ્ઞાન વર્તે છે. અવધિજ્ઞાન (જે મન–ઇન્દ્રિયના નિમિત્ત વિના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની મર્યાદાથી રૂપી પદાર્થને સ્પષ્ટ જાણે) અને મનઃપર્યયજ્ઞાન (જે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની મર્યાદાની બીજાના મનમાં રહેલા રૂપી પદાર્થને સ્પષ્ટ જાણે) તે બે જ્ઞાન અધૂરા પ્રત્યક્ષ છે. લોકાલોકની ત્રણકાળની સ્થિતિ એક સાથે જ્ઞાનની અવસ્થામાં સહજ જાણે તે કેવળજ્ઞાન સર્વ પ્રત્યક્ષ છે.

આત્મા પોતાના જ્ઞાનગુણથી પોતાને જાણે છે અને પોતાના જ્ઞાનગુણની અવસ્થાની સ્વચ્છતામાં પર ચીજ સહજ જણાય છે; પણ પરસંયોગે કે પરથી જાણપણું નથી. ઘડો, શાસ્ત્ર વગેરે પરને જાણ્યાં, એમ વ્યવહારે બોલાય પણ નિશ્ચયથી તો પોતાની યોગ્યતા અનુસાર જ્ઞાન પોતાની અવસ્થાને જ જાણે છે. જ્ઞાનગુણ સિવાય આત્માના બીજા ગુણોમાં સ્વ-પરને જાણવાની શક્તિ નથી.

મતિ–શ્રુતજ્ઞાન માટે દૃષ્ટાંત :—જેણે કેરીને જાણી નથી તે તેને જાણવા માટે કેરીનું વર્ણન આંબા ઉછેરનાર માળી પાસેથી સાંભળે, માળી કહે કે કેરી તો આંબે જ આ રીતે પાકે, તેનો સ્વાદ કાશીના મીઠાં બોર જેવો પણ તેના કરતાં અનેકગુણી જુદી જાતની મીઠાશપણે સુગંધીપણે છે. કેરીનું વર્ણન સાંભળી પ્રથમ સામાન્યપણે કેરીનો સ્થૂળ ખ્યાલ આવ્યો તે મતિમાં સ્થૂળપણે અવગ્રહજ્ઞાન થયું, પછી કેરી જાણવામાં જરા વિશેષ વિચારણા થઈ તે ઈહા, પછી નક્કી કર્યું કે આ કેરી જ છે તે અવાય અને જ્ઞાનમાં દૃઢપણે ધારી રાખ્યું કે આ કેરી આમ જ છે બીજી રીતે નથી, તેમાં સંશય કે વિસ્મરણ ન હોય તે ધારણા. અહીં સુધી મતિજ્ઞાનમાં છેલ્લો ધારણાનો ભેદ થયો, પછી આ કેરી ઇષ્ટ લાગી, એમ તેમાં જે વિશેષતા જાણી તે મતિમાંથી લંબાતું તાર્કિક જ્ઞાન તે શ્રુતજ્ઞાન છે. તે મતિ–શ્રુતજ્ઞાન પરોક્ષ છે. તે યથાર્થ આત્મજ્ઞાનથી સમ્યક્પ્રમાણ થતાં કેવળજ્ઞાનનું બીજ છે.

જેમ માળી પાસેથી કેરીનું વર્ણન સાંભળ્યું તેમ કેવળજ્ઞાન લક્ષ્મીના માળી તીર્થંકરદેવ અથવા તેમને બરાબર ઓળખનારા છદ્મસ્થ જ્ઞાની શ્રીગુરુ પાસેથી જાતને સમજવાની દરકાર કરી, સત્ સાંભળવા આવ્યો અને આત્માનું વર્ણન સાંભળતા જ તેને અંદરથી બહુમાનથી ઊછળીને હા આવી તે સ્વભાવનો અવ્યક્ત વ્યંજનાગ્રહ મતિજ્ઞાનનો પ્રથમ પ્રકાર થયો. અંદરમાં યથાર્થ નિશ્ચયનો અવ્યક્ત અંશ શરૂ થયો તેમાં પ્રથમ સામાન્ય સ્થૂળપણે આત્મા સંબંધી જ્ઞાન થયું. પછી વિચારના નિર્ણય તરફ વળ્યો તે ઈહા.

નિર્ણય થયો તે અવાય અને દ્રઢપણે આત્માનો બોધ ધારી રાખ્યો કે આમ જ છે, અન્યથા નથી તે ધારણા. ત્યાં સુધી તો પરોક્ષ એવા મતિજ્ઞાનમાં ધારણા સુધીનો છેલ્લો ભેદ થયો. પછી આ આત્મા અનંત જ્ઞાનાનંદ શાંતિ સ્વરૂપે છે તેમ મતિમાંથી લંબાતું તાર્કિક જ્ઞાન તે શ્રુતજ્ઞાન છે.

અનંતા દ્રવ્યો ત્રિકાળી અખંડ પરિપૂર્ણ છે અને તેને જણાવનાર સર્વજ્ઞ છે. તેમણે જે સ્વરૂપ બતાવ્યું છે તેને કબૂલનારો હું પણ અખંડ જ્ઞાનદર્શનથી પૂર્ણ છું. નિમિત્ત, પરવસ્તુ, અનંત આત્મા અને પુદ્‌ગલ વગેરે અજીવ વસ્તુ છે, તેને જાણનાર જ્ઞાન સ્વ-પર પ્રકાશક છે અને પરથી ભિન્ન પોતામાં અભિન્નપણે છે. નિત્ય-અનિત્ય, શુદ્ધ–અશુદ્ધ, અખંડ–ખંડ એમ સામાન્ય વિશેષ બે પડખાંને જોનાર નિશ્ચય–વ્યવહારનયની સંધિ બતાવી છે. સત્સમાગમે મન દ્વારા આવા નિર્ણયથી પોતાના જ્ઞાનને વ્યવહારે પ્રમાણરૂપ બનાવે ત્યારે ચિત્તશુદ્ધિના આંગણે આવી શુભમાં ઊભો છે. આમાં છકાયની દયાનું સ્વરૂપ બતાવનાર વીતરાગની આજ્ઞા પણ આવી ગઈ. જેઓ સર્વજ્ઞ વીતરાગ છે તે જ, છકાય જીવ, તેની રક્ષાનું જ્ઞાન અને છ દ્રવ્યનું પરિપૂર્ણ સ્વરૂપ બતાવનાર છે. સર્વજ્ઞના અખંડ જ્ઞાનસ્વરૂપની મર્યાદા કબૂલતાં, પોતાને સ્વતંત્ર અખંડપણે કબૂલ્યો. પોતાના સળંગ જાણનાર સ્વરૂપમાં ક્યાંય ઠીક–અઠીક કરી, રાગ-દ્વેષમાં અટકવાપણું નથી. એમ અનંતકાળે નહિ માનેલા પોતાના સ્વરૂપમાં સર્વજ્ઞની આજ્ઞાનો નિશ્ચય થતાં અનંતો સવળો પુરુષાર્થ ભાળ્યો અને પોતાના અખંડ સ્વભાવના લક્ષરૂપ સ્વદયામાં વીતરાગે કહેલાં છ દ્રવ્યો, તેના ગુણ અને પર્યાય તથા છકાય જીવનું સ્વરૂપ પણ જાણ્યું; અને સ્વલક્ષે રાગ-દ્વેષ અજ્ઞાનથી પોતાના અખંડ ગુણને બચાવવારૂપ સ્વદયામાં પરદયાનું જ્ઞાન પણ આવ્યું. એમ પોતામાં અખંડ સ્વરૂપનો નિશ્ચય અને સ્વઆશ્રિત સમ્યક્‌દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ વ્યવહાર એમ નિશ્ચય–વ્યવહારની સંધિ પોતાના જ્ઞાનમાં કરતાં સ્વતંત્ર નિમિત્ત ઉપાદાનના બધા ખુલાસા પ્રમાણજ્ઞાનમાં આવી જાય છે.

**પ્રશ્ન :**—દેહ, ઇંદ્રિયોથી આત્માને જુદો કાઢીને કોઈએ બતાવ્યો નથી, માટે આત્માને દેહથી જુદો શી રીતે માનવો?

**ઉત્તર :**—ઘણા દેહ (જાણનાર વિના) મડદાં જોયાં છે, જાણનાર બીજા સ્થાને ગયો છે, કારણ કે જે હોય તેનો સર્વથા નાશ થઈ શકે નહિ; અવસ્થા બદલીને ટકે છે. કોઈ કહે શરીર સાથે મારો નાશ થઈ ગયો પણ નાશ થવાનું જાણ્યું કોણે? તારા નાશની કબૂલાતમાં તારી હયાતીની જાહેરાત, દેહથી ભિન્ન લક્ષણપણે થાય છે, દેહમાં જાણપણું નથી. વળી દેહ, ઇંદ્રિયો તે જ આત્મા હોય તો જાડા દેહમાં જ્ઞાન શાંતિ વધુ હોય અને

પાતળામાં જ્ઞાન-શાંતિ ઓછાં હોય, વળી આંખ, કાન ફૂટતાં આત્માનો નાશ થાય, પણ તેમ થતું નથી. જાણનારો પરમાં સુખ માને છે તે અરૂપી માન્યતા કયે ઠેકાણે કરી છે, તેને ભાળતો નથી છતાં પ્રત્યક્ષ જેવી જ માને છે. જડ દેહાદિને કાંઈ ખબર નથી. રાગ-દ્વેષની લાગણી દેહને થતી નથી. આમ દેહ અને આત્મા લક્ષણભેદે ત્રિકાળ જુદા છે. પાણી અને કાંકરા, પત્થર અને સોનું, દૂધ અને પાણી એક ક્ષેત્રે ભેળાં હોવા છતાં જુદાં છે, કેમ કે જુદાં ન હોય તો જુદાં પડી શકે નહિ.

સમાધાન કરનારું જ્ઞાન છે. છોકરાએ સટ્ટામાં રૂપિયા ગુમાવ્યા હોય છતાં તેનો બાપ સમાધાન કરે છે, કે ઠપકો દઈશ તો છોકરો ઝેર ખાઈ મરી જશે. તેમાં કોઈ પરે (નિમિત્તે) સમાધાન કરાવ્યું નથી. કોઈ શિખામણ આપવા આવે ત્યારે પોતાને રુચે તો પોતાના ભાવે માને છે. પ્રમાણરૂપ સાચા જ્ઞાનનો સ્વભાવ કબૂલવામાં જ્ઞાનની ખીલવટ છે.

અનંતા પરપદાર્થની સ્વતંત્રતા કબૂલનાર પોતે અનંત જ્ઞાનમય છે. સવળું સમજીને ભૂલને તોડનારો પોતે સ્વતંત્ર છે. પ્રથમ મન દ્વારા તત્ત્વજ્ઞાનના અભ્યાસથી નવતત્ત્વ, છ દ્રવ્ય, તેમાં ગુણ–પર્યાય રાગમિશ્રિત નય અને પ્રમાણના જ્ઞાન દ્વારા નક્કી કરે ત્યાં સુધી તો શુભરાગની ભૂમિકા છે, ત્યાં અટકીને પુણ્ય બાંધી જીવ અનંતવાર પાછો ફર્યો છે, માટે તે રાગની ભૂમિકા પણ નિશ્ચય અનુભવમાં અભૂતાર્થ છે–ટકનાર નથી.

હું પરથી જુદો છું, નિરાલંબી અક્રિય સ્વભાવી છું, રાગનો નાશક છું એવો યથાર્થ નિશ્ચય સત્સમાગમ જીવે કરવો જોઈએ. જેને તત્વ સમજવાની દરકાર નથી, તેણે પોતાના જુદા સ્વતંત્ર સ્વભાવનો પોતામાં બહુ વિરોધ કર્યો હોવાથી, ભગવાન કહે છે કે મહા મોંઘું મનુષ્યપણું હારીને તે એકેન્દ્રિય વનસ્પતિમાં મહામૂઢ થઈ અનંત કાળ સુધી અનંતા જન્મ-મરણમાં તીવ્ર આકુળતાનાં દુઃખો ભોગવશે. અનંતકાળે ફરીને ઈયળ થવાનું પણ તેને માટે મુશ્કેલ થઈ પડશે, માટે સર્વ અવસર આવી ચૂક્યો છે; એમ સમજી પોતાની દરકાર કરવાની જરૂર છે.

તા. ૧૫-૮-૪૩.

આત્મા અને તેના અનંતગુણ અનાદિ અનંત એકરૂપ ટકી રહે છે. તે ધ્રુવ અખંડ સ્વભાવની ઓળખાણ કરી પરથી (વિકારથી) ભિન્ન સ્વભાવનો મહિમા લાવી, રાગમિશ્રિત શ્રદ્ધાનો નાશ કરી, એકરૂપ સ્વભાવનો નિર્ણય કરે પછી વિકલ્પથી (મનના આલંબનથી) જરા ખસીને ઠરે ત્યાં અપૂર્વ સમ્યક્દર્શન થાય છે. સમ્યક્ત્વ થયા પહેલાં

રાગમિશ્રિત જ્ઞાનથી સર્વજ્ઞે કહેલાં નવતત્ત્વ તથા છ વસ્તુના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણી તેના નય–પ્રમાણરૂપ જ્ઞાન દ્વારા મનથી નિર્ણય કરવો ત્યાં સુધી તો વ્યવહારશુદ્ધિ કહેવાય. આવી સમજણ વિના ક્રિયાકાંડમાં રોકાનાર જીવને વ્યવહારાભાસની પણ ખબર નથી, તેની અહીં વાત નથી, અહીં તો જ્ઞાનનો વિષય ચાલે છે.

પ્રમાતા=જાણનારો આત્મા.

પ્રમાણ=મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાનરૂપ જ્ઞાનગુણની પાંચ અવસ્થા.

પ્રમેય = આત્માના જ્ઞાનમાં જણાવા યોગ્ય એવા સ્વ–પર પદાર્થ–જ્ઞાન વડે જણાવા યોગ્ય બધી વસ્તુ જ્ઞેય હોય છે.

પરચીજ–અનંતા જીવ–અજીવ પદાર્થ છે. દેવ–ગુરુ–શાસ્ત્ર વીતરાગની મૂર્તિ વગેરે નિમિત્ત છે, તેમ જ્ઞાન બરાબર જાણે છે અને તો જ જ્ઞાન સાચું છે.

કોઈ કહે કે ''બધા થઈને એક જ આત્મા છે', પણ તે ભૂલ છે. કોઈ કહે, 'જ્ઞાન એકલું સ્વને જ જાણે છે, પરચીજ અનેકપણે ભાસે છે તે માયાનો ભ્રમ ભાસે છે.' એમ કહેનારનું જ્ઞાન ભ્રમરૂપ ખોટું ઠરે છે. પર ચીજ છે ખરી, પણ આત્માના સ્વરૂપમાં પર કે પરના કોઈ ભેદ નથી. ખાટું-ખારૂં જાણતાં જીવ ખાટો-ખારો થઈ ગયો હોય એમ જણાતું નથી. એકના દુઃખે બીજો દુઃખી થઈ જતો નથી. એક શાંતિ રાખે તો દુનિયાને શાંતિ થતી નથી, કારણ કે બધા જુદા છે. કોઈ કહે 'અહીં આત્મા જુદા ભલે હોય પણ મોક્ષ થતાં જ્યોતમાં જ્યોત સમાઈ જાય છે.' તો તે વાત પણ ખોટી છે, કારણ કે અહીં દુઃખ ભોગવવામાં તથા રાગ–દ્વેષમાં એકલો અને રાગ–દ્વેષનો નાશ કરી અનંત પુરુષાર્થથી પવિત્ર નિરુપાધિક દશા પ્રગટ કરી ત્યારે કોઈ પર સત્તામાં ભળી પરાધીન થઈ જાય તો પોતામાં સ્વાધીન સુખ ભોગવવાપણું ન રહ્યું, એટલે પોતાનો જ નાશ થયો, તો એવું કોણ ઇચ્છે?

સ્વતંત્ર વસ્તુનું યથાર્થ સ્વરૂપ જેવું કેવળજ્ઞાની સર્વજ્ઞ વીતરાગે દિવ્યધ્વનિમાં કહ્યું છે, તેવું પૂર્વાપર વિરોધ રહિત કહેનાર સર્વજ્ઞનાં શાસ્ત્રો છે. તેનો અર્થ ગુરુગમે સમજે અને પોતાના ભાવમાં યથાર્થપણે નક્કી કરે ત્યારે શાસ્ત્ર નિમિત્ત કહેવાય. શાસ્ત્રથી તરી જવાતું હોય તો પાનાનો મોક્ષ થવો જોઈએ. શાસ્ત્રને તો જીવ પૂર્વે અનંતવાર બાહ્યદૃષ્ટિથી ભણી ગયો છે. અહીં તો જ્ઞાનમાં યથાર્થ વસ્તુ કબૂલવાની વાત છે. આત્માને દેહથી જુદો જાણતાં દેવ–ગુરુ–શાસ્ત્ર પર છે, નિમિત્ત છે એમ જ્ઞાની જાણે છે.

મતિ શ્રુતજ્ઞાન પરોક્ષજ્ઞાન છે, તેમાં મન અને ઇન્દ્રિયો નિમિત્ત છે તેમ જ્ઞાનથી જ્ઞાનમાં જાણે છે. નિમિત્તથી જણાતું નથી. વર્તમાનમાં હીણું જ્ઞાન છે ત્યાં સુધી પરને જાણવા માટે મન ઇન્દ્રિય નિમિત્ત છે. અંદર સ્વલક્ષમાં મન ઇન્દ્રિય નિમિત્ત નથી. જીવ તેનાથી અંશે જુદો પડે ત્યારે સ્વતંત્ર તત્ત્વનું જ્ઞાન કરી તેમાં ઠરી શકે છે.

ઇન્દ્રિયો તો એકેક પ્રકારને જ જાણવામાં નિમિત્ત છે. ઇન્દ્રિયો જાણતી નથી. કાન, આંખ વગેરે ઇન્દ્રિયો તરફનું લક્ષ બંધ કરો તો અંદર મન દ્વારા વિચારનું કામ જ્ઞાન કરે છે. છતાં જાણે છે પોતાથી જ; મન, ઇન્દ્રિયો તો વચ્ચે થોથાં છે, હાજરી માત્ર છે; છતાં ઊણા જ્ઞાનમાં નિમિત્ત છે, તેનો જ્ઞાનમાં નિષેધ નથી પણ તેનાથી જ્ઞાન થાય એવી ઊંધી માન્યતાનો નિષેધ છે. હું ક્રમેક્રમે જાણું છું, મારા જ્ઞાનમાં ક્રમ પડે છે, અક્રમપણે મારું જ્ઞાન જાણતું નથી, માટે વચ્ચે નિમિત્તનું અવલંબન આવે છે, તેથી તે પરોક્ષ જ્ઞાન છે. વર્તમાનમાં ઊણી અવસ્થા છે, પણ સ્વભાવ એટલા પૂરતો નથી, ઊણો નથી. ઊણા જ્ઞાનમાં નિમિત્ત છે. રાગ રહિત પૂર્ણજ્ઞાનમાં નિમિત્તનો સંબંધ ન હોય, ક્રમ ન હોય પ્રથમ સમયે દર્શનનો વ્યાપાર અને બીજે સમયે જ્ઞાનનો વ્યાપાર, એવા ભેદ કેવળજ્ઞાનમાં ન હોય.

મતિજ્ઞાનમાં સામાન્ય પ્રકારે જાણવું થાય છે. શ્રુતજ્ઞાનમાં વિશેષ લંબાણપૂર્વક અને વધુ સૂક્ષ્મ જણાય છે. ફલાણા ભાઈનો જ આ શબ્દ છે, જે કાલે સાંભળ્યો હતો તેવો જ આ છે. એવું જ્ઞાન તે મતિજ્ઞાનનો ભેદ છે. તે ઉપરથી જ્ઞાન લંબાવીને તેનો અવાજ મીઠો છે, ધીરો છે એમ જાણવું તે શ્રુતજ્ઞાન છે. સ્પર્શ ઇન્દ્રિય દ્વારા પવનનો સ્પર્શ થયો તેમ જાણ્યું તે મતિજ્ઞાન છે, પછી વિશેષ જાણ્યું કે હવા ઠંડી છે, બહુ ઠંડી લાગે છે, તે શ્રુતજ્ઞાન છે. એ શ્રુતજ્ઞાનથી જાણવામાં ઇન્દ્રિયો નિમિત્ત નથી, પણ અંદર છાતીમાં મન છે તે નિમિત્ત છે. સ્વસ્વરૂપનું અભેદ લક્ષ કરવામાં જેટલે અંશે મનનું આલંબન છૂટી જાય છે, તેટલું પ્રત્યક્ષ સ્વલક્ષ થાય છે.

આત્માનું સ્વતંત્ર સ્વરૂપ જ્ઞાની પાસેથી સાંભળ્યા પછી નિમિત્ત તરફનું લક્ષ છોડી અંદર વિચારમાં રોકાણો કે અહો! આ આત્મા દેહાદિ સંયોગથી જુદો સ્વતંત્ર અને પૂર્ણ ગુણસ્વરૂપ લાગે છે, જ્ઞાન–શાંતિ મારામાં લાગે છે, જે સ્વતંત્ર હોય તેને પર અવલંબનની જરૂર નથી, મારી હયાતી સદાય મારાથી છે, દેહાદિ સંયોગથી મારી હયાતી નથી, હું અસંયોગી જાણનાર સ્વરૂપે છું. કોઈ સાથે મારે સંબંધ નથી. મારું જ્ઞાન સદાય એકરૂપ રહે છે. મારા જ્ઞાનની તાકાતમાં જણાતા અનેક પ્રકારના જ્ઞેયો મારાથી જુદા જુદા છે અને તે તેમ જ જણાય છે. હું પરથી જાણતો નથી. અમુક ક્ષેત્ર, કાળ, સંયોગ અને

રાગ-દ્વેષમાં અટકું તો જાણી શકું એવા પ્રતિબંધવાળો હું નથી. જ્ઞાનમાં વિકાર નથી, અટકવાનો સ્વભાવ નથી; અટકવું તો પર વલણ કરનાર ક્ષણિક અવસ્થાથી છે અને તે રાગનું કાર્ય છે. સ્વભાવ તો રાગનો નાશક અને અનંત ગુણનો રક્ષક છે.

વસ્તુ છે, તે નિત્ય છે. હું નિત્ય છું તો સ્વતંત્ર છું કે નહિ! જો સ્વતંત્ર હોઉં તો સ્વતંત્રતા દેખાવી જોઈએ; પણ મારી નબળાઈથી વર્તમાન અવસ્થામાં રાગમાં અટકું છું. તે જ પરાધીનતા છે, ત્રિકાળી સ્વભાવમાં પરાધીનતા નથી. સ્વભાવના વિશ્વાસનું જોર હોય તો પરવલણમાં અટકવું જાતે છોડી શકે છે. હું સ્વતંત્ર છું, એમ પ્રથમ નિઃશંક નિર્ણય કરે તો પછી આત્મસ્વભાવમાં સ્થિર થઈને રાગ રહિત પરમાત્મા થઈ શકે છે. પૂર્ણ નિર્મળ મોક્ષ થયા પહેલાં મોક્ષની 'હા' પાડનારને સ્વતંત્ર પૂર્ણ સ્વભાવનો મહિમા આવે છે, તેની આ વાત છે.

મતિજ્ઞાનથી પરને જાણવામાં ઇન્દ્રિયો તથા મન નિમિત્ત થાય છે. મતિ પછી શ્રુતજ્ઞાન થવામાં એકલું મન નિમિત્ત થાય છે. જડ ઇન્દ્રિયો પરને જાણવામાં નિમિત્ત થાય છે પણ આત્માને જાણવામાં નિમિત્ત થતી નથી. શબ્દાદિ પરવિષયોને બહાર ડોકિયું કરી જાણું છું, તો સીધી રીતે હું મને કેમ ન જાણું? હું સ્વાવલંબી નિત્ય એકરૂપ જ્ઞાનસ્વભાવી પૂર્ણ છું, એમ સ્વસંવેદન પ્રત્યક્ષ જ્ઞાનથી સ્વવિષય કરે તેવો મતિ–શ્રુતજ્ઞાનમાં સ્વભાવ છે. સ્વતંત્ર સ્વભાવને માનવામાં અંશે આલંબન નથી; આલંબન તો પરાધીનતાની દૃષ્ટિ છે.

આચાર્ય દેવ કહે છે કે સર્વજ્ઞ ભગવાને કહેલ તારો અવિનાશી ચૈતન્યશક્તિનો માલ ઓળખીને, તોલ કરવા પ્રથમ તારા જ્ઞાનને પ્રમાણરૂપ બનાવ. અમે કહીએ છીએ તેવું જો તું જાણી લઈશ તો જેવો અમારે ભવનો અભાવ છે તેવો જ તને પણ થશે.

જેમ ગળપણ સાકરમાં છે પણ કોથળામાં નથી, તેમ જ્ઞાન, શાંતિ વગેરે બધા ગુણરૂપ સ્વધર્મ મારામાં ત્રણે કાળે અભેદ છે. તે દેહાદિમાં નથી, દેહની ક્રિયામાં નથી; બહારના સાધન કે આલંબનથી ગુણ આવતો નથી. ગુણ અંદર છે, તેથી તેની એકાગ્રતાના જોરે તે પ્રગટ થાય છે. તે અતીન્દ્રિય સ્વભાવને કોઈ પરની અપેક્ષા નથી, તેમ તેમાં ઉણપ નથી. પોતાને સ્વભાવથી ઊણો કે પરાધીન માને ત્યાં સુધી માન્યતામાં સંસાર છે. પૂર્ણ સ્વભાવનું ભાન કર્યા પછી અવસ્થામાં ક્ષણિક નબળાઈ છે, પણ જ્ઞાની ક્ષણિક નબળાઈનો સ્વામી થતો નથી. અભૂતાર્થ ભાવનો તે કર્તા નથી, પણ નાશક છે.

મતિ–શ્રુતજ્ઞાન પોતાને જાણવા માટે પ્રત્યક્ષ છે–અંશે પ્રત્યક્ષ છે; પરને જાણવા માટે પરોક્ષ છે. વર્તમાનમાં મારી યોગ્યતાથી થતું, ઇન્દ્રિયોમાં અટકતું પરાધીન જ્ઞાન આદરણીય નથી; પણ અંદર પૂર્ણ નિર્મળ અખંડ સ્વભાવમાં નિરપેક્ષ, નિશ્ચયદૃષ્ટિના જોરે

હું ઠરૂં તો પૂર્ણ કેવળજ્ઞાનની નિર્મળ બેહદ તાકાત જાતે પ્રગટ કરી શકું છું. તે પૂર્ણજ્ઞાન પ્રગટ્યું ન હોય તે પહેલાં આત્મામાં કોઈને અધૂરા જ્ઞાનની અવસ્થા—અવધિજ્ઞાન પ્રગટે છે, તેમાં આ લોક—પરલોકના રૂપી પદાર્થો અમુક ક્ષેત્ર—કાળની મર્યાદાથી જણાય છે. જ્ઞાનને બહાર દૂર જવું પડતું નથી તેમ પર જ્ઞેયો અંદર જ્ઞાનમાં પેસી જતા નથી. હું સ્વતંત્ર છું તો નિમિત્ત વિના કેમ ન જાણું? મારામાં અવધિજ્ઞાનની તાકાત છે, એમ જાણવું. એ રીતે અવધિજ્ઞાન પ્રમાણની વિવક્ષા કરી.

જ્ઞાનની ચોથી અવસ્થા મનઃપર્યયજ્ઞાન છે. બીજા પ્રાણીના મનમાં રમી રહેલાં રૂપી પદાર્થ સંબંધી સંકલ્પ—વિકલ્પને નિમિત્ત વિના જાણે તે મનઃપર્યયજ્ઞાન. હું સ્વતંત્ર છું તો તેની શ્રદ્ધાના જોરમાં ઠરી નિર્મળતા કરું તો તે કેમ ન જણાય? જણાય જ. તે મનઃપર્યાયજ્ઞાનની કબૂલાત છે.

અવધિ અને મનઃપર્યયજ્ઞાન રૂપી પદાર્થોને અંશે પ્રત્યક્ષ જાણે છે. મનઃપર્યયમાં અવધિજ્ઞાન કરતાં સૂક્ષ્મતા (નિર્મળતા) વધારે છે. અવધિ ને મનઃપર્યયનો વિષય પરનો છે. મતિ—શ્રુતજ્ઞાન સ્વનું અંશે પ્રત્યક્ષ અને પરનું બધું પરોક્ષ જાણે છે, પણ પરની બધી અવસ્થા તે જ્ઞાન ન જાણે. કેવળજ્ઞાનમાં દરેક સમયની એકેક અવસ્થામાં ત્રણકાળ-ત્રણલોકના સર્વભાવો એક સાથે જણાય છે. પૂર્ણપણે અનંતને જાણનાર પોતાના ગુણે અનંત છે. એવી સ્વતંત્ર વસ્તુના પૂર્ણ જ્ઞાનને કબૂલનાર હું છું. સામે જગતમાં વસ્તુ અનાદિ અનંત છે તેને જાણનાર સ્વભાવી હું કેમ ન જાણું? માટે જેવું કેવળજ્ઞાનીને સર્વ પ્રત્યક્ષ જ્ઞાન છે તેવું મારે પણ છે. જેવા જેટલા તેમનામાં અનંત ગુણ છે તેવા તેટલા મારામાં દરેક સમયે છે. આમ બેહદ અનંતને એક સાથે કબૂલનારૂં જ્ઞાન છે. જ્ઞાનની કોથળી જ એવડી મોટી છે, કે તેના વિશ્વાસમાં પૂર્ણ સ્વભાવ અને પૂર્ણ પુરુષાર્થસ્વરૂપ પોતે ભળાય છે; ઊણો કે ઉપાધિવાળો હું નથી. મારે ભવ નથી. હું પૂર્ણ સ્વતંત્ર તત્ત્વ છું. મને પરમાં બંધન કહેવું તે શોભતું નથી.

હું નિત્ય વસ્તુ છું. સમયે સમયે પરિણામ—પર્યાય બદલાય છે. અધૂરા જ્ઞાન વખતે નિમિત્ત હોય છે, પણ નિમિત્તથી જાણપણું નથી. નિમિત્તમાં જઈને જાણતો નથી પણ પોતામાં જાણે છે. સમ્યગ્દષ્ટિને પાંચે જ્ઞાન તથા મિથ્યાદષ્ટિને કુમતિ, કુશ્રુત અને કુઅવધિ હોય છે, એમ જ્ઞાનનો રાગમિશ્રિત નિર્ણય કર્યો ત્યારે ઊંચો શુભભાવ થયો. આવા શુભભાવથી પણ જીવ અનંતવાર પાછો ફર્યો છે.

એ બંને પ્રમાતા, પ્રમાણ, પ્રમેયના ભેદને અનુભવતાં તો ભૂતાર્થ છે. સત્યાર્થ છે; અને જેમાં સર્વ ભેદો ગૌણ થઈ ગયા છે, એવા એક જીવના સ્વભાવનો અંતર નિર્મળ

દૃષ્ટિથી અનુભવ કરતાં તેઓ (રાગમિશ્રિત વિચારો) અભૂતાર્થ છે. અસત્યાર્થ છે, એટલે કે રાગાદિ સ્વમાં ટકનારા નથી. જગતમાં પર વસ્તુ છે તે સ્વવસ્તુથી અસત્ છે, એટલે પોતામાં નથી. પર નિમિત્ત ઊણી અવસ્થામાં હોય છે પણ ત્રિકાળી સ્વભાવ ઊણો નથી. તેના વિચારમાં રોકાવાનો રાગ અભૂતાર્થ છે.

ઇન્દ્રિયો તો ક્ષણિક સંયોગપણે નાશવાન છે. મનથી નિર્ણય કર્યો તે રાગમિશ્રિત હતો. તે પરનું અવલંબન ક્યાં સુધી ટકે? કહેવાય છે કે આપ્યું લીધું ક્યાં સુધી ટકે? જીવ અભૂતાર્થ રાગનો આશ્રય છોડી, નિત્ય સ્વભાવનો આશ્રય કરે તો સ્વાશ્રયમાં રાગ નથી.

કોઈ કહે કે અહીં સાંભળીએ ત્યાં સુધી સારા વિચાર રહે છે, પછી રહેતા નથી; પણ એ તો નિમિત્તાધીન દૃષ્ટિ છે. જેમ સગડી છાતીએ બંધાય નહિ પણ તેજાના–ગરમ મસાલા ખાધા હોય અને પુણ્યનો ઉદય હોય તો અંદરમાં ગરમાવો રહે, તેમ મને કોઈ મદદગાર નથી, કોઈ નિમિત્તની અસર મને આવતી નથી, હું પરથી જુદો એકલો પૂર્ણ તાકાતવાળો છું એમ નિર્ણય કરી, વિશ્વાસ કરી, સ્વભાવની નિરાકુળ ગરમી પેદા કરે તો નિમિત્તાધીન દૃષ્ટિનું વજન આવે નહિ, પરાધીનપણું દેખે નહિ.

જીવોની તૈયારી થાય ત્યારે પરમ સત્ય સાંભળવા મળે છે, પણ તેના શુભરાગમાં ન અટકતાં હવે તો અપૂર્વ પુરુષાર્થ કરવો, તે પોતાની અંતર તૈયારીથી થાય છે. આચાર્યે સર્વ શાસ્ત્રનું રહસ્ય એવી અદ્‌ભુત સંકલનાથી ટુંકામાં ક્રમવાર ગોઠવ્યું છે, કે યથાર્થ પાત્રતાથી જે સમજે તે પાછો ફરે નહિ. જ્ઞાન, જ્ઞેય, નિમિત્ત વગેરે જે કહેવાયું તે જાણીને સ્વતંત્ર ધ્રુવસ્વભાવમાંથી જીવ જોર લાવે તો વિકલ્પ તૂટીને સ્વાનુભવથી નિર્મળ અંશ પ્રગટ થાય અને સ્થિરતા વધતાં વધતાં પૂર્ણ પ્રત્યક્ષ કેવળજ્ઞાન પરમાત્મદશા પ્રગટે.

યથાર્થ સમ્યક્‌દર્શનથી અનુભવ થયો કે તુરત જ ઘર છોડીને બધા ચાલ્યા ન જાય. વર્તમાન પુરુષાર્થની નબળાઈ રહે ત્યાં સુધી અધૂરી દશામાં રોકાય છે પણ અધૂરાનો આદર નથી. અંદરમાં ચિદાનંદ ગોળો છૂટો ભાસે છે. કોઈ વિકારી પ્રવૃત્તિ કે વિકલ્પ માત્રનું કર્તાપણું નથી. એકાકાર પૂર્ણ વીતરાગતા ઉપર જે જીવની દૃષ્ટિ છે, તે રાગ છોડીને અલ્પકાળમાં પૂર્ણ વીતરાગ થાય છે. પ્રથમ નવતત્ત્વમાંથી એકને જુદો બતાવીને એકરૂપ નિશ્ચયશ્રદ્ધાનું સ્વરૂપ અહીં બતાવ્યું.

સમ્યક્‌ત્વ પામ્યા પહેલાં નવતત્ત્વ અને પ્રમાણનું જ્ઞાન તો હોય જ; કોઈ વિસ્તારથી જાણે, કોઈ ટુંકામાં જાણે પણ સ્વરૂપના આંગણારૂપ ચિત્તશુદ્ધિનો વ્યવહાર આવ્યા વિના રહે નહિ. બધાં તત્ત્વોનાં નામ આવડે એવો નિયમ નથી. કોઈ ઢોરને પણ સમ્યક્‌દર્શન થાય છે, યથાર્થ આનંદ–શાંતિને વેદે છે અને હિત-અહિતરૂપ ભાવનું ભાસન

તેને બરાબર થાય છે. જેમ કૂતરાને રાતા, કાળા નામની ખબર નથી, અમને કૂતરા કહે છે તેની ખબર નથી, છતાં આ મને વિરોધી છે, આ મને અનુકૂળ છે, એમ દેહદૃષ્ટિથી અનુકુળતા–પ્રતિકુળતાનું જ્ઞાન તેને વર્તે છે; તેમ શબ્દજ્ઞાન ન હોય પણ ભાવજ્ઞાન હોય કે આત્મા પરથી સદાય નિરાળો છે. પરનો કર્તા–ભોક્તા નથી, કોઈ મદદગાર નથી, સ્વતંત્ર છું, પરથી લાભ–નુકશાન નથી; મારૂં સ્વરૂપ અખંડ જ્ઞાનશાંતિરૂપ છે તે આદરણીય છે અને વિકલ્પની લાગણી ઊઠે તે મારૂં સ્વરૂપ નથી. નિમિત્તાધીન લક્ષ કરી વિકલ્પમાં અટકવું, આકુળતામાં અટકવું તે પણ આદરણીય નથી. પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા અને મોક્ષના આશયરૂપે અને ટુંકામાં હેય, ઉપાદેયનું જ્ઞાન સ્વભાવ આશ્રિત કોઈ ઢોરને પણ હોય છે.

તા. ૧૬-૮-૪૩.

આત્મ ત્રિકાળી એકરૂપ ટકનાર, અનંતગુણસ્વરૂપી, પૂર્ણ તાકાતવાળી વસ્તુ છે. તે સદાય અરૂપી જ્ઞાન આકારે છે. જીવ પોતાનો નિત્ય અખંડ સ્વભાવ ન માને અને કર્મના સંયોગને આધીન થતી ક્ષણિક અવસ્થા જેટલો પોતાને માને તે તેની શ્રદ્ધામાં ભૂલ છે. વર્તમાન અવસ્થા પૂરતો આત્મા નથી, તેમાં રાગ–દ્વેષ ભર્યા નથી; પણ બાહ્ય લક્ષ કરવાથી એકેક અવસ્થા પૂરતો નવો વિકારભાવ કરે છે, પણ તે જ વખતે તેનો નાશ કરનાર જીવનો સ્વભાવ શક્તિરૂપે પૂર્ણ નિર્મળ છે. તેનો યથાર્થપણે નિર્ણય કરવાથી જન્મ-મરણના નાશ કરનાર સ્વભાવની પ્રતીતિરૂપ સમ્યક્દર્શનની પ્રાપ્તિ જીવને થાય છે.

પ્રથમ નવતત્ત્વના ભેદ જાણી, ભેદના લક્ષથી છૂટી, ભૂતાર્થ એક સ્વભાવનો આશ્રય કરવાની રીત બતાવી હતી. અહીં બીજી રીતે તે જ વાત જણાવે છે કે પ્રમાણ, નય, નિક્ષેપ તે આત્માને જાણવાના ઉપાય છે, માટે રાગમિશ્રિત વિચાર વડે પ્રથમ આત્માનો પ્રમાણરૂપ સાચો નિર્ણય કરવો.

કાલે પ્રમાણના પ્રકાર કહ્યા. હવે નય (જ્ઞાનની અપેક્ષારૂપ દૃષ્ટિ)નું સ્વરૂપ જણાવે છે. નય બે પ્રકારે છે–દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. ત્યાં દ્રવ્યપર્યાયસ્વરૂપ વસ્તુમાં, દ્રવ્યનો મુખ્યપણે અનુભવ કરાવે તે દ્રવ્યાર્થિક નય છે અને પર્યાયનો મુખ્યપણે અનુભવ કરાવે તે પર્યાયાર્થિક નય છે.

દરેક આત્મા તથા દરેક વસ્તુમાં સામાન્ય–વિશેષ, નિત્ય–અનિત્ય, એમ બે પડખાં

છે. તેને જોનાર દૃષ્ટિથી તે તે પડખાનું જ્ઞાન કરી શકાય છે. બે પડખાંથી એકીસાથે આખી વસ્તુ ખ્યાલમાં લેવી તે જ્ઞાન પ્રમાણ છે. આત્મામાં ત્રિકાળી ટકનાર નિર્મળ અખંડ ગુણસ્વભાવ છે, તે રાગ–દ્વેષ અને ભૂલનો નાશક છે. તે નિત્ય સ્વભાવના પડખે જોનાર જ્ઞાનનો અંશ તે દ્રવ્યાર્થિક નય છે. ગુણથી વિરોધભાવ તે અવગુણ છે, તે ક્ષણિક અવસ્થા પૂરતો, પર તરફના રાગરૂપ વલણથી નવો થાય છે. તે આત્મા સાથે નિત્ય ટકનારો નથી, તેથી તે અભૂતાર્થ છે. અવગુણ મારે જોઈતા નથી એટલે કે મારે પવિત્ર વીતરાગ ભાવ રાખવો છે. તે રાખનારો ત્રિકાળી ટકનાર છે, એમ જાણી અવસ્થા બદલી શકે છે. તે ભેદનું જે લક્ષ કર્યું તે વ્યવહારનય અથવા પર્યાયાર્થિક નય છે.

જેમ સોનું કાયમ ટકનાર ચીજ છે, તે કુંડળ વગેરે અવસ્થામાં એકરૂપ રહેનાર સામાન્ય સોનું જ છે. એમ નિત્ય એકરૂપ સ્વભાવના પડખે જોવું તે દ્રવ્યાર્થિક–નય અને કુંડળ, માળા, હાર વગેરે અવસ્થાના પડખે જોવું તે પર્યાયાર્થિકનય છે, બેઉ પડખાં મળીને આખું સોનું એક ચીજ છે એમ જાણવું તે પ્રમાણ છે. સંસાર અને મોક્ષની બધી પર્યાય મળીને ત્રિકાળી અવસ્થાનો અખંડ પિંડ જ્ઞાનાદિ અનંત વસ્તુ પોતાનો આત્મા છે. તે એકલી શુદ્ધ અથવા અશુદ્ધ અવસ્થા પૂરતો નથી. પ્રગટપણે અવસ્થા એક સમયે એક હોય છે. સંસારની વિકારી દશા એક સમયની સ્થિતિની પણ પ્રવાહે અનાદિથી છે. દરેક સમયે તે અવસ્થા પાછળ ત્રિકાળી ટકનાર અનંતગુણની શક્તિરૂપ સ્વભાવ છે, તેના જોરે તે વિકારી દશાનો નાશ થઈ શકે છે. સ્વભાવમાં વિકાર નથી. વિકાર વખતે પણ વિકારનો નાશક સ્વભાવ દરેક આત્મામાં છે, પણ તેની જેને ખબર નથી તે બાહ્યદૃષ્ટિ વડે પરમાં ઠીક–અઠીક માની અટકે છે. વર્તમાન અવસ્થા પૂરતો રાગ-દ્વેષ થાય તેને પોતાનો માને ભલે પણ પોતે તે રૂપ થઈ જતો નથી.

નિત્ય ટકનાર સોનું તેના આધારે વીંટી, કડાં વગેરે અવસ્થા બદલે છે. વીંટીના આકાર પૂરતું સોનું માની લે તો તેને નિત્ય એકરૂપ ટકનાર સોનાની ખબર નથી. વસ્તુમાં કાયમી ટકનાર સ્વભાવ જોવો તે દ્રવ્યદૃષ્ટિ છે અને પર્યાય (અવસ્થા) બદલે છે, તેનું લક્ષ કરવું તે પર્યાયદૃષ્ટિ છે. પાણી એકરૂપ રહે છે તેમ જોવું તે દ્રવ્યદૃષ્ટિ, તેમાં મોજાં એક પછી એક ફર્યા કરે છે તેમ જોવું તે પર્યાયદૃષ્ટિ છે.

ધ્યાન રાખે તો બધાંને સમજાય તેવી આ વાત છે. બધા આત્મા છે, ભગવાન છે, કોઈ આત્મા સ્ત્રી કે પુરુષપણે નથી. ભગવાન? તારી વાત તને ન સમજાય એમ માનીશ નહિ. જે જે સર્વજ્ઞ પરમાત્મા થયા તેમણે પ્રથમ સાચી ઓળખાણ કરી, પછી અંતર સ્થિરતા કરીને પૂર્ણ નિર્મળ પરમાત્મદશા પ્રગટ કરી છે; એમ અનંતા સિદ્ધ થયા છે.

તીર્થંકર પરમાત્માએ સાક્ષાત્ કેવળજ્ઞાનથી જગતને જન્મ–મરણ ટાળવાનો–પવિત્ર મુક્તદશા કરવાનો સત્ય ઉપાય બતાવ્યો છે. તેમણે અકષાયી કરુણાથી જે નિર્દોષ ઉપદેશ આપ્યો તે જગતના પ્રાણી સમજી શકે તેવો જ આપ્યો છે. સમજી ન શકે, પુરુષાર્થથી ન કરી શકે, કરમ નડી શકે તેવું તેઓએ કાંઈ બતાવ્યું નથી.

આત્મા સ્વભાવે દરેક સમયે નિર્મળ ધ્રુવ છે, પરાશ્રિત રાગાદિ વિકાર તે ક્ષણિક છે. તેને જાણનારો વિકારનો નાશક સ્વભાવ છે, તે ક્ષણિક નથી. એકેક સમય પૂરતી ક્ષણિક અવસ્થા બદલાયા કરે છે. એ રીતે દરેક સ્વપણે નિત્ય એકરૂપ ટકી રહે છે. જીવમાં રાગની વિકારી અવસ્થા કાઢી નાખો તો, અવિકારી અવસ્થાપણે પર્યાય બદલાયા કરે છે. દરેક સમયે બદલતી અવસ્થા કાઢી નાખો તો ધ્રુવ વસ્તુ રહે નહીં. જેમ સો વર્ષની ઉંમરવાળા પુરુષમાંથી એક સમયની અવસ્થા કાઢી નાખો તો આખો પુરુષ ન રહ્યો. વર્તમાન અવસ્થા પૂરતો હું છું એમ માને તો ધ્રુવ ટકનાર વસ્તુ વિના અવસ્થા કોને આધારે થાય છે? જીવ નિરંતર વિચારો બદલાવે છે પણ તે વિચારોને બદલાવનારો તો નિત્ય એકરૂપ ટકી રહે છે. એ રીતે એક વસ્તુમાં નિત્ય–અનિત્ય એમ બે પડખાં છે.

કોઈ ગમે તેવો નાસ્તિક હોય પણ તેના છોકરાને કોઈ કાપવા આવે તો તેને તે ઠીક નહિ માને. આ ખોટું કામ કરવા જેવું નથી, છોકરાને દુઃખ ન થાય એવું સારાપણું રાખવા જેવું છે, એમ તે સ્વીકારે છે. એમાં અપ્રગટપણે એમ આવ્યું કે ખોટાપણા રહિત સારાપણું કાયમ રાખવા જેવું છે અને સારાપણું રાખનારો નિત્ય ટકી શકે છે–ભૂંડી અવસ્થા છોડવાની કબૂલાતમાં પવિત્રપણું અને ભલાપણે ટકી રહેનારપણું કબૂલ્યું છે, એમ નાસ્તિકમાં બે પડખાં માનવાની આસ્તિકતા ઊભી થાય છે. તેને સત્યનું ભાન નથી તોપણ ભૂંડી અવસ્થા વખતે જો સજ્જનતાનો અપ્રગટ સદ્ભાવ ન હોય તો ભલા ભૂંડાનો ખ્યાલ ક્યાંથી આવ્યો? રાગ–દ્વેષ અને ભૂલરૂપ વિકાર વખતે પણ અવિકારી સ્વભાવ શક્તિપણે છે. જેમ દિવાસળીમાં શક્તિરૂપે અગ્નિ છે તે જ પ્રગટ થાય છે. માટે દરેક વસ્તુમાં કાયમ ટકવાપણે શક્તિ અને બદલવાપણે પ્રગટ અવસ્થા એમ બે પડખાંને જોવાની દૃષ્ટિની જરૂર છે.

ભગવાન આત્મા કાયમ એકરૂપ ટકનારી વસ્તુ છે અને વર્તમાન પ્રગટ અવસ્થામાં રાગ–દ્વેષ વિકાર છે, તે એક સમય પૂરતા થાય છે. તે અવસ્થા પાછળ તે જ વખતે વિકારના નાશકપણે અવિકારી સ્વભાવ છે; માટે હું અવગુણપણે નથી પણ નિત્ય નિર્દોષ ગુણપણે છું, એમ જાણી ત્રિકાળી એકરૂપ નિર્મળ સ્વભાવની અખંડતાના પડખે જોવું તે દ્રવ્યાર્થિકનય છે, અવસ્થા જોવી તે પર્યાયાર્થિકનય છે અને બેઉ પડખાંથી આખી વસ્તુ જાણવી તે પ્રમાણ છે. પ્રમાણજ્ઞાનમાં ગૌણ–મુખ્યનો ક્રમ નથી.

આત્માને જે એકાન્ત પક્ષથી નિત્ય જ માને તેને રાગ ટાળી આનંદ પ્રગટ કરવાનું અને પુરુષાર્થ કરી અવસ્થા બદલાવનું ક્યાં આવ્યું? માટે અવસ્થા બદલવાપણું પણ દરેક દ્રવ્યમાં છે એમ માનવું પડશે. એક વસ્તુમાં એક પડખાં એક સાથે છે, તેનો ક્રમથી વિચાર થાય છે. નિત્ય અખંડના પડખે જોતાં ખંડરૂપ અવસ્થાનું લક્ષ ગૌણ થાય છે અને અવસ્થાના વિચારને મુખ્ય કરતાં નિત્ય અખંડતાનું લક્ષ ગૌણ થાય છે. વસ્તુસ્થિતિ એમ છે ખરી, પણ રાગમિશ્રિત વિચારમાં જીવ રોકાય ત્યાં સુધી મનના સંબંધથી રાગની ઉત્પત્તિ થયા કરે છે, પણ નિર્વિકલ્પ અભેદ સ્વભાવનું લક્ષ અને શાંતિનો અનુભવ થતો નથી. માટે તેના વિચારો છોડી, સ્વરૂપમાં એકાગ્રતા પ્રગટ કરવા એકરૂપ સ્વભાવની શ્રદ્ધા કરી, અખંડ સ્વભાવના જોરથી અવસ્થાના ભેદનું લક્ષ ગૌણ થઈ (વિકલ્પ તૂટી) નિર્મળ આનંદનો અનુભવ થાય છે.

ચિત્તશુદ્ધિના આંગણે તો જીવ અનંતવાર આવ્યો છે પણ તે ઓળંગીને એકરૂપ સ્વભાવનું લક્ષ કદી કર્યું નથી. માટે નિર્વિકલ્પ સ્વભાવને ઓળખી વસ્તુનો મહિમા લાવીને પૂર્ણ તરફની રુચિ કરવી જોઈએ. જ્યારે યથાર્થ સ્વલક્ષના જોરે નિર્વિકલ્પ શાંતિના અનુભવરૂપ અંતર એકાગ્રતા થાય છે ત્યારે સમ્યક્દર્શનની નિર્મળ અવસ્થા પ્રગટ થાય છે અને ભ્રાંતિનો નાશ થાય છે, જેમ રોગ મટ્યા પછી અલ્પ નબળાઈ રહે તેની સ્થિતિ લાંબી નથી, પથ્ય સેવનથી નબળાઈ ટળે છે; તેમ સ્વભાવમાં વિરોધરૂપ માન્યતાનો નાશ કર્યા પછી વર્તમાન પુરુષાર્થની નબળાઈ વધુ કાળ રહેતી નથી. વિકારના નાશક સ્વભાવની પ્રતીતિના જોરે અલ્પ કાળમાં પૂર્ણ નિરોગ પરમાત્મદશા પ્રગટ થાય છે. શરીરમાં તો ઉદય પ્રમાણે થાય, પણ સ્વતંત્ર સ્વભાવમાં તો પોતાનું કાર્ય બરાબર થાય જ.

પ્રથમ આત્માનો નિર્ણય કરવા વખતે બે નયોના વિચાર આવે છે તે તે કાળે સત્યાર્થ છે, પણ તે વિકલ્પરૂપે હું નથી એમ ભેદનું લક્ષ છોડી એકરૂપ સ્વભાવનો અનુભવ કરતાં તે વિકલ્પો અભૂતાર્થ છે. શુભ વિકલ્પથી અભેદ સ્વભાવનું લક્ષ અને એકાગ્રતારૂપ અનુભવ થાય નહિ. અંતરના માર્ગમાં કોઈ પર આલંબન કે વ્રતાદિનો શુભરાગ પણ મદદગાર નથી.

**પ્રશ્ન :—**બધાને માટે આ રીતે છે કે કોઈ બીજી રીતે છે?

**ઉત્તર :—**ત્રણકાળ, ત્રણલોકમાં એમ જ છે; કોઈને માટે જુદો માર્ગ નથી. શુદ્ધમાં ઠરી ન શકે ત્યાં અશુભમાં ન જવા પૂરતા વ્રતાદિના શુભ ભાવ વચ્ચે હોય ખરા, પણ તેનાથી અવિકારી સ્થિરતારૂપ ચારિત્ર આવતું નથી. અંદર ગુણની શક્તિ ભરી છે તેના

જોરથી નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રની એકતા થાય છે. પૂર્વાપર વિરોધ રહિત ઓળખાણ વિનાના વ્રતને ઉપચારે પણ વ્રત કહી શકાય નહિ. કોઈ કહે, ''અમારો વ્યવહાર ઊડે છે,'' પણ ખોટાના અભિમાન ભલે ઊડે. વીતરાગે કહેલો વ્યવહાર ઊડતો નથી. પુણ્યભાવ છોડી પાપમાં જવાનું જ્ઞાની કહેતા નથી.

સમ્યક્દર્શન થતાં એકાકાર શાંતિનો અનુપમ અનુભવ થાય છે અને જ્યારે વિશેષપણે જ્ઞાનમાં સ્થિરતા કરે ત્યારે સિદ્ધ પરમાત્મા જેવો અંશે આનંદનો સ્વાદ ગૃહસ્થદશામાં પણ જ્ઞાનીને થાય છે. કોઈ ચક્રવર્તી રાજા હોય તોપણ પોતામાં એકાગ્ર થઈ જ્ઞાન–ધ્યાનનો આનંદ લઈ શકે છે. પોતાની નબળાઈના કારણે સ્ત્રી, મહેલ આદિ પાસે ગૃહસ્થદશાના રાગમાં તે ઊભેલો દેખાય છતાં કોઈ પ્રવૃત્તિ કે સંયોગનો તે ધણી નથી; રાગ–દ્વેષની વૃત્તિ મારું કાર્ય નથી એવી અંતરની ઉદાસીનતા તેને વર્તે છે. હું જ્ઞાનાનંદ છું એવું નિરંતર ભાન તેને વર્તે છે. અહીં તો હજું સમ્યક્દર્શન થતાં કેવી સ્થિતિ અને શું નિર્ણય થાય છે તે કહેવાય છે. મુનિ અને સર્વજ્ઞ કેવળી થયા તેના માટે આ ઉપદેશ નથી.

અહીં કહેવાય છે તેવું ભાન ચોથા ગુણસ્થાને ગૃહસ્થદશામાં શ્રેણિક મહારાજા, ભરત ચક્રવર્તી, પાંડવો વગેરે ધર્માત્માઓને હતું. વર્તમાનમાં ભવ રહિત થવાની અપૂર્વ સાક્ષી જાતે ઊછળીને આવે તેવી આ વાત છે, પણ લોકોને સત્ય સાંભળવા મળ્યું નથી, તેથી આ વાત નવા જેવી લાગે છે પણ મધ્યસ્થ થઈ પરિચય કરે તો જાતે સમજાય તેમ છે. ત્રણકાળના જ્ઞાનીઓનું આ જ કહેવું છે. અજાણ્યાને તો એવો ભ્રમ છે કે સમયસારમાં તો બહુ ઊંચી ભૂમિકાની વાત છે, તેથી આપણને તે સમજાય નહિ, એમ પ્રથમથી જ સમજણનાં બારણાં બંધ રાખે તેને જન્મ–મરણ ટાળવાનો અમોઘ ઉપાય ક્યાંથી સમજાય? જેમ કોર્ટનો અજાણ્યો ખેડુત ત્યાં જતાં અનેક શંકાથી ડરે કે અમલદાર કેવો કડક હશે વગેરે; તેમ આ અઘરી વાત છે એમ ભ્રમથી માની જીવ પ્રથમથી અંતરમાં અભ્યાસ કરવાની ના પાડે છે. સમયસારમાં તો કેવળી માટે કહેલ છે કે એમ કોઈ માને તો, તેની માન્યતા ખોટી છે. આ તો ગૃહસ્થ દશામાં પણ સહજ થઈ પડે તેવી, અંતરમાં અનંતો સવળો પુરુષાર્થ ઉપડે એવી, ભવનો ભય અને જન્મ–મરણની શંકા ટળી જાય એવી આ વાત છે. સત્સમાગમથી પોતાના સ્વભાવનો મહિમા એકવાર યથાર્થ સાંભળે તો કોઈને પૂછવા જવું ન પડે, કૃતકૃત્ય થઈ જાય તેવી અદ્ભુત આ વાત છે, પણ કોઈ દિવસ પરમાર્થના આંગણાનો અભ્યાસ કરવા ન આવે તેને સત્ય કે અસત્ય શું? તે સમજવાનો અવકાશ જ નથી.

સર્વજ્ઞે કહ્યું તેવું જ યથાર્થ શ્રવણ–મનન કરી, સ્વભાવને ઓળખી, શુદ્ધનયના

આશ્રયે અવસ્થાનું લક્ષ ગૌણ કરીને, સ્વભાવના જોરે એકાગ્ર થાય તો પૂર્ણ મુક્ત સ્વભાવની અપૂર્વ શ્રદ્ધા થાય જ. જ્ઞાની ધર્માત્મા ગૃહસ્થદશામાં હોય ત્યાં પ્રસંગ બનતાં લડાઈમાં પણ ઊભા રહે, છતાં હું જુદો છું, કોઈ પર પ્રવૃત્તિનો ધણી નથી. વિકલ્પ માત્રનો કર્તા નથી પણ સાક્ષી છું, કોઈ પ્રકારનો રાગ મારે જોઈતો નથી, એવું ભાન અંતરમાંથી ખસતું નથી.

**પ્રશ્ન :—**એવું ભાન નિરંતર રહેતું હશે?

**ઉત્તર :—**હા, જેમ હું દશાશ્રીમાળી વાણિયો છું તે યાદ કરવું પડતું નથી તેમ હું સ્વતંત્ર જ્ઞાતા છું, ધ્રુવ છું એમ ભાન ખસે નહિ. જેમ દેહના અભ્યાસે, સ્વપ્નમાં પણ કોઈ નામથી બોલાવે તો તુરત જ જવાબ આપે છે. એકભવના દેહનો પરિચય એટલો કે તેનું નામ ન ભૂલે, તો પરથી જુદો અનાદિ અનંત જ્ઞાનસ્વભાવી હું પૂર્ણ છું એવું યથાર્થ ભાન થયું તે કેમ ભૂલે?

**પ્રશ્ન :—**જ્ઞાની થઈ લડાઈમાં જાય?

**ઉત્તર :—**જ્ઞાની મુનિ હોય તે ન જાય, કેમ કે તેમને રાગ નથી, પણ ગૃહસ્થદશામાં રાજા ધર્મી હોય છતાં લડાઈનો પ્રસંગ આવી પડે અને પોતે વર્તમાન નબળાઈથી એવો લડાઈનો રાગ છોડી ન શકે તો લડાઈમાં પણ જોડાય. નબળાઈનો ખેદ છે, આત્મભાન વર્તે છે. બધો રાગ તોડી, મુનિ થઈ પૂર્ણ થાઉં એવી ભાવના લડાઈ વખતે પણ તેને હોય. તે લડાઈમાં દેખાય છતાં સર્વજ્ઞ ભગવાને કહ્યું છે કે તેને તીવ્ર તૃષ્ણા નથી. મિથ્યાદૃષ્ટિ કરતાં તેને અનંતો મદ, રાગ, અલ્પ પરિગ્રહ અને અલ્પ સંસાર છે; અને મિથ્યાદૃષ્ટિ બાહ્યમાં ત્યાગી થઈ ધ્યાનમાં બેઠો હોય છતાં તીવ્ર મૂર્ચ્છારૂપ રાગ અને ઘણો પરિગ્રહ તેના અંતર આશયમાં ભર્યો છે, તેથી તે અનંત સંસારી છે. બાહ્યથી ત્યાગી દેખાય, છતાં અંદરમાં દેહની ક્રિયા અને પુણ્ય—પાપના ભાવનું ધણીપણું છે, વિકારને તે મદદગાર માને છે, તેથી તેણે અનંતો રાગ કરવા જેવો માન્યો છે. દૃષ્ટિ રાગ ઉપર પડી છે ત્યાં સુધી ભલે ઉગ્ર તપશ્ચર્યા કરે તોપણ ભગવાન તેને બાળતપ કહે છે. અનંતવાર જીવ નવ ગ્રૈવેયક સુધી ગયો છતાં ભવ ન ઘટ્યો, તો શું બાકી રાખ્યું હશે? તે વિચારો.

સ્વરૂપમાં પૂર્ણ ઠર્યો નથી તે પહેલાં પરમાર્થ પકડવા અને ઠરવા માટે દૃઢપણે નવતત્ત્વ, નય, પ્રમાણ અને નિક્ષેપના રાગમિશ્રિત વિચારો આવ્યા વિના રહેતા નથી, પણ તે છોડે ત્યારે જ પરમાર્થ પ્રગટે. સ્વભાવના જોરે અનુભવમાં ઠર્યો એટલે વિકલ્પો છૂટી જાય છે અને અંશે રાગનો અભાવ થઈ નિર્મળ પર્યાય પ્રગટ થાય છે.

નય છે તે પ્રમાણ (શ્રુતજ્ઞાન)ના ભેદ છે; નિક્ષેપ જ્ઞેયના ભેદ છે. જ્ઞાન અનુસાર નક્કી થયેલ વસ્તુમાં નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવપણે ભેદ પાડીને જાણવાનો વ્યવહાર તેને નિક્ષેપ કહે છે.

'ભગવાન' શબ્દ સાંભળતાં ચાર પ્રકારે પ્રશ્ન ઊઠે કે કોઈને નામ માત્ર 'ભગવાન' કહી નામના વ્યવહાર પૂરતું કામ છે, કે સ્થાપનારૂપે તાદૃશ વીતરાગ ભગવાનની પ્રતિમાને ભગવાન કહે છે, કે વ્ય એટલે થોડા વખતમાં ભગવાન થવાની સન્મુખતા (યોગ્યતા) જેને છે તેને ભગવાન કહે છે, કે વર્તમાન ભગવાનપણું જેને પ્રગટેલું છે તેની વાત કરે છે.

પિતાની મૂર્તિ અથવા ફોટો જોઈ આ મારા પિતા છે એમ પિતાના વિરહમાં તેના ગુણ પોતાની રુચિ ખાતર સંભારે છે તેમ—આ સર્વજ્ઞ વીતરાગ ભગવાન જ છે, એમ ભગવાનની સ્થાપના પોતાના ઉત્કૃષ્ટ સ્વભાવની પુષ્ટિ ખાતર કરવી તે સ્થાપના નિક્ષેપ છે. પૂર્ણ વીતરાગ થઈ ગયા તેની જેને યથાર્થ ઓળખાણ છે પણ પોતાને પૂર્ણ દશા ઊઘડી નથી, તેને પૂર્ણ વીતરાગતા યાદ કરતાં કરતાં, પૂર્ણ નિમિત્ત પ્રત્યે ગુણના બહુમાનરૂપે ભક્તિ ઊછળી આવે છે. વીતરાગ ભગવાનની પ્રતિમા પ્રત્યે શુભરાગ એક તો વીતરાગને ન આવે અથવા અજ્ઞાની મૂઢને ન આવે; પણ જેને યથાર્થ સત્ય સ્વભાવની રુચિ થઈ છે તેને સંસાર તરફનો અશુભરાગ બદલાવી વીતરાગતાના સ્મરણનો શુભરાગ આવ્યા વિના રહેતો નહિ, એવો ત્રિકાળ નિયમ છે. આવી વસ્તુ સ્થિતિ વચલી દશામાં હોય છે એમ જે ન જાણે, તેને વ્યવહારશુદ્ધિના શું પ્રકાર છે તેની ખબર નથી; એટલે કે પોતામાં પરિણામ સુધારતાં વચ્ચે શુભરાગમાં શું નિમિત્ત હોય છે, તેની ખબર નથી અને ખબર વિનાનો સત્‌નો અનાદર કર્યા કરશે.

તા. ૧૭-૮-૪૩.

દેવ, ગુરુ, શાસ્ત્ર, નવતત્ત્વ તથા અધૂરા જ્ઞાનમાં ઇન્દ્રિય વગેરે નિમિત્ત છે, તેને જ્ઞાન બરાબર જાણે; ઉપાદાન નિમિત્તની સ્વતંત્રતા બરાબર જાણે; નિમિત્તથી કામ થાય કે કોઈની મદદ જોઈએ એમ ન માને. નિમિત્તાધીન દૃષ્ટિવાળા તો નિમિત્ત મળે ત્યારે કામ થાય એમ નિમિત્ત ઉપર વજન આપે છે. સ્વતંત્ર સ્વભાવમાં પૂર્ણ તાકાત છે તેની તેમને ખબર નથી.

અરૂપી વસ્તુ રૂપીમાં કાંઈ પ્રેરણા કરી શકે નહિ અને પર ચીજ આત્મામાં કાંઈ અસર કરી શકે નહિ; કારણ કે દરેક ચીજ પરથી ભિન્ન અને સ્વતંત્ર છે. આટલું જે ન માને તેણે બે તત્ત્વો જુદાં માન્યાં નથી.

નામ, સ્થાપના અને દ્રવ્ય તે ત્રણ નિક્ષેપ તો દ્રવ્યાર્થિક નયનો વિષય છે, ભાવ નિક્ષેપ પર્યાયાર્થિક નયનો વિષય છે. નામ અને સ્થાપના એ બે નિક્ષેપ નિમિત્તને સંજ્ઞાથી તથા આકારની સ્થાપનાથી ઓળખવાના વ્યવહાર માટે પ્રયોજનવાન છે. દ્રવ્ય નિક્ષેપ પોતામાં ઘટાવે તો તે સ્વરૂપ સન્મુખતાપણે હોવાથી વર્તમાન ભાવ નિક્ષેપનું ઉપાદાન કારણ છે. ભાવ નિક્ષેપ તેનું વર્તમાન પ્રગટ ફળ છે.

નામ નિક્ષેપ :—લોક વ્યવહારમાં વસ્તુને ઓળખવા માટે નામની સંજ્ઞા આપવી. તેમાં કોઈ ગુણ, જાતિ કે ક્રિયાનો સંબંધ હોવાની જરૂર નથી, માત્ર નામ પૂરતું કામ છે. ભગવાન, રાજા અથવા મહાવીર એવાં નામો લોકમાં ગમે તેના પાડવામાં આવે છે, તેને ગુણ સાથે સંબંધ નથી. એમ જાણે તો નામના ઝગડા રહે નહિ. ધર્મવિજય નામ હોય અને પાપી હોય તેથી તે નામ કાઢી નાખો, એમ ન ચાલે.

સ્થાપના નિક્ષેપ :—'આ તે છે' એમ અન્ય વસ્તુમાં અન્ય વસ્તુનું પ્રતિનિધિત્વ સ્થાપવું (—પ્રતિમારૂપ સ્થાપન કરવું) તે સ્થાપના નિક્ષેપ છે. વીતરાગ સ્વભાવની તાકાત ભાળે તે ભગવાનની મૂર્તિમાં તેની ઓળખાણનું બહુમાન સ્થાપે.

દૃષ્ટિ ઉઘડ્યા પછી 'સર્વ જીવ છે સિદ્ધ સમ' એમ પોતાની ગુણદૃષ્ટિનો વિકાસ કરી, બધા આત્મામાં સિદ્ધ ભગવાનપણું સ્થાપે છે.

સ્થાપના નિક્ષેપમાં સમજવા જેવી વાત છે. સત્યમાં પક્ષ નથી. લાયક જીવ વીતરાગની મૂર્તિ દેખી તેને અક્રિય પૂર્ણ પવિત્ર શાંત જ્ઞાનઘન સ્વભાવનું સ્મરણ કરવામાં નિમિત્ત બનાવે છે. પોતાની ઓળખાણના પૂર્ણ સાધ્યભાવનું સ્થાપન ગુણનું રુચિ ખાતર કરે છે. આ તે જ વીતરાગ પરમાત્મા છે, ભગવાન સાક્ષાત્ બિરાજે છે એમ જેણે પોતાના પરમાર્થનો નિર્ણય ધારી રાખ્યો છે તે સંભારે છે. મારો આવો પૂર્ણ સ્વભાવ શક્તિપણે છે એમ સ્વાનુભવ સહિત પૂર્ણનું માહાત્મ્ય વર્તે છે. પૂર્ણ થયો નથી ત્યાં રાગ રહે છે, તેથી સંસાર તરફનો રાગ બદલાવી વીતરાગ મુદ્રા—જિન પ્રતિમામાં પોતાના ભાવનું સ્થાપન કરે છે. જેને વીતરાગની યથાર્થ શ્રદ્ધા થઈ ગઈ છે તેને વીતરાગની પ્રતિમા ઉપર પરમાત્માપણું સ્થાપવાનો ભક્તિભાવ ઊછળ્યા વિના રહે નહિ.

''જિન પ્રતિમા જિન સારખી, ભાખી આગમ માંહિ.'' પોતાનો સાધકભાવ અધૂરો છે, એટલે પૂર્ણ સાધ્યભાવનું બહુમાન ઉછાળીને તેમાં પૂર્ણ નિર્મળ ભાવનું સ્થાપન કર્યું,

તેનો આરોપ શાંત વીતરાગની મૂર્તિ ઉપર કરે છે. પૂર્ણની ઓળખાણવાળો ગુણના સ્મરણ માટે ભક્તિભાવ ઉછાળે છે. નિમિત્ત ખાતર ગુણ નથી પણ ગુણ ખાતર નિમિત્ત છે, તેમાં રાગ રહ્યો તે ગુણકર નથી પણ અંતર વીતરાગી સ્વભાવની રુચિનું વલણ છે તે ગુણકર છે. ભક્તિના બ્હાને પોતાની રુચિમાં એકાગ્રતા વધારે છે. ભક્તિ–સ્તુતિમાં રાગનો ભાગ રહે છે પણ રાગ મારું સ્વરૂપ નથી. હું તો રાગનો નાશક છું, રાગ મદદગાર નથી પણ પૂર્ણ વીતરાગી સ્વભાવની રુચિ મદદગાર છે એવા સ્વભાવના નિર્ણય વિનાનો ભગવાન પાસે જઈ શું સંભારશે? કોની પૂજા–ભક્તિ કરશે? રાગની પૂજા–ભક્તિ કરશે.

સર્વજ્ઞ ભગવાન તો પૂર્ણ વીતરાગ જ્ઞાનાનંદથી પૂર્ણ છે. તેઓ અહીં આવતા નથી. અધૂરી ભૂમિકામાં સાધકને અનેક પ્રકારનો રાગ રહે છે, તેથી રાગના નિમિત્તનું અવલંબન પણ અનેક પ્રકારે હોય છે. કોઈને શાસ્ત્ર–સ્વાધ્યાયની મુખ્યતા હોય, કોઈને વીતરાગની ભક્તિ–પૂજા, તો કોઈને ધ્યાન સંયમ વગેરેની મુખ્યતા હોય. આવી સ્થિતિ સાધકદશામાં હોય છે તેમ જે ન જાણે તેને નીચલી ભૂમિકામાં શુભરાગના કયા નિમિત્તો હોય છે તેની ખબર નથી; અને તેથી જ્ઞાનમાં ભૂલ છે. સમ્યક્જ્ઞાન ચોથે ગુણસ્થાનેથી જ હોય છે છતાં પૂર્ણ વીતરાગતા પ્રગટ થઈ નથી, તેથી તેને પૂર્ણ વીતરાગીનું બહુમાન રહે છે અને શુભરાગમાં વીતરાગની પ્રતિમા દેખતાં ગુણનો આરોપ આવી જાય છે, પોતાના પિતાનો ફોટા ઉપર જેમ પ્રેમ આવે છે તેમ ધર્માત્માને પૂર્ણ વીતરાગની મૂર્તિ દેખી તે તરફ ભક્તિ ઊછળે છે, એવી ત્રિકાળ સ્થિતિ છે. ભક્તિ વગેરેનો શુભરાગ પણ ગુણકર નથી, પણ અકષાયી સ્વભાવની રુચિના જોરે રાગ ટાળી ગુણની રુચિમાં જેટલો ટક્યો તેટલો નિરાકુળ ભાવ ગુણ કરે છે, એમ અંતર ગુણની દૃષ્ટિમાં ભાન હોય છે.

**પ્રશ્ન :**—રાગ નુકશાનકારક જ છે તો પછી જ્ઞાની રાગમાં કેમ જોડાય?

**ઉત્તર :**—જેમ કોઈને એકસો રૂપિયા દંડ ભરવો પડે તેમ છે તેને બદલે કોઈ રીતે પાંચ રૂપિયા દંડ ભરી પંચાણું રૂપિયા બચાવે છે પણ એકપાઈ દંડ ભરવાનો અભિપ્રાય નથી; તેમ ધર્મી જીવને પૂર્ણ વીતરાગતાનો જ સ્વીકાર છે. અંશમાત્ર રાગ મારું સ્વરૂપ નથી, કોઈ જાતનો રાગ કરવા જેવો નથી તેમ જાણે છે, છતાં નબળાઈ છે ત્યાં અશુભમાંથી બચવા શુભ આલંબનમાં એટલે કે વ્રત, તપ, સંયમ, ભક્તિના શુભ ભાવમાં હેયબુદ્ધિથી આવવું પડે પણ તે રાગ ઉપર વજન નથી, હિતબુદ્ધિ નથી. દૃષ્ટિ ગુણ ઉપર પડી છે, તેથી રાગની આકુળતાનો નકાર વર્તે છે. એ રીતે શુદ્ધદૃષ્ટિ છતાં તે રૂપે પૂરો ઠરી ન શકે ત્યાં રાગ રહે છે અને રાગમાં પર નિમિત્ત હોય જ છે, તેથી ત્યાં વીતરાગ ભગવાનની મૂર્તિનું શુભ આલંબન આવ્યા વિના રહેતું નથી. જેને પૂર્ણ વીતરાગતાની રુચિ છે તેને પૂર્ણ થયેલા નિમિત્ત એટલે વીતરાગની મૂર્તિ દેખતાં આ તે જ છે, એમ

બહુમાન કરતાં ભક્તિનો શુભરાગ આવ્યા વિના રહેતો નથી.

''કહત બનારસી અલપ ભવ થિતિ જાકી,
સોઈ જિન પ્રતિમા પ્રવાનૈ જિન સારખી.'' ૩.

*(સમયસાર નાટક, અધિકાર ૧૩.)*

જેના અંતર નિર્મળ જ્ઞાનમાં જિનેશ્વર ભગવાનના ન્યાયનો પ્રવેશ છે, તે જીવ સંસાર સાગરને પાર ઊતરી કાંઠે આવ્યો છે. વીતરાગ દૃષ્ટિમાં ભવનો અભાવ છે. તેવો લાયક જીવ જિન પ્રતિમામાં શાશ્વત જિનેશ્વર પરમાત્માનું આરોપણ કરે છે, તેનું નામ સ્થાપના નિક્ષેપ છે. તેમાં ખરી રીતે સત્‌નું બહુમાન છે. ભગવાન થઈ ગયા તેમને ઓળખીને ભગવાનનો સેવક પુરુષાર્થ વડે પોતાની ઊણપ મટાડી ભગવાન થઈ જાય છે. પરમાત્માને ઓળખનાર પરમાર્થે પરમાત્માથી અધૂરો ન હોય, તે ગોઠેલા પૂર્ણ ગુણને વધારી, તેમાં ઉત્સાહ લાવી, પૂર્ણ પવિત્ર સ્વભાવનું સ્મરણ કરી, બહુમાન વડે ઈષ્ટ નિમિત્ત (પ્રતિમા)માં સાક્ષાત્ પરમાત્મપણાને આરોપ કરે છે; તે નિમિત્તનું મહામાન કરે છે એમ વ્યવહારે બોલાય પણ પોતાની અધૂરી અવસ્થાને ગૌણ કરી, પોતાના આત્મામાં પૂર્ણ પરમાત્મદશાનું સ્થાપન કરે છે. કોઈ જીવ પર દ્રવ્યની ભક્તિ ખરેખર કરતો નથી. ધનવાનને ઓળખીને, ધનવાનના વખાણ કરનારો તે વ્યક્તિના ગુણ ગાતો નથી પણ પોતાને લક્ષ્મીની રુચિ છે, તેથી તે રુચિના વખાણ લક્ષ્મીના રાગ અર્થે કરે છે. દૃષ્ટાંત, એકદેશ હોય. લક્ષ્મી તો પુણ્ય હોય તો મળે પણ અહીં તો પવિત્રતાનો લાભ જરૂર થાય.

પરમાર્થે આત્મા નિરાલંબી, અસંયોગી છે. નિમિત્ત આધીન કોઈને ગુણ થતો નથી એવા સ્વાધીન સ્વરૂપને સ્વીકારીને, ધર્માત્મા પોતાના શુદ્ધ ઉપયોગમાં ટકી ન શકે ત્યારે તીવ્ર કષાયમાંથી બચવા માટે સત્ નિમિત્તનું બહુમાન કરે છે; તેમાં રાગનો અંશ છે તેનો નકાર વર્તે છે. જેને વીતરાગનો રાગ હોય તેને રાગનો રાગ નથી. વીતરાગ ઉપર વજન વધતાં આ વીતરાગપણું સદા ટકી રહે એવી પૂર્ણતાની રુચિનો પુરુષાર્થ ઊછળે છે.

પોતાના જ્ઞાનની સ્વચ્છતામાં સામે નિમિત્ત વીતરાગની પ્રતિમા દેખાય છે, પણ ધર્માત્મા પરદ્રવ્યને નહિ જોતાં તે નિમિત્ત સંબંધી પોતાના જ્ઞાનને જુએ છે; જ્ઞાનની પરિણતિરૂપ ક્રિયાને કરે છે. બેહદ પૂર્ણ સ્વભાવને લક્ષમાં લઈને ગુણનું બહુમાન કરે છે. અંદર ભાનમાં પૂર્ણ વીતરાગપણાની ભાવના ઘોળાય છે, તે ભાવ અનંતો સંસાર કાપી નાખનાર ખરો પુરુષાર્થ છે. પ્રતિમાજી સામે ભક્તિ વખતે જિન સ્તુતિમાં નિમિત્તરૂપ દ્રવ્ય વચન (વાણી) ખરે છે, તે પરમાણુની યોગ્યતા છે તે મુજબ ખરે છે એમ જ્ઞાતા જાણે છે, હું તેનો કર્તા નથી, હું તો સદાય અરૂપી જ્ઞાતા સાક્ષી છું, શબ્દાદિ વિષયોથી જુદો

અરાગી, અખંડ જ્ઞાયક છું, નિરાવલંબી છું, દેવ, ગુરુ, ધર્મ પણ પૂર્ણ પવિત્ર વીતરાગી છે, એમ ઓળખાણનું બહુમાન એને થયું છે, તેને સાચા નિમિત્તનું પણ બહુમાન થશે જ, કેમ કે તે ખરેખર પોતાની અકષાય રુચિનું બહુમાન છે. પવિત્ર વીતરાગ ધર્મની રુચિ હોય ત્યાં સંસારના અપ્રશસ્ત રાગની દિશા આ રીતે બદલાય છે. જે અનંતાનુબંધી કષાય અને મિથ્યાદર્શનશલ્યમાં જોડાયો છે તેને સાચા નિમિત્તનું ખરૂં બહુમાન કે ભક્તિ નહિ જાગે.

વીતરાગની રુચિવાળો વીતરાગની રુચિની જાહેરાત બે પ્રકારે કરે છે. (૧) વિકલ્પદશામાં છે ત્યારે શુદ્ધના લક્ષ સહિત રાગ તોડવાનો પુરુષાર્થ કરે છે પણ તેમાં પોતાની નબળાઈથી જે રાગ રહી જાય છે તે શુભભાવ છે અને તેમાં શુભ નિમિત્ત હોય જ. આ પ્રમાણે તે વ્યવહારધર્મની ભક્તિ અને પ્રભાવના પોતા માટે કરે છે. (૨) નિર્વિકલ્પ સ્વરૂપસ્થિરતા વખતે અભેદ એકાકાર વીતરાગભાવની દઢતાની જમાવટ કરે છે તે નિશ્ચય પ્રભાવના છે. ગુણથી ગુણ ખીલે છે, નિમિત્તથી નહિ. નિમિત્તની હાજરી માત્ર હોય છે. ગુણ ઊઘડે ત્યારે નિમિત્તને ઉપકારી કહેવાય એ લોકોત્તર વિનય છે. નિમિત્ત ઉપકારી છે એમ વ્યવહારે બોલાય છે પણ નિશ્ચયથી તો સ્વઉપાદાન પોતે પોતાને ઉપકાર કરે છે.

વીતરાગની મૂર્તિ હથિયાર, વસ્ત્રમાળા, અલંકાર અને પરિગ્રહ—એ પાંચ દોષ રહિત હોય છે. તે નગ્ન, સુંદર, શાંત, ગંભીર અને પવિત્ર વીતરાગનો જ ખ્યાલ આપે તેવી હોય છે. તદાકાર વીતરાગ ભગવાનનું જે પ્રતિનિધિત્વ જણાવે એવી પ્રતિમાને નિર્દોષ વીતરાગની (જિનમુદ્રાવાળી) પ્રતિમા કહેવાય.

માયા, નિદાન, મિથ્યાદર્શન—એ ત્રણ શલ્ય રહિત પવિત્ર વીતરાગ સ્વરૂપની જેને રુચિ છે, રાગ—દ્વેષ, અજ્ઞાન રહિત કેવળ વીતરાગસ્વભાવનો જ જેને પ્રેમ છે, તેને સર્વોત્કૃષ્ટ પવિત્ર નિમિત્ત પરમ ઉપકારી એવા નિર્દોષ દેવ—ગુરુ—ધર્મ પ્રત્યે તથા ધર્માત્મા પ્રત્યે ધર્માનુરાગ અમુક ભૂમિકા સુધી રહે છે. છઠ્ઠા ગુણસ્થાન સુધી વીતરાગનો રાગ રહે છે. દૃષ્ટિમાં જેને રાગ હોય છે તેને વીતરાગની રુચિ છે. રાગ હું નહિ એવું જ્યાં ભાન છે ત્યાં વીતરાગની ભક્તિ આદિનો શુભરાગ હોય છે, પણ રાગને તે બંધન માને છે. રાગનો જેને નકાર વર્તે છે એવા જીવને અકષાયપણાના લક્ષે રાગનો ઘટાડો અને શુદ્ધતાનો વધારો થાય છે. સ્વભાવના જોરે રાગ ટળ્યો તેટલો તે ગુણ માને છે પણ બાકી રહ્યો તેને હેય માને છે.

હું સ્વાધીન સ્વરૂપે પૂર્ણાનંદ અભેદ વીતરાગ છું એમ સત્‌ની રુચિ લંબાવીને

વીતરાગ ભગવાનની પ્રતિમાજીને નિમિત્ત બનાવી, પરમાત્માનું સ્વરૂપ સંભારી, પૂર્ણ વીતરાગભાવનું પોતાના જ્ઞાનમાં સ્થાપન કરે અને ઉઘડેલા ગુણ વડે પૂર્ણનો આદર કરે તે વીતરાગ ભગવાનની પોતામાં સ્થાપના છે. આ રીતે સ્થાપના નિક્ષેપ છે એમ સર્વજ્ઞે કહ્યું છે.

દ્રવ્ય નિક્ષેપ :—વસ્તુમાં જે અવસ્થા વર્તમાન પ્રગટ નથી પણ તેમાં યોગ્યતા જોઈને ભૂતકાળમાં થયેલ અથવા ભાવિકાળે થનાર અવસ્થાથી વસ્તુને વર્તમાનમાં કહેવી તે દ્રવ્ય નિક્ષેપ છે. જેમ રાજપુત્રમાં રાજા થવાની લાયકાત જોઈને તેને વર્તમાનમાં રાજાપણે ઓળખાવવો; અથવા જે એક બે ભવમાં મોક્ષદશા પ્રગટ કરવાના છે તેને વર્તમાનમાં સિદ્ધ પરમાત્મા કહેવા અથવા તીર્થંકરપદે, તેરમા ગુણસ્થાને પહોંચ્યા નથી તેને જન્મ કલ્યાણક વખતે તીર્થંકર સમજીને ઈન્દ્રો અનેક દેવો સાથે, તેમના જન્મનો ઉત્સવ કરે છે, તે ભાવિ દ્રવ્ય નિક્ષેપ કહેવાય. આવતી ચોવીસીમાં પ્રથમ તીર્થંકર થનારા શ્રેણિક મહારાજાનો જીવ વર્તમાનમાં પ્રથમ નારકક્ષેત્રે છે, છતાં વર્તમાનમાં તે ભાવિ દ્રવ્ય નિક્ષેપ છે અને મગધ દેશના રાજાપણે ઓળખવા તે ભૂત દ્રવ્ય નિક્ષેપ છે; કારણ કે બેઉ પ્રકારને ભાવ વર્તમાનમાં પ્રગટ નથી પણ શક્તિરૂપ યોગ્યતા છે તેના વર્તમાનમાં આરોપ કરી તે રૂપે ઓળખવાનો વ્યવહાર છે.

શ્રેણિક મહારાજાનો જીવ આવતી ચોવીસીમાં પ્રથમ તીર્થંકર પદ પામશે, જેવા ભગવાન મહાવીર આ ચોવીસીમાં છેલ્લા તીર્થંકર હતા, લગભગ તેવી સ્થિતિ તે કાળ પ્રથમ તીર્થંકરની થવાની છે. તેઓ અત્યારે પ્રથમ નારક ક્ષેત્રમાં ચોરાશી હજાર વર્ષના આયુષ્યની સ્થિતિથી છે. તેમણે એક મહા મુનિની અશાતના કરેલી. તેમના ગળામાં મરેલો સાપ નાખ્યો, તેથી કીડીઓએ મુનિના દેહને કોરી નાખ્યો હતો. ત્યાં રાજાએ વીતરાગી સાધક ધર્મનો અનાદર કર્યો, એ તીવ્ર કષાયનું ફળ નારક ક્ષેત્રમાં આવે છે, તેથી ત્યાંનું આયુષ્ય બંધાયું. તે ક્ષેત્રે તીવ્ર પ્રતિકુળતાના સંયોગો છે, છતાં તેઓ ક્ષાયિક સમકિતી છે, તેથી ત્યાં પણ આત્માની શાંતિ ભોગવે છે. ત્રણ કષાય જેટલો રાગ છે, તેથી પોતાની નબળાઈ પૂરતું દુઃખ છે, સંયોગથી દુઃખ નથી. ત્યાં આયુષ્ય પૂરું થવા પહેલાં છ મહિને નવું આયુષ્ય બંધાશે, ત્યારે ભવિષ્યમાં થનાર તીર્થંકરની માતા પાસે ઈન્દ્રો આવી, નમન કરી, રત્નો વરસાવશે અને જ્યારે નરકાયુ પૂરું થઈ તેઓ માતાના ગર્ભમાં આવશે ત્યારે ઈન્દ્રો માતાની સ્તુતિ કરી મોટો ઉત્સવ કરશે; પછી જન્મસમયે ઈન્દ્રો ચરણ સેવશે અને વર્તમાન સાક્ષાત્ તીર્થંકર પરમાત્મા છે, એમ ભક્તિ વડે વીતરાગતાનું બહુમાન કરશે, ઈન્દ્ર પોતે સમ્યક્દૃષ્ટિ છે તેને પૂર્ણ વીતરાગતા ગોઠી છે તે નજીક લાવવા માટે વીતરાગતાનો આરોપ કરી ભક્તિ કરે છે.

**પ્રશ્ન :—**નરકમાં તો પાપ અને દુઃખના સંયોગ છે ત્યાં આત્માની શાંતિ ક્યાંથી લાવે?

**ઉત્તર :—**ઘણી વખત ન્યાયથી કહેવાય છે કે સંયોગના કારણે સુખ–દુઃખ, પુણ્ય–પાપ નથી; ધર્મ પણ સંયોગના કારણે નથી. પોતાના ભાવ અનુસાર નિમિત્ત–સંયોગમાં આરોપ કરીને કહેવાનો વ્યવહાર છે. પર સંયોગથી કોઈને દુઃખ નથી, પણ જીવ માને કે પરનું હું કાંઈ કરી શકું, પર મારૂં સુધારી કે બગાડી શકે છે એવી માન્યતા જ રાગ-દ્વેષરૂપ દુઃખની ખાણ છે; પરમાં પોતાપણું માની તેમાં ઠીક–અઠીક ભાવની આકુળતામાં રોકાવું તે જ દુઃખ છે. તીવ્ર પાપના ફળરૂપે નરકક્ષેત્રે તે સંયોગ છે છતાં સાતમી નરકમાં અપૂર્વ આત્મભાન પામી અંશે શાંતિ જીવ મેળવી શકે છે. અંદર શક્તિ પણે પૂર્ણ શુદ્ધ છે તેમાં ઠરવાની રીત તે બરાબર જાણે પણ પુરુષાર્થની નબળાઈથી જેટલો રાગ કરે તેટલું દુઃખ છે. નરકમાં પણ અમુક સ્થિરતાનો આનંદ સમ્યક્દૃષ્ટિ થાય તેને હોય છે.

કોઈ મહા પાપ કરી નરકમાં જાય તેને ત્યાં જાતિસ્મરણ જ્ઞાન થાય, અથવા તેની તૈયારીના કારણે કોઈ ધર્માત્મા દેવ પૂર્વનો મિત્ર હોય તે સમજાવવા આવે અથવા એટલા દારૂણ દુઃખની વેદના વખતે અંદર વિચારોમાં રોકાતાં પૂર્વે કરેલો સત્સમાગમ યાદ આવે કે અહો! આત્મકલ્યાણની યથાર્થ વાત જ્ઞાની પાસેથી સાંભળી હતી પણ દરકાર કરી ન હતી. સત્ય વાતનો અંશે સ્વીકાર કર્યો પણ પરિપૂર્ણપણે અંદરમાં તે સત્‌ની રુચિ કરી ન હતી; તેથી તીવ્ર પાપમાં રોકાયો તેનું આ ફળ છે, એમ વિચાર કરતાં જરા વિકલ્પ છૂટી, અંતરમાં એકાગ્ર થતાં સમ્યક્દર્શન નવું પામે છે. સાતમી નરકમાં પણ એવું યથાર્થ ભાન થાય છે.

શ્રેણિક રાજા વર્તમાનમાં પહેલી નરકે છે પણ ત્યાં ક્ષાયિક સમ્યક્ત્વ છે, તે છૂટે નહિ. પુરુષાર્થથી ઘણો કષાય તોડી નાખ્યો છે છતાં ચોથું ગુણસ્થાન છે, બાકીને કષાય છે તે પોતાના પુરુષાર્થની ઉણપ છે, શ્રેણિક રાજાને વર્તમાનમાં દ્રવ્ય નિક્ષેપે તીર્થંકર કહેવાય છે. અષ્ટાપદ પર્વત ઉપર ભરત મહારાજાએ ત્રણ ચોવીસીના તીર્થંકર ભગવાનનાં રત્નમય જિનબિંબ કરાવી તેને વંદન કર્યું હતું. તેમાં શ્રેણિક ભગવાનનો જીવ જે આવતી ચોવીસીમાં પ્રથમ તીર્થંકર થશે, તેમની સ્થાપના પણ આવી ગઈ.

નિમિત્તમાં અખંડ વીતરાગતા કબૂલનાર ઉપાદાનમાં પોતે અખંડ છે, તેથી વીતરાગને નજીક માગે છે. ત્યાં શુભ રાગથી નિમિત્તને સંભારી દ્રવ્ય નિક્ષેપે વંદન કરે છે. મધ્યસ્થ થઈ ધીરજથી સમજવા જેવી આ વાત છે. ઘણા જીવો નિક્ષેપમાં સમજતા નથી, તેથી પોતાની કલ્પનાથી ગોટાવાળે છે. સ્થાપના નિક્ષેપમાં ત્રણે કાળ વીતરાગની

મૂર્તિ છે, તેને ભાવમાં ખતવે છે, નિમિત્તને અને શુભ રાગને એક માને છે, શુભ રાગને આત્મામાં મદદગાર માને છે, ત્રિકાળ જૂઠાણું છે. વિકારરૂપ કારણ ઘણું સેવું તો ઘણો ગુણ થાય એમ ઝેરનો સરવાળો અમૃતરૂપે તે માને–મનાવે છે.

જન્મ–મરણની ઉપાધિ નાશ કરવાનો પ્રથમ ઉપાય સમ્યક્‌જ્ઞાન છે. જેને જેની જરૂરિયાત જણાતી હોય તેમાં તેનો પુરુષાર્થ થયા વિના રહે નહિ. વસ્તુની કિંમત થતાં તેનું માહાત્મ્ય આવ્યા વિના રહે નહિ અને પરિપૂર્ણ સ્વતંત્ર સત્‌ને બતાવનાર નિમિત્ આવા પૂર્ણ વીતરાગ જ હોય, એમ કબૂલનાર પોતાના ભાવમાં પૂર્ણનો મહિમા ગાયા વિના રહે નહિ. જેવા પૂર્ણ વીતરાગ સિદ્ધ પરમાત્મા છે તેવો જ હું છું, એમ પૂર્ણતાનો યથાર્થ આદર થતાં સંસાર પક્ષમાં તુચ્છતા જણાયા વિના રહે નહિ. દેહાદિ અનિત્ય સંયોગમાં, પુણ્ય–પાપ, આબરૂ, પૈસા વગેરેમાં જે શોભા માનતો, પરમાં ઠીક–અઠીક માનતો તે ભૂલ હતી એમ જાણીને, સ્વભાવનો મહિમા લાવીને પર તરફની રુચિ તોડી એટલે પુણ્યાદિ સંયોગને સડેલા તૃણ જેવા માને છે, પુણ્યમાં મીઠાશ છૂટી જાય છે. જે બાહ્ય સંયોગનું અભિમાન કરતો, શુભાશુભનું ધણીપણું કરતો, પુણ્ય, દેહ, ઇન્દ્રિયોમાં સુખ માનતો તેમાં તુચ્છતા અને એકલા વીતરાગી પૂર્ણ સ્વભાવનો મહિમા થતાં દૃષ્ટિમાં તે જ ક્ષણે પરનો આદર છૂટી આખા સંસાર પક્ષના ત્યાગનો અનુભવ થાય છે. એટલે પરમાં કર્તા–ભોક્તાપણા રહિત જુદો અવિકાર જ્ઞાયક જ છું, એવો અનુભવ સાક્ષાત્ પ્રગટ થાય છે.

પુણ્ય–પાપની પ્રવૃત્તિ મારું સ્વરૂપ નથી, હું તો તેનો નાશક છું એમ જાણ્યું છતાં તે જ વખતે બધો રાગ જીવ ટાળી ન શકે. શ્રદ્ધામાં પર વસ્તુ પ્રત્યેના રાગનો ત્યાગ કર્યો, પરમાં કર્તાપણાને ત્યાગ કર્યો છતાં વર્તમાન પુરુષાર્થની નબળાઈથી પુણ્ય–પાપમાં જોડાય છે અને અશુભથ બચવા માટે શુદ્ધતાનું લક્ષ ટકાવીને વ્રત, સંયમ આદિ શુભભાવમાં જોડાય છે પણ રુચિમાં કોઈ રાગનો આદર નથી. જે ભાવે ઇન્દ્રપદ મળે, તીર્થંકર નામ કર્મ બંધાય તે પુણ્ય ભાવ પણ વિકાર છે. વિકારી ભાવ અને તેનું ફળ સંયોગી નાશવાન ચીજ, તેનો જેને આદર છે તેને અવિકારી નિત્ય સ્વભાવનો આદર નથી, કારણ કે પુણ્યના સંયોગ પણ ફૂટેલા કાચ જેવા છે, તે આત્મા સાથે રહેનાર નથી.

પ્રભુ! તારી મહત્તાનાં ગાણાં ગવાય છે. તેં અનાદિથી પરની માંડી છે કે પર મારૂં ભલુ કરે. વીતરાગ કહે છે, કે તારી અનંત શક્તિ તારા માટે સ્વતંત્ર છે. પરાધીન થઈને માને કે હું કોઈને આપું, કોઈ મને મદદ કરે, પણ એ તારી માન્યતાની ભુલ છે. ત્રણકાળ-ત્રણલોકમાં કોઈનું સ્વરૂપ પરાધીન નથી. તું જાગીને જો. હવે ઊંધાઈથી બસ

થાઓ! ભવ ન જોઈએ! તારી મુક્ત દશાની પ્રભુતા કેમ પ્રગટે તેની કથા માંડી છે. જે બાળકને સુવાડવા માટે તેની માતા વખાણરૂપે ગાણાં ગાય તેમ અહીં જાગૃત કરવાનાં સાચાં ગાણાં ગવાય છે. 'રીડ પડે રજપુત છૂપે નહિ' નગારાની દાંડી પાડે ત્યારે ક્ષત્રિયને શૌર્ય ઊછળે એવી યોગ્યતા તેનામાં હોય છે, તેમ મુક્ત થવાનો નાદ સાંભળીને ઊછળીને હા પાડે, કે અહો ! મારી મોટાઈનાં ગાણા અપાર છે, વર્તમાનમાં પૂર્ણ ભગવાન છું, મુક્ત છું, એમ હા પાડ, ભગવાન થવાની તાકાત તારામાં છે, તે તાકાતના જોરે અનંતા ભગવાન થયા છે. જે તાકાત તીર્થંકર પ્રભુએ પ્રગટ કરી તે તું પણ કરી શકે તેમ છો.

સમ્યક્દર્શન પ્રાપ્ત કર્યા પહેલાં ક્રમેક્રમે પાપભાવ ટાળી નવતત્ત્વ, નય, પ્રમાણ અને નિક્ષેપના શુભ વ્યવહારમાં આવ્યા પછી તે રાગ હું નહિ, એમ સ્વભાવના લક્ષે શ્રદ્ધામાં રાગનો અભાવ કરી અખંડ વીતરાગી સ્વભાવનું ભાન કરવું. સત્‌ની અવિરોધી વાત સાંભળી, યથાર્થ હા પાડી સત્‌નો આદર કર્યો. તે પણ ભવિષ્યનો સમકિતી છે. તે વીતરાગ ભગવાન થવાનો છે. એ પ્રમાણે જેણે સત્‌ની સાચી જિજ્ઞાસા કરી તેને, વર્તમાન સમ્યક્દર્શન ન હોવા છતાં સમ્યગ્દષ્ટિ કહેવા અથવા વીતરાગ થવાની લાયકાતવાળા જીવને જોઈ, તે વર્તમાનમાં વીતરાગ નથી છતાં વર્તમાનમાં વીતરાગ છે, એમ દ્રવ્ય નિક્ષેપે કહેવાનો વ્યવહાર છે.

ભાવનિક્ષેપ :—વર્તમાન પર્યાયથી વસ્તુને વર્તમાનમાં કહેવી તે ભાવ નિક્ષેપ છે. જેમ કે રાજ્યાસને રાજા બેઠો હોય તેમ જ તેનો હુકમ ચાલતો હોય ત્યારે તેને રાજા કહેવો.

આ ચારેય નિક્ષેપોનો પોતપોતાના લક્ષણભેદથી અનુભવ કરવામાં આવતાં તેઓ ભૂતાર્થ છે. વ્યવહારે સત્યાર્થ છે અને ભિન્ન લક્ષણથી રહિત એક પોતાના ચૈતન્યલક્ષણરૂપ જીવ સ્વભાવનો અનુભવ કરતાં એ ચારેય અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. જેમ સાચા મોતીનો હાર ખરીદતી વખતે મોતી, દોરો અને સળંગ હારને બરાબર તપાસે, કિંમત કરી ખરીદ કર્યા પછી પહેરવા વખતે તેના વિચાર ન કરે પણ આખો હાર પહેર્યાની શોભાના આનંદને ખંડરહિત અનુભવે છે, તેમ નવતત્ત્વ, નય, નિક્ષેપ અને પ્રમાણ વડે પ્રથમ તત્ત્વનો નિર્ણય કરવા રાગમિશ્રિત વિચારમાં રોકાય છે, પછી તે ભેદથી જુદો થઈ, એકરૂપ અવિકારી જીવસ્વભાવનો અનુભવ કરતાં પરમ સંતોષ થાય છે; તેમાં વિકલ્પના કોઈ ભેદ પડતા નથી. એ અનુભવ વખતે સૂક્ષ્મ અવ્યક્ત વિકલ્પ છે, તે કેવળીગમ્ય છે. પોતાને તે વખતે ખ્યાલ નથી. આવું અપૂર્વ સમ્યગ્દર્શન ગૃહસ્થદશામાં પણ થઈ શકે છે.

દુનિયાનાં પુણ્ય હોય તે પ્રકારે વક્તાની વાણીનું નિમિત્ત બની આવે છે. તેરમી ગાથા ઘણા વિસ્તારથી કહી, તેમાં ઘણી વાતો અને તેના રહસ્યના ઘણા ખુલાસા

વિસ્તારથી અહીં કહેવાયા છે. તેનો વિશેષ અભ્યાસ કરી, અંતરની પરિણતિથી મેળ કરજો અને પરમતત્ત્વનો લાભ કાઢજો. પોતામાં યથાર્થતાનો મહિમા ઘૂંટાય તો પોતે ઘણો લાભ મેળવી શકે છે. શાસ્ત્ર અને વાણી તો નિમિત્ત માત્ર છે.

ઘણા પડખેથી તત્ત્વજ્ઞાનના ન્યાય કહેવાય છે. ધ્યાન રાખી સાંભળે તો સાઠ મિનિટની શુભ સામયિક બરાબર થઈ જાય અને તેથી જે પુણ્ય બંધાય તેનાથી ફરી આવું સાંભળવાનું મળે; પણ યથાર્થ નિર્ણય કરવામાં અપૂર્વ પુરુષાર્થ વર્તમાન નવો કરવો જોઈએ. પુણ્ય ક્ષણિક સંયોગ આપી છૂટી જાય છે. ઘણાં પુણ્ય વિના ઉત્તમ ધર્મની વાણીનું નિમિત્ત ન હોય, પણ વર્તમાન પુરુષાર્થથી તત્ત્વનો અભ્યાસ કરી અપૂર્વ નિર્ણય ન કરે તો માત્ર શુભભાવ થાય પણ ભવ ન ઘટે.

**ભાવાર્થ :**—આ પ્રમાણ, નય, નિક્ષેપોનું વિસ્તારથી વ્યાખ્યાન તે વિષયના ગ્રંથોમાંથી જાણવું. (તત્ત્વાર્થસૂત્ર વ્યવહારનો ગ્રંથ છે તેની વિસ્તારથી ટીકા સર્વાર્થ સિદ્ધિ, રાજવાર્તિક તથા શ્લોકવાર્તિકમાં છે. સર્વાર્થસિદ્ધિ ટીકામાં એકેક સૂત્રના શબ્દોના દરેક અર્થની અવિરોધપણે સિદ્ધિ કરી છે.) તેમનાથી દ્રવ્યગુણપર્યાય—સ્વરૂપ વસ્તુની સિદ્ધિ થાય છે. તેઓ સાધક અવસ્થામાં તો સત્યાર્થ જ છે. કારણ કે તે જ્ઞાનના જ વિશેષો (ભેદો) છે. તેમના વિના—સર્વજ્ઞના ન્યાય અનુસાર સાચી સમજણ વિના પોતાની કલ્પનાથી વસ્તુને ગમે તેમ માની લે તો વિરોધ ઊભો રહેશે. અજ્ઞાન તે બચાવ નથી, માટે ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ શું, વર્તમાન અવસ્થા શું, નિશ્ચય—વ્યવહાર ગ્રંથનું અવિરોધ-પણું શું ? તે જાણવું જરૂરી છે. યથાર્થ વસ્તુ જાણ્યા પછી પણ વીતરાગી નથી થયો ત્યાં સુધી અસ્થિરતાનો રાગ ટાળવા માટે તેનું અવલંબન આવે છે, તેમાં જ્ઞાનની વિશેષ નિર્મળતા કરવા શાસ્ત્ર જ્ઞાનના સૂક્ષ્મ ન્યાય અનેક પડખાથી જાણે.

જેમ હીરાનો ધંધો શીખવો હોય તો પ્રથમ પરીક્ષક થયા પછી તેના વિશેષ અભ્યાસથી અનેક કળા ખીલે, તેમ જેવું સર્વજ્ઞ વીતરાગે સાક્ષાત્ જ્ઞાનથી જાણેલું કહ્યું છે અને જે ત્રણ કાળમાં ન ફરે એવું પરમ સત્ય છે, તેનો બરાબર અભ્યાસ કરી જાણે અને અંતરમાં તેનો મેળ કરે તો પૂર્ણ સ્વભાવનું યથાર્થ માહાત્મ્ય આવી અંતરની સમૃદ્ધિ બરાબર જાણી લે. પછી શાસ્ત્ર જ્ઞાનની સૂક્ષ્મતામાં ઊંડો ઉતરે ત્યાં કેવળ જ્ઞાનના દરોડા થાય એવો આનંદ અનુભવે. જેમ પાનું ફરે અને સોનું ઝરે તેમ અહીં સમયસારના પાને પાને કેવળજ્ઞાનની કળા ઉઘડે એવું છે. તે જાતની પાત્રતા બધામાં ભરી છે. તૈયાર થાય તો વસ્તુ દૂર નથી.

તા. ૧૮-૮-૪૩.

આત્માને જાણવાની દરકાર ન કરે તો તે કાંઈ મફતમાં મળી જાય તેમ નથી. કોઈના આશીર્વાદે પ્રગટે તેમ નથી. પવિત્ર સ્વરૂપના આંગણામાં આવવાની તૈયારી નથી, તે કદી પુણ્ય બાંધે તોપણ તે પાપાનુબંધી પુણ્ય હોય છે. સંસાર પ્રત્યે, દેહાદિ પર પદાર્થ પ્રત્યે તીવ્ર પ્રેમ રાખવો છે અને મને પરમાર્થ સ્વરૂપ પવિત્ર આત્માનો પ્રેમ છે, તેમ વાતો કરવી તે કપટ છે.

અવસ્થા અનુસાર વ્યવહારના અભાવની ત્રણ રીત છે, તે કહે છે.

પ્રથમ અવસ્થામાં સમ્યક્દર્શન પહેલાં નય–પ્રમાણાદિથી યથાર્થ વસ્તુને જાણીને સમ્યક્દર્શ–જ્ઞાનની સિદ્ધિ કરવી. પ્રથમ વ્યવહારે પરથી–વિકારથી જુદો છું એમ માન્યું શાસ્ત્રમાં ભેદ કહ્યા તે સર્વથા નથી એમ નથી, પણ તે ભેદના વિકલ્પનો શ્રદ્ધામાં અભાવ કરી, વિકલ્પ મારું સ્વરૂપ નથી, એમ એકરૂપ ધ્રુવ સ્વભાવના લક્ષે અવસ્થાનું લક્ષ ગૌણ કરી, સ્વભાવમાં એકાગ્ર થતાં નિર્વિકલ્પ આનંદના અનુભવપૂર્વક ત્રિકાળી એકરૂપ યથાર્થ સ્વરૂપની પ્રતીતિ આત્મામાં થાય છે, તે ચોથી ભૂમિકારૂપ સમ્યક્દર્શન છે. જ્ઞાન શ્રદ્ધાન સિદ્ધ થયા પછી સ્વતંત્ર સ્વરૂપનો નિર્ણય કરવા માટે નય–પ્રમાણાદિના આલંબનની કાંઈ જરૂર નથી.

જ્ઞાની ગૃહસ્થદશામાં રાજાપણે હોય અનેક પ્રવૃત્તિમાં ઊભેલો દેખાય, તે ચારિત્રમાં પોતાની નબળાઈનો દોષ છે. સમ્યક્જ્ઞાન થયું એટલે તુરત જ બધા મુનિ થઈ જાય તેમ નથી. સમ્યક્દર્શન પછી તેની નીચલી ભૂમિકાનો વ્યવહાર છૂટી ગયો છે, પણ ચોથા ગુણસ્થાન પછી જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર દશા ન પ્રગટે ત્યાં સુધી વ્યવહારની બીજી ભૂમિકામાં ચાર, પાંચ, છ ગુણસ્થાને બુદ્ધિપૂર્વક વિકલ્પમાં જોડાણ રહે છે. ત્યાં રાગરૂપ વ્યવહાર છે, તેનો ક્રમેક્રમે સ્વભાવની સ્થિરતાના જોર અનુસાર અભાવ થઈ જાય છે. ચોથી ભૂમિકાથી શ્રદ્ધા માટે નયપ્રમાણથી શાસ્ત્ર જ્ઞાનના વિચાર રહેતા નથી, પણ રાગ ટાળવા અને જ્ઞાનની વિશેષ નિર્મળતા કરવા શ્રુતજ્ઞાનના વ્યવહારનું આલંબન રહે છે, કારણ કે બધો રાગ ટળ્યો નથી. સ્વભાવની નિર્મળતાનો વિકાસ કરવા અકષાય સ્વભાવના જોરે જેટલી શુદ્ધિની વૃદ્ધિ કરે છે તેટલો ભેદરૂપ વ્યવહાર છૂટતો જાય છે. તેરમી વીતરાગ ભૂમિકામાં કોઈ નયપ્રમાણાદિ ભેદનું આલંબન નથી. વચ્ચે ચાર, પાંચ, છ ગુણસ્થાન સુધી બુદ્ધિપૂર્વક રાગ છે, સાતમી ભૂમિકાથી બુદ્ધિપૂર્વક રાગ નથી, દશમા ગુણસ્થાન સુધી કેવળીગમ્ય સૂક્ષ્મ વિકલ્પ હોય છે, તેનો ધ્યાન દશામાં છદ્મસ્થને ખ્યાલ હોતો નથી.

ચાર, પાંચ, છ ગુણસ્થાને બુદ્ધિપૂર્વક રાગ હોય છે ત્યાં પદવી અનુસાર દાન, પૂજા, ભક્તિ, વ્રત, તપ, સંયમ, શાસ્ત્રાભ્યાસ વગેરેના શુભભાવ અકષાયના લક્ષ સહિત હોય છે. દૃષ્ટિ તો અખંડ ગુણ ઉપર હોય છે. સ્વલક્ષની જેટલી સ્થિરતા ટકાવી રાગ ટાળ્યો તેટલો ગુણ માને છે, રાગ રહ્યો તેનો નકાર છે. ભૂમિકા અનુસાર બહારની પ્રવૃત્તિ સહજ હોય પણ તેના આધારે ગુણ નથી. ચારિત્ર દશા ને બાહ્ય ક્રિયા, વેશ કે વાડામાં નથી. વ્રતાદિનો શુભભાવ પણ ગુણમાં મદદગાર નથી, એવી શ્રદ્ધા સહિત વીતરાગી સ્વભાવના લક્ષે ઠરી, વિકલ્પ રહિત જેટલી નિરાવલંબી સ્થિરતા વધારી તેટલું ચારિત્ર છે, એમ જાણવું તે સદ્‌ભૂત વ્યવહાર છે. વ્રતાદિનો શુભ રાગ રહ્યો તે મદદગાર નથી, આદરણીય નથી, તે મારૂં સ્વરૂપ નથી, એમ જાણવું તે અસદ્‌ભૂત વ્યવહાર છે. રાગ મારી નબળાઈથી નિમિત્તાધીનપણે જોડાવાથી થાય છે, તે રાગ અને રાગનાં નિમિત્ત જેમ છે તેમ જાણવા તે અસદ્‌ભૂત વ્યવહાર છે. ભૂમિકા અનુસાર રાગ અને રાગનાં નિમિત્ત છે તેને માને તો વ્યવહારનો લોપ થાય અને વ્રતાદિના શુભરાગથી ગુણ ઊઘડે એમ માને તે વ્યવહારાભાસ છે; તેને તો રાગરૂપ વ્યવહાર તે જ ગુણરૂપ નિશ્ચય થઈ પડ્યો ત્યાં ઊંધી માન્યતા છે.

શ્રદ્ધાના એકરૂપ લક્ષમાં સંસાર, મોક્ષ અને મોક્ષમાર્ગના કોઈ ભેદનો સ્વીકાર નથી. નિરપેક્ષ અખંડ પૂર્ણ સ્વભાવનું લક્ષ કરવું તે શુદ્ધદૃષ્ટિનો અને શ્રદ્ધાનો વિષય છે. જ્ઞાનમાં ત્રિકાળી સ્વભાવ, વર્તમાન અવસ્થા તથા નિમિત્તને જાણે છે, પણ શ્રદ્ધામાં કોઈ પડખાનો ભેદ નથી. અવિકારી એકરૂપ ધ્રુવ સ્વભાવનો મહિમા લાવી સ્વરૂપમાં એકાગ્ર થતાં અપૂર્વ શાંતિનો અનુભવ થાય છે. તે વખતે પ્રમાણ, નય વગેરેના કોઈ વિચાર બુદ્ધિપૂર્વક હોતા નથી.

બીજી અવસ્થામાં પ્રમાણાદિના આલંબન દ્વારા વિશેષ જ્ઞાન થાય છે અને રાગ–દ્વેષ–મોહ કર્મના સર્વથા અભાવરૂપ યથાખ્યાત ચારિત્ર પ્રગટે છે; તેથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. કેવળજ્ઞાન થયા પછી પ્રમાણાદિનું આલંબન રહેતું નથી. ત્યાર પછી ત્રીજી સાક્ષાત્ સિદ્ધ અવસ્થા છે ત્યાં પણ કાંઈ આલંબન નથી. એ રીતે સિદ્ધ અવસ્થામાં પ્રમાણ–નય–નિક્ષેપોનો અભાવ જ છે.

હવે એ અર્થનો કળશરૂપ શ્લોક કહે છે :—

**उदयति न नयश्रीरस्तमेति प्रमाणं**
**क्वचिदपि च न विद्मो याति निक्षेपचक्रम् ।**
**किमपरमभिदध्मो धाम्नि सर्वंकषेऽस्मि–**
**न्ननुभवमुपयाते भाति न द्वैतमेव ।।९।।**

**અર્થ :—**આચાર્ય ભગવાન શુદ્ધનયનો અનુભવ કરી કહે છે કે—આ સર્વ ભેદોને ગૌણ કરનાર જે શુદ્ધનયનો વિષયભૂત ચૈતન્ય—ચમત્કારમાત્ર તેજઃપુંજ આત્મા, તેનો અનુભવ થતાં નયોની લક્ષ્મી ઉદય પામતી નથી, પ્રમાણ અસ્તને પ્રાપ્ત થાય છે અને નિક્ષેપોનો સમૂહ ક્યાં જતો રહે છે, તે અમે જાણતા નથી. આથી અધિક શું કહીએ? દ્વૈત જ પ્રતિભાસિત થતું નથી.

અહીં ચોથા ગુણસ્થાનની શરૂઆત થતાં અને પછી જ્યારે વિકલ્પથી જરા છુટીને અખંડ સ્વભાવના જોરે એકાગ્રપણે અંદર ઢળે છે ત્યારે હું આત્મા છું, આનંદ વેદું છું, એમ કોઈ વિચારનો વિકલ્પ રહેતો નથી. આ કેવળીની વાત નથી પણ ચોથું ગુણસ્થાન શરૂ થતાં જે સ્થિતિ થાય છે તેનો મુખ્યપણે વાત છે. મુનિને તો આ વસ્તુસ્થિતિનો સહજ અનુભવ હોય છે, ત્યાં આ ઉપદેશની જરૂર નથી. આચાર્યદેવ તો છઠ્ઠા ગુણસ્થાને આવીને સમ્યક્દર્શન માટે શુદ્ધનયના અનુભવની વાત શિષ્યને કહે છે. સમ્યગ્દર્શન અને તેના અભેદ અનુભવનું કારણ આત્મા પોતે જ છે. ઓળખાણ કરી તે સ્વભાવના લક્ષના જોરે અંદર શક્તિરૂપ તાકાત તરફ, એકાગ્રતા રૂપ અભેદ અનુભવ થતાં નિર્મળ દશાનો ઉત્પાદ અને રાગરૂપ અશુદ્ધતાનો નાશ થાય છે, તેમાં કોઈ શુભરાગના વિકલ્પ કે કોઈ નિમિત્ત કારણ નથી. ભેદરૂપ રાગમિશ્રિત નિર્ણય કર્યો હતો. તે વ્યવહારનો અભાવ નિશ્ચય સ્વભાવના જોરે કર્યો. તે વ્યવહારનો વ્યય થઈ ગયો ત્યારે તેને નિમિત્ત કહેવાયો.

ભેદ-અભેદનું કારણ ન થાય, માટે શુદ્ધનય છે તે અખંડ ધ્રુવ સ્વભાવને એકરૂપ લક્ષમાં લઈ અવસ્થાનું લક્ષ ગૌણ કરે છે. જેમ બારણા સુધી આવ્યા પછી બારણું અંદર ન લઈ જવાય, માલ ખાવા વખતે કાંટો, માપલાં પેટમાં ન નખાય તેમ નવતત્ત્વ, નય અને પ્રમાણના રાગમિશ્રિત વિચાર મનશુદ્ધિના ભેદ છે પણ તેને સાથે રાખીને શુદ્ધતામાં ન જવાય.

આત્મા પોતે ત્રિકાળી ટકનારૂં તત્ત્વ છે, તેને ભૂલીને વર્તમાન અવસ્થા પૂરતો પોતાને માને છે. સંસારમાં જેને એકનો એક છોકરો હોય તેના ઉપર પૂરા પ્રેમથી જુએ છે, તે લાંબો કાળ ટકે એમાં ઠીક માને છે અને તેના લગ્ન પ્રસંગે તે સંબંધી રાગમાં એવો એકાગ્ર થાય છે કે બીજા વિચાર સહજ ગૌણ થઈ જાય છે. અંદર અવિકારી નિત્ય સ્વભાવ છે તેની રુચિની ગુલાંટ ખાઈ, પરમાં મહત્તા માની રાગમાં એકાગ્ર થાય છે, પુણ્યાદિ જડમાં ચમત્કાર માને છે; પણ જડ બિચારા આંધળા છે, તેને કાંઈ ખબર નથી. જાણવાની શક્તિ આત્મામાં જ છે. પરમાં તુચ્છતા જાણી જુદાપણાનો નિશ્ચય કરી અંદર ચિદાનંદ માલ ઉપર નજર ન કરે તો શાશ્વત ટંકોત્કીર્ણ એકરૂપ ચૈતન્ય ભગવાનનો અનુભવ થઈ શકે નહિ.

અનાદિથી વર્તમાન વિકાર ઉપર દૃષ્ટિ સ્થાપી, પરમાં ઠીક–અઠીક કરવા જીવ રોકાયો છે, ત્યાંથી જુદો પડી સ્વભાવ તરફ વળે તો વર્તમાન અવસ્થા, પર નિમિત્ત અને ત્રિકાળી સ્વભાવ જેમ છે તેમ જ્ઞાનમાં જાણે અને પછી ક્ષણિક વિકારી પડખાનું લક્ષ ગૌણ કરી, એકરૂપ ધ્રુવ સ્વભાવ તરફ ઢળતા શુદ્ધનયના અનુભવ સહિત સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. ત્યાં બુદ્ધિપૂર્વકના વિકલ્પે છૂટી જાય છે ગૌણ થઈ જાય છે, તેથી કહ્યું છે કે શુદ્ધ અનુભવમાં દ્વૈતપણું જણાયું નથી. રાગમિશ્રિત વિચારરૂપ નયોની લક્ષ્મી ઉદય પામતી નથી, એટલે અત્યંત ગૌણ થઈ જાય છે.

એક વખત ભયંકર દુષ્કાળ પડ્યો, દાણા મળે નહિ. તે વખતે દીકરી તેના સાસરેથી સાચા મોતીનું સૂપડું ભરીને તે મોતી બદલામાં અનાજ લેવા તેના પિતાને ઘેર ગઈ. પિતાએ અનાજ આપવા ના પાડી ત્યાં માલની કિંમત વધી જતાં સાચા મોતીની કિંમત ગૌણ થઈ ગઈ; તેમ પૂર્ણ ચિદાનંદસ્વરૂપી આત્મસ્વભાવની એકાગ્રતા થતાં નયોના વિકલ્પરૂપ લક્ષ્મીની કિંમત ઘટી ગઈ.

શુદ્ધનય વડે ભેદની ગૌણતા થાય છે, તેનું દૃષ્ટાંત :—ભોજન વખતે થાળમાં લાડુ, અથાણાં વગેરે ચીજો હોય તેમાં જેની જઠરમાં ખાસ પાચનશક્તિ હોય તેની મુખ્ય નજર લાડુરૂપી પૌષ્ટિક માલ ઉપર પડે છે, ત્યાં શાક અથાણાં આદિનું લક્ષ ગૌણ થઈ જાય છે. તેમ આત્મામાં અનંત શક્તિનો અખંડ પિંડ જ્ઞાનઘન સ્વભાવ છે, તેને પચાવવાની જીરવવાની ખાસ શક્તિ જેને શ્રદ્ધા ગુણમાં છે, તેની મુખ્ય દૃષ્ટિ અખંડ ધ્રુવ સ્વભાવ ઉપર પડે છે. ત્યાં અવસ્થા દૃષ્ટિનું લક્ષ અને નયોના વિચાર ગૌણ થઈ જાય છે.

તા. ૧૯-૮-૪૩.

જીવ પોતાને સમજ્યા વિના અનંત કાળમાં એકેક સમયે અનંત દુઃખ પામ્યો છે, કારણ કે પોતે અનંત તાકાતવાળો, અનંત સુખસ્વરૂપ હોવાથી ઊંધો પડ્યો અનંત દુઃખને ભોગવે છે, પણ સ્વભાવમાં આવે તો તેનાથી અનંતગુણ સહજ સુખ પામે.

પોતાના સ્વતંત્ર સ્વભાવનો વિરોધ કરી, જીવે અનંત ભવ કર્યા. તેનું વર્ણન બરાબર સાંભળે તો ભવનો ત્રાસ થાય અને કહે કે અરે! હવે ભવ ન જોઈએ. જ્ઞાની કહે છે કે તું માંડ મનુષ્ય થયો ત્યાં પુણ્ય, પૈસા, આબરૂ વગેરેના સંયોગમાં રોકાઈ ગયો. અનંતા જન્મ–મરણ નાશ કરવાનું ટાણું આવ્યું છે તો પણ માને નહિ. ઓઘે માને પણ

સત્ય–અસત્યનો નિર્ણય કરે નહિ, કુળધર્મમાં જે બધા કર્યા કરે છે તેની હા પાડે, એ રીતે કોઈ ધર્મના બહાને કે બહારથી ત્યાગી થાય, એટલે માને કે હું ત્યાગી છું એમ બાહ્યમાં બધું માની બેસે; એમ ઘણાં પ્રકારે પોતાની કલ્પનાથી શાસ્ત્રના નામે જીવ માને છે, પણ હું રાગનો નાશક છું; રાગ મદદગાર નથી, પરના આશ્રય વિનાનો વર્તમાનમાં પુર્ણ સામર્થ્યથી, સ્વતંત્ર પરમાત્મા છું, એમ માનતો નથી. જેમ પ્રથમ ઘડો ઊંધો મૂક્યો, પછી તેના ઉપર જેટલા ઘડા મૂકે તેટલા ઊંધા આવે તેમ પ્રથમ માન્યતા ઊંધી હોવાથી બધું ઊંધું હોય છે.

સ્વતંત્ર ચૈતન્યની જાત અને તેના પરમ અદ્‌ભૂત ચમત્કારની સ્પષ્ટ વાત કરી આચાર્ય મહારાજે સમયસારમાં કેવળજ્ઞાનનાં રહસ્ય ખોલ્યાં છે. વર્તમાનમાં લોકોમાં ધર્મના નામે ઘણો ફેરફાર થઈ ગયો છે. તીર્થંકર ભગવાને કહેલું સત્ય ફરી ગયું છે. કાળ બદલાઈ ગયો છે. લોકોની યોગ્યતા એવી, સત્ય સમજવા માટે તૈયારી ઓછી અને સત્ય સમજવાનાં સાધનો ઓછાં, તેથી પક્ષનો મોહ સત્યને અસત્ય મનાવે છે અને અસત્યને સત્ય ઠરાવે છે. અનાદિનો તેમ માની રહ્યો છે. અવિકારી આત્માનો ધર્મ રાગનો નાશક અને નિર્મળતાનો ઉત્પાદક છે. તેને બહારનાં સાધનો મદદગાર નથી. નય, પ્રમાણ, નિક્ષેપ, નવતત્ત્વના વિકલ્પરૂપ વ્યવહાર શ્રદ્ધા તે પરમાર્થ શ્રદ્ધામાં મદદગાર નથી, એવી દૃઢતા જ્યાં સુધી ન થાય ત્યાં સુધી સમ્યગ્દર્શન તો ન થાય પણ તેને સાચે આંગણેય આવી શકે નહિ.

પ્રથમ ગુરુગમે યથાર્થપણું વિરોધ રહિત સમજણના માર્ગે સમજે તો આત્મામાં એકાગ્ર અનુભવ થાય. ત્યાં બુદ્ધિથી પકડાય એવા રાગમિશ્રિત વિકલ્પ છૂટી જાય છે. સૂક્ષ્મ અવ્યક્ત વિકલ્પનો ખ્યાલ નથી. પરમ આનંદનો અનુભવ થાય છે. જેવો સિદ્ધ પરમાત્માને આનંદ છે તે જાતનો અંશે આનંદ સમ્યગ્દર્શન વખતે પ્રત્યક્ષ વેદે છે. જેમ આંધળો સાકરને નજરે ન દેખે પણ સ્વાદ તો જેવો બેરિસ્ટર લે છે તેવો જ તે લે છે. તેમ અહીં અધૂરા જ્ઞાનમાં આત્માને પરોક્ષ જ્ઞાનથી પરિપૂર્ણ સ્વીકાર્યો છે તેને અનુભવ પ્રત્યક્ષ છે અને તેથી સ્વાદ પ્રત્યક્ષ લે છે.

કોઈ નિમિત્તના આશ્રય વિના–વિકલ્પ વિના, સ્વભાવના લક્ષના જોરે અંદર પૂર્ણ તાકાતરૂપ શક્તિ એકાગ્ર લક્ષે ઢળતાં અપૂર્વ અનુભવ સહિત સમ્યક્ત્વ પ્રગટ થાય છે. તેમાં શુભરાગ કારણ નથી; શ્રદ્ધા પહેલાં શુભ રાગ હોય છે, પછી પણ હોય છે. વ્યવહાર જ્ઞાન વિના પરમાર્થ જ્ઞાન ન થાય, તે વિના સમ્યક્ત્વ અને ચારિત્ર પામે નહિ પણ તેનાથી ગુણ કે મદદ ન થાય. અંદર દ્રવ્યમાં પૂર્ણ શક્તિ છે, તેના લક્ષે નિર્મળ પર્યાયનો ઉત્પાદ અને

અશુદ્ધતાનો અંશે ત્યાગ થઈ જાય છે. તેનું કારણ દ્રવ્ય પોતે જ છે. તે પરમાર્થને સાચા તત્ત્વજ્ઞાનથી ઓળખીને, તે પરમાર્થનું જોર આપતાં, વસ્તુનું બહુમાન લાવી એકરૂપ સ્વભાવની શ્રદ્ધાના દઢતર જોરથી ઠર્યો ત્યાં નયનિક્ષેપના વિકલ્પ ક્યાં ગયાં તે દેખાતું નથી. આચાર્યદેવ કહે છે કે આથી વિશેષ શું કહીએ? બેપણું શું તેનો પણ ખ્યાલ રહેતો નથી. અધૂરા જ્ઞાનમાં એકસાથે બે તરફ લક્ષ થતું નથી અને એક વસ્તુનો ખ્યાલ કરતાં અસંખ્યાતા સમય લાગે છે. ત્યાર પછી જ બીજે સ્થાને લક્ષ બદલાય છે.

આવું સાંભળીને કોઈ માને કે આમ ધ્યાનમાં બેસી ઠરી જઈએ, પણ ભાઈ રે! હઠથી ધ્યાન થતું નથી. તે જાતની પાત્રતા અને સત્સમાગમે તે માટેનો અભ્યાસ કરવો જોઈએ. હું પરનું કરી શકું, પર મારૂં કરે એ બધી માન્યતા છોડી, જાત ઉપર આવવું પડશે. જાતન દરકાર વડે અપૂર્વ તૈયારીથી કેવળ પોતાના પરમાર્થ માટે રાત-દિવસ ઝુર્યા વિના, તેનાં બારણાં ખુલતાં નથી. પૈસા, બંગલા, આબરૂ વગેરેની ધૂળ મળી તેમાં આત્માને શો લાભ? પરના અભિમાનના સોજા વડે તો સ્વભાવની દઢતાનું ખૂન થઈ રહ્યું છે. પોતાનો સ્વભાવ પર સંબંધ વિનાનો—સ્વાશ્રિત છે, પરના કર્તા—ભોક્તા વિનાનો સ્વતંત્ર છે, તેનો તો અનાદર કરે છે. ઘણા લોકો જેને સારૂં કહે તે સારૂં હોય એવો નિયમ નથી. બહારની પ્રવૃત્તિ, દેહની ક્રિયા તો આત્માને આધીન નથી, પણ અંદર કર્મના નિમિત્ત આધીન કરવામાં આવતા શુભભાવ સહિત આત્માના સાચા જ્ઞાનના ઉપાયનો વિચાર કરવામાં આવે તે પણ રાગરૂપ હોવાથી અભૂતાર્થ કહ્યો છે. શ્રદ્ધાના અનુભવમાં તેનો અભાવ થાય છે, માટે તે આત્મા સાથે ટકનાર નહિ હોવાથી તે (રાગમિશ્રિત વિચાર) અસત્યાર્થ છે. તે જો મદદગાર નથી તો પછી બાહ્યમાં કયું સાધન મદદગાર હોય?

તારો મહિમા સર્વજ્ઞની વાણીમાં પૂરો આવે નહિ પણ જ્ઞાનમાં પૂરો આવે. સ્વભાવની ઓળખાણ થતાં જ દુનિયાની અનંતી પ્રતિકૂળતાને તું ગણતો નથી અને ઈન્દ્રપદ જેવા અનુકૂળ પુણ્યને સડેલા તૃણ જેવા માને છે. ચૈતન્ય ભગવાનની મહત્તા અને દઢતા જાતે ઊછળીને ન લાવે તેને પરાણે કોઈ મનાવી શકતું નથી.

તમારી વાત સાચી, પણ પરનું કાંઈક આલંબન તો જોઈએ ને? પુણ્યાદિ આશ્રય વિના કેમ ચાલે? એમ પરની ઓશિયાળ રાખવા માગે છે તે ચૈતન્ય ભગવાનને હીણપત છે. શાહુકાર પોણા સોળઆના ચૂકવવાની વાતમાં મોટી શરમ માને તેમ તું પ્રભુ, તારી પૂર્ણ કેવળ જ્ઞાનાનંદની શક્તિ દરેક સમયે સ્વાધીન છે, તેમાં ઊણું કહે, ઓશિયાળ માને, વિકાર જોઈએ તેમ કહે તે તને ન શોભે.

હું સ્વતંત્ર છું, મારાપણે છું પરપણે–વિકારપણે નથી, પરના કર્તાપણે નથી, એમ યથાર્થ માર્ગની સમજણમાં આવે તો તેનું ફળ સમ્યક્દર્શન પ્રાપ્ત કરતાં લાંબોકાળ નહિ લાગે. સત્સમાગમે સાંભળીને એકપણ ન્યાય અવિરોધપણે જે જીવને સમજાય તેને તરત જ સ્વભાવના જોર અનુભવ સહિત નિશ્ચય શ્રદ્ધારૂપ ફળ આવે છે. સ્વભાવમાં ઠરતાં નવતત્ત્વ વગેરેના કોઈ વિકલ્પ અનુભવમાં આવતા નથી, ભેદની અત્યંત ગૌણતા થઈ જાય છે. એકદમ ન સમજાય તો પ્રેમ લાવી સત્ય તો આ જ છે, એમ હા પાડીને તેના અવિરોધી નિર્ણય માટે પ્રયાસ કરવો જોઈએ. આમાં કોઈ પૂર્વના પ્રારબ્ધથી કે કોઈ સંયોગથી કામ થાય તેવું નથી. નસીબમાં માંડ્યું હશે તો સદ્‌બુદ્ધિ સૂઝશે તે વાત ખોટી છે. બહારના સંયોગો તો તેના કારણે આવે છે, તે કોઈ વર્તમાન પુરુષાર્થનું કાર્ય નથી. સ્વભાવમાં પોતાનું બધું કરી શકે એ પોતાના વર્તમાન પુરુષાર્થનું કાર્ય છે.

શુદ્ધ અખંડ ગુણને મુખ્ય કરી સામાન્ય એકાકાર સ્વભાવના જોરે એકાગ્ર થતાં ભેદરૂપ અવસ્થા અને તેનું લક્ષ અત્યંત ગૌણ થઈ જાય છે. ત્યાં સામાન્ય ગુણમાં લીનતારૂપ અભેદ શાંતિનો અનુભવ થાય છે. લીનતાનો કાળ અંતર્મુહૂર્તનો છે.

સમ્યગ્દર્શન સ્વભાવથી પ્રગટ થાય છે. તે કોઈ વાડાની, વસ્તુ નથી. કોઈની કૃપાથી મળે તેવું નથી કે શ્રાપથી ટળે તેવું નથી. પોતે જે સ્વરૂપે છે તેવો પોતાને યથાર્થ પણે માની, પોતાના વિશ્વાસને એકાકારપણે ઘૂંટે તો રાગ વિનાની શ્રદ્ધા આત્મામાં આત્મા વડે પ્રગટ થાય છે. તેમાં બહારનું કોઈ કારણ નથી.

**ભાવાર્થ** :—ભેદનું રાગમિશ્રિત વિચારને અત્યંત ગૌણ કરીને કહ્યું છે કે–પ્રમાણ, નયાદિ ભેદની વાત જ શી? શુદ્ધ અનુભવ થતાં દ્વૈત જ ભાસતું નથી, વિકલ્પ રહિત–એકાકાર ચિદાનંદ માત્ર પોતે જ દેખાય છે.

અહીં વિજ્ઞાનાદ્વૈતવાદી તથા વેદાંતી કહે છે કે–છેવટ પરમાર્થરૂપ તો અદ્વૈતનો અનુભવ થયો, દ્વૈતપણાની ભ્રાન્તિનો અભાવ થયો. એ જ અમારો મત છે; તમે વિશેષ શું કહ્યું?

એનો **ઉત્તર** :—તમારા મતમાં તો સર્વથા અભેદરૂપ એક વસ્તુ માનવામાં આવે છે. જો સર્વથા અદ્વૈત માનવામાં આવે તો બાહ્ય વસ્તુનો અભાવ જ થઈ જાય અને એવો અભાવ તો પ્રત્યક્ષ વિરુદ્ધ છે. અમારા (જ્ઞાનીઓના) મતમાં અવિરોધી પડખાંથી કથન છે, કે અનંત આત્મા ત્રિકાળ જુદા ને જડ પદાર્થ જુદા છે. તેનું ભેદજ્ઞાન કરી સ્વભાવનો નિર્ણય કરી, તેમાં એકાગ્રતા થતાં વિકલ્પ તૂટ્યો તે અપેક્ષાએ શુદ્ધ અનુભવમાં દ્વૈત જણાતું નથી એમ કહ્યું. જો બાહ્ય વસ્તુનો અને વર્તમાન પોતાની અવસ્થાનો લોપ કરવામાં

આવેતો જાણનારો ખોટો ઠરે અને શૂન્યવાદનો પ્રસંગ આવે.

જો એક જ તત્ત્વ હોય તો એકમાં ભૂલ શું? દુઃખ શું? અને દુઃખ ટાળવાનો ઉપાય શું કામ કરે? જગતમાં અનંત ચીજો સ્વતંત્ર અનાદિ અનંત છે. દ્વૈત નથી એમ કહેવાનો હેતુ એ છે કે પોતાના સ્વરૂપમાં પર નથી. જો બધા એક હોય તો હું જુદો છું એમ કોઈ માની શકે નહિ. તારાથી જે જુદાં છે તેને શૂન્યરૂપે ઠરાવે તો તે શૂન્ય, તેની વાણી શૂન્ય, તેના વિચાર જીવે કર્યા તે પણ શૂન્ય અને તારી એકાગ્રતા પણ શૂન્ય, એમ બધું શૂન્ય ઠરશે માટે એમ માનવું જૂઠું છે. અમે તો અપેક્ષાથી કહીએ છીએ કે દરેક આત્મા પોતાપણે સત્ છે અને પરપણે ત્રિકાળ અસત્ છે. પર પોતાપણે નથી અને પોતે પરપણે નથી, તેથી પર પોતાનું કાંઈ કરી શકે કે પોતે પરનું કાંઈ કરી શકે એમ માનવું તે ભૂલ છે.

**'બ્રહ્મ સત્ય જગત્ મિથ્યા'** તેનો અર્થ એવો છે કે દરેક વસ્તુ સ્વતંત્ર સત્ છે પણ અવસ્થા ક્ષણેક્ષણે બદલાય છે. તે સર્વથા મિથ્યા નથી. વર્તમાન અવસ્થામાં પર નિમિત્તાધીન રાગ-દ્વેષ-મોહ ભાવ જીવ કરે ત્યારે થાય છે, તે અવસ્થા છે. પોતે ત્રિકાળી ટકનાર હોવાથી તે ક્ષણિક અવસ્થા પૂરતો નથી. માટે વર્તમાન અવસ્થા સિવાય, આખો ધ્રૂવ સ્વભાવ શક્તિપણે શુદ્ધ જ છે. તે સ્વભાવની અપેક્ષાએ જોતાં રાગ-દ્વેષ આત્મામાં નથી. જીવ રાગ-દ્વેષ અવસ્થામાં કરે છે તે અજ્ઞાન છે અને તેને પોતાના માની જીવ દુઃખ ભોગવે છે.

અનંત આત્મા છે. એકેક આત્મા દેહથી જુદો પૂર્ણ પરમાત્મા સમાન છે અને વિકાર નિમિત્તાધીન અવસ્થામાં થાય છે. અનંત જડ પદાર્થ સત્ છે. આલોક—પરલોકમાં પુણ્ય—પાપનાં ફળ ભોગવવાનાં અસંખ્ય સ્થાન છે. સ્વર્ગ, નરક, મનુષ્ય અને ઢોર—એ ચારે ગતિ પુણ્યપાપનાં ભાવનું ફળ ભોગવવાનાં નિમિત્ત છે, તેને ન્યાયથી સિદ્ધ કરી શકાય છે. કોઈ કહે કે સ્વર્ગ—નરક તો સમાજની વ્યવસ્થા રાખવા માટે કલ્પનાથી મનાવ્યા છે તો તેવું નથી. દરેક વસ્તુ ત્રણે કાળે છે. છે તેમાં આદિ અંત શું? જે ન હોય તેની વાત શી? તું તને જાણી, પુણ્ય—પાપનો વિકલ્પ કાઢી નાખી એકાગ્ર સ્થિરતાનો અનુભવ કરે તો તારા સ્વભાવમાં વિકલ્પ નથી.

તારૂં જ્ઞાન અનંત સામર્થ્યપણે નિત્ય છે, તેની અનંતી તાકાતની તું ના પાડે તો તારા બેહદ જ્ઞાન સ્વભાવનો નિષેધ થાય છે. આ સંગ્રહાત્મક જગતનો સમૂહ અમૂક આકાશ ક્ષેત્રમાં છે, પછી અનંત અનંત અલોકાકાશ છે, તે અનંતને અનંતપણે જાણવાનો તારો સહજ સ્વભાવ છે. તારા જ્ઞાનની સ્વ-પરપ્રકાશક શક્તિ અનંત છે, તે તારો વૈભવ

સાંભળ્યો નથી, ખ્યાલ કર્યો નથી. 'અનંત' શબ્દ ઉપર વિચારે તો અનંતા દ્રવ્ય, અનંતુ ક્ષેત્ર, અનંતો કાળ અને અનંતા ભાવના ખ્યાલ રૂપે અનંતનું જ્ઞાન અલ્પકાળમાં રાગ મિશ્રિત અવસ્થામાં રહીને કરી શકે છે. રાગ કાઢી નાખે તો એકેક સમયમાં નિરંતર અનંત પદાર્થ જગતમાં છે તેને અને પોતાને એક સાથે જ્ઞાનમાં જાણી લે તેવી બેહદ ગંભીર શક્તિ જ્ઞાનગુણની એકેક અવસ્થામાં પ્રગટરૂપ થાય છે. તેથી નક્કી થાય છે કે અમે જ્ઞેયરૂપે અનંતા પદાર્થ જુદા ન હોય અને તારૂં જ્ઞાન અનંતભાવપણે દેહ જેટલા ક્ષેત્રમાં ન હોય તો એક સ્થાનમાં રહી અનંત ક્ષેત્ર કાળાદિનો ખ્યાલ કરી શકે નહિ.

પર વસ્તુમાં અનંત ભાવ છે તે અનંતનો ખ્યાલ તારા જ્ઞાનની તાકાતમાં આવી જાય છે, ખાલી આકાશનો અંત નથી. કાળ પણ અનાદિ અનંત છે. ક્રમે ક્રમે અનંતો કાળ ભવિષ્યમાંથી ભૂતકાળમાં ગયો છતાં કાળ ખૂટે તેમ નથી. તે અનંતનો એક સેકન્ડમાં ખ્યાલ કરનાર પોતે અનંત જ્ઞાનસ્વભાવી પોતાપણે છે, પરપણે નથી. પર ચીજ જ્ઞાનમાં જણાવા યોગ્ય છે, તે પરને અવસ્તુ માને તો પોતાનું જ્ઞાન અવસ્તરૂપ ખોટું ઠરે છે. જેમ અરીસામાં સામેના બધા પદાર્થો દેખાય છે, તે નથી એમ માનવામાં આવે તો તે ખોટું છે; તેમ માનતાં અરીસો અને તેની સ્વચ્છતા ખોટી એમ માનવું પડશે; તેમ ચૈતન્ય જ્ઞાન અરૂપી અરીસો છે, તેના જ્ઞાનની સ્વચ્છતાની સહજ તાકાત એવી છે, કે પોતાના સ્વચ્છ જ્ઞાયક સ્વભાવ વડે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વગેરે પુદ્‌ગલના ગુણો તથા પર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ બધું સહજ જણાય છે. તેને અસત્ય માનો તો પોતાને અને જ્ઞાનગુણને શૂન્ય માનવાનો પ્રસંગ આવશે.

જો માત્ર પવિત્ર વીતરાગદશા માનો તો વર્તમાન અવસ્થામાં પણ શુદ્ધતા જોઈએ. એકવાર શુદ્ધ થાય તે ફરી અશુદ્ધ ન થાય. જેમ માખણનું ઘી થયા પછી ફરી તે માખણ ન થાય તેમ સિદ્ધ થાય તે ફરી સંસારમાં રખડે નહિ. અવિનાશી સ્વભાવના લક્ષે એકવાર અમુક રાગ ટાળ્યો; પછી પૂર્ણ પુરુષાર્થથી સર્વથા રાગ ટાળી પૂર્ણ નિર્મળ દશા પ્રગટ કરી તે સંસારમાં ફરી આવે નહિ. વર્તમાન વર્તતા ભાવપણે જીવે અનંતા ભવ કર્યા છે. તે અનંતા ભવના ખ્યાલને લંબાવતાં, અનંતા ભવના સંયોગમાં અસંયોગી જુદો રહ્યો. અનંતા પરથી અનંતા અનેરાપણાની (જુદાપણાની) અનંતી તાકાત તારામાં દરેક સમયે છે.

જાણે છે પોતાથી, પણ પર વસ્તુ ન હોય તો તેને જ્ઞાન ન જાણે જગતમાં અનંતા પર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ છે; તેની પોતામાં નાસ્તિ છે પણ તે દ્રવ્યો પોતપોતામાં ત્રિકાળ અસ્તિરૂપ છે; જો તે ન માને અને એક આત્મા જ છે એમ માને તો જ્ઞાન ખોટું

ઠરે છે. ગુણને ખોટો કહેતાં ગુણી (આત્મા) ખોટો ઠરે. એ રીતે શૂન્યવાદનો પ્રસંગ આવે, જ્યારે નિશ્ચય સ્વભાવના જોરે જીવ સ્વાશ્રયમાં ઠરે છે ત્યારે અભેદ અનુભવમાં નવતત્ત્વ, પ્રમાણ, નય અને નિક્ષેપના રાગમિશ્રિત વિચારનો ભેદ પણ રહેતો નથી. એમ કહીને સર્વજ્ઞ વીતરાગના મતમાં અદ્વૈતપણું કહ્યું છે, પર નથી એમ કહ્યું નથી અનેકપણું પ્રત્યક્ષ ખ્યાલમાં આવે છે, તેને જે અવસ્તુ કહે છે તેનું જ્ઞાન જૂઠું અને અનુભવ પણ જૂઠો ઠરે છે. પોતાની કલ્પના મુજબ ગમે તેમ વસ્તુને માની લઈ શુદ્ધતાનો અનુભવ કરવા માગે તો તે થઈ શકે નહિ. માટે વીતરાગના ન્યાય અનુસાર વસ્તુ સ્વરૂપને યથાર્થપણે જાણવું જોઈએ.

કોઈ કહે કે ઈન્દ્રિય આધીન જ્ઞાનમાં હમણાં કાંઈ બીજું દેખાય છે, જેમ જેમ ઉપલી ભૂમિકાએ જઈએ, તેમ તેમ બીજા પ્રકારનું દેખાય છે અને સર્વજ્ઞ થયા પછી નિશ્ચયથી એક અદ્વૈત જ દેખાય છે, એવી માન્યતા પણ તદ્દન જૂઠી છે. વર્તમાન અધૂરા જ્ઞાનમાં સમ્યગ્દષ્ટિને જગતમાં રહેલા સર્વ પરદ્રવ્યો, તથા પોતાના સ્વતંત્ર સ્વરૂપની યથાર્થ શ્રદ્ધારૂપ સાચી ઓળખાણ હોય છે. જેવું સર્વજ્ઞ પરમાત્મા પોતાના પૂર્ણ જ્ઞાનમાં જાણે છે, તેવું જ અલ્પજ્ઞ પોતાના વર્તમાન નિર્મળ જ્ઞાનથી પ્રથમ ભૂમિકાથી જાણે છે. તેમાં કિંચિત્ પણ વિપરીત જાણતો નથી; પણ મનનાં અવલંબન સહિત જાણપણું હોવાથી પરોક્ષ પ્રત્યક્ષનો ફેર છે, પણ સર્વજ્ઞના જ્ઞાનથી વિપરીત જાણપણું હોતું નથી. ભૂમિકા વધે તેમ તેમ જુદું જાણે અને કેવળજ્ઞાન થાય ત્યારે જુદું જાણે તેમ માનવું જૂઠું છે.

દૃષ્ટિ તો પૂર્ણ સ્વભાવને લક્ષે પ્રથમથી જ સમ્યક્ હોય છે અને તો જ પૂર્ણની અપેક્ષાએ અધૂરો અને પૂર્ણ પરમાત્મસ્વરૂપ સ્વસાધ્યની અપેક્ષાએ સાધક કહેવાય. પોતાના પૂર્ણ એકત્વના લક્ષ વિના તો જીવ ઊંધો છે, તે સાધક નથી અને શોધક પણ નથી.

પર દ્રવ્યનો તથા આત્માનો સ્વભાવ જેવો છે તેવો પ્રથમથી જ પરોક્ષપણે નિઃસંદેહ જણાય છે. ત્રણ કાળ-ત્રણ લોકમાં રહેલા સર્વ પદાર્થો જ્ઞાન ગુણની એકેક સમયની અવસ્થામાં સહેજે જણાય એવું સર્વજ્ઞપણું દરેક જીવમાં શક્તિપણે છે. અનંત જ્ઞાન, દર્શન, સુખ, વીર્યથી પૂર્ણ એકેક આત્મા પરથી ત્રિકાળ નિરાળો છે. સર્વજ્ઞના ન્યાય અનુસાર સત્સમાગમે જાતે તેનો નિર્ણય કરી, પોતાના એકરૂપ સ્વભાવને મુખ્ય કરી પૂર્ણ સ્વાધીન સ્વભાવના લક્ષે શ્રદ્ધાની સ્થિરતા વડે સિદ્ધ પરમાત્મા થાય છે.

કેટલાક સમભાવની વ્યાખ્યા ઊંધી કરે છે અને કહે છે કે સાચું-ખોટું નક્કી કરતાં રાગ-દ્વેષ થાય માટે બધાને સરખા માનો, પણ તે તો મૂઢતા છે, અવિવેક છે. વસ્તુને યથાર્થપણે માનવી, અન્યથા ન માનવી તેમાં સમભાવ છે. જ્ઞાની બાવળને વર્તમાનમાં

ચંદન ન જાણે, કાળીજીરીના સ્વાદને કડવો જ જાણે, રોટલાને રોટલા જ જાણે, વિષ્ઠા ન જાણે; વિષ્ઠાની અવસ્થા હોય તે વખતે તેમ જાણે. ક્રોધ અવસ્થાવાળાને ક્રોધપણે દેખે, શાંત ન દેખે; ખોટાને ખોટું જાણવું તે સમભાવ છે. દ્વેષ નથી, પક્ષપાત નથી પણ સત્‌નું બહુમાન છે.

સત્‌નું સ્થાપન કરતાં અસત્‌નો નિષેધ સહજ થઈ જાય છે. કપટ ન કરવું એમ ઉપદેશ દેતાં કપટ કરનારા ઉપર દ્વેષનો ઈરાદો હોતો નથી. તેમ સત્યને સત્ય કહેવામાં સાચાની દઢતા છે, અભિમાન નથી અને કોઈ પક્ષ પ્રત્યે દ્વેષ નથી. જ્ઞાન વિવેકવાળું છે. વ્યવસ્થાસર જાણનારૂં છે. સામો માણસ એ વિષે જે કાંઈ ભાવ કહેવા માગે છે, તે રીતે તેવું જ સાંભળે—જાણે છે.

જગતના પદાર્થો એક બીજાથી જુદા ત્રિકાળી સ્વતંત્રપણે ટકીને આકાશ ક્ષેત્રમાં રહ્યા છે. નિશ્ચયથી બધા પોતાના સ્વક્ષેત્રે વ્યાપીને પરથી જુદા છે. દેહના રજકણ અને આત્મા સંયોગપણે આકાશક્ષેત્રથી ભેળા દેખાવા છતાં દરેકના સ્વભાવ જુદાજુદા છે. છએ પદાર્થ તથા તેના દ્રવ્ય, ગુણ, પર્યાય જેવા સર્વજ્ઞ ભગવાન જાણે છે, તેવા જ અલ્પજ્ઞ પરોક્ષ પ્રમાણ જ્ઞાનથી બરાબર જાણે છે. અન્યથા જાણે તે અજ્ઞાની મિથ્યાદષ્ટિ છે. જાણનારો સદાય સળંગ જાણનાર સ્વભાવપણે ટકીને જાણ્યા જ કરે છે. જેનો સ્વભાવ જાણવું છે તે કોને ન જાણે? જાણવામાં હદ શી? દરેક આત્માનો પૂર્ણ સર્વજ્ઞ સ્વભાવ છે. તે પૂર્ણ શક્તિ વર્તમાનમાં અલ્પજ્ઞને રાગને કારણે રોકાયેલી છે તોપણ અધૂરા ઊઘાડવાળું જ્ઞાન જાણવામાં તો વ્યવસ્થાવાળું છે. અજ્ઞાની વિપરીત દષ્ટિના કારણે સ્વપરનું સ્વરૂપ અન્યથા માને છે. અલ્પજ્ઞ સમ્યક્‌દષ્ટિ પોતાને સ્વભાવથી સર્વજ્ઞ વીતરાગ જ માને છે અને જગતના જીવ—અજીવ સર્વ પદાર્થોનું સ્વરૂપ આગમ પ્રમાણથી બરાબર જાણે છે. અનંતા જીવ—અજીવ સર્વ પદાર્થોનું સ્વરૂપ આગમ પ્રમાણથી બરાબર જાણે છે. અનંતા જડ પુદ્‌ગલ પરમાણુ એકેક સ્વતંત્ર છે. દરેક પરમાણુમાં અનાદિ અનંત પૂર્ણ તાકાતપણે ટકી રહેવાની અને ક્ષણેક્ષણે અવસ્થા બદલવાની અનંત સામર્થ્યરૂપ—અનંત વીર્ય શક્તિ છે. તેને સર્વજ્ઞના ન્યાયથી જાણે છે, તેમ જ છએ દ્રવ્યના સ્વતંત્ર જુદાજુદા સ્વભાવને જાણે છે. છએ દ્રવ્યનો સ્વભાવ બેહદ શક્તિપણે દરેક સમયે પૂર્ણ છે એમ જાણે છે.

(૧) દ્રવ્યથી—સંખ્યામાં જીવ દ્રવ્ય કરતાં પરમાણુ દ્રવ્ય અનંતાનંત છે, તેમાં અનંત પિંડરૂપે મળવું, જુદા પડવું, ગતિ થવી વગેરે અનંત પ્રકારની વિચિત્ર શક્તિ પોતાના સ્વભાવથી બેહદ છે, તે કોઈની પ્રેરણાથી નથી.

(૨) ક્ષેત્રથી—આકાશ અનંત પ્રદેશો અપાર પહોળાઈથી છે. તેનો અવગાહન ગુણ

પણ અનંત છે. એક પ્રદેશમાં અનંત વસ્તુનો સમાવેશ થવા દે તેવો સ્વભાવ છે. લોકાકાશમાં દરેક પ્રદેશે અનંતા દ્રવ્યને અવગાહના આપવાનો સ્વભાવ આકાશનો છે.

(૩) કાળથી–અસંખ્યાત કાળાણુ બીજા પાંચે દ્રવ્યોને પરિણમનમાં ઉદાસીન સહકારી દરેક સમયે છે.

(૪) ભાવથી–જ્ઞાતા આત્મા દરેક ગુણથી બેહદ તાકાતપણે છે. તેમાં મુખ્ય જ્ઞાનગુણથી જુઓ તો એકેક સમયમાં ત્રણકાળ–ત્રણલોકની અનંતતાને એક સાથે જાણે, કારણ કે જાણવાનો સ્વભાવ નિત્ય છે. કોઈમાં અટકવાપણું કે ન જાણવાપણું સ્વભાવમાં ન હોય. કેવળજ્ઞાનની એકેક સમયની એક અવસ્થામાં લોકાલોકને જાણે, અનંતા લોકાલોક હોય તોપણ જાણે એવી બેહદ ગંભીર જ્ઞાયક શક્તિ દરેક જીવમાં છે.

લોકાકાશ પ્રમાણે અખંડ અરૂપી ધર્માસ્તિકાય દ્રવ્ય એક છે, તે જીવ પુદ્ગલને ગતિમાં ઉદાસીન સહકારી છે. તે અનંતને ગતિપણે થવા દે, તેવો બેહદ સ્વભાવ તેનો છે.

લોકાકાશ પ્રમાણે અખંડ અરૂપી અધર્માસ્તિકાય દ્રવ્ય એક છે, તેનામાં જીવ પુદ્ગલને ઉદાસીનપણે સ્થિતિસહાય થવાનો ગુણ અનંતો છે.

જ્ઞાનનો મહિમા તો જુઓ! વર્તમાન રાગમિશ્રિત દશામાં ઈન્દ્રિય આધીન થવા છતાં, ક્ષણમાં બેહદ અનંતનો ખ્યાલ જ્ઞાનમાં માપી લે છે; તો સર્વ રાગ–દ્વેષ અને આવરણ રહિત શુદ્ધ પૂર્ણ કેવળજ્ઞાન દશામાં એકેક સમયની એક અવસ્થામાં ત્રણકાળ-ત્રણલોકના સર્વ પદાર્થ સમૂહને સર્વ પ્રકારે એક સાથે જાણવાનું પ્રગટ સામર્થ્ય બેહદ કેમ ન હોય? હોય જ. તેમાં સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને શંકા પડતી નથી. સર્વજ્ઞ વીતરાગ પરમાત્માને પૂરેપૂરા કબૂલનારો, પોતે શક્તિપણે એવડો મોટો હોય તો જ તે પૂર્ણને ઓળખી શકે. અધૂરા જ્ઞાનમાં પણ જ્ઞાનનું જાણવાપણું વ્યવસ્થાવાળું છે. જડ પુદ્ગલ પરમાણુ એકેકમાં સ્વતંત્રપણે અનંત વીર્ય શક્તિ છે, તેની અવસ્થાની વ્યવસ્થાનો કર્તા તે પુદ્ગલ છે. કોઈ ઈશ્વર કર્તા નથી, તેમ જ્ઞાની જાણી લે છે.

જગતમાં દેહાદિના સંયોગ–વિયોગ તથા તેની બધી અવસ્થા તેમ જ તેના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ગુણની અવસ્થાનું અનંતગુણ હીનાધિકપણે બદલવું વગેરે જડની રચના તે દરેક પુદ્ગલ દ્રવ્યની સ્વતંત્ર ઉપાદાન શક્તિના આધારે થાય છે. તે પુદ્ગલ પરાવર્તન ચક્ર દરેક પરમાણુ સ્વતંત્રપણે, પ્રેરણા વિના, પોતાના કારણે પોતાને આધારે કરે છે. દેહાદિ સર્વ પરદ્રવ્યની સંયોગ–વિયોગરૂપ અવસ્થાની વ્યવસ્થા તેના કારણે જેમ થવા યોગ્ય છે, તેમ જ થાય છે, તેના કારણે કોઈને લાભ–નુકશાન નથી, એમ જ્ઞાની જાણે

છે. પરથી મારે કાંઈ સંબંધ નથી એમ જેણે જાણ્યું તેને સ્વમાં જ જોવાનું રહ્યું. તેમાં તો અનંતો સવળો પુરુષાર્થ આવે છે. પર ચીજની પોતામાં નાસ્તિ છે, તેથી દેહાદિ પર ચીજને પ્રેરણા કરવી કે આંગળી હલાવવી તે કોઈ આત્માને આધીન નથી. દેહાદિ તથા પર આત્માના કોઈ કામ કોઈ બીજો આત્મા કોઈ અપેક્ષાએ કરી શકતો નથી. નિમિત્ત ઉપર સામો જીવ પોતાના ભાવ મુજબ આરોપ કરે છે. સામો જીવ સમજે ત્યારે બોલાય કે આણે મને સમજાવ્યો, ન સમજે તો નિમિત્ત ન કહેવાય; માટે નિમિત્તથી કોઈનું કાર્ય થતું નથી. આત્મા તો સદાય અરૂપી જાણનાર સ્વરૂપે છે. વ્યવહારે દેહાદિ પર વસ્તુના કોઈ કામ કોઈ આત્મા કદી કરી શકતો નથી. દરેક સમયે માત્ર જાણી શકે છે અથવા પોતાને ભૂલી ઊંધું માને કે મેં કર્યું. જડ દેહાદિના આધારે કોઈને માત્ર ગુણ–દોષ થતા નથી, પણ પોતાના ઊંધા પુરુષાર્થથી દોષ (દુઃખ) થાય છે અને સવળા પુરુષાર્થથી દોષનો નાશ અને સુખની ઉત્પત્તિ થાય છે.

જીવની આજ્ઞાથી દેહાદિ પર દ્રવ્યમાં કાંઈ થતું નથી. જીવ ઈચ્છા કરે અને પુણ્યના સંયોગે ધાર્યું થતું દેખાય તે દેખાતી ભૂલ છે. તે વખતે પણ જડનું કાર્ય તેની યોગ્યતા મુજબ જેમ થવાનું હોય તેમ જ થાય છે. ગાડા તળે કૂતરૂં ચાલે ત્યારે તે માને કે ગાડું મારાથી ચાલે છે પણ તે ભ્રમ છે. તેમ દેહાદિ પોતાથી ચાલે ત્યારે દેહાદિ મારાથી ચાલે છે એમ જીવ માને છે પણ તે ભ્રમ છે. જગતને આ વાત સમજવી કઠણ લાગે છે પણ એમ જ છે. બે વસ્તુ ત્રિકાળ જુદી સ્વતંત્ર છે, તે નક્કી કર્યા વિના પરનું ધણીપણું છૂટે નહિ. પરનું હું કરી શકું એમ માન્યું ત્યાં બે એક થઈ ગયા તે એકાન્ત મિથ્યામત થયો.

જ્ઞાન સ્વપરને જાણવાવાળું છે, તે જાણવારૂપે ક્રિયા કરે છે. આ પેન્સિલમાં પકડાવાની અને હાથમાં પકડવાની યોગ્યતા છે તો પકડાશે એમ પ્રથમથી જ્ઞાને જાણ્યું, પણ આકાશ પકડાશે કે દસ મણ વજન પકડાશે એમ ન જાણ્યું. આ લોટામાં પાણી આવશે પણ ઘડો નહિ આવે તેમ જ્ઞાન જાણે છે. પાણી આ સ્થાને આવી શકશે; તેની ધાર થશે, તે બધી જડની અવસ્થા છે તેને જાણે જ છે. પાણી મોઢામાં જશે તો તરસ છીપશે એમ પણ જ્ઞાને તો જાણ્યું જ છે. પુદ્‌ગલ પોતે સ્વતંત્ર જડેશ્વર ભગવાન છે. માત્ર ચેતનપણું તેમાં નથી. જાણનારો જાણે છે કે આનું કાર્ય આમ થયું, તેને બદલે હું આવો થઈ ગયો, પરનું મેં કર્યું વગેરે ખોટું માને છે. જાણનારો દેહ ઉપર દૃષ્ટિ રાખી તેની ક્રિયા પોતામાં માને છે, તે અનાદિની ભૂલ છે. ઊંઘમાં દેહની ક્રિયા હું કરૂં છું, એમ ખ્યાલ ન હતો છતાં ક્રિયા થયા કરતી હતી; જાગ્યો ત્યારે માનવા લાગે છે કે મારાથી થાય છે. પુદ્‌ગલના સ્વભાવને જીવ જાણી શકે છે પણ કરી શકતો નથી. દેહમાં ક્ષુધારૂપે પરમાણુમાં ખળભળાટ થાય તેને જાણે. રોટલાનો સંયોગ મળે અને પુણ્યનો ઉદય હોય તો ભૂખ

ભાંગે. થોર, કાંટા, પથરા ખવાય નહિ, પેશાબ પીવાય નહિ, પાણીનો સ્વભાવ પથ્ય છે, તેથી તે પીવાય, આકાશ ઉપર અધર સુવાય નહિ એમ જ્ઞાની જેમ છે તેમ જાણી લે છે. આનું કાર્ય આમ થયું તેમ જાણે છે, હું તેવો થયો તેમ જાણતો નથી.

જુદાપણાનું ભાન નથી તે હું પરનો કર્તા છું, પર મારૂં કરી શકે છે એમ બધાને શક્તિ વિનાના, પરાધીન ઠરાવે છે. હું સ્વપણે છું અને પરપણે નથી એમ જાણે તો પરને પોતાની વિકારી અવસ્થાને જેમ છે તેમ જાણી શકે છે. હું અને દરેક આત્મા પોતામાં અનંતો સવળો કે અવળો પુરુષાર્થ કરી શકે છે. નિરંતર જાણવાનો સ્વભાવ છે, તે હદવાળો નથી. વર્તમાન રાગની વૃત્તિ ઉઠે છે તેવડો હું નથી. દરેક આત્મા જાણવાની શક્તિની ગંભીરતાથી ગુણ મોટો છે, ક્ષેત્રે મોટો નથી. દૂર રહેલા પદાર્થને જાણવા માટે જ્ઞાનને લાંબું થવું પડતું નથી, પણ અંદર ગુણમાં એકાગ્ર થવું પડે છે.

જ્ઞાનનો સ્વ-પરપ્રકાશક (જાણનાર) સ્વભાવ છે, તેને બદલે કોઈ એમ માને કે જ્ઞાનમાં જ્યાં સુધી અનેક જણાય છે ત્યાં સુધી દ્વૈતપણાનો ભ્રમરૂપ દોષ છે, માટે આ દ્વૈતનું જાણપણું કાઢી નાખું તો હું અખંડ એકલો રહુ અને અદ્વૈતનો અનુભવ થાય, એમ માની હઠયોગ વડે જડ દેહની ક્રિયાથી જ્ઞાનને પ્રગટ કરવા માગે છે. તે જીવ વિકાસને રોકી મૂઢતાનો અભ્યાસ કરે છે. ધર્મના નામે અજ્ઞાન સેવે છે તે પણ દયાને પાત્ર છે.

આત્માને જ્ઞાનભાવે સ્વક્ષેત્રમાં વ્યાપક નહિ માનતાં સર્વક્ષેત્રે વ્યાપક જેણે માન્યો તે સ્થૂળ દૃષ્ટિ છે. અંદર જ્ઞાનમાં સ્થિરતા થતાં બેહદ શક્તિની ખીલવટ થાય છે. તેમાં ત્રણકાળ–ત્રણલોક સહજ જણાઈ જાય છે. આમ ભાવની સૂક્ષ્મ ગંભીરતા જેને ન બેઠી તે બહાર ક્ષેત્રમાં સ્થૂળદૃષ્ટિથી જીવને સર્વક્ષેત્રવ્યાપક માને છે. આમ અનેક પ્રકારના જૂઠા અભિપ્રાયવાળાઓએ સર્વજ્ઞ કથિત અનેકાન્ત સ્વરૂપનો વિરોધ પોતાના ભાવમાં કર્યો હોવાથી તેમણે સ્વાધીન વસ્તુપણાનો નિષેધ કર્યો છે. વસ્તુસ્વભાવ તેવો નહિ હોવાથી તેમનો અનુભવ મિથ્યા હોય છે, માટે સર્વજ્ઞ વીતરાગ દેવ કહે છે તે રીતે દરેક દેહ દીઠ એકેક આત્મા પૂર્ણ આનંદઘન છે, પરથી જુદો છે, પણ વર્તમાન અવસ્થામાં નિમિત્તાધીન વિકાર પોતે કરે છે એમ નિર્ણય કરી, અવસ્થાને ગૌણ કરી શુદ્ધનય વડે અખંડ સ્વભાવના લક્ષે અભેદ અનુભવ થઈ શકે છે. સત્સમાગમે પ્રથમ સમજીને સ્વાધીન પૂર્ણ ચિદાનંદ સ્વરૂપમાં ઠર્યો એટલે તે ભગવાન આત્મા જ પોતાની સંભાળી કરશે, એટલે કે રાગ-દ્વેષ અજ્ઞાનરૂપી સંસારમાં પડતાં બચાવશે.

હવે ચૌદમી ગાથાની સૂચનારૂપે શુદ્ધનય કેવો પ્રગટ થાય છે, તે કહે છે. તેરમી ગાથામાં નવતત્ત્વ, નયાદિના વિકલ્પથી જુદો અને પોતાના ત્રિકાળી સ્વભાવમાં એકરૂપ

આત્મા બતાવ્યો. અહીં પરથી જુદો, ક્ષણિક સંયોગાધીન વિકારથી જુદો આત્મા શુદ્ધનયથી ગણ્યો છે, તે કહે છે.

પરસંયોગ આત્મામાં ત્રણકાળમાં નથી. પરમાર્થે વિકાર પણ આત્મામાં નથી. ક્ષણિક અવસ્થા પૂરતો રાગ થાય છે તે પર લક્ષે જીવ પોતે કરે છે, પણ તે ક્ષણિક ઉત્પન્નધ્વંસી છે. વિકારનો નાશક સ્વભાવ તે ટાણે પૂર્ણ અવિકારી અસ્તિપણે છે. પર નિમિત્તના ભેદ રહિત, પર્યાયના ભેદ રહિત દરેક અવસ્થામાં ત્રિકાળી પૂર્ણ શક્તિ અખંડ શુદ્ધ સ્વભાવપણે છે, તેવા નિરપેક્ષ પારિણામિક સ્વભાવને શ્રદ્ધાના લક્ષમાં લેવો તે જ્ઞાનને શુદ્ધનય કહે છે.

સમયસારની એકેક ગાથામાંથી ચૈતન્ય મણિરત્નના અદ્ભુત ન્યાય ઝરે છે. સમજ્યો એટલે પૂર્ણ સમાધાન થાય છે. જ્ઞાનના ભાનભાવે વર્તમાનમાં મોક્ષ છે. અનંતો સવળો પુરુષાર્થ લાવે તો ભવનો અભાવ કરે, એવી પરમ અદ્ભુત વાત છે.

મોચીની દુકાનમાંથી ચામડાના કટકા નીકળે પણ ઝવેરીની તિજોરીમાંથી હીરા નીકળે અને ચક્રવર્તીના કરંડિયામાંથી અમૂલ્ય હાર નીકળે, તેમ સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવના શ્રીમુખેથી નીકળેલ પરમ તત્ત્વનો બોધ સત્સમાગમે ઝીલે–ગ્રહણ કરે, તેને મોક્ષનાં મોતી પાકે.

સહજ ચિદાનંદ.

તા. ૨૦-૮-૪૩.

આગળ શુદ્ધનયનો ઉદય થાય છે, તેની સુચનારૂપ શ્લોક કહે છે :—

**आत्मस्वभावं परभाव भिन्न–**
**मापूर्णमाद्यंत विमुक्तमेकम् ।**
**विलीनसंकल्पविकल्पजालं**
**प्रकाशयन् शुद्धनयोऽभ्युदेति ।।१०।।**

શુદ્ધનય આત્માના સ્વભાવને પ્રગટ કરતો ઉદયરૂપ થાય છે. શાશ્વત ચૈતન્ય સ્વભાવી આત્મા વિકારનો નાશક છે. તેની વર્તમાન અવસ્થામાં સંયોગાધીન દૃષ્ટિથી ક્ષણિક વિકાર થાય છે. તે વખતે પણ પોતે વિકારના નાશક સ્વભાવે પૂર્ણ ગુણ સ્વરૂપે છે, ક્ષણિક અવસ્થા જેટલો નથી, એમ નિર્ણય કરી એમાં ધીરજથી ઠરે તો વિકારનો નાશ થઈ નિર્મળ શાંત સ્વભાવ પ્રગટ થાય છે.

પાણીમાં ઉષ્ણતા વખતે શીતળતા પ્રગટ દેખાતી નથી, છતાં સ્વભાવ તરફની દૃષ્ટિથી જળ પૂર્ણ શીતળ છે, એવો પ્રથમ ભરોસો કરે છે. તાંબાના સંયોગ વખતે પણ સોનામાં સોળવલું શુદ્ધ સુવર્ણપણું માને છે, પર સંયોગના ભેદનું લક્ષ ગૌણ કરી મૂળ અસલી સ્વભાવને જુએ છે; તેમાં જેમ સંયોગી ભેદને ક્ષણિક અવસ્થા પૂરતા માની મૂળ શુદ્ધ સ્વભાવને જીવ માની શકે છે, તેમ અહીં આત્મા પોતામાં માનતો નથી તેથી પર લક્ષે રાગ–દ્વેષની વૃત્તિ થાય છે. તે વૃત્તિ ક્ષણેક્ષણે નાશવાન છે પણ તેને જાણનાર તે રૂપે નથી, તેના નાશકરૂપે છે; માટે અવસ્થા તરફનું લક્ષ ગૌણ કરી, પોતાના ત્રિકાળ ટકનાર નિર્મળ એક સ્વભાવને દેખો તો તેમાં બંધ–મોક્ષની પર્યાયના વિકલ્પ ઉઠતા નથી. શ્રી બનારસીદાસજી કહે છે :—

એક દેખિયે જાનિયે, રમિ રહિયે ઇક ઠૌર;
સમલ વિમલ ન વિચારિયે, યહૈ સિદ્ધિ નહિ ઔર.

(સમયસાર નાટક, જીવદ્વાર. ૨૦)

એમ શુદ્ધનય વડે આખો ધ્રુવ સ્વભાવ લક્ષમાં લેતાં, બંધમોક્ષ વગેરે સર્વ ભેદનું લક્ષ ગૌણ થઈ જાય છે. એ રીતે એકરૂપ સ્વભાવના જોરે એકાગ્ર થતાં પરથી જુદા અવિકારી નિર્મળ સ્વભાવની જાહેરાત થાય છે અને એ જ રીતે સ્વભાવની સ્થિરતાથી મોક્ષદશા ઉઘડે છે.

શુદ્ધનયનો વિષય તે જ સમ્યગ્દર્શનનો વિષય છે. આ શુદ્ધનય આત્મસ્વભાવને કેવો પ્રગટ કરે છે? પરદ્રવ્ય, પરદ્રવ્યના ભાવો તથા પરદ્રવ્યના નિમિત્તથી થતા પોતાના વિભાવો–એવા પરભાવોથી જુદો બતાવે છે. દેહાદિ સંયોગ તો મારાથી પ્રગટ લક્ષણે ભિન્ન દેખાય છે. અંદર આત્મા સાથે દ્રવ્યકર્મ આવરણરૂપે નિમિત્તપણે છે, તે ઝીણી ધૂળ છે અને તેના ઉદયરૂપ ફળ તેમાં આવે છે. તે પુદ્‌ગલના સંયોગી ભાવમાં ઠીક–અઠીક કરી રાગ–દ્વેષરૂપ થવું તે ભાવકર્મ (જીવનો વિકારી ભાવ) છે. શુદ્ધનય તે બધા પરભાવોથી આત્માને જુદો બતાવે છે.

જેમ જેના ઉપરથી વિશ્વાસ ગયો તેને જીવ ઠીક માને નહિ, આદર કરે નહિ અને જેને બરાબર ઓળખી પાકો વિશ્વાસ કરે તેને જ હિતરૂપે આદરવા યોગ્ય માને અને તેનો આશ્રય કરે. તેમ જીવ દેહાદિ, રાગાદિ વગેરે પરને પોતારૂપ માનતો ત્યાં સુધી ઠીક–અઠીક માની પુણ્ય–પાપ ઉપાધિનો આદર કરી પરમાં કર્તાપણું–ધણીપણું માનતો હતો, પણ તે હું નહિ એમ જાણ્યું ત્યારે ક્ષણિક સંયોગ અને વિકાર મારૂં સ્વરૂપ નથી, હું વિકારનો નાશક છું, મારામાં બધા ગુણ ભર્યા છે; એમ પોતાનો પોતામાં પૂરો વિશ્વાસ

લાવે અને અવસ્થાનું લક્ષ ગૌણ કરે તો બીજામાં હિત માનવાનું ન રહે અને એક સ્વાશ્રયમાં જ રમવાનું–ઠરવાનું રહે. પછી હું મેલો, ઉણો કે ઉપાધિવાળો છું, પરાધીન છું એવી શંકા ન થાય.

અનાદિથી પોતાને ભૂલી, પરનો આશ્રય માની, બંધનરૂપ ઉપાધિભાવની અને આખા જગતની મમતા અને ઓશિયાળ કરે છે, પણ એકવાર પરથી ભિન્ન અવિકારી પૂર્ણ ચિદાનંદ ભગવાન આત્માની ઓળખાણ કરી સ્વભાવમાં ઠરી જા, તો પછી પુણ્ય-પાપનો રાગ અને તેના સંયોગનો આદર નહિ થાય, કોઈ પ્રત્યે આકુળતા નહિ થાય.

સ્વરૂપ સમજ્યા વિના ત્રણકાળમાં નિવેડો થાય તેમ નથી. કોઈ સીધો 'ગધેડો' કહે તો કજિયો કરે પણ જે ભાવમાં તેવા અનંતા ભવ ઊભા છે તે ભાવનો નાશ કરતો નથી, તો તે ભૂલનું પરિણામ ભોગવવું પડશે, માટે સમયે સમયે તારા પરિણામ તપાસ. અહીં સમજણ ઉપર વજન છે. જીવ સમજણમાં ઊંધું માની પરમાં ઠીક–અઠીકરૂપે રાગ–દ્વેષ કરે અથવા સવળું માની રાગ–દ્વેષ તોડી વીતરાગ ભાવ કરી શકે. તે સિવાય બીજું કાંઈ કરી શકતો નથી, માટે જો સત્ય સ્વભાવ ન સમજ્યો તો જેમ સમુદ્રમાં ફેંકેલ મોટી હાથ ન આવે તેમ ચોરાશીની રખડપાટમાં ફરી મનુષ્ય થવું ઘણું મોંઘું છે. પૈસા વગેરે બહારના સંયોગો મળે તેમાં સમજણની જરૂર નથી, તે તો પૂર્વ પુણ્યના કારણે આવી મળે છે, પણ આત્માને સમજવામાં અનંતો સવળો પુરુષાર્થ જોઈએ, કારણ કે ત્યાં કર્મ કરાવે તેમ થતું નથી.

આત્મસ્વભાવ સમસ્તપણે (પારિણામિક ભાવે) પૂર્ણ છે, એમ શુદ્ધનય બતાવે છે. 'આત્મસ્વભાવ પૂર્ણ છે' એમ કહેવામાં નિરપેક્ષ ધ્રુવ સ્વભાવની પૂર્ણ સ્વતંત્ર મર્યાદા બતાવે છે. 'સમસ્તપણે પૂર્ણ' એમ કહેવામાં આખું દ્રવ્ય બતાવ્યું છે. જેમ સોનાનો લોટો લેતાં તેમાં વિશ્વાસ છે કે આ પ્રમાણે કારીગરીવાળાં ઘરેણાં આમાંથી થવાનાં છે, તેમાં જુદા ભેદ પાડતો નથી, તેમ આત્મામાં કેવળજ્ઞાન શક્તિ ભરી છે તે પ્રગટ થવાની છે, તેના ભેદ રહિત આખા સ્વભાવને જોતી વખતે તેમાં ભેદ શુદ્ધનય પાડતો નથી. જેમ સોનું તાંબાના સંયોગ વખતે પણ મૂળ સ્વભાવપણે દેખો તો સોળવલું શુદ્ધ જ છે, તે ક્ષણિક નિમિત્તાધીન વિકાર વખતે પણ ભગવાન આત્મા પોતાના મૂળ સ્વભાવે પવિત્ર પૂર્ણ શુદ્ધ જ છે, એમ અવસ્થાને ગૌણ કરીને જાણવું તે શુદ્ધનય છે. વળી આત્મસ્વભાવ સમસ્ત લોકાલોકને જાણનાર છે, એમ શુદ્ધનય બતાવે છે. કેવળજ્ઞાન તો અવસ્થા છે. સંસાર અને મોક્ષ એ પર્યાય છે. તેમાં કર્મના સંયોગ વિયોગની અપેક્ષા આવે છે. તે પર નિમિત્તના ભેદની અપેક્ષા રહિત, શુદ્ધ દૃષ્ટિથી વર્તમાનમાં પૂર્ણ એકરૂપ સ્વભાવને જોતાં, નિર્મળ સમ્યક્દર્શનનો વિષય જે પરિપૂર્ણ પારિણામિક ભાવરૂપ આખો સ્વભાવ તે લક્ષમાં આવે છે. તેમાં કોઈ ભેદ કે વિકલ્પના આશ્રયની જરૂર નથી. પૂર્ણ નિર્મળ આત્મસ્વભાવ

ઊઘડ્યા પહેલાં પૂર્ણનો સ્વીકાર શ્રદ્ધા–જ્ઞાનમાં થાય છે. સમ્યક્દ્રષ્ટિ પોતાના પૂર્ણ શુદ્ધ પારિણામિક ભાવને જ માને છે. તેના લક્ષે વિકલ્પ તૂટીને સ્થિરતાનું બળ વધે છે. અલ્પકાળમાં મોક્ષ જ છે, તેના સંદેશા જાતમાંથી નિઃસંદેહપણે તેને આવે છે.

પૂર્ણ સ્વભાવમાં ઊણી કે પૂરી અવસ્થાના ભેદ ન આવે. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય અને કેવળજ્ઞાન વગેરે કર્મના નિમિત્તની અપેક્ષા બતાવે છે. ઉપશમ, ક્ષયોપશમ, ઉદય અને ક્ષાયિકભાવ એ બધામાં પરની અપેક્ષાનો ભેદ આવે છે, તે સર્વ ભેદ શુદ્ધનયમાં ગૌણ છે. શુદ્ધનયનો વિષય નિરપેક્ષ પૂર્ણ સ્વભાવ હોવાથી તે શુદ્ધનય પારિણામિક દ્રવ્ય સ્વભાવ સહજ એકરૂપ અખંડપણે બતાવે છે. એવો જ સમ્યગ્દર્શનનો સ્વવિષય છે. તેને પ્રગટ કરનાર શુદ્ધનયનો સ્વાશ્રિત અનુભવ ચોથા ગુણસ્થાને વિકલ્પ તોડીને થાય છે. તેમાં બાહ્ય સાધન નથી. સ્વભાવ પોતે જ કારણ છે.

શ્રાવક અને મુનિ થયા પહેલાની આ વાત છે. વસ્તુસ્વરૂપ આવું છે છતાં તેની કોઈ ના પાડે તો તેથી બીજુ થાય તેમ નથી. મૂળ સમજણ વિના સાધુ નામ ધરાવે તો નામ માટે કોણ ના પાડે? કોઈ ગરીબ માણસનું નામ સયાજીરાવ પાડે તો નામ નિક્ષેપ્રે સાચું છે, તેમાં ગુણની જરૂર નથી. કોથળા ઉપર કોઈ નામ લખે કે રૂા. ૪૦ના ભાવની ઊંચી સાકર અને અંદર કરિયાતાના કડવા લાકડા ભર્યા હોય. તો ઉપર લખેલા નામ માત્રથી તે કાંઈ મીઠાં ન થઈ જાય. તેમ પૂર્વાપર વિરોધ રહિત આત્માનો સ્વભાવ જાણ્યા વિના હું ધર્મી છું, ચારિત્રવાન છું, એમ કોઈ માને તો તેથી અંદરમાં ગુણ ન હોય તે થઈ જાય નહિ. સર્વજ્ઞ વીતરાગે સમ્યક્દર્શન–જ્ઞાન–ચારિત્રનું જેવું સ્વરૂપ કહ્યું છે, તેવું માન્યા–જાણ્યા વિના અંદર નિરાકુળ સ્થિરતારૂપ ચારિત્ર થાય નહિ.

વળી તે શુદ્ધનય આત્મસ્વભાવને આદિ–અંતથી રહિત પ્રગટ કરે છે. જેમ પાણીનો શીતળ સ્વભાવ કોઈએ બતાવ્યો નથી, તેમ અનંતગુણ સમુદાયની રચનારૂપ પવિત્ર વીતરાગી આત્મસ્વભાવ ત્રિકાળ એકરૂપ પોતાપણે છે અને પરપણે નથી. તેને કોઈએ બતાવ્યો નથી, તે કોઈ કાળે ઉપજ્યો નથી; 'છે' તેનો નાશ કે ઉત્પત્તિ કોઈ સંયોગ, ક્ષેત્ર, કાળ કે ભાવમાં થતાં નથી, અખંડ સ્વયંસિદ્ધ આત્માની રચના કોઈએ કરી નથી, કોઈના આધારે નથી, દરેક સમયે પરિપૂર્ણ છે, એવા નિત્ય પારિણામિક ભાવને શુદ્ધનય જાણે છે.

વળી તે, આત્મસ્વભાવને એક–સર્વ ભેદભાવોથી (દ્વૈતભાવોથી) રહિત એકાકાર પ્રગટ કરે છે અને જેમાં સમસ્ત સંકલ્પ–વિકલ્પના સમૂહો વિલય થઈ ગયા છે, એવો પ્રગટ કરે છે. જ્ઞાનાવરણાદિ વ્યકર્મ, રાગ-દ્વેષાદિ ભાવકર્મ, દેહાદિ નોકર્મ તે જ હું છું,

એમ પરમાં એકપણાનો નિશ્ચય તે સંકલ્પ અને જ્ઞેયોના ભેદથી જ્ઞાનમાં ભેદ માલુમ થવો તેને વિકલ્પ કહે છે.

રાગ-દ્વેષ આત્માનો સ્વભાવ નથી, પણ તે નિમિત્તાધીન ક્ષણિક હોવાથી ટળે છે, માટે જડ છે. વ્યવહારે તે જીવમાં થાય છે. તે બધામાં પોતાપણાની કલ્પના કરવી તે ઊંધી શ્રદ્ધારૂપ સંકલ્પ છે. પરથી લાભ—હાનિ થાય. શુભાશુભ રાગથી ગુણ થાય, પરની મદદ જોઈએ, એમ જેણે માન્યું તેણે બે દ્રવ્યોને એક માન્યા છે; હું માલ વિનાનો છું અને એ રીતે બધાને તેણે તેવા માન્યા છે. અક્રિય જુદા સ્વભાવની તેને ખબર નથી. તે જીવ પરમાર્થ સત્ય બોલી શકે નહિ. બોલવામાં જ્ઞાની વ્યવહારથી કહે કે આ મારૂં શરીર વગેરે છે, છતાં અંતર ભાવમાં ઘણો આંતરો હોય છે. હું જુદો છું, પરનો કર્તા નથી, છતાં જેટલો રાગ છે તે ભૂમિકા અનુસાર લૌકિક વ્યવહાર જેવું બોલવું પડે છે, પણ ભાવમાં જુદાપણું બરાબર સમજે છે. દેહ, શબ્દ, રસ, ગંધ, વર્ણ, સ્પર્શ આદિથી હું જુદો છું, વાણી મારી નથી, તેનો કર્તા નથી, સદાય એકરૂપ સાક્ષી જ્ઞાયક છું એમ તે સમજે છે; રાગ-દ્વેષની અસ્થિરતા થાય છતાં દૃષ્ટિમાં તેનો નકાર છે. જ્ઞાની રાગનો કર્તા નથી પણ નાશક છે. દેહ, ધન, પુત્રાદિ મારાં છે એમ અજ્ઞાની નિશ્ચયથી માને છે, તેથી અજ્ઞાનભાવરૂપે તે પરનો કર્તા, ભોક્તા અને રક્ષક છે.

**પ્રશ્ન** :—ઘરનું માણસ હોય તો સેવા કરે છે ને!

**ઉત્તર** :—પરની સેવા કોઈ કરી શકતું નથી. સહુ પોતા માટે ભલા ભુંડા ભાવ કરી શકે છે. પુણ્ય હોય ત્યાં સુધી બહારમાં અનુકૂળતા જેવું દેખાય. ખરી રીતે અનુકૂળતા કે પ્રતિકુળતા બહારમાં નથી. પોતે પોતામાં કષાયની આકુળતા ઘટાડી શાંતિ રાખે તેટલું સુખ છે. નિરાકુળ સ્વતંત્ર સ્વભાવને જાણ્યા વિના આકુળતા ટળે નહિ. સ્ત્રી, દેહ, ધનાદિનો સંયોગ મને મદદ કરે એમ માને તેની આકુળતા ટળે નહિ. પરનો આશ્રય જોઈએ, નોકર જોઈએ, સ્ત્રી જોઈએ, એમ જેણે માન્યું તેને નિર્દોષ એકલાપણું, સ્વતંત્રપણું ગમતું નથી. તે પરાધીનતાનો આદર કરે છે અને પોતાના સ્વતંત્ર સ્વભાવનો અનાદર કરે છે.

શ્રીમદ્ રાજચંદ્રે સોળ વર્ષ ને પાંચ મહિને અદ્ભુત ભણકાર કર્યો છે કે :—

''સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી,
અનાથ આરાધ્ય પ્રભાવ આણી;
અનાથ એકાન્ત સનાથ થાશે,
એના વિના કોઈ ન બાહ્ય સ્હાશે.''

પોતાના આત્મને પરિપૂર્ણ માનીને, તેનું બહુમાન લાવી, તેનો જ આદર કર, આશ્રય કર. તેનું જ સેવન કર અને પરની ઓશિયાળ છોડ, રાંકાઈ છોડ, તો પરમાં મૂર્છારૂપ અનાથપણું છૂટી એકાન્ત સ્વાશ્રયથી સનાથપણું થાશે જ; પરમાં–વિકારમાં ધણીપણું–કર્તાપણું નહિ થાય, એટલે સંસાર જ ઊડી જશે. જેણે સ્વાશ્રય કર્યો તેને શ્રદ્ધામાં આખો સંસાર ઊડી ગયો. જેમ લગ્નમંડપમાં તોરણે આવીને વર પાછો ફરે તે શરમ ગણાય તેમ સાક્ષાત્ તીર્થંકરની વાણીમાં આવે તે જ ન્યાયવાળી અમૃત જેવી નિર્દોષ વાણી કાને પડે અને અંદરથી ન રીઝે અને પાછો પડે તો મોટી શરમ ગણાય.

શ્રીમદ્ રાજચંદે દેહની નાની ઉંમરમાં અપૂર્વ જાગૃતિનો જુવાળ ઉપાડ્યો હતો. સ્વાધીન એક આત્માની જ આરાધના કર. પરની આશામાં, પરની સેવામાં, ક્યાંય શરણ નથી. હું માંદો પડું ત્યારે સ્ત્રી આદિ સેવા કરનારા જોઈએ. અરે! એવી ઓશિયાળ ચૈતન્યપ્રભુને હીણપ લગાડનારી છે. સર્વજ્ઞે કહેલા અવિનાશી ધર્મ એટલે સ્વતંત્ર સ્વભાવને માન, તે જ શરણભૂત છે. તેના ભાન વિના, આશ્રય વિના ઇન્દ્રોના વૈભવ પણ અશરણ છે.

મોટો દેવ થયો હોય પણ સ્વનું ભાન ન હોય, પરમાં ખૂબ મૂર્ચ્છ સેવી હોય તેની પુણ્યની સ્થિતિ પૂરી થવા આવી હોય, આયુષ્ય પુરું થવાને છ માસની વાર હોય ત્યાં કલ્પવૃક્ષો, મહેલો, વિમાન ઝાંખા દેખાવા લાગે છે. સ્વાધીન સ્વરૂપનું તેને ભાન નથી, તેથી ઝાંવા નાખે છે, રડે છે. મરણ સમયે ખૂબ રૌદ્ર ધ્યાન કરે છે કારણ કે સત્યનો અનાદર કર્યો છે. ધર્માત્મા હોય તે આનંદ માને છે કે હું ઉત્તમ મનુષ્ય કુળમાં જઈ, દીક્ષા લઈ, મોક્ષ જવાનો છું; તે ત્યાં તીર્થંકર ભગવાનની શાશ્વત મૂર્તિ હોય છે, તેમના ચરણે ઢળી શાંતિથી દેહ છોડે છે.

અહીં સંકલ્પ એટલે સામાન્યમાં ભૂલ અર્થાત્ ત્રિકાળી આખા સ્વભાવની શ્રદ્ધામાં ભૂલ તે દર્શનમોહ, તે અનંત સંસારમાં રખડવાનું મૂળિયું છે.

વિકલ્પ તે વિશેષમાં ભૂલ, તે ચારિત્રમોહ છે. જ્ઞાનથી દેહાદિક અનેક સંયોગોનો ફેરફાર જણાય છે તેમાં પરજ્ઞેયો પલટતાં હું ખંડખંડરૂપે થઈ ગયો, હું જન્મ્યો, વૃદ્ધ થયો, મને રોગ થયો, દેહમાં જે કાંઈ ક્રિયા થાય તે મારી અવસ્થા છે; એમ માની પરમાં ઠીક–અઠીક ભાવપણે પુણ્ય–પાપની વૃત્તિ ઊઠે તે અનેક ભેદરૂપે હું છું, એવા વિકલ્પ (વિશેષ આચાર) તે ચારિત્રમોહ છે. નિમિત્ત તથા રાગાદિરૂપે હું છું એમ પરમાં અટકવું, રાગમાં એકાગ્ર થવું તે અનંતાનુબંધી કષાયરૂપ ચારિત્રમોહ છે.

તા. ૨૧-૮-૪૩.

ચૈતન્ય આત્માના જ્ઞાનની સ્વચ્છતામાં, જે કાંઈ દૂર કે નજીકની પર ચીજ જણાય તેની અવસ્થામાં ફેરફાર થાય તે જાણે મને જ થાય છે, એવી માન્યતારૂપ વર્તન તે વિકલ્પ છે. પરાધીનતાનો અને રાગ-દ્વેષરૂપ ઔપાધિક ભાવનો આદર અને સ્વતંત્ર ચિદાનંદ આત્માનો અનાદર તે આત્માનુબંધી ક્રોધ છે; પર વસ્તુ અને નિમિત્તરૂપ કર્મ મને રાગ-દ્વેષ મોહ કરાવે છે અને હું પરનું કરી શકું એમ માનવું તે અનંતાનુંબંધી માન છે. અક્રિય, સ્વતંત્ર સ્વભાવ ન માનવો, દેહાદિ, રાગાદિથી ઠીક માનવું તે અનંતાનુબંધી માયા છે. પર વસ્તુમાં હું લોભાઈ ગયો, પુણ્યાદિ સાધન હોય તો મને ગુણ થાય, શુભાશુભભાવ મારા છે, તેનો હું કર્તા છું વગેરે પ્રકારે મૂર્ચ્છાઈ જવું તે અનંતાનુબંધી લોભ છે.


સંકલ્પ-વિકલ્પનો નાશ કરનાર એવો સમ્યક્ સંકલ્પ તે સમ્યક્દર્શન છે અને ઈન્દ્રિયો તરફના જોડાણ વિના સ્વરૂપ સન્મુખ અંશે સ્થિરભાવ વર્તે તે સ્વરૂપાચરણરૂપ સમ્યક્ વિકલ્પ છે. તે જ્ઞાનની ક્રિયા છે.

ધર્મના નામે પ્રમાણ, નય, નિક્ષેપ, નવતત્ત્વ, છ દ્રવ્ય વગેરેનો મન દ્વારા વિચાર કરતાં તે સંબંધી અનેક વિકલ્પરૂપ રાગમાં એકાકાર થઈ અનેક ભેદને પામવું, જુદો સાક્ષી જ્ઞાયક જ છું, એ ભૂલી જવું એ અજ્ઞાનીના વિકલ્પ છે. જ્ઞાનીને તો તે જ્ઞેય છે, કારણ કે તેની દૃષ્ટિ અખંડ ગુણ ઉપર પડી છે. પૂર્ણ એકત્વસ્વરૂપ શુદ્ધ સાધ્યની રુચિનો મહિમા અખંડ જ્ઞાનપણે આત્મામાં જ વર્તે છે. વર્તમાન પુરુષાર્થની નબળાઈથી શુભાશુભ વિકલ્પમાં જોડાઈ છે, પણ સાથે જુદાઈનું ભાન છે અને રાગનો નકાર વર્તે છે, તેથી એકરૂપ જ્ઞાયક સ્વભાવનું લક્ષ ટકાવીને અનેક ભેદરૂપ પર વિષયને જાણતાં છતાં પોતામાં અખંડ જ્ઞાન સ્વભાવને જ અનુભવે છે; હું મને જાણું છું એવો એકપણાનો નિશ્ચય તે જ્ઞાનીનો સંકલ્પ છે અને જ્ઞેયોના ભેદને ભિન્નપણે જાણતાં પર તરફની વૃત્તિ ખેંચીને એકાકાર જ્ઞાન માત્રનો અનુભવ કરવો તે જ્ઞાનીનો વિકલ્પ (વિશેષે આચાર) છે. ૧૩.

અહો! આ તેરમી ગાથામાં તો ભૂલને જ ભૂલાવી દીધી છે. આખા સમયસારની શરૂઆતના મૂળીયા આ ગાથામાંથી રોપ્યાં છે. અરે! પૂર્વની ભૂલ તે હતી કે નહિ એમ ભૂલને ભૂલી જાય એવી આ ગાથા છે, ન સમજાય એ તો વાત જ નથી. ભૂલ તો છે જ ક્યાં? હતી જ કે'દી ભૂલ, કદી છે જ નહિ, સ્વભાવ જ ત્રણેકાળ પ્રકાશમાન છે.

આખો માર્ગ સ્વસન્મુખ પુરુષાર્થદશાનો છે. આ સમયસારની એકેક ગાથા મોક્ષને આપનારી છે, ગાથામાં મોક્ષ નથી પણ સમજણમાં મોક્ષ છે.

રાગ—દ્વેષવાળી અવસ્થા વખતે પણ આત્માનો શુદ્ધસ્વભાવ પ્રકાશમાન છે. સ્વભાવનું સામર્થ્ય ત્રિકાળ છે આ શુદ્ધ સ્વભાવનો અનુભવ કર! એમ શ્રી પરમગુરુઓ આશીર્વાદ આપે છે.



શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦

# શ્રી સમયસારશાસ્ત્ર પર પ્રવચનો

## (ભાગ–બીજો)

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

ॐ

श्री परमात्मने नमः

श्री सद्‌गुरुदेवाय नमः

પરમ પૂજ્ય પરમ–ઉપકારી શાસનસમ્રાટ અધ્યાત્મયોગી સદ્‌ગુરુદેવ

**શ્રી કાનજીસ્વામીનાં**

# શ્રી સમયસારશાસ્ત્ર પર પ્રવચનો

## જીવ–અજીવ અધિકાર–ચાલુ

**मंगलं भगवान वीरो मंगलं गौतमो गणी ।**
**मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलं ।**

**अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया ।**
**चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ।।**

### ચૌદમી ગાથાની ભૂમિકા

શુદ્ધનય વડે સ્વાશ્રયથી શુદ્ધશ્રદ્ધા સહિત નિર્મળ આત્મધર્મ પ્રગટે છે. પરદ્રવ્ય, પરભાવ અને દ્રવ્યકર્મના સંબંધે પોતાની અશુદ્ધ યોગ્યતાથી થતો વિકાર–તે બધાથી ભિન્ન, નિરપેક્ષ, નિર્વિકારી, એકાંત બોધસ્વરૂપ, અખંડ જ્ઞાયક તે જ આત્મા છે. તેના લક્ષે, શુદ્ધનયના અનુભવથી એકાગ્ર થયો તે આત્મઅનુભવરૂપ ધર્મ છે. એમ તેરમી ગાથામાં શુદ્ધનયનો મહિમા સાંભળીને લાયક શિષ્યને શુદ્ધનય કેવો છે અને તે શી રીતે

આત્માને બતાવે છે, તે સમજવાની જિજ્ઞાસા થઈ છે. હું અસંગ અવિકારી છું તે અંતરમાં વિચાર કરતાં સમજાય છે, પણ વિશેષ નિર્ણય માટે સ્વભાવના લક્ષણથી સમજાવો કે શુદ્ધનયનો પ્રગટ અનુભવ અથવા સમ્યગ્દર્શન શી રીતે થાય? એમ તે પૂછે છે. સ. ૫૬

શુદ્ધ પારિણામિક ભાવ અથવા પૂર્ણ આત્મસ્વરૂપને પાંચ ભાવોથી જાણતાં એકરૂપ, નિર્મળ સ્વભાવપણે આત્મા અનુભવાય છે આત્મા પોતે પરમેશ્વર છે, તેના દર્શન થાય છે, તે વાત ચૌદમી ગાથામાં કહે છે.

**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं ।**
**अविसेसमसंजुतं तं सुंद्धणयं वियाणीहि ।।१४।।**

**અર્થ :**—જે નય આત્માને બંધ રહિત ને પરના સ્પર્શ રહિત, અન્યપણા રહિત, ચળાચળતા રહિત, વિશેષ રહિત, અન્યના સંયોગ રહિત—એવા પાંચ ભાવરૂપ દેખે છે તેને, હે શિષ્ય! તું શુદ્ધનય જાણ.

અહીં પરમાર્થ સ્વરૂપનો નિર્ણય કરાવે છે. વર્તમાન અવસ્થામાં બંધન અને વિકાર વ્યવહારે છે. નિશ્ચયથી આત્મા વિકાર રહિત, અબંધ છે. દરિયો બાંધ્યો એમ વ્યવહારે કહેવાય પણ ખરેખર તો નગરનો કાંઠો બાંધ્યો છે; તેમ આત્મા જ્ઞાનાનંદપણે બેહદ છે, તે કોઈથી બંધાયો નથી, વિકાર–દોષ–દુઃખરૂપે થયો નથી, ભેદને ગૌણ કરી વર્તમાનમાં પણ મુક્તસ્વભાવી પૂર્ણ છું; એમ પ્રથમ શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન છે.

અરૂપી ભગવાન આત્માને પરનું બંધન થયું નથી, માત્ર વર્તમાન અવસ્થામાં પરનો સ્વીકાર કરી બંધન માન્યું છે. આત્મા તો સદાય જ્ઞાયકસ્વભાવે જ છે, છૂટો જ છે. તેને કોઈએ બાંધ્યો કે રોક્યો નથી. તેનું દૃષ્ટાંત :—

**અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય ને જે નિયત દેખે આત્માને,**
**અવિશેષ, અણસંયુક્ત, તેને શુદ્ધનય તું જાણજે. ૧૪.**

ત્રીજા નંબરના ઓરડાના ભોંયરામાં તિજોરી છે, તેના છેલ્લા ખાનામાં ડાબલીમાં હીરો પડ્યો છે. તે દૂર છતાં, આંખો બંધ છતાં જ્ઞાનમાં સ્પષ્ટ તરવરે છે, તેને આડી ભીંતો નડતર કરી શકે નહિ. હીરો મૂકતા વખતે રાગ–દ્વેષ કર્યા હોય પણ તેનું જ્ઞાન યાદ કરવા વખતે રાગ–દ્વેષ ભેગા આવતા નથી, માટે જ્ઞાનમાં વિકાર નથી. જ્યારે યાદ કરવા વખતે રાગ–દ્વેષ ભેગા આવતા નથી, માટે જ્ઞાનમાં વિકાર નથી. જ્યારે યાદ કરવા માગે ત્યારે ગમે તે ક્ષેત્રે યાદ કરી શકે છે, તેથી તેને કોઈ ક્ષેત્ર, કાળ કે સંયોગનું બંધન નથી. શરીરને કેદમાં બંધનથી બાંધ્યું હોય, પછી કહે કે અમારા ઘર સંબંધી, રાજ્ય સંબંધી કે

બીજી કોઈ ખાનગી વાત યાદ કરીશ નહિ, છતાં યાદ કરવા ધારે તો યાદ કરી શકે છે, કેમ કે જ્ઞાનસ્વરૂપ આત્મા ખુલ્લો છે, તે કોઈને આધીન નથી. બહાર સંયોગી ચીજમાં બંધન કે મુક્તિ તેના કારણે થયા કરે છે, પણ આત્માને, ખરેખર દૃષ્ટિથી દેખો તો, પરથી બંધન કે મુક્તિ નથી.

જે પોતાને બંધન કે ઉપાધિવાળો દેખે છે, તેને અવસ્થાદૃષ્ટિએ સંસાર જ છે. અખંડ જ્ઞાનસ્વભાવનું ભાન કર્યું તે તો મુક્ત જ છે. તું પૂર્ણ જ્ઞાનાનંદની મૂર્તિ, બધાને જાણનારા છો. તે ભૂલી ઊણો, હીણો કે ઓશિયાળો છું, પરથી બંધાયેલો–દબાયેલો છું, એમ માનવું તે ભગવાન આત્માને કલંકરૂપ છે. બંધન તો પરની અપેક્ષાથી, પર આશ્રયરૂપ વ્યવહારથી કહેવાય છે. સ્વાશ્રયદૃષ્ટિથી જો તો તારામાં બંધન ત્રણકાળમાં નથી.

આંખના કોડા વડે જીવ દેખતો નથી, પણ જ્ઞાનથી દેખે છે. અહીં તો દૃષ્ટાંત છે કે જેમ આંખે પાટો બાંધે તો જોઈ ન શકે, પાટો દૂર કરે તો દૂર રહેલાને જોઈ શકે. પાટાનું બંધન પાટામાં છે, આંખને બંધન નથી. એમ પાટાનું જુદાપણું પ્રથમ ન જાણે તો પાટો દૂર કરી શકે નહિ, તેમ આત્મામાં કર્મના સંયોગે, વ્યવહારે રાગ–દ્વેષ, અજ્ઞાનનું બંધન પોતાની યોગ્યતાથી છે પણ તે જ વખતે જુદા સ્વભાવનું ભાન કરી, અસંયોગી, પવિત્ર સ્વભાવી દૃષ્ટિનું [1]જોર કરે તો અવસ્થામાં નિર્મળ થાય છે. નિશ્ચયથી પરની અપેક્ષારૂપ બંધ–મોક્ષ ધ્રુવ સ્વભાવમાં નથી. વર્તમાન વિકારી યોગ્યતા, બંધનરૂપ સંયોગ તથા સંસાર મોક્ષરૂપ અવસ્થા એ બધાં પ્રકારને જાણનારો છું એમ જોતાં, અસંયોગી એકરૂપ જ્ઞાનસ્વભાવ ત્રિકાળ અબંધ જ છે, કોઈ સાથે ભળી ગયો નથી.

કર્મે મારી નાંખ્યો, હું બંધાયો, દબાયો, મૂંઝાઈ ગયો એમ પોતે પોતાને ભૂલીને માને ભલે, પણ ક્ષણિક સંયોગને જાણનારો સંયોગરૂપ, દોષરૂપ કે મૂંઝવણરૂપ થઈ ગયો નથી. ખરેખર બંધનરૂપ કે પરાધીન થઈ ગયો હોય; ઉપાધિવાળો કે રાગી–દ્વેષી થઈ ગયો હોય, તો ક્ષણમાત્ર તે સ્થિતિથી જુદો રહી શકે નહિ. એક મિનિટ પહેલાં જેવો ક્રોધ થયો હોય તે જ પ્રકારનો ક્રોધ ફરીવાર કરી શકતો નથી. જે જેનો સ્વભાવ હોય તે તેનાથી કોઈ હાલતમાં જુદો ન પડે. જ્ઞાનસ્વભાવ આત્મામાં એવો સ્વતંત્ર છે કે કોઈ કાળે આત્માથી જુદો પડતો નથી અને કોઈમાં તે પકડાયો કે બંધાયો નથી, માટે અનંતગુણસ્વરૂપ આત્માને શુદ્ધનયથી જોતાં ત્રણકાળમાં બંધનપણું નથી.

ભગવાન આત્મા સ્વભાવનો મહિમા ભૂલીને સંસાર, દેહાદિનાં કામ હું કરી શકું

૧. જોર = વલણ.

છું. પરની વ્યવસ્થા કરી શકું છું, એમ અહંકારના ફુંફાડા મારે છે અને બાહ્યની પ્રવૃત્તિમાં હોંશ અને જોર બતાવે છે; ભગવાનપણું ભૂલી પુણ્ય–પાપની વિષ્ટાનો આદર કરે છે, પણ તેને ભાન નથી કે એ રીતે તો અવિકારી સ્વતંત્ર સ્વભાવનું ખૂન થાય છે. બહારથી પુણ્યના ઉકરડા દેખાય તે તારા વર્તમાન ડહાપણનું ફળ નથી. ઘણાંને સહી કરતા ન આવડે, બુદ્ધિનાં ઠેકાણા નહિ અને લાખો રૂપિયા કમાય છે, જ્યારે બુદ્ધિવાળાને પચાસ રૂપિયા પણ ન મળે, માટે બાહ્યવસ્તુ તારે આધીન નથી. તેનાથી તને ગુણ–દોષ નથી. સ્વતંત્ર ચિદાનંદ સ્વભાવને જો. જે સ્વરૂપ તારાથી સમજી શકાય તેની વાત તને કહેવાય છે.

જો પરથી–વિકારથી એકમેક થઈ ગયો હો તો બંધન અને દુઃખનો નાશ કરું, એવો ધ્વનિ ઊઠી શકે નહિ. જેનાથી મુક્તપણાનો ધ્વનિ ઊઠે તે ઉપર દૃષ્ટિ કરે તો બંધનરૂપે, પરની ઉપાધિરૂપે હું નથી, એવા એકલા સ્વતંત્ર સ્વભાવની પ્રતીતિ થાય. બંધ ઉપરથી તેની દૃષ્ટિ ફરી જાય. કર્મના સંયોગવાળી અવસ્થા છે. છતાં શ્રદ્ધામાં નિષેધ થઈ ગયો ત્યાં દૃષ્ટિએ મુક્ત થયો છે. પરમાર્થે બંધન–ઉપાધિ નથી, પછી વ્યવહારથી ચારિત્રની અપેક્ષાએ પુરુષાર્થની નબળાઈરૂપ અલ્પ અસ્થિરતાનો રાગ રહ્યો, તેનો પ્રતીતિના જોરે અભાવ થતો ભાળે છે. ત્રિકાળી મુક્તસ્વભાવી છું, સંયોગપણે કે વિકારપણે નથી, એમ મુક્ત સ્વભાવની સમજીને હા પાડતાં અનંતો સવળો પુરુષાર્થ આવે છે. એકરૂપ સ્વભાવની દૃષ્ટિમાં પોતે અનંત જ્ઞાનાનંદસ્વભાવે પૂર્ણ પુરુષાર્થથી ભરેલો છે; તેની હા પાડતાં અનંતો સંસાર તૂટી જાય છે. સ્વભાવના ભાનમાં ઊભો રહીને જોનારો ભવ દેખતો નથી. જેવા સિદ્ધ ભગવાન તેવો હું, જે તેમનામાં નથી તે મારામાં નથી, એમ તે જાણે છે.

જેમ ડાબલીમાં હીરો પડ્યો છે તે મુક્ત જ છે. ડાબલી ડાબલીમાં અને હીરો હીરામાં છે, એમ માનવું તે દૃષ્ટિમાં મુક્તિ અને એકાગ્રતાથી ઉપાડી લેવો તે સ્થિરતામાં મુક્તિ છે. આગલી ગાથાઓમાં કહેવાયું તેવું આત્મસ્વરૂપ જાણી વર્તમાન અવસ્થામાં, રાગ-દ્વેષ અને કર્મનું નિમિત્ત તથા દેહનો સંયોગ છે છતાં અવસ્થાને ગૌણ કરી, અસંયોગી મુક્ત જ્ઞાયકસ્વભાવને તેના પરમાર્થસ્વરૂપે દેખવો–માનવો તે દૃષ્ટિઅપેક્ષાએ મુક્તિ અને સ્વભાવના જોરે સ્થિરતાથી વિકારનો નાશ કરતાં એકલો આત્મા રહી ગયો, તે ચારિત્રઅપેક્ષાએ મુક્તિ. જેમ હીરો ડાબલીથી અને ડાબલીના મેલથી જુદો હતો તો જુદો થયો તેમ આત્મા સ્વરૂપે દેહાદિ તથા રાગાદિથી જુદો હતો તો જુદો માની–જાણી, સ્થિરતાથી જુદો થઈ શકે છે.

પ્રથમ જ છૂટો છું એવા નિર્ણયનું સ્વાશ્રિત જોર તે અવસ્થામાં છૂટો થવાનું કારણ છે. અંતરદૃષ્ટિથી સ્વભાવમાં એકાગ્રતા થતાં અલ્પકાળમાં પુણ્ય–પાપના વિકારથી મુક્તિ

થાય છે, બાહ્ય સંયોગ તો એના કારણે છૂટી જાય છે. આ બધી અંતરમાર્ગની વાત છે. લૌકિક માર્ગથી તદ્દન જુદી, એકલા અધ્યાત્મની પ્રયોજનભૂત વાત છે, તેમાં સાચો નિશ્ચય–વ્યવહાર શું તેનું જ્ઞાન આવી જાય છે. આ પરમ સત્ય છે, તેને સમજીને સ્વાધીન સત્‌ને શરણે આવવું પડશે. વ્યવહારૂ નીતિ પાળે, તૃષ્ણાને ઘટાડે વગેરે પાપ ટાળવા માટે બરાબર છે, પણ તેમાં સંતોષ માની લે તો સ્વભાવની શાંતિ નહિ મળે. લોકો બાહ્યથી જ ધર્મ માની બેઠા છે. અંતરતત્ત્વ શું છે? તેની રુચિ નથી. પૂર્વાપર વિરોધ રહિત ન્યાયથી વસ્તુને જાણે, તેને અંદરથી જાતનો નિઃસંદેહ નિર્ણય આવે તેવું છે. ત્રણકાળના જ્ઞાનીને પરમ તત્ત્વનો સાર–સમયસાર આમ જ કહેવો છે, બીજી રીતે નહિ. જગત માને કે ન માને પણ આ ત્રણકાળ, ત્રણલોકમાં ફરે તેવું નથી.

આત્માને બંધ રહિત કહેતાં, તે કર્મના સ્પર્શવાળો–સંબંધવાળો નથી, એમ નક્કી થાય છે. તેને કોઈ ક્ષેત્રે, કોઈ કાળે, કોઈ સંયોગમાં પરચીજ સાથે સ્પર્શવું થયું નથી. જેણે ઘીનો ઘડો જોયો છે પણ ઘીના સંયોગ વિનાનો જુદો ઘડો જોયો નથી, તેને વ્યવહારે કહ્યું કે આ 'ઘીનો ઘડો' છે, છતાં ઘડો તો માટીનો જ છે; તેમ અજ્ઞાનીએ અનાદિથી દેહને જ આત્મા માન્યો છે. અસંયોગી જુદો આત્મા જોયો નથી. તેને વ્યવહારથી દેહવાળો, ઈન્દ્રિયોવાળો, મનુષ્ય વગેરે તે જીવ કહ્યો; પણ તે જ હું, તેની ક્રિયા તે મારી ક્રિયા છે, તેના ગુણ તે મારા ગુણ છે, એમ જેણે માન્યું છે તેને દેહથી દેહની ક્રિયાથી, રાગાદિથી જુદો બતાવવા માટે જ્ઞાની શુદ્ધનયનો ઉપદેશ આપે છે. દેહાદિ અચેતન છે, તે તારાપણે નથી, તું સદાય અરૂપી જ્ઞાતાદ્રષ્ટા છો, પરનો કર્તા–ભોક્તા નથી. વ્યવહાર તો ખોટો છે, છોડવા જેવો છે, લૌકિકમાં રખડવાનો છે. દેહ ઉપર દૃષ્ટિ છે, તેથી આત્મા બહારથી બધું માને છે. રાંકા જેવો થઈ કોઈ સગવડ આપે તો ઠીક, કોઈ વખાણ કરે તો ઠીક, દૂધ પાય તો તેનો બદલો વાળવા અમુક રીતથી બોલે, પણ મારે અને પરને ત્રણ કાળમાં સંબંધ નથી; એમ સમજતો નથી.

કેટલાક લોકો સમયસારજી પરમાગમના ઊંધા અર્થ કરે છે. તેઓ પણ સ્વતંત્ર છે. તેઓ મૂળ રકમને (વસ્તુના સ્વભાવને) ઉડાડે છે, જે સર્વજ્ઞ વીતરાગે કહ્યું તેની જ ના પાડે છે. તેનું દૃષ્ટાંત :—

એક કાઠીનું ગામ, તેમાં વાણિયાની દુકાન. ★આપા પોતાના નામનો હિસાબ બાર મહિને કરે. શેઠ લેણું બતાવે. તેમાં શેર મરચાં કહે, સાચું શેઠ. એમ પાંચ-છ નાની રકમની હા પાડે, પછી પચીસ રૂપિયા રોકડા હસ્તે પોતે' એમ આવે ત્યારે કહે, 'અરે!

★ કાઠીને આપા કહેવામાં આવે છે.

કોણ જાણે છે?' વળી બે ત્રણ નાની ચીજની હા પાડે. (રૂા. ૫૦) તમારી દીકરીના આણા માટે રોકડા. એમ આવે ત્યારે કહે, 'અરે! કોણે લીધા છે?' એમ આપો વાણિયા ઉપર કેર કરે, ઉપરથી જોર કરે; તેમ ત્રિલોકનાથ તીર્થંકરદેવે કહેલા ન્યાય સાથે અજ્ઞાની 'આપા' ના નામનો મેળ કરતાં 'આપો' (ભગવાન આત્મા) પોતે ભૂલીને ના પાડે, મૂળ રકમ ઉડાડે છે. ક્રોધ કરીએ તો પાપ લાગે, તો કહે કે સાચી વાત. એમ બાહ્ય વ્યવહારની સ્થૂળ વાતોમાં હા ભણે, પણ રાગ–દ્વેષ–મોહ તારું સ્વરૂપ નથી, પરનો કર્તા વ્યવહારે પણ નથી, એમ આવે ત્યાં કહે કે તદ્દન ખોટી વાત. અત્યારે તો બંધવાળો અને પરનો કર્તા જ છું, રૂપી–જડ જેવો છું, એમ જુદા સ્વભાવનો નકાર કરે. વળી બે-ત્રણ વ્યવહારના બોલની હા ભણે, પણ પુણ્ય છે તે વિકાર છે, વ્રતાદિના શુભભાવ પણ આસ્રવ છે, તેનાથી સંવર–નિર્જરા થાય નહિ, એમ આવે તો રાડ નાખે! અરે! ત્રણકાળના અજ્ઞાનીએ કહ્યું છે, કે વિકારથી અવિકાર ન થાય. જે ભાવે બંધન થાય તે ભાવે કોઈ અપેક્ષાએ ગુણ ન થાય, એવી ન્યાયની વાત આવે ત્યારે આપો (આત્મા) ના પાડે તો ભગવાનને ચોપડે દેવું નહિ ચૂકવાય.

'ધર્મને અધર્મ માને તો મિથ્યાત્વ' એમ ઘડિયા ગોખે, પણ પક્ષપાતની દૃષ્ટિ છોડી વિચાર કરે નહિ. મિથ્યાદર્શન જેવું મહાપાપ જગતમાં બીજું કોઈ નથી. સ્વરૂપમાં ઊંધી માન્યતા તે જ અનંતા ચોરાશીના અવતારનું ફળ છે. સર્વજ્ઞે કહેલાં નવતત્ત્વ, નિશ્ચય–વ્યવહાર અને દર્શન–જ્ઞાન ચારિત્રનું સ્વરૂપ મૂળ રકમ છે, તેનો ઊંધો અર્થ કરનારા અને સાચાનો નિષેધ કરનારા આપા (કાઠી) જેવા છે.

પરાધીનતાનો નાશ કરી, સુખી થવું હોય તો જાતે દરકાર કરી ન્યાયપૂર્વક નિર્ણય કરો. પોતા માટે સત્ કબૂલ્યા વિના છૂટકો નથી. દેહાદિ બંધન તે હું નહિ, પણ હું તો બંધન રહિત પૂર્ણ પ્રભુ છું; તે મૂળ રકમની હા પાડ, પછી નાની રકમમાં ભૂલ હશે તો નીકળી જશે. કોઈને ઝવેરાતની, કાપડની અને શાકભાજીની દુકાન હોય. શાકભાજી બગડી જશે માટે તેનું ખૂબ ધ્યાન રાખું, એમ માની ત્યાં રોકાયા કરે, કાપડ તથા ઝવેરાતમાં શું ખોટ આવે છે તેની ખબર રાખે નહિ, તો તે યોગ્ય ન ગણાય. તેને એટલી ખબર નથી કે ઝવેરાતની દુકાને ધ્યાન રાખીશ તો કાપડ અને શાકભાજીની ખોટ પૂરાઈ જશે, તેમ આત્માના મૂળ સ્વભાવને યથાર્થપણે મનવો તે ઝવેરાતનો ધંધો છે. તે સ્વભાવના લક્ષ પછી વચ્ચે વ્યવહારરૂપ રાગના ભેદ પડશે તો પૂર્ણ સ્વભાવની રુચિનું જોર તેની ખોટ પૂરીને મોક્ષ કરી દેશે. જે નિશ્ચય સ્વભાવ તરફ જોતો નથી તે ખોટ ખાતું ઊભું રાખી, તેના વ્હાલા વ્યવહારને માનીને સંસારરૂપ શાકભાજીના ધંધા કર્યા કરે. સૌ સ્વતંત્ર છે.

તા. ૨૨-૮-૪૩.

બહારમાં પ્રતિકૂળતા નથી, તેમ જ અંદર આત્મામાં પ્રતિકૂળતા, દોષ કે દુઃખ નથી; માત્ર બાહ્ય નિમિત્તાધીન દ્રષ્ટિથી પરમાં ઠીક–અઠીક માન્યું છે; તે વડે રાગમાં એકાગ્ર થઈ અટક્યો તે બંધન છે. ક્ષણિક, એક સમય પૂરતી વ્યવસ્થા નવી કરે ત્યારે થાય છે હું તેવડો નથી, એમ ભાન કરી ઠરે તો વિકાર ટળી શકે છે. બહારની અનુકૂળતા–પ્રતિકુળતા જોવાની નથી. સંયોગ–વિયોગનું કોઈને સુખ–દુઃખ નથી. તૃષ્ણારૂપ મોહ તેટલું દુઃખ છે. નવ ગ્રૈવેયકના પુણ્યના સંયોગમાં અને સાતમી નરકના મહાપાપના સંયોગમાં જીવ અનંતવાર ગયો છે. જ્યાં સુધી પર સંયોગ ઉપર ઠીક–અઠીકની દ્રષ્ટિ છે. ત્યાં સુધી અનંત સંસારનું મૂળ પોતે પોષી રહ્યો છે. પોતાના ભવમાં અનંતી હિંસારૂપ પ્રતિકુળતા પોતાને ભૂલીને પોતામાં કરી રહ્યો છે.

દરેક આત્મા પોતાપણે છે. કર્મના રજકણપણે, દેહાદિપણે, દેહની ક્રિયાપણે તથા કોઈ સંયોગાદિપણે ત્રણકાળમાં નથી. દરેક આત્મા પૂર્ણ પ્રભુ છે, એમ સર્વજ્ઞ ભગવાન કહે છે. હું પરપણે નથી, બીજા આત્માપણે નથી, સ્વપણે છું; માટે પર મને લાભ–નુકશાન કરી શકે નહિ, એમ પરથી છૂટાપણું માનવું એ સમ્યક્ સમજણ છે.

રાગ-દ્વેષ–અજ્ઞાનપોષક દેવ–ગુરુ–શાસ્ત્રને કલ્યાણમાં ઉપકારી માનવા તે ખોટી શ્રદ્ધા છે. ખોટા પ્રમાણ અને ખોટી યુક્તિથી આત્માને પરનો કર્તા ઠરાવે, કોઈ મને સુધારે–બગાડે, પુણ્ય–પાપના વિકારી ભાવથી નવું બંધન થાય તેને મોક્ષનું કારણ માને, દેહની ક્રિયા હું કરી શકું વગેરે પરાશ્રયરૂપ પકડભાવ તે મિથ્યાત્વ છે.

પરાશ્રિતભાવે પરને પોતાનું માનવું તે વ્યવહાર છે. જગતમાં આવો જૂઠો વ્યવહાર ચાલે છે, તે આદરણીય નથી, પણ તેને આદરણીય માને, પરનો કર્તા છું એમ માને, તો છોડવા યોગ્ય વ્યવહાર તે જ નિશ્ચય થઈ પડ્યો.

પરના સંયોગાધીન વિકાર છે. જડ કર્મ મને રાગ-દ્વેષ કરાવે નહિ. પરથી લાભ હાનિ થાય નહિ પણ નિમિત્તાધીન વિકારી અવસ્થા જીવની યોગ્યતાથી કરવામાં આવે છે, તે મારું સ્વરૂપ નથી, શુભરાગ પણ આદરણીય નથી, મદદગાર નથી, એમ પર તરફનું લક્ષ છોડવું તે વ્યવહારનય છે. પરથી લાભ–નુકશાન માનવું, પોતાને પરનો કર્તા માનવો તે તો સ્થૂળ મિથ્યાત્વરૂપ વ્યવહારાભાસ છે.

સ્વાશ્રિત સ્વભાવ પોતાનો માનવો તે નિશ્ચયનય. પરાશ્રિતભાવને સ્વાશ્રિત માનવો તે નિશ્ચયમાં ભૂલ છે. પર લક્ષ વિના શુભાશુભ રાગ થઈ શકે નહિ. જેટલા શુભાશુભ રાગ છે તે અશુદ્ધભાવ છે. શુભાશુભ ભાવને પોતાનું સ્વરૂપ માનવું, તેને ગુણકર

માનવા, કરવા જેવા માનવા, તે નિશ્ચયમિથ્યાત્વ–અગૃહીતમિથ્યાત્વ છે. વિકારને કર્તવ્ય માન્યું તેણે અવિકારી સ્વભાવ માન્યો નહિ. પૂર્ણ અવિકારીપણે પોતાના સ્વભાવને માનવો તે સાચી દૃષ્ટિ છે. તેના જોર વિના ત્રણકાળમાં કોઈનું હિત થતું નથી.

**પ્રશ્ન :**—પરને ઉપકારી થવું કે કેમ?

**ઉત્તર :**—કોઈ જીવ પરનો ઉપકાર કે પરની અવસ્થા ત્રણકાળમાં કરી શકે નહિ. વ્યવહારે પરનું કરી શકું છું એમ માનવું તે પણ ખોટું છે. પોતે દયા, દાન, સેવાના શુભભાવ અગર હિંસા, જૂઠું, ચોરી વગેરે અશુભભાવ કરી શકે, તે તો પોતા તરફનું કાર્ય થયું, માટે કોઈ કરતા નથી, પોતાને ગમે છે, તેથી રાગની ચેષ્ટા કરી પરનો આરોપ કરે છે.

**પ્રશ્ન :**—હોસ્પિટલ ન હોય તો દરદી શું કરે?

**ઉત્તર :**—સામાનાં પુણ્ય હોય ત્યાં તેને અનુકૂળ નિમિત્ત હાજર હોય જ. હોસ્પિટલ જે કાળે થવાની હોય ત્યારે થયા વિના રહે જ નહિ. નિમિત્તનું હોવું–ન હોવું તે તેના કારણે છે. સંયોગ મળે છતાં રોગ ન મટે; સંયોગ ન હોય છતાં મટે. કોઈ ચીજની અવસ્થા કોઈને આધીન નથી. દેહમાં રોગ મટે, તેથી આત્માને કાંઈ લાભ નથી. દેહ ઉપર દૃષ્ટિ છે ત્યાં સુધી અનંતા નવાં શરીર ઊભાં કર્યા કરશે.

રોટલા, પૈસા વગેરે સંયોગથી સુખ થતું હોત તો અસંયોગી આત્માને કોણ સંભારત? નારકીના શરીરમાં મહા ભયંકર રોગો છે, છતાં આત્મા ભાન કરનાર ત્યાં પણ શાંતિ વેદે છે. પર સંયોગ સાથે કોઈને ગુણ–દોષનો સંબંધ નથી, પણ પોતાની ઊંધી દૃષ્ટિનો આરોપ માત્ર કરે છે. દેહાદિ જડને કાંઈ ખબર નથી, તે તો આંધળા છે, તેમાં ઠીક–અઠીક નથી; જ્ઞાનસ્વભાવમાં ઠીક–અઠીકના ભેદ નથી. વચ્ચે ઊંધી શ્રદ્ધાનું શલ્ય પકડીને ઉઠાઉગીરપણે ઠીક–અઠીક, ઉપકાર–અનુપકારની કલ્પના કરે તે ઊંધી દૃષ્ટિનો મહિમા છે. હું મુક્તસ્વભાવી છું, પર સાથે કાંઈ સંબંધ નથી, એમ જાણી નિમિત્તાધીન દૃષ્ટિ ગૌણ કરી, સ્વભાવ તરફ એકાકાર લક્ષ કરવું તે સમ્યગ્દર્શનનું જોર છે. તે વડે પૂર્ણ સ્વભાવને માનવો તે સાચી દૃષ્ટિ સર્વ સમાધાનરૂપ સુખનું કારણ છે.

આ આત્માને પાંચ ભાવો વડે મુક્ત, પૂર્ણ એકરૂપ ધ્રુવ સ્વભાવપણે બતાવે છે તેને, હે શિષ્ય! તું શુદ્ધનય જાણ. '**विजानीहि**' વિશેષે કરીને જાણ, એમ 'આદેશ' વચનથી આચાર્યે કહ્યું છે. તેમાં જે લાયક થઈને, અપૂર્વ ઉત્સાહપૂર્વક પાંચ બોલથી યથાર્થ સ્વરૂપ સીધું સાંભળવા આવ્યો છે તે પાછો ફરે તેમ નથી, માટે તેને '**विजानीहि**' કહ્યું છે.

વ્યવહારદૃષ્ટિ, અવસ્થાદૃષ્ટિ, સંયોગાધીનદૃષ્ટિ, નિમિત્તાધીનદૃષ્ટિ, પરાશ્રિતદૃષ્ટિ વર્તમાન સ્થૂળદૃષ્ટિ, એ બધા એકાર્યવાચક છે. તેના આશ્રયથી જીવ અનાદિથી પોતાને બંધવાળો, હીણો, ઉણો, ઉપાધિવાળો, ઓશિયાળો માન્યા કરે છે. જ્ઞાની તેની ભાવ નિદ્રા ઉડાડે છે. સ્વભાવ તો વિકારનો નાશક છે; અવિકારી ધ્રુવ પરથી છૂટો છે. તેને આ શુદ્ધનય બતાવે છે. રાગ-દ્વેષની બંધનરૂપ અવસ્થા છે અને તેમાં નિમિત્તની હાજરી છે, એમ જાણવું તે વ્યવહાર. તેમાં શુભાશુભ રાગને ઠીક માને, આદરણીય માને તે તેના વ્યવહારે જ નિશ્ચયનું ઘર લઈ લીધું. જેમ બિલાડી જેવો સિંહ કહેતાં બિલાડીને સિંહ માને તે સમજવાને લાયક નથી, તેમ આત્માને ઓળખાવતાં વચ્ચે શુભરાગરૂપ વ્યવહાર આવ્યા વિના રહેતો નથી, પણ જ્ઞાનીનું લક્ષ વ્યવહાર–નિષેધક પરમાર્થ ઉપર છે, છતાં જેણે અનાદિના વ્યવહારને જ પરમાર્થરૂપે માની લીધો તે સમજે નહિ.

**ટીકા :—**નિશ્ચયથી અબદ્ધ, અસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત એવા આત્માની જે અનુભૂતિ તે શુદ્ધનય છે અને એ અનુભૂતિ આત્મા જ છે; એ રીતે આત્મા એક જ પ્રકાશમાન છે. અહીં આત્માને અબદ્ધસ્પૃષ્ટપણે જુદો અનુભવવા માટે વ્યવહારદૃષ્ટિ ગૌણ કરીને, વર્તમાનમાં ત્રિકાળી ટકનાર પૂર્ણ શક્તિથી અખંડ જ્ઞાયકસ્વભાવી શુદ્ધ છું, એમ સાચી દૃષ્ટિ કહી છે.

પોતાને યથાર્થ સ્વરૂપે માનીને, તેમાં એકાગ્ર થઈને, અનંતા જીવ મોક્ષે ગયા છે. મોક્ષ બહારમાં નથી. પોતાની પૂર્ણ નિર્મળ શક્તિ પ્રગટ કરી તે મોક્ષ. વિકારનો નાશ કર્યો ત્યાં જડ કર્મના અભાવની અપેક્ષાએ મોહ થયો કહેવાય. વસ્તુદૃષ્ટિએ મોક્ષ નવો નથી, અવસ્થાદૃષ્ટિએ નવો છે. સર્વજ્ઞ ભગવાન કહે છે કે અમે પ્રભુ ને તું પણ પ્રભુ છો. પુણ્ય–પાપની ક્ષણિક વૃત્તિ ઉત્પન્નધ્વંસી છે. તેના રક્ષકસ્વભાવે તું નથી, તું વિકારનો નાશક છો. આમ ન માન તો જન્મ-મરણથી રખડવા સ્વતંત્ર છો. તને બળજબરીથી કોણ સમજાવે? તું સમજવા ન માગે તો તીર્થંકર ભગવાનનું પણ ન માને તેવો છો. કોઈ કોઈનું માનતું નથી. પોતાને રુચે તે માને છે. સ્વભાવનો ભરોસો જાતથી બેસતાં અનંતા મોક્ષે ગયા છે.

પિસ્તાળીસ લાખ જોજનના★ અઢી દ્વીપમાં એક રજકણ જેટલી જગ્યા એવી નથી, કે જે સ્થાનેથી અનંતા જીવ મોક્ષે ન ગયા હોય. બાહ્ય–અભ્યંતર પરિગ્રહ રહિત નગ્ન દિગંબર મુનિ છઠ્ઠા–સાતમા ગુણસ્થાને સવિકલ્પ–નિર્વિકલ્પ ધ્યાનમાં ઝૂલતા હોય ત્યાં છઠ્ઠા ગુણસ્થાને આવતાં પૂર્વનો વેરી મિથ્યાદૃષ્ટિ દેવ આવી, પગ ઝાલી ફંગોળીને મેરુ પર્વત

★અહીં જોજન બે હજાર ગાઉનો ગણવો. સ. ૫૭

સાથે પછાડે અથવા સમુદ્રમાં બુડાડે. મુનિ સ્વભાવમાં એકાગ્રતાનું જોર આપી મુક્તદશા પ્રગટ કરે, એટલે મોક્ષે જાય. એવા ઉપસર્ગ સહિત સમુદ્રનાં બિંદુએ-બિંદુએ અને લાખ જોજનનો મેરુ પર્વત છે, તે ફરતા દરેક ભાવ ઉપરથી સમશ્રેણિથી ઊર્ધ્વગમન કરી અનંતા મોક્ષે ગયા. તેઓ ત્યાં ધ્યાન કરવા બેઠા ન હતા. ઉપસર્ગ દેહને છે, હું આત્મા ચિદાનંદ પૂર્ણ છું, કૃતકૃત્ય પરમાત્મા જ્ઞાયક જ છું એવા ભાન વડે અંદરમાં બેહદ સામર્થ્ય તાકાત ભરી છે તેમાં જોર આપતાં, સહજ મોક્ષદશા પ્રગટ થાય છે, કારણ કે દ્રવ્ય પોતે અકારણીય છે. પોતે જ અનંત પુરુષાર્થરૂપ છે, તેના વિશ્વાસની બલિહારી છે. બહારની પ્રતિકૂળતાએ કોઈનો મોક્ષ કે ગુણ અટકે તેવું નથી. જગતની અનુકૂળતા હોય છતાં પોતામાં પોતે ઊંધી દષ્ટિથી પ્રતિકુળ હોય તો પોતાની ઊંધી રુચિના જોરે પોતે જ રોકાણો છે. મૂર્ચ્છાણો છે પોતે અને આરોપ આપે પરને કે પર મને રાગ–દ્વેષ કે લાભ–અલાભ કરાવે છે, તે ક્યારે સુધરે?

અહીં પાંચ ભાવોથી યથાર્થ સ્વભાવને કબૂલીને, ભેદને ચૂકીને અબદ્ધસ્પૃષ્ટનું ભાન કર્યું; અને સ્થૂળપણે વિકલ્પથી છૂટો પડી, સ્વઆશ્રિત એકાગ્ર લક્ષે ઠર્યો. તેનું નામ શુદ્ધનયનો અનુભવ–સમ્યક્દર્શન છે. તે જ મુક્તિનો પ્રથમ ઉપાય છે. નિર્વિકલ્પ સમ્યક્દર્શન વખતે શુદ્ધનયના અનુભવપણે ગુણ–ગુણીના ભેદ રહિત ભગવાન આત્મા એકાકાર જણાયો, તેને શુદ્ધનય કહો યા આત્માથી અનુભૂતિ કહો યા આત્મા કહો એક છે, જુદાં નથી.

અહીં શિષ્ય પૂછે છે કે હજુ અવસ્થામાં વિકાર છે, છતાં જેવો ઉપર કહ્યો તેવા આત્માની અનુભૂતિ કેમ થઈ શકે? તેના ઉત્તરમાં 'વિજાનીહિ'ના અર્થની સંધિ છે. શિષ્યને એવી તૈયારી થઈ છે કે સાંભળતા અંતરથી ગલગલિયાં થાય છે. અહો! આ વાત અપૂર્વ છે. પ્રભો! તમે કહ્યું તે સાચું, પણ અનુભૂતિ કેમ થઈ શકે? અપૂર્વ વસ્તુનું સ્વરૂપ સાંભળતા ઉત્સાહથી પ્રશ્ન ન ઊઠે તેણે સાંભળ્યું નથી અને કાં વિરોધ છે કે આખો દિવસ આત્માની જ માંડી છે.

**પ્રશ્ન :**—અમારું માનેલું તો કાંઈ કરવાનું કહેતા નથી, પ્રથમ વ્યવહાર સુધારવાની વાત કેમ કરતા નથી?

**ઉત્તર :**—આત્મા પોતામાં (અંદર જ્ઞાનમાં) બધું કરી શકે, પરમાં કાંઈ કરી શકે નહિ, તેથી બહારનું કરવાનું કાંઈ કહેતાં નથી. પોતાને યથાર્થ જાણ્યા વિના, બહારની એકપણ વાત સાચી સમજાશે નહિ, માટે દુનિયાની દરકાર છોડીને, ચોવીસ કલાક આત્માની માંડી છે. દુનિયા પોતાના વિરોધ ભાવની જાહેરાત ન કરે તો શું કરે? જેને

જે ગોઠ્યું તે બીજાને બતાવે. આત્મા વિના જેને બીજું સાંભળવું હોય તે નિશાળ અહીં નથી. એક જ વાત દાંડી પીટીને કહેવાય છે. કોઈને માટે કહેવું નથી, કોઈ સાંભળે, માને કે ન માને તે ઉપર આધાર નથી. કહીએ છીએ તે સિવાય ધર્મ માટે પ્રથમ કોઈ પગથિયું નથી. આવું નહિ સમજે તો ત્રસની સ્થિતિ પૂરી કરી, અનંતકાળ માટે અનંતા જન્મ–મરણ કરવા એકેન્દ્રિય વનસ્પતિ નિગોદમાં ચાલ્યો જશે. બે ઇન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીમાં બધા ભવ કરે તો વધુમાં વધુ બે હજાર સાગરની સ્થિતિ રહી શકે, એમ ભગવાને કહ્યું છે. તેમાં યથાર્થ સત્ ન સમજ્યો તો ઉત્કૃષ્ટ અસંખ્યાતા પુદ્‌ગલ પરાવર્તનનો અનંતો કાળ એકેન્દ્રિયમાં રહે છે. ત્યાં બધી શક્તિ હારી મહા મૂઢતાની આકુળતા વેદે છે.

નિગોદ અને એકેન્દ્રિયના–પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ– કાયનાજીવની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ બધાની થઈને અસંખ્ય પુદ્‌ગલ પરાવર્તન કાળની છે. એક પુદ્‌ગલ પરાવર્તનનાં અનંતમાં ભાગે કાળ જાય, તેમાં અસંખ્યાત ચોવીસનો લાંબો કાળ જાય છે. જેમ દોરો પોરવેલી સોય નીચે પડી હોય તો ગોતતાં હાથ આવે, તેમ જો એકવાર સમ્યક્‌જ્ઞાન સહિત સાચી દ્રષ્ટિ કરી હોય, ને પછી ભૂલ થઈ જાય તો અલ્પકાળમાં આત્મસ્વરૂપની પ્રાપ્તિ થઈ શકે, પણ બે ઇન્દ્રિયમાંથી માંડ-માંડ મનુષ્ય થયો ત્યારે પણ આત્માનું યથાર્થ ભાન ન કર્યું. ધર્મના નામે કદાગ્રહમાં રોકાયો, સત્યનો આદર કર્યો તો તેની ત્રસની સ્થિતિ પૂરી થઈ ફડાક એકેન્દ્રિયમાં જવું પડશે. પુણ્યની લાંબી સ્થિતિ હશે તે પણ રાખી શકશે નહી, કારણ કે ત્રસમાં રહેવાની અલ્પ સ્થિતિ તે વ્યવહાર છે અને નિગોદમાં ઘણી લાંબી સ્થિતિ હોવાથી અશુદ્ધનિશ્ચય છે. અવિરોધીપણે તત્ત્વને જાણીને સત્‌નો અનાદર કર્યો તો સત્‌ની આરાધનાનું ફળ મોક્ષ અને સત્‌ની દરકાર ન કરી તો વિરોધનાનું ફળ નિગોદ છે. વચ્ચે ત્રસનો અલ્પકાળ વ્યવહારમાં જાય છે. સિદ્ધ ભગવાન દરેક સમયે અનંત આનંદનો અનુભવ વેદે છે અને નિગોદમાં ઊંધો સિદ્ધ ભગવાન દરેક સમયે અનંત આકુળતારૂપ મૂર્ચ્છા વેદે છે. ત્યાં નરક કરતાં પણ અનંતગણું વધુ દુઃખ છે.

અનંતકાળે મહામોંઘું મનુષ્યપણું પામ્યો ત્યારે પણ સવળો થઈ, તત્ત્વનો આદર કરી, ભવની શંકા ટાળી, નિઃસંદેહ ન થયો તો તેણે કાંઈ કર્યું નથી. તેણે જે માન્યું કે કર્યું તે બધું સ્વભાવથી વિરોધરૂપે છે. જેને હજી ભવની શંકા રહે છે, સ્વભાવની હા પાડવામાં અનંતો સવળો પુરુષાર્થ આવે છે, તે વાત હજી જેને બેસતી નથી, તે ભગવાન (કે જેને ભવ નથી તે)ની વાણી સમજવાની તાકાત ક્યાંથી લાવશે? અંદર સ્વભાવનું લક્ષ કર્યે અનંતો સવળો પુરુષાર્થ અને ભવનો અભાવ થાય છે. એવી પ્રથમ શ્રદ્ધાની વાત ભવની શંકાવાળો સાંભળી શકે નહિ, નકાર કરે. સર્વજ્ઞે અનંતા પુરુષાર્થથી મોક્ષ થઈ

શકે, એમ જોયું છે ત્યારે આ કહે કે આપણાથી પુરુષાર્થ થઈ શકે નહિ. ભગવાને દીઠું હોય ત્યારે થાય, એમ કહેનારે તત્ત્વનો વિરોધ કરી ભગવાનને ગાળો દીધી છે. સ્વભાવની શ્રદ્ધા વિના જેટલા તર્ક તે બધા ઊંધા આવે.

તત્ત્વની વાત સમજવા જેવી છે. જે સમજવા માગે તેને સમજાય, જેને રુચે તે માને, કોઈ વ્યક્તિ માટે સત્ નથી. સત્‌ને સંખ્યાની જરૂર નથી. સત્ સત્‌થી નભી રહ્યું છે. સત્‌ને કોઈની દરકાર નથી. ત્રણકાળમાં કોઈએ કોઈનું સાંભળ્યું નથી, કોઈ કોઈને સંભળાવતા નથી; પોતાના ભાવમાં ગોઠ્યાનાં ગાણાં ગવાય છે. રુચિના આમંત્રણ છે, જેને જે ગોઠે તે માને છે.

આચાર્ય ભગવાન આ વાત કોને કહે છે? જે સમજનારો છે તે તો સમજશે જ, જડને સમજવાનું નથી. મન વિનાના ઢોર થયા તેને વર્તમાનમાં સમજવાનું નથી. લોકો કહે કે અમને ગોઠે તેવું કહેતા રહો, પણ મિઠાઈની દુકાને અફીણના ગોટા ન મળે કોઈ કહે કે અમે અફીણના ગ્રાહક છીએ, માટે અમારા માટે થોડું રાખવું પડે, પણ ભાઈ! તમે બાહ્યની વાત તો અનંતવાર માંડી.

‘‘વ્યવહારે લખ દોહ્યલા, કાંઈ ન આવે હાથ રે;

શુદ્ધનય સ્થાપના સેવતાં, ન રહે દુવિધા સાથ રે.’’

મોંઘાં ટાણાં પામી, અપૂર્વ સમ્યક્‌દર્શનનો નિર્ણય આત્મામાં ન કર્યો તેણે કાંઈ કર્યું નથી. કાંઈ આલંબન જોઈએ, પુણ્ય વિના ન ચાલે. શુભ કરતાં કરતાં ગુણ થશે, એમ ભેદરૂપે વ્યવહારનો આશ્રય જીવે અનાદિનો કર્યો છે, પણ હું અકર્તા છું, વિકારનો નાશક છું. પરની મદદ વિના અંદરમાંથી ગુણ ઉઘડે તે વાત તેને બેઠી નહિ, તેથી આચાર્યદેવ કહે છે કે અબદ્ધસ્પૃષ્ટ સ્વભાવ પ્રથમ લક્ષમાં લેવો જોઈએ. વિરોધ રહિત યથાર્થ દૃષ્ટિ કર્યા વિના તેનો અનુભવ થઈ શકે નહિ.

તા. ૨૩-૮-૪૩.

દેહની ક્રિયા દેહની યોગ્યતા મુજબ થાય છે. તે જીવને આધીન નથી. દેહની ક્રિયાથી પુણ્ય, પાપ કે ધર્મ ત્રણકાળમાં થતાં નથી, કારણ કે જડમાં કાંઈ થાય તેથી જુદા અરૂપી તત્ત્વને શું? શરીર સુકાયું, આટલા હેરાન થયા માટે અંદર ગુણ થયો હશે, એમ અજ્ઞાની માને છે, પણ વીતરાગદેવ કહે છે કે તે વાત ખોટી છે, પરથી આત્માને કાંઈ

ન થાય. અનંતવાર પુણ્યની મીઠાશમાં જીવ રોકાયો છે. તેનાથી જુદી ચીજ શું રહી જાય છે કે જે સમજ્યે ભવ ન રહે, તે વાત આચાર્યદેવ કહેવા માગે છે.

અવસ્થાના ક્ષણિક ભેદને ગૌણ કરનાર શુદ્ધનય આત્માને કેવો બતાવે છે :—

(૧) અબદ્ધસ્પૃષ્ટ : વસ્તુપણે શુદ્ધ. ક્ષણિક સંયોગ ચીજ દ્રવ્યકર્મ છે. તેના બંધ–સ્પર્શ રહિત, રાગાદિ સંક્લેશપણા રહિત, પરદ્રવ્યો સાથે નહિ ભળવા યોગ્ય, અસંગ એમ સ્વતંત્ર વસ્તુપણે શુદ્ધ બતાવે છે. નિર્લેપસ્વભાવી કમળપત્રના દૃષ્ટાંતે.

(૨) અનન્ય : સ્વક્ષેત્રથી શુદ્ધ. નર, નારક, દેવ, પશુ દેહાકાર પરક્ષેત્રથી જુદો અને પોતાના અરૂપી અસંખ્ય પ્રદેશથી એકમેક છે. વર્તમાન દેહાકાર પૂરતો કે તેના વિકલ્પ પૂરતો નહિ, તેની મારામાં નાસ્તિ છે, હું ત્રિકાળી એકરૂપ છું.

(૩) નિયત : સ્વકાળથી અભેદ. વર્તમાન ક્ષણે-ક્ષણે અવસ્થા બદલાય તેટલો નથી, પણ ત્રિકાળ ટકનાર હોવાથી ત્રિકાળી શક્તિથી નિત્ય, સ્થિર, નિશ્ચલ, એકરૂપ જ્ઞાયકભાવે છું. અવસ્થાભેદ ઉપર જોયા કરે તો વિકલ્પ તૂટતો નથી, પણ રાગનો ઉત્પાદ થાય છે. તેમાં સમુદ્રનું દૃષ્ટાંત છે.

(૪) અવિશેષ : સ્વભાવથી અભેદ. ગુણ–ગુણીભેદ વસ્તુદૃષ્ટિમાં નથી. સામાન્ય એકભાવસ્વરૂપ ધ્રુવ છું. સોનાના દૃષ્ટાંતે. એ ચાર બોલથી આત્માને જાણ્યો તેનું ફળ નિઃસંદેહ અનુભવ બતાવે છે.

(૫) અણસંયુક્ત વર્તમાન ક્ષણિક અવસ્થામાં, પરનિમિત્તમાં જોડાવાથી ઉત્પન્ન થતાં પુણ્ય–પાપના ભાવોથી ભિન્ન, પરપર્યાયમાં જોડાણરૂપ રાગ-દ્વેષની એકાગ્રતાના વેદનથી, મોહકર્મમાં હું સંયુક્ત છું, એમ બંધભાવે બંધાયો હતો. તે સંયોગાધીન દૃષ્ટિ સ્વલક્ષ વડે તોડીને પરરૂપે–રાગરૂપે હું નથી, એમ ત્રિકાળી નિર્મળ એકાકાર સ્વભાવને લક્ષમાં લઈ, પૂર્ણ અસંગ ધ્રુવ સ્વભાવનું ઘોલન કરતાં, સ્વભાવમાં એકાગ્ર દૃષ્ટિનું જોર આપતાં સમ્યક્દર્શન, જ્ઞાન અને અંશે સ્થિરતારૂપ નિર્મળ પર્યાય ઊઘડી, ભૂલરૂપ વિકારરૂપ અવસ્થાનો નાશ થાય છે. ત્રિકાળી એકાકાર અખંડ જ્ઞાયક છું, એમ શુદ્ધનયનું જોર થતાં પોતાનું અબદ્ધસ્પૃષ્ટપણું અનુભવમાં આવે છે.

શુદ્ધનયનો વિષય તે જ સમ્યક્દર્શનનો વિષય છે. અબદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવોથી શુદ્ધ આત્મા આવો છે, એમ કહેતાં જ પાત્રતાથી ઝીલનાર શિષ્ય અંતરથી ઊછળીને તેના અનુભવ માટે પ્રશ્ન કરે છે.

(આમાં ઉત્તમબોધ અપૂર્વ દેશનાલબ્ધિપણે ગ્રહણ કરનાર ઉપાદાન અને સત્‌ને કહેનાર સાક્ષાત્‌ જ્ઞાની નિમિત્તની અલૌકિક સંધિ કરી છે.)

હે ભગવન્! આપે ઉપર કહ્યું છે તે લક્ષમાં લીધું છે. ઊંડાણથી સત્‌નો આદર કર્યો છે, ત્યાંથી પાછો ફરવાનો નથી, પણ તેની અનુભૂતિ કેમ થાય? આપે કહ્યું કે પરના બંધ–સ્પર્શ વિનાનો, પુણ્ય–પાપની આકુળતાના વેદન રહિત એવો પવિત્ર વીતરાગસ્વભાવી પૂર્ણ છું, એ વાત અંતરથી બેઠી છે, તે એકનો જ આદર છે પણ વર્તમાન અવસ્થામાં દેહાદિનો સંયોગ અને તેમાં જોડાવાથી આકુળતાનું વેદન થાય છે, તેનાથી જુદો સિદ્ધ ભગવાન જેવો શી રીતે અનુભવવો? અવસ્થામાં સંયોગ છે છતાં અબંધ અનુભવવાની રીત કઈ છે, તે અપૂર્વ અનુભવ માટે પૂછે છે.

આમાં ઘણા ન્યાય નીકળે છે. (૧) સંસારની તુચ્છતા અને માત્ર મોક્ષસ્વભાવની જ ઉત્કૃષ્ટતા માની તેનો જ આદર કર્યો છે. (૨) તેને જ પામવાની તૈયારી છે. (૩) આપે ઉપર કહ્યું તે રીતે વસ્તુનું મેં લક્ષ કર્યું છે તે કબૂલાત. (૪) આપે જે ભાવે કહ્યું તે ભાવે જ સમજ્યો છું, તેમાં ફેર નથી. (૫) આપે સત્ય જ કહ્યું છે. પુરુષપ્રમાણે વચનપ્રમાણ, એમ મારા જ્ઞાનથી નક્કી કર્યું છે. આ વાત પૂર્વે અનંતકાળમાં સાંભળી નથી એવી અપૂર્વ છે, એમ બેઠું ત્યારે તો આગળ વધી અંદર અનુભવ માટે પ્રશ્ન કરે છે, ત્યાં બીજું કાંઈ યાદ કરતો નથી. (અનંતવાર અગિયાર અંગ, નવ પૂર્વ ભણ્યો, તીર્થંકર ભગવાન પાસે સાંભળ્યું છતાં આત્મા ન સમજાયો, અનંતવાર પાછો ફર્યો એવી કોઈ વાત યાદ કરતો નથી, અટકવાની વાત કરતો નથી.)

જે રીતે આચાર્ય અપ્રતિહત ભાવે મોક્ષની વાત કરે છે, તેવી જ અપ્રતિહત ભાવે હા પાડનાર શિષ્ય હોવાથી બેઉ એક જાતના થઈ ગયા. વચ્ચે અટકવાનું આંતરૂં રાખ્યું નથી. પાંચ બોલથી આત્માનું સ્વરૂપ ગુરુ પાસેથી સાંભળ્યું, પછી અંતરમાં વિચાર કરીને, મેળ કરવા માટે અનાદિનું સંસારચક્ર ફેરવવા માટે સમ્યગ્દર્શનની વાત પૂછે છે.

અનાદિનો નિયમ છે કે એકવાર યથાર્થ સત્‌સમાગમે પ્રત્યક્ષ જ્ઞાનીની વાણી કાને પડવી જોઈએ, પછી તે ભવે કે બીજા ભવે પોતાની મેળે તત્ત્વમનનથી જાગે, પણ પ્રથમ ગુરુગમ વિના એકલો શાસ્ત્ર વાંચે, કોઈની મારફત વાતો સાંભળે, કલ્પના કરે તો તત્ત્વ સમજાય તેવું નથી. આ શ્રવણને શાસ્ત્રભાષામાં દેશનાલબ્ધિ કહે છે.

અનાદિની નિમિત્તાધીન દૃષ્ટિરૂપ અવિવેક ફેરવી ત્રિકાળ ટકનાર ધ્રુવ સ્વભાવ તરફ જો, તો ભૂતાર્થ દૃષ્ટિ વડે ક્ષણિક વિકારનો નાશ થઈ શકે છે. વિકાર વખતે સંયોગ અને નિમિત્તાધીન વિકારથી તું જુદો ન હોય તો જુદાપણું જાણી શકાય નહિ, વિકાર ટાળી શકાય નહિ. ટળે નહિ તે સ્વભાવ કહેવાય, માટે વિકાર અને સંયોગની તારામાં નાસ્તિ છે, તેથી તેનાથી ભિન્ન આત્માની અનુભૂતિ થઈ શકે છે.

જેમ કમળનું પત્ર જળમાં ડૂબેલું હોય તેનો જળથી સ્પર્શવારૂપ વર્તમાન અવસ્થાથી અનુભવ કરતાં, જળના સંયોગ તરફની નિમિત્તાધીન દૃષ્ટિથી જોતાં, વર્તમાન અવસ્થામાં તે કમળપત્ર જળને અડેલું છે. એ વાત વ્યવહારે સાચી છે તોપણ જળથી જરાય નહિ સ્પર્શાવા યોગ્ય એવા કમલિનિપત્રના નિર્લેપ સ્વભાવની સમીપ જઈને જોતાં, કમળપત્ર જરા ઊંચું કરી જોતાં, જરાય જળને અડ્યું નથી. કમળ પત્રને પાણીના સંયોગ તરફની વ્યવહાર–બાહ્યદૃષ્ટિથી જોતાં, પાણીનું સ્પર્શવું સાચું લાગે છે; પણ તેના નિર્લેપ સ્વભાવની સમીપ જઈને જોતાં એટલે કે સૂક્ષ્મદૃષ્ટિથી પાંદડાનો સ્વભાવ જોતાં તે અસ્પર્શી સ્વભાવે હતું તેવું દેખાય છે. પાણીના સંયોગમાં કમળપત્ર તો તેના સ્વભાવે કોરું જ છે પણ તું સમીપ જઈને જો તો તને પણ કોરું જ દેખાશે; તેમ આત્મા અબદ્ધસ્પષ્ટપણે છૂટો જ છે, પણ તું સમીપ થઈને જો તો તને પણ તેવો જ જણાશે. વર્તમાન સંયોગાધીન દૃષ્ટિથી જોતાં વ્યવહારે અવસ્થામાં બંધન–સંયોગપણું છે, તોપણ મૂળ અસંયોગી સ્વભાવપણે, પુદ્‌ગલથી જરાય નહિ સ્પર્શાવા યોગ્ય એવા આત્મસ્વભાવની સમીપ જઈને–એકાગ્ર અનુભવ કરતાં, પરથી બંધનપણું–સંયોગપણું અભૂતાર્થ છે.

તા. ૨૪-૮-૪૩.

વર્તમાન કર્મના સંયોગરૂપ ક્ષણિક અવસ્થાને ગૌણ કરી, પોતાના ત્રિકાળી ટકનાર પૂર્ણ સ્વભાવને માનવો, જાણવો અને તેમાં સ્થિરતા કરવી, એ રીતે સ્વાશ્રિત દૃષ્ટિથી પૂર્ણ અસંગ સ્વભાવની શ્રદ્ધા કરવી તે અનંત જન્મ–મરણનો નાશ કરવાનો અને પૂર્ણ પવિત્રતાને પ્રગટ કરવાનો પ્રથમનો જ ઉપાય છે.

લાકડાની નાનામાં નાની કટકી ગમે તેવા પાણીનો લોઢમાં તરે છે, બૂડતી નથી. એક જ લાકડાનાં રજકણ લોઢારૂપ અવસ્થામાં હતા ત્યારે, એમ લાગતું હતું કે કોઈ દિવસ તરશે નહિ, પણ અવસ્થા બદલતાં પાણીની ઉપર તરવાનો સ્વભાવ (જે લોઢારૂપ અવસ્થામાં અપ્રગટ હતો તે) પ્રગટ થાય છે. તરવાની શક્તિ રજકણમાં હતી તે જ પ્રગટ થઈ છે. આ તો દૃષ્ટાંત છે. જડ રજકણને પોતાના સ્વભાવનું જ્ઞાન નથી, પણ આત્મા જ્ઞાનસ્વભાવી સદાય મોક્ષસ્વભાવી છે. તેમાં અવસ્થામાં વિકાર છે, પણ તે વિકારનો નાશક અને ગુણનો રક્ષક મુક્ત સ્વભાવ સદાય છે. પુદ્‌ગલ પરમાણુઓમાં સ્વતંત્રપણે બંધન–મુક્તપણે થવાની તાકાત સદાય તેના (પરમાણુના) આધારે છે. તેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ ગુણો સદાય એકરૂપ ટકીને અવસ્થાઓ અનંત પ્રકારે બદલાવ્યા કરે છે.

તેની ક્રમબદ્ધ (નિયમિત) અવસ્થાની વ્યવસ્થા કરનાર પુદ્‌ગલ દ્રવ્ય સ્વતંત્ર છે. તે પુદ્‌ગલની તથા દેહાદિની અવસ્થાને હું બદલાવું છું અગર તો મારી પ્રેરણાથી તેમ થાય છે, એમ માને અથવા તો તેનો કર્તા કોઈ ઈશ્વર છે, એમ માને તેને દરેક વસ્તુની સ્વતંત્રતાની ખબર નથી.

અહીં એમ નક્કી કરાવવું છે કે દરેક આત્મા પોતાપણે સ્વતંત્ર છે અને પોતાના ગુણ–પર્યાયરૂપે જ છે, પરપણે નથી. પોતામાં નિમિત્તાધીન ક્ષણિક વિકારી અવસ્થા થાય તે વિકાર પૂરતો આત્મા નથી. કર્મનો સંયોગ અને વિયોગ તે જડની અવસ્થા છે, તે સાથે વર્તમાનક્ષણિક અવસ્થાનો સંયોગ છે, છતાં જુદા જુદા સ્વભાવપણે જોતાં પોતાના સ્વભાવનું સ્વતંત્રપણું દેખાય છે.

રજકણને જો વર્તમાન લોઢાની અવસ્થાપણે જ દેખો તો પાણીમાં બૂડવાપણું છે, તેમ આત્માને સંયોગ–આધીન વર્તમાન અવસ્થા પૂરતો દેખો તો તે બંધનવાળો છે, તે સત્ય છે. જેમ લાકડું ત્રિકાળ પાણી ઉપર તરવાના સ્વભાવવાળું છે તેમ આત્મા રજકણોથી જુદો, રાગાદિના નાશકસ્વભાવે છે, પણ વર્તમાન અવસ્થામાં (લોઢાની જેમ અજ્ઞાનદશામાં) ભવમાં બૂડવાની યોગ્યતાવાળો છે, પણ જો હું તે રાગાદિથી તથા પરથી જુદો છું, ઉણો કે ઉપાધિવાળો નથી, એમ સ્વલક્ષે સ્વભાવને માને તો તે શુદ્ધ જ છે, કર્મોથી જુદો જ છે.

હું પરથી જુદો છું, સ્વતંત્ર તાકાતપણે છું, એવા સ્વભાવને નહિ માનનારને અવસ્થામાં સંયોગધીન દૃષ્ટિથી સંસારમાં રખડવું સત્યાર્થ છે. તોપણ જેને પાણી જરાય સ્પર્શવા યોગ્ય નથી, એવા કમળપત્રને લાખ વર્ષ સુધી ગમે તેટલા પાણીમાં બોળી રાખીને પછી ગમે તે વખતે ઉપાડો, તોપણ પાણીમાં બોળ્યા પહેલાં જેવો કોરાપણાનો સ્વભાવ હતો તેવો જ વર્તમાનમાં પણ છે; તેમ અજ્ઞાનદશામાં હું પરથી બંધાયેલો છું, દેહાદિરૂપે છું, વિકારી અવસ્થા પૂરતો છું, એમ માન્યતાની ભૂલે બંધનપણું–બુડવાપણું માન્યું હતું, પણ અસંયોગી જ્ઞાયકસ્વભાવને જુદો પાડીને દેખો તો રાગાદિપણે કે બંધન પણે કે કોઈ સંયોગરૂપે આત્માનો શુદ્ધ સ્વભાવ કદી પણ થઈ ગયો નથી.

આત્મામાં પર ચજની ત્રિકાળ નાસ્તિ છે. પર ચીજ તેનાપણે (પરપણે) છે; – આત્માપણે નથી. રૂપી જડ પરમાણુઓમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ ગુણ અને સુંવાળપ, લૂખાશ, ચીકાશ વગેરે તે ગુણોની પર્યાય છે. તે બધું રજકણોનું જ સ્વરૂપ છે, આત્માનું નથી. આત્મા તો તે જડને તેના ગુણ–પર્યાયને જાણનારો છે. પોતાને ભૂલીને પરને પોતાનાં માની, તેમાં રાગ કરી અટક્યો, તેના ફળમાં નરક, નિગોદ, દેવ, મનુષ્ય

વગેરે ચોરાશીના અવતારમાં રખડે છે, તે રખડવાનું (સંસારઅવસ્થા) વ્યવહારે સત્ય છે, પણ જો મૂળ શાશ્વત આત્મસ્વભાવને નિશ્ચયદૃષ્ટિ વડે દેખો તો તે ક્ષણિક અવસ્થાના ભેદ અભૂતાર્થ છે. અવસ્થાદૃષ્ટિથી ચારગતિરૂપ ભવભ્રમણ છે. તે ભ્રમ નથી પણ સત્ય છે, તોપણ નિશ્ચયથી તે અવસ્થા આત્મામાં ત્રિકાળ રહેનાર નથી, આત્માનો સ્વભાવ નથી, માટે તે અભૂતાર્થ છે.

દેહદૃષ્ટિ રાખે ત્યાં સુધી દેહથી જુદાપણું માની શકાતું નથી. અવસ્થાદૃષ્ટિ હોય ત્યાં સુધી સ્વભાવનું યથાર્થ ભાન થાય નહિ. જુદો સ્વતંત્ર સ્વભાવ જાણ્યો નથી, તેથી પરને પોતાનું માનીને જીવ રાગ-દ્વેષ કર્યા કરે છે. એકમાત્ર પોતાનું વાસ્તવિક સ્વરૂપ જાણ્યા વિના બીજું બધું અનંતવાર જીવે કર્યું છે. વિકાર તથા બંધનના સંયોગથી તું જુદો છો, તેની તારામાં નાસ્તિ છે. પ્રભુ! તું પરથી જરાય સ્પર્શાયો, બંધાયો કે દબાયો નથી. એવી સ્વતંત્ર સ્વભાવદૃષ્ટિના જોરમાં ભવથી પાર થવાની પારાયણ મંડાય છે. એકવાર તો ઉછળીને હા પાડ. જે ભાવે અનંત જીવો ત્રિલોકનાથ પ્રભુપદને પામ્યા, પૂર્ણ થયા, તેવો જ હું છું અને તેવા ભાવને જાહેર કરું છું કે મારામાં પૂર્ણ મુક્ત–સિદ્ધસ્વભાવ વર્તમાનમાં છે. સિદ્ધ પરમાત્માની જાતનો જ છું; વર્તમાનમાં પણ સિદ્ધ સમાન પૂરો છું, એવા પૂર્ણ સ્વભાવના જોરમાં વર્તમાન ભેદને ગણતો નથી, પુદ્‌ગલથી જરાય સ્પર્શાયેલો નથી. આ બધી કોની વાત ચાલે છે? કેવળી ભગવાન થયા તેની નથી, પણ કેવળી થવા માટે પ્રથમ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની વાત ચાલે છે અને તે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની અપૂર્વ રીત કહેવાય છે.

કોઈ કોઈનું હિત કે અહિત ત્રણકાળ, ત્રણલોકમાં કરી શકતું નથી. સૌ પોતપોતાના ભલા–ભૂંડા જેવા ગોઠ્યા તેવા ભાવ જ કરી શકે છે. કોઈની અવસ્થાને કોઈ કરી શકે કે પ્રેરણા કરે તેમ થાય, એવી પરાધીન કોઈ વસ્તુ જગતમાં નથી. વીતરાગના માર્ગમાં દરેક વસ્તુની સ્વતંત્રતાની જાહેરાત છે. દરેક આત્મા પોતાપણે છે, પરપણે નથી. પરમાં કર્તા–ભોક્તાપણે નથી. આ પ્રમાણે માન્યું તેને પરમાં પોતાપણું માની, રાગ-દ્વેષમાં અટકવાનું રહ્યું નહિ, એટલે પોતાનામાં જ જોવાનું રહ્યું; તેથી અનંત પરવસ્તુ સાથે કર્તૃત્વભાવનો અનંતો રાગ ટળી ગયો અને જાણ્યું કે અરે! અજ્ઞાનદશામાં આ વાતની મને ખબર ન હતી. દરેક આત્મા પોતે જ પોતાના ભાવથી પોતાને ભૂલીને પોતાનું બગાડે છે અને પોતે જ પરથી જુદા પોતાના સ્વતંત્ર સ્વભાવને જાણીને પોતાનું સુધારી શકે છે. દરેક વસ્તુનું આવું સ્વતંત્ર સ્વરૂપ બતાવનાર વીતરાગ સર્વજ્ઞ જ છે અને આવું સ્વરૂપ કબૂલનાર પણ વીતરાગ સર્વજ્ઞ જેવા જ છે–થવાના છે.

ધર્મ એટલે જ્ઞાનાનંદરૂપ આત્માની ચીજ—પોતીકો સ્વભાવ—સ્વતંત્રભાવ તે સદાય પોતામાં છે, પોતાના આધારે જ ઊઘડે છે. શરીરાદિ કોઈ સંયોગ મારા નથી, કોઈ સાથે મારે સંબંધ નથી; એમ સ્વભાવ સમીપ જઈને અંતરદષ્ટિથી જોતાં ક્ષણિક બંધન—સંયોગરૂપ અવસ્થા અભૂતાર્થ છે, નાશ પામવા યોગ્ય છે. પ્રભુ? તું પૂર્ણ છો, મુક્ત છો. અંદર નજર કર.

‘‘મારાં નયણાની આળસે રે, હેતે ન દીઠા હરિ.’’

બીજું બધું ભૂલીને એકવાર સ્વભાવ સમીપ થા, અંદર સ્વભાવને પરથી જુદા લક્ષણપણે દેખીને તેમાં એકાગ્રતા થતાં વિકારનો નાશ થઈ, વર્તમાનમાં સાક્ષાત્ છૂટાપણાનો—મુક્ત સ્વભાવનો અનુભવ તારાથી થઈ શકશે. અજ્ઞાનમાં જ અનંતકાળ ગયો, હવે મોળી—પુરુષાર્થ હીન વાત સાંભળતો જ નહિ. વસ્તુસ્વભાવ આ કહ્યો તેવો જ છે, એમાં શંકા છે જ નહિ. આ સમયસાર (શુદ્ધ આત્મા)ની વાત બેઠી અને અશુદ્ધતા ન ટળે, મોક્ષ ન મળે, એવી વાત જ આચાર્યદેવ પાસે નથી. સાંભળનાર લાયકજીવ અને સંભળાવનાર સંત મુનિ—બંનેને એક જ પ્રકારમાં મૂક્યા છે. સત્‌ની વાત સાંભળી તારું પ્રભુપણું તને તારાથી બેઠું જ છે, હું કહું છું એમ જ છે. સ. ૫૮

**હરતાંફરતાં પ્રગટ હરિ★ દેખું રે,**
**મારું જીવ્યું સફળ તવ લેખું રે;**
**મુક્તાનંદનો નાથ વિહારી રે,**
**શુદ્ધ જીવન દોરી હમારી રે.**

રાગ-દ્વેષ-મોહરૂપી પાપના ઓઘને હરે તેવો ભગવાન આત્મા હરિ છે. સ્વભાવમાં જ પ્રભુપણું દેખનારો બધાને પ્રભુ જ ભાળે છે. તેની દષ્ટિમાં પ્રભુ થવાને અપાત્ર કોઈ છે જ નહિ અને અજ્ઞાની જેની દૃષ્ટિ દેહાદિ—પર ઉપર છે. તે બધાને ઊણા, અપાત્ર કે પરાધીન ભાળે છે. હું અપાત્ર અને તું યે અપાત્ર, એમ પોતાને જ વાત બેઠી તેનો બીજામાં પણ આરોપ કરે છે, બીજાને પોતા જેવા માની લે છે. જ્ઞાની હરતાં-ફરતાં બધાને પરમાત્મા દેખે છે. ક્ષણિક અવસ્થાના વિકારને સ્વભાવની દૃષ્ટિમાં મુખ્ય કરતા નથી. હું પ્રભુ અને તું પણ પ્રભુ, બધા આત્મા પ્રભુ, એમ રાતદિવસ ચૈતન્ય ભગવાનનાં જ ગાણાં ગાયા કરે છે.

ભગવાન ચિદાનંદ મુક્તસ્વભાવી આત્મા બંધન—સંયોગથી ત્રિકાળ નિરાળો છે, તે પૂર્ણ પવિત્ર સાધ્યસ્વભાવને જ નિરંતર સ્વાશ્રયથી નિહાળું છું. તે શુદ્ધ દૃષ્ટિ સ્વસાધ્ય

★ **પાપં—અઘં હરતિ ઈતિ હરિઃ**

જીવનની દોરી–પરિણતિ છે. સ્વતંત્ર પરમાત્મરૂપ સ્વભાવને જોનારી દૃષ્ટિથી જ્ઞાની આખા જગતમાં બધા પ્રાણીઓને મુક્તાનંદરૂપે, બંધન–ઉપાધિરહિત પૂર્ણ પ્રભુરૂપે જ ભાળે છે. દરેક આત્મા પોતાના સ્વભાવે પ્રભુ છે. પ્રથમ તારી માન્યતામાં બંધન ટળી પૂર્ણ પ્રભુપણું દેખાય તેની વાત કહેવાય છે, ના પાડીશ નહિ, હા જ લાવજે. સ્વભાવના ભાન સહિત સ્વરૂપમાં આગળ વધ, પાછો પડવાની કે અટકવાની વાત વચ્ચે લાવીશ નહિ.

તું અમારી પાસે અંતર અનુભવની વાત પૂછવા આવ્યો, એટલે સંસારને કાંઠે તો આવી જ ગયો. હવે બીજું સંભારી પાછો પડીશ નહિ. સ્ત્રી, પુરુષ કે નાના–મોટા દેહ–મુડદાં ઉપર ન જો. તેને સ્વ કે પરનું ભાન નથી, તે તો આંધળાં છે. તું દેહથી જુદો વર્તમાનમાં જ દેહથી મુક્ત છો, ના ન પાડ. દેહ ઉપરની મમતા છોડી તારામાં અંતરદષ્ટિથી જો. તારા સ્વભાવની હા પાડવાની શક્તિ તારામાં જ છે. તારું મુક્તપણું બીજા કબૂલે અને તું ન માન, તે કેમ ચાલે!

બાળક અમુક વખત રખડ્યા કરે ત્યારે માતાનું ધ્યાન હોય નહિ, પણ તે થાકીને જ્યારે માતા પાસે આવે ત્યારે માતા ગાણાં ગાઈને બાળકને ઊંઘાડી દે છે; તેનાથી ઊલટું તું અનાદિનો સંસારમાં રખડતો હતો ત્યારે તારા ઉપર અમારી દૃષ્ટિ ન હતી, પણ (આચાર્ય કહે છે કે) જ્યારે અમારે સ્વરૂપમાં સમાઈ જવાના, વિકલ્પ તોડીને સ્થિર થવાના અવસર આવ્યા અને તું સંસારના ભ્રમણથી થાકીને અમારી પાસે આવ્યો ત્યારે બીજું બધું ભૂલીને અમારો અનુભવ સમજી લે. પ્રથમ ધડાકે એક વાત સાંભળી લે કે તું જ્ઞાયકસ્વરૂપ છો, મુક્ત જ છો. તારા સ્વતંત્ર સ્વભાવની હા લાવ. (સંસારમાં માતા બાળકને ઊંઘાડે છે. અહીં આચાર્ય મુક્ત થવાનું કહી અનાદિથી ઊંઘમાં પડેલાને જગાડે છે.)

કોઈ કહે : આખી જીંદગી બીજાં સંસારના કામમાં જ રોકાણા, હવે ઘડીમાં સમજી શકીશું? શું બધા જ આ વાત સમજી શકતા હશે?

અરે! જે જે સમજવા તૈયાર થયા તે બધાને જરૂર સમજાય છે, સ્વરૂપ ન સમજાય એવું ત્રણકાળમાં નથી. જેને પોતાની દરકાર નથી, સત્‌ની રુચિ નથી, તે બીજાની માંડે છે અને અમને સમજાશે નહિ, એમ શંકા કરીને પ્રથમથી જ સમજવાનાં બારણાં બંધ કરી દે છે.

આ સ્થૂળ શરીર છે, તેની અંદર આઠ કર્મની ઝીણી ધૂળ છે, તે પરમાણું છે. તેના દ્રવ્ય, ગુણ, પર્યાયરૂપી છે, અચેતન છે; અને તું સદાય અરૂપી ભગવાન ચૈતન્ય–પણે હોવાથી તેનાથી સદાય ભિન્ન સ્વભાવે છો. પાણી અને કાંકરા એકક્ષેત્રે ભેગાં રહ્યાં છતાં

કાંકરા પાણીરૂપ કે પાણી કાંકરારૂપ કદી પણ થતાં નથી; તેમ આત્મા અને દેહ એકક્ષેત્રે રહ્યા છતાં અનાદિથી જુદા જ છે. એકવાર જુદા ચૈતન્યસ્વભાવ સમીપ આવીને અંતરદષ્ટિથી જો અને શ્રદ્ધા કર! તે જ સમ્યગ્દર્શન છે. મુક્ત સ્વભાવની હા પાડી, અંદરથી ઊછળીને સત્‌નો આદર કર્યો તે શ્રદ્ધા જ મોક્ષનું બીજ છે. સ્વપ્નદશામાં પણ તે જ વિચાર, તેનો જ આદર અને તેના જ દર્શન થયા કરે.

**એનું સ્વપ્ને જે દર્શન પામે રે,**
**તેનું મન ન ચઢે બીજે ભામે રે.**

ભવ કરવાની ભ્રમણા ટળી ગઈ. એ તો ચૈતન્ય જાતે જાગતો જાહેરાત કરે, તેના નિર્ણય માટે કોઈને પૂછવા જવું પડે નહિ.

પહેલે જ ધડાકે શુદ્ધ પરમાત્મા છો, એ દૃષ્ટિથી જ વાત ઉપાડી છે. પરાશ્રયરૂપ ભેદને ભૂલી જઈ મુક્ત સ્વભાવની હા પાડ અને તે દૃષ્ટિનું જોર લાવી તેનાં જ ગાણાં ગાયા કર. અનાદિથી ભ્રમણા ટાળવાનો બીજો ઉપાય નથી. સ્વભાવ માટે બહારના કોઈ સાધનની ત્રણકાળમાં જરૂર પડતી નથી. જેમ અનાદિનું અંધારૂં હોય તે ઉલેચવામાં પાવડા, કોશ કે સૂપડાં કામ આવે નહિ, પણ પ્રકાશ જોઈએ; તેમ આત્મામાં અનાદિનો અજ્ઞાનરૂપી મહા અંધકાર ટાળવા માટે બહારમાં કાંઈ મહેનત કરવી પડતી નથી, પણ જ્યાં સમ્યક્–જ્ઞાનરૂપી જ્યોતિ પ્રગટી ત્યાં અનાદિનો અજ્ઞાનરૂપી અંધકાર એક ક્ષણમાત્રમાં નાશ પામે છે.

ગાયની ડોક ફરતું દોરડું નાખી 'ગાયની ડોક બાંધી' એમ બોલાય છે, પણ ડોક ડોકમાં અને દોરડું દોરડામાં, એમ બંને જુદા જ છે; તેમ કર્મના પરમાણુઓ તથા દેહનો સંયોગ તેની અવસ્થા વખતે એક ક્ષેત્રમાં તેના કારણે સંયોગપણે રહ્યાં છે. તે અમુક કાળની મર્યાદાથી આવે છે અને જાય છે. તે આત્મા સાથે એકમેકપણે રહેતાં નથી. આત્મા સદાય પોતાપણે છે, જડ દેહાદિ રજકણપણે ત્રણકાળમાં નથી. જે વસ્તુ જ પોતામાં નથી, તે પોતાને દબાવે કે કાંઈ લાભ–હાનિ કરી શકે જ નહિ.

ગાયની ડોકમાં જે દોરડું છે તે ડોક કરતાં પહોળું છે. પોતાની ડોક તરફ ગાય નજર કરે અને પોતાના છૂટાપણાનો વિચાર કરે તો જણાય કે અહો! મારી ડોક કરતાં તો આ દોરી પહોળી છે. એમ પ્રથમ વિશ્વાસ કરે તો પછી દોરડી વચ્ચેથી ડોક સરકાવીને છૂટી જ છે, તેથી છૂટી થઈ શકે છે. તેને ભાન ન હતું ત્યાં સુધી તે પોતાને બંધાયેલી માનતી હતી; તેમ હું બંધનથી છૂટો છું, તેટલો યથાર્થ વિચાર કરનાર આર્ય (જાણકાર) થયો છે, તેને કર્મનું દૃઢ બંધન રહે નહિ અને દૃઢ બંધન હોય તો હું આવો સ્વતંત્ર છું,

એવા વિચારનો અવકાશ નથી. જે સત્ સાંભળવા જેટલો તૈયાર થઈને આવ્યો તેના બંધન કઠણ હોય નહિ. તેનું ઓશિયાળાપણું ટળી જાય, ખાવા–પીવાની કે રોગાદિની ઉપાધિ મટી જાય, અશરીરી થઈ જવાય તેવી વાત છે.

પાણીના લોઢના લોઢ વચ્ચે રહેલી લાકડાની નાની કટકી પણ પાણીમાં તરવાનો તેનો સ્વભાવ છોડતી નથી, તો હું ચૈતન્ય મારો જાણવાનો સ્વભાવ કેમ છોડું? લાકડાને તેના સ્વભાવની ખબર નથી, પણ તેનો નિર્ણય કરનાર બધાના સ્વભાવને જાણનારો ચૈતન્ય સ્વરૂપ આત્મા છે. પ્રથમ સ્વભાવ સમીપ જઈને માન્યતા ફેરવ. પરની પંચાતમાં પાવરધો થાય પણ પોતાના સ્વભાવની દરકાર ન કરે, પ્રભુ થઈને તું તારા મહિમાનો અનાદર કરે, એ તો ''ઘરનાં છોકરાં ઘંટી ચાટે અને પાડોશીને આંટો'' જેવું થાય.

દેહાદિ સંયોગના ભેદ તારાપણે નથી, જે પોતાપણે નથી તેને પોતાના માનવાથી ચોરાશીના અવતાર છે. જેમ માટીનો, ઢાંકણું, ઘડો, જારી, રામપાત્ર આદિ પર્યાયોથી અનુભવ કરતાં અનેક આકારરૂપ અન્યપણું ભૂતાર્થ છે–સત્યાર્થ છે, તોપણ સર્વતઃ અસ્ખલિત–(સર્વ પર્યાયભેદોથી જરાય ભેદરૂપ નહિ થતા એવા) સળંગ માટીપણાના એકાકાર સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અન્યપણું અભૂતાર્થ છે–અસત્યાર્થ છે. માટીને અનેક આકારે જોવાની દૃષ્ટિ છોડી સામાન્ય માટીપણું જોતાં, ઘટ વગેરે બધી અવસ્થામાં એકાકાર એવી માટી જ વ્યાપેલી દેખાય છે. એવી રીતે આત્માને મનુષ્ય, દેવ, નારક, ઢોર વગેરે અનેક પુદ્ગલના આકારથી જુઓ તો અનેરી (જુદી જુદી) અનેક અવસ્થાઓ સંસાર દશામાં થાય છે, તે અનેક પર્યાયના ભેદ વ્યવહારે સત્યાર્થ છે. ચોરાશીના અવતારરૂપ વિભાવ વ્યંજન પર્યાય +–નિમિત્તાધીન અનેક દેહના આકાર જેવો આત્માનો આકાર નાનો મોટો થાય છે, તે વ્યવહારે સાચું છે.

કોલસાને બાળવામાં આવે તો કોલસાના જ આકારે અગ્નિ થઈ કહેવાય છે, તેમ જીવ નાના–મોટા દેહનો સંયોગ પામી ક્ષણમાં મોટા હાથીના આકારે થાય અને ક્ષણમાં સૂક્ષ્મ કંથવા જેવડો થાય, છતાં તે દરેક અવસ્થામાં આત્મપ્રદેશ અસંખ્યાતા એક સરખા જ છે.

જેમ માટી નિત્ય એકાકાર છે, તેમ ચૈતન્યસ્વભાવ સ્વક્ષેત્રથી નિત્ય અભેદ એકાકાર છે, તે સ્વભાવ સમીપ જઈને એકાકાર દૃષ્ટિથી જોતાં નર, નારક વગેરે અશુદ્ધ પર્યાયના અનેક ભેદો અભૂતાર્થ છે. અનેક દેહમાં સ્ત્રી, પુત્ર, મિત્ર તથા શત્રુ આદિ અનેકપણાની ઠીક–અઠીક ભેદની દૃષ્ટિ રાખી જોતાં રાગ–દ્વેષ ટળશે નહિ, કેમ કે વર્તમાન

+ દેવ, મનુષ્ય, ઢોર, નારક આદિપણે આત્માની પ્રગટપણે આકારરૂપે જણાતી અવસ્થા.

પર્યાયદૃષ્ટિ તે મિથ્યાદૃષ્ટિ છે. દેહાદિ આકારમાં કે બાહ્ય સંયોગમાં કાંઈ ઠીક–અઠીકપણું નથી, પણ અજ્ઞાની કલ્પના કરે છે. બાપ માને કે મારે બે આંખો, જેમ બે છોકરા સરખા છે, પણ આંખ તોજે સડે તે કઢાવી પણ નાખે છે. ત્યાં આંખને સરખી ગણતો નથી, તેમ જ એક કઢાવતાં બીજી કઢાવી નાખતો નથી; તેમ છોકરો પ્રતિકુળ થતાં ફેર પડે છે. દેહ ઉપર દૃષ્ટિ રાખીને પરમાં સમાનપણું કોઈ રાખી શકે નહિ. પર આકાર ઉપર દૃષ્ટિ તે ક્ષેત્રદૃષ્ટિ છે, સ્થૂળદૃષ્ટિ છે. શરીરાદિ પરને હું સરખા રાખું એમ માને, પણ તે પુદ્‌ગલની અવસ્થા તો તેના કારણે થાય છે, સરખા રહે તે તેના કારણે છે; માટે વર્તમાન સંયોગી ક્ષેત્રરૂપ દેહ ઉપરની દૃષ્ટિ છોડ એક ચૈતન્ય બધી તરફથી સ્વક્ષેત્રે અસ્ખલિત છે. કોઈ પર આકારથી કે પરક્ષેત્રના સંયોગથી જરાપણ ભેદરૂપ નહિ થતો, એવો તે શાશ્વત ટંકોત્કીર્ણ છે એવા એકરૂપ ચૈતન્યઆકાર આત્મસ્વભાવની સમીપ જઈને એકાકાર દૃષ્ટિથી જોતાં અન્યપણું અભૂતાર્થ છે. પરક્ષેત્રની મારામાં ત્રિકાળ નાસ્તિ છે, આ જાણવું તે સાચી દૃષ્ટિ છે.

તા. ૨૫-૮-૪૩.

કોઈ પણ આત્મા શરીરની કોઈ પણ ક્રિયા કરી શકે નહિ. શરીરની એક આંગળી હલાવવી તે પણ આત્માની સત્તાની વાત નથી. જડ વસ્તુ તેના કારણે સ્વતંત્ર રહીને તેની યોગ્યતા અનુસાર વ્યવસ્થા બદલે છે અને આત્મા તે જ વખતે તે કરવાના ભાવ કરે છે, તેથી પોતાની ઇચ્છા મુજબ થાય છે, એવો ભ્રમ થઈ ગયો છે. આત્મા પોતામાં હિત–અહિતરૂપ ભલો–ભૂંડો ભાવ કરી શકે અથવા સ્વભાવમાં અનંતો પુરુષાર્થ કરી શકે, પણ પરમાં એક રજકણ પણ ફેરવવાને તે અસમર્થ છે. જ્યારે જડ–ચેતન બે તત્ત્વોને ભિન્ન–સ્વતંત્ર સમજે ત્યારે જ આ વાત સમજાય તેવી છે.

પરમાણુ સત્ વસ્તુ છે. 'છે' માટે અનાદિ–અનંત સ્વતંત્રપણે ટકનાર અનંત શક્તિપણે છે. દરેક સમયે જીવ, પરમાણુ વગેરે દરેક પદાર્થ પોતાપણે સ્વાધીન ટકીને અવસ્થા બદલે છે. પરમાં કર્તાપણું લોકો માને છે, અહીં દરેક વસ્તુનું સ્વમાં કર્તાપણું બતાવાય છે; ઊગમણો–આથમણો ફેર છે.

જે પરિણમે છે તે કર્તા છે, (પરિણમનારનું) જે પરિણામ છે તે કર્મ છે અને જે

પરિણતિ (અવસ્થાંતર થવું) તે ક્રિયા છે. 'ક્રિયા પર્યાયકી ફેરણી.' ભેદદષ્ટિથી કર્તા, કર્મ અને ક્રિયા ત્રણ કહેવામાં આવે છે, પણ અભેદદષ્ટિથી એ ત્રણેય એક દ્રવ્યની અભિન્ન અવસ્થાઓ છે. દરેક વસ્તુ પોતામાં ક્રિયા કરે છે અને પોતે જ કર્તા–કર્મરૂપ થાય છે. સ્વતંત્રપણે કરે તે કર્તા; કર્તાનું કામ કોઈ સમયે તેનાથી જુદું ન હોય કે તેનાથી ન બની શકે એવું ન હોય. જે વસ્તુ છે તેની અવસ્થા કોઈ સમયે ન બદલે એવું હોય નહિ. દેહાદિની અવસ્થા હું કરી શકું છું, મારી ઇચ્છાથી તે ક્રિયા–પરિણમન થાય છે, તે માન્યતા ત્રિકાળ ખોટી છે. કોઈપણ આત્મા પરનો કર્તા વ્યવહારે પણ નથી. જડની કોઈ ક્રિયાથી આત્માને કદી પણ લાભ કે નુકશાન થાય નહિ, તેમ જ પરના સંયોગમાં ફેરફાર થાય; તેથી કોઈને પુણ્ય, પાપ કે ધર્મ થાય નહિ.

મારું હિત–અહિત મારાથી જ થાય છે અને તેનો કરનારો હું જ છું. એ પ્રથમ સ્વતંત્રપણું નક્કી થયા પછી પોતાના ઊંધા પુરુષાર્થથી વર્તમાન અવસ્થામાં નિમિત્તાધીન પુણ્ય–પાપની વૃત્તિ થાય છે. તે મારું સ્વરૂપ નથી, હું ત્રિકાળ છું તે ક્ષણિક છે, હું તે વિકાર વૃત્તિનો નાશક છું, અવિનાશી અસંગ છું. જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય વગેરે અનંત ગુણોથી વર્તમાનમાં પૂર્ણ છું; એમ સ્વાશ્રિત દષ્ટિથી સ્વભાવનું જોર લાવી વર્તમાન અવસ્થા તરફનું લક્ષ ગૌણ કરીને અખંડ સ્વભાવ ઉપર લક્ષ કરવું તે સમ્યક્દર્શનનો ઉપાય છે.

ત્રિકાળી અસ્તિ સ્વભાવનું ઘોલન કરવું અને તેમાં એકાગ્રતારૂપે ઠરવું તે આત્માની વ્યવહારક્રિયા છે. આત્માનો વ્યવહાર આત્મામાં જ છે, જડમાં નથી. પ્રથમ રાગમિશ્રિત વિચારથી આટલો નિર્ણય કર્યા પછી સ્વભાવમાં એકાગ્ર થતાં વિકલ્પ તૂટી આત્મામાં નિર્વિકલ્પતાનો અનુભવ થાય છે અને અપૂર્વ સ્વાનુભવનો આનંદ આવે છે, તે વખતે મોક્ષનું મૂળ નિશ્ચય સમ્યક્દર્શન પ્રગટે છે.

પરવસ્તુ સાથે આત્માને જ્ઞેયજ્ઞાયકપણે સંબંધ છે. સંસાર અવસ્થામાં પરને પોતાનું માની, તે નિમિત્તાધીન લક્ષે રાગ-દ્વેષ કરે ત્યાં સુધી જડ કર્મરૂપ વસ્તુ જોડે હાજર છે, તેને નિમિત્ત કહેવાય છે. વ્યવહારે કહેવાય છે પણ કોઈ કોઈમાં કર્તાપણે નિમિત્ત થઈ શકતું નથી, એવો ત્રિકાળી નિયમ છે.

આખી જિંદગી જડનું, દેહ વગેરેનું હું કરી શકું છું, એવી ઊંધી માન્યતાનાં દઢ અભિમાન સેવ્યાં હોય પણ જ્યારે લકવો થાય ત્યારે ખબર પડે કે શરીર ઉપર કેવી સત્તા ચાલે છે? શરીરાદિ તેની ઇચ્છા મુજબ ન રહે ત્યારે ખેદ થાય કે અરે! મને કર્મે દબાવ્યો, કર્મનું ભારે જોર છે; પાંપણ પણ ઊંચી કરી શકે નહિ, શ્વાસ ચાલે નહિ, આંતરડાં,

ઇન્દ્રિયો ઢીલાં પડી જાય, મૃત્યુ વખતે ભારે ભીંસ દેખાય ત્યારે સ્વભાવના ભાન વગર, શરીરને પરપણે જાણ્યા વગર શાંતિ ક્યાંથી આવશે? તેં તારા જુદા સ્વભાવને જાણ્યા વગર બાળ (અજ્ઞાન) મરણ અનંતવાર કર્યાં છે. એકવાર સાચું ભાન કરે કે પરપણે નથી, પરનો કર્તા નથી, પણ સ્વભાવપણે છું; એવી શ્રદ્ધા આત્મામાં પ્રગટ કરે તો તે જ અનંત ગુણ અને અનંત સુખ પ્રગટ કરવાનું મૂળ છે. સાચો સંવર અને પ્રતિક્રમણ પણ તે જ છે. શુદ્ધનયની દૃષ્ટિના જોરે સ્વભાવની અસ્તિમાં ઠર્યો, તેમાં બધો ધર્મ આવી ગયો.

પુણ્ય–પાપના વિકારનો હું કર્તા અને તે મારૂં કર્મ, તથા પર જીવ કે જડ વસ્તુની ક્રિયા હું કાંઈ કરી શકું, એવી જે અનાદિની મહા ઊંધી માન્યતા હતી તેનાથી પાછો ફર્યો તે પ્રતિક્રમણ થયું. હું માત્ર જ્ઞાયક છું, એવા સ્વભાવની દૃઢતા તે દર્શનસામાયિક અને તેમાં એકાગ્ર થવું તે ચારિત્રસામાયિક. પરના અવલંબનના ભેદ રહિત જેટલા અંશે સ્વભાવના જોરથી અરાગી–શાંત સ્થિરતા ટકાવી તેટલી સાચી સામાયિક છે.

વિકારના નાશક ધ્રુવસ્વભાવની અસ્તિને ઘૂંટતાં વિકારની નાસ્તિ થાય છે. આ પ્રમાણે વસ્તુસ્વરૂપ સમજ્યા વિના બહારની પ્રવૃત્તિમાં અભિમાન (કર્તાપણું) આવ્યા વિના રહે નહિ. પરથી જુદો અક્રિય સ્વભાવ આમ જ છે; એમ જાણ્યા વિના અનાશક્તિ, નિસ્પૃહતા કે નિષ્કામપણાની વાતો ભલે કરે, પણ સ્વતંત્ર સ્વભાવનો મહિમા નહિ કરતાં જે નિમિત્ત ઉપર વજન આપે છે તેને પરનું કર્તાપણું અંદરમાં રહેલું છે. કેમ કે તેની દૃષ્ટિ પર ઉપર છે.

કોઈ કહે :—અમે આત્માને બરાબર જાણ્યો છે, પણ ભવ કેટલા બાકી હશે, કેટલો કાળ સંસારમાં રખડવું પડશે, તેની કાંઈ ખબર પડતી નથી; વળી આત્મા અરૂપી, પરથી જુદો રહીને એકલો શું ક્રિયા કરે તે જાણતા નથી. તો એમ કહેનારે આત્માનું સ્વરૂપ જાણ્યું જ નથી, પણ વિકારી ભાવને આત્મા માન્યો છે.

કોઈ કહે :—પ્રથમ ઘણા શુભભાવ કરીએ, પછી શુદ્ધમાં આવી જઈશું; એમ કહેનારની મૂળ કારણમાં જ ભૂલ છે. શુભભાવ તે વિકાર છે, ક્ષણિક છે. તે અવિકારી નિત્ય સ્વભાવને મદદ કરે એમ જેણે માન્યું તેને આત્માના ગુણની ખબર નથી. અશુભથી બચવા માટે શુભભાવ આવે ખરા, પણ તે શુભભાવથી આત્માને ગુણ થાય તે વાત ત્રણ–કાળમાં અસત્ય છે. શુભભાવ મદદગાર તો નથી જ, પણ ઉલટા આત્માના અવિકારી ગુણમાં વિઘ્ન કરનાર છે. જે ભાવે બંધન થાય તે ભાવે મુક્તિ ન થાય. મોક્ષનું કારણ સમ્યગ્દર્શન, તે પણ શુભરાગથી ન પ્રગટે, વીતરાગ ન થાય ત્યાં સુધી શુભરાગની હાજરી હોય ખરી, પણ તે શુભરાગથી ગુણ ન થાય.

**પ્રશ્ન :—**પ્રથમ ગુણને કેળવવા જોઈએ ને?

**ઉત્તર :—**પ્રથમ તો ગુણ કોને કહેવાય? તે જાણવું પડશે. બાહ્યમાં કોઈ પ્રવૃત્તિથી શુભભાવ કરવાથી ગુણ થાય તે વાત ખોટી છે. અંદર સ્વભાવમાં જ બધા ગુણો અવિકારીપણે ભર્યા છે. તેની બહારથી કેળવણી કરું તો પ્રગટે, એમ માની ગમે તેવા શુભભાવ કરે તો પુણ્ય બંધાય પણ સ્વભાવના ગુણ પ્રગટે નહિ. તત્ત્વનું શ્રવણ–મનન કરો એમ કહેવાય, કારણ કે એકવાર શ્રવણ–મનન વગર સમજાય નહિ, પણ શ્રવણ–મનનના શુભરાગથી સ્વરૂપ સમજાતું નથી. હું શુદ્ધ છું એવું ચિંતવન કરે તોપણ ગુણ પ્રગટે નહિ, માત્ર શુભભાવ બંધાય. જ્યારે યથાર્થ અભ્યાસથી સ્વરૂપની ઓળખાણ કરે અને મન, ઇન્દ્રિયથી ભિન્ન, નિરાવલંબી, અવિકારી સ્વભાવની શ્રદ્ધા કરે ત્યારે પવિત્રતા અંશે–અંશે પ્રગટે છે અને રાગનો નાશ થતો જાય છે, આ જ સામાયિક છે અને આ જ ચારિત્ર, તપ, વ્રત છે, ધર્મ પણ આ જ છે.

ઉપદેશ સાંભળવા તરફની વૃત્તિ તે પણ રાગ છે, તે રાગથી ગુણ થતો નથી પણ નિમિત્ત અને રાગને ભૂલી સ્વભાવમાં અપૂર્વ રુચિથી નિર્ણય કરે અથવા નિર્ણય પછી જેટલું અંતરમાં એકાગ્રતાનું લક્ષ ટકાવે તે પુરુષાર્થ છે, તે ગુણ છે, કેમ કે તેમાં રાગ નથી. યથાર્થ ઓળખાણ પછી સ્વભાવ તરફ લક્ષ કરે તેમાં રાગ નથી, કારણ કે દૃષ્ટિ તો આખા વીતરાગ સ્વભાવ ઉપર છે.

**પ્રશ્ન :—**ઉપદેશને નિમિત્ત શી રીતે કહેવાય?

**ઉત્તર :—**નિમિત્તાધીન દૃષ્ટિ છોડી, સ્વલક્ષે યથાર્થપણું સમજે ત્યારે દેવ, ગુરુ, શાસ્ત્રાદિને નિમિત્ત કહેવાય. શબ્દ અને તેને સાંભળવાનો રાગ તે હું નહિ, એમ ભેદનું લક્ષ ભૂલી સ્વાશ્રિત લક્ષે સ્વભાવમાં એકાગ્ર દૃષ્ટિના જોર વડે વિકલ્પ તૂટીને ઠર્યો અને યથાર્થ નિર્ણય સહિત સ્વાનુભવ કર્યો ત્યારે ઉપચારથી ઉપદેશ અને શુભ રાગને નિમિત્ત થયા કહેવાય; માત્ર નિમિત્ત કહેવાય, પ્રેરણારૂપે નિમિત્ત કહેવાય નહિ. અપૂર્વ ભાન કરે તો ઉપકારી નિમિત્ત છે, એમ બોલાય. સ્વભાવમાં કોઈ પર નિમિત્તનો સ્વીકાર નથી. જ્ઞાન છે તે સ્વને, નિમિત્તને તથા વર્તમાન અવસ્થાના વ્યવહારને જેમ છે તેમ જાણે છે, જાણવામાં કોઈનો નિષેધ નથી. આ બધી વાત સારી રીતે મનન કરી સમજવા જેવી છે. કોઈ મધ્યસ્થપણે વિચાર કરે તો જાતે નક્કી થાય કે ત્રણેકાળે વસ્તુસ્વરૂપ આમ જ હોઈ શકે. ન સમજે તે પણ પોતે સ્વતંત્ર છે અને સમજે તેના આનંદની તો વાત જ શી?

**પ્રશ્ન :—**બાળ જીવો આવું ક્યાંથી સમજી શકે?

**ઉત્તર :—**સત્ સમજવાની જિજ્ઞાસાપૂર્વક જે સત્ પાસે આવ્યો તે બાળક કહેવાય નહિ.

**પ્રશ્ન :—**આઠ વરસ પહેલાં સાધુપણું ન પ્રગટે તેનું કારણ શું?

**ઉત્તર :—**તેમાં પોતાનો પુરુષાર્થ ઓછો છે. પૂર્વે ઊંધું વીર્ય કર્યું ત્યારે જ ભવ બંધાયો છે ને? જેટલા જોરથી પૂર્વે ઊંધો પુરુષાર્થ કર્યો તેટલી નબળાઈ વર્તમાન અવસ્થામાં રહે છે અને તેને લીધે આઠ વર્ષની શરીરની વય પહેલાં પુરુષાર્થ ઉપાડી શકતો નથી. આ રીતે જ્યાં જ્યાં અટકવાની વાત આવે ત્યાં ત્યાં પોતાની નબળાઈનું કારણ છે, એમ સમજવું. નિમિત્ત તો માત્ર જ્ઞાન કરવા માટે છે.

**પ્રશ્ન :—**તપ એટલે શું?

**ઉત્તર :—**इच्छानिरोधः तपः ઈચ્છાનો નિરોધ કરી સ્વરૂપ—સ્વભાવની સ્થિરતાને ભગવાન તપ કહે છે. સમ્યક્‌દર્શન થયા પછી અકષાય સ્વભાવના જોરે આહારાદિની ઈચ્છા તૂટી સ્વરૂપમાં સ્થિરતા થાય તે તપ છે. જ્યાં એવી સ્થિતિ હોય ત્યાં વચ્ચે અશુભમાં ન જવા માટે બાર પ્રકારના શુભભાવને તપ કહેલ છે, તે ઉપચારથી છે. તેમાં શુભરાગ રહ્યો છે, તે ગુણકર નથી. નિર્જરા એટલે પુણ્ય—પાપ રહિત સ્વભાવના જોરે શુદ્ધતાની વૃદ્ધિ અને અંશે અંશે રાગનું ટળવું તે. રોટલા છોડવા તે તપશ્ચર્યા નથી, પણ સ્વભાવમાં રમણતાથી રોટલા છૂટી જાય તે તપ છે. એવું તપ અનંતકાળમાં જીવે કર્યું નથી.

હું અખંડાનંદ પૂર્ણ છું, એમ સ્વભાવના લક્ષે ઠર્યો ત્યાં સહેજે રાગ છૂટતાં રાગમાં નિમિત્ત જે શરીર તેના ઉપરનું લક્ષ છૂટી જાય છે અને શરીર ઉપરનું લક્ષ છૂટતાં આહાર પણ છૂટી જાય છે. આ રીતે સ્વભાવના ભાનમાં શાંતિપૂર્વક ઠર્યો તે જ તપશ્ચર્યા છે. સ્વભાવના ભાન વગર ઈચ્છાને રોકું, ત્યાગ કરું એમ કહે, પણ તે ભાન વગર કોના જોરે ત્યાગ કરશે? શેમાં જઈને ઠરશે? વસ્તુ તો યથાર્થપણે સમજ્યો નથી.

આત્મામાં રોટલા આદિ કોઈપણ જડ પદાર્થનાં ગ્રહણ—ત્યાગ નથી, પરનું કોઈ પ્રકારે લેવું—મૂકવું નથી. હું નિરાવલંબી જ્ઞાયક—સ્વભાવી છું, એવી શ્રદ્ધાના જોરે અંતર સ્વરૂપમાં એકાગ્ર થતાં આહારનો વિકલ્પ છૂટી જાય તે તપ છે અને અંતર લીનતામાં જે આનંદ આવે તે તપશ્ચર્યાનું ફળ છે.

વ્રત વગેરે શુભભાવની વૃત્તિને તત્ત્વાર્થસૂત્રમાં ભગવાને આસ્રવ કહેલ છે. તે શુભભાવ હેય છે, તેથી જ્યારે તેનો નિષેધ કરી, સ્વભાવના જોરે સ્થિરતા વડે રાગનો નાશ કરે ત્યારે જ કેવળજ્ઞાન થાય છે.

પ્રથમ સમ્યગ્દર્શન થયા પછી શ્રદ્ધાના જોરે સ્થિરતાની વૃદ્ધિ થતાં ચોથું, પાંચમું, છઠ્ઠું એવા ગુણસ્થાનના ક્રમ પડે છે ત્યાં બુદ્ધિપૂર્વકનો શુભરાગ હોય છે, પણ તે રાગને

ચારિત્ર કહેવાતું નથી. ચારિત્ર એટલે ભાન સહિત સ્વરૂપમાં ઠરવું તે. અકષાય નિરાવલંબી વસ્તુસ્વભાવને જાણ્યા વિના અંદર અકષાયભાવ સહિત સ્થિરતા–ચારિત્ર અંશ માત્ર થઈ શકે નહિ. અકષાયભાવને જાણ્યા પછી તેમાં સ્થિરતા કરતાં વાર લાગે અને કેવળ જ્ઞાન પ્રગટ થતાં વાર લાગે તે પોતાના પુરુષાર્થની મંદતાનું કારણ છે. જે ભાવે પુણ્ય–પાપના બંધનભાવનો નાશ થાય તે જ ભાવે ગુણ–અવિકારી ધર્મ થાય છે–આ એકાન્ત સત્ય છે.

જેમ સમુદ્રનો, વૃદ્ધિ-હાનિરૂપ (ભરતી–ઓટ આવે છે તે રૂપ) અવસ્થાથી અનુભવ કરતાં અનિયતપણું (અનિશ્ચિતપણું) ભૂતાર્થ છે–સત્યાર્થ છે. કાંઠા તરફની દૃષ્ટિથી જુઓ તો દરેક સમયે બદલાતી પાણીની અવસ્થા અનિશ્ચલ છે, ધ્રુવ–એકરૂપ નથી, તે સાચું છે. તોપણ નિત્ય–સ્થિર એવા સમુદ્રસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અનિયતપણું અભૂતાર્થ છે–અસત્યાર્થ છે. પાણી તો નિત્ય જેવું છે તેવું જ કાયમ છે. એવી રીતે આત્માની વર્તમાન અર્થપર્યાયોમાં હીનાધિકરૂપ અવસ્થા થાય છે તે સાચી છે. જેમ કે જ્ઞાન–દર્શન આદિ ગુણ તો નિત્ય ટકનાર છે પણ તેની અવસ્થામાં હાનિ–વૃદ્ધિ થયા કરે છે, અવસ્થામાં ક્ષયોપશમ–ક્ષાયિક વગેરે ભાવોમાં ભેદ પડે છે, એટલે કે અવસ્થાદૃષ્ટિએ હાનિ–વૃદ્ધિ થાય છે તે સાચું છે. તોપણ નિત્ય–સ્થિર (નિશ્ચલ) એવા આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અવસ્થામાં હીનાધિકતા અભૂતાર્થ છે–નિત્ય ટકનાર નથી.

વર્તમાન પર્યાય ઉપર લક્ષ રાખવાથી અખંડ ધ્રુવ સ્વભાવનું લક્ષ અને સમ્યગ્દર્શન થઈ શકતું નથી. અવસ્થાદૃષ્ટિમાં સંસાર છે અને સ્વભાવદૃષ્ટિમાં મોક્ષ છે. પર્યાયના લક્ષે અલ્પજ્ઞને–રાગ-દ્વેષની ઉત્પત્તિ થયા કરે છે, તેથી ભેદનું લક્ષ ગૌણ કરીને ધ્રુવ નિશ્ચલ એકરૂપ પરિપૂર્ણ સ્વભાવને લક્ષમાં લઈને તેમાં અંતરદૃષ્ટિનું જોર દઈ એકાગ્ર થતાં નિર્મળ પર્યાય ઉત્પન્ન થઈ, સામાન્ય ધ્રુવ સ્વભાવમાં અભેદ થાય છે. અંશેઅંશે વિકલ્પ તૂટી નિર્મળ આનંદરૂપ શુદ્ધિની વૃદ્ધિ થાય છે અને અશુદ્ધિનો નાશ થાય છે, તેનું કારણ દ્રવ્યસ્વભાવ છે.

જ્યારે દરિયામાં ઓટ આવવાની હોય ત્યારે બહારથી તેમાં હજારો નદીઓનાં પાણી એક સામટાં ઠલવાય અને ઉપરથી વરસાદનું ગમે તેટલું પાણી આવે, છતાં તે બહારનાં કોઈ પણ કારણો તે ઓટને અટકાવીને ભરતી લાવવા સમર્થ નથી; અને જ્યારે ભરતી થવાની હોય ત્યારે ઉપરથી હજારો સૂર્યનો તાપ એક સામટો પડે અને નદીઓનાં પાણી તે સમુદ્રમાં આવતાં અટકી જાય, તોપણ સમુદ્ર તો છોળ મારતો પોતાના મધ્યબિંદુથી પોતાના કારણે ઊછળ્યો છે, તેને રોકવા કોઈ સમર્થ નથી. તેમ ભગવાન આત્મામાં ઇન્દ્રિયો આધીન વર્તતા બહારના ગમે તેવા સંયોગ હોય અને ગમે તેવા શુભ

વિકલ્પ કરે છતાં બહારના કોઈપણ નિમિત્તથી અવસ્થામાં હીણપ વખતે ગુણ પ્રગટે નહિ, પણ જ્યારે ધ્રુવસ્વભાવી વીતરાગ છું. પૂર્ણ છું, એમ અખંડ સત્ સ્વભાવનું જોર આપતાં શ્રદ્ધા–જ્ઞાન ઊઘડીને વીતરાગી સ્થિરતાની વૃદ્ધિ થતાં જ્યારે કેવળજ્ઞાનરૂપી સમુદ્ર સ્વભાવના મધ્યબિંદુથી ઊછાળા મારતો પ્રગટે છે ત્યારે જગતની કોઈ પ્રતિકૂળતા તેને રોકવા સમર્થ નથી.

જેમ દરિયામાં ધોધમાર વરસાદ પડે અને હજારો નદીઓનાં પાણી એક સામટાં પડે તોપણ તે ભરતીનું કારણ નથી, તેમ આત્મામાં અવિકારી ગુણ માટે ધોધમાર રાગમિશ્રિત શુભભાવ કર્યા કરે અને ઇન્દ્રિયોથી શબ્દજ્ઞાન, શાસ્ત્રજ્ઞાનરૂપી નદીઓ વહેવડાવ્યાં કરે તોપણ તેનાથી જ્ઞાન વધે નહિ, પણ અંદર જ્ઞાન ભર્યું છે તે ઊછળે તો તેને કોઈ રોકનાર નથી. અંદર અનંત ગુણની બેહદ તાકાત દરેક સમયે ભરી પડી છે. તેના ઉપર દૃષ્ટિ કરે તો સહજ સ્વભાવ ઊછળી સાક્ષાત્ ગુણની પ્રાપ્તિ થાય છે. અહીં પ્રથમ શ્રદ્ધામાં યથાર્થ સ્વરૂપનો સ્વીકાર કરવાની વાત છે.

અખંડપૂર્ણ સ્વભાવ ઉપર દૃષ્ટિનું જોર આપતાં સ્વભાવ પ્રગટે છે. શ્રદ્ધામાં અખંડ ધ્રુવ એક સ્વભાવ છે અને જ્ઞાન તે ત્રિકાળી પૂર્ણ સ્વભાવને અને વર્તમાન–અવસ્થાને જાણનારું છે. પૂર્ણ વીતરાગ થયો નથી ત્યાં શુદ્ધલક્ષસહિત અંશે સ્થિરતા ટકાવી અશુભથી બચવા શુભભાવનું અવલંબન આવે છે તે રાગને અને રાગના નિમિત્તને બંનેને જ્ઞાનમાં જાણી લેવાં તે વ્યવહાર છે, પણ તે આદરણીય માને તો ખોટી દૃષ્ટિ છે. સત્ય જલદી ન સમજાય તોપણ ધીરજ રાખી સત્ સમજ્યે જ આ સંસારમાંથી છૂટકારો છે, એમ સત્નો આદર લાવીને તે જ સમજવાની જિજ્ઞાસા છે. તેને સમજવામાં જેટલો કાળ જાય છે, તે પણ સમજવાના ઉપાયમાં મદદગાર છે.

સ્વ સ્વ–રૂપનું અજ્ઞાન તે મહાપાપ છે. ભવ રહિતની નિઃસંદેહતા થયા વિના અંતર સ્વરૂપનો અનુભવ થાય નહિ. બાહ્ય નિમિત્તાધીન દૃષ્ટિ રાખી ગમે તેવા ઊંચાં શાસ્ત્રો વાંચતો હોય, પણ તે ક્ષણિક સંયોગરૂપ ઇન્દ્રિયાધીન અનિત્ય જ્ઞાનનું અભિમાન થયા વિના રહે નહિ. સમજણ વગર અંતરમાં શાંતિ આવે નહિ, તેથી શાંતિ માટે, બહારમાં ઝાંવાં નાખે અને ગુણ માટે બહારમાં ક્રિયામાં જોઈએ, એમ માનીને બહારથી સંતોષાઈ જાય છે, પણ અંદર ગુણ ભર્યા છે તેનું લક્ષ કરવામાં અનંતો સવળો પુરુષાર્થ આવે છે તે વાત બેસતી નથી. સંયોગી ચીજ સ્ત્રી, ધન, કુટુંબ, ઘર આદિ મારાથી ક્ષેત્રે દૂરે જાય અથવા હું એકાંત જંગલમાં રહું તો ગુણ પ્રગટે, શાંતિ થાય, એમ માન્યું એટલે કે મારામાં તો ગુણ છે જ નહિ, પરના અવલંબનથી ગુણ થાય તેમ માનનારા નિમિત્ત આધીન દૃષ્ટિવાળા છે, તે મિથ્યાદૃષ્ટિ છે.

સંસારની રુચિ માટે જેમ એકને એક વાતનો વારંવાર પરિચય કરવામાં તેનો કંટાળો નથી, તેમ આ અપૂર્વ સત્‌ની રુચિ ખાતર વારંવાર સત્‌નું બહુમાન લાવી તેના જ શ્રવણ–મનનનો ઉત્સાહ વધારવો જોઈએ, તેમાં કંટાળો લાગે તો પોતાની શ્રદ્ધામાં ખામી છે. સાંસારિક બાબતમાં બે મહિનામાં બાર મહિનાની કમાણી કરી લેવાની હોંશ હોય છે, તેમ અહીં સ્વભાવમાં અલ્પકાળમાં અનંતભવનો અભાવ કરનાર એવી સમ્યક્ શ્રદ્ધાની હોંશ ઊછળવી જોઈએ.

અજ્ઞાની કહે છે કે ‘‘દેહાદિ વિના મારે ન ચાલે, હું તો પામર છું અને રાગ–દ્વેષ, મોહમાં દબાઈ ગયો છું, સંયોગો ભારે કઠણ છે.’’ તેને જ્ઞાની કહે છે કે ‘‘ભાઈ! તું તો અસંયોગી–અવિનાશી ભગવાન છો, પરથી તું મુક્ત જ છો, તારા સ્વભાવમાં બેહદ જ્ઞાન, આનંદ આદિ અનંત ગુણો ભરેલા છે. અનંત અવ્યાબાધ સુખ પ્રગટ કરવું હોય તો વર્તમાન અવસ્થાના ભેદની દૃષ્ટિ છોડ અને અવિકારી સ્વભાવ તરફ જોર કર. અનંતકાળમાં સ્વભાવના જોરે એક સેકન્ડ પણ ઠર્યો નથી. તારી સ્વતંત્ર દૃષ્ટિથી જ અનંત કેવળજ્ઞાન લક્ષ્મી ઊછળશે, લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોઢું ધોવા ન જા. ફરી અનંતકાળે આવો જોગ મળવો કઠણ છે. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની બધી અવસ્થાના ભેદનું લક્ષ ગૌણ કર. ખંડ ઉપર લક્ષ રાખીશ તો રાગ-દ્વેષના ભેદ ટળીને અખંડ સ્વભાવમાં પહોંચાશે નહિ, માટે એકેવાર અખંડ સ્વભાવ સમીપ અંતર સન્મુખ થઈને જ્ઞાનાનંદ પૂર્ણ છું, એની એકવાર હા લાવ અને અંતર સ્વભાવનું જોર કર તો પર્યાયભેદનું લક્ષ ઢીલું થઈ જશે. ભગવાને કહ્યું છે કે પર્યાયદૃષ્ટિનું ફળ સંસાર અને દ્રવ્યદૃષ્ટિનું ફળ વીતરાગતા–મોક્ષ છે.’

તા. ૨૬-૮-૪૩.

હું એકરૂપ, શુદ્ધસ્વભાવી, સિદ્ધ પરમાત્મા જેવો છું. જે સિદ્ધમાં નહિ તેમાં નહિ, એમ સિદ્ધપણાની શ્રદ્ધાના જોરમાં પરવસ્તુનું અભિમાન ઊડી જાય છે; દેહાદિ પરમાં કર્તાપણાનું અભિમાન તો પ્રથમ કાઢી નાખ્યું, પણ પુણ્યાદિ મારાં નહિ, પર તરફનું વલણ નહિ અને ગુણ–ગુણીના ભેદ વિચારવા તે શુભરાગના વિકલ્પ પણ મારું સ્વરૂપ નથી, મને મદદગાર નથી. એવી શ્રદ્ધા વિના, એકરૂપ સ્વભાવને માન્યા વિના, વિકાર અને પરમાં અભિમાન છોડ્યા વિના સ્વભાવની દૃઢતા આવે નહિ.

જેમ સુવર્ણનો, ચીકણાપણું, પીળાપણું, ભારેપણું આદિ ગુણરૂપ ભેદોથી અનુભવ કરતાં વિશેષપણું ભૂતાર્થ છે—સત્યાર્થ છે, તોપણ જેમાં સર્વ ભેદો ગૌણ થઈ ગયા છે; એવા એકાકાર સુવર્ણ સ્વભાવનો એકરૂપ અખંડ સામાન્ય સ્વભાવ જોતાં તેમાં જુદાજુદા ગુણભેદ જણાતા નથી. સોનું લેનાર સોની સોનું કેટલું છે તેનો તોલ કરી સોનાની જ કિંમત આપે છે. કારીગરની કિંમત આપતો નથી. સોનાના આકાર કે નકશીની અવસ્થાને મુખ્ય કરતો નથી. જે અવસ્થા કરવી છે તે બધી સોનામાં જ ભરી છે, એમ અખંડ સોના ઉપર જ દૃષ્ટિ છે. તેથી પૂછે છે કે સોનું કેટલા વલું છે? સોનાના ભેદનું લક્ષ ગૌણ છે. એવી રીતે આત્મામાં દૃષ્ટિ કરતાં પર્યાય તરફના વિચાર છોડી, એકદમ નજીક લાવી, ગુણ—ગુણીના ભેદરૂપ રાગમિશ્રિત વિચાર છોડાવે છે. હું જ્ઞાનદર્શનવાળો છું, ચારિત્ર—વાળો છું, એવા વિકલ્પના ભેદ પાડી જુદાજુદા ગુણના વિચારમાં રોકાય તો અખંડ સ્વભાવનું લક્ષ લઈ નિર્વિકલ્પ સ્વાનુભવ થતો નથી. વસ્તુમાં ગુણો અનેક છે ખરા, પણ તેને ઓળખવામાં, તેનો વિચાર કરતાં અનેક ભેદરૂપ વિકલ્પ ઉપજે છે, તે ભેદની દૃષ્ટિને ઢીલી કરી, એકરૂપ સામાન્ય ધ્રુવ સ્વભાવને દૃષ્ટિમાં લીધા વિના સમ્યગ્દર્શન થતું નથી.

અજ્ઞાની પરની ક્રિયા, દેહાદિની પ્રવૃત્તિ મારા આધારે થાય છે; એવી ઊંધી દૃષ્ટિમાં અનંત સત્‌ને પરાધીન અને હીણું ઠરાવે છે. સ્વતંત્ર સત્‌ને બીજાની મદદથી ગુણ થાય એવી માન્યતા સ્વતંત્ર સત્‌નું ખૂન કરનાર છે. જ્ઞાની સ્વતંત્ર સ્વભાવમાં પરનો તદ્દન નકાર કરે છે. પ્રભુ! તું તારા સ્વભાવના મહિમાને ભૂલ્યો છો, દેહ ઉપરની દૃષ્ટિથી, પરમાં કર્તાપણાની માન્યતાથી અનંતો સંસાર ઊભો છે. પુણ્ય—પાપનો કર્તા થવા માગે છે. તે અજ્ઞાનભાવમાં તેનો ભોક્તા પણ થાય છે, તેથી પુણ્ય—પાપનાં ફળને ભોગવવા દેહમાં અનાદિકાળથી રોકાયા કરે છે.

પરનું હું કરું તો થાય અને હું ન કરું તો ન થાય, એવી કર્તાપણાની દૃષ્ટિ જ બે તત્ત્વો સ્વતંત્ર—જુદા છે, તેને ભૂલીને થઈ છે. દેહાદિ જડ વસ્તુ અને તેની સર્વ અવસ્થાનું કર્તાપણું જડનું જ છે. જો ચૈતન્યસ્વરૂપ મહિમા જડની અવસ્થા કે ગુણ કરતો હોય તો જડનો કર્તા તે પણ જડ (મૂઢ) કહેવાય.

'પરમાત્મ પ્રકાશ'માં કહ્યું છે કે ''જીવ તે જિનવર અને જિનવર તે જીવ.'' આ બંનેના સ્વભાવમાં અંતર (જુદાપણું) માને તેને ભગવાન આત્મા પ્રત્યે અનંત દ્વેષ છે. સગવડમાં જરાક ઊણપ હોય તો ચાલે નહિ. શાકમાં જરાક મરચું ઓછું હોય તો વાટકા પછાડે, બીડી વિના ચાલે નહિ, ચા વગર માથું દુઃખે અને 'પ્રભુ છીએ' એમ શી રીતે મનાય? પરમાર્થે બધા આત્મા વર્તમાનમાં પૂર્ણ જ્ઞાન—આનંદઘન પરમાત્મા છે, સ્વભાવમાં

પરાધીનતા છે જ નહિ. વર્તમાન ભૂલ–ઊંધી માન્યતા તે ક્ષણિક અવસ્થા પૂરતી હોવાથી ભૂલ અને વિકાર ટાળવાની તાકાત દરેક સમયે દરેક આત્મામાં ભરી છે. વર્તમાન ભૂલ ઉપર ન જોતાં તારા સ્વભાવ ઉપર દૃષ્ટિ કર. પ્રભુ! તારી પ્રભુતાનું જોર કેટલું? કે અનંત અનંતકાળથી અનંત શરીરના સંયોગમાં રહીને ભ્રમણ કર્યું છતાં તારો ગુણ એક અંશે માત્ર ઘટ્યો નથી. અનાદિથી પ્રવાહરૂપે ચાલી આવતી અશુદ્ધતા એક સમય માત્રની છે, તે અશુદ્ધતા વધી ગઈ નથી. તેનો નાશ કરનાર તું નિત્ય સ્વભાવી છો. તેને માન તો વર્તમાનમાં પણ દૃષ્ટિમાં મોક્ષ છે; મુક્ત સ્વભાવની યથાર્થ શ્રદ્ધા વિના ચારિત્ર થાય નહિ અને ચારિત્ર વિના મુક્તિ થાય નહિ.

અહીં બહારની વાત તો નથી જ પણ મન દ્વારા અંદર ગુણના જુદાજુદા ભેદ પાડી રોકાવું તે પણ વ્યવહારદૃષ્ટિ છે, રાગની દૃષ્ટિ છે. વસ્તુમાં ભેદ પડે એટલે તે વ્યવહાર જ છે. હું પ્રભુ છું વિભુ+ છું, સ્વચ્છ છું. સ્વપરપ્રકાશક–જ્ઞાયક છું વગેરે અનેક ગુણોનો વિચાર કરવામાં મનના સંબંધે રાગનો વિકલ્પ આવે છે. તે ભેદના લક્ષે ધ્રુવ સ્વભાવનું લક્ષ થાય નહિ. એકવાર યથાર્થ પરિપૂર્ણ સત્‌ને કબૂલી તેનું અભેદ લક્ષ કરી તેમાં ઠર્યા વિના સમ્યગ્‌દર્શન થાય નહિ અને સ્વભાવનું લક્ષ કર્યા પછી શ્રદ્ધાના વિષયમાં ભેદ રહેતા નથી. ભેદ પાડનાર દૃષ્ટિ ઉપર વન આપે તો વિકલ્પ થયા કરે છે, માટે ભેદનું લક્ષ ગૌણ કરી અખંડ સ્વભાવ ઉપર દૃષ્ટિ કરતાં અંદર સ્થિરતા વધે છે. એ રીતે સ્વભાવના લક્ષે જ નિર્મળતાનો ઉત્પાદ અને રાગનો–અશુદ્ધતાનો વ્યય થાય છે. સમ્યગ્દર્શન સાથે સમ્યગ્જ્ઞાન છે તે બંને અવસ્થાને જાણે છે. રાગ રહ્યો તેને જાણે છે તથા તેના નિમિત્તને પણ જેમ છે તેમ યથાર્થ જાણે છે. જો હેયમાં ઉપાદેયપણું અને ઉપાદેયમાં હેયપણું જાણે તો જ્ઞાનમાં ભૂલ આવે અને જ્ઞાનમાં ભૂલ થતાં દૃષ્ટિમાં પણ ભૂલ આવે છે.

જેમ સોનામાં અનેક ગુણો છે પણ આખું લક્ષમાં લેવા માટે તેના ભેદના–જુદાજુદા ગુણના વિચાર છોડવા પડે છે, તેમ અખંડ આત્માને લક્ષમાં લેવા માટે ભેદની દૃષ્ટિ ગૌણ કરવી પડે છે. જ્ઞાન, દર્શન, આનંદ વગેરે ગુણોનો ભેદ પાડી રાગમિશ્રત વિચાર કરે તો તેથી રાગદશાનો નાશ થાય નહિ. હું જ્ઞાન છું, હું પૂર્ણ છું, હું શુદ્ધ છું એવા વિકલ્પ પણ સ્થૂળ છે, કારણ કે તે વ્યવહારનયનો વિષય છે. જેમ સોનામાં બધા ગુણો એક સાથે રહેલા છે તેમ આત્મામાં અનંત ગુણો એક સાથે અખંડપણે દરેક સમયે રહેલા છે. તેમાં રાગમિશ્રિત વિચાર દ્વારા ખંડ પાડવા તે અવસ્થાદૃષ્ટિ છે. તે રાગરૂપ વિષયનું લક્ષ છોડી

+= અનંતગુણમાં વ્યાપેલો.

અનેક ભેદરૂપ વિકલ્પનો જેમાં અભાવ છે અને જેમાં કોઈ ગુણભેદ જોવામાં આવતો નથી. એવા આત્મસ્વભાવની સમીપ જઈને જોતાં વિકલ્પના ભેદ પડે એવો સ્વરૂપમાં અવકાશ નથી. એવા સ્વભાવ ઉપર જોર કરી એકપણાનો નિશ્ચય કરવો તે સમ્યક્શ્રદ્ધા છે. અખંડ સામાન્ય સ્વભાવ ઉપર એકાગ્ર લક્ષ થતાં નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન અને અંશે આનંદરૂપ ચારિત્ર પ્રગટે છે. સામાન્ય લક્ષે ભેદ ગૌણ થઈ જાય છે, માટે પરનો વિશ્વાસ અને ભેદની દૃષ્ટિ છોડી એકરૂપ સામાન્ય સ્વભાવમાં એકાગ્ર થઈને જો, તો તેમાં અભૂતાર્થ એવો ભેદ–વિકલ્પનો અભાવ જણાશે. સ્થિર એકાકાર સ્વાનુભવ વખતે ભેદના વિચાર નથી. હું આનંદસ્વરૂપને વેદું છું, અનુભવું છું, હું મને જાણું છું એવા કોઈપણ વિકલ્પનો આત્મસ્વભાવમાં પ્રવેશ નથી, એ રીતે ક્ષણિક ભેદ અભૂતાર્થ છે. રાગનો નાશક આત્મા પોતે રાગ રહિત છે.

યથાર્થપણું ન સમજાય તો તેને માટે કાળ ગાળવો પડે છે. જલદી પ્રગટી જતું નથી, માટે ચાલો, બીજું કાંઈક કરીએ, એમ કહે તો સત્‌ની સાચી રુચિ નથી–શ્રદ્ધા નથી. પરદેશમાં ધન કમાવા જાય તો ત્યાં ૨૫–૫૦ વર્ષ રોકાય છતાં કંટાળો લાવે નહિ અને જેનાથી જન્મ–મરણ ટળી જાય એવી વાતનો જલદી નહિ સમજાય, એમ માનીને કંટાળો બતાવે અને બહારથી સોંઘામાં–ધન વગેરે ખર્ચવાથી–ધર્મ માની લે તો તેને સાચી રુચિ નથી. આત્મસ્વભાવ તો જ્ઞાનામૃતથી ભરેલો છે. તે પૂર્ણ સ્વભાવના મહિમા પાસે ઈન્દ્રોનાં સુખ પણ તુચ્છ–તરણા સમાન ભાસે છે.

જીવ અનાદિથી બહારથી જોતો આવે છે, તેથી અખંડ ગુણસ્વભાવને બદલે ભેદરૂપ વિકલ્પ દેખાય છે. તે ભેદરૂપ લક્ષ ગૌણ કરી સ્વભાવ સમીપ આવીને, એટલે કે અંતરદૃષ્ટિથી જો તો અખંડ સ્વરૂપનું ભાન થશે. શ્રદ્ધાનો વિષય અખંડ દ્રવ્ય છે અને શ્રદ્ધાનું કારણ અખંડ દ્રવ્ય સ્વભાવ છે, તે જ અખંડની શ્રદ્ધા કરાવી આપશે. સમ્યગ્દર્શન માટે બીજો કોઈ ઉપાય નથી.

વસ્તુસ્વરૂપને જાણતા વચ્ચે રાગમિશ્રિત વિચાર નિમિત્તપણે આવે છે, પણ તે સ્વરૂપમાં મદદગાર નથી, આમ જાણવું તે વ્યવહાર અને સ્વરૂપ તરફનું લક્ષ અને રુચિ લંબાવી, ગુણમાં એકાગ્રતા કરી વ્યવહાર અને ભેદનું લક્ષ ગૌણ કરી અખંડ સ્વભાવને જાણવો તે નિશ્ચય છે. અબદ્ધસ્પૃષ્ટ આદિ ચાર બોલથી સમ્યક્દર્શનનો વિષય શું? તે જણાવ્યું. હવે પાંચમાં, અણસંયુક્ત, બોલમાં સમ્યક્દર્શનની નિર્મળ અવસ્થા કેમ પ્રગટે? તે કહેવાશે.

તા. ૨૭-૮-૪૩.

કર્મના નિમિત્તમાં જોડાવાથી રાગ-દ્વેષ થાય તે ઉપાધિભાવ–વિરોધભાવ કહેવાય. ક્ષણિક વિકારનો નાશ કરનાર ભગવાન આત્મા કેવો છે? તે સમયસારનું (આત્માની શુદ્ધતાનું) કથન સાક્ષાત્ સર્વજ્ઞ ભગવાનના શ્રીમુખેથી નીકળેલું છે, સર્વજ્ઞ ભગવાને જેવો માર્ગ કહ્યો છે તેવો જ આચાર્યે અનુભવ્યો અને છઠ્ઠા–સાતમા ગુણસ્થાનની પવિત્ર દશામાં ઝુલતાં ઝુલતાં તેમને પ્રશસ્ત વિકલ્પ ઉઠ્યો કે અહો! ધન્ય આ વીતરાગતા! જગતના જીવો અનંતકાળથી અજ્ઞાનના કારણે રખડે છે. તે જીવોને મુક્તિનો પ્રથમ ઉપાય શું તે 'સમયસાર' સમજાવેલ છે.

શુભ–અશુભ બંને બંધનભાવ છે. બંધનભાવને મોક્ષમાર્ગ માને, કે મોક્ષમાર્ગનું કારણ પુણ્યથી ધીમે ધામે ધર્મ થશે, એમ માને તો તે માન્યતા અનંત સંસારનું મૂળ છે. સત્ય સમજવું અઘરું પડે, તેથી અસત્યને સત્ય માની લેવાય નહિ. પોતાનું સ્વરૂપ પોતાને ન સમજાય એમ બને નહિ. તું વર્તમાનમાં છો, તો જે છે તે ત્રિકાળ ટકનાર છે, તું પણ અનાદિથી છો. અનંતવાર એકેન્દ્રિયમાં રહ્યો. અનેકવાર કાગડા, કુતરા વગેરેના ભવ કર્યા, છતાં પ્રભુ! તને હજી જન્મ–મરણની પરાધીનતા અનંતા ભવ કરાવવાની તાકાત છે. જન્મ–મરણનું કારણ ઊંધી માન્યતા જ છે. અપૂર્વ તત્ત્વની યથાર્થ સમજણ વગર તેનો નાશ થાય નહિ. પૂર્વાપર વિરોધ રહિત શ્રદ્ધા કર્યા વિના ધર્મના નામે પંચ મહાવ્રતાદિ શુભભાવ વડે અનંતવાર સ્વર્ગનો દેવ થયો પણ આત્મભાન વગર એક પણ ભવ ઘટ્યો નહિ. પર ઉપર મારાપણાની દૃષ્ટિ રહે ત્યાં સુધી સ્વભાવ ઉપર દૃષ્ટિ જાય નહિ અને સ્વભાવ ઉપર દૃષ્ટિ વિના ધર્મ થાય નહિ.

જેમ કૂવો તો સ્વચ્છ–પથ્ય જળથી ભરેલો છે, પણ તે પાણી બહાર કાઢ્યા પછી એક થાળામાં સાકર અને બીજામાં કાળીજીરી હોય તો જે થાળામાંથી પાણી લે તેવા સ્વાદવાળું પાણી અનુભવમાં આવે, પણ તે પાણીનો મૂળ સ્વભાવ નથી; સાકર આદિના સંયોગ કરીને પાણી તેવા સ્વાદવાળું જણાય છે. તેમ આત્મા સ્વભાવે તો નિર્વિકારી છે, તે સ્વભાવમાંથી તો માત્ર જ્ઞાન જ આવે છે, પુણ્ય–પાપની વૃત્તિ આવતી નથી, પણ વર્તમાન અવસ્થામાં નિમિત્તાધીન દૃષ્ટિથી તે શુભાશુભ ભાવની ઉત્પત્તિ થાય છે. હિંસાદિ કષાયભાવ તરફ ઢળે તો પાપ બંધાય છે અને દયા, દાનાદિમાં કષાય પાતળો પાડે તો પુણ્ય બંધાય છે, પણ તે એકેયથી ધર્મ થતો નથી.

પુણ્યભાવ કરતા કરતા પરંપરાએ સમ્યક્‌દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટે અર્થાત્ ગુણથી વિરોધભાવ કરતાં કરતાં નિર્દોષ ભાવ પ્રગટે, એમ ત્રણ કાળમાં બને નહિં.

શુભાશુભ વિકલ્પ તે હું નહિ, હું તો વિકારનો નાશક છું, એવી શ્રદ્ધાના જોરે, સ્વભાવના લક્ષે અનંત સંસારનું મૂળ જે ઉંધી શ્રદ્ધા તે ટળીને સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટે છે. પૂર્ણરૂપ શુદ્ધ આત્માની શ્રદ્ધામાં પુણ્ય મદદગાર નથી, પણ વિઘ્ન કરનાર છે.

જેમ કોઈ ખાનદાન કુટુંબનો પુત્ર બહારચલો (વ્યભિચારી) થાય, તોફાને ચડે તો તેનો પિતા તેને ઠપકો આપે. અરે! ખાનદાન કુળમાં આવી તને આવું ન શોભે! તેવી રીતે ત્રિલોકનાથ જગત્ પિતા કહે છે કે તું સ્વતંત્ર ભગવાન, તારી જાતને ભૂલી, તારાથી ભિન્ન એવી પર વસ્તુને પોતાની માની તેની સાથે વર્તન કર, જડની અવસ્થા હું કરી શકું, પુણ્ય-પાપ મારાથી થાય અને તે મારાં, તે મને મદદગાર, એમ પરચલો થઈ, જ્ઞાનીઓએ વિષ્ટા માની છોડેલાં પુણ્યને તારાં માન તે વ્યભિચારી છે. તે અનિત્ય વસ્તુને શરણે જવું તે તારા અવિનાશી સ્વભાવને કલંક છે.

પુણ્યથી મનુષ્ય દેહ તો પામ્યો હવે જો સત્યની દરકાર કદી નહિ સમજ, તો તારા મનુષ્યદેહની સાર્થકતા કાંઈ જ નથી. ફરી મનુષ્યપણું મળવું દુર્લભ છે. સત્ય સાંભળતા જ ધડાકા લાગે કે, અરેરે! અમારાં પુણ્ય તદ્દન ઊડાડી દે છે ! વળી કહે છે કે અંદરની વાત અમને સમજાતી નથી, આત્માનો ધર્મ સમજાતો નથી, તેથી પુણ્ય કરીએ છીએ અને જો તે છોડવાનું કહો તો બધામાંથી રહી જશું!

પણ ભાઈ રે! તૃષ્ણાદિના પાપભાવ ઘટાડીને પુણ્યભાવ કરવાની ના કહેતા નથી, પણ તે પુણ્યમાં જ સંતોષ માની, વિકારને ધર્મનું સાધન માનીને બેસી રહે તો કદી પણ મુક્તિ થાય નહિ. અહીં ધર્મમાં અને પુણ્યમાં ઉગમણો–આથમણો ફેર છે, તે સમજાવાય છે.

જે ભાવે સ્વભાવથી વિરોધ ફળ મળે અર્થાત્ સંસારમાં અવતાર કરવા પડે તે ભાવે મોક્ષ થાય નહિ, અંશમાત્ર ધર્મ થાય નહિ. જે અભિપ્રાયમાં સમ્યક્દર્શન છે તે જ અભિપ્રાયમાં મિથ્યાત્વ હોતું નથી. મિથ્યાત્વનો નાશ કરી સમ્યક્દર્શન થયા પછી દૃષ્ટિમાં સંસાર રહે નહિ, ભવની શંકા રહે નહિ. અખંડ સ્વભાવને લક્ષમાં લેનાર સમ્યક્દર્શન છે, તે અનંત અવગુણનો નાશ કરનાર અને અનંત પવિત્ર ગુણની ઉત્પત્તિ કરનાર નિર્મળ ગુણ છે. અનંત જન્મ–મરણના નાશનું મૂળ બોધિ★બીજ–સમ્યક્દર્શન છે, તેની પ્રાપ્તિ માટે આ ચૌદમી ગાથામાં અદ્‌ભુત ન્યાય કહેવાય છે.

શુદ્ધનય વડે આત્માને પરથી–વિકારથી નિરાળો પરિપૂર્ણ ધ્રુવ સ્વભાવે છે તેવો બતાવે છે, તે સ્વભાવ જ આદરણીય છે. સમ્યક્દર્શનનું લક્ષ્ય–ધ્યેય તે જ છે.

---

★ આત્માના ભાનપૂર્વક સમ્યક્દર્શન, જ્ઞાન અને અકષાય સ્થિરતારૂપ ચારિત્ર તે બોધિ.

લોકો કહે છે કે રોટલા વગેરેની સગવડ મળે અને શરીર નિરોગી રહે તો ધર્મ થાય. તેમ કહેનારે સારું શરીર ઇચ્છ્યું એટલે કે અમને શરીર મળ્યા કરે, ભૂખ લાગ્યા કરે અને લૂગડાં, અનાજ વગેરેની ઓશિયાળા સદાય રહ્યા કરે એવી પરાધીનતાની દૃષ્ટિવાળો મોક્ષની સ્વાધીનતા સ્વીકારી શકશે નહિ. જ્ઞાની તો અસંયોગી, સ્વતંત્ર ચૈતન્ય સ્વભાવ માત્રને જ પોતાનો માને છે. બહારના અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગો મારા સ્વભાવમાં નથી, તેથી તે સંયોગથી મને સુખ કે દુઃખ નથી. વર્તમાન નબળાઈનો રાગ તે જ દુઃખ છે. સમ્યગ્દૃષ્ટિ પોતાને શ્રદ્ધામાં પૂર્ણ વીતરાગી માને છે, છતાં બહારમાં બધું છોડીને ચાલી નીકળે, એમ (તે જ વખતે) બધા માટે બનતું નથી. શ્રેણિકરાજા આત્માના યથાર્થ ભાન સહિત ગૃહસ્થદશામાં હતા. કોઈ વિકલ્પ, કોઈ પરમાણુ માત્ર મારું સ્વરૂપ નથી. હું ચિદાનંદ, અસંગ, મુક્તસ્વભાવી છું; પુણ્ય–પાપની કોઈ પ્રવૃત્તિનું ધણીપણું નથી, મોટા રાજ્યના સંયોગમાં રહ્યા છતાં અંતરમાં તે પ્રત્યે ઉદાસીનતા વર્તે છે. જેમ ''ધાવ ખેલાવે બાળ'' એટલે ધાવમાતા બાળકની સેવા કરે છે પણ તેના અંતરથી તે બાળકને તેણે પોતાનું માન્યું નથી, એમ જ્ઞાનીઓ સંસારમાં રહ્યા છતાં ધાવમાતાની જેમ અંતરથી કોઈ પર વસ્તુને પોતાના સ્વરૂપની માનતા નથી. સ્વરૂપનું ભાન છે છતાં પુરુષાર્થની નબળાઈ એ રાગમાં જોડાણ થઈ જાય છે. એવા ભાનની ભૂમિકામાં શ્રેણિક રાજાએ તીર્થંકર ગોત્ર બાંધ્યું. સમ્યક્દર્શનના જોરમાં શુભ વૃત્તિ ઊઠે છે કે હું પૂર્ણ થાઉં અને બીજા ધર્મ પામે, અંતરમાં પુણ્યનો અને રાગનો નકાર હતો ત્યારે ઉત્કૃષ્ટ પુણ્ય બંધાયું હતું.

હવે સમ્યક્દર્શન કેમ પ્રાપ્ત થાય તે પાંચમા દૃષ્ટાંતથી સમજાવે છે.

પાણીનો સ્વભાવ શીતળ છે, પણ વર્તમાન અવસ્થામાં અગ્નિના નિમિત્તે પાણીમાં ઊષ્ણતા છે, છતાં એકાંત શીતળતારૂપ જળના સ્વભાવને લક્ષમાં લઈને જોતાં પાણી સ્વભાવે ખરેખર ઉષ્ણ થયું નથી, ઉષ્ણ અવસ્થા થઈ છે; તે વખતે પણ સ્વભાવ તો શીતળ જ છે. કારણ કે પાણી જો ખરેખર સ્વભાવે જ ઉષ્ણ થઈ ગયું હોય તો ફરી ઠંડું થઈ શકે જ નહિ. લાખો વર્ષથી ઉષ્ણ થયેલું પાણી ગમે તે વખતે અગ્નિ ઉપર રેડવામાં આવે તો જે અગ્નિથી તે ઉષ્ણ થયું હોય, તેને જ તે ઠંડી કરી નાખે છે અને તે પાણીને ઠારો તો તે ઠંડું જ છે. અગ્નિને ઓલવવાની અને ઠંડું રહેવાની તાકાત પાણીમાં ત્રિકાળ છે. ઉષ્ણ અવસ્થા વખતે ઠંડા સ્વભાવની દૃષ્ટિ કર તો આ પાણીને ઠારવાથી તે તૃષા છીપાવવા લાયક થશે એમ નક્કી થાય છે, એટલે પાણીમાં ઉષ્ણતાનો નાશ કરનાર સ્વભાવ જુઓ તો તે ઉષ્ણપણું અભૂતાર્થ છે–ત્રિકાળ ટકનાર નથી, એમ પાણીના દૃષ્ટાંતે આત્મા પણ દેહથી જુદો, શાંત, પૂર્ણ, આનંદઘન છે તેનો, કર્મ જેનું નિમિત્ત છે એવા

મોહ સાથે સંયુક્તપણારૂપ અવસ્થાથી અનુભવ કરતાં સંયુક્તપણું ભૂતાર્થ છે–સત્યાર્થ છે. હું દેહાદિરૂપે છું, રાગાદિરૂપે છું, રાગાદિનો કર્તા છું એવી નિમિત્તાધીન વર્તમાન દૃષ્ટિથી જોતાં મોહ સાથે જોડાવાપણું છે. નિમિત્ત તરફ લક્ષ ન હોય તો સ્વલક્ષે અવગુણ થાય નહિ. નિમિત્ત એટલે જડ કર્મ છે, તે રાગ-દ્વેષ કે મોહ કરાવતાં નથી, કરવાનું કહેતાં નથી; પણ આત્મા પોતે કર્માધીન થઈ રાગ–દ્વેષ, મોહમાં જોડાય છે. શરીર તો જાડી ધૂળ છે, રજકણોનું બનેલું છે અને તેની અંદર બીજી ઝીણી ધૂળનું બનેલું સૂક્ષ્મ શરીર છે, તે નિમિત્તોનો પોતામાં સ્વીકાર કરી અર્થાત્ નિમિત્ત આધીન થઈ જોતાં મોહસંયુક્ત વિકારી અવસ્થા જીવમાં થાય છે, પરમાં રાગ–દ્વેષની માન્યતાથી હર્ષ–શોકમાં તે એકાગ્ર થાય છે; અવસ્થાદૃષ્ટિથી તે સાચું છે. પાણીમાં અગ્નિના નિમિત્તે ઉષ્ણ અવસ્થારૂપ થવાની યોગ્યતા છે પણ સ્વભાવમાં તો શીતળતા જ છે. તેમ જીવમાં કર્મના નિમિત્તે વિકારી અવસ્થાપણે થવાની યોગ્યતા છે પણ સ્વભાવમાં વિકાર નથી. વિકારી અવસ્થાનો અનુભવ કરતાં અભૂતાર્થ રાગ-દ્વેષનો ભાવ થાય છે, તે ભગવાન આત્માનો સ્વભાવ નથી. સત્ સ્વભાવનો અનાદર કરી, પરનો આદર કરે તે તારા સ્વભાવને કલંક છે.

પાણીમાં શીતળતા ભરી પડી છે તેમ તારામાં શાશ્વત સુખ ભર્યું છે. પાણી મલિનતાનો નાશ કરનાર છે તેમ તું રાગ–દ્વેષ–મોહનો નાશ કરનાર છો; પાણીમાં મીઠો સ્વાદ છે તેમ તારામાં અનુપમ અનંત આનંદ રસ ભર્યો છે, એવા તારા સ્વભાવ તરફ દૃષ્ટિ કર. જેમ કાચા ચણામાં અપ્રગટ મીઠાશ ભરી છે, તે ચણાને શેકતાં પ્રગટ અનુભવમાં આવી શકે છે, તેમ આત્મામાં અતીન્દ્રિય ગુણની બેહદ મીઠાશ ભરેલી છે તે સ્વભાવના ભાન વડે, તેમાં એકાગ્ર થવાથી પ્રગટ અનુભવમાં આવે છે.

અનંત કાળમાં કદી સ્વલક્ષ કર્યું નથી. પુણ્યની જ મીઠાશ લાગી છે, તેથી લોકોને અંદરમાં બેહદ સુખ–શાંતિ ભરેલાં છે, તેની શ્રદ્ધા બેસતી નથી. તેઓ માની રહ્યા છે કે પેટમાં રોટલા પડ્યા વગર ધર્મ ક્યાંથી થાય? તેમ ત્યાગી થયા એટલે તમોને તો રોટલા તૈયાર મળી રહે તેથી ધર્મ થઈ શકે.

પણ ભાઈ! રે તારી દૃષ્ટિ જ બહાર ઉપર પડી છે. તું સર્વજ્ઞ પરમાત્મા જેવો જ છો. ત્રણકાળ, ત્રણલોકમાં તારે કોઈની ઓશિયાળી નથી. બહારમાં નિંદા સાંભળ અટકી જાય છે અને મુંઝાય જાય છે, પણ ભાઈ! તે બધા દેહની નિંદા કરે તેમાં તારે (અરૂપી આત્માને) શું? તારામાં માલ છે કે નહિ? કોઈ બીજો વખાણ કરે તો હું સારો એવું ક્યાંથી લાવ્યો? પેટમાં રોટલા પડે અથવા સારી ઊંઘ આવે તો જ ધર્મ થાય, એવી દેહાધીનતા–પરાધીનતા કદી ધર્મમાં હોય જ નહિ. ધર્મ તો આત્માનો સ્વતંત્ર નિરાકુળ

સ્વભાવ છે. તેમાં રોટલા મળે તો ધર્મ સારો થાય અને ન મળે તો ધર્મમાં મુશ્કેલી પડે એવું કાંઈ છે જ નહિ.

**પ્રશ્ન :**—ધર્મમાં રોટલાની જરૂર નથી, તો પછી જ્ઞાની હોય છતાં આહાર કેમ કરે છે?

**ઉત્તર :**—જ્ઞાનીને આહારની પણ ઈચ્છા નથી, તેથી જ્ઞાનીને આહાર કરવો તે પણ પરિગ્રહ નથી. અશાતા–વેદનીય કર્મના ઉદયથી જઠરાગ્નિરૂપ ક્ષુધા ઉપજે છે. વીર્યાંતરાયના ઉદયથી તેની વેદના સહી શકાતી નથી અને ચારિત્રમોહના ઉદયથી આહાર ગ્રહણની ઈચ્છા ઉત્પન્ન થાય છે. તે ઈચ્છાને જ્ઞાની કર્મના ઉદયનું કાર્ય જાણે છે, રોગ-સમાન જાણી તેને મટાડવા ચાહે છે. ઈચ્છા પ્રત્યે અનુરાગરૂપ ઈચ્છા જ્ઞાનીને નથી. અર્થાત્ તેને એમ ઈચ્છા નથી કે મારી આ ઈચ્છા સદા રહો. માટે તેને અજ્ઞાનમય ઈચ્છાનો અભાવ છે. પરજન્ય ઈચ્છાનું સ્વામીપણું જ્ઞાનીને નથી, માટે જ્ઞાન ઈચ્છાનો પણ જ્ઞાયક જ છે. તેમની દ્રષ્ટિ તો અનાહારી આત્મસ્વભાવ ઉપર જ છે. અમુક પ્રકારનો રાગ ટળ્યો છે અને પુરુષાર્થની નબળાઈ છે, તે પૂરતો અલ્પ રાગ થઈ જાય છે. તે રાગ અને રાગના નિમિત્ત શરીર તથા શરીરના નિમિત્ત આહાર વગેરેથી હું નભું (ટકું) છું, એમ જ્ઞાની માનતા નથી. તેઓ તો અલ્પરાગ હોય તેનો પણ નાશ કરીને વીતરાગ થવાની જ ભાવના નિરંતર સેવી રહ્યા છે.

જેને બહારમાં શરીર, મકાન વગેરે બરાબર રાખવું છે અને ધર્મ કરવો છે, તેને બહારની દૃષ્ટિથી, કોઈના અવલંબન વગરનો પુણ્ય–પાપ રહિત વીતરાગ સ્વભાવી ધર્મ ક્યાંથી થશે? બહારની રુચિ છે તે સ્વભાવની રુચિ ક્યાંથી લાવશે?

ચારે તરફ ખીલા નાખેલો તંબુ હોય તેમાં સત્તાપ્રિય (અભિમાની) પુરુષને તંબૂની એક ખીલી ઢીલી થઈ જાય અને તંબૂના કપડામાં ઘડી (કરચલી) પડે તે પોષાય નહિ, ગમે નહિ; તો આખો તંબૂ ઊડાડી દેવો કેમ પોષાય? તેમ જેને સંયોગ ઉપર દૃષ્ટિ છે અને સંયોગથી સુખ માન્યું છે, તેને એક સગવડ ઓછી થતાં મનમાં અણગમો થાય છે, પામરતા થાય છે, તે મૃતયુ વખતે (તંબૂ ઉપડવા વખતે) સ્વભાવની દૃઢતા, ધીરજ, શાંતિ અને સમાધાન ક્યાંથી લાવશે? અસંયોગી, પરથી જુદો છું. બહારની અનુકૂળતાની, પુણ્યાદિ કોઈ સાધનની જરૂર નથી, શુભ વિકલ્પ તે પણ મારી શાંતિનું સાધન નથી, એવી શ્રદ્ધા વડે પ્રથમ સાચી માન્યતાનો સ્વીકાર કર્યા વિના, નિર્વિકારી મુક્ત સ્વભાવનો આદર કર્યા વિના, સમ્યગ્દર્શન પામવાની તૈયારી થઈ શકે તેમ નથી.

પ્રભુ! એકવાર સ્વભાવની રુચિ લાવી સત્‌નો મહિમા સાંભળ. આચાર્ય કહે છે કે

અમારા આત્માનુભવની વાત તારા હિતને માટે તને કહીએ છીએ. તને સિદ્ધ ભગવાન તરીકે સંબોધીને કહેવાય છે, કે પ્રભુ! તારા શુદ્ધ પૂર્ણ સ્વભાવને જો! બાહ્ય વિકાર અને સંયોગની તારા સ્વભાવમાં સર્વથા નાસ્તિ છે, તેની દૃષ્ટિ છોડીને નિત્ય એકરૂપ એવા તારા સ્વભાવને જો!

તા. ૨૮-૮-૪૩.

આત્મા અનંત ગુણ સ્વરૂપ અનાદિ અનંત સ્વતંત્ર વસ્તુ છે. જેને પોતાનું હિત કરવું હોય તેણે પરથી જુદા પોતાના સ્વભાવની પ્રતીતિ પ્રથમ કરવી પડશે. સ્વભાવ પૂર્ણ જ્ઞાનાનંદ છે, તેને શરીરાદિ કોઈ બહારનાં સંયોગ સાથે સંબંધ નથી.

જાણનારો પોતે નિત્ય છે, પણ નિમિત્તાધીન દૃષ્ટિથી શરીર, મન, વાણીની પ્રવૃત્તિ જે જ્ઞાનમાં જાણવા યોગ્ય છે તે જુદા તત્ત્વને પોતાનું માની, પરસંયોગથી ઠીક–અઠીક માની તેમાં રાગ-દ્વેષ કરે છે. પરથી લાભ–હાનિ માનવારૂપ ભ્રાન્તિ અનાદિની છે. પર મને મદદ કરે, કે પરથી મને લાભ–હાનિ થાય, એમ જેણે માન્યું તેણે પોતામાં કાંઈ માલ નથી અને પોતે પરાધીન છે તેમ માન્યું છે.

ઊંધી માન્યતા વડે સંયોગી ચીજ–શરીર વગેરેથી લાભ થાય, એમ માન્યું, એટલે તે ચીજને ટકાવી રાખવા તેના રખોપામાં રોકાઈ ગયો અને પ્રતિકૂળ સંયોગો મને નુકશાન કરે, એમ માની તે કેમ ટળે તેનાં દ્વેષમાં રોકાઈ ગયો આ પ્રમાણે જ્ઞાયક સ્વભાવને ભૂલી, પરથી લાભ-હાનિ માને છે, તેથી તેમાં રાગ-દ્વેષ થાય છે.

જે વસ્તુ છે તે નિત્ય પોતાપણે ટકનાર છે અને પરપણે કદીપણ નથી. જેમ વસ્તુ પરપણે નથી તેમ જો પોતાપણે ન હોય, તો તે વસ્તુનો અભાવ થઈ જાય. જેણે પોતાને પોતાપણે ભૂલીને પરથી લાભ થાય, એમ માન્યું તેણે પોતે પર સાથે એક થઈ ગયો છે એમ માન્યું. આ માન્યતા વસ્તુની સ્વતંત્રતાનું ખૂન કરનાર છે. કોઈપણ વસ્તુ તેના ગુણ વગર ખાલી હોય નહિ. જેમ ગોળ ગળપણ વગર હોઈ શકે નહિ તેમ આત્મા અનંતજ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, આનંદ વગેરે અનંત ગુણો વગર ન હોય. એવો અનંત ગુણનો શાશ્વત પિંડ આત્મા સદાય પોતાપણે છે, પરપણે કદી નથી, પરના કારણપણે નથી, પરના આશ્રય વડે નથી, છતાં પરથી ગુણ ઊઘડે એમ માનવું તે પરાધીનતાની શ્રદ્ધા છે.

જીવે દરેક પ્રકારના શુભ કે અશુભભાવ પૂર્વે મિથ્યાદૃષ્ટિપણામાં અનંતવાર કર્યા અને તેના ફળમાં ઊંચ–નીચ ભવ અનંતવાર કર્યા, તે જ ભાવથી વર્તમાનમાં ધર્મ થાય તો પૂર્વ કાળમાં કેમ ન થયો? માટે તેનાથી કોઈક જુદી જ રીતે અપૂર્વ વસ્તુ સમજવાની બાકી રહી ગઈ છે, એ વાત અનંતકાળમાં એક સેકન્ડ માત્ર જીવ સમજ્યો નથી.

પરમાં અનુકુળ–પ્રતિકુળ માનવી દૃષ્ટિથી જે અનુકુળ માન્યું તેનો આદર કરી રાખવા માગે છે અને જે પ્રતિકુળ માન્યું તેનો અનાદર કરી કાઢવા માગે છે, એમ પર નિમિત્ત આધીન બાહ્ય દૃષ્ટિમાં, ત્રણકાળ, ત્રણલોકના અનંત પરપદાર્થો પ્રત્યે અનંતો રાગ અને દ્વેષ કરી રહ્યો છે.

સંયોગી દૃષ્ટિથી અસંયોગી આત્મસ્વભાવમાં જે શક્તિ ભરી છે, તેની પ્રતીતિ થતી નથી. શરીરનો સંયોગ છૂટવાનો હશે ત્યારે શ્વાસ પણ સરખો નહિ લેવાય, ઈન્દ્રિયો શિથિલ થઈ જશે ત્યારે અનંતો ખેદ થશે, પણ શરીરની ક્રિયા આત્માને આધીન નથી. હું નિરાવલંબી ચિદાનંદ જ્ઞાનમૂર્તિ છું, એમ પોતાના સ્વતંત્ર સ્વભાવને માને તો અનંતા પર પ્રત્યેનો અનંતો રાગ અને દ્વેષ ટળી જાય છે.

“સકલ વસ્તુ જગમૈં અસહાઈ,
વસ્તુ વસ્તુસૌ મિલૈ ન કોઈ.”　　(સમયસાર નાટક)

નિશ્ચયનયથી જગતમાં સર્વ પદાર્થ સ્વાધીન છે. કોઈ કોઈની અપેક્ષા રાખતો નથી, તેમ જ કોઈ પદાર્થ કોઈ અન્ય પદાર્થમાં ભળી જતો નથી, કોઈના આધારે નથી, કોઈનું કારમણ નથી, કોઈનું કાર્ય નથી. કર્મના નિમિત્તનો પોતામાં આરોપ કરી રાગ-દ્વેષ અને સુખ–દુઃખનાં ભેદ પાડી તેમાં એકાગ્ર થવું અર્થાત્ પરવસ્તુને અનુકૂળ પ્રતિકુળ માનવી તે જ પોતાના સ્વાધીન સ્વરૂપની ભ્રાન્તિ છે, અજ્ઞાન છે, તેનું જ નામ મોહસંયુક્તપણું છે.

જેમ પાણીમાં વર્તમાન અગ્નિના નિમિત્તે ઉષ્ણતા છે, પણ પાણીનો સ્વભાવ ઉષ્ણ થઈ ગયો નથી; તેમ ભગવાન આત્મા કર્મના સંયોગમાં પોતાને ભૂલીને પરમાં આદર–અનાદરરૂપે રાગ-દ્વેષની કલ્પના કરે છે, તે વિકાર વર્તમાન અવસ્થા પૂરતો છે ખરો, પણ ત્રિકાળી અવિકાર સ્વભાવને ભૂલી ક્ષણિક વિકારને જ આત્મા માને છે, તે ત્રિકાળી અસત્યનું સેવન કરનારો, સત્‌નું ખૂન કરનારો મિથ્યાદૃષ્ટિ છે. વિકારી દૃષ્ટિ છે ત્યાં સુધી આત્માને વિકારી માને છે, છતાં આખા આત્મામાં વિકાર અને સંયોગ પેસી ગયા નથી. આત્મા અને પુદ્‌ગલ એક ક્ષેત્રે રહ્યા તેથી એકરૂપ થઈ ગયા નથી. જોકે કર્મનો સંયોગ છે તે રાગ-દ્વેષ કરાવતો નથી, પણ અજ્ઞાનથી પોતે જ તેમાં જોડાઈને રાગ-દ્વેષ કરે છે અને પોતાને તે રૂપ માને છે. તે નિમિત્તાધીન માન્યતા છોડ્યા વગર અવિકારી સ્વભાવ

કેમ પ્રગટ થશે? દોષ રહિત સ્વભાવનું ભાન ન હોય તો દોષ ટાળવાનો પુરુષાર્થ કેમ ઊઠે? દોષ ટાળનાર આત્મા બધો અવિકારી ન હોય તો વિકારી અવસ્થા ટાળીને દોષરહિત સ્વભાવે કોણ રહેશે? વિકારી અવસ્થા વખતે એક સમયની અવસ્થા સિવાય આખો આત્મા અવિકારી સ્વભાવે છે. વિકારને ટાળવાનો ભાવ અવિકારી સ્વભાવના જોરે જ થાય છે. દોષ અને દુઃખરૂપ વિકારને જાણનારો દોષરૂપ કે દુઃખરૂપ નથી, પણ સદાય જાણનાર સ્વરૂપે છે. માટે વર્તમાન એકેક સમય પૂરતી અવસ્થામાં સંયોગ અને વિકાર હોવા છતાં અસંયોગી, અવિકારી સ્વભાવ ત્રિકાળી ટકનાર શુદ્ધ ચિદાનંદ સ્વરૂપે છે, વિકારનો નાશક છે. તે ધ્રુવ ચૈતન્યસ્વભાવની સમીપ જઈને અને વિકલ્પથી જરા ખસીને અંતરદષ્ટિથી એકાગ્ર થતાં તે નિમિત્તાધીન વિકાર અભૂતાર્થ છે.

એકાંત બોધબીજરૂપ સ્વભાવ એટલે સમ્યક્દર્શનના કારણરૂપ સ્વભાવ. એકાંત સ્વભાવ એટલે પર નિમિત્તના ભેદ રહિત, સ્વાશ્રિતપણે નિત્ય ટકનાર જ્ઞાનસ્વભાવ. તેનાથી જ ધર્મ થાય છે, વિકારી ભાવથી ત્રણકાળમાં ધર્મ થાય નહિ, એ પ્રમાણે ધર્મસ્વરૂપ સ્વભાવની શ્રદ્ધા કરાવનાર બોધબીજ તે સમ્યક્દર્શન છે.

પરથી લાભ–હાનિ થાય છે એવી ઊંધી માન્યતા છોડી, સ્વભાવનું લક્ષ કરી, રાગથી જરા જુદો પડી, અંતરદષ્ટિથી એકાગ્ર થઈને સ્વભાવ સમીપ જઈને જોવામાં આવે તો હું અસંયોગી–અવિકારી છું, એવો સ્વાનુભવ થઈ સમ્યક્શ્રદ્ધારૂપ બોધબીજ પ્રગટ થશે. આત્માનો સ્વભાવ પરથી–વિકારથી પ્રગટતો નથી, જે છે તેમાંથી આવે છે. આત્મામાં નિત્ય સ્વતંત્રપણે પૂર્ણ શુદ્ધ સ્વભાવ ભર્યો છે, એવી શ્રદ્ધાના કારણે નિર્મળધ્રુવ સ્વભાવને સ્વીકારતાં ભાવ ઊછળે કે, અહો! મારામાં વિકાર છે જ નહિ. એવી શ્રદ્ધા તે શુદ્ધ દૃષ્ટિ વડે પોતાના સ્વભાવનું ભાન અને પરપદાર્થની શ્રદ્ધાના સમસ્ત પ્રકારે ત્યાગની સિદ્ધિ થઈ.

મોક્ષમાર્ગમાં પુણ્યનો શ્રદ્ધાથી નકાર કર્યો, ત્યાં રાગ રહી જાય તેનાં ઊંચા પુણ્ય સહેજે બંધાઈ જાય છે. જ્ઞાનીને પુણ્યની ઈચ્છા નથી. સારો ખેડૂત ઘાસ માટે અનાજ વાવતો નથી, પણ અનાજ પાકે ત્યાં ઘાસ ભેગું હોય જ. જ્ઞાનીઓએ સ્વભાવના અવિનાશી અમૃત ખોરાકને નિરાકુળ આનંદ આત્મામાંથી લઈ લીધો છે અને પુણ્ય–પાપનો વિષ્ટાની જેમ ત્યાગ કર્યો છે. માણસની વિષ્ટા જેમ ભૂંડ આનંદથી ખાય છે તેમ જ્ઞાનીઓએ જે ભાવને પ્રથમથી જ ત્યાજ્ય ગણ્યો છે તે વિષ્ટારૂપ પુણ્યભાવને અજ્ઞાની સારા માનીને ઈચ્છા કરે છે, તેમાં સુખ માને છે તે ભૂંડ જેવા છે. આચાર્યદેવ કરુણાથી આ કહે છે.

અરે પ્રભુ! તું અમૃતકુંડમાં રહેનારો આત્મા ચમારકુંડ જેવા આ મૃતક ક્લેવરમાં (શરીરમાં) પુણ્યાદિને ''મારાં મારાં'' કરીને તેમાં મૂર્ચ્છાઈ ગયો! તું સંયોગી નાશવાન ધૂળનો આદર અને અસંયોગી ભગવાન આત્મસ્વભાવનો અનાદર કરી રહ્યો છે.

**પ્રશ્ન :—**આત્માની શ્રદ્ધાની વાત તો કરી નાખીએ, પણ સમ્યક્દર્શન પામવાની ક્રિયા શું?

**ઉત્તર :—**બહારની કોઈ ક્રિયાથી સમ્યક્દર્શન થવાનું નથી. જાતે અભ્યાસ કરી, સ્વભાવને સમજવાનો ખરી રુચિથી પ્રયત્ન કરવો તે અપૂર્વ સમ્યક્દર્શન પામવાની ક્રિયા છે. રાગ–દ્વેષ, મોહ તે મારા નહિ, પરથી કોઈને લાભ–હાનિ થઈ શકે નહિ, હું પરનું કાંઈ કરી શકું નહિ, માત્ર મારા પૂર્ણ જ્ઞાયકસ્વભાવમાં અનંતી ક્રિયા હું કરી શકું. એવા સ્વતંત્ર સ્વભાવની હા પાડી, અંતરમંથન કરી, યથાર્થ નિર્ણયરૂપ નિઃસંદેહ શ્રદ્ધા એ જ સમ્યક્દર્શનની પ્રાપ્તિની ક્રિયા છે.

અનંત જ્ઞાનાનંદપણે છું અને વિકારપણે નથી, એમ શ્રદ્ધા કરવામાં જ્ઞાનની અનંતી ક્રિયા થઈ, મિથ્યાત્વનું પ્રતિક્રમણ થયું, અનંત ભવના પ્રત્યાખ્યાન થયા. પોતાના સ્વતંત્ર પૂર્ણ સ્વભાવને ઓળખીને માનવો તે ભ્રાંતિનું (મિથ્યાત્વનું) પ્રતિક્રમણ છે.

અજ્ઞાની જીવ પોતાનું અહિત પોતે જ ઊંધી શ્રદ્ધાથી પોતા દ્વારા કરે છે. અજ્ઞાન તે અહિતનો બચાવ નથી. અજ્ઞાનથી ઝેર ખવાઈ જાય તોપણ ઝેરનું ફળ તો મળે જ છે, તેમ અજ્ઞાનથી કરેલા રાગ-દ્વેષનું ફળ પણ મળ્યા વગર રહેતું નથી.

વ્યવહારથી જોઈએ તોપણ કોઈ કોઈનું માથું કાપનાર નથી, કારણ કે આત્માને હાથ, પગ, માથું વગેરે છે જ નહિ. આત્મા તો અચ્છેદ્ય, અભેદ્ય, અવિનાશી, અરૂપી જ્ઞાનઘન છે. છેદાવું–ભેદાવું કે સંયોગ–વિયોગ થવો તે પુદ્ગલ–જડ રજકણોનો સ્વભાવ છે. શરીર, મન, ઈન્દ્રિય આદિ રચના પૌદ્ગલિક છે. પુદ્ગલ જડ દ્રવ્ય છે, તેમાં ગળવું–મળવું એવો સંયોગીપણાનો સ્વભાવ છે, તે કોઈને આધીન વર્તતા નથી, સ્વતંત્રસ્વભાવી છે, તે જડેશ્વર ભગવાન છે. માત્ર તેમાં જાણપણું નથી, સુખ–દુઃખની લાગણી નથી, તે સિવાય અનંતી તાકાત તેમાં છે. તે પોતાની અવસ્થા સ્વતંત્રપણે છે. તેની અવસ્થાને કોઈ આત્મા બદલાવે ત્યારે બદલાય એ વાત ખોટી છે. જો તેની ક્રિયા કોઈ બીજા કરે તો જ થાય, એમ હોય તો તે વસ્તુ પરાધીન ઠરે–શક્તિહીન ઠરે, પણ જે વસ્તુ સત્ છે તે પોતાની અનંત શક્તિથી કોઈ કાળે ખાલી હોય નહિ. જડની સ્વતંત્ર તાકાતની જેને ખબર નથી તેને એમ લાગે છે કે જીવના કર્યા વિના જડ–પુદ્ગલની ક્રિયા થઈ શકે નહિ, એ પણ અનાદિની દૃષ્ટિની ભૂલ છે.

જડ ચેતન બે તત્ત્વો તદ્દન જુદાં છે, ત્રણે કાળ જુદાં છે. કોઈ આત્મા પરનું કાંઈ પણ કરી શકે નહિ, પરથી કોઈને કાંઈ લાભ કે નુકશાન નથી. સૌનું હિત–અહિત પોતાના ભાવમાં જ છે. બહારમાં ગમે તેવા અનુકુળ કે પ્રતિકુળ સંયોગો આવે, પણ તે મારા સ્વભાવમાં કાંઈ કરી શકનાર નથી, કારણ કે હું સ્વતંત્ર છું; આમ ત્રિકાળી સ્વતંત્ર વસ્તુસ્વભાવની જાહેરાત કરતાં અનંત રાગ-દ્વેષમાં હેતુરુપ બાહ્યવૃત્તિ સંકેલી પોતાના સ્વરૂપના આંગણે આવી ઊભો રહ્યો; આંગણે આવેલો પોતાનું કેટલુંક ભૂંડું કરશે?

સાચી સમજણ કરવામાં અનંત સવળો પુરુષાર્થ છે. પોતાના પરિણામ માટે પર ઉપર દૃષ્ટિ ન રહી, તેથી અનંત પર દ્રવ્યો પ્રત્યેનો રાગ-દ્વેષ નહિ કરવારૂપ અનંતી તપશ્ચર્યા આવી ગઈ. પરની ઈચ્છાનો નિરોધ તે જ તપ છે, આમાં સંવર પણ આવી ગયો અને સાચી માન્યતા ટકાવી રાખવામાં અનંતો પુરુષાર્થ પણ આવી ગયો; આ બધી જ્ઞાનની ક્રિયા છે, જે થઈ શકે તે જ કહેવાય છે. લોકો બાહ્યની જરા પ્રતિકુળતામાં આકુળ–વ્યાકુળ થઈ જાય છે, પણ ભગવાન કહે છે કે કોઈ વિરોધી (ધર્મની રુચિ વગરનો) દેવ આવી મુનિ ધ્યાનમાં બેઠા હોય તેનો પગ પકડી મેરુ પર્વત સાથે (જેમ ધોબી કપડાં પછાડે, તેમ) પછાડે. એવી પ્રતિકુળતા વખતે પણ અનંત મુનિવરો સ્વરૂપમાં એકાગ્ર રહીને મોક્ષે ગયા છે; એટલે કે કોઈપણ આત્માના બેહદ સામર્થ્યરૂપ સ્વભાવભાવને રોકવા જગતમાં કોઈ સમર્થ નથી. દેહને પર્વત સાથે પછાડે તેનું મુનિને કાંઈ પણ દુઃખ નથી. જેને શરીર ઉપર મોહ છે, તેને પોતાના રાગના કારણે શરીરમાં કાંઈક થતાં દુઃખ લાગે છે–માને છે. મુનિને શરીર ઉપર દૃષ્ટિ નથી, રાગ નથી, તેથી દુઃખ લાગતું નથી. શરીર વગેરે પરચીજ એ દુઃખનું કારણ નથી પણ પર પ્રત્યેનો પોતાનો રાગ એ જ દુઃખનું કારણ છે. શરીર બાળી નાખે કે ઘાણીમાં પીલી નાખે એવા દેહનાં સંયોગો ધર્માત્માને ક્યારેય પણ નુકશાનકર્તા નીવડ્યા નથી. એવા સંયોગો બહારમાં હોવા છતાં અંતર સ્વભાવમાં રહીને તેઓ મોક્ષે જઈ શક્યા છે, કારણ કે બહારના સંયોગની આત્મસ્વરૂપમાં નાસ્તિ છે. જે પોતામાં છે જ નહિ તે પોતાને લાભ-હાનિ કરી શકે નહિ. માત્ર પોતાની માન્યતાનો ઊંધો ભાવ અનંતુ નુકશાન કરે છે ને સવળો ભાવ અનંતો લાભ કરે છે.

અહીં લોકોને તો બહારમાં કોઈ પ્રતિકુળતા હોય કે કોઈ નિંદા કરે તો ધર્મ સાંભળવો નથી, બહારની બધી અનુકૂળતા હોય ત્યારે ધર્મ કરવો છે. જરા પ્રતિકૂળતા થતાં રાડ નાખે છે, દ્વેષભાવ કરે છે, પણ ભાઈ રે! મનુષ્યપણું મળ્યું તેમાં પ્રતિકૂળતાની ગણતરી હોય નહિ! નીચે નરક ક્ષેત્ર છે ત્યાં દુઃખનો બહારનો એવો સંયોગ છે કે જેનું વર્ણન સાંભળતા ત્રાસ છૂટે, અરેરાટી થઈ જાય. એવા બહારમાં બધી રીતે પ્રતિકુળ સંયોગોમાં તું અનંતવાર જઈ આવ્યો.

એક દિવસની કરોડો રૂપિયાની પેદાશ હોય તેવા રાજાનો કુંવર કે જેનું માખણના પિંડા જેવું સુંવાળું શરીર હોય, યુવાન વયનો હોય તેને જમશેદપુરની લોખંડ ગાળવાની ભઠ્ઠીમાં જીવતો ઉપાડીને ફેંકે અને તેમાં સળગતાં તે રાજકુંવરને જેટલું દુઃખ થાય તેના કરતાં પણ અનંતગણું વધુ દુઃખ પહેલી નરકમાં છે અને એવું દુઃખ ઓછામાં ઓછા દસ હજાર વર્ષ સુધી રહે છે. જેને પાપનો ભય નથી, માંસભક્ષણ, ગર્ભપાત, પરસ્રીસંગ, મદિરાપાન, શિકાર વગેરેમાં મહા ક્રુર પરિણામ વર્તે છે. તેમને નરકગતિનું આયુષ્ય બંધાય છે. તેવા નરકના ભયંકર પ્રતિકૂળ સંયોગોમાં પણ આત્માનું ભાન કરી શકાય છે. બહારમાં દુઃખ વખતે પણ દુઃખરહિત સ્વભાવનો વિચાર કરતાં, કોઈ જીવ અંતરમાં એકાગ્ર થઈ શુદ્ધ આત્માના નિર્ણય વડે બોધબીજ (સમ્યગ્દર્શન) પામી શકે છે. તે ક્ષેત્રમાં પણ જ્ઞાન થાય કે પૂર્વે મેં મુનિ પાસે સત્ સાંભળ્યું હતું પણ તેની દરકાર ન કરી, એવો વિચાર કરતાં કરતાં સ્વલક્ષે અંતરનું ભાન પામી જાય છે, તેમાં કોઈ નિમિત્ત કારણની જરૂર નથી. બહારમાં અનુકૂળતા હોય તો જ જ્ઞાન થાય એવું નથી. પાપની જેમ પુણ્યના ફળમાં નવમી ગ્રૈવેયકે બહારમાં બધી અનુકૂળતાના સંયોગમાં ગયો ત્યાં બાહ્ય અનુકૂળતા હોવા છતાં નિરાવલંબી સ્વભાવનું ભાન ન કરે તો બાહ્ય સંયોગો કાંઈ ભાન કરાવી દેવાના નથી.

બહારના કોઈ સંયોગથી આત્માનો ધર્મ થતો નથી કે ધર્મ અટકતો નથી, એમ પોતાના એકલા સ્વતંત્ર સ્વભાવને માનવો તે સાચી દૃષ્ટિ છે. દેહાદિનો કોઈ સંયોગ મારું સ્વરૂપ નથી. કોઈને પૂર્વનો વૈરભાવ ઊલસ્યો હોય તે ભલે શરીરના કટકા કરે પણ શરીરના કટકા થવા તે આત્માને નુકશાનકારક નથી. તે આત્માની ક્રિયા નથી પણ જડ સ્વભાવ છે. આવી શ્રદ્ધા અનંત સમભાવની શક્તિ આપે છે. આવા સ્વભાવની ના પાડનારને પરાધીનતા ગોઠી છે. સંયોગની શ્રદ્ધા સમતાભાવ આપશે નહિ. મારા સ્વભાવમાં કોઈ નુકશાન કરનાર નથી, એવી શ્રદ્ધા ટકાવી રાખવામાં અનંતો પુરુષાર્થ છે. આ સમજણ કર્યા સિવાય બીજો કોઈ ઉપાય નથી. આ જ રીતે જ્ઞાનપૂર્વક સમજણ અને સમજણપૂર્વક સ્થિરતામાં પચ્ચખાણ અને તપશ્ચર્યા વગેરે જ્ઞાનની ક્રિયા આવે છે, સ્વભાવના લક્ષે ખોટ માન્યતાનો નાશ કર્યો અને અનંત સંસારનું કારણ એવા મિથ્યાભાવ અટક્યા અને મિથ્યાભાવ અટકતાં મિથ્યામાર્ગની અનુમોદના અટકી, તે રીતે મિથ્યાત્વરૂપ ઈચ્છાનો નિરોધ થયો તે ખરેખરું તપ છે.

પુણ્ય–પાપ રહિત નિરાવલંબી સ્વભાવની શ્રદ્ધા અને સ્થિરતા વડે મોક્ષમાર્ગ પ્રગટે છે. બાહ્ય સંયોગને આધીન મોક્ષમાર્ગ નથી, કારણ કે સ્વભાવમાં સંયોગની નાસ્તિ છે.

**ભાવાર્થ :**—વર્તમાન સંયોગાધીન દૃષ્ટિથી જોઈએ તો આત્મા પાંચ પ્રકારના વ્યવહારે અનેકરૂપ દેખાય છે. તે પાંચ પ્રકાર કહે છે.

(૧) અનાદિકાળથી પુદ્‌ગલકર્મના સંયોગવાળો હોવાથી કર્મરૂપ જણાય છે.

(૨) કર્મના નિમિત્તથી થતા ચારગતિરૂપ નર, નારક, દેવ, તિર્યંચ આદિનાં શરીરના આકારે જણાય છે.

(૩) આત્મામાં અનંતગુણો એકરૂપે છે, તે બધા એક સાથે રહેલા છે, પણ તેની અવસ્થામાં હીનાધિકપણું થયા કરે છે, તે અવસ્થાદૃષ્ટિથી અનેકરૂપ જણાય છે.

(૪) શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર વગેરે અનેક ગુણોના ભેદરૂપ અવસ્થાના ક્રમ વડે જોતાં અનેકરૂપ જણાય છે.

(૫) મોહકર્મના નિમિત્તમાં જોડાવાથી રાગ-દ્વેષ, સુખ–દુઃખરૂપ અનેક અવસ્થાપણે દેખાય છે.

આ બધા અશુદ્ધદ્રવ્યાર્થિક નયનો—વ્યવહારનયનો વિષય છે. તે બધા વ્યવહારદૃષ્ટિથી વિકારી અવસ્થામાં છે, પણ સ્વભાવ તેવો નથી. આ સંયોગાધીન અનેકરૂપ દૃષ્ટિથી આત્માનો એકરૂપ સ્વભાવ દેખાતો નથી; પરના, નિમિત્તના અનેકભેદરૂપ દેખાય તેટલો જ પોતાને માની લે તો યથાર્થ સ્વરૂપ જણાતું નથી.

નિમિત્તાધીન અશુદ્ધદૃષ્ટિનો પક્ષ છોડીને વિકારી અવસ્થા તથા નિમિત્તના સંયોગને જેમ છે તેમ જાણનાર વ્યવહારનયને ગૌણ કરી, એક અસાધારણ જ્ઞાયકભાવ ચૈતન્યમાત્ર આત્માનો અભેદ સ્વભાવ ગ્રહણ કરીને તેને શુદ્ધનયની દૃષ્ટિથી (૧) સર્વ પર દ્રવ્યોથી ભિન્ન, (૨) ત્રિકાળી સર્વ પર્યાયોમાં પોતાના અરૂપી, અસંખ્ય પ્રદેશના અખંડ પિંડપણે એકાકાર, (૩) વર્તમાન વર્તતી પર્યાયના હીનાધિકપણાના ભેદ રહિત, (૪) અનેક ગુણના જુદા જુદા ભેદ રહિત, (૫) નિમિત્તમાં જોડાવારૂપ વિકારી ભાવથી રહિત, એટલે પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ, પરભાવ અને ગુણના ભેદ રહિત નિર્વિકલ્પ સામાન્ય વસ્તુપણે જોતાં સર્વ પર દ્રવ્યો અને પર ભાવોના અનેકભેદરૂપ અવસ્થાની સ્વભાવમાં નાસ્તિ છે. આ રીતે નિશ્ચય સમ્યગ્દર્શનનો વિષય કહ્યો.

---

★ તારીખ ૨૯-૮-૪૩ થી ૫-૯-૪૩ સુધીના પર્યુષણના દિવસો દરમ્યાન સમયસારજીની ૩૧મી ગાથા વંચાયેલ હતી. તેનાં વ્યાખ્યાનો હવે પછી પ્રસિદ્ધ થશે.

તા. ૬-૯-૪૩.★

દરેક આત્મા તથા દરેક જડ વસ્તુનું સ્વરૂપ અનંત ધર્માત્મક છે, તે સર્વજ્ઞ ભગવાને કહેલા સ્યાદ્વાદથી યથાર્થ નક્કી થાય છે. આત્મા પણ અનંત ધર્મોવાળો છે. દરેક આત્મામાં જે ધર્મ (ગુણ) છે, તે બહારથી આવતા નથી. કર્મના નિમિત્તે પુણ્ય—પાપની જે વૃત્તિ ઊઠે તે આત્મસ્વભાવની નથી. આત્માનો સ્વભાવ વિકારનો નાશક [1]નિત્ય જ્ઞાનસ્વરૂપ છે, પરના આશ્રય રહિત, કર્તા—ભોક્તાપણા રહિત, સ્વાધીન છે. તેવો ન માનવો તે મિથ્યાત્વ—મૂઢતા છે અને જેવો છે તેવો માનવો તે સમ્યક્દર્શન છે. પછી સ્વભાવના જોરે અશુભરાગ ટાળતાં ટાળતાં શુભરાગ રહી જાય તેમાં વ્રત, તપ વગેરે શુભભાવ સહજ હોય છે અને સ્વલક્ષે સ્થિરતામાં ટકતાં જેટલો રાગનો નાશ થયો તેટલું ચારિત્ર છે, પણ સમ્યગ્દર્શન વિના અંશમાત્ર વ્યવહારે પણ વ્રત—ચારિત્ર સાચાં હોય નહિ.

છ પદાર્થ અનાદિ અનંત, સ્વયંસિદ્ધ, કોઈના કાર્ય—કારણ રહિત, સ્વતંત્ર છે દરેક સમયે પોતાની શક્તિથી પૂરા છે, એમ સર્વજ્ઞ ભગવાને જ્ઞાનમાં પ્રત્યક્ષ જોયું છે. તેમાં અનંત આત્મા સ્વતંત્ર, અરૂપી, જ્ઞાનમય છે. અનંત જડ—પુદ્ગલ પરમાણુઓ અચેતન છે અને બીજા ચાર પદાર્થો (ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ) છે. તે બધી વસ્તુઓ અનાદિ અનંત પોતાના ધર્મ (ગુણ) સ્વરૂપે છે, પરપણે નથી. દરેક વસ્તુ એકેક સમયમાં પોતાના અનંત ગુણ સ્વરૂપે ટકીને અવસ્થા બદલે છે.

દરેક વસ્તુમાં અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, પ્રદેશત્વ, અગુરુલઘુત્વ, તત્ત્વ—અતત્ત્વ, એકપણું—અનેકપણું, ભેદ—અભેદપણું વગેરે અનંત ગુણો શાશ્વત છે. કોઈ આત્મા કદી પણ જડ રજકણપણે, તેના ગુણપણે કે તેની અવસ્થાપણે થતો નથી, માટે પરવસ્તુનો કર્તા નથી; વળી તે અનંતા પર આત્માપણે કે તેના ગુણપર્યાયપણે કદી થતો નથી, થઈ શકતો જ નથી; માટે કોઈ આત્મા કોઈના કાર્યકારણપણે નથી. અનાદિ અનંત સત્ વસ્તુ હોવાથી અનાદિ કાળથી અનંત દેહાદિના સંયોગની મધ્યમાં રહ્યો છતાં કોઈપણ પર સાથે કોઈ કાળે પરરૂપ નહિ થવારૂપ પોતામાં પોતાનો અનન્યત્વ નામનો ગુણ છે. દરેક વસ્તુમાં અનંત ગુણો એ પ્રકારે રહેલા છે, જેમ કે એક પેન્સિલ અનંતા રજકણોનો પિંડ છે, તેમાં જો વસ્તુપણે પરમાણુઓ જુદા ન હોય તો જુદા થઈ શકે નહિ. પરમાણુઓનું ક્ષેત્રાંતર કે રૂપાંતર થાય છે પણ મૂળ વસ્તુનો કદી નાશ થતો નથી. એમ દરેક વસ્તુ અનંત પર પદાર્થપણે ન થવાની તાકાતરૂપ ન હોય તો સ્વતંત્ર વસ્તુ જ ન હોય. રજકણમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને ઉપર કહ્યા તેવા અસ્તિત્વ, અનન્યત્વ આદિ અનંત ગુણો છે. તે પોતાની શક્તિથી પોતાપણું જાળવીને અવસ્થા બદલે છે.

જેમ એક મિડયાણાને કબજે રાખવા પચાસ ચોકીદારો રાખવા પડે તે મિયાણાના જોરનો પ્રભાવ છે, છતાં તે મિયાણાની સત્તા ચોકીદારોથી જુદી જ છે; તેમ એક આત્માને ઊંધી રુચિના જોરે ભાવબંધનથી અનંત પરમાણુઓનો સંયોગ છે, છતાં તેમાં એકલા ચૈતન્યનું જોર છે. આત્મા કોઈ કાળે પોતાની ચૈતન્ય સત્તાથી છૂટી રૂપીપણું પામતો નથી, ચૈતન્ય સ્વરૂપમાંથી એક અંશ પણ ઘટતો નથી. શરીરના રજકણો ચૈતન્યપણું પામતા નથી અને આત્મા કદી શરીરના રજકણપણે જડપણું પામતો નથી. ચૈતન્યમાં જડ નથી, જડમાં ચેતન નથી. બંને અનાદિથી જુદાં જ હતાં અને વર્તમાનમાં જુદાં જ છે, જુદી વસ્તુ કદીપણ બીજામાં ભળી જતી નથી. જો દેહ સાથે આત્મા ક્યારેય પણ એકમેક હોત તો ચૈતન્ય ઊડી જતાં તેની સાથે જડ શરીર પણ ચાલ્યું જવું જોઈએ, પણ તેમ થતું નથી. જડ-ચેતન બંને દ્રવ્યના સ્વભાવ ત્રિકાળ જુદા છે. જે વસ્તુ છે તેનો સર્વથા નાશ થાય નહિ પણ અવસ્થા બદલે તેને લોકો નાશ કહે છે. જે વસ્તુ ન હોય તે કદી નવી ઊપજે નહિ, પણ વસ્તુની અવસ્થા નવી પ્રગટે છે, તેને લોકો (અવસ્થા ઉપર દૃષ્ટિ હોવાથી) વસ્તુ ઉત્પન્ન થઈ એમ માને છે.

સર્વજ્ઞે કહેલા સ્યાદ્વાદ ન્યાયથી અનંત ધર્મસ્વરૂપ સ્વતંત્ર વસ્તુસ્વભાવને સારી રીતે નક્કી કરી શકાય છે. સ્વતંત્ર વસ્તુના અનેક ધર્મોમાંથી જે અપેક્ષાએ જે સ્વભાવ છે, તેને મુખ્ય કરીને કહેવો તે સ્યાદ્વાદ★ છે. દરેક વસ્તુ પોતાપણે ત્રિકાળ છે, પરપણે એક સમયમાત્ર નથી. એમ અસ્તિ–નાસ્તિથી વસ્તુનું નિશ્ચય સ્વરૂપ જાણવું તે સ્યાદ્વાદની સાચી શ્રદ્ધા છે. આત્મા કોઈવાર પરની ક્રિયા કરે અને કોઈવાર પરની ક્રિયા ન કરે, એવો ઊંધોવાદ–ફૂદડીવાદ સર્વજ્ઞ વીતરાગનો નથી.

દરેક વસ્તુ ત્રિકાળ ટકવાની અપેક્ષાએ નિત્ય છે અને અવસ્થા બદલવાની અપેક્ષાએ અનિત્ય છે. નિશ્ચયદૃષ્ટિએ–વસ્તુદૃષ્ટિએ નિત્ય અભેદપણું અને અવસ્થાદૃષ્ટિએ ભેદપણું, આ રીતે અપેક્ષાદૃષ્ટિએ જેમ છે તેમ જ કહેવામાં આવે છે. એક ધર્મ (સ્વભાવ, ગુણ) કહેતાં બીજાને ગૌણ કરવામાં આવે છે. જે દૃષ્ટિએ શુદ્ધપણું કહ્યું તે જ દૃષ્ટિએ અશુદ્ધપણું કહી શકાય નહિ, પણ અશુદ્ધને બતાવતાં શુદ્ધ ગૌણ કરાય છે, એ રીતે સ્યાદ્વાદ છે. વસ્તુનો પર ધર્મ સાથે ખીચડો (એકમેકપણું) નહિ કરતાં જે રીતે સ્વતંત્ર વસ્તુ છે, તેમ જ બતાવે છે તે સ્યાદ્વાદ છે. અનેકાન્તસ્વરૂપ સ્વતંત્ર વસ્તુને ભગવાન કહેલા સ્યાદ્વાદથી બરાબર જાણી શકાય છે.

વિચારોમાં દરેક સમયે ફેરફાર થાય છે. વિચાર કરનારો સ્વતંત્રપણે કાયમ રહીને

★ સ્યાદ = અપેક્ષા, વાદ = કહેવું તે.

અવસ્થાપણે બદલાય છે, તે અવસ્થાની અપેક્ષાએ અનિત્યપણું છે. કોઈ કહે : આત્મા સર્વથા નિત્ય કુટસ્થ શુદ્ધ જ છે, અવસ્થા બદલતો નથી તો તે એકાંતવાદ છે. એક પક્ષની મિથ્યામાન્યતા મટાડી બંને પડખાંનું યથાર્થ જ્ઞાન કરાવનાર સ્યાદ્વાદ જ ન્યાયપૂર્ણ છે. તે વડે દ્રવ્યદૃષ્ટિએ શુદ્ધપણું, નિત્યપણું વગેરે ધર્મો બતાવાય છે અને પર્યાયદૃષ્ટિએ વર્તમાન અશુદ્ધતા, અનિત્યતા વગેરે જેમ છે તેમ બતાવાય છે.

આત્મામાં અનંત ધર્મો છે, તેમાં કેટલાક ધર્મો તો સ્વાભાવિક છે; તે પર નિમિત્તની અપેક્ષા રાખતા નથી. જેવા કે જ્ઞાન, દર્શન, આનંદ, વીર્ય, અસ્તિત્વ, વસ્તુત્વ વગેરે ગુણો છે તે કોઈને લઈને નથી પણ સ્વયંસિદ્ધ છે. તે ગુણોને પરાધીનતા, પરની અપેક્ષા કે બાધારૂપ આવરણ હોય જ નહિ. જે છે તે અનાદિ અનંત છે માટે ગુણરૂપ ધર્મ નિત્ય છે, તે શુદ્ધ સ્વભાવપણે એકરૂપ છે.

આત્મા અવસ્થામાં અશુદ્ધ છે પણ અશુદ્ધતા આત્માનો સ્વભાવ નથી. આત્મામાં જડ કર્મ નથી, પણ જડ કર્મનો સંયોગ પામી મિથ્યાભાવ વડે પરમાં કર્તાપણું (મારાપણું) સ્થાપીને રાગ–દ્વેષની અવસ્થા સ્વયં ધારણ કરી રહ્યો છે, છતાં પોતાના જ્ઞાનસ્વભાવથી કદી છૂટી ગયો નથી. અનાદિકાળથી અશુદ્ધપર્યાયબુદ્ધિની પકડથી બાહ્ય દેહાદિ સંયોગ ઉપર લક્ષ કરી, પોતામાં પરનો આરોપ કરી પુણ્ય–પાપના ભાવ કરે છે, તે સંયોગી–વિકારી ભાવ વડે જીવને સંસારની પ્રાપ્તિ થાય છે. જીવ આકુળતા વડે શુભ–અશુભ ભાવ કરે છે અને તેના ફળમાં સંસારના સુખ–દુઃખ અનુકુળતા–પ્રતિકુળતા ભોગવે છે.

આત્મા પરનું કાંઈ કરી શકતો નથી કે પરને કોઈ પ્રકારે ભોગવી શકતો નથી. કર્મના સંયોગે જે ભાવ થાય છે તે અજ્ઞાની જીવને થાય છે. પુણ્ય–પાપના ભાવનું ફળ બાહ્યમાં સંયોગ આપે છે અને અજ્ઞાની જીવ તેમાં સુખ–દુઃખની કલ્પના કરી થોડાં દુઃખને સુખ માને છે અને ઘણાં દુઃખને દુઃખ માને છે; વાસ્તવિકપણે બંને દુઃખ જ છે, જરાપણ સુખ નથી. દેવપદ, રાજપદ વગેરે પુણ્યના ફળને અજ્ઞાની સુખ માને છે અને નરક, નિર્ધનતા આદિમાં દુઃખ માને છે; પણ જ્ઞાની પુણ્ય અને પાપ બંનેના ફળને દુઃખરૂપ જ માને છે, દુઃખ જ કહે છે. ઘણા પૈસાવાળા માણસો કે દેવ પણ આત્માના ભાન વિના દેહબુદ્ધિ વડે ચમારકુંડમાં મોહ પામી રહ્યા છે, તે દુઃખી જ છે. ઉત્કૃષ્ટ સ્વર્ગમાં દેવપણું મળે તેને પણ જ્ઞાની દુઃખ જ ગણે છે, કારણ કે જ્યારે આત્માના સ્વભાવને ભૂલીને વિભાવરૂપ શુભભાવ કર્યા ત્યારે જ તે દેવપદ મળ્યું છે, માટે દુઃખ જ છે.

પૈસાથી લોકો ધર્મ માની બેઠા છે. સાચા ધર્મની, સાચા સુખની પણ લોકોને ખબર નથી. પૈસા માટે ઘણાં વર્ષો પરદેશમાં ગાળે, કોઈ વખતે દેશમાં આવી પાંચ–દશ હજાર

રૂપિયાનું ખર્ચ (લોકોમાં માન ખાતર) કરી જાય ત્યાં તો તેને સંભળાવનારા પણ મળી જાય કે, ''અહો! તમે ભારે ધર્મ કર્યો !'' આવું સાંભળીને પૈસા ખર્ચનારો પણ માની લે કે મેં બહું સારું કર્યું, બસ! મને ધર્મ થઈ ગયો. આવું એક બીજા માની લે, પછી યથાર્થ વસ્તુસ્વભાવ સમજવાની દરકાર રહી નહિ.

જેમ શરીરના એક ભાગમાં ગૂમડું થયું હોય અને આખા શરીરને ગૂમડારૂપ જ માની લે તો તે માન્યતા ખોટી છે. તેમ દરેક સમયે અનંત ગુણસ્વરૂપ આત્મા અનંત શક્તિથી ત્રિકાળ ટકનારો છે, તેને પર નિમિત્તના સંયોગે વર્તમાન એકેક સમય પૂરતો માની લે તો તે ભૂલ છે–અજ્ઞાન છે. પુણ્ય–પાપ તે ગૂમડાં જેવાં છે, આત્મા તે રૂપે નથી.

સંયોગાધીન દૃષ્ટિવાળો ધર્મ માટે સાક્ષાત્ તીર્થંકર ભગવાન પાસે ગયો ત્યાં પણ ''હું પરથી જુદો છું માટે પરનું કાંઈ કરી શકું નહિ,'' એવી સ્વ-પર વિવેકની વાત તેને અંતરથી બેઠી નહિ અને એવો ને એવો ઊંધી માન્યતાની પકડ લઈને પાછો આવ્યો. આચાર્ય મહારાજ કહે છે, કે પરમાં કર્તાપણું માની જીવ રાગ–દ્વેષ કરે છે, તેથી જ સંસારમાં દુઃખી થઈ અનાદિથી રખડે છે. દેહની ક્રિયા મારી, હું તેની સંભાળ રાખી શકું, એમ માનનાર દેહને અને આત્માને એક માની રહ્યો છે. પરનું કાંઈ કરવું કે મૂકવું એવી વૃત્તિનું ઉત્થાન (થવું) તે પણ રાગ છે, તે આત્માનું સ્વરૂપ નથી. આત્મા રાગ-દ્વેષના ભાવ પૂરતો નથી, પણ વિકારનો નાશક અખંડ જ્ઞાયકસ્વરૂપે ધ્રુવ છે. એવા આખા આત્માની ઓળખાણ વિના અખંડ આત્માના સ્વભાવને પ્રગટ કરવાનો પુરુષાર્થ જાગે નહિ, એટલે કે પરિપૂર્ણ સ્વતંત્રપણાની શ્રદ્ધા વિના અંશમાત્ર સાચો પુરુષાર્થ જાગે નહિ.

શ્રદ્ધાના અખંડ લક્ષમાં ભેદ નથી, માટે અખંડ સ્વભાવ અને ખંડરૂપ પર્યાય એ બંનેને સર્વજ્ઞના આગમ વડે જાણીને, ખંડરૂપ પર્યાયનું લક્ષ ગૌણ કરી, અનાદિઅનંત, એકરૂપ, જ્ઞાયક આત્માની શ્રદ્ધા કરે ત્યારે પર્યાયબુદ્ધિનો નાશ થઈ પરમા કર્તાપણાનો અહંકાર ટળી જઈને અખંડ જ્ઞાનસ્વભાવની દૃઢતા થાય છે.

સંસારના અજ્ઞાની જીવો પરમાં સુખ નથી, છતાં પરમાં સુખ માનીને ઊંધી માન્યતાનું કેટલું જોર આપે છે? સોનામાં, ભોજનમાં, દેહમાં, મકાનમાં, ધનમાં વગેરે અનંત પર ચીજમાં રાગ કરી, તેમાં સુખ છે એવી ઊંધી માન્યતાની પકડથી જુદા જ્ઞાયકસ્વભાવના વિરોધરૂપ દૃષ્ટિના જોર વડે અશુદ્ધ પર્યાયમાં જોર આપે છે. પર્યાયના આશ્રયથી એકાન્ત રાગ-દ્વેષ મોહની ઉત્પત્તિ થાય છે. તે ઊંધી માન્યતાની ગુલાંટ મારી સાચી માન્યતા કરીને તે વડે પૂર્ણ જ્ઞાનઘન અવિનાશી આખા સ્વભાવને લક્ષમાં લેવો તે

જ સાચી દૃષ્ટિ છે, તેનાથી અશુદ્ધ પર્યાયમાં અહંબુદ્ધિ મટી જાય છે–પરમાં કર્તૃત્વભાવ થતો નથી.

કોઈને મેસુબ ખાતો જોઈને બીજો પૂછે કે ''કેમ! મેસુબનો સ્વાદ આવે છે ને?'' તો કહેશે–''હા, બહુ મજાનો છે,'' એમ રાગની એકાગ્રતારૂપ આકુળતાને જડના સ્વાદનો આરોપ કરી જડમાંથી સ્વાદ આવતો હોય એમ માને છે; તેને ખબર નથી કે જડના રસને જાણનારો પોતે જડના સ્વાદથી જુદો છે. જે મેસુબના રજકણો વર્તમાનમાં સ્વાદિષ્ટ લાગે છે તે અલ્પકાળ પછી વિષ્ટારૂપે થવાના છે, તે જોવાની–જાણવાની ધીરજ નથી, તેથી પરમાં સુખ છે એવો ઉંધો નિર્ણય બેસી ગયો છે. મેસુબમાં સ્વાદ માને પણ મેસુબને જાણનાર પોતે કેવો તે જાણે નહિ, તેને કોઈ એમ કહે કે ''તને જે સ્વાદનો અનુભવ થાય છે તે સ્વાદ મેસુબમાંથી આવતો નથી, કારણ કે તું મેસુબના સ્વાદરૂપે–જડ થઈ જતો નથી. ગળ્યું તે જડના રસ–ગુણની અવસ્થા છે, તારું જ્ઞાન ગળ્યું કે કડવું થયું નથી. તેં સ્વાદ લીધો નથી પણ તેં સ્વાદમાં રાગ કર્યો છે.'' તો આવી વાત કોઈ રીતે તે માનવા તૈયાર નથી. સ્વાદથી જુદાપણાની હા પાડતાં પરસેવો ઊતરી જાય છે, કારણ કે અનાદિથી પરમાં એકમેકપણું માન્યું છે–પરમાં સુખબુદ્ધિ માની છે.

અનાદિની ઊંધી દૃષ્ટિનું જોર બાહ્ય ક્રિયાથી કે હઠથી ટળે નહિ, પણ પરથી ભિન્ન–સ્વતંત્ર સ્વભાવ સમજે અને તેનો મહિમા જાણી તેનો જ આશ્રય કરે તો પર વિષયમાં સહેજે તુચ્છતા લાગે. સ્વભાવની દૃઢતા થયા વગર ઊંડાણમાં પુણ્યની મીઠાશ રહેલી છે, તે ખસે નહિ.

આત્માને અનાદિ અજ્ઞાનથી પર્યાયબુદ્ધિ છે; અનાદિ અનંત એક આત્માનું જ્ઞાન તેને નથી. તે બતાવનાર સર્વજ્ઞનું આગમ છે. તેમાં શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી એ બતાવ્યું કે આત્માનો એક અસાધારણ ચૈતન્યભાવ છે તે અખંડ છે, નિત્ય છે, અનાદિ નિધન છે. તેને જાણવાથી પર્યાયબુદ્ધિનો પક્ષપાત મટી જાય છે.

ઉપર પર્યાયબુદ્ધિની પકડ કેમ છૂટે તે કહ્યું. પૂર્વાપર વિરોધ રહિત શુદ્ધ દ્રવ્યાર્થિક નય વડે શ્રદ્ધામાં પૂર્ણ એકરૂપ નિત્ય અખંડ જ્ઞાયકસ્વભાવને અંગીકાર કરવાથી ભૂલ મટે છે. તેને પરમાં કર્તાપણું કે પરનું ધણીપણું રહેતું નથી. પુણ્ય–પાપના વિકારમાં પણ ધણીપણું નથી. એકરૂપ જ્ઞાયકસ્વભાવને જોતાં પરદ્રવ્યોથી જુદો, પરદ્રવ્યોના ભાવોથી જુદો છું. દેહાદિ જડની અવસ્થા બદલવારૂપ ક્રિયા–બોલવું, ખાવું, પીવું, ઊઠવું, બેસવું, સ્થિર રહેવું તે બધી ક્રિયા–જડની છે, મારી નથી, મારે આધીન નથી, તેમાં મારી પ્રેરણા નથી, તેનાથી મને લાભ–હાનિ નથી; કારણ કે તે સ્વતંત્ર પરમાણુઓની અવસ્થા છે અને હું જડથી ભિન્ન છું.

પરદ્રવ્યોથી, તેમના ભાવોથી (અવસ્થાથી) અને તેમના નિમિત્તથી થતા પોતાના વિભાવોથી પોતાના આત્માને ભિન્ન જાણી તેનો અનુભવ જીવ કરે ત્યારે પરદ્રવ્યના ભાવોરૂપ પરિણમતો નથી; તેથી કર્મ બંધાતા નથી અને સંસારથી નિવૃત્તિ થઈ જાય છે, માટે પર્યાયાર્થિકરૂપ વ્યવહારનયને ગૌણ કરી અભૂતાર્થ (અસત્યાર્થ) કહ્યો છે અને શુદ્ધ નિશ્ચયનયને સત્યાર્થ કહી તેનું આલંબન દીધું છે.

જડકર્મના સંયોગમાં જોડાવાથી ક્ષણિક અવસ્થા પૂરતા પુણ્ય–પાપના વિકારી ભાવો થાય છે તે રૂપે હું નથી. વિકારી ભાવ મારા (સ્વભાવના) નથી, એમ જાણી અવસ્થાના ભેદનું લક્ષ ગૌણ કરી, અખંડ સ્વભાવના જોરે સ્વભાવમાં એકાગ્ર થઈ, નિત્ય અખંડજ્ઞાયક પૂર્ણ છું એવા નિશ્ચય સહિત અનુભવ કરે છે તે સમ્યગ્દર્શન છે. તેના બળ વડે પરથી જુદા ગણીને અભ્યાસ નિરંતર રહેતો હોવાથી પરદ્રવ્યના ભાવોરૂપે આત્મા કદી પરિણમતો નથી–પરભાવરૂપ થતો નથી, અજ્ઞાનીપણાથી પરમાં કર્તૃત્વ માનતો નથી, તેથી પરમાર્થે કર્મરૂપી આવરણનું બંધન થતું નથી. આમ સમજતાં શ્રદ્ધા–જ્ઞાનના જોરે તેને વિરોધરૂપે મિથ્યાભાવનો નાશ થયો હોવાથી તેવાં કર્મ ફરીથી બંધાતાં નથી અને ક્રમે ક્રમે સંસારનો, ચારિત્રની અસ્થિરતાનો અંત આવી જાય છે. આમ હોવાથી ભેદ આશ્રિત–પર્યાયાર્થિકરૂપ વ્યવહારનયને ગૌણ કરી તેને અભૂતાર્થ કહ્યો છે.

યથાર્થ વસ્તુસ્વરૂપની પ્રાપ્તિ, તેમાં યથાર્થ શ્રદ્ધા અને જ્ઞાનનો અનુભવ પ્રાપ્ત થયા પછી નયપક્ષના વિકલ્પનું અવલંબન રહેતું નથી, એટલે શ્રદ્ધામાં પૂર્ણ છું, ભાવરહિત કૃતકૃત્ય પરમાત્મા છું. એવો વર્તમાનમાં જ પૂર્ણપણાનો નિઃસંદેહ વિશ્વાસ થયો હોવાથી સ્વરૂપના નિર્ણય સંબંધી શંકા રહેતી નથી અને ચારિત્રમાં પૂર્ણ થયા પછી કેવળજ્ઞાનમાં કોઈ સૂક્ષ્મ રાગ કે વિકલ્પનું અવલંબન નથી.

પર નિમિત્તના ભેદ રહિત, શુભાશુભ વિકલ્પ રહિત અખંડ જ્ઞાયક–સ્વભાવનું ભાન થયા પછી શ્રદ્ધા માટેના રાગરૂપ વ્યવહારનું વજન ઘટી જાય છે અને ત્રિકાળી જ્ઞાનસ્વભાવના સ્વામીપણા વડે શુભ કે અશુભ રાગરૂપ કોઈપણ જાતની આકુળતાના ભાવનું ધણીપણું રહેતું નથી. કોઈ આત્મા પરને કર્તા ત્રણકાળમાં નથી પણ અજ્ઞાનભાવે રાગ-દ્વેષનો કર્તા છું, એમ માનતો હતો અને શુભરાગને તથા પુણ્યાદિ પરવસ્તુને મદદગાર માનતો હતો, તે ઊંધી માન્યતા સાચી દૃષ્ટિ થતાં છૂટી ગઈ, તેથી તેને પરાશ્રયરૂપ વ્યવહાર કહીને, સ્વાશ્રિત લક્ષ સહિતની શ્રદ્ધાના જોરે ગૌણ કર્યો, પછી ચારિત્રના જોરે તેનો અભાવ થાય છે, માટે ભેદરૂપ વ્યવહારને અભૂતાર્થ કહ્યો અર્થાત્ આત્મા સાથે ટકનાર નથી એમ કહ્યું; પણ તેથી એમ ન સમજી લેવું કે શુદ્ધનય સત્યાર્થ છે અને વ્યવહારનય સસલાનાં શીંગડાંની જેમ સર્વથા અસત્ છે.

આખા સ્વભાવમાં પર નિમિત્તનો ભેદ નથી, પણ વર્તમાન અવસ્થામાં જડ કર્મનો સંયોગ અને પુણ્ય–પાપનો વિકાર તથા દેહાદિનો સંયોગ વ્યવહારથી છે ખરો. તે સંયોગ છે જ નહિ. અરે ! અશુદ્ધતા અવસ્થામાં પણ નથી, તેમ જ પર્યાયના ભેદ પણ નથી, એમ માનવાથી તો વેદાંતમતવાળા જેઓ સંસારને સર્વથા અવસ્તુ (ભ્રમરૂપ) માને છે, તેમનો સર્વથા એકાંત પક્ષ આવી જશે અને તેથી મિથ્યાત્વ આવી જશે. એ રીતે એ શુદ્ધનયનું આલંબન પણ વેદાન્તીઓની જેમ મિથ્યાદૃષ્ટિપણું લાવશે, માટે સર્વનયોના કથંચિત્ રીતે સત્યાર્થપણાનું શ્રદ્ધાન કરવાથી જ સમ્યગ્દૃષ્ટિ થઈ શકાય છે.

જગતમાં અનંત જીવ અને અનંત જડ પરમાણુઓ છે; વિકારી અવસ્થામાં સંયોગપણું, રાગ-દ્વેષ અને અજ્ઞાન જેને છે તેને અશુદ્ધતા વ્યવહારે સત્યાર્થ છે. તે અવસ્થાના ભેદને ગૌણ કરી અખંડ સ્વભાવમાં દ્રવ્યદૃષ્ટિથી જોતાં કોઈ આત્મા વિકારરૂપે નથી, ક્ષણિક અવસ્થા પૂરતો નથી, પણ કોઈ એકાન્ત શુદ્ધનયનો પક્ષ કરને વર્તમાન અવસ્થાને સાક્ષાત્ પૂર્ણ શુદ્ધ માની લે–પૂર્ણ દશા પ્રગટ થઈ નથી, છતાં પ્રગટ માને અને અશુદ્ધ અવસ્થાને માને નહિ તો રાગ ટાળવાનો પુરુષાર્થ કરવાપણું ક્યાં રહ્યું? તેથી 'તું દુઃખથી મુક્ત થા,' એવું શાસ્ત્રકથન જ ખોટું ઠરે. માટે આત્મા નિશ્ચયે શુદ્ધ છે અને પર્યાયે અશુદ્ધ છે, એમ બંને પડખાંથી જાણીને શુદ્ધ સ્વભાવના લક્ષે પર્યાયની અશુદ્ધતા ટાળવાનો પુરુષાર્થ કરે તો જ પૂર્ણ શુદ્ધતા પ્રગટે.

જીવમાં પરાશ્રિત ભાવ કરવાથી, દરેક સમયે રાગ-દ્વેષ–મોહરૂપ વિકારી અવસ્થા નવી ઉત્પન્ન થાય છે, તે વિકારી અવસ્થા એ જ સંસાર છે. તે વિકાર, સ્વભાવમાંથી આવતો નથી; જો સ્વભાવમાંથી વિકાર આવતો હોય તો કદી ટળી શકે નહિ. આત્માને કોઈ કર્મ કે પરચીજ પરાણે રાગ-દ્વેષ કરાવતું નથી. જ્યારે પોતે સ્વલક્ષ ચૂકીને પરચીજ ઉપર લક્ષ કરી તેમાં શુભ–અશુભભાવે (ઠીક–અઠીકપણું કરીને) અટકે ત્યારે તે ભાવનો આરોપ કરીને જડ કર્મને રાગ-દ્વેષનું નિમિત્ત કહેવાય અને જો રાગાદિ ભાવમાં ન જોડાતાં સ્વલક્ષે જ્ઞાન કરે તો કર્મ જ્ઞાનમાં નિમિત્ત કહેવાય, પણ એટલું ચોક્કસ કે જીવ જ્યારે રાગ–દ્વેષ કરે ત્યારે સામે પર વસ્તુ–જડ કર્મ તેના સ્વતંત્ર કારણે હાજર હોય છે અને તેમાં જોડાઈને આત્મા પોતે વિકારી ભાવ કરે છે. પર લક્ષ કર્યા વગર સ્વલક્ષે વિકાર થઈ શકે નહિ. અખંડ શ્રદ્ધામાં અવસ્થાના ભેદ નથી, પણ જ્ઞાનમાં પૂર્ણ શુદ્ધ સ્વભાવ અને વર્તમાન અપૂર્ણ અવસ્થા બંનેને બરાબર જાણવાં જોઈએ; ઊંધા પુરુષાર્થના કારણે વિકારી અવસ્થા જીવમાં પોતામાં થાય છે અને પૂર્ણ શુદ્ધ સ્વભાવના લક્ષે પુરુષાર્થથી તે ટાળી શકાય છે.

કોઈ કહે :—'જાગ્રતઅવસ્થામાં જુદું દેખાય છે અને સ્વપ્નાવસ્થામાં જુદું દેખાય છે, માટે જે સ્વપ્નાવસ્થામાં દેખાય તે અસત્ છે, એટલે તેને માનવાની જરૂર નથી, 'પણ જે 'છે' તે જાણવું તો પડશે ને? અસત્ અસત્ તરીકે પણ છે, એમ તો જાણવું જ પડશે. જો સ્વપ્ન વસ્તુ જ નથી, એમ સર્વથા અભાવ જ માનો તો જે વસ્તુ નથી તેનું જ્ઞાન ક્યાંથી આવ્યું? સ્વપ્નદશાને નહિ માનો તો સ્વપ્નનું જ્ઞાન કરનારને પણ માની શકાશે નહિ. સ્વપ્ન એ એક અવસ્થા છે અને તે ત્રિકાળ ટકનાર કોઈ વસ્તુના આધારે જ થાય છે. આ રીતે વ્યવહાર અવસ્થા સત્યાર્થ છે, તેનું જ્ઞાન કરવું જરૂરી છે, પણ તે અવસ્થા નિત્ય એકરૂપ ટકનાર નથી, તે અપેક્ષાએ અભૂતાર્થ છે.

વર્તમાન અવસ્થા છે, નિમિત્ત છે, તેનો નિષેધ કર્યો નથી પણ પોતાની અવસ્થા અને બાહ્ય નિમિત્તો જેમ છે તેમ જાણવાં તેને જ વ્યવહાર કહ્યો છે.

તા. ૭-૯-૪૩.

સર્વજ્ઞના સ્યાદ્વાદને સમજી જિનમત (વીતરાગ અભિપ્રાય)નું સેવન કરવું, મુખ્ય) ગૌણ કથન સાંભળી સર્વથા એકાંત પક્ષ ન પકડવો. જગતમાં અનેક પ્રકારે ધર્મ મનાઈ રહ્યો છે, કોઈને એકાંત શુદ્ધ નયનો પક્ષ છે, કોઈને એકાંત અશુદ્ધનયનો પક્ષ છે, તે સઘળી વિરોધી માન્યતા ટાળી આ કથનમાં ટીકાકાર આચાર્ય મહારાજે સ્યાદ્વાદ બતાવ્યો છે. પરથી ભિન્ન અને ત્રિકાળી પૂર્ણ શુદ્ધ સ્વભાવના નિર્ણય વિના વિકારનો નાશ થશે નહિ અને વિકારી અવસ્થા જેટલો બંધવાળો જ પોતાને માને તો કયા સ્વભાવના લક્ષે અવિકારીપણું પ્રગટ કરશે? એટલે બંને અપેક્ષા માને તો વિકારી પર્યાયનો નાશ કરી શુદ્ધ અવિકારી સ્વભાવ પ્રગટ કરી શકે.

વળી, અહીં એમ જાણવું કે આ નય છે તે શ્રુતજ્ઞાન—પ્રમાણનો અંશ છે; શ્રુતજ્ઞાન વસ્તુને પરોક્ષ જણાવે છે, તેથી આ નય પણ પરોક્ષ જ જણાવે છે. તદ્દન સ્પષ્ટ અને પૂર્ણ પ્રત્યક્ષ જ્ઞાન તેરમી ભૂમિકામાં થાય છે. જેવી શ્રદ્ધા કેવળજ્ઞાનીને છે તેવી જ સમ્યગ્દૃષ્ટિને પણ છે, માત્ર અધૂરા જ્ઞાનને કારણે પરોક્ષપણું છે, છતાં અનુભવની અપેક્ષાએ કેવળીના જેવો અંશે સાક્ષાત્ આનંદનો સ્વાદ છે. જેમ આંધળો માણસ સાકર ખાય તેને પણ સ્વાદ તો દેખતા માણસના જેવો જ આવે છે, પણ તે સાકરને પ્રત્યક્ષ જોઈ શકતો નથી; તેમ

સમ્યગ્જ્ઞાની અને પૂર્ણ જ્ઞાનીને આત્માનો અનુભવ હોય છે, પણ નીચલીદશામાં સમ્યગ્જ્ઞાનીને જ્ઞાન પ્રત્યક્ષ નથી.

શુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષયભૂત, બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવોથી રહિત આત્મા ચૈતન્યશક્તિમાત્ર છે. તે શક્તિ તો આત્મામાં પરોક્ષ છે જ. આખા આત્માનો સ્વભાવ વર્તમાનમાં પ્રગટ નિર્મળ એવા મતિ–શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ નથી, તોપણ તેના સાચા પ્રમાણરૂપ શુદ્ધનય દ્વારા અનુમાન કરીને આખો સ્વભાવ ચૈતન્યશક્તિથી પૂર્ણ છે, તેમાં અપ્રગટ પૂર્ણ જ્ઞાનશક્તિ છે, તે બરાબર નિર્મળરૂપે માની શકાય છે.

વર્તમાન પરોક્ષ જ્ઞાનની વ્યક્તિ (પ્રગટ દશા) કર્મના સંયોગથી મતિ–શ્રુતાદિ જ્ઞાનરૂપ છે, તે કથંચિત્ અનુભવગોચર હોવાથી પ્રત્યક્ષરૂપ પણ કહેવાય છે. મતિ–શ્રુત નિર્મળ થતાં, સ્વલક્ષે એકાગ્ર થતાં, ચોથે ગુણસ્થાને પણ કેવળજ્ઞાની જેવો અંશે સાક્ષાત્ અનુભવ થાય છે, ત્યાં માત્ર અનંત ગુણનું પરોક્ષ દેખવું છે, તે પ્રત્યક્ષ નથી.

આત્મા છે તેને યથાર્થ જાણી તેનું શ્રદ્ધાન કરવું, પર્યાયબુદ્ધિ ન રહેવું અર્થાત્ વર્તમાન સંયોગી અવસ્થાને પોતાનું સ્વરૂપ ન માનવું. પરમાં કર્તાપણાની મિથ્યાબુદ્ધિના ફળમાં અનાદિથી રખડે છે, માટે તે ભૂલનો ત્યાગ કરી વર્તમાન અવસ્થા જેટલો જ હું નથી, પણ હું વિકારી અવસ્થાનો નાશક છું, એમ શુદ્ધનય વડે પૂર્ણ કેવળજ્ઞાનસ્વભાવી આત્માનો સ્વીકાર કરવો તે સાચી શ્રદ્ધાનો વિષય છે. પૂર્ણસ્વરૂપ શુદ્ધ આત્માના યથાર્થ નિર્ણય વિના સાચી શ્રદ્ધા હોઈ શકે નહિ અને સ્વરૂપની સાચી શ્રદ્ધા વિના યથાર્થ ચારિત્ર અને કેવળજ્ઞાન થઈ શકે નહિ.

અહીં કોઈ એવો પ્રશ્ન કરે કે–એવો આત્મા પ્રત્યક્ષ તો દેખાતો નથી અને વિના દેખ્યે શ્રદ્ધાન કરવું તે જૂઠું શ્રદ્ધાન છે.

શાસ્ત્રકાર આચાર્યને ગ્રંથરચના વખતે જ ખબર હતી કે આવો પ્રશ્ન પૂછનાર પણ નીકળશે. જિજ્ઞાસાથી સમજવા માટે કોઈ પણ પ્રશ્ન પૂછે અને સત્ય સાંભળવા ઉત્સુક થાય તેને પણ પરથી જુદા આત્માની વાત બરાબર સમજાય છે. પદ્મનંદિ આચાર્ય કહે છે કે જે જીવે પ્રસન્ન ચિત્તથી ચૈતન્યસ્વરૂપ આત્માની વાત પણ સાંભળી છે, તે ભવ્ય પુરુષ ભવિષ્યમાં થનારી મુક્તિનું અવશ્ય ભાજન થાય છે. અંતરથી સત્નો આદર કરનાર પાત્ર જીવ અલ્પકાળમાં કેવળજ્ઞાન અને મોક્ષ પામવાને અવશ્ય પાત્ર છે. સત્ની હા આવ્યા પછી સમજવા માટે આશંકા થાય, વારંવાર સાંભળે અને ન સમજાય ત્યાં પૂછે, તેમાં કંટાળો ન લાવે તો જરૂર સમજાય તેવું છે.

જિજ્ઞાસુ તરફથી સમજણ કરવા માટે પ્રશ્ન મૂકાયો છે, કે શુદ્ધ અને મુકત આત્મા

પ્રત્યક્ષ તો દેખતો નથી, તો જાણ્યા–દેખ્યા વગર એમને એમ કઈ રીતે માની લેવું?

તેનો **ઉત્તર** :—માત્ર દેખેલાનું જ શ્રદ્ધાન કરવું એ તો નાસ્તિક મત છે. જેમ બાપની સાતમી પેઢી પ્રત્યક્ષ જોઈ નથી, છતાં અનુમાનથી સિદ્ધ થયું છે કે સાતમી પેઢી હતી, તેમાં શંકા નથી. હું છું તો મારા બાપનો બાપ એમ ઠેઠ સુધી છે જ. જેમ સમુદ્રનો સામો કાંઠો દેખાતો નથી છતાં માને છે, પેટમાં અંદરના આંતરડાં દેખાતાં નથી છતાં માને છે, અનાજની વિષ્ટા થતી દેખાતી નથી છતાં માને છે. ક્વિનાઈનની પડકીથી તાવ મટ્યો તે દેખાતું નથી છતાં માને છે, આ રીતે અરૂપી ભાવનો અનુભવ.

જેમ વર્તમાનમાં કોઈ જીવ રાગ–દ્વેષ કે હર્ષ–શોકને જાતે વેદે અને કહે કે કાળજે તેલ રેડાયાં છે, ક્યાંય ચેન પડતું નથી. તે માણસનો આકુળતાભાવ નજરે દેખતો નથી, છતાં સાક્ષાત્ આકુળતાનું વેદન કરે છે. તેનાથી વિપરીત હું નિરાકુળ આનંદમય શુદ્ધ છું, પૂર્ણ છું. એવા નિર્ણય સહિત સ્વભાવના જોરે એકાગ્ર થતાં વિકલ્પનો બુદ્ધિપૂર્વક ખ્યાલ છૂટીને અપૂર્વ શાંતિ અંશે પ્રત્યક્ષ વેદે છે.

આત્મા ચૈતન્યરૂપ શાંતિનો સાગર છે. ભૂલ રહિત–આકુળતા રહિત પૂર્ણ સ્વભાવને સ્વીકાર્યો ત્યાં જ અંશે શાંતિ આવી અને અવિકારી પૂર્ણ પ્રતીતિના જોરમાં પ્રત્યક્ષ અનુભવ થાય છે; તેને માટે કોઈ અન્યને પૂછવા જવું પડે નહિ. જેમ પાંચ લાખ રૂપિયા પેદા કર્યા હોય તેને ગામમાં ઢોલ પીટાવવા કે કોઈને પૂછવા–કબૂલ કરાવવા જવું પડે નહિ. સાકરની કણીનો નમૂનો પ્રત્યક્ષ સ્વાદમાં લીધા પછી પરોક્ષ હજારો મણ સાકર આવી જ હોય એમ શ્રદ્ધા થઈ શકે છે; તેમ અંશે નિરાકુળ અનુપમ શાંતિમાં અનંત પુરુષાર્થનું બળ અંદરથી આવે છે. પોતે દૃષ્ટિમાં ત્રણ લોકનો નાથ–અનુપમ વર્તમાનમાં થઈ જાય છે, કોઈને પૂછવા જવું પડતું નથી, એવો રોકડિયો ધર્મ છે.

સંપૂર્ણજ્ઞાન જે કેવળજ્ઞાન તે જોકે છદ્મસ્થાને પ્રત્યક્ષ નથી, તોપણ આ શુદ્ધનયઆત્માના કેવળજ્ઞાનરૂપને પરોક્ષ જણાવે છે. નીચલી દશામાં આખો આત્મા સાક્ષાત્ પ્રત્યક્ષ લક્ષમાં ન આવે છતાં પોતાને પરની ભિન્નપણે સ્વભાવરૂપ લક્ષણથી નક્કી કરનાર અંશે પ્રત્યક્ષ નિર્મળ જ્ઞાન છે, તે આખા અપ્રગટ નિર્મળ જ્ઞાનની આત્મામાં પ્રતીતિ કરે છે. તે પૂર્ણને સાક્ષાત્ ન જાણે પણ સ્વાનુભવનું વેદન વર્તમાન અધૂરા જ્ઞાનમાં અંશે પ્રત્યક્ષ થાય છે.

જ્યાં સુધી આ જીવ શુદ્ધનય વડે પુર્ણ જ્ઞાનઘન, પરથી ભિન્ન એવા આત્માને જાણે નહિ ત્યાં સુધી રાગરૂપ વિકલ્પથી છૂટી નિર્વિકલ્પ પવિત્ર આત્માના પૂર્ણરૂપનું જ્ઞાન–શ્રદ્ધાન થતું નથી. શ્રીગુરુએ આ શુદ્ધનયને પ્રગટ કરી ઉપદેશ કર્યો છે.

સાક્ષાત્ તીર્થંકર ભગવાનથી આવેલ ઉપદેશ પરમ ગુરુઓથી પરંપરાએ આવેલ, તે સંતોએ અનુભવમાં ઉતારીને જેનાથી જન્મ–મરણ ટળે એવી શુદ્ધ દૃષ્ટિથી અજ્ઞાનરૂપી અંધકાર મટાડવાનો ઉપાય શુદ્ધનય છે, તેમ જાણી સંસારી જીવનાં ભાવમરણો ટાળવા અકષાય કરુણા કરી શુદ્ધનયને જ મુખ્ય કરીને તેનો પ્રગટ ઉપદેશ ખૂબ જોરપૂર્વક કર્યો છે. જડ કર્મના બંધન રહિત, પરમાં કાર્ય–કારણ વિનાનો, પૂર્ણ જ્ઞાનઘનસ્વભાવ દરેક સમયે થઈ રહ્યો છે. વળી વર્તમાનમાં પુણ્ય–પાપ કર્યાં નથી, છતાં ધન વગેરેના સંયોગ મળે છે. તે વર્તમાન ડહાપણ નથી પણ પૂર્વ પુણ્યનું ફળ છે. તે પુણ્ય નજરે દેખાતું નથી છતાં બાહ્યમાં સંયોગ દેખી તે પુણ્યની મીઠાશને સાક્ષાત્ વેદે છે. તે અરૂપી પુણ્યભાવ પ્રત્યક્ષ જોઉં તો જ માનું તથા ઉપરની બધી વાતો પ્રત્યક્ષ જોઉં તો જ માનું એવો વિચાર પણ કદી કરતો નથી.

લીંબું ખાટું છે એમ કોણે જાણ્યું? શું જીભે જાણ્યું? જીભ તો જડ છે તેણે જાણ્યું નથી, પણ તે જ સ્થાને જીભથી જુદું અરૂપી જ્ઞાન રહેલું છે તે જ્ઞાને જાણ્યું છે. જો જીભ વગેરે ઇન્દ્રિયોથી જ્ઞાન થતું હોય તો જીવ રહિત મડદામાં કેમ જ્ઞાન થતું નથી? માટે જાણનારો શરીરથી જુદો રહીને જાણ્યા કરે છે.

જિનમતમાં તો પ્રત્યક્ષ અને પરોક્ષ–બન્ને પ્રમાણ માનવામાં આવ્યાં છે. તેમાં આગમપ્રમાણ પરોક્ષ છે. તેનો ભેદ શુદ્ધનય છે. આ શુદ્ધનયની દૃષ્ટિથી શુદ્ધ આત્માનું શ્રદ્ધાન કરવું, કેવળ વ્યવહાર પ્રત્યક્ષનો જ એકાંત ન કરવો. પ્રથમ શાસ્ત્રજ્ઞાન દ્વારા જાણે, પછી અંતરદૃષ્ટિથી અનુમાનપ્રમાણ કરે કે હું નિત્ય જ્ઞાનસ્વભાવી છું. જેનો સ્વભાવ જ જ્ઞાન છે તે ઊણું–અધૂરું કે પરાધીન કેમ હોય? જ્ઞાયકસ્વભાવી હું કોને ન જાણું? એમ પોતાના પૂર્ણ સર્વજ્ઞ સ્વભાવને પરોક્ષ જ્ઞાનથી પૂર્ણ–નિશ્ચયપણે ખ્યાલમાં લઈ શકાય છે.

બાપે ચોપડામાં લખ્યું હોય કે પાંચ લાખનું સોનું અમુક જગ્યાએ છે તો ત્યાં પણ બાપના વિશ્વાસને જાણતો હોવાથી સોનું જોકે પ્રત્યક્ષ નથી તો પણ માની લે છે, તેમ ત્રિલોકનાથ સર્વજ્ઞે સાક્ષાત્ જ્ઞાનથી આત્માનું સ્વરૂપ તેમ જ મોક્ષમાર્ગનું સ્વરૂપ જે રીતે અનુભવ્યું અને જે રીતે તીર્થંકર ભગવાનની સાક્ષાત્ ધ્વનિમાં આવ્યું, તે તેમનાં નિર્દોષ વચન વડે તેમનું પૂર્ણ સ્વરૂપ જાણતાં પોતાનું પરમાર્થસ્વરૂપ પણ તેવું જ છે, એ સારી રીતે માની શકાય છે.

વૈદ્ય–ડોક્ટર ઉપર દરદી કેમ વિશ્વાસ રાખે છે? પાઈભાર કરોડ દવા ભેગી કરીને લીંબુનાં રસમાં ઘૂંટી, ખસખસ જેવડી ગોળી બનાવીને દરદીને કહે કે આમાં કરોડ જાતની દવાઓ મેં જાતે નાખી છે, તો તેની શ્રદ્ધા કરે છે. પ્રથમ પોતાનું રોગીપણું માનનારો

બીજા વૈદ્ય પાસે જતાં પ્રમાણિક વૈદ્યને શોધીને તેનો ભરોસો રાખે છે. વૈદ્ય કહે, આ હજારપુટી અબરખ ભસ્મ છે, છ મહિના સુધી અમુક વિધિથી સેવન કરો તો રોગ મટી જશે, એમ કહી દાખલા આપે કે આને રોગ મટ્યો છે. એમ દવાનાં વખાણ સાંભળી, જીવતરનો લોભ (શરીરનો રોગી) વર્તમાનમાં દેખાતું નથી, તેનો વિશ્વાસ કરે છે, પણ તે સંસારની વાત—બહારના સંયોગની બધી વાત તો પૂર્વ પુણ્યાધીન છે, તેમાં કંઈ ચાલતું નથી, પૂર્વ પુણ્ય હોય તો જ બચે, પણ અહીં તો ત્રિલોકનાથ સાક્ષાત્ મહાવૈદ્ય છે, તેમની બતાવેલી ઔષધિ અફર છે. અનાદિના રોગીઓને સર્વજ્ઞ મહાવૈદ્ય કહે છે કે તું અમારા જેવો પૂર્ણ પવિત્ર છો, અવિનાશી નિરોગી છો, સંયોગાધીન તારું સ્વરૂપ નથી, વર્તમાન અવસ્થા પૂરતો નથી, આ બધું માને તો અનાદિથી પરમાં કર્તાપણાની બુદ્ધિ વડે પોતાને ભૂલી જવા રૂપ અજ્ઞાન નામે મહા ક્ષયરોગ લાગુ પડ્યો છે, તે નાશ થઈ જશે, એમ વર્તમાનમાં પૂર્ણ સ્વભાવનો વિશ્વાસ કર.

પરમાં કર્તા—ભોક્તાપણા રહિત અને વિકારનો નાશ કરનાર જ્ઞાનાનંદ પૂર્ણ સ્વભાવ વર્તમાનમાં તારામાં છે. જો સ્વભાવમાં પૂર્ણતા ન હોય તો ક્યાંથી આવે? પરનું હું કરી શકું, મારી પ્રેરણાથી દેહની ક્રિયા થાય, પર મને મદદ કરે, પરથી મને ગુણ થાય, પુણ્ય—પાપનો કર્તા છું, હું બંધવાળો છું એવા એવા રોગ ટાળવા પ્રથમ સર્વજ્ઞના કહેલા નિર્દોષ સ્વભાવનો આશ્રય કર. મુક્તદશા થયા પહેલાં મુક્તપણાનો યથાર્થ નિર્ણય થઈ શકે છે. પ્રથમથી જ સ્વભાવને પૂર્ણ અને મુક્ત માન્યા વિના તેમાં ઠરવા રૂપ ચારિત્ર થઈ શકશે નહિ.

વ્યાવહારિક બાબતમાં પણ પ્રત્યક્ષ ન દેખાય છતાં લોકો માની રહ્યા છે. માતા તેની પુત્રીને કહે કે બેઠા ભાત રાંધવા છે, માટે આટલા ભાતમાં આટલા માપનું પાણી લેજે અને ચૂલે મૂકજે, એટલે બરાબર પા કલાક પાકી જશે. દીકરી, એમ કહે કે મને તે પ્રમાણે નજરે બતાવો પછી માનું; તો માતા કહે કે હું મારા અનુભવથી કહું છું, માટે હું કહું છું તેમ કર તો તારે ભાતને ઓસાવવા નહિ પડે અને ચોખા બરાબર પાકીને તૈયાર થઈ જશે. ત્યાં દીકરીને માતાનો વિશ્વાસ છે. તેમ સર્વજ્ઞની આજ્ઞાનું જ્ઞાન કરી, અંતરમાં શ્રદ્ધાના લક્ષનું જોર આપતાં, સ્વભાવની રુચિની એકાગ્રતા થતાં કેવળજ્ઞાનરૂપી પાક તૈયાર થઈ જશે. જેમ ભાત બેઠા પાકે છે તેમ ચૈતન્ય ભગવાન આત્મા નિર્વિકલ્પ જ્ઞાનાનંદપણે ત્રિકાળી ધ્રુવ સ્વભાવમાં નિશ્ચલ થઈને બેઠો છે. શુદ્ધદૃષ્ટિથી જોવામાં આવે તો તેમાં પુણ્ય—પાપની વૃત્તિરૂપ ફોતરાં છે જ નહિ, પણ પૂર્ણ સ્વભાવને ભૂલીને, સ્વલક્ષથી ખસીને, પુણ્ય—પાપ વિકાર મારો અને હું પુણ્ય—પાપનો કર્તા વગેરે નિમિત્ત આધીન દૃષ્ટિથી બહારમાં લક્ષ કરી અટકે છે અને પરનું અભિમાન કરે છે. તેનાથી ઊલટું

ત્રિકાળી પૂર્ણ જ્ઞાનઘન સ્વભાવથી એકાકારપણું આત્મામાં નક્કી કરે તો તે પોતાનો સ્વભાવ હોવાથી પૂર્ણતાની જાતે નિઃસંદેહ શ્રદ્ધા કરી શકે છે.

તા. ૯-૯-૪૩.★

શુદ્ધનયને મુખ્ય કરીને વર્તમાન અવસ્થાના અશુદ્ધનયને ગૌણ કરીને ચૌદમી ગાથાના સારરૂપે કળશ કહે છે :—

**न हि विदधति बद्धस्पृष्टभावादयोऽमी**
**स्फुटमुपरितरंतोप्यत्य यत्र प्रतिष्ठाम् ।**
**अनुभवतु तमेव द्योतमानं समंतात्**
**जगदपगतमोहीभूय सम्यक्रञ्जभाजम् ।।११।।**

આચાર્ય મહારાજ સંબોધન કરે છે, કે હે જગતના સર્વ જીવો! એ સમ્યક્ સ્વભાવનો અનુભવ કરો કે જે વડે મિથ્યા માન્યતાનો નાશ કરીને યથાર્થ શ્રદ્ધા સહિત સ્વભાવનાં એકાગ્ર થવાય. વળી કહે છે કે શુભાશુભ–અશુદ્ધતાનો અનુભવ ન કરો. શરીર, મન, વાણીની પ્રવૃત્તિ તારી નથી, તથા તારા આત્મામાં એકપણે કાયમ ટકનાર નથી. તે વિકારી ભાવ તારા સ્વરૂપમાં નથી તેથી તે રહિત તારા શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા કર. જન્મ–મરણની ઉપાધિનો નાશ કરનાર તારા યથાર્થ સ્વતત્ર સ્વભાવને નહિ જાણે તો સ્વતંત્ર ક્યાંથી થઈશ? તે સ્વતંત્રતા પ્રગટ કરવાની વાત જ અહીં કહેવાય છે, તે જ મુક્તિનો સત્ય ઉપાય છે.

તું તારામાં ભલા–ભૂંડા ભાવ અથવા તો ભલા–ભૂંડા ભાવ રહિતની વીતરાગતા સિવાય બીજું કાંઈ કરી શકતો નથી. પરમાં પોતાપણાની માન્યતારૂપ ભાવ જીવ કરે છે પણ પરને પોતાનું ક્યારેય કરી શકતો નથી. માત્ર અજ્ઞાનભાવથી માને છે કે આ મારાથી થાય છે અને આ હું કરું છું. તે ઊંધી માન્યતારૂપ ભૂલને ટાળી આત્માને પરથી ભિન્ન, પુણ્ય–પાપના વિકારથી ભિન્ન સ્વભાવપણે જોવામાં આવે તો આ બંધન અને સંયોગીપણું જણાવનારા અશુદ્ધ વ્યવહારના ભાવો સ્પષ્ટપણે–પ્રગટપણે નિત્ય શુદ્ધ સ્વભાવથી

★ તા. ૮-૯-૪૩ વ્યાખ્યાન બંધ હતું.

ભિન્નપણે ઉપર તરે છે, તોપણ તે સ્વભાવમાં પ્રતિષ્ઠા પામતા નથી અર્થાત્ તેને સ્વભાવમાં આધાર મળતો નથી, તેથી તે શોભા–સ્થિરપણું પામતા નથી.

જેમ પાણી ઉપર તેલનું ટીપું તરે પણ અંદર પેસી શકે નહિ, તેલ અને પાણી જુદા પડી શકે છે; તેમ આત્માથી બાહ્ય વર્તમાન પ્રગટ અવસ્થામાં કર્મના સંબંધે અજ્ઞાનભાવે કરવામાં આવતા રાગ–દ્વેષ ભાવો અંદરના શુદ્ધજ્ઞાનઘનસ્વભાવમાં પ્રવેશ પામતા નથી. આત્માનો સ્વભાવ અવિકારી છે, તેના લક્ષે કદી પણ રાગ–દ્વેષ થતા નથી. જ્યારે પર લક્ષ કરે ત્યારે વર્તમાન એકેક સમયની અવસ્થામાં શુભાશુભ વિકારની લાગણી થાય છે, પણ તે સ્વભાવમાં નથી; પર લક્ષે થાય છે, માટે ટાળી શકાય છે અને સ્વભાવ નિત્ય ટકનાર ધ્રુવ છે.

જો નિત્ય ટકનાર અવિકારી ધ્રુવ સ્વભાવ અને અજ્ઞાન અવસ્થામાં થતા ક્ષણિક મલિન ભાવો એકમેક થઈ ગયા હોય, તો મલિન ભાવ સ્વભાવથી જુદો પડે નહિ અને સ્વભાવના નિર્મળ ગુણોનો નાશ થાય, પણ સ્વભાવના નિર્મળ ગુણ કદીપણ વિકારરૂપે થતા નથી; ગુણ તે દોષપણે નથી અને દોષ તે ગુણપણે નથી.

ગુણ :—આત્મામાં ત્રિકાળ ટકનાર શક્તિ. અનંતગુણ પોતપોતાના સંપૂર્ણ સામર્થ્યપણે છે, તેમાં પર નિમિત્તનો ભેદ કે ઉપચાર નથી.

દોષ :—વર્તમાન અવસ્થામાં, પરાશ્રિતદૃષ્ટિ રાખે ત્યાં સુધી વ્યવહારે એકેક સમયની અવસ્થા પૂરતો રાગ–દ્વેષ, મોહરૂપી વિકાર નવો થાય છે. સ્વભાવમાં વિકાર નથી.

જેમ સૂર્યમાં અંધારૂં છે જ નહિ, તેથી સૂર્યનું કાર્ય અંધારૂં ઉત્પન્ન કરવાનું નથી, પણ તે સૂર્યના સ્વભાવના જોરે અંધારૂં પોતે નાશ પામવા યોગ્ય છે; તેમ ચૈતન્ય આત્માના સ્વરૂપમાં ત્રિકાળી ટકનાર અનંત ગુણો પોતાની પૂર્ણ નિર્મળ શક્તિથી ભરેલા છે, તે સ્વભાવભાવમાંથી રાગ, દ્વેષ કે મોહાદિ વિકારી ભાવોનું ઉત્થાન થતું નથી, પણ જ્યારે સ્વભાવનું લક્ષ ચૂકીને, કર્મના સંયોગનું નિમિત્ત પામી બાહ્યમાં જીવ લક્ષ કરે અને તેમાં ભાવોનું જોડાણ કરે ત્યારે તે અસ્થિરતાપણે રાગ–દ્વેષના વિકારી ભાવ કરે છે. પરમાં કાંઈ લઉં–મૂકું, પરમાં ઠીક–અઠીકપણાની વૃત્તિ જીવ કરે છે તે અનાદિથી પર લક્ષે સમયે સમયે નવી કરે ત્યારે જ થાય છે, સ્વલક્ષે રાગાદિ વિકલ્પ થતાં નથી, કારણ કે આત્માના સ્વભાવમાં દુઃખરૂપ આકુળતાની શુભાશુભ લાગણી નથી. સ્વભાવને ઓળખીને શ્રદ્ધા કર્યા વિના વિકલ્પ તૂટે હિ.

ચૈતન્યજ્ઞાનસરોવર આત્મામાંથી તો નિર્મળ શ્રદ્ધા અને જ્ઞાનનો પ્રવાહ આવે છે, તે સ્વલક્ષે સ્થિર રહે, પરમાં લક્ષ ન જાય તો ચૈતન્ય એકરૂપ સ્વભાવમાં જ ભળી જાય છે, પણ જ્યારે તીવ્ર–મંદ આકુળતારૂપ શુભાશુભ ભાવ પરલક્ષે કરે છે ત્યારે અશુદ્ધતા આવે છે. તે એકેક સમય પૂરતી હોવાથી અવિકારી સ્વભાવના લક્ષે તે ટાળી શકાય છે.

ત્રિકાળી નિર્મળ શુદ્ધ સ્વભાવ અને વર્તમાન અવસ્થા બંનેને યથાર્થપણે જાણી, અવસ્થા તરફનું લક્ષ ગૌણ કરી, શુદ્ધનયને મુખ્ય કરી, તે વડે પૂર્ણ શુદ્ધાત્માની શ્રદ્ધા કરવી, તેનું જ લક્ષ કરવું અને તેમાં એકાગ્ર અનુભવરૂપ ઠરવું તે જ ચૈતન્ય સ્વભાવનું કર્તવ્ય છે, તેમાં જ ચૈતન્યની શોભા છે. વિકારને–પુણ્ય-પાપના ભાવોને પોતાના માની તેનો કર્તા થાય તેમાં ચૈતન્યસ્વરૂપની શોભા નથી, ચૈતન્યનું કર્તવ્ય નથી.

દેહાદિની ક્રિયા કરવાની કે પરની મદદની વાત તો છે જ નહિ પણ વ્રત, તપ વગેરેના શુભભાવ પણ ચૈતન્યસ્વરૂપી વીતરાગી સ્વભાવમાં વિરોધરૂપ છે, વિઘ્ન કરનાર છે. નિત્ય આમ જ હોવાથી જ્ઞાનીઓ તે શુભ ભાવનો પણ આદર કરતા નથી. વળી તે ભાવો પોતાના એકરૂપ સ્વભાવપણે નહિ હોવાથી બહારમાં લક્ષ દોડે છે, પોતે નિત્ય એકરૂપ જ્ઞાનભાવે અસ્તિ છે, તેમાં ક્ષણિક પુણ્ય–પાપના ભાવનો નાસ્તિ હોવાથી નિશ્ચયથી તે ભાવોને અભૂતાર્થ (સ્વભાવમાં નહિ એવા) માનવાં જોઈએ.

અહો! આવું પરમાર્થ સ્વરૂપ વર્તમાનમાં દરેકનું આત્માનું હોવા છતાં લોકોને બાહ્યનું લક્ષ છોડવું ગમતું નથી. સ્વાશ્રિત પૂર્ણ સ્વરૂપનું ભાન નથી, તેથી પરાશ્રયથી સુખ માને છે પણ પરાશ્રય તો ખરેખર દુઃખરૂપ જ છે. જેવા તેવા ઉપદેશકના ઉપદેશનું નિમિત્ત પામીને તેવી તૈયારીવાળા–તે અનુસાર ઝૂકનારા મળ્યા, આ જગતમાં અંધશ્રદ્ધાએ ગાડરિયો પ્રવાહ સ્વતંત્રપણે ચાલી રહ્યો છે, જાતની દરકાર વિના સ્વતંત્ર સુખસ્વરૂપ વસ્તુસ્વભાવ સમજાય તેવો નથી; સાચું સ્વરૂપ સાંભળવાનો યોગ મળવો પણ કઠણ છે. કોઈ કોઈને સમજણ આપી શકે તેમ નથી અને જાતે સર્વજ્ઞના ન્યાય અનુસાર સ્વતંત્ર સ્વરૂપ સમજ્યા વિના અંશમાત્ર ધર્મ કે ધર્મનો માર્ગ નથી. આત્માનો ધર્મ અંતરમાં જ છે. બાહ્ય ક્રિયામાં, વેશમાં, ટીલાં–ટપકાંમાં કે કોઈ સંપ્રદાયના પક્ષમાં આત્માનો ધર્મ નથી. આત્માનો ધર્મ આત્મામાં અને આત્માથી જ છે. વ્યવહાર અને નિશ્ચય બંને આત્મામાં છે. આત્માનો વ્યવહાર પણ બહારમાં નથી. આમ આત્મા સ્વતંત્ર, પરિપૂર્ણ છે છતાં બહારથી આત્માનો ધર્મ કોઈ માને તોપણ તે સ્વતંત્ર છે.

પાંચમા આરાના જીવોને સમજાય માટે આચાર્ય મહારાજે ધર્મના સ્વરૂપમાં કાંઈ બીજું કહ્યું નથી પણ અનંત સર્વજ્ઞોએ કહેલો એક જ માર્ગ બતાવ્યો છે. લોકોને ન

સમજાય માટે સત્યમાં કાંઈ ફેરફાર થાય તેમ કદી પણ બને નહિ, સત્યનો પ્રકાર ત્રિકાળ એક જ હોય.

રાગાદિ બાહ્ય ભાવો સ્વરૂપમાં પ્રતિષ્ઠા પામતા નથી, તેના બે અર્થ થાય છે :—

(૧) અવિકારી ધ્રુવ સ્વભાવમાં તે આધાર પામતા નથી, કારણ કે સ્વભાવમાં જ ગુણ છે અને ગુણમાં રાગ-દ્વેષરૂપ દોષ કદી પણ નથી.

(૨) રાગાદિ ભાવ સ્વરૂપમાં શોભા પામતા નથી, કારણ કે ગમે તેવો શુભરાગ હોય પણ તે વીતરાગી સ્વભાવનો વિરોધી ભાવ છે. જેઓ વીતરાગ થયા તેઓ બધા શુભ કે અશુભ બંને પ્રકારના ભાવોનો નાશ કર્યા પછી જ થયા છે. રાગ રાખીને કોઈ વીતરાગ થઈ શકતું નથી. હું રાગનો નાશક છું, રાગ મારો સ્વભાવ નથી. એવા ગુણની પ્રતીતિના જોરમાં શુદ્ધ સમ્યક્દર્શન–જ્ઞાન અને અંશે શુદ્ધ ચારિત્ર પ્રગટે છે, શ્રદ્ધામાં રાગનો નાશ થયા પછી ક્રમેક્રમે રાગ ટાળી પૂર્ણ વીતરાગ થાય છે.

વળી ક્રોધાદિ ભાવો ક્ષણિક અવસ્થા પૂરતા હોવાથી તે એક ક્ષણમાં ટળી જવા યોગ્ય છે–ટાળી શકાય છે. પ્રથમ સાચી શ્રદ્ધાના જોરે તે ભાવોને ગૌણ કરીને–દૃષ્ટિમાં નાશ કરીને પછી સ્વભાવમાં એકાગ્રતારૂપ ચારિત્રના જોરે તેનો તદ્દન નાશ કરે છે. આવો ત્રિકાળી નિયમ હોવાથી વિકારના નાશક શુદ્ધ અવિકારી ત્રિકાળી ટકનાર અખંડ જ્ઞાનઘનસ્વભાવમાં તે ક્રોધાદિ ભાવોને આધાર મળતો નથી, તે ક્રોધાદિ ભાવો સ્વભાવમાં નથી તેથી સ્વભાવમાં તે શોભા પામતા નથી.

ત્રિકાળી જ્ઞાયકસ્વભાવમાં વિકારની નાસ્તિ હોવાથી રાગ–દ્વેષના કોઈ ભાવોને સ્વભાવમાં સ્થાન મળતું નથી અને તે વિકારના આધારે આત્માનો કોઈ ગુણ પ્રગટ થતો નથી. આવા ભાન વગર વ્રત, પૂજા, ભક્તિ આદિના ગમે તેવા શુભભાવ કરે તોપણ તે રાગથી વીતરાગી સ્વભાવને કાંઈ લાભ કે મદદ થાય નહિ. અંદર ગુણ ભર્યા છે, તેની એકાકાર શ્રદ્ધાથી ગુણમાંથી જ ગુણ પ્રગટે છે, એવા ત્રિકાળ નિયમ છે.

પાણીને ઉષ્ણતાનો આધાર નથી. જો તેમ હોય તો ઉષ્ણતાનો અભાવ થતાં પાણી અને પાણીનો ઠંડો સ્વભાવ નાશ પામવા જોઈએ, પણ તેમ ત્રણકાળમાં બનતું નથી. પાણી અને શીતળ સ્વભાવના આધારે છે, ઉષ્ણતાના આધારે નથી. તેવી રીતે પૂર્ણ જ્ઞાનાનંદ આત્મસ્વભાવ નિત્ય અવિકારી છે, તે ક્ષણિક રાગ-દ્વેષના આધારે નથી અને ક્ષણિક વિકારને આત્માનો આધાર નથી. જો પરસ્પર (વિકારને અવિકારનું અને અવિકારી સ્વભાવને વિકારનું) આધારપણું માનો તો વિકાર અને આત્મા એક થાય અને વિકારનો

નાશ થતાં આત્માનો અને તેના અનંતગુણનો નાશ થાય, એમ માનવું પડશે. વિકાર સ્વભાવમાં નથી, તેથી વિકારી ભાવો ટળવા યોગ્ય છે અને આત્માનો સ્વભાવ ત્રિકાળ ધ્રુવપણે રહેનાર છે.

પુણ્ય–પાપની વૃત્તિ અંતરંગ ધ્રુવ સ્વભાવથી બહાર દોડે છે, તેથી તે ક્ષણિક–ઉત્પન્નધ્વંસી છે. સ્વભાવના ભાન વડે–નિત્ય અસ્તિ સ્વભાવના ભાન વડે તે પુણ્ય–પાપના વિકારીભાવ ટળી શકે છે, માટે પ્રથમ શ્રદ્ધામાં શુદ્ધ સ્વભાવની નિઃસંદેહતા કરવી જોઈએ, પૂર્ણ સ્વભાવી નિત્ય અવિકારી છું, એવો નિશ્ચય કરવો જોઈએ.

જ્ઞાનસ્વભાવ નિત્ય એકરૂપ છે, તે વર્તમાન અવસ્થા પૂરતો નથી. જેમ સોનાની વીંટીરૂપ બાહ્ય આકૃતિ છે તે સોનાના સ્વભાવમાં પેસી ગઈ નથી. જો સોનું સ્વભાવે જ તે વીંટીરૂપ થઈ ગયું હોય તો બીજા કોઈ આકારે તે કદી થઈ શકે નહિ, તેમ આત્મા અવસ્થાના ભેદ જેટલો નથી, સંસાર અને મોક્ષ તે બંને ઊણી અને પૂરી અવસ્થાના ભેદ છે, તે ભેદરૂપે–ખંડરૂપે આત્મા થઈ ગયો નથી. જ્યાં સુધી અવસ્થાના ભેદ ઉપર લક્ષ રાખે ત્યાં સુધી વિકલ્પ તૂટતા નથી. પ્રથમ અખંડ અને ખંડ બંનેનું જ્ઞાન કરીને અખંડ ધ્રુવ સ્વભાવને શ્રદ્ધાના લક્ષમાં રાખે અને અવસ્થાનું ભેદરૂપ લક્ષ ગૌણ કરે તો સ્વભાવના જોરે ક્રમેક્રમે વિકલ્પ તૂટી શુદ્ધ શ્રદ્ધા–જ્ઞાન પ્રગટે છે અને ક્રમેક્રમે સ્થિરતારૂપ ચારિત્ર વધે છે અને રાગનો નાશ થઈ પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટે છે, માટે સ્વઆશ્રિત શુદ્ધ નિશ્ચયનય પ્રથમથી જ આદરણીય છે.

કોઈ કહે, પ્રથમ વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય ઊઘડે અને તેરમે ગુણસ્થાને શુદ્ધ નિશ્ચય થાય, તો એમ કહેનાર વ્યવહાર અને નિશ્ચયને ઓળખ્યા વગરની વાત કરે છે. જો ચોથા ગુણસ્થાનમાં શ્રદ્ધાથી પૂર્ણ અને અંશે યથાર્થ ચારિત્ર ન હોય તો પૂર્ણ ક્યાંથી થાય? નાસ્તિમાંથી અસ્તિ ક્યાંથી આવશે? પ્રથમથી જ નિશ્ચય શ્રદ્ધા વિના સાચો ધર્મ અંશમાત્ર કોઈ ને કોઈ કાળે, કોઈ રીતે પ્રગટે નહિ.

વળી જ્ઞાનમાં વિકાર નથી. જુવાનીમાં અનેક પ્રકારના તીવ્ર પાપ કર્યા હોય, તેનું જ્ઞાન વૃદ્ધાવસ્થામાં કરે ત્યારે રાગ-દ્વેષના તોફાનના તેવા ભાવ તે વખતે, જ્ઞાન સાથે આવતા નથી. વિકારના નવી વાસના વધારે તે ઊંધા પુરુષાર્થા કારણે છે, જ્ઞાનના કારણે નથી. જુવાનીમાં અભિમાનમાં છકીને કાળા કેર કર્યા, કપટ, ચોરી વગેરે મહા દુષ્કૃત્ય કર્યા, એમ વિકારભાવનું જ્ઞાન કરવું તે દોષ નથી; વિચારવાનને તો વૈરાગ્ય આવે છે. બાળ, યુવાન કે વૃદ્ધ એ બધી શરીરની અવસ્થા છે. તેની સાથે વિકારને સંબંધ નથી, પણ અહીં તો વિકારનું જ્ઞાન વિકારથી જુદું છે અને બાળ–યુવાન આદિ શરીરની

અવસ્થાથી પણ જુદું છે, માટે પૂર્ણ વિકારી અવસ્થાનું જ્ઞાન કરવામાં તે વિકારી ભાવ કે તે વખતની અવસ્થા જ્ઞાન સાથે આવતાં નથી, માટે જ્ઞાનગુણમાં વિકાર નથી, એ નક્કી થયું.

રૂડા (નીતિમાન) જીવો અસત્ય, કપટ, ચોરી આદિનો આદર કરતા નથી. વડીલ, કુગુરુ આદિ કોઈ અનીતિ કરવાનું કહે છતાં નિર્ભયપણે ના પાડે અને કહે કે અમે પુણ્ય વેંચી ખાધાં નથી, એટલે કે અમારાં પુણ્ય હશે તો પૈસાદિનો સંયોગ મળશે, પણ તે મેળવવા અનીતિ નહિ કરીએ! વેપાર–ધંધો ગમે તેમ ચાલે પણ તેમાં કપટ કે કોઈ જાતની અનીતિ કરવી નથી, એમ લૌકિક સજ્જન પુરુષો પણ દુષ્ટ ભાવનો આદર કરતા નથી, તેનાથી પોતાની શોભા માનતા નથી; પણ નીતિ, સત્ય, બ્રહ્મચર્ય વગેરેમાં પોતાની શોભા માને છે. તેમ ક્ષણિક વિકારી ભાવ બાહ્ય લક્ષ કરે ત્યારે થાય છે, તે સ્વભાવવિરોધી કલંક હોવાથી ચૈતન્યસ્વભાવમાં શોભા કે આદર પામતા નથી. તેની સ્થિતિ ઉત્પન્ન–ધ્વંસીપણે એક સમયમાત્રની રહે છે. પ્રથમ સ્વાશ્રિત સ્વભાવમાં તેનું લક્ષ ગૌણ કરી, તેનું ધણીપણું–કર્તાપણું છોડી, વિકારને પર માની, તેનો ચારિત્રના જોરે નાશ કરે છે, એટલે સ્વભાવમાં તેની નાસ્તિ જ છે. તે ટાળવા યોગ્ય હોવાથી વર્તમાનમાં પણ મારા નથી, મારા હોય તો મારાથી જુદો પડે નહિ. ત્રણકાળમાં વિકાર મારો નથી, એમ ન માનતા જ્યાં સુધી વિકારને પોતાનો માને અને પોતાને વિકારરૂપ માને ત્યાં સુધી અનંત સંસારમાં રખડે છે. ચૈતન્ય સ્વરૂપની અવસ્થામાં પુરુષાર્થની નબળાઈના કારણે જ્ઞાનીને પણ પુણ્ય–પાપના ક્ષણિકવિકાર થાય છે, પણ સ્વભાવની શ્રદ્ધાના જોરમાં તેનો નિષેધ છે.

શુદ્ધ દૃષ્ટિથી જોતાં ચૈતન્યમૂર્તિ સદાય અખં જ્ઞાનાનંદઘનપણે છે. અશુદ્ધ–દૃષ્ટિથી વર્તમાન એકેક સમયની અવસ્થા પૂરતો વિકાર અને ઊંધા માન્યતા અનંતકાળથી કરતો આવે છે, છતાં ત્રિકાળી સ્વતંત્ર સ્વભાવને ઓળખી સાચી દૃષ્ટિ કરે તો ક્ષણમાત્રમાં તે ભૂલ ટળી જાય છે અને વર્તમાન પુરુષાર્થની નબળાઈને કારણે જે રાગ રહ્યો તે ઉપલક–બાહ્ય ભાવ નિમિત્ત આધીન છે, સ્વભાવ આધીન નથી. તેથી ટળવા યોગ્ય છે (બાહ્ય નિમિત્ત રાગ-દ્વેષ કરાવતું નથી પણ પોતે તે ઉપરના લક્ષે રાગ કે દ્વેષ કરે ત્યારે નિમિત્ત કહેવાય છે.

આચાર્યદેવ કહે છે કે પુણ્ય–પાપના બંધનરૂપ ભાવનું કર્તવ્ય છોડ! એ તારો સ્વભાવ નથી, એવી પ્રથમ શ્રદ્ધા કરીને આખા સંસારનો, ત્રણકાળના કર્મબંધનનો અને વિકારનો ત્યાગ કર! દ્રવ્યસ્વભાવ તો નિત્ય શુદ્ધ જ છે, કાયમ એકરૂપ ટકનાર છે, અખંડ છે અને ક્ષણિક અવસ્થા પૂરતી પુણ્ય–પાપની લાગણી અનેક પ્રકારે ભેદરૂપ છે, માટે તે

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



શરણભૂત ન હોવાથી તે ખંડરૂપ અશુદ્ધ અવસ્થાનો આશ્રય છોડી નિત્ય ધ્રુવ સ્વભાવનો આશ્રય કર તો તું પોતે જ ભગવાન આત્મા શાશ્વત શરણરૂપ છો. તારે કોઈ અન્યના શરણની જરૂર નથી.

નિત્ય એકરૂપ ટકનાર અવિનાશી આત્મા પૂર્ણ જ્ઞાનાનંદપણે વીતરાગસ્વભાવી છે. દેહાદિ સંયોગો અને પુણ્ય–પાપની લાગણી નાશવાન છે. નાશવાન વસ્તુ અવિનાશી સ્વભાવમાં શું કરી શકે? વર્તમાન અધૂરી દશામાં પણ તે મદદગાર નથી, કારણ કે દરેક સમયની વિકાર અને દેહની અવસ્થા તારાથી જુદાપણે છે અને તારા જ્ઞાનાદિ ગુણની અવસ્થા તેનાથી જુદાપણે છે. કોઈ પરવસ્તુ કે પરભાવ તારા સ્વરૂપમાં નથી; જે તારામાં નથી તે તને મદદગાર કેમ બને?

વ્યવહારે રાગ–દ્વેષ ચૈતન્યસ્વભાવને નુકશાનકર્તા છે પણ તે ત્રિકાળી ધ્રુવ સ્વભાવનો નાશ કરનાર કે ગુણની શક્તિ ઘટાડી દેનાર નથી, કારણ કે ગુણ નિત્ય છે, તેમાં રાગ–દ્વેષની નાસ્તિ છે. ક્ષણિક અવસ્થામાં થતાં રાગ-દ્વેષ નિત્ય પૂર્ણ ગુણરૂપ સ્વભાવમાં નથી. હું નિત્ય અખંડ સ્વભાવી, રાગનો નાશ કરનાર ધ્રુવપણે છું. એવી પ્રતીતિનું જોર કરનારો અલ્પકાળમાં રાગ–દ્વેષનો નાશ કરી પૂર્ણ પવિત્ર–વીતરાગ થઈ જાય છે.

આ અપૂર્વ વાતો છે. ફરી ફરી કાને પડવી પણ દુર્લભ છે. પ્રથમ સત્‌નો આદર લાવી હા પાડવાની વાત છે, તેની અંતરથી હા પાડવામાં પણ અનંતો સવળો પુરુષાર્થ છે. જગતને સમજાય કે ન સમજાય પણ આ સમજ્યે જ સંસારથી છૂટકો છે. નગ્ન સત્ય દાંડી પીટીને જાહેર કર્યું છે. સ્વભાવમાં રહીને એકલા પુરુષાર્થની વાત છે.

આ બધું મુક્તિનો પ્રથમ ઉપાય જે સમ્યક્‌દર્શન છે, તેની રીત કહેવાય છે. ગૃહસ્થદશામાં પણ થઈ શકે તેવી વાત છે. અરે! ઢોર અને આઠ વર્ષની બાલિકાના દેહના સંયોગમાં રહેલા આત્માઓને પણ આવો અપૂર્વ ધર્મ થઈ શકે છે. અનંત જીવો આઠ વર્ષની ઉંમરે (દેહની અપેક્ષાએ) કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા છે. જે થઈ શકે છે તે જ જન્મ–મરણનાં અનાદિનાં દુઃખથી છૂટવાનો ઉપાય કહેવાય છે.

પ્રથમ શ્રદ્ધા કરતા મોક્ષનો હર્ષ ઉછળી પડે છે. સંસારમાં જેની કિંમત છે, તેની વાત સાંભળતાં કેવો ઉછળી પડે છે! બે માસમાં આ રીતે ધંધો કરું તો બે લાખની કમાણી થાય એવા ભાવ કરીને હર્ષ માને છે. ધન, દેહ, પુત્રાદિનાં વખાણ સાંભળી તેમાં હોંશે કરી મીઠાશ માને છે અને તે બધા સંયોગને ટકાવી રાખવા માગે છે; પણ પોતે નિત્ય ટકનારો છે, તે ભૂલીને પરને નિત્ય ટકાવી રાખવા માગે છે. જેમાં રુચિ છે તેનાં વખાણ

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

સાંભળતાં કંટાળો આવતો નથી, વારંવાર પરિચય ઇચ્છે છે; તેમ ભગવાન આત્માના સ્વભાવની અપૂર્વ રીતે કિંમત કરે તો સમજવા માટે તેનું વારંવાર શ્રવણ–મનન કરવામાં કંટાળો લાગે નહિ, સમજ્યા પછી પણ તેની રુચિ ઘટે નહિ.

મારો સ્વભાવ ત્રિકાળી પૂર્ણ શુદ્ધ છે, ક્ષણિક વિકારની ઉપાધી કે કોઈ પર ચીજનો સંયોગ મારું સ્વરૂપ નથી, એવા પરથી નિરાળા સ્વભાવની શ્રદ્ધાના જોરે નિરુપાધિક પૂર્ણ સ્વભાવનો વિવેક કરવો, પરથી યથાર્થપણે જુદો માનવો તે જ પ્રથમ ધર્મ છે, તે જ સમ્યક્દર્શન છે. તે સ્વાભાવિક ધર્મને અંગીકાર કરીને, હે જગતના જીવાત્માઓ! તમે મોહ રહિત થઈને સ્વરૂપનો અનુભવ કરો, પરમાં સાવધાની અને પરના આશ્ચર્યની માન્યતા છોડી રાગથી જરા જુદા પડી સ્વભાવમાં ઠરો. એમ આખા જગતના જીવોને સ્વરૂપનો અનુભવ કરવાનું કહે છે. આચાર્યદેવ પોતાની દૃષ્ટિએ બધા આત્માઓમાં પરમાર્થે પ્રભુતા–પૂર્ણપણું ભાળે છે અને એ રીતે બધાને સંબોધીને કહે છે, કે મોહ રહિત થઈને અમારી જેમ તમે પણ અનુભ કરો. શાંત–નિરાકુળ સુખ–આનંદ સ્વભાવમાં જ ઠરો; તે જ સર્વનું ધ્રુવ પદ છે. જ્યાં સુધી પરમાં કર્તૃત્વ–મમત્વ છે ત્યાં સુધી સ્વતંત્ર સ્વભાવના શ્રદ્ધા, જ્ઞાન અને તેનો શુદ્ધ અનુભવ થતો નથી, તેથી શુદ્ધ આત્માનો અનુભવ કરવાનો ઉપદેશ છે.

હવે, એ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે, તેમાં એમ કહે છે કે આવો અનુભવ કર્યે આત્મદેવ પ્રગટ પ્રતિભાસમાન થાય છે :—

**भूतं भांतमभूतमेव रमसान्निर्भिद्य बंधं सुधी–**
**र्यद्यंतः किल कोऽप्यहो व्याहत्य मोहं हठात् ।**
**आत्मात्मानुभवैकगभ्यकहिमा व्यक्तोऽयमास्ते ध्रूवं**
**नित्यं कर्मकलंकपंकविकलो देवः स्वयं शाश्वतः ।।१२।।**

**અર્થ :**—જો કોઈ સુબુદ્ધિ (સમ્યગ્દષ્ટિ, ધર્માત્મા) ભૂત, વર્તમાન અને ભવિષ્ય એવા ત્રણે કાળનાં કર્મોના બંધને (પોતાની યથાર્થ શ્રદ્ધાના જોરે મનના અવલંબનથી જરા જુદો પાડી) પોતાના આત્માથી તત્કાળ–શીઘ્ર મનન કરીને એટલે તે મારું સ્વરૂપ નથી, હું નિત્ય અસંગ જ્ઞાયક છું, પૂર્ણ નિર્મળ છું એવી શ્રદ્ધાના સ્વાશ્રિત જોર વડે કર્મના ઉદયના નિમિત્તથી થયેલ મિથ્યાત્વ (અજ્ઞાન)ને પોતાના બળથી (પુરુષાર્થથી) રોકીને અથવા નાશ કરીને અંતરંગમાં પરથી જુદા સ્વભાવનો અભ્યાસ કરે તો આ આત્મા પોતાના અનુભવથી જ જાણવા યોગ્ય જેનો પ્રગટ મહિમા છે, એવો અનુભવ–ગોચર, નિશ્ચલ,

શાશ્વત, નિત્ય કર્મકલંક–કર્દમથી રહિત એકરૂપ શુદ્ધસ્વભાવી એવો પોતે જ સ્તુતિ કરવા યોગ્ય દેવ અંતરમાં વિરાજમાન છે.

એકવાર ઉપર પ્રમાણે યથાર્થ સ્વરૂપને શ્રદ્ધાના લક્ષમાં લઈને, તેમાં એકાગ્ર થઈને શુદ્ધ સ્વભાવનો એકાકારપણે અનુભવ કર! જેમ દાબડી અને તેના સંયોગમાં રહેલો હીરો એક નથી, ખ્યાલમાં છે કે વર્તમાન હીરો દાબડીના સંયોગમાં રહેલો છે. છતાં હીરા ઉપર જ લક્ષ કરીને જોતાં છૂટો જ છે; તેમ આત્મા ચૈતન્ય જ્ઞાનમૂર્તિ વર્તમાન અવસ્થા પૂરતો દેહાદિના સંયોગમાં રહ્યા છતાં અસંયોગી સ્વભાવની દૃષ્ટિએ જોતાં તે છૂટો જ છે. ભગવાન આત્મા વર્તમાન શરીરના સંયોગે એકક્ષેત્રે રહેલો છે, છતાં તે દેહાદિ જડની અવસ્થાથી જુદો જ છે અને પરમાર્થે પરાશ્રય વડે થતાં વિકારી ભાવથી પણ જુદો જ છે.

છે છતાં આમ જ! સાચી દૃષ્ટિથી જોતાં ત્રિકાળ પરથી તથા વિકારી ભાવથી આત્મા જુદો છે, છતાં અજ્ઞાની મિથ્યાદૃષ્ટિથી પર સાથે એકમેકપણું માને છે. અહીં શુદ્ધનય વડે અવસ્થાને ગૌણ કરી આખા સ્વભાવને માનવાની રીત બતાવી છે. જે સાચી રીત છે, તેને મોંઘુ માને તો બીજા રસ્તે સ્વભાવને જાણી શકાશે નહિ. સત્‌ને માર્ગે જ સત્ સ્વભાવ આવે, અસત્‌નો માર્ગ સહેલો માનીને તે રસ્તે જાય તો સત્ વધારે દૂર થતું જશે. રાજકોટથી ભાવનગર જવું હોય, પણ તે છેટું પડે માટે ચાલો જઈએ જામનગર! નગર તો આવશે! એમ માની જામનગરના રસ્તે જાય તો ભાવનગર ઊલટું વધારે છેટું પડશે અને તે રસ્તે તો ભાવનગર કદી પણ આવશે નહિ; તેમ આત્માનો અંતરંગ માર્ગ તદ્દન સીધો જ છે, પણ અણ અભ્યાસે મોંઘો (મુશ્કેલ) લાગે છે. અનાદિની ઊંધી માન્યતાની પકડને લીધે પ્રથમ અઘરૂં લાગે અને બાહ્યમાં સોંઘાથી ધર્મ માની લે, તો અંશમાત્ર પણ અજ્ઞાન–મિથ્યાભિમાન દૂર થશે નહિ અને સ્વભાવથી દૂર ને દૂર રહેશે.

આચાર્ય ભગવાને સ્વભાવની દૃઢતા વડે એક સમયમાત્રમાં મિથ્યા માન્યતાનો નાશ થાય એવો ઉપાય બતાવ્યો છે. મિથ્યા માન્યતા વડે–અશુદ્ધતાના આશ્રય વડે એકેક સમયની અવસ્થા કરતાં અજ્ઞાન અને અશુદ્ધતામાં જ અનંતકાળ વીત્યો, છતાં પણ તે અજ્ઞાન અને અશુદ્ધતાની સ્થિતિ એક સમયમાત્રની–ઉત્પન્નધ્વંસી હોવાથી ક્ષણમાં તેનો નાશ થઈ શકે છે, અનાદિનાં છે માટે વધારે વખત જોઈએ એવું નથી.

પરથી જુદાપણાની શ્રદ્ધા કરવા માટે અને રાગ–દ્વેષ રહિત સ્વભાવનું જ્ઞાન અને તેમાં સ્થિરતા કરવા માટે વર્તમાનમાં નવો પુરુષાર્થ ઉપાડવો જોઈએ. અંતર સ્વભાવના પુરુષાર્થનો સંબંધ જડ કર્મ સાથે નથી, ગુણરૂપ ધર્મને પુણ્ય જગાડી શકે નહિ અર્થાત્ પુણ્યથી ધર્મનો પુરુષાર્થ જાગે નહિ. ગુણ પ્રગટાવવા માટે અંદરમાં પૂર્ણ સ્વાધીન ગુણની

શ્રદ્ધા સહિતનો પુરુષાર્થ જોઈએ. સ્વાધીન સ્વભાવને કોઈ કાળ, કોઈ ક્ષેત્ર કે કોઈપણ સંયોગની ઓશિયાળ નથી.

'કોણ જાણે ક્યારે ગુણ પ્રગટશે? આવા પંચમ કાળમાં આવો ધર્મ આપણાથી થઈ શકે નહિ,' એમ કહીને પુરુષાર્થ ન રોકો! અરે! આત્મસ્વભાવને કાળ અને કર્મ નડે! તું આત્મા છો કે નહિ? જડ કર્મ તો આંધળા છે, જ્ઞાન રહિત છે, તે તને કાંઈ કરી શકતો નથી, છતાં પોતાના પુરુષાર્થની નબળાઈનો દોષ પર ઉપર ઢોળવો તે અનીતિ–અધર્મ છે.

'અનુભવ પ્રકાશ'માં કહે છે કે :—''આ કાળ બીજું બધું કરવું સહેલું છે, માત્ર સ્વરૂપ સમજવું જ કઠણ છે; એમ કહેનાર સ્વરૂપની ચાહ–ભાવના મટાડનાર, પુરુષાર્થને મંદ પાડનાર બહિરાત્મા, મિથ્યાદૃષ્ટિ, મૂઢ છે.''

જુદાપણાની યથાર્થ શ્રદ્ધા કરી સ્વાધીન સ્વભાવની ભાવના કરવી તેને તું ઊંધી કહે છે, પણ તારી પાસે તો બાહ્ય સંયોગ એવા કયા છે, કે જેથી મોંઘું–મોંઘું કરી રહ્યો છે? ભરત ચક્રવર્તી કે જેમને ૯૬૦૦૦ તો સ્ત્રીઓ હતી, જેમની ૧૬૦૦૦ દેવો તો સેવા કરતા હતા, છ ખંડનું રાજ્ય હતું. આવા સંયોગમાં રહ્યા છતાં પણ તેઓ મહાન ધર્માત્મા હતા, સમ્યગ્દૃષ્ટિ હતા, અંતરમાં જુદાપણાનું ભાન તેમને વર્તતું હતું; અને તારે ઘેર તો ૯૬૦૦૦ નળિયાં પણ નહિ હોય, છતાં પર સંયોગનો વાંક કાઢી આત્મધર્મ સમજવો કઠણ, એમ કહીને જ્ઞાનમાં આડ મારીને સમજવાનું દ્વાર જ બંધ કરી દે છે, તેને સમજાય ક્યાંથી? તેને સંસારની પ્રીતિ છે.

વળી 'અધ્યાત્મ વસ્તુ મોંઘી છે' એમ કહી જેઓ તત્ત્વજ્ઞાન સમજવાની દરકાર કરતા નથી, તેઓ સ્વાધીન જ્ઞાનસ્વભાવનું ખૂન કરનાર છે. નવરો બેઠો સંસારની ક્રિયામાં હોંશ માન્યા કરે છે, છાપામાં શું આવ્યું? રેડિયામાં શું સમાચાર છે? એમ વારંવાર પૂછ્યા કરે છે, પણ તારા આત્માના સમાચાર–આત્મા શું કહે છે, તથા ભયંકર ભાવમરણો કેમ ટળે, તે સમજવા માટે કદી પણ પૂછતો નથી. જેને બાહ્યમાં પરની રુચિ છે તે પર ઉપરના રાગને માટે વખત મેળવી બધું કરે છે, રાગની વસ્તુને સારી રાખવા પ્રયત્ન કરે છે, પરવસ્તુમાં રાગ–દ્વેષ સિવાય કાંઈ થઈ શકતું નથી. જેનાથી જન્મ–મરણનાં અનંત દુઃખ ટળી શાશ્વત સુખ થાય તેની રુચિ નહિ, તેનો આદર નહિ, ઓળખાણ નહિ, તો આત્મસ્વભાવ મફતની ચીજ નથી કે તે પુરુષાર્થ વિના એની મેળે પ્રગટે!

આચાર્યદેવ કહે છે કે આત્માનો સ્વભાવ શીઘ્ર સમજવા માટે પાત્રતા વડે સત્સમાગમ મેળવી તેનો અભ્યાસ કરે, રુચિ કરી પુરુષાર્થ કરે તો આ કાળમાં પણ આત્માનો સ્વભાવ સમજવો સુલભ છે, પણ પરને પોતાનું માની પુણ્યાદિ સંયોગને

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પોતાના કરી રાખવા માગે છે, તો પુણ્ય–પાપ કદી કોઈને એક સરખા ટકી શક્યા નથી, માટે તે એકાંત અશક્ય છે, એટલે કે આત્મા પરમાં કાંઈ કરવા કોઈ કાળે સમર્થ નથી, અને સ્વભાવમાં બધું કરવા સર્વ કાળે સમર્થ છે.

તા. ૯-૯-૪૩. (રાત્રિચર્ચામાંથી)

પર મને નિમિત્ત થાય છે અને હું પરનો નિમિત્ત થાઉં છું એમ અજ્ઞાની માને છે, પણ પર વસ્તુ તો માત્ર જ્ઞેય છે, તેને જ્ઞાનમાં જાણવાનો નિષેધ નથી, શ્રદ્ધા પછી જ્ઞાનનો વિષય યથાર્થપણે સ્વ–પરના વિવેકથી જેમ છે તેમ નિમિત્તને જાણવાનો છે. શ્રદ્ધામાં અખંડ ધ્રુવ સામાન્ય સ્વભાવ લક્ષમાં આવ્યા પછી અવસ્થા વિશેષ તરફ જ્ઞાન ઢળે છે. તે સમ્યક્ પ્રકારે થયેલું જ્ઞાન સ્વ–પરપ્રકાશક હોવાથી વર્તમાન અધૂરી અવસ્થા છે તેને જાણતાં સંયોગરૂપ નિમિત્તની હાજરી પણ જેમ છે તેમ જાણે છે અને ત્રિકાળ ટકનાર અસંયોગી ધ્રુવ સ્વભાવને પણ જાણે છે, પણ નિમિત્તને આધારે જ્ઞાન નથી અને નિમિત્ત એટલે બાહ્ય સંયોગની હાજરી તેનો નિષેધ (અસ્વીકાર) જ્ઞાન કરી શકે નહિ.

સમ્યક્શ્રદ્ધાના વિષયમાં તો પૂર્ણ નિર્મળ પર્યાય અને અધૂરી પર્યાયના પણ ભેદ નથી. અનાદિ અનંત પૂર્ણરૂપ એકાકાર વસ્તુસ્વભાવ શ્રદ્ધાના લક્ષમાં લીધો તેમાં પૂર્ણ ધ્રુવ સ્વભાવની અસ્તિ અને વર્તમાન અવસ્થાના કોઈપણ ભેદની નાસ્તિ છે. શ્રદ્ધાનો વિષય તો અખંડ વસ્તુ છે.

જ્ઞાનમાં સ્વવસ્તુ અને પયાયના ભેદ જાણતાં જ્ઞેયરૂપ પર ચીજ પણ જાણવાનો વિષય બને છે, તે (જ્ઞાન કરવું તે) પણ ખરી રીતે સ્વ–વિષય છે, કારણ કે પરમાં જાણવું નથી, પરથી જાણવું નથી, છતાં પર ચીજ છે ખરી તે જ્ઞાનમાં પર જ્ઞેય થવામાં નિમિત્ત છે એમ જ્ઞાની પર વસ્તુની અસ્તિનો સ્વીકાર તો કરે છે; ત્યારે અજ્ઞાની ઊંધેથી પકડે છે કે પરજ્ઞેયથી–નિમિત્તથી જ્ઞાન થાય છે, એમ નિમિત્તની પોતામાં અસ્તિ માને છે. જ્ઞાની નિમિત્તને પોતામાં નાસ્તિપણે જ્ઞેય તરીકે જાણે છે, સ્વ-પરનો વિવેક કરે છે.

નિમિત્ત નિમિત્તપણે છે, પોતાપણે નથી; પોતે પોતાપણે છે, નિમિત્તપણે નથી. આખો લોક પરજ્ઞેયમાં (નિમિત્ત) છે પણ જ્ઞાનમાં મદદગાર નથી. કોઈ કાર્યમાં નિમિત્ત કાંઈ કરતું નથી, માત્ર તેની હાજરી છે; છતાં નિમિત્તાધીન દૃષ્ટિવાળાને અંતરમાં સ્વતંત્ર વસ્તુ સમજાણી નથી, તેથી તે 'પરનું કાંઈ ન કરી શકાય,' એમ સાંભળીને જો વિરોધ

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

ન કરે તો બીજો કોણ વિરોધ કરે? સમજણના દોષે અસત્યનો સ્વીકાર કરી સત્યનો વિરોધ અજ્ઞાની કરે તેમાં કાંઈ આશ્ચર્ય નથી.

તા. ૧૦-૯-૪૩.

જે કોઈ સમ્યક્દૃષ્ટિ ત્રણકાળના કર્મબંધોને પોતાના આત્માથી ભિન્ન જાણી અનુભવ કરી મિથ્યાત્વમોહ અને અજ્ઞાનને પોતાના પુરુષાર્થથી રોકીને અથવા નાશ કરીને અંતરંગમાં જુદાપણાનો અભ્યાસ કરે છે, તે પોતાને પોતામાં જ સ્પષ્ટપણે અસંગપણે દેખે છે; તેથી આ આત્મા પોતાના અનુભવથી જ જણાવા યોગ્ય જેનો પ્રગટ મહિમા છે, એવો વ્યક્ત (અનુભવગોચર) અંતરમાં બિરાજમાન છે. તેને શુદ્ધનય વડે સારી રીતે જાણી શકાય છે.

શુદ્ધ સ્વભાવને પરથી ભિન્નપણે અનુભવવાનો અભ્યાસ અનાદિ કાળથી કદી કર્યો નથી, શુદ્ધભાવ વડે અંદર જોતા વિકારનો નાશક ત્રિકાળી જ્ઞાનરૂપે અસંયોગી છું એમ કદી માન્યું નથી, પણ વર્તમાન અશુદ્ધ પર્યાયરૂપે તથા પુણ્ય–પાપના ભાવ થાય તે રૂપે પોતાને માન્યો છે, પણ તે પર્યાય દૃષ્ટિથી કદી ધર્મનો વિકાસ થઈ શકતો નથી. પરાધીન માન્યતા અને અશુદ્ધભાવનો નાશ કરનારો પોતાને ભૂલી પરાધીનતાને સેવે ત્યાં સુધી પરાશ્રયરૂપ ઊંધી માન્યતાનો ત્યાગ કરી શકે નહિ. પ્રથમ પૂર્ણ નિર્મળ સ્વાધીન સ્વરૂપ શું તેને યથાર્થ રીતે ઓળખી પૂર્ણ સ્વભાવ આધીન થઈ સ્વઆશ્રિત અખંડ શ્રદ્ધાના લક્ષે સ્વભાવમાં જોર આપી ઠરે તો–સ્વમાં ટકે તો નિત્ય જ્ઞાનાનંદરૂપે સ્વાધીન સ્વભાવ હોવાથી સ્વરૂપની નિર્મળતા પ્રગટ થાય છે, એટલે ક્રમેક્રમે વર્તમાન અવસ્થામાં સાક્ષાત્ નિર્મળતારૂપ સ્વાધીન શક્તિ પ્રગટ થાય છે.

શુભ–અશુભ બંને બંધનવાળા છે, જે ભાવે બંધન (પરાધીનતા) થાય તે ભાવે સ્વાધીન સ્વરૂપ મોક્ષ તો ન જ થાય પણ સ્વાધીન ધર્મનો માર્ગ પણ ન થાય. આમ હોવાથી વ્રતાદિના શુભભાવ વડે હળવે હળવે આત્માના ગુણ થાય તે માન્યતા ઊંધી છે. પ્રથમ શ્રદ્ધામાં તે વિકારી ભાવના અવલંબનનો નિષેધ કરી, અંદર ગુણસ્વભાવને ઓળખી, તેમાં એકાગ્ર થાય તો તેટલી ગુણની નિર્મળતા પ્રગટે છે. આત્માના ગુણ આત્માના આશ્રયે જ પ્રગટે છે, પુણ્ય–પાપથી આત્માના ગુણ કદીપણ પ્રગટ થતા નથી.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



(શુભભાવ કરવા–ન કરવાનો અહીં પ્રશ્ન નથી. પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી શુભરાગ હોય છે, પણ તેથી આત્માને લાભ નથી.)

આત્મામાં પૂર્ણ અખંડ જ્ઞાનાનંદ સ્વભાવ નિત્ય ભર્યો છે, પણ વર્તમાન અવસ્થાનો પ્રવાહ અંતરમાં નહિ ઢળતાં બાહ્ય લક્ષે પુણ્ય–પાપમાં જોડાય છે, તેટલો વિકારી ભાવ એકેક સમયની અવસ્થા પૂરતો દેખાય છે. સ્વલક્ષે એકાગ્ર રહે તો રાગ-દ્વેષ થતા નથી.

પરનું જ્ઞાન કરવું તેમાં રાગ નથી પણ જાણવામાં જેટલો અટકે છે, ઠીક–અઠીકપણું કરે છે તેટલો રાગ–દ્વેષ છે. ગુણથી કદીપણ બંધન થાય નહિ. સ્વભાવ પુણ્ય–પાપના વિકારી ભાવના ઉત્પાદક નથી પણ નાશક છે, માટે પ્રથમ સ્વાધીન ગુણની શ્રદ્ધા ઉપર વજન છે.

સ્વભાવમાં વિકલ્પનો કોઈ વિકાર નથી. ગોળમાં ગળપણ ભર્યું જ હોય, ઉપરના ભાગમાં કોઈ વખત કડવાશ દેખાય તો તે પર સંયોગ આધીન પડખું છે, તેનું લક્ષ ગૌણ કરી આખા એક રસપણે જુઓ તો ગોળ ને ગળપણનો જ પિંડ છે, તેમ આત્મા અસંયોગી જ્ઞાન, દર્શન, વીર્ય આદિ અનંત ગુણોનો અખંડ પિંડ છે. તેના સ્વભાવમાં વિકાર નથી પણ વર્તમાન અવસ્થા જેટલો હું છું, પરનો કર્તા છું, એવી ઊંધી દ્રષ્ટિ વડે પોતાને ભૂલી પોતામાં પરસંયોગનો આરોપ કરે છે ત્યારે પર લક્ષે નવો વિકારભાવ થાય છે. સ્વલક્ષે તે વિકારભાવનો નાશ કરી, વર્તમાન સંયોગાધીન અવસ્થાનું લક્ષ ઢીલું કરી ત્રિકાળી અસંગ જ્ઞાયકસ્વભાવને દેખો તો નિત્ય એકરૂપ જ્ઞાનાનંદરસપૂર્ણ સ્વતંત્ર ભગવાન આત્મા પોતે જાગૃતિ સ્વરૂપે છે, રાગાદિ–દેહાદિપણે કદી નથી. આવું શુદ્ધાત્મસ્વરૂપનું ભાન વર્તમાન કાળમાં પણ પોતાથી શીઘ્ર થઈ શકે છે.

પુણ્યાદિ જડ કર્મ મને સારી બુદ્ધિ સુજાડે, કોઈના આશીર્વાદથી ગુણ ઉઘડે, બાહ્ય ક્રિયાથી કે શુભરાગથી ગુણ થાય એમ અજ્ઞાનથી માને ભલે; પણ બહારની કોઈ ક્રિયાથી કે કોઈ પરવસ્તુથી અંતર સ્વભાવના ગુણને કાંઈ પણ મદદ થતી નથી.

મિથ્યાત્વ એટલે સ્વરૂપમાં ભ્રાંતિરૂપ વ્યામોહ. હું દેહ છું, હું રાગ કરું છું એમ સ્વરૂપથી વિપરીત માન્યતા તેને દર્શનમોહ કહેવાય છે.

સત્‌નો પ્રેમ લાવી તેનું શ્રવણ, મનન અને તે માટેનો સત્સમાગમે પરિચયથી અભ્યાસ કર્યો નથી, તેથી આત્માની વાત સાંભળતાં લોકોને પ્રશ્ન થાય છે કે, 'આત્મા છે તો તે દેખાતો કેમ નથી? અંદર દ્રષ્ટિ કરવા જાય તો અંધારૂ દેખાય, બહાર જુએ તો જડની ક્રિયા અને દેહાદિ દેખાય, પણ હું જાણું છું અને હું નથી જાણતો તથા આ અંધારૂં

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

છે, એ બધું નક્કી કરનાર કોણ છે?' નક્કી શેમાં કર્યું? હું મને નથી દેખતો એમ કહેનાર પોતે પોતામાં ટકીને નક્કી કરે છે. જાણે છે તે જ આત્મા છે, દેહ–ઈન્દ્રિય કાંઈ જાણતા નથી; માટે જ્ઞાનની બધી અવસ્થામાં પોતે જ પ્રત્યક્ષ છે, છતાં પોતામાં શંકા કરી ના પાડે તે આશ્ચર્યની વાત છે. દેહથી જુદો, સ્વતંત્રપણે ટકનારો હું જ્ઞાતા છું, તે ઈન્દ્રિયોથી જણાતું નથી પણ જ્ઞાનથી જણાય છે. પુણ્ય–પાપના વિકલ્પ થાય છે તેમાં હર્ષ–શોકના ભાવ નજરે દેખાતા નથી, છતાં 'મને હર્ષ થયો' એમ કેમ માને છે? માટે જે ઈન્દ્રિયોથી ન જણાય પણ જ્ઞાનથી જાણી શકાય, એવા આત્માને માનવો પડશે.

'પરમાં કાંઈ ગ્રહણ–ત્યાગ કરી શકું, શરીરને સરખું રાખી શકું, આમ કરવાથી સમાજમાં સુધારો કરી શકાય.' એવી જે પરનું કરી શકવાની માનયતા તે બધી ઊંધી દૃષ્ટિ છે. જગતની દરેક વસ્તુ પોતપોતાનાં સ્વતંત્ર કારણે પોતાથી જ વ્યવસ્થિતપણે વર્તે છે, છતાં તેને હું બદલાવી દઊં, એમ માનનાર અજ્ઞાની બધી વસ્તુને પરાધીન અને માલ વિનાની માને છે, પોતાની સ્વતંત્રતાને પરાધીન માને છે. સત્ વસ્તુને માનતો નથી અને પર વસ્તુમાં જલદી ડહાપણ બતાવે છે, પણ આત્મા શું વસ્તું છે, કેવો છે, તેમાં શું થાય છે, તેની ખબર નથી, તેના વિચાર કરતાં મૂંઝાય છે; અમને ખબર ન પડે એમ માની જે સ્વાધીનપણે થઈ શકે છે, એવા સુખી થવાના ઉપાયનો અનાદર કરે છે અને પરાધીનતા–જે દુઃખી થવાનો ઉપાય તેનો આદર કરી રહ્યો છે. ઘેર લગ્નાદિ પ્રસંગ હોય તેની યોજનાના વિચારમાં એવો મશગૂલ થઈ જાય કે એ વખતે બીજું બધું ભૂલી જાય છે, કારણ કે તેમાં રુચિ છે, પણ ત્યાં જે એકાગ્રતા છે તે પાપરૂપ અશુભભાવ છે અને ધર્મના નામે દયા, વ્રત, પૂજા વગેરેના વિચારમાં એકાગ્ર થાય તો શુભભાવરૂપ પુણ્ય થાય છે. તે પુણ્ય–પાપને પોતાનું સ્વરૂપ માને તેમ જ રાખવા જેવા માને તો મિથ્યા માન્યતા છે.

પરને લક્ષમાં લઈ, તેના વિચારોને લંબાવી તેમાં એવો એકાગ્ર થઈ જાય છે, કે બીજું બધું ભૂલી જાય છે. પાસે નગારાં વાગતાં હોય તેનું પણ ધ્યાન રહેતું નથી, છતાં તે એકાગ્રતા પરલક્ષે છે, તેનાથી સ્વાધીન સ્વભાવને કાંઈ લાભ નથી. જે પરલક્ષે–પરાશ્રયથી વિચારમાં એકાગ્રતા લંબાવી વિકારમાં એકાગ્ર થઈ શકે છે, તે સ્વાધીન સ્વભાવમાં સ્વલક્ષે સ્વાશ્રિતપણે જરૂર એકાગ્ર થઈ શકે, કારણ કે સ્વલક્ષ તે આત્માનો સ્વભાવ છે. શ્રદ્ધામાં બાહ્ય વલણનો ત્યાગ કરી સ્વલક્ષે અંદરના ગુણ વિચારમાં એકાગ્ર થાય તો તેમાં અંશે મનનું અવલંબન તૂટી જાય છે, સ્વાશ્રિતપણે વિચાર કરનાર જ્ઞાનસ્વભાવ વર્તમાનમાં પણ ખુલ્લો જ છે. સ્વભાવ કદી વિકારરૂપે નથી, મન–ઈન્દ્રિયોને આધીન નથી. જ્ઞાન સ્વતંત્ર છે, સદાય પોતાથી જ જાણે છે અને પોતાનો જ અનુભવ

કરે છે, તેમાં પર નિમિત્તની મદદ કે અવલંબન નથી. જ્ઞાનસ્વભાવમાં પરાશ્રયરૂપ ભેદ પણ નથી, તે નિશ્ચય એકરૂપ નિત્ય ટકી રહે છે.

સંસારના વિચારમાં પરાશ્રિતપણે રોકાય છે તે પરમાં લક્ષ કરનાર પણ પોતાનો સ્વતંત્ર જ્ઞાન સ્વભાવ જ છે; જ્ઞાન કોઈને આધીન નથી. વર્તમાન જ્ઞાનના ઉઘાડથી સળંગ ત્રિકાળી જાણનાર જ્ઞાનસ્વભાવે હું જ સ્વાવલંબી સંપૂર્ણ છું, એવો નિર્ણય પોતે સ્વલક્ષથી કરી શકે છે. જેની દૃષ્ટિ દેહ ઉપર છે તે પરાશ્રય વિના બીજું કાંઈ ભાળતો નથી, તેની દૃષ્ટિ જ પર ઉપર છે, તેથી તેને એમ લાગે છે કે પરનો કાંઈક આશ્રય લઉં તો સ્થિર થઈ શકું, પણ પર આશ્રયનો ભાવ એ જ સ્વાશ્રયમાં ભ્રાંતિ છે. સ્વઆશ્રિત સ્વભાવના બેહદ સામર્થ્યની શ્રદ્ધા નથી, તેથી માને છે કે દેહ, ઇન્દ્રિયો, શાસ્ત્ર વગેરેના અવલંબન વિના ધર્મમાં સ્થિર ન રહી શકું; એમ જ્યાં પરાશ્રય માને છે કે ત્યાં દરેક વખતે ધર્મમાં મૂંઝાય છે. સ્વલક્ષે અંદરના પૂર્ણ સ્વતંત્ર સ્વભાવને માને તો અનેક પ્રકારની પરાધીનપણાની માન્યતાનો અને અજ્ઞાનભાવનો શુદ્ધ સવભાવના જોરે નાશ કરી, ક્ષણમાત્રમાં સ્વરૂપની એકાગ્રતા સાધી પવિત્ર મોક્ષભાવ પ્રગટ કરી શકે છે. પ્રથમ દૃષ્ટિમાં મોક્ષસ્વભાવનો સ્વીકાર થતાં અંશે નિર્મળતારૂપ અપૂર્વ પુરુષાર્થ ઊગે છે, અસ્થિરતામાં અલ્પ નિમિત્તાધીન ભાવ થાય તેનો સ્વભાવના જોરમાં સ્વીકાર નથી. આ રીતે સ્વભાવના લક્ષે પરાશ્રયનો નાશ કરી જન્મ–મરણ ટાળનાર એવી સમ્યક્શ્રદ્ધા થઈ શકે છે.

જાણવાનો તો મારો સ્વભાવ જ છે, સ્વભાવમાં પરની મદદ શેની? એમ સ્વતંત્ર સ્વભાવને માનનાર આત્મા પોતાના ત્રિકાળ જ્ઞાનસ્વભાવની સ્વાનુભવરૂપ ક્રિયાનો કર્તા થયો, પોતાના જ્ઞાનસ્વભાવનો જ સ્વામી થયો, એટલે પુણ્ય–પાપ વિકારનું કર્તાપણું અને ધણીપણું રહ્યું જ નહિ. આમાં અનંતો પુરુષાર્થ અને અનંતી જ્ઞાનની ક્રિયા આવે છે.

આત્માનો જ્ઞાનસ્વભાવ નિત્ય પ્રગટ છે, તે કોઈથી કદી રોકાયો નથી, કોઈથી દબાયો નથી કે કોઈ સાથે ભળી ગયો નથી; એવો વ્યક્તસ્વભાવી પોત પોતાના જ્ઞાન વડે જણાવા યોગ્ય (સ્વાનુભવગોચર) સદાય બિરાજમાન છે. અંદર સ્વતંત્ર ગુણની શ્રદ્ધા પછી સાચું જ્ઞાન સ્વ–પરને યથાર્થ જાણે છે ત્યારે બાહ્ય સંયોગ જે હાજર હોય તે નિમિત્ત કહેવાય છે. દેવ, ગુરુ, શાસ્ત્ર વગેરેથી જ્ઞાન થતું નથી, જો નિમિત્તથી જ્ઞાન થાય તો બધાને સરખું જ્ઞાન થવું જોઈએ. નિમિત્તાધીન દૃષ્ટિ જ સ્વાધીન સત્‌નું ખૂન કરનાર છે. બાહ્ય સાધન વિના મારે ચાલે નહિ, એવી ઊંધી માન્યતા અનાદિથી ટકાવી રાખતો આવે છે, તેનો જે જીવ સ્વાવલંબી સ્વભાવના લક્ષે પ્રથમ શ્રદ્ધામાં નાશ કરે છે તે પછી ક્રમે ક્રમે સ્વભાવમાં સ્થિર થતાં પરાશ્રય છોડતો જાય છે.

લોકોને સ્વાધીન સ્વભાવની શ્રદ્ધા કરતાં ધ્રૂજારી લાગે છે, કે ''હાય હાય! કોઈના અવલંબન વગર હું કેમ ટકી શકું?'' તેને પોતાની જ શ્રદ્ધા નથી તેથી પરાશ્રયની શ્રદ્ધા બેસી ગઈ છે, પણ એકવાર સ્વાશ્રિત અખંડ સ્વભાવના જોર વડે પરાશ્રયનો નિષેધ કરે તો સ્વતંત્રતાનું જોર પ્રગટે અને નિત્ય જાણનાર–દેખનાર સ્વરૂપે જ પોતાને દેખે.

વળી આત્મા કેવો છે?

નિત્ય નિશ્ચલ છે; જેમાં ચાર ગતિના ભ્રમણનો સ્વભાવ નથી. વળી આત્મા શાશ્વત છે, વસ્તુસ્વરૂપે ત્રિકાળ ટકનાર સ્વાનુભવરૂપ છે, પોતાના અનુભવથી કદી જુદો નથી અને કદી જુદો પડતો નથી; તેથી કોઈ કહે કે 'આ કાળે આત્માનો અનુભવ ન હોય,' તો તે વાત ખોટી છે. વળી આત્મા નિત્ય કર્મકલંકથી જુદો છે. જો વર્તમાનમાં કર્મોથી જુદો ન હોય તો જુદો થઈ શકે નહિ. વળી આત્મા ઊણો, વિકારી કે પરાધીન નથી, કારણ કે નિત્ય ગુણસ્વરૂપમાં દોષ હોઈ શકે નહિ.

અવસ્થાના ભેદ તે વ્યવહાર છે. સ્વભાવ તો વર્તમાનમાં પણ પરમાર્થે પૂર્ણ નિર્મળ છે, અસંગ છે. તે સ્વભાવનું લક્ષ કરતાં જ પ્રગટ ભાનરૂપે વિશુદ્ધ ચૈતન્ય ભગવાન અંતરમાં નિત્ય બિરાજમાન છે અને તેવો જ પોતા વડે નિત્ય જણાઈ રહ્યો છે, અનુભવાય છે. આવા આત્માનું ભાન સમ્યગ્દર્શન થતાં થાય છે. ભવની ભ્રાંતિનો નાશ કરી સાક્ષાત્ પોતાના પરમાત્મ–સ્વરૂપના વર્તમાનમાં જ દર્શન થાય, એવો ઉત્તમ ધર્મ કહેવાય છે.

અનાદિની પરની ઓશિયાળનો નાશ કરનાર, અવિનાશી સ્વભાવી આત્મા નિત્ય ગુણસ્વરૂપે છે, પુણ્ય–પાપના બંધનભાવની ઉત્પત્તિને રોકનાર છે, તેને ભૂલી પર્યાયનો આશ્રય કરી અને વિકારી અવસ્થાને જ સ્વભાવ માની લે તો વિકારની જ ઉત્પત્તિ થાય છે. વિકારના અવલંબનની દૃષ્ટિમાં ઊભો તે સંસારને ઇચ્છનાર છે અને જેણે વિકારના નાશક અવિકારી સ્વભાવ ઉપર દૃષ્ટિ કરી તે સંસારમાં રહ્યા છતાં પણ સંસારથી પાર છે, તે સ્વભાવમાં પરમાત્મપણે ઊભો છે. અંતરતત્ત્વનો અભ્યાસ કરીને એકવાર સ્વાવલંબી સ્વભાવનો આદર કરે તો પરાવલંબનરૂપ મોહનો શીઘ્ર નાશ થાય છે.

**ભાવાર્થ :—**અવસ્થાનું લક્ષ ગૌણ કરી ત્રિકાળી નિર્મળ ધ્રુવ સ્વભાવને જોનારી શુદ્ધનયની દૃષ્ટિથી અંતરંગમાં જોવામાં આવે તો સર્વ કર્મના સંયોગથી રહિત પૂર્ણ જ્ઞાનાનંદ મૂર્તિ શાંત અવિકારી એવો ભગવાન આત્મા પોતે નિશ્ચલપણે વિરાજી રહ્યો છે. દેહાદિ તથા રાગાદિ બાહ્ય દૃષ્ટિવાળા અંતરમાં નહિ જોતાં બહારથી શોધે છે, તે મોટું અજ્ઞાન છે. અંતરનો સ્વભાવ કે કોઈપણ ગુણ બહારથી નથી, સ્વભાવમાં જ બધું છે.

પરનો આશ્રય જોઈએ એવી જેને ભ્રાંતિ છે તે પરને પોતાનું સ્વરૂપ માને છે; તેને પરાધીતાની રુચિ છે પણ સ્વાધીન ગુણની રુચિ નથી. પ્રથમથી જ શ્રદ્ધામાં સર્વ પરાવલંબનનો સ્વલક્ષે નિષેધ કરીને હું પરપણે નથી, મારે કોઈ પણ બાહ્ય નિમિત્ત કે મનના અવલંબનની જરૂર નથી, તે સર્વથી હું જુદો છું, એવી નિરાવલંબી શ્રદ્ધાના લક્ષે અંદરથી જ ગુણ પ્રગટે છે; પણ જે સાચી શ્રદ્ધા કરતો નથી અને બાહ્યમાં જાવાં નાખે છે, તેમ જ પ્રથમ ખૂબ શુભરાગ કરી પુણ્ય ભેગાં કરૂં તો પછી ધીમે-ધીમે ગુણ ઊઘડશે એમ જે પરથી ગુણ માને છે, તે જેમ કસ્તુરિયામૃગને સુગંધ પોતામાંથી જ આવે છે છતાં તે માટે બહાર દોડે છે તેમ, ગુણ પોતામાં જ છે છતાં બહારમાં તે માટે ભમે છે. જેમ હરણ વિચારે છે કે હું નાનું પ્રાણી, બધાથી ડર્યા કરનારૂં અને મારામાં આવી સુગંધ હોય? એમ તે પોતામાં સુગંધ જોવાનો વિચાર પણ કરતું નથી; તેમ જેની દૃષ્ટિ પોતાની નબળી અવસ્થા ઉપર છે તે ભયથી બહારમાં જ ગુણ માને છે, પણ પોતા ઉપર દૃષ્ટિ કરે તો પોતાની શક્તિનું ભાન થાય.

સર્વજ્ઞે તો બધા આત્માને પોતા સમાન સ્વતંત્ર જાહેર કર્યા છે, બધાની પૂર્ણ પ્રભુતા જાહેર કરી છે, પણ જેને દેહાદિ–પરમાં મૂર્છા છે અને પરાધીનતા ગોઠી છે તેને હું પૂર્ણ પરમાત્મા છું એવી વાત ક્યાંથી રુચે? ચા, બીડી વિના એક દિવસ પણ ન ચાલે, જરા અગવડતા થતાં હૃદયમાં થનગનાટ થાય, જરા નિંદા કે અપમાન થતાં ક્ષોભ, સ્તુતિ સાંભળતાં હર્ષથી વેચાઈ જતો હોય, સાધારણ તુચ્છ બાબતમાં અટકનારો, પરાશ્રયની પકડ આડે જરાપણ ધીરજ ન રાખે તે નિરાવલંબી પૂર્ણ ગુણનો–પોતાની પ્રભુતાનો વિશ્વાસ ક્યાંથી કરી શકે? પણ એકવાર રુચિ લાવી હું પૂર્ણ છું, નિરાવલંબી જ્ઞાયક છું, એવી શ્રદ્ધાથી સ્વરૂપનો યથાર્થ આદર લાવી સ્વાશ્રય વડે હા પાડે તો પરાશ્રયની પકડ છૂટી જાય છે.

અજ્ઞાની સુખ અને સુખનો ઉપાય બહારમાં માને છે, શરીરમાં રોગ આવે તેથી દુઃખ થાય છે, એમ માની (ખરેખર બહારથી દુઃખ નથી પણ અજ્ઞાન જ દુઃખનું કારણ છે, તેમ નહિ જાણતો હોવાથી) બહારના સંયોગથી છૂટી સુખી થાઉં, એમ બહારથી સુખ માને છે અને બહારમાં જ ઉપાય કરે છે.

આત્મા તો જાણે કે અલખ, અગોચર, ક્યાંય હાથ ન આવે એવો હોય એમ, લોકોએ માની લીધું છે, તેથી તેની વાત સાંભળતાં અંતરથી ઉત્સાહ આવતો નથી અને સમજવું કઠણ લાગે છે. કાંઈ કંદમૂળ છોડો, આટલું આમ કરો, એમ કાંઈક બહારમાં કરવાનું કહે તો તેની હા ભણે અને તેમ કરે, કારણ કે તે બધું આંખે દેખાય છે, તેથી મેં આટલું કર્યું એમ સંતોષ માની લે છે, પણ ભાન વગર ધર્મ થાય નહિ. (અહીં કંદમૂળ

ખાવાની વાત જ નથી; કંદમૂળ ખાવાં એમ કહેતા નથી.) અંદરના ગુણ માટે બાહ્ય કોઈ પણ નિમિત્ત જરાપણ મદદગાર નથી, ધર્મ તો સ્વભાવમાંથી જ થાય. સ્વભાવના અભાનરૂપ અજ્ઞાન જ અનાદિના સંસારનું કારણ છે.

હવે, શુદ્ધનયના વિષયભૂત આત્માની અનુભૂતિ તે જ જ્ઞાનની અનુભૂતિ છે, એમ બતાવનાર પંદરમી ગાથાની સૂચનાના અર્થરૂપ કાવ્ય કહે છે :—

**आत्मानुभूतिरिति शुद्धनयात्मिका या**
**आत्मानुभूतिरियमेव किलेति बुद्ध्वा ।**
**आत्मानमात्मनि निवेश्य सुनिष्प्रकंप–**
**मेकोऽस्ति नित्यमवबोधधनः समंतात् ।।१३।।**

**અર્થ :—**એ રીતે જે પૂર્વકથિત શુદ્ધનયસ્વરૂપ આત્માની અનુભૂતિ છે તે જ ખરેખર જ્ઞાનની અનુભૂતિ છે, એમ જાણીને તથા આત્મામાં આત્માને નિશ્ચય સ્થાપીને, સદા સર્વ તરફ ‘એકજ્ઞાનઘન આત્મા છે’ એ દેખવું.

**ભાવાર્થ :—**ચૌદમી ગાથામાં સમ્યગ્દર્શનને પ્રધાન કરી રહ્યું હતું; હવે પંદરમી ગાથામાં જ્ઞાનને મુખ્ય કરીને કહેશે કે આ શુદ્ધનયના વિષયસ્વરૂપ આત્માની અનુભૂતિ છે, તે જ સમ્યગ્જ્ઞાન છે. તેમ હોવાથી જ્ઞાની જ્યાં જ્યાં દેખે છે ત્યાં ત્યાં નિરંતર જ્ઞાનની અનુભૂતિ છે, સ્વાશ્રયપણે યથાર્થ શ્રદ્ધા થયા પછી નિરંતર પોતાના જ્ઞાનને જાણે છે. પુણ્ય-પાપ, સ્વર્ગ—નરક તથા પાંચ ઇન્દ્રિયના વિષયો સંબંધી વિચાર આવે ત્યાં પણ સ્વપણે હું છું, અખંડ જ્ઞાયકપણે છું પરપણે નથી; એવો જ્ઞાનમય અનુભવ હોવાથી અંશે આસક્તિનો નાશ થયો છે, તેથી પોતાના જ્ઞાનની સ્વચ્છતાને જ દેખે છે, અનુભવે છે.

સ્વાશ્રિત શુદ્ધનય વડે જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ કર્યા પછી સદા સર્વદા જ્યાં જોઉં ત્યાં મારામાં મારા જ્ઞાનવૈભવની અવસ્થા દેખાય છે; પર ચીજની મારામાં નાસ્તિ છે, તેથી બાહ્યમાં નિંદા કરનાર કે સ્તુતિ કરનાર શબ્દાદિ પાંચ ઇન્દ્રિયોના વિષયાદિ જે કાંઈ જણાય છે, તે મારા જ્ઞાનમય સ્વભાવની સ્વચ્છતા દેખાય છે. તે શબ્દાદિનો વિરોધ કરૂં (તે હોવાની ના પાડું) તો મારા જ્ઞાનનો નિષેધ થાય છે. પર વિષયોમાં હું આસક્ત નથી તો પછી મારા જ્ઞાનની—સ્વવિષયની તાકાતને જ જોઉં છું, તેમાં શુભ કે અશુભ તથા શબ્દાદિ પાંચ વિષયો જે જણાય તેમાં જેને અઠીક માની અનાદર કરૂં તેટલો મારા જ્ઞાનની અવસ્થાનો અનાદર થાય છે અને તે પાપરૂપ આકુળતા છે. દેવ, ગુરુ, શાસ્ત્રાદિ શુભ વિષયને ઠીક માની આદર કરૂં તો પરાધીનતા અને શુભરાગરૂપ આકુળતા થાય છે; માટે

પરમાં ઠીક—અઠીક કરી અટકવું તે મારા જ્ઞાનનો સ્વભાવ નથી. પરમાં અટકવાનો સ્વભાવ તો એકેક સમયની સ્થિતિપણે રહેનાર પરાશ્રયરૂપ ઊંધી માન્યતાનો છે, તેનો નાશ કર્યા પછી નિમિત્તાધીન અલ્પરાગ પુરુષાર્થની નબળાઈ પૂરતો થાય, તેનો સ્વભાવાધીન દૃષ્ટિમાં સ્વીકાર નથી.

અનાદિથી નિમિત્તાધીન દૃષ્ટિ વડે પરની શ્રદ્ધાથી પરને જાણતો હતો, તે જ્ઞાન સ્વાશ્રિતપણે પોતા તરફ થયું, એટલે શુભાશુભ રાગપણે કે પરમાં કર્તાપણે ન થયું. જે જણાય છે તે પોતાથી પોતામાં પોતાના જ્ઞાનની નિર્મળ અવસ્થા જ જણાય છે. તે પોતાના ગુણના અનુભવની જાહેરાત છે. રાગમાં કે મન, વાણી, દેહ કે ઇન્દ્રિયોમાં જાણપણાની જાહેરાત નથી.

પરચીજનું આમ થવું જોઈએ અને આમ ન થવું જોઈએ, એમ માને તો જ્ઞાનમાં પોતાની સ્વચ્છતા જણાય છે તેનો નિષેધ થાય છે, એટલે હું ન હોઉં એમ થાય છે; કારણ કે તે વખતે પોતાના જ્ઞાનની તે અવસ્થારૂપ યોગ્યતા તે જ પ્રકારે જાણવાની છે, તેની ના પાડતાં પોતાની અવસ્થાનો નિષેધ થતાં પોતાનો નિષેધ થાય છે, કારણ કે અવસ્થા વગર કોઈ વસ્તુ હોઈ શકે નહિ. જેમ અરીસાની સ્વચ્છતામાં વિષ્ટા કે સુગંધી ફૂલો, કોયલો કે ઘરેણાં, બરફ કે અગ્નિ વગેરે જે દેખાય છે તે અરીસાની અવસ્થા છે. તેનો નિષેધ કરતાં 'આવી સ્વચ્છતા અરીસાની ન હોવી જોઈએ' એમ અર્થ થાય છે ને તેથી અરીસાનો જ નિષેધ થાય છે. (પણ અરીસાને જ્ઞાન નથી.) એમ અરીસાના દૃષ્ટાંતે જ્ઞાનની સ્વચ્છતામાં અનુકૂળ—પ્રતિકૂળ સંયોગ એના કારણે દેખાય, દેહમાં વૃદ્ધપણું—રોગાદિ અવસ્થા દેહના કારણે આવે તે તથા પાંચ ઇન્દ્રિયોના વિષયો જ્ઞાનની સ્વચ્છતામાં સહજ જણાય, તેનો નકાર કરતાં પોતાના જ્ઞાનગુણની સ્વચ્છતાનો નકાર થાય છે. આમ જાણતા હોવાથી જ્ઞાની નિરંતર પોતાના એક જ્ઞાનભાવનો અનુભવ કરે છે, તેથી પરમાં ઠીક—અઠીક માની, આદર—અનાદરરૂપે અટકવાનું થતું નથી. પરચીજ મને લાભ—હાનિનું કારણ નથી, તેમ જ જ્ઞાનસ્વભાવ પણ રાગ—દ્વેષનું કારણ નથી, સ્વર્ગ—નરક વગેરે તથા નિંદા કે સ્તુતિના કોઈપણ શબ્દો કે કોઈપણ પર ચીજ જણાય તે મને લાભ—નુકશાનનું કારણ નથી, એમ જાણી જ્ઞાની જાણવામાં નિમિત્તાધીન દૃષ્ટિ છોડીને ઠીક—અઠીકપણું ટાળીને સ્વાધીન સ્વલક્ષ વડે નિરંતર બધી બાજુ પોતાના નિર્મળ જ્ઞાનને જ અનુભવે છે, સ્વાનુભૂતિની શાંતિને જ જાણે છે; પરને જાણતો નથી, પરને અનુભવતો નથી.

સડેલું કુતરું નજરે પડે ત્યાં જ્ઞાન તો પોતામાં જાણવાનું જ કામ કરે છે. 'તે દુર્ગંધ ઠીક નથી, માટે ન જોઈએ' એટલે શું તારા જ્ઞાનની અવસ્થા ન જોઈએ? જ્ઞાનનું સ્વ—પર પ્રકાશક બેવડું સામર્થ્ય છે. (૧) પોતાને જાણે અને (૨) સામી વસ્તુને પોતાની

યોગ્યતા પ્રમાણે તેવી જ જાણે. જણાવા યોગ્ય પર ચીજનો (જ્ઞેયનો) નિષેધ કરતાં પોતાના જ્ઞાનગુણનો જ નિષેધ થાય છે, માટે સ્વાશ્રિત જ્ઞાન વડે પરાવલંબી આસક્તિ મટાડીને પોતાના જ્ઞાનભાવમાં જોવાના અભ્યાસથી નિરંતર જ્ઞાન–શાંતિનો અનુભવ થાય છે. જ્ઞાન સ્વવસ્તુને જાણે કે પરવસ્તુ સંબંધી પોતાની જ્ઞાન અવસ્થાને જાણે, પણ તેમાં સ્વ-પરને જાણનારું જ્ઞાન જુદું નથી, તેથી જાણવામાં પરાશ્રયનો ભેદ પડતો નથી.

**પ્રશ્ન :**—જ્ઞાનની ખીલવટ શી રીતે થાય?

**ઉત્તર :**—જે તરફ રુચિપૂર્વક ઢળે તે તરફનું જ્ઞાન ખીલે. જેને જે ધંધાની રુચિ છે તે તરફ તેના જ્ઞાનની ખીલવટ થાય છે, તેમ નિત્ય સ્વાવલંબી આત્મસ્વભાવ તરફ સ્વરુચિની દ્રઢતા થતાં સ્વભાવ તરફના જ્ઞાનની ખીલવટ થાય છે.

રાગનો ત્યાગ કરતાં પરચીજ તેના કારણે છૂટી જાય છે, મારામાં પરનો સંબંધ નથી, પર ચીજ તો ભિન્ન હોવાથી મારામાં છૂટેલી જ છે. આત્માના ગુણ–દોષરૂપ ભાવ થવામાં પર ચીજ કારણ નથી, માત્ર પોતાના ભાવ અનુસાર પર વસ્તુમાં આરોપ કરી જે હાજર હોય તેને નિમિત્ત કહેવાનો વ્યવહાર છે.

જ્ઞાની સ્વ–પરને જાણતાં પોતાના જ્ઞાનમાં ઠીક–અઠીકનો ભેદ પાડતા નથી. અજ્ઞાની પર વસ્તુને દેખીને તેમાં આસક્ત થઈને રાગીદ્વેષી થાય છે, પરમાં ઠીક–અઠીક માની, પરનો આદર–અનાદર કરી, જ્ઞાનમાં રાગ–દ્વેષના ભેદ પાડે છે. જ્ઞાની પરથી જુદો જ્ઞાતા જ રહે છે. જે વખતે જેમ હોય તેમ જાણે. આત્મામાં જાણપણાની નિત્ય અસ્તિ છે, પરની નાસ્તિ છે; જાણવામાં દોષ નથી. આત્મા કોઈ પ્રકારે પરનું કાંઈ કરી શકતો નથી, પણ સ્વભાવમાં લાભ–અલાભરૂપ પોતાના અરૂપી ભાવને કરે છે. જ્ઞાની સ્વાશ્રિત સ્વભાવને નિત્ય જાણનાર સ્વરૂપે એક પ્રકારે અનુભવે છે, રાગ-દ્વેષના ભેદપણે અનુભવતો નથી.

અંતરના માર્ગને અજ્ઞાની બહારથી શોધે છે, તે પરાધીનતાની શ્રદ્ધા વડે પરમાં આસક્ત છે અને જ્ઞાનીને સદાય જાણનાર સ્વભાવનો અખંડ આશ્રય હોવાથી તે પરમાં અટકતો નથી, પરનું અવલંબન સ્વીકારતો નથી. નિંદા કરો કે પ્રશંસા કરો, કોઈ તલવારથી દેહને છેદે કે કોઈ દેહને ચંદન ચોપડે, તો પણ બંનેને મારા વીતરાગી જ્ઞાનગુણ વડે જાણનાર છું. ગમે તેવા સંયોગ ક્ષેત્ર, કાળ કે ભાવ હોય છતાં તેમાં અટક્યા વિના પોતાના એકરૂપ જ્ઞાનગુણને જાણું છું. તે સ્વભાવની ક્રિયા થઈ, સમ્યગ્દર્શન વડે જ્ઞાન ઘન–નિશ્ચલ થયું છે, તેથી મારા જ્ઞાનમાં કોઈ વિરોધભાવ કરાવી શકે નહિ.

પાંચસો મુનિઓને (શરીરોને) ઘાણીમાં પીલી નાખ્યા છતાં આત્માની અખંડ જ્ઞાનશાંતિમાં ભંગ પડ્યો ન હતો. અંદર ગુણમાં બેહદ તાકાત છે તેમાં એકાગ્ર થઈ મોક્ષે ગયા અને કોઈ એકાવતારી થયા. અજ્ઞાની–બહિદ્રષ્ટિ માને કે મુનિ ધર્માત્મા હતા, તો કોઈએ ચમત્કાર કેમ ન બતાવ્યો? કોઈ દેવ મદદ કરવા કેમ ન આવ્યો? પણ તેને અંદરની ખબર નથી. વીતરાગ સ્વભાવી સાક્ષાત્ ચૈતન્યઘન દેવોનો પણ દેવ–પ્રગટ થયો, તે જ ઉત્કૃષ્ટ ચમત્કાર છે.

કેટલાક કહે છે કે અમુક ભક્તને ઝેર પણ અમૃત કેમ થઈ ગયું? અરે! તે તો પુણ્યનું ફળ છે. પુણ્યને અને આત્માને કાંઈ સંબંધ નથી, બંનેના માર્ગ જુદા છે. શરીર રહે કે ન રહે, શરીર રોગી હોય કે નિરોગી હોય, તે બધી જડની અવસ્થા છે. તેની સાથે અરૂપી આત્માને કાંઈ સંબંધ નથી, તેના આધારે આત્માને લાભ–હાનિ નથી.

નામ અને રૂપ અરૂપી જ્ઞાનસ્વરૂપ આત્માનાં નથી. જડ વસ્તુ તેની ક્રિયા (અવસ્થા) ત્રણેકાળે પોતાના સ્વતંત્ર આધારે કરે છે. જડ જડની અવસ્થા બદલે છે અને ચૈતન્ય આત્મા પોતાપણે ટકીને પોતાની અવસ્થા પોતાથી બદલે છે–પોતાના અરૂપી ભાવો કરે છે.

હવે, જ્ઞાનને મુખ્ય કરીને કહેશે કે શુદ્ધનયના વિષય–સ્વરૂપ આત્મા સદા સર્વ તરફ જ્ઞાન શાંતિરૂપે પોતામાં જ અનુભવાઈ રહ્યો છે. ૧૪.

સહજ ચિદાનંદ.

તા. ૧૧-૯-૪૩.

સમ્યગ્દર્શનની સાથે સમ્યગ્જ્ઞાન અને અંશે સમ્યક્ચારિત્રરૂપ સ્વરૂપાચરણ આવી જાય છે. અપૂર્વ પાત્રતા અને સત્સમાગમ વડે પોતાના સ્વાધીન સ્વરૂપને જાણીને અવસ્થાના ભેદનું લક્ષ ગૌણ કરીને વિકારનો નાશક છું, અક્રિય, અસંગ, જ્ઞાનસ્વરૂપ છું; એમ સ્વભાવને લક્ષમાં લઈ રાગમિશ્રિત વિચારને જરા દૂર કરીને ત્રિકાળ એકરૂપ પૂર્ણ સ્વભાવની આત્મામાં પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન છે; તેમાં પરાશ્રય નથી. નિર્વિકલ્પ અખંડાનંદ જ્ઞાયક છું, એવી યથાર્થ ભાનસહિત શ્રદ્ધા કરે ત્યારે મુક્તિના પગરણ મંડાય છે.

जो पस्सदि अप्पाणं अवद्धपुट्ठं अणण्णविसेसं ।
अपदेससन्तमज्झं पस्सदि जिणसासणं सव्वं ।।१५।।

**અર્થ :**—જે પુરુષો આત્માને અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, અવિશેષ (તથા ઉપલક્ષણથી

નિયમ અને અસંયુક્ત) દેખે છે; તે સર્વ જિનશાસનને દેખે છે,–કે જે જિનશાસન બાહ્ય દ્રવ્યશ્રુત તેમ જ અભ્યંતર જ્ઞાનરૂપ ભાવશ્રુતવાળું છે.

ચૌદમી ગાથા સુધી જેવું આત્માનું સ્વરૂપ કહ્યું તેવું યથાર્થપણે સ્વાવલંબી દૃષ્ટિથી જાણ્યું તેણે સમસ્ત જિનશાસનને જાણ્યું કે જે બાહ્યમાં દ્રવ્યરૂપે (શબ્દરૂપે) અને અભ્યંતર નિર્મળ જ્ઞાનરૂપ ભાવશ્રુતવાળું છે.

અહીં સમ્યગ્દૃષ્ટિ–સમ્યગ્જ્ઞાની આત્માના સ્વભાવને કેવો જાણે છે તે કહેવાય છે અને જાણ્યા પછી સ્વભાવના જોરે કઈ રીતે ઠરે તથા વ્રત–પચ્ચખાણ–સંયમ આદિ કઈ રીતે હોય તે આગળ ૧૬મી ગાથામાં કહેવાશે.

**અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, જે અવિશેષ દેખે આત્માને,**
**તે દ્રવ્ય તેમ જ ભાવ જિનશાસન સકલ દેખે ખરે. ૧૫.**

શરીર, મન, વાણી આદિ પરવસ્તુની ક્રિયા હું કરી શકું છું, તેને લીધે મને ગુણ થાય છે. પુણ્ય કરું તો તે શુભ વિકારથી ગુણ થાય એમ જે માને છે, તે વીતરાગે કહેલા જિનશાસનથી વિરોધી છે.

હું અબંધ, અસંયોગી, અરાગી છું, પરાશ્રિત નથી, મારા ગુણ માટે પરની ઓશિયાળ કે મદદ જોઈતી નથી, એવી સ્વાશ્રિતપણાની શ્રદ્ધા જોઈએ. જે જીતવું છે તેનાથી હું જીતાઈ ગયો, એટલે કે રાગાદિરૂપે માન્યો કે પરક્રિયાનો કર્તા માન્યો તેમાં રાગાદિને જીતવાપણું ક્યાં આવ્યું? હું પરાશ્રયનો નાશક છું, વિકારને જીતનારો છું, બંધનનો તોડનાર છું, પરપણે કદી નથી, સ્વપણે ત્રિકાળ છું; એવી જિનાજ્ઞાનો સ્વીકાર થયા વગર રાગ-દ્વેષને જીતીને કદી સ્વતંત્ર થઈ શકાય નહિ.

હવે ગાથાના પાંચ બોલનું વર્ણન કરે છે :—

(૧) અબદ્ધસ્પૃષ્ટ :—કોઈ સંયોગથી બંધાયેલો નથી; પરાધીન નથી; અસંયોગી જ્ઞાયક છું.

(૨) અનન્ય :—પરરૂપે નથી, દેહાદિ મારાં નથી; હું તેનો નથી, પરક્ષેત્રનો કોઈ સંબંધ મારે નથી. સર્વ પરવસ્તુથી રહિત સ્વમાં ત્રિકાળ અભેદ છું.

(૩) નિયત :—એક-એક સમયની અવસ્થાના ભેદ પૂરતો નથી, પણ ત્રિકાળી ટકનાર નિત્ય એકરૂપસ્વભાવી છું.

(૪) અવિશેષ :–ગુણના જુદા જુદા ભેદરૂપે નથી, પણ સામાન્ય એકાકાર અનંત ગુણનો પિંડ અભેદ સ્વરૂપે છું.

(૫) અસંયુક્ત :—કર્મના સંબંધે રાગ—દ્વેષ, હર્ષ—શોક આદિ જે ભેદ પડે તે ભેદરૂપે અવસ્થાપણે નથી, નિમિત્તાધીન થતા વિકારનો કર્તા નથી. (ક્ષણિક અવસ્થામાં વિકાર કરે છે પોતે, પણ સ્વભાવમાં તેનો સ્વીકાર નથી.) નિત્ય સ્વભાવાશ્રિત ગુણોની નિર્મળતાનો જ ઉત્પાદક છું.

**ટીકા :**—જે કોઈ ઉપર પ્રમાણે પાંચ ભાવોસ્વરૂપ આત્માની અનુભૂતિ છે તે નિશ્ચયથી—ખરેખર સમસ્ત જિનશાસનની અનુભૂતિરૂપ સમ્યગ્જ્ઞાન છે, કારણ કે શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે, તેથી અવિરોધી જ્ઞાનની અનુભૂતિ તે આત્માની જ અનુભૂતિ છે. એક જિનશાસન દેખે એમ નહિ કહેતાં સકલ (ત્રણેકાળના—પૂર્વે થયા તે, વર્તમાનમાં સીમંધર પ્રભુ વગેરે અને ભવિષ્યમાં જે જે થશે તે બધા) સર્વજ્ઞ ભગવંતોની આજ્ઞા—ઉપદેશ એક જ પ્રકારે છે, તે જેમ છે તેમ સમ્યગ્દષ્ટિ માને છે.

આત્માનો સ્વભાવ તો ઉપર કહ્યો તેવો અબંધ—અસંયોગી જ છે, પણ વર્તમાનમાં તેવી અવસ્થા પ્રગટ નથી; જો વર્તમાન બાહ્ય અવસ્થામાં પણ બંધન રહિત જ હોય તો તું બંધન રહિત થા, વિકારરહિતપણું માન, એવું જ્ઞાન બતાવવાની શી જરૂર? હું પરરૂપે કે પરમાં કર્તારૂપે પરાધીન, રાગ-દ્વેષમોહરૂપે નથી. તે એમ સૂચવે છે કે વર્તમાનમાં રાગ-દ્વેષ વિકાર છે પણ હું તેનો રાખનાર નથી; ત્રિકાળી નિશ્ચલ એકરૂપ સામાન્ય જ્ઞાનસ્વભાવને રાખનારો નિત્ય એકરૂપ છું.

પંદરમી ગાથામાં આચાર્યદેવ કહે છે, કે ત્રણે કાળના સર્વજ્ઞ વીતરાગ ભગવંતોએ કહેલો વીતરાગ થવાનો ખરો માર્ગ આ પ્રમાણે જ છે. લોકો ભગવાનના નામે અન્યને વીતરાગનો માર્ગ માની બેસે છે અને વીતરાગના માર્ગને અન્યપણે માની લે છે—જેમ છે તેમ સમજતા નથી; માટે દરેક વાત બહુ જ સ્પષ્ટતાથી સાદી ભાષામાં કહી છે.

આત્માને પરથી નિરાળો, નિરાવલંબી, અવિકારી, અસંગપણે જેણે જાણ્યો અને સ્વભાવના યથાર્થ ભાનમાં નિઃસંદેહ થયો, (કે ત્રણે કાળે વસ્તુનો સ્વભાવ—આત્માનો ધર્મ આમ જ છે.) તેણે સર્વજ્ઞ ભગવંતોએ કહેલા બાર અંગ અને ચૌદ પૂર્વને બરાબર ભાવપૂર્વક જાણ્યા છે; કારણ કે સર્વજ્ઞના સર્વ આગમજ્ઞાનમાં જે જાણવાનું હતું તે તે જ છે.

હું પૂર્ણ જ્ઞાન—શાંતિરૂપ છું, પરાધીન નથી એમ જે માને તે સ્વાધીન સુખ મેળવે; પણ દુઃખરૂપ પરાધીન છું, બંધવાળો છું એમ માને તે પરાધીનપણું દુઃખ મેળવે.

કોઈ કહે કે કર્મ (નસીબ)માં માંડ્યું હોય તે પ્રમાણે ધર્મ થાય, કર્મ રાગ-દ્વેષ કરાવે, પૂર્વે આકરા રસવાળું કર્મ બાંધ્યું હશે તેનું હમણાં બહુ જોર છે, તેથી મારામાં

સાચું સમજવાની તાકાત આવતી નથી અને પુરુષાર્થ ઊપડતો નથી, તો તે જડકર્મની ઓથે જાગૃત સ્વરૂપને ઢાંકી રાખવા માગે છે, તે ધર્મના નામે કદાચ ભગવાનની વાતો ભલે કરે, પણ તેને જ્ઞાનીની તથા તેમનાં વચનોની ઓળખાણ નથી, તેથી તે વીતરાગમાર્ગની શિખામણ લાગતી નથી.

જ્ઞાનીના જ્ઞાનમાં સ્વભાવથી વિરોધરૂપ વિચાર નથી, વિરોધરૂપ વચન નથી. જ્ઞાનીની વાણીમાં એવું વિપરીત જણાવનાર વચન કે વિકલ્પ આવે નહિ. સ્વતંત્ર સ્વભાવમાં પરાશ્રયપણું ત્રણકાળમાં નથી, છતાં જે નિમિત્તાધીનપણું માને છે તેણે વીતરાગનાં વચનને તથા જ્ઞાનને સાચાં માન્યાં નથી અને સમ્યગ્દૃષ્ટિજ્ઞાનીના જ્ઞાનમાં શું ઘોળાય છે, શું અભિપ્રાય છે? તેની તેને ખબર નથી, તથા જ્ઞાનના વિકલ્પ સ્વતરફ ઊપડે તે કેવા હોય તેની પણ તેને ખબર નથી. ચોથા ગુણસ્થાન કે જ્ઞાનીની દૃષ્ટિમાં વીતરાગતા છે, હર્ષ–શોક પુરુષાર્થની નબળાઈથી થાય છતાં તે હું નથી, હું તો વિકારનો નાશક, જાણનાર સ્વરૂપે છું, એમ તે પોતાના સ્વાધીન સ્વભાવને પરથી જુદો રાખે છે. જડ કર્મની ઓથે પોતાના સ્વભાવને ન છૂપાવતાં નિરાવલંબી પૂર્ણ જ્ઞાનરૂપે છું, એમ જાણ્યું તે જાણપણામાં (સ્વભાવમાં) ટકીને જાણ્યું છે.

વીતરાગીની વાણીમાં એમ આવ્યું છે કે અમે સ્વતંત્ર છીએ, તમે પણ સ્વતંત્ર છો; આત્માનો સ્વભાવ પરથી ત્રણે કાળ નિરાળો છે, તેમાં કર્મની નાસ્તિ છે; વિકારી અવસ્થા સ્વભાવમાં નથી, એમ સ્વાશ્રિત સ્વભાવને જાણતા વીતરાગની શિખામણમાં નિર્દોષ જ્ઞાનશક્તિપણું આવ્યું છે. વાણીમાં પણ તે જ રીતે સ્વતંત્રપણું આવ્યું છે અને સાચું સમજનાર જ્ઞાનીની વાણી પાછળ ભાવ પણ એ જ રીતે ઘોળાય છે. સ્વાવલંબી લક્ષે સ્વભાવ પણ પોતામાં એકરૂપ અસંગ છે તેવો માને છે.

વીતરાગે તો સ્વતંત્રપણું જ બતાવ્યું છે, પણ પરાવલંબી માન્યતાવાળો તેનો ઊંધો અર્થ કરે–પોતે ઊંધું સમજે કે હમણાં સ્વતંત્ર નથી, હમણાં તો દેહ, મન, વાણી અને આત્મા બધું એકમેક છે, મન–વાણીની ક્રિયા હું કરી શકું છું, તેની મદદ મારે જોઈએ, હમણાં કર્મનું બહુ જોર છે, મારામાં તાકાત નથી, હું સ્વતંત્ર નથી, આ કાળે સ્વતંત્ર થવાનો પુરુષાર્થ ન થઈ શકે એવું માને છે; તેણે વીતરાગને પણ માન્યા નથી, કારણ કે તેમની વાણીની તેને ખબર નથી તેથી, તેને વીતરાગ ભગવાનના નામે વાત કરવાનો હક નથી. નિમિત્તાધીન દૃષ્ટિવાળાને વાણી, વિકલ્પ અને જ્ઞાનનો ઊંધો અર્થ જ જણાય છે. સ્વભાવાશ્રિત જ્ઞાનીનાં વાણી, વિકલ્પ અને જ્ઞાન સ્વાધીન સત્ય વસ્તુને જ જણાવે છે.

મારો આત્મા પરને જાણતો નથી, તેમ જ જાણવામાં પરનું અવલંબન નથી.

પરના અવલંબન વિના અસંગપણે અંદર અનંત ગુણથી પૂર્ણ છું, ગુણ માટે કોઈની જરૂર નથી, વર્તમાન વિકારી અવસ્થા થાય તે પણ મારું સ્વરૂપ નથી, હું ક્ષણિક વિકાર પૂરતો નથી પણ તેનો નાશક અવિકારી–અવિનાશી છું; નિમિત્તાધીન લક્ષે પુણ્ય–પાપની લાગણી ઊઠે તે પણ સ્વભાવથી વિરોધભાવ છે, તે સ્વભાવમાં મદદગાર નથી. જે ભાવે વિકારનો નાશ થાય તે અવિકારી શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા મને મદદગાર છે અને નિશ્ચયથી તો મારો અખંડ પૂર્ણ ગુણરૂપ સ્વભાવ જ મને મદદગાર છે; આમ જેણે જાણ્યું તેણે વીતરાગી ભગવાનના અંતર રહસ્યને જાણ્યું છે.

અહીં જે કહેવાય છે તે જ વીતરાગનું કહેલું નિર્દોષ શાસન છે અને તેને માનવું–જાણવું તે વ્યવહાર છે.

જ્ઞાની પરાશ્રયભાવને દુશ્મન માને છે. દુશ્મનને કોઈ રાખવા માગે? આત્માના સ્થિર વીતરાગી સ્વભાવના દુશ્મનરૂપ પુણ્ય–પાપનાં ભાવને કરવા જેવા કે રાખવા જેવા કેમ મનાય? સ્વભાવમાં પુણ્ય–પાપનું કર્તાપણું કે ધણીપણું નથી, સ્વભાવ તો પુણ્ય–પાપનો નાશક છે, એમ જેણે સ્વભાવને આદરણીય માન્યો તેણે વીતરાગની આજ્ઞાનું રહસ્ય જાણ્યું.

પરથી કાંઈ લાભ–નુકશાન થાય એમ જે માને છે તે પરનો કર્તા થાય છે. પરાવલંબનથી વિચાર કરી શકું એમ જે પરાશ્રિત ભાવ માને છે, તેણે રાગ–દ્વેષ અજ્ઞાન રહિત સ્વતંત્ર સ્વભાવ માન્યો નથી. આચાર્ય ભગવાન કહે છે કે વીતરાગનો માર્ગ એક જ છે. સર્વોત્કૃષ્ટ ધર્મના નામે લોકો અન્ય માર્ગને વીતરાગનો–ધર્મનો માર્ગ માને છે અને કોઈ વીતરાગના મુળમાર્ગને અન્ય માર્ગપણે માને છે, તે મિથ્યાદૃષ્ટિ છે.

ચોથા ગુણસ્થાને યથાર્થ ભાનમાં નિરાવલંબી પૂર્ણ સ્વભાવ જાણ્યો, તેણે સર્વ આગમનું રહસ્ય જાણ્યું. હજુ પોતે પૂર્ણ વીતરાગ થયો નથી પણ સ્વભાવથી વિપરીત અભિપ્રાયોનો ત્યાગ કરી સમ્યક્દર્શન સહિત યથાર્થ જ્ઞાન કર્યું તેમાં ઘણું કરવાનું આવ્યું. પરનું કર્તાપણું કે પરનું ધણીપણું ન થવા દેવું અને પરાશ્રય રહિત સ્વપણે છું, તેનું જ્ઞાન કરવું તેમાં ખરો પુરુષાર્થ છે.

અનંતકાળમાં સ્વભાવના ભાન વગર ધર્મના નામે બીજું બધું જીવ કરી ચૂક્યો. અનંતવાર શાસ્ત્રનો ખૂબ અભ્યાસ કર્યો, પણ અંતરથી પરાશ્રયની માન્યતા ન છૂટી. શાસ્ત્રથી ધર્મ માન્યો પણ સ્વભાવને માન્યો નહિ; તે અનાદિની ભૂલને ગુણ વડે ટાળી સ્વાધીન સ્વભાવ સમજે તો અનંતકાળે નથી જાણ્યું તે આ કાળે જાતે જાણવાના અવસર આવ્યા છે.

આચાર્યદેવ કહે છે કે આ સમયસારમાં કહ્યું છે તે રીતે જે જીવ ગુરુગમે યથાર્થ સમજે છે એ આ કાળે પણ સાક્ષાત્ સ્વાનુભવ વડે ભવરહિતની શ્રદ્ધામાં મોક્ષ ભાળે છે, તેને સાક્ષાત્ નિર્ણય થઈ જાય કે સર્વજ્ઞ વીતરાગ ભગવાને પણ આ જ રીતે સ્વાધીન માર્ગનું સ્વરૂપ કહ્યું છે. જેટલા જ્ઞાનીઓ થઈ ગયા તેઓએ સ્વરૂપને આ જ પ્રમાણે જાણ્યું અને કહ્યું હતું, વર્તમાનમાં છે તેઓ પણ એમ જ જાણે છે અને એમ જ કહે છે અને ભવિષ્યમાં પણ એમ જ થશે. પ્રથમ આવો દૃઢ નિર્ણય થયા પછી પુણ્ય–પાપના વિકલ્પ રહિત, પરાશ્રય રહિત સ્વભાવમાં એકાગ્ર થવાનો પુરુષાર્થ પ્રગટે છે અને પૂર્ણ સ્થિરતા થતાં પૂર્ણ વીતરાગતા પ્રગટે છે.

જે જે જ્ઞાનીઓ છે તે સર્વે અહીં કહેલા પાંચ ભાવો સ્વરૂપ સ્વતંત્ર વસ્તુને લક્ષમાં લેવાનો જ વિચાર પ્રથમ ઉપાડે છે, જ્ઞાન પણ તેનું જ કરે છે અને દ્રવ્યશ્રુતરૂપ નિમિત્તમાં નિર્દોષ જિનવાણી પણ તે જ કહે છે. આ જાણ્યું તેણે ત્રણેકાળના સર્વ જ્ઞાનીઓનાં પેટ (અંતરરહસ્ય) જાણ્યાં અને હું પણ એવો જ છું, એમ ભાવશ્રુતજ્ઞાનમાં શાંત સમાધિરૂપ જિનશાસનનો સાર જે છે તે જ આવ્યો. તે જાણનાર જ્ઞાનીના વિચારમાં નિમિત્તરૂપ વાણી અને વિકલ્પ પણ તેને અનુસરીને આવે છે અને અંદર સ્વભાવમાં પણ તે જ છે.

તીર્થંકરદેવની વાણીમાં (નિમિત્તમાં) અને તેને જાણનાર જ્ઞાનના વિચારમાં તથા આખા આત્મસ્વભાવમાં (ઉપાદાનમાં) યથાર્થ ભાન વડે વિરોધપણું ન જોયું તેણે સર્વ આગમનું રહસ્ય પોતાથી જોયું–પોતે જાણ્યું.

(૧) તીર્થંકરદેવની ઉપદેશવાણીમાં–શિખામણમાં,

(૨) તે સંબંધી જાણવાના વિચારમાં અને

(૩) પોતાના અખંડ સ્વભાવમાં, એમ ત્રણ પ્રકારે યથાર્થપણું જાણ્યું તેણે સર્વ સત્શાસ્ત્રરૂપ બાર અંગ અને ચૌદ પૂર્વ જાણ્યા.

અહીં આચાર્યદેવ કહે છે કે અમે પંદરમી ગાથા સુધીમાં સારરૂપે બાર અંગ અને ચૌદ પૂર્વનું રહસ્ય કહ્યું છે, તે યથાર્થપણે સત્સમાગમે જેણે જાણ્યું તેણે નિશ્ચયથી પોતાના આત્માને નિઃસંદેહપણે જાણ્યો.

આમાં શરીર મોળું કે હાડકાં ઢીલાં, વર્તમાન કાળ મોળો કે કર્મનું જોર વધારે, હું પરથી દબાઈ ગયો માટે પુરુષાર્થ નહિ થઈ શકે એવું કાંઈ ન આવ્યું, પણ સ્વભાવના પુરુષાર્થથી અવગુણને જીતવાનું (નાશ કરવાનું) અને ગુણને પ્રગટ કરી શકવાનું ગમે તે કાળે થઈ શકે છે, એમ આવ્યું. શરીરાદિ સારાં હોય તો જ ધર્મ થાય એવું કાંઈ કહ્યું નથી. આ રીતે પાંચ ભાવો સહિત સ્વભાવને જે જીવ જાણે છે, અનુભવે છે–સ્વાધીન

સ્વભાવને અનુસરીને સ્વ તરફ એકાગ્ર થાય છે, તેને સર્વ શાસ્ત્રજ્ઞાનની અનુભૂતિ છે અને તે જ આત્માની અનુભૂતિ છે.

અનાદિની પરાશ્રયની શ્રદ્ધાનો–પુણ્ય-પાપનો બધો વ્યવહાર ઉડાડ્યો છે. અવસ્થામાં બંધ છે તેમ જાણવું તેનું નામ વ્યવહાર અને પાંચ ભાવોથી એકરૂપ પોતાનું નિર્મળ સ્વરૂપ જાણવું તે નિશ્ચય. સ્વરૂપની શ્રદ્ધા વડે અંશે-અંશે સ્થિરતા વડે રાગ ટાળવો તે વ્યવહાર છે. નિત્ય સ્વપણે છું, પરપણે નથી, પરનો કર્તા નથી, મારા ગુણ પરાશ્રયે કે શુભ વિકલ્પથી પ્રગટે તેમ નથી. અંદર ગુણની શ્રદ્ધાના જોરે ગુણથી ગુણ ઊઘડે છે, આમ જાણવું તે સમ્યગ્જ્ઞાન છે, તે જ અનેકાન્ત ધર્મ છે. પરાધીનતા સ્થાપે કે શુભાશુભ રાગને મદદગાર માને–મનાવે એ રીતે અવગુણને પોષે તે વીતરાગની આજ્ઞા નથી. પરમાં કર્તાપણું માને, પુણ્યની ક્રિયાને મોક્ષમાર્ગ કહે અને જીતવા યોગ્ય (નાશ કરવા યોગ્ય) એવા શુભાશુભભાવને કર્તવ્ય માની આદર કરે તેને જિનશાસનનું ભાન નથી–સ્વભાવની ખબર નથી.

જિન એટલે ગુણ વડે અવગુણને જીતનાર. નિમિત્ત આધીન થતી અવસ્થા જેટલો હું નથી, પણ વિકારનો નાશક અવિકારી છું. ક્ષણિક વિકાર મારા અવિકારી અખંડ સ્વભાવને નુકશાન કરનાર નથી, પણ હું તેનો નાશ કરનાર છું. જે પરથી જીતાઈ જતો હતો, એટલે પોતાને પરાશ્રિત માનતો હતો, તે ભ્રમણાનો સ્વભાવના ભાનમાં રહી નાશ કર્યો તેનું નામ સત્યધર્મ–મોક્ષમાર્ગ છે. પરથી જુદો નિત્ય નિરાવલંબી જ્ઞાનસ્વરૂપે ટકનાર છું, તેની પ્રતીતિ કરી તે સમ્યક્શ્રુતજ્ઞાન પોતે જ આત્મા છે. પોતામાં નિત્ય અભેદપણે પોતાના જ્ઞાનને જાણ્યું તે શ્રુતજ્ઞાન પણ આત્મા છે, તેથી શ્રુતજ્ઞાનની અનુભૂતિ તે સમ્યગ્જ્ઞાની એકાગ્રતામાં નિરંતર આત્માની અનુભૂતિ છે.

પરથી જુદો છું, એમ વીતરાગી સ્વતંત્ર સ્વભાવને જાણતાં અન્યથી જાણવાનું મટી ગયું. શરીરાદિ પરરૂપે હું કદી ન હતો, જડ કર્મથી દબાયેલો ન હતો, એકાકાર નિત્ય જ્ઞાનસ્વરૂપે જ હતો. પરનિમિત્તના ભેદ રહિત, પરના આશ્રય રહિત પોતાના જ્ઞાનને પોતામાં અભેદ કરી સ્વભાવ તરફ એકાગ્રતા કરી તે પોતાને જ જાણનાર–દેખનાર થયો, પોતાનો જ કર્તા થયો, તેથી તે અવગુણનો ઉત્પાદક ન રહ્યો. તે જ જિનશાસનનું રહસ્ય છે, તે જ આત્મધર્મ છે, આત્માનો અનુભવ પણ તે જ છે. આમાં જે જીતવાનું હતું તે જીતાઈ ગયું. આ રીતે જેણે દૃષ્ટિમાં ભ્રાંતિ અને રાગ-દ્વેષનો નાશ કર્યો તે પોતાના સ્વભાવની એકાગ્રતાના જોરે અલ્પકાળમાં સાક્ષાત્ પરમાત્મા થઈ જશે.

જેમ કોઈ પક્ષીના પગમાં દોરો બાંધી તેનો છેડો હાથમાં પકડી રાખ્યો હોય તો તે પક્ષી મર્યાદા બહાર જઈ શકે નહિ તેમ જેણે સમ્યગ્જ્ઞાનરૂપી નિર્મળ પર્યાયનો દોરો

પવિત્ર સ્વભાવની શ્રદ્ધાની પકડમાં પકડી રાખ્યો છે. જેણે પરાશ્રય છોડ્યો છે તેને કાળ અને કર્મ ગમે તેવાં હોય તો પણ નડી શકે નહિ. મારો સ્વતંત્ર સ્વભાવ રાગ-દ્વેષ-મોહ રહિત સીધો છે. સમ્યગ્જ્ઞાનરૂપી સ્વભાવની પરિણતિની દોરી મેં હાથમાં પકડી છે, ગમે તે શુભાશુભ વૃત્તિ આવે તે મને અસર કરી શકે નહિ, તે મારા સ્વભાવથી વિરોધભાવ છે, મને ગુણકર નથી એમ તેણે બરાબર જાણી લીધું છે.

વસ્તુનો સ્વભાવ અને ધર્મની શરૂઆત તો ત્રિકાળ આ પ્રમાણે જ થાય છે. ત્યાં એકલા સામાન્ય (પર નિમિત્તના ભેદ રહિત, બંધ રહિત, નિર્મળ, નિરુપાધિક, અખંડ) જ્ઞાનના પ્રગટપણાથી અને વિશેષ જ્ઞેયાકાર રાગમિશ્રિત અવસ્થાના અપ્રગટપણાથી (અવસ્થાના ભેદની ગૌણતાથી) જ્યારે સ્વઆશ્રિત જ્ઞાનમાત્રપણાનો અનુભવ કરવામાં આવે છે ત્યારે જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે; એટલે કે હું સ્પષ્ટ, એકલો નિર્મળ જ્ઞાનમૂર્તિ છું એવો સ્વભાવ જણાય છે. પરજ્ઞેયપણે પુણ્ય–પાપના સંયોગો જણાય તેમાં આસક્ત થનાર–નિમિત્ત આધીનપણું માનનાર જીવ રાગમિશ્રિત વિચારોના ખંડપણે થઈ પોતાના સળંગ જ્ઞાનસ્વભાવને ઢાંકીને કામ-ક્રોધ-મોહાદિ વિકલ્પપણે રાગમાં એકાગ્ર થાય છે અને જ્ઞાની જીવ પરજ્ઞેયમિશ્રિત ભેદનો કર્તા ન થતાં વિકારી ભાવોનો નાશક છું, એમ ભેદને ઢાંકીને પુણ્ય–પાપના ભાવોને જાણે ખરો, પણ તે મારું સ્વરૂપ નથી. એમ સળંગ જ્ઞાનસ્વભાવમાં ટકીને પર વિષયોમાં આધીન થવારૂપ આસક્તિ મટાડીને, ભેદનો શ્રદ્ધામાં નિષેધ કરીને નિત્ય એકાકાર જ્ઞાયકપણે છું, એવો અનુભવ કરે છે.

આવું વીતરાગના જ્ઞાનનું અને તેઓની નિર્દોષ વાણીનું રહસ્ય છે, તે સમ્યગ્જ્ઞાની યથાર્થપણે જાણે છે. એકલો, મારાથી મારામાં જાણનાર સ્વરૂપે છું, રાગાદિરૂપે નથી, પરમાં અટકનાર નથી. એકમાત્ર જ્ઞાનમાં–જ્ઞાનની અવસ્થાને જાણનાર એકરૂપ શાંતિસ્વરૂપે હું છું, એમ પોતાનું પ્રગટ સ્વરૂપ પોતાના પુરુષાર્થ વડે અનુભવમાં આવે છે.

અહીં દ્રવ્યદૃષ્ટિએ શુદ્ધપણું પ્રગટ બતાવ્યું છે. જ્ઞાનીને ચારિત્રની અપેક્ષાએ અસ્થિરતા છે ત્યાં સુધી રાગ થાય છે, પણ તેને દૃષ્ટિના જોરમાં કાઢી નાખે છે (તે ઉપર લક્ષ કરતા નથી) અને એકલા સામાન્ય જ્ઞાનસ્વભાવને રાખે છે. પરપણે–રાગાદિ રૂપે હું નથી, પરથી હું જુદો છું, તેથી પર સાથે–રાગાદિ સાથે મારે સંબંધ નથી, નિત્ય એકલો ચૈતન્યસ્વભાવરૂપે છું એમ માનવું તે જ ધર્મ છે.

આત્માનું સ્વરૂપ છે તો આવું જ એકરૂપ નિશ્ચલ, તોપણ જેને એવા પોતાના સ્વરૂપની ખબર નથી પરથી જુદો છું, સ્વાધીન છું, અવિકારી, અસંગ છું એવું પોતાનું સ્વરૂપ જે જાણતો નથી અને હું પરનો કર્તા છું, હું શુભાશુભ રાગરૂપે છું, હું પરનું કાંઈ કરી શકું છું, પૂજા–ભક્તિ વગેરે શુભકાર્ય મારાં છે, એમ જે પરમાં ‘‘આ હું છું અને

એ મારું છે'' એમ માનીને પરાધીનતારૂપ પરજ્ઞેયોમાં આસક્ત થઈ રોકાઈ ગયો છે. તે જ્ઞાનથી જુદા માત્ર જાણવાયોગ્ય છે, તેને જ જ્ઞાનરૂપ માની લે છે અને તેથી જ્યાં ત્યાં પરની ક્રિયા મેં કરી અને દેહાદિની ક્રિયા મારે આધીન છે એમ માની લે છે, આમ માનનારે બધાને પરાધીન–માલ વિનાના માન્યા છે.

ચૈતન્ય નિર્મળ જ્ઞાનરૂપી અરીસો પોતાની સ્વચ્છતાને જાણનાર છે, તેમાં પરાશ્રયરૂપ રાગ-દ્વેષની ક્ષણિક અવસ્થા દેખાય તેની નાસ્તિ છે; તેમ ન માનતાં પરનું કરી દઉં, પરથી મારું થાય, પરની પ્રવૃત્તિ મારે આધીન છે એવા બધા મિથ્યાભાવ અજ્ઞાનીને થાય છે, તેથી તે પરમાં જ આસક્ત છે એટલે તે માને છે કે પરસંયોગાધીનપણાથી જુદું પડવું મને કેમ પાલવે? હું માલ વિનાનો પરાશ્રય વિના કેમ ટકી શકું?

હું કોઈ પરનું કરી દઉં અને કોઈ મને મદદ કરે એમ માનનારે પોતાને અને પરને પરાધીન–માલ વિનાના ગણ્યા. ભગવાનનું સ્મરણ કરીને મારા ગુણ ટકાવું, બાહ્ય શુભરાગની પ્રવૃત્તિ કરું તો ગુણ થાય, મારામાં નિરાવલંબીપણે સ્વતંત્ર ગુણો અને પુરુષાર્થની તાકાત નથી, એમ જે માને છે તે ગુણની નહીં પણ રાગની ભક્તિ કરે છે.

**'દીન ભયો પ્રભુ પદ જપે, મુક્તિ કહાંસે હોય?'**

નિત્ય જાણનાર જ્ઞાન નિરૂપાધિક છે તે જ હું છું, એમ જાણી સામાન્ય એકરૂપ જ્ઞાનસ્વભાવમાં ટકવું તે જ પ્રગટ ધર્મ છે, તેમાં પરનું કાંઈ કરવાપણું નથી, પરાશ્રય નથી. આવી શ્રદ્ધાથી પ્રથમ મૂળ ધર્મની દ્રઢતા થાય છે, તે સ્વભાવની દ્રઢતાના જોરે ચારિત્ર ખીલી ઊઠે છે અને પૂર્ણ સ્થિરતા થતાં મુક્તદશા પ્રગટે છે.

જેમ આહારનો લોલુપ શાકમાં લીન થઈ શાક ખાતાં મીઠાના સ્વાદ ઢાંકે છે, ખારાશનું જુદાપણું લક્ષમાં લેતો નથી, તેમ અજ્ઞાની નિમિત્તાધીન દ્રષ્ટિ વડે અનેક પ્રકારના પરવિષયોમાં રાગ વડે એકાગ્ર થાય છે, જુદા અરાગી જ્ઞાનસ્વભાવને તે ભૂલી જાય છે. સ્વતંત્ર નિરાવલંબી છું, એમ પરથી જુદાપણાની પ્રતીતિ તેને બેસતી નથી, કારણ કે પોતાને પોતાપણે અને પરથી ભિન્નપણે કદી પ્રગટ જાણ્યો નથી, અનુભવ્યો નથી, માન્યો પણ નથી.

જે જીવને પરમાં રુચિ છે તે પરનો આશ્રય માનીને તેના વિચારમાં રોકાય છે, પણ તે પરનું લક્ષ ફેરવી પોતા ઉપર નજર કરે અને નિશ્ચલ સ્વભાવની શ્રદ્ધા કરી પોતામાં જ રોકાય તો તેને કોઈ રોકી શકનાર નથી, પણ પરમાં કર્તાપણું માન્યું છે તેથી પરાશ્રયની શ્રદ્ધા છૂટી શકતી નથી, જ્ઞાનસ્વભાવનો નિરાકુળ આનંદ આવતો નથી અને

જિનઆજ્ઞા સમજાતી નથી. એવો જીવ પરમાં અટકી પોતાને દબાયેલો માનીને જ્ઞેયમિશ્રિત આકુળતાનો સ્વાદ વેદે છે.

પરનું હું કરું અને પરને હું ભોગવું એવી માન્યતા તદ્દન મિથ્યા છે. કોઈપણ પરચીજનો સ્વાદ જ્ઞાની કે અજ્ઞાની કોઈ લેતું નથી. અજ્ઞાની અવિવેક વડે તે પરવસ્તુને પોતાની માની, જડના રસમાં આકુળ થઈ, તેમાં રાગ કરી તેમાંથી રસ આવે છે એમ માને છે પણ ખરેખર તો તે પોતાના રાગને જ ભોગવે છે.

જ્ઞાન કરાવવામાં કોઈપણ સંયોગ નડતા નથી, જ્ઞાનસ્વભાવ નિરૂપાધિક, નિરાવલંબી છે. કોઈ લાખો ગાળો દે કે સ્તુતિ કરે તેમાં અટકવાનો જ્ઞાનનો સ્વભાવ નથી, પણ જ્ઞાન તો તેને માત્ર જાણે, જે પરને જાણવામાં ઠીક–અઠીક કરી તેમાં અટકે છે તે પરમાં આસક્ત થઈને પોતાના જ્ઞાયકસ્વભાવને ભૂલ્યો છે. જ્ઞાન પરમાં રોકાયું હોવાથી પરથી જુદા સ્વાશ્રિત જ્ઞાનાનંદનો અનુભવ તે લઈ શકતો નથી. જે પરચીજ જણાય તે જ હું અને તેનાથી જ જાણું છું, એમ પરચીજમાં જે આસક્ત છે તેને પોતાનું ભાન નથી.

જેમ કોઈ શાકનો લોલુપ શાકના રસમાં એકાકાર થઈ આમાં મીઠાનો સ્વાદ આવતો જ નથી, એમ માની શાકમાં ગૃદ્ધિપણા વડે તેમાં જુદાપણે રહેલા મીઠાના સ્વાદને જાણતો નથી–શાકના સંબંધથી ભિન્ન એવા મીઠાનું સળંગ જુદાપણું છે તેને જુદા લક્ષણપણે માનતો નથી, પણ તે તો શાક દ્વારા મીઠું જણાતું માને છે; જ્યારે મીઠું અને શાકના સ્વાદનું જુદાપણું સળંગપણે જાણનારો શાકનો અલોલુપ છે, તે તો મીઠાના સ્વાદને જુદો જાણે છે. તે ખીચડીમાં મીઠાનો સ્વાદ વધારે છે એમ જાણે છે. જ્યારે ગૃદ્ધિ તો ખીચડીને જ ખારી જાણે છે અને કહે છે, એમ બન્નેનું વજન જુદા પ્રકારે છે. ભોજનનો ગૃદ્ધિ મીઠાનું સળંગ ખારાપણું ભૂલી ભોજન ઉપર જ વજન આપે છે અને જે ગૃદ્ધિ નથી તે મીઠાને જુદું જાણી મીઠું તો સળંગ ખારું જ છે, એમ મીઠાના સ્વાદને સળંગ જુદો જાણે છે. તેમ નિમિત્તાધીન દૃષ્ટિવાળો જ્ઞેયવસ્તુમાં પરાશ્રયી થઈ જે પરચીજ જણાય તે ઉપર વજન આપે છે કે હું પરને જાણું છું–પરથી જાણું છું, એમ તે પરલક્ષે અટકે છે અને જ્ઞાની સ્વાવલંબી દૃષ્ટિવાળા હોવાથી જ્ઞાન–સ્વભાવને જ્ઞેયથી સળંગ જુદાપણે ટકાવી હું પરાશ્રિતપણે જાણનાર નથી, મારા જ્ઞાનમાં પરાધીનપણું નથી કે પરચીજ નથી, હું પરપણે નથી, મને જ મારામાં મારા જ્ઞાનથી જાણું છું એમ પોતાના એક જ પ્રકારના સળંગ જ્ઞાનસ્વભાવની દૃઢતા ઉપર જ વજન આપે છે, જ્ઞેયોમાં અટકતો નથી, પોતાના પ્રગટ સળંગ જ્ઞાનસ્વભાવથી કદી જુદો પડતો નથી.

તા. ૧૨-૯-૪૩.

સાચું જ્ઞાન થાય તેને સ્વ તરફ એકાગ્રતા થયા વિના રહે નહિ. પુણ્ય–પાપ રહિત, કર્મના સંબંધ વિનાનો, અશરીરી, જ્ઞાનસ્વભાવી છું, પરપણે નથી, પરનું કાંઈ કરી શકતો નથી, માત્ર મારા સ્વાધીન સ્વભાવમાં અનંતો પુરુષાર્થ કરી શકું છું. એવી સ્વાધીન સ્વભાવની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે અને તે જ જિનશાસન અનુસાર રાગ-દ્વેષ અને મોહને જીતનાર ધર્મ છે.

આત્મા સ્વભાવે ત્રિકાળ પરથી જુદો–સ્વતંત્ર છે છતાં વર્તમાન અવસ્થામાં કર્મનો સંયોગસંબંધ છે, એમ ન માને તો વર્તમાન અવસ્થામાં પોતે પોતાની સ્વતંત્ર યોગ્યતા વડે પરલક્ષમાં અટકી રાગ-દ્વેષભાવ કરે છે તેને ટાળવાનો પુરુષાર્થ કરી શકે નહિ; પોતાના ઊંધા પુરુષાર્થથી કર્મના સંયોગનું નિમિત્ત પામી શુભાશુભરાગરૂપ વિકારી અવસ્થા જીવ કરે છે, તે પોતાની જ વર્તમાન ભૂલ છે. સ્વભાવે ભૂલવાળો નથી, જડ કર્મો રાગ-દ્વેષ કે મોહભાવ કરાવતા નથી, પણ પોતે રાગ-દ્વેષ કરે ત્યારે જડકર્મની તેના સ્વતંત્ર કારણે હાજરી હોય છે. પર તરફના લક્ષ વિના રાગ-દ્વેષ થાય નહિ અને પર રાગ-દ્વેષ કરાવે નહિ. જ્યારે પોતે પરમાં જોડાણ કરી, સ્વલક્ષ ચૂકી, રાગ-દ્વેષ–મોહભાવ કરે ત્યારે પોતાના ભાવનો આરોપ કરી તે વખતે હાજર રહેલી ચીજને નિમિત્ત કહેવાય છે. પોતે શુભભાવ કરે તો સંયોગી ચીજને શુભ નિમિત્તનો આરોપ અપાય, અશુભભાવ કરે તો અશુભમાં તે નિમિત્ત કહેવાય અને શુભાશુભ બન્ને ભાવ છોડી માત્ર જાણનાર જ રહે તો અભાવરૂપ નિમિત્ત (જ્ઞેય) કહેવાય. એ રીતે પોતાના ભાવ અનુસાર નિમિત્તમાં આરોપ આવે છે. કોઈ નિમિત્ત સાથે આત્માના ભાવનો સંબંધ નથી. નિમિત્ત માત્ર હાજર હોય છે, તેને જાણવું તે વ્યવહાર છે.

નિમિત્ત પરચીજ છે, તે સ્વતંત્ર છે અને હું પણ સ્વતંત્ર છું. વિકારી અવસ્થાપણે થવાની મારી વર્તમાન યોગ્યતાને લીધે રાગ-દ્વેષ કરતાં પરચીજ તેને કારણે હાજર હોય છે, તેને નિમિત્ત કરીને–તેના લક્ષે મારી અવસ્થામાં વિકાર થાય છે. બદ્ધસ્પૃષ્ટાદિ ભાવ અશુદ્ધ વ્યવહાર દૃષ્ટિએ છે, સામાન્ય એકરૂપ આત્મા તે રૂપે નથી, આત્મા તે અવસ્થા પૂરતો નથી, એમ જાણે ત્યારે વ્યવહારે જિનશાસન જાણ્યું કહેવાય. તે વ્યવહાર ચિત્તશુદ્ધિનો શુભભાવ છે, પણ તે ધર્મ નથી.

દરેકે દરેક આત્મા અખંડ સ્વતંત્ર છે, મારી નબળાઈથી અવસ્થામાં રાગ–દ્વેષ, પુણ્ય-પાપની વૃત્તિ ઊઠે છે, પરમાં કાંઈ કરવાની વૃત્તિ ઊઠે છે તેમાં જડ કર્મના સંયોગનું નિમિત્ત છે, વિકારભાવ અવસ્થાદૃષ્ટિએ છે અને તે હું મારી નબળાઈથી કરું છું. કોઈ પર

નિમિત્ત કે કર્મ મને રાગ-દ્વેષ કરાવતું નથી. દયા, દાન, પૂજા, ભક્તિ વગેરે શુભભાવ પુણ્યબંધનનું કારણ છે પણ ધર્મનું કારણ નથી. તે ધર્મમાં મદદગાર નથી, સ્વભાવનો પુરુષાર્થ મારા સ્વરૂપથી જ થઈ શકે છે, આટલો નિર્ણય કરે ત્યારે તો હજુ વ્યવહારના આંગણે આવ્યો કહેવાય. જ્યારે રાગથી છૂટી સ્વભાવનું ભાન કરી, શ્રદ્ધામાં રાગનો નિષેધ કરે ત્યારે શ્રદ્ધા પૂરતો ધર્મ થાય અને ચારિત્રના જોરે રાગનો જેટલો અભાવ કરે તેટલી નિર્મળ દશ પ્રગટે.

શાસ્ત્રથી કે સત્સમાગમથી જિનશાસનને જાણે તે વ્યવહાર છે, આંગણામાં આવ્યો અને નિરાવલંબી સામાન્ય એકરૂપ નિર્વિકાર સ્વભાવનું એકાકાર લક્ષ કરે ત્યારે નિશ્ચયથી સર્વ જિનશાસનને જાણ્યું. કર્મના સંબંધે જોડાવાથી નબળાઈના કારણે જે પુણ્ય–પાપની ક્ષણિક વૃત્તિ ઊઠે તે રૂપે હું નથી, પણ હું તો વિકારનો નાશક છું, નિરાવલંબી, નિર્વિકારી જ્ઞાયક ત્રિકાળ અનંત ગુણથી પૂર્ણ છું, સ્વભાવ સિવાય પરનું કાંઈ કરી શકતો નથી, રાગ-દ્વેષનો ઉત્પન્નકર્તા મારો સ્વભાવ નથી, હું પરનો કર્તાભોક્તા કદીપણ નથી, આવું સ્વાશ્રિત સ્વાધીનપણું યથાર્થ શ્રદ્ધામાં આવે ત્યારે તે જીવે વીતરાગનું કથન જાણ્યું કહેવાય.

(૧) કર્મનો સંયોગ છે છતાં નિશ્ચયથી અબંધ–અસ્પર્શી છું.

(૨) શરીરના આકારનો સંયોગ છે છતાં નિશ્ચયથી અસંયોગી શરીરના આકાર રહિત છું.

(૩) હીનાધિક અવસ્થારૂપ પરિણમન થાય છે છતાં નિશ્ચયથી દરેક સમયે એકરૂપ છું.

(૪) અનંત ગુણો જુદી જુદી શક્તિ સહિત છે પણ સ્વભાવ ભેદરૂપ નથી, હું નિત્ય એકરૂપ અભેદ છું.

(૫) રાગ-દ્વેષ, હર્ષ-શોકના ભાવ નિમિત્તાધીન થાય છે પણ હું તે રૂપે થઈ જતો નથી.

આ પ્રમાણે પોતાના યથાર્થ સ્વરૂપને માને ત્યારે તો વ્યવહારને આંગણે–શુભરાગમાં ઊભો કહેવાય. (એવી ચિત્તશુદ્ધિ તો જીવે અનંતવાર કરી છે પણ તે વ્યવહાર છે.) વ્યવહારથી–શુભરાગથી નિશ્ચય એટલે કે સ્વભાવના ગુણ ઉઘડે નહિ, પણ શુભ કે અશુભ કોઈ ભાવ તે હું નહિ, વ્યવહારના બધા ભેદોનો અભેદ સ્વભાવના જોરે પ્રથમ શ્રદ્ધામાં નિષેધ કરે તો પરાશ્રય વિના સ્વલક્ષે અંદર ગુણમાં એકાગ્રતાનું જોર આપતાં સ્વભાવના ગુણ ખીલે છે.

ઉપર્યુક્ત પાંચ ભાવોથી સ્વતંત્ર પૂર્ણ નિર્મળ સ્વભાવપણે આત્માને યથાર્થ માને

સહજ ચિદાનંદ.

ત્યારે નિર્મળ શ્રદ્ધારૂપ શરૂઆતનો ધર્મ એટલે કે સમ્યક્દર્શન થાય છે. આવું જાણ્યું તેણે જ ખરું જિનશાસન જાણ્યું છે.

દેહાદિ–પરની ક્રિયા તો જ્ઞાની કે અજ્ઞાની કોઈપણ કરી શકતા નથી, તેથી તેની તો અહીં વાત જ નથી. આત્માના સ્વભાવમાંથી શુભાશુભ વૃત્તિ ઉઠતી નથી, પણ સ્વભાવને ચૂકીને પરલક્ષે નવી કરે ત્યારે થાય છે. ગમે તેવા ઉત્કૃષ્ટ શુભભાવ પણ સ્વભાવના વિરોધી છે, તેને આદરણીય માને કે મદદગાર માને તે સ્વભાવને માનતો નથી. જ્ઞાનીને પુરુષાર્થની નબળાઈના કારણે પુણ્ય–પાપની લાગણીરૂપ અસ્થિરતા થઈ જાય છતાં પણ તેમાં ધણીપણું નથી, આદરભાવ નથી. તે જાણે છે કે આ મારો સ્વભાવભાવ નથી.

મારો સ્વભાવ નિત્ય એકરૂપ સળંગ ગુણપણે છે તેમાં ક્ષણિક અવસ્થાના ભેદ નથી. હું શુભાશુભ લાગણીનો ઉત્પાદક નથી પણ નાશક છું, આવો આત્મસ્વભાવ યથાર્થપણે જાણ્યો, તેણે સર્વ જિનશાસનનું રહસ્ય જાણ્યું. પરાશ્રયની શ્રદ્ધારૂપ અનાદિની ઊંધી માન્યતા અને સર્વ વિકારનો નાશ કરીને જેણે જ્ઞાયકસ્વભાવને જ પ્રાપ્ત કર્યો, તેણે સર્વ વીતરાગના હ્રદય જાણ્યાં છે.

ભગવાનની વાણીમાં શુદ્ધજ્ઞાનભાવ છે. તે રાગનું કર્તાપણું સ્થાપે નહિ, પરાધીનપણું આદરણીય–કરવાનું બતાવે નહિ. જેણે પોતાનો નિર્મળ સ્વાધીન સ્વભાવ જાણ્યો તેણે વીતરાગ પરમાત્માને જાણ્યા, તેમનો ઉપદેશ જાણ્યો અને જિતવા યોગ્ય શું તે પણ જાણ્યું.

આ બધી વાત આચાર્યશ્રીએ ન્યાય–પ્રમાણથી કહી છે. અદ્ધરથી લખિતંગ–મફતલાલની સહી એવું નથી, પણ સાક્ષાત્ ભગવાન ચિદાનંદ આત્માના અવસ્થાનરૂપ શાસનથી સ્વલક્ષે લખિતંગ અને સહી સાક્ષાત્ તીર્થંકર ભગવાનની તથા સાક્ષી શ્રી કુંદકુંદાચાર્યની છે, તે વાત ત્રણકાળમાં ફરે તેવી નથી.

જેમ શાકના ગૃદ્ધિને શાકથી જુદા મીઠાનો સ્વાદ જણાતો નથી, તે તો શાકને જ ખરું માને છે. 'મીઠનો સ્વાદ તે શાકનો સ્વાદ નથી, છતાં શાક અને મીઠાના સ્વાદને જુદા જાણતો નથી, એટલે 'શાક ખારું છે' એમ કહે છે. જો શાકાદિના ભેદ રહિત સંયોગ રહિત પરમાર્થે મીઠાના સળંગ પ્રગટ ખારાપણાને જોવામાં આવે તો જે ખારાશનો પ્રગટ સ્વાદ શાક મારફત જણાતો હતો તે ખારાશ સામાન્ય મીઠાનો જ સ્વાદ હતો, તે શાકનો સ્વાદ ન હતો. મીઠું એકલું દેખો અગર તો શાકના સંયોગમાં દેખો પણ નિત્ય એકરૂપ સામાન્ય પ્રગટ ખારાશ સ્વરૂપે છે, શાક વગેરે કોઈ પરવસ્તુના સ્વાદપણે મીઠું નથી, એમ જે અલુબ્ધ

છે તે જાણી શકે છે. આ પ્રમાણે મીઠાના દૃષ્ટાંતે પરજ્ઞેયોમાં લુબ્ધ એવો જે અજ્ઞાની છે, તે અનેક પ્રકારના જ્ઞેયાકારે રાગમિશ્રિતપણાથી એકલા નિરૂપાધિક સામાન્ય જ્ઞાનસ્વભાવને ઢાંકીને અને જ્ઞેયવિશેષના આવિર્ભાવ (પ્રગટપણા)થી જ્ઞાનને ખંડખંડરૂપ માની નિમિત્તાધીન આકુળતાનો સ્વાદ અનુભવે છે. દ્રવ્યકર્મ, નોકર્મ શરીરાદિ કોઈ પરચીજની ક્રિયા તથા પુણ્ય–પાપની લાગણી તે ખરેખર જ્ઞાનમાં નથી પણ તે બધાં પરજ્ઞેય છે. અજ્ઞાની પોતાના જ્ઞાનમાં જણાતાં જ્ઞેયોથી પોતાના જ્ઞાનમાં ઠીક–અઠીકપણું એવા ભેદ પાડે છે અને પરજ્ઞેયોનો પોતામાં આરોપ કરી પોતાના જ્ઞાયકસ્વભાવને ઢાંકે છે.

જ્ઞેયમાં બધું આવી ગયું. દેવ, ગુરુ, શાસ્ત્ર અને સાક્ષાત્ સિદ્ધ પણ પરજ્ઞેય છે. તેને પોતાનો માને અને તે મારું કાંઈ કરી દે એમ માને તે પોતાને પરાધીન માને છે. ભગવાન પણ પરજ્ઞેય છે, તેમની ભક્તિ, સ્તુતિ, પૂજા કરી તેથી મને લાભ થયો એમ જે ખરેખર માને છે તેણે ભગવાનની નહિં પણ પોતાની રાગની સ્તુતિ કરી છે. પરંતુ અવલંબન જોઈ એ એમ માની રાગવાળું જ્ઞાન કરી, પરથી ગુણ માની તેમાં અટક્યો છે તે ખરેખર પોતાના જ્ઞાનસ્વભાવને નહિ જાણતો અજ્ઞાની છે, તે પોતાના જ્ઞાનને પરજ્ઞેયરૂપ કરતો અનાદિથી પરવસ્તુમાં લુબ્ધપણે અટક્યો છે.

પરથી જુદો છું એ ભૂલીને જેને પોતાના સ્વતંત્ર તત્ત્વની ખબર નથી, સ્વભાવમાં બેહદ તાકાત ભરી છે તે ઉપર જેને વજન નથી અને એકલા પુણ્ય માટે જ રાગ-દ્વેષાદિ સહિતની ક્રિયાને પોતાની માની તેમાં ધર્મ માને છે, તે ખરેખર પોતાની આકુળતાનો– મૂઢતાનો જ સ્વાદ લે છે. તેને પોતાના જ્ઞાયકસ્વભાવની ખબર નથી, તેથી બહારની શુભ પ્રવૃત્તિ કે જે પરમાર્થે ઝેર છે, તેમાં આસક્ત થઈ એકલા રાગની જ ભક્તિ કરે છે. તે પોતાના–રાગથી જુદા સ્વાધીન પ્રગટ જ્ઞાનશાંતિ–સ્વરૂપન જાણતો નથી, તેથી સ્વાશ્રિત ગુણનો સ્વાદ લઈ શકતો નથી.

અજ્ઞાનીને બાહ્ય પ્રવૃત્તિનો મહિમા છે, તેથી પરમાં અનુકૂળતા જોતાં તેમાં એકાગ્ર થઈને તે પરાશ્રયથી હર્ષ વેદે છે અને કહે છે કે અહો! આપણે બહુ પુણ્ય કર્યાં, આટલી ક્રિયા કરી માટે અંદર ગુણ થયો હશે, એમ પરાશ્રયથી ગુણની કિંમત કરે છે અને પોતાને માલ વિનાનો–પરાધીન માને છે. તે સામાન્ય એકાકાર પ્રગટ જ્ઞાનસ્વભાવ જે સર્વ પરથી જુદો છે તેનું લક્ષ કરતો નથી અને પરથી જુદાપણાના જોર વગર પરાશ્રયથી જુદો પડી શકતો નથી. ''તું સ્વતંત્ર તત્ત્વ છે, તેથી તને કોઈ મદદગાર નથી'' એમ સાંભળતાં જ તેને અરેરાટી થઈ જાય છે, કે હાય ! પરાવલંબન વિના હું એકલો શી રીતે રહી શકું? તેને પોતાના સ્વતંત્ર ગુણનો વિશ્વાસ નથી, તેથી અંતરથી સમાધાન થતું નથી, બાહ્યની

માનેલી પ્રવૃત્તિ દેખે તો સમાધાન કરે, કાંઈ કરું તો ઠીક, નહિતર પ્રમાદી–મૂઢ જેવા થઈ જઈશ, એમ પોતાની સ્વતંત્રતાની શંકા છે. એકલું જ્ઞાન શું, શેમાં ઠરવાનું છે, તેની કાંઈ ખબર નથી તેથી કોઈ બીજી ચીજને લક્ષમાં લઉં તો વિચાર કરી શકું અને ગુણની ક્રિયા કરી ગણાય, એમ અનાદિની ભ્રમણા વડે પોતાને નમાલો ગણી સ્વતંત્ર સ્વાશ્રયની શ્રદ્ધાનો અનાદર કરીને સ્વભાવને ઢાંકી દે છે. પુણ્યથી મારા ગુણ ટકાવી રાખું, ઘણા શુભભાવ કરું તો ગુણ પ્રગટે છે, એવું માને છે તે ભ્રમ છે.

આ ત્રિકાળ સત્ય છે, કઠણ પડે તોપણ ગમે ત્યારે આ માન્યે જ છૂટકો છે, એ સિવાય ધર્મનો કોઈ બીજો ઉપાય નથી. આ સિવાય બીજો માર્ગ કોઈ માને તો તે પોતના ઘરનો સ્વચ્છંદે ઉપજાવેલો છે, વીતરાગનો માર્ગ નથી. આમાં ઘણો ઊંડો વિચાર રહેલો છે. અશુભથી બચવા શુભરાગમાં જોડાય તો શુભરાગના નિમિત્તો દેવ, ગુરુ, શાસ્ત્ર વગેરે ઘણાં છે, પણ તે બધા પરચીજ છે અને પરચીજનું અવલંબન તે રાગ છે. પરચીજ અને તેનો રાગ રાખું, શુભરાગનું અવલંબન લઉં તો ગુણ ઉઘડે, એમ શુભભાવથી કે નિમિત્તથી ગુણ માનનાર સ્વતંત્ર સત્ સ્વભાવનું ખૂન કરનાર છે. તેને અંદર ગુણ ભર્યા છે તેની તેમજ હું અખંડ ગુણસ્વરૂપ છું. નિરાવલંબી, અવિકારી, કોઈ પરવસ્તુના સંયોગ રહિત છું, એવા સ્વભાવના જોરે ગુણ પ્રગટે છે અને તે બધા ગુણો વર્તમાનમાં સ્વાશ્રયના જોરે જ ટકેલા છે, તેની ખબર નથી.

આત્મા પોતાના અનંત સ્વતંત્ર ગુણોથી નિત્ય ભરેલો છે, જો વર્તમાનમાં પૂર્ણ ગુણ ન હોય તો બહારથી નવા આવે નહિ. બાહ્ય લક્ષે જે ભાવ થાય તે સ્વભાવના ભાવ નથી; મન, વાણી, દેહની ક્રિયા–જડની અવસ્થા જડને આધારે થાય છે. મૂઢ જીવ જડની અવસ્થા બદલવાનું અભિમાન કરે છે. દેહની ક્રિયાના લક્ષે–કોઈપણ પરચીજના લક્ષે જે ભાવ પ્રગટ તે નિશ્ચયથી અધર્મભાવ છે, રાગભાવ છે, સ્વભાવભાવ નથી! કારણ કે તે અવિકારી સ્વભાવથી વિરોધભાવ છે.

પ્રથમ શ્રદ્ધામાં સત્સ્વભાવ કબૂલ્યા વિના, પૂર્ણ ગુણની ઓળખાણ વિના, પુરુષાર્થ શેનો કરશે? અને ઠરશે ક્યાં? પરલક્ષે ગુણ પ્રગટ એમ જે માને છે તેને સદાય રાગરૂપ આકુળતાનો અનુભવ થાય છે. પરાશ્રિતપણા રહિત મારો સ્વતંત્ર પ્રગટ જ્ઞાનસ્વભાવ નિત્ય અબંધ છે, તેના ભાન વગર તેનો સ્વાદ આવતો નથી.

જે કરવા જેવું છે અને જે સ્વાધીનપણે થઈ શકે છે, તે અનંત કાળમાં માન્યું નથી અને કર્યું પણ નથી; જે કરવા જેવું નથી અને સ્વાધીનપણે થઈ શકતું જ નથી, તે પરનું કર્તાપણું માને છે અને સ્વભાવથી વિરુદ્ધ રાગ-દ્વેષ મોહભાવ અનાદિથી કરે છે.

જ્ઞાનગુણમાં રાગ નથી અને કોઈ પરચીજ રાગ કરવાનું કહેતી નથી, પરને લઈ ને ભૂલતો નથી પણ દેહાદિ–પર ઉપરની પોતાની મમત્વબુદ્ધિથી પોતે જ ગોટો ઉઠાવ્યો છે. ત્રિકાળી સ્વભાવમાં તો કાંઈ ફેર નથી. એકરૂપ છે; પણ જ્ઞેયોમાં આસક્ત થઈને એટલે કે પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં તથા પુણ્ય–પાપની વૃત્તિમાં ઠીક–અઠીક માની તેમાં જ્ઞાન રોકાય છે, પરચીજમાં રાગ-દ્વેષ, આદર-અનાદર કરે છે, તેથી પોતાના સ્વભાવનો જ વિરોધ કરે છે.

આત્મા નિરંતર જાણનાર સ્વરૂપે છે. પરવિષયમાં ઠીક–અઠીકપણે અટકવાનો જ્ઞાનનો સ્વભાવ નથી. પરમાં અટકવું તે એકએક સમયની સ્થિતિના રાગ-દ્વેષ-મોહનું લક્ષણ છે, તે વિકારપણે જ્ઞાનગુણ નથી. ગુણમાં અવગુણની ત્રિકાળ નાસ્તિ છે. જ્ઞાન તો સામાન્ય એકલું નિર્મળ છે. તેની અવસ્થા પણ નિર્મળ છે, તેમાં રાગ નથી. આ પ્રમાણે જ્ઞાની અને અજ્ઞાની બન્નેને સામાન્ય અને વિશેષપણે રહેલું જ્ઞાન જ્ઞાનપણે તો ત્રિકાળ નિર્મળ જ છે, પણ અજ્ઞાની તેમાં રાગથી અટકવારૂપ વિકલ્પનો ભેદ પાડે છે; જો સ્વાશ્રયી સ્વભાવના લક્ષે તે ભેદ કાઢી નાખે તો રાગ વિનાનું સામાન્ય એકાકાર જ્ઞાન તે તો જ્ઞાન જ છે.

જેમ અન્ય દ્રવ્યના સંયોગનો નિષેધ કરીને એકલા સિંધવનો જ અનુભવ કરવામાં આવે તો સર્વતઃ નિરંતર એક ક્ષારરસપણાને લીધે સિંધવની ગાંગડી માત્ર ક્ષારપણે જ સ્વાદમાં આવે છે, તેમ પરદ્રવ્યના સંયોગનો નિષેધ કરીને કેવળ નિરાકુળ શાંત આત્માનો જ અનુભવ કરવામાં આવે તો સર્વતઃ—સર્વ ગતિઓમાં, સર્વ સર્વક્ષેત્રે, સર્વકાળે અને સર્વ ભાવે પોતાના એક વિજ્ઞાનઘન સ્વરૂપને લીધે આ આત્મા પોતે જ સળંગ જ્ઞાનપણે સ્વાદમાં આવે છે.

ખીચડી, શાક, પૂરી વગેરે ભોજનના ભેદની અપેક્ષા આવતાં મીઠું વધારે ખારું કે ઓછું ખારું એવા ભેદ પડે છે, પણ જેની દૃષ્ટિ ભોજન ઉપર નથી તે તો મીઠાને સળંગ ખારાશપણે દરેક અવસ્થામાં પ્રગટ જાણે છે, પર સંયોગનો નિષેધ કરી મીઠું મીઠાપણે ખારું જ છે, અન્યપણે નથી; એમ જ્ઞાનમાં જ્ઞેયમાત્રપણે પરદ્રવ્યનો સંયોગ છે, પણ તે સંયોગથી જ્ઞાન ભેદરૂપ થતું નથી. મારામાં પરસંયોગ નથી, એમ પરજ્ઞેયોનો નિષેધ કરી મારું જ્ઞાન પરને આધીન નથી, પુણ્ય–પાપની લાગણી પણ પરાશ્રયે જ થાય છે, પરમાર્થે સ્વભાવમાં વિકાર છે જ નહિ, વિકારી અવસ્થા પૂરતો હું નથી, શુભાશુભ વિકારનો નાશક છું ઉત્પાદક નથી, દેહાદિ–રાગાદિ કોઈપણ પર સંયોગની મારામાં નાસ્તિ છે અને નિરંતર અનંત ગુણસ્વભાવ જ્ઞાયકસ્વરૂપની જ અસ્તિ છે, એમ સ્વ-પરની અસ્તિ–નાસ્તિ જાણીને ત્રિકાળ ટકનાર એકલા જ્ઞાનસ્વભાવનો અનુભવ કરવો તે જ સમ્યગ્જ્ઞાન છે.

પ્રથમ શ્રદ્ધામાં આવું યથાર્થ ભાન કરતાં પોતાના અખંડ સામાન્ય જ્ઞાનના લક્ષે વિશેષ જ્ઞાનની અંશે નિર્મળતા થતાં નિરાકુળ એકરૂપ સ્વભાવનો સ્વાદ આવે છે, જેણે પરથી જુદો સ્વતંત્ર સ્વભાવ લક્ષમાં લીધો તેને સર્વજ્ઞ ભગવાને કહેલો સ્વાધીન સુખરૂપ ધર્મ થયો; પછી પુરુષાર્થની નબળાઈથી પરાશ્રયનું લક્ષ કરવાથી થતા ક્ષણિક વિકારભાવને તે પરજ્ઞેયપણે જાણે છે, તે ક્ષણિક નબળાઈનો સ્વામી—કર્તા થતો નથી. અવસ્થાના જેટલા ખંડ પડે તે બધા વ્યવહારનો ભેદનો નિષેધ કરી ભેદ રહિત નિત્ય જ્ઞાનસ્વભાવી છું, એમ યથાર્થ શ્રદ્ધામાં માનવું તે જ પ્રથમમાં પ્રથમ ધર્મની શાંતિ પ્રગટ કરવાનો ઉપાય છે અને નિર્મળ જ્ઞાયકસ્વભાવના જોરે સ્થિરતા વધારવી તે જ ચારિત્ર છે. સ્વરૂપની સાચી સમજણ કરી સર્વજ્ઞ વીતરાગ ભગવાને કહેલા ન્યાયથી સત્સમાગમે તેનો જ—સ્વ-પરનો જ અભ્યાસ કરવો.

ા. ૧૨-૯-૪૩ રાત્રિચર્ચામાંથી.

**પ્રશ્ન :**—પહેલા ગુણસ્થાને (મિથ્યાત્વદશામાં) જીવ નિરાવલંબી થઈ શકે?

**ઉત્તર :**—સત્ શ્રવણ કરતાં આ યથાર્થ સત્ય છે, એમ એકલા સ્વ તરફના વિચારથી યથાર્થ સત્‌ની હા આવે છે. વારંવાર તેનો આદર અને રુચિરૂપે હા જ આવે છે, તેમાં અંશે મનનું અવલંબન છૂટ્યું છે અને યથાર્થતાનો જાતે નિર્ણય કરે છે. નિમિત્ત અને અવસ્થાને ભૂલીને સ્વલક્ષની શ્રદ્ધાથી યથાર્થતાનો અંશ પ્રગટે છે, તે અંશે રાગ રહિત નિરાવલંબી હોવાથી સમ્યગ્દર્શન પામવા સન્મુખ થયો કહેવાય છે. અંતરમાં અપ્રગટ રુચિ કામ કરે છે, તે રુચિના જોરે જ આગળ વધે છે. શરૂઆતમાં યથાર્થ સત્‌ની હા રૂપ સાચા કારણમાં નૈગમ નયે નિરાવલંબી યથાર્થતાનો અંશ ન હોય તો સમ્યગ્દર્શનરૂપ પ્રગટ કાર્યમાં પ્રગટ અંશે નિરાવલંબીપણું ક્યાંથી આવે? સમ્યક્દૃષ્ટિની શ્રદ્ધામાં તો પૂર્ણ નિરાવલંબી સિદ્ધ પરમાત્મસ્વભાવ જ છે અને તેના જોરે જ પૂર્ણ દશા પ્રગટી શકે છે.

તા. ૧૩-૯-૪૩.

પરાશ્રય રહિત સ્વાધીન આત્મસ્વરૂપની અનુભૂતિ તે જ સમસ્ત જિનશાસનની અનુભૂતિ છે.

આત્મામાં અવસ્થાપણે કર્મનો તથા શરીરાદિકનો સંબંધ છે એમ જાણવું કહેવું તે

વ્યવહાર છે, જ્યાં સુધી પર ઉપર લક્ષ છે ત્યાં સુધી પરાધીનતારૂપ વ્યવહાર છે, તે કાંઈ આત્માને ગુણનું કારણ નથી.

સમયસારમાં દરેક ગાથામાં નિશ્ચય–વ્યવહાર જે રીતે સર્વજ્ઞ ભગવાને કહ્યો છે તે રીતે કહેવાય છે. વ્યવહાર એટલે પરલક્ષે ભેદનો આરોપ. તે ભેદરૂપ વ્યવહારને મદદગાર માને, ગુણકર માને અને તેના ઉપર લક્ષ રાખી તેનાથી ધર્મ માને, પરાશ્રયરૂપ વ્યવહારને જ નિશ્ચય માને તેને તે માન્યતા બંધનું કારણ થાય છે.

હું શુદ્ધ છું, અસંગ છું, પૂર્ણ છું એવી શ્રદ્ધાના જોરે નિર્મળતા ઊઘડે છે. પ્રથમ યથાર્થ ભાનમાં પરાશ્રયરૂપ સર્વ ભેદનો (વ્યવહારનો) નિષેધ છે, પછી જુદાપણામાં સ્થિરતાનું જોર આપવું તે શુભાશુભ બંધનભાવરૂપ વ્યવહારનો નાશ કરવાનો ઉપાય છે. નિમિત્તરૂપ દેવ, ગુરુ, શાસ્ત્ર વગેરે સર્વ વસ્તુઓ જાણવા યોગ્ય છે. અશુદ્ધ અવસ્થામાં કર્મનો સંયોગ છે તેનું જ્ઞાન કરાવવા માટે વ્યવહાર છે. એકલી વસ્તુમાં વિકાર હોય નહિ. નિશ્ચય એટલે પરથી નિરાળો, નિત્ય પૂર્ણ અવિકારી સ્વભાવ–તે પરાશ્રિત ખંડરૂપ વ્યવહારનો નાશ કરનાર છે. બાહ્યની પ્રવૃત્તિ–વ્રતાદિના શુભરાગની પ્રવૃત્તિ–તે પણ અંદર ગુણ માટે મદદગાર નથી; જેટલો પરાશ્રય તેટલું રાગમાં અટકવું થાય છે. પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાં સુધી અવસ્થામાં પરાશ્રયરૂપ જ રાગ રહે છે, તેને માત્ર જાણવાનું જ વ્યવહારનયનું પ્રયોજન છે.

પરાશ્રિત બાહ્ય વલણરૂપ રાગને ગુણકર માને તો વ્યવહારનયાભાસ (મિથ્યાત્વ) છે. દેહાદિની–પરની ક્રિયા તથા પુણ્ય–પાપના શુભાશુભ રાગની લાગણી–વિકાર તે મારું સ્વરૂપ નથી, કારણ કે તે વિકારનો મારા સ્વભાવમાં અભાવ છે. મારો સ્વભાવ અવસ્થા પૂરતો નથી પણ ત્રિકાળ સ્વતંત્રપણે એકરૂપ છે. પરાશ્રયની શ્રદ્ધા છોડી પરમાર્થ અક્રિય નિરાવલંબી સ્વભાવની શ્રદ્ધા કરવી તે જ સ્વતંત્ર ગુણની શ્રદ્ધા છે અને તે જ જિનશાસનની નિશ્ચયથી શ્રદ્ધા છે.

ચૌદમી અને પંદરમી ગાથામાં જે વ્યવહારથી કહ્યું તે રીતે પરનિમિત્તના ભેદરૂપ અવસ્થાપણે આત્માને જેમ છે તેમ જાણવો તે જિનશાસનનો વ્યવહાર છે; તે વ્યવહારને સત્યાર્થ માનીને અવસ્થા પૂરતો પોતાનો માની લે, શુભાશુભભાવ મને ગુણકર છે. હું તો તેનો કર્તા છું, એમ માને તો તેને નિશ્ચયની (ગુણસ્વરૂપ સ્વાધીન સ્વભાવની) શ્રદ્ધા નથી. રાગાદિમાં તથા દેહાદિ પરવસ્તુમાં કર્તાપણું સ્થાપે–પરાશ્રયપણું માને તે જિનશાસનનો વ્યવહાર નથી. વ્યવહારને નિશ્ચયથી નિષેધવાયોગ્ય જાણી નિમિત્ત તથા અવસ્થા છે, તેને ગૌણ કરી માત્ર અવસ્થાના ભેદને જાણવા તે વ્યવહાર છે.

શાસ્ત્રમાં ઘણે ઠેકાણે અદ્ભૂતવ્યવહારનયના કથનની વાત આવે, પણ તે શબ્દ મુજબ તેનો ખરો અર્થ નથી. માત્ર જોડેના નિમિત્તનું જ્ઞાન કરાવવા ઉપચારથી તે કહ્યું છે, એમ સમજવું.

પરથી જુદો નિરાવલંબી વીતરાગી સ્વભાવપણે છું, પુણ્ય–પાપ રહિત શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા તે જ માર્ગ છે, મોક્ષમાર્ગની ઊણી અવસ્થા પૂરતો હું નથી. એવા આત્માના ધ્રુવસ્વભાવની જેણે શ્રદ્ધા કરી છે તેણે નિશ્ચયથી જિનશાસન જાણ્યું છે. ''વીતરાગના કહેલા જિનધર્મમાં તો વ્રત, તપ, બાવીસ પરિષહ વગેરે બહુ આકરા હોય છે, દેવ–ગુરુ–શાસ્ત્ર આવા હોય છે, તેની પૂજા, ભક્તિ આ રીતે થાય છે'' એમ બહારના ચિહ્ન વડે (પર-વસ્તુમાં) જિનશાસન માનવું તે વ્યવહાર છે, વીતરાગે કહેલું પરમાર્થ જિનશાસન તે નથી. વ્રતાદિ ભાવો શુભરાગ છે–આસ્રવ છે, તે વ્રતાદિના બંધનભાવમાં ખરું જિનશાસન નથી.

જિનશાસન :—જિન–જીતવું; કોને જીતવું? રાગ-દ્વેષ–અજ્ઞાનને; જીતીને (નાશ કરીને) પરાશ્રય રહિત જ્ઞાનસ્વભાવ સ્વતંત્ર છે, એમ જાણવું અને શ્રદ્ધા કરવી તે જ રાગ-દ્વેષ-મોહ અને પાંચ ઇન્દ્રિયના વિષયોની વૃત્તિનું જીતવું થયું. ક્રિયાકાંડની બાહ્ય વૃત્તિથી અંદર સ્વભાવનું ભાન થતું નથી.

જે કોઈ સમ્યગ્દર્શન સહિત છે તેને પણ અશુભ રાગથી બચવા માટે પૂજા, ભક્તિ, દાન, તપ વગેરે ક્રિયાકાંડરૂપ જેટલું બહારનું વલણ છે, તે કાંઈ ખરું જિનશાસન નથી. શુભરાગ પણ પુણ્યબંધનનું કારણ છે, તેનો કર્તા જે પોતાને માને તેણે પોતાના ગુણરૂપ સ્વભાવને માન્યો નથી. જ્ઞાનીને દૃષ્ટિમાં રાગનો ત્યાગ છે, પણ પૂર્ણ વીતરાગ થઈ શકતો નથી ત્યાં સુધી પાપરૂપ અશુભભાવમાં ન જવા પૂજા, ભક્તિ, વ્રત, તપ સંબંધી પુણ્યરાગ થયા વિના રહેતો નથી. કોઈપણ પ્રકારના શુભાશુભ રાગની પ્રવૃત્તિ થવી તે વ્યવહારનય નથી. કોઈપણ વિકારી ભાવ ગુણકર નથી પણ તે વિરોધીભાવ છે અને જેટલા દરજ્જે સ્વલક્ષે ટકે તેટલો નિર્મળ ભાવ છે, આ જાણવું તેનું નામ વ્યવહારનય છે. શુભાશુભ રાગ કે મન, વચન, કાયાની પ્રવૃત્તિને જે કોઈ જિનશાસન કે મોક્ષ–માર્ગનું સાધન માને કે મનાવે તેને વીતરાગના ઉપદેશની–સ્વતંત્ર સ્વભાવની ખબર નથી. શુભરાગથી પણ ધર્મ નથી. એકલો શુભરાગ ગમે તેવો હોય છતાં તે વ્યવહારનયથી–ઉપચારથી પણ ધર્મ નથી.

લોકોને યથાર્થ ધર્મનું સ્વરૂપ ન સમજાય, તેથી કાંઈ અધર્મને ધર્મ મનાય કે મનાવાય? ''અત્યારે ન સમજાય'' એવું નકારનું મિથ્યાશલ્ય કાઢી નાંખવું. જેને પરમાર્થ જિનદર્શનની ખબર નથી તેને વ્યવહારની શ્રદ્ધા પણ સાચી હોય નહિ, તેથી તેના માનેલાં

વ્રત, તપ, પૂજા, ભક્તિ વગેરે સાચાં નથી. પાપથી બચવા શુભભાવ કરે તો પુણ્ય બંધાય તેની ના કહેતા નથી, પણ તે પુણ્યની શ્રદ્ધા કરે, તેને પોતાના સ્વરૂપમાં માને, તેના અવલંબન વિના પુરુષાર્થ ઊગે નહિ—ગુણ થાય નહિ એમ માને તે મહામિથ્યાદષ્ટિ છે, તે સ્વાધીન સત્ સ્વભાવનું સમયે સમયે ખૂન કરનારો છે. આ આકરું લાગે તો સત્યાસત્યનો નિર્ણય કરે, પણ અસત્‌થી કદી પણ સત્ નહિ જ આવે.

સમ્યગ્દર્શન થયા પહેલા પણ અશુભભાવ છોડવા માટે દયા વગેરેના શુભભાવ કરે ખરો, પણ તેનાથી સમ્યગ્દર્શન થાય કે ગુણ થાય એવી માન્યતા ખોટી છે. અનાદિથી શુભાશુભભાવ તો કરતો આવે છે છતાં હજી સંસારમાં કેમ રખડે છે? પુણ્યભાવ લોકોને અનાદિથી ગોઠી ગયો છે, તેથી તે છોડવાની વાત રુચતી નથી. જેને સ્વભાવના અપૂર્વ પવિત્ર ગુણ પ્રગટ કરવા છે તેનામાં શુભભાવ જેટલી લૌકિક નીતિની પાત્રતા તો હોય જ. નવતત્ત્વ વગેરે, અગાઉ ૧૩મી ગાથમાં કહ્યું તે રીતે, સાચા વ્યવહારનું જ્ઞાન હોય જ, તે વિના સમ્યક્‌દર્શનના આંગણે આવવાની તૈયારી હોઈ શકે નહિ. અહીં તે શુભભાવથી ગુણ પ્રગટે એમ કહેતા નથી, કારણ કે ધર્મના નામે ઉત્કૃષ્ટ શુભભાવ પણ જીવે અનંતવાર કર્યા છે, પણ ભાન વગર જરાપણ ગુણ થયો નથી. અહીં તો જન્મ–મરણ ટળે એવું અપૂર્વ વસ્તુસ્વરૂપ કહેવાય છે. જે કહેવાય છે તે પોતે જાતે નક્કી કરી શકે અને અત્યારે પણ થઈ શકે તે કહેવાય છે.

પુણ્યનો નિષેધ કરીએ છીએ, પણ તેથી પાપભાવ કરવાનું કહેતા નથી. દેહની સગવડ માટે સ્ત્રી, પુત્ર, ધન, આબરૂ ઇત્યાદિ માટે જેટલી પ્રવૃત્તિ કરે છે તે બધી સાંસારિક પ્રવૃત્તિ અશુભરાગ—પાપો જ છે. જેને ધર્મની રુચિ છે. તે પાપની પ્રવૃત્તિ છોડીને દયા, દાન વગેરે શુભભાવ કર્યા વિના રહે જ નહિ.

શરીરની ક્રિયા હું કરી શકું છું એમ માને તો મૂઢતાનું પાપ પુષ્ટ થતું જાય છે. અશુભભાવ ટાળી પુરુષાર્થથી પોતે શુભભાવ કરી શકે છે. શુભભાવ કરવામાં ધન વગેરેની જરૂર પડતી નથી. નિરાવલંબી સ્વરૂપની શ્રદ્ધા સિવાય નિશ્ચય સ્વભાવ તરફ અંશમાત્ર વલણ કે રુચિ થાય નહિ. (માત્ર વ્યવહારે ધર્મની રુચિ કહેવાય.)

જિનશાસનમાં—કોઈ શાસ્ત્રોમાં વ્યવહારે ક્રિયાની વાત (નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે) હોય છે, તે જગ્યાએ ઉપચારથી તે કથન જાણવું. જો પરમાર્થે તેમ જ હોય તો પરમાર્થમાર્ગ ખોટો ઠરે. આત્મા તો ગુણસ્વરૂપે છે ગુણ તે દોષ વડે, શુભાશુભ રાગ વડે પ્રગટતા નથી. જો વ્રતાદિના શુભભાવ વડે ગુણ પ્રગટે તો અભવી (મિથ્યાદષ્ટિ) પણ તે વ્યવહાર વડે—શુભભાવ કરીને નવમી ગ્રૈવેયક સુધી અનંતવાર જઈ આવ્યો છે; માટે રાગ

કે મન, વચન, કાયાની ક્રિયા વડે જિનશાસન (આત્મસ્વરૂપ) નથી, (છતાં માને તે સ્વતંત્ર છે.)

પરલક્ષ વિના કદી રાગ થાય નહિ, તેથી શાસ્ત્રમાં અશુદ્ધ અવસ્થાના વ્યવહારનું અને શુભરાગમાં અવલંબન શું હોય તેનું જ્ઞાન કરાવવા માટે અસદ્‌ભુત વ્યવહારની વાત કરી છે, તેમાં અજ્ઞાની ધર્મ માની લે તો રાગ અને પરની પ્રવૃત્તિ તે જ ધર્મ થઈ જાય. જીવને અનાદિથી પર ઉપર તથા રાગાદિ કરવા ઉપર વજન છે, તેથી તે વાત કોઈ સ્થાપે તો તે ઝટ ગોઠી જાય. જ્ઞાનીઓએ પરાશ્રયમાં ધર્મ સ્થાપ્યો નથી પણ નિમિત્ત અને અવસ્થા વગેરેનું જ્ઞાન કરાવવા ટૂંકી ભાષાથી ઉપચારથી કથન કર્યું છે; ખરો પરમાર્થ જુદો જ છે.

પુણ્યભાવ ગમે તેવો ઊંચો હોય છતાં તે બંધનભાવ છે અને આત્મસ્વભાવ અબંધ છે. સ્વભાવમાં પુણ્ય-પાપના બંધનભાવ નથી. જે સાચા દેવ, ગુરુ, શાસ્ત્ર છે તે પુણ્ય–પાપના કોઈપણ રાગભાવ રહિત જ મોક્ષમાર્ગ કહેવા માગે છે અને આત્માને કર્મબંધનથી જુદો, પરાશ્રયરહિત બતાવે છે. દરેક આત્મા સ્વતંત્ર છે. તેનો પ્રથમનો ગુણ પણ સ્વાવલંબી શ્રદ્ધાથી પ્રગટે છે, એમ નિમિત્ત અને પોતાની અશુદ્ધ અવસ્થા તથા સ્વભાવ વગેરે વિરોધ રહિત વિકલ્પથી જેમ છે તેમ જાણે ત્યારે વ્યવહારશ્રદ્ધામાં આવ્યો ગણાય; પણ જો અનેક પ્રકારના આરોપથી કહેનારો વ્યવહાર તે જ સત્યાર્થ છે, એમ માની લે તો તેને સાચા વ્યવહારની પણ ખબર નથી. પરાશ્રયના કથનને જ પરમાર્થ જાણી પકડે એટલે કે અભૂતાર્થ વ્યવહાર ત્યાગવા યોગ્ય છે, તેને જ આદરણીય માની લે અને વ્યવહારની બોલણી પ્રમાણે જ અર્થ માની લે તો તેણે જિનશાસન વ્યવહારથી પણ જાણ્યું નથી; પરંતુ પર નિમિત્તના ભેદ રહિત અબદ્ધ આદિ પાંચ ભાવપણે શુદ્ધ આત્માને યથાર્થ સ્વાશ્રિત ભાનવડે જેણે જાણ્યો છે તેણે જિનશાસન જાણ્યું છે, સર્વ આગમોનું રહસ્ય જાણી લીધું છે.

અહીં સ્વાશ્રયના જોરમાં પરાશ્રયરૂપ વ્યવહારનો નિષેધ કર્યો છે. કેટલાક માને છે કે વ્યવહારનું અવલંબન જોઈએ જ, પણ વ્યવહાર એટલે (લોકોના અર્થમાં) પુણ્યભાવ, તે પરલક્ષ વડે થતો પરાશ્રયભાવ છે, તેના વડે નિશ્ચયસ્વભાવ કદી ઊઘડે નહિ. ખંડભાવ અખંડનું સાધન કઈ રીતે થાય? સમ્યગ્દર્શન પહેલાં અને પછી પણ શુભભાવરૂપ વ્યવહાર આવે ખરો, વ્યવહારને જાણ્યા વિના સીધું પરમાર્થમાં પહોંચી ન જવાય, પણ વ્યવહારથી ગુણ ઊઘડે નહિ.

નીચલી દશામાં એકલી શુદ્ધતા ન હોય, વ્યવહાર આવે ખરો, પણ તેનાથી ગુણ

માનવામાં મોટો દોષ છે, ઉગમણો–આથમણો ફેર છે. દેવ, ગુરુ, શાસ્ત્રના અવલંબન વિના ગુણ કેમ થાય? એવી જેને શંકા છે તે પોતાની ભ્રમણા વડે પોતાના સ્વતંત્ર ગુણનું ખૂન કરે છે. નિશ્ચયમાં જતાં પહેલાં વચ્ચે શુભભાવ અને તેના નિમિત્તરૂપ દેવ, ગુરુ, શાસ્ત્રાદિ આવે ખરા, પણ તેનાથી નિશ્ચયમાં જવાતું નથી. આ વાત બરાબર સમજવા જેવી છે. જેનાથી જન્મ-મરણ ટળે એવી ઉત્તમ વસ્તુ સાંભળવા આવનારમાં–સાંભળનારમાં અમુક પાત્રતા, નીતિ અને સજ્જનતા તો હોવી જ જોઈએ. કપટ, જૂઠું, હિંસા, વ્યભિચાર આદિ મહા પાપોનો ત્યાગ તો સહજ હોય, તૃષ્ણાનો ઘટાડો, કષાયની મંદતા, દેહાદિમાં તીવ્ર આસક્તિનો ત્યાગ, બ્રહ્મચર્યનો રંગ વગેરે સાધારણ નીતિની ઉજ્જવલતા તો ધર્મ સમજવાની જિજ્ઞાસા હોય તેને હોવાં જ જોઈએ–હોય જ.

બહારમાં દયા, દાન, નીતિપૂર્વક આચરણ એ બધું તો અનંતવાર જીવે કર્યું છે, તે કાંઈ નવું નથી. ધર્મના નામે આત્માના ભાન વિના વ્રત, તપ આદિ અનંતવાર કરી ચૂક્યો પણ આત્માના ભાન વિના સંસારમાં રઝળવાનું જ રહ્યું. અહીં તો જન્મ-મરણના સર્વથા નાશનો પરમાર્થ (સાચો) ઉપાય શું છે? તે કહેવાય છે.

સમ્યગ્જ્ઞાનરૂપી દોરો જો આત્મામાં પરોવ્યો હોય તો ચોરાશીના અવતારમાં ખોવાય નહિ. જેમ સોય કચરામાં ભળી ગઈ હોય પણ તેમાં દોરો પરોવ્યો હોય તો તે તુરત જ હાથમાં આવી જાય છે; તેમ મારો સ્વભાવ જડકર્મ, દેહાદિની સર્વ ક્રિયા તથા પરની અપેક્ષા રહિત ત્રિકાળ સ્વતંત્રપણે એકરૂપ પૂર્ણ છે, એવા યથાર્થ ભાનરૂપ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વડે સ્વાધીન સ્વભાવનો આશ્રય કરી સમસ્ત પરદ્રવ્યોની અપેક્ષાનો નિષેધ કરી પોતાના આત્માને જાણ્યો, પછી પુરુષાર્થની નબળાઈથી શુભાશુભભાવ રહી જાય અને કદાચ તે ટાળીને ચારિત્ર ન લઈ શકે તોપણ સ્વભાવના ભાનમાં તે ઉત્તમ દેવલોકમાં જાય છે; એટલે સમ્યગ્દર્શન વડે અબંધ સ્વભાવનો જેણે આશ્રય કર્યો તેનો ભવ બગડ્યો નથી અને ભાવ પણ પરમાર્થે બગડ્યા નથી, તે અલ્પકાળે ચારિત્ર લઈ મોક્ષ પામશે. શ્રેણિક મહારાજા જ્ઞાયક સમકિતી હતા. તેમને સ્વભાવનું ભાન હતું, તે ભાનમાં જ ભગવાન શ્રી મહાવીર સ્વામી પાસે ઉત્કૃષ્ટ પુણ્ય (તીર્થંકરગોત્ર) દૃષ્ટિમાં આદર વિના બંધાયું હતું. તેઓ આવતી ચોવીસીમાં પ્રથમ તીર્થંકર થશે. તેમને તે ભવમાં બાહ્ય ત્યાગ કે ચારિત્ર ન હતું છતાં એક ભવ કરી પૂર્ણ નિર્મળ સાક્ષાત્ મોક્ષદશા પ્રગટ કરશે. સ. ૬૮

પરથી વૃત્તિ ઊઠે તે તો મારું સ્વરૂપ નહિ, પણ જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે શુભભાવ પણ મારું સ્વરૂપ નથી તેથી, આદરણીય નથી. હું તો સર્વ શુભાશુભભાવોથી

છૂટો ચિદાનંદ ભગવાન છું. સળંગ પ્રગટપણે મારા સ્વરૂપને જાણનાર–દેખનાર સ્વભાવે જ છું, એવા યથાર્થ ભાનપૂર્વક શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા ટકાવી રાખી છે. એવા શ્રેણિક મહારાજ વર્તમાનમાં પૂર્વની ભૂલના બાહ્ય ફળમાં પ્રથમ નરકક્ષેત્રમાં છે–બહારમાં ઘણી પ્રતિકૂળતા છે, છતાં બાહ્ય સંયોગનું દુઃખ નથી, તેનાથી જુદા પોતાના સ્વરૂપનું ભાન હોવાથી નરકમાં પણ આત્મામાં જ્ઞાનશાંતિનું વેદન કરે છે. જેટલો રાગ ટળે તેટલી આકુળતા ટળે છે.

જે જીવ સમ્યગ્દર્શન પામ્યો તે ભલે અલ્પકાળ સંસારમાં હોય, પણ તેની દૃષ્ટિમાં સંસારનો નાશ છે. યથાર્થ ભાન સહિત શુદ્ધ આત્માની શ્રદ્ધાથી સ્વાશ્રયરૂપ નિશ્ચય થયો તેણે તો ખરેખર જિનશાસનને જાણ્યું છે એટલે પોતાનું સ્વરૂપ જાણ્યું છે. નિશ્ચયથી શ્રદ્ધા વિના વ્યવહાર પણ સાચો હોઈ શકે નહિ.

**''વ્યવહારે લક્ષ દોહીલો, કાંઈ ન આવે હાથ રે;**
**શુદ્ધનયસ્થાપના સેવતાં, નવી રહે દુઃવિધા સાથ રે.''**

(શ્રી આનંદઘનજી)

ધર્મના નામે (અજ્ઞાની પણ) બાહ્યમાં બધું કરી ચૂક્યો, નવ પૂર્વ અને અગિયાર અંગ પણ વ્યવહારે અનંત વાર જાણ્યા, પણ પરમાર્થ શું તે ન જણાયું, કારણ કે સ્વાધીન સ્વભાવને જાણ્યો નહિ. કાંઈ નિમિત્ત જોઈએ કે પરનો આશ્રય જોઈએ, એમ મૂળ શ્રદ્ધામાં જ અનાદિનો ગોટો વાળ્યો છે.

હું શુદ્ધ છું, પરથી જુદો છું એવો મનના સંબંધનો વિકલ્પ પણ પરાશ્રયરૂપ રાગ છે, ધર્મ નથી. મનના અવલંબન વિના સ્થિર ન રહી શકું, એકલો સ્વભાવમાં ન ટકી શકું–એ ભ્રમણા વડે પરાશ્રયની શ્રદ્ધા છોડતો નથી અને પરાશ્રયથી શ્રદ્ધા છોડ્યા વિના યથાર્થ શ્રદ્ધા થાય નહિ.

અજ્ઞાની જ્ઞેયોમાં લુબ્ધ છે એટલે પાંચ ઈન્દ્રિયોના વિષયમાં રોકાતાં ખંડરૂપ જ્ઞાન જેટલો જ હું છું એમ માને છે, જણાવા યોગ્ય શબ્દાદિ વિષયોને આધીન મારું જ્ઞાન છે તથા તે પરવસ્તુને જાણવાના કારણે મને રાગ-દ્વેષ થાય છે, હું દેહાદિની ક્રિયાનો કર્તા છું, ઘરમાં કડકાઈ રાખીએ તો બધી અવ્યવસ્થા સીધી ચાલે–તે બધી માન્યતા ખોટી છે, મૂઢતા છે. બહારમાં સરખું રાખવાના પાપભાવના ફળમાં બહારની વ્યવસ્થા સરખી રહેવારૂપ પુણ્યભાવનું ફળ હોઈ શકે નહિ. બહારમાં સરખું રહેવું તે પૂર્વ પુણ્યના કારણે છે તે પણ તે સરખું રાખવાના વર્તમાન અશુભભાવ તે નવા બંધનનું કારણ છે.

શરીર જડ છે, શરીરની અવસ્થા તે જડની ક્રિયા છે, શરીરરૂપે ભેગા રહેલા જડ પરમાણુઓ શરીરની અવસ્થા તેનાં સ્વતંત્ર કારણે કર્યા કરે છે તેમાં આત્માની કાંઈ મદદ નથી; છતાં શરીરની ક્રિયા હું કરી શકું અથવા મારી પ્રેરણાથી થાય એમ માને તેને પોતાના અરૂપી જ્ઞાનસ્વભાવની અને જડથી જુદાપણાની ખબર નથી. જો શરીરની અવસ્થા તું કરી શકતો હો અથવા તારા કહેવા પ્રમાણે શરીરની અવસ્થા થતી હોય તો તાવ લાવવાની તારી ઇચ્છા નથી છતાં શરીરમાં તાવ કેમ આવે છે? લકવા થયો હોય ત્યારે શરીરનું અંગ તારી ઇચ્છા ન હોવા છતાં કેમ ધ્રૂજે છે? અરે! એક સમય પણ દેહના કોઈ પણ પરમાણું તારું ધાર્યું કરતા નથી, તેની ક્રમબદ્ધ અવસ્થા દરેક સમયે તેના સ્વતંત્ર કારણે થાય છે. તું (અજ્ઞાની) મફતનું શરીરનું ધણીપણું માની બેઠો છે. નિશ્ચયથી તો આત્મા માત્ર જાણનાર જ છે.

કોઈ કહે :—જો આત્મા શરીરની અવસ્થા કરતો નથી તો પછી જ્યારે દેહમાં જીવ નથી ત્યારે દેહની ક્રિયા કેમ થતી નથી?

તેનો **ઉત્તર** :—જે વખતે પરમાણુની જેવી અવસ્થા થવા લાયક હોય તે પ્રમાણે તેની અવસ્થા તે વખતે થયા જ કરે છે. પરમાણુની અવસ્થા એક જ પ્રકારની રહેતી નથી, સંયોગ–વિયોગ થવો અર્થાત્ જોડાવું અને છૂટા પડવું તે પુદ્ગલનો સ્વભાવ જ છે અને તેની ક્રિયા અનુસાર નિમિત્ત (જીવ વગેરે) તેના કારણે હાજર હોય છે.

દેહના સંયોગમાં રહેલો દેહથી જુદો આત્મા સદાય અરૂપી જ્ઞાનસ્વભાવે છે. અનાદિથી દેહના સંયોગમાં રહેલો હોવા છતાં કદી એક અંશ પણ ચૈતન્યસ્વભાવ મટીને જડરૂપે થઈ ગયો નથી તથા જડ સાથે એકમેક પણ થયો નથી. જડથી સદાય જુદો છે, તેથી જડની અવસ્થા કરી શકતો નથી. જેણે દેહાદિ જડનું કાંઈ કરી શકું એમ માન્યું છે તેણે અનંતા પરપદાર્થનું કર્તાપણું સ્વીકાર્યું છે, એટલે કે અનંત પરવસ્તુ સાથે પોતાનો સંબંધ માન્યો છે, તેથી પોતાને અને પરને બન્ને પરાધીન માન્યા છે. બહારમાં પોતાની અનુકૂળતા–પ્રતિકૂળતા માની તેમાં નિરંતર રાગ-દ્વેષ કર્યા કરે છે અને રાગ-દ્વેષને પણ પોતાનો માને છે–કરવા જેવો માને છે અને પ્રગટ કે અપ્રગટપણે અનંતો કષાય કર્યા જ કરે છે, તેથી એકાંત દુઃખી છે. હું પરનું કાંઈ કરી શકું એવી માન્યતા હોય અને પરમાં અનાસક્ત રહી શકે એમ પરસ્પર વિરોધી બે વાત એક સાથે બની શકે નહિ.

પરાધીન (નિમિત્ત ઉપર) દૃષ્ટિવાળો પરંતુ કર્તાપણું માન્યા વિના રહેતો નથી. ભગવાનની સ્તુતિ મેં કરી એમ માન્યું ત્યાં વાણીનો કર્તા થયો, તથા શુભરાગનો ધણી થઈને કરવા જેવો માન્યો. પરમાં એકાકાર થયો છે, તેથી પરનું ધણીપણું અને તેના

કારણે આકુળતા થાય છે તે વેદે છે. અજ્ઞાની ગમે તેવી બાહ્ય ક્રિયા કરે તેમાં અજ્ઞાનપણું રહેલું જ છે, અજ્ઞાની સાચું બોલે છતાં તેમાં વાણી મારાથી બોલાણી એમ જડની અવસ્થાનું ધણીપણું માને છે. મારાથી બીજાને જ્ઞાન થયું અથવા બીજાએ મને જ્ઞાન કરાવ્યું એમ જે માને છે તે જડ શબ્દોનો ધણી થાય છે અને જ્ઞાનને પરાધીન માને છે, તે અસત્યનું જ સેવન કરે છે. પહેલો ઘડો ઊંધો મૂક્યો હોય તો પછીના બધા ઊંધા જ મૂકાય, એમ જેની પ્રથમ શ્રદ્ધા જ ઊંધી તેનું પણ ઊંધું અને ચારિત્ર પણ ઊંધું જ છે.

જ્યાં સુધી જીવ સ્વતંત્ર સ્વભાવ ન સમજે ત્યાં સુધી તેને આ બધું કઠણ લાગશે અજ્ઞાનતા તે કોઈ ઠેકાણે બચાવ નથી. શરીર, ઇન્દ્રિયોની મદદથી મેં આટલાં કામ કર્યાં, એમ અનેક પ્રકારે પરનું કર્તાપણું માની રાગમિશ્રિત ભાવને જેણે પોતાના માન્યા છે તેણે પોતાનો સ્વભાવ જ દોષરૂપ માન્યો છે. ગુણરૂપ સ્વભાવમાંથી દોષ આવે નહિ પણ દોષમાંથી દોષ આવે. પરાશ્રયની શ્રદ્ધા છોડી સ્વતંત્ર સ્વભાવને જાણ્યા પછી વર્તમાન અવસ્થામાં પુરુષાર્થની નબળાઈને કારણે પરાશ્રયમાં અટકે છે તે જ્ઞાનીને જાણ્યું વર્તે છે, પણ તેમાં પરમાર્થે પરનું ધણીપણું કે કર્તાપણું તે માનતો નથી. અવસ્થાના ભેદરૂપ વ્યવહારને પરમાર્થદષ્ટિમાં તે સ્વીકારતો નથી, પણ દષ્ટિના જોરમાં તેનો નિષેધ કરે છે.

એકલા સ્વભાવનો જ આશ્રય કરે તો પરનું કાંઈ કરવાનું આવતું નથી. કોઈ જીવ પોતાની ચૈતન્ય અરૂપી સત્તા છોડી પરમાં કાંઈ કરવા સમર્થ નથી. માત્ર પુણ્ય–પાપના ભાવ પોતામાં (પરલક્ષે) કરી શકે, પણ પરમાં તો કાંઈપણ કરવા અજ્ઞાની કે જ્ઞાની કોઈ સમર્થ નથી. આ રીતે પોતાનું અરાગીપણું, અસંગપણું, પરમાં અકર્તાપણું જાણીને સ્વાશ્રય કરી સ્વલક્ષે સ્થિરતાનું જોર કરે તો પુરુષાર્થ મુજબ રાગનો નાશ અને શુદ્ધભાવની પ્રાપ્તિ પોતે જાતે કરી શકે છે.

**ભાવાર્થ :**—અહીં આત્માની અનુભૂતિરૂપ સ્વાશ્રય એકાગ્રતાને જ શાંત જ્ઞાનની અનુભૂતિ કહેવામાં આવી છે. અજ્ઞાની જૈન જ્ઞેયોમાં જ–ઇન્દ્રિયોથી થતા જ્ઞાનના વિષયોમાં જ લુબ્ધ થઈ રહ્યો છે.

જ્ઞેયોમાં બધાં પરદ્રવ્યો આવી જાય છે. શુભાશુભ વૃત્તિ કે દેવ, ગુરુ, શાસ્ત્ર સાક્ષાત્ સિદ્ધ ભગવાન પણ જ્ઞેય છે. તે સર્વનો જ્ઞાનસ્વભાવમાં ખરેખર અભાવ છે, કારણ કે તે બધા જ્ઞાનમાં જણાવા યોગ્ય છે. તે આત્માની વસ્તુ નથી, માટે આત્માને મદદ કરી શકતા નથી. આવી સ્વતંત્ર વસ્તુની જેને ખબર નથી તે પરજ્ઞેયોમાં–દેવ, ગુરુ, શાસ્ત્ર વગેરેમાં તથા પુણ્યાદિમાં લક્ષ રાખે છે, તેથી તેને પરાશ્રયની શ્રદ્ધા છે. તે ખોટાની શ્રદ્ધા છે. જ્ઞાનીને સ્વમાં લક્ષ છે, તેથી પરાશ્રયનો સ્વીકાર નથી, આ રીતે બન્નેના

લક્ષમાં ફેર છે. વસ્તુ તો જેમ છે તેમ જ નિત્ય છે. અજ્ઞાની બાહ્ય પર લક્ષ કરી બહારમાં તેની માન્યતા અનુસાર પ્રવૃત્તિ દેખાય તો સંતોષ માને કે હાશ! આ મારાથી થયું. દેહ તેના કારણે અનુકૂળ રહે તેમાં સુખ માની પોતે જ દેહની અવસ્થાનો કર્તા બની દેહનું ધણીપણું પોતાનું માને છે; તથા મેં ઉપદેશ સાંભળ્યો, મેં પૂજા કરી, મેં મૂર્તિ જોઈ એમ પરલક્ષ કરે છે તે બધો રાગનો વિષય છે, વીતરાગી સ્વભાવ પ્રગટ કરવામાં તે ગુણકર નથી, પણ અજ્ઞાનીને આ માનવામાં આવતું નથી.

જિનસાસન કોઈ બહારની વસ્તુમાં નથી, કોઈ સંપ્રદાય તે જિનશાસન નથી; પણ પરનિમિત્તના ભેદ રહિત નિરાવલંબી આત્મામાં અને પરાશ્રય રહિત શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતામાં ખરું જિનશાસન છે.

બાહ્યમાં શુભાશુભ ભાવ અનુસાર પ્રવૃત્તિ દેખીને જાણે તે રૂપ હું થઈ ગયો, એમ પોતાના જ્ઞાનમાં જણાવા યોગ્ય જે દેહાદિની પ્રવૃત્તિ તેનો કર્તા પોતાને જે જીવ માની લે છે, તે પરને પોતાનું માને છે તથા પરવસ્તુમાં ઠીક—અઠીકપણું કરીને જ્ઞાનમાં અનેકપણું માને છે તે અજ્ઞાની છે, પણ કોઈ પણ જ્ઞેયમાં ઠીક—અઠીકપણું કરવાનો મારા જ્ઞાનનો સ્વભાવ નથી, એમ જાણનાર જ્ઞાની સર્વ પરજ્ઞેયોથી ભિન્ન જ્ઞાયક સ્વરૂપનો જ સ્વાદ લે છે. જ્ઞેયમાં તે અટકતો નથી.

અજ્ઞાનીને સત્ય-અસત્યના ભેદની ખબર નથી, તે જ્ઞેયને અને જ્ઞાનને એક માની લે છે. કદીપણ સાચા સત્સંગમાં આવ્યો હોય ત્યારે ધર્મની ખબર પડે ને! કોર્ટમાં પણ અજાણ્યા માણસને (ખેડુતને) જતાં બીક લાગે છે પણ સદા પરિચયવાળાને (વકીલો વગેરેને) કાંઈ ભય લાગતો નથી. તેમ જેણે કદી તત્ત્વની વાત સાંભળી નથી, પરિચય કરેલ નથી તેને અઘરું લાગે, પણ ભાઈ! આ જન્મ-મરણના અનંત દુઃખ મટે એવી સ્વતંત્રતાની વાત છે. પરને પોતાનું કરવું તે મોંઘું છે—અશક્ય છે, પણ હું પરથી જુદો છું, અવિકારી છું એમ સ્વભાવની શ્રદ્ધા કરવી તે સોંઘું છે, શક્ય છે.

અંધારું ગમે તેવું હોય તોપણ તેને ટાળવાનો એક માત્ર ઉપાય પ્રકાશ જ છે. બીજી કોઈ રીતે—સાંબેલા કે સૂપડાંથી અંધકાર ટળે નહિ. એક દીવાસળીની ચિનગારીમાં આખા ઓરડાનું અંધારું ટાળવાની તાકાત છે, એમ પ્રથમ શ્રદ્ધા કરે તો દીવાસળી પ્રગટાવી અંધકારનો નાશ અને પ્રકાશની ઉત્પત્તિ કરી શકે; તેમ અનાદિના અજ્ઞાનરૂપી અંધકાર ટાળવા માટે અંદર સ્વભાવમાં પૂર્ણ જ્ઞાન ભર્યું છે તેની શ્રદ્ધા કર. તારો જ્ઞાનગુણ સ્વતંત્ર છે, પરપણે નથી, તેમાં ઉપાધિ નથી; પરના આશ્રયે વિકાસ પામતો નથી એવી પ્રથમ શ્રદ્ધા કર. પ્રથમથી જ શંકા કરે કે આ એક નાની દીવાસળીથી આટલું બધું અંધારું

કેમ ટળશે? કુહાડા, પાવડા વગેરે કોઈ સાધન સાથે ન લાવ્યા? એમ જો માને તો કદી દીવાસળી પ્રગટાવશે નહિ અને અંધકારનો નાશ થશે નહિ. દીવાસળીની શક્તિની શ્રદ્ધા તો જલદી આવે છે, તે જ રીતે આત્માની પણ પ્રથમથી જ શ્રદ્ધા કરવી જોઈએ. અનંત જ્ઞાનસ્વરૂપ આત્મા દેહાદિથી જુદો છે, રાગથી કોઈ પરાશ્રયની આત્માની જ્ઞાનજ્યોત પ્રગટતી નથી અને અનાદિના અજ્ઞાનનો નાશ થતો નથી, પણ હું અવિકારી, નિત્ય રાગરહિત પૂર્ણ જ્ઞાનથી ભરેલો છું. મારા સ્વરૂપમાં અજ્ઞાન છે જ નહિ, એવી પ્રથમ શ્રદ્ધા કરે તો તે શ્રદ્ધાના જોરે જ્ઞાનની નિર્મળ દશા પ્રગટીને અનાદિ અજ્ઞાનનો નાશ થાય છે. પ્રથમ શ્રદ્ધા જોઈએ પણ શ્રદ્ધા ન કરે અને માને કે હું પામર છું, રાગ-દ્વેષથી દબાઈ ગયો છું, જડ–કર્મનું જોર વધારે છે અને મારામાં પૂર્ણ કેવળજ્ઞાનનું જોર, કેમ માનું? પણ જેમ દીવાસળીને સાધારણપણે જ સ્પર્શ કરતાં તેમાં ગરમી કે પ્રકાશ ન જણાય, પણ જ્યારે યોગ્ય વિધિથી ઘસે ત્યારે અંદર રહેલા અગ્નિ અને પ્રકાશ પ્રગટ થાય છે; તેમ આત્માના ગુણ બાહ્ય પ્રવૃત્તિથી કે પરના આશ્રયે કદી પ્રગટે નહિ, પણ નિરાવલંબી નિર્મળ જ્ઞાનસ્વભાવને ઓળખી તેમાં એકાગ્ર થાય તો બહારના અન્ય કારણ વગર જ સ્વભાવમાંથી ગુણ પ્રગટે છે. અજ્ઞાની તો ઇન્દ્રિયાધીન જ્ઞાનથી, રાગથી તથા પરવિષયોથી પોતાના જ્ઞાનને અનેક પ્રકારે–ખંડરૂપે કરીને જ્ઞેયાધીન થઈને કર્તૃત્વ–મમત્વરૂપ આકુળતાને જ વેદે છે; અને જેઓ જ્ઞાની છે તેઓ પરજ્ઞેયોમાં આસક્ત નહિ હોવાથી જડની ક્રિયામાં કે રાગાદિ કોઈ પણ જ્ઞેય પદાર્થમાં–જ્ઞેય પદાર્થને આધારે પોતાના જ્ઞાનાનુભવને માનતા નથી. મારું જ્ઞાન કોઈ નિમિત્તાધીન નથી. રાગાદિ કોઈ જ્ઞેય સાથે મારું જ્ઞાન ભેળસેળ થઈ ગયું નથી એમ માનતો હોવાથી જ્ઞાની સર્વ જ્ઞેયોથી ભિન્ન એકાકાર સ્વતંત્ર જ્ઞાનસ્વભાવનો જ નિરાકુળ આસ્વાદ લે છે.

જેટલે દરજ્જે નિરુપાધિક જ્ઞાનગુણ અવસ્થામાં પ્રગટે તે આત્મા જ છે અને આત્મા છે તે જ્ઞાન જ છે, બે વસ્તુ જુદી નથી. આ પ્રમાણે ગુણ–ગુણીનું અભેદપણું લક્ષમાં આવતાં હું નિત્ય–અભેદ જ્ઞાનસ્વરૂપે પૂર્ણ ગુણોથી ભરેલો છું અને સર્વ પરદ્રવ્યોથી જુદો, મારા ગુણોમાં અને ગુણોની સર્વ પર્યાયોમાં એકરૂપ નિશ્ચલ છું; અને પરનિમિત્તાધીનપણે ઉત્પન્ન થતા રાગાદિ ભાવોથી ભિન્ન પોતાનું નિર્મળ સ્વરૂપ તેનું એકાકાર અનુભવન અર્થાત્ સ્વાશ્રિત સળંગ જ્ઞાનસ્વભાવનું અનુભવન (એકાગ્રતા) તે આત્માનું જ અનુભવન છે અને જ્ઞાનસ્વભાવનું અનુભવન તે અંશે નિર્મળ ભાવશ્રુતજ્ઞાનરૂપ જિનશાસનનું નિશ્ચય અનુભવન છે.

શુદ્ધનય વડે દૃષ્ટિમાં રાગનો નકાર કરી સ્વભાવ ઉપર દૃષ્ટિ કરતાં તેમાં પરસંયોગનો કે રાગાદિ પરાશ્રયનો અનુભવ નથી, પણ ત્રણે કાળના સર્વજ્ઞ ભગવંતોએ

કહેલ અને જાતે અનુભવેલ એવો શુદ્ધ આત્માનો અનુભવ છે. નિશ્ચયનયથી–શુદ્ધદૃષ્ટિથી તેમાં કોઈ પ્રકારના ભેદ નથી. આવું જેણે જાણ્યું તેણે પોતાનું સ્વરૂપ જાણ્યું.

તા. ૧૪-૯-૪૩.

જેને પોતાનું હિત કરવું છે તેણે પ્રથમ હિતસ્વરૂપ પોતાના સ્વભાવની શ્રદ્ધા કરવી પડશે. હું નિત્ય ગુણરૂપ છું, અવગુણ (રાગ-દ્વેષની વૃત્તિ) તે મારું સ્વરૂપ નથી પણ હું તેના નાશકસ્વભાવે છું, અસંગ છું એવા સ્વભાવના જોરે સર્વ શુભાશુભ વિકારી ભાવોનો નાશ કરી નિર્મળ સ્વભાવ પ્રગટ કરી શકાય છે.

ધર્મ એટલે શું?

(૧) કર્મના નિમિત્તાધીન થવાથી (રાગ-દ્વેષમાં જોડાવાથી) બંધનભાવની જે વૃત્તિ થાય તે મારું સ્વરૂપ નહિ, એમ સ્વભાવના જોર વડે જે પરાશ્રયમાં પડતાં ધારી રાખે તે ધર્મ. (ધારી રાખે = અટકાવે.)

(૨) હું પરાશ્રિત નથી. નિરાવલંબી, અવિકારી, અસંગ, જ્ઞાનાનંદથી પૂર્ણ છું, એવા નિત્ય સ્વભાવના જોરે પોતાના જ્ઞાન, શ્રદ્ધાન અને ચારિત્રરૂપ નિર્મળ ભાવના ધારી રાખવા તે ધર્મ છે. (ધારી રાખવા એટલે ટકાવી રાખવા.)

નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની એકતારૂપ ધર્મ આત્મામાં ત્રિકાળ સ્વતંત્રપણે ભર્યો છે, તેને ન માને પણ દેહાદિની ક્રિયાને તથા પુણ્ય-પાપના ભાવનો કર્તા છું. તે જ મારું કાર્ય છે અને તેનાથી મને લાભ–નુકશાન થાય છે, એમ જે જીવ માને છે કે પરને મનાવે છે તે જીવ ખરું જિનશાસન જાણતો નથી. પરાશ્રયરૂપ વ્યવહારનો તથા પુણ્ય–પાપની વૃત્તિનો સ્વાશ્રયના જોરે નિષેધ કરે તો અંદર જે અવિકારી ગુણ છે, તે પ્રગટ થાય છે.

**अखंडितमनाकुलं ज्वलदनंतमंतर्बहि–**
**र्महः परममस्तु नः सहजमुद्विलासं सदा ।**
**चिदुच्छलननिर्भरं सकलकालमालंबते**
**यदेकरसमुल्लसल्लपणखिल्यलीलायितम् ।।१४।।**

**અર્થ :—**આચાર્ય કહે છે કે તે ઉત્કૃષ્ટ તેજ–પ્રકાશ અમને હો કે જે તેજ સદાકાળ

ચૈતન્યના પરિણમનથી ભરેલું છે, જેમ મીઠાંની કાંકરી એક ક્ષાર રસથી લીલાનું અવલંબન કરે છે તેમ જ તેજ એક જ્ઞાનરસ સ્વરૂપને અવલંબે છે, તે તેજ અખંડિત છે–જ્ઞેયોના આકારરૂપે ખંડિત થતું નથી, જે અનાકુળ છે–જેમાં કર્મના નિમિત્તથી થતા રાગાદિથી ઉત્પન્ન આકુળતા નથી, જે અવિનાશીપણે અંતરંગમાં તો ચૈતન્યભાવથી દેદીપ્યમાન અનુભવમાં આવે છે અને બહારમાં વચન–કાયાની ક્રિયાથી પ્રગટ દેદીપ્યમાન થાય છે–જાણવામાં આવે છે, જે સ્વભાવથી થયું છે–કોઈએ રચ્યું નથી અને હંમેશા જેનો વિલાસ ઉદયરૂપ છે–જે એકરૂપ પ્રતિભા સમાન છે.

તે જ ઉત્કૃષ્ટ આત્મસ્વભાવ અમને પ્રાપ્ત હો કે જેનું તે જ સદાકાળ ચૈતન્ય પરિણમનથી ભરેલું છે. જે બહિર્મુખતુચ્છ પરાશ્રિત વૃત્તિ ઊઠે તે પણે નહિ થનારો એવો જે અવિકારી ચૈતન્યસ્વભાવ તે જ ઉત્કૃષ્ટ ભાવ અમને પ્રાપ્ત હો! એવી આ કલશમાં આચાર્યદેવની ભાવના છે.

દેહાદિ કે રાગાદિનો કોઈ સંબંધ આત્મામાં ભરેલો નથી. કર્મના નિમિત્તાધીન જોડાણથી થતી શુભાશુભ વૃત્તિ નવો વિકારભાવ કરવાથી થાય છે, તે સ્વભાવમાં નથી. વિકારી સદાય ભિન્ન અને પોતાના નિર્મળ ગુણ–પર્યાયથી ત્રિકાળ અભિન્ન સદાકાળ જાગૃતપણે હું નિત્ય સ્વઆકારે ચૈતન્યના પરિણમનથી ભરેલો છું, વિકારનો નાશક છું, એમ જ્ઞાની જાણે છે. સ્વાશ્રયદૃષ્ટિમાં વિકાર છે જ નહિ.

જેમ મીઠાનો સ્વભાવ પ્રગટપણે સળંગ ખારાપણાને જ બતાવે છે તેમ ચૈતન્યનો નિરાવલંબી સ્વભાવ પ્રગટપણે સળંગ નિરુપાધિક જ્ઞાતાપણું જ બતાવે છે. તે પુણ્ય–પાપમાં અટકવાપણું કે પરાશ્રયપણું બતાવતો જ નથી, કારણ કે સ્વભાવમાં પરાશ્રિતપણું છે જ નહિ.

આ રીતે ધર્મી જીવની ભાવના છે, તેમાં અધર્મનો નાશ કરનાર નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન અને સ્વરૂપની રમણતા વધારવાની ભાવના છે, આમાં ભૂમિકા અનુસાર અનંતો પુરુષાર્થ આવે છે.

કોઈ કહે :—શ્રદ્ધા–જ્ઞાન કરી ઠરવામાં અને માત્ર તેની વાતો કરવામાં શું ધર્મ આવી ગયો? તેમ કહેનારને સાચા તત્ત્વનો–સ્વાધીન સ્વભાવનો અનાદર છે. તેને સ્વભાવમાં જ ધર્મ ભર્યો છે તેની ખબર નથી, તેથી કાંઈક બહારમાં કરવું જોઈએ એમ તે માને છે. તે અસત્યનો આદર અને સત્યનો વિરોધ છે. સાચું સ્વરૂપ પોતાને બેઠું નથી, તેથી 'આવું તે હોય! અમે જે માનીએ છીએ તે કાંઈ જ નહિ અને બધું અંદર જ ભર્યું છે એવી વાતો! વાતોડિયા છે,' એમ કહી સત્‌નો અનાદર કરે છે. બાહ્ય ક્રિયા

ઉપરથી અંતરંગ પરિણામને નક્કી કરે છે, તેને વ્યવહારે શુભભાવની પણ ખબર નથી.

જ્ઞાની શુદ્ધ દૃષ્ટિના સ્વાશ્રિત જોર વડે નિરંતર પરનિમિત્તના ભેદ રહિત એકલા સ્વાધીન જ્ઞાનરસસ્વરૂપને જ અવલંબે છે—એટલે પુણ્ય-પાપની ક્રિયારૂપ વિકાર રહિત, દેહાદિ તથા રાગાદિ રહિત, પરના કર્તાભોક્તાપણા રહિત એકલા ચિદાનંદ સ્વરૂપ ભગવાન આત્માને જ અવલંબે છે.

કોઈ કહે :—આત્માને કોઈનો આધાર છે કે નહિ? કે બસ! એકલો નિરાવલંબી કહો છો?

તેનો **ઉત્તર :**—સ્વપણે પોતે નિત્ય છે, પરપણે કદી નથી; તેથી પરાશ્રયની માન્યતા છોડી ચૈતન્યસ્વભાવરૂપ બેહદ ઉત્કૃષ્ટ સામર્થ્યનો સ્વામી થયો હોવાથી સ્વઆશ્રયથી જ શોભા પામતી એકરૂપ જ્ઞાનકળા તેને જ અવલંબે છે. જ્ઞાનતેજ સદાય અખંડિત છે, જ્ઞેયોના ભેદરૂપ નથી, ઇન્દ્રિયજ્ઞાનના ખંડ જેટલું નથી, પરવિષયો રૂપે નથી, મારા જ્ઞાનમાં શુભાશુભ રાગની લાગણી જણાય તે મારાથી ભિન્ન છે, તે અનેકને જાણતાં છતાં નિત્ય એકરૂપ જ્ઞાનસ્વભાવમાં અનેકપણું આવતું નથી; કારણ કે જાણનાર સ્વભાવમાં પરમાં અટકવાપણું નથી.

સ્વાશ્રિતપણામાં શંકા રાખનારો પરમાં ઠીક—અઠીકપણાની કલ્પના કરી, તેમાં રાગ-દ્વેષ કરી આકુળતાને વેદે છે, શુદ્ધ દૃષ્ટિથી દેખો તો જ્ઞાની કે અજ્ઞાની દરેકને સ્વભાવમાંથી તો નિર્મળ શ્રદ્ધા જ્ઞાન—ચારિત્રની જ નિર્મળ પર્યાય પ્રગટે છે. સ્વભાવની શુદ્ધ પર્યાય તો નિત્ય એકરૂપ જ વહે છે, પણ અજ્ઞાનીને નિત્ય સ્વાશ્રયી સ્વભાવનું ભાન નથી, તેથી તે દરેક સમયે નવો રાગ-દ્વેષ-મોહરૂપ વિકાર કરતો આવે છે. તે પરાશ્રય કરી રાગમાં જોડાય છે, તેથી તેને શુદ્ધ પર્યાયનો અનુભવ થતો નથી. જેમ ગોળ તે જ ગળપણ છે અને ગળપણ તે જ ગોળ છે, બન્ને જુદા નથી, તેમ આત્મા એ જ જ્ઞાન છે અને જ્ઞાન એ જ આત્મા છે; જ્ઞાન આત્માથી કદી જુદું નથી. જ્ઞાનસ્વભાવમાં રાગ, દ્વેષ કે મોહ નથી; માત્ર 'જાણવું' જ છે.

ખરેખર આત્મા તો સદાય સ્વતંત્ર પૂર્ણ ગુણસ્વરૂપ છે. માત્ર દૃષ્ટિની ભૂલથી સંસાર છે અને ભૂલ ટળ્યે મુક્તિ છે. અશુદ્ધ પર્યાયરૂપ પરાશ્રિત વ્યવહારને પકડી પર્યાયમાં જીવ અટક્યો છે તે જ બંધન છે, કોઈ પરથી બંધાયો નથી પણ પોતાની ઊંધી દૃષ્ટિથી જ બંધાયો છે; તે દૃષ્ટિ બદલતા મુક્ત જ છે.

ત્રણકાળમાં જીવનો કોઈ શત્રુ કે મિત્ર નથી. કોઈ તેનું બગાડનાર કે સુધારનાર નથી. પરાધીનતાના ભેદ ઊંધી માન્યતાથી તે પાડતો હતો અને એકાકાર જ્ઞાન—શાંતિ

સ્વરૂપ સ્વાધીનતાનું ખૂન કરતો હતો, તે આકુળતાનો પૂર્ણ નિરાકુળ સ્વભાવની શ્રદ્ધાના જોરે નાશ કરી, જ્ઞાનસ્વભાવના આશ્રયે જ ચૈતન્ય ભગવાન શોભા પામે છે અને તે સ્વાધીન એકત્વસ્વભાવમાં ભળતી નિર્મળ પર્યાય પણ નિરાકુળતારૂપ શોભાને પામે છે.

જગતની મમતા ખાતર લોકો કેટલા રોકાય છે? ઘર, કુટુંબ, આબરૂ વગેરેને સરખાં રાખવાનો મોટો બોજો ધારણ કરી, જાણે મારાથી જ કુટુંબ વગેરે બરાબર રહે છે, એમ પરનું કરવાના મિથ્યાભિમાનથી કેવળ આકુળતાને જ વેદે છે. કોઈ અજ્ઞાની પણ પરનું કાંઈ કરી શકતો નથી, તેમ જ પરને ભોગવી શકતો નથી. અજ્ઞાની માત્ર મૂઢપણે માને છે, તે માન્યતાને કોઈ બીજું રોકી શકતું નથી. ગમે તેમ માનવામાં સૌ સ્વતંત્ર છે. અજ્ઞાની માત્ર પોતાના મોહનો જ અજ્ઞાનદશામાં કર્તા છે અને તેના ફળમાં ચોરાસીના જન્મ–મરણમાં રખડવાનું અને મહા દારુણ આકુળતા ભોગવવાનું જ તેને માટે છે. વર્તમાનમાં સ્વાધીનપણે નિવૃત્તિ લઈ સત્સમાગમથી સત્યનું શ્રવણ–મનન કરે તો તેના ફળમાં ઊંચા પુણ્ય બંધાય અને જે સત્‌સ્વરૂપ સમજે તેના લાભની તો શી વાત! સંસારના સડેલાં લાકડાં ઉપાડવા જેવી મજૂરી કરી તેના ફળમાં દુઃખ જ ભોગવવું તેના કરતાં સત્યની હા પાડી, તેનો આદર કરી, તે સમજવામાં રોકાવું તે ઘણું ઉત્તમ છે.

અનંત કાળે દુર્લભ મનુષ્યપણું અને સત્ય વસ્તુ સાંભળવાનો યોગ મળ્યો, સત્યની એકવાર યથાર્થ હા લાવી સાંભળે તો અનંતો સંસાર તૂટી જાય એવી આ વાત છે; જો સત્‌ની દરકાર ન કરી તો દરિયામાં ખોવાયેલ ચિંતામણિ રત્ન ફરી હાથ આવવું લગભગ અશક્ય છે, તેમ મનુષ્યભવ પૂરો કરી ચોરાશીના અવતારમાં ખોવાઈ જશે તો પાછો મનુષ્યભવ પામવો તે ઘણું જ મોંઘું છે.

પરલક્ષે થતા કોઈ પણ વિકારી ભાવ–શુભ હો કે અશુભ હો, પણ તે બધાં આકુળતા દેનારા છે, આકુળતા દુઃખસ્વરૂપ છે. હું શુદ્ધ છું, હું આત્મા છું એવા વિકલ્પ કે જાપ તે પણ આકુળતા જ છે, ધર્મ નથી. ધર્મ તો સ્વભાવ આધીન અકષાય શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતામાં જ છે. ધર્મ એ જ આત્માનું સ્વરૂપ છે, આત્મામાં જ સર્વ સુખ ભર્યું છે. જગત સુખ અને તેનો ઉપાય બહારથી માને છે, તેથી સાચાં સુખથી રહિત છે.

આત્મસ્વભાવ અવિનાશીપણે છે. જે અવિનાશીપણે છે તેનો કદી વિનાશ નથી, જેનો કદી નાશ ન હોય તેની ઉત્પત્તિ પણ ન હોય એટલે અનાદિ અનંત છે. નિશ્ચયદૃષ્ટિથી–શુદ્ધનયથી જોતાં અંતરંગમાં એકાકાર શાંત ચૈતન્યસ્વભાવ અનાદિ અનંત દેદીપ્યમાન એકરૂપ અનુભવમાં આવે છે.

સંસારની રુચિવાળો શું કરે છે? બાહ્યદૃષ્ટિથી પરમાં ઠીક–અઠીક માની તેમાં રાગ,

દ્વેષ, અજ્ઞાનનું સેવન કરવા રૂપ ભાવના કરે છે, પરમાં કંઈ કરું એમ માને છે અને દાનાદિમાં ધર્મબુદ્ધિ વડે તેની ભાવના કરે છે; વ્યાજ અને મૂડી બંને સલામત રાખી ઘર ચલાવું એમ લોકો ઈચ્છે છે તેમ અજ્ઞાન શુભરાગ રાખીને વીતરાગ થવા ઈચ્છે છે અને શુભરાગમાં એકાગ્ર થાય છે, પણ જો પરાશ્રિત દૃષ્ટિની ગુલાંટ મારે તો આત્મામાં પરાશ્રિત ભેદ રહિત પૂર્ણ નિર્મળ સ્વભાવી વસ્તુ છે તે મૂડી અને તેની ભાવનામાં પરમાણુ માત્ર પણ મારું નથી, રાગનો અંશ મારામાં નથી, હું તો નિરાવલંબી છું, એમ નિર્મળ શ્રદ્ધા–જ્ઞાનની ભાવના કરવી અને પોતામાં પોતાના સ્વ-પરપ્રકાશક જ્ઞાનસ્વભાવને જોવો તે નિર્મળ સ્વભાવનું અફર વ્યાજ છે, જ્ઞાની તે બન્નેને પ્રાપ્ત કરે છે.

જ્ઞાનનો સ્વભાવ અવિરોધીપણે જાણવાનો છે, કોઈ વિરોધી પ્રહાર કરવા આવે, વિરોધરૂપે શબ્દો બોલે તો ''આમ કેમ? આ ન જોઈએ,'' એમ જ્ઞેયનું વિરોધરૂપ જ્ઞાન ન કરે, કારણ કે તે વખતે પોતાના જ્ઞાનની વર્તમાન યોગ્યતા જ એવી છે, કે તે શબ્દો જ્ઞેયરૂપે હોય; તેનો (જ્ઞાનની અવસ્થાનો) વિરોધ કરતાં પોતાનો જ વિરોધ થાય છે; પરજ્ઞેયની મારા જ્ઞાનમાં નાસ્તિ છે, માત્ર તે મારા જ્ઞાનમાં જણાવા યોગ્ય છે, તેનો નિષેધ કરતાં મારા જ્ઞાનનો જ નિષેધ થાય છે એમ જ્ઞાની જાણે છે. જેણે પરજ્ઞેયથી લાભ–નુકશાન માન્યું તેણે પર સાથે પોતાને એકરૂપ માન્યો છે.

**પ્રશ્ન :—**ધર્મી જીવને બાહ્યમાં (વચન–કાયાની ચેષ્ટામાં) દેદીપ્યમાન પ્રસન્નતા હોય છે, તે કઈ રીતે?

**ઉત્તર :—**ધર્મી જીવને ઉત્કૃષ્ટ પવિત્ર સ્વભાવનું બહુમાન હોવાથી નિમિત્તરૂપ બાહ્યમાં ચહેરા પર સૌમ્યતા, પ્રસન્નતા અને ખાસ પ્રકારની શાંતિ સહજ હોય છે. જેને ઘણો કષાય હોય એવા જ્ઞાનીને બાહ્યમાં નેત્રોમાં લોહવાટ અને ફડફડાટ રૂપ ઘણી આકુળતા દેખાય છે, પલાંઠી ઉપર પગ ચડાવી ધ્રુજાવ્યા કરે તે તીવ્ર કષાયનું લક્ષણ છે. અનેક નખરાં કરવામાં જે ડહાપણ માનતો હોય તેનું લોહવાટિયાપણું બહારમાં આકુળતાપણે દેખાયા વગર રહે નહિ. કર્તૃત્વભાવનું તથા અહંભાવનું અભિમાન વચનમાં ઝળક્યા વગર રહેતું નથી અને જ્ઞાનીને પરપ્રત્યે કર્તૃત્વ–મમત્વ નથી, તેથી બહારમાં પણ અજ્ઞાનીથી આંતરો પડે છે; તેનાં વચનમાં અને ચેષ્ટામાં નિસ્પૃહતા અને ધીરજ દેખાય છે, તેથી પરનું હું કરી શકતો નથી, એ વાતેના નિસ્પૃહભાવનું અનુમાન થઈ શકે છે. જ્ઞાનીને નિવૃત્તિમય સ્વરૂપ ગોઠ્યું છે, જ્ઞાનનું નિરુપાધિકપણું જણાયું છે, તેથી જ્ઞાનીમાં અને અજ્ઞાનીમાં અંતર તેમ જ બાહ્યમાં આંતરો હોય છે, આ તો વ્યવહાર અપેક્ષાએ વાત છે. કોઈને સત્યનું ભાન ન હોય અને બહારમાં ઠરીને ધ્યાનમાં બેસતો હોય એમ પણ

બને છે; હું પરનું કરું છું, પર મારું કરી શકે છે, એમ ત્રણે કાળના અનંત પર પદાર્થ પ્રત્યે કર્તૃત્વ–મમત્વ માને છે, એટલે તેને રાગ–દ્વેષ થયા વગર રહેતો નથી. એ રીતે બહારથી ધ્યાનમાં ઊભેલો હોય પણ અંદરમાં અનેક પ્રકારના મિથ્યાભિપ્રાયનું શલ્ય પડ્યું હોય છે. એ અપેક્ષાએ બાહ્ય પ્રવૃત્તિ ઉપર અંદરના ગુણોનો આધાર નથી. અજ્ઞાની બહારમાં શાંત બેઠેલો હોય પણ અંદરમાં એવા વિચાર વર્તતા હોય કે કાંઈ બોલું–કાંઈ કરું તો બીજાથી અધિક થાઉં અને જ્ઞાન બહારમાં રાજ્ય કરતો હોય છતાં અંદરમાં હું બાહ્યલક્ષના વલણ રહિત સ્વાશ્રયી સ્વભાવમાં ઠરું તેમાં જ મારી અધિકાઈ છે, એવા વિચાર વર્તતા હોય. જ્ઞાનીને અજ્ઞાનીની જેમ અધીરાઈ ન હોય. એકનો એક જુવાન છોકરો માંદો પડ્યો હોય તો જ્ઞાની દવા કરાવે, સેવા કરે, તોપણ તેને અંતરમાં સમાધાન હોય કે જે થવાનું હશે તે થશે. છોકરો મરી જાય તો કોઈ વખત એવું પણ બને કે જ્ઞાની રડે અને અજ્ઞાની ન રડે. આ રીતે બાહ્યચેષ્ટાથી જ્ઞાની કે અજ્ઞાનીનું માપ થઈ શકતું નથી.

હવે, આગળની (સોળમી) ગાથાની સૂચનારૂપે કલશ કહે છે :—

**एष ज्ञानघनो नित्यमात्मा सिद्धिमभीप्सुभिः ।**
**साध्यसाधकभावेन द्विधैकः समुपास्यताम् ।।१५।।**

**અર્થ :—**આ (પૂર્વ કથિત) જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે, સ્વરૂપની પ્રાપ્તિના ઇચ્છુક પુરુષોએ સાધ્યસાધકભાવના ભેદથી બે પ્રકારે, એક જ નિત્ય સેવવાયોગ્ય છે; તેનું સેવન કરો.

પરાશ્રયના ભેદ રહિત નિરુપાધિક જ્ઞાન સ્વરૂપ આ આત્મા છે, તેના પૂર્ણ કેવળજ્ઞાન સ્વરૂપની પ્રાપ્તિના ઇચ્છુક પુરુષોએ સાધ્ય (પૂર્ણ નિર્મળ અવસ્થા)–સાધક (અધૂરી નિર્મળ પર્યાયરૂપ દર્શન, જ્ઞાન, ચારિત્ર) ભાવ એમ બે પ્રકારને જાણી, એકાકાર સામાન્ય સ્વભાવને ઉપાદેય માની તેનું જ સેવન કરવું. તે પૂર્ણ સ્વભાવ જ સાધ્ય છે, કેવળ જ્ઞાન વ્યવહારે સાધ્ય છે કારણ કે તે પણ ખરેખર તો પર્યાય છે. નિશ્ચયથી ત્રિકાળી ટકનાર પૂર્ણ આત્મસ્વરૂપ પોતે જ સાધ્ય છે. સ્વભાવના જોરે પુરુષાર્થ ઊપડે છે; સાધ્યના જોરે સાધનની નિર્મળતા થાય છે.

સાધ્ય–સાધન ભાવ આત્મામાં જ છે તેમાં મનના અવલંબનનો સાથ નથી અને શરીર કે વાણી પણ સાધન નથી. કોઈ શુભ વિકલ્પ પણ ગુણને મદદ કરનાર નથી, એમ જાણી નિર્વિકલ્પ નિરાવલંબી પૂર્ણ જ્ઞાનસ્વરૂપને લક્ષમાં લઈ પોતાના એકત્વમાં જ ઠરવું.

આત્મા નિર્વિકલ્પ અભેદસ્વરૂપ છે, એમ કહેતાં અજ્ઞાની જીવ કાંઈ સમજી શકતો નથી, તેથી અવસ્થાના ભેદ પાડી જ્ઞાની તેને સમજાવે છે કે તે શ્રદ્ધા કરે તે આત્મા, જાણે તે આત્મા–તે બધું સોળમી ગાથામાં કહેવાશે; ખરી રીતે એકલા જ્ઞાયકસ્વભાવમાં ભેદ પાડવા તે ભૂતાર્થ નથી. જાણનાર પોતે નિત્ય પોતાથી જાણે છે. જેની સત્તામાં સ્વ-પરનું જુદાપણું જાણનારું જ્ઞાતાપણું જણાય છે તે અશુદ્ધ અવસ્થામાં રોકાય છે ત્યારે પરમાં ઠીક–અઠીકપણું માને છે, તેમાં અવસ્થા પૂરતા રાગાદિ જણાય છે પણ તે રાગાદિ જ્ઞાનસ્વરૂપમાં નથી. રાગ-દ્વેષની અસ્થિરતાને ટાળી નિરાકુળ સ્થિરતાપણે તું રહી શકે તેમ છો. પરાશ્રયમાં અટકવારૂપ બહિર્મુખ દૃષ્ટિનો ત્યાગ કરી તેનો સ્વભાવના જોરમાં નિષેધ કરી હવે સ્વસ્વભાવમાં ટકી જા!

દર્શન, જ્ઞાન, ચારિત્ર તે સાધકભાવ આત્મામાં છે અને તે સાધુએ (શ્રાવક, સમકિતી આદિ બધા જ્ઞાનીઓ આવી જાય છે) સેવવા યોગ્ય છે, એમ સોળમી ગાથામાં કહેવાશે.

જેમ બાપ મોટા પુત્રને ઘર સંબંધી વાત કરતો હોય, પણ તે એકને જ માટે નથી પણ તેના બધા પુત્રોને માટે છે, તેમ સર્વજ્ઞ ભગવાનની વાત તેમના વારસદાર ચાર તીર્થ–(૧) નિર્ગ્રન્થ સાધુ, (૨) અર્જિકા, (૩) શ્રાવક, (૪) શ્રાવિકા–માટે છે. જે દર્શન, જ્ઞાન અને ચારિત્ર સેવવાનું મુખ્યપણે સાધુને ઉદ્દેશીને કહ્યું છે, તે જ પ્રમાણે સર્વને (ઉપર કહ્યાં તે બધાંને) લાગુ પડે છે. શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર ત્રણે એક આત્મામાં જ છે. ત્રણ પ્રકાર જુદા નથી. તે ત્રણે ગુણની અવસ્થાનો વિચાર કરવો તે રાગ છે; પણ રાગ ટાળવાનો ઉપાય તો સ્વાશ્રય સ્વભાવની શ્રદ્ધાના જોરે સ્વરૂપમાં એકાગ્ર થવું તે જ છે.

તા. ૧૫-૯-૪૩.

પુણ્ય–પાપની લાગણી જેટલો જ આત્મા નથી. પરાશ્રયથી–મનના અવલંબનથી જે કાંઈ શુભાશુભ ભાવ થાય તે બધા વિકારી ભાવ છે, તેના આશ્રયે કદી આત્માનાં સુખ–શાંતિ પ્રગટતાં નથી અને તે વડે સમ્યક્દર્શન પણ થઈ શકતું નથી. જો પુણ્ય–પાપની લાગણી રહિત નિર્મળ જ્ઞાયકસ્વભાવને યથાર્થ શ્રદ્ધા વડે લક્ષમાં લેવામાં આવે તો જ સ્વભાવમાં જે સુખ–શાંતિ ભર્યાં છે, તે અવસ્થામાં પ્રગટ થાય છે.

જગતના દરેક પ્રાણી સ્વતંત્ર—સુખી થવા માગે છે ને? દરેકે પોતાનું સુખ ક્યાંક પરમાં પણ કબૂલ્યું છે ને? પણ પરાશ્રયથી કદી સુખ ન મળે, સ્વતંત્ર સ્વભાવના ભાન વગર સુખનો ઉપાય પણ પ્રગટે નહિ. શુભ કે અશુભ ભાવ જે થાય તે બધો પરાશ્રયે થતો વિકારભાવ છે, અધર્મભાવ છે, બંધનભાવ છે. તે સ્વાશ્રિત સ્વભાવમાં કાંઈ મદદ ન કરે. આ પ્રમાણે પરાશ્રિત સ્વભાવને માને તો તે માટેનો ઉપાય કરે. પરાશ્રયરૂપ અવસ્થાનું લક્ષ છોડી, મનના જોડાણથી જરા છૂટી સ્વમાં લક્ષ કર્યું તેને દૃષ્ટિમાં સંસાર છે જ નહિ.

અહીં તો એક જ વાત છે, કાં તો સંસારપરિભ્રમણ અને કાં તો સિદ્ધદશા બન્ને વિપક્ષ છે, એક સાથે બે થઈ શકે એમ નથી.

દરેક આત્મા સ્વતંત્ર છે, સ્વતંત્ર વસ્તુને કોઈ પર—મન, વચન, કાયાની ક્રિયા, દેવ, ગુરુ, શાસ્ત્ર, બાહ્ય અનુકૂળતા કે પ્રતિકૂળતા—લાભ કે નુકશાન કિંચિત્ કરી શકે તેમ નથી, તેમના આશ્રયે લાભ નથી પણ બંધન છે, તેથી પરાશ્રયનો ત્યાગ કરી સ્વાશ્રયસ્વભાવને લક્ષમાં લેવો તે જ પ્રથમ શ્રદ્ધાનો વિષય છે.

એક સૂક્ષ્મ રજકણ પણ પોતાની અનંત શક્તિથી ભરેલ અખંડ વસ્તુ છે અને પોતાના આધારે ધ્રુવપણે ટકીને દરેક સમયે સ્વતંત્ર અવસ્થા બદલે છે. તે બીજા ગમે તેટલા રજકણોના પિંડ સાથે રહે છતાં તેના ગુણ (વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વગેરે) પરથી જુદા જ છે, તેને બીજા કોઈ રજકણો સાથે પરમાર્થે સંબંધ નથી.

અનંતકાળથી બાહ્ય વૃત્તિરૂપ અજ્ઞાનનો પ્રવાહ પર તરફ ઢળ્યો છે—પરાશ્રયમાં વળ્યો છે અને પરલક્ષે જેટલા શુભાશુભ ભાવ કરે છે તે બધો પરાશ્રયરૂપ વ્યવહાર છે, પરમાં કાંઈ કરવાનો ભાવ તે બધો અધર્મભાવ છે, તે સ્વભાવમાં નથી; પણ એક સમય પૂરતી આત્માની વિકારી અવસ્થામાં પરલક્ષે થાય છે. તે ક્ષણિક અવસ્થા ઉપર લક્ષ ન કરતાં એકરૂપ જ્ઞાનસ્વભાવ ઉપર લક્ષ કરો તો આત્મ સદાય અખંડ શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપે જ છે, પરના અવલંબનવાળો નથી. અખંડ એટલે કોઈપણ વસ્તુના સંયોગમાં રહ્યા છતાં તેમાં પરાધીનતા આવતી નથી કે ભેદ પડતા નથી, ચૈતન્યનો કોઈ અંશ અચેતનપણે કે રાગ-દ્વેષપણે થઈ જતો નથી.

પરાશ્રયરૂપ શુભાશુભ ભેદ પડે તે મારું સ્વરૂપ નથી, મને મદદગાર નથી પણ તે વિરોધભાવ છે એમ જાણવું તે વ્યવહાર છે. મોક્ષમાર્ગ પણ અધૂરી અવસ્થા છે. ત્યાં વ્રતાદિના શુભભાવ હોય છે તે ખરેખર મોક્ષમાર્ગ નથી, પણ તેનું જ્ઞાન કરવા માટે કથન

માત્ર (વ્યવહાર) છે. અખંડના લક્ષ પછી તેના નિશ્ચય સહિત અવસ્થાને જાણવી તે વ્યવહાર છે, પણ સ્વભાવના લક્ષ વગર માત્ર અવસ્થાને જ જાણવી તે વ્યવહાર પણ ન કહેવાય. ૧૫.

આચાર્ય મહારાજ હવે સોળમી ગાથામાં કહે છે કે પરાશ્રય રહિત શુદ્ધ સ્વભાવનાં શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતારૂપ મોક્ષમાર્ગ એક જ છે અને શુભાશુભ ભાવરૂપ સંસારમાર્ગ એક જ છે—બન્ને વિપક્ષ છે.

**दंसणणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं ।**
**ताणि पुण जाण तिण्णि वि अप्पाणं चेव णिच्छयदो ।।१६।।**

**દર્શન, વળી નિત્ય જ્ઞાન ને ચારિત્ર સાધુ સેવવા;**
**પણ એ ત્રણે આત્મા જ કેવળ જાણ નિશ્ચય દૃષ્ટિમાં. ૧૬.**

**અર્થ :—**સાધુ પુરુષે દર્શન, જ્ઞાન અને ચારિત્ર સદા સેવવા યોગ્ય છે; વળી તે ત્રણેને નિશ્ચયનયથી એક આત્મા જ જાણો.

પોતામાં સર્વ સમાધાનરૂપ પૂર્ણ સુખ છે તેને ભૂલીને સુખ અને સુખનો ઉપાય અજ્ઞાની બહારથી માને છે; દેહ, ઇન્દ્રિયો, ધન વગેરેમાં સુખની કલ્પના કરી છે તે માન્યતા અનાદિની દૃઢ થઈ ગઈ છે, તેથી પરાશ્રય વિના હું ન રહી શકું એમ માને છે પણ તે કલ્પનાની ગુલાંટ મારે અને સ્વાશ્રિત નિશ્ચય વડે હું એક સ્વતંત્ર સુખસ્વરૂપ વસ્તુ છું, એમ માને તેમાં કોઈની જરૂર પડતી નથી. મિથ્યાકલ્પના કરનારે પોતાને ભૂલીને અનંત પરચીજમાં પરાશ્રયે સુખની કલ્પના કરી હતી. તે દૃષ્ટિ બદલાવી અંદરમાં માને કે હું સ્વતંત્ર વસ્તુ છું? તો મારા સુખને માટે, જ્ઞાનને માટે પરની મદદ લેવી પડે એમ કેમ બને? સ્વભાવમાં જ અનંત ગુણ તો ભર્યા છે તે મારા જ સ્વાશ્રયથી પ્રગટે છે. સ્વાધીનસ્વરૂપ માને અને તેમાં ઠરે તે જ સુખનો ઉપાય છે. સ્વાશ્રિત સ્થિરતાનું જેટલું જોર કરે તેટલું સુખ પ્રગટે અને પૂર્ણ સ્થિરતા વડે અનંત સુખ ભર્યું છે તે પ્રગટે; પણ પરાશ્રય વડે સ્વાધીન સુખસ્વભાવ કદી પ્રગટી શકે નહિ.

પરાશ્રયમાં સુખની કલ્પના કરતો હતો અને અનંત પરચીજ મારા સુખ-દુઃખનું કારણ છે, એવી જે પરાશ્રિત દૃષ્ટિ હતી તે ફેરવી હવે સ્વાશ્રિત દૃષ્ટિથી જોતાં 'હું પરથી જુદો છું' એમ નિર્ણય કરતાં પોતામાં અનંત સુખ ભર્યું છે તેની ખાત્રી થાય છે. પ્રથમ પર ઉપર લક્ષ રહેતું હતું તે સ્વ ઉપર રહેતાં રાગ-દ્વેષ ઓછા થાય છે.

સ્વાધીન સુખની રીત કહેવાય છે. આ તદ્દન અંતરનો માર્ગ છે, તે બહાર કાઢીને

કેમ બતાવી શકાય? તારે તારે સુખને માટે પરમાં ડોકિયાં કરવાં પડે એ કેવું આશ્ચર્ય! અનુકુળતા હોય તો આદર કરું, પ્રતિકુળતા કાઢી નાખું, ધન–આબરૂ હોય તો સુખ મળે એ બધું ખોટી કલ્પનારૂપ દુઃખ જ છે. પરમાં જે ઠીક–અઠીકપણું માની તેના આધારે સુખ-દુઃખની કલ્પના કરે છે તેણે પરને પોતાનું માન્યું છે અને પોતાને પરાધીન–શક્તિ વિનાનો માન્યો છે. જેમ ડાબલીના સંયોગમાં રહેલો હીરો ડાબલીથી જુદો જ છે તેમ દેહાદિ સંયોગમાં રહેલો ભગવાન આત્મા તેનાથી જુદો જ છે; માટે તેના ઉપર લક્ષ કરતાં સ્વાધીન સુખ પ્રગટ થશે.

પ્રથમ બહિર્મુખ દૃષ્ટિ હતી ત્યારે બહારમાં મને અનુકૂળ કોણ અને પ્રતિકૂળ કોણ છે, એમ પર ઉપરના લક્ષે રાગ-દ્વેષમાં એકાગ્ર થતો હતો અને પોતાને તે રૂપ માનતો હતો; તે પરવલણની દૃષ્ટિ ફેરવીને સ્વભાવમાં ગુણ તરફ સ્વાશ્રિત દૃષ્ટિ કરે તો શ્રદ્ધા–જ્ઞાન ચારિત્ર રૂપે પોતે એકલો પોતાને સેવનારો થાય છે.

**ટીકા :—**આ આત્મા જે ભાવથી સાધ્ય અને સાધન થાય, (ભાવ એક અને પર્યાય બે–સાધ્ય–સાધક) તે ભાવથી જ નિત્ય સેવવા યોગ્ય છે. જુદા જુદા ભાવ પ્રમાણે ભેદ પાડવા પડતા નથી. પુરુષાર્થ વડે કર્મનો ક્ષય કરી પૂર્ણ નિર્મળ ભાવ પ્રગટ થવા યોગ્ય છે તે સાધ્યભાવ અને બંધનરૂપ રાગ-દ્વેષનો નાશ કરનાર જે અધૂરી નિર્મળ દશા તે સાધન અથવા સાધકભાવ છે. બન્ને (સાધ્ય–સાધક)નું જ્ઞાન કરે, પણ નિર્મળ સાધ્યભાવ તો એકલા શુદ્ધ આત્માને સેવવાથી જ પ્રગટે છે.

જેમ દીવાસળીમાં વર્તમાન અવસ્થામાં ઉષ્ણતા અને પ્રકાશ પ્રગટ નથી, તોપણ શક્તિપણે વર્તમાનમાં પણ ભરેલા છે, એમ શ્રદ્ધા કરી તેને યોગ્ય વિધિથી ઘસે તો તેમાંથી અગ્નિ પ્રગટ થાય છે; તે આત્મામાં કેવળજ્ઞાનજ્યોત ત્રણે લોકને પ્રકાશનારી શક્તિ ભરી છે. તે પૂર્ણનું લક્ષ કર્યું તે નિર્મળ ભાવ વર્તમાનમાં અલ્પ છે છતાં પ્રત્યક્ષ છે અને શ્રદ્ધામાં પૂર્ણ છું, સિદ્ધદશાનો અને કેવળજ્ઞાનનો ભાવ શક્તિમાં ભર્યો છે તે વર્તમાનમાં અપ્રગટ છે–પરોક્ષ છે.

પાણીમાં ઉષ્ણતા પ્રત્યક્ષ છે તેનું લક્ષ ગૌણ કરી, તેના ઠંડા સ્વભાવનું લક્ષ કર્યા પછી તેને ઠારવાની ક્રિયા શરૂ કરી ત્યારે થોડી ઠંડક આવવા લાગી તે વર્તમાન અંશે પ્રત્યક્ષ ઠંડક છે અને તેમાં આખી ઠંડક લક્ષમાં આવે છે, તે શક્તિપણે અને પરોક્ષ છે; તેમ વર્તમાનમાં આત્મામાં પરનિમિત્તના જોડાણરૂપ અવસ્થાને ગૌણ કરી પૂર્ણ નિર્મળ સ્વભાવનું લક્ષ કર્યા પછી પરોક્ષ કેવળજ્ઞાન સ્વરૂપની અખંડતાના લક્ષે વર્તમાનમાં સ્વાશ્રયના જોરે અંશે નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રભાવ પ્રગટ થાય છે તે વડે નિર્મળ સ્વરૂપ આત્મા જ સેવવા યોગ્ય છે.

યથાર્થ ભાનમાં પૂર્ણ સ્વભાવની શ્રદ્ધા અને તેનું લક્ષ થાય તે સાથે જ પૂર્ણભાવ ઊઘડી જાય તો વચ્ચે, સાધકદશા એટલે મોક્ષમાર્ગ આવે નહિ, પણ એમ બનતું નથી; કારણ કે પૂર્ણ નિર્મળતા ઊઘડ્યા પહેલાં વચ્ચે મોક્ષમાર્ગ આવ્યા વિના રહે નહિ.

લીંડીપીપરમાં ચોસઠ પહોરી તીખાશ થવાની તાકાત વર્તમાનમાં પ્રગટપણે નથી, છતાં તે પૂર્ણની પ્રતીતિના લક્ષે વર્તમાન ઘસારો કરવાથી થોડી તીખાશ પ્રગટતી જાય છે, તે પૂર્ણ તીખાશનું અંશે અંશે કાર્યરૂપ સાધન છે તે પ્રત્યક્ષ છે અને પૂર્ણ તીખાશ પ્રગટ નથી છતાં તેની પ્રતીતિ છે; તેમ આત્મામાં કેવળજ્ઞાન વર્તમાનમાં અપ્રગટ શક્તિરૂપે ભર્યું છે તેની પ્રથમ શ્રદ્ધા કરવી, કોઈ પડખે વિરોધ ન રહે તેવી તેના સાધનની પણ યથાર્થ ઓળખાણ કરવી, પછી સ્વલક્ષ એકાગ્રતાના જોરે જે અંશે નિર્મળ ભાવ ઊઘડે તે પ્રત્યક્ષ છે અને તે પૂર્ણનું સાધન છે.

પીપરના દૃષ્ટાંતમાં લોકોને પથરા ઉપર લક્ષ જાય પણ પથરાથી પીપરમાં ચોસઠ પહોરી તીખાશ થઈ નથી. જો પથરાથી થઈ હોય તો કાંકરાને કે લાકડાને ખરલમાં નાખી ઘૂંટવાથી તેમાં તીખાશ આવવી જોઈએ. દૃષ્ટાંતમાંથી એક અંશ લઈ તેમાંથી સિદ્ધાંત સમજી લેવો જોઈએ. ચોસઠ પહોરી તીખાશ પીપરમાં હતી તે જ પ્રગટ થઈ છે. તેમ આત્મામાં કેવળજ્ઞાન શક્તિપણે ભરેલ જ છે તેની પ્રતીતિરૂપ પ્રથમ સાધન કરી પછી સ્થિરતારૂપ વિશેષ પુરુષાર્થ થાય છે. પૂર્ણ અખંડની શ્રદ્ધામાં એકાકાર પૂર્ણ સ્વભાવનું જ લક્ષ છે, તેમાં અધૂરા ભાવના કે પૂર્ણ ભાવના ભેદ પડતા નથી. ભેદના લક્ષે અભેદનો પુરુષાર્થ ઉપડતો નથી. અખંડ પૂર્ણ સ્વભાવના જોરે નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા થાય છે. વર્તમાનમાં ઊણી અને શક્તિમાં પૂરી એમ બે અવસ્થાના ભેદ પાડનાર વ્યવહારને ગૌણ કરી સમ્યગ્દર્શનનું લક્ષ અખંડ જ્ઞાનમય સ્વરૂપ તરફ એકાકાર છે.

હું પૂર્ણ વસ્તુ એકરૂપ સ્વતંત્રપણે ત્રિકાળ ટકનાર છું, તેમાં પૂર્ણ નિર્મળ અવસ્થા શક્તિપણે નિત્ય ભરેલી જ છે અને વર્તમાનમાં ઊણી અવસ્થા છે, એમ બે પ્રકારના ભેદ જ્ઞાનમાં જણાય ખરા, પણ શ્રદ્ધાનું ધ્યેય (સાધનનું ધ્યેય) પૂર્ણ અખંડ સ્વરૂપ જ છે.

લોકો સુરધન આદિ કુળદેવને હાજરા-હજૂર રક્ષણ કરનાર માને છે, પણ તું માલવાળો છો કે નહિ? તું નિત્ય છો કે અનિત્ય? સ્વાધીન લક્ષે અંદર તો જો! ત્રિકાળી સ્વતંત્રપણે ટકનાર ભગવાન આત્મા સળંગ જાગૃત જ્ઞાતાસ્વરૂપે છે, તે જ હાજરાહજૂર દેવ છે, તેની જ શ્રદ્ધા કર, પરની શ્રદ્ધા છોડ, પરથી જુદાપણું બતાવનાર નિર્મળ જ્ઞાનનો વિવેક કર, સ્વભાવના જોરે એકાગ્રતા કર અને શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતાને એકરૂપ સ્વભાવમાં જોડ, એ જ મોક્ષમાર્ગ છે.

જ્ઞાન છે તે સાધ્ય–સાધક બન્ને ભાવને જાણે પણ સેવે તો એકલા નિશ્ચય સ્વરૂપને, એનો અર્થ એ છે કે નિશ્ચય વસ્તુ–આત્મા ઉપર એકાકાર લક્ષનું જોર આપવું, નિશ્ચય સ્વભાવના જોરે ઊણી પર્યાય પૂરી નિર્મળ થઈ જાય છે. હું વ્યવહારના ભેદમાં અટકનાર નથી પણ પરાશ્રયના સર્વ ભેદોનો નાશ કરનાર છું, તેવા નિઃશંકભાવથી અખંડ સ્વભાવના જોરે ઊણી પર્યાય તોડીને અલ્પ કાળમાં સાધ્યરૂપ પૂર્ણ મોક્ષદશા પ્રગટ કરે છે. આ ન સમજાય તો ધીરજ રાખી સમજવું, કેમ કે સમજણના માર્ગે જ સત્ય આવે છે, ઊંધા માર્ગે કદી અંત આવવાનો નથી.

આત્મામાં પૂર્ણ શાંતિ, બેહદ જ્ઞાન–સુખ ન હોય તો અશાંતિ અને પરાશ્રયપણાનું દુઃખ જ રહે, ગમે તેટલો પુરુષાર્થ કરે તોપણ સ્વભાવમાં સુખ ન હોય તો પ્રગટી શકે નહિ પણ તેમ નથી. આત્મામાં નિરંતર અનંત સુખની પૂર્ણ તાકાત છે, તેના યથાર્થ ભાનરૂપ સમ્યક્ શ્રદ્ધા કરી અભેદ સ્વરૂપના લક્ષે એકાગ્ર થાય અને ત્રિકાળી નિશ્ચલ સ્વભાવની દ્રઢતા કરે તો સ્વાધીન સુખસ્વરૂપમાં શંકા પડતી નથી. તે શ્રદ્ધાના જોર અનુસાર નિર્મળ ભાવની એકતા વડે એક આત્માને જ સેવવો યોગ્ય છે.

એ રીતે સ્વાશ્રિત નિશ્ચયભક્તિ કરીને એટલે કે એક જ ભાવે મોક્ષ અને મોક્ષની પ્રાપ્તિ છે એમ પોતે નિર્ણય કરી, અખંડ વસ્તુ છે તેના વ્યવહારે ભેદ પાડીને બીજાને સમજાવવા માટે કહે છે, છતાં લક્ષ તો પૂર્ણનું જ છે. સાધુ પુરુષોએ પરાશ્રયનાસ.૭૦ ભેદ રહિત સ્વાશ્રિત નિર્મળ દર્શન, જ્ઞાન અને ચારિત્રને નિત્ય સેવવા યોગ્ય છે. કહેનારનું લક્ષ પૂર્ણ અભેદ ઉપર છે પણ ભેદ પાડ્યા વગર બીજાને સમજાવી શકાતું નથી. કોઈ અજ્ઞાનીને કહેવામાં આવે કે અખંડ આત્મા સેવવો યોગ્ય છે તો તે સમજતો નથી, તેથી ઉપદેશક શુદ્ધનયનો ઉપદેશ જરૂરનો છે એમ જાણે છે છતાં દર્શન, જ્ઞાન, ચારિત્ર એવા ભેદ પાડીને કહે છે, તોપણ લક્ષ તો અખંડ નિશ્ચયનું જ છે. યથાર્થ નિશ્ચયરૂપ નિર્મળ, એકરૂપ, અખંડ આત્માને લક્ષમાં લેતાં, તેની સ્થિરતાના જોરે અલ્પકાળમાં મોક્ષપર્યાય ઊઘડી જાય છે. સાધક–અવસ્થામાં થોડો કાળ સાધન–સાધ્યરૂપ ઊણી અવસ્થા અને પૂરી અવસ્થા એવા ખંડ ઉપર લક્ષ રહે છે, પણ અખંડના જોરે તે ભેદનો વિકલ્પ તૂટતો જાય છે અને સ્વ તરફના વિકલ્પો પણ તૂટીને અલ્પકાળમાં પૂર્ણ થઈ જાય છે.

વ્યવહારથી ભેદ પાડી દર્શન, જ્ઞાન, ચારિત્રનું સ્વરૂપ બતાવે, વર્તમાન ઊણી અવસ્થા બતાવે, પણ ભેદને જાણીને એક અભેદ આત્માને જ સેવવો યોગ્ય છે, કારણ કે પરમાર્થે તો જ્ઞાન, દર્શન, ચારિત્ર એ ત્રણે ભેદ આત્માના જ પરિણામ છે, આત્માથી

જુદા નથી. ''મનમાં રહે દર્શન, શાસ્ત્રમાં રહે જ્ઞાન અને શરીરાદિની ક્રિયામાં રહે ચારિત્ર'' એમ નથી, પણ અંદરમાં સ્વાશ્રિત અરૂપી નિર્મળ ભાવપણે ત્રણે ગુણની એકતારૂપ આત્મામાં સ્થિર થવું તે સ્વરૂપાચરણ છે—સમ્યક્ ચારિત્ર છે. એક જગ્યાએ દેહ બેસી રહે તે સામાયિક નથી, શરીરની કોઈ ક્રિયા કરવી તે ચારિત્ર નથી, પણ હું નિરુપાધિક જ્ઞાનસ્વરૂપ આત્મા છું એમ સ્વલક્ષે ઠરવું તે સામાયિક અને ચારિત્ર છે. શુભ વિકલ્પમાં રોકાવું તે પણ ખરી સામાયિક નથી, પણ આત્માના પરિણામની સ્થિરતા તે સામાયિક છે. અશુભથી બચવા માટે શુભભાવ કરવાનો નિષેધ નથી પણ તેને જ ધર્મ માનવામાં આવે છે તેના નિષેધ છે. જેને ઊંચે ચઢવાનો ઉપદેશ આપીએ છીએ તેને નીચે પડવાનું વ્યવહારે પણ કેમ કહેવાય?

જેમ દેવદત્તનાં જ્ઞાન, શ્રદ્ધાન અને ચારિત્ર તે દેવદત્તના સ્વભાવને ઉલ્લંઘતાં નહિ હોવાથી, તે દેવદત્ત સ્વરૂપે છે, અન્યરૂપે નથી; તેમ આત્મામાં પણ પરથી નિરાળો, નિરાવલંબી પૂર્ણ શુદ્ધ છું એવી શ્રદ્ધા—તેનું જ્ઞાન અને તે અનુસાર આચરણ આત્માના સ્વભાવને ઉલ્લંઘતાં નહિ હોવાથી, એટલે કે તેમાંથી કોઈ ગુણ પરનો આશ્રય નહિ લેતો હોવાથી નિત્ય શુદ્ધ આત્માને આશ્રિતે જ ટકેલા છે, તેથી તેઓ પણ આત્મા જ છે, અન્ય વસ્તુ નથી.

અહીં એમ નક્કી થયું કે પૂર્ણ નિર્મળ સાધ્યભાવ પણ આત્મા પોતે અને નિર્મળ દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ સાધકભાવ—મોક્ષમાર્ગ પણ પોતે જ છે. મોક્ષ અને મોક્ષમાર્ગનું નિશ્ચયકારણ પણ આત્મા પોતે જ છે. આત્માનું કોઈ સાધન વ્યવહારથી પણ કોઈ પરચીજમાં નથી. મન, વાણી, દેહની પ્રવૃત્તિમાં નથી. વ્રતાદિના શુભરાગમાં પણ નથી, એમ નિશ્ચય કરી પોતાના એક આત્માને જ સેવવો યોગ્ય છે; એ પોતે પોતાથી જ પ્રગટ પરમાત્માપણે પ્રકાશમાન છે.

માણસને મૂંઝવણ થાય કે જો આવું નિશ્ચય (તદ્દન સત્ય) સ્વરૂપ સમજવા રહેશું તો ક્યાંયના નહિ રહીએ, આપણે પુણ્યમાં વ્યવહાર માન્યો છે તે સાધન પણ નહિ રહે તો આધાર કોનો? પણ ભાઈ રે! તું એકલો સ્વતંત્ર પૂર્ણ પ્રભુ છો, પોતે જ નિત્ય શરણભૂત પરમાત્મા છો. મોક્ષનો માર્ગ બાહ્યમાં અને મોક્ષ આત્મામાં એટલે કે કારણ પરમાં અને તેનું કાર્ય આત્મામાં એમ ત્રણ કાળમાં બની શકતું નથી. આ વાત કદી રુચિપૂર્વક સાંભળી નથી. સત્ય સમજવાની દરકાર કરી નથી, તેથી જે પોતાની જ વાત છે તે મોંઘી લાગે છે, પણ ''સમજ પીછે સબ સરલ હૈ, બિન સમજે મુશ્કીલ;'' સમજણની રીતે સત્ય સમજવાની ટેવ પાડવી જોઈએ. ભગવાન આત્મા પરથી નિરાળો,

મન–ઇન્દ્રિયોથી પર છે તેને સત્સમાગમે સમજવાનો પરિચય કરે અને સત્યાસત્યની બરાબર પરીક્ષા કરે તો સમજી શકે તેમ છે, પણ પોતાની તાકાતમાં જ શંકા કરે અને પોતાથી જ અજાણ્યો રહેવા માગે તો અપૂર્વ રુચિ વગર સમજણ ક્યાંથી આવે? સમજવાનો જિજ્ઞાસુ તો સત્ય સાંભળતાં જ અંદરથી ઉછળી ને બહુમાન લાવે કે અહો! આ અપૂર્વ વાત તો મેં કદી સાંભળી નથી. આજ મારે સમજવું છે. સ્વભાવની દ્રઢતા વડે પરના અભિમાનનો નાશ કર્યો એટલે જાતે નિઃસંદેહ થઈ સ્વતંત્રતા જાહેર કરે છે કે એક–બે ભવમાં જ આ સંસારનો અંત છે. આ માટે સમજણની રુચિનો ઉત્સાહ વારંવાર વધારવો જોઈએ. સમજતાં વાર લાગે તો માનવું કે વધારે રુચિની જરૂર છે. જેનાથી પરમ હિતરૂપ સુખ જ થવાનું છે તેનાં શ્રવણ–મનનમાં કંટાળો ન આવવો જોઈએ. પૂર્વાપર વિરોધ રહિત એટલે પરનિમિત્તના ભેદ રહિત સ્વતંત્ર અવિકાર પરમ સત્‌નો સ્વીકાર કરવો તે સમ્યગ્દર્શન છે.

**ભાવાર્થ :—**દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ત્રણે આત્માની જ અવસ્થા છે, તે સાધુ પુરુષોએ અને શ્રાવકોએ નિત્ય સેવવા યોગ્ય છે અને વ્યવહારથી અન્યને પણ તેવો જ ઉપદેશ કરવો યોગ્ય છે. સ્વાશ્રિત નિશ્ચયનું ફળ મોક્ષ છે અને પરાશ્રિત વ્યવહારનું ફળ સંસાર છે.

**પ્રશ્ન :—**વ્યવહારથી મોક્ષ નથી તો વ્યવહારનો ઉપદેશ શા માટે કરવામાં આવ્યો છે?

**ઉત્તર :—**વ્યવહારનો ઉપદેશ તો અજ્ઞાનીને પરમાર્થ સમજાવવા કર્યો છે પણ ગ્રહવા યોગ્ય તો એકલો નિશ્ચય જ છે.

**પ્રશ્ન :—**સાધારણ જનતાને તો લોકપ્રચલિત વ્યવહાર આદરવાનો જ ઉપદેશ આપવો જોઈએ ને?

**ઉત્તર :—**તેવા વ્યવહારનો ઉપદેશ આપનાર ઠેકાણાં તો ઘણાં છે પણ જેનાથી જન્મ-મરણ ટળે એવો સનાતન સત્ય માર્ગનો ઉપદેશ જ ઘણો દુર્લભ છે; એવો પરમાર્થનો ઉપદેશ આ સમયસારમાં કરેલો હોવાથી આ સત્ય ઉપદેશ બધા માટે કરવા જેવો છે.

આઠ વર્ષના બાળકથી માંડીને વૃદ્ધ સુધીના સૌમાં સત્ય સમજવાની લાયકાત છે, બધા પ્રભુ છે જે સત્યવક્તા હોય તે પરમ સત્યનો જ ઉપદેશ કરે. સર્વજ્ઞ ભગવાને કહેલા નિશ્ચય વિના ત્રણ કાળમાં મુક્તિનો બીજો ઉપાય નથી. અસત્ય માનનારની સંખ્યા જગતમાં વધારે જ રહેવાની, પણ તેનાથી સત્ય કાંઈ ઢંકાતું નથી.

હવે, દર્શન, જ્ઞાન, ચારિત્ર—ત્રણે આત્માના જ પર્યાયો છે. કોઈ જુદી વસ્તુ નથી, એવા જ અર્થનો કલશરૂપ શ્લોક કહે છે :—

**दर्शनज्ञानचारित्रैस्त्रित्वादेकत्वतः स्वयं ।**
**मेचकोऽमेचकश्चापि सममात्मा प्रमाणतः ।।१६।।**

**અર્થ :**—પ્રમાણદૃષ્ટિથી જોઈએ તો આ આત્મા એકીસાથે અનેક અવસ્થારૂપ (મેચક) પણ છે અને એક અવસ્થારૂપ (અમેચક) પણ છે, કારણ કે એને દર્શન—જ્ઞાન—ચારિત્રથી તો ત્રણપણું છે અને પોતાને એકપણું છે.

પ્રમાણ એટલે ત્રિકાળી સ્વભાવ અને વર્તમાન અવસ્થા બન્ને એકસાથે લક્ષમાં લેવાં તે. ધ્રુવ સ્વભાવપણે જોતાં—નિશ્ચયથી આત્માને એકપણું જ છે, પર્યાય—દૃષ્ટિથી આત્મા અનેકરૂપ છે. જ્યાં સુધી પૂર્ણ નિર્મળ અવસ્થા ન પ્રગટે ત્યાં સુધી ભેદ હોય ખરા, પણ સ્વભાવપણે જોતાં કદી ભેદ નથી. પર્યાયનું લક્ષ ગૌણ કરી અખંડ સ્વભાવની દૃઢતાનું જોશ તે વિકારનો નાશ કરનાર છે. આત્મામાં આવી અવસ્થા છે અને આવા ગુણો છે. એમ વિચારમાં ભેદ પાડતાં રાગમિશ્રિતનું વિચારમાં રોકાવું પડે છે, તેથી પરાશ્રયરૂપ વિકલ્પ તોડવા માટે અભેદ નિશ્ચયનું જોર કરવું.

સહજ ચિદાનંદ.

તા. ૧૬-૯-૪૩.

દેહની ક્રિયા હું કરું, પુણ્ય—પાપનો કર્તા હું, એમ અજ્ઞાની માની બેઠો છે એટલે તેની જ ભાવના કરે છે તથા રાગાદિને પોતાના માની અનંતકાળથી કરતો આવે છે. જેનો સ્વભાવ જ્ઞાન એટલે કે ''બધું જાણવું'' છે. તેમાં વિકાર ન હોય, પણ પરને જાણતાં તેને પોતાનું માની લે તો રાગના કારણે દુઃખ થાય. જો છોકરો માંદો પડી મરી જાય તેનું જ્ઞાન જ દુઃખનું કારણ હોય તો જેને જેને છોકરાના મરણનું જાણપણું થયું તે બધાને દુઃખ થવું જોઈએ પણ બધાને દુઃખ થતું નથી. જેણે તે છોકરાને પોતાનો માન્યો છે તેને જ પોતાના રાગને કારણે દુઃખ થાય છે, જેને રાગ—મમતા નથી તેને દુઃખ થતું નથી. જ્ઞાન એ દુઃખનું કારણ નથી પણ તેમાં રાગ—મમતા એ જ દુઃખનું કારણ છે. માત્ર જ્ઞાન કરવામાં કોઈ રાગ નથી—દ્વેષ નથી.

હું જ્ઞાનસ્વભાવી સ્વ—પરને જાણનારો છું, પણ કોઈમાં ઠીક—અઠીક કરી અટકનાર

નથી. જો સળંગ જાણનારપણે જ રહે, જાણવામાં ક્યાંય અટકે નહિ તો રાગ-દ્વેષ થાય નહિ. જેણે પર પ્રત્યે મારાપણાનું અને કર્તાપણાનું અભિમાન રાખ્યું છે તે પરમાં અનુકૂળતા અને પ્રતિકૂળતા માની તેમાં રાગ-દ્વેષ કરે છે. તે જ બંધનું કારણ અને સંસારનું મૂળ છે.

જેની રુચિ હોય તેનું વારંવાર રટણ કર્યા કરે છે, એમ ચૈતન્યસ્વરૂપની રુચિ કરી, નિરાવલંબી આત્મસ્થિરતા માટે વારંવાર શ્રવણ–મનન જોઈએ. યથાર્થ સ્વરૂપની દૃઢતાના ન્યાય વારંવાર યાદ કરી, તે જ પરમ તત્ત્વની ભાવના કરવી.

હવે નયવિવક્ષા કહે છે :—

**दर्शनज्ञानचारित्रैस्त्रिभिः परिणतत्वतः ।**
**एकोऽपि त्रिस्वभावत्वाद् व्यवहारेण मेचकः ।।१७।।**

**અર્થ :**—આત્મા એક છે તોપણ વ્યવહારદૃષ્ટિથી જોઈએ તો ત્રણ સ્વભાવપણાને લીધે અનેકાકારરૂપ (મેચક) છે, કારણ કે દર્શન, જ્ઞાન અને ચારિત્ર—એ ત્રણ ભાવે પરિણમે છે.

ભગવાન આત્મા એકસ્વરૂપ છે તેનો અર્થ એવો નથી કે બધા આત્મા મળીને એક થઈ ગયા છે, પણ દરેક આત્મા સ્વતંત્રપણે ભગવાન છે. શરીરાદિ સર્વ પરથી જુદો, અનંત જ્ઞાનાદિ ગુણોનો પિંડ, પોતાના ત્રિકાળી ગુણ અને પર્યાયોથી અભિન્ન છે—એ રીતે એકરૂપ છે; તોપણ વ્યવહાર દૃષ્ટિથી જોવામાં આવે તો જ્ઞાન, દર્શન, ચારિત્ર એવા ત્રણ સ્વગુણને લઈ ને અનેકાકાર દેખાય છે.

આત્મામાં ગુણો તો અનંત છે, પણ તેમાં દર્શન, જ્ઞાન ચારિત્ર એ ત્રણ મુખ્ય છે; એ ત્રણ ભેદપણે આત્માને લક્ષમાં લે તો વિકલ્પરૂપ રાગમિશ્રિત મલિનતા આવે છે. પર તરફનું વલણ અને પરનું કરવાના ભાવ તે રખડવાની ક્રિયારૂપ અધર્મ છે. જ્ઞાની તે ભેદને જાણે—ખરા, પણ તેનું લક્ષ ગૌણ કરી, ત્રિકાળ ટકનાર ધ્રુવ સ્વભાવના લક્ષે એકરૂપ આત્માની જ શ્રદ્ધા કરે છે. ભેદના લક્ષથી એકરૂપ સ્વરૂપમાં સ્વાશ્રયપણે સ્થિર થઈ શકે નહિ, એકસ્વરૂપમાં ભેદ પાડનાર મેચકદૃષ્ટિ મલિનદ્રષ્ટિ છે.

જો તારે સ્વતંત્ર આત્મસ્વભાવ જોઈતો હોય તો પરના કોઈ ભાવને તારા સ્વભાવમાં ખતવીશ નહિ. નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રના ખંડ પાડી એકરૂપ સ્વભાવનો વિરોધ કરીશ નહિ. ભેદરૂપ દૃષ્ટિથી સાચી શ્રદ્ધા પ્રગટ થતી નથી.

જેમ સોનું પીળું, ચીકણું, ભારે વગેરે અનંતગુણથી એકપણે છે, તેના જુદા જુદા ગુણના વિચારથી આખું સોનું યથાર્થપણે ખ્યાલમાં આવતું નથી; તેમ આત્મામાં અનંત ગુણ છે તેમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર એવા ગુણ છે ખરા, પણ તેના ભેદરૂપ વિચારમાં રોકાય તો આખી વસ્તુ ખ્યાલમાં આવી શકતી નથી. ભેદ પાડી વિચારવાથી રાગ આવે છે, મનનું અવલંબન આવે છે, તેના આધારે આત્માનો ગુણ પ્રગટતો નથી.

આત્મા તો એકરૂપ ત્રિકાળ ટકનાર અખંડ જ્ઞાયક જ છે. જો તેને શુદ્ધનયથી જોવામાં આવે તો શુભાશુભ વિકલ્પ તો લક્ષમાં આવતા જ નથી, પણ દર્શન, જ્ઞાન, ચારિત્ર એવા ત્રણ જુદા ભવનું લક્ષ પણ ગૌણ થઈ જાય છે. એક આત્માને ત્રણરૂપ પરિણમતો (ત્રણરૂપ થતો) કહેવો તે વ્યવહાર થયો, અભેદમાં ભેદ પડ્યા. આ શુદ્ધ દૃષ્ટિની વાત છે, તેમાં રાગ-દ્વેષ કે પુણ્યાદિનું કર્તાપણું છે જ નહિ.

એકને ત્રણરૂપ પરિણમતો કહેવો તે વ્યવહાર થયો, અસત્યાર્થ પણ થયો. ભેદ વડે અભેદ શુદ્ધ સ્વભાવ જાણી શકાય નહિ અને જાણ્યા વિના તેમાં સ્થિર થઈ શકાય નહિ, માટે નિશ્ચયથી અનેકપણું અભૂતાર્થ છે. એકરૂપઅભેદ વસ્તુનું લક્ષ કરવું તે જ સમ્યક્દર્શન, જ્ઞાન ચારિત્રનું કારણ છે.

હવે પરમાર્થનયથી આત્માનું સ્વરૂપ કહે છે :—

**परमार्थेकन तु व्यक्तज्ञातृत्वज्योतिषैककः ।**
**सर्वभावांतरध्वंसिस्वभावत्वादमेचकः ।।१८।।**

અર્થ :—શુદ્ધ નિશ્ચયનયથી જોવામાં આવે તો પ્રગટ જ્ઞાયકતા જ્યોતિમાત્રથી આત્મા એકસ્વરૂપ છે, કારણ કે શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી સર્વ અન્ય દ્રવ્યના સ્વભાવો તથા અન્યના નિમિત્તથી થતા વિભાવોને દૂર કરવારૂપ તેનો સ્વભાવ છે, તેથી તે 'અમેચક' છે—શુદ્ધ એકાકાર છે.

પ્રથમ વ્યવહારની વાત કરી કે આત્મામાં વર્તમાન અવસ્થામાં રાગ છે, પણ તે વ્યવહારદૃષ્ટિમાં રાગ-દ્વેષ ટાળવાની તાકાત નથી, પર્યાયના લક્ષે રાગ ટળતો નથી, નિમિત્ત અને પર્યાયનું લક્ષ કરવું તે વ્યવહાર છે તેના લક્ષે રાગ જ ઉપજે છે. શુદ્ધ નિશ્ચયનયથી આત્માને જોવામાં આવે તો પ્રગટ જ્ઞાયકજ્યોતિ પણે જ આત્મા એક સ્વરૂપ છે. પરનિમિત્તના ભેદપણે નથી. જ્યાં દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદના વિચારની પણ વાત નથી ત્યાં વિકારનો કે મન, વચન, કાયાની ક્રિયાનો કર્તા કે પુણ્યપાપનો કર્તા એ વાત જ ક્યાં રહી?

આગળના કલશમાં ભેદને જાણવો તે વ્યવહાર છે એવી વાત કરી હતી, તેનાથી લાભ થવાનું કહ્યું ન હતું. સર્વ ભેદનો નિષેધ કરનાર એવા સ્વભાવથી આત્મ અખંડ વસ્તુ છે. તેને શુદ્ધ વસ્તુદૃષ્ટિથી જોતાં સર્વ અન્ય દ્રવ્યના સ્વભાવો તથા તેના નિમિત્તથી થતા પુણ્ય–પાપના વિકારોનો નાશ કરવારૂપ તેનો નિર્મળ સ્વભાવ છે, તેથી તે અમેચક–શુદ્ધ એકાકાર છે. તેમાં ગુણના ભેદ નથી. બંધ–મોક્ષ એવા અવસ્થાના ભેદ પણ નથી. એવો નિરપેક્ષ પૂર્ણ સ્વભાવ છે, તેની શ્રદ્ધાના જોરે વિકલ્પ રાગ તુટી નિર્મળ દશા પ્રગટે છે.

ત્રિકાળી ટકનાર અનંત ગુણથી પૂર્ણ એકરૂપ નિશ્ચલ છું, નિરાવલંબી પરમાત્મા એવી ધ્રુવ સત્તાના જોરમાં ત્રણ ગુણના વિકલ્પ શ્રદ્ધામાં છોડી દેવા અને પૂર્ણ એકાકાર સ્વભાવને શ્રદ્ધાના લક્ષમાં અખંડપણે ગ્રહણ કરવો, ભેદમાંથી અભેદ સ્વભાવને તારવી લેવો. એકસ્વભાવમાં ગુણે જુદા પાડી વિચારવા અટકવું તે ગુણને પ્રગટ કરવાનું કારણ નથી. એકેક ગુણને જુદા પાડી વિચાર કરતાં એકપણું લક્ષમાં આવતું નથી.

અનાદિથી પર વલણનું કારણ જે બહિર્મુખદૃષ્ટિ તે ફેરવી એટલે સંસારની રુચિ રૂપ રખડવાની દિશા ફેરવી ત્યારે સ્વભાવમાં ભવનો ભાવ નથી; પણ તેનો અભાવ છે.

આત્માને સોળમાં કલશમાં પ્રમાણજ્ઞાનથી જણાવ્યો, સત્તરમાં કલશમાં વ્યવહારે ભેદરૂપ મલિન 'મેચક' કહ્યો, અઢારમાં કલશમાં નિશ્ચયથી અભેદરૂપ શુદ્ધ કહ્યો. હવે એ બધી ચિંતા છોડી–વિકલ્પ છોડી સ્વરૂપમાં જ એકાગ્ર થઈ ઠરવું તે કહે છે :—

**आत्मनश्चिंतयौवालं मेचकामेचकत्वयोः ।**
**दर्शनज्ञानचारित्रै साध्यसिद्धिर्न चान्यथा ।।१९।।**

**અર્થ** :—આ આત્મા મેચક છે–ભેદરૂપ અનેકાકાર છે તથા અમેચક છે–અભેદરૂપ, એકાકાર છે, એવી ચિંતાથી તો બસ થાઓ. સાધ્ય આત્મની સિદ્ધિ તો દર્શન, જ્ઞાન ને ચારિત્ર–એ ત્રણભાવોથી જ છે, બીજી રીતે નથી (એ નિયમ છે).

રાગનો કર્તા તો હું નહિ, પણ અવસ્થામાં કર્તૃત્વભાવે ભેદ પાડવો તે રૂપે પણ હું નથી. સાધ્ય આત્માની સિદ્ધિ તો નિર્મળ દર્શન, જ્ઞાન ચારિત્ર–ચારિત્રની એકતાથી જ છે. એકાકાર અભેદ સ્વભાવના અનુભવથી જ હિત છે, બીજાથી આત્માનું હિત નથી. બાહ્યમાં ક્રિયાકાંડથી, પુણ્ય–પાપના વિકારથી, પર ભક્તિ–સ્તુતિથી આત્મસ્વભાવ જુદો હોવાથી–ગુણમાં દોષની નાસ્તિ હોવાથી બાહ્ય પ્રવૃત્તિ ગુણમાં કાંઈ મદદગાર નથી.

**ભાવાર્થ** :—આત્માના શુદ્ધ સ્વભાવની સાક્ષાત્ પ્રાપ્તિ (પૂર્ણમોક્ષદશા) તે જ સાધ્ય છે. આત્મા મેચક છે કે અમેચક છે, એવા વિચારો જ માત્ર કર્યા કરવાથી તે સાધ્યની

સિદ્ધિ થતી નથી. સ્વાશ્રયના જોરે હું પૂર્ણ છું, શુદ્ધ છું, પરથી–વિકારથી જુદો છું, એવી શ્રદ્ધા થતાં દૃષ્ટિમાં સર્વથા મોક્ષ જ થઈ ગયો છે, મુક્તસ્વભાવને જોનાર જ્ઞાનભાવે તો આત્મા પોતે જ પૂર્ણ કૃતકૃત્ય સ્વરૂપ પવિત્ર મોક્ષ જ છે અને સર્વથા મુક્તિ તો કેવળજ્ઞાન અને સિદ્ધદશામાં જ થાય છે.

નિર્મળ શુદ્ધ પૂર્ણ મુક્તિ સ્વભાવને અખંડપણે શ્રદ્ધાના લક્ષમાં લીધા પછી ભૂમિકા અનુસાર કેવો રાગ રહે છે અને તેમાં શું નિમિત્ત હોય છે તેને જ્ઞાની બરાબર જાણે છે, પણ બાહ્યથી નક્કી કરનારને અંદરના ગુણની કે બાહ્યની ખબર નથી.

સમ્યગ્દર્શન તે સાધક અવસ્થા છે અને પૂર્ણ નિર્મળ સ્વભાવ તથા તેની પૂર્ણ નિર્મળ પ્રગટ અવસ્થા તે સાધ્ય છે. જ્ઞાનીએ દ્રવ્યદૃષ્ટિએ તો પોતાના મુક્ત સ્વભાવનું જ જ્ઞાન કર્યું છે, પણ અવસ્થાએ પૂર્ણ મુક્ત સ્વરૂપની નિર્મળ દશા પ્રગટ કરે ત્યારે મોક્ષ છે; છતાં અંશે સ્વરૂપાચરણરૂપ શુદ્ધ ચારિત્ર હોય છે. માત્ર આવા મેચક–અમેચકના વિચાર જ કર્યા કરે તો સાધ્યની સિદ્ધિ ન થાય.

**એક દેખિયે જાનિયે, રમિ રહિયે ઈક ઠૌર,**
**સમલ વિમલ ન વિચારીયે, યહૈ સિદ્ધિ, નહિ ઔર.**

(સમયસાર નાટક જીવદ્વાર–૨૦)

એકમાં ભેદ પાડવાથી રાગ રહે છે. પ્રથમ ભેદને જાણે ખરો, પણ અભેદ ગુણના લક્ષે એકને જ સેવવો યોગ્ય છે. અવસ્થાદૃષ્ટિ કરી, સમળ–વિમળના ભેદ ન પાડતાં એકાકાર જ્ઞાયકસ્વરૂપ છું, કૃતકૃત્ય પરમાત્માસ્વરૂપ છું, એવા નિરપેક્ષ એકરૂપ શુદ્ધ અખંડ સ્વભાવને જ દેખવો, જાણવો અને તેમાં જ રમવું–તે એક સિદ્ધિનો માર્ગ છે, બીજો કોઈ માર્ગ નથી.

દર્શન અર્થાત્ શુદ્ધ આત્માનું અભેદપણું અવલોકન અથવા તેની નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન અર્થાત્ પૂર્ણ જ્ઞાનાનંદ સ્વભાવને પરથી જુદો જાણવો તે અને ચારિત્ર અર્થાત્ શુદ્ધ સ્વભાવમાં સ્થિરતા–તેનાથી જ શુદ્ધ સાધ્યની સિદ્ધિ થાય છે. આ જ મોક્ષમાર્ગ છે, તે સિવાય બીજો કોઈ મોક્ષમાર્ગ નથી.

વ્યવહારી જીવો પર્યાયના (અવસ્થાના) ભેદ દ્વારા સમજે છે, જો તે ભેદ ઉપરથી ત્રિકાળી અખંડ સ્વભાવ સમજે તો ભેદને નિમિત્ત (વ્યવહાર) કહેવાય; તેથી અહીં દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદથી સમજાવ્યું છે, ખરું તો નિશ્ચય સ્વભાવમાં ટકવું–સ્થિર થવું તે જ પ્રયોજન છે.

હવે વ્યવહાર જીવને મોક્ષમાર્ગમાં જોડવા માટે બે ગાથાઓમાં દૃષ્ટાંતથી કહે છે :—

जह णाम को वि पुरिसो रायाण्र जाणिऊ सद्दहदि ।
ता तं अणुचरदि पुणो अत्थत्थीओ पयत्तेण ।।१७।।

एवं हि जीवराया णादव्वो तह य सद्दहेदव्वो ।
अणुचरिदव्वो य पुणो सो चेव दु मोक्खकामेण ।।१८।।

જ્યમ પુરુષ કોઈ નૃપતિને જાણે, પછી શ્રદ્ધા કરે,
પછી યત્નથી ધન–અર્થી એ અનુચરણ નૃપતિનું કરે; ૧૭.

જીવરાજ એમ જ જાણવો, વળી શ્રદ્ધવો પણ એ રીતે,
એનું ન કરવું ઉચરણ પછી યત્નથી મોક્ષાર્થીએ. ૧૮.

અર્થ :—જેમ કોઈ ધનનો અર્થી પુરુષ રાજાને જાણીને શ્રદ્ધા કરે છે, ત્યારબાદ તેનું યત્નપૂર્વક અનુચરણ કરે છે અર્થાત્ તેની સુંદર રીતે સેવા કરે છે, એવી જ રીતે મોક્ષની ઈચ્છાવાળાએ જીવરૂપી રાજાને જાણવો, પછી એ રીતે જ તેનું શ્રદ્ધાન કરવું અને ત્યારબાદ તેનું જ અનુચરણ કરવું અર્થાત્ અનુભવ વડે તન્મય થઈ જવું.

અહીં જેને લક્ષ્મી જોઈતી હોય તે જ રાજાની ઓળખાણ, શ્રદ્ધા કરે એટલે કે ઈચ્છુક પુરુષને દૃષ્ટાંતમાં લીધા છે. આંધળી શ્રદ્ધાથી ન માની લે પણ ઓળખીને શ્રદ્ધા કરે, પછી તે જ રાજાનું પ્રયત્નપૂર્વક અનુચરણ કરે એટલે સાવધાનીપૂર્વક તેના સેવકપણે વર્તે છે (અહીં તે રાજાની સેવા કરે છે, બીજા કોઈની નહિ.) તેમ જેને આત્મલક્ષી જોઈતી હોઈ તે પાત્ર થઈને જ્ઞાનીને (સદ્ગુરુને) ઓળખીને તેનો જ વિનય કરે (વીતરાગના માર્ગનો વિરોધ કરનારનો વિનય કરતો નથી), એવી રીતે મોક્ષની અભિલાષાવાળાએ જીવરૂપી અનંત ગુણની લક્ષ્મીના રાજાને—અનંત ગુણથી શોભાયમાન આત્માને જ બરાબર જાણવો તે પછી તેનું જ શ્રદ્ધાન કરવું (શ્રદ્ધામાં કોઈ પણે વિરોધ આવે તો ભગવાન આત્મા રીઝે નહિ. જવાબ આપે નહિ), પછી તદ્રૂપ અનુભવ વડે લીન થઈ જવું એ એક જ પ્રકારે તેને જ સેવવો.

તા. ૧૭-૯-૪૩.

આત્માની યથાર્થ શ્રદ્ધા, તેનું જ્ઞાન અને તેનું જ આચરણ કરવું તે જ હિત અને પરમ હિતનો ઉપાય છે. સંસારમાં અંશ માત્ર સુખ નથી, છતાં તેમાં સુખ માનનાર પરાધીનતામાં—આકુળતામાં સુખ માને છે. પરાશ્રયરૂપ રાગ તે જ સંસાર છે અને પરાધીનતાથી સુખ માનવું તે દુઃખ જ છે. પરાધીનતામાં સ્વપ્ને પણ સુખ નહિ એમ જગત બોલે છે, પણ તેનો ભાવ સમજતા નથી. પરવશતા એ દુઃખનું જ લક્ષણ છે. સ્વાશ્રય હિતસ્વરૂપને જાણ્યા વિના પરાશ્રય ટળે નહિ, માટે અવિરોધી પડખાંનો નિર્ણય કરી પરનિમિત્તના ભેદરહિત શુદ્ધ આત્માને પ્રથમ જ બરાબર ઓળખવો. તેને જાણ્યા વિના જેટલું જાણે તે બધું વૃથા છે.

નિશ્ચયથી (ખરેખર) જેમ ધનનો અર્થી કોઈ પુરુષ બહુ ઉદ્યમથી રાજાને જાણે કે આ રાજા છે. અહીં ધનના અર્થીને જ લીધા છે, બધા ધનના અર્થી હોતા નથી, કોઈ અન્ય ચીજના અર્થી પણ હોય છે; જેમ કે કોઈ સ્ત્રીનો અર્થી, કોઈ વસ્ત્રનો અર્થી—એ રીતે દરેકમાં એક વૃત્તિ મુખ્યપણે હોય છે. ચોવીસ કલાકમાં ચાર કલાક પણ નિરાંતે ન ઊંઘે અને માત્ર પૈસા—પૈસાની વૃત્તિ લઈને મોટી મજૂરી લઈ બેઠા છે.

અહીં ધનાર્થી પ્રથમ જુદા લક્ષણથી યથાર્થપણે રાજાને જાણે કે આ સત્તાધારી રાજ્યલક્ષ્મીનો ધણી અને સજ્જન એવો આ અવશ્ય રાજા જ છે. આ સિવાય બીજો રાજા નથી, આની જ સેવા કરવાથી જરૂર લક્ષ્મીની પ્રાપ્તિ થશે એમ શ્રદ્ધા કરે છે અને ત્યારપછી તેનું જ અનુચરણ કરે એટલે તેને જ અનુકૂળ આચરણ—તેની હા એ હા અને ના એ ના કરે, તેની અનુકૂળતાએ વર્તે, તેની આજ્ઞામાં રહે, તેને જ પ્રસન્ન કરે. તેવી રીતે મોક્ષાર્થી પુરુષ કે જેને આત્માની પૂર્ણ નિર્મળ અવસ્થા જોઈએ છે, તેણે એકલા આત્માનું જ સેવન કરવું પડશે.

ઈન્દ્રપદ કે પરમાણુના રાગમાત્રની અભિલાષા નથી, આવી પ્રથમથી જ ઉત્કૃષ્ટ વીતરાગ સ્વભાવની ઓળખાણ સહિત બળવાન રુચિ જોઈએ; પણ વચ્ચે કાંઈ લપ ઇચ્છે, સ્વર્ગાદિ કે રાજપદરૂપ સંયોગ ઇચ્છે તેને તો બંધન જોઈએ છે, તેને અબંધ સ્વભાવની રુચિ નથી.

અતિ દુર્લભ મનુષ્યપણું વર્તમાનમાં મળ્યું છતાં આવેલ અવસરની કિંમત નહિ કરતાં ફરી સ્વર્ગની કે મનુષ્યપણાની એટલે કે પુણ્યના સંયોગની ઇચ્છા રાખે છે. કોઈ દેવપદનો અર્થી, કોઈ રાજપદનો અર્થી, માનાર્થી, કોઈ રાગાર્થી એમ દરેક પોતાની વૃત્તિ પોષવાનો અર્થી હોય છે, પણ મોક્ષમાર્ગમાં તે કાંઈ નથી. જેને આત્માની સ્વતંત્રતા,

નિર્મળતા અને પરિપૂર્ણતા જોઈએ છે તેણે સૌથી પહેલાં તો આત્માને જ જાણવો–બીજું કાંઈ નહિ. પોતે કોણ તે જાણ્યા વિના દેવ, ગુરુ, શાસ્ત્રને યથાર્થ રીતે જાણી શકે નહિ. વીતરાગી દેવ, ગુરુ પણ આત્મા જ છે અને આત્માની સ્વતંત્ર વીતરાગતા બતાવે તે જ સર્વજ્ઞ વીતરાગના શાસ્ત્ર છે.

પ્રથમ આત્માને જાણવો એમ કહ્યું તેમાં અખંડ સ્વાધીન સ્વવસ્તુરૂપ દ્રવ્ય લીધું. દ્રવ્ય અને ગુણ ત્રિકાળ છે, નવા ન થાય. ગુણ ત્રિકાળ એકરૂપ અખંડ છે, વર્તમાન અવસ્થામાં પરનિમિત્તના અવલંબને ભેદરૂપ વિકાર અને ઊણપ દેખાય છે, તે સ્વભાવમાં નથી. વિકારી ઊણી અવસ્થા તે સંસાર અને નિર્વિકારી પૂર્ણ નિર્મળ અવસ્થા તે મોક્ષ–બન્ને આત્માની અવસ્થા છે. નિશ્ચયથી તો આત્મા એકરૂપ જ છે. પ્રથમ તેની જ યથાર્થ ઓળખાણ કરવી અને પછી તેમાં જ ઠરવું–સ્વાનુભવમાં લીન થવું, એ જ પ્રગટ આનંદનો ઉપાય છે.

અનંતકાળમાં પરાશ્રય તોડનાર સ્વાધીન સ્વાશ્રય સ્વભાવ શું? તેની ઓળખાણ કરી નથી. બીજાની મદદથી પરાશ્રયથી પરાધીનતા તૂટે નહિ અને સ્વાધીનતા પ્રગટે નહિ. દરેક જીવ કે અજીવ ત્રણે કાળે પરથી જુદા–સ્વતંત્ર છે. કોઈ પોતાની શક્તિમાં ઊણા નથી, માટે પરાધીન નથી. આટલું નક્કી કરે તો પરનું કાંઈ ન કરી શકું, પરથી કાંઈ લાભ–નુકશાન થાય નહિ એટલી સ્વાશ્રિત શ્રદ્ધામાં ટકવામાં પણ પરથી નિવૃત્તિરૂપ અનંતી ક્રિયા અને અનંતો પુરુષાર્થ આવે છે. પરાશ્રિત લક્ષથી છૂટી અંતર્મુખદ્રષ્ટિ કરતાં બીજાની મદદ તો નહિ, પુણ્ય–પાપ પણ નહિ અને અંદર સ્વભાવમાં ગુણના જે ભેદ પડે નહિ તે પણ હું નહિ. આ પ્રમાણે અભેદ સ્વરૂપની શ્રદ્ધા કરે તે જ પ્રથમનો ઉપાય કહ્યો.

આત્માને સમજીને તેનો જ અર્થી થાય તો સત્સમાગમ અને જાતની પાત્રતા વડે સત્યને બરાબર જાણે-ઓળખે તે જ ધર્મનો પ્રથમ માર્ગ છે, તે સિવાય મોક્ષની નિર્મળ દશા અને તેના ઉપાય (મોક્ષમાર્ગ) રૂપ ધર્મની શરૂઆત પણ થઈ શકે નહિ. શુદ્ધ આત્માની યથાર્થ શ્રદ્ધા થયા પછી મારે શું કરવું? એ પ્રશ્ન જ ઊભો રહેતો નથી. જેવો આત્મા જાણ્યો તેનું જ આચરણ કરવાનું રહે છે. રાગ રહિત સ્વાશ્રયથી જેવો અભેદ આત્મા જાણ્યો તેવો જ ગ્રહણ કરી વારંવાર તેમાં અભેદ લક્ષની દ્રઢતા વધારવી તે જ અંશે અંશે રાગ તૂટી ગુણમાં ઠરવાની ક્રિયા છે. જે સ્વભાવમાં ઠર્યો નથી. પુણ્ય કરું, ગુણના ભેદ કરું કે પરાશ્રય કરું તો ધર્મ થાય એમ ન આવ્યું, પણ અભેદ આત્માનું જ આચરણ કરવાથી અવશ્ય કર્મોથી છૂટી શકાશે, એમ દ્રઢપણે આવ્યું; તેમાં કર્મ આકરાં હશે તો? એવી શંકા નથી. અરે! તું ભગવાન આત્મા જાગ્યો અને બીજું યાદ કરે!

સ્વતત્ત્વને અખંડપણે લક્ષમાં લઈ તેના જોરે સ્વરૂપમાં ઠરવું, તેની રુચિરૂપ સ્વલક્ષમાં એકાગ્ર થવું–દૃઢ થવું તે ગુણની ક્રિયા છે.

પ્રથમ આ રીતે સુખની પ્રાપ્તિનો ઉપાય છે તેની શ્રદ્ધા કરે છે, હું ત્રિકાળ ગુણપણે અખંડ છું, પરપણે નથી. ક્ષણિક અવસ્થાના રાગપણે નથી, પણ તેનો નાશક છું, ત્રિકાળી અખંડ ગુણસ્વરૂપ ઉપર દૃષ્ટિ પડી એટલે વર્તમાન ક્ષણિક અવસ્થાનો આશ્રય અને બાહ્યનું વલણ રહ્યાં નહિ, પણ સ્વાશ્રિત દૃઢતાનું અપૂર્વ જોર આવ્યું તેમાં દરેક સમયે અનંતો સવળો પુરુષાર્થ આવ્યો, વર્તમાન પૂર્ણ ચારિત્ર નથી, તોપણ દ્રષ્ટિમાં પોતાના પૂર્ણ પુરુષાર્થ સ્વરૂપ અનંત ગુણનો પિંડ બેહદ તાકાતપણે છું, તેની પ્રતીતિનું જોર આપતાં નિરાકુળ જ્ઞાન–શાંતિનો નિઃશંક પુરુષાર્થ જાગે છે અને સ્વરૂપમાં રુચિ તથા સત્ સાવધાની વધે છે.

**જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ,**

**જ્ઞાન તહાં શંકા નહિ સ્થાપ;**

અરે રે! મારું શું થશે? એમ શંકા કરે તેને ભગવાન આત્માની સાચી શ્રદ્ધા નથી. જેને પુરુષાર્થમાં સંદેહ પડે છે તેમ જ ભવની શંકા રહે છે, પોતાના સ્વભાવની જ શંકા છે, તેણે વીતરાગી સ્વભાવનું શરણું લીધું જ નથી. પ્રથમમાં પ્રથમ ભગવાન આત્મા સ્વતંત્ર છે, પૂર્ણ અનંતસુખરૂપ છે તેની પ્રતીતિ કર, પર્યાયદ્રષ્ટિનું વજન છોડી અખંડ સ્વભાવનું જોર કર, તો જાતથી ખાત્રી થશે કે જરૂર એક–બે ભવમાં પૂર્ણ થઈશ. ગુણની દૃઢતા થતાં નિઃસંદેહતા થઈ જશે કે મારામાં ભય, શંકા, દોષ કે દુઃખની નાસ્તિ છે, મારા સ્વભાવમાં વિરોધભાવ છે જ નહિ.

મોટા સજ્જન રાજાનું શરણ લેનારને લૌકિક દુઃખ કે ભય હોય નહિ. તેમ ચૈતન્ય ભગવાન પૂર્ણ મહિમાવંત આત્માનું જેણે શરણ લીધું તેને દુઃખ કે ભય છે જ નહિ. સત્‌ને સમજ્યો અને અસત્ એવા રાગ-દ્વેષ-મોહરૂપ સંસારને તરીને કાંઠે ન આવે એ કેમ બને? ભવ રહિત છું. સ્વતંત્ર પૂર્ણ છું. એવી શ્રદ્ધાનું જોર લઈ આવ્યો તેને કર્મ, કાળ, ક્ષેત્ર કે કોઈ બાહ્ય સંયોગો નડતા નથી.

અખંડ ગુણની દૃઢતામાં એકલો પુરુષાર્થ ભાળે છે, પૂર્ણ સ્વભાવની મોટાઈ ભાળે છે અને તેનાં જ ગુણ ગાય છે, બીજામાં મોટાઈ ભાળતો નથી; પરચીજ તેનાપણે સ્વતંત્ર છે. હું મારાપણે સ્વમાં અભેદ છું એવી શ્રદ્ધાના ભાનમાં પરથી નિવૃત્ત થયો એટલે પરમાં અટકવાનું ન રહ્યું પણ સ્વાધીન સ્વભાવમાં જ ઠરવાનું રહ્યું. પરમાં અટકવારૂપ રાગ (ભાવકર્મ)ની મારા સ્વભાવમાં નાસ્તિ છે. એવા રાગ રહિત સ્વભાવની પ્રતીતિના જોરે

અને સ્થિરતારૂપ ચારિત્રના જોરે સર્વ વિકારનો નાશ જ કરીશ. એવી જે સ્વાધીન સ્વભાવની દ્રઢતા તે મોક્ષનું કારણ છે. યથાર્થ સ્વરૂપ જાણ્યા વિના, તેની શ્રદ્ધા કર્યા વિના તેમાં ઠરવારૂપ ચારિત્ર શેના જોરે થશે?

કોઈ કહે કે ''આત્મા શુદ્ધ છે તેને જાણી લીધો, લો! હવે શું કરવું?'' પણ જેણે પરથી ભિન્ન યથાર્થ સ્વરૂપ જાણ્યું તેને ''મારે હવે શું કરવું? મારી શી ફરજ છે? કઈ રીતે પુરુષાર્થ કરવો?'' એવો પ્રશ્ન જ નહિ રહે. સ્વભાવની શ્રદ્ધા કરી, તેનું જ્ઞાન કર્યું, પછી તેનું જ એકાકારપણે આચરણ કરવું, બીજો કોઈ પ્રશ્ન છે જ નહિ.

અખંડ સ્વભાવમાં અભેદ લક્ષનું જોર આપતાં બુદ્ધિપૂર્વક વિકલ્પ વૃત્તિ તોડીને થોડો કાળ નિર્વિકલ્પ સ્વમાં સ્થંભી જાય તે ચારિત્ર છે અને સામાન્ય એકરૂપ સ્વભાવની રુચિ વડે સ્વલક્ષની સ્થિરતા જેટલી ટકાવી છે તેટલા અંશે નિર્વિકલ્પનું ચારિત્રનું વર્તન સળંગ છે. પ્રથમ સત્યનું સ્વરૂપ જાણ્યા વિના સત્યમાં ઠરી શકાય નહિ.

સ્વ સ્વરૂપનો આશ્રય કરી તેમાં પરિપૂર્ણ નિઃસંદેહપણે શ્રદ્ધા કરવી અને પરાવલંબનના ભેદ રહિત અખંડ સ્વતંત્ર વસ્તુરૂપે હું આવો જ છું, બીજા સ્વરૂપે નથી; એમ જ્ઞાન કરવું, પછી તેનું જ અનુચરણ કરવું એટલે તેમાં જ જાણનારપણે રહેવું, સ્વાનુભવમાં લીન થવું, તે જ સાચો ઉપાય છે. પૂર્ણ નિર્મળ મોક્ષસ્વરૂપ જે નિષ્કર્મ અવસ્થા તે મારામાં જ છે, મારાથી અભેદ છે, તે જ મારું શુદ્ધ સ્વરૂપ છે. આમાં પરનું કરવાનું કે કોઈનો આધાર માગવાનું કે પુણ્યની ક્રિયા કરવાનું કાંઈ ન આવ્યું. વચ્ચે નબળાઈના ખંડ પડે ત્યારે કેવા પ્રકારનો રાગ અને કેવા પ્રકારના નિમિત્તો હોય છે, તેને જ્ઞાની બરાબર જાણી લે છે, પણ તેને મદદગાર માનતા નથી.

હવે આત્માની શ્રદ્ધા માટે શું કરવું ? તે વિશેષ સમજાવે છે. આત્માને અનુભવમાં (જાણવામાં) આવતા જે અનેક પર્યાયરૂપ ભેદભાવો (પરાશ્રયરૂપ રાગ) તેમની સાથે મિશ્રિતપણું હોવા છતાં પણ તેનાથી સર્વપ્રકારે જુદાપણાનું જ્ઞાન કરનાર જે જ્ઞાયકપણું છે, તેમાં રાગભાવ કે પરાશ્રિતપણું નથી, પણ પરથી જુદાપણું અનુભવમાં આવે છે.

વર્તમાન અવસ્થામાં પરનિમિત્તમાં જોડાતો વિકારીભાવ છે અને સ્વભાવ ત્રિકાળ એકરૂપ છે, એમ બન્નેનું મિશ્રપણું છે. આ પ્રમાણે અવસ્થા અને સ્વભાવને જેમ છે તેમ જાણવામાં આવે તો સ્વભાવના લક્ષે અવસ્થામાં જે વિકાર છે, તે ટાળી શકાય છે.

પાણીનો સળંગ પ્રવાહ ચાલ્યો જતો હોય તેમાં પેશાબનો ખારપના પ્રવાહનો ભાગ જરા અડે તે વર્તમાન પૂરતું મિશ્ર થયું, પણ ખારપ ખારાપણે છે. જળની મીઠાશપણે નથી અને મીઠા જળનો પ્રવાહ તેના મૂળ સ્વભાવપણે સ્વચ્છ જ છે; તેમ સ્વભાવના ગુણનો

પ્રવાહ એકરૂપે છે તેમાં પરાશ્રિત શુભાશુભભાવનું વર્તમાન ક્ષણિક અવસ્થામાં મિશ્રપણું છે, તે મિશ્રપણું એક સમયની અવસ્થા પૂરતું છે, તોપણ સ્વભાવમાં નિશ્ચયથી મિશ્રપણું નથી.

તા. ૧૮-૯-૪૩

આત્મા જ્ઞાનાદિ અનંતગુણનો પિંડ છે, તેમાં બહારથી ગુણ આવતા નથી. અખંડ સ્વભાવ તરફ દૃષ્ટિ નહિ કરતાં હું બાહ્ય વલણપણે છું, મારે પરાશ્રય જોઈએ વગેરે પ્રકારથી પરમાં એકપણું અનાદિથી અજ્ઞાની જીવ માની રહ્યો છે. તે ભ્રાંતિરૂપ પરાધીનતાની માન્યતાને આત્માના બેહદ સામર્થ્ય વડે ટાળતાં, નિત્ય જ્ઞાયકપણે જાણનાર તે જ હું છું, ક્ષણિકવિકાર કે પરરૂપે હું નથી, એવા શુદ્ધસ્વભાવની શ્રદ્ધા થાય છે.

જેમ ગામની નજીકમાં મોટું તળાવ ભર્યું હોય અને ઉપરથી ખૂબ વરસાદ પડતો હોય, તળાવ છલકાઈ ને ફૂટવાની તૈયારી હોય ત્યારે ગામલોકો વિચારે કે જો ગામ તરફ ફૂટ્યું તો ગામ બુડાડી દેશે, એમ ધારીને જંગલ તરફ જરા લીક કરતાં તળાવનું બધું પાણી તે તરફ ઢળે છે અને ગામ ઉપરનો ભય દૂર થાય છે. એ દૃષ્ટાંતને ઊલટી રીતે ઘટાવીએ તો આત્મામાં અનંત ગુણો પૂર્ણ—છલોછલ ભર્યા છે તેને ભૂલીને બાહ્યમાં વલણ કરવાથી ગુણને ઘાત થાય છે. પરાશ્રય વિના ન રહી શકું, પરનો કર્તા છું, રાગ-દ્વેષ મારા છે. એવી ઊંધી માન્યતાની દિશા પલટી અંદર પૂર્ણ ગુણોથી અખંડ સ્વભાવ ભર્યો છે તેમાં સ્વાશ્રય શ્રદ્ધાનું જોર આપતાં—સ્વવલણમાં ઢળતાં સર્વથા એકરૂપ જ્ઞાન સામર્થ્યનો જ અનુભવ થાય છે, પછી ચૈતન્ય પ્રવાહ તેની જ્ઞાનધારાથી એકરૂપ ભાવે સ્વભાવ તરફ વળે છે. જેમ પાણીને જે ભાગ મેલને અડે તેટલું જ પાણી મલિન થાય તેમ જ્ઞાનભાવથી ખસી ગુણમાં ભેદ પડે તો શુભાશુભ રાગમાં અટકવાનો ભાવ થાય ખરો છતાં તેના ગુણમાં સ્વીકાર થતો નથી, સ્વભાવના જોરમાં ક્ષણિક વિકાર ઉપર વજન નથી.

અખંડ આત્માવસ્તુને ભૂલીને બાહ્યમાં લક્ષ કરી રાગ-દ્વેષ જેવડો જ હું એમ માન્યું તે મિથ્યાજ્ઞાન, મિથ્યાશ્રદ્ધા અને મિથ્યાચારિત્ર છે અને તેથી જ સંસારમાં પરિભ્રમણ થાય છે. માટે જેને પરિભ્રમણ ટાળવું હોય તેણે તે ઉપરથી લક્ષ ફેરવી એકરૂપ ધ્રુવ જ્ઞાયકસ્વભાવનું જ લક્ષ કરવું જોઈએ. જ્ઞાનનો સ્વભાવ સ્વ—પર પ્રકાશક છે, રાગ-દ્વેષ તેને પ્રકાશતા નથી.

વસ્તુ પૂર્ણ ગુણરૂપ છે પણ વર્તમાન અવસ્થા પૂરતો બાહ્યમાં અટકવાથી પરાશ્રયપણું સ્વીકારવાથી અવસ્થામાં ભેદ પડે છે. એકરૂપ ભાવમાં રાગરૂપ ભાવથી મિશ્રિતપણું ક્ષણિક અવસ્થામાં થાય છે, તેને પોતાનું સ્વરૂપ માની લેવું તે મિથ્યાદષ્ટિ છે, સ્વરૂપની ભ્રાંતિ છે. જ્યાં ગુણ છે ત્યાં જ તેની ઊંધી દશારૂપ ભૂલ અને વિકાર થઈ શકે છે અને જ્યાં ભૂલ અને વિકાર છે ત્યાં તેને ટાળવાનો અવિકરી સ્વભાવ અંદર ભર્યો જ છે, માત્ર તે સ્વભાવ દૃષ્ટિ કરી અખંડ સ્વાશ્રયમાં નિઃશંકતાનો અનુભવ કરવાની જરૂર છે. આત્મામાં જાણવારૂપ સ્વભાવ નિત્ય છે અને પૂર્ણ ગુણો પણ નિત્ય છે, વસ્તુની અવસ્થા તેનાથી જુદી નથી તો તેમાં દોષ કેમ હોય? આત્મા ગુણસ્વરૂપે છે, તેના જ્ઞાનાદિ ગુણો સળંગપણે એકરૂપ નિર્મળ છે, તેની અવસ્થા પણ નિર્મળપણે જ થાય છે, પણ માત્ર દ્રષ્ટિમાં ભૂલ છે તેને ટાળી જો સ્વભાવ ઉપર જુએ તો પોતામાં પોતાથી નિત્ય જ્ઞાનનો જ અનુભવ થાય છે.

જ્ઞાનગુણ ત્રિકાળ એકરૂપ ટકનાર છે, વર્તમાન વિકારી અવસ્થા પૂરતો નથી. સ્વલક્ષ કરનાર પોતે છે, સ્વ તરફ ઢળું છું, એમ નક્કી કરનાર જ્ઞાનસ્વભાવે જ હું છું. અવસ્થામાં રાગનો ભેદ પડે તે હું નહિ, જેમાં જણાય તે હું રાગાદિ–દેહાદિ પર મને જાણનાર નથી, મારામાં તેની નાસ્તિ છે. ક્ષણિક શુભાશુભ વૃત્તિ થાય તે મારું સ્વરૂપ નથી, આમ ભેદજ્ઞાનમાં પ્રવીણપણાથી આવું સ્વાશ્રિત જાણનારપણું નિત્ય જાણનારપણે છે તે જ હું છું, જેટલું જ્ઞાન તેટલો જ હું એવી પ્રતીતિ થાય છે.

ઊંધી–પરાશ્રિત દૃષ્ટિના કારણે વિકારને પોતાનો માને છે, પણ પરાશ્રયની માન્યતા ફેરવી નિત્ય ગુણસ્વરૂપને પોતાનું સ્વરૂપ માને છે ત્યારે વિકાર રૂપે નથી, પરાશ્રયરૂપ અટકનારો નથી, એવા નિત્ય જાગૃત સ્વરૂપને (પ્રગટ અનુભૂતિસ્વરૂપને જ્ઞાયકસ્વરૂપને) પોતાનું માને છે, એવું સ્વસત્તામાં જાણક સ્વભાવની નિઃશંક પ્રતીતિ જેનું લક્ષણ છે, એવી નિત્ય અખંડ સ્વવિષય કરનાર શ્રદ્ધા પ્રગટ થાય છે.

આત્મામાં અંદર સ્વભાવમાં અવિકારી અને સ્વતંત્ર સામર્થ્યથી પૂર્ણ એવા અનંત ગુણ ભરેલા છે, તેમાંથી કોઈ ગુણને જુદો પાડી લક્ષમાં લેવો તે રાગમિશ્રિત અટકતો ભાવ છે. તે જ વખતે હું પર વલણરૂપે નથી, રાગરૂપે નથી, પરાશ્રયના ભેદ ભંગ મારામાં નથી, હું તો સ્વભાવ તરફ ઢળતા જ્ઞાનપણે છું, સ્વાશ્રયપણે ત્રિકાળ જાણનારો છું, એવી આત્મભાનથી પ્રાપ્ત થતી સ્વાશ્રિત નિર્મળ શ્રદ્ધા પ્રગટ થવાથી સમસ્ત અન્ય ભાવોથી અટકતો ભાવ નાશ થયો છે.

આત્માનુભવથી પ્રાપ્ત થયેલ શ્રદ્ધા તે લક્ષે છે અને સ્વભાવની અભેદ પ્રતીતિ તે

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



તેનું લક્ષણ છે. અજ્ઞાની પણ ખરેખર તો પોતાના જ્ઞાનગુણની અવસ્થાને જ અનુભવે છે, પણ પોતાના સ્વભાવનું ભાન નથી, તેથી બહારમાં દૃષ્ટિ કરીને હું પરાશ્રયરૂપ છું, એમ માની સ્વભાવમાં ભેદ પાડી આકુળતાનો અનુભવ કરે છે.

અંદર અખંડ ગુણપણે પવિત્ર સ્વભાવ નિત્ય ભર્યો છે, પણ માન્યતા ફેરે પરાશ્રયદૃષ્ટિએ બધું બાહ્યમાં માને છે, પાંચ ઇન્દ્રિયથી જણાય તે જ હું, પર મને જાણવામાં મદદ કરે, પર રાગ-દ્વેષ કરાવે, પરથી લાભ–નુકશાન થાય એમ પોતાના સ્વભાવને જ પરાશ્રિત માની આકુળતા કરે છે અને સ્વાદમાં ભેદ પાડે છે, તેથી અખંડ સ્વભાવની પ્રતીતિ નથી.

જ્ઞાનગુણમાં રાગ નથી, પણ પોતાની સ્વાધીનતા ભૂલીને પર સાથે સંબંધ માની તેમાં રાગના ભેદ પાડી અજ્ઞાની જીવ અટક્યો છે. ચોખામાંથી કાંકરા વીણનાર બોલે છે કે ''ચોખા વીણું છું'' પણ સમજે છે કે ચોખા રાખવા જેવા છે અને કાંકરા કાઢી નાખવા જેવા છે. તેના લક્ષમાં મુખ્ય એકલા ચોખા જ છે; તેમ ચૈતન્ય આત્મા ચોખ્ખો જ્ઞાયક અસંગ છે તેમાં પર સંબંધનો સ્વીકાર કરી, તે તરફ ઢળીને પરાશ્રયરૂપ જેટલી બાહ્ય વૃત્તિ થાય છે તે રાગમિશ્રિત કાંકરા છે, તેને જ્ઞાની જાણે ખરો, પણ અંતરમાં તેને ટાળવાની દૃષ્ટિ છે, રાખવા યોગ્ય તો મારો નિત્ય જ્ઞાનસ્વભાવ શાંતિરૂપ ધ્રુવ છે. સ્વાશ્રયપણે ટકનારો જ્ઞાનગુણ નિત્ય છે અને સ્વ–પર પ્રકાશન સામર્થ્યપણે પૂર્ણ છે.

સાચું જ્ઞાન થયું તે સાથે જ રાગ સંપૂર્ણ ટળી જાય નહિ. શ્રદ્ધામાં સ્વભાવ દૃષ્ટિ પ્રગટ થતાં જ પરની ભિન્ન પ્રગટ સ્વભાવ જ્ઞાનપણે નિત્ય છે, તેવો ઝળકી રહે છે. જ્ઞાન તો નિત્ય જાણવાના જ સ્વભાવવાળું છે, પરમાં ઠીક–અઠીક કરી અટકવાના સ્વભાવપણે નથી. અસંયોગી નિશ્ચય સ્વરૂપ આત્મામાં અખંડ સ્વાશ્રયપણે જે જ્ઞાન ટકી રહ્યું છે તે જ હું છું, વર્તમાન ઊણી ભેદરૂપ અવસ્થાપણે હું નથી, રાગાદિ–દેહાદિ પણ હું નથી. દરેક સમયે સ્વભાવ તરફ ઢળતી નિર્મળ અવસ્થા જ્ઞાનભાવે ઉત્પન્ન થાય તે રૂપ જ હું છું, એવા સ્વાશ્રિત ભાનમાં સ્વ તરફની દૃઢતાના જોરે સમ્યક્‌શ્રદ્ધા પ્રગટ થાય છે. જે વખતે અવસ્થાના ખંડનું લક્ષ ઢીલું કરી અખંડ સ્વભાવ તરફ લક્ષ કર્યું તે જ સમયે નિત્ય સ્વભાવનો પ્રગટ અનુભવ થાય છે.

પોતે અનંત ગુણથી પૂર્ણ હોવા છતાં ગુણમાં પરાશ્રયપણું માનવું, તેમાં ખંડ પાડવા તે રાગમિશ્રિત ભાવ છે. તે ભેદરૂપે કે પરાશ્રિતપણે હું નહિ પણ એકરૂપ ટકનાર જ્ઞાન એ જ હું અને જ્ઞાન જ મારું કર્તવ્ય છે, એવી શ્રદ્ધા તે નિશ્ચયશ્રદ્ધા છે. હું ત્રિકાળી જ્ઞાનસ્વરૂપે છું, રાગાદિરૂપે નથી એવી નિઃશંક પ્રતીતિ જેનું લક્ષણ છે એવી શ્રદ્ધા ઉદય

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

પામે છે–પ્રગટ થાય છે; અંદર નિર્મળ શ્રદ્ધાવાળો સ્વભાવ તો નિત્ય હતો, તે સ્વભાવના જોરે અંશે નિર્મળ શક્તિ પ્રગટ થઈ. આ રીતે સ્વાધીન પૂર્ણ સ્વભાવની પ્રતીતિ થાય છે ત્યારે સમસ્ત અન્ય ભાવોથી ભેદ (જુદાઈ) થવાથી સ્વભાવમાં નિઃશંક ઠરવા સમર્થ થયો હોવાને લીધે આત્માનું આચરણ ઉદય પામતું (પ્રગટ થતું) શુદ્ધતાને જ સાધે છે. પ્રથમ અનંત પર પ્રત્યે નજર કરી તે પ્રત્યેના રાગમાં અટકતો હતો અને સ્વભાવમાં શંકા કરીને મૂંઝાતો હતો કે હું શું કરું તો ગુણ થાય? ભગવાનની ત્રણ વખત પૂજા કરું તો ગુણ થતા હશે! કે જાત્રા કરવાથી કે ધર્મના કામમાં હંમેશા આગળ આવીને મુખી થઈ રહું તો ગુણ થતા હશે! એમ અનેક પ્રકારે પરાશ્રયની મૂંઝવણના હિંડોળે હીંચકતો હતો અને પરાશ્રયની આકુળતાને જ વેદતો હતો. તેનું નિરાકરણ સ્વ તરફ વળતાં તુરત જ થઈ જાય છે.

સ્વાધીન સ્વભાવમાં નિઃશંક થયા પછી સ્વભાવના જોરે સહજ પુરુષાર્થ ઊપડે છે. પ્રથમ પૂર્ણ સ્વભાવના લક્ષે અંશે નિર્મળતા ટકાવીને, અશુભભાવથી છૂટીને, શુભભાવનું અવલંબન રહે છે અને પછી શુભભાવ છોડી શુદ્ધાત્મા જ રહેવું થાય છે, માટે પ્રથમ સ્વાધીનપણાની શ્રદ્ધા કરવી; આમ કરવાથી પરાવલંબનની મૂંઝવણરૂપ ભ્રાંતિ ટળી જશે. નિરાવલંબી અભેદ સ્વભાવની યથાર્થ સમજણ થતાં દેહાદિનો તથા પુણ્યાદિનો કર્તા છું, પર મને લાભ–નુકસાન કરે છે વગેરે માન્યતા થતી નથી, સ્વભાવમાં તથા પુરુષાર્થમાં શંકા પડતી નથી. હવે જે કાંઈ કરવું તે બધું અંદરમાં જ છે, એવું અપૂર્વ ભાન આવ્યું એટલે પરનું કર્તાપણું છૂટ્યું. પ્રથમ પણ પરનું કાંઈ કરી શકતો ન હતો, માત્ર અજ્ઞાનથી કલ્પના કરી માન્યું હતું.

જેમ આંધળાને ઓરડામાંથી બહાર નીકળવું હોય ત્યારે જ્યાં સુધી કઈ બાજુ બારણું આવ્યું તેની તેને ખબર ન હોય ત્યાં સુધી તે નિઃશંકપણે ગતિ કરી શકતો નથી, પણ જો તેને કોઈ કહે કે આ તરફ! તમારા નાકની દાંડી તરફ સીધા ચાલ્યા જાઓ તો બારણું આવશે, એમ વિશ્વાસ આવે. પછી ગતિ કરીને તે તરફ પહોંચી જાય, પણ કોઈ જાતનું સાચું નિશાન આવ્યા વિના તેને બધી દિશા સમાન શંકાવાળી લાગે છે; તેમ હું પરનું કાંઈ ન કરી શકું, ત્રિકાળ પરથી જુદો જ્ઞાતા જ છું, પરનો કર્તા નથી એમ સ્વલક્ષના જોરે અનુભવ સહિત આત્માનું યથાર્થ લક્ષ થયા વિના નિઃસંદેહપણે સ્વભાવમાં ઠરવાનો પુરુષાર્થ ઊપડી શકે નહિ. કઈ તરફ ચાલવું–શું કરવું ? એ સ્વભાવની દિશાથી અનાદિનો અજાણ્યો છે, તેથી આત્મામાં ગુણની ક્રિયાનું ભાન નથી, પણ ભેદજ્ઞાન થયા પછી નિઃશંક શ્રદ્ધા થાય છે એટલે મુખ્ય દિશા–નાકની દાંડી તરફ અર્થાત્ મુખ્ય જ્ઞાયકસ્વભાવી શુદ્ધ આત્મા તરફ–જ્ઞાન ગુણના અખંડ ખુલ્લા બારણા તરફ અને

સ્વાશ્રયના જોરે સ્વભાવમાં ઠરવા નિશંક ચાલ્યો જાય છે, પુણ્ય–પાપમાં ક્યાંય અટકતો નથી. સ્વાશ્રયની શ્રદ્ધા થતાં જ પરાશ્રયનું વલણ છૂટી જાય છે. સ્વરૂપમાં ઠરવારૂપ ક્રિયા તે જ સાચું ચારિત્ર છે.

આત્માનું ચારિત્ર તો નિત્ય છે જ; પણ યથાર્થ શ્રદ્ધા વડે આત્માનું જ્ઞાન કરી સ્વમાં ઠર્યો તે મોક્ષદશાને નજીક કરે છે. આ રીતે આત્માનાં શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર વડે સાધ્ય આત્માની સિદ્ધિ છે. અજ્ઞાનદશામાં જે આચરણ પર તરફ વાળતો હતો તે સ્વાશ્રયી તત્ત્વની શ્રદ્ધા થયા પછી નિત્ય સ્વભાવ તરફ જ વળે છે.

અનુભૂતિ સ્વરૂપ–જ્ઞાનમય ભગવાન આત્મા છે તો જ્ઞાનમાત્રનો અનુભવ કરનારો; અને આબાળ ગોપાલ એટલે કે બાળકથી માંડીને વૃદ્ધ સુધી બધા આત્માઓને સદા કાળ જ્ઞાન–સ્વરૂપે અનુભવમાં આવે છે, કોઈને ન સમજાય તેવો નથી. દેહાદિની ક્રિયાને, સર્વ પરચીજને અને રાગાદિને જાણનાર જે જ્ઞાન છે તે જ્ઞાન કરનારો પોતે જ જ્ઞાનસ્વરૂપ છે. હું જ્ઞાનપણે છું–પરપણે નથી, એ ભૂલીને અજ્ઞાનીએ પર ઉપર દૃષ્ટિ સ્થાપી છે, તેથી પરને જ જાણું છું એમ તે માને છે, પણ નિશ્ચયથી તો તે પણ પોતાના સ્વપરપ્રકાશક જ્ઞાન સામર્થ્યને જ જાણે છે; રાગ-દ્વેષ, મન-વાણી કે ઇન્દ્રિયો આદિ કાંઈ જાણતાં નથી.

જ્ઞાનથી બધાં પ્રાણીઓને પોતાનો નિત્ય જ્ઞાન ભાવ જ અનુભવમાં આવે છે; પણ શ્રદ્ધા ફેર હોવાથી પરથી જ્ઞાન થતું હોય એમ અજ્ઞાની માને છે. ''હું મારાથી જાણતો નથી, પણ દેહ, ઇન્દ્રિયાદિ પરની મદદ વડે જાણું છું'' એમ અજ્ઞાની જો કે માને છે, તોપણ તે પોતાથી જ પોતાની અવસ્થાને જાણે છે, પરથી જાણતો નથી, માત્ર માન્યતામાં ગુલાંટ ખાધી છે, તેથી ઊંધું માને છે.

દરેક આત્માને વર્તમાન ઉઘાડ જેટલી નિર્મળ અવસ્થામાં નિર્મળ સ્વભાવનો નિત્ય અનુભવ છે, તોપણ અનાદિ બંધનને વિશે (પરાશ્રિતપણે) પર સાથે તથા પુણ્યાદિમાં એકપણાના નિર્ણય વડે વિકારી છું, બંધવાળો છું એમ માન્યતા થઈ છે, પણ આત્માનો સ્વભાવ તેવો થઈ ગયો નથી. આત્મામાં પોતાનો જ્ઞાનગુણ નિત્ય ચૈતન્ય સ્વરૂપે ઊઘાડો છે–પ્રગટ છે, વિકાસ સ્વરૂપે છે, તે વડે પોતાનો વિચાર કરે તો અંદર પૂર્ણ નિર્મળ શક્તિ ભરી છે, પણ પોતાના જ્ઞાનસ્વભાવના સામર્થ્યનો વિશ્વાસ નહિ કરતાં જે મૂઢ–અજ્ઞાની છે તે દેહાદિ–રાગાદિ જે બહારમાં જણાય છે તેને જ પોતાનું સ્વરૂપ માને છે, તેથી તેને સાચું જ્ઞાન પ્રગટ થતું નથી અને સાચું જાણ્યા વિના સાચી શ્રદ્ધા કદી થાય નહિ. પરાશ્રયની શ્રદ્ધા હોય ત્યાં સુધી નિત્ય સ્વભાવની દૃઢતા અંશમાત્ર ન થાય. પરાશ્રયની

શ્રદ્ધા વડે ઊંધી માન્યતાથી અનંત પર પદાર્થમાં કર્તૃત્વ–મમત્વનું અભિમાન રાખીને, તે પ્રત્યેના રાગ-દ્વેષમાં અટકે છે; અને જુદા સ્વભાવમાં નિઃશંક કરવાને અસમર્થ હોવાને લીધે રાગમિશ્રિત વિચાર તે જ હું, ઇન્દ્રિયોના ખંડ તે જ હું, પરના આશ્રય વિના હું ટકી શકું નહિ, જાણી શકું નહિ એમ પોતાને પરાધીન માને છે, તેથી ક્ષણિક વિકાર ભાવથી ભિન્ન છું, નિત્ય છું, અસંગ જ્ઞાનસ્વરૂપે છું, એવી શ્રદ્ધા પ્રગટ કરી શકતો નથી. પોતાના આત્માનું સ્વાધીનપણું નહિ સ્વીકારનાર સ્વરૂપસ્થિરતારૂપ ચારિત્ર અંશમાત્ર પ્રગટ કરી શકતો નથી.

સાધ્ય કરવા યોગ્ય ભગવાન આત્માની પ્રાપ્તિ તો નિર્મળ શ્રદ્ધા–જ્ઞાન સહિત સ્થિરતાથી જ છે, બીજી રીતે નથી; કારણ કે પ્રથમ તો આત્માને સ્વાનુભવપણે જાણે કે દેહાદિ–રાગાદિથી જુદાપણે આ નિત્ય જાણનારો પ્રગટ અનુભવમાં આવે છે તે હું છું. ત્યારબાદ નિઃશંક સ્વભાવની દૃઢતાના જોરમાં નિઃશંક પ્રતીતિરૂપ શ્રદ્ધા આત્મામાં થાય છે, પછી સમસ્ત અન્ય ભાવોથી જુદો થાય, રાગ-દ્વેષ-મોહરૂપે નથી. રાગનો નાશક અખંડ ગુણપણે છું એમ સ્વાધીન જ્ઞાયક સ્વભાવનો પોતામાં એકરૂપ નિર્ણય કરીને પોતામાં સ્થિર થાય તો તે સાધ્ય એવા શુદ્ધ આત્માની સિદ્ધિ છે, પણ જેવું સત્ય છે તે પ્રમાણે જાણે નહિ તો સાચી શ્રદ્ધા થઈ શકે નહિ અને શ્રદ્ધા વગર સ્થિરતા ક્યાં કરશે? તેથી ઉપર કહ્યા સિવાય બીજી રીતે સાધ્યની સિદ્ધિ નથી, એવો નિયમ છે.

કોઈ કહે કે બહુ જાણીને શું કામ છે? બહુ વધારે ઝીણું જાણીને પછી શું કામ આવે? 'જાણે તો તાણે', આ સાચું, આ ખોટું એમ જાણીને તો રાગ-દ્વેષ થાય, માટે આપણે સાચું-ખોટું જાણવાનું કામ નથી, કંઈક કરશું તો પામશું, એમ માની બાહ્યની પ્રવૃત્તિમાં જોર આપે છે અને જેનાથી જન્મ-મરણ ટળે એવા તત્ત્વજ્ઞાનની દરકાર લાવતા નથી. આત્માને જાણ્યા વિના સત્ય–અસત્ય શું ? હિત–અહિત શું, તે જાણી શકાય નહિ. જાતની દરકાર લાવી અપૂર્વ રુચિથી સમજણનો માર્ગ ન લે તો મુક્તિનો ઉપાય બીજો નથી, એવો નિયમ છે.

તા. ૨૦-૯-૪૩.

(માલિની)

**कथमपि समुपात्तत्रित्वपप्येकताया**
**अपतितमिदमात्माज्योतिरूद्गच्छदच्छम् ।**
**सततमनुभवामाऽनंतचैतन्यचिह्नं**
**न खलु न खलु यस्मादन्यथा साध्यसिद्धिः ।।२०।।**

**અર્થ :**—આચાર્ય કહે કે : અનંત (અવિનશ્વર) ચૈતન્ય જેનું ચિહ્ન છે, એવી આ આત્મજ્યોતિને અમે નિરંતર અનુભવીએ છીએ, કારણ કે તેના અનુભવ વિના અન્ય રીતે સાધ્ય આત્માની સિદ્ધિ નથી. કેવી છે આત્મજ્યોતિ? જેણે કોઈ પ્રકારે ત્રણપણું અંગીકાર કર્યું છે, તોપણ જે એકપણાથી ચ્યુત થઈ નથી અને જે નિર્મળ પણે ઉદય પામી રહી છે.

આત્માને શરીર, મન, વાણીથી લાભ—નુકશાન નથી, કારણ કે આત્મા તે પરચીજનું કાંઈ કરી શકતો નથી; પરચીજ આત્માને આધીન નથી અને આત્મા પરને આધીન નથી. પર નિમિત્તે (પરલક્ષે) વર્તમાન અવસ્થામાં પુણ્ય-પાપની વિકારી વૃત્તિ થાય તે ક્ષણિક છે—નાશવાન છે; જે નાશવાન છે તે વડે અવિનાશી—અવિકારી આત્માને લાભ-નુકશાન થાય નહિ, પણ તે વિકારને પોતાનો માને તે પોતાના ઊંધા ભાવથી નુકશાન થાય, માન્યતાનો ભાવ પોતાનો હોવાથી તે લાભ—નુકશાનનું કારણ છે, પણ દેહાદિની કોઈ ક્રિયાથી આત્માને લાભ-નુકશાન નથી.

આત્માના નિત્ય ચૈતન્ય સ્વરૂપે હોવાપણાને લીધે દેહાદિ કે રાગાદિની ક્ષણિક અવસ્થાપણે તેનું હોવાપણું નથી, માટે સર્વથી જુદો જ્ઞાયકસ્વભાવે સ્વતંત્ર છું, એવા પૂર્ણ સ્વભાવનું ભાન કરીને આ અવિકારી આત્મજ્યોતિને અમે નિરંતર અનુભવીએ છીએ, રાગ-દ્વેષ-મોહ રહિત થવાની ભાવના કરીએ છીએ. હું એકરૂપ જ્ઞાનમાત્ર છું, વર્તમાન અવસ્થામાં પરાશ્રયરૂપ અસ્થિર વૃત્તિ ઊઠે તે સ્વભાવનું કાર્ય નથી, તે ક્ષણિક વિકાર પૂરતો હું નથી પણ તેનો નાશક છું, મારે મારું સ્વરૂપ વીતરાગી જ્ઞાન સ્વભાવે છે, એવા સ્વભાવના જોરે સ્વલક્ષની એકાગ્રતા વડે મોક્ષદશાની પ્રાપ્તિ થાય છે.

હું નિત્ય એકરૂપ અમૃતનો પિંડ છું, પુણ્ય-પાપની વિકારી લાગણી તથા દેહાદિ મૃતક કલેવર છે, ચેતન નથી. દેહાદિ—રાગાદિ નાશવાન છે અને હું અવિનાશી જ્ઞાનસ્વભાવે નિત્ય છું. પરાશ્રયરૂપ શુભાશુભ રાગમાં અટકનાર સ્વભાવે નથી. નિર્મળ

જ્ઞાનસ્વરૂપી છું, પરથી જુદો છું, એવા ભાનપૂર્વક ચિદાનંદ સ્વભાવપણે જેટલો ટકું તેટલો મારો સ્વાધીન અમૃત ધર્મ છે. એકરૂપ નિરુપાધિક જ્ઞાન–શાંતિ સ્વરૂપ અખંડ સ્વભાવ છે તેનું જ મારે અવલંબન છે, માટે જે કંઈ પરવલણના ભેદરૂપ શુભાશુભભાવ થાય તે પવિત્ર સ્વરૂપના ધર્મભાવ નથી.

પૂર્ણ સ્વભાવના એકાકાર લક્ષના જોરે સ્વરૂપની એકાગ્રતા વિના અન્ય પ્રકારે શુદ્ધ આત્માની પ્રાપ્તિ નથી. પ્રથમ જ માનવામાં, જાણવામાં અને વર્તનમાં પણ એ જ પ્રકારે જોઈએ.

કેવી છે તે આત્મજ્યોતિ?

જેણે કોઈ પ્રકારે–વ્યવહારે દર્શન, જ્ઞાન, ચારિત્ર અવસ્થાપણું અંગીકાર કર્યું છે, તોપણ જે નિશ્ચલ એક સ્વભાવપણાથી ખસતી નથી અને જે નિર્મળ જ્ઞાનશાંતિપણે નિત્ય પ્રગટ થઈ જ્ઞાયકપણાને પામી રહી છે.

વ્યવહારદૃષ્ટિથી જોતાં ત્રણ ગુણો છે ખરા, પૂર્ણ સ્વભાવની પ્રતીતિ કરવા રૂપ શ્રદ્ધા, પરથી ભિન્ન નિત્ય જ્ઞાનસ્વભાવ જાણનાર જ્ઞાન અને સ્વાશ્રયના બળ વડે તેમાં ટકવું થાય છે તે ચારિત્ર, એ રીતે દર્શન, જ્ઞાન, ચારિત્ર એવા ત્રણ-ગુણોના ભેદ હોવા છતાં એકરૂપ આત્મા કદી તે ત્રણપણે ભેદરૂપ થઈ ગયો નથી. વ્યવહારથી–રાગમિશ્રિત વિચારથી જુઓ તો ત્રણપણું દેખાય છે, પણ નિશ્ચયથી આત્માનો સ્વભાવ નિત્ય એક પ્રકારે અભેદ–નિર્મળ છે. તે અખંડના લક્ષે સ્વરૂપમાં સાવધાન થતાં દરેક ક્ષણે નિર્મળ અવસ્થા પ્રગટ થાય છે. એવી નિર્મળ આત્મજ્યોતિનો અમે નિરંતર અનુભવ કરીએ છીએ, એમ આચાર્યદેવ કહે છે.

આ બધું આત્માનો ધર્મ અંદરથી જ શી રીતે પ્રગટે છે તે કહેવાય છે, જગત માને કે ન માને તે ઉપર સત્‌નો આધાર નથી. આત્મા સ્વભાવમાં જ બધું કરી શકે છે. આત્મા પોતાના ગુણોથી જુદો નથી તેને ગુણ માટે કોઈ પરનું અવલંબન લેવું નથી.

આ સમજ્યા વિના અંદર ધર્મભાવની નિર્દોષ એકાગ્રતા ન થાય એટલે કે મુક્તિ થાય નહિ. આચાર્યદેવ કહે છે કે અમે એક સમયનો પણ આંતરો પાડ્યા વિના અખંડ સ્વરૂપમાં લીનપણે જ્ઞાનસ્વરૂપનો જ અનુભવ કરીએ છીએ, અંદર ગુણની એકાગ્રતામાં લીન થઈને તેનો જ સ્વાદ લઈએ છીએ, આમ કહેવામાં એવો આશય પણ જાણવો કે સમ્યક્‌દૃષ્ટિ ધર્માત્મા ગૃહસ્થ દશામાં પણ, જેવો અનુભવ અમે કરીએ છીએ તેવો જ, અંશે અનુભવ કરે છે–અમારા જેવો અનુભવ આ કાળે કરી શકે છે. કોઈને તર્ક થાય કે, જો ધર્માત્માને નિરંતર આત્માનો જ અનુભવ થાય છે તો તેઓએ શાસ્ત્ર શા માટે રચ્યાં અને

ધર્મનો ઉપદેશ શા માટે આપે છે? તો તેનું સમાધાન એમ છે કે અનુભવ તો નિત્ય આત્માનો હોય છે પણ જેટલો રાગ છે—અસ્થિરતા છે, તેમાં શુભાશુભભાવની વૃત્તિ રહે છે અને 'બીજાને ધર્મ પમાડું' એવો વિકલ્પ પણ કોઈવાર આવે છે, પરંતુ તેની મુખ્યતા નથી; નિર્વિકલ્પ સ્વરૂપમાં ઠરવાની જ મુખ્યતા છે.

નિર્વિકારી એકરૂપ જ્ઞાનશાંતિનો અનુભવ કરનાર એકરૂપ જ્ઞાયક છું, એકાકાર લક્ષનો અનુભવ નિરંતર ધારાવાહી છે, અપ્રતિહત સ્વાનુભવ છે તેમાં કાળનો, કર્મનો, રાગાદિનો કે કોઈપણ સંયોગનો ભેદ પડતો નથી; કારણ કે નિરાવલંબી સ્વાશ્રિત ગુણની શક્તિમાં ઢળવાનું જોર મુખ્ય છે. વર્તમાન પુરુષાર્થની નબળાઈથી પુણ્ય—પાપની જે વૃત્તિ ઊઠે તેને જાણે છે, પણ દૃષ્ટિમાં તેનો સ્વીકાર નથી. અખંડ નિર્મળ સ્વભાવના જોરે પરાવલંબી વૃત્તિનો નિરંતર નાશ જ થાય છે અને ગુણનો અનુભવ વધી રહ્યો છે. એ અપેક્ષાએ નિરંતર ચિદાનંદ સ્વરૂપનો જ અનુભવ કરીએ છીએ એમ કહ્યું.

વળી આચાર્યદેવ કહે છે કે '**न खलु न खलु यस्मात् अन्यथा साध्यसिद्धिः** '' :— ખરેખર! નિશ્ચયથી કહીએ છીએ કે આ રીત વિના ત્રણ કાળમાં બીજો ઉપાય નથી.

શુદ્ધ જ્ઞાનાનંદની શાશ્વત મૂર્તિ અમૃત કુંડ આત્મા છે, તેના શરણે આવવું પડશે. પુણ્ય-પાપના ભાવ અને શરીર તો મૃતક ક્લેવર ઝેરનાં કુંડ જેવાં છે, તે નાશવાન છે, તે તારાં નથી. તું પરનો કર્તા નથી, માટે પરાશ્રયરૂપ અધર્મભાવ છોડ! પરનું કાંઈપણ કરવાના ભાવ તે ઉપાધિમય દુઃખરૂપ ભાવ છે. એકવાર પણ સત્યનું શરણ લેતાં ત્રણકાળનાં અસત્યનાં શરણ છૂટી જાય છે. હું પરની ઓશિયાળવાળો—પરાધીન નથી, એમ સ્વાશ્રિતપણાની એકવાર શ્રદ્ધા તો કર! પર કોઈ ચીજ તારે આધીન નથી. અરેરે! આવું પરમ સત્ય ન માનતાં, પર વગર અમારી બધી અવસ્થા છૂટી જશે, એમ માનનારને પૂર્વનાં પુણ્ય મુજબ જ સંયોગ મળે છે તેની ખબર નથી, પુણ્યની પણ શ્રદ્ધા નથી. બાહ્ય સંયોગ, દેહાદિની અવસ્થા કોઈ આત્માને આધીન નથી, પણ પોતામાં રાગ, દ્વેષ, અજ્ઞાનરૂપી કાર્ય કરવું અથવા સત્ય સમજીને તે મુજબ માનવું, ઠરવું એ જ વર્તમાન પુરુષાર્થથી થઈ શકે છે.

પરના આશ્રય વિના ન ટકી શકું, પુણ્ય-પાપની લાગણીવાળો છું. દેહાદિની ક્રિયા હું કરી શકું છું, એવી માન્યતા તેનું જ નામ મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર છે, તે વિરુદ્ધભાવને પોતાના માનવામાં ત્રિકાળી જ્ઞાનસ્વભાવની નાસ્તિ આવે છે.

પુણ્ય-પાપની વિકારી લાગણી ઊઠે તે હું નહિ, પરનો કર્તા નહિ, પર મારાં નથી,

હું ત્રિકાળી, અસંયોગી, અવિકારી ચૈતન્યપણે છું એમ માનવું, જાણવું અને ઠરવું તે જ મારો સ્વધર્મ છે.

શિષ્યે પ્રશ્ન કર્યો છે કે, જ્ઞાન સાથે આત્મા તત્સ્વરૂપ છે–એકમેક છે, જ્ઞાનથી કદી જુદો નથી, માટે જ્ઞાનને જ નિત્ય સેવે છે એમ આપે કહ્યું; જો એમ જ છે તો જ્ઞાનની ઉપાસના કરવાની શિક્ષા શા માટે આપવામાં આવે છે? જેમ અગ્નિ અને ઉષ્ણતા જુદા નથી તેથી અગ્નિને ઉષ્ણતા સેવવાની જરૂર પડતી નથી તેમ આત્મા પોતે જ્ઞાનસ્વરૂપ છે, અન્ય સ્વરૂપે નથી, જ્ઞાનને જ નિત્ય સેવે છે અને જ્ઞાનમાં જ એકાગ્ર છે, તો તેને જ્ઞાનની ઉપાસના–સેવના કરવાની શી જરૂર? એમ શિષ્યે પૂછ્યું છે. શિષ્ય આંધળી શ્રદ્ધાથી માનતો નથી, પણ સમજવા માટે પૂછીને બરાબર નક્કી કરે છે.

સેવાનો અર્થ :—જેવો સમ્યક્ સ્વભાવ છે તે જ સ્વરૂપે નક્કી કરી માનવો, જાણવો અને સેવવો તે અર્થાત્ સેવા સેવન છે.

શિષ્ય કહે છે કે આપે તો એક જ્ઞાનની જ સેવા કરવાનું કહ્યું, બીજાનું કે બીજી રીતે કાંઈ કરવાનું કહ્યું નહિ, એ વાત તો મને બેઠી છે. જડ દેહાદિ પરની કોઈ ક્રિયા કોઈ કરી શકતું નથી, પુણ્ય-પાપના રાગમાં રોકાવું તે આત્માની સેવા નથી, કારણ કે આત્મા તેનાથી જુદો છે; વળી આત્મા જ્ઞાનથી જુદો નથી. આટલું સત્ય તો શિષ્યે તારવ્યું છે.

હું જ્ઞાનસ્વરૂપે છું, તેમાં પરચીજની–પુણ્ય-પાપની લાગણીની નાસ્તિ છે, તેને પોતાના માનવા તે અનંત સંસારનું કારણ છે. જન્મ–મરણનો નાશ થઈ શાશ્વત સુખ પ્રાપ્ત કરવાનો ઉપાય સાંભળવા મળે છતાં ભાવથી સાંભળીને વિચારપૂર્વક સત્યનો નિર્ણય ન કરે, સ્વ-પરનો ભેદ ન જાણે અને સત્યનું બહુમાન લાવી અંદરથી ઊછળે નહિ ત્યાં સુધી તે અજ્ઞાની જ રહેવા માગે છે. સત્ય માટે મનન–મંથન ન કરે તો તેને સત્યની રુચિ જ નથી.

જેમ કોઈ મકાનમાં બારીબારણાં ઘણાં વરસથી બંધ હોય તે ઊઘાડતાં અંદર પવન પેસે તેથી ઘણા વખતનો કચરો ઊડવા લાગે ત્યારે ખેદ કરે કે આ કરતાં તો બારીબારણાં બંધ રાખ્યાં હોત તો સારું હતું, કચરો તો ન ઊડત. આમ કહેનારે કચરો રાખવા જેવો માન્યો છે, કેમ કે તેને સ્વચ્છતાનું માહાત્મ્ય નથી. તેમ કોઈ કહે કે આત્મા દેખાતો નથી, તેને સમજવા માટે સમજણનાં બારણાં ઊઘાડી ઊંડા ઊતરી, શંકા કરી, અંદર ખળભળાટ કરવો તેના કરતાં અનાદિના જે પ્રમાણે રાગ–દ્વેષ, શરીરાદિમાં મૂઢ થઈ પડ્યા છીએ તે જ ઠીક છે, એમ માને તો કદી પણ અજ્ઞાન ટળશે નહિ અને સાચી સમજણ આવશે

નહિ. સમજવા માટે જરૂર આશંકા કરી પૂછવું અને સાચી વાતનો સમજણપૂર્વક બરાબર મેળ બેસાડવો.

શિષ્યે સમજવા માટે જિજ્ઞાસાપૂર્વક પ્રશ્ન કર્યો છે, તેથી જરૂર યથાર્થ સમાધાન થશે જ. હિત–અહિત શું? સત્ય શું? તેનો નિર્ણય કરે નહિ અને જ્યાં ત્યાં ધર્મના નામે હા જી મહારાજ તમારું કહેવું સાચું, એમ કર્યે કાંઈ લાભ થઈ જવાનો નથી. પ્રથમ સ્વાધીનતાનો દુઃખ મુક્ત થવાનો ઉપાય વિચારવો જોઈએ. કોઈ આત્મા પર વડે સમજી શકે તેમ નથી કે કોઈ બીજાને સમજાવી શકે તેમ નથી, પણ પોતાની જાતે દરકાર લાવી સત્ય સમજે તો સમજાવનારને વ્યવહારે નિમિત્ત કહેવાય.

આત્મામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ વગેરે અનંત ગુણો છે તેમાં અહીં જ્ઞાનગુણને મુખ્ય લીધો છે. શિષ્યે એટલું તો નક્કી કર્યું છે કે સ્વાધીન વસ્તુ ત્રિકાળી છે, પરથી જુદી છે. એ રીતે દરેક આત્મા પરથી ભિન્ન અને પોતાના જ્ઞાનગુણથી ત્રિકાળ અભિન્ન છે. કોઈ આત્મા પરનું કાંઈ જ ન કરી શકે તે વાત તો સાચી છે, પણ જો તમે કહો છો કે આત્મા જ્ઞાનથી કદી જુદો નથી, તો તેને જ્ઞાનની ઉપાસના કરવાનું કેમ કહો છો?

તેનું સમાધાન :—તું કહે છે એમ નથી, જ્ઞાનાદિ બધા ગુણો સાથે આત્મા તાદાત્મ્યસ્વરૂપે છે, તો પણ અનંત કાળથી પોતાના ગુણોની એક સમય માત્ર પણ સેવના કરી નથી. પરાશ્રયથી ખસી સ્વાશ્રિત વલણરૂપે અંતર્મુખ ઢળવું તે જ જ્ઞાનસ્વભાવની સેવા છે, એમ નિઃશંક થઈ એક સમય પણ પોતાને સેવ્યો નથી; અનાદિથી પોતાને ભૂલીને પર ઉપર વિશ્વાસ બેસાડ્યો છે. કાંઈક કરું તો ઠીક એમ બાહ્ય વલણ વડે રાગની સેવા કરી છે. પોતાની સેવા કરી શકે છે તે કરી નથી અને પરનું કરી શકતો નથી, તેનું અભિમાન કર્યું છે. પરાશ્રયની શ્રદ્ધા તે જ ભ્રાંતિ છે. ધર્મના નામે પણ બહારમાં બધું કર્યું અને રાગ-દ્વેષમાં અટક્યો છે. એક ક્ષણ પણ આત્માની સેવા કરે તેને જન્મ-મરણ અને બંધન રહે નહિ. સ્વલક્ષમાં દોષ–દુઃખ થાય નહિ. બાહ્ય વલણની વૃત્તિ ઊઠે તે ત્રણ કાળમાં આત્માનું સ્વરૂપ નથી, અંદર ગુણમાં વિકાર નથી. નિશ્ચયથી કે વ્યવહારથી ગુણમાં દોષ પેસી શકે નહિ.

અજ્ઞાનીએ ઊંધી માન્યતાથી પરભાવનું સેવન કર્યું છે. જો એક સમય માત્ર સત્ય સ્વભાવનું સેવન કર્યું હોય તો ભવમાં રખડે નહિ, કારણ કે સ્વયંબુદ્ધપણું એટલે કે વર્તમાનમાં હાજરી વિના પોતે પોતાની મેળે સ્વભાવથી જાણ્યું તે અથવા બોધિતબુદ્ધત્વ એટલે સમજાવનાર સાચા ગુરુ-દ્વારા જાણવું, ગુરુગમ વડે સત્સમાગમથી જાણવું તે, એવા

કારણપૂર્વક પોતે પોતાના સ્વભાવથી જ જાગે છે. એકવાર સાચા ગુરુ પાસેથી પોતાની રુચિના જોરે યથાર્થ સત્ય સાંભળે છે તેને દેશનાલબ્ધિરૂપ કારણ કહેવાય છે; અને પોતે પોતાની જાતની તાલાવેલી અંદર નિર્મળ તત્ત્વના વિચારમાં રોકાતાં પૂર્વે ગુરુગમે સાંભળેલું પણ વર્તમાનમાં નિમિત્ત હાજર નથી, તોપણ પોતે જાતે જાણે–સ્વભાવથી પોતા તરફ વળીને યથાર્થ સ્વરૂપને જાણે ત્યારે ગુરુગમ નિમિત્ત કહેવાય છે. એ કારણપૂર્વક નિર્મળ અવસ્થારૂપ કાર્યની ઉત્પત્તિ થાય છે.

સ્વાશ્રિત જ્ઞાનનું કારણ આપ્યા વિના સ્વરૂપની સેવા કરી શકે નહિ. સાચી સેવાનું મૂળ કારણ ભેદવિજ્ઞાન છે, તે ઓગણીસમી ગાથામાં કહેવાશે. અનાદિનું બાહ્ય વલણ છોડી સ્વસન્મુખ થયો, નિત્ય સ્વાધીન જ્ઞાનસ્વરૂપે છું, અન્યપણે નથી, પરમાં કર્તા–ભોક્તાપણે નથી, એમ સ્વભાવની દૃઢતા કરી ત્યાં પુરુષાર્થરૂપ સ્વકાળ જાગે જ છે એટલે કે સ્વસન્મુખ થતાં પોતે સ્વભાવથી જ જાગે છે; અને કાં તો સ્વરૂપ સમજવાની તાલાવેલીથી સદ્‌ગુરુ પાસે ઉપદેશથી સ્વરૂપને સમજે છે. જેમ સૂતેલો પુરુષ પોતે જાતે જાગૃત થાય અથવા તેની જાગવાની તૈયારી થતાં કોઈ જગાડનાર નિમિત્ત મળે જ, ત્યારે પોતે જાગે. એકમાં ઉપાદાનના કથનની મુખ્યતા અને બીજામાં નિમિત્તનું કથન છે, પણ બંનેમાં જાગે છે પોતાથી.

અહીં ફરી પૂછે છે કે જો એમ છે તો પ્રતિબુદ્ધ (જ્ઞાની) થવાના બે કારણો સહિત પોતાના આત્માને જાણવા પહેલાં શું આત્મા અનાદિથી અજ્ઞાની જ રહ્યો છે? પોતામાં પોતાનું અજાણપણું જ છે? મૂઢતારૂપ અવિવેકીપણું–અપ્રતિબુદ્ધપણું જ છે? (એમ સત્ સમજવાની જેને જિજ્ઞાસા છે, તેને ઊંડાણથી મૂંઝવણ ટાળવાનો પ્રશ્ન આવે છે.)

તેનો ઉત્તર :—એ વાત એમ જ છે, અજ્ઞાની જ રહ્યો છે. સમયસારમાં અત્યંત અપ્રતિબુદ્ધ કે જે સાચા કારણ સહિત પોતાપણું સમજ્યો નથી અને પરમાં મારાપણું માન્યું છે, તેને સમજાવવા માટે ઉપદેશ છે.

ઓગણીસમી ગાથામાં કહેશે કે જ્યાં સુધી અજ્ઞાનતા નાશનું કારણ જે ભેદવિજ્ઞાન તે પ્રાપ્ત નહિ કરે ત્યાં સુધી તે અજ્ઞાની જ છે. એવા અત્યંત અજ્ઞાનીને સમજાવવા માટે મૂળ ઉપદેશ સમયસારમાં છે, સમજેલાને સમજાવતા નથી.

પરને પોતાનું માનવારૂપ અજ્ઞાન ક્યાં સુધી રહેશે? એમ પૂછનાર અજ્ઞાની રહેવા માટે પૂછતો નથી, પણ તેને અજ્ઞાન ટાળવાની જિજ્ઞાસા છે કે અરે! અનાદિનું અવિવેકપણું–મૂઢપણું ક્યાં સુધી રહેશે? પૂછનારને વધુ વખત અજ્ઞાન ન રહે એવી ભાવના છે. યથાર્થ સમજે તે અલ્પ કાળમાં મુક્તિ એટલે સ્વતંત્ર સ્વભાવ પ્રગટ કરે તેવી સંધિથી વાત કરી છે. સ. ૭૩

અનંતકાળ વીત્યો હોવા છતાં ભૂલ અને અશુદ્ધતાની સ્થિતિ એક સમય પૂરતી અવસ્થામાં છે, પણ અંદર સ્વભાવમાં ભૂલ કે વિકારી અવસ્થા પેસી ગયાં નથી. ગુણમાં કદી દોષ નથી, માત્ર બહારમાં લક્ષ કરી પરને પોતાનું માને છે. તે અવસ્થાની ભૂલ શી રીતે છે? તે ઓગણીસમી ગાથામાં કહેશે.

તા. ૨૧-૯-૪૩.

**कम्मे णोकम्मह्यि य अहमिदि अहकं च कम्म णोकम्मं ।**
**जा एसा खलु बुद्धी अप्पदिबुद्धो हवदि ताव ।।१९।।**

**નોકર્મ–કર્મે 'હું', હું માં વળી 'કર્મ ને નોકર્મ છે,'**
**–એ બુદ્ધિ જ્યાં લગી જીવની, અજ્ઞાની ત્યાં લગી તે રહે. ૧૯.**

**અર્થ** :—જ્યાં સુધી આ આત્માને જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, ભાવકર્મ અને શરીર આદિ નોકર્મમાં 'આ હું છું' અને 'હું માં (આત્મામાં) 'આ કર્મ–નોકર્મ છે'—એવી બુદ્ધિ છે, ત્યાં સુધી આ આત્મા અપ્રતિબુદ્ધ (અજ્ઞાની) છે.

શાસ્ત્રમાં કર્મ છે, એમ સાંભળીને તેને જ પકડ્યું કે કર્મ મને હેરાન કરે છે અને તે જ સુખી–દુઃખી કરે છે, તે મારાં જ છે અને તેના કારણે હું છું. દેહ ઉપર દૃષ્ટિ હતી ત્યારે માનતો હતો કે શરીર અને તેની પ્રવૃત્તિ મારે આધારે છે અને જ્યાં શાસ્ત્રમાં આવ્યો–શાસ્ત્રમાં વાંચ્યું કે કર્મ એક ચીજ છે, તેનું નિમિત્ત પામીને સંયોગાધીન પુણ્ય-પાપના ભાવ તારામાં થાય છે ત્યાં નિમિત્ત ઉપર દોષ ઢોળવાનું સૂઝ્યું. ઈચ્છા મુજબ કાંઈ થાય ત્યારે કહે મેં કર્યું અને જો બરાબર ન થાય તો કર્મ ઉપર નાખે કે અમે પૂર્વે કર્મ કર્યાં હશે તે ભોગવીએ છીએ. શાસ્ત્રે તો તને તારી તાકાત જણાવી છે કે સ્વ-પરને જાણવાની તારા જ્ઞાનમાં તાકાત છે. વિકાર થવામાં કર્મનું માત્ર નિમિત્ત છે એમ બતાવ્યું ત્યાં તો કર્મને પોતાનું માની બેઠો, કહે છે કે ધર્મ સાંભળવાની તો ઘણી ઈચ્છા હોય પણ અંતરાય કર્મ હોય તો ક્યાંથી સંભળાય? અંતરાય કર્મ માર્ગ ન આપે ત્યાં સુધી સાંભળવાનો જોગ ક્યાંથી થાય? પણ આમ માનવું તદ્દન ખોટું છે, કેમ કે પોતે ઊંધા ભાવમાં રોકાણો ત્યારે કર્મ માત્ર નિમિત્ત કહેવાય છે પણ કર્મે કોઈને રોક્યો નથી. તે આંધળાં–જડ કર્મ ઉપર આરોપ મૂકવો તે અનીતિ છે.

સ્ત્રી, ધન, કુટુંબ, શરીર વગેરેને નોકર્મ કહેવાય છે, તેને પોતાનાં માને છે ત્યાં સુધી પરથી જુદો છું, એવા સ્વભાવનું ભાન નથી.

**ટીકા :**—જેવી રીતે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ ભાવોમાં પહોળું તળિયું, પેટાળ આદિના આધારે થયેલા પુદ્‌ગલના સ્કંધોમાં 'આ ઘડો છે' એમ અને ઘડામાં આ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ ભાવો તથા પહોળું તળિયું આદિના આકારે પરિણત પુદ્‌ગલસ્કંધો છે' એમ વસ્તુના અભેદથી અનુભૂતિ થાય છે. પરમાણુમાં મુખ્ય ગુણ સ્પર્શ છે. જીવમાં પાંચ ઈન્દ્રિયમાં મુખ્ય સ્પર્શન ઈન્દ્રિય છે. એકેન્દ્રિયપણામાં બીજી બધી ઈન્દ્રિયોની શક્તિ હારી જાય છે છતાં એક સ્પર્શન ઈન્દ્રિયનો ઉઘાડ રહે જ છે. પરમાણુઓના સ્કંધરૂપ થવામાં સ્પર્શ ગુણ મુખ્ય છે. સિદ્ધ થાય ત્યારે ઈન્દ્રિયોનો સર્વથા અભાવ થાય છે.

પુદ્‌ગલ પરમાણુ તે વસ્તુ, તેમાં સ્પર્શાદિ ભાવ તે ગુણ અને પહોળું તળિયું, પેટાળ વગેરે તેની પર્યાય છે; એમ દરેક વસ્તુનું પોતપોતાના ગુણ–પર્યાયથી અભેદપણું જાણવામાં આવે છે. તેવી રીતે કર્મ–મોહ આદિ અંતરંગ પરિણામો તથા નોકર્મ–શરીર આદિ બાહ્ય વસ્તુઓ–કે જેઓ (બધાં) પુદ્‌ગલનાં પરિણામ છે અને આત્માના તિરસ્કાર કરનારાં છે–તેમનામાં 'આ હું છું' એમ અને આત્મામાં 'આ કર્મ–મોહ આદિ અંતરંગ તથા નોકર્મ–શરીર આદિ બહિરંગ, આત્મ તિરસ્કારી પુદ્‌ગલપરિણામો છે', એમ વસ્તુના અભેદથી જ્યાં સુધી અનુભૂતિ છે ત્યાં સુધી આત્મા અજ્ઞાની છે. પરચીજને પોતાની માનવામાં પરનું માહાત્મ્ય કર્યું, તેથી પોતે પોતાની સ્વતંત્રતાનો તિરસ્કાર કર્યો, જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા નિર્મળ પરમાનંદની મૂર્તિ છે, તેમાં વર્ણાદિ કે રાગાદિ કાંઈ નથી. પોતાની મૂઢતાને કારણે, પર તરફ દ્રષ્ટિ દેતાં, પોતાના સ્વભાવમાં આવરણ આવે છે એટલે કે પોતે જ પોતાના સ્વભાવનો તિરસ્કાર કરનાર છે. જો જ્ઞાયકપણે જ રહે તો ગુણનો વિકાસ થવો જોઈએ, તેને બદલે જ્ઞાનને પરાશ્રયમાં રોકે છે, પરથી વિકાસ માને છે. તેમાં ઠીક–અઠીક કરી રાગમાં રોકાય છે, તેથી જ્ઞાનનો વિકાસ અટકે છે. રાગ-દ્વેષ ભાવ તો આત્મસ્વરૂપને નુકશાન કરનારા છે, તિરસ્કાર કરનારા છે, એટલે રાગ-દ્વેષને આત્માનું સ્વરૂપ માનનાર પોતે પોતાનો જ શત્રુ છે.

હું બાળક, હું વૃદ્ધ, હું દેહરૂપ છું, અમે બે એક છીએ. ડાંગે માર્યા પાણી જુદા પડે? એમ દેહને પોતાનો માને છે, દેહની અવસ્થા તે પોતાની જ અવસ્થા માને છે. જડ પદાર્થ તેને નુકસાન કર્તા નથી. રાગ-દ્વેષમાં એકાગ્ર થયો એટલે પોતાના વીતરાગ સ્વભાવનો તિરસ્કાર કર્યો. હું હાજર હોઉં ત્યાં સુધી ઘર–ધંધાની વ્યવસ્થા બરાબર રહે તેમ જે માને છે તેણે બધા પરપણે હું છું અને પર મારા તાબાની વસ્તુ છે, એમ માન્યું હોવાથી તેને જુદાપણાનું ભાન નથી. પરમાં કાંઈ ફેરફાર થતાં અરે! મને ન આવડ્યું,

તેથી છોકરાં માંદાં પડ્યાં, આમાં ખોટ ગઈ વગેરે પરમાં કર્તાપણાના અભિમાન વડે તે સ્વાધીન તત્ત્વનો અનાદર કરે છે.

રાગ-દ્વેષ કે પુણ્યથી સારું કરું, તેની મદદ હોય તો ઠીક, એમ તે સ્વભાવનો તિરસ્કાર કરનાર દુશ્મનભાવને પોતાનો માને છે. શરીર સારું હોય તો ધર્મ થાય એટલે હું માલ વિનાનો–પરાધીન છું, મારા સ્વભાવમાં ધર્મ છે જ નહિ, એમ માને ત્યાં સુધી તે અજ્ઞાની જ છે. મરણ સમયે સત્પુરુષોનો સંગ–હાજરી હોય તો મૃત્યુ સુધારી દે, તે મારા ભાવમાં મદદગાર થઈ શકે એમ માન્યું છે, તેને પોતાની સ્વતંત્રતાની શ્રદ્ધા નથી. પુણ્ય-પાપભાવો તે સ્વભાવથી વિરોધી ભાવો છે તેનાથી અવિકારી ગુણને મદદ થાય એમ માને છે, તેને વિકાર રહિત જુદા સ્વભાવની ખબર નથી. પોતાના ગુણની પ્રતીતિ નથી. દેહાદિ કે રાગાદિમાં કદી ચૈતન્ય નથી અને ચૈતન્યમાં દેહાદિ–રાગાદિ નથી.

કોઈ કહે :—એકાંત જંગલમાં ગુફામાં બેઠા હોઈએ, લીલોતરીનાં વન નજરે પડે, ઝરણાં વહેતા હોય એવી જગ્યા આત્મશાંતિમાં મદદગાર છે ને? એમ પરને આત્મશાંતિમાં મદદગાર માન્યાં તેણે પર ક્ષેત્રથી ગુણ માન્યા, એટલે પોતામાં કોઈના આધાર વગર ગુણ ભર્યા જ છે તે માન્યું નહિ. ઘરમાં સ્ત્રી, પુત્રાદિ સંયોગો મને ધ્યાનની સ્થિરતા અને શાંતિ થવા દેતા નથી, એમ માનનારે પોતાને નિમિત્તાધીન તત્ત્વ માનેલ છે.

જે પોતામાં અસ્તિપણે હોય તે પોતાને લાભ–નુકસાનનું કારણ હોઈ શકે, પણ શરીરાદિ જે પોતામાં નાસ્તિપણે જ છે તે લાભ-નુકસાનનું કારણ હોઈ શકે નહિ. જેની પોતામાં નાસ્તિ છે તે મને નુકસાન કરે, એમ કહેવું તે સસલાનાં શિંગડાં મને લાગ્યાં અને ગૂંમડાં થયાં એમ કહેવા બરાબર છે. કોઈ બ્રાહ્મી તેલ માથામાં નાખવાથી, બદામ ખાવાથી કે દૂધ પીવાથી બુદ્ધિમાં વધારો થાય એમ માને છે, પણ પરથી બુદ્ધિ આવે એમ માનવું તે તદ્દન ખોટું છે. શું જડ વસ્તુમાં ચૈતન્યના ગુણ આપવાની શક્તિ હશે? જો જડ વસ્તુ આત્માને મદદ કરે તો આત્મા પોતે તાકાત વિનાનો અને પરાધીન ઠર્યો. જે ચીજ ઉપર લક્ષ કરવાથી શુભાશુભભાવ થાય છે તે ચીજને મદદગાર માનવી તે પણ મૂઢતા છે.

સત્સમાગમનું માહાત્મ્ય પોતાના ગુણની રુચિનું બહુમાન લાવવા માટે છે. પર તરફ વલણ તે રાગ છે. રાગના આશ્રયે વીતરાગીપણું ન થાય કે વીતરાગી ગુણમાં મદદ પણ ન થાય. સાચા દેવ, ગુરુ, શાસ્ત્રનાં નિમિત્તો પણ પર છે, તેનું અવલંબન પણ, શુભ રાગ હોવાથી, સ્વાધીન સત્સ્વભાવમાં મદદ કરનાર નથી. આ નગ્ન સત્ય છે. સત્ય તે ત્રિકાળ સત્ય જ રહેશે, અસત્ય કદી સત્ય નહિ થાય. પર તરફનો વિષય બધો રાગમાં જાય છે, તે નિમિત્ત અને રાગને ભૂલી સ્વાશ્રયના જોરે સ્વલક્ષમાં ઠરે તે જ ગુણકર થશે.

પરને હું લાભ–નુકસાન કરી શકું અને પર મને લાભ–નુકસાન કરે એમ માનનારે બે તત્ત્વને એક માન્યાં છે, તેણે સ્વતંત્ર આત્માને માન્યો નથી, તેથી તે મૂઢ છે–અવિવેકી છે. સ્વની અસ્તિ કહેતાં પરની નાસ્તિનું જ્ઞાન આપી જાય છે.

જેવી રીતે સ્વચ્છતા તે અરીસાનો ગુણ છે. તેમાં જે જે જણાય તે સ્વચ્છતા જ જણાય છે; સામે રહેલી અગ્નિ તે અગ્નિપણે જ છે, અરીસાપણે નથી, તેમ જ અરીસો અરીસાપણે છે, અગ્નિપણે નથી. તેવી રીતે અરૂપી આત્મામાં તો સ્વ અને પરને જાણવાવાળું જ્ઞાયકપણું જ છે, પરમાં ક્યાંય અટકવાપણું નથી. જાણવું તે જ આત્માનું સ્વરૂપ છે. પુણ્ય-પાપ, રાગાદિ બધાં જડનાં છે, એમ પોતાથી જ અથવા પરના ઉપદેશથી સમ્યક્ભેદવિજ્ઞાનની અનુભૂતિ થાય છે. આ અધ્યાત્મશાસ્ત્ર હોવાથી સ્વભાવથી બોધ થાય છે તે પ્રથમ કહ્યું. પ્રથમ એકવાર પાત્રતાથી સત્સમાગમે ગુરુના નિમિત્તથી સમજવું જોઈએ.

**બૂઝી ચહત જો પ્યાસકો, હૈ બૂઝનકી રીત,**
**પાવે નહિ ગુરુગમ વિના, એ હી અનાદિ સ્થિત.**

જ્યાં સત્ સમજવાની પોતાની પ્યાસ–ઝંખના થાય ત્યાં સત્ સમજાવનાર ગુરુ મળે જ છે. કોઈએ એમ ન લેવું કે ગુરુગમ વિના પોતાની મેળે સમજી લે તથા ગુરુ પણ સમજાવી દે. પોતાની પૂર્ણ તૈયારી થતાં સત્સમાગમ માટે રોકાવું પડતું નથી, પણ પોતાની જાગૃતિમાં ઊણપ હોય તો પોતાના કારણે પોતાને રોકાવું પડે છે. જ્યાં પોતાની તૈયારી થાય ત્યાં સદ્ગુરુનું નિમિત્ત મળે જ.

અમે નિમિત્ત ઉપર વજન નહિ આપતાં ઉપાદાન ઉપર વજન આપીએ છીએ. ગુરુથી જ્ઞાન પામતો નથી, પણ તેના નિમિત્ત વિના સત્સમાગમ વિના સત્ય સમજતો નથી. કાં તો પૂર્વનો સત્સમાગમ યાદ કરી પોતાથી સમજે અથવા જે વખતે પોતે સમજવા તૈયાર થાય, તે વખતે જ્ઞાની પુરુષનો સમાગમ મળે જ. આ રીતે જ્યારે ભેદવિજ્ઞાન જેનું મૂળ છે એવી અનુભૂતિ ઉત્પન્ન થશે ત્યારે જ પોતે પ્રતિબુદ્ધ થશે, એટલે કે સ્વ–પરની જુદાઈ જાણનાર સમ્યગ્જ્ઞાની થશે. જ્ઞાન થયા પછી પુરુષાર્થથી જેટલી નબળાઈ હોય તેટલો રાગ થાય ખરો, પણ દૃષ્ટિમાં તેનો સ્વીકાર નથી.

પ્રથમ સામાન્ય જ્ઞાન તો હતું, પણ ભેદવિજ્ઞાન એટલે વિશેષ જુદાપણાનું જ્ઞાન–સમ્યગ્જ્ઞાન ન હતું. જ્યારે યથાર્થ સ્વાશ્રયથી ભેદજ્ઞાન સ્વરૂપ આત્માની અનુભૂતિ પ્રગટ થશે ત્યારે જ પરમાં કર્તાપણું, ધણીપણું માને છે. તે ભ્રાંતિ ટાળી સ્વરૂપનું સાચું જ્ઞાન થશે–સ્વભાવનો જ કર્તા થશે.

તા. ૨૨-૯-૪૩.

**ભાવાર્થ :**—શિષ્ય પ્રશ્ન પૂછે છે કે આત્મા તેના ધર્મનો અજાણ ક્યાં સુધી રહે? તેના ઉત્તરરૂપ ૧૯મી ગાથા છે.

જેમ સ્પર્શાદિમાં પુદ્‌ગલનો અને પુદ્‌ગલમાં સ્પર્શાદિનો અનુભવ થાય છે એટલે જડ છે તે રસ, ગંધ આદિ છે અને રસ, ગંધ આદિ જડ છે, તે બન્ને જેમ એકરૂપ જણાય છે તેમ આત્મામાં કર્મ—નોકર્મ માને તે બન્ને એકરૂપ ભાસે ત્યાં સુધી અજ્ઞાની છે. તેને જુદાપણાનું ભાન નથી. જુદાપણું જાણ્યા વિના મુક્તિની પ્રાપ્તિ કેમ કરી શકે?

આત્મા તો જાણનાર જ છે. કર્મ અને રાગ-દ્વેષ જડના ઘરના જ છે, એમ જાણે ત્યારે જ ધર્મ થાય છે. દૃષ્ટિમાંથી શરીર, કર્મ, રાગ-દ્વેષ, પુણ્ય-પાપનું અભિમાન ટળી ગયું એટલે તેનો માત્ર જાણનાર તે જ હું એમ જ્ઞાનમાં દૃઢતા રહેવી તે જ ધર્મ છે. આત્મા તો જ્ઞાન જ છે અને જ્ઞાનસ્વભાવમય જ છે, કર્મ—નોકર્મ બધાં પુદ્‌ગલના છે એમ જાણ્યું તેણે આત્મસ્વભાવને જાણ્યો.

અગ્નિની જ્વાળા જે અરીસામાં દેખાય છે તે અરીસામાં અગ્નિ દેખાતી નથી પણ તે અરીસાની સ્વચ્છતા જ દેખાય છે. અગ્નિના ગુણ કાંઈ અરીસામાં પેસી ગયા નથી. અરીસામાં રાતાપણે પરિણમવાની યોગ્યતા હોતી નથી, તેથી રાતા રંગપણે તે થયો છે, પણ અગ્નિએ અરીસાને રાતાપણે કર્યો નથી. જો અગ્નિથી અરીસાની રાતી અવસ્થા થઈ હોત તો લાકડામાં પણ થવી જોઈએ, પરંતુ તેમ બનતું નથી. તેનામાં યોગ્યતા હોય ત્યારે જ થાય. તેમ આત્મા જ્ઞાનાનંદ ચૈતન્યમૂર્તિ છે, તેમાં કર્મ—નોકર્મ દેખાય છે તે તેના જ્ઞાનની સ્વચ્છતા છે. કર્મ કે નોકર્મ આત્મામાં પેસી ગયા નથી. આત્મા પોતે પોતાની અવસ્થાને જ જાણે છે, સામા નિમિત્તને લઈને જાણે છે એમ નથી. આત્મા જ્ઞાનસ્વરૂપ નિર્મળ અરીસો એવો છે કે તેમાં જે મકાન વગેરે દેખાય છે તેને તે જાણતો નથી, પણ પોતાના જ્ઞાનની અવસ્થાને જ જાણે છે. પોતાનો જ્ઞાનસ્વભાવ પરનિમિત્તને લઈને નથી પણ અવસ્થા થવાની યોગ્યતા મુજબ જ્ઞાનના સામર્થ્ય અનુસાર સામું નિમિત્ત હાજર હોય છે, પણ તે નિમિત્તાધીન આત્માનું જ્ઞાન નથી.

અરીસામાં જ્યારે રાતા-પીળાપણે થવાની યોગ્યતા હોય ત્યારે એ જાતનાં સાચાં નિમિત્તો હાજર હોય. અરીસામાં રંગગુણ ત્રિકાળ છે, પણ કાળી-રાતી એવી અવસ્થા ત્રિકાળ નથી. અવસ્થા બદલાય, કાયમ ન રહે; પણ રંગગુણ તો કાયમ જ રહે છે. પરમાણુનો, અવસ્થા બદલવાનો સ્વતંત્ર સ્વભાવ છે.

શરીર, ઇન્દ્રિય, કર્મ તે તો રજકણ છે, તેને લીધે જ્ઞાન નથી. શરીર હાલ્યું એમ જાણ્યું તે જ્ઞાનની સ્વચ્છતાની યોગ્યતામાં પોતાના જ્ઞાનની અવસ્થા જાણી, પણ શરીર હાલવાથી જ્ઞાન થયું તેમ નથી. અવસ્થા બદલી તે પોતાના કારણે છે, પરને–નિમિત્તને કારણે નથી. આત્માનો જ્ઞાનગુણ કાયમ ટકનારો છે, તેમાં જે અવસ્થા થાય તે સામી ચીજને લીધે નથી, પણ પોતાની તે અવસ્થાની યોગ્યતાને કારણે છે. શરીરની ચાલવા, બોલવા વગેરેની ક્રિયા જડની છે. તે જ્ઞાનની અવસ્થામાં તે જ વખતે જ્ઞાનની અવસ્થાના કારણે જણાય છે. આત્મા હાલે નહિ, બોલે નહિ, ખાય નહિ, પીએ નહિ, પણ તે શરીરની અવસ્થાને પોતાના જ્ઞાનની અવસ્થામાં પોતાના સ્વતંત્ર કારણે જાણે, એમ સળંગ સ્વભાવને જાણવો તેનું નામ ધર્મ.

શબ્દને લીધે જ્ઞાન નથી, પણ અજ્ઞાની અવસ્થા તૈયાર થઈ ગઈ છે ત્યારે એવા શબ્દો હાજર હોય છે. શબ્દને લઈને જ્ઞાન નથી, જ્ઞાનને લઈને જ્ઞાન છે. શબ્દને લઈને જ્ઞાન માનવું તે જ મોટો ભ્રમ છે.

**“સ્વપર પ્રકાશક શક્તિ હમારી,**
**તાતૈં વચન ભેદ ભ્રમ ભારી;**
**જ્ઞેય દશા દુવિધા પરગાસી,**
**નિજરૂપા–પરરૂપા ભાસી.”**

એક જ્ઞાનગુણ પોતાની અને પરની અવસ્થા પોતાના કારણે જાણે છે. જે શબ્દથી જ્ઞાન માને તે પરમાં હું છું, એમ માને છે. મારા જ્ઞાનની અવસ્થા મારામાં છે એમ ન માનતાં સામી ચીજને લીધે મારા જ્ઞાનની અવસ્થા થાય છે, એમ માને છે તે પોતાના સ્વતંત્ર સ્વભાવને માનતો નથી, તે જ અજ્ઞાન–મિથ્યાભ્રાંતિરૂપ અધર્મ છે. આત્માના જ્ઞાનની અવસ્થા જ કોઈ એવી છે કે જે વખતે સામી ચીજ હાજર હોય તે વખતે તેનામાં પોતાની તેવી અવસ્થા પોતાના સ્વતંત્ર કારણે થવાની હોય છે.

કર્મ–નોકર્મ કોઈ આત્મામાં પેઠા નથી. જ્ઞાનની અવસ્થા જ્ઞાનથી જ થાય છે. આવો ભેદજ્ઞાનરૂપ અનુભવ કોઈ વેળા પોતાથી થાય અને કોઈ વેળા ઉપદેશથી થાય. ઉપાદાનથી અને નિમિત્તથી વાત લીધી છે. આત્માના જ્ઞાનની અવસ્થાની જે વખતે જેવી યોગ્યતા હોય તે વખતે સામું નિમિત્ત તેના કારણે હાજર હોય. આવો આત્મા પરના અવલંબન વિનાનો, પરના આધારે અવસ્થારૂપ નહિ થનારો, તેનું જ્ઞાન તે ભેદવિજ્ઞાન. આત્માની અવસ્થા પરને કારણે થતી નથી, પરની અવસ્થા આત્માના કારણે થતી નથી.

હવે, આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

(માલીની)

**कथमपि हि लभंते भेदविज्ञानमूला–**
**मचलितमनुभूर्ति ये स्वतो वान्यतो वा ।**
**प्रतिफलनानमग्रानंत भावस्वभावै–**
**र्मुकुरवदविकाराः संततं स्युस्त एव ।।२१।।**

**અર્થ :—**જે પુરુષો પોતાથી જ અથવા પરના ઉપદેશથી કોઈપણ પ્રકારે ભેદવિજ્ઞાન જેનું મૂળ ઉત્પત્તિ કારણ છે, એવી અવિચળ (નિશ્ચલ) પોતાના આત્માની અનુભૂતિને પામે છે, તે જ પુરુષો દર્પણની જેમ પોતામાં પ્રતિબિંબિત થયેલા અનંત ભાવોના સ્વભાવોથી નિરંતર વિકારરહિત હોય છે, જ્ઞાનમાં જે જ્ઞેયોના આકાર પ્રતિભાસે છે તેમનાથી રાગાદિ વિકારને પ્રાપ્ત થતા નથી.

શરીરાદિની અવસ્થા તેના સ્વતંત્ર કારણે છે. મારી અવસ્થા મારામાં મારા કારણે છે, જેટલા દેહના જન્મમરણાદિ સ્વભાવો–સંયોગો તે બધા ભગવાન આત્માના જ્ઞાનની સામર્થ્ય ભૂમિકામાં જણાય છે, પણ આત્મા તેની અવસ્થા કરતો નથી કે તે પર (પદાર્થ) આત્માની અવસ્થા કરતા નથી. આત્મા અરૂપી છે તેમાં જો લીમડો આદિરૂપી પદાર્થ આવી જતાં હોય તો તે રૂપી થઈ જાય, પણ તેમ કદી બને નહિ. પર પદાર્થો જ્ઞાનસ્વભાવમાં જણાય છે તે પોતાની જ અવસ્થા છે. કોઈનું પ્રતિબિંબ તેમાં આવી જતું નથી. 'આનાથી જ્ઞાન થયું' એમ માત્ર નિમિત્તથી બોલાય છે.

પરમાં ઠીક–અઠીક માને, પરને લઈને હું અને મારે લઈને પર, એમ માને તો રાગ-દ્વેષ થયા વિના રહે નહિ, પણ જો પરને લઈને હું નહિ અને મારે લઈને પર નહિ, એમ માને તો રાગ-દ્વેષ થાય નહિ.

નિંદા–પ્રશંસા આદિ કોઈ પર આત્માને એમ કહેતું નથી કે તું અમારામાં સારા–નરસાપણું કરી રોકાવ, તેમ જ આત્મા પોતે પણ પરમાં જતો નથી. તે પોતામાં જે રહીને પરને પોતાના જ્ઞાનની સ્વચ્છતામાં જાણે છે.

અરીસામાં અગ્નિ વગેરે દેખાય છે તે તો અરીસાની નિર્મળતાની અવસ્થા છે. તે અગ્નિ વધારે અરીસામાં પેસી જતાં નથી તેમ નિંદા–પ્રશંસા વગેરે કાંઈ આત્મામાં પેસી જતા નથી. જો શરીરાદિ આત્મામાં પેસી જાય તો આત્મા જડ થઈ જાય પણ તેમ કદી થાય નહિ. આત્મા ચૈતન્ય છે, તેના ગુણ ચૈતન્ય અને પર્યાય પણ ચૈતન્ય છે ને પુદ્‌ગલ જડ, તેના ગુણ જડ અને તેની અવસ્થા પણ જડ છે. આત્માના જ્ઞાનરૂપી નિર્મળ

અરીસામાં રાગ-દ્વેષાદિ પરવસ્તુ જણાય છે પણ તેમાં ઠીક—અઠીક કાંઈ કરવાનો જ્ઞાનનો સ્વભાવ નથી, માટે ધર્માત્મા પરથી જુદાપણાના સ્વભાવના ભાનને લીધે પરમાં રાગ-દ્વેષ કરતા નથી. સ્વભાવમાં રાગ-દ્વેષ નથી. કદાચ અલ્પ રાગ-દ્વેષ હોય તો તે પુરુષાર્થની નબળાઈ છે. કોઈ પરચીજ રાગ-દ્વેષનું કારણ નથી.

પરનું કાંઈ કરી શકું એ તો અભિમાન છે, એ ટાળ્યા વિના જ્ઞાન થાય નહિ ત્રણકાળ-ત્રણલોકમાં એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈપણ કરવાને સમર્થ નથી. આત્મા તો એક જ્ઞાતા જ છે.

ઘણા કહે છે કે આટલી ગાળો દે અને કાંઈ ક્રોધ થયા વિના રહે? જેવા પાંચ ગાળોના શબ્દને જાણવાની તાકાત છે એવા અનંત જ્ઞેયોને જાણવાની તાકાત પોતામાં છે, પણ અજ્ઞાની કહે :—આવી કાન તોડી નાખે એવી ગાળો કેમ સંભળાય? પણ પ્રભો! તારો જ્ઞાનગુણ બેહદ સ્વભાવી છે તેમાં ગમે તેવું હોય તે (જ્ઞાનમાં) જણાય છે. જો પરને જાણવાનો નકાર કરે તો પોતાના જ્ઞાનની અવસ્થાનો નકાર થાય છે. સ.૭૪ આ વીતરાગ થઈ ગયા તેની વાત નથી, પણ જેને વીતરાગ થવું હોય, આત્માની નિર્વિકલ્પ શાંતિ જેને જોઈતી હોય, તેને માટેની આ વાત છે. ૧૯.

હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે એ અપ્રતિબુદ્ધ (અજ્ઞાની કઈ રીતે ઓળખી શકાય એનું ચિહ્ન બતાવો. પહેલાં કાળ પૂછ્યો હતો, હવે લક્ષણ પૂછે છે. તેના ઉત્તરમાં ત્રણ ગાથા કહે છે :—

**अहमेदं एहमहं अहमेदस्स म्हि अत्थि मम एदं।**
**अण्णं जं परदव्वं सचित्ताचित्तमिस्सं वा ।।२०।।**

**आसि मम पुव्वमेदं एदस्स अहं पि आसि पुव्वं हि।**
**होहिदि पुणो ममेद ण्दस्स अहं पि होस्सामि ।।२१।।**

**एयत्तु असंभूदं आदवियप्पं करेदि संमूढो।**
**भूदत्थं जाणंतो ण करेदि दु तं असंमूढो ।।२२।।**

**હું આ અને આ હું, હું છું આનો અને એ છે મારું આ,**
**જે અન્ય કો પરદ્રવ્ય મિશ્ર, સચિત અગર અચિત્ત વા; ૨૦.**

**હતું મારું આ પૂર્વે, હું પણ આનો હતો ગતકાળમાં,**
**વળી આ થશે મારું અને આનો હું થઈશ ભવિષ્યમાં; ૨૧.**

**અયથાર્થ આત્મવિકલ્પ આવો જીવ સંમૂઢ આચરે,**
**ભૂતાર્થને જાણેલ જ્ઞાની એ વિકલ્પ નહિ કરે. ૨૨.**

અર્થ :—જે પુરુષ પોતાથી અન્ય જે પરદ્રવ્ય—સચિત્ત સ્ત્રી—પુત્રાદિક, અચિત્ત ધન-ધાન્યાદિક અથવા મિશ્ર ગ્રામ-નગરાદિક તેને એમ સમજે કે હું આ છું, આ દ્રવ્ય મુજ સ્વરૂપ છે, હું આનો છું, આ મારું છે. આ મારું પૂર્વે હતું, આનો હું પણ પૂર્વે હતો, આ મારું ભવિષ્યમાં થશે, હું પણ આનો, આ મારું ભવિષ્યમાં થઈશ, આવો જૂઠો આત્મવિકલ્પ કરે તે મૂઢ છે, મોહી છે, અજ્ઞાની છે; અને જે પુરુષ પરમાર્થ વસ્તુ—સ્વરૂપને જાણતો થકો એવો જુઠો વિકલ્પ નથી કરતો તે મૂઢ નથી, તે જ્ઞાની છે.

સ્ત્રી-પુત્રાદિ મારે લઈને નભે છે, એને રાખુ એમ રહે, ધન-ધાન્યાદિને કોઈને ખબર ન પડે એમ ખાનગી રાખીએ, ગામ-નગર આદિનો રખેવાળ જાણે હું જ છું, સ્ત્રીને અર્ધાંગના માને પણ એનું શરીર જુદું, તારું શરીર જુદું, દરેકના આત્મા જુદો છે, આ મારા દીકરા, આ દીકરાના દીકરા, એ મારાં છે, હું એનો છું. આ પૂર્વે મારાં હતાં અને હું પણ પૂર્વે આનો હતો. ભવિષ્યમાં આ મારાં થશે અને હું આનો થઈશ, એ મને પાળશે, હું બધાની સેવા કરીશ, એ મારી સેવા કરશે. (આ ત્રણ કાળની ઊંધી દૃષ્ટિ બતાવે છે). આવો જૂઠો વિકલ્પ જે કરે છે તે અજ્ઞાની, અધર્મી, સાચો મૂર્ખ છે અને ઉપર કહ્યા ભાવો જે કરતો નથી તે જ્ઞાની છે, ધર્મી છે.

**ટીકા :**—(દૃષ્ટાંતથી સમજાવે છેઃ) જેમ કોઈ પુરુષ અગ્નિ અને લાકડાને એકરૂપ દેખાય તેથી એકરૂપ માની લે અને માને કે અગ્નિ લાકડાનો છે અને લાકડું અગ્નિનું છે, પહેલાં તેમ હતું અને ભવિષ્યમાં તેમ થશે, એવો ઊંધો ભાવ જે કરે છે તેને અગ્નિના અને લાકડાના ત્રિકાળ જુદા સ્વભાવનું ભાન નથી. અગ્નિ ઉષ્ણ છે, લાકડું ઉષ્ણ નથી, એમ બન્નેના સ્વભાવ જુદા છે એવી અજ્ઞાનીને ખબર પડતી નથી. તેમ આત્માને અગ્નિની અને પરદ્રવ્યને લાકડાની ઉપમા છે. જે એમ વિચારે છે કે હું છું ત્યાં સુધી ઘર, સ્ત્રી, પુત્ર, પૈસા વગેરે છે અને તે પર છે ત્યાં સુધી હું છું, એમ પરદ્રવ્યને પરવસ્તુને પોતાના આધારે માને અને પોતાના સ્વભાવને પરદ્રવ્યને આધારે માને તેને પોતાના ત્રિકાળ સ્વતંત્ર ચૈતન્યસ્વભાવનું ભાન નથી.

જેણે શરીરને પોતાનું માન્યું તે શરીરની બધી ક્રિયાને પોતાની માને છે.

આત્મા અખંડાનંદ ત્રિકાળ પરથી જુદો છે, પરને લીધે મારી કોઈ અવસ્થા નથી, એવી શ્રદ્ધા તે આત્માનો વ્યવહાર. શરીરાદિની ક્રિયા થાય તે મારી તથા હું મનુષ્ય છું, તેવી માન્યતા તે મનુષ્યપણાનો વ્યવહાર. પરની સત્તા સાથે પોતાની સત્તાને અજ્ઞાની

ખતવે છે એટલે પરથી પોતાને લાભ–હાનિ માને છે. પોતામાં પરની સત્તા પેસી ગઈ છે એમ જે માને તેને પરથી જુદા સ્વભાવની શ્રદ્ધા નથી. તેથી તે અધર્મી છે. પહેલાં આ મારાં સગાં હતાં, આ મારાં સગાં છે અને ભવિષ્યમાં આ મારાં થશે, પણ કોઈ કોઈનાં ત્રણ કાળમાં થતાં નથી.

હવે સવળું લે છે. અગ્નિ અગ્નિનો છે અને ઇંધન ઇંધનનું છે, અગ્નિ કદી ઇંધનનો ન હતો અરે ઇંધન અગ્નિનું ન હતું અને ભવિષ્યમાં પણ અગ્નિ ઇંધનનો કે ઇંધન અગ્નિનું નહિ થાય, બન્ને જુદાં જ છે તેથી ત્રિકાળ જુદાં જ રહે છે.

જેનાં જે હોય તે તેનાથી જુદાં પડે નહિ. કોઈ પરદ્રવ્યની અવસ્થા મારા હાથની વાત નથી. હું હોઉં તો પરનું આમ સમાધાન કરી દઉં, હું દુકાને બેસી થડો સાચવી શકું, વગેરે માન્યતા જેની છે તે પરદ્રવ્યને જ પોતાનું સ્વરૂપ માને છે. પરદ્રવ્ય મુજ સ્વરૂપે નથી, હું તો હું જ છું, પરદ્રવ્ય તે પરદ્રવ્ય જ છે, ત્રણકાળમાં હું પરદ્રવ્યનો હતો નહિ, મેં કદી પરવસ્તુનું કાંઈ કર્યું નથી, મારો હું જ પહેલાં હતો, પરદ્રવ્ય પરદ્રવ્યનું જ હતું, હું ભવિષ્યમાં મારો થઈશ અને પરદ્રવ્ય ભવિષ્યમાં તેનું જ થશે, એમ પરદ્રવ્યથી પોતાના જુદાપણાનું અને પરદ્રવ્યનું પોતાથી જુદાપણાનું સાચું જ્ઞાન વિકલ્પ જે કરે છે તે પ્રતિબુદ્ધ–જ્ઞાની છે. ધર્મીનું તે લક્ષણ છે.

પરદ્રવ્યનું હું કાંઈ કરી શકું એવું અભિમાન જેના હૃદયમાં રહેતું હોય તે અજ્ઞાની છે અને જેને ન રહેતું હોય એટલે કે, એમ જે ન માનતો હોય તે જ્ઞાની છે.

ભાવાર્થ :—આત્મા અનાદિથી પોતાનું સ્વરૂપ ભૂલીને પરને પોતાનું માને છે તેનું લક્ષણ શું? તે કેમ ઓળખાય?

પરવસ્તુને પોતાની માને છે તે અજ્ઞાનીનું ચિહ્ન છે. તે એમ કહે છે કે કર્મે મને અનાદિથી રખડાવ્યો, હજી રખડાવે છે અને ભવિષ્યમાં પણ કર્મો જ મને રખડાવશે, એમ જડથી પોતાને નુકશાન માને છે પણ હું મારા ભાવથી જ રખડું છું, એમ જે માનતો નથી તે અજ્ઞાની છે.

રોટલો પેટમાં પડે તો ધર્મ થાય, એમ માનનાર રોટલામાંથી જ આત્માનો ગુણ પ્રગટતો હોય, એમ માને છે. તેણે રોટલાથી આત્મા માન્યો એટલે પરને પોતાનું માન્યું અર્થાત્ આત્માને જડ માન્યો, તે અજ્ઞાની છે. પરને લઈને આત્મામાં ધર્મ થતો નથી. શરીરને સાધન કહેવાય પણ એ ખરું સાધન નથી શરીરના રજકણોમાં ફેરફાર થાય તેથી આત્માને લાભ–હાનિ નથી. ફરવા જઈએ તો શરીર સારું રહે અને શરીર સારું હોય તો આત્માને સ્ફૂર્તિ રહે અને ધર્મ થાય, પણ એ વાત સાચી નથી.

કોઈ કહે :—નજરે જોયું તે બધું ખોટું? પણ તમારી નજર જ ખોટી છે. ક્વિનાઈનથી તાવ ઉતરે, એમ નજરે જોયું નથી. જો નજરે જોયું હોય—સાચું હોય તો દરેકને ક્વિનાઈનથી તાવ ઉતરી જવો જોઈએ, પણ તેમ તો બનતું નથી. તેથી પોતાનો ઊંધો અભિપ્રાય જ નજરે જુએ છે. શાતાનો ઉદય હોય તો જ તાવ ઉતરે ત્યારે દવાથી ઉતર્યો, એમ નિમિત્તથી કહેવાય.

જેમ બાજીગર ડાકલાની દોરી આમ વાળે તો આમ વાગે અને બીજી બાજુ વાળે તો, એમ વાગે તેમ સંસારનો બાજીગર આમ સંસાર કેળવું તો આમ ચાલે, એમ માને છે, મેં કળા કરી એટલે આમ થયું, મેં આમ કર્યું ને માલ કર્યું ને માલ રાખ્યો તો ભાવ વધ્યો એટલે લાભ થયો, પણ એ માન્યતા તદ્દન ખોટી છે. પરનું જે થવાનું હોય તે જ થાય પણ અજ્ઞાની પરમાં કર્તાપણાની મિથ્યાબુદ્ધિ કરે છે. તે માને છે કે પરથી મને નુકશાન થાય અને પરથી જ મને લાભ થાય, પણ આત્મા સ્વતંત્ર વસ્તુ છે, જગતના કોઈ પરપદાર્થથી આત્માનું કાંઈ ભલું કે બુરું થાય નહિ, ત્રણકાળ ત્રણલોકમાં કોઈ પરપદાર્થ આત્માનું કાંઈ પણ કરી શકવાને સમર્થ નથી.

આ ગામ જ આવું છે તેથી મને સુખ આવતું નથી, પાણીપતના મેદાનમાં ભૂંડા વિચાર આવ્યા, જમીનની પણ એવી અસર થાય છે! આવા પ્રકારની માન્યતા ખોટી છે. કારણ કે એ જ પાણીપતના મેદાનામાં અનંતા મોક્ષે ગયા છે.

કોઈ ઇન્દ્રિયોને રાગ-દ્વેષનું કારણ માની આંખ ફોડી નાંખે, કાન બંધ કરે વગેરે; પણ પરવસ્તુ રાગ કે દ્વેષનું કારણ નથી જ. પર પદાર્થથી લાભનુકશાન માનનાર અનુકૂળ લાગે તેના ઉપરથી રાગ ખસેડે નહિ અને પ્રતિકૂળ લાગે તેના પ્રત્યેથી દ્વેષ ખસેડે નહિ. આમ અજ્ઞાનીની માન્યતા છે. તેની અનાદિથી પર ઉપર જ દૃષ્ટિ છે.

જ્ઞાની માને છે કે મારો આત્મસ્વભાવ જ્ઞાયક, શુદ્ધ ચૈતન્યમય છે. રાગ-દ્વેષાદિ જે થાય છે તે પરને કારણે નહિ પણ મારા પોતાના પુરુષાર્થની નબળાઈથી જ થાય છે, એમ જાણીને રાગ-દ્વેષ ટાળવાનો ઉપાય કરે છે. જ્ઞાનીની દૃષ્ટિ પોતા ઉપર જ છે.

આ વાત અગ્નિ અને ઈંધનના દૃષ્ટાંત દ્વારા દૃઢ કરી છે. હવે ભગવાન આચાર્ય જગતના જીવો ઉપર કરુણા લાવી કળશરૂપ કાવ્ય કહે છે :—

**त्यजतु जगदिदानीं मोहमाजन्मलीनं**
**रसयतु रसिकानां रोचनं ज्ञापमुद्यत् ।**
**इह कथमपि नात्मानात्मना साकमेकः**
**किल कलसति काले क्वापि तादात्म्यवृत्तिम् ।।२२।।**

અર્થ :—જગત અર્થાત્ જગતના જીવો અનાદિ સંસારથી માંડીને આજ સુધી અનુભવ કરેલા મોહને હવે તો છોડો અને રસિક જનોને રુચિકર, ઉદય થઈ રહેલું જે જ્ઞાન તેને આસ્વાદો; કારણ કે આ લોકમાં આત્મા છે તે ખરેખર કોઈ પ્રકારે અનાત્મા (પરદ્રવ્ય) સાથે કોઈ કાળે પણ તાદાત્મ્યવૃત્તિ (એકપણું) પામતો નથી, કેમ કે આત્મા એક છે તે અન્ય દ્રવ્ય સાથે એકતારૂપ થતો નથી.

હે જગતના જીવો! અનાદિ સંસારથી માંડીને આજ સુધી અનુભવ કરેલા મોહને—શરીર, મકાન, ધન આદિ સર્વ પરવસ્તુ ઉપરની દૃષ્ટિને હવે તો છોડો! છોડો! હે જગતના પ્રાણીઓ! અવિકારી સ્વભાવનો નાશ કરનાર એવી શરીર, મન, વાણી ઉપરની તથા વિકારીભાવ ઉપરની દૃષ્ટિને હવે તો છોડો! જગતના જડ પદાર્થના રસિક જનો! પરપદાર્થ ઉપરના મિથ્યાભાવને હવે તો છોડો! છોડો!

ચૈતન્યમૂર્તિ આત્મા આત્માનું સ્વરૂપ પરથી નિરાળું છે તેનો અનુભવ અનાદિથી ક્યારેય પણ કર્યો નથી; તો જગતના હે ભવ્ય જીવો! હવે તો સ્વભાવનો અનુભવ કરો! સ્વભાવના રસિકજનોને રુચિકર, ઉદય થઈ રહેલું જે જ્ઞાન—ચૈતન્યમૂર્તિ આત્માના સ્વભાવનું જે ઝરણું તેનો હવે અનુભવ કરો, જ્ઞાનને આસ્વાદો! સંસારના સ્વાદની જાત ઝેરની છે તેની સાથે કોઈપણ પ્રકારે સ્વભાવનું સુખ, જ્ઞાનનો અમૃત સ્વાદ સરખાવી શકાય નહિ.

અનાદિથી પરપદાર્થ સાથે રહ્યો છતાં ભગવાન આત્મા જ્ઞાનાનંદની મૂર્તિ મટીને શરીર, મન, વાણી જેવો કદી પણ થઈ જતો નથી, કારણ કે જે જુદાં છે તે કદી ભેગાં થાય નહિ. આથી તું પરથી ભિન્ન, તારા એકરૂપ સ્વભાવનો અનુભવ કરી શકે છે.

અજ્ઞાનીએ પરસાથે એકપણું માન્યું છે તેથી ભિન્નપણાની માન્યતા કરવી કઠણ લાગે છે. આત્મા એક છે. પરવસ્તુ અનેક છે તેથી આત્મા તે પરવસ્તુ સાથે કદી એકપણે થતો નથી. જો આત્મા અને પર એકમેક થયાં નથી—થઈ શકતાં જ નથી તો પરવસ્તુનો મોહ છોડ! અને એકરૂપ આત્મસ્વભાવનો સ્વાદ લે! અનાદિથી પરવસ્તુમાં એકમેક થઈ ગયો છું એવું જે અજ્ઞાન છે તેનું ભેદજ્ઞાન—જુદાપણાનું જ્ઞાન કરાવીને કહે છે કે—અનાદિથી જે મોહદૃષ્ટિથી આત્મસ્વભાવ ઢંકાઈ ગયો છે તે મોહદૃષ્ટિને હવે છોડો! જ્ઞાનના અનાકુળ આનંદનો સ્વાદ લો, બીજો કોઈ સ્વાદ લેવા જેવો નથી.

મોહ મિથ્યા છે, પરવસ્તુને પોતાની માનવી તે વ્યર્થ છે, તે તદ્દન ઉંધી માન્યતા છે. મોહ વૃથા છે, જુઠો છે, દુઃખનું જ કારણ છે, માટે તેને છોડી દઈને હવે જ્ઞાનને આસ્વાદો. (૨૦-૨૧-૨૨.)

સોનગઢ, ૨૦૦૧, કારતક વદ ૧૧

## શ્રી સમયસારની ગાથા–૩૧★

શરીરના ગુણોનું વર્ણન કરવાથી ભગવાનના ગુણોનું સ્તવન થઈ શકતું નથી, પણ રાગથી જુદો પડીને ભગવાનના ગુણોની ઓળખાણ વડે જ તીર્થંકર–કેવળીની સ્તુતિ થઈ શકે છે, તેમાં જ્ઞેયજ્ઞાયકના સંકરદોષનો પરિહાર કરવો અર્થાત્ સ્વપરનું ભેદવિજ્ઞાન કરવું તે પહેલી સ્તુતિ છે. એમ કહે છે.

**जो इंदिये जिणत्ता णाणसहावाधिअं मुणदि आदं ।**
**तं खलु जिदिंदियं जे णिच्छदा साहू ।।३१।।**

**જીતી ઇંદ્રિય જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્માને,**
**નિશ્ચયવિષે સ્થિત સાધુઓ ભાખે જિતેંદ્રિય તેહને. ૩૧.**

**અર્થ** :—ઇન્દ્રિયોને જીતીને જ્ઞાનસ્વભાવવડે અધિક આત્માને જાણે છે તેને, જે નિશ્ચયનયમાં સ્થિત સાધુઓ છે તેઓ, ખરેખર જિતેંદ્રિય કહે છે.

આમાં વિધિ–નિષેધદ્વારા ધર્મનું સ્વરૂપ બતાવ્યું છે. પોતાનો આત્મા જ્ઞાન–સ્વભાવવડે અન્યદ્રવ્યોથી અધિક છે–જુદો છે, અન્ય દ્રવ્યોથી જુદો કહેતાં સ્વદ્રવ્યથી પરિપૂર્ણ સિદ્ધ થઈ જાય છે. અન્યદ્રવ્યથી આત્મા જુદો છે, એમાં એમ પણ આવી ગયું કે અન્યદ્રવ્યના નિમિત્તે થતા રાગભાવથી પણ આત્મા જુદો જ છે. અન્યદ્રવ્યથી જુદા એકલા સ્વદ્રવ્યમાં વિકાર હોઈ શકે નહિ; જો એક દ્રવ્યમાં અન્ય દ્રવ્યનો સંબંધ લક્ષમાં લેવામાં આવે તો તે દ્રવ્યમાં વિકાર કહી શકાય, પણ અન્ય દ્રવ્યોનો સંબંધ તોડીને (સંબંધનું લક્ષ છોડીને) એકલા દ્રવ્યને જુદું લક્ષમાં લ્યો તો દ્રવ્યદૃષ્ટિ થઈ અને દ્રવ્યદૃષ્ટિમાં વિકાર હોતો નથી અને તે જ ખરી સ્તુતિ છે.

ટીકા :—'ણાણસહાવાધિઅ' એટલે કે જ્ઞાનસ્વભાવવડે અન્યદ્રવ્યથી જુદો–એમ કહીને દ્રવ્યદૃષ્ટિ કરાવી છે. દ્રવ્યદૃષ્ટિ કરવી તે જ જિતેન્દ્રિયપણું છે; કઈ રીતે? કે જ્યારે દ્રવ્યદૃષ્ટિ કરીને પોતાના જ્ઞાનસ્વભાવને લક્ષમાં લીધો ત્યારે ઇન્દ્રિયોનું અવલંબન છૂટી ગયું, મનસંબંધી બુદ્ધિપૂર્વક વિકલ્પો છૂટી ગયા અને પરદ્રવ્યોનું લક્ષ પણ છૂટી ગયું, આ

★ સમયસારજી ગાથા ૩૧ના પ્રવચનો સંબંધી સમયસાર–પ્રવચનો ભાગ ૩ પાનું ૪૭ની ફુટનોટમાં જણાવ્યા મુજબ રાજકોટમાં સં. ૧૯૯૯ના પર્યુષણમાં વંચાયેલ ગાથા ૩૧નું તે લખાણ હાથ નહિ આવવાના કારણે, સં. ૨૦૦૧માં સોનગઢમાં ફરીથી સાતમી વખત શરૂ થયેલ સમયસાર ૫૨ પ્રવચનોમાંથી ગાથા ૩૧મીનું આ લખાણ અહીં આપવામાં આવ્યું છે; આની આગળ–પાછળનું લખાણ ત્રીજા ભાગ સાથે મેળવી લેવું.

રીતે દ્રવ્યદૃષ્ટિ થતાં દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને ઇન્દ્રિયના વિષયભૂત પર દ્રવ્યો તે બધાથી અધિક થયો–જુદો થયો તે જ જિતેન્દ્રિયપણું છે. દ્રવ્યદૃષ્ટિ વડે જ્ઞાનસ્વભાવને અનુભવતાં વિકારથી જરાક (દ્રષ્ટિ અપેક્ષાએ) જુદો પડ્યો તે જ વીતરાગ–કેવળજ્ઞાની વિકારરહિત છે અને તેમની નિશ્ચયસ્તુતિ તે પણ વિકારરહિતપણાનો જ અંશ છે.

**પ્રશ્ન :—**કોઈ જીવ જ્ઞાનસ્વભાવી આત્માને ન ઓળખે અને શુભભાવથી ભગવાનની સ્તુતિ બોલે તો તેને વ્યવહારસ્તુતિ તો કહેવાય ને?

**ઉત્તર :—**ભગવાન કોણ અને પોતે કોણ તે ઓળખ્યા વગર નિશ્ચયસ્તુતિ કે વ્યવહારસ્તુતિ એકેય હોય નહિ. શુભભાવ કરીને કષાય મંદ પાડે તેમાં પુણ્ય બંધાય પરંતુ આત્માની ઓળખાણ વગર એકલા શુભરાગને વ્યવહારસ્તુતિ કહી શકાય નહિ. જગતના પાપભાવ છોડીને ભગવાનનું સ્તવન, વંદન, પૂજન એ શુભભાવ કરવાની ના નથી, પરંતુ એકલા શુભમાં ધર્મ માનીને ત્યાં જ સંતોષાઈ ન જતાં આત્માની ઓળખાણ કરવાનું કહેવાય છે. કેમ કે આત્માની ઓળખાણ વગર શુભભાવ અનંતવાર કર્યા પણ ભવનો અંત આવ્યો નહિ; જે પૂર્વે એવી અનંતવાર કરી ચૂક્યો તે શુભની ધર્મમાં મુખ્યતા નથી, પણ અનંતકાળે નહિ કરેલ એવી અપૂર્વ આત્મસમજણ કરીને ભવનો અંત લાવવાની મુખ્યતા છે.

નિશ્ચયસ્તુતિ અને વ્યવહારસ્તુતિની વ્યાખ્યા ચાલે છે. રાગથી જુદો પડીને પોતાના જ્ઞાનસ્વભાવના લક્ષે જીવ ટક્યો તે નિશ્ચયસ્તુતિ છે અને જ્ઞાનસ્વભાવનું ભાન હોવા છતાં અસ્થિરતાના કારણે સ્તુતિ ના રાગની વૃત્તિ ઊઠે છે, પણ તે વૃત્તિનો જ્ઞાનીને નકાર વર્તે છે તેથી તે વ્યવહારસ્તુતિ કહેવાય છે; પરંતુ અજ્ઞાની તો તે વૃત્તિને જ પોતાનું સ્વરૂપ માની બેઠા છે વૃત્તિથી જુદું સ્વરૂપ માનતો જ નથી. તેથી તેની શુભવૃત્તિને વ્યવહારસ્તુતિ પણ કહી શકાતી નથી. વિકલ્પ તોડીને જ્ઞાન–સ્વભાવને રાગથી જુદો અનુભવે છે તે તો નિશ્ચયસ્તુતિ છે કેમકે તેમાં રાગ નથી અને જીવને આત્માના જ્ઞાનસ્વભાવની ઓળખાણ થયા પછી રાગની શુભવૃત્તિ ઊઠી તેનો જ્ઞાનસ્વભાવમાં સ્વીકાર કરતો નથી પરંતુ ત્યાં 'રાગનો નકાર' કરે છે તેથી તેને વ્યવહારસ્તુતિ છે; અહીં એ ધ્યાન રાખવું કે એકલા રાગને વ્યવહાર કહ્યો નથી પરંતુ રાગરહિત સ્વભાવની શ્રદ્ધાનો જોરે રાગનો નકાર વર્તે છે ત્યારે રાગને 'વ્યવહાર' કહેવામાં આવે છે. અજ્ઞાનીને રાગરહિતસ્વરૂપની ખબર નથી માટે તેને વ્યવહાર પણ ખરેખર તો હોતો નથી. નિશ્ચયના ભાનવિના પરની ભક્તિ તે તો રાગની અને મિથ્યાત્વરૂપ અજ્ઞાનની જ ભક્તિ એટલે સંસારની જ ભક્તિ છે પણ તેમાં ભગવાનની ભક્તિ નથી.

સ્તુતિ કોણ કરે? સ્તુતિ તે પુણ્ય–પાપની લાગણી રહિત શુદ્ધભાવ છે, આત્માની ઓળખાણ સહિત અને રાગ રહિત જેટલી સ્વરૂપમાં એકાગ્રતા કરવામાં આવે તેટલી જ સાચી સ્તુતિ છે. જે રાગનો ભાગ છે તે સ્તુતિ નથી સાચી સ્તુતિ તો સાધક ધર્માત્માને જ હોય છે જેને આત્માનું ભાન નથી તેને સાચી સ્તુતિ હોય નહિ તેમ જ આત્માનું ભાન કરીને જેઓ પૂર્ણદશાને પામ્યા છે. તેઓને પણ સ્તુતિ કરવાનું રહ્યું નથી, કેમકે તેઓ પોતે પૂર્ણદશારૂપ થઈ ગયા છે, હવે તેથી આગળ કોઈ એવી દશા નથી કે જેની પ્રાપ્તિ માટે તેઓ સ્તુતિ કરે પૂર્ણ સ્વરૂપનું જેણે ભાન તો કર્યું છે, પણ હજી પૂર્ણદશા પ્રગટી નથી તેવા સાધકજીવો સ્તુતિ કરે છે, આ રીતે ચોથા ગુણસ્થાને સમ્યગ્દષ્ટિથી માંડીને બારમા ગુણસ્થાન સુધી સ્તુતિ હોય છે, બારમાં ગુણસ્થાન પછી સ્તુતિ હોતી નથી. ચોથાથી બારમા ગુણસ્થાન સુધીમાં સ્તુતિના ત્રણ પ્રકાર પડે છે. ચોથાગુણસ્થાને જઘન્યસ્તુતિ પ્રગટ છે અને બારમા ગુણસ્થાને ઉત્કૃષ્ટસ્તુતિ હોય છે. સ્તુતિ કરનાર પોતે કોણ છે અને સ્તુતિ કરવા યોગ્ય શું છે એ જાણ્યા વગર સાચી સ્તુતિ હોય નહિ.

આ ગાથામાં પહેલી શરૂઆતની સ્તુતિનું સ્વરૂપ બતાવ્યું છે; રાગથી જુદો જ્ઞાનસ્વભાવને જાણવો તે જ પહેલી સ્તુતિ છે. ‘અધિક જ્ઞાનસ્વભાવ’ કહેતાં જ્ઞાનમાં વિકાર ન રહ્યો. ઇન્દ્રિયનું અવલંબન ન રહ્યું અને અપૂર્ણતા પણ ન રહી, એકલો પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવ જ લક્ષમાં આવ્યો તે પહેલી સ્તુતિ થઈ, અહીંથી ધર્મની શરૂઆત છે.

દેવ–ગુરુ–શાસ્ત્ર તરફનો પ્રેમ તે ખરી સ્તુતિ નથી. દેવ–ગુરુ–શાસ્ત્ર તરફનો જે શુભરાગ થાય તેનાથી આત્માને લાભ થાય, એમ જે માને છે તેણે રાગની ભક્તિ કરી છે; પરંતુ આત્મા સાથે એકતા કરીને આત્માની ભક્તિ કરી નથી, જેટલી આત્મશ્રદ્ધા કરીને આત્મા સાથે એકતા પ્રગટાવી તેટલી જ નિશ્ચય સ્તુતિ છે, પણ જેટલું પર લક્ષ છે તેટલો રાગ છે. અજ્ઞાનીને આત્માનું ભાન જ નથી તેથી તેને આત્માની ભક્તિ નથી પણ ક્ષણેક્ષણે તે અનાત્માની–વિકારની જ ભક્તિ કરી રહ્યો છે.

ભક્તિ એટલે ભજવું, દરેક જીવ સમયે સમયે ભક્તિ તો કરે જ છે, અજ્ઞાની જડની અને વિકારની જ ભક્તિ કરે છે, જ્ઞાની પોતાના વીતરાગસ્વભાવની ભક્તિ કરે છે નિશ્ચયભક્તિમાં તો સ્વને ભજવાનું જ આવે અને વ્યવહારમાં પર લક્ષ આવે, જ્યારે આત્માને નિશ્ચયસ્વરૂપનું ભાન હોય પણ હજી સ્વરૂપમાં સ્થિરતા ન કરી શકે ત્યારે પૂર્ણતાની ભાવના કરતાં રાગ વડે વીતરાગભગવાન ઉપર લક્ષ જાય છે તે રાગનો પણ આદર નથી તેથી તેને વ્યવહારસ્તુતિ છે, પરંતુ નિશ્ચયસ્તુતિમાં તો બધાનું લક્ષ છૂટીને

એકલા સ્વરૂપમાં જ એકાગ્રતા હોય છે. (અહીં 'નિશ્ચય ભક્તિ' કે 'નિશ્ચય સ્તુતિ' તે શબ્દો એક આશયમાં જ વાપર્યા છે.)

કોઈને એમ લાગે કે આ વાત તો બહું જ અઘરી છે આપણાથી થઈ ન શકે; તો તેને કહે છે કે ભાઈ! આ વાત અઘરી નથી, પહેલાં તું સાચી સમજણ તો કર, તારા જ્ઞાનસ્વભાવનું ભાન તો કર. અનંતા ધર્માત્માઓ ક્ષણમાં પોતાના ભિન્નતત્ત્વનું ભાન કરીને, સ્વરૂપની એકાગ્રતારૂપ નિશ્ચયસ્તુતિ કરીને મોક્ષ પામ્યા છે, વર્તમાનમાં આવું જ ભાન કરનારા જીવો છે અને ભવિષ્યમાં પણ અનંતા જીવો થશે. માટે પોતાનું સ્વરૂપ સમજવાની જ આમાં વાત છે. સ્વરૂપ સમજવું તે ન થઈ શકે તેવું નથી. રાગ કરવાનું તારાથી થઈ શકે છે ને? અને રાગને તો પોતાનો માની રહ્યો છો ને? તો પછી રાગથી જુદો પડીને જ્ઞાનવડે આત્માને ઓળખવો અને રાગને પોતાનો ન માનવો તે કેમ તારાથી ન થઈ શકે? તારાથી થઈ શકે તેટલું જ તને કહેવાય છે. સ. ૭૫

પોતાના જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા અને જ્ઞાન વગર કોઈ જીવ ભગવાનની સાચી સ્તુતિ કે ભક્તિ કરી શકતો જ નથી, બહુ બહુ તો તે અજ્ઞાનભાવે દાન–પૂજામાં લોભ ઘટાડે તો પુણ્યબંધ થાય, પરંતુ ભક્તિ તો તેને વ્યવહારે પણ ન કહેવાય, કેમકે પુણ્યને તે પોતાનું માને છે અને તેથી મિથ્યાત્વનું મહાપાપ તે ક્ષણેક્ષણે સેવી રહ્યો છે. જ્ઞાનીઓ સમજે છે કે હું તો જ્ઞાનસ્વભાવી છું, એક રજકણ પણ મારો નથી. રાગ થાય તે મારૂં સ્વરૂપ નથી, કોઈ પરપદાર્થ સાથે મારે સંબંધ નથી, બધા પરથી જુદો મારો જ્ઞાનસ્વભાવ સ્વતંત્ર છે આવી જ્ઞાનસ્વરૂપની શ્રદ્ધા અને જ્ઞાન હોય ત્યાં જ ખરેખર મમતા ઘટે છે. જ્ઞાનીઓ જેવી તૃષ્ણા ઘટાડે છે તેવી અજ્ઞાની કદી ઘટાડી શકતો નથી. જ્ઞાની તો વીતરાગસ્વભાવના ભક્ત થયા છે, વીતરાગીભક્તિ વડે તે વીતરાગ થવાના છે, વીતરાગનો વારસો લેવાના છે.

સમ્યગ્દર્શન તો અપૂર્વ વસ્તુ છે, જેના આત્મામાં સમ્યગ્દર્શન થયું તેને તો આચાર્યદેવે 'જિન' કહ્યા છે, સમ્યગ્દ્રષ્ટિ તે જિનના બેટા છે, સમ્યગ્દર્શન થતાં જિનનાં લઘુનંદન થયા તેઓ એક બે ભવમાં મુક્તદશા પામવાના જ. ભગવાનનો જે સાચો ભક્ત થયો તે ભગવાન થવાનો જ. તેને ભવની શંકા ન હોય, જેને ભવની શંકા હોય તે ભગવાનનો ભક્ત નથી. સમ્યગ્દ્રષ્ટિને ભવની શંકા હોતી નથી; સમ્યગ્દર્શન તે જ ભગવાનની પહેલામાં પહેલી સાચી સ્તુતિ છે.

## ગાથા–૩૧–ચાલુ

સોનગઢ ૨૦૦૧ કારતક વદ-૧૨

આ ભગવાનની સાચી સ્તુતિનું સ્વરૂપ કહેવાય છે. સાચી સ્તુતિ ક્યારે થઈ કહેવાય? કે શરીરાદિ જડ વસ્તુ, રાગના કારણે ખંડખંડ થતું જ્ઞાન અને સર્વ પરવસ્તુઓ તે બધાયથી ભિન્ન પોતાના અખંડ આત્મસ્વરૂપને અનુભવવું તે જ પહેલી સાચી સ્તુતિ છે.

દ્રવ્યેન્દ્રિયો, ભાવેન્દ્રિયો અને પરવસ્તુઓ એ ત્રણેયથી પોતાના આત્માને જુદો અનુભવવો તે જ તેનું જીતવું છે; તે ક્યા બળવડે જીતાય છે? આત્માના જ બળથી જીતાય છે કે કોઈની જરૂર પડે છે? તે કહે છે; તેમાં પહેલા દ્રવ્યેન્દ્રિયને જુદી કઈ રીતે કરવી તે બતાવે છે–'નિર્મળ ભેદ–અભ્યાસની પ્રવિણતાથી પ્રાપ્ત જે અંતરંગમાં પ્રગટ અતિ સૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ તેના અવલંબન બળવડે પોતાથી દ્રવ્યેન્દ્રિયોને જુદી જાણી, એટલે તે, દ્રવ્યેન્દ્રિયનું જીતવું થયું.'

જુઓ, આમાં ચૈતન્યસ્વભાવના અવલંબનનું જ બળ કહ્યું છે. ચૈતન્યસ્વભાવ 'અંતરંગમાં પ્રગટ' જ છે, જે જ્ઞાનસ્વભાવમાં શરીરાદિ બધું પ્રત્યક્ષ જણાય છે તે જ્ઞાનસ્વભાવ અંતરંગમાં પ્રગટ જ છે.

આત્મામાં જ્ઞાનસ્વભાવ પ્રગટ છે, પણ વિકારમાં જ્ઞાન નથી. ચૈતન્ય આત્મા તો અંતરંગમાં સદાય પ્રગટ જ છે. તેનું જ્ઞાન કદી ઢંકાણું જ નથી. વિકાર થાય પણ આત્માનું જ્ઞાન તો તેનાથી જુદું રહીને જાણી લેનારૂં છે, વિકારમાં જ્ઞાન ઢંકાઈ જતું નથી. જેમ એક હીરો સાત ડાબલી વચ્ચે મૂક્યો હોય ત્યાં 'હીરો ઢંકાણો', એમ કહેવાય પણ જ્ઞાન ઢંકાણું નથી, જ્ઞાનમાં તો હીરો તરવરે છે એટલે હીરા સંબંધીનું જ્ઞાન તો પ્રગટ જ છે, જ્ઞાન ઢંકાણું નથી. શરીર અને કર્મ એ બંનેને જાણનારા ચૈતન્યસ્વભાવ તો પ્રગટ જ છે.

પહેલાં ગાથા ૨૩–૨૫માં કહ્યું હતું કે વેગપૂર્વક વહેતા અસ્વભાવભાવોના સંયોગવશે અજ્ઞાની પુદ્ગલદ્રવ્યને 'આ મારૂં છે', એમ અનુભવે છે, પણ તેને પોતાનો ચૈતન્યસ્વભાવ અનુભવમાં આવતો નથી; ત્યાં અસ્વભાવભાવોને 'વેગપૂર્વક વહેતા' એવું વિશેષણ આપ્યું છે, એટલે કે તે ક્ષણેક્ષણે બદલાયા જ કરે છે. ક્ષાયોપશમિકજ્ઞાન છે તે પણ બદલાય છે, શુભાશુભ ઈચ્છા પણ બદલાય છે અને બહારની ક્રિયાઓ પણ બદલાયા

કરે છે. ત્યાં કાયમી એકરૂપ સ્થિર ચૈતન્યભાવને નહિ જાણનાર અજ્ઞાનીને, એમ ભાસે છે કે આ બધી ક્રિયાનો કર્તા હું જ છું અને જ્ઞાન તેમજ રાગ ભેગાં જ છે.

ઈચ્છા ઘડીઘડીમાં બદલાય અને જે ઈચ્છા થાય તેને જ્ઞાન જાણે એ રીતે જ્ઞાનનું પરિણમન બદલે છે અને જેવી ઈચ્છા થાય તેવી લગભગ બહારમાં શરીરાદિની ક્રિયા થાય છે, ત્યાં ઈચ્છા તે રાગ છે, જ્ઞાન કર્યું તે આત્મા છે અને બહારની ક્રિયા તે જડનું પરિણમન છે, એમ ત્રણે જુદાં છે પણ અજ્ઞાની જુદું પાડી શકતો નથી તેથી બધું પોતાથી જ થાય છે, એમ તે માને છે, પણ રાગ અને શરીરથી જુદો હું જાણનાર છું એવી પ્રતીતના જોરે અસ્વભાવભાવોથી પોતાના આત્મસ્વભાવને જુદો અનુભવવાની તે અજ્ઞાનમાં તાકાત નથી.

અહીં તો કહે છે કે ચૈતન્યસ્વભાવ અંતરંગમાં પ્રગટ જ છે, તેના બળ વડે જ દ્રવ્યેન્દ્રિયો જુદી પડાય છે. 'મને અમુક શુભ કે અશુભ ભાવ આવ્યો', એમ જ્ઞાન જાણે છે પણ 'હું પોતે આ ભાવરૂપ થઈ ગયો', એમ જ્ઞાન જાણતું નથી કેમકે જ્ઞાન રાગમાં ચાલ્યું જતું નથી. જે શુભ કે અશુભભાવ થાય છે તે ક્ષણમાં ફરી જાય છે અને તેને જાણનારું જ્ઞાન જુદું જ રહી જાય છે. 'હું શરીરથી ઢંકાઈ ગયો, મને મારૂં સ્વરૂપ જણાતું નથી', એમ કહે છે ત્યાં 'હું ઢંકાણો છું', એમ જાણ્યું કોણે? જાણનારનું જ્ઞાન પ્રગટ છે કે અપ્રગટ? જે પ્રગટ છે તેણે જ જાણ્યું છે, ચૈતન્યસ્વભાવ કદી ઢંકાણો જ નથી.

**પ્રશ્ન :—**આમાં ભગવાનની સ્તુતિની વાત ક્યાં આવી?

**ઉત્તર :—**સ્તુતિ એટલે જેની સ્તુતિ કરે છે તેના જેવો અંશ પોતામાં પોતે પ્રગટ કરવો તે; આમાં શુદ્ધતાનો અંશ પોતામાં કઈ રીતે પ્રગટે તે કહેવાય છે. અંતરંગમાં પ્રગટ ચૈતન્યસ્વભાવના અનુભવ વડે, એમ જાણવું કે દ્રવ્યેન્દ્રિયો ભાવેન્દ્રિયો અને સર્વ પર પદાર્થોથી હું ભિન્ન છું, આમ જાણવું તે જિતેન્દ્રિયપણું છે અને તે જઘન્યસ્તુતિ છે; આત્માનું સ્વરૂપ જાણ્યા વિના ભગવાનની સાચી સ્તુતિ હોય નહિ. જે ભાવે તીર્થંકરો તર્યા તે ભાવને ઓળખીને તેનો અંશ પોતામાં પ્રગટ કરવો તેજ સ્તુતિ છે. જેને સ્વભાવનું ભાન થયું છે પણ હજી પૂરી દશા પ્રગટી નથી એવા સાધક જીવ, જેમણે પૂર્ણદશા પ્રગટી ગઈ છે એવા ભગવાનની નિશ્ચયસ્તુતિ કરે છે; પણ જેને સ્વભાવનું ભાન જ નથી તે નિશ્ચયસ્તુતિ કરી શકે નહિ અને સ્વભાવનું ભાન તથા સ્થિરતા કરીને જેઓ પુર્ણ થઈ ગયા છે તેઓને સ્તુતિ કરવાપણું હોતું નથી.

હું જાણનાર છું, મારા ચૈતન્યસ્વભાવવડે હું સમસ્ત પદાર્થોથી જુદો છું આમ પોતાના સ્વભાવનું અધિકપણું જાણવું તે જ ભગવાનની સાચી સ્તુતિ છે; પરંતુ

જ્ઞાનસ્વભાવની સાચી શ્રદ્ધા અને પરથી જુદાપણાના જ્ઞાન વગર કોઈને નિશ્ચયસ્તુતિ કે વ્યવહારસ્તુતિ હોઈ શકે નહિ; શુભરાગ કરે પણ તેને વ્યવહારસ્તુતિ કહી શકાય નહિ......વ્યવહારસ્તુતિ કોને કહેવાય? પોતાનો રાગ રહિત સ્વભાવની શ્રદ્ધા–જ્ઞાન તે ભગવાનની નિશ્ચયસ્તુતિ છે અને ભગવાનની સ્તુતિ તરફનો જે વિકલ્પ વર્તે છે તે વિકલ્પ મારું સ્વરૂપ નથી–એવું ભાન છે તો તે વિકલ્પને વ્યવહારસ્તુતિ કહેવાય છે.

તું ચૈતન્યસ્વરૂપ છો, જડ–ઇન્દ્રિયો અને તે તરફનું ક્ષયોપશમજ્ઞાન તે તારૂં સ્વરૂપ નથી; પરવસ્તુમાં સુખ માનીને અજ્ઞાની પર ઉપરના રાગ અને આકુળતાથી ક્ષણેક્ષણે રહેંસાઈ રહ્યો છે; ઇન્દ્રિયોમાં અને ઇન્દ્રિયોના વિષયમાં સુખ માની રહ્યો છો પણ તારું સુખ પરમાં નથી, પરમાં સુખ માનીને તું સંસારમાં રખડી રહ્યો છો; જડ ઇન્દ્રિયમાં કે પુણ્યના ફળમાં સુખ નહિ અને જે ખંડખંડરૂપ ઉઘાડજ્ઞાન તે પણ આત્માનું સ્વરૂપ નહિ; વર્તમાનમાં પુણ્યના ફળની જેને મીઠાશ છે એવા અજ્ઞાનીને આ વાત કેમ બેસશે? પણ અધૂરા જ્ઞાન જેટલો તું નથી, એમ બતાવીને જુદો જ્ઞાનસ્વભાવ ઓળખાવે છે; ત્રિલોકનાથ તીર્થંકર દેવની દિવ્યવાણીથી પણ તારા સ્વરૂપનાં ગાણાં પૂરાં ન પડે એવો તો તારો મહિમા પ્રગટે છે, પણ પોતાને પોતાનો વિશ્વાસ નથી. અજ્ઞાનીને સ્વરૂપનું ભાન નથી તેથી તેની દૃષ્ટિ બાહ્યમાં છે; બહારમાં શરીરના વ્યાધિને તે જોઈ શકે છે અને શરીરના વ્યાધિને તે દુઃખ માને છે, પરંતુ અંતરંગમાં સ્વરૂપની બેભાનદશાથી પુણ્ય–પાપના વ્યાધિમાં ક્ષણેક્ષણે ભાવમરણથી પોતે મરી રહ્યો છે તે અનંતદુઃખને અજ્ઞાની જોઈ શકતો નથી, અંદરમાં જ્ઞાનસ્વરૂપને ભૂલીને આકુળતા થાય છે તે જ દુઃખ છે તેની અજ્ઞાનીને ખબર નથી; તેથી અહીં સાચી સ્તુતિનું સ્વરૂપ સમજાવતાં કહે છે કે ભાઈ! તારો જ્ઞાનસ્વભાવ અંતરંગમાં પ્રગટ છે અને તે આ જડ ઇન્દ્રિયોથી તેમજ રાગથી જુદો છે. આમ પરથી ભિન્ન પોતાના જ્ઞાનસ્વરૂપને જાણવું તે જ ભગવાનની નિશ્ચયસ્તુતિની શરૂઆત છે.

## ગાથા–૩૧–ચાલુ

સોનગઢ ૨૦૦૧ કારતક વદ–૧૩

ભગવાનની નિશ્ચયભક્તિ કોને કહેવી તેનું સ્વરૂપ ચાલે છે. સમ્યગ્દર્શન દ્વારા જ્ઞાનસ્વભાવી આત્માની સાચી ઓળખાણ તે જ નિશ્ચયભક્તિ છે; નિશ્ચયભક્તિનો સંબંધ પોતાના આત્મા સાથે છે, પરંતુ પ્રથમ સંસાર તરફના તીવ્ર અશુભરાગથી છૂટીને સાચા દેવ, સાચા ગુરુ અને સાચા શાસ્ત્રની ઓળખાણપૂર્વક તેમના પ્રત્યેની ભક્તિનો શુભરાગ આવે છે, સાચા દેવ–ગુરુ–શાસ્ત્રની ઓળખાણ અને ભક્તિનો ઉલ્લાસ આવ્યા વગર

કોઈને પોતાના આત્માની નિશ્ચયભક્તિ પ્રગટે નહિ અને દેવ–ગુરુ–શાસ્ત્ર પ્રત્યેના રાગથી પણ નિશ્ચયભક્તિ થાય નહિ..... નિશ્ચયભક્તિ એટલે સમ્યક્દર્શન, તે સમ્યગ્દર્શન કેમ પ્રગટે તેની આ વાત ચાલે છે. પહેલાં સંસારની રુચિ અને કુદેવ, કુગુરુ કુશાસ્ત્રની માન્યતાના અશુભરાગથી છૂટીને સાચા દેવ–ગુરુ–શાસ્ત્ર પ્રત્યેના વલણથી રાગની દીશા બદલાવી નાંખે અને પછી 'આ રાગ પણ મારું સ્વરૂપ નથી, હું રાગથી જુદો જ્ઞાનસ્વભાવી છું, પર તરફ જતું રાગમિશ્રિત જ્ઞાન પણ મારૂં સ્વરૂપ નથી' આમ રાગરહિત પોતાન અખંડ સ્વભાવને પ્રતીતમાં લ્યે ત્યારે સમ્યકદર્શન થાય છે, તે જ ભગવાનની પહેલી નિશ્ચયસ્તુતિ છે.

સાચા દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધાનો શુભરાગ પહેલાં હોય ખરો, પણ તે શુભરાગ સમ્યગ્દર્શનમાં સહાયક નથી કેમ કે આત્માનો સ્વભાવ તો નિર્વિકાર જ્ઞાનસ્વરૂપ છે અને રાગ તો વિકાર છે, વિકાર તે નિર્વિકારપણામાં બાધક જ છે—સહાયક નથી. માટે રાગ વડે ભગવાનની નિશ્ચયસ્તુતિ થઈ શકતી નથી.

'સાચા દેવ–ગુરુ–શાસ્ત્ર પ્રત્યેના રાગથી સમ્યગ્દર્શન થતું નથી', એમ સમજાવ્યું છે ત્યાં કોઈ દેવ–ગુરુ–શાસ્ત્રની સાચી ઓળખાણ કરવાનું જ છોડી દે તો તે વસ્તુસ્વરૂપને સમજ્યા નથી. પહેલી ભૂમિકામાં સાચા દેવ–ગુરુ–શાસ્ત્રની ઓળખાણ અને તેની શ્રદ્ધાનો શુભવિકલ્પ આવ્યા વગર રહેતો જ નથી, વચ્ચે વિકલ્પનો રાગ આવે છે તેને જો ન માને તો તે વિકલ્પને ટાળીને સ્વભાવનું લક્ષ કેમ કરી શકશે? ભલે, તે શુભરાગવડે સ્વભાવનું લક્ષ થતું નથી પરંતુ સ્વભાવનું લક્ષ કરવા જતાં વચ્ચે શુભ વિકલ્પ આવી જાય છે. દેવ–ગુરુ–શાસ્ત્ર પ્રત્યેના શુભ રાગનો વિકલ્પ ઊઠે છે તે અભાવરૂપ નથી, જો તેને અભાવરૂપ માને તો જ્ઞાન ખોટું છે, તેમ જ જો તે રાગને સમ્યગ્દર્શનનું કારણ માની લ્યે તો માન્યતા (શુદ્ધ) ખોટી છે. શુભરાગ વચ્ચે આવે ખરો, તેને જાણી લ્યે પણ તેને સમ્યગ્દર્શનનું કારણ ન માને તો તે પ્રમાણ છે એટલે કે જ્ઞાન અને માન્યતા બંને સાચાં છે.

આત્માનો સ્વભાવ અનંત ગુણસ્વરૂપ નિર્વિકાર છે અને તેને જાણનાર તથા શ્રદ્ધામાં લેનાર સમ્યગ્જ્ઞાન–સમ્યગ્દર્શન પણ વિકાર રહિત છે; દેવ–ગુરુ–શાસ્ત્ર પ્રત્યેનો શુભ વિકલ્પ તે રાગ છે, વિકાર છે, વિકાર કરતાં કરતાં આત્માનો નિર્વિકારી સ્વભાવ પ્રગટે, એમ કદી બને નહિ, કેમ કે કારણમાં વિકાર અને તેનું કાર્ય નિર્વિકાર, એમ કદી ન હોય, કારણ અને કાર્ય એક જ જાતનાં હોય. અહીં ભગવાનની નિશ્ચયસ્તુતિનો અધિકાર ચાલે છે, એમાં એમ બતાવવું છે કે રાગ વડે ભગવાનની સાચી સ્તુતિ થતી નથી પણ સમ્યગ્દર્શનવડે જ સાચી સ્તુતિ થાય છે. ભગવાન પરિપૂર્ણ સમ્યગ્દર્શન

વીતરાગ છે. વીતરાગની સ્તુતિ રાગ વડે થઈ શકે નહિ, પણ વીતરાગની સ્તુતિ વીતરાગભાવ વડે જ થઈ શકે. આમ સમ્યગ્દર્શન તે જ પહેલામાં પહેલી સ્તુતિ છે કેમ કે સમ્યગ્દર્શન થતાં અંશે વીતરાગભાવ પ્રગટે છે. જેટલો વીતરાગભાવ પ્રગટ્યો તેટલી જ નિશ્ચયસ્તુતિ છે પણ જે રાગ રહ્યો છે, તે નિશ્ચયસ્તુતિ નથી.

શુભરાગ તે આત્માના નિર્વિકાર સ્વરૂપને મદદગાર નથી, એમ વારંવાર સમજાવાય છે પરંતુ તેનો અર્થ 'શુભભાવ આવે તે પણ પાપ છે', એમ નથી; દેવ–ગુરુ–શાસ્ત્રની ભક્તિ–પૂજા વગેરે ભાવમાં પુણ્ય છે, પુણ્યભાવ છોડીને પાપભાવ કરવાનું કહેતાં નથી. પર જીવની હિંસા, ચોરી, વિષય વગેરેની લાગણી તે તો પાપ ભાવ છે અને પર જીવની દયા, દાન, સેવા વગેરેની લાગણી તે લૌકિક પુણ્ય છે અને સાચા દેવ–ગુરુ–શાસ્ત્રની ઓળખાણપૂર્વક તેમની ભક્તિ વગેરેની લાગણી તેમાં અલૌકિક પુણ્ય છે; આ પુણ્ય પણ ખરેખર ધર્મનું કારણ નથી, પરંતુ પ્રથમ દશામાં તે આવ્યા વગર રહેતું નથી. તે શુભરાગથી જુદું પોતાનું સ્વરૂપ છે, એમ ઓળખે તે જિતેન્દ્રિય અર્થાત્ સમ્યગ્દ્રષ્ટિ છે. તે જ ભગવાનના સાચા ભક્ત છે.

આ ભગવાનની સાચી સ્તુતિનું વર્ણન ચાલે છે તેમાં સમ્યગ્દર્શનનું સ્વરૂપ ભેગું જ આવે છે.

'અનાદિ અમર્યાદરૂપ બંધપર્યાયના વશે જેમાં સમસ્ત સ્વપરનો વિભાગ અસ્ત થઈ ગયો છે (અર્થાત્ જેઓ આત્માની સાથે એવી એક થઈ રહી છે કે ભેદ દેખાતો નથી) એવી શરીર પરિણામને પ્રાપ્ત જો દ્રવ્યન્દ્રિયો તેમને તો.....પોતાથી જુદી કરી'. કઈ રીતે જુદી કરી? તો કહે છે કે 'નિર્મળ ભેદ–અભ્યાસની પ્રવીણતાથી પ્રાપ્ત જે અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ તેના અવલંબનના બળ વડે જુદી કરી'. આટલા ભાગનો હવે વિસ્તાર થાય છે.

''અનાદિ અમર્યાદરૂપ બંધપર્યાયના વશે'—આ વાત અજ્ઞાનીને સમજાવે છે, સમ્યગ્દર્શન પહેલાં પણ આ જીવ એટલું તો સમજ્યો છે કે હું અનાદિથી છું અને અનાદિથી મારામાં બંધપર્યાય થઈ રહી છે; પહેલા હું મુક્ત હતો અને પછી બંધાણો, એમ નથી પણ બંધન અનાદિથી છે અને હવે તે બંધનથી હું મારા આત્માનો ભેદ કરવા માગું છું, બંધન છે તેનાથી આત્મા જુદો થઈ શકે છે, જે આત્મા ભેદ કરવાનો પ્રયત્ન કરે તે જ ભેદ કરી શકે છે, હું ભેદ કરવા માગું છું પણ જગતમાં બીજા અનં આત્માઓ છે તે બધા કાંઈ ભેદ કરવાનો પુરુષાર્થ કરતા નથી એટલે દરેક આત્મા જુદા જુદા છે અને દરેકનો પુરુષાર્થ સ્વતંત્ર છે. આટલી વાત તો સમ્યગ્દર્શન થયા પહેલાં જ સમજવા આવનાર જીવે સ્વીકારી છે.

અનાદિથી બંધન તો છે પણ મારૂં સ્વરૂપ બંધનરૂપ નથી માટે બંધન ટળી શકે છે– એટલું માનીને બંધન ટાળવાનો ઉપાય કરવા જીવ આવ્યો છે. ભૂલ તો જીવને અનાદિથી જ છે પરંતુ સાચી સમજણ દ્વારા તે ભૂલને જે તોડી નાખે તેની બલિહારી છે. 'બંધ પર્યાયના વશે' એટલે કે મારી પર્યાયમાં બંધન છે તેના વશે ભૂલ થઈ છે અર્થાત્ બંધનપર્યાયને મારૂં સ્વરૂપ માનીને મેં ભૂલ કરી છે, કોઈ બીજાએ ભૂલ કરાવી નથી, તેમજ કોઈ ઈશ્વરની પ્રેરણાથી મેં ભૂલ કરી નથી. આ બધું સમજે તેને તો હજી વ્યવહારશુદ્ધિ છે–આટલું સમજે ત્યારે ગૃહીત મિથ્યાત્વથી છૂટીને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાના ઉપાય તરફ જીવ વળ્યો છે, પરંતુ હજી અહીં સુધી સમ્યગ્દર્શન પ્રગટ્યું નથી; હવે ભેદજ્ઞાન કઈ રીતે કરે છે તે કહે છે.

શરીર પરિણામને પ્રાપ્ત જે ઇન્દ્રિયો તેમને તો ચૈતન્યસ્વભાવના અવલંબનના બળ વડે આત્માથી જુદી કરી આ ભેદજ્ઞાન છે, જુઓ, આમાં 'શરીર પરિણામને પ્રાપ્ત જે ઇન્દ્રિયો' એટલું કહીને જડ વસ્તુ અને તેનું પરિણમન બંને સિદ્ધ કર્યું છે, ચેતનથી જુદી એવી જડ વસ્તુ છે, તે જડ વસ્તુને તેનું પોતાનું સ્વતંત્ર પરિણમન છે, પોતે પોતાના પરિણામથી બદલીને ઇન્દ્રિયાદિરૂપ થાય છે. ચેતનનું પરિણમન અને જડનું પરિણમન જુદું જુદું છે; પરમાણુઓ તે સ્વતંત્ર વસ્તુ છે, અત્યારે આ પરમાણુઓની શરીરરૂપ અવસ્થા થઈ છે, ત્યાર પહેલાં તે પરમાણુઓ બીજી પર્યાયરૂપે હતા. આમ પરમાણુઓ પલટાયા કરે છે અને તે જ પરમાણુઓ જ પલટીને ઇન્દ્રિયોરૂપ થયા છે, માટે ઇન્દ્રિયો અને ઇન્દ્રિયો દ્વારા થતું રાગમિશ્રિત જ્ઞાન તે બંને મારૂં સ્વરૂપ નથી, પણ એકરૂપ ચૈતન્ય તે હું છું–આમ ઓળખાણ કરીને ઇન્દ્રિય તરફના રાગને તું છોડી દે તો તે પરમાણુઓમાં પણ ઇન્દ્રિયરૂપ અવસ્થા બદલીને છૂટી પડી જશે; તું તારા જ્ઞાનને ઇન્દ્રિય તરફથી ખેંચી લે તો ઇન્દ્રિયના પરમાણુઓ સ્વયં બીજી અવસ્થારૂપે પરિણમી જશે. તારા જ્ઞાનને તું સ્વમાં વાળ તો ઇન્દ્રિયોનું નિમિત્તપણું પણ છૂટી જશે. આ તો હજી સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટેની વાત છે. આમ દ્રવ્યેન્દ્રિયોથી મારો ચૈતન્યસ્વભાવ જુદો છે એવા પ્રવીણ ભેદજ્ઞાનના અભ્યાસવડે પોતાના ચૈતન્યસ્વભાવને ઇન્દ્રિયોથી જુદો અનુભવવો તે દ્રવ્યેન્દ્રિયનું જીતવું છે અને તે જ ભગવાનની ખરી સ્તુતિ છે.

આ રીતે દ્રવ્યેન્દ્રિયને જીતવાની વાત કરી, હવે ભાવેન્દ્રિયને જીતવાની વાત આવશે. જો કે દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને તેના વિષયભૂત પરદ્રવ્યો એ બધાને જીતવાપણું (–અર્થાત્ તેનાથી ભિન્નપણાનું જ્ઞાન) તો એક સાથે જ થાય છે પરંતુ અહીં ક્રમથી વાત કરી છે; પોતાના શુદ્ધચૈતન્યસ્વભાવની ઓળખાણ કરીને સમ્યગ્દર્શન પ્રગટાવ્યું ત્યાં તે ત્રણેને પોતાથી જુદા જાણી લીધા છે; તેમાં પ્રથમ દ્રવ્યેન્દ્રિયનું જુદાપણું કઈ રીતે છે તે બતાવ્યું.

હવે ભાવેન્દ્રિયનું જુદાપણું કઈ રીતે છે તે વર્ણવે છે. ''જુદા જુદા પોત–પોતાના વિષયોમાં વ્યાપારપણાથી જેઓ વિષયોને ખંડખંડરૂપ ગ્રહણ કરે છે (અર્થાત્ પ્રશ્નને ખંડખંડરૂપ જ જણાવે છે) એવી ભાવેન્દ્રિયોને પ્રતીતિમાં આવતા અખંડ એક ચૈતન્યશક્તિપણા વડે પોતાથી જુદી જાણી; એ ભાવેન્દ્રિયોનું જીતવું થયું'' બોલથી હવે વિસ્તાર થાય છે.

ભાવેન્દ્રિય એટલે ક્ષયોપશમજ્ઞાન પણ આત્માથી જુદું છે કેમકે અહીં નિશ્ચયસ્તુતિનો અધિકાર હોવાથી નિશ્ચયસ્વભાવ શું છે તે બતાવવું છે. આત્માનો ત્રિકાળ કેવળજ્ઞાન સ્વભાવ છે તેની વર્તમાન જે અધૂરી દશા છે તેને ભાવેન્દ્રિય કહેવાય છે; તે ઓછા ઉઘાડવાળું જ્ઞાન એક એક વિષયોને જાણે છે, જ્યારે એક વિષય જાણવામાં તે પ્રવર્તે છે ત્યારે બીજા વિષયોમાં પ્રવર્તતું નથી–આ રીતે તે ખંડખંડરૂપ જ્ઞાન છે; આત્માનો જ્ઞાનસ્વભાવ તો એક સાથે બધું જાણવાનો અખંડરૂપ છે; જે જ્ઞાનમાં ખંડ પડે તે જ્ઞાન આત્માનું સ્વરૂપ નથી.

ઓછું જ્ઞાન તે મારૂં સ્વરૂપ નથી. મારો જ્ઞાનસ્વભાવ તો પૂર્ણ છે. પૂરો સ્વભાવ શું અને ઊણીદશા શું–એ બધું ખ્યાલમાં આવ્યા વગર પરમાર્થસ્વરૂપમાં પ્રવેશ થઈ શકે નહિ. પૂર્ણ સ્વભાવની પ્રતીત વગર સમ્યગ્શ્રદ્ધા હોઈ શકે નહિ અને વર્તમાનમાં અપૂર્ણદશા છે તેનું જ્ઞાન કર્યા વગર પરમાર્થસ્વરૂપનાં લક્ષમાં પહોંચી શકાય નહિ પરિપૂર્ણ સ્વભાવને પ્રતીતમાં લેનારૂં જ્ઞાન તે નિશ્ચયનય છે. અધૂરીદશાનું જ્ઞાન કરવું તે વ્યવહારનય છે. અવસ્થાના જ્ઞાનને વ્યવહારનય ખરેખર ક્યારે કહેવાય? જો અવસ્થા ઉપર દૃષ્ટિથી ખસેડીને નિશ્ચયસ્વરૂપ ઉપર દૃષ્ટિ કરે તો અવસ્થાના જ્ઞાનને વ્યવહાર કહેવાય. વ્યવહારને જાણ્યા વગર પરમાર્થ સાચો હોઈ શકે નહિ અને નિશ્ચયની શ્રદ્ધા વગર વ્યવહાર એકલો નહિ. નિશ્ચય વ્યવહાર બંને સાથે જ છે. અધૂરી જ્ઞાનદશારૂપ વ્યવહારને જાણીને પૂછી પૂર્ણસ્વભાવની પ્રતીતના જોરે અપૂર્ણતાનો નિષેધ કરવો તે જ ભાવેન્દ્રિયને જીતવાનો ઉપાય છે. ભાવેન્દ્રિયનું જીતવું તે નાસ્તિથી કથન છે અને અસ્તિથી લઈએ તો જ્ઞાનસ્વભાવી આત્માની ઓળખાણ કરીને તેનું લક્ષ કરતાં ભાવેન્દ્રિયનું (જ્ઞાનની અધૂરી પર્યાયનું) લક્ષ છૂટી જવું તે જ ભગવાનની ખરી સ્તુતિ છે.

## ગાથા–૩૧–ચાલુ

સોનગઢ ૨૦૦૧ કારતક વદ ૧૪

ભગવાનની નિશ્ચયસ્તુતિ શી રીતે થાય તે વાત ચાલે છે. 'જ્ઞેયજ્ઞાયક–સંકરદોષ'ના પરિહારવડે પહેલી સ્તુતિ થાય છે, તે વગર સાચી હોતી નથી; જ્ઞેયજ્ઞાયક સંકરદોષ એટલે જ્ઞેય અને જ્ઞાયકને એક માનવા તે દોષ, અથવા તો સ્વ પરનો ખીચડો માનવો–સ્વ પરને જુદા ન જાણવા તેને જ્ઞેયજ્ઞાયક સંકરદોષ કહેવાય છે. આત્મા જ્ઞાયકસ્વરૂપ છે તેમાં શરીરાદિ પરવસ્તુને તથા પુણ્ય–પાપના ભાવોને એકમેકપણે માનવા તે મિથ્યાદર્શન છે, કેમકે તે માન્યતામાં સાચા સત્‌નો સ્વીકાર નથી. સાચી સમજણ વડે તે મિથ્યામાન્યતારૂપ દોષનો નાશ થઈ શકે છે, તેનો ઉપાય કઈ રીતે છે તે વાત આ એકત્રીસમી ગાથામાં ત્રણ દિવસ થયા ચાલે છે, આજે ચોથો દિવસ છે.

જેને સ્વતંત્ર આત્મસ્વભાવ પ્રગટ કરવો છે તેને સત્‌ સ્વરૂપને ઓળખાવું પડશે. સત્‌સ્વરૂપના શરણાં વગર અસત્‌ના રસ્તે સ્વતંત્રતા પ્રગટશે નહિ. આત્મા જાણનાર સ્વરૂપી છે. શરીરાદિ વસ્તુઓ પર છે, ઈન્દ્રિયો પર છે, ઈન્દ્રિયદ્વારા જણાતા પરપદાર્થો અને તે પરપદાર્થો તરફ થતી પુણ્ય–પાપની વિકારી લાગણીઓ તે બધું આત્માના જ્ઞાનસ્વભાવથી જુદું છે, તેનાથી આત્માનું હિત થાય, એમ માનવું તે જ મિથ્યદર્શન છે, મિથ્યાદર્શન એટલે સત્‌સ્વરૂપનો અનાદર, તે જ અનંતસંસારનું કારણ છે.

જાણનાર આત્મા અને જણાવાયોગ્ય જ્ઞેય પદાર્થો તે બંનેની એકતાબુદ્ધિનો ત્યાગ શી રીતે થાય? અને મિથ્યાદ્રષ્ટિપણું શી રીતે ટળે? તે વાત છે. મિથ્યાદ્રષ્ટિપણું ટળ્યા વગર વ્રત–તપ સાચાં હોય જ નહિ. જમીન વગર વૃક્ષ ક્યાં ઊગશે? સમ્યગ્દર્શન વડે વસ્તુને જાણ્યા વિના વ્રત, તપ કે ચારિત્ર ક્યાં કરશે? જેમ જમીન વગર ઝાડ ન હોય તેમ સમ્યગ્દર્શન વગર ચારિત્રધર્મ હોઈ જ શકે નહિ. આત્માના નિર્મળસ્વરૂપની પ્રતીત એ જ પ્રથમ ધર્મી જીવની ધર્મભૂમિકા છે. ધર્મી તો આત્મા છે અને ધર્મ તે આત્માની શુદ્ધપર્યાય છે. ધર્મીવસ્તુને ઓળખ્યા વગર ધર્મ થાય નહિ; આત્માના ભાન વગર રાગ ઓછો કરે તો પુણ્યનું બંધન થાય પરંતુ આત્મધર્મ થાય નહિ અને આત્મધર્મ થયા વગર ભગવાનની સાચી સ્તુતિ કહેવાય નહિ; આત્મધર્મનું ભાન કઈ રીતે થાય તે કહેવાય છે.

પહેલામાં પહેલા ચૈતન્ય આત્મબળ વડે ઈન્દ્રિયોથી હું જુદો એવી પ્રતીત કરવીસ. ૭૬ જોઈએ, પ્રતીત કરવામાં પરપદાર્થની જરૂર નથી પણ સ્વપદાર્થના અવલંબને પ્રતીત થાય છે. સમ્યક્ત્વ અને મિથ્યાત્વ એ બંને આત્માની શ્રદ્ધાગુણની અવસ્થાઓ છે. સમ્યક્ત્વ તે ગુણ નથી પણ પર્યાય છે, ગુણ તો ત્રિકાળ છે, પણ પર્યાય નવી નવી પ્રગટે

છે. અનાદિથી મિથ્યાત્વ છે તે શ્રદ્ધાગુણની વિકારીદશા છે અને એક ક્ષણમાં તે દશા ફેરવીને સમ્યક્ત્વદશા પ્રગટ કરી શકાય છે. શ્રદ્ધાગુણ તો ત્રિકાળ છે તે નવો પ્રગટતો નથી તેમજ નાશ પામતો નથી; 'સમ્યકશ્રદ્ધા' કહો તો તે શ્રદ્ધાગુણની નિર્મળ પર્યાય છે તે પર્યાય નવી પ્રગટે છે. આત્મા વસ્તુ ત્રિકાળ, તેના અનંતગુણ ત્રિકાળ અને તે ગુણોની અવસ્થા ક્ષણેક્ષણે નવી નવી થયા કરે છે. આ દ્રવ્ય–ગુણ પર્યાયનું સ્વરૂપ તે તો જૈનદર્શનનો મૂળ એકડો છે, દ્રવ્ય–ગુણ–પર્યાયનું યથાર્થ સ્વરૂપ જો ખ્યાલમાં લ્યે તો પોતાનું જ્ઞાન ઈન્દ્રિયાદિ પર પદાર્થને આધીન ન માનતાં સ્વ તરફથી જ જ્ઞાન પ્રગટે છે, એમ સ્વલક્ષ કરે; પરંતુ જેઓ ઈન્દ્રિયના અવલંબનથી કે રાગથી જ્ઞાન માને છે તેઓએ દ્રવ્ય–ગુણ–પર્યાયનું સ્વરૂપ જાણ્યું નથી. સમ્યગ્દર્શન તો આત્માના ગુણની પર્યાય છે, તે આત્મામાંથી જ પ્રગટે છે, કોઈ દેવ–ગુરુ–શાસ્ત્રના આધારે સમ્યગ્દર્શન પ્રગટતું નથી.

આત્મા ત્રિકાળી વસ્તુ છે, વસ્તુ ગુણ વગર હોય નહિ; આત્મામાં અનંત શક્તિ છે, શક્તિ એટલે ગુણ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, કર્તૃત્વ વગેરે અનંત શક્તિ દરેક આત્મામાં છે, પોતાની ત્રિકાળ શક્તિ છે પણ તેની પ્રતીતિમાં ફેર પડતાં આ સંસારદશા છે અને તે શક્તિથી સાચી પ્રતીતિ થતાં મોક્ષદશા પ્રગટે છે; આ સંસાર અને મોક્ષ એ તો બંને પર્યાય છે. તેમાં મોક્ષદશા તો વર્તમાન (સમજવા આવનાર જીવને) છે નહિ, વર્તમાન તો વિકારદશા છે, તેથી ભેદજ્ઞાન કરાવે છે કે વિકાર તે આત્માનું સ્વરૂપ નથી, આત્માનું સ્વરૂપ તો જ્ઞાન છે અને જ્ઞાન તો વિકારથી જુદું છે, વિકાર તે દોષ છે, માટે વિકાર તે આત્માનું સ્વરૂપ નથી અને વિકાર તરફ જતું જ્ઞાન પણ આત્માનુસ્વરૂપ નથી આમ પોતાના અખંડ જ્ઞાનસ્વરૂપને પરથી અને વિકારથી ભિન્ન અનુભવવો તે જ સમ્યગ્દર્શન છે અને તે જ તીર્થંકરકેવળીપ્રભુનું પહેલું સ્તવન છે.

પરથી અને વિકારથી જુદું આત્મતત્ત્વ તે અવિનાશી છે, તેના ગુણ પણ અવિનાશી છે, તેમાં માન્યતા (શ્રદ્ધા) ગુણની પર્યાયમાં 'પરથી મને જ્ઞાન થાય, દેવ–ગુરુ–શાસ્ત્ર મારૂં હિત કરી દે' એવી વિપરીત માન્યતા તે મિથ્યાત્વદશા છે અને તે 'મિથ્યાત્વદશા મારૂં સ્વરૂપ નહિ, પરથી મારૂં જ્ઞાન જુદું છે, કોઈ પર દ્રવ્યથી મને લાભ કે નુકશાન નથી. આવી પોતાના જ્ઞાનસ્વરૂપ આત્માની સાચી માન્યતા તે સમ્યક્ત્વ દશા છે. વસ્તુ અને ગુણ તો ત્રિકાળ છે, બંધ અને મોક્ષ તો અવસ્થામાં છે, મોક્ષ દશા નવી પ્રગટે છે પણ ગુણ નવો પ્રગટતો નથી. દ્રવ્ય–ગુણ જો ન હોય તો નવા થાય નહિ અને જે દ્રવ્ય, ગુણ હોય તે કદી નાશ પામે નહિ, પણ તેની અવસ્થા ક્ષણેક્ષણે થયા કરે છે. પર્યાયમાં જો સ્વભાવને ભૂલીને પરમાં દ્રષ્ટિ કરે તો તે ઊંધી દ્રષ્ટિ છે અને ઊંધી દ્રષ્ટિમાં વિકારીદશા થાય છે અને જો પર્યાયને સ્વમાં વાળીને સ્વભાવની દ્રષ્ટિ કરે તો સવળી દ્રષ્ટિ અથવા

દ્રવ્યદ્રષ્ટિ છે અને તે દ્રષ્ટિમાં નિર્વિકાર દશા થાય છે. માન્યતાની વિકારીદશા એ જ સંસારનું મૂળ છે; અને તે વિકારી માન્યતા છોડીને સાચી માન્યતા કરવી તે જ મોક્ષનું કારણ નથી. આત્મામાં ધર્મ કરવા માટે કોઈ પર વસ્તુને ગ્રહણ કરવાની કે છોડવાની નથી, પણ ઊંધી માન્યતા જ છોડવાની છે. સ્વભાવની એકાગ્રતા દ્વારા વિકારી અવસ્થાનો ત્યાગ તે જ સંસારનો ત્યાગ અને મુક્તદશાની ઉત્પત્તિ છે.

દ્રવ્યેન્દ્રિયો અને ભાવેન્દ્રિયો (પર તરફ ઢળતું જ્ઞાન) તેમાં પોતાપણાની માન્યતા તે સંસાર છે, તેમાં પોતે પોતાના સ્વભાવને ભૂલીને વિકારથી જીતાઈ ગયો છે અને હું તો ચૈતન્યસ્વભાવ છું, ઈન્દ્રિય કે પર તરફ જતું જ્ઞાન તે મારૂં સ્વરૂપ નથી, અખંડ ચૈતન્યપણું તે હું છું આવી સ્વભાવની શ્રદ્ધા કરવી તેમાં સ્વભાવના જોરે પોતે દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિયને જીતી લે અને તે જ સ્વભાવની સાચી સ્તુતિ છે.

આત્મામાં જ્ઞાનગુણ તો અખંડ છે, પણ જ્ઞાનગુણની વર્તમાન અપૂર્ણદશા છે તે વિષયોને ખંડખંડરૂપ જાણે છે. અધૂરૂં જ્ઞાન ખંડખંડવાળું છે તે આત્માનું મૂળ સ્વરૂપ નથી, પરંતુ તે અધૂરાપણું તો આત્માની જ અવસ્થામાં છે–કોઈ જડમાં નથી. અધુરૂં જ્ઞાન તે આત્માનો જ અરૂપી ભાવ છે પણ આત્મા તેટલા જ્ઞાનવાળો નથી, માટે અધૂરાજ્ઞાનને જ પોતાનું સ્વરૂપ માની લ્યે અને પૂરા જ્ઞાનસ્વભાવની પ્રતીત ન કરે તો તેણે ભગવાનની સાચી સ્તુતિ નથી કરી. પૂરા જ્ઞાનસ્વભાવની પ્રતીત રાખીને અધૂરીદશા હોય તેને જાણે ખરો, પણ તેનાથી પોતાનો સ્વભાવ જુદો છે એ માને તેણે ભાવેન્દ્રિયને જીતી છે. પર લક્ષમાં ખંડખંડ થતા જ્ઞાનને સ્વતરફવાળીને જેટલી અખંડતા કરી તેટલી નિશ્ચયસ્તુતિ છે.

દ્રવ્યેન્દ્રિયો તો જડ છે, તે આત્માથી જુદી છે, જડ ઈન્દ્રિયોથી આત્માનું જુદાપણું તો પહેલા બોલમાં જ જણાવ્યું છે, હવે બીજો બોલ ચાલે છે તેમાં ભાવેન્દ્રિયથી (અધૂરા જ્ઞાનથી) આત્માના સ્વભાવનું જુદાપણું બતાવે છે. ઊણા જ્ઞાનને જ આખો આત્મા તે માની લેવો મિથ્યાદષ્ટિપણું છે, કેમ કે જેણે ઊણા જ્ઞાન જેટલો જ આત્માને માન્યો તેને આત્માના પૂરાજ્ઞાનસ્વભાવનો અનાદર કર્યો એટલે કેવળીના પૂરા જ્ઞાનને પણ તેણે ન માન્યું તેથી તેણે કેવળી ભગવાનની અસ્તુતિ કરી છે, પણ જેણે પોતાના જ્ઞાનસ્વભાવને પૂર્ણપણે સ્વીકાર્યો છે અને કેવળીપ્રભુને તેવો જ્ઞાનસ્વભાવ પૂરો પ્રગટી ગયો છે, એમ જાણ્યું છે. તેણે જ કેવળીની સાચી સ્તુતિ કરી છે.

આત્માનો ચૈતન્ય ગુણ તો ત્રિકાળ પરિપૂર્ણ છે છતાં પર્યાયમાં જ્ઞાન અધૂરું જાણે છે, અધૂરૂં જાણવું તે જ્ઞાનનું મૂળ સ્વરૂપ નથી, જ્ઞાનનો સ્વભાવ તો એક જ પર્યાયમાં બધું એક સાથે જાણી લેવાનો છે તેને બદલે એક પછી એક પદાર્થને જાણવાની તાકાતવાળું

ખંડખંડરૂપ જ્ઞાન મારૂં સ્વરૂપ છે, એમ જો જીવ માની લે તો તે મિથ્યાદષ્ટિ છે. કેમ કે તે પર્યાયના લક્ષમાં અટક્યો છે. પર્યાય છે ખરી, જો ઊણા–અધૂરા જ્ઞાનની અવસ્થાનો જ સ્વીકાર ન કરે તો તેની વ્યવહારદષ્ટિ જ ખોટી છે, ન અને તો સ્થૂળ ગૃહીતમિથ્યાત્વ છે; પરંતુ અધૂરી પર્યાયને જાણતાં 'આ પર્યાય જેટલો જ હું', એમ જો માની લે અને આખા દ્રવ્યને ભૂલી જાય તો તે પણ મિથ્યાદષ્ટિ જ છે. અખંડ પરિપૂર્ણ સ્વભાવનો **જ્યાં સુધી** દષ્ટિમાં સ્વીકાર ન કરે ત્યાં સુધી મિથ્યાદષ્ટિપણું ટળે નહિ.

આત્મા ત્રિકાળ અને તેનું જ્ઞાન પણ ત્રિકાળ છે, જ્ઞાનની વર્તમાન અવસ્થા ઊણી છે. મારો જ્ઞાનસ્વભાવ પૂરો હોવા, છતાં મારી કચાશના કારણે પર્યાયમાં જ્ઞાન અધૂરું છે– આટલું જ જે પ્રથમ નથી સ્વીકારતો તેને તો વ્યવહારૂ સ્થૂળ ભ્રાંતિ છે પોતાની પર્યાયનો વિવેક પણ તે ચૂક્યો છે, જેને હજી પર્યાયનો પણ વિવેક નથી તેને દ્રવ્યસ્વભાવની કબૂલાત તો ક્યાંથી આવશે? પહેલાં પર્યાયનું અસ્તિત્વ છે, એમ સ્વીકારે તો પછી તેનું લક્ષ છોડીને દ્રવ્ય તરફ વળે, પણ જેણે હજી પર્યાય જ સ્વીકારી નથી તે કદી દ્રવ્ય તરફ વળી શકે નહિ. શું જ્ઞાનની ઊણી અવસ્થા સર્વથા નથી? સસલાના શીંગડાની જેમ ઊણી દશાનો શું અભાવ છે? જો ઉણી દશા નથી તો શું અત્યારે તારૂં દ્રવ્ય અવસ્થા વગરનું છે? કે પૂરી દશા છે? જો પૂરી દશા હોય તો પરમાનંદ પ્રગટ હોય અને બધું જ્ઞાન એક સાથે હોય–પરંતુ તે તો નથી; અને દ્રવ્ય અવસ્થા વગરનું કદી હોય જ નહિ, માટે વર્તમાન દશા અધૂરી છે તેને જાણવી જોઈએ. પ્રથમ ઊણી દશા છે તે જો ન સ્વીકારે તો તે સમજવાનો ઉપાય શા માટે કરે? પ્રથમ અપૂર્ણદશાને ન સ્વીકારે તો તેનો વ્યવહાર પણ ખોટો છે અને જો એકલી અધૂરીદશાને જ સ્વીકારે પણ પૂરો સ્વભાવ ન સમજે તો તેનો નિશ્ચય ખોટો છે. પ્રથમ અધૂરીદશા સ્વીકાર્યા પછી તે અધૂરીદશાનું જ્ઞાન પણ મારૂં સ્વરૂપ નથી હું તો અખંડ પૂર્ણ છું એવી સ્વભાવની શ્રદ્ધા કરે તો તેને સાચી શ્રદ્ધા છે, સાચી શ્રદ્ધા સાથેનું જ્ઞાન પણ સાચું જ હોય, એ સાચું જ્ઞાન નિશ્ચય વ્યવહાર બંનેને બરાબર જાણે છે. પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવ છું જરાપણ અધૂરો સ્વભાવ નથી અને પર્યાય વર્તમાન અધૂરી છે, એમ જ્ઞાનમાં બંનેને જાણ્યા પછી પૂર્ણ સ્વભાવની શ્રદ્ધાના જોરે અપૂર્ણદશાનો જ્ઞાન નકાર કરે છે અને સ્વભાવની એકાગ્રતા વડે અપૂર્ણદશા ટાળી પૂર્ણતા પ્રગટ કરે છે–આમાં શ્રદ્ધા–જ્ઞાન ચારિત્ર ત્રણે આવી ગયા, આનું નામ ભગવાનની સ્તુતિ છે, આ સમજ્યા વગર કોઈને સાચી સ્તુતિ હોય નહિ. અજ્ઞાનીઓ માત્ર પાઠ બોલી જવાથી સ્તુતિ માની બેસે છે અને સમજણ તો તદ્દન ભૂલી જાય છે–પરંતુ તેમને સાચી સ્તુતિ હોતી નથી. સ્તુતિ કરનારો આત્મા છે કે જડ? ભાષા અને શબ્દો તો જડ છે, શું જડ વડે સ્તુતિ થાય? સ્તુતિ કરનાર તો આત્મા છે, આત્માની શુદ્ધપર્યાય તે જ આત્માની સ્તુતિ છે.

પહેલાં દ્રવ્ય, ગુણ અને પર્યાય જેમ છે તેમ જે જાણતો નથી તે જૈન તો નથી. તેમ જૈનના વ્યવહારમાં પણ તે નથી. ઊણી અવસ્થા જ નહિ માને તો તે ઊણપને ટાળશે કોણ? ઊણી અવસ્થા કબૂલ્યા પછી અહીં તો હવે આગળ લઈ જવું છે કે ઊણી અવસ્થાને કબૂલી તેટલાથી પણ હજી ધર્મીપણું નથી. અહીં તો ભાવેન્દ્રિય આત્માનું સ્વરૂપ નથી, એમ બતાવવું છે, એટલે જે સમજવાને લાયક થયો છે તે જીવને ભાવેન્દ્રિય (અધૂરાજ્ઞાન)ની તો ખબર છે, પણ પૂરો સ્વભાવ અને અધૂરીદશા વચ્ચે તે ભેદ પાડી શક્યો નથી તેને હવે ભેદ કરાવીને જ્ઞેય–જ્ઞાયક સંકરદોષ દૂર કરે છે.

હું તો અખંડ એક ચૈતન્ય સ્વભાવ છું, અપૂર્ણજ્ઞાન મારૂં સ્વરૂપ નથી, એમ માને તે ધર્મી–જિતેન્દ્રિય છે જ જીવ અપૂર્ણતાને માનતો નથી તે જીવ તો પર્યાય જ કબૂલતો નથી, તેવા જીવની તો અહીં વાત જ નથી એટલે કે તે તો તીવ્ર મિથ્યાદૃષ્ટિ છે; જે અપૂર્ણદશાને તો કબુલે છે પણ અપૂર્ણદશાને જ પૂર્ણસ્વરૂપ માની બેઠો છે તે પણ મિથ્યાદૃષ્ટિ છે, તેણે વ્યવહાર કબૂલ્યો પણ પરમાર્થ માન્યો નહિ.

પરમાર્થ એટલે શું? પ્રતીતિમાં આવતા અખંડ એક ચૈતન્યશક્તિપણાવડે (ભાવેન્દ્રિયોને) પોતાથી જુદી જાણી', એમ કહ્યું છે તેમાં પ્રતીતિમાં આવતો અખંડ એક ચૈતન્યસ્વભાવ તે પરમાર્થ છે–નિશ્ચય છે અને ભાવેન્દ્રિયોને પોતાથી જુદી જાણી–એમાં જાણનારી પર્યાય તે વ્યવહાર છે. ગાથાએ ગાથાએ નિશ્ચય–વ્યવહારની સંધિ રહેલી છે; એવી અલૌકિક રચના છે કે પ્રત્યેકગાથામાં નિશ્ચય અને વ્યવહાર બંને બતાવીને પછી વ્યવહાર ઊડાડે છે. નિશ્ચય એકરૂપ સ્વરૂપ તે તું અને તે અંગીકાર કરવા યોગ્ય છે, પણ વ્યવહાર બતાવ્યો તારૂં સ્વરૂપ નથી અને તે આદરણીય નથી આમ વિવેક કરાવે છે.

આમાં ત્રિકાળીસ્વભાવ અને વર્તમાન પર્યાય બંનેનું જ્ઞાન આવી ગયું. અખંડ એકરૂપ ચૈતન્યપિંડ છું એવા અસ્તિસ્વભાવની પ્રતીત કરી અને અપૂર્ણ ખંડરૂપ ભાવ પોતાનો સ્વભાવ ન માન્યો તે જ સમ્યગ્દર્શન છે, તે જ ભાવેન્દ્રિયનું જીતવું છે અને તે જ સાચી સ્તુતિ છે.

જો આત્માની પર્યાયમાં ભૂલ ન જ હોય તો આત્માને સમજવાનું ટાણું જ ક્યાં રહ્યું? એટલે જે ભૂલ જ નથી સ્વીકારતો તેની તો અહીં વાત નથી પણ ભૂલ સ્વીકારીને જે ટાળવા આવ્યો છે તેને ભૂલ ટાળવાનો ઉપાય બતાવાય છે. ભૂલ સ્વીકારવા માત્રથી જ ભૂલ ટળી જતી નથી અને ભૂલ ટળ્યા વગર ધર્મ થતો નથી. ભૂલ મારૂં સ્વરૂપ નથી, વિકાર કે અપૂર્ણતા પણ મારું સ્વરૂપ નથી, હું અખંડ ચૈતન્યસ્વરૂપ છું, ત્રિકાળ જ્ઞાનમૂર્તિ છું, એમ આખા સ્વભાવનો સ્વીકાર કરતાં અંદર ઊણી અવસ્થાનું જ્ઞાન રહ્યું પણ

પ્રતીતિમાં પૂર્ણ સ્વભાવનું જોર જેને આવ્યું તે સમ્યગ્દૃષ્ટિ થયો છે અને તેને જ ભગવાનસ્વરૂપ પોતાના આત્માની સ્તુતિની શરૂઆત થઈ છે.

આખી વસ્તુની પ્રતીતિ કરનાર જીવ શ્રદ્ધામાં વિકારથી જુદો પડી ગયો છે. શરીર, મન, વાણી તો હું નહિ, પુણ્ય–પાપ તો હું નહિ અને અપૂર્ણજ્ઞાનદશા તે પણ મારૂં સ્વરૂપ નહિ, હું તો અખંડ એકરૂપ પૂર્ણસ્વરૂપ છું–એમ આખી વસ્તુની પ્રતીતિ કરતાં વિકારના અનુભવથી જુદો પડ્યો તે જ સમ્યગ્દર્શન છે, તેમાં જ ભગવાનની સાચી સ્તુતિ છે. ભલે, આત્માની અવસ્થા અપૂર્ણ છે પણ શક્તિસ્વભાવે તો ત્રિકાળ આત્મા પૂરો છે; કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતસુખ અને અનંતવીર્યની વેલડીનો કંદ તો આત્મા જ છે, આત્માના સ્વભાવમાંથી જ કેવળજ્ઞાન, કેવળદર્શનાદિ પ્રગટે છે, બહારમાંથી આવતા નથી. કેવળજ્ઞાનાદિ પ્રગટવાની શક્તિનો કંદ તો અંદર જ પડ્યો છે પણ સ્વભાવશક્તિની પ્રતીતિરૂપ પોષણનાં અભાવે કેવળજ્ઞાન અટક્યું છે જ્યાં પૂર્ણ સ્વભાવની પ્રતીતિરૂપ પોષણ મળ્યા ત્યાં વેલડી ફાટીને કેવળજ્ઞાનાદિ પાકે છે; માત્ર શ્રદ્ધાના અભાવે જ પર્યાય અટકી છે. જગતને બહારની શ્રદ્ધા છે; તે પુણ્યની વિકારની શ્રદ્ધા કરે છે પરંતુ અંદરમાં કેવળજ્ઞાનનો કંદ સ્વભાવ છે તેની શ્રદ્ધા કરતાં નથી, એ જ સંસારનું કારણ છે.

મોરનું નાનું ઈંડુ જોઈને તે ઈંડામાંથી ત્રણ હાથ લાંબો રંગબેરંગી પીછાવાળો મોર નીકળશે, એમ પહેલેથી પ્રતીતિ કરે છે પણ આ અખંડાનંદી આત્માના સ્વભાવની પ્રતીતિરૂપ ઈંડામાંથી કેવળજ્ઞાનરૂપી મોરલો પ્રગટે છે–તે સ્વભાવનો મહિમા આવતો નથી અને શ્રદ્ધામાં સ્વભાવ બેસતો નથી. સ્વભાવની પ્રતીતિવડે સમ્યક્શ્રદ્ધા થઈ અને સ્વભાવની સ્થિરતાવડે વીતરાગતા અને કેવળજ્ઞાન થયું; તે કેવળજ્ઞાન બહારના અવલંબનથી નથી આવ્યું પણ અંદર સ્વભાવમાંથી જ પ્રગટ્યું છે; અખંડ સ્વભાવની પ્રતીતિના જોરે સ્વાશ્રયે ગુણની પૂર્ણ પરિણતિ જ પ્રગટે છે. સમ્યગ્દર્શન અને કેવળ જ્ઞાન પ્રગટવામાં અધૂરાજ્ઞાનનું અવલંબન પણ નથી–ખંડખંડ જ્ઞાનના આશ્રયે સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાન થતું નથી માટે અહીં ખંડખંડરૂપ જ્ઞાન અર્થાત્ ભાવેન્દ્રિય આત્માના સ્વભાવથી જુદી છે, એમ કહ્યું છે.

જ્ઞાન તો આત્માનો સ્વભાવ છે, સ્વભાવના કારણે જ્ઞાનની અધૂરી અવસ્થા હોય નહિ. અધૂરાશ તો પર નિમિત્તમાં જોડાવાથી થાય છે માટે તે અધૂરું જ્ઞાન આત્માનું સ્વરૂપ નથી, આત્માનું સ્વરૂપ તો પૂરૂં જાણવાનું છે; પૂર્ણજ્ઞાનસ્વભાવ ત્રિકાળ છે, એમ પૂર્ણની શ્રદ્ધાના જોરે કેવળજ્ઞાન પ્રગટે છે; પરંતુ કેવળજ્ઞાન પ્રગટ્યા પહેલાં પૂર્ણસ્વભાવની સાચી શ્રદ્ધા–જ્ઞાન કરવાની વાત અત્યારે ચાલે છે. જેને પૂર્ણસ્વરૂપની શ્રદ્ધા જ નથી તે

પૂર્ણદશા લાવશે ક્યાંથી? જેમ કોઈ કહે કે અમારે ત્યાં ઘણાં મોટા આંબાના ઝાડ ઊગ્યાં છે; ત્યારે તેને સામો પૂછે કે મૂળિયા કેટલાક ઊંડા ગયાં છે? તે એમ જવાબ આપે કે– મૂળિયાં બિલકુલ છે જ નહિ. તો તેના જવાબ ઉપરથી સામો પારખી લ્યે કે આને ત્યાં ઝાડ જ ઊગ્યાં નથી. કેમ કે 'મૂલં નાસ્તિ કુતઃ શાખા' જ્યાં મૂળ જ નથી ત્યાં શાખા કેવી? તેમ સાચી શ્રદ્ધા–જ્ઞાન વગર કોઈ કહે કે અમે ઘણો ધર્મ કર્યો–તો તેની વાત તદ્દન ખોટી છે, સાચી શ્રદ્ધા–જ્ઞાનરૂપી બીજડાં વગર કેવળજ્ઞાન–કેવળદર્શનરૂપી ફાલ ક્યાંથી આવશે? જેનાં શ્રદ્ધારૂપી મૂળિયાં સાજાં હશે તેને ઝાડ પાંગરીને અલ્પકાળમાં કેવળ જ્ઞાનાદિ ફળ આવશે, માટે સૌથી પહેલાં જૈનધર્મ સાચી શ્રદ્ધા કરવા ઉપર ભાર મૂકે છે. ઊણી–અધૂરી અવસ્થાને જે આત્માનું ખરૂં સ્વરૂપ માની લ્યે છે તે આત્માના પૂર્ણ સ્વરૂપનું ખૂન કરે છે; અને જેણે અધૂરી અવસ્થાથી મારૂં ત્રિકાળસ્વરૂપ જુદું છે, એમ જ્ઞાનની અધુરીદશાને પોતાથી જુદી જાણી તેને ભાવેન્દ્રિયનું જીતવું થયું. એ જ ભગવાનની સ્તુતિ છે.

અહીં 'જ્ઞાનની અધૂરી દશાને પોતાથી જુદી જાણી', એમ કહ્યું છે, પણ જ્ઞાનની અધૂરી દશા કાંઈ તે વખતે આત્માથી જુદી કરી શકાતી નથી, અવસ્થાને આત્મામાંથી જુદી કાઢી શકાતી નથી, પણ ત્રિકાળી પરિપૂર્ણ સ્વભાવના લક્ષે, એમ પ્રતીતમાં લ્યે છે કે આ અધુરી દશા તે મારૂં સ્વરૂપ નહિ–અપૂર્ણતા તે હું નથી પણ અખંડ ચૈતન્યમૂર્તિ તે હું છું, આ પ્રમાણે સ્વભાવ તરફ લક્ષ કરતાં પર્યાયનું લક્ષ છૂટી જાય છે તેણે 'ભાવેન્દ્રિયને જુદી કરી', એમ કહેવામાં આવે છે. એટલે કે દૃષ્ટિ અપેક્ષાએ ભાવેન્દ્રિયથી જુદું પોતાનું સ્વરૂપ છે, એમ પ્રતીતમાં લીધું છે તે જિતેન્દ્રિયપણું છે અને તે જ ભગવાનની સાચી સ્તુતિ છે. આ રીતે દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિયથી આત્માનું જુદાપણું બતાવનાર બે બોલ કહ્યાં.

હવે ત્રીજા બોલમાં ઇન્દ્રિયના વિષયભૂત પદાર્થોથી આત્માનું જુદાપણું બતાવે છે ''ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા સંબંધની નિકટતાને લીધે જેઓ પોતાના સંવેદન (અનુભવ) સાથે પરસ્પર એક જેવા થઈ ગયેલા દેખાય છે એવા, ભાવેન્દ્રિયોવડે ગ્રહવામાં આવતા જે ઇન્દ્રિયોના વિષયભૂત સ્પર્શાદિ પદાર્થો તેમને, પોતાની ચૈતન્યશક્તિનું સ્વયંમેવ અનુભવમાં આવતું જે અસંગપણું તે વડે પોતાથી સર્વથા જુદા કર્યા; એ ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થોનું જીતવું થયું.'' અ બોલનો હવે વિસ્તાર થાય છે.

ગ્રાહ્ય = જણાવાયોગ્ય પર પદાર્થો. ગ્રાહણ = જાણનારૂં જ્ઞાન. આમાં પહેલાં જ ગ્રાહ્ય ગ્રાહક' કહેતાં પરવસ્તુઓ અને આત્મા બંનેનું હોવાપણું સિદ્ધ કર્યું છે. 'જગત બધું કલ્પના માત્ર છે, પર વસ્તુઓ કાંઈ છે જ નહિ', એમ જે પરવસ્તુનો અસ્વીકાર કરે છે

અને એક આત્મા જ સર્વવ્યાપી છે, એમ માને છે તે તો સ્થૂળ મિથ્યાદષ્ટિ છે; કેમકે એકેક આત્મા પોતાથી પૂરો છે, એમ ન માનતાં 'બધા ભેગા થઈને એક જ આત્મા છે અને દરેક તેના જ અંશ છે', એમ માન્યું તેણે એક આત્માને અનંતમાં ભાગે માન્યો અને જગતના અનંત આત્માઓને પણ પૂર્ણસ્વરૂપે ન માનતાં અનંતમાં ભાગે માન્યા, તે માન્યતામાં અનંતી જીવહિંસાનું પાપ છે. આ જગતમાં અનંત આત્માઓ છે, તે દરેક પોતાના સ્વરૂપે પૂરો છે, દેવ–ગુરુ–શાસ્ત્ર છે, કર્મ છે, જડ પદાર્થો છે, રાગ છે, સંસાર છે, મોક્ષ છે, એ બધું સ્વીકાર્યા પછી તે દેવ–ગુરુ–શાસ્ત્ર કે રાગાદિ સાથે આત્માને કેવી જાતનો સંબંધ છે તે વાત હવે ચાલે છે.

આત્માને અને સમસ્ત પર પદાર્થોને ગ્રાહ્ય ગ્રાહકલક્ષણવાળો સંબંધ એટલે કે જ્ઞેયજ્ઞાયક સંબંધ છે. પાંચ ઇન્દ્રિયના વિષયો તરફનું લક્ષ તે શુભ કે અશુભરાગ છે. દેવ–ગુરુ–શાસ્ત્ર શુભરાગનાં નિમિત્તો છે અને સ્ત્રી, પુત્ર, લક્ષ્મી આદિ અશુભરાગનાં નિમિત્તો છે. શુભ કે અશુભ કોઈ પણ પ્રકારનો રાગ તે ઇન્દ્રિયના વિષયોના લક્ષે જ થાય છે, સ્વભાવના વિષયમાં કોઈ પ્રકારનો રાગ થતો નથી; માટે દેવ–ગુરુ–શાસ્ત્ર તેમ જ સ્ત્રી–પુત્ર–લક્ષ્મી એ બધાના લક્ષે થતો શુભ–અશુભરાગ તે પણ પરમાર્થે તો જ્ઞેયમાં જ જાય છે. આત્માના જ્ઞાનસ્વભાવના લક્ષે રાગ થતો નથી માટે આત્માના સ્વરૂપમાં જ રાગ નથી અને તેથી રાગ જ્ઞેયપદાર્થમાં જાય છે અને જ્ઞાનસ્વભાવ તેને જાણનાર છે; આ રીતે જ્ઞેયજ્ઞાયકસંબંધ છે.

દેવ–ગુરુ–શાસ્ત્ર અને રાગાદિ સાથે આત્માને ગ્રાહ્ય–ગ્રાહકસંબંધ છે. આત્મા તે બધાનો જાણનાર છે અને તે બધા જણાવા યોગ્ય છે, ત્યાં તેને જાણતાં મને વસ્તુ લાભ–નુકશાન કરશે, એમ જે માને છે મિથ્યાદષ્ટિ છે, માત્ર જાણવું તેમાં રાગ-દ્વેષ ક્યાં રહ્યો?

જ્ઞેયજ્ઞાયકસંબંધની નિકટતાને લીધે આત્મા અને પરપદાર્થો એક જેવા દેખાય છે–પણ એક નથી, જુદા જ છે. જ્ઞેયજ્ઞાયકસંબંધની નિકટતા કઈ રીતે છે? સામે જે જાતનું જ્ઞેય હોય તેવું જ આત્મામાં જ્ઞાન થાય છે અને જેવું જ્ઞાન હોય તેવું જ સામે જ્ઞેય હોય છે; સામે ધોળી મૂર્તિ હોય અને જ્ઞાનમાં કાળું હાંડલું જણાય, એમ બનતું નથી, આવો જ્ઞેય–જ્ઞાયકનો મેળ છે તેને અહીં 'નિકટસંબંધ' કહ્યો છે; નિકટ સંબંધ બે પદાર્થોનું જુદાપણું બતાવે છે. જો જ્ઞેયના આધારે જ્ઞાન થતું હોય તો જ્ઞેયજ્ઞાયકને નિકટસંબંધ ન રહ્યો પણ બન્ને એકમેક થઈ ગયા, પણ જ્ઞાન અને જ્ઞેયને એકતા નથી માટે જ્ઞેયને લીધે જ્ઞાન થતું જ નથી. જ્ઞાન અને જ્ઞેયને નિકટ સંબંધ હોવા છતાં જ્ઞેયપદાર્થોના કારણે જ્ઞાન થતું નથી.

જ્ઞેયજ્ઞાયકસંબંધને એવા પ્રકારની નિકટતા છે કે સામે કબાટ હોય તો જ્ઞાનમાં કબાટ જ ગણાય, ઘડીયાળ હોય તો ઘડીયાળ જ જણાય, ઘડીયાળમાં સવાચાર ને બે મીનીટ થઈ હોય તો તેવું જ જ્ઞાનમાં જણાય, જ્ઞાન સ્વતંત્રપણે સામે જેવું હોય તેવું જ જાણી લ્યે છે; આવા જ્ઞેયજ્ઞાયકસંબંધને જે નથી સમજતો તે અજ્ઞાનીને એવો ભ્રમ થઈ જાય છે કે મારૂં જ્ઞાન જ્ઞેયપદાર્થના આશ્રયે થાય છે. જ્યારે રાગ થયો ત્યારે જ્ઞાનમાં રાગ જ જણાયો પણ દ્વેષ ન જણાયો માટે મારૂં જ્ઞાન રાગને આધીન છે, એમ અજ્ઞાની પોતાના જ્ઞાનને પરાધીન માનીને જ્ઞેયજ્ઞાયક સંકરદોષ ઊભો કરે છે અને તેથી તેને જ્ઞેયપદાર્થોથી જુદા પોતાના સ્વતંત્ર જ્ઞાન સ્વભાવની પ્રતીત નથી. અહીં જ્ઞેયજ્ઞાયકનું ભિન્નપણું સમજાવે છે કે ભાઈ! તારો જ્ઞાનસ્વભાવ પોતાથી જાણનારો જ છે અને બધા જ્ઞેયો તારાં જ્ઞાનમાં જણાય એવો જ્ઞેયજ્ઞાયકપણાનો નિકટ સંબંધ છે પણ કર્તાકર્મપણાનો સંબંધ નથી; માટે બધા પદાર્થોથી તારા જ્ઞાનસ્વરૂપને જુદું માન!

આ ભગવાનની સ્તુતિની વાત ચાલે છે. જેમ ભગવાને કર્યું તેમ કરવાથી ભગવાનની સ્તુતિ થાય કે તેનાથી બીજું કરવાથી? ભગવાને તો સર્વ પરથી અને વિકારથી પોતાનો જ્ઞાનસ્વભાવ જુદો જાણ્યો અને રાગ–દ્વેષ ટાળી તેમાં સ્થિર થયા ત્યારે તેમને પૂર્ણદશા પ્રગટી છે. તે ભગવાનની સ્તુતિ કરવા માટે ભગવાનની જેમ મારો જ્ઞાનસ્વભાવ પરથી અને વિકારથી ભિન્ન છે, એમ પહેલાં નક્કી કરવું જોઈએ, તો જ ભગવાનની સાચી સ્તુતિ થઈ શકે. બીજા ઉપાયથી ભગવાનની સાચી સ્તુતિ થઈ શકતી નથી.

જેમ ભગવાનનું કેવળજ્ઞાન કોઈ પરપદાર્થોના આધારે જાણતું નથી તેમ નીચલી દશામાં પણ જ્ઞાન પરના આધારે જાણતું નથી–પોતાથી જ જાણે છે; જ્ઞેયજ્ઞાયકસંબંધીની નિકટતા તે ભૂલનું કારણ નથી, પણ જ્ઞેયજ્ઞાયકસંબંધને કર્તાકર્મપણે માની લ્યે છે તે જ ઊંધી માન્યતા છે અને એ માન્યતા વિકારનું મૂળ છે. જો જ્ઞેયપદાર્થો સાથે નિકટ સંબંધ (જ્ઞેય જ્ઞાનમાં જણાય છે તેજ નિકટ સંબંધ છે) તે ભૂલનું કારણ હોય તો કેવળી ભગવાનને ઘણી ભૂલ થવી જોઈએ કેમ કે તેઓ ઘણા જ્ઞેયને જાણે છે; પણ જ્ઞાનમાં વસ્તુ જણાય છે તે ભૂલનું કારણ નથી. જ્ઞાનમાં ઘણી વસ્તુઓ જણાય કે થોડી વસ્તુઓ જણાય તે તો આત્માના ચૈતન્યસ્વભાવની જાહેરાત છે, તે વખતે, 'હું–આત્મા તો જાણનાર છું, રાગ કરનાર નથી, પરના કારણે મારું જ્ઞાન થતું નથી' આમ પોતાના સ્વાધીનપણાની શ્રદ્ધા કરવાને બદલે, 'પરવસ્તુના કારણે પોતાનું જ્ઞાન થયું અને જ્ઞાનમાં પરવસ્તુ જણાણી માટે રાગ થયો એટલે કે મારૂં જ્ઞાન જ રાગવાળું છે' એવી માન્યતા જીવ કરે છે તે જ ભૂલ છે. જ્ઞેયનું લક્ષ કરતાં પોતાના આખા જ્ઞાનસ્વભાવને જ ભૂલી જાય છે અને તેથી

જ્ઞેયપદાર્થો સાથે જ્ઞાનનું એકત્વ ભાસે છે, પરંતુ જ્ઞેયોને જાણતાં 'મારો જ્ઞાનસ્વભાવ બધાથી જુદો જ છે', એમ પોતાના જ્ઞાનસ્વભાવને જુદો પ્રતીતમાં લેવો તે જ ઇન્દ્રિયોના વિષયોને જુદા કરવાપણું છે, જેને જ્ઞેયોથી જુદા જ્ઞાનસ્વભાવની પ્રતીતિ કરી છે તેને, અસ્થિરતાના કારણે પરલક્ષે થતા અલ્પ રાગ–દ્વેષ તે પણ, ખરેખર તો જ્ઞેયપણે જ છે, રાગ-દ્વેષ થાય તેને તે જાણી લ્યે છે પણ પોતાનું સ્વરૂપ માનતો નથી આ જ ભગવાનની સાચી સ્તુતિ છે. આ જ ધર્મ છે.

ભાઈ! તારે ધર્મ કરવો છે, સુખી થવું છે; પણ હું કોણ અને પર કોણ એવા સ્વ–પરના જુદાપણાને ઓળખ્યા વગર તું તારામાં શું કરીશ? પહેલાં પર પદાર્થોથી તારા જુદાપણાને તો તું ઓળખ. બધા પરથી મારૂં સ્વરૂપ જુદું છે, એમ નક્કી કરતાં અનંત પરવસ્તુની દૃષ્ટિ ટળીને સ્વભાવની દૃષ્ટિમાં આવ્યો એટલે કે સમ્યગ્દર્શન થયું. બસ! અહીંથી ધર્મની શરૂઆત થાય છે; માટે સૌથી પહેલાં આચાર્યભગવંતો સ્વ–પરનું સ્વરૂપ બતાવીને ભેદવિજ્ઞાન જ કરાવે છે, ભેદવિજ્ઞાનથી જ સર્વ સિદ્ધિ થાય છે.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે અને પર વસ્તુઓ તેનું જ્ઞેય છે. જ્ઞાન આત્માને લઈને છે અને જ્ઞેયો જ્ઞેયવસ્તુને લઈને છે, બંને પોતપોતાના સ્વતંત્ર કારણે છે, પણ તેમને જ્ઞેય–જ્ઞાયકની નિકટતાનો વ્યવહારુ સંબંધ અનાદિનો છે. જ્ઞેયજ્ઞાયકસંબંધને અહીં વ્યવહારુ સંબંધ કેમ કહ્યો? કારણ કે જ્ઞેય જ્ઞાયકસંબંધ પર્યાયઅપેક્ષાએ છે, દ્રવ્યઅપેક્ષાએ તો એક દ્રવ્યને બીજા દ્રવ્ય સાથે કાંઈ જ સંબંધ નથી. જ્ઞેય–જ્ઞાયકસંબંધ પર્યાયઅપેક્ષાએ છે માટે અહીં તેને વ્યવહારુ સંબંધ કહ્યો છે. સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય ત્રિકાળ જુદાં છે, છતાં અજ્ઞાનીને જ્ઞેય–જ્ઞાયકસંબંધીની નિકટતાથી જાણે સ્વ પર એક થઈ જતાં હોય, એમ 'એક જેવાં' ભાસે છે, જુદાપણું ભાસતું નથી. સ્વ અને પર એક છે નહિ પણ 'એક જેવાં' ભાસે છે તેથી જ અજ્ઞાન છે. જો સ્વ પરનું જુદાપણું જાણે તો અજ્ઞાન રહે નહિ.

સારી મિષ્ટાન્ન વસ્તુને જોતાં તે વખતે રાગ થાય અને મોઢામાં પાણી આવી જાય (સૂસવાટ થઈ જાય) ત્યાં મિષ્ટાન્નને કારણે કે તેના જ્ઞાનના કારણે રાગ થયો નથી અને રાગ થવાના કારણે મોઢામાં પાણી આવ્યું નથી. મિષ્ટાન્ન જુદી ચીજ છે. જ્ઞાન જુદું છે, રાગ જુદો છે અને મોઢામાં પાણી આવ્યું તે જુદું છે. જ્ઞાન તે જાણનાર છે અને મિષ્ટાન્ન, રાગ તેમજ પાણ એ બધા જ્ઞેયો છે. જ્ઞાનીએ જે રાગ થયો તેને જાણ્યો ખરો પણ તેને પોતાનો સ્વભાવ માન્યો નહિ; અજ્ઞાનીએ તે રાગને જાણ્યો ખરો પણ તે રાગ અને જ્ઞાન વચ્ચે ભેદ પાડી શક્યો નહિ એટલે તે રાગને પોતાનું સ્વરૂપ માની બેઠો. અહીં આચાર્યદેવે રાગ અને જ્ઞાન વચ્ચે સૂક્ષ્મ ભેદજ્ઞાન કરાવ્યું છે. જે જાતનો આત્મામાં જ્ઞાનનો

ઊઘાડ હોય તે જ જાતનું જ્ઞેય સ્વયં હાજર હોય, ત્યાં જેને આત્માનું લક્ષ નથી તેને પોતાનું જ્ઞાન આત્મામાંથી જ પ્રગટે છે એવી ખબર નથી, તેથી 'આ સામી ચીજ આવી તેને લીધે મને જ્ઞાન થયું', એમ અજ્ઞાનીને જ્ઞેય–જ્ઞાયક એક જેવાં લાગે છે, પણ એક નથી પોતાની ચૈતન્યશક્તિનું સ્વયમેવ અનુભવમાં આવતું જે અસંગપણું સ્પષ્ટ ભાસે છે. ચૈતન્યશક્તિ અસંગ છે, તે પોતાના સ્વભાવથી જ જાણે છે, કોઈ પર પદાર્થના સંગથી તે જાણતી નથી.

**પ્રશ્ન :—**જો જ્ઞેયપદાર્થના કારણે જ્ઞાન થતું નથી, એમ કહેશો તે શાસ્ત્રોનું કોઈ બહુમાન નહિ કરે, કેમકે શાસ્ત્રોના કારણે તો જ્ઞાન થતું નથી?

**ઉત્તર :—**જે સાચું સમજશે તેને જ સત્‌ના નિમિત્તો તરફનો યથાર્થ શુભવિકલ્પ આવશે. શાસ્ત્રના કારણે તો જ્ઞાન થયું નથી, પરંતુ જ્યારે પોતે સાચું સમજે છે ત્યારે સત્શાસ્ત્રાદિ જ નિમિત્ત તરીકે હોય છે. જ્યારે નિમિત્ત તરફથી લક્ષ ઉપાડીને સ્વમાં લક્ષ કર્યું ત્યારે સાચું સમજ્યો છે અને ત્યારે જ પરવસ્તુમાં નિમિત્તપણાનો ઉપચાર આવે છે; હવે પરમાર્થથી તો કોઈ જીવ દેવ–ગુરુ–શાસ્ત્રાદિ પર પદાર્થનું બહુમાન કરતો નથી, પણ પોતાને જે સત્‌ સમજાણુ છે તે સત્‌સમજણનું જ પોતે બહુમાન કરે છે, પણ હજી વીતરાગ દશા નથી તેથી સત્‌સમજણનું બહુમાન કરતાં શુભવિકલ્પ ઊઠે છે અને શુભવિકલ્પ વખતે અશુભનિમિત્તોનું લક્ષ ન હોય પણ સત્‌દેવ–ગુરુશાસ્ત્રાદિ શુભ નિમિત્તોનું જ લક્ષ હોય છે; આ રીતે સાચી સમજણ થતાં સત્દેવ–ગુરુ–શાસ્ત્રનાં બહુમાનનો શુભવિકલ્પ આવ્યા વગર રહેશે નહિ; પણ જે જીવ દેવ–ગુરુ–શાસ્ત્રનાં કારણે આત્માનું જ્ઞાન માને છે તે તો પોતાના સ્વાધીન તત્ત્વની હિંસા કરે છે અને દેવ–ગુરુ–શાસ્ત્રની આજ્ઞાનો પણ તે અનાદર કરે છે. દેવ–ગુરુ–શાસ્ત્ર તો, એમ બતાવે છે કે–'તું જ્ઞાનસ્વરૂપ છો, તારૂં જ્ઞાન તારા સ્વભાવમાંથી જ પ્રગટે છે, પરનો આધાર તારા જ્ઞાનને નથી' આ પ્રમાણે ન માનતાં 'મારૂં જ્ઞાન તો પરના આધારે પ્રગટે છે', એમ જે ઊંધું માને છે તેણે દેવ–ગુરુ–શાસ્ત્રના કથનને માન્યું નથી.

'અમુક ઈન્દ્રિયના વિષયમાં જ્ઞાન અટકી ગયું', એમ કહેવાય છે ત્યાં વિષય તે જડ નથી પણ રાગ છે પર વસ્તુમાં જ્ઞાન અટકતું નથી પણ પર વસ્તુને જાણતાં પોતે રાગભાવ કરીને રાગમાં અટકે છે; જાણવામાં રાગ કરીને અટક્યો તે જ વિષય છે. સ્વવિષયનું લક્ષ ચૂકીને પરમાં લક્ષ જવું તે જ વિષય છે. જ્ઞાનની એકતા આત્મા સાથે કરવાને બદલે પર લક્ષમાં જ્ઞાનની એકતા થઈ તે જ વિષય છે. રાગ અને રાગનું નિમિત્ત પરવસ્તુ તે બંનેને એક કરીને તેને 'ઈન્દ્રિયનો વિષય' કહીને આત્માથી જુદા કહ્યાં છે.

એક તરફ એકલો જ્ઞાનસ્વભાવ રાખ્યો અને બીજી તરફ બધું જ્ઞેયમાં રાખ્યું, આમ દૃષ્ટિવડે બે ભેદ જ કરી નાંખ્યા છે. શુભ કે અશુભ કોઈ પણ પ્રકારનો રાગ અને તે રાગના નિમિત્તો એ બધાયથી હું નિરાળો જાણનાર જ છું—આવું અસંગ સ્વરૂપનું જ્ઞાન કરવું તે જ ઇન્દ્રિયના વિષયભૂત સ્પર્શાદિ પદાર્થોનું જીતવું છે.

અહીં ઇન્દ્રિયના વિષયભૂત સ્પર્શાદિ પદાર્થો', એમ કહ્યું છે તેથી કોઈને પ્રશ્ન ઊપજે કે સ્પર્શાદિ તો ગુણ છે તો તેને પદાર્થો કેમ કહ્યાં છે? તો આ પ્રશ્નનું સમાધાન જો કે સ્પર્શાદિ તે તો ગુણ છે પરંતુ ગુણગુણી અભેદ હોવાથી સ્પર્શાદિ ગુણ જાણતાં વસ્તુ પણ ભેગી જણાય છે તે અપેક્ષાએ અહીં 'સ્પર્શાદિ પદાર્થો', એમ કહીને ગુણ અને વસ્તુની અભેદતાથી કથન કર્યું છે. વળી 'સ્પર્શાદિ' કહેવાનો એવો પણ આશય છે કે અહીં ઇન્દ્રિયના વિષયનું વર્ણન છે ઇન્દ્રિયદ્વારા પરમાણુ જણાતો નથી તેમજ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ એ બધા ગુણો એક સાથે જણાતા નથી પણ સ્પર્શાદિ એ ગુણ જ જણાય છે માટે અહીં 'સ્પર્શાદિ પદાર્થો' એમ કહ્યું છે.

ઇન્દ્રિયના વિષયભૂત પદાર્થો તરફ લક્ષ કરતાં રાગ અનુભવમાં આવે છે પરંતુ વિષયોથી મારૂં જ્ઞાન જુદું છે એમ પ્રતીતમાં લેતાં ચૈતન્યનું અસંગપણું સ્વયમેવ અનુભવમાં આવે છે—ત્યાં રાગની કે ઇન્દ્રિયોની જરૂર પડતી નથી. જ્ઞાન સ્વયમેવ અનુભવમાં આવે છે, જ્ઞાન વખતે પર વસ્તુઓ ભલે હાજર હો પણ તે વસ્તુના આધારે જ્ઞાનની ખીલવટ થઈ નથી, જ્ઞાનની ખીલવટ તો એકલા જ્ઞાનસ્વભાવના જ આધારે થાય છે. ચૈતન્યનું જ્ઞાન રાગમાં કે પરમાં ભળી જતું નથી માટે તે અસંગ છે. જ્ઞાન પરના આધારે તો થતું જ નથી પણ ખરેખર તો જ્ઞાન પોતાની જ્ઞાનદશાને જ જાણે છે પરને જાણતું નથી. જ્ઞાનવડે સ્વયમેવ જ્ઞાનનો અનુભવ કરતાં પર પદાર્થ જણાઈ જાય છે.

પર પદાર્થોથી જ્ઞાનનું ભિન્નપણું જ છે એમ સ્વયમેવ (એકલા આત્માથી) અનુભવમાં આવતું જે અસંગપણું તેની શ્રદ્ધાવડે ઇન્દ્રિયના વિષયભૂત પર દ્રવ્યોને પોતાથી જુદા કર્યા. અસંગ ચૈતન્યસ્વરૂપનો અનુભવ કરતાં રાગ અને પરદ્રવ્યોનું લક્ષ છૂટી જાય છે અને જ જિતેન્દ્રિયપણું કહ્યું છે. જે અસંગ ચૈતન્યરૂપ અને ઇન્દ્રિયના વિષયભૂત પદાર્થોનું એકપણું માનીને સંગ—અસંગપણાનો ખીચડો કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે—સંકરદોષ સહિત છે અને ચૈતન્યના અસંગપણાની શ્રદ્ધાવડે તે ઊંધી માન્યતારૂપ સંકરદોષનો પરિહાર થાય છે; સંકરદોષનો પરિહાર તે જ ભગવાનની સાચી સ્તુતિ છે.

## ગાથા–૩૧ ચાલુ

(સોનગઢ ૨૦૦૧ કારતક વદ ૦)

ભગવાનની સાચી સ્તુતિના ત્રણ પ્રકાર છે, તેમાં સૌથી પહેલી શરૂઆતની સ્તુતિ કોને કહેવાય તેનું વર્ણન ચાલે છે, તેમાં દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિયને જીતવાના બે બોલ કહેવાઈ ગયા છે, ત્રીજો બોલ ચાલે છે. પર પદાર્થોથી પોતાને અસંગપણું છે એવી દૃષ્ટિવડે પોતાના જ્ઞાનસ્વભાવથી પરપદાર્થને સર્વથા જુદા કર્યા–જુદા જાણ્યા તે પરપદાર્થોનું જીતવું છે. હું અખંડ જ્ઞાનસ્વરૂપ આત્મા જડ ઇન્દ્રિયોથી જુદો, ખંડ ખંડ જ્ઞાનથી જુદો એટલે કે અધુરા જ્ઞાન જેટલો નહિ અને સર્વજ્ઞેય પદાર્થોથી જુદો છું એવી અંતર સ્વભાવની દૃષ્ટિ થઈ તે જ સાચી સ્તુતિ છે. પરની ઓથે મને આત્મલાભ થાય એવી માન્યતા છોડીને પોતાના સ્વભાવમાં એકાગ્રતા કરવી તેનું નામ ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થોનું જિતવું અથવા સમ્યગ્દર્શન છે અને તે જ ભગવાનની સાચી સ્તુતિ છે.

**પ્રશ્ન** :—આમાં ક્યાંય ભગવાનનું તો નામ પણ આવતું નથી, આમાં તો આત્મા–આત્મા આવે છે, તો તેને ભગવાનની સ્તુતિ કઈ રીતે કહો છો?

**ઉત્તર** :—આમાં ભગવાનની નિશ્ચયસ્તુતિની વાત છે. નિશ્ચયથી તો જેવો ભગવાનનો આત્મા છે તેવો જ પોતે છે, માટે નિશ્ચયમાં તો આત્માની જ વાત આવે. પરની સ્તુતિ (ભગવાનનું લક્ષ) તે નિશ્ચયસ્તુતિ નથી, પણ શુભરાગ છે. પોતાના પૂર્ણ સ્વભાવની પ્રતીત કરવી તે જ ભગવાનની નિશ્ચયસ્તુતિ છે–તે જ આત્મધર્મ છે પોતાને માટે તો પોતે જ ભગવાન છે તેથી નિશ્ચયથી પોતાની સ્તુતિ તે જ ભગવાનની સ્તુતિ છે. ભગવાનમાં અને પોતામાં નિશ્ચયથી કાંઈ પણ અંતર માને તો તે ભગવાનની સ્તુતિ કરી શકે નહિ. દૃષ્ટિમાં અસંગ ચૈતન્યરૂપની સ્તુતિ કરી તે જિતેન્દ્રિય થયો. પોતાના અસંગ સ્વરૂપની દૃષ્ટિ કરતાં બધાય પરને અને વિકારને પોતાથી જુદા જાણ્યા તે જ જિતેન્દ્રિયપણું છે. અહીં ટીકામાં દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને ઇન્દ્રિયોના વિષયભૂત પર પદાર્થો એ ત્રણેને જીતવાની વાત જો કે ક્રમસર કરી છે પરંતુ તેમાં કાંઈ ક્રમ પડતો નથી; જ્યાં પોતાના સ્વભાવ તરફ વળ્યો ત્યાં ત્રણેનું જીતવું એક સાથે જ થાય છે. 'જીતવું' કહેતાં કાંઈ તે પદાર્થોને દૂર હડસેલવા નથી, તેમ જ તે પર દ્રવ્યોમાં કાંઈ ફેરફાર કરવો નથી પરંતુ પોતાનું લક્ષ સ્વ તરફ ફેરવીને લક્ષમાંથી તેમને દૂર કરવા છે. તે બધા તરફનું લક્ષ છોડી દઈને સ્વભાવનું કર્યું તેજ તેમનું જિતવું છે. દ્રવ્ય ઇન્દ્રિયોથી, ખંડખંડરૂપ જ્ઞાનથી કે જ્ઞેય પદાર્થોથી આત્માનું સમ્યગ્દર્શનાદિ કાર્ય કરી શકું એવી જે માન્યતા છે તેમાં જ્ઞેયજ્ઞાયકસંકર દોષ છે, સ્વપરની એકત્વ માન્યતા છે તે જ મિથ્યાત્વ છે, પરંતુ તે

તરફથી લક્ષ છોડીને સ્વલક્ષે તે સ્વપરના એકત્વપણાની માન્યતા છોડી દેતાં સંકરદોષ દૂર થયો અને સમ્યગ્દર્શન થયું, પરંતુ તેમના તરફનું લક્ષ ક્યારે છૂટે? જે ઇન્દ્રિયથી જ્ઞાન માને કે વિકલ્પથી જ્ઞાન માને કે પરવસ્તુથી જ્ઞાન માને તો તેનું જ્ઞાન કદી પણ ત્યાંથી ખસે જ નહિ; પણ મારૂં જ્ઞાન સ્વતંત્ર છે, જડ ઇન્દ્રિયની, વિકલ્પની કે પરવસ્તુની મારા જ્ઞાનમાં નાસ્તિ છે—આમ જો સમજે તો જ્ઞાનસ્વભાવમાં લક્ષ કરે અને તેમના ઉપરથી જ્ઞાનનું લક્ષ ખેંચી લ્યે.

અહીં દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને ઇન્દ્રિયોના વિષયભૂત પરપદાર્થ એ બધાથી જ્ઞાન સ્વભાવ જુદો છે એમ ત્રણ પ્રકારે ભેદ કરી સમજાવ્યું છે, પણ ખરેખર તો ત્રણેમાં એક જ સમજાવવું છે કે તારૂં જે લક્ષ પર તરફ જાય છે તેને સ્વ તરફ વાળ. જ્યારે તારૂં લક્ષ અતીન્દ્રિય જ્ઞાનસ્વભાવથી ખસ્યું છે ત્યારે જડ ઇન્દ્રિયો ઉપર લક્ષ ગયું છે અને જડ ઇન્દ્રિયો તરફ જ્યારે લક્ષ વળ્યું ત્યારે જ્ઞાનમાં ખંડ પડીને ભાવેન્દ્રિય ઉભી થઈ છે અને ભાવેન્દ્રિયવડે જાણનારૂં જ્ઞાન પરજ્ઞેયોને જ જાણે છે—માટે તે ત્રણેયનો નકાર કરીને જ્ઞાનસ્વરૂપ આત્માનું લક્ષ કરાવ્યું છે.

અતીન્દ્રિય આત્મા ઇન્દ્રિયોથી પાર છે. તેનું લક્ષ કરતાં ઇન્દ્રિયનું અવલંબન છૂટી જાય છે તે જ ઇન્દ્રિયોનું જીતવું છે. પર સન્મુખ થવામાં દ્રવ્યેન્દ્રિયાદિ ત્રણે ભેગા આવે છે અને સ્વસન્મુખ થતાં ત્રણેયના અવલંબનનો એક સાથે અભાવ આવે છે. નિમિત્ત, ખંડ અને પર એ ત્રણેથી પાર સ્વતંત્ર, અખંડ, ચૈતન્યસ્વભાવ તરફ ઢળીને તેની પ્રતીત કરવી તે જ ધર્મ છે, તે જ અનંતા તીર્થંકરોની સાચી સ્તુતિ છે.

આ પ્રમાણે અખંડ જ્ઞાનસ્વરૂપના લક્ષે ઇન્દ્રિયાદિને જીતીને સ્તુતિ કરી, તે સ્તુતિનું ફળ શું આવ્યું? તે હવે વર્ણવે છે. ''આમ જે દ્રવ્યેન્દ્રિયો, ભાવેન્દ્રિયો તથા ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થો—એ ત્રણેને જીતીને, (અજ્ઞાનદશામાં) જ્ઞેયજ્ઞાયક—સંકર નામનો દોષ આવતો હતો તે સઘળો દૂર થવાથી એકત્વમાં ટંકોત્કીર્ણ અને જ્ઞાનસ્વભાવ વડે સર્વ અન્ય દ્રવ્યોથી પરમાર્થે જુદા એવા પોતાના આત્માને અનુભવે છે તે નિશ્ચયથી જીતેન્દ્રિય જિન છે.'' (શ્રી સમયસાર પાનું—૫૭.)

આમાં તો આચાર્યપ્રભુએ સમ્યગ્દષ્ટિને નિશ્ચયથી જિન કહ્યા છે, જેમને સમ્યગ્દર્શન થયું તેઓ અલ્પકાળમાં જિન થવાના જ. જેણે જિનેશ્વરદેવ જેવા જ પોતાના આત્મસ્વભાવને ઓળખીને તેની પ્રતીતમાં કરી તે 'જિન' થઈ ગયા. સમ્યગ્દષ્ટિને અનેક ઠેકાણે શાસ્ત્રમાં 'જિન' કહ્યા છે. અહો? જગતને સમ્યગ્દર્શનનાં માહાત્મ્ય નથી. સમ્યગ્દર્શને તો આખા પૂર્ણાનંદી દ્રવ્યને પ્રતીતમાં સમાવી દીધું છે. આખા દ્રવ્યને પ્રતીતમાં લીધું ત્યાં પૂર્ણદશા પાછી ફરે જ નહિ.

આત્માનો એકરૂપ સ્વાભાવિક ચૈતન્યસ્વભાવ હોવા છતાં પહેલાં અજ્ઞાનદશાના કારણે અનેકરૂપે ખંડખંડરૂપ માનતો, પણ જ્યાં સાચા જ્ઞાનવડે સ્વભાવને પ્રતીતિમાં લીધો ત્યાં પર સાથે એકત્વ બુદ્ધિ ટળી અને ખંડ–ભેદરહિત એકત્વસ્વરૂપમાં સ્થિત ટંકોત્કીર્ણ એકાકાર સ્વભાવ અનુભવમાં આવ્યો, આવો અનુભવ કરનાર જીતેન્દ્રિય જિન છે.

**પ્રશ્ન :—**આમાં તો સિદ્ધપર્યાયનું સ્વરૂપ બતાવાય છે ને?

**ઉત્તર :—**સિદ્ધપર્યાયનું સ્વરૂપ નહિ પણ અખંડ દ્રવ્યનું સ્વરૂપ બતાવાય છે; સિદ્ધ તો એક પર્યાય છે અને અહીં તો એવી અનંત પર્યાયોથી અખંડ દ્રવ્ય બતાવાય છે, આ દ્રવ્યમાંથી જ સિદ્ધદશા પ્રગટે છે. પર્યાયનું લક્ષ છોડાવીને સ્વભાવનું લક્ષ કરવા માટે કહેવાય છે, કેમકે અખંડ દ્રવ્ય સ્વભાવને લક્ષમાં લેવો તે જ ધર્મ છે. અખંડ એકરૂપ ચૈતન્યસ્વભાવની પ્રતીતિમાં પર તરફનો ખ્યાલ જ નથી, આત્માનું આખું ચૈતન્ય સામર્થ્ય અંતરમુખ વળવાની તાકાતવાળું છે, તે સામર્થ્ય ઇન્દ્રિયાદિ બહારની સામગ્રીની મોળપે મોળું પડતું નથી. પોતે સ્વભાવની રુચિ કરીને અધુરા જ્ઞાનને સ્વ તરફ વાળે તો કોઈ પરદ્રવ્યો તેને અટકાવતા નથી. આમાં તો પર લક્ષે અવસ્થાના ખંડ પડે છે તે ઊડાડી દીધા; એક તરફ આખો જ્ઞાનમૂર્તિ અખંડ આત્મા રાખીને ઇન્દ્રિયો, ખંડખંડરૂપ જ્ઞાન ને પર વસ્તુઓ તે બધાયને આત્માથી જુદા પડખામાં બતાવ્યા. આ રીતે પરનું, વિકલ્પનું અને પર્યાયનું લક્ષ તોડીને એકરૂપ અખંડ સ્વભાવની પ્રતીતિ કરવી તે જ ઈશ્વરનો સાક્ષાત્કાર છે, તે જ આત્મદર્શન છે, તે જ નિશ્ચયસ્તુતિ છે અને તે જ પ્રથમ ધર્મ છે.

અવસ્થામાં અધૂરૂં જ્ઞાન હોય તે જ્ઞાન જો પર તરફ વળે તો તે આત્માને જાણી શકતું નથી અને આત્માને જે જ્ઞાન ન જાણે તે જ્ઞાન આત્માનું સ્વરૂપ નથી. અવસ્થામાં ઓછું જ્ઞાન હોય છતાં જો તે સામાન્યસ્વભાવ તરફ ઢળે તો તે જ્ઞાન આત્માને જાણનારૂં હોવાથી સ્વભાવ તરફનું થયું. જેટલું જ્ઞાન પોતાના સ્વભાવ તરફ વળ્યું તેટલું જ્ઞાન તો આત્મા સાથે એક થયું છે તેથી તે અખંડ છે અને જે જ્ઞાન પર તરફ જાય છે તે જ્ઞાન ખંડખંડરૂપ છે, તે ખંડખંડ જ્ઞાનને અહીં આત્માનું સ્વરૂપ કહ્યું નથી; કેમકે અહીં તો સમ્યક્દર્શનનો અખંડ વિષય બતાવવો છે તેથી એકલા સામાન્યની વાત લીધી છે. જ્ઞાનની દૃષ્ટિ અખંડ એકરૂપ સ્વભાવ ઉપર છે, સ્વ ને જાણતાં પર જણાય છે. અજ્ઞાનીને સ્વનું ભાન નહિ હોવાથી 'હું પરને જ જાણું છું, પરને જાણનારૂં મારૂં જ્ઞાન છે. એમ પર તરફથી તે જ્ઞાનનું માપ કરે છે. જ્ઞાની જાણે છે કે હું પોતે જ જ્ઞાન છું મારા જ્ઞાનના વિશેષો વડે હું મને જ જાણું છું.

અધુરૂં ખંડખંડરૂપ જ્ઞાન તે આત્માની પર્યાયમાં હોવા છતાં અહીં તેને

ચૈતન્યસ્વભાવથી જુદું કેમ કહ્યું? ખરેખર તો જ્ઞાનની અધુરી પર્યાય તે પણ આત્માના જ્ઞાન સ્વભાવના જ વિશેષો છે, પરંતુ દર્શનનો વિષય અભેદ છે તેમાં વિશેષ અવસ્થાનો સ્વીકાર નથી. દર્શનમાં તો સામાન્ય પરિપૂર્ણ જ આવે. જ્યારે દર્શન સામાન્યસ્વભાવને નક્કી કરે છે ત્યારે, પર્યાયને ગૌણ કરીને જ્ઞાન સ્વ તરફ વળીને સમ્યક્ થાય છે અને તે સમ્યગ્જ્ઞાન સામાન્ય વિશેષ બંનેને જાણે છે.

જે અખંડ આત્મસ્વભાવ તરફ વળ્યા છે એવા ચોથા ગુણસ્થાનવાળા સમ્યગ્દૃષ્ટિને અહીં 'જિતેન્દ્રિય જીન' કહ્યા છે. રાગ અને અપૂર્ણતારહિત પૂર્ણસ્વરૂપ દૃષ્ટિમાં લીધું છે અને અવસ્થાની નબળાઈથી અલ્પરાગ-દ્વેષ થાય તેને પોતાના સ્વીકારતા નથી, એથી દૃષ્ટિ અપેક્ષે તેઓ (સમ્યગ્દૃષ્ટિ જિન છે. આત્મા પરથી નિરાળો એકલો જ્ઞાતાદૃષ્ટા છું એવા સ્વભાવની સ્વાશ્રિતદૃષ્ટિવડે જ્ઞાનને સ્વમાં વાળીને પરના આશ્રયને જીતી લીધો (જ્ઞાનમાંથી પરાશ્રય છોડી દીધો) તે જ જિન છે. જ્ઞાનમાંથી પરાશ્રયપણાનો નકાર કર્યો એટલે અપૂર્ણતાનો પણ નકાર જ થઈ ગયો, કેમ કે જ્ઞાનમાં જે અપૂર્ણતા હતી તે પરાશ્રયે હતી, પરંતુ સ્વભાવના આશ્રયે અપૂર્ણતા નથી. આવી પ્રતીત કર્યા પછી અલ્પ અસ્થિરતાના કારણે જ રાગ રહ્યો તેને જ્ઞાતા થઈ ગયો છે. પ્રથમ અજ્ઞાનદશામાં વિકાર જેટલું પોતાનું સ્વરૂપ માનીને પોતે પરવસ્તુથી જીતાઈ જતો હતો, હવે વિકાર રહિત પોતાના ત્રિકાળ સ્વભાવના ભાનવડે જુદો પડ્યો એટલે જુદા જ્ઞાન–સ્વભાવવડે ઈન્દ્રિયોના વિષયભૂત પરવસ્તુને જીતી લીધી, તેથી તે ખરેખર જિતેન્દ્રિય જિન છે.

'જ્ઞાનસ્વભાવ અન્ય અચેતન દ્રવ્યોમાં નથી તેથી તે વડે આત્મા સર્વથી અધિક, જુદો જ છે.' પાંચ ઈન્દ્રિયો કે જે જડ છે તેની હીનતા થવાથી આત્માના જ્ઞાનની હીનતા થાય એમ જે માને તે જડબુદ્ધિ છે; પાંચ ઈન્દ્રિયો તો અચેતન છે તેનાથી તો આત્માનું જ્ઞાન નથી. પરંતુ અહીં તો આચાર્ય ભગવાન એમ બતાવે છે કે પાંચ ઈન્દ્રિયોના નિમિત્તે થતું ખંડખંડરૂપ જ્ઞાન કદાચ શિથિલ થઈ જાય (પરને જાણવા માટે થઈ જાય) તોપણ આત્મા તરફની શ્રદ્ધામાં જરાપણ શિથિલપણું આવતું નથી. અહીં ઈન્દ્રિયોના નિમિત્તે થતું જ્ઞાન શિથિલ થવાની વાત કરી છે કેમકે ઈન્દ્રિયોના નિમિત્તે જાણનારૂં જ્ઞાન જ પરને જાણે છે, પરને જાણનાર જ્ઞાનનો મહિમા નથી પણ સ્વને જાણનાર જ્ઞાનનો મહિમા છે, તેથી પરને જાણવામાં જ્ઞાનની શિથિલતા–મોળપ હોય તોપણ કાંઈ સ્વને જાણવાની મારા જ્ઞાનની તાકાત ઘટતી નથી. ભલે પરનું જાણપણું વિશેષ ન હોય પણ જ્ઞાનની સ્વમાં એકાગ્રતા વડે હું કેવળજ્ઞાન લઈશ, કેમકે મારા જ્ઞાનસ્વભાવને કોઈ પરનું અવલંબન નથી.

જડ ઇન્દ્રિયો તો અચેતન છે જ પરંતુ અહીં આચાર્યદેવ તો કહે છે કે જડ ઇન્દ્રિયના નિમિત્તે થતું પર તરફનું ખંડખંડજ્ઞાન તેને પણ દૃષ્ટિના જોરે અમે અચેતન કહીએ છીએ; કેમકે પરને જાણવામાં અટકેલું જ્ઞાન ચૈતન્યના વિકાસને રોકે છે, પરને જાણતાં જાણતાં કેવળજ્ઞાન થતું નથી પણ સ્વને જાણતાં જાણતાં કેવળજ્ઞાન થાય છે પરને જાણવામાં અટકનારૂં જ્ઞાન કેવળજ્ઞાનને રોકે છે માટે તે પણ અચેતન! જેનું એકત્વપણું ચૈતન્ય સાથે નથી તેને ચેતન કેમ કહેવાય? માટે ઇન્દ્રિય અને ખંડખંડરૂપજ્ઞાન, તેનાથી જુદો ચૈતન્યસ્વભાવ છે એમ સમ્યગ્દૃષ્ટિઓ અનુભવે છે.

જે ઇન્દ્રિયો પોતાના સ્વરૂપમાં નથી તે ઉગ્ર રહે કે મોળી તેમાં આત્માને શું? અરે, ઇન્દ્રિયો તો ઠીક પરંતુ પરને જાણનારી ખંડખંડરૂપ જ્ઞાનની શક્તિ ઓછી હોય તોપણ સ્વને માટે વાંધો નથી. પરને જાણનારૂં જ્ઞાન ઓછું હોય કે વધારે તેની સાથે કેવળજ્ઞાનને સંબંધ નથી. એકલો આત્મા સ્વ જ્ઞાનસ્વભાવનો પિંડ છે, જ્યાં તે અંતર સ્વભાવમાં દૃષ્ટિ ઢળી ત્યાં બહારના પદાર્થોને જાણવાનું વલણ જ છૂટી ગયું એટલે ભવેન્દ્રિય (ખંડખંડરૂપજ્ઞાન) પણ છૂટી જ ગઈ કેમકે ભાવેન્દ્રિયનું વલણ બહાર જ છે. નિમિત્તાધીન થતાં જ્ઞાનનું વલણ સ્વમાં હોય નહિ, જે જ્ઞાન સ્વમાં વળે છે તે જ્ઞાનમાં નિમિત્તનું અવલંબન છૂટી જાય છે. સ. ૭૮

બધા નિમિત્તોનું અવલંબન છૂટીને એકલા જ્ઞાનવડે અનુભવમાં આવતો આત્માનો જ્ઞાનસ્વભાવ કેવો છે તે કહે છે. ''વિશ્વની (સમસ્ત પદાર્થોની) ઉપર તરતો (અર્થાત્ તેમને જાણતાં છતાં તે રૂપ નહિ થતો), પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી સદાય અંતરંગમાં પ્રકાશમાન, અવિનશ્વર સ્વતઃસિદ્ધ અને પરમાર્થરૂપ—એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે.'' (શ્રી સમયસાર પાનું–૫૮)

જ્ઞાનસ્વભાવ તે ભગવાન જ છે, કેમકે એકલું જ્ઞાન તેમાં વિકાર ન રહ્યો, અપૂર્ણતા ન રહી, પર વસ્તુનો સંગ ન આવ્યો. બધાને જાણવાપણું અને પોતાથી પરિપૂર્ણપણું આવ્યું–આવું જ્ઞાન તે ભગવાન જ છે. ભગવાનને ભવ નથી તેમ જ્ઞાનસ્વભાવમાં ભવ નથી, જેને જ્ઞાનસ્વભાવની પ્રતીત કરી તેને ભવની શંકા ન રહી. જ્ઞાનસ્વભાવ વિકારથી અધિક છે, વિશ્વ ઉપર તરતો છે; બધાય પદાર્થોને જાણે પણ ક્યાંય પોતાપણું માની અટકે નહિ, બધાથી છૂટો ને છૂટો જ રહે છે. વિકાર થાય તેટલો જ્ઞાનસ્વભાવ નથી, વિકારવડે જ્ઞાનસ્વભાવ દબાઈ જતો નથી પણ વિકારથી જુદો ને જુદો સાક્ષીપણે રહે છે, વિકારનો પણ જ્ઞાતા જ રહે છે. જ્યાં વિકારનો જ્ઞાતા જ થઈ ગયો ત્યાં પછી વિકાર ક્યાં રહે? આત્મા તો જ્ઞાતા થઈ ગયો છે, જ્ઞાતા ભાવમાં વિકાર ભાવ

રહી શકે નહિ એટલે તો જ્ઞાતા થઈ ગયો છે, જ્ઞાતા ભાવમાં વિકાર ભાવ રહી શકે નહિ એટલે તે અલ્પકાળમાં ટળ્યે જ છૂટકો. આ રીતે આત્માનો જ્ઞાનસ્વભાવ બધાય ભાવોથી જુદો રહીને જાણે જ છે માટે તે વિશ્વ ઉપર તરતો છે.

વળી તે જ્ઞાનસ્વભાવ પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી સદાય અંતરંગમાં પ્રકાશમાન છે એટલે કે તે ખંડખંડ જ્ઞાન જેટલો નથી પહેલાં જ્ઞાન બહારમાં ઢળતું પણ આ જ્ઞાન સદાય અંતરંગમાં જ ઢળનારૂં છે, પોતાને જાણવામાં પ્રત્યક્ષ ઉદ્યોતમાન છે. ઈન્દ્રિયજ્ઞાન સદાય બહારનું જાણતું પણ આમ સ્વભાવ તરફ ઢળેલું જ્ઞાન સદાય અંતરંગમાં પ્રકાશમાન છે.

આત્માનો જ્ઞાનસ્વભાવ સદાય અવિનશ્વર અને સ્વતઃસિદ્ધ છે. જ્ઞાનસ્વભાવ નવો થયો નથી પણ ત્રિકાળ સ્વતઃસિદ્ધ છે; કોઈ પર પદાર્થના કારણે જ્ઞાન નથી પણ જ્ઞાન તો આત્માનો સ્વતઃસિદ્ધ સ્વભાવ છે, તે અવિનશ્વર હોવાથી કદી નાશ પામતો નથી, ત્રિકાળ એવો ને એવો રહે છે; અહીં પર્યાય નથી બતાવવી, કેમકે પર્યાય તો ક્ષણિક છે મોક્ષમાર્ગની પર્યાય પણ નાશવાન છે, અહીં તો પર્યાય ગૌણપણે રાખીને ત્રિકાળી જ્ઞાનસ્વભાવ સામાન્યપણે નિત્ય ટકી રહે છે માટે તેને અવિનશ્વર કહ્યો છે. આવો જે ભગવાનજ્ઞાનસ્વભાવ તે જ પરમાર્થસ્વરૂપ છે. એકલો જ્ઞાતાસ્વભાવ તેમાં વિકાર નથી, આવો ભગવાન જ્ઞાતાસ્વભાવ તે પરમાર્થસ્વરૂપ છે.

જ્યાં અધુરીદશા અને પૂરી દશા વચ્ચે ભેદ હોય ત્યાં સ્તુતિ કરવાનું હોય પણ પૂર્ણદશા થયા પછી સ્તુતિ કરવાનું હોતું નથી. આ ગાથામાં જે સ્તુતિ વર્ણવી છે તે સ્તુતિ કરનાર ચોથા ગુણસ્થાનવાળા સમ્યગ્દૃષ્ટિ જીવો છે; બધા જ સમ્યગ્દૃષ્ટિઓને આ સ્તુતિ હોય છે, આથી આગળની બે ઊંચી સ્તુતિઓ છે તે મુનિઓને હોય છે તેનું વર્ણન ૩૨મી અને ૩૩મી ગાથામાં આપ્યું છે. 'આ રીતે એક નિશ્ચયસ્તુતિ તો આ થઈ.' પહેલાં અજ્ઞાનપણે સ્વ–પરને એકપણે માનીને ખંડખંડરૂપ જ્ઞાનની તથા પરની સ્તુતિ કરતો, રાગમાં જ પોતાનું સ્વરૂપ માનીને અટક્યો હતો તે પરમાં એકાગ્રતા કરીને વિકારની સ્તુતિ કરતો હતો તેને બદલે આ એકત્રીશમી ગાથામાં જે રીતે કહ્યું તે પરથી ભિન્ન પોતાના જ્ઞાનસ્વભાવની પ્રતીત અને અનુભવ કરવો તે જ અખંડ જ્ઞાનસ્વભાવની ભગવાન આત્માની નિશ્ચયસ્તુતિ છે. આત્માનો જ્ઞાનસ્વભાવ તે જ ભગવાન છે અને તેની સ્તુતિ–એકાગ્રતા તે જ ભગવાનની નિશ્ચયસ્તુતિ છે, આ જ સાચો ધર્મ છે.

આત્માની ઓળખાણપૂર્વકની આ એક નિશ્ચયસ્તુતિમાં સામાયિક, સ્તુતિ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન એ છએ ક્રિયા સમાઈ જાય છે.

સામાયિક–પોતાના જ્ઞાનસ્વભાવની એકાગ્રતા થતાં 'પુણ્ય સારા અને પાપ ખરાબ'

એવો વિષમભાવ છૂટી ગયો અને પુણ્ય–પાપ બંને મારૂં સ્વરૂપ નહિ એમ સમભાવે તેનો જ્ઞાતા રહી ગયો તે જ સાચી સામાયિક છે.

સ્તુતિ–પહેલાં પરમાં એકાગ્રતા કરીને જ્ઞાનસ્વભાવને ભૂલી જતો, હવે જ્ઞાનસ્વભાવની એકાગ્રતા કરી તે જ સાચી સ્તુતિ, તેમાં અનંતા કેવળી–સિદ્ધ ભગવંતોની સ્તુતિ આવી જાય છે.

વંદન–પહેલાં વિકારથી લાભ માનીને વિકારમાં ઢળી જતો તેને બદલે હવે વિકારથી જુદું સ્વરૂપ જાણીને સ્વમાં ઢળ્યો તે જ સાચું વંદન, તેમાં અનંતા તીર્થંકર ભગવાનોને વંદન આવી જાય છે.

પ્રતિક્રમણ–પહેલાં શુભરાગથી આત્માને લાભ માનતો અને જ્ઞાનને પરાધીન માનતો તેમાં જ્ઞાનસ્વભાવી ભગવાનનો અનાદર અને મિથ્યાત્વના મહાન પાપનું સેવન હતું, પણ હવે સાચી ઓળખાણ કરી કે મારૂં જ્ઞાન પરને લીધે થતું નથી અને શુભરાગથી મને ધર્મ થતો નથી એટલે સાચી સમજણવડે મિથ્યાત્વના મહાન પાપથી પાછો ફર્યો તે જ સાચું પ્રતિક્રમણ છે. સાચી સમજણ થતાં ક્ષણે ક્ષણે અસત્‌ના અનંત પાપથી પાછો ફરી ગયો છે.

પ્રત્યાખ્યાન–પહેલાં ઊંધી સમજણ વડે, હું પર પદાર્થોનું કરી શકું અને પર પદાર્થથી તેમ જ પુણ્યથી મને લાભ થાય એમ માનીને અનંત પર દ્રવ્યોનું અને વિકારનું સ્વામીત્વ માનતો હતો તે મહા અપ્રત્યાખ્યાન હતું, હવે ''હું કોઈ પરનું ન કરૂં, પર મારૂં ન કરે, પુણ્ય–પાપ મારૂં સ્વરૂપ નહિ'' એવી સાચી સમજણ થતાં અનંત પર દ્રવ્યો અને વિકારનું સ્વામીત્વ છૂટી ગયું તે જ ખરું પ્રત્યાખ્યાન છે.

કાયોસર્ગ–પહેલાં શરીરની બધી ક્રિયાનો કર્તા થતો હતો પણ હવે એમ સમજ્યો કે હું તો જાણનાર છું, શરીરની એક પણ ક્રિયા મારાથી થતી નથી, શરીરની કોઈ ક્રિયાથી મને લાભ–નુકશાન નથી, આ રીતે શરીરથી ઉદાસીન થઈને જાણનાર રહી ગયો તે જ કાયોત્સર્ગ છે. આ રીતે છએ આવશ્યક ક્રિયાઓ એક નિશ્ચયસ્તુતિમાં આવી જાય છે અને આ નિશ્ચયસ્તુતિ તે પોતાના એકત્વસ્વરૂપ, પરથી અને વિકારથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્માની સાચી સમજણ જ છે. આવી સાચી સમજણ કરનારા સમ્યગ્દષ્ટિ જીવો જિનેશ્વરદેવના લઘુનંદન છે. ૩૧.